
# સ્ત્રીબોધ.

કહે નપોલ્યન દેશને, કરવા આબાદાન; સરસ રીતછે એજકે, દો માતાને જ્ઞાન.

## પુસતક ૧૦ મું.

## જાનેવારીથી ડીસેમબર સન ૧૮૬૬ સુધી.




મુંબઈના

દફતર આશકારા છાપાખાના મધે છાપીઉછે.

સને ૧૮૬૬.

# સાકલીઊં સ્ત્રી બોધના પુસતક ૧૦ માનું.

### આંક ૧ લો—જાનેવારી શને ૧૮૬૬.


| | સફે. |
|---|---|
| સંકટનું શેવટ—તેહમુરનું તારણ | ૧ |
| બાંમદાદનું મુશનમાં ચીતર, (ચીતર સાથે.) | ૫ |
| ઓરતોની મજલસ | ૬ |
| બાંમણુ—ગરીબ ઘરનો વાંસ | ૯ |
| તરણ ખુદરતનાં રાખશો | ૧૧ |
| આવાંબાઈનો મંદવાડ. | ૧૨ |
| અમેરીકનોની રમુજ—(ચીતર સાથે.) | ૧૪ |
| અંજાણપણે થાતી નુકશાંની. | ૧૫ |
| બે ઝરાની વારતા. | ૧૬ |
| શાહેમુરગ—(ચીતર સાથે.) | ૧૮ |
| સીલોનમાં ગુનેહગારોને સજા | ૨૦ |
| પરચુટણ | ૨૧ |
| રમુજે ફુરસત તથા રાગ હોરી—(કવીતાં.) | ૨૨ |


### આંક ૨ જો—ફેબરવારી શને ૧૮૬૬.


| | |
|---|---|
| સંકટનું શેવટ—તેહમુરનું તારણ | ૨૩ |
| ઓરતોની મજલસ | ૨૭ |
| કીટલી કેવી કીમતી | ૨૯ |
| "ઘરેણું મુકો ઘરણે—ને પાહણકાબાઈ પરણે" | ૩૦ |
| હવા | ૩૩ |
| સહીઅડ કાહાડવા વીશે અગતજોગ સુચના | ૩૫ |
| કોપરનીકશ, કેપલર, ગેલીલીઓ—(ચીતરો સાથે.) | ૩૬ |
| કીડીઓ વીશે જાંણવાજોગ હેવાલ. | ૩૯ |
| કેનવાસ ઉપર ભરત—(ચીતર સાથે.) | ૪૧ |
| બે આંખ, બે કાન, તથા એકજ જબાં | ૪૧ |
| પરચુટણ | ૪૧ |
| મુંબઈના સટાનો ગરબો | ૪૩ |


### આંક ૩ જો—મારચ શને ૧૮૬૬.


| | |
|---|---|
| સંકટનું શેવટ—તેહમુરનું તારણ. | ૪૫ |
| ઓરતોની મજલસ | ૪૯ |
| એક ભુતની વાત. | ૫૦ |
| બચાંની ગમતને વાસતે રમત | ૫૧ |
| હેવા—તેનું અચરત શરીખું વજન | ૫૪ |
| સારીની સોર—પરબીડું અથવા ઢાંકણુ | ૫૬ |
| પાણીના વંટોલીઓ—(ચીતર સાથે.) | ૫૭ |
| અંજાણપણે થાતા અવગુણો | ૫૮ |
| કાડીઓ વીશે | ૫૯ |
| ઈંગલંડમાં એક પારસણની મુસાફરીનો હેવાલ | ૬૦ |
| સરજ૦ જી૦ ની ઈસપીટાલ અને ગરાંનટ મેડીકલ કાલેજ—(ચીતર સાથે.) | ૬૧ |
| ચીનનાં સેહેનેસાહની સપાટ | ૬૩ |
| આલેકજેનડર અને આફ્રીકાનો રાજા | ૬૪ |
| પરચુટણ | ૬૫ |
| ગરબી તથા ઉપદેશના પદ | ૬૬ |


### આંક ૪ થો—એપરેલ શને ૧૮૬૬.


| | |
|---|---|
| સંકટનું શેવટ—તેહમુરનું તારણ | ૬૭ |
| ઓરતોની મજલસ | ૭૧ |
| જગુ જીહીતીઓ—ઈશવર શરવે જુએછે | ૭૩ |
| હવા—તેનાં વજણની સાબેતી | ૭૪ |
| વખતનો ઉપીઓગ | ૭૬ |
| આલજીઅરસમાં ઈનસાફ | ૭૮ |
| અમેરીકાખંડમાં ખુદરતની અજાએબીઓ | ૮૦ |
| વરસાદની કમાન. | ૮૧ |
| સર જાંન લારેનસ—(ચીતર સાથે.) | ૮૩ |
| અંજાણપણે તથા અવગુણો | ૮૫ |
| ઈંગલંડમાં એક પારસણની મુસાફરીનો હેવાલ | ૮૬ |
| પંદીતોનું ડાહાપણ | ૮૫ |
| પરચુટણ | ૮૭ |
| રમુજે ફુરસત તથા ઉપદેશનાં પદ—(ગરબી) | ૮૮ |


### આંક ૫ મો—મેએ શને ૧૮૬૬.


| | |
|---|---|
| કરણી તેવી પાર ઉતરણી | ૮૯ |
| ઓરતોની મજલસ | ૯૪ |
| સુખ | ૯૪ |
| નાલીઅરી, ખજુરી, તાર, માહાર. | ૯૬ |
| એક કુવારી કણીઆ—(ચીતર સાથે.) | ૯૮ |
| સાએલીઓની શેહેલ | ૯૮ |
| કીરમજ | ૧૦૧ |
| "જાતપર ભાત—કામરપર ડોબાં" | ૧૦૨ |
| અંજાણપણે થતા અવગુણો | ૧૦૪ |
| પાંચ ટપાનો એક પરવત તથા તે દરેક ટપા ઉપરની તખતીની તાસીર | ૧૦૫ |
| આજારી માણસને માટે સેરવો કેમ બનાવવો | ૧૦૬ |
| ઈંગલંડમાં એક પારસણની મુસાફરીનો હેવાલ | ૧૦૭ |
| પરચુટણ તથા રમુજે ફુરસત | ૧૦૯ |
| ઉપદેશના પદ | ૧૧૦ |


### આંક ૬ ઠો—જુન શને ૧૮૬૬.


| | |
|---|---|
| કરણી તેવી પાર ઉતરણી | ૧૧૧ |
| અંજાણપણે થતા અવગુણો | ૧૧૪ |
| સેવરાની શેવા | ૧૧૬ |
| શું માણસ આંખ વગર જોઈ સકે ? | ૧૧૭ |
| ફરાંકલીન અને તેની મા | ૧૨૦ |
| સાએલીઓની શેહેલ | ૧૨૧ |
| જલો | ૧૨૪ |
| ઓરતોની મીજલસ | ૧૨૫ |
| અમેરીકામાં લડાઈ—નીમખહરામ સીપાઈને સજા—(ચીતર સાથે.) | ૧૨૭ |
| મુસતાફાનું ખુન | ૧૨૮ |
| કરમ વીશે ખોટા વીચારો | ૧૩૦ |
| પરચુટણ | ૧૩૧ |

રમુજે ફુરસત .. .. .. .. .. .. .. ૧૩૨
એકલા પરમેશવરને ભજવા વીશે—(ગરબી).. .. ૧૩૨

આંક ૭ મો—જુલાઈ શને ૧૮૯૬.

કરણી તેવી પાર ઉતરણી .. .. .. .. .. ૧૩૩
ઓરત. .. .. .. .. .. .. .. ૧૩૭
ઓરતોની મીજલસ .. .. .. .. .. ૧૩૮
શું માણસ આંખ વગર જોઈ સકે ? .. .. .. ૧૪૦
પરેસીડેંટ જાહનસન—(ચીતર સાથે.) .. .. .. ૧૪૨
માફ કરજોજી .. .. .. .. .. .. ૧૪૪
હીંગ .. .. .. .. .. .. .. .. ૧૪૬
સમુદરમાં બરફનાં ખેતરો તથા ડુંગરો—(ચીતર સાથે.) ૧૪૭
ધંધકની ખાંણુ .. .. .. .. .. .. ૧૪૯
દુધ વીશે ખોટા વીચારો .. .. .. .. ૧૫૦
ઈંગરેજી ખલાસીઓનાં વેહેમ .. .. .. .. ૧૫૧
એક સંતોશી ખેડુત .. .. .. .. .. ૧૫૨
પરચુટણ .. .. .. .. .. .. .. ૧૫૩
એકલા પગવાળા ગોળ મેજ વીશે—(કવીતાઓ) .. ૧૫૪

આંક ૮ મો—આગસટ શને ૧૮૯૬.

કરણી તેવી પાર ઉતરણી .. .. .. .. .. ૧૫૩
ઓરતોની મીજલસ .. .. .. .. .. .. ૧૫૬
ખુબસુરતી શાંમાછે ? .. .. .. .. ૧૫૭
સુંનતે કાને મેહેરો.. .. .. .. .. .. ૧૫૮
હેરાત— (ચીતર સાથે.) .. .. .. .. ૧૬૦
ભરતાર .. .. .. .. .. .. .. ૧૬૨
બરફ.. .. .. .. .. .. .. .. ૧૬૨
મારી એક સાંજની ભેટનો અનુભવ.. .. .. ૧૬૪
બેનો તમારો તકીઓ .. .. .. .. .. ૧૬૬
હાલી, નીઉટન, હરશલ—(ચીતર સાથે.) .. .. ૧૬૭
મકરખોર કુતરો .. .. .. .. .. .. ૧૬૯
ખોટા વીચારો .. .. .. .. .. .. ૧૭૧
પરચુટણ .. .. .. .. .. .. .. ૧૭૨
આશા કોઈની પુરી નથી થઈ તે વીશે તથા મરણની ચેતવણીનું પદ તથા પોહોંચ .. .. ૧૭૪

આંક ૯ મો—સપટેમબર શને ૧૮૯૬.

કરણી તેવી પાર ઉતરણી .. .. .. .. .. ૧૭૫
હાથ .. .. .. .. .. .. .. .. ૧૭૮
ઓરતોની મીજલસ .. .. .. .. .. ૧૭૯
હાથી—(ચીતર સાથે.).. .. .. .. .. ૧૮૧
તંબાકુ .. .. .. .. .. .. .. ૧૮૩
આંનડામાન ટાપુ. .. .. .. .. .. ૧૮૪
દુખનો દરીઓ—સુખનું મુલ .. .. .. .. ૧૮૫
સર આઈસાક નીઉટન—(ચીતર સાથે.) .. .. ૧૮૮
કુદરતની પેદાએસ તથા નજર ઠગાઈ .. .. .. ૧૯૦
મોહબત તથા અંજાણપણે થતા અવગુણ .. .. ૧૯૨
હમેલની વખતે સીઓ ઉપર ગરહણની અસર .. ૧૯૩
પરચુટણ .. .. .. .. .. .. .. ૧૯૪
નવાસાના છોડ વીશે પદ .. .. .. .. .. ૧૯૬

આંક ૧૦ મો—અકટોબર શને ૧૮૯૬.

એક બાપની છુપી વાત .. .. .. .. .. ૧૯૭.
ઓરતોની મીજલસ .. .. .. .. .. ૨૦૧
બરી બામદાદે દીઠેલો ખ્વાબ .. .. .. .. ૨૦૩
હાતીમ દીલનો મી૦ પીબડી. .. .. .. .. ૨૦૪
જમીનને રસતે નળોમાંથી ટપાલ મોકલવાની નવી રીત—(ચીતર સાથે) .. .. .. ૨૦૬
કુદરતની અંદર થતા દરરોજનાં ફેરફાર.. .. .. ૨૦૮
કામળીઓ—પતંગીયું .. .. .. .. .. ૨૦૮
એક ચોરની રમુજી વારતા .. .. .. .. ૨૧૦
પીતા.. .. .. .. .. .. .. .. ૨૧૩
રાઈ—રાઈનું પલાસતર.. .. .. .. .. ૨૧૩
શું પસંદછે ? દોલત કે તંદરૂસતી ? .. .. .. ૨૧૫
બરફ થંડું કે ગરમ ? .. .. .. .. .. ૨૧૫
સાધારણ ઠગાઈ તથા પરચુટણ.. .. .. .. ૨૧૬
કવીતા તથા પોંહોંચ .. .. .. .. .. ૨૧૮

આંક ૧૧ મો—નવેમબર શને ૧૮૯૬.

પતીવરતા બાયડીનો વેહમી ભરતાર. .. .. .. ૨૧૯
ઓરતોની મીજલસ .. .. .. .. .. ૨૨૩
પુતર.. .. .. .. .. .. .. .. ૨૨૪
ચાહેનું એક કપ .. .. .. .. .. .. ૨૨૫
આલજીઅરસમાં ફરેંચનો શેહેનશાહ—(ચીતર સાથે.) ૨૨૭
ઘાતકીપણાથી થતા ગેરફાએદા .. .. .. ૨૨૮
જીભનો ખરો ઉપીયોગ.. .. .. .. .. ૨૩૧
સાગનું ઝાડ .. .. .. .. .. .. ૨૩૨
શોગનો પોશાક તથા રાની મરઘો—(ચીતર સાથે.) .. ૨૩૩
નાઈલ નદીનું મુળ.. .. .. .. .. .. ૨૩૪
એક મરણ પામેલાં આદમીનો પેગાંમ.. .. .. ૨૩૭
પરચુટણ .. .. .. .. .. .. .. ૨૩૮
લાંચ વીશે રાગ સીંધુ—(કવીતા) તથા પોંહોંચ.. .. ૨૪૦

આંક ૧૨ મો—ડીસેમબર ૧૮૯૬

પતીવરતા બાયડીનો વેહમી ભરતાર .. .. .. ૨૪૧
ઓરતોની મીજલસ .. .. .. .. .. ૨૪૪
સાધારણ ઠગાઈ .. .. .. .. .. .. ૨૪૫
રેલવેમા મુસાફરને માટે જાણવાજોગ કાયદા .. .. ૨૪૬
હીરાં—માણેક .. .. .. .. .. .. ૨૪૭
હીંદુસતાંનમાં ડાકની મુસાફરી—(ચીતર સાથે.) .. ૨૫૧
માથેરાનની ટેકડી .. .. .. .. .. ૨૫૨
એક સાંજની સેહલ .. .. .. .. .. ૨૫૪
હમીંગબરડ—ગુંગવું પક્ષી—(ચીતર સાથે.) .. .. ૨૫૫
ભાઈ તથા પોશાક .. .. .. .. .. ૨૫૬
વખત સાચવવા વીસે સેહેજ વાર લાગ્ગો.. .. .. ૨૫૭
શીરીઆ રેગના દરવેશોનો રમુજી હેવાલ.. .. ૨૫૮
બુચ મારેલી ખાલી બાટલી દરીઆમાં કેમ ભરાયછે. ૨૬૦
પરચુટણ તથા રમુજે ફુરસત.. .. .. .. .. ૨૬૧
સોબત વીશે પદ—(કવીતા .. .. .. .. .. ૨૬૨

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૦ મું. | જાનેવારી ૧૮૯૬ | આંક ૧ લો.


## સંકટનું શેવટ—તેહમુરનું તારણ.

એક વારતા. *

### પરકરણ ૧ લું.

તેહરાંન શેહેરના એક બાદશાહી બાગમાં ખરી ખુબસુરતીનું એક ગોલાબનું ફુલ ફુટેલું હતું. તેના ખીલતા ચેહેરાનો ગોલાબી દેખાવ સાંજના આતસીઆ અને સોનેરી રંગના વાદલાંઓની હરીફાઇ કરતો હતો. તેના શુંદર દેખાવના દરશન કરવા આફતાબ અને માહતાબ ઇંતેજારીથી આસમાનની બારીઓમાંથી ડોકાવતા હતા. તેના મોહ પરની લાલી અને મીઠાસથી સેંકડો શોખીલી મધમાખીઓ લલચાઈ આવી તેની આસપાસ બટકતી હતી, પણ અફસોસ! જેમ એક ઝલકાટવાલી બતી, રાતના પોતાની આતસીઆ રોશનીથી સેંકડો પતંગીઆં અને શુંદર શોખીલી માખોને લલચાવી પોતાની તરફ ખેંચી લેછે અને અંતે તેઓને ફસાવેછે, તેજ માફક આ ગોલાબની મીઠી કલી પણ હતી—સરવે કોઇ તેની ભેટ અને મમતા મેલવવા આવતાં તેઓ શેવટે ફસી પડતાં હતાં; કારણ જે જાહાડમાંથી તે ફુટી જનમ પાંમી હતી તે જાતે જેહેરી અને ઘીઘા કાંટાવાલું હતું જેના કડવા ખવાશે પેલી ખુશનુમાં ખીલતી કલી પણ બીગાડી હતી.

વાંચનાર બાનુઓ તમારાં નાજુક દીલમાં આ વાંચે આથી દયા અને કંમકમાટ ઉતપન થાશે એમાં શક નહી, પણ ભેદ છોડી સાદા સખુનોમાં બોલીએંતો આ ગુલેગોલાબની કલી એ ગુલચેહેર નામની તેહરાંન શેહરના શાહજોરાબની બેટી હતી. શેંકડો શાહજાદાઓ તેની ખુબસુરતી પર મોહ પડી તેણીનું દીલ અને હાથ મેલવવા આવતા હતા, પણ પોતાની મુરાદમાં નીશફલ થતા, એટલુંજ નહી પણ અંતે જાનથી મારેઆ જતા હતા; કારણ જે કોઇ તેણીને માગવાની તાકાદ ધરાવે તેને એક ઉખીઆણું પુછવામાં આવતું હતું—જે પારખેતો તેની મુરાદમાં પાર પડે અને ન પારખેતો ગુનેગારી દાખલ તેનો પરાંણ શાહજોરાબને સવાધીન કરવો પડતો હતો. આ નામીચું ઉખીઆણું નીચે પરમાણે હતું:—

માંક નથી પણ જેહેરી છું;
વાઘ નથી પણ વેરી છું.
માતા છું હું પોતે નારી;
દીકરીથી હું પોતેજ મારી.
માઠી છે મારો પોતે બાપ;
પીતા છે મારો માઠી આપ.
માતા દીકરી બન્નુ તરણ,
પોતે છું હું એકજ જાણ.
પીતા માઠી સાથે છેક, †
તરણે મલી થાએછે એક.
કેમ બને આ સાચી વાત,
કેહે તોજ પામે તેનો હાત.
ખોલ તું જલદી મારો ભેદ,
થાશે નહીતો તારો છેદ.

આ ઉખીઆનાનો ભેદ ખોલવા જે સેંકડો સાહજાદાઓ આવતા હતા તેઓ નાસીપાએસ થઈ નાસ પામતા હતા. અંતે એક વેલા ઇશફાંન શેહેરનો તેહેમુર નામે બાદશાહ બીડું જડફવા આવેઓ હતો જેની હીંમત અને ચાલાકી જોઈ જોરાબ મનમાં પોતે ભારે ધાસતી અને ધીકાર રાંખતો હતો. પેહેલાં તેહેમુરને આદરમાનથી લીધો પણ પોડાવારમાં ગંભીર દેખાવથી બોલેઓ "કેમ ઇશફાંહાંનના જુવાન શાહ તું જે કાંમ માંથે લેવા આવેઓછે તેનાં વજન તથા ધાસતી વીશે કાંઈ તારાં મનમાં ખેઆલછે?"

તેહેમુર—(મુછમાં હસી) "નેકનામ શાહ ખાડામાં પડેઆ આગમજ પુરતો ખેઆલ કરવો એવું મારો મરનાર બાપ મને પાલણામાથી શીખવી ગએઓછે. પણ તેથી થનાર શુંછે? અગર એકબારગી મારો પરાણ પણ ઘટેતો તે ગોલાબની ખુબસુરતીને ભોગ આપવા તઇઆરછું." (પેલી

* આ વારતાનો પાએઓ ગુરૂ શેકસપીઅરે રચેલા "પેરીકલીસ" નામના એક નાટક ઊપરથી રચેલોછે. એ મહાપુરૂશના અંગરેજી ભાશામાં રચેલા ખેલો ગુજરાતી જેવી અપુરણ ભાશામાં તેની ખરી ખુબી સાથ બનાવવા એ સરવે કોઇ જાણેછે કે મોટું બીકટ કાંમ છે, માટે આ વારતાના આકારમાં ગોઠવેલો ખેલ વાંચનારના મનમાં અસલ ખેલનો કાઇક વીચાર આપશે.

† છોકરુ.

ને આવતી જોઈને) હા ! હીઆં તે આવેછે. આ સુંદર ગેલાબ વસંતરૂતનાં ખીલતા બાહારમાં કેવા સીંગ્ગરેલો છે ! તેનો ચેહરો ખુદરતની ખુબી વાંચવાની પોથીછે. તેની આંખો કોહેનુર કરતાં વધારે સવછ કીરણો આપેછે. તેનાં હોટ બેઅજુલીઅ લાલ એક કોરે નાંખેછે. અરે ! ઈશવર આ સવરગનાં ગોલાબને, આ મધુર મેવાને તોડવાને મને ફતેમંદી બખશ નહીતો હું ધાસતીમાં આવી પડસ."

જોરાબ—(ધીકારથી) ધાસતીમાં આવી પડશે ! હું, હું; તું જાણેછ તારી સાંમે આ (હેસપેરેડીઝ) બાગમાં સોનાનાં ફલોનું જાહાડ ઉગેલુંતોછે પણ પરથવી ઉપર તાકાદ કોણ ધરાવેછ કે તે તોડવાની હીંમત કરે. તું જાણેછે તેની આસપાસ કેવા જેહેરી જબાં અને આતશીઆ હોટવાલા સરપો પોહારો ભરેછે ? તેઓ તુંને પલવારમાં ભખસ કરી નાંખવાને વીલમ લગાડનાર નથી.

તેહેમુર—અએ હુજોરગ જોરાબ તું મોહત વીશે મુજને ધડો શીખાડવા જાએછે તેથી હું તારો ઉપકાર માનુછું પણ હું મરવાની કાંહાં પરવા કરૂછું—હતું શું અને ગએઉં શુ. નેક મુરાદ ફતે કરવામાં મરણ પાંમવું એનાં જેવી બાહુરી બીજી કઈછે.

તેવારે જોરાબ ગુસામાં આવી પેલું ઉખીઆંણું તેહેમુરનાં હાતમાં આપી બોલેઓ—

> પેક હવે વાંચ તું કરમની કાહાણી,
> છુપો જેનો ભેદ ન ઓલે કોઈ પરાંણી.
> હાલીઓ તો થશે પલવારમા તુ હાર,
> જઈ પોચે અગર તું પરથવીને પેલેપાર.

તેહેમુર ધેઆંન દઈ પેલું ઉખીઆંણું વાંચવા લાગો અને થોડાવારમાં જાણે તેનાં શરીરમાં વીજલીનો આંચકો લાગો હોએ તેમ તે ચમકી પડેઓ કારણ તે ઉખીઆંણાનો ભેદ આરસીની મીસાલે તેની નજરની સાંમે દેખાએઓ.

વાંચનાર બાંનુઓ ઉપલાં ઉખીઆંણાનો ભેદ એટલો જ હતો કે જે છુટ એક ભરતાર પોતાની બાનું સાથ લે તે છુટ પેલા બદ ખસલતનાં બાપે પોતાની દીકરી સાથ લીધી હતી જે વીશે તેહેમુરને કાંઈક સંસારો આગલ મલેઓ હતો તેથી આ વાચેઆથી તેની પકી ખાતરી થઈ કે જોરાબ આવાં કાંમથી બીધો નહી માંટે તે હેવાનથીબી બતેતરછે અને તેની છોકરીની ખાશીએત બાપની બદીનાં જેહેરથી બીલકુલ કડવી થાઈ હશે. તેહેમુરનાં દોલ ઉપરથી જોરાબને ધાસતી લાગી કે તે ભેદ પામી ગએઓ. પણ તોબી દમામથી બોલેઓ કેમ જલદી કર ભેદ તું ખોલો કર નહીતો સીખશાનો હુકમ જલદીથી મલશે.

તેહેમુર—મોટા શકતીવાન શાહ આ દુનીઆમાં ઘણાંજ થોડા માંણસો પોતાની બદી પારકાને મોહડે બોલાવી સાંભલવાને ઈછેછે. હું જો કેહુંતો તારેથી એક પલવાર સાંખી શકાએ નહી. બાદશાહોનાં ફેલો અને પરાક્રમોની પોથી ખોલી થવાના કરતાં સદા બંધ રેહેતો બેહતર એમ હું ઇછુંછું.

જોરાબ—(એક બાજુ જઈ) "ખાનુ ખરાબ ! નપોદ ! મારો ભેદ એણે જાંણી લીધો." તેહેમુર તારા બકવાથી મારૂ ઉખીઆંણુ કાંઈ પરખાવાનું નથી. તેં કોશેસ કીધી પણ તું નીશફલ થાએઓછે તેથી બીજાઓની માંફક તુંનેબી સીખશા મલવી જોઈએ પણ હું તારી ઉપર રેહેમ કરી ચાલીસ દીવસની છુટ આપુંછું તેટલા વખતમાં તું પાર પડે નહીતો તુંને ખતા ખમવી પડશે.

એ પરમાંણે જોરાબે જે પોતાની અનીતી ઢાંકવાને ઈઉકતી શોધી કાહડી હતી. તેની ઉપરનુ ઢાંકણુ ઉંઘડી ગયું. તેનુ ઉખીઆંણુ ઉકલાવનારને પોતાની બેટી લગણમાં આપવાને જે જાહેર કીધું હતું તે પુરી ઠગાઈ હતી. તેથી જોકે તેહેમુરે પારખીઉં તોબી તે પતરી ગએઓ હતો. એટલુજ નહી પણ પોતાંની અનીતી ઉઘાડી પડેઆથી સરવેના જાંણેઆમા ન આવે તેટલા માંટે તેણે તુરત તેહેમુરને મારી નખાવવાની છુપી ગોઠવણ કરી મુકી. જે વાશે તેહેમુરને કાંઈક સંસારો માલમ પડેઓ હતો માટે તેહેમુર જીવ લઈ નાસી ગએઓ, અને પોતાનાં શેહેરમાં ગએઓ જે સબેથી તેને થોડા દીવસમાં પારકા મુલકોમાં દેશનીકાલ થવું પડીઉં હતું. એટલુજ નહી પણ ઘણાંક વરશો શુધી તેની ઉપર મોટી મુસીબતો પડી હતી. પણ શેવટે તે ફતેમંદી પાંમેઓ હતો—કારણ,

> હતો તે નેકીનો નર સબુરીનો સાથી,
> તે સવભાવે શાંત પણ હીમતમાં હાથી,
> તે દઆનો દોસત ને સંકટમાં સુરો,
> તે પરજાનો પીઆરો ને ભકતીમાં પુરો.

---

### પરકરણ ૨ જું.

## ઈશફાંહાંન શેહેર—એક મેહેલ.

વાંચનાર બાઈઓ આ પરકરણ શરૂ કરતી વેલાએ તમારી નજરની સાંમે એક મેહેલ હોએ તેવું વીચારો જે મધે શાહ તેહેમુર રેહેતો હતો. એક બાદશાહી મેહેલ જોતાંજ તેમાં વશનારાઓ કેવી રીતનો દોર દમાંમ—જાહોજલાલી—અમર મરતબો અને મોટાઈ અને સદાનું સુખ ભોગવેછે એવો વીચાર તુરત તમારા મનમાં ઉતપન થાએછે. અરે પણ એમ ધારવામાં તમારી ભુલછે. સુખ અને સંતોશ બાદશાહી મેહેલમાં કદાચજ રેહેવા માંગેછે. ઉંઘ અને આરાંમ બાદશાહ તથા અમીરની આંખ મધે આશરો લેવા ધીકારેછે. અખુટ ખજાંનો જે કરીસસ એટલે કારૂન પાસે હતો તે તેને શુલીએ ચહડતો અટકાવી શકીઓ નહી. ટુકામાં કહીએતો "જે માથાં ઉપર તાજ રેહેછે તે સદા દુખેછે" એમ આ નીચે જણાવેલી વાત સાબેત કરેછે. પણ નેકી અને સબુરી એ બે સારી દવા સીવાએ પરથવી ઉપરનાં સઘલા ઈલાજ વીઅરથછે.

જેમ સમુદરમાં ભુખમરાથી મોટી માંછલી નાની માંછલીઓને ખાઈ જાએછે તેમ જમીન ઉપર લોભ અને મતલબનાં મારેઆ મોટા બાદશાહો નાના અને નબલા બાદશાહોનો ભખશ કરવા જાએછે. તેજ મીશાલે જંગલી જોરાબ તેહેમુરનો જંમ થાઈ પડેઓ હતો. જોરાબ તેહરાંનનો શાહ હતો.

તે સ્વભાવે ક્રુર અને દમાનતે બદ,
તે લડાઇમાં સુરો પણ નેકીમાં રદ.
તે શ્વરૂપે શીહ પણ ખસલતે ખર,
તે જુલમાતનો સાગર પણ દયાનો દર.

એવો જે આ જુવાક જેવો બાદશાહ તે એકદમ ઇશફાંહાન શેહેરનાં શાહ તેહેમુર ઉપર વેર લેવા ઉતરી પરીઓ હતો. બદદેઆનત અને બદકરમ જે સાભલી મનુશ જાતનાં બાલ સીસોલીઆનાં તીર જેવા કાંટાની મીસાલે ઉભા થાએ તેવાં કરમો કરવાને તે કદી ડરતો ન હતો.

જોરાબની અંતે તેહેમુર ઉપર એટલીતો ગેરમેહેરબાંની તથા ક્રોધ ઉતપન થઓ કે તેણે તેનાં પરાંણ ઉપર કીમત ઠેડવી અને તેનું માંથુ કાપી, લાવનારને મોટું ઇનાંમ આપવાનું જાહેર કીધું. આ વાત તેહેમુરનાં સાંભલેઆમાં આવેઆથી તેણે ઇશવરની પરારથનાં કરી તેની મદદ ચાહી અને દુખનાં દરીઆમાં એકદમ તેણે પોતાનું દએઆલુ દીલ જોંકાવવાની હીંમત કીધી. વાંચનાર બાનુઓ તમો સમજેઆં હશો કે તે અંતે પોતાનું રાજપાટ, કુટુંબ કબીલો—ચાકર નફર—દોલત દમાંમ ઇતીઆદી છોડી પોતાની ખુશીથી દેસનીકાલ થાએઓ. અરે તમો કેહેશો કે બાદશાહનેબી દેશનીકાલ થવું પડે કે! જે સરદારોનો સુબો અને હાકેમોનો વાલી; જે પરજાનો પીતા અને તાજ તથા તખતનો ધણી તેને દેશનીકાલ થવું કેમ પડે? અરે જે વારે બદી તથા વેર સાથે ભેગાં થાએ તેવારે નરંમ બીચારી નેકી તેઓની સાંબે કેટલોવાર ઉભી રહી શકે! આ દુનીઆનાં ઘણાક કાંમોમાં આપણ વારંવાર સચાઈ અને નેકી ઉપર લુચાઇ તથા બદીને ફાવતાં જોઇએ છઇએ પણ તે ફતે કાએમ રેહેતી નથી અને અંતે ઇશવરનો અદલ હાથ તોલેછે તો, ખરો વજનદાર સેવટે નીચે બેસેછે અને હલકી અને પોલી પદારથ ધુવાની મીશાલે ઉપર ઉડી જાએછે.

---

### પરકરણ ૩ જું.

## ઇશફાંહાન શેહેર મધે એક મેહેલ.

### તેહેમુર તથા તેનો વજીર હેરૂન.

જાઓ અને જોવો તમો પરથવી સોખંડ,
કોલસાની ખાડ જોડે જડશે લોખંડ,
તેમ તેહેમુર પાશ હતો એક સુરો સરદાર,
નરો નેકીનો નક્શ ને પુરો વફાદાર.

ખુદરતની આ શું ખુબીછે કે જે એક ઉપીઓગી પદારથ બીજી પદારથના મેલાપ વીનાં નકાંમી થઇ પડે તે એક બીજાની જોડે જોડ રાખીછે † જેથી મનુશજાતને તેઓનો ઉપીઓગ કરવાનો સેહેલ પડે. તેમજ નેકી અને વફાદારી તેહેમુરનાં રાજ મધે એકમેકની જોડે રહેલી હતી. તેહેમુરનો વડો વજીર હેરૂન નાંમે હતો. જે દીલે દઆલુ, મનમાં મોટો, વીદીઆમાં પુરો, નેક, શાંત, પરમાંણીક, અને વફાદાર હતો. એવું ખરા ચલકારનુ અમીરી ગોહેર બીજા થોડાજ શેહેનશાહો પાશે હોએછે તેથી તેહેમુર પોતાને મોટો નસીબ વાલો ગણતો હતો. બાદશાહ જોરાબનાં જુલમથી તેહેમુર દેશનીકાલ થવા તઇઆરી કરવા લાગો જે જોઇ હેરૂન ભારે દુખી તથા દલગીર દેખાએઓ. મતલબસર હસવું અથવા રડવું જેથી ઘણાક અમલદારો પોતાનાં વડાની મેહેરબાંની અથવા દએઆ મેલવવાની કોસેસ કરેછે તેવાં પરાકરમ હેરૂન પાશ હતાં નહીં. તેનાં અંતઃકરણની ખરી હાલત કુદરત તેનાં મોહપર ગેબી હાથે ચીતારતી હતી. તેહેમુર પોતાનાં માથાં ઉપર ટીગાએલાં ભએંકાર વાદલાનું બેઆન કરી હેરૂનને કેહેવા લાગો "માહારા વાહલા વજીર તું જાણેછે કે પુરથવી ઉપરની કોઇ પણ ચીજ જેમની તેમ રેહેતી નથી એવો ખુદરતનો લેખછે. જો! આ સીહા રંગનું આકાશ બામદાદનાં સ્થીર વખતે કેહેવું સુરીઅનાં કીરણોથી, સોનેરી રંગથી પરકાશીત હતું અને હમણાં તેનો દેખાવ કેવો ડરાંમણો દીસેછે. પેલું આપણાં બાગ માહેલું ખુબશુરત જાહાડ જે લીલાં પાતરાં, ફુલ તથા મોહરથી એટલુંતો ખીચોખીચ ભરાએલું હતું કે હવાના પીછાં વાલા ગવઇઆઓએ પોતાનું સુંદર ગાંણુ ગાવાનું મથક તેમાં કીધું હતું અને જેનાં મધુર મેવા તથા ફુલ માંહેથી મધ કાહાડવાને ઉદીઓગી મધમાંખ મુલાકાત લેતી હતી તેની હાલ હાલત કેવી દીસેછે. તેને માંથેનું ખુશનુમાં લીલું અને રંગીન તાજ ખરી ગએઉંછે, તેને રોજની મુલાકાત આપનારા પરાંણીઓએ છોડી દીધુછે અને હમણાં તે બોરૂં—નબલું તથા સુકું પડેલુંછે, એમજ હાલ મારી પણ હાલત આવીછે. મારૂં ફીરતીનું આસમાન સંકટનાં સીહા વાદલાંથી ધંકાઇ ગએઉંછે અને આ પરકાશીત તાજ મારાં મુરદાલ માથાં ઉપરથી ઉતરી તારા વફાદાર સર ઉપર આવી જગો લેછે માટે તું તેને સદા લાએક થશે એવી મારી ઉમેદછે.

હેરૂન—મારા માનવંતા શાહેબ તું કેહેછે તે સઘલું ખરૂં પણ તું જાણેછે. કાપી નાંખેલું દરખત નવા મુલ લેછે. બોરૂં અને સુકું જાહાડ પાછાં નવાં પાતરાં પાંમેછે. ઉજડ જમીન પણ ખેતીથી સુધરી પાક આપેછે. ગંભીર તથા શોક કરતાં પખશીને પણ ગાવાને એક રૂડી રૂત ગલેછે માટે આ શંકટ તારા સર ઉપરથી સેજવારમાં ઉતરી જાશે અને તારૂં રાજ આગલી આબાદાની ભોગવશે એ સત કરી જાણજે; તેથી આ તારૂં તાજ તથા તખત, રાજ તથા પાટ તુનેજ મુબારક રાખ મને શા માટે સોંપી જાએછે. દુનીઆનાં લોક કેહેશે કે લોભનો મારેઓ મેં મારા શાહને નસાડી મુકીઓ વાસતે સબુરી અખતીઆર કર, હીંમત તારે હઇડે બાંધ અને તારાં રાજની લગાંમ તારાજ હાથમાં રેહેવા દે.

તેહેમુર—તું નથી જાંણતો પેલો જંગલી જોરાબ મારા જાંનને વાસતે કેટલું જેહેર રાખેછે? તેનો દંખ થોડો ડરામણો નછે?

---

† જેવી કે લોહડાની ખાન જેની ઊપર મનુશજાતનો સઘલો સુધારો તથા આબાદાની આધાર રાખેછે. વાચનારને સારી રીતે ખબર હશે કે લોખંડની ખાનમાંથી નીકલતી કાચી ધાતુ જે હાલતમાં જમીનમાંથી ખોદી કાહાડવામાં આવેછે તેવીજ હાલતમાં કાંમે આવી શકતી નથી પણ તેને ગાલી સાફ કરવી પડેછે જે કાંમને માટે કોલશાની મેલવણી કરવી પડેછે. એ પરમાણે કોલસાની ખાંન વીનાં લોઢાંની ખાન નકાંમીછે માટે ઇશવરે પોતાના ડાહાપણથી આ બેઉ પદારથોની ખાનો એક બીજાની જોડે મુકીછે. કેહવી કુદરતની ખુબી!

હેરન—કીરતારની જો કુરૂપા તો મરપ મરડે પેટું,
ઇશ્વરની જો ઇછા તો વાઘ બને ગેટું.

વલી તું જાંણેછે કે—ચીંધા અને જેહેરી કાંટા.વાલી જાહાડી તાજાં અને મધુર ફુલ પેદા કરેછે—જેહેર જે પરાંણીઓની જીંદગી પલવારમાં બુજાવેછે તે કેટલીકવાર માણુસનું દુઃખ મટાડવા વઈદો દવામાં વાપરેછે—અને આગ જે પલવારમાં ભયંકર નાશ કરી નાખેછે તે મનુશજાતના સુખ અને સગવડને માટે કેવી અમુલીઅછે, માટે મારા સમજુ દોસત અને શાહ તારૂં દુખં એ, થોડા વારમાં સુખ સાબેત થશે અને તારા શતરૂ શેવટે ઉંધા પડશે એ મારા સખુન તું સત કરી જાંણજે.

તેહેમુર—હેરન, હું જોઉછું તું ફીલસુફની માફક ડાહાપણુની વાત કરેછે પણ વધારે બોલવાનો વખત રેહેઓ ન થી. જે પલ આવેછે તે મારા શતરૂને નજદીક લાવતી જાએછે અને વીલંબ લગાડવો એ મુરખાઈછે, માટે ઉઠ હુશઆરી પકડ, રાજની લગામ આજ રોજથી તારે સવાધીન કર અને આ રાજ તારૂં પોતીકું હોએ તેમ સમજી કારભાર, નેકી અને સાંતીથી ચલાવી શેવટે તું ખરોવફાદાર સાબેત થશે એવી મારી આશાછે.

હેરન—(ઉપર જોઈને) અરે ઇશવર ! આ વખત મારી પાશ બેવડી જબાં હતેતો હું મારા મન માહેલા સરવે વીચાર પલવારમાં જાહેર કરતે. (ગુડણભરીએ બેસીને) પણ ઓ મારા ખેરખાહ તારી સાથ વધારે તકરાર કરવી એ તારૂં દુખી દીલ રૂજાવેઆને બદલે ઘાહેલ કીધા બરોબરછે માટે ઇશવરને આપણો સાખશી કરી તારી સામને હું કસમ લેઉછ કે જાંહાંસુધી આ રગોમાં લોહીનુ છેલુ ટીપું રેહેશે, જાંહાં સુધી આ દલગીર દીલ છેલો ધપકારો આપશે તેહાંસુધી તારી વફાદારી તથા તાબેદારી હું ભુલશ નહી, અને આ રાજ જે પલે તુંને તથા વારશોને જોઈએ તે પલે હું સવાધીન કરી આપવાને બંધાએલોછુ એ મારા છેલા સખુન તારાં હઇડાંમાં ઉંડા કોતરી રાખજે.

તેહેમુર—ઉઠ ઓ દઆલુ દોસત, વફાદાર વજીર—ઉઠી ઉભો રેહે તારાં મનમાહેલા સરવ શક તરીપાર કાહાડ, તારી વફાદારી ઉપર હું શક લઈ જાંઉ એ મારી પોતાની હસતી ઉપર શક લઈ જવા બરોબરછે. માટે ઇશવરની જો મેહેરબાંની હશેતો આ મારે માથે ટીંગાએલુ સીહા વીપતીનુ વાદલું વીખરાઈ જઈ, સુખ અને આબાદાનીનાં કીરણોને રસતો આપશે અને આપણ બને સહીસલાંમત મલશું. પણ (આંખમાં આસુ આંણી.)

અજલ જો કરે આપણી આશાનો ઘાત.
કેઆમતમા મલશું આપણ બને મગાત !'

હેરન—ખરૂ મારા ખાવીંદ તું કેહેછે તે ખરૂં અને તેની સાબેતી આપણી નજરની શાંબેજછે. જો પેલો પુનંમનો ચાંદ બીલોરી આશમાન મધે કેવો પોતાના હસતા ચેહેરાથી ધીમે ધીમે સવારી કરતો જાએછે—જે જોઈ આપણી આંખોને કેવી તાહાડક પરેછે. પણ જરાવારમાં કેવું અંચીતું પેલું શોહા વાદલાનું લશકર ચડી આવી તેને ઘેરો ઘાલી તેની કીરતીને જાંહાંખ આપવા જાએછે જેથી આપણી આંખોમાં તુરત દલગીરી અને દઆ ઉતપન થાએછે. પણ થોડાવારમાં જોશોતો પેલાં કાલાં વાદલાં પીગલી અને પંથરાઈ જઈ, પેલા માહતાબની કીરતી કંમ કીધાને બદલે ઉલટી વધારી આપેછે—આસતે આસતે તેઓ ખીશી તેની આસપાસ એક રૂપેરી ચકર કરી નાંખેછે. જેથી તે માહતાબનો દેખાવ આગલ કરતાં વધારે આફતાબી ધંમક પકડેછે. એજ મીશાલે સબુરીવાલાં નેક આદમીનેબી જાંણવું.

આ પરમાંણે તેહેમુરે પોતાનાં વજીરને રાજનો હવાલો આપી હામદન નામના શેહેર મધે દેશનીકાલ થવા નીકલેઓ.

---

## પરકરણ ૪ થું.

## હાંમદન શેહેર—મોટો દુકાલ.

કેહેવતછે કે આગનો બલેલો વનમાં ગએઓ તો વન માંબી આગ નડી. થોડા દીવસની સફર કરી તેહેમુર પોતાની ધારેલી જગાએ આવી પુગો પણ તેહાં તેનાં દીલપર નવી દાહાજ લાગી. હામદન શેહેર આખું ભએંકાર દુકાલનાં વકાસેલાં જડબાં વચે પકડાએલું હતું. તેનો બાદશાહ કોબાદ આ ખુદરતી બનાવને તાબે થઈ નીરાશ બેઠો હતો. લોકો ઘરબાર છોડી શેહેર બાહાર નાહાશી જતાં હતાં. મોહોલા ઉજડ થવાથી તેઓ મધે ઘાસ ઉગવા માંડીઉં હતું. શોખીલા રેહેવાશીઓ જેઓ ભાતભાતની મોજ મજાહ સદા ભોગવતા હતા તેઓ સુકી રોટલી સારૂં મોહ વકાશતા બેઠા હતા. મા બાપ જેઓ પોતાનાં વાહાલાં બચાંઓનું રખસણ અથવા પોશણ કરતાં હતાં તેઓ તે પસુ સરીખા નાહનાં ફરેસતાઓને ગોસપંદોને બદલે વેતરી નાંખવાનો મનશુબો કરવા લાગાં હતાં ! ભરથાર તથા તેની વાહલી બાનું ભુખમરાનાં ચીંધા દાંત તલે એટલાંતો ચવાઈ ગએઆં હતાં કે બેમાંથી એકુનો જાન સલાંમત રાખવાને માટે તેઓ શેરતીની માફક નસીબ અજમાવી જોવાની ચીઠીઓ કાહાડી, તેમાંથી જે એક કમનસીબ થડે તેનાં અમુલીઅ માસ તથા લોહીથી બીજાનો કરમાઈ જતો કુમલો પરાંણ તાજો કરવાની ઇઉકતીઓ શોધવા લાગાં હતાં !! અરે ! શેહેર મધે મુરડાંઓની લાસનો એટલોતો જમાવ થએઓ હતો કે તેઓને ડાટી આવવાને કોઈ મલી આવતું ન હતું, પણ જેઓ આ ધરમનાં કાંમની હીંમત કરતા હતા તેઓનાં ભુખથી અધમુએલાં શરીરમાં તાકાદ ન હતી !!!

તેહેમુર પરથમ હામદન મધે આવેઓ તે વેલાએ તે શેહેરની એવી અવસથા હતી જે જોઈ તેનાં મનમાં ભારે બલાપો તથા દએઆ ઉતપન થઈ હતી. પણ તે કમબખત શેહેરની પણોતી તેનાં મુબારક પગલાં પહેઆથી ઉતરી હતી કારણ, જેમ પુરાતમ જમાનામાં જંગલમાં ભટકતા ઇસરાએલ લોકો જેઆરે ભુખમરાની ભારી શંકટમાં આવી પહેઆ હતા તે વેલાએ તે સદા પાલનાર સાહેબે એક જાતનાં અનાજનો વરસાદ તેઓ ઉપર રેડેઓ હતો એમ કેટલાક તવારીખ લખનાર લખી ગઆછે, તેમ તેહેમુરે વાંહણ ભરી પોતાની સાથ ખોરાકીનો મોટો જથો આણેઓ હતો તે બીચારાં હામદનનાં ટડપડતાં

રેહવાશીઓને મોટો ટેકાવ અને આશીરવાદ થઈ પડેઓ હતો. આ ઉપરથી તે શેહેરના બાદશાહ કોબાદ, જેની દરબારમાં તે મેજબાન તરીકે ઉતરેઓ હતો, તે તથા તેની રાણી ફરંગીજ તેનો એટલોતો ઉપકાર માનવા લાગાં કે જેનુ બેઆંન તેઓ કરી શકતાં ન હતાં. તેઓ તેહેમુરને પોતાના જાન કરતાં વધારે પેઆરથી જોવા લાગાં અને તેને સઘલો આશરો આપી તેનાં માયાલુ સવભાવ ઉપરથી સદાનો દોસત કીધો હતો. પણ તેહેમુરને આ શેહેર મધે વધારે દીવસ થયા નહી એટલામાં તેનાં વફાદાર વજીરનુ બારે-તાકીદનું એક પતર આવીઉં જેમાં એમ જણાવીઉં હતું કે "તારા શતરૂ જોરાબને તારે વીશે છુપી ખબર મલી છે માટે હામદન છોડી બીજી જગોએ કુચ કરી જવાને વીલંબ લગાડવો નહી." આ ખરી ચેતવણી ઉપર ભરોશો રાખી તેહેમુર તુરત વાંહણમાં બહડી બીજા શેહેર તરફ હંકારી ગએઓ.

—

## બાંમદાદનુ ખુશનમાં ચીત્ર.



જે દીવસનો કોઈએક ચોકસ વખત બીજા વખત કરતાં વધારે બુલંદ તથા કીમતી ગણાતો હોએ તો તે બાંમદાદનો વખતછે. જો કોઇબી વખતે કુદરત પોતાનો બુરખો ખસાડીને પોતાને પરકાશતે ચેહરે તથા હસતે મોહડે તમારી સનમુખ ઊભી રેહતી હોએ તો તે સવારનો વખતછે. જગ કરતાએ જે કાંઈ પેદા કરીઉંછે તે ભલાં કાજને માટેજછે એવો નેક એતેકાદ જે આદમી ધરાવેછે તેને બાંમદાદની વખતે મરઘાના વાસવાનો ખરો અરથ સમજવાને વીલમ લાગતો નથી. તે અરથ દેખાઇતો એજછે કે પરોઢીઆંમાં ઊઠીને પોતાના પેદાના કરનારની એબાદત કરવી. એબાદત ફકત મોહડું હીલવીઆથીજ થાતી નથી. જે ખરોજ ભગતછે તેની ઊંગ તથા ભુખ, ચાલવુ તથા હાલવુ, આપવું તેમજ લેવું, અને ટુંકાંમાં તેનુ સરવે વીચારવું, બોલવુ તથા કરવુ ભગતીથી ભરેલુ હોએછે.

બાંમદાદે ઊઠીઆથી બીજા ઘણાએક ફાએદાઓમાં બે મુખીઅ તથા અમુલીઅ ફાએદા થાએછે તે—૧, જીંદગી લાંબી થાએછે—૨, તંદરોસતીમાં હુમેરો થાએછે.

બાંમદાદે ઊઠીઆથી જીંદગી લાંબી થાએછે એટલા સબદો સાંભલીને કોઈને અજાએબી લાગશે પરંતુ તેને લગતો આએજ ખોલાસો બસછે કે જો એક આદમીની હઈઆતી સીતેર વરશની ધારીએ અને પછે તે આદમી જો દરરોજ નવ કલાક સુઈ રેહતો હોએ તેના કરતાં સવારે એકાદ કલાક સકારે ઊઠીને તે વખત કોઈ ભલા ઊદીઓગમાં મશગુલ થાએ (કે જે ઊદીઓગના ઊદાહરણો આપવાની અતરે કાંઈ જરૂર નથી.) તો ગણતરી કરતાં માલમ પડશે કે તેની જીંદગી પાંતરીશ મહીના ચઉદ દાહાડા તથા ચઉદ કલાક, ઈઆને લગભગ તરણ વરશ વધારે લાંબી હોએ તેટલી વધારે ઊપીઓગી રીતે ગુજરશે. સેખસાદીની કેહેવત મુજબ "દાનાવ તે નહી કે જે ફકત ઊમરે વડો; પણ તે કે જે દાનાઇએ પુર." જે ટુક જીંદગી ઘણી ઊપીઓગી તે લાંબીના કરતાં ભલી.

૨—બાંમદાદની વખતે ઊઠીઆથી તંદરોસતીમાં હુમેરો થાએછે એ મીસાલે ઊપર લખીઉંછે. તેનુ સમજવુ એજછે કે પરોઢીઆંમાં ઊઠીએતો રીકામા બેસીતો ન રેહવાએ અને જે તેવા ઠંડા વખતે કાંમકાજ કરીએ, લાંબી મંજલે ચાલીએ, ઘોડા ઊપર સવારી કરીએ, મછવામાં બેસીને સમુદર અથવા નદી ઊપર ફરવા જાઇએ અને વલી આપણે પોતાનેજ હાથે હલેસાં મારીએ તથા એ વગેરે બીજી સારી કસરતો કરીએતો આપણુ લોહી સાફ થાએ, રૂચી વધે, કુવત આવે, શરીર તથા મન બેઊ સવચછ થાએ અને સેંકડો રસને તંદરોસતીના રેલા રગેરગમાં રેલાએ.

જો હું ચીતારો હોઊંતો બાંમદાદનુ આ ... ગો મીસાલ ચીતારૂં—મરઘાના ઘંબીર અવાજથી એક ખુશ કબીલાને જગાડું—પછે પોસાગ પેહરાવીને તેમને બાહેરના લીલોતરી ભરેલાં મેદાન ઊપર આણુ—પરભાતના પરકાશને અસત પાંમતા સેતારા નમશકાર કરીને પશચીમ તરફ ચાલતા થાએછે તે ખુશદેખાવ દેખાડું—તે મેદાંનમાથી તેમને ટેકડા અને પાહાડોની પચરંગી રચનામાં રમાડું—ખીણોની ખુશબોથી તેમના મગજ તર કરૂં—પરવતના સીખરમાથી દુઝના ઝરતનાં પાંણી પાઇને તેઓના દીલ તાજાં કરૂં—નીચેના ભાગો ઊપર તે પાણીના સેંકડો નાલાં કુદરતના કાએદાને તાબે થાઇને પાછાં એક મેકને મલીને જે બાહ નદી બનાવેછે તેવી નદીના કીનારા આ

થાઈ સકાતું નથી તેથી એવા ટબમાં સુવાડીને ધોવાનું સેહેલ પડેછે.

અથવા એક મોહોટું ટબ ૭ ફુટ લાંબુ અને ૪ ફુટ ઉંડું લેવું તેમાં ૨ ફુટ પાંણી ભરવું અને તેમાં માએ અથવા આયાએ બચાને ખોલા ઉપર લેઈને સાથે નાહાવું. પાંણીમાં વીસ મીનીટ લગી રેહેવું.

બચાંનું માંથું અને ગરદન ડાબા હાથ ઉપર ટેકાવીને સઘલું આંગ પાણીમાં રાખવું. ટબ ઘણું નાહાનું તથા છાલકું લેવું નહી કાંએકે તેથી બદનનો થોડો ભાગ પાંણીની બાહેર રેહેછે તેથી ઉલટી ઈજા થાએછે.

આપણા લોકોમાં નાહાવાને માટે ટબ મુતલગ વાપરવામાં આવતાં નથી. હાલ જે રીતે બચાંને નહવાડેછે તે ઘણીજ નુકશાંનકારકછે. માએ બચાંને ખોલા ઉપર સુવાડીને ઉઘાડી જગા ઉપર નહવાડેછે. નહવાડતાં ઘણી વખતે અરધો પોણો કલાક કાહાડી નાખેછે તેટલો વખત એકવાર બચાંનાં બદન ઉપર ગરમ પાંણી પડેછે અને તેજ ઘડી પછી ઠંડો પવન ફુંકેછે. એ રીતે નહવાડીઆથી સરદી થઈને છાતીનું દરદ પેદા થાએછે.

વલી હાથમાં નહવાડીઆથી બચાંને તરેહવાર રીતે જેમ ગમે તેમ પકડેછે તેથી કોઈ વખત હાથ પગનાં સાંધાને લચક આવેછે. ટબમાં નહવાડીઆથી બચાંને ઉલટું સુલટું કરવાની ગરજ પડતી નથી.

**૩. બચાંને દરરોજ માથાંથી તે પગ સુધી નહવાડવાની જરૂરછે.**

માથું પેહેલા સાફ પાંણીથી ધોવું પણ જોરથી ચોલવું નહી અથવા સરખું કરવાના વીચારથી દબાણ પણ કરવું નહી.

કાંન અને કાંનનું પછવાડું સાબુના પાંણીથી ધોવું કે મેલ પેદા થાએ નહી.

એ પછી બદન સાફ કરવું. હાથના અને પગના કાતરા અછી રીતે સાફ કરવા.

બે મીનીટમાં સઘલું બદન સાફ થઈ સકેછે તેથી બચું સાફ થાએ એટલા વખત શુધી પાંણીમાં રાખવું. ઘણોવાર રાખીઆથી બચાને નબલાઈ થાએછે.

**૪. બચાંને નહવાડતી વખતે વાદલાંથી સાફ કરવું અને ધોવુ.**

એક મોટું વાંદલું લેવું, રુવાલ તથા ફલાનેલનું કપડું લેવું નહી. વાદલું વાપરીઆના ઘણા ફાએદાછે. તે બદનના સઘલા ભાગો ઉપર બરાબર ફરીવલેછે અને મેલ દુર કરેછે—તે ફલાનેલના કપડાં કરતાં નરમ અને ખુશ લાગે એવુંછે. વલી વાંદલામા પુશકલ પાણી સમાએછે અને તેથી વલી બચાંના બદન ઉપર ઉચેથી પાણી સારી રીતે નખાઈ સકાએછે એટલા કારણને માટે વાંદલું "શાઉઅર બાથ" (ઝારીનું પાણી) ની ગરજ સારવેછે.

નવાડતી વખતે વાદલું પાંણીમાં ભીંજવી ઉંચે હાથે બચાંના પીઠ અને પગ ઉપર નાખવું કે તેથી બચાંના બદનને કઉઅત મલશે.

આપણા લોકો વાસણ વતી પાંણી બચાં ઉપર રેડેછે પણ તેથી એકજ વખતે બદનના સઘલા ભાગ ઉપર પાંણી ફરી નથી વલતું તેથી જારે એક ભાગ ગરમ પાંણીથી એછે તારે બીજો ભાગ હવા ખાએછે એથી નુકશાન થએ આ વગર રેહેતું નથી. ટબમાં નહવાડીઆથી એ અડ ચણ દુર થાએછે.

**૫. વલી દરરોજ સાંજના બચાંને નહવાડવું ઘણું ફાએદા ભરેલુંછે.**

બચું ઝાડા પીશાબથી જલદી મેલું થઈ જાએ છે એટલા માટે તરત સાફ કરેઆ શીવાએ સાંજે નહવાડવાની જરૂરછે.

વલી જે બચું ખીજવાતું હોએ તથા તાસવીસ કરતું હોએ તેને સાંજે પાંણીમાં બેસાડીઆથી મીઠી હુંઘ આવે છે અને મીજાજ ઠંડો પડેછે.

સાંજનું પાંણી ઘણું ગરમ નહી હોવું જોઈએ તથા બચાંને ઘણીવાર પાંણીમાં બેસાડવું પણ નહી જોઈએ.

આપણા લોકો બચાને સાંજે નહવાડવાનું અડચણ ભરેલું ગણેછે કે તેથી સરદી પોહોચેછે. જો ટબમાં નહવાડેતો અલબત એ અડચણ દુર થાએ.

**૬. બચાને નહવાડવામાં કુકુ પાંણી વાપરવું જોઈએ.**

ઘણું ગરમ તથા ઘણું ઠંડું પાંણી વાપરીઆથી અવગુણ થાએછે.

આપણા લોકોમાં બચાંને ખુબ ગરમ પાંણીમાં નહવાડવાની ટેવ પડી ગઈછે પણ તે કેટલીએક રીતે નુકસાંનકારકછે. ઘણું ગરમ પાણી વાપરીઆથી બચું નબલુ પડી જાએછે. માસમાં કઉઅત રેહેતુ નથી, તેને પસીનો છુટીને આંગ ઠંડું પડી જાએછે, ખુબ ઉંઘ આવેછે અને કેટલી વખતે બચું જુમાઈ પણ જાએછે.

વલી કેટલાએક ઈંગરેજ લોકોમાં એવો વીચારછે કે ઠંડું પાંણી બચપણમાંથીજ વાપરીઆથી બચું જોરાવર થાએછે પણ એ પણ ઘણી ઘાતકી અને નુકશાનકારક રીતછે. ઠંડાં પાણીમાં બેસાડીઆથી બચું ઠંડું પડી જાએછે અને બદનમાં જલદીથી ગરમી આવી સકતી નથી.

તેટલા માટે કુકું સમાધાંન પાંણી વાપરવાની જરૂરછે. પાંણી ૯૬ ડીગરીની ગરમીનું લેવું જોઈએ. ગયા ભાશણમા મેં જણાવીઉં હતું કે દરએક કુટંબને એક ગરમી માપવાની શીશી ઘરમાં રાખવાની જરૂરછે. તે શીશી બચાંને નહવાડતી વખતે પાંણીની ગરમી જાણવાને અતીશે ઉપીઓગી થઈ પડેછે.

આસતે આસતે પાંણી ઠંડું કરતાં જવું તે એવું કે છેલે બચાંને ઠંડાંજ પાંણીમાં નહવાડવું. પેહેલા તરણ મહીના લગી જરા ગરમ (આંગ ઉપર લેવાઈ સકાએ એવું) પાંણી વાપરવું પછી નવ મહીના વેર કુકું, બીજે વરસે એથી કુકુ અને તરીજે વરસ પછી તદન ઠંડું પાંણી વાપરવું.

જો એમ બને કે બચાંને ઠંડું પાણી વાપરીઆ પછી આગમાં ગરમી જલદીથી નહી આવેતો એવું પાંણી વાપરવુંજ નહી.

• જોરાવર બચાંને માટે ઠંડું અને નબલાને માટે ગરમ પાંણી વાપરવું જોઈએ.

ઠંડીની રૂતુમાં ગરમ પાંણીજ વાપરવું, ઠંડું વાપરવું જ નહી. ગરમીનાં દાહાડા ઉપર ઠંડું વાપરવું.

જો બચું નબલું માલમ પડેતો કુકા પાંણીમાં બે ચુટી ભરીને નીમક નાખવું તેથી બચાને કઉવ્વત મલશે.

**૭. બચાંને નહવાડતી વખતે સાબુ વાપરવો જોઈએ નહી.**

ચામડી ઉપર હમેશ તેલ જેવી ચીકણી વસતુ પેદા થાએછે તેથી ચામડી નરમ અને સુંમારી રેહેછે. જો તે ચીકણી વસતુ પેદા નહી થાએતો ચામડી સુકાઈને તરકી જાએ તેથી બદન ઉપર એ ચીજની જરૂરછે. હવે જો સાબુ વાપરીએતો તે ચીકણી વસતુને ધોઈ નાખેછે અને ચામડીમાં ચીરા પડેછે.

મોહોડું તથા હાથ પગ મેલા થઓ હોએતોજ તે ઉપર સાબુ લગાડવો નહીતો કાંઈ પણ જરૂર નથી.

અમસથુ કુકુ પાંણી વગર સાબુએ બદન ઉપરનો સઘલો મેલ ધોઈ નાખેછે.

જો સાબુ વાપરવો પડીએતો "કાસતાઈલ" સાબુ (તે કડણ સફેદ વગર ખુશબોનો સાબુ આવેછે) વાપરવો બીજા ખુશબોદાર સાબુ બચાની ચામડીને નુકશાન કરેછે.

સાબુ લગાડતાં સંભાલ રાખવી કે તે આંખમાં નહી જાએ.

જો ચામડી ઘસાઈ હોએતો "ગલીસરીન" સાબુ વાપરવો.

આપણા લોકો બચાંને નહવાડીઆની આગમજ અથવા નહવાડતી વખતે તેલ અથવા માખન લગાડેછે તે ચામડીને ફાએદાકારકછે તેથી ચામરી તરકતી નથી. પણ દરરોજ અને પુશકલ તેલ લગાડવું નકામુંછે. તેથી કેટલી વખતે ગલીચો રેહેછે. કપડાં ખરાબ થાએછે અને મેલ એકઠો જલદીથી થાએછે.

**૮. બચાને નહવાડતી વખતે ઓરડો ખોલો પણ ગરમ રાખવો. થંડા પવનના ઝપાટા આંગ ઉપર લુકવા દેવા નહી.**

ઠંડો પવન ફુકીઆથી છાતીનુ દરદ પેદા થાએછે તેથી ઓરડાની બારીઓ બંધ રાખવી જે દુરની બારી હોએ તે ઉઘાડી રાખવી કે ઓરડા માહે ચોખો પવન ફરતો રેહે.

**૯. નહવાડી રહયા પછી તરત એક ગરમ અને સુકા ટુવાલથી સઘલું બદન આઈ રીતે સાફ કરવુ.**

પેહેલે બચાંને ટુવાલમા વીટાલી લેવું કે તેથી સઘલું પાંણી ચુસાઈ જાએ પછી હલવેથી સઘલી તરફથી ટુવાલ દાબીનેજ આંગ સુકું કરવું.

આપણા લોકો જોરથી બચાંની ચામડી ઘસેછે અને આંગ લાલ સુરણ જેવું કરી નાખેછે તેથી કાંઈ પણ ફાએદો થતો નથી, આગમાં ગરમી આવેછે તે ખરી પણ જો પછી ગરમી રાખવાને બરાબર કપડાં પેહેરાવીઆં નહી અને પવનમાં બચાંને લેઈ ગયાં તો પછી ઉલટું નુકશાન થાએ છે, વલી જોરથી ઘસીઆથી ચામડીને નુકશાન થાએછે.

**૧૦. પછી ટુવાલથી કાનને સાફ કરવાની જરૂરછે.**

કાંનની બાહેરની અને અંદરની બાજુ ટુવાલથી સાફ કરવી, જો સાફ નહી કીધોતો કાન મેલથી ભરાઈ આવે છે, અને તેથી તરેહવાર દરદો પેદા થાએછે.

ઘણાં બચાં બેહેરાં થઈ જાએછે તેનુ મુલ કારણ તપાશ ધોતો એજ માલમ પડશે.

**૧૧. જે ભાગ ઘસાયો અથવા લાલ થઓ હોએ તે ઉપર "પૌડર" છાંટવો જોઈએ.**

પગના તથા હાથના કાતરા તથા સફરો સાફ નહી રાખીઆથી લાલ થઈ આવેછે અથવા ઘસાએલો માલમ પડેછે એવા ભાગને પેહેલાં ખુબ પુશકલ કુકાં પાંણીથી વાંદલાંએ કરી ધોવું અને સુકો ટુવાલ આસતેથી લગાડીને પછી તે ઉપર "પૌડર" છાંટવો.

આપણા લોકોમાં "પૌડર" વાપરવાની રસમ હમણાજ દાખલ થઈછે, પણ ઘણી વખતે જેમ વાપરવો જોઈએ તેમ કરતાં નથી, ઘણી વખતે બચાંનું આખું આંગ "પૌડર" થી ભરી નાખેછે. ગયાં ભાશાણમાં મેં એ વીસે સમજણ આપી હતી કે એમ કીધાથી કેટલાક ગેરફાએદા થાએછે.

**૧૨. નહવડાવી તથા આંગ શુકાવી રહ્યા પછી આપણો હાથ બચાના બદન ઉપર ગરમી આવે ત્યાંહાંસુધી ફેરવવો.**

હાથ ફેરવીઆથી લોહીનું ફરવું બરાબર ચાલેછે અને આંગમાં જલદીથી ગરમી આવી જાએછે.

ઘણા જોરથી હાથ ફેરવવો નહી અથવા ટુવાલથી પણ આંગ ઘસવું નહી કેમકે ચામડી ઘસાએછે અને પીડા થાએછે.

**૧૩. બચાંનું આંગ સાફ રાખવાને જારે પણ પાંણીની ગરજ પડે તારે સુખેથી પુશકલ વાપરવું.**

પાંણી પુશકલ વાપરીઆથી બચું તંદરોસત અને ખુશ રેહેછે. પાંણી વાપરવાની કાંઈ પણ કસર કરવી નહી. જો આલસાઈ કરીને પાંણી જારે જોઈએ તારે નહી વાપરીઉં તો ખચીત ચાંમડી ઘસાઈને ખરાબ થાએછે.

**૧૪. બચું તરતનું ધાવેલું હોએ અથવા ઉંઘાએલું હોએતો ઉઠાડીને તરતજ નહવાડવું નહી.**

ધવાડીઆ પછી એક બે કલાક પછી નહવાડવું. એ ધ્યાનમાં રાખવાની ઘણી અગતછે, કાંએકે ભરપેટ ઉપર નહવાડીઆથી અવગુણ થાએછે.

**૧૫. બચાનું આંગ નુછવાનાં કપડાં ખારથી ધોવાડવાં નહી.**

કપડાં ખારમાં ધોઆથી ધોતાં થાએછે ખરાં પણ તે બચાંની ચાંમડીને શુકી કરીને ચીરા પાડેછે તેટલા માટે કપડાં મીઠાં પાંણીમાંજ ધોઈને સુકવવાં.

**૧૬. બચાંને નહવાડવાની, સાફ કરવાની અને કપડાં પેહેરાવવાની ફરજ માઓની પોતાનીછે.**

માએથી જે કાંમ પોતાથી બની સકે તે કદી પણ બીજાને સોંપવું નહી. બચાંને નહવાડવાનું કાંઈ કામ સેહેલું નથી. ઉપર કહેલી બાબતો માએ પોતેજ કરી સકેછે. બીજા માણસોને સોંપીઆથી કાંમ જનપતીજ રીતે થતું નથી અને ઘણી વખતે જરા આલસાઈને માટે ખુબ પસતાવું પડેછે.

૧૭. બચાંને નહવાડીઆ અગાઉ તેલ ચોપડતી વખતે તેના હાથ પગ મંડવા નહી તથા પગવતે લટકાવવું નહી. તેથી ઉલટું નુકસાન થાએછે ફાએદા કાંઈ પણ નથી.

હાલ આ ભાશાંણ ખતમ કરૂંછું અને આવતી વખતે નાહાના બચાંને કપડા પેહેરાવવાની માવજત વીશે ભાશાણ કરી સંભલાવશ.

—////—

## બામળુ—ગરીબ ઘરનો વાંસ.

ખોદાની બખશેસોમાંની નજીવામાં નજીવી બખશેસબી અતીઅંત કાંમની અને ફાએદાકારકછે અને તેની કીમ્મત આપણાથી થઈ શકતી નથી. તારે તેવી બખશેસને વલી આમળુ નજીવીબી કેમ કહી શકીએ. જેમ એક બાલક પોતાના બાપની સાથે મેલામાં જાએછે અને એક દુકાંનમાં રમકડાં તથા બીજી શુંદર વસતુઓ જોઇ મલકાઈ જાએછે અને તે મેલવવાને મઘન રેહેછે—વલી આગલ ચાલતાં બીજી દુકાંનપરની સુંદર ચીજો જોઈ તે બાપને કેહેછે "બાવા પેલી દુકાંન કરતાં આ વધારે સરસછે" અને જેમ તે આગલ વધતો જાએછે તેમ દરએક દુકાંન વીશે વધારે અને વધારે તારીફ કરેછે—તેમજ માનવી જાત ખુદરતની પેદાએશ જેમ જેમ એક પછે એક જોતા જાએછે તેમ તેમ તે મલકાએછે અને બોલેછે કે આ જેવી સુંદર પેદાએશ બીજી કોઈજ નહી હશે. એ ઉપરથી વીચારવાનુ એટલુજછે કે ખુદરતની બારીકમાં બારીક અને નજીવામાં નજીવી ચીજોબી તે બુલંદ સાહેબની મોહોટાઇ દેખાડી આપેછે, અને માનવીની નજરને તુરૂપત કરેછે.

વાંસ અથવા બામળુ એક નજીવી વનસપતી લાગેછે પણ જારે તેનાં ઉપયોગ શોધવા બેશીએછે તારે એ નજીવી બખશેસનાં શુકરાંનાં કરવા વગર ચાલતુ નથી.

વાંસ ગરીબ ઘરને ઘણોજ ઉપયોગી થઈ પડેછે—મુંબઈમાં તેમજ સુધરેલાં દેશોમાં અને તીઆંના શેહેરોમાં ગરીબ ઘરો ઘણા મલી આવશે. પણ તેઓથીબી ગરીબ ઘરો ચીન અને જંગલમાં—અસાન અને જંગલી દેશોમાં હોએછે. તેઓને બામળુ અથવા વાંસ જેવી ઉપીઓગી વસતુ વનસપતીમાં બીજી કોઈ નથી. નાહના છોડવાથી તે મોહટાં ઝાડ સુધી તેનો સઘલો ભાગ કામમાં આવેછે. જારે કુમલો હોએછે તારે તેના અચાર બનાવવામાં અને તરકારીમાં પણ વાપરી શકાએછે. જેપાન, સીઆમ અને મલેના લોકો એના તરેવાર સવાદીશટ પકવાનો બનાવેછે—એમાં જે રસ થાએછે તે પીધાથી ગરીબ લોકો ખુશી થાએછે—તે રસને છેજીને બાહેર કાહડવાને બદલે તેની અંદરજ સુકાવા દીધોતો તે દવાઈની માફક કામ આવેછે. આતસ તથા તેજાબની બાલવાની શકતીને તે અટકાવી શકેછે. બામળુના પાતરાં પણ ઉપીઓગી હોએછે. જો ગલુ સુજીયું હોએતો એના પાતરાં કરતાં વધારે સરસ દવાઈ થોડીજ હોએછે. તાવ દુર કરવાને એની છાલનો ઉપીઓગ કરવો પડેછે.

એક ગરીબ જંગલીને બામળુ મલીઓ તો પોતાને રેહવાને જેવુ જોઈએ તેવું ઘર બાંધેછે. જાડા મોટા વાંસના થાંભા કરેછે—બીજા વાંસોને ચીરીને તેની દીવાલ બાંધી લેછે. તેનાજ બારણા, તેનીજ બારી, તેનાજ છજીઆં થાએછે. ઘરનો માલ પણ તેનોજ બનેછે, નીચેની જમીન વતીક તેની બનાવવામાં આવેછે. માલ બાંધતી વખતે તથા નીચેની જમીન કરતી વખતે આડા આખા વાંસા નાખી બીજાઓની ચીર કરી નેતરથી બાંધી લેછે. એ ચીરોનો બાહેરનો ઉપસતો આવેલો ભાગ ઉપર રાખવામાં આવેછે, જેથી ઉઘાડે પગે ચાલતાં સુવાલું લાગેછે અને પગને હરખત થતી નથી. કેહેછે કે કેટલાક લોકોતો મોટા બામળુ શડી તેઓને એવીતો રીતે પીટેછે કે તેઓ પંથરાઈને લાદીના જેવો આકાર પકડેછે. એ બાંળુની લાદીઓ દોહડ ફુટ પોહલી તથા બાર ફુટ લાંબી સુધી બનાવવામાં આવેછે. એઓને જમીનની ફરસબંદીમાં કામે લગાડેછે. ઘરને છાપરૂં તો જોઈએ—તો એમાં પણ બામળુજ બસછે. છાપરાંમાં વાંસનો ઉપીઓગ થતો આપણે સરવે જાણીએછે, પણ તે નલીઆની ગરજ સારેછે, એવો વીચાર આપણને કોઈ દાહડે આવીઓ નહી હશે. ગરીબ જંગલીને નલીઆની કંઈ જરૂર નથી. બામળુ તેજ તેના નલીઆંછે. આખા બામળુના સારકા આડા નાખી—બીજાઓની ચીર પાડી અરોઅડ તેઓને નેતરથી બાંધી લેછે. એ ચીરોની પોકલ બાજુ ઉપર રાખવામાં આવેછે કે જે માંથી વરસાદનાં પાંણીને વેહવાને રસતો મલેછે. ગમે તેવી અડેઅડ ચીરો મુકેલી હોએ તોપણ તેઓની ધારની વચે, ઘરમાં પાંણી ગલે તેવી જગો રેહનીજ જો

ઈએ. એનો અટકાવ સેહલથી બનેછે: એવી વાંસની બે ચીરોની ધારની ઊપર તરીજી ચીર મેલવામાં આવેછે, પણ તેનો ઊપસી આવેલો ભાગ ઊપર રાખે છે કે જેથી બે ચીરોની વચેનો ગાલો પુરાએછે અને તેપર પડતું પાંણી ઢોલાઈને ચીરોના પોકલ ભાગમાં જઈ પડેછે. એની ગોઠવણ અને આપણા નલીઆંની ગોઠવણ એકજ સરખીછે. એ ઊપરથી માલમ પડેછે કે આખું ઘર બામણુ અથવા વાંસનું બની શકેછે. ખામ, દીવાલ, માલ, બારણા, બારી, છજીઆં તથા છાપરૂં એટલુંજ નહી, પણ ખુંટી, ખીલા, ચુંક સરવે બાંમણુનીજ બનેછે. આપણે દુરથી પાંણી લોઢાના નલમાં લાવીએછે. ગરીબ બીચારો જંગલી તે કેમ કરી શકે? સદા ઊપીઓગી બામણુ તેની મદદે આવેછે. બામણુની ચીરની તે પનાર બાંધેછે, એ પનારની મારફતે પાંણી વેહતું જાંહાં જોઇએ તાંહાં ચાલીઊં આવેછે.

ઘરતો બામણુથી બંધાઈઊં તો હવે "ફરનીચર" નું શું કરવું? બામણુ, બામણુને તેહો! ગરીબ જંગલીને વાંસ મલીઓ એટલે "ફૅરનીચર" નો શું સેટો? બામણુની પેટી, તેનાજ કરંડીઆ, તેનીજ ટેબલ, તેનીજ ખુરસી, તેનાજ બાંક, તેનાજ તુલ, તેનાજ ઢોલીઆ બનેછે. તેના ઢોલીઆ એવાતો બનેછે કે કમાનના ડાચે. તરેવાર તકીઆ ગાદી છતાં એક બાજુ રેહે. એમ પણ કેહેછે કે એના વાસણબી બનેછે કે જેમા રંધાઈ શકે. એ કેમ બને તેની સમજ પડતી નથી. માતર એટલુંજ ધારવામાં આવેછે કે ઊપર કહેલો બામણુનો રસ અહીંઆં ઊપીઓગમાં આવતો હશે. ગરીબ માણસને પીવાના હુકામાં પણ એ કામનોછે.

બામણુ નવધણીને કામનોછે. એક ભારી ચીજ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવામાં એનું કામ પડેછે. ચીન, જેપાન અને બીજાં ગરમ દેશોમાં જાંહાં વાંસ ઊતપન થાએછે તાંહાં એની પાલકી બનેછે. આપણા ગામડાંઓની ગાડીમાં પણ એનો ખપ છે. ગાડીના પઈડાંને જે તેલ લગાડવામાં આવેછે તે વરીક બામણુની નલીમાં રાખવામાં આવેછે અને બાટલીની ગરજ સારેછે.

ગરીબ જંગલીને લડાઈમાં જો જવું પડીઊંતો બામણુની તે ઢાલ બનાવેછે. બામણુનાજ તીર કામે સં લઈને પોતે હામસો અથવા બંચાવ કરેછે. બામણુની નલીમાં દારૂ ભરી તેના ફટાકરાથી એક વખત ચીનાઓ અંગરેજની રીજમીટની છાવણી પડી હતી તેને બીહવડાવી શકીઆ હતા. બામણુની નલીઓમાં કેટલીક પરવાહી પદારથો રાખી લડાઈ કરવાને તેઓ દુર જઈ શકેછે. બામણુની નલી તેઓની તરવાર તથા છરીની મીઆનને ઠેકાણે કાંમે લાગેછે. બામણુથીજ પોતાના કેદીઓને શસી દેછે. તેથીજ ગુનેહગારોને ફટકાવી કાહાડેછે. વાસને બામણુને લોકો ચાહેછે તેમજ તેથી ડરેછે પણ ખરા.

દરીઆમાં મુસાફરી કરવામાં પણ બામણુની મદદ ગરીબ બીચારા જંગલીને જોઈએછે. વાંસનીતો હોડી બનાવી તેમાં ફરેછે. તેનાજ હલેસાં પણ બનાવેછે. આપણી તરફના કીસતે ફરનારા ખારવાઓ લાંબા વાંસ રાખેછે. તેની મદદથી બતેલા તથા ફતેમારીઓને ખાડીઓમાંથી અને બીજાં બારોમાંથી બાહેર કાહાડી શકેછે. ચીનાઓ પણ એવી બાબદમાં વાંસનો ઊપીઓગ કરેછે. એથી વધારે જાણવા જોગ એછે કે બામણુ દરીઆમાં ફરનાર ખલાસીની જીંદગીનો બંચાવનાર થઈ પડેછે. સુધરેલા દેશોમાં થોડુક થઈઊં શોધ થઈછે કે જેથી બુચનો અથવા એવોજ કંઈ પોશાક પેહરી કંઇ અકસમાતને લીધે દરીઆમાં પડવું પડે તો તેથી તે પોશાક પેહરનાર તરતો રહી શકે, પણ જંગલીને તો આગલથીજ માલમછે કે બામણુ તેને તરતો રાખી શકશે, વાસને દરીએ ફરતી વખતે બામણુનું એક ચોકઠું બનાવીને સાથે રાખેછે. એ ચોકઠું એવી રીતનુ હોએછે કે સેહલથી માણસના સરીરને બેસતું આવે અથવા જો તેની ગરજ નહી હોએ તો પાછું નીકલી શકે.

ચીનાંઓ બામણુનાજ કાગલ બનાવેછે. ઈંગરેજ જારે પોતાનું આંગ રંગીને એક હેવાનની માફક ભટકતો હતો તે વખતે ચીનો પોતાની ચંચલાઈથી બામણુના કાગલ પર પોતાના લખત પતરનો વેહવાર ચલાવતો હતો. બામણુના કાગલ પર બામણુનીજ કલમથી લખતો હતો અને લખેછે. શાહીનો ખડીઓ પણ બામણુનોજ બનાવેછે.

એવી રીતનો અનેક પરકારનો બામણુનો ઊપીઓગ કરવામાં આવેછે, અને જે માણસ અગનાન અને જંગલી ગણાએછે તે પણ એમા પોતાની મનશકતીની શાબેતી આપેછે. વાંસના ગુણ તેને જાણીતા છે, તેથી દ

રએક ચીજની ગરજ પડેતો બાંમણુની મદદ માંગેછે. બામણુ મજબુત, હલકો, સીધો, સુવાલો, ગોલ અને પોકલ હોએછે; તેની સેહલથી સરખીને સરખી ચીર પડેછે. તેનો ઊધરંભાવ ઘણો ઊતાવલોછે; પાંચ અથવા છ અથવાડીઆંમાંતો તે વીસ ફુટ સુધી વધી જાએછે. તે તરેવાર કદના હોએછે. તેની ઊંચાઈ હંસી ફુટ સુધી ગણાઇછે અને વીઆસમાં દોહડ ફુટ સુધી હોએછે; તેના ગાંઠ કેથે દુર, કેથે પાસે હોએછે. બાહરથી કઠણ, તોપણ તેનામા સેહલથી નાકાં પડી શકેછે. એવી રીતના અજાએબ જેવા ગુણ બામણુમાં ભેગા મલેછે તેથી ગરીબ બીચારા જંગલીને હજારો જુદી જુદી ચીજોની ગરજ પડતી નથી. ખોદાનું દાહાપણ જુઓ ! ઈંગરેજ કે જે દુનીઆમાં સઊથી કેલવાએલો ગણાએછે અને જંગલી કે જે અગનેઆંનીનો અગનેઆંની ગણાએછે એ બધે તેની નજરમાં એકજછે. ઈંગરેજ લોખંડને હજારો ઊપીઓગમાં લાવેછે તો જંગલી બામણુને તેવાંજ કાંમોમાં લગાડી શકેછે.

## તરણ ખુદરતનાં રાખશો.

### એક વારતા.

પુરવ તરફનાં એક નાહાના શેહર મધે આદંમબા નામે એક ગરીબ ખેહુત રેહતો હતો. જોકે કંગાલીએ તે તેનાં ગરીબ જુપડાંમાં સદાનો વાસો લીધો હતો તો પણ ઊદીઓગ અને ધીરજનુ ઠાંમ તેનાં કુટંબનાં સરવે માણસોનાં દીલ મધે કીધેલું હતું. ગરીબ બીચારો આદંમબા દરરોજ સવારથી સાંજશુધી પસીનો ઊતારી જે મુઠીભર અનાંજ કમાઇ લાવે તે ઊપર તેનાં બાએડી છોકરાં સુકરાંણાં કરી પોતાનુ પેટ ભરતાં હતાં પણ અફશોસ ! એક વેલા એવી આવી કે મેહનત કરતાં તુકડો રોટલી પણ મલવાનાં સાંસા પડેઆ કારણ મેગરાજાની ઘેરહાજરીથી દુશકાલે તેનો ડરાંમણો દેખાવ દીધો હતો.

પણ ઈઆદ રાખવુ જે ધીરજનો બદલો ઇશવર કોઈવારબી આપવાને ચુકતો નથી. જેમ સાધારણ કેહવતછે કે "માઠું થાએછે તે સારાંનેજ કાજે" તેમ આ બનાવથી ગરીબ આદંમબાનું જાંહખુનશીબ ચલકવા લાગું—કારણ એક વેલા ધનનાં મોટા ચરૂ કરતાં પણ એક મોટી ખુદરતી બખશેસ તેને હાત લાગી હતી. ભુખમરાનાં ચાંધા દાંત તેના ગરીબ કુટંબથી વધારેવાર શેહવાઈ શકાએઆ નહી તેથી તેણે એક વાંહાંણમાં પોતાનાં કુટંબ સાથ ચડી જઈ દુરનાં કોઈક અંનજાંણેઆ મુલકમાં ઊતારો કીધો. આ ઠેકાંણે ખુદરતની મેહેર અને લીલાં લેહેર સરવે તરફ તેનાં દીઠામાં આવેઆં, જમીન ઘણીજ ફલવંત અને જાહડ પાનથી ભરપુર, અંમરત સરખાં મીઠાં પાંણીના વેહતા જરા આશપાશનાં ખેતરોને પાંણી પોહચાડતા હતા. આ ઠેકાંણે આદંમબાએ મુકામ કરી, તેહાંનાં ગરીબ અરધાં જંગલી રેહવાશીઓના થોડાંક ઓજારો વાપડી ખેતી કરવા લાગો હતો. એકવાર અનાજને સેહલાઈથી દલવાની ઇઊકતી શોધી કાહાડવાનાં વીચારમાં બેઠેલો હતો તેવામાં એક ઊડતો રાખશ તેને આવી મલેઓ.

આ રાખશનુ નામ **વાયુબા** કરી હતું. આદંમબાએ એક નવી જાતની ઘંટી અથવા ચકી બનાવીને તે રાખશને દલવા બેશાડેઓ. હવે વાંચનાર બાઈઓ આ રાખશનાં જોર વીશે શું બોલીએ—દસ વીસ માણસોનુ કાંમ તે એખલો થોડાવારમાં કરી નાખતો હતો અને એટલું છતાં પણ તેને કાંઈબી ખાવાની જહરૂર હતીજ નહી માટે આદંમબાનેતો તે ઘણોજ કીમતી થઈ પડેઓ. તેની પાશ પોતાનુ દલનુ દલાવીઆ બાદ ને ગાંમનાં સરવે રેહવાશીઓનાં અનાજ પણ તે રાખશપાસ દલાવતો હતો જેથી તેને કમાઈ થવા લાગી હતી. પણ આ રાખશમાં એક ખોડ હતી તે મનમાં આવેતો કાંમે લાગે નહીતો કલાકો શુધી પડી રેહતો હતો માટે આદંમબા એનાં કરતાં એક બીજો વધારે જોરાવર રાખશ શોધવા મંડીઓ. ઘણાંક દીવશ સુધી મેહનત કીધા પછી અંતે તેને એક બીજો રાખશ હાત લાગો જેથી વાયુબાને થોડીક કીમતે એક પડોશીને વેચાતો આપીઓ.

આ બીજા રાખશનું નામ જલબા કરી હતું. વાઈઊબા અને જલબા સદા એક મેકના દુશમણ ગણાતા હતા, તેમાં વાઈઊબા વારંવાર ફાવતો હતો અને જલબા શીણ શીણ થઈ જતો હતો. આ નવો રાખશ દલવામાં જુના કરતાં વધારે ચપલ અને જોરાવર સાબેત થએઓ હતો અને તેને પણ ખાવાનું જોઈતું ન હતું. અનાજ દલવા શીવાએ તેને લાકડાં વેહરવાને પણ કાંમે લગાડવામાં આવતો હતો જે વેલા શેં

કપે કરાઈઓનું કાંમ તે એખલો થોડાવારમાં બજાવતો હતો. જંગલમાંથી થોડાંક જાહાડ કાપી લાવી આદંમખાએ તેની પાસે વેહરાવી પોતાને માટે એક શુંદર ઘર બાંધીઊં. એ પરમાંણે ગરીબ આદંમખાનો દાહાડો ફરતો જાએછે. તેને ઘર બાંધેલું જોઈ તેના પહોશીઓએ પણ આદંમખાના રાખશ પાસ લાકડાં વેહરાવી શેહેલાઈ ભોગવવા લાગાં અને પોતાને માટે હવેલીઓ બંધાવી. જલખાની મજુરીના બદલામાં આદંમખાને પઈસા પણ લોકો આપવા લાગા પણ જેઓથી પઈસા ન બને તેઓ લાકડાં, અનાજ, ઈતીઆદી ભેટ મોકલતાં હતાં જેથી આદંમખાની હાલત વધારે સુધરતી ગઈ.

એક ફરસુદની વેલા આદંમખાએ જલખાને પુછીઊ કે તારા કાંઈ મા બાપ જીવતાંછે. તેણે જવાબ દીધો કે—"મારા મા બાપ વીશે મને કાંઈજ ખબર નથી પણ મારો એક છોકરોછે જેના સરખો જોરાવર આખી પુરૃથવીમાં કોઈ મલેજ નહી એવી મારી ખાતરી છે—મારાએ છોકરાનું નામ **વરાલોખા** કરીછે જે તમુને થોડી મેહનતે મલી આવશે. આ ઊપરથી તે વરાલોખાની ખોલમાં ઘણાક દીવસ ફરેઓ અને અંતે તેની મેહનત પાર પડી. તેનો દેખાવ પેહલ વેહલાં ઘણો ભયંકર નજરે પડેઓ. બાહેર નીકલતી વખત તે ઊડી જતો અને પોકાર મારતો જણાએઓ પણ તેને હીકમતથી બાંધી ઘર લાવેઓ. આ છોકરો બાપ કરતાં ભારે બરજાત અને તાતો હતો પણ તેને ઠેકાંણે લાવી કાંમે લગાડીઓ તો બાપ કરતાં સેંકડો ઘણું વધતું જોર બતાવા લાગો. દલવા શીવાએ તેને રૂ પીંજવા તથા રેંહટીઓ તથા ચરકા કાંટી સુતલ બનાવવા બેસાડેઓ હતો, સેંકડો ખાંડી રૂ પુરો થાએ પણ તેનો ચલાવનાર થાકે નહી. આસતે આસતે તેને કપડાં પણ વણવાનું શીખવેઊં અને સેંકડો તાકા રોજના તે તઈઆર કરવા લાગો. કપડાં વણવાનુંજ નહી પણ કપડાં નીખારવાનું અને ધોવાનું ધોબીનું કાંમબી એ કરવાને ના પાડતો ન હતો. આ ઊપરથી આદમખા મોટો વેપારી થઈ ગએઓ. શેહરનો સઘલો રૂ પુરો થઈ ગએઓ તેઆરે વરાલોખાને હાલમાં જોતરી ખેતર ખેડવા અને અનાજ તથા કપાસની વાવણી કરવા લગાડેઓ. આ કાંમમાંથી ફારગ થતાં બાદ તેને ગાડીમાં જોતરેઓ જેમાં શેંકડો ઘોડાઓનો બોજો તે એખલો અને ઊતાવલથી ખેંચી લઈ જવા લાગો. તેની ઊતાવલી જડપમાં તે એક મીનીટે એક માઈલ જતો હતો, શું તેનું જોર હશે ! આ રાખશના ઊપીઓગથી આદમખા મોટો માતબર થઈ ગએઓ એટલુંજ નહી પણ શેહેરની હાલતતથા સુધરાઈ પણ બેહદ વધી ગઈ.

શેહેર મધે જોઈએ તે કરતાં વધારે લાકડાં, અનાજ, કપડાં ઈતીઆદી થઈ ગએઆં તેથી આદંમખાએ બીજાં શેહેરોમાં ઊપલી જીનસો વાંહાણો માંડી મોકલાવા માંડી. મોહપરનાં પવન તથા ભરતી ઓટથી વાંહાણોને વારવાર મોટો વીલંબ લાગેછે એવું જોઈ શેવટ બીચારા પેલા રાખશની પાસ વાંહાણ પણ ઘસડાવતો અને હલેશા મરાવતો હતો. વરાલોખાની મદદથી વાંહાણના સર પણ ઊખેડવાની જરૂર પડતી ન હતી.

હવે વાંચનાર બાઈઓ આ તરણ રાખશોની વારતા વાંચેઆ ઊપરથી તમોને ભારે અચરતી ઊતપન થઈ હશે. એ રાખશોને કદાચ તમો પણ જોવા અને વાપરવા માંગતાં હશો પણ આપણાં શેહેર મધેથી તેઓ કાંઈ દુર નથી. વલી આ છેલો વરાલોખા તો તમારૂ પોતાનુ ખાંનગી કાંમ પણ દરરોજ કરેછે, તમો ખાવોછો તે ખાંણુ પકાવવામાં પણ વરાલોખાની મદદ ન હોએતો તમોને કાચુને કાચુ ખાવુ પડે એમાં શક નહી. વલી તે ઘોડાને ઠેકાંણે તમારી ગાડીએ પણ જોતરાઈ તમારી ખીદમત કરેછે. માટે તેઓ કોણછે તે તમો સમજેઆં હશો.

---

## આવાંબાઈનો મંદવાડ.

### વેહમથી થાએલી ઘાત.

અબલા જાત જેવારે એક બાલકને જનમ આપેછે તેવારે તેની પોતાની હાલત એક બચાં સરીખી થાએછે. જે બાઈઓ માએ થાઇછે તેઓ વગર એ દાહાજ બીજુ કોઇ બરાબર બુજી શકવાનુ નથી.

બાહેરકોટ જીપરાવાલા મોલાગાં માકાંદોશાં નાંમે એક વેહમી દોશાં રેહતાં હતાં. એ દોશાંને પેટે નવરોજજી નાંમે એક છોકરો હતો. આ છોકરાએ સારી કેલવણી લીધેલી હતી. માએને પેટ એકજ હોવાથી તે હોવાઈ નવાઈનો ગણાતો હતો અને માએનો તેના ઊપર એટલોતો ચાહ હતો કે તેને કોઇ દુકા

રો વટીક કેહતો પોતાનો જાંન કાહાડી નાંખતી હતી. એટલું છતાંબી જો નવરોજજી માકાંદોશાંનાં વેહમ ની વચે કાંઈ બોલીઓ અથવા સમજાવા ગીઓતો પછે માકાંદોશાંનો મીજાજ તમે જોઈજ લેવો.

માકાંદોશાંની વહુ આંવાંબાઇ તરીજીવાર એક બાલકને જનમ આપવા સુતી તે વખતે તે એટલીતો કશરાઇ કે તેનો છુટક થાએજ નહી. એવા શંકટના સમેમાં દાંઈ ઊપરજ આધાર રાખા માકાંદોશાં બેશી રેહાં, જારે ઘણોજ ઘબરાટ થઓ તારે ભાહુતમાંની એક બાઇએ માકાંદોશાંને ઘણીજ બોહોંસ કીધી કે કાંઇ બી ડાકટરને બોલાવો. એથી માકાંદોશાંને ઘણોજ ચટકો લાગો તેથી ફરીને બોલીઆં—"નહીરે માએ સમીસાંજ એવુ કાંઇ બોલશોનાં એતો માંરી, હમનાં જણી ઊઠશે; તે કરતાં આ મારી દાઇ કેવી બેઠીછે, તમારા સતર ડાકટરને એક કોરે બેસાડે, મુવા ડાકટર એમાં શું સમજે ?"

ભાહુત—માંએ તમારી જેમ મરજી—પણ જોવો આંવાંબાઇનો જીવ જુમાઇ જુમાઇ જાએછે.

તેવામાં બીજાં આડોસી પાડોસી એકઠાં થઆં હતાં તેવોમાંથી એક સુનાબાઇ નાંમે સમજુ બાઈ હતી તે બોલી ઊઠી કે માકાંદોસાં તમારી કાંઇ નજરછે કે કેમ; આ જેમ જેમ પલ જાએછે તેમ તેમ પેલીનુ કાંઇ ઠેકાંણુ મલે નહી, કોઈબી ડાકટરને જલદીથી બોલાવો.

માકાંદોશાં—નારે માએ ઠેકાંણું કોઈ દુશમનનુ નહી હોએ એતો જી ભરૂ આએ શારી પખે થશે. શું ડાકટરને બોલાવી બધું ઘેર અબેખર કરૂં? જીવ જાએ તોબી ડાકટરનેતો નહી બોલાવ્રા દેશે.

તેવામાં એક બીજી બુઢી અને વેહમી પડોસન વચમાં બોલી ઊઠી, માએ તમે બેસી શું રેહઆંછ બધું રેહવા દેઈને ફલાંનાંને તાંહાં એક મોહરો છે તે મંગાવો કચ કાંઇઓને એથી ફાએદો થઓછે. એવુ શાંભલી એક બઈરી મોહરો લેઈ આવી તે પેલી બાઇને બાંધીઓ.

શુનાંબાઈ—અરે માએ એ શું ઘેલાં કારોછો દાઈ તું બોલની બેહન—

દાઈ—બોલે શું જોઇએતો લાવ તારા ડાકટર ને આ હું ચાલી જાણછું.

બીજી બાઈઓ—નારે માએ દાઈ એમ કંઈ બને તારેથી એમ હવતીઆર જવાએ, મુવો ડાકટર આવીને શું કરવાનોછે? એ લોકોતો બાંજે નહી એટલાં બોખરાં કરેછે.

આવી રકજકમાં બીચારી આવાંબાઇનો આંકો આવવા લાગો અને તેવામાં નવરોજજીબી બાહેરથી આવી લાગો. તેણે આવો માંમલો જોઈ તરત ડાકટરને બોલાવીઓ. ડાકટર આવતાંને વાર હાવી હાલત જોઇ અડકી પડીઓ અને દવા આપી. હવે વખત ભરાઈ ચુકો તેથી ડાકટર બીચારો શું કરે!

દાઇને સરવે હકીકત પુછતાં માલમ પડીશ કે છોકરૂં આડું પડેલુ તે સમજી નહી તેથી તેનીએ કાંઈ ધાસતી ભરેલુ નહી વીચારીશ એથી ડાકટર તેની ઊપર બહુ કશ થઓ.

તરત પાંચ મીનીટમાં બીચારી આવાંબાઈએ પોતાનો કાચગરો જીવ બીજાંઓની કંમસમજ અને વેહમને લીધે પોતાનાં હકતાલાને સવાધીન કીધો.

આવી રીતે આ બચરવાલ માં પોતાના બચાંઓને પાછલ નાંખી કમસમજ દાઇનો ભોગ થાઇ મરણ પાંમી. અવે એની પાછલ જે બચાંઓ રખડીઆં અને આ જુવાંન બાઈનો જીવ ગઓ એ સરવેનો બોજ કોણને સર ? માકાંદોશાં તથા દાઈ તથા બુઢી પડોસન તથા મોહરાના રાખનારાઓ એ ગુનાહમાં લપેટઆં એવું હમે સમજીએ છઈએ. માકાંદોશાંએ ડાકટરને બોલવતાં અટકાવીઓ—પેલી બુઢી પડોસને મોહરાની ભલાંમણ કરી તેનાં જુમાતા જીવની કાંઈ દરવાશ કીધી નહી—અને મોહરાંના રાખનારાં; કેમકે તેઓ જો એવી વેહમ ભરી ચીજ પોતાને તાંહાં રાખે નહીતો લોકો એવા જુઠા વેહમ ઊપર તંગાઈ બેશી રેહે નહી પણ પોતાનો જોઈતો કરતો ઊપાએ કરે. દાઈની તકશીર પુછશોતો પુરેપુરીજછે જો તે અણસમજ દાઈ આવી બીકટ બાબદ ઊપરથી હાથ ઊઠાવતે અને પોતે તેમાં બરાબર સમજતી નથી એવુ જણાવનેતો વખતસર ડાકટરની મદદ આવી પોંહચી ઊપાએ થતે.

આપણામાં અગનાનપણાંથી કેટલી ખરાબી થાએછે તેનો જો અડસટો કાહડવા જાઈશુનો માલમ પડશે કે ઘણાંજ કંમકમાટ ભરેલા અને નહી દેખી શકાએ એવા જેટલા બનાવો બનેછે તેમાં પંદર આનાં અગનાનપણાને સર ચોંહડે છે. હવે આ અગનાનપણું ટાલવાને વાસતે જેવો પોતાથી બનતી મેહનત અને કોશેશ કરેછે તેઓને જે લોકો અને બાઈઓ કેટલી

એક રીતે અટકાવ કરેછે અને નઠારા સખુનો આચરેછે તેઓ કેટલાં ગુનેહગાર થાએછે ? બાઈઓ, તેમજ તમારાં માહેથી કોઈએબી જો એકાદ સારી પેહેલ કાહાડી તો દુનીઆમાંની કેટલી ખરાબીને તમો અટકાવોછો અને કેટલી બદીને તમો દુનીઆમાંથી દુર કરી શકોછો ?

સુવાવડી ઓરતોની આગલ ડાકટરને બોલાવાની જુઠી છીત રાખવાથી અને સરવે અબેખર થાએછે એવું જુઠું બાંહાનું કાહાડવાથી ઘણીએક ઓરતોનો જાંન નકામો બરબાદ થાએછે. એવે સમે જે લોકો ફકત દાઈઓ ઊપરજ આધાર રાખી બેશેછે તેવો એવાંતો કડવાં ફલ આખેંદ ચાખેછે કે કોઈબી પસતાવો પાછલથી કીધાથી તે બનાવ પાછો ફરતો નથી અને જનમ શુધી દીલ તેને અંદરથી કડતું રેહેછે.

ઊપલી આવાંબાઈની વાતથી વાંચનારી બાઈઓ તમારાં દીલમાં કાંઈબી જુસો પેદા થઓ હોએ તો જીનહાર એવી ભુલ કરશોના અને બીજાંને એવી ભુલ કરતાં અટકાવાની તમારી ફરજ સમજજો.

---

## અમેરીકનોની રમુજ.

જારે ઠંડાં દેશોમાં કકડતી તાહાડ પડેછે અને બરફનો વરસાદ વરસેછે તારે તાંહાંના દેશીઓની શી હાલત થતી હશે ? શું ઘર બાર ઢાંકીને આતસની સગડીની સાંમે હાથ જોડી બેસી રહી થંડી વીશે વીલાપ કરતાં હશે ? કે ગરમ દેશનાં વશનારની અદેખાઈ કરતાં હશે ? નહી, નહી, એવું કંઈ કરવાની તેઓને જરૂર પણ નથી. બલકે શીઆલાની રૂતુમાં ઓર દીલને રમુજ આપવા તેઓને તક મલેછે અને તેઓની અદેખાઈ કરવાને આપણને કારણ મલેછે. બરફનાં વરસાદથી ઘર, બાર, રસતા, વાડી, વરછશ, નદી, ઝાડ, પાન, સરવે ચીજ, એકસરખી સફેદ બની જાએછે કે જે જોઇને લોકોને અતીશે ખુશી ઊતપન થાએછે. લોકો એવા રલીઆમણાં દેખાવપર મોહી પડી પોતાનાં કીરતારની વાખવાખી ગાએછે, અને એવી કુદરતનો લાભ લઈ તરે તરેવારની મોજો મારવામાં પડેછે.

હમે એવા મોજોમાંની એક રીતની મોજનો પાસે ચીતાર આપીઓછે. અમેરીકામાનાં "યુનાઈટેડ સટેટસ" નાં બોસટન શેહરમાંનો આ એક દેખાવછે. અમેરીકનો એ મોજમાં જેટલી ખુશી મેલવેછે તેવી બીજી કોઈ પણ ગમતમાં મેલવતા નહી હશે. બરફથી બંધાએલા સફેદ ધોરી રસતામાં, સીઆલાની સાંજના, ચંદરમાનાં નરમ પ્રકાશમાં, અકડી જઇએ એવી હીમમાં, એઓ બાહાર ફરવાને નીકલેછે. એવી વખતે કોઈ શખશ ઘરમાંજ બેસી રેહેવા માંગેતો તેનો જીવ તાબેદાર કરવો તેને ભારી પડેછે. લોકોને જોઈને તે ખચીત લલચાએઆ વગર રેહતો નથી અને તેઓ સાથે સાંમેલ થવાને ગરમ પોશાક પેહરી તરત બાહાર નીકલી પડેછે.

આ ચીતાર પરથી માલમ પડશે કે જે ગાડીઓમાં એઓ મજા કરવા નીકલેછે તેઓ તરેવાર આકારની હોએછે. એઓને પઈડાં નથી હોતાં, પણ તેઓને બદલે ઢેલાવની કમાન રાખવામાં આવેછે કે જેથી બરફપર સેહલથી ગાડીઓ દોડેછે. ઘોડાઓ જોડવામાં આવેછે અને તેઓની કમરે ગુંઘરાઓ બાંધેછે. જારે તેઓ ભર જોરમાં ખુશી થતા દોડેછે, તારે ગુંઘરાઓનાં તરેવાર અવાજથી ફરનારને સુર છુટેછે. તમે જોશો કે એક ગાડીનેતો આઠ ઘોડા જોડવામાં આવીઆછે, અને તેઓ આસરે ૫૦ માંણસોનો બોજો ખેંચી લઈ જાએછે. આઠ ઘોડાનો એક હાકનાર કંઈ થોડો ચાલાક નહી ગણાએ. ગાડીનો આગલો આકાર આપણા કેટલાક સીનગારેલા બંગલાને મલતો આવેછે. મોટી છાતી વાલી હાંસનો એ આકાર દેખાએછે, બીજી ગાડીઓનો આપણી ફઈટન અને બગીઓને મલતી આવેછે. એ બધી ગાડીઓ જોસમાં દોડતી દેખાએછે અને બરફપર ફરવાની મોજ ખરેખર આનંદ ઊપજાવનારી માલમ પડેછે.

કેહછે કે એના જેવી મોજ બીજી કોઇ નથી. દરીઆ અથવા નદીમાં ફરવા જાઓ, અથવા મજાહને ખાતર બાગ બગીચે બાહાર નીકલો, અથવા માછલીઓનો શેકાર કરવા નીકલો, તો એ બધી રમુજ થોડો જવાર સારી લાગેછે, પછી આપણને કંટાલો ઊપજેછે. પણ બરફપર આગે ગાડીઓમાં ફરવા નીકલવાની મોજ જેવી બીજી કોઈજ નથી. ગુંઘરા બાંધી ગેંડીઓ નાચતાં તો તમે જોએઆ હશો. તેઓના કૂદાજ શુરા આપણને કેવી ખુશી ઊપજેછે તો આ મે માઓનો રીઆની માફક નાચતા, કુદતા, દોડતા ફરી કોઇ ખુશ જાવતા હશે ?



અમેરીકનોની રમુજ.

ને આ હું
બોઈ
અને તારેથી :

## અંજાણપણે થાતી નુકશાની.

### માથાં ઊપર થંડું પાંણી અથવા "કોલનવાટર" પાંણી મુકવા વીશે સાવચેતી.

જારે સકત તાવ આવતો હોએ અને માથું ઘણુ ગરમ થઈ આવેછે તે વખતે ડાકટરો માથાં ઊપર થંડું પાંણી અથવા "કોલનવાટર" પાંણી મુકવાને ફરમાંવેછે. પણ "કોલનવાટર" પાંણી કેમ મુકવુ અથવા માંથું થંડું રાખવાની શી માવજત રાખવી તેથી આ પણાં લોકો તદન અંજાંણાંછે.

વલી એવે સમે આપણાં કેટલાંએક લોકો કોલનવાટર પાંણી મુકવાને આનાકાંની કરેછે એટલુંજ નહી પણ ડાકટરના હોકમ છતાં ઘણીવાર તેઓ એકાદ બે વખત મુકી વધુ વખત રાખવાને સાફ ના પાડેછે અને કેહેછે કે એમ મુકીઆ કરીએતો "મદાઈ" થંડોગાર થઈ જાએ. એવા વેહેમથી અને નહી સમજે તે બીનાં વચે મુંદી ઘાલવાથી ઘણીવાર એરનુ દેર કરી મુકેછે. એવી રીતે નીમ હકીમને કતલેઆમ થવાને બદલે ડાકટરના હોકમને તાબે રહી જેમ ફરમાવે તેમ ચાલવાની સરવે કોઈની ફરજછે; કેમકે તે જે કાંઇ કરે છે તે સમજેછે અને બીજાંઓ બેસમજથી માતર બડબડી જાંણેછે પણ તેની બારીકીની જરાએ સમજ ધરાવતાં નથી.

દરદી આદમી આગલનુ માણસ ઘણીવાર સારી માવજત કરવાની તજવીજ કરેછે પણ અંજાણપણે તે ઘણીવાર ફાએદાને બદલે નુકસાંન કરેછે.

જો આપણે તપાશોને જોશુતો માલમ પડશે કે તાવવાલાં માંણસનાં માંથાં ઊપર કોલનવાટર પાંણી મુકેછે તો ઘણીવાર માંથાપર મુકેલુ કપડુ સુકાઇ જાએ છે અને તે માહેથી પાંણીનો બાફ નીકલતો દેખાએછે. તે વખતે માથાં ઊપર હાથ મુકીઆથી માલમ પડશે કે માથુ આગલનાં કરતાં વધારે ગરમ થએલુંછે. આપણે જો પુછપરછ કરીશુંતો માલમ પડશે કે માવજત કરનારી ઓરત પોતાની મરજી અથવા ધેઆનમાં આવેછે તેમ માથાં ઊપરનું કપડું બીનવેછે. ઘણુંખરૂ જારે બાફ નીકલેછે અને કપડું તદન સુકાઈ રેહેછે તારે પાંણી મુકવાનું તેનાં ધેઆનમાં આવેછે.

હવે એ પરમાંણે થંડું પાંણી મુકીઆથી ફાએદો થઓને બદલે ઊલટો અવગુણ થાએછે. માંથું વધારે ગરમ થઈ આવીને દરદનું જોર વધેછે, તેથી જે મતલબથી થંડું પાંણી મુકવામાં આવેછે તે મતલબ બરબાદ જાએછે. એવી રીતે થંડું પાંણી લગાડેઆને બદલે એમજ રેહેવા દેવું બેહેતરછે. જો ફાએદો કરવાનીજ ખાહેશ હોએતો પાંણીથી કપડું બીજેલુંજ રાખવું જોઈએ. કપડું જરા પણ સુકાઈ જવું અને તેમાંથી કદી પણ બાફ નીકલવો નહી જોઇએ.

એક દાખલો લેવો—જો આપણે હાથ બરફનાં પાંણીમાં અરધો કલાક લગી કાહાડીઆ વગર મુકી રાખશુંતો આસતે આસતે હાથની ગરમી નીકલી જઈને થંડો થશે. પણ જો એમ કીધાને બદલે બે તરણ મીનીટ લગી બરફનાં પાંણીમાં હાથ રાખી બાહેર કાહાડીને સુકવા દેવો અને એ પરમાંણે જો દસ બારે વખત કરેઆ કીધુંતો માલમ પડશે કે હાથ થંડો થઓને બદલે ઊલટો ગરમ થઈ સુજી આવશે અને તેમાં લોહીનું ફરવું વધારે જોશથી ચાલશે. હવે એજ રીત માંથુ થંડું પાડવામાં લગાડશોતો માંથુ ઊલટું વધારે ગરમ થશે, લોહીનો જોશ વધારે થશે અને તેથી દરદનું જોર કમતી થવાને બદલે આગલનાં કરતાં વધારે ઊભરાઈ આવશે.

જો થંડું પાંણી મુકવાનો ગુણ મેલવવા ચાહતાં હોવેતો નીચે કહેઆ મુજબ ચાલવું.

જુનુ કપડું બેવરૂ તેવરૂ કરી થંડાં પાંણીમાં બીજવવુ અને તે આખા માંથા ઊપર મુંકવુ. તેને ઘડી ઘડી બીજવવાને માટે માંથાં ઊપરથી ઊચકવુ નહી પણ બીજાં કપડાંના કટકા વતે પાંણી તે ઊપર નીચવવુ, માથાં ઊપરનુ કપડું વગર ઢીલ કરવે બીજેલુજ રાખવું અને કદી પણ સુકવા દેવુ નહી.

વધારે બેહેતર રીત એછે કે તરણ ચાર કોથલી બનાવી તેમાં બરફ મુકવું, એક કોથલી તાલક ઊપર, બે બેઊ બાજુએ અને એક તકીઆ ઊપર મુકીને માંથુ તે ઊપર મુકવુ એમ કીધાથી માથાંને સઘલી તરફથી થંડી લાગી સકસે.

પણ વલી ઊપલી રીત કાંમે લગાડતાં સંભાલ રાખવી કે તકીઆ અને બીછાનું પાંણીથી તરબોર થઈ નહી જાએ કેમકે તેથી બદનમાં સરદી પેદા થઈને ઈજા થાએછે. માથાંની આસપાસ સુકાં કપડાંનાં કટકાં મુકવા અને તે ભીજાએ એટલે કાહાડી નાખીને બી

જા કટકા ગોઠવવા. એમ કીધાથી માંથાં સીવાએ બીજો ભાગ ભીજાશે નહી.

ડાકટર "ગરેવજ" લખી જાએછે કે ".એક ચીજ કરવી અને તે ચીજ **શારી રીત** કરવી એમાં ઘણો ફરકછે. એજ પરમાંણે થંડું પાંણી મુકવામાં, અને તે **ફાએદા કરે એવી રીતે** મુકવામાં પણ ફરક છે. મારા કહેવા મુજબ થંડું પાંણી બરાબર લગાડવાનું મને એવુંતો બીકટ માલમ પડીશંછે કે મેં ઈસપીટાલમાં તે ફરમાવવાનું એકદંમ મુકી દીધુંછે અને કદાચજ બાહેરનાં લોકોને પણ ફરમાવુછું. જેમ મેં ફરમાવીશ તેમ બરાબર નહી ચાલીઆથી અને તેથી દરદનું જોર વધી ગઆથી છેલે એકદમ મને તે છોડી દેવાની ફરજ પડીછે. વલી બરાબર રીત કાંમે નહી લગાડીઆથી ઊલટી નુકસાંની થાએછે કેમકે તકીઆ અને બીછાનાં બે કીસબથી ભીજવી નાખીને બદનમાં શરદી પેદા કરેછે."

## બે ઝરાની વારતા.

"રૂડી નમતા જે રૂદયમાં ન રાખે,
ચડીને અહકારનો સ્વાદ ચાખે"

એક ઠેકાંણે એક ઊંચો પાહાડ હતો, જેનું સીખર આસમાંનસે લાગું હતું. તે પોતાની બાદશાહી કીરતીમાં બીહામણો એખલોજ ઊભો હતો. આસપાસની નાધલી ટેકરીઓનાં જેટલી પણ તેનામાં ફીસીઆરી ન હતી. એક જઈફ ફીલસુફની માફક પોતાનાં દખદખાનો હેંકાર તે કદીબી ન કરતો હતો, તેમજ તેનામાં ફરીઆદ કરવાની ટેવ ન હતી. આસપાસની ટેકરીઓપર તરેવાર જાતનાં મધુર રાગથી ગાનારા પક્ષીઓ જે કુદતાં, રમતાં, ઊડતાં, ફરતાં હતાં અને પોતાની નાહાની જીંદગીને ગમત આપતાં હતાં તે જોઈને પોતે અસંતોશી ન થતો હતો. જો કોઈ વખતે પોતાની હાલતને વાસતે બેસબર થવાને તેને કારણ મલતું તો તરતજ પોતાનો જીવ મારી ખોદાની બખશેશ તેનાં ઊપર કેટલી હતી તે ઈંઆદ કરતો હતો. તે બોલતો કે "અહા ! પેલી નાહની ટેકરીઓપર શી મજાહ ચાલી રહીછે ! પેલાં પખશીઓનું છુટાપણું કેવું ! પેલાં નાધલાં ગેટાં કેવાં ગુલગુલીઆં કરી રમેછે ! એવી મજાહમાં હું શાંમેલ થતો નથી એ ખરૂ; પણ ઈશવરે મારી ઊપર કુરપા કંઈ થોડી કરી નથી. સુનેરી રંગનાં વાદલાંથી મારૂ સર લપેટાએલું રેહેછે. સુરજ પોતાનાં ખુસનુમાં કીરણ મારી ઊપર સઉથી પેહલાં નાખેછે. સફેદ બરફથી મારો દેખાવ રલીઆંમણો લાગેછે." એવી એવી રીતનાં મનપસંદ વીચાર કરી, પોતાની ફરીઆદનું કારણ ભુલી જઈ, પોતાનાં જીવને ખુશી કરતો હતો અને પોતાનાં પેદા કરનારનો ઊપકાર માનતો હતો.

એક વસંત રૂતુની સવારના એ બુલંદરંગ પાહાડપર જે બરફ બંધાઈ ગએલું હતું તે ઊપર સુરજના સુંદર કીરણ પરકાશીઆથી દેખાવ ઘણોજ રલીઆમનો બનીઓ હતો. એ વખતે પાંણીના બે નાહલાં રેલા પાહડપરથી આસતે આસતે ઊતરતા હતા. એઓ એટલાતો નાધલા હતા કે કોઈ પણ સખસ પોતાના હાથથી તેઓને અટકાવી શકે. એક વખત એથી પણ નાધલા હતા કે જો એક પખસી પોતાની રસ મટાડવાને તેઓ પાસે જતેતો તેઓનું ઠર ઠેકાણ પણ દેખવામાં આવતે નહી. એઓ કેટલાક રસત સુધી સાથેના સાથે ચાલતા હતા. પણ જેમ જેમ નચે ઊતરતા ગઆ તેમ તેમ તેઓને દોડવાની શક્ત વધારે આવતી ગઈ અને કદમાં પણ વધતા ગએગ અને એઓને ઝરાનું નામ લાગુ પડીશં. એ ઝરાએ એ વીચારીશે કે "આપણે દોડીએછે તો ખરા પણ આપણે કાંહાં જવુ અને કીઓ રસતો ધરવો તે આપણને કંઈ માલમ પડતુ નથી." વાસતે તેઓએ પેલા મનવંતા પાહાડની સલાહ લેવાનો ઠેરાવ કીધો.

પાહડે તેઓને જવાબ વાલીઓ કે "મારાં છચાંઓ, તમે મારી સલાહ લેવામાં ખમીત ડાહાપણ વરચીશેછે. હું જોઉંછું કે આએ બાજુપર તમાર જેવાજ ઝરા પણ કદમાં મોહટા વેહેછે અને એ તરની જમીન લીલોતરીથી ખુશનુમાં બની રહીછે; પણ બીજી બાજુપર પાંણીની કોતાઈને લીધે સરવે ચીજ સુકાઈ ગએલી માલમ પડેછે અને તાંહાંના રેહેવાશીઓ ઘણી વખતે કેહેછે કે જો એક બે પાંણીના ઝરા આ બાજુ તરફ આવેતો તેઓ જે માગે તે આપીએ. એ પરથી તમને માલમ પડશે કે ખરેખર તમારી ખુશ કાંહાંછે. જો મારીથી બની શકે તો હું પેલાં ગરીબ માણસોને મદદ કરવાને ઘણો ખુશી છેઉં; પણ તમે

ણુછો કે બરફ તથા વરસાદ જેટલો જોઇએ તેટલો હું આસમાનમાંથી ખેંચી લઈ શકુછુ તોપણ મારીપરથી વેહતાં પાંણીઆને મારી મરજી માફક ચલાવવાને મારામાં શકતી નથી. વાસતે મારી સલાહ તો એવી જેછે કે પેલી સુકી જગાને ફલવંત કરો."

એવું સાંભલીને એક ઝરો જે મોજ સોખને વધારે પસંદ કરતો હતો તે બોલી ઊઠીઓ કે "સાહેબ, તમારો ઘણો ઊપકાર થઓછે. પણ સું એવી દલદ્રી શરીની જગામાં હું જાઊં ? વાહ ! એબી ઘણી સારી શીખામણ ! સાહેબ, તમે જો એમ ધારતા હોવ કે એવી સલાહને હું કબુલ રાખશ તો એમાં તમારી મોટી ભુલછે. મારે તો જીંદગી મોજ મજાહમાં કાહડવી છે."

બીજો જે સમજુ ઝરો હતો તે બોલીઓ કે "છત ભાઈ, એમ શું બોલેછે ? જેમ આ ભલો પાહડ આપણને શીખામણ દેછે તેમ જો આપણે નહી ચાલીએ તો આપણો ઊપીઓગ શો ? આપણે જાતેતો નાતવાન છઇએ તારે લોકને શુખ દઈ દઈને તે કેટલુ દેશું ? વાસતે હુંતો એની સલાહ કબુલ રાખી તે પરમાંણે ચાલીશ."

પેલાએ જવાબ દીધો કે. -"સાહેબ મેહરબાન ! ખોદા તમને ફજલ કરે. હું કંઈ તમારા જેવો બેવકુફ નથી કે તમારી માફક કુવામાં પડું. મારો રસતો જુદોજછે માટે હું તમારી રજા લઊછું."

એમ બોલીને ગોજીલો ઝરો ચાલતો થએઓ. જેમ આગલ ગએઓ તેમ તેમ વધતો ગએઓ અને ખુશી ખુશાલીમાં દોડતો, કુંદતો, ગીત ગાતો, મજા મારતો વેહવા લાગીઓ. એને રસતો સારો મલીઓ તેથી ખુશી થતો આસપાસનાં ઝાડોનાં છાએડાં તલે થઈને વેહતો પોતાની મગરૂરીમાં પોતાનાં ભાઈની બેવકુફીપર હસતો હતો.

બીજા ભાઇનો રસતો કઠણ હતો અને તેને ઘડી ઘડી અડચણ નડતી હતી. તેને પાહડની અંધારી ફાટમાંથી રસતો લેવો પડીઓ હતો. ખરેખર તેને ઘણું ખમવું પડીઊં હતું તોપણ પોતાની અડચણો વીશરી જઈ પેલી સુકી જગાનો વીચાર કરતો હતો. તે બોલતો કે "ગમે તેવો મારો રસતો અંધારો હોએ, ગમે તેવી મને તેમાં અડચણ પડે તોએ મારેતો જેમ બને તેમ જલદી પેલા સુકા મેદાંનોમાં જવું જોઇએ."

આસતે આસતે તેનાં રસતામાંથી અડચણો મટતી ગઈ. રસતો પોહલો થવા લાગીઓ. પાંણીનું જોર વધવા લાગીઊં. અને તરેવાર જાતના રંગબેરંગીન પખશીઓ તેની સતુતી ગાવા લાગીઆં. એ રીતે પેલી સુકી જગામાથી વેહવા માડીઊં. તાંહાં આબાંદાંનીનો પાએઓ નખાઓ. ફુલો, ફલો અને ઝાડો તેની આસપાસ લેહકી ખાવા લાગીઆં અને જાણે વાંકાં વલી તેને પીઆરથી ચુંમી લેતાં હોએ તેમ દેખાવા લાગીઆં. આ જગાના રેહવાસીઓ અતીશે ખુશી થએઆ. નાહાના છોકરાંઓ આનંદથી તેની આસપાસ કુંદવા નાચવા લાગીઆં. અને જાંહાં જાંહાં એ ઝરો વેહવા લાગીઓ તાંહાં ખુશી અને સુખાકારી નજરે આવવા લાગી. આસતે આસતે તે એક મોટી નદી બની. તેમાં હજારો માછલીઓનુ રેહઠાણ થઇઊં. વેપાર વણજમાં વાંહાંણોથી વધારો થઓ. લોકોની હજારો ચકી તેને કાંઠે ફરવા લાગી, અને એવાજ હજારો ઊપીઓગમાં એ આવવા લાગી. જે આગલ એક નજીવો રેલો તેની હાલત ફેરવાઈ ગઈ. મોટી નદી બની આખરે પોતાના મગરૂરી વગરના દમામ અને કીરતીમાં અધ વગરના દરીઆના પાંણી સાથ મલી ગઈ.

પણ પેલા મોજીલા ઝરાનુ સું થઈઊ તે સાંભલો. પોતાના સુખથી તે છાકી ગઓ હતો. અને પોતાની મગરૂરીમાં પેલા પાહડની મશકેરી કરવા જાતો હતો તેટલામાં એક ઢેરાવ પરથી પછડાઇને નીચે ગદલાં પાંણીનો મોટો ખાડો હતો તેમાં પડીઓ, જેથી તેના પાંણી બીગડી ગઆં. ખાડામાંથી નીકલીને જેમ જેમ આગલ વધતો ગઓ તેમ તેમ આસપાસની લીલોતરી શુકાવા લાગી. પખશીઓ તાંહાંથી ઊડીને બીજે ઠેકાણે ગઆં. ખેડુતો ગદલાં પાંણીની નદીને વાસતે ફરીઆદ કરવા લાગા. લોકો ચકી ફેરવવાના કામમાં પણ તેને લે નહી. ગમે એવું મેંહેં વટીક તરસું હોએ તોપણ તેમાંથી પાંણી પીએ નહી. માણસ, પસુ, પંખી, ઝાડ, પાન, ફુલ ફલ સરવે તેને ધીકારવા લાગાં, અને લોકો તેને "કાલી નદી" કેહવા લાગાં. એ મોજીલો ઝરો નદીના આકારમાંનો આવીઓ ખરો પણ કંઇબી વસતુને તેનીથી કશું સુખ મલીઊ નહી તેથી તેને તરક કરી સરવે પરાણીઓ દુર ગઆં. ઊજડ જગામાં કાલી નદીએ રસતો કાપીઓ અને આગલ જે ઝરો મોજ મજાહમાં લપેટાએલો રહી

ઓ હતો તે હમણા ગમગીનીમાં અને અંધારા ગાર માં જાઈ ફરી પોતાના દાહાડા કાહડવા લાગો.

સમજુ વાંચનાર, આ વારતા પરથી નશીએત ખોલીછે વાસતે તે સમજાવવાની જરૂર નથી.

## શાહમુરગ.



જેમ જમીન ઊપરનાં સઘલાં ચોપગાં જનાંવરો મધે હાથી સરવેથી મોટું અને બલવંત ગણાએછે તેમ સરવે પીછાંવાલાં જનાવરો અથવા પખશીઓ મધે શાહમુરગ સરવેથી મોટું અને જોરાવર પખશી ગણાએછે. † આફરીકા, આસટરેલીઆ, દખણ અમેરીકા અને અરબસથાનનાં ગરમ રેતીના જંગલો જેહાં મનુસ જાતની વસતી ન હોએ તેવી જગોમાં તે મલી આવેછે. આ ચીતાર ઊપરથી શાહમુરગનાં રાખશી કદનો ખરેખરો વીચાર વાંચનારના મનમાં ઊતપન થાએ એ શક ભરેલુંછે, કારણ તેનાં પુખત કદમાં જીવતું જોએઊ હોએતો કોઇનાબી દીલમાં અંચીતી દેહસત લાગેઆ વીના રેહ નહી. ઊંચામાં ઊંચું માંણસ પણ શાહમુરગની લંબાઈનેપુગતું નથી. તેની સાધરણ ઊંચાઈ સાતથી આઠ ફીટછે પણ મુસાફરો વારંવાર અગીઆર ફીટ ઊંચા શાહમુરગને જોઈ આવેલાછે.

આ પખશીનો દેખાવ ઘણો સુંદરછે. તેની ડોકી પાતલી સુમારી અને ઊંટની ડોકીને મલતી આવેછે. પગ શીવાએ તેનાં શરીરનાં સઘલા ભાગ ઊપર ઘણાં સુંદર પીછાં હોએછે અને તેની પુછરી અથવા પાછલા ભાગ ઊપરનાં પીછાં એવાંતો નરમ અને ખુબસુરત હોએછે કે ઇંગ્રેજપખંડમાં ઓરતોની તોપી સંણગારવામાં તેઓનો ભારે ખપ થાએછે. આ પખશીના પગ તેનાં કદ પરમાંણે લાંબા, મજબુત અને ખબરાએલા હોએછે જેઓને છેડે ચીંધા નખવાલા તરણ આંગલાંનાં પનજા હોએછે. આ નખવાલો પંજો એટલોતો મજબુત રેહેછે કે એક વેલા આ પખશીએ એક માંણસના પેટ ઊપરનું માશ એકજ ફટકાએ ખેંચી લોહી લુહાંન કીધો હતો. કેટલાક કુદરતી તવારીખ લખનાર આ પખશીને બે પગું ઊંટ કરી કેહેછે, કારણ ઊંટનો દેખાવ તથા ખાશીઅત તેનાંમાં કેટલીક રીતે મલતી આવેછે. પણ દોડવાની જડપમાં આ બે જનાંવરો બીલકુલ મલતાં આવતાં નથી, ઊંટ ધીરજથી કદમે કદમ દોડેછે પણ શાહમુરગની જડપ આગલ કોઈબી જનાંવર પોહાચતું નથી. શેકારી કુતરો અથવા કીમતી સરતનો ઘોડો પણ તેની પાછલ દોડી તેને પકડી અથવા હઠાવી શકતો નથી. અરબસથાનમાં ઘોડાએ પકડી અરબ લોકો તેઓનુ જોર અને ચાલાકી તપાસવાને શાહમુરગનો શેકાર કરવા જાએછે અને જે ઘોડો તે પખશીની પછવાડે દોડી તેને ગોલી અથવા ભાલો મારી શકાએ એટલો નજદીક જઈ પોહચે તેજ ખરો તેજી ઘોડો સાબેત થાએછે અને પછી તેની કીંમત ઠરેછે. આ કામમાં સેકારીઓ તે પખશીનો શેકાર કરવામાં વારંવાર નીશફલ થઈ જાએછે તેથી અંતે તેઓ થાકીને તરેવાર હીકમત અથવા કાવતરાં કરી તે પખશીઓનાં અજીત શાહને જમીનદોસત કરેછે. પણ કોઈ કોઈવાર ઘાહેલ થતાંબી તેની પાસે કોઈ માંણસ અથવા જનાવર આવી ચએઊ હોએતો તેની સુપરાં જેવડી પાંખથી એવોતો ફટકો મારેછે કે હાડકાંનો ચુરો કરી લોહી લુહાંન કરી નાખેછે; એવું તેની પાંખમાં જોરછે. એ સીવાએ કોઈ કોઈવાર તેની પછવાડે લાગેલા શેકારીઓને હેરાંન કરવાને દોડતી વેલા પથરોને લાત મારી એવાતો જોરથી પછવાડે ફેંકેછે કે શેકારીઓને બંદુખની ગોલી માફક લાગેછે.

† કોઈ વાચનાર ધણી જેણે "અરેબીઅન નાઇટસ" વાંચી હચે તે કેહેચે કે "શું શાહમુરગ કરતા મોટું બીજું કોઇ પખશી નથી? અલબત ! એમતો તે પુસતક મધે "સીનબાદ ધી સેલર" ની મુસાફરીની કાહાણીમા એક એવુ પણ પખશી આવેલુછે કે જેની ઊપાડેલી પાંખના ઓલાથી નીચે સીહા અંધારૂં પડીઊ—જેનાં એક ઇડાંનું કદ મોટી કોઠી કરતાં પણ મોટું હતુ—જેનાં પગ ચોરા સુર્કા દરખતના થડ જેહવા જાડા હતા—અને તેનુ જોર એટલુંતો હતુ કે સીનબાદે પોતાની ધાસતીની જગોએથી બનચવાને પોતાની પાઘડી છોડી તે પખશીનાં પગ સાથ બંધાએઓ જેથી પોડાવારમા તેની તેની સાથ આસમાન તરફ ઊડી ગએઆ એનાં જનાંવરની હસતી ખરેખર તે વારતાના પાના ઊપર અથવા મધરાતનાં લેહરી સપનામાં દીસે પણ તે શીવાએ પ્રુથવીનાં કોઇબી ભાગમાં તે મલી આવે એવું આ જમાનામાં મનાઇ શકાતું નથી

શાહમુરગનો મુખીઅ ખોરાક વનસપતી, ૫ાં, અનાજ, ઈતીઆદીછે પણ વારંવાર ભુખમરાને લીધે તે ચામરૂ, બાલ, દોરડાં, લાકડું ખાઈ જાએછે. એક વેલા એક મારેલાં શાહમુરગનાં હોજરાને એક ખીએ ખાલી કરી તપાશીઉતો તે મધેથી ઘાસ, સુકા મેવાનાં કીટલાં, દોરડાં, પથર, કાચ, પીતલ, લોહડું, કલઈ, તરાંબું, સીસું, લાકડું, ઈતીઆદી મલીઉં હતું અને તે માહેલા મોટામાં મોટાં પથરને જોખી જોએઓતો એક રતલ કરતાં વધારે માલમ પડેઓ હતો. આ પરમાંણે શાહમુરગ પથર અને ધાતુ ખાએછે તે ઉપર આસચરીઅ થવા જોગ કાંઈજ નથી.

જેમ માંણસ જાતને પોતાનો ખોરાક પચાવવાને ઈશવરે દાંત તથા તેની હોજરીમાં એક જાતનો રસ મુકીઓછે તેવું પખશીઓમાં કાંઈ નથી. એ ખુટ પુરી પાડવાને માટે પખશીઓમાં બેવડી હોજરીઓ મુકેલી હોએછે. મરઘીની અંદર આ બે હોજરી હોએછે તેને આપણે "રોટા" અને "સાત પડા" ને નાંમે ઓલખીએ છઈએ. આ બે હોજરીઓ છતાં ખોરાકને પચાવવા શાહમુરગ પથર ખાએછે જેથી તે ખોરાકને અંદર પથર સાથે અઠડાવી કચરી નાખેછે. આ પથર કાંઈ ખોરાક તરીકે લેતાં નથી પણ ખોરાક પચાવવાને માટે લેછે અને પછે તે બીજે રસતે નીકલી જાએછે. મરગી પણ એજ કારણને માટે કાંકડા તથા એવીજ કઠણ વસતું ખાએછે. શાહમુરગ કોઈ કોઈવાર તરાંબાનાં કટકા વધારે લેછે અને તે માદામાં કીટાઆથી ખોરાક લીલો અને જેહરી બની જાએછે જેથી તે પખશીનું મરણ થાએછે.

શાહમુરગનો માલો સાદો અને ખોલી જમીન ઉપર કીધેલો હોએછે. આશરે નવ, દસ ફીટનો ઘેરાવો કરી વચમાં એક છાલકો ખાડો પાડેછે અને તેની આસપાસ રેતીની પાડ બાંધેછે. આ માલામાં તેઓ ઈંડાં મુકી શેવન બેશેછે. શાહમુરગનો નર ઘણું કરી બેથી છ નારીઓ સાથ જોડાએછે જેઓ સરવે એકજ માલામાં પોત પોતાનાં ઇંડાં મેલેછે. હર વેલા દરએક માદા ૧૨ થી ૧૬ ઈંડાં મુકેછે જેથી એકજ માલામાં સઘલા મલી ૬૦ ઈંડાં મલી આવેછે. આ ઈંડાં ઉપર તેઓ ૪૦ દીવસો સુધી શેવણ બેશેછે. (ઈંડાં જેવી નજીવી ચીજમાંથી શાહમુરગની માંદાબી ૪૦ દીવસોમાં બચાં પેદા કરવામાં જેટલી મેહનત લેતી નથી તેનાં કરતાં જીવતાં બચાંને પારશીની ઓરતો જણેઆ બાદ ૪૦ દીવશનું શખત બંદીખાનું ભોગવી શેંકડો જશ કેવી નાંહક ખમેછે!) શેવણ બેસતી વેલા રાતને વખને નર પોતે સંભાલથી બેશી ગરમી આપેછે અને દીવસમાં આ કાંમ માંદાઓ કરેછે. વલી આ પખશીઓમાં બચાં સંબંધી બીજું કેવું ગનેઆંન બખશેલુંછે. ઈંડાંમાંથી તરતનાં જનમેલાં બચાં ઘણાં નાજુક હોવાથી તેઓથી ખોરાક બરોબર લેવાતો નથી માટે થોડાંએક ઈંડાં સંભાલથી તેઓએ શેવણ બેશીઆ વીના જુદાં રાખેલાં હોએછે તે ફોડી બચાંઓનુ પોશણ કરેછે. શાહમુરગનાં ઈંડાં તે પખશીનાં કદ પરમાંણે મોટાં હોએછે—૧ ઈંડું લાંબીઉ હોએતો તે મધેનો ગર મરઘીનાં ૨૪ ઇંડાંનાં અવેજનો નીકલેછે. આ ઈંડાં સવાદીશટ અને પોશણદાર હોએછે, પણ જેરવવાને જરા ભારી પડેછે. ઈંડાંનુ કીટલું જાડું, સફેદ, સુમારૂં અને શોભઈતું હોએછે તેથી વારંવાર મુસલમાન લોકો મસીદ, દરઘાહ અથવા બીજી પવીતર જગો ઉપર હાંડીની મીસાલે સીણગાર તરીકે ખાલી ઈંડાં ટાંગેછે. શાહમુરગનો માલો ખોલી જમીન ઉપર હોવાથી તે મનુશજાતની નજરથી છુપો રાખવાની કોશેસ કરેછે, પણ અગર કોઈ માંણશે તે શોધી કાહાડેઓ હોએ અથવા માંણસનાં પગલાં તેની આસપાસ પડેલાં દીસેતો શાહમુરગ તે માંહેલાં શઘલાં ઈંડાં ચાંચથી ફોડી નાંખી બીજે ઠેકાંણે માલો કરેછે. અમેરીકામાં શાહમુરગનો શેકાર કીધા પછી તેનુ માશ ખાવામાં લેછે, જે સવાદીશટ અને પોશણવાલુ ગણાએછે. આ પખશાનુ માસ અસલી રોમન લોકો પણ ખાતા હશે એવું તવારીખ ઉપરથી માલુમ પડેછે. એક રોમન સેનશાહનાં ખુશીઆપણાં વીશે કેહેછે કે તે એખલો ખાંણાંની વેલા એક આખું શાહમુરગ ખાઈ ગીઓ હતો. ઈઆવથી અને અરબ લોકો આ પખશીનુ માશ ખાવાને બારે છીત રાખેછે.

આ પખશીને જોર ઘણું હોએછે તોબી ઉંટની મીસાલે કાંઈ કાંમમાં લગાડવામાં આવીઉં હોએ એમ દીસતું નથી. એક તવારીખ લખનાર કેહેછે કે એક વેલા એક ગરમ દેશમાં બે સીધીનાં મજબુત છોકરાઓ એક પાલેલાં શાહમુરગ ઉપર જડપથી સવારી કરતા દીઠામાં આવેઆ હતા અને બીજે ઠેકાંણે એક

તું શાહમુરગ એક ચંપરખંદા શીધીને પોતાની પીઠ પર લઈ સરતનાં ઘોડાની માફક દોડતું માલમ પડી હતું. આ પખશીથી બીલકુલ ઊડી શકાતું નથી પુ તેને શેહેલાઈથી દોડવું હોએતો તે પોતાની પાંખો .લી કરી વાંહાણનાં સરની માફક ઊભી ચડાવી રા છે, જેથી તે મધે પીઠનો પવન લાગેતો રેતીનાં સમુ ઊપર જાંણે એક સુંદર મનવાર હંકરાતી હોએ ા તેનો દેખાવ દુરથી દીશેછે. જંગલોમાં કોઈ ર તે છેડાએલું હોએતો ભારે ભઅંકર પોકાર મારેછે સહીના ખરાડાને મલનો આવેછે. એક નાંનુ શા મુરગ પાલીશે હોએતો તે ઓલખીતાં માંણસો સાથ ી મલી જાએછે પણ અંજાનેઆં માંણસોએ તેની જદીક જવું ધાસતી ભરેલુંછે.

---

## સીલોનમાં ગુનેહગારોને સજા.

સીલોન જેને લંકાનાં નામથી આપણા લોકો .લખેછે તે હીંદુસથાંનની દખશીણ દશામાં ઇંડાંને .કારનું ટાપુછે. એ ટાપુ હીંદુ શાસતરમાં ઘણું વખ .એલુંછે એનો વચલો ભાગ પાહાડીછે. એમાંના સ .થી મોટા પાહાડનું નામ "આડમસ પીક" છે. એ .હાડ પરથી હીંદુઓનો દેવ બુધ આસમાનપર ચહડી એઓ હતો અને તેનાં પગલાંની નીશાંન હજુર પડી હીછે એવુ કેહવાએછે. સીલોનના લોક સીનગાલી કેહવા .છે. સીલોનની રાજધાની કોલંબોછે અને મુખીઅ શે ચે કાનડી, તરીનકોમાલી, જાફના, કાલપેનટીન તથા .ઈંટીગાલછે. કલકતે તથા ચીન તથા આસતરેલીઆ .તા "મેલ" ની આગબોટો પાંઈંટીગાલમાં બંદર કરેછે.

ઈસવી સને ૧૫૨૦ માં પોરટુગીઝ લોક પેહેલાં ં કોલંબોમાં આવી વશીઆ. તારપછી ડચ અથવા .લંદા લોક આવી રહીઆ, અને અઢારમી સદીને .ડે ઇંગરેજ લોકે કેટલીક લડાઇ કરી થોડાંક બંદરો .ોતાને સવાધીન કીધાં. એ વખતે એ ટાપુનાં જુદા જુ .ા ભાગમાં દેશી સરદારો રાજ ચલાવતા હતા તેઓમાં .ુમેશ કંકાસ ચાલીઆથી ઇંગરેજોને બોલાવી આખું .ાપુ તેઓને ઈ૦ સ૦ ૧૮૧૫ માં સવાધીન કીધું. એ દેશી સરદારો કેવી રીતે પોતાની રઇએતને ગુનેહ ગાર ઠેરી સજા કરતા હતા તેનો દાખલો ડાકટર ડેવી નીચે પરમાંણે આપેછે.

કાનડીમાં દેસી રાજા નામે મોલીગાડી રાજ ક રતા હતો. તેનો વજીર હીલાપોલા હતો. રાજા અને વજીર વચે કંઈ ફાટ પડીઆથી વજીરને નાહાશીને ઇંગરેજ લોક કોલંબામાં રાજ કરતા હતા તાંહાં તેઓ નો આશરો લેવો પડીઓ. એ વજીરની સાથે કેટલા ક તેનાં માણસો પણ નાહાસી જતાં હતાં તેમાંથી રા જા થોડાકને પછવાડે લાગી પકડી શકીઓ, અને તે .માનાં ૪૭ કેદીઓને એકદમ શુલીએ ચઢાવીઆ. એ .જ વખતે પુસીલા દેસાવ નામનો રાજાનો એક અમલ દાર હતો તેનાં ભાઇએ રાજાને કંઈ ભેટ કરતાં રીત ભાતમાં ચુક કીધી. રાજાએ પુસીલાનાં ભાઈને એકદ મ કેદ કીધો અને પુસીલાપર તોહોમત મુકીઊં કે તું હીલાપોલા વજીર સાથે કાગલ પતરનો વે હવાર રાખેછે. એની સાબેતીમાં હીલાપોલાની સાથે નાહાસી ગએલા એક અમલદારે પુસીલાના કોઈ ચાકરને એક કાગલ લખીઓ હતો તે જાહેર ક રવામાં આવીઓ. એ કાગલમાં રાજાની બદગોઈ કીધેલી હતી તેથી પુસીલા દીસાવને ગુનેહગાર ઠેરવી ઓ અને તેની આંખો શેઠી કાહાડી તેના હાથ પગ સાંધામાંથી કાપી નાખીઆ અને પછી તેને ગરદન મારીઓ. એજ વખતે કંઈ આગલ બલવો થએો હશે તે વીશે રાજાએ ચકચાર ચલાવી તેની તપાસ કરવા ને પોતાની સાથે બીજાં બે માણસોને ઠેરવીઆં. એ એઓએ આસરે ૭૦) માણસોને ગુનેહગાર ઠેરવીઆ અને તેઓને મોહોતની શજા કીધી. જેઓને ગુનેહ ગાર ઠેરવીઆ તેઓ બધા આબરૂદાર તથા પઈશાવા લા સખસો હતા તે બધાંઓને મરતતોલ ફટકા મારીને પછી ફાંસી દીધા. એ જુલમ કંઈ થોડો કેહવાએ ન હી તેપણ વધારે કમકમાટ ભરેલી વાતતો હજુ કેહવા ની રહીછે.

હીલાપોલાપરનુ વેર હજુ એ રાજાના કઠણ દી લમાં જેવુંનું તેવુંજ હતું. એ વજીરના નાહાસી જ વાથી તેનામા એવુંતો ખુન ચઢીઊં હતું કે હેવાનીઅ ત ખાશીઓત શીવાએ મનુશીઅ જાતીનો એક પણ ગુણ તેનામાં દીસતો નહી હતો. હીલાપોલા નાહાસી ગએો તે વખતે પોતાનો કબીલો પછવાડે નાંખી ગએો હતો તે કબીલાને સજા કરવાનો એ પાપી રાજાએ ઠેરાવ કી ધો. હીલાપોલાના છોકરાઓને તથા તેના ભાઈને ન મા તેના છોકરાને ગરદન મારવાને અને હીલાપોલા

ની બઈરીને તથા તેની છોકરીને તથા તેની ભોજાઈને ડુબાવી મારી નાખવાને એ રાજાએ હોકમ કીધો. હીલાપોલા વજીરની બઈરી તથા છોકરાને તુરંગમાં નાંખીઆં હતાં તાંહાંથી તેઓને રાણીનાં મેહેલ આગલ લાવી ઊભાં કરી ગરદન મારનારને સવાધીન કીધાં.

વજીરની બઈરી હીમત ધરી બોલી કે "હું તથા મારો ધણી તથા મારાં છોકરાં નીરદોશ છઈએ. હમારો જરા પણ ગુનાહ નથી. તોપણ મારી તથા મારાં બચાંની જીંદગી રાજાને સવાધીનછે અને તેની મરજીમા આવે તેમ તેનો ઊપીઓગ કરે. પણ એ વખતે હું મારા દીલના જીગરથી ખોદા પાસે માંગી લઊં છું કે મારા તથા મારા બચાંના જાંનની ખોવારીથી મારા ભરથારનો જાંન સલામત રેહે."

એ પરમાંણે બોલીને તેણીએ પોતાનાં વડા છોકરાને તેનાં નશીબને તાએબે થવાને ફરમાવીઊં. એ છોકરો અગીઆર વરશનો હતો તે એમ સાંભલી રડવા લાગો તેવામાં બીજો છોકરો નવ વરશનો હતો તે આગલ પડીઓ અને પોતાનાં વડા ભાઈને શીખાંમણ દેવા લાગો કે "ભાઈ તને રડવું ન જોઈએ. મરવામાં બીક શીછે. જો કેમ મરવું તે હું તુને દેખાડું ?" એ બાહાદુર છોકરાનું તરવારનાં એક જટકાથી ડોકું છુટું પાડીઊં અને તે ડોકાંને ખાંડણીમાં નાખીઊં અને તેની માનાં હાથમાં ખાંડણીઊં આપી તે છુંદવાને તેણીને ફરમાવીઊં: એક પછી એક એ પરમાંણે સરવે છોકરાનાં ડોકાં કાપી તેઓની મા પાસે છુંદાવીઆં.

એ ખુનરેજી દેખાવ જે લોક જોવાને એકઠાં મલીઆં હતાં તેઓ શેકેશેક રડવા લાગાં. ઊપર કહેઆ પરમાંણે છોકરાઓની તથા તેઓના કાકાની ગરદન મારીઆ પછી હીલાપોલાની બઈરીને તથા તેની છોકરીને તથા તેની ભોજાઈને કાનડી પાસે એક તલાવછે તેમાં ડુબાવી તેઓના દુખનો છેડો લાવીઆ.

એ બનાવથી આખાં ગાંમમાં બે દીવશ સુધી હડતાલ પડી. લોકોએ પોતાના ચુલા વરીક સલગાવીઆ નહી અને એટલાંતો શોગમાં પડીઆં હતાં કે બધો વખત અપવાશમા કાહાડીઓ.

ઊપલો ખચીત દુખ ઊપજાવનાર દાખલો જાહેર કરી આગલના જુલમાત ભરેલા દેશી રાજ સાથ હાલના ઈંગરેજી રાજનો મુકાબલો કરવાને તથા ઈંગરેજી રાજની તારીફ ગાવાને હમે શકતી ધરાવતા નથી.

# પરચુટણ.

---

સઊથી પેહેલો છે ખોદા
સઊથી ખુબસુરત છે નેકી
સઊથી સાધારણ છે આશા
સઊથી અવગુણી છે બદી.

---

**બીજાના** માથાં ઊપર સુખનો વરસાદ વરસાવીઆથી પોતાના માથા ઊપર થોડા પણ છાંટા પડીઆ વગર રેહતા નથી.

---

**દરાખના** માંડવા ઊપર બે જાતના ગુણ ધરાવનારી દરાખ ઊગેછે, જો તેને જહાડ ઊપરથી તોડીને ખાધી હોએતો તે જીવને ખુશાલ કરેછે. તેને બીજી હાલતમાં ખાધી હોએ તો માણસ છાકટ થાએછે અને તેનું પરીનામ પસતાવો થાએછે.

---

**એક ઈશાની** ફીલસુફને કોઈએ પુછીઊં કે તમે એટલું બધુ ગનેઆન કેમ મેલવીઊં—જવાબ દીધો કે "જે ચીજથી હું અનજાણો હતો તેની પુછપરછ અને તે વીશે ગનેઆન મેલવવાને એક સાધારણ માણસનેબી પુછતાં હું સરમાતો નહી હતો."

---

**તે કેહી** ચીજ છે કે જે મેલવવાને સઘલા લોકો ચાહેછે પણ જરે તે મલી એટલે તેને દુર કરવા વગર ચાલતુંજ નથી ? ઉમ.

---

**ધીરજનો એક દાખલો**—જરમનીનાં એક રેહવાસીએ ચાર સ્ત્રીઓને માથેના બાલ ગણીઆછે. તેની ગણતરી પરમાણે એક સ્ત્રીને માથે ૧,૪૦,૪૧૯ બાલ હતા બીજીને માથે ૧૦,૯,૪૪૦ હતા. તરીજીને માથે ૧૦,૨,૯૬૨ હતા. ચોથીને માથે ૮૭,૭૪૦ હતા. એ ચારો સ્ત્રીઓના બાલનો રંગ જુદો જુદો હતો પણ દરએક સ્ત્રીના બાલનું વજન એકસરખું આસરે ૧૪ આઊસ થઈઊં હતું.

---

**ઊપીઓગી ઉંદર**—સકાટલંડમાં એક ગરેહસથે બે મોટા ઊંદર પાલીઆછે અને તેઓને એક હલકાં ઇઅંતરમાં જોડી સુતર કાતી શકેછે.

---

**૧૦૦) છોકરાના મોટાં મા**—વેલાતમાં એક "જાનસટન" નામની એક બુઢી સ્ત્રી જીવેછે, તેની ચાર પેઢી પોતાની નજર આગલ ઊધરીછે. તેને પોતાને ૧૦) છોકરાછે તે છોકરાંને ૪૯ છોકરા થએઆછે, અને તે ૪૯ છોકરાંમાંથી બીજાં ૪૦ એ જનમ લીધાછે અને વલી તેઓમાંથી એક જણને તાંહાં એક છોકરું થઈઊ છે.

---

**લાંબું માણસ અને ટુંકું માણસ**—વેલાતમાં એક ચીનો ગએઓછે તેની ઊમર જોકે ૧૯ વરશનીછે તોપણ તેની ઊંચાઇ ૭ ફુટ ૮ ઇંચનીછે. તેની સાથે એક ચીનો ચાકરછે તેની ઊમર ૩૦ વરશનીછે, પણ તેની ઊંચાઇ માતર ૩ ફુટછે.

---

**બામબુનાં કાગદ**—એક અમેરીકામા "આજબની ઈવનીંગ જરનલ" નામનું એક વરતમાંન પતર બામબુનાં બનાવેલા કાગદપર છપાઇ બાહેર પડેછે.

---

**જેનાં** ઘરમાં મોહોટાં ઊંદરોની વસતી હોએ તાંહાંના વસનારાઓને રાતરે સુતનાં પગનાં દાદર ઊપર ચહડતાં ઊતરતાં સાંભલાએ,

## રમુજે ફુરસત.

૧ લું. એક ઓરડાની અંદર એક છોકરાની છબી હતી તે જોઇ એક મળવા આવનારે પેલા ઘરધણીને પુછીઊં કે ભાઇ આ તસવીર કોણની ? પેલાએ જવાબ દીધો કે "મને ભાઇઓ અને બેનો બીલકુલ નથી પણ આ છોકરાનો બાપ, તે મારા બાપનો છોકરો થાએ. હવે આ ઘરધણી વચે અને પેલી તસવીરમાંના છોકરા વચે શી સગાઇ હતી તે કહો.

૨ જું. એક મરદને તરણ છોકરી હતી. એક ૧૦ વરસની, બીજી ૩૦ વરસની અને તરીજી ૫૦ વરસની હતી. તેઓને બજારમા દાડમ આપી વેચવા મોકલેઆ. ૧૦ વરસની છોકરીને ૧૦ દાડમ આપેઆ, ૩૦ વરસનીને ૩૦, અને ૫૦ વરસનીને ૫૦ આપેઆં અને તરણે છોકરીઓને એકસરખી કીમતે વેચવાને અને એકસરખા પઇસા લાવવાને ફરમાવીઊં. હવે ઊપલા હુકમ પરમાણે વેચવાને અને પઇસા ઘર લાવવાને દરએક પોતાના દાડમ કીએ ભાવે વેચવાં જોઇએ તે કહો.

૩ જું. હુ ચાર અક્ષરનો એક બોલછુ મારા પેહલા બે અક્ષર માણસનો ઊપલો ભાગ બતલાવેછે મારા છેલા બે અક્ષર ઓરત જાત બતલાવેછે મારો આખો બોલ પેહલા બે અક્ષરના બોલ ઊપર લપેટાએલો રેહેછે અને તેને એબ લગાડેછે.

---

## ખોલાસો ગઇ વેલાનો.

૧ લુ ચીતલ—૨ જુ દલપતરામ—૩ જુ ધાર

---

## રાગ હોરી.

"સામરો અજહુ નહિ આયો"
એ રાગનીકે.

ભાઇઓ સોચુ તે સોચ વિચારો—ટેક.

કથની સાથ કરણ ન કરિએ, જરિએ ન કરિએ સવારો,
સાગરિયા સગ સરવે પ્રકારે,
સંપ સને લહુ સારો, તેથી સરે અરથ તમારો;
ભાઇઓ સોચુ તે—૧

નમ્રપણે નમી ચાલી નિભાવો, નાથ જો હોય નારો;
એજ ઉપાય વિના અભગાને,
સંસાર સાગર ખારો, ઉગરવાનો એકે ન આરો;
ભાઇઓ સોચું તે—૨

પરનર પાપની નજર કરેનો, ધુળ સમાન ધીક્કારો;
શોભવા કાજ શરીર તમારે,
સદગુણથી શણગારો, અશુભ શણગાર ઉતારો;
ભાઇઓ સોચુ તે—૩

આપસમા જન આવી પડે એને, આવી સહાય ઉગારો;
દિન દિન રાખો દયા ઘણી દિલમાં,
જગમાં જન્મ સજનારો, એમા નહિ કંઇ ઉધારો;
ભાઇઓ સોચુ તે—૪

ગંભીરતા ગુણ ગોઠવી રાખો, સાખો સુબોધનો સારો;
અંતરથી એમનું ઉંડુ કરવું,
અંતરથી વેણ ઉચારો, વિવેક વિશેષ વધારો;
ભાઇઓ સોચું તે—૫

માણસનો ભવ ફરી મળવાનો, વળિ વળિ નહિ મળે વારો;
મુખથી કહેલાં મહાન જનોનાં,
વચન કદી ન વિસારો, ભરો નહિ પાપનો ભારો;
ભાઇઓ સોચું તે—૬

તોલ તપાસ નહીં કરે તેનો, જશે અફળ જનમારો;
સાર અસાર વિચાર કરીને,
શરજનહાર સભારો, અવગુણ શત્રુ સંહારો;
ભાઇઓ સોચું તે—૭

પાપનો પંથ પડયો મુકિ પળીમા, પુણ્યને પંથે પધારો;
દલપતરામ કહે દુનિયામાં,
સગાઇ રીત સુધારો, એછે ઉપદેશ અમારો;
ભાઇઓ સોચુ તે—૮

---

## પોંહોંચ.

---

### સરવે સ્રીઓએ રાખવા લાએક પુસ્તક.

"શેકસપીર નાટક" ભાગ ૧ લો, નામનો એક ગરંથ તેનાં ૫ રગટ કરનારાઓની તરફથી હમોને મળીઆછે તેની પોંહોંચ માન સાથે કબુલ કરીએ છઇએ આ ગરંથ ૧૮૨ સફાનોછે અને તેની કીમત રૂ ૨) ઠેરવીછે એની છપાઇ અને બાંધણી સુંદરછે અને એને છપાવી પરગટ કરનારા દફતર આશકારા છાપાખાનાંનાં માલેકોછે એમા નામાંકીત ગુરૂ શેકસપીઅરના બે નાટકોનું ભાસાંતર ભાઇ નાનાભાઇ રૂશતમજી રાણીનાએ કીધુછે. આ નાટકો એવીતો સફાઇ અને સરસ ઇબારતથી રચેલાછે કે મરદો તેમજ ઓરતો મોટા હરખ સાથે વાચશે

ગુરૂ શેકસપીઅરના સાની નાટકોનુ ગુજરાતી જેવી અપુરણ ભાસામા અસલ લેહેજત સુધા ભાસાંતર કરવું ઘણુ મુશકેલ અને નહી બની શકે એવુ કામછે એ છતા ઊપલા ભાસાંતર કરનારે એવીતો નાદર રીતે આ ગરંથ રચ્યોછે કે તેથી એ મજીનુ ખાસ ગુજરાતી ભાસાનુ કવત ઊમદી રીતે માલમ પડી આવેછે.

આવી કીસમના નાટકો વાચવાથી દીલને ગમત તેમજ મગજને કવત અને ફેહેમ જ્ઞાન મલેછે તેથી હમો સરવે વાંચનારી બાઇઓને આ પુસતક વાચવાને ભલામણ કરીએ છઇએ. એ નાટક એવાછે કે ફકત તે એકજ વખત વાચવાથી મન ધરાઇ જાએ એવુ નથી પણ જેમ વારમવાર વાંચીએ તેમ દર વખત તેની લેહેજત વધતી જાએછે.

આ ભાસાંતર કરનાર ગુજરાતી ભાસાની ચોપડીઓમાં જેમ બને તેમ વધારો કરવામા સરવલા આતુરવાનછે અને પોતાના સાનનો આવી રીતે ઊપયોગ કરેછે તેથી તેઓ એ પગુની પરજાની તરફથી સાબાશી પાત્ર છે

---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૦ મુ. ફેબરવારી ૧૮૬૬ આંક ૨


## સંકટનું શેવટ—તેહમુરનું તારણ.

એક વારતા.

### પરકરણ ૫ મું.

તેહેમુર પોતાનાં વજીરની મોકલેલી ચેતવણી ઉપરથી હામદન શેહેર છોડી એક વાંહાંણમાં બેશી બીજા કોઈએક મુલક તરફ હંકારી ગએઓ. પણ અફશોસ ! જેમ એક તરફથી જુલમી જોરાબનાં છુપા જાસુસો તેની પછવાડે વરૂની માફક શેકાર કરવાને બાહેર પડેઆ હતા તેમ બીજી તરફથી કુદરતનાં રાખશો તેને ઘેરી હેરાંન કરેઆ કરતા હતા. પવન, પાંણી, વંટોલીઓ, વીજ, ગગરાટ, ઈતીઆદી તેઓનાં બુલંદ જોર અને ઘાતકી હાતથી સમુદરનાં સીહાસુપડામાં પેલાં નાહાનાં વાંહાંણને છલાંની મીસાલે કુદાવા અને ઉછાળવા લાગા અને દર પલે ભુખા મોજાઓ તેઓનાં દરામણાં પતાલ જડબાં વકાશી તે વાંહાંણને ગલી જવાની કોશેસ કરતા હતા. એવા સમએમાં તે માંહેલા નીરપરાધી જીવડાઓનાં હોશ કેવા ઉડી ગએઆ હશે તેનો વીચાર કોણ માંનવીના મનમાં પુરેપુરો આવી શકે ! જાણે તેઓ સમજુ હોએ તેમ ધુજતો બીચારો તેહેમુર તે મોજાઓને વીનંતી કરવા લાગો.

> બસ યારો બસ ! રે બસ હવે કરો !
> આ દુખીઆરા દીલપર દયાતો ધરો !
> આ ચામ અને હાડના પુતલાપર એક !
> કાં કરોછો તમો આ જુલમ છેક !
> ભક્ષ કરવાને મુજને કાં કરોછો ભેટ !
> એક બુકથી બગએ ન ધરાએ પેટ !
> પણ ઘોલીને ખાલી કાંઈ મજા શેકાર !
> કાં મારતા નથી તમ ભુખનો માર !

પણ અરે ! તેહેમુરનાં અવાજ ઉપર કોણ ધેઆંન આપે ! અંતે પેલું વાંહાંણ કુટએ કુડચા થઈ પાંણીમાં ડુબી ગએઉં અને તે માહેલા સઘલા કીમતી જીવડાઓ કીસ્તું સફેદ કફન ઓઢી પાણીની ઘોરમાં ગરક ગએઆ. તેઓ સઘલા મધે એક ડુબતા માણસને ઇશવરે પોતાનાં શુભત હાતથી ટેકો આપી પાંણીની સપાટી ઉપર રાખેઓ જે માહ મુસીબતથી મોજાઓની છોલે કરી કીનારે જીવતો સડાઈ આવેઓ. આ માંણસ કોણ હશે વારૂં ? ખરે કોઈ નેકીનો નર હશે—બેશક ઇશવરનો પેઆરો હશે. કોઈજ નહી પણ સાહ તેહેમુર હતો.

> થયો થડો હવે કુદરતી કીનો,
> તેહેમુર તાહડો ધુજતો ને ભીનો.
> ઇશ્વરના હાતથી કીનારે લાગો,
> ને ખડકના ઓહમાં ઉભારે નાગો.

આ પરમાંણે એક ભારી તોફાનમાંથી તેનો બંચાવ થએલો જોઈ તેહેમુર ઇશવરનો ભારે આભાર માનવા લાગો અને હવે શું કરવું અને કાહ જવું તે વીશે વીચારમાં ઉભો. તેવામાં એવું બનીઉં કે કોઈએક તેહાં રેહેતો ગરાબ માંછી આવી લાગો જેણે તેની હાલત જોઈ એઆ લાવી પોતાનાં જુહુફડામા આંણીઓ અને તેની માવજત કીધી.

એક દીવસ તેહેમુર તે માછી સાથ તે ગાંમડાને લગતી હકીકતો પુછવા લાગો, જે વીશે તેને જલદીથી માહીતગાર કીધો અને કહેઉં જે આ સઘલો આસપાસનો ... હુરદીસતાનને નામે ઓલખાએછે. વલી તેણે જણાવીઉં કે આ મુલકનાં બાદશાહનું નામ સોરખેહ કરીછે જે અતરેથી થોડાએક ગાઉ મોટા દમામ તથા જાવજલાલીથી રાજ કરેછે. તે દીલે દએઆલુ, હીંમતે હાતમ, અને સદગુણી છે. વધારે વાત કરતાં તેણે જણાવીઉં કે આ બાદશાહની પરી જેવી એક ખુબશુરત બેટીછે જેનું નામ તે ઉપરથી પરીચેહેર (એટલે પરી જેવા ચેહેરા વાલી) કરી આપેલુંછે. બેટીએ પણ બાપનાં સદગુણો ધારણ કીધાછે જેથી તે એક અમુલીખ ઘોહેર ગણાએછે.

તેહમુરનાં સુસત અને ચીંતાતુર દીલમાં આ વાતથી ગરમી આવી અને તે ઉલટથી પુછવા લાગો "બાઈ તે બાનુ કોણની સાથ પરણેલી હશે ?" માછીએ કહેઉં કે "તેનો બાપ કોઈનીબી સાથ તેનાં નેકા કરતો નથી પણ એવો ઠેરાવ કીધોછે કે એક દીવસે સઘલા શાહાજાદાઓ, અમીર ઉમરાઓ અને સરદારો, જેઓ તેણીની સાથ પરણવા ઉમેદ રાખતા હશે, તેઓનો મેલાવડો કરી સરવેની હીમત, બાહાદુરી, તથા નેકી તપાસવી અને તેઓમાં જે સરસ સાબેત થાએ તેની સાથ તે બાનુની પણ મરજી પુછીને તેના નેકા કરાવવા."

તેહેમુર—(મોટા ધંભીર દેખાવથી) હા! અરે ઇશવર! આ બાદેશાહનો ઠરાવ તથા તેની નેમ મોટી નેકછે. સદગુણી સ્ત્રીને સદગુણી ભરથાર મલવો જોઇએ અને તેમ કરવામાં આ રીત સરવેથી અપખ્ખસપાતછે.

માછી—પણ ભાઇ એમાં આપણું શું વલીઉં; જેનાં ભાગ્યેગ હશે તે જીતશે. કાલ રોજે પરીચેહેરની શાલગીરીનો દીવસછે ને વેલા ઉપલો મેલાવડો મલનારછે, જે સઘલું થશે તે આપણે કાલ રોજે જોઇશું.

આ શબદ સાંભલતાં તેહેમુરનાં મનમાં ભારે ઉલટ આવી અને તેણે માછીને સમજાવીને પુછીઉં. ભાઇ હુંબી કાલે તેહાં જવાની કોશેસ કરવા ઇછુછું માટે તું કાંઇ મને મદદ આપશે, હથીઆર તથા સારો લેબાસ મને મલેઓ એટલે મને વધારે કાંઇજ જોઇતું નથી. આ ઉપર માંછી બારે આસચરીઅ પામેઓ કે તેનો મેનમાન કોઇ મોટો શાહ સકરજી અને મોટાં કુલનો હોવો જોઇએ; કેવો જટ કરી કાલનાં મેલાવડામાં માથુ ઘાલવાની હીંમત બતાવેછે. એટલામાં એવું બનીઉં કે તે માછીનો એક ચાકર જે દરીઆમાં જાલ નાંખી લાંબો વખત શુધી બેઠો હતો તેની જાલ એકદમ ભારી થઇ આવીઆથી મોટી ઉમેદમાં બાહેર કાહડી જોએછે તો એક કીટાએલુ લોહડાંનુ બખતર માલમ પડીઉં અને તે લઇ ઘર આવેઓ.

આ બખતર જોતાંવાર તેહેમુર ચોંકી ઉઠીઓ અને બોલેઓ કે "હા! આ બખતર મારૂ મારા મરનાર બાપનુ પોતાનુ આપેલુ જે મારા ભાગા વોંહાણની સાથે ગરક ગએઉં હતું." માછીએ તેને તુરત હવાલે કરીઉં અને કહેઉં કે ભાઇ વીપતીના ફટકાથી ભાગેલાં તારાં લવીશને પાછું સમારવાને આ હથીઆર જે અંચીતુ તારે હાત લાગુછે તે લઇ તારી હીંમત અજમાવી જો અને ઇશવરની મરજી હુઇતો તું પાર પડેઆ વીના રેહેશે નહી. પણ આ તારૂં ખોવાએલુ અને ગરક ગએલુ બખતર કોણથી પાછુ મલીઉં તે ભુલતો નાં.

તેહેમુર—અરે ભાઇ, જે નેક ખુદા બાપે આ બખતર મુજને આપીઉંછે તેણે મને બચપણથી ઉપકાર માનવાનો ઉતમ ગુણ આ દીલને પાએલોછે—માટે તારો આભાર હું માનવાને ભુલું એ મારા બાપનાં વચન તોડેઆ બરોબરછે, એવું હું સમજુ છું તે સત કરી જાંણજે.

હવે તેહેમુરને બખતર મલેઆથી મોટુ ઉતેજન મલીઉં તેથી માછીની મારફતે થોડોક લેબાસ મેલવી બીજે દીવસે બાદશાહનાં મેહેલ મધે જવા નીકલેઓ.

---

## પરકરણ ૬ ઠું.

### કુરદીસથાન મધે મેહેલ.

બાદશાહ—તેની બેટી તથા ઉમરાઓ.

બાદશાહ—ચોરખેહની ધારણા મુજબ થેંકડો સરદારો, શાહજાદાઓ, તથા અમીર ઉમરાઓ. પોત પોતાનુ જોર, કવાએત, તથા હીમત વગેરે બીજા ગુણો બતાવી પરીચેહેરની ફતેહ મેલવવા બાગનાં ચોગાન મધે ભેગા થએઆ જેઓ મધે તેહેમુર પણ ઇશવરની ભકતી કરી હીમતે બાંધી બેધડક બીરાજેઓ.

આ મેલાવડા મધે દુર દેશનાં પણ ઘણાંક શા'... ઓ મોટા ઠાઠમાઠથી આવેઆ હતા. બાદશાહ પોતે, ની બેટી તથા કારભારીઓ આ સરવે ઉમેદવારોની માનથી મુલાકાત લઇ તેઓની તપાસ કરવાને તઇઆર એઆ. આ ઉમેદવારો મધેનાં ઘણાંખરા પોત પોતાનાં તમાં નીશાન દાખલ એક એક ફુલ લાવેઆ હતા, તે ફુલની ખાશીએત સાથ પોતાનાં ગુણો સરખાવતા એ તેવી કેહવત સાથે રાખી હતી. આ કેહવત દરએ' જણ પોતાની ઢાલ ઉપર અથવા તલવારનાં મેઆન અથવા સોલઇતાં પાના ઉપર કોતરાવી અથવા લાવેઆ હતા. લડાઇનાં ચોગાન મધે જતી વેલા દરએક ઉમેદવાર પોતાની કેહવત તથા પેઆરી નીશાન બાદશાહની બેટી પરીચેહેરને મોટા આદરમાનથી આપી તેણીની બાજુએથી પસાર થાએછે.

બાદશાહ—આ પેહલો કોણછે અને તેની નીશાન કેહવીછે?

પરીચેહેર—અફગાન દેશનાં શાહનો બેટો—તેની નીશાન એક ખીલતા ગુલાબનું ફુલછે અને તેની ઢાલ ઉપર નીચે પરમાંણે કેહવતછે.

ગુલાબનો ગોટો મોટો ગુણગારો,
ગુલાબનાં ગુણો ગાએ નરનારો.

બાદશાહ—આ બીજો કોણછે અને તેની નીશાન તથા કેહવત કેહવીછે?

પરીચેહેર—હીરાતનાં બાદશાહનો બેટો—જે નીશાન તરીકે એક ખુબસુરત સુરજનું ફુલ આપેછે અને તેની કેહવત આ પરમાંણેછે.

સુરીઅનુ ફુલછે સદા અમુલ,
ખુબી ખરી જેની ગાએ સરવે બુલબુલ.

બાદશાહ—આ તરીજો કોણ અને તેની કેહવત કેહવીછે?

પરીચેહેર—માજંદરાનનો અમીર—મોગરાની ખીલતી કલી આપેછે અને જે વીશે કેહેછે કે—

મોગરાનો મધુર ખુશબો ચાખી,
ઇશવર ઇંઆદ કરીએ પાખી.

બાદશાહ—(આ કેહવત જરા નીતી ભરેલી લાગેછે ખરી) પણ આ ચોથો કોણ અને તે શું કેહેછે?

પરીચેહેર—ખોરાશાનનાં શાહનો વડો પુતર—જે ચંપેલીની ખીલતી કલી આપી કેહેછે.

ચપેલીની કલી ચમકીમાં પડી,
હરદમ ભજો હેતથી હરી.

બાદશાહ—(એનીબી મતલબ જરા નીતીપર નમતી લાગેછે) વારૂં આ પાંચમો કોણછે અને તે શું કેહેછે?

પરીચેહેર—બલખ પરાંતનો ઉમરાવ—તાજાં દાડમડીનાં ખીલતા ફુલની ભેટ આપેછે. જે વીશે કેહેછે કે—

ગુલનારનાં ગોટાનો લાખ લેબાસ,
આકાશની કીરતીની આપેછે આશ.

બાદશાહ—આ છઠો કોણ જે સરવેમાં વધારે ધંભીર દેખાએછે અને જોઈએ એની નીશાન કહીછે.

પરીચેહેર—ઈશફાન મધે તેનુ મકાનછે એમ કેહછે, પણ પોતાનાં ખાનદાન વીશે વધારે જણાવતો નથી. હાતમાં એક સુકો લીમડાનાં ઝાડની ડાંખરી લાવી મોટી નમનતાઈથી ભેટ કરેછે. આ ડાંખળીમાં ખુબી એવી દીસેછે કે તે સઘળી સુકાઈ ગઈછે તોબી એક છેડે કુમળાં લીલાં પાતરાં લાગેલાંછે અને જે વીશે કેહેછે કે—

ધરી ધીરજ આબે લીમનો કડવો ખવાશ,
રાખે, હરદમ હઈડે સંકટના ચેતરની આશ.

બાદશાહ—હા! આ કેહવતની મતલબ હું સમજેઓ—કેહવી નીતીવાલી અને નેક!—આ માંણસનો લેબાસ સાદો અને હલકો દેખાએછે પણ એનો ચેહરો તથા કેહવત એક આરસીની માફક એની નીતી અને નેક મુરાદ બતાવી આપેછે. આ લીમડાની કડવી દાંખડી એમ બતાવેછે કે દુનીઆમાં કડવાસ એટલે વીપતી તેને ભારે ધીરજથી સોસવી પડીછે—દાંખડી સુકીછે તેથી તેની સુકી અથવા પડતી હાલત હશે એમ સાફ દીસેછે—પણ એવી સુકી દાખડીને છેડે લીલાં તાજાં પાતરાં લાગેલાંછે તેથી તે દીલમાં એવી નેક ઉમેદ રાખેછે કે ખોદાની મેહરબાંનીથી તેનુ સુકુ નશીબ કદાચ આ નવી શગાઈથી શેવટ પાછુ ખીલી તાજુ થશે—જેથી તે શુખ અને આરામ ભોગવશે.

બાદશાહ અને તેની બેટીનાં મન ઉપર આ છઠા ઉમેદવાર વીશે ભારે અસર થઈ હતી. બીજા ઘણાંક ઉમેદવારો કે ... એક પછી એક પોતાની નીશાની આપી પ... થતા ગએઆ, પણ આ છઠા કરતાં કોઈબી વીશે તેઓનુ મન વધારે ખુશી થએઉ નહી તેથી તેનાં ઉપરજ શેવટે પસંદગી બતાવી.

આ છઠો ભાગ્યેગવાન કોણ હશે વારૂ? આ વારતાનો વીર † પેલો તરીપાર થએલો તેહેમુર જેનાં દુખીઆરાં દીલ ઉપર હમણાં સુધી કમનશીબનો કાલો કોહો કરડવા બેઠો હતો.

બાદશાહ તથા તેની બેટી એઓનો વીચાર તેહેમુર વીશે ઘણો સારો હોવાથી બીજા સરવેનાં મનમાં ભારે અદેખાઈ તથા ધીકાર ઉતપન થતો હતો એટલુંજ નહી પણ એક ઉમરાવનાં પેટમાં ભારે ઉભાઈ આવીઉં તેથી તે બોલેઓ સાહેબ શું તમો આ માંણસ વીશે પસંદગી બતાવો છો! અરે, પણ એનાં મોહડાં ઉપરથીજ માલમ પડી આવેછે કે એ કોઈ જંગલી ભરેવાડનો પોરીઓછે. આ બાહાધુર ઉમેદવાર ઉમરાઓની સાથ ભાલા તથા બરછીથી લડાઈ કરવાની કોશેસ કીધાનાં કરતાં હું ધારૂછું કે એ મુગે મોહડે લાંબી ભરવાડની લાકડી લઈ ખેતરમાં ગાદરાં ચારવા જાએતો વધારે સારૂં. બીચારો એ ગરીબ નાંહેક મારેઓ જશે તેની મને ધાસતી લાગેછે.

એ પરમાંણે બાહારનાં લેબાસ ઉપરથી બીચારા બાહાદુર તેહેમુરની હેકડી થઈ. તેની હીમત તથા કવાએત કોઈને બીલકુલ જાહેર ન હતી મારે બાદશાહે પણ કંઈબી વધારે વીચાર આપેઓ નહી. હવે સરવે લડાએક ઉમેદવારો પોત પોતાની હીમત, હીકમત તથા બાહધુરી બતાવવાને ચોધાનમાં બાહેર પડેઆ, જેઓ મધે તેહેમુર પણ ગએઓ. અરે આ વેલા બાદશાહ તથા તેની બેટી કેવાં આસચરીઅ પાંમીઆં હશે કે તેઓએ જે ધણી વીશે સારો વીચાર બાંધીઓ હતો તેજ ધણી અંતે સઘલાઓમાં સુરો સાબેત થએઓ.

આ બીનાથી સઘલાઓનાં મન માહેલા સંદેહ ઉડી ગએઆ અને તેહેમુર ઉપર હવે જરા અંદાજાથી જોવા લાગેઆ. બાદશાહ તથા પરીચેહેર એવું વીચારવા લાગાં કે આ માણસ જોકે પોતાની ખાનગી હકીકત કેહતો નથી તોબી તે કોઈ મોટાં બાદશાહી કુલનો અથવા મોટાઈનાં મુલનો હોવો જોઈએ. પરીચેહેરની ખાશ મરજી પુછીને હવે બાદશાહે પોતાની કબુલાત મુજમ તેણીને તેહેમુરની સાથ પરણાવી આપવાનો ઠેરાવ કીધો. હવે બાદશાહ સઘલા બીજા સરદારોને ખાણું આપી પતાવી રવાનાં કરેછે.

બાદશાહ—સરદારો અને ઉમરાઓ, આજ રોજે તમો તસદી લઈ મારે તેહાં આવેઆ છો તેથી હું તમારો ભારે ઉપકાર માનુછું અને તમારો દરજો પીછાંની તમો સરવેને માન અને મુબારકબાદી આપુછું.

પરીચેહેર—(તેહેમુર તરફ ફરીને)

પણ ગણુછુ તુને સરવેનો સરદાર,
હવે કરશ તુનેજ વાહલો ભરથાર.
સોભાવી આ તાજથી મુરસીખર,
હીમત તું હરદમ ગખજે અમર.

તેહેમુર—નથી મુજમાં ઘણો સદગુણી સણુગાર,
નથી ઘટતી સ્તુતી તારી લગાર.

બાદશાહ—અરે તું તો તારી લાએકી બોલેછે. આજનો દીવસ તારોજછે—તારી વખાંણથી મારો દશા ગીત અને સાબાસીનાં પોકારથી મધુર વાગી રહીછે—ખુદરત પોતે પણ તારી વખાંણ ગાવા મોહ વશું કરતી માલુમ પડેછે. તું રંજ અને મેહનત, કીસબ અને કરાંમતનો કાબેલ નમુનો સાબેત થએઓછે. (પરીચેહેર તરફ ફરીને) વાહલી બેટી હવે ખાંણાની તઈઆરી કરવાનો હુકમ આપ અને આ સઘલા નામવર શાહજાદાઓને આબરૂ આપી બેસાડ અને તેઓમાં આ સુરા સરદારને પેહલી બેઠક આપ.

આ પરમાંણે સઘલાઓ ખાંણું ખાવા બીરાજેઆ જેઓમાં તેહેમુરને વડી બેઠક આપી. તેહેમુર તે લેવાને ભારે સરમાએઓ પણ અંતે કબુલ કરવી પડી. પરીચેહેર સેલાંમતીઓ લેવડાવતી વેલા તેહેમુરની સતુની કરવા જતી હતી (તેવામાં તેણીને તપાસવાની મતલબથી.)

બાદશાહ—કીધું એણે ચોકુ કાંમ,
એમા શાનુ મોટું નામ.
બેડુ જેનુ જેનુ ડોલ,
ધરે તેને માતર-હોલ.
મમતા જાગી મારે મોટી,
ખુબી ગાએ શામાટે ખોટી.

પરીચેહેર—(ધંભીરાઈથી)

ઓ પેઆરા પીતા, તું બોલે તે ખરુંછે બરહક,
પણ વાહલા વાલી, છે કાચ અને હીરામાં ફરક.

---

† પેહલવાન.

ખાંણુ ખાઈ સઘલાંઓ પોત પોતાને મકાંને પાછા ગએઆં. તેહેમુરને મેહલમાં રાખેઓ જેહાં બાદશાહ તેની ખાનગી બાબદો વીશે પુછપરછ કરેછે. તેહેમુરનાં બોલવા ચાલવા ઉપરથી જે ખુબીવંતા ગુણ કુદરતથી નીકલી આવતા તે જોઈ બાદશાહની ખાતરી થતી ગઈ કે તેહેમુર એક સદગુણી ઘરહસથછે. તેહેમુરે પોતાના નામ, દેશ તથા કુટંબ વીશે સઘલો હેવાલ ખોલો કરી કહી સંભલાવેઓ તેથી બાદશાહ તથા તેની બેટીની ખુશાલી તેઓની છાતીમાં સમાઈ નહી; કારંણ પેહલેતો તેહેમુરને તેઓ એક લડાએક મરદ કરી જાંણતાં હતાં. પણ પાછલથી તેઓની ખાતરી થઈ કે જે સુરો સરદાર સેકડોમાં ફતેહ પાંમી પરીચેહેર સાથ પરણતારછે, તેતો જાતે બાદશાહી ઓલાદનો અને પોતે ઈશફાહાંનનો બાદશાહછે.

હવે થોડાંક અઠવાડીઆં રહી તેહેમુરનાં પરીચેહેર સાથ નેકા કરી, તેઓનાં એક મેકનાં દીલ મોહબત અને પરીતીનાં પાક ગાંઠથી બાંધેઆં.

---

## પરકરણ ૭ મું.

પડેઓ પાપી ઉપર તે પ્રભુનો ખાર,
મારેઓ તેપર આતશના ગોલાનો માર.

આગલા આંકમાં તમોએ વાચીઉ હશે કે તેહેમુરને દેશનીકાલ થવાનુ કારણ શું હતું. તેહેરાનનાં બાદશાહ જોરાબનાં કુકરમો ઉઘાડાં પડેઆથી તેણે તેહેમુરનો જાંન લેવાનો ઠેરાવ કીધો હતો જે માંટે તેણે ચો તરફ છુપા જાસુસો મોકલેઆ હતા. ખરેખરૂ જોશોતો તેહેમુરે કાઈપણ ખોટુ કીધું ન હતું—દુખીઆંણ પારખીઉ તેમાં તેનો વાંક શાંનો. અરે, આ દુનીઆમાં ગમે એટલી બદીને ફતેહ મલે અને તે ફાવી જાએ પણ શેવટે ઇશવર નેકી અને સચાઈનેજ સરંજામ ઉતારશે એમ સત કરી જાંણવું. હવે જુઓ જોરાબનાં કેવા હાલ થએઆ.

એક દીવસ જોરાબ તથા તેની બેટી મોટા દમામથી બાદશાહી ગાડીમાં ફરવા નીકલેઆં, રસતામાં અધવચે ગએઆં નહી એટલાંમાં કાંઈક કુદરતી બનાવથી તેઓની ઉપર આકાશ મધેથી એક આતસનો બલતો ગોલો એવોતો જોરથી પડેઓ કે.તેઓ બને જણ પલવારમાં ખુંદો થઈ મરણ પાંમેઆં એટલુંજ નહી, તેઓનાં મુએલાં શરીર એટલાંતો સડી ગએઆં અને તેઓ મધેથી એવીતો બદબો નીકલવા લાગી કે કોઈપણ માણસ તેઓની આગલ જવાને અને લાસને દફણાવવાને હીમત કરતુ ન હતું જુઓ પાપીની હાલત!

આ બનાવનો હેવાલ તેહેમુરનાં વફાદાર વજીર હેરને તેની ઉપર તુરત લખી મોકલેઓ—જે વાંચતાને વાર તેણે ઇશવરનો ઉપકાર માનેઓ. આ વાત સાંભલી બાદશાહ ગોરખેહ તથા તેની બેટી પરીચેહેર ભારે ખુશી થએઆં કારણ તેહેમુરને હવે નીરભએ રાજપાટ મલાવવાનો રસતો ખુલો થએઓ. હવે તેહેમુર પોતાના વજીરની વીનંતી પરમાંણે પોતાનાં શેહેરમાં પાછો રવાનાં થવાને તઈઆર થએઓ.

થોડુંએક પછી તેહેમુર બાદશાહ ગોરખેહની રજા લઈ પોતાની બાનું જેણીને હંમેશ રહેતા હતો, તેણીને સંગાતે લઈ એક વાંહાંણમાં બેઠો અને ઈશફાહાંન તરફ હંકારી ગએઓ.

એ પરમાંણે તેહેમુરનાં સંકટનુ તારણ થવાની શરૂઆત થાએછે. પણ અફસોસ! ફાટેલાં નશીબને હજુર પુરૂ પાધરૂ સાંધીઉ નથી એટલામાં તે મધે નવેસરથી બીજુ ગાબડુ નીકલેછે; જેમ આપણામાં કેહવતછે કે "† આભ ર ફાટેતો ગાબર ‡ કેટલુ મારે." વલી તેહેમુરની છાતી ઉપર એક નવો ગંમ બેઠો. તે, તેની વાહલી ઓરત અને તેણીની એક દાસી એઓ વાંહાંણમાં હંકારી ગએઆને લાંબો વખત ગએઓ નહી એટલામાં એકાએક એક ભઅંકર તોફાન નીકલી આવીઉ. જેમ એક ગારોડી પોતાનો ખેલ બતાવવાને ટોપલા માંહેથી એક ભઅંકર નાગ છોડી દઈ એકદંમ જોનારાઓને બીહવડાવેછે તેમ પવનનાં ગેબી દેવે પોતાનુ જંગલી જોર તથા ખેલ બતાવવાને છુપા ગોફા માંહેથી સઘલો તોફાંની પવન એકદમ છોડી પેલાં એખલાં નાતવાન વાંહાંણને ધાસતીમાં નાંખીઉ. હા! તે માંહેલા નાજુક જીવડાઓનાં હઈડાં કેવાં ઉડી ગએઆં હશે! દરપલે તે વાંહાંણ સમુદરની ઉંડી પતાલમાં ગરક જવાની ધાસતીમાં હતું. આ જાતની ધાસતી તંદરોસત મરદોનાં મન તથા તનથી ખમાઈ શકાતી નથી તો પેલી બીચારી નાજુક નાર પરીચેહેર જે હંમેલના પુરા દાહડામાં હતી તેણીથી કેમ ખમાએ. વાંહાંણમાં જેરી પેટેથી છુટી તેવીજ તે મરણ પાંમી! તોફાનનુ જોર નરમ પડે એવું ઈંતેજારીથી ઇછતો તથા ઇશવરની વીનંતી કરતો તેહેમુર એક ખુણે બેઠેલો હતો તેવામાં દાસી આવી તુરતનુ જનમેલું બચું લાવી આંખોમાં આંસુ આંણી કેહેછે.

સાહેબ લે આ બચું તારી પાસ,
બાનુ પરીચેહેરની છોડ હવે આશ.

તેહેમુર—અરે! બોલ તે કેમછે—બચુંતો જનમેઉ પણ તેની કેહેવી હાલતછે.

દાસી—સાહેબ—થંડી થઈ—લાકડાંની મીશાલે તે પડીછે—હવે ઈલાજ ચાલે તેવુ છેજ નહી. માંટે ઘભરાટ કરી, આ તોફાનનાં ખુંગાટમાં વધારો કીધાને બદલે ધીરજથી તારી મુએલી બાનુનો આ જીવતો ભાગ જે રહી ગએઓછે તે લઈ તારે હઈડે ધર, બીજો હવે કાંઈજ ઈલાજ બાકી રહેઓ નથી.

તેહેમુર—(સર નમાંવી)

અરેરે ઈશ્વર—અફસોસ સદ હજાર!
જાલેરે જીંદગી—જાલેરે સંસાર.
અફસોસ સદ હજાર!
ખુદરત કરી ખંત—બેશે ગુજપર ખાર,
મારેછે નાહેક—મુગા મુજપર માર.
અફસોસ સદ હજાર!
બાનુને માગી નેક—કરી નાખી કાર,
પડીછે હૈ તે—સાંકડ થંડગાર.
અફસોસ સદ હજાર!

---

† આસમાન.

‡ આબરૂ ટીપ.

કરૂંરે હવે કેમ—કેહે મારા કીરતાર,
રાખીને હવે રેહેમ—પાર મને ઉતાર.
અફશોસ સદ હજાર!

દાસી—સાહેબ મારા, હવેતો સબુરી અખતીઆર કર, કર મમાં જે કાલો લેખ મારેલો હોએ તે ફીટનાર નથી. સાબુનાં ફીણનાં સઘલા સમુદરમાં એક હબસીને ધોએઓ હોએ તોબી તેની સીહા ચાંમડી સફેદ થનાર નથી—મારે તારૂં નસીબ કાલું અથવા કફેરૂં હોએતો તારાં આંશુની નેહેરોમાંથી નદી બને તોબી તે મધે તું નીખારી સફેદ કરી શકનાર નથી.

હવેતો તું એટલુંજ કર કે તારી ખુબશુરત રાંણીની આ નાંની સુરતી લઈ ઈશવરની સતુતી કર કે તે મોટી થઈ શેવટ તારાં શુખ અને શોભાનું મુલ થાએ. મારે હવે તાકીદ કર, બનીઉં તે બનીઉ—આ લાસને દફનાવવાની કોશેસ કર.

તેહેમુર—ખરૂં, નેક દાશી તું કેહેછે તે ખરૂં; પણ ઉતાવલ થાતીછે—અતરેથી કીનારો કાંઈ ઘણો દુર નથી—કોઈબી કીનારો હાત લાગે તેહાં ઉતરી આ લાશને આપણું દફનાવશું.

એક ખલાસી—મુરદાંને વાંહાંણથી વેગલું કીધાં વીનાં વાંહાંણ પાધરૂં ચાલનાર નથી મારે કંઈબી કરી દરીઆમાં નાખવું જોઈએ—કીનારો કાંઈ હમણુનો હમણાં હાત લાગનાર નથી.

બીજો ખલાશી—સાહેબ, વાંહાંણ મુરદાંથી અપવીતર થએલું છે, મારે જેમ જલદીથી દરીઆમાં નાખવામાં આવે તેમ સારૂં, નહીતો તોફાંનનું જોર ભારે વધી જશે અને આપણ શઘલાઓનાં જાંન બેશક ધાસતીમાં આવી પડશે.

તેહેમુર—ભાઈઓ, તમો કેહેછો તે અસલ જમાનાંથી એક વાત કેહેવાતી આવીછે ખરી; પણ તેમ કાંઈ બનતું નથી. મુરદાંની લાસથી વાંહાંણ કાંઈ અપવીતર થતું નથી મારે બોહોતું ચાહવું હશેતો થોડાવારમાં આપણે જમીન દેખશું.

શઘલા ખલાશીઓ—નહી, નહી, શાહેબ, એ વાત બને નહી. હમારા ધંધાને લગતી બીનાં હમો તમારા કરતાં વધારે સમજીએ છઈએ. તમો જમીન ઉપર સદા વશનારાઓને દરીઆનો ભેદ ખબર નથી મારે વેહેલો તાકીદ કરો, નહીતો હમો હમારૂ કાંમ કરનાર નથી.

અંતે બીચારા તેહેમુરનું કાંઈજ ચાલીઉં નહી. વાંહાંણ મધેથી એક નવી કીમતી પેટી મલી આવી તે મધે સરવે સીનગાર તથા જવેરાત સુધાં રાંણીના દેખાઈતાં મુરદાં જેવા બદનને મુકીઉં, જેની સરવે બાજુએ તરેહ તરેહની ઉમદા ખુશબોદાર વસતુઓ પાંથરી અને શેવટે એક ચીઠી લખી તે મધે મુકીને પેટી મજબુત બંધ કીધી. પછી ધ્રુજતા હાત અને હઈડાંથી આસતે રહી પાંણીમાં તે નાખી.

આ પરમાંણે તેહેમુરની હેતવંતી રાંણી પાંણીની ઘેરમાં પડી. અરે! પણ તે કમોહોતનું મોહોત પાંમી એમ બોલીએતો કોઈનું ધીરં હઈડુંબી ધડકીઆ વીના રેહેશે? હા! ખરેખર આ રાંણી કાંઈ મરણ પાંમેલી હતી નહી—તોફાંનની વેલા બચાંને જનમ આપતાં બેસુધ થઈ ગઈ હતી તેથી તેણીને મુરદાં તરીકે અગનેઆન દાશીએ ગણી હતી. ઘભરાટમાં કોઈને કાંઈ ઉપાએ શુજ થી ઘટતા ઈલાજ કીધા હોતતો તે પાછી હુશીઆરીમાં આવતે પણ માહાં ભાએગે તેમ કાંઈ બનીઉં નહી. પણ આ જગતનાં મોટા હકીમની જીવાડવાની મરજી હોએતો જેમ વેણે મટીમાંથી આ સુંદર કાએઆ કીધીછે તેમ મટી થએલા તનને સજાગરૂ કરી ન શકે?

પેલી પેટી પાંણીની છોળથી જલદી ઘસડાઈને રએના મનાં એક શેહેરને કીનારે લાગી. આ શેહેર અને સમુદરનાં કીનારા આગલ દાનેશ નામનો એક બુઢો, પાક, પુરો, પંકાએલો, પંડીત રેહેતો હતો જે વઈદકમાં અને રસાએણમાં ભારે પુરવીણ હતો. એક શવારનાં પોહોરમાં તે પોતાનાં મકાનમાં બેઠેલો હતો તેવામાં તેનાં ચાકરોની અંખોતો નજર પેલી પેટી ઉપર પડેઆથી તેઓ ઈંતેજારીથી ઉચકી પોતાનાં શેઠની હજુર લઈ આવેઆ. આ પેટીનું કદ તથા વજન જોઈ દાનેશ ભારે તાજુબ થએઓ અને તેની અંદર શું હશે તે જોવાને પેટી ખોલવા માંડી. ઢાંકણું ઢીલું થએઉં એટલે તે મધેની ખુશબો આવવા લાગાથી તેઓની ઈંતેજારી બેહદ વધી ગઈ, ઈઆને ભારે ગડબડાટ થઈ ગઈ. પેટી ઉઘાડતાં તેઓની નજરે પેલી ખુબશુરત ઓરત પડી જેનો ચેહેરો જોઈ તેઓ ભારે તાજુબ થએઆ.

દાનેશ—અરે! આ ઓરતનો ચેહેરો કહી આપેછે કે કોઈએ તેણીને કમોહોતનું મોહોત ભુલમાં દીધુંછે. શુ બેલી ઓરતનાં ચેહેરાનો એવો રંગ! નહી, આ ઓરત કાંઈ મરણ પાંમી નથી. જીંદગીની નીશાની મને બેશક નજર પડેછે. ચાલો આપણે આ પેટીને પેલાં બંધ ઓરડામાં લઈ જઈએ અને તેહાં તદબીરથી તેણીને બાહેર કાહાડીને તપાશીએ.

તેણીને એ પરમાંણે પેટી મધેથી બાહેર કાહાડીને નરમ બીછાના ઉપર મુકેછે એટલામાં દાનેશને તે માહેલું કાગજ મલીઉં જે મધે નીચે પરમાંણે લખેલું હતું.

ઓ માનવી નેક—પેટી આ એક,
લાગે તારે હાત—તે લઈને સંગાત,
એક કાંમ મારૂ કર—તારી ખુબી રેહે અમર.
શાહ તેહેમુર મારૂ નામ—ઈશ્કાન મારૂ ગામ.
ખોનુ મારી પરી—જેવી ગઈછે મરી,
ફરજ મને પડી—પેટીમા પેક કરી,
હીમત હઈડે રાખી—પાંણીમાં તે નાંખી.
મારે લાસ તેની લઈ—મજાંણ મધે જઈ,
તું કરે ભુંમીલ—ઉપકાર રેહે સદા.
પણ ડાટવા અગાઉ—જોવેર કાહાડી મઉ,
કરવા મારૂ કાંમ—તે લેજે તારૂ દામ.

## ઓરતોની મજલસ.

### ભાશાણ ૪ થું.

### નાહાના બચાંના પોશાક વીશે.

ગઆ ભાશાણમાં બચાંને નહવાડતી વખતે શી આ વજત કરવી તે વીશે કહી શંભલાવીઉં હતું. આજ દીને

નહવાડીઆ પછી બચાંને કેવાં અને શી તરેહનાં કપડાં પેહેરાવવાં તે વીશે ભાશાણ કરવા માંગુંછું. કપડાં પેહેરાવવાની બાબદ નહવાડવાના જેવીજ અગતનીછે અને આશા રાખુછું કે તે ધેઆંન દેઈને તમો શાંભલશો.

**૧. બચાંનો પોશાક હલકો જોઈએ.**

જેમ બને તેમ પોશાક હલકો હોએ તેમ વધારે શારૂં ભારી પોશાક બચાંથી ઉંચકાઈ સકાતો નથી તેથી અકલાઈ જાએછે.

આપણા લોકો બચું બે તરણ મહીનાનુ થએઉં એટલે ભારી ઝભલું પેહરાવવા મંડી જાએછે. પછી બચું દુખી થાએ તેનો વીચારજ નહી કરતાં. હલકો પોશાક પસંદ કરવા જોગછે.

**૨. બચાંનો પોશાક નરમ હોવો જોઈએ.**

કઠરતું અસતરીબંદ કપડું પેહેરાવવું ઘાતકીછે, તે બચાંને સઘલી તરફથી ખુચેછે, ચામડી ઘસાએછે, લાલ થઈ આવેછે અને બચું બેચેન રેહેછે.

**૩. બચાંનો પોશાક ગરમ હોવો જોઈએ.**

ઠંડી રૂતુમાં પોશાક ફલાનેલનો તથા ગરમીની રૂતુમાં રેશમી અથવા શુતરાઉ પેહરાવવો; જો ફલાનેલના કપડાંથી ચાંમરીને કાંઈ પણ અડચણ થાએતો શુતરાઉ અથવા રેશમી કપડુંજ પેહેરાવવું.

બચાને બદનની ગરમી રાખવાની ઘણી જરૂરછે. જો બરાબર માવજત નહી કીધી હોએતો બચાંનું આંગ જલદીથી થંડુ પડી જાએછે અને ગરમી પાછી આવવાને મુશકેલ પડેછે તેથી બચાનો પોશાક એવો જોઈએ કે તે ખુશ ગરમી આપે.

**૪. વલી બચાંને પુશકલ ગરમ કપડાં પેહરાવી રાખવું નહી જોઈએ.**

તેથી ઉલટી કચવચ થઈને બેચેની પેદા થાએછે.

**૫. દીવશના કરતાં રાતનો પોશાક થોડો ગરમ હોવો જોઈએ.**

બીછાંનું ગરમ હોવાના સબબથી રાતરે ઘણાં ગરમ કપડાં પેહેરાવીને શુવારવું નહી.

**૬. બચાંનો પોશાક કોશાદે તથા ખોલો હોવો જોઈએ.**

પોશાક એવો પેહેરાવવો કે તે જલદીથી પેહેરાઈ તથા નીકલાઈ શકે; કે જેથી બદન ઉપર કાંઈ પણ રીતે દબાણ નહી થાએ તથા હાથ પગ હીલવવામાં કાંઈ પણ અડચણ નહી પડે. તે છાતી તરફથી કોશાદે હોવો જોઈએ, કે જેથી દમ બરાબર લેવાઈ સકાએ, તે પેટ તરફથી કોશાદે જોઈએ કે જેથી ખોરાકનુ પચન થવામાં અડચણ નહી પડે, તેની બાંહે ઢીલી હોવી જોઈએ કે જેથી હાથમાં લોહીનું ફરવું બરાબર ચાલે.

**૭. પેહેલા ૩. ૪ મહીનાવેર બચાંને પગ લગીનો લાંબો પોશાક પેહેરાવવો જોઈએ અને થંડી રૂતુમાં નરમ ઉનનાં ઈસટકીંગ તથા ગુથેલાં ઉનનાં બુટ પેહેરાવવાં.**

લાંબા પોશાકની જરૂર એછે જે સઘલું બદન થંડી હવાની અસરથી દુર રેહેછે.

આપણા લોકો એ બાબદમાં ઘણી રીતે પછાતછે; ઘણી વખત નાહાનાં બચાંનાં પગ ઉંઘાડા રેહેછે અને તેને ઢાંકવાની માએ કાંઈ પણ સમજ રાખતી નથી. નાહાનાં બચાંને વારેઘડીએ તાપ, કાંશો થાએછે તેનું આએ એક મુલ કારણછે.

**૮. ૫, ૬, મહીના રેહેને લાંબો પોશાક કાહાડીને ટુકો પોશાક પેહરાવવો કે જેથી હાથ પગની હાલ ચાલમાં કાંઈ પણ અડચણ પડે નહી.**

થંડી રૂતમાં લાંબા પોશાક ઉપરથી જલદી ટુકા પોશાક ઉપર આવવું નહી. જારે ગરમી પડવા માંડી એટલે ટુકો પોશાક પેહેરાવવો પણ પગમાં ગરમ સટાકીંગ અને ઢીલાં બુટ પેહેરાવવાં જોઈએ.

**૯. બચાંની ગરદન તથા હાથ કદી પણ ઉંઘાડા રાખવા નહી જોઈએ.**

જારે ઉમરે પુગેલાં આદમીઓ પોતાના બદનના સઘલા ભાગો ઢાંકેછે તારે અજાએબ જેવુંછે કે બચાંની ગરદન અને હાથ ઉઘાડા રાખવા દેછે તેઓની ઉપર હવાની અસર વધારે જલદીથી થાએછે; એવું માલમ પડીઉંછે કે જે બચાંને છાતીના દરદો ઘણા થાએછે તેનું મુલ કારણ એછે; જો પોશાકની માવજત રાખી હોએતો છાતીના દરદો થવાની ધાસતી ઓછી થાએ.

પણ વલી એથી ઉલટું બચાંને ઘણાજ ગરમ કપડાં પણ નહી પેહેરાવવાં તથા જારે ઘરમાં હોએ તારે ગરદન અને હાથ ગરમ શીઆલથી વીટાલીને રાખવું નહી. એટલુંજ બસછે કે પોસાકની બાંહે હાથવેર લાંબી રાખવી અને ઉપરથી પોસાકને એવો બનાવવો કે ગરદનને બરાબર ઢાંકે.

આપણા લોકોમાં બચાંનો પોશાક ઘણું કરીને ઝભલું હોએછે અને તે તંદરોસતીના ફાએદાથી એવુંતો ખામી ભરેલુંછે કે તેને સુધારવાની ઘણી જરૂરછે; હાલ જે ઝભલાં બનાવવામાં આવેછે તેથી બચાંના હાથ, છાતી અને ગરદન તદન ઉઘાડી રેહેછે; જો ઝભલાને છાતી આગલથી બટન મુકીને ઢાંકી લે તથા ગરદન આગલથી એક ગલેબંદ શીવીને આગલથી હુક અથવા બટનથી ઢાંકે તથા હાથ આગલથી ખોલી બાંહે મુકેતો તે પોશાક શુંદર, સોભાવંતો અને ફાએદાકારક બને.

**૧૦. પેટ ઉપરનો ફલાનેલનો પાટો બચું બે તરણ મહીનાનું થાએ તાંહાંશુધી રેહેવા દેવો.**

પેટ ઉપરનો પાટો એકદમ કાહાડી નહી નાખવો. આસતે આસતે પાટાની એક એક ચીપ દર રોજ ફાડીને કાહાડવી. પસંદ કરવા જોગ એછે કે પાટો જલદી કાહાડી નાખીઆના કરતાં વધારે શુધી રેહેવા દીધોતો સારૂં

**૧૧. માંથાં ઉપર એક બે મહીના શુધી શાન દાહાડો જીની નરમ ફલાનેલની ઢોલી ટોપી પેહેરાવવી.**

રોજ માંથુ ધોવાની જરૂરછે અને બાલ લુછીને શુકવીઆ પછી ફલાનેલની ટોપી પેહેરાવવી. જો બાલની વધ ઘણી નહી હોએતો વધારે મહીના સુધી રાખવી.

સંભાલ રાખવી કે ટોપી કોઈ પણ રીતે માંથાં ઉપર દબાણ નહી કરે, આપણા લોકો અસતરની જાડી અને તંગ ટોપી પેહેરાવેછે તે ઘણી નુકસાનકારકછે, ટોપી તંગ હોવાથી ભેજા ઉપર દબાણ થાએછે અને તેથી તરેહવાર ભેજાના દરદો પેદા થાએછે. ટોપી જાડી હોએઆથી પશીનો માથામાંજ પચી રેહેછે.

બચાંનાં માંથાં ઉપર બાલ રાખવાની જરૂરછે, જો બાલ કાહાડી નાખેઆતો સરદી લાગીને સરકમ અને હાંસો થાએછે; વલી બાલથી બચાંનાં માથાને સોભા મલેછે.

તરીજે મહીનેથી તે બચું ૧૬ મહીનાનુ થાએ તાંહાં શુધી તથા જાંહાંશુધી પુશકલ બાલ નહી આવે તાંહાંશુધી શુતરાઉ નરમ ટીલી ટોપી પેહેરાવવી. પુશકલ બાલ આવીઆ પછી ટોપી પેહેરાવવાની જરૂર નથી.

માંથાંની ચામરી ઉપરથી હમેશા પશીનો વેહેછે અને જો બાલ નહી હોએ અને માંથું ઉઘાડું રેહેવા દેઈને ખોલી હવામાં બચાંને ફેરવીઉતો પશીનો બંધ થઈ જાએછે અને નુકશાંની કરેછે; વલી ઉંઘાડાં માંથાંને શુરજની ગરમીમાં રાખીઆથી પશીનો પેદા થતો બંધ થાએછે અને લુઉ લાગેછે.

બાલ આવેઆ પછી ટોપી પેહેરાવીઆથી ધેરફાએદા થાએછે; માંથું ગરમ થઈ આવેછે, લોહીનો જોસો મગજ તરફ વધેછે અને ઉપલીઉ તથા બીજા રોગ પેદા થાએછે.

એ પછી રાતે પણ ટોપી પેહેરાવવાની જરૂર નથી.

વલી ટોપી વગર બાલની વધ પુશકલ થાએછે તથા ખુબસુરતી વધેછે.

આવતામાં બીછાંનાં તથા પોશાગને લગતા અગતજોગ વીચારો જણાવી પોશાકની બાબદ પુરી કરયું.

## કીટલી કેવી કીમતી !

કોઈએક વેપારીની વખારમાં મોટાં રાખસી કદનો લોહડાંનો કાટ પડેલો હતો. આ કાટ મધે ઘણું કરી બાતલ થએલા શાંચા અને ચકરો હતાં. ઘસાઈ અને પુરાના થએઆથી તેઓનો ભાવ કોઇ બીલકુલ પુછતું ન હતું તેથી તેઓ કીટાઈ કંટલાઇને કકલવા લાગાં હતાં. આ ઊપરથી તેઓમાંહેલું એક સરવેથી મોટું; ચકર પોતાની હુશીઆરી બતાવવા તથા તેનાં જાત ભાઈઓને ઘડીભર દીલાશો આપવા તેઓની સાંમે એક સુભાંખીન ભાશાંણ કરવા લાગું. તે બોલીઊ કે "ભાઇઓ દુનીઆનો એવોજ કાએદોછે કે જેઆરે એકની ચડની થાએ, તેઆરે બીજાની પડતી થવી જોઇએ માટે હાલ આપણ અતરે નીરઊપીઓગી થઈ પડેઆ છઇએ અને આપણને કોઈ ડાબી આંખે જોતું પણ નથી તેથી કાંઈ ફીકર કરવી નહી. હીમત રાખો, કદાચ અંચીતો આપણો એવો ખપ નીકલશે કે લોકો આવી આપણને પગે પડી પટાવીને બોલાવી લઈ જશે—સાફ કરી ધોતા ધાતા કરશે અને કાંમે લગાડવાને ટાકલુદી કરશે તે વેલા આપણ ભારી થઈ કબુલ કરશું. તેઆર બાદ આપણી કીરતી આગલની માફક વધશે; કારણ આપણ કોણ—કંઈ નાના પરકારની પદારથો નહી પણ આગબોટોનો અમલ કરનારા—કારખાનાંઓનો કારબાર ચલાવનારા—ટાંકશાલનો તદબીરથી કારબાર તપાસનારા, જેહાં સઘલી દુનીઆની ચાંદી આપણા પગ તલે ચંપાતી. આપણાં વીનાં કારખાનાંઓતો શું પણ શેહેર, દેશ, દુનીઆં તમામ કંગાલીઅતમાં રેહેને."

આ પરમાંણે તે પોતાની કીરતી ગાતું તથા હુશીઆરીનું બાંક્ષુ પોકારતું જતું હતું તેવામાં અંચીતો એક નાનો અવાજ કોઈક ખુણા માંહેથી નીકલતો સંભલાંએઆથી પેલાએ જરા પોતાનું ભાશાંણ નરમ પાડીઊં. આ અવાજ એક નાની જુની કીટલીનો હતો જે પણ તેઓમાં એક અંધારે ખુણે બાતલ પડી રહી હતી. ઊપલું લોહડાનું ચકર જે પોતાની મતુરાઈ ગાતું ચાલીઊં હતું તેથી તે કીટલીને ગુસાની ભારે ગરમી લાગી, તેનાં પેટમાં કકરા આવેઆ, અને અંતે ઊભાઈ આવીઊં તેથી બોલી કે "ભાઈ હવે બસ કર બસ—ટાલી બડાઈ થોડી કર—તારાં ગાંડા જાત ભાઇઓનું ઘઘેડાં વહીતરૂં ગમે તેટલું સહરાવીને બોલ પણ તમો સરવ માતર રાખશી કદનાં મજુરો હતાં; વધારે શું"! એ પરમાંણે ખાલી કીટલીએ વગર ચાહેથી તેઓને ગરમ કરી નાખેઆ તેથી સરવે જણ ગુસામાં એકદમ તેને ધીકારી બોલેઆ—"અરે, ઓ નાની, નજીવી, નકામી પદારથ તું કોણ ! હમારો દરજો શું અને તારો શું ! હમો સેંકડો ખાંડી બોજો પલવારમાં ઊચકી ચમતકાર કરનારા, પણ તું કોણ—ભઠીઆરખાનામાં લુજાઇને મુઠી ચાહનો રોગચો ઊકાલનારી—વલી તારામાં એવી કઈ ખુબી કે હમો જેહેવા કલા અને કવાએતવાન નરોને ટપકો આપવાની હીમત કરેછે !"

કીટલીબાઈ હવે જરા ઠંડી થઈ તેઓને કહેછે, "અરે જાઓ, મારો ઊપીઓગ તમો ગાંડ ઘઘેડાઓ શુ સમજો. તમો કોણ બલદીઆઓની માફક પરાંણી ખાઈ અથવા ઘઘેડાંઓની માફક હીરલાં ખાઈ તમોને ચલાવે તેઆરે ચાલનારા નહીનો ઘોડાની કાંણી પડી રે

હેનારા બીજું શું. ખોદા પાશ ઊપકાર માંનો કે હું હતી તો તમો કાંમમાં આવીઆ, હું ન હતેતો તમો આજવેર હસતીમાં પણ આવતે નહી. પણ જમીનના પે ટાંમાં કચરા અને કાંદવમાં હજુર શુધી સડેઆ કરતે. વાસતે મારો ઊપકાર માનો કે હું હતીતો તમોને સર વને અંધારા ગારમાંથી બાહાર નીકલી આવવાનું બની આવીઊં, માટે વીચાર કરો વીચાર, હું કહુંછું તે ખરૂં કે ખોટું."

આ ઊપરથી સરવે સાંચાઓનો એકદમ મીજા જ ગઓ અને કીટલી ઊપર ગુસે થઈ એકદમ જંગલી જોરથી હુમલો કરવા જતા હતા તેવામાં પેલાં મોટાં ચકરે તેઓને અટકાવીને કીટલીને પુછીઊં કે "ઓ, દે વાની તું શા ઊપરથી કહેછે કે હમો સરવ તારા આ ભારે મધે છઈએ. તું જેવારે ચુલા ઊપર ચહડી ચાર ધી મેસમાં ખરડાએલી વહીતરૂં કરતી હતી તેવારે હ મોતો હમારી મજામા ચલકતા અને ચીકણા થઈ ફરે આ કરતા હતા."

કીટલી બોલી "તમો શું જાંણો, આજ કાલના, કે તમારો ખપ કોણથી અને શાથી પડેઓ. શા બાશ હોજો પેલા નામીચા મી૦ વાટને કે જેણે ચતુરા ઈથી બાફના જોરની સમજણ મારી મારફતે મેલવી જે થી પાછલથી તમારો ખપ પડેઓ અને તમો હસતી માં આવેઆ."

આ ઊપરથી સઘલાઓ દંગ થઈ ગએઆ અ ને આ વાત વીશે બીલકુલ અનજાણેઆ હતા તેથી આતુરતાથી કીટલીને સમજાવીને પુછીઊં કે "બાઈ તેઆરે હમોને બરોબર સમજણ પાડ, તારી મારફતે પેલા મી૦ વાટને બાફનાં સાંચા સંબંધી ગનેઆંન કે મ મલીઊં."

કીટલીબાઇએ કહેઊં કે "એક વેલા મોટા ઈગા રની ઊપર એક કીટલી ઊકલતી હતી તેની સાંમે ઊપ લો ચાલાક નર ઊભેલો હતો. તે કીટલીની ડોક જરા સાંકડી અને દીરાએલી હતી તેથી તે માહેલાં બાફનાં મોટા ભાગને બાહેર નીકલી જવાને પુરતો મારગ ન મલેઆથી તેનાં મોહ ઊપરનું ઢાંકણું મોટા જોરથી ઊ ડારી નાંખીઊં. એ પરમાંણે બાફનાં જોર વીશે તે વીદવાન પુરૂશને પેહલ વેહલું ગનેઆન મલીઊં હતું અને તેઆર બાદ આસતે રહી બાફનાં સાંચાઓ ઊત પન થએઆ હતા જે મધે તમોને કામે લગાડવામાં આવેલા હતા."

આ વાત સાંભલી સઘલાઓ શરમાઈ ગએઆ અને વધારે કાંઈ પણ બોલેઆ વગર પાછા ખુણે પડેઆ.

---

## "ઘરેણુ મુકી ઘરણે—ને પાહણકાબાઈ પરણે."

**મારો બાપ**—"બુટ ને ઈસટાકીન પેહરીઆં—ડગલા પેહરીઆ—માથે ઘેરી રાખી ને મોટા મોટા થેબીઆ રાખીઆ—તેમાં હમારૂં શું દલદર ફીટું ? આ મ જાણે કે છોકરો શું ને શું કમાઇને બાપને નેહાલ કરતો હોશે."

**હું પોતે**—"બાવા તમે મારે વાસતે બોલો ચ કે ?"

**મારી માએ**—"જોની મરૂં, આપરી પાહણકા બાઈ દશ વરશની તો થઇ. હવે એને કયે ઠેકાંણે ન હી પાડીએતો આપરી ફજેતી થાએ કેની વારૂં ? તેથી હું તારા બાપની સાથે એને વાસતે વાત કરતીતી તેટ લા વારમાં તું આવી લાગો."

**હું પોતે**—"માએજી તમે કેહાય તે ખરૂં; પ ણ બાવાજી. પાસે કંઇ હાલ પઇસાછે કે તમે એવી વા ત કાહાડી ?"

**મારો બાપ**—"મારૂં ચાલીઊં તાંહાંવેર મેં છોકરાઓને અદરાવીઆં, પરણાવીઆં ને મોટા કીધાં. હવે મારૂં ચાલતું નહી. શેરનાં કાહાડતાને તે શું કહી એ ! તણે જો લાલચ નહી દેખાડી હોતેતો આવો મા રીઓ મરીઓ હું નહી ફરતે."

**મારી માએ**—(જે લોકોને કંઇબી રીતે આડી બોલી ઓચરતી નહી હતી) "ખોદાએજીને કહીએ કે શેરનાં કાહાડતાનુંબી ભલું કરજો. તે ભલાં માંણસ ને એવું નહી સુઝતેતો આજે આટલાં ગરીબ ગુરબાં તણાએઆં નહી જતે ! પણ જોની બાવા, આજે પા હણકાબાઇને વાસતે માંગણી આવીતી—ને ઘેરતો સારૂં દેખાએચ—વલી રીતભાંત સારી થશે વાસતે એ નો જલદી વીચાર કરવો જોઇએ."

**હું પોતે**—"બાવા હમણા કંઈ આપરો વખતછે કે મારી બેનના લગનનો વીચાર કરીએ. હવેતો જે થાએ તે ચાર પાંચ વરશ રહીનેજ તો."

**મારી માએ**—"દીકરા કંઈ તું ઘેલોબેલો થએ લોચ ! મારી છોકરી આવતે વરશે દાહાડે વારેની થ શે. હવે કંઈ એક ઘડીબી થોભાએ કે ? બો વાએ ! લોકોને આંગલી દેખાડવાનું થાએ."

**મારો બાપ**—"મારે માથે તો પેલાં કાગલના ચી થરાં પડીઆંછ ને લોકોના કરજનો થેપલો ભારી પ ડીઆછ. હવે તો મને કાપીને કટકા કરેતો એક લો હીનું ટીપુંબી નહી નીકલે. હવે તો મેં તુંને રસતો કમાતો કીધો—ના, કંઈબી કરીને નાણાની તજવી જ કર."

**હું પોતે**—"બાવા, હું કીહાં જાઊં ને કોણની પા સે જાઊં ? મારી સાથે કોઈને કંઈ લેણા દેણાનો વે હેવારછે વારૂં ? વલી મારો પગારતો ૫૦) રૂપડીનો તો તે જાંણીને કોઈ દમડીબી ધીરે ?"

**મારો બાપ**—"તો 'ચરર મરર ચાનજી, ને ગજ વામાંતો રામજી' થઇને આની સાથે ફરેઆ, ને પેલાની સાથે ફરેઆ—ફલાણોતો આવો, ને ફલાણોતો ચીનો. તારે તે લોકો પાસે જાની. તારા જેટલો હું હતો ત્યા રેતો મેં બે છોકરાંના લગન કીધાંતાં ને ચાકરી કરતો તો તારેતો વાણીઆની !"

**મારી માએ**—"દીકરા, હમે પંદર પંદર છોકરા નાં માએ બાપ થઆં—તે બધાંનો વર વેહવાર કેમ કીધો હોશે ? કેહવત છે કે 'ગેર પરણાવી આપે, પણ ઘર નહી ચલાવી આપે' તેમ માએ બાપેતો હમને પ રણાવીઆં; પણ માથે પડેલું કોઇએ વેઠીઊં ? બાર બાર છોકરાનાંતો લગન કીધાં—પણ કમનસીબની વા ત કોણને કહીએ:—મોહતને ઘેર ધાર આવે—તે અ દરાએલાં પરણેલાં દસ છોકરાંનેતો ખેંચી લીધાં."

**હું પોતે**—"માએજી જારે તમારી ઊપર એ નું પડેલુંછે તોપણ નાહનપણમાં છોકરાંઓને પરણા વીને પઇસા કાંએ વેરોછ ? જો મારા દસ ભાઇ બેનો ને મોટાં થાએ તાંહાંસુધી પરણાવતે નહીતો આજે આ પણા વાહલાંઓને ગુમાવીઆં તેના બલાપાની સાથે આટલા પઇસા શેકટ વેરાએઆ તેનોતો બલાપો નહી કરવો પડતે. બીજું જો તેટલો પઇસો બનચતેતો આ જે આપણે ગરીબ હાલતમાંતો નહી આવી પડતે, ને લોકોનાં કરજ તલેનો નહી ચંપાએલા રેહતે."

**મારી બેન**—(પાહુણકાબાઈ જે ચીમાઇને આ એ બધી વાત સાંભલતી હતી તે આસતે રહીને બાહેર નીકલીને બોલી કે) "માએ આપરો હાથ હાલ ભીડમા છે તો લગનની ઊતાવલ શુંછે ? હું તો હજુ નાહનું બચું છેઊં—મને સાસરે મોકલીને ગુલાગગીરીમાં નાખવા ની કંઈ જરૂર જેવું નથી. 'પેર ગુઈ સાસુ, ને આ ણ આવીઆં આંસું' મને સાસુ સસરો હાલ કંઈ જો ઈતાં નથી."

**મારી માએ**—(જે હમેશ મીઠા સવભાવની હતી તેણીનો આ વાત સાંભલીને મીજાજ ગીઓ, અને તે ણીએ મારી બેનપર એવાતો દોરા કકડાવીઆ કે તે નાહશી જઇ એક ખુણામા ભરાઈ રડવા લાગી) "જોઈ ઊં કે બાપા, તું કહજે છોકરીઓને શીખવીને હુશીઆ ર કરો. આ છોકરી નીશાલે જઈને જો કેવું શીખી આવીચ તે."

**મારો બાપ**—"એતો વલી સુધારાવાલો કેહવા એચ તે એબી એમજ કેહશેતો. મારા કાંહાં——"

**હું પોતે**—"બાવાજી, જો કોઈ મારી માફક તુટું ભાગું ઈંગરેજી શીખી, પેહરવાસમા ફેરફાર કરે એટ લે તે સુધારા વાલો થઓ એમ કેહવું કે ? મેં શું સુધા રો કરી લોકોને સારો રસતો દેખાડીઓચ ? પણ કો ઈ સુધારો કરનાર કંઈ વાત કેહ ને તે ખરી લાગેતો તે આપણે કબુલ રાખવી કે નહી ? પાહુણકાબાઈ કેહ ચ તે ખરી વાત છે કે હાલ તરત તમારી પાસે પઈસો નથી તારે લગનની ભાંજગડ માંડી વાલવી જોઈએ."

**મારી માએ**—"પઇસો હોએ કે નહી હોએ, ત વંગર હોઇએ કે ગરીબ હોઈએ, ખાવાનું હોએ કે ભીખ માંગવી પડે, ગમે તે થાઓ, જાંહાં લગી મારી ઘાંટીમાં પરાણછે તાંહાં લગી મારી તથા મારા બચાં તરફ કોઈ પણ આંગલી કરી દેખાડે તેવું નહી થવા દેવશ. જે કંઈ આપરા ઘેરમાં છે તે વેચી સાટીનેબી મારી છોકરીના બે ચોખા છાંટી આપસ."

મારી માએનું આવી રીતનું બોલવું સાંભલી, મા રી આંખમા આંસુ ભરાઈ આવીઆં, તેથી ગુપચુપ કં ઇ પણ વધારે બોલેઆ વગર હું ઊઠી ચાલતો થએઓ. મારી ખાતરી થઈ કે એક વખત મારી માએ જે વી ચાર કીધો તે ફરવાનો નથી. તેથી વધારે બોલવાને મેં વાજબી ધારીઊં નહી, પણ બીજી તક શોધવાની તજવીજમાં રહેઓ, પણ તજવીજ શું કરૂં એટલામા બીજે દાહાડે સાંજના હું મારા ઓરડામાં જઈને કપ ડાં ઊતારૂંચ તેવામાં મારી ધણીઆંની રડતી મારી

પાસે આવી. મેં ગભરાઇને તેણીની દલગીરીનું કારણ પુછીઊં.

**મારી ધણીઆણી**—"જુઓનીજી, પાહણુકાબાઈના લગનની તઈઆરી ચાલેચ. આજે પેહરામણી હોરામણી સઉ થઈ. એટલુંજ નહી પણ તમારા નાહલા ભાઈ કોરીઆજીને પણ સાથે લાગો આમણ સામણ પરણાવી આપેચ. વાસતે બેઊના લંગન ખરચને વાસતે સસરા સાસુજી મારૂં બધું ઘરેણું માંગેચ."

મારી ધણીઆણી એમ બોલીને પોક મુકી રડવા લાગી. મેં જોઈઊં કે મારે હવે દીલ મોટું કરવાની જરૂર છે અને મારી ભલી ધણીઆણીને સારી સલાહ આપવી જોઇએ—તેથી મારૂં હઈઊં ભરાઈ આવીઊં હતું તે નરમ પાડી આસતે રહીને જવાબ દીધો.

**હું પોતે**—"પુતલીબાઇ, તમે છેક નરમ દીલના કેમ થાઓછ? મારો બાપ તમારૂં ઘરેણું માંગેછ એટલુંજ કે નહી? તો તેની———"

**મારી ધણીઆણી**—(રડતી રડતી) "ઘરેણાને હું કંઇ છાતીએ બાંધી નથી જવાની, મને તેની થોડીજ દરકારછે—પણ આપણા કાચાં કુમારા બે છોકરાનું ખોદાએ નાકરે ને કંઇ હોએ તો શું થાએ? વલી આપણે દલદેશરીતો એવી ભોગવીએચ કે વરશના વરશ જાએ તોપણ આપણો કેયે થાગ નહી લાગે. ઓ ખોદા, મારી ઊપર એ શો ગજબ."

**હું પોતે**—"પુતલીબાઇ તમે નાદાન ના થાઓ. ધીરજ પકડો ને હું કેહું તે સાંભલો."

**મારી ધણીઆણી**—"તમારી ઊપર મારો જાન ખુરબાંનછે. તમે જેમ કેહસો તેમ હું ચાલસ, પણ આપણા કાચા કુમારા બચાં તરફ જુઓ. એઓનો શું હવાલ?"

**હું પોતે**—"તમે મને બોલવાતો દેઓ. જુઓ તમુને જે ઘરેણું કીધુંછે તે મારા બાપે કીધુંછે. વાસતે તેની ઊપર મારો હક મુતલગ નથી અને હોતે તોપણ આએ વખતે મારા બાપની સાંમે મારીથી નહી થવાને. કાએજે તમે જાણોછો કે આજ સુધી તેવણે આપણને ઊછેરીઆંછે, વાસને આપણી ફરજછે કે હાલ તરત મારા બાપ જેમ કેહે તેમ કરવું. તેઓ જે ...

... જરાક કાહાડી આપો."

... મારાં બચાં

**હું પોતે**—"તમે મારે વાસતે એવો વીચાર કરોછ તેથી હું ખરેખર દલગીર છેઊં. શું તમારાં છોકરાં તે મારાં નહી? પણ ખોદા ઊપર સબુરી રાખો તે જ સાહેબ આપણો દાહાડો વાલશે."

**મારી ધણીઆણી**—(નરમ પડીને) "ઓ મારા શીઆણા ને વાહલા ધણી હું જે કઈ આડું બોલી તેની માફ કરો. તમારો બોલ હું માથે ચહડાઊંચ. તમારો વીચાર નેકછે અને તેમજ હું ચાલસ."

એવું સાંભલી, મારી ધણીઆણીની વફાદારી જોઇ, મારી આખમાથી આંસુ વેહવા લાગાં. તારપછી હમારૂં બેઊનું દીલ ખોલું કરી એક બીજાને દીલાસો દઈ હમે છુટાં પડીઆં. મને આવી ભલી ધણીઆણીથી જે સુખ મલીઊં હતું તે આખી દુનીઆની દોલતથી પણ નહી મલતે, વાસતે ખોદાની મેહરબાનીથી વીશે તેના ગુણ ગાઈ, હું મારા માએ બાપને મલવાને ગઓ. તેઓતો અતીઆરથીજ લગનની ધામધુમમા પડેલાં દેખાએઆં. મેં જોઇઊં કે હવે હું જેટલુ બોલસ તેટલું ફોકટ. તોપણ આસતે રહીને વાત છેડી. જેટલી મારામા શકતી હતી તેટલું મેં તેઓને કહી સંભલાવીઊં, પણ ફાએદાને બદલે ઓર ગેરફાએદો થઓ મને એવીતો રીને ઝટકી નાખીઓ કે વધારે બોલવાની મેં હીંમત ચલાવી નહી. તોપણ નાચારીથી આસતે રહીને મારી માએ તરફ જોઇને બોલીઓ."

**હું પોતે**—"માએજી હું જોઊછ કે મને વધારે બોલવાની જરૂર નથી. પાહણુકાબાઇને પરણાવાનુ તમે વાજબી ધારોછો તો ખેર. પણ કોરીઆજીતો હજુ પાંચ વરશનોછે. તેટલાં એના લગનની શું ઊતાવલ પડીછ."

**મારી માએ**—દીકરા, વલી એકને વાસતે ખરચ કરીએ ને બીજો રહી જાએ. એનુબી સાથેલાગુ માથું ધોઈ નાખીએતો સારૂ કેની? આજે મારી નજર આગલ છોકરાં એક વખત હલકાં થાએતો પછી મને કસાંની ધાસતી નથી."

**હું પોતે**—"પણ માએજી તમે જાણોંછ કે કોરીઆજીની તંદરોસતી હમેશ બીગડેલીની બીગડેલી ચાલી જાએછે અને આજ કાલ દુખથી મારેલો મરેલો ફરેછે તો તેને વાસને શું કામ ઊતાવલ કરોછ?"

**મારી માએ**—"તું જાણેજો બા, સપરમો દાહ... ...ાલીઓચતો. આએ વખને

"તુંને આવી વાત કરતાં આંચકો નથી લાગતો ?" એ શી
વાએ બીજી ઘણી વાત થઈ પણ બધી ફોકટ.

મને હારીને સર નમાવી પાછું ફરવું પડીઊં.
મારા બાપે ફરમાવીઊં કે જે કંઈ મારી પાસે હોએ
તે બધું તેવણને આપવું—મારી ધણીઆણીનુ ઘરેણું
પણ તેવણને સવાધીન કરવુ અને કોઈ પાસે જઈને
જેટલું બને તેટલું નાણું કહડાવવું. મારી પાસે જે
હતું તે તથા મારી ધણીઆણીનું ઘરેણુંતો મેં આપી
ઊં; પણ જે કરજ મારામા આપવાની શકતી નહી તે
કરવાને મેં સાફ ના પાડીઊં, તેથી મારા બાપે તરે
વાર તજવીજ કરી લોકો પાસે બીજાં નાણા કહડાવીઆં.

આણીગેરથી લગનની તઈઆરી ચાલતી હતી
અને પેલીગેરથી મારો ભાઈ કોરીઆજી બીમારીમાં
વધારે પડતો જતો હતો. દર રોજ તેની શકતી ઓ
છી થતી હતી. મેં તો તેની આશા છોડી હતી, પણ
મારાં ભલાં માએ બાપ કંઈ સમજીઆં નહી. બીજી
તરફથી મારી બેન પાહણકાબાઈ છુપી રીતે આવી રડ
ન કરતી અને પોતે સાસરાંનો ધીકાર દેખાડતી. હું
તેણીને કંઈ દીલાસો આપી છુટો પડતો.

મહીના એકમા લગન થઆં. કોરીઆજીને
આશીરવાદ સારતી વખતે બે જણે ટેકવીને બેસાડીઓ
હતો, પણ તે બીચારો આએ જીહાન કરતાં પેલી જી
હાનને વાસતે વધારે તઈઆર થઇ રહેઓ હતો. પર
ણીઆ પછી એક અથવાડીઆમાંજ તેણે પોતાનો પ
રાણ છોડીઓ. થોડા દાહાડાની વાત પર જે ઘરમા
ખુશી ખુશાલી જોવામા આવતી હતી તાંહાં ગમગીની
એ ઘેર કીધું. મારાં માએ બાપ અતીશે વીલાપમા પ
ડીઆં, તોપણ તેઓની બેવકુફી વીશે તેઓએ વીચાર
કીધો નહી. જે નાણા તેઓએ તેના લગનને વાસતે
ખરચીઆં તેનો દસમો ભાગ જો તેની દવાઈ પર ખર
ચતે તો કદાચ ખોદાની મેહરબાનીથી તે સારો થતે,
પણ તેવો વીચાર મારાં માએ બાપ કરે એવું ધારવું
ફોકટ હતું. તેઓએતો જે કીધું તે ખરૂંજ હતું અને સ્ત્રી
તારોની ગીરદેશ આગલ કોઇનું ચાલે નહી એવું તે
ઓ માનતાં હતાં, તોપણ મારી ઊપર તેઓએ ચુથ
ના પાડીઆં. રદન કરતી વખતે મારી અવડ વાણી
ને વાસતે મારી માએ મને બોલી સમજાવી. ગમગી
નીથી હું એટલો ભરાઓ હતો કે તે વીશે મને વીચા
ર કરવાને પણ વખત ન હતો, તોપણ મારી ધણીઆ
ણીને મારાં કરતાં બમણું સાંખવું પડતું હતું. પોતા
નું દુખ અને મારે વાસતે ખરાબ બોલાતું હતું તે તેણી
થી સાંખી નહી શકાતું હતું.

બીજી તરફથી પાહણકાબાઈની સાસુ ઘણી ક
લાંઠ માલમ પડી. તેણીએ જાણે છોકરીને વહીતરૂં
કરવાને વેચાતી લીધી હોએ તે પરમાણે તે મારી બેન
પર જશ પાડવા લાગી. વલી પાહણકાબાઈની નાથ
લી નણંદ, મારા ભાઇના ગુજરવાથી રંડાઇ હતી તે
થી મારી બેન સાસરે અવડ પગલાંની ગણાવા લાગી.
વાસતે દયા ભરેલી આંખેતો તેણીની તરફ કોઇ જોતે.
એજ નહી તેણીએ હમારા ઘરમા માએનુ સુખ જો
એઉં હતું તેથી ઊલટુંજ સાસરે તેણીને દુખ ખમવું
પડતું હતું. જારે તક મલે તારે ઘર આવી ફોકફોક
અને ઝારોઝાર રડી રડીને પાછી સાસરે જાએ.

હમારા ઘેરની હાલત પુરેપુરી કંગાલ થઈ ગઈ
હમારા માગનારોનો તગાદો—મારા ભાઇના મરણની
ગમગીની—મારી બેનની ઊપર પડતી જશ, ખાવા
પીવાની તંગી—હમારી ગરીબાઈને લીધે દુનીઆનો
ફીટકાર—એ સરવે આગલ મારા બાપનુ કંઈ ચાલી
ઊ નહી. પોતાનો ઘડપણનો વખત થવા આવીઓ હ
તો તેથી આ દુખોથી તેવણ દબાઇને આજારી પડીઆ.
ડાકટરની દવાઈ કરવાને પાસે દમડી હતી નહી. અને
તારપછી મારી તથા મારા ઘેરની હાલત કેવી થઈ તથા
હાલ તે કેવીછે તે હું જણાવા માગતો નથી. મારે વા
સતે એટલુંજ કહુંતો બસછે કે ખોદા મારો આ દુનીઆ
થી છુટકારો કરેતો સારૂં. વાંચનારને વાસતે મારે એ
ટલુજ કેહવુછે કે જે ધણી પોતાના બચાંના નાહનપણ
માથી માથાં ધોઇને હલકાં કરવા માગેછે અને પોતે તે
જ વખતે ભારી થાએછે તે ધણીની કમ અકલથી તેના
બચાંને પણ દુખ ભોગવવું પડેછે, અને જે ધણીને પો
તાની આખી જીંદગી પસતાવામા ગુજારવી હોએ તેજ
ધણી એવો વીચાર કરે કે "ઘરેણુ મુકો ઘરણે ને પા
હણકાબાઈ પરણે."

## હવા.

જારે એક ઊંચી જગા ઊપર ઊભા રહી દુની
આની સપાટી ઊપર આપણે નજર કરીએ છઈએ તા
રે તરેહવાર ખુશનમાં અને બુલંદ દેખાવો આપણી ન

જરે પડેછે. એ દેખાવો રંગ બેરંગી અને તેની શાથે હજારો અને લખો જાહાડો અને તેનાં ફુલો પોતાનો મીઠો વાસ આસપાસ પાંથરતાં, હવા, દરીઆો અને જમીન ઊપર વસનારા બેહદ જીવજંતો પોતાનો રસતો કાપતાં અને તેઓનાં સુખ અને પોશણને માટે જે અખુટ તરદુદ કીધેલી તે સરવે આપણની નજરે પડેછે. એ દેખાવથી તે શાહેબની અપરંમપાર મેહરબાનીનો આપણને ખેઆલ આવેછે, પણ તે શાહેબની ખુબી કાંઈ અહીઆંજ અટકતી નથી. એતો આપણી નજરે પડતા દેખાવોછે જેથી આપણે એ સરવે ખુબી જોઈ શકીએછે, પણ તે સાહેબની જે જે કારીગીરી આપણી નજરે પડતી નથી તાંહાં વલી કાંઈ ઓછી ખુબી નહી હશે. અવે હવા એ નજરે નહી પડે એવી ઈશવરની બનાવટછે અને તેની તપાસ હમે જારી કરીએ છઇએ. એ તપાસથી વાંચનારી બાનુઓને જ્ઞાન સાથે ગમત મલે એવી રીતથી લખવા ધારીએ છઈએ.

વાતાવરણ જેને હવા કહીબી કેહેછે તે આપણી દુનીઆની આશપાશ બધે લપેટાએલીછે. તારે આપણી પેહલી તપાસ એછે કે હવા જેને વીશે આટલું બધું બોલાએછે તે ખરેખર છે કે નહીં અને તે શું ચીજછે ? એ કાંઈ નજરે દેખાતી નથી અને આપણને લાગતી બી નથી. તારે આપણી અને દુનીઆની આશપાસ સંધે હવા લપેટાએલીછે એ કેમ બને ! વાંચનાર બાઈઓ તમારી ખાતરી કરવાને નીચે થોડાક દાખલા અને બનાવો ટાંકીએ છઈએ.

૧ લું. એક લાકડી લેઈ જોરથી આસપાસ ગુમાવીએતો આપણને ગું ગું કરતો આવાજ સંભલાએછે અને લાકડીને બરાબર ફરતાં જાણે કોઈ અટકાવ કરતું હોએ એવું માલમ પડેછે. એ અટકાવ કરનાર કોણ અને એ આવાજ કોણનો ?

૨ જું. જો આપણે એક પંખો અથવા છતરી બરાબર ઊંઘાડીને હાથમાં ધરી જોરથી શાંમી બાજુએ ફેરવીએ અથવા હીલવીએતો આપણને કાંઈબી ચીજ અટકાવ કરતી હોએ અને આપણી સાંમે ઊભેલા શખસના મોહડાં ઊપર જઈને અડકતી હોએ એવું માલમ પડેછે. હવે જો આપણે એક મોટી ઊઘાડી છતરી હાથમાં લેઈએ જેનો વીઆશ બાર [illegible] ફુટને તેનો ઘેરાવો આશરે પી[illegible]ના!" વીશથી તે તરીશ ફુટની ઊંચી દેવાલ અથવા મજલા ઊપરથી આપણે તે ધરીને શેહલાઈથી અને વગર જોખમે નીચે કુદકો મારી શકશું. આવી મોટી છતરી હાથમાં હોવાથી નીચે આવતાં આપણે જલદીથી એકદમ નીચે પડતા નથી પણ આશતે આશતે ખેંચાતા ઊતરીએ છઇએ. એ ખેંચનાર કોણ?

એજ કાએદા ઊપરથી હવાઇ બલુનમાં ઊડનારાઓ એવું "પારાશુત" નાંમે હથીઆર પોતાની પાશે રાખેછે જેની મદદથી જરૂરની વેલા એક માઈલની ઊંચાઈથી વગર અડચણે કુદી નીચે આવી શકેછે. કદાચ આ હીકમત આગની વખતે કેટલીકવાર લોકો માલા પર ઘેરાઇ જાએછે અને જીવપર કરી બે તરણ મા[illegible] ઊપરથી કુદી પડેછે તે વખતે કાંમે લાગી શકે એમાં ! ઈ શંકે નથી. ઊપલી બાબદો ઊપરથી શાબેત થ[illegible]એછે કે આપણી આશપાશ કાંઇએક વસતુછે જે આ[illegible]ણને નજરે પડતી નથી તોબી કેટલીક બાબદમાં અ[illegible]કાવ કરેછે. એ ચીજ અથવા વસતુ હવાને નામે ઓ[illegible]ળખાએછે.

૩ જું. હવે એ હવા કાંઇ ચીજછે કે નહી ? આપણને જાણવું જરૂરછે. જો તે કાંઇ ચીજ હોએતો જે જગા ઊપર તે હોએ તેજ જગામાં બીજું કાંઇ સમાએ નહી. જેમકે ચોપડી એક ચીજછે કે જે આપણી ટેબલ ઊપર મુકી હોએતો તેજ જગામાં તેજ વખતે ચોપડી શ[illegible]વાએ બીજું કાંઈજ શમાઇ શકે નહી, તેમજ જે જગામ[illegible] હવા હોએછે તેજ જગામાં બીજું કાંઈબી તેને ખીસાડ[illegible]આ વીના સમાઇ શકતું નથી તેથી હવા એક ચીજછે એવું શાબેત થાએછે. એક દાખલો લેઇએ કે એક શીશી અથવા બાટલીને લેઇ તેનું મોહડું પાંણીમાં ડુબાવ[illegible]શુતો તેમાં પાંણી શેહજ ઊપર જશે અને આગલ વધી નહી શકશે—તેનું કારણ એજ કે બાટલીમાં હવા ભરાએલીછે તેથી પાંણીને જગા મલતી નથી. જો બાટલીમાં હવા હોએ નહીતો પાંણી આપોઆપ ભરાઇ જવું જોઇએ.

ઘણીએક વાંચનારી બાઈઓએ ગરણી વગે દીકાંનટર અથવા બાટલીમાં દારૂ અથવા બીજી કાંઈ પરવાહી ચીજો રેડી હશે અને વારંમવાર માલંમ પડી હશે કે ગરણી બાટલીના મોહાડાં ઊપર મુકી દેધાથી દારૂ ગરણીમાં ઘણીવાર ભરાઈ જઈ અંદર પડતો નથી તેથી ગરણીને જરાક ઊંચકવી પડેછે જેથી દા

ર સરસરાત અંદર જાએછે. હવે એ ગરણીને ઊંચક વાનું કારણ માતર એટલુંજ કે બાટલીમાંની હવાને નીકલી જવાને રસતો મલે જેથી દારૂનો તેની જગાએ સમાવ થાએ.

એજ કાએદો ધીઆંનમાં રાખી દરીઆઈ ઘાંટ અથવા ડુબકી મારવાનો ઘાંટ જેને કહીએ છઈએ તે શોધી કાહાડીઓછે. એ ઘાંટ મથાલેથી બંધ અને નીચેથી ખોલલો અને તેમાં માણસોને બેસવાની જગા બનાવેલી હોએછે. એ ઘાંટને દરીઆમાં ઊતારેછે તારે જેમ ઊંધી કીધેલી બાટલીના મોહડામાં પાંણી જતું નથી તેમજ એ ઘાંટ હવાથી ભરપુર હોવાથી તેમાં પણ પાંણી જતું નથી. એ હીકમતથી લોકો દરીઆને તલીએ જાઇ ખોલ કરી આવીઆછે.

૪ થું. જો આપણે કાચની એક પોકલ નલી લેઈએ જે એક નાંકેથી તંદન બંધ હોએ અને પછે તેના મોહોડાંને બંધ બેસનો આવે અને હવા વરીક અંદર જાઈ નહી શકે એવો એક ડચો અથવા અખન બુચ લેઈને તેને તેલ લગાડી તે મોહોડાંની અંદર જોરથી દાબીએ અને છેક બીજે નાકે સુધી લેઇ જવાની તજવીજ કરીએતો તે કવચીત બનનાર નથી. એટલા ઊપરથી આપણી ખાતરી થાએછે કે આ નલીની અંદર જોકે નજરે કાંઈ પડતું નથી તોબી કાંઈ વસતુ હોવી જોઈએ જે પેલા ડચા અથવા બુચને આગલ વધવા દેતી નથી. એ વસતુ હવાછે એવું સીધ થાએછે.

૫ મું. વધારે શાબેતીને માટે આપણે એક સાધારણ ધમણ જે લોહારો લોહોડું તાતવવાને વાસતે ફુકણી તરીકે વાપડેછે તે લેઈએ અને એકવાર જોરથી તેને ઊપસાવીએ પછે તેના નલાનું મોહ મજબુત ડચાથી બંધ કરી લેઈ પાછી દાબવાની કોશેશ કરીએ તો તે કધી બનનાર નથી, પણ તે ડચો કાહાડી નાખી તેને ઠેકાંણે આપણો હાથ દુરથી રાખી પછે તેને દાબશુંતો માલમ પડશે કે તેમાંથી કાંઈ વસતુ નીકલેછે જે આપણા હાથને જોરથી આંચકો આપી પસાર થઈ જાએછે. એ આંચકો આપનાર હવાછે.

૬ ઠું. જોકે હવા ઘણુંકરીને બલકે તદન નજરે પડની ચીજ નથી તોબી કોઈએક રીતે તે જોઈ પણ શકાએછે. જો આપણે એક ઘણાજ ચહડતા અને ઘણુંજ દુર જોઈ શકાએ એવી કાચની દુરબીન લેઈ ઊનાલાના દીવસમાં ખરીબપોરના જારે શુરજ પરકાશતો હોએ તારે તેમાંથી દુરની ચીજ જોઈએતો તે વખતે હવાના મોજા હીલતા અને આપણી જોવાની ચીજને ધાંકી નાખતા માલમ પડશે. એજ કારણને લીધે ઘણા તેજદાર કાચોની દુરબીન, દાહાડામાં જમીન પરની ચીજો જોવાને વાપડવામાં આવતી નથી.

આ ઊપલી સરવે સાહદતો ઊપરથી વાંચનારી શરવે બાઇઓની ખાતરી થશે કે હવા જોકે દીઠમાં આવતી નથી તોબી પાંણી, લાકડું, પથર, લોહડું ઈ તીઆદીની માફક એક ચીજછે. એ ચીજ જારે થંભ હોએછે તારે આપણે તેને વાતાવરણ અથવા હવા કરી કહીએ છઈએ; પણ જારે તે હીલેછે તારે આપણે તેને પવન કરી કહીએ છઈએ.

## સહીઅડ કાહાડવા વીશે અગતજોગ સુચના.

આપણા લોકો પોતાના બચાંને સહીઆડ કહડાવેછે અને આગલી છીટ જતી રહીછે તે જોઈને આનંદ ઊપજેછે, પણ હજુર સુધી એક મોટી ખાંમી રહી ગઈછે—મા બાપો બચાંને સહીઆડ કહડાવેછે ખરાં, પણ તેનું શું પરીણામ નીપજ્યું તેની કાંઈ પણ દરકાર કરતાં નથી. તેઓએ એમ નહી ધારવું કે રસી મુકાવી એટલે કાંમ પુરૂ થએગું. સહીઅડ કેવા નીકલેછે, કેઆરે નીકલેછે અને કેઆરે સુકાએછે તેનો વીચાર રાખવાની ઘણી અગતછે.

બીજે ઈઆ તરીજે દાહાડે નસતરની જગા લાલ થઈને તેની ઊપર છની ફુલી થઈ આવેછે. તરીજે ચોથે દાહાડેથી તે મોટી થવા માંડેછે તે છેક સાતમે દાહાડે અરધા ચણા જેટલી મોટી થાએછે. વચમાંથી ખારો રેહેછે અને અંદર પાંણી જેવી રસી દેખાએછે. આઠમે દાહાડેથી તે પાકવા માંડેછે. રસી સફેદ થાએછે, બારમે દાહાડેથી તે સુકાવા માંડેછે તે ૧૫ મે ઈઆ ૨૦ મે દાહાડે પોપરો થઈને ખરી જાએછે. જે જગા ઊપરથી પોપરો નીકલી જાએછે તાંહાં ચાઠાં જેવો દાહાગ રેહેછે તે બચાંની જીંદગી લગી રેહેછે. બારીકીથી તપાસતાં માલમ પડશે કે એ ચાઠાંમાં છની ઢાંચણીએ પાડેલા હોએ એવા શુરાખ દેખાએછે.

બાજુમાં ૫—૬ નસતર મુકેછે તે માંહેથી જો

એક જગા ઊપરથી પણ દાણો નીકલી આવીને ઊપર જણાવીઆ મુજબ પાકીને શુકાએતો જાંણવું કે બચાંને સહીઅડ બરાબર નીકલીઆછે અને હવે ધાસતી રહી નથી—પણ જો દાણા સુંથાઈ જાએ ઈઆ સાતમે દીવસે ઘણાજ છીના અને બરાબર ભરેલા નહી હોએ અથવા ભરાઈને ફુટી જાએતો સહીઅડ બરાબર ઊઠેલા નહી કેહવાએ અને તારબાદ ફરીથી મુકાવાની જરૂર રેહેછે.

જેને સહીઅડ બરાબર ઊઠીઆછે કે નહી તે જાણવાની સમજ નહી હોએ તેણે સાતમે દીવસે ડાકટરને અથવા જેણે સહીઅડ કાહાડીઆ હોએ તેને બોલાવીને દેખાડીને ખાતરી કરવી જોઇએ.


એવી બાબદમાં અંજાણપણે રહાથીજ બચાંને જારે સહીઅડ મુકાવીઆ છતાં સહીઅડ આવેછે તારે સહીઅડ કાહાડવાની રસમને ઘણા લોકો તુછ કરીને ગણેછે, પણ તેઓએ જાણવું કે એક વાત સહરૂ કરવી અને તેનો બરાબર છેહો લાવવો એ બેઊમાં ઘણો ફરકછે. ઊલટ રાખીને કામ તેઓ સહરૂ કરેછે પણ તે બરાબર પાર પડીઊં કે નહી તે જાણવાની સકતી રાખતાં નથી તારે તે કામને બદનામ કરેઆને બદલે પોતાનેજ ઠપકો ઘટેછે.

હાલ આએ મહીનામાં ઘણા બચાંને સહીઅડ આવવા માંડેછે તેથી ઘટારતંછે કે મા બાપોએ જલદીથી પોતાના બાલકોને સહીઅડ મુકાવવા.

સહીઅડ મુકાવવાની મોસમ કેઇછે એવા સવાલો વારેઘડીએ પુછવામાં આવેછે પણ સહીઅડ મોસમ જોએઆ વગર જારે ગમે તારે આવીને ઊભા રેહેછે તારે માણસોએ સા મારે મોસમ જોવી જોઇએ. બચું જો કુશીઅતમંદ હોએતો બીજા ઈઆ તરીજા મહીનાનું થાએ એટલે મુકાવી દેવા, જો નબલું હોએતો છઠે મહીને લગી વાર જોવી પણ જારે સહીઅડ ફેલાતો હોએ તારે મહીનાની પણ વાર જોવી નહી. આએ ગરમીની મોસમછે તેથી બચું હેરાન થશે. તાહાડ આવવા દેવો, તાહાડ આવી એટલે બચું જરા આજારીછે રેહેવા દેવો, એમ કરતાં મહીનાને મહીના નીકલી જાએછે અને છેલે પસતાવો કરવો પડેછે.

---

## કોપરનીકસ—કેપલર—ગેલીલીઓ.




જયોતીશ શાસ્ત્ર જેથી આકાશમાંના ચલકતા હીરાઓની આપણને ખુબી માલમ પડેછે; જેથી અબજો અને કરોડો દુનીઆ, તથા કરોડો અને લખો ચાંનો અને સુરજોની હસ્તી વીશે આપણી ખાતરી થઇ શકેછે; જેથી અગણીત સુરજો, ચાનો અને દુનીઆંઓની હીલચાલ, ગની તથા વીસતારની ગણતરી કરી આપણે હેરત પાંમીએછે; જેથી નઊકાશાસ્ત્રને મોટી મદદ મલીછે, અને એક નાવીક ભએ વગર ગમે એવો અણજાંણો દરીઓ ખેડેછે, અને પોતે દુનીઆના કીઆ ભાગપર ફરેછે તે સેહલથી જાંણી શકેછે;

જેથી ગરહણ તથા ધુમકેતુ વીશે જે ખોટા વેહેમ હતા તે દુર થઆછે, જેથી સીતારાની ગરદેશપર આપણુ ભવીશીઅ આધાર રાખેછે એવું માનનાર ની શરમ થઆછે; જેથી જમીન અને આકાશ સરવે મારે વાસતે બનેલાંછે એવું કહેનાર મગરૂર માણસનો હંકાર તુચછ થઈ પડીઓછે; જેથી માણસનુ ગ્નાન કેટલું થોડુંછે તે માલમ પડેછે, જેથી સરવ શકતીવાન કીરતારની કીરતી તથા ગ્નાનનો આપણથી વીચાર થઈ શકતો નથી, એવું જે જયોતીશ શાસ્ત્ર તેમાં શોધ કરી વધારો કરનાર, બલકે તેનો ખરો પાએઓ રચનાર, "કોપરનીકસ", "કેપલર" અને "ગેલીલીઓ" ઊપલાં ચીતરમાં નાંમ પરમાંણે બીરાજેછે. એ તરણે વીદવાનોનું ટુક બઆંન હવે નીચે આપીએછે.

નીકલસ કોપરનીકસ પુરૂશીઆના થારન શેહરમાં તારીખ ૧૯ મી ફેબરવારી ઇ૦ સ૦ ૧૪૭૩ માં જનમીઓ હતો એ વઇદનો ધંધો શીખીઆ પછી ચીતારાનો તથા તસવીર પાડનારનો ધંધો શીખવા મંડીઓ, પણ "બરૂઝવીઅસ" નામનો એક શીખશાગુરૂ ગણીતશાસ્ત્રપર બાશાણ કરતો હતો તે સાંભલી એનુ મન જોતીશશાસ્ત્રપર દોડીઊં. એ શાસ્ત્રનો પુરતો અભીઆશ કરવાને એક નામીચા ગુરૂના હાથ તલે કેલવણી લઈ રોમ શેહરમા ગઓ. તીઆંથી શીખી પોતાને દેશ આવી એણે ધરમના ઊપાધીઆ તરીકેની ચાકરી કબુલ રાખી. એ ચાકરીમાં એને ફરસદ ઘણી મલતી તેથી પોતાનો વખત જોતીશશાસ્ત્રપરજ રોકતો હતો. ઇ૦ સ૦ ૧૫૦૭ માં એની ખાતરી થઇ કે પરથવી સુરીઆની આસપાસ વરસ દાહડે ફરી વલેછે અને સુરજ બીજા ફરતા ગરેહની વચે થંભ રહેલોછે. એ સાબેત કરવાને એણે એક ઇઅંતર બનાવીઊં, જેથી આકાશમાના તારાઓની ઊંચાઇ તથા અંતર માપી શકાએ. એ ઇઅંતરની મદદથી એણે જે અવલોકન કીધાં તેની એક ચોપડી ઇ૦ સ૦ ૧૫૩૦ માં ખાહેર પાડી. એમાં દુનીઆ તથા બીજા ગરેહો સુરજની આસપાસ ફરેછે એવું જાહેર કીધું હતું. તે વખતે સરવે લોક એવું માનતા હતા કે દુનીઆ થંભછે અને સુરજ ફરેછે અને ધરમ પુસતકમા પણ એવું લખેલું હોએ તે પરમાણે કબુલ રાખતા હતા. વાસતે કોપરનીકસના એવા વીચારથી અનુની લોકોમાં ઘણો ગભરાટ થઇ રહીઓ હતો. તોપણ કોપરનીકસ ઘણો સાવચેત રેહતો હતો અને જેમ બને તેમ પોતાના વીચાર બાહેર પાડવાને ઢીલ કરતો હતો. એવી સંભાલથી એના મતને કેલવાએલા લોક માન આપવા લાગા અને અણઘડ માણસોમા પણ એ ફાવી શકીઓ. વીટેમબરગમાં "જીઆરજ રેહટીકસ" નામનો ગણીત શાસ્ત્રનો શીખશાગુરૂ હતો તે કોપરનીકસનો ચેલો થઓ અને એના હાથ તલે કેલવણી લઈ એના અવલોકનની નોંધની એક ચોપડી બાહેર પાડી. એ ચોપડી ઇ૦ સ૦ ૧૫૪૦) માં છપાઇ હતી પણ તેના રચનારનુ નામ જાહેર નહો કીધું હતું. પણ રેહટીકસને માલમ પડીઊં કે લોકો એ ચોપડી સાંમે કંઇ બોલતા નથી તેથી તેણે ખરે નામે તેની બીજી આવરતી બીજે વરશે કાહાડી. એ ચોપડીના બાંહેર પડવા પછી લોકોમા પણ હીમત આવી અને કોપરનીકસના વીચારો ખુલી રીતે જાહેર કરવા લાગા. એવું થઆથી કોપરનીકસે પોતાના હાથના લખેલા દસતાવેજો રેહટીકસને આપીઆ, અને રેહટીકસે તેઓની એક ચોપડી છપાવી. પણ વીદવાન કોપરનીકસ પોતાની ચોપડી પોતે વાંચી નહી શકીઓ હતો. તારીખ ૨૨ મી મે ઈ૦ સ૦ ૧૫૪૩ માં એ ચોપડીની એક નકલ એના હાથમા આપવામાં આવી અને થોડા કલાક પછી એ મરણ પાંમીઓ. જોતીશ શાસ્ત્રનો ખરો પાએઓ રચનાર કોપરનીકસ હતો માટે એ શાસ્ત્રનો દરએક અભીઆસી એના નામને મોટું માન આપેછે અને દુનીઆં તથા બીજા ગરેહોની સુરજની આસપાસ ફરવાની ગતીના કાએદાને કોપરનીકસની "સીસટીમ" ને નામે ઓલખેછે.

જાન કેપલર તારીખ ૨૧ મી ડીસેમબર ઈસવી સન ૧૫૭૧ માં સેકસનીમાના વીટેમબરગમાં જનમ પાંમીઓ હતો. એનો બાપ એક રીજમીરનો અમલદાર હતો પણ પોતાના ઊડાઊપણાને લીધે તેને દીવાલું કાહાડવાની ફરજ પડી. તાર પછી તેણે એક પોંચખાંનું કાહાડીઊં તાંહાં કેપલરને નાહનપણેથી ચાકરની જગોએ રાખીઓ. જારે એ પંદર વરસની વએનો થઓ તારે એને કેલવણી લેવાની તક મલી. એક કોપરનીકસનો ચેલો ભાસાણ કરતો હતો તે સાંભલી એનું મન જોતીશશાસતર પર લાગીઉં. એ શાસતરના અભીઆસથી એણે ગરહો ફરવાનો મારગ,

તેઓની ગતી તથા તેઓના અંતર વીશે તરેવાર રીત ની શોધ કીધી અને ઇ. સ. ૧૫૯૬ માં એક ચોપડી બાહેર પાડી, પણ એના વીચારો ખેઆલી હતા અને એવા એલમમાં જે પુરતી સાબેતી જોઈએ તે ન હોવા થી એને પુરતી ફતેહ મલી નહી, તોપણ ધરમના ઝનુ નીઓથી એના વીચારને વાસતે એને જુલમ ખમવો પડીઓ તેથી પોતાનું વતન છોડીં હંગેરીમાં એ નાશી ગઓ. તાર પછી એને પાછો પોતાના દેશમાં બોલાવ વામાં આવીઓ હતો અને ટાઈકો નામના જોતીશ શા સાતરના શીકસાગુરૂની સાથે મલી સુરીઅ મંડલીની ગ તીની ગણતરીનો એક કોઠો બનાવીઓ. રાજાએ એ ને શીકસાગુરૂ દાખલ ચાકરી રાખીઓ. તાર પછી એણે બે ચોપડીઓ જુદી જુદી વખતે છપાવી જાહેર પાડી. એકમાં આપણે આકાશ તરફ નજરનો ઊપી ઓગ કેમ કરવો તે વીશે બઓઆન કીધુંછે; અને બી જીમાં દુરબીનનો ઊપીઓગ તથા તે કેમ બને તે વી શે લખેછે. એ શીવાએ એણે મંગલની ગતી તથા તે ના ફરવાના મારગ વીશે શોધો કીધો કે જેથી એ ઘણો પંકાઇ ગએઓ. એની શોધોની મદદથી "નીઊટન", "હુકર", "હાલી" તથા "રેન" જેવા નામીચા પુરૂ શોને દુરની વસતુઓના વજનની ગણતરી કરવાનો કાએદો માલમ પડીઓ હતો. એ શીવાએ બીજા ગ રહોની ગતી પરથી તેઓનો અંતર શોધી કાહાડવાનો કાએદો રચીઓ હતો. એ શોધ માટે એણે સતર વર સ રોકીઆં હતાં વાસતે જારે એ ફતેહ પાંમીઓ તારે બોલી ઊઠીઓ કે "વાહ! આખરે જીતીઓ તો ખરો. આએ શોધની ચોપડી હમણાનો જમાનો વાંચે કે આ વતો તેની હું દરકાર કરતો નથી. જારે ઈશવર પો તાના કાએદા પીછાનનારને વાસતે ૬૦૦૦) વરસ સુ ધી ખોટી રહેઓ તો શું આ ચોપડી પોતાનાં વાંચનાર ને વાસતે ૧૦૦) વરસ નહી થોભશે?"

કેપ્લર જોકે જોતીશ શાસતમાં એ પરમાણે વધા રો કરતો જતો હતો તોપણ રાજાઓની તીજોરીમા ખુ ટને લીધે એનો પગાર એને નહી મલતો હતો. તે થી એ બીચારાને દલદેશરીના દાહડા કાહડવા પડી આ હતા. તોપણ પોતાના રાજાની ઈજત જાલવવા ને એ ખંતી હતો તેથી પોતાનુ ગુજરાન ચલાવવાને તરેવાર ઊપાએ કરતો હતો. એક વખતે એને પં ચાંગ રચવાનાં કાંમમાં રોકીઓ હતો. તેમાં લવી શીઅ વીશેનુ ખોટારૂં લખવાને ફરજ પડી હતી તેથી તે બોલતો કે "એક નીચ લવીશીઅ કેહનારૂં પંચાંગ કાહડવું અને ભીખ માંગવી બરાબરછે. પણ રાજા જે મારી હાલત વીશે વીચાર કરતો નથી અને મને ભુખે મરવા દેછે તેની એથી આબરૂ બંચેછે." જુઓ એ નું મોટાપણું! ભણવે ગણવે મોટો તો ખરો, પણ દી લનોખી તેવોજ! એવી દલદેશરી ભોગવી ઈસવી સન ૧૬૩૧ માં એ આ જીહાનના બોજાથી છુટો થઓ. એની મેહનતનો વીચાર કરો! ૩૬) વરશની અંદર એણે ૩૩ જુદી જુદી બાબદસર ચોપડીઓ છપાવી અ ને પોતાના હાથ દશકતની ૨૨ ચોપડીઓ મુકી મર ણ પામીઓ!!!

ગેલીલીઓ ઇટાલી દેશના ટસકની પરાંત માના પાઈસા સેહરમા ઇ૦ સ૦ ૧૫૬૪ મા જન મ પામીઓ હતો. "પનોતા પુત પારણેથી જણાએ" એ કેહવત મુજબ એ પોતાની ચંચલાઈ વીશે નાહન પણમાથીજ વખણાએઓ હતો. પોતાને હાથે રમક ડાં તથા સાંચા બનાવી પોતાના સોબતીઓને રમુજ આપતો હતો. પાઈસાની મદરેશામા ગણીત સાસના અભીઆશપરથી જોતીશ શાસપર એ મંડીઓ. અ ને તેજ વખતે પાંણીની મદદથી જુદી જુદી વસતુઓ નુ વજન કરવા વીશે એક નીબંધ એણે લખીઓ. તારપછી એક ચીજ બીજી કરતાં જેટલી ભારી હોએ તે પરમાણે ઊંચી જગોથી નીચે પડવાંને વખત લે છે એવું લોકો માનતા હતા તે ખોટુંછે એવું સાબેત કરવાને એણે પાઈસાના મીનારાપરથી એક ચીજ હલ કી અને બીજી ભારી નીચે એકજ વખતે નાખી અ ને જે લોકોની ઠઠ મલી હતી તેઓને દેખાડી આપી ઊં કે બન્ને ચીજોને પડતાં સરખો વખત લાગો હતો. તોપણ ઝનુની અને હઠીલાં લોકોએ ગેલીલીઓનો વી ચાર કબુલ રાખીઓ નહી અને ઓર તેની ઊપર કશ થઆ. એને કોપરનીકસના વીચારો ખરા માલમ પડીઆ તોપણ એકાએક જાહેર પાડતાને એ બોધો. એણે તરેવાર જાતની જુદી જુદી દુરબીનો બનાવી. સઊથી પેહલી બનાવી તેથી એક ચીજ તરણ ઘણી મોટી દેખાતી હતી; પણ જે પછવાડેથી બનાવી તેથી તરીસ ઘણી મોટી ચીજ દેખાતા લાગી હતી. એ દુરબીનની મદદથી જોતીશ શાસતરમાં એ ણે વધારો કીધો. સુરજની પાસી ઊપર ધાબાંછે, ચં

દરમાંની અંદર પાહાડો અને ખીણોછે, બરહસપતી ગરહની સાથ ચાર ચાનોછે, તથા સાત તારાનો જે જુમખો દેખાએછે તેમાં ચાલીસ તારાછે, એવું એને માલમ પડીઊં. એ શીવાએ બીજા ગરહો વીશે એણે શોધો કીધી. એવી શોધોથી એ નામાંકીત થઓ હતો પણ કેટલાક લોક એની કીરતીનો વધારો જોઈ શકી આ નહી. ઈ. સ. ૧૬૧૩ માં એણે પોતાના દોસ તદાર કેસટેલી પર એક કાગલ લખીઓ તેમાં જ ણાવીઊં કે ધરમ શાસતર કંઈ બીજાં શાસતર, શીખવવાને વાસતે નથી. એની તક લઈ એક પાદરી ભાશાણ કરતાં એની ઊપર ઊતરી પડીઓ તેથી એ ણે ગુસે થઈને એક બીજું કાગલ બાહેર પાડીઊં તે માં પોતાના વીચારો ખરાછે એવું સીધ કીધું અને જ ણાવીઊં જે દુનીઆં ફરેછે અને સુરજ સથીરછે, પણ અગનેઆની લોકોનો દોર હતો તેથી તેની તકરાર એ ક કોરે રહી અને આંધલા નીઆએધીસોની સાંમને એની તપાસ થઈ; જેઓએ એને ફરમાવીઊં કે પોતાના વીચારનો તતકાલ તીઆગ કરે. ગેલીલીઓને તેવું કરવાની ફરજ પડી. તેણે એકરાર કીધો કે "મારે પ રીથી એવાં મત બાહેર પાડવાં નહી તથા એવાં મત નો બંચાવ પણ કરવો નહી"—પણ જે વાત ખરી તે ખોટી કેમ થાએ ? દુનીઆંતો ફરતીજ હતી. ગેલી લીઓ ચુપકીદી બેઠોજ નહી. એણે એક ચોપડી બા હેર કાહાડી તેમાં ચાર જણ વાત કરતા હોએ તેમ લ ખીઊં હતું અને પોપ કે જે સઊથી વડો ધરમ ગુરૂ કેહ વાએછે તેની હસવા સરખી તકરારનો ગીલો કીધો હ તો, એથી લોકોને બહુ કરોધ ચઢીઓ અને એને શી કશા કરાવવાને ઊપાએ લીધા. એની તપાસ થઈ તે વખતે એ ગુનેહગાર હતો એવું એને મોહડે કબુલ કરા વવાને એની ઊપર જરા પાડી. એ બુઢો થવા આ વીઓ હતો તેથી એનીથી છુપો માર ખમી નહી શકા ઓ. એણે કબુલ રાખીઊં કે "હું ગુનેહગાર છેઊં અને મારા વીચાર બધા ખોટાછે અને તેઓનો હું તી આગ કરૂં છું." એવી રીતનો ફરીથી એકરાર કીધા પ છી એને, જે સાંચામાં દાબીઓ હતો તાંહાંથી કાહાડી ઓ પણ જેવો તે ઊઠીઓ તેવોજ એક પાસે દોસતદા ર ઊભો હતો તેના કાનમાં બોલીઓ કે "ગમે તે થાઓ પણ દુનીઆં ફરેછે તે ખરીજ" તાર પછી એને કેદ રા ખવામાં આવીઓ તાંહાં જુલમ ખમી ખમીને ઈ. સ. ૧૬૪૨ માં મરણ પાંમીઓ. જમાનાના ફેરફાર વી શે વીચાર કરો ! બે સદીની વાત ઊપર જે વીચારો ખોટા અને ધરમથી ઊલટા ગણાતા હતા તેઓ પર આજે શક લાવવાની પણ કોઈની હીમત થતી નથી.

## કીડીઓ વીશેં જાણવાજોગ હેવાલ.

સઘલા લોકોએ કીડીને જોઈ હશે. જોકે જાણવરો મા ઘણુંજ નજીવું અને કમીનું માલમ પડેછે તોપણ તેનું કદ જોતાં તે ઘણુંજ ચંચલ અને જોરાવર જાણવરછે. અ સલનાં વખતથીજ કીડી દાનાઈમાં દુર અંદેશી અને મેહ નતમાં એક નમુના દાખલ દેખાડવામાં આવેછે.

કીડીઓને બીજા જાણવરોની મીસાલે માંથું, બદન, પગ અને પાંખછે. માંથામાં બે આંખછે જેથી તે પોતાનો રસતો જોઈ સકેછે અને કામ કરેછે. એ શીવાએ કોઈ કી ડીઓમાં બીજી તરણ આંખ હોએછે તે આંખોથી તેઓ દુર ની ચીજ જોઈ સકેછે કીડીને મોહાડુંછે અને તેમાં એક જીભછે. મોહોડાં વટે તે ખોરાકને કરડેછે અને ચુશેછે. મો હોડાં આગલ બે સુણછે તેથી ખોરાકનો વાસ લેછે. કીડી ઓને છ પગછે અને બે પાંખછે. આપણે જેમ કપરાં બ દલીએછે તેમ તેઓ ચોકસ મુદતે પોતાનું પર કાહાડી ના ખેછે અને કુદરતી નવો ડગલો બની રેહેછે.

મધમાખોની મીસાલે કીડીઓ એક ટોલી અથવા ના ત કરીને વસેછે. ટોલીમાં કેટલાક નર અને માદાઓ વસે છે—અને તેઓ કીડીઓની પેદાસ વધારેછે. એ સીવાએ નપુશક જાત પુશકલ હોએછે તેઓ બેગારીની મીસાલે કા મ કરવામાંજ કાંમ લાગેછે તેઓથી કીડીની પેદાસ થતી નથી. નર અને માંદા કીડીઓની આસપાસ, હંમેસાં ચોકી રે હેછે કે તેઓ નાહાસી નહી જાએ. તેઓને કાંઈ કાંમ ક રવા દેતાં નથી અને પોતાની વસતીની હદથી બાહેર જવા પણ દેતાં નથી. જો કોઈ બેમાલમ નાહાસી જાએછે તો ચ બરાક પોહોરાગીરો તરણ ચાર મલીને તેના પગ અને પાં ખ ખેંચી તાંણીને પોતાની જગા ઊપર પાછાં લેઈ આવેછે.

વારેઘડીએ પેહેલી ટોલીના તડાં પરી જાએછે. ભટક તા બેગારીઓ થોડીએક નર માંદાને લેઈને પોતાને હીસાબે એક એકની પાસ જુદાં સવસથાન વસાવેછે. રાતા અને ભોરા રંગની કીડીઓ, ખેતરો અને વાડીઓમાં એ પરમાણે જુદાં જુદાં તડાં પાડેછે. પીરી અને લાકડાં માહેલી કીડી ઓ એકજ જગા ઊપર વરસોના વરસ પડી રેહેછે.

કીડીઓ પોતાના ઈંડાં નાહાની નાહાની કોઠલીમાં મુકીને તે કોઠલીઓ છુટી રેહેવા દેછે. કાંઈ ચીજ સાથે વ ળગાવી રાખતાં નથી અને જેવી હુવાની હાલત, તડકો, ઈ આ વરસાદ હોએ તે પરમાણે બેગારીઓ તે ઈંડાની કોઠ લીને એક જગા ઊપરથી બીજી જગા ઊપર જેમ સવલ પડે તેમ લેઈ જાએછે. જારે કોઠલી માહેલાં ઈંડાંમાંથી બચાં પે દા થાએછે તારે તેઓ રેશમના કીડાની માફક પોતાને વાસ તે એક દડી બનાવેછે અને તેમાં તેઓ રેહેછે અને

મોટાં થાએછે. એ વખતે બેગારી કીડીઓ બચાંને ખબુતરની મીસાલે પોતાના મોહોમાંથી ખોરાક કાહાડીને ખવરાવેછે.

ઈઉરોપ ખંડમાં એ દડીઓનો માણસો ઉપીઓગ કરેછે. એ પાલેલાં પંખીઓને ખવાડવામાં આવેછે. કેટલાએક લોકો એ દડીઓ ઉપરજ રોજગાર કરીને ગુજરાણ ચલાવેછે. સાઈઆમ દેશમાં લોકો એ ઈડાંની કરી બનાવીને ઘણા શોકથી ખાએછે.

બેગારી કીડીઓ પોતાના સધસથાનને વાસતે રસતા, ઓરડા, અને ગાલેરીઓ બાંધેછે. એ કાંમને માટે કરીઆ અને સુથારો કામે લાગેછે. કેટલીએક કીડીઓ પહેલાં પોતાનાં જડબાં વટે મટોરૂ ખોડી કાહાડેછે. તે મટોરાંને બીજી કીડીઓ વરસાદના પાંણી સાથ મેલવીને લાહી બનાવેછે. તે લાહી લેઈને બીજી કીડીઓ ઘાસના તણખાં અથવા અનાજની ડાલીઓ ઉપર પાથરેછે અને તે શુકવવા દેછે. તે શુકાએલી મટોરીના (ઓરડા બનાવવાને મારે) થાભલા અને મેહેરામો બનાવેછે. થાંભલાઓની વચેની જગાઓમાં બીજી ભીની મટોડી ગોડવીને જુદા જુદા ભાગો કરેછે. તેમા વલી બીજા નાહાના ઓરડાઓ બનાવેછે. ઘેરમાં અંદર તથા બાહેર જવા માટે એક જીનું આંધરૂં રાખેછે. ઘેર બજાવવાનું કામ તેઓ ઘણુખરૂં રાતે કરેછે. એક જાતની કીડીઓ પોતાના ઘેર ઉપર ઘેરાવ રાખેછે કે તેથી વરસાદનું પાંણી ઉપરથી નીકલી જાએ. કેટલીએક જાતની કીડીઓ માતરે શુથારનુંજ કાંમ કરેછે તેઓ ઝાડની અંદર પોકલ ખોડેછે અને તેમા બારીક ઓરડાઓ બનાવેછે. આફરીકા દેશની કીડીઓ પોતાના માલા લડીની માફક મટોરીના બનાવેછે. તાહાના જંગલી લોકો એ માલાને પોતાના ઉપીઓગમાં ભઠોની માફક કામે લગાડેછે વલી આફરીકામાં એક એવી જાતની કીડી આવેછે કે તેઓ પાતરાંના બારીક કટકા પોતાના માંથા ઉપર જાણેકે છતરી હોધી હોએ તેમ ઝુકીને એવીતો સરખી રીતે ચાલી જાએછે કે માણસ જાત એવા કાએદાસર ચાલતાં કદી પણ જોવામાં આવતાં નથી. એ પાંતરાના કટકા પોતાના માલાને ઘાંકવાને વાસતે લેઈ જાએછે. વલી આફરીકા દેશમાં શફેદ જાતની કીડીઓ હોએછે. તેઓ પોતાના માલા ખાણના પરાનો મીસાલે બનાવેછે. ઘણાખરા તેઓ સાતથી આઠ ફુટ ઉંચા બાધેછે અને હેડલથી દસથી બાર ફુટ ઘેરાવામાં હોએછે. કેટલાએક વીસ ફુટ ઉંચા બાંધેલા હોએછે અને તરીસથી ચાલીસ ફુટ ઘેરાવામાં હોએછે. તેઓ એ માલાઓ એવાતો શુંદર બનાવેછે કે માણસ જાત પોતાની સઘલી ઈઉકતીથી કદીપણ બનાવી શકે નહી અને જારે એ માલા બનાવનારાઓનાં કદનો વીચાર કરીએછે તારે માણસ જાતે ઈજીપત દેશમાં બનાવેલા મીનારા જે આજે દુનીઆંમાં અજાએબ જેવા ગણવામાં આવેછે તે એ માલાઓ આગલ કુચ નથી. એક લીલી જાતની કીડી આવેછે તે ઝાડના પાંનરાને જંઠીને તેની કોરો એક ચીકની વસતુથી જોડી અંદરથી પોતાના માલા બનાવેછે.

નારવે દેશમાં કારી કીડીઓના માલા પાંચ ફુટ ઉંચા હોએછે. તેઓ સહેલાં લાકડાં, પાતરાં અથવા ઝાડની છાલના માલા બનાવેછે. તાંહાંના લોકો એ કીડીઓનો એક ઉપીઓગ કરેછે. એક બાટલીમાં અરધુ અરધ પાંણી ભરીને તેનું મોહાડું તે કીડીઓના માલામાં ખોસેછે. સઘલી કીડીઓ બાટલીમાં ચાલી જાએછે અને પાંણીમાં ડુબી મરી જાએછે, પછી તે પાંણીને ઉકાલીને એક "આશીડ" બનાવેછે અને તેને સરકાની મીસાલે કામમાં લાવેછે.

કીડીઓ બીજાં જાણવરોની માફક સઘલું ખાએછે, પણ તેઓને એક જુદીજ જાતનો ખોરાક ઘણો પેઆરોછે. એફીસ નામના ઝીના જાણવરો આવેછે તે જાણવરોના પેટ આગલથી બે સુણુ નીકલેલી હોએછે. એ સુણુમાં એક મીઠો રસ પેદા થાએછે તે કીડીઓ ધાવેછે. ચોમાસાંની રૂતુમાં કીડીઓ એફીસને પોતાના માલામાં સાથે રાખેછે. તેઓ એ જાણવરને બાહેરથી એકઠાં કરી લાવીને ઝાડના પાતરાં ઉપર વસાવેછે અને પોતાનું મથક ઝાડના થડ આગલ કરેછે. એ જાણવરો મેલવવાને વાસતે જુદા જુદા ભાગની કીડીઓ એક મેક સાથે મારામારી કરેછે.

આફરીકા દેશમાં એક જાતની કીડીઓ આવેછે. તેઓ ટોલાંબંધ એકઠાં થાઈને બરાબર કાએદાસર ચાલીઆં જાએછે, અને જે જીવતું અથવા મુવેલું પરાંણી પોતાને મલી આવેછે તેને ખાઈ જાએછે. જોકે તેઓ ઘણાજ નાહાના કદનાંછે તોપણ પુશકલ હોવાના સબબથી મોટા મોટા સાપો ઉપર હોમલો કરી જલદીથી મારી નાખીને ખાઈ જાએછે. તેઓ એટલીતો સમજ રાખેછે કે, જે જાણવરનો ભોગ કરવા ધારેછે તેની પરથમમાં આંખજ ખાઈ જાએછે.

બીજી જાતની કીડીઓ બે અથવા તરણ વરસે એકજ વખતે માલમ પડેછે. તે વખતે તે દેશનાં લોકો પોતાનાં ઘરબાર તેઓને વાસતે ખોલા મુકેછે કે તેઓ સઘલાં બારીક જાણવરો ખાઈ જાઈ ઘરને સોજું કરી નાંખે.

વરસાદની રૂતુમાં કીડીઓ પોતાના માલામાં ખોરાક ભરી રાખેછે. કાંએકે તેઓથી એ વખતે બાહેર નીકલી સકાતું નથી. એ ઉપરથી નાંમીચો હકીમ સુલેમાન માણસ જાતને શીખામણ દેઈ ગઓછે કે "અરે આલસુ માણસ, તું કીડીઓના દર આગલ જા, તેઓના રસતા જો, અને તે ઉપરથી દાહાપણ પકડ—જોકે તેઓને કોઈ પણ રસતો બતલાવનાર તથા હોકમ કરનાર નથી તોપણ તે પોતાનો ખોરાક હુનાલાની રૂતુમાં મેલવેછે અને મોસમમાં એકઠો કરી રાખેછે."

કીડીઓ એક દેસ છોડીને બીજે દેસ જાએછે. તેઓ એટલાતો મોટા જથામાં ઉડેછે કે તેથી કેટલીકવાર આસમાંન કાલુ સીહા જેવું થાઈ જાએછે. અને જાંહાં સવસથાન કરેછે તાંહાં જમીનના ખોલા ભાગ ઉપર આવીને પડેછે. જરમની દેશમાં એક વખતે તેઓ જથાબંધ એકઠાં થાઈ એક ઉંચો થાંભ બની અમરત રીતે ઉડીઆ કરતાં હતાં.

હીંદુસથાનમાં ઝીની રાતી કીડીઓ ઘણી હોએછે. તેઓ એટલીતો બારીકછે કે દસ બાર જણ ઘણી મુશકેલથી એક ઘઉંનો દાણો ઘસડી શકેછે. તેઓ બે જુદી હારમાં ચાલી જાએછે. એક હાર પોતાના માલામાં અનાજ લેઈ જાએછે. અને બીજી હાર માલામાંથી બાહેર અનાજ લેવા જાએછે જેના મોહોનામાં બોજો નથી તેઓ બોજાવાલીઓને હમેસાં સાંબી ભેટ આપેછે (જાંણે કે તેઓની

મેહેનતને વાસતે સલામ કરેછે.) કોઈ પણ સેકાર તેઓને હાથથી છટકેછે તો તેઓ કદી પણ નાશીપાશ થાતાં નથી પ ણ ફરીથી મેહેનત કરીને સહી સલામત સેકારને પોતાના મા ળામાં લેઈ જાએછે. એ કીડીઓ મીઠાસ તરફ ઘણીજ લો ભાએછે. હીંદુસથાનમાં કરનલ સાઈકસે એ કીડીઓની ઉ પર તપાસ કીધાથી તેને એવું માલમ પડીઉંછે કે તેઓ ઘણી પરેણાગુણી ધરાવેછે. (એનું શોધનછે.)

## કેનવાસ ઉપર ભરત.

હાલમાં આપણી સ્ત્રીઓમાં કેનવાશ ઉપર ભર ત ભરવાનો શોક દરરોજ વધતો જાએછે અને તેઓને જો એકાદી નવી ભરત જોવામાં આવીતો તે ઉલટથી હાતમાં લીએછે. એટલા માટે હમોએ કોઈ કોઈવાર જુદી જુદી ભરતોના નમુના આપવાનો વીચાર રાખી ઓછે અને તે મુજબ આ વેલાએ બે ગેહેલા નમુના પા સેના પાંના ઊપર આપીઆછે. એ ભરતો કેમ ભરવી તે ઘણું કરીને શંઘલી બાઈઓ શમજેછે. હમારી ત રફથી માતરે એટલુંજ કેહેવાનુંછે કે પાસે આપેલા ન મુના ઘણકરીને ટેબલના કવરોના અને બીજા જાહાલ રોની કોરો ઊપર ભરવાનાછે પણ એજ નમુના મુજબ જો શારીની ઈઆ જબલાંની કે ઈજારની કોર ભરી હોએતો તે પણ શોભા આપશે. એ નમુના મુજબ પે હેરવાના કપડાંની કોર ભરોતો કોર જેટલી પોહોલી ઈ આ શાંકડી કરવી હોએ તે મુજબનું જીણા ઈઆ મો ટા કાંણાનું કેનવાશ લેવું.

## બે આંખ, બે કાન, તથા એકજ જબાં.

એક બચાંએ પોતાની માંએને સવાલ કીધો કે ઈસવરે આપણને બે આંખ, બે કાન, તથા ફકત એક જ જબાં કાંએ આપીછે? તેના જવાબમાં મા બોલી કે ઇનસાંન ઘણું જોઈ, તપાસી, તથા ઘણું સાભલી લે ઇને થોડું બોલે એવી ધારનાથી. આ બોહોલી દુ નીઆંમા જનમ પાંમીઆ પછે ને છેક મરણ તુટી ક એટલુંનો જોવાનુ તથા ગવલોકણ કરવાનુંછે કે ઘણા જ લાંબા આવરદાનુ આદમીબી સરવે પાંતીની તપા સ કરી સકતું નથી. દરેક પલ તથા દરેક કદમ, પોતાની સાથે નહી જોએલી અજાએબીઓ લેતું આ વેછે; ખુદરતની આરસી સદા ખોલીછે.

વલી જે લોકો થોડું સાંભલીને અરથવા વગર સાંભલવે નકામો બકબકારો કરેછે તેઓ પોતાનો વજ ન પોતાને હાથે ઓછો કરેછે. હરેક વાત સાંભલીઆ પછે તે ઊપર પુરતો વીચાર કરીને જો તે વીશે બોલ વુ ઘટારત હોએ તોજ બોલીએ, અને વલી તેથી જેમ બને તેમ થોડા બોલોમાં બોલીએતો આપણા વીચા રો મંડલીને જાહેર કરતાં આપણે નકામાં ફશી પડતાં નથી. ઘણાએક પુરવીન પુરશોએ આવીજ રીતે પો તાના વીચારો જાહેર કરેલાછે.

એજ સવાલ ઊપરથી બીજી નસીએત એ ની કલેછે કે હરેક કાંમ કીધા આગમજ તેના ફાએદા તથા ગેરફાએદા બરોબર તપાસીઆ પછે તે કાંમ માંથે લે વું જોઇએ; અને વલી બીજા હાથ ઊપરથી હરેક બા બદ ઊપર બેઊ બોરદુવાલાઓનું સાંભલીઆ વગર અ ભીપરાએબી આપવો ન જોઈએ.

## પરચુટણ.

"મારી માને બેહસતમાં પોંહોચે"—પારીશમાં એ ક "લેડી" રેહતી હતી. તે એકવાર બાહેર ગાંમમાં ફરવા ગઈ તેવારે ઈવોની નાંમની માંબાપ વગરની એક છોકરી કે જે ઘણી ગરીબ પણ ઘણી ખુશનમાં ચેહરાની હતી તેને પોતાની ચાકરીમાં લેતી આવી. આ "લેડી" પોતાનાં મુ લકમાં આવવા બાદ થોહોએક દીવશે ગુજરી ગઈ. તેણીની લાશને પેટીમાં મુકવાની આગમચ એક ઠેકાણે મુકી હતી. તાંહાં ઈવોનીને ગુપચુપ જાઇને કફન ઉંચકી જલદીથી બાહેર પાછી આવતાં એક સખશે જોઈ. તે ઉપરથી પેલા શખસને વીચાર ગઓ કે મરનારનાં આંગલે એક વીંટી હતી તે લેવાનાં વીચારથી તે અંદર ગઈ હશે?

અંદર જાઈ તપાસતાં માલમ પડીઉં કે વીંટી શલાં મત હતી પણ એક કાગજ પેલી ચાદર સાથે ટાંચણી વતે ખોએલું હતું. એ કાગલ ઉઘાડતાં માલમ પડીઉં કે પે લી છોકરીએ પોતાની માં જે બે વરસની વાત ઉપર મરણ પાંમી હતી તેને એ કાગલ લખેલો હતો અને તે નીચે પર માંણે હતો.

"મારી ભલી મા,, (ફલાંનાં) સખશે મારી સાથ લગણ કરવાને આતુરતા જણાવીછે તેથી તારી મરજી અને ખુ શી પુછુંછું. તું મારેથી વેગલીછે તેથી મેરબાંની કરી સપ નાંમાં મને મલી તારી એ બાબદમાં ખુશી ઈઆ નાખુશી જણાવજે. મારી શેઠાંણી બેહસત તરફ આવેછે એવું જોઈ આ જોગવાઈ મેં હાથ કરી તું પરીઅ માને આ કાગલ લ ખાછે." આ કાગજનું સરનામું "મારી માંને બેહસતમાં પો હોંચે" કરી કીધેલું હતું.

ડાકટર ઈશકાટ કેહેછે કે ખરાબ અને નઠારાં માંણસો પોતાની ચટતી કલા અને સારા વખતથી જે ફાએદા મેલવેછે તેનાં કરતાં સારાં અને ભલાં માંણશો પોતાના દુખ માંથી વધારે મોતેબર ફાએદા મેલવેછે. એ હાલતમાં સારાં માંણશો જોકે, દોલત, મોજ અને દુનીઆઈ આબરૂનો લાભ મેલવી શકતાં નથી તોબી તેનો બદલો ઘણીજ સારી રીતે દાહાપણ, નેકી, અને મંનની શાંતીમાં મેલવેછે.

---

એક ભઓંનકાર પનીર—હમણાં અમેરીકાનાં નાઉઆરકમાં ખેતીવાડી સંબંધી ચીજોનો સંઘરહ લોકોને દેખાડવામાં આવીઓ હતો તેમાં કનેડાથી આવેલું ચાર હજાર રતલી એક પનીર મુકીઆમાં આવીઉં હતું. આ પનીર તપાસતાં તે ખાંમી વગરનું માલમ પડીઉં હતું અને હવે કનેડાનાં સંઘરહમા બતલાવવા પછે તે ઈંગલંડ લેઈ જશે એવી વકીછે.

---

એક વકીલ ઠગાઓ—વસીએતનામું કરતી વખતે વકીલની જરૂર પડેછે. એવી વખતે ફાએદા જાણનાર વકીલ જો હાજર નહી હોએ તો વસીએત કરનાર ધારાના અગનેઆનપણાને લીધે નહી ધારેલી ચુક કરેછે કે જેથી કરી પોતાની મીલકતનો મોટો ભાગ ઈનસાફની અદાલતમાં ખોવાર થાએછે. ઉપલી નશીએત એક કંજુસને સારી રીતે ખબર હતી તેથી તેણે મરતી વખતે પોતાનું વશીએતનામુ કરવાને એક વકીલને બોલાવીઓ. વકીલે વશીએતનામુ ઘડી કાહાડીઉં તેમા એક હજાર રૂપીઆ તે વકીલને મલે એવી એક કલમ પેલા કંજુસે નાખવાને કહી. કામ પુરૂં થએઆ બાદ વકીલની મેહનતને વાસતે તેની જે "ફી" થાએ તે ફી પેલા કંજુસે આપવા માંડી. વકીલે વીચારીઉં કે આએ માણસે પોતાના સખી દીલથી મને હજાર રૂપીઆનો વારસો બખશીઓછે તેથી મને ફી લેવી નામુનાસેબછે વાસતે તે લેવાને ના પાડી. પેલા કંજુસને પણ તેઉંજ જોઈતું હતું. વકીલ ગીઆ પછી તેણે વસીએતનામાની બીજી નકલ કરાવી તેમાંથી પેલા વકીલના વારસા બાબેની કલમ કાહાડી નખાવી અને તે નકલ પર સહી સાખ કીધી. એ રીતે વગર ફી આપવે, પેલા કંજુસે પકું વસીએતનામુ બનાવીઉં હતું.

---

વકીલો જોઈએછે—એક છોકરૂં દરીઆ કીનારે રમતું હતું તાહાથી એક સોસવારે તેને ખેંચી લીધું, તેથી બચું ગભરાઈને મોટેથી ચીચીઆરી પાડી રડવા લાગું, તે સાંભલી તેની મા રોતી આવી અને પેલી સોસવારને અરજ કીધી કે "મારૂં બચું પાછું આપ." સોસવાર બોલી કે "એનું શું થશે તેનો જો તું ખરો જવાબ આપસે તો હું તને તારૂં છોકરૂં સવાધીન કરીસ." માએ જવાબ દીધો કે "તું મારા છોકરાને પાછું આપીશ નહી." સોસવારે કહીઉં કે "જો તેં ખરો જવાબ દીધો હોએ તો મારીથી તારૂં બચું પાછું નહી અપાએ. કાએકે તેથી તારો જવાબ ખોટો પડે અને જો તેં ખોટો જવાબ દીધો હોએતો તેં મારી કબુલાત પાલી નહી તેથી તારૂં છોકરૂં તને પાછું મલે નહી." માએ તકરાર કરી જણાવીઉં જે "જો મેં ખરો જવાબ દીધો હોએ તો તારી કબુલાત પરમાણે મારૂં છોકરૂં પાછું આપવું જોઈએ. જો મેં ખોટો જવાબ દીધો હોએ તોપણ તે ખોટોછે એવું સાબેત કરવાને મારૂં બચું પાછું આપવું જોઈએ." એ કજીઆનો ચુકાદો કોઈ નીઆએ આધીસ કરી સકીઓ નથી.

---

માંણશો અકલનાં ચેરાગ અને રોશનીથી હમેશગીનાં ભેદો શોધી કાહાડવાની કોશેશ કરેછે તારે તેઓ એક બતી સલગાવી તેની રોશનીથી તારા જુએ અને તેઓની શોધ કરેતો તે બેહતર કેહવાએ કે નહી !!

---

લાંબી ઉંઘ—ડાકટર બલાનડે ફરેંચ એકાડમીમા ભાશાંણ કીધું હતું તેમાં તે જણાવેછે કે એક જુવાન વીશ વરશની સ્ત્રીએ ઈ૦ સ૦ ૧૮૫૪ માં પંદર દાહાડા સુધી ઉંઘ કાહડી હતી. તારપછી તેજ સ્ત્રી ઈ૦ સ૦ ૧૮૬૨ની સરૂઆતથી ઉંઘમાં પડી તે ઈ૦ સ૦ ૧૮૬૩ ના મારચ મહીનામા જાંગરૂત થઈ હતી. એ બધા વખતમાં એ સ્ત્રીને ઉઠાડવાને તરેવાર તજવીજ કરવામાં આવી હતી પણ તે બધી ફોકટ ગઈ હતી. આખું વરશ ખાધા પીધા વગર રેહવા છતાં એ સ્ત્રીની તંદરોસતી સારી હાલતમાં રહી હતી.

---

## રમુજે ફુરસત.

૧ લું. જાહાડ ઉપરથી પડી એક કેરી તેનો આવાજ શાંભલીઓ બે જણાએ—શાંભલીઉં તેઓએ જોઈ નહી, જોઈ બીજા બે જણાએ—જોઈ તેઓ દોડીઆ નહી, દોડીઆ બીજા બે—દોડીઆ તેઓએ લીધી નહી—લીધી બીજા બેએ—લીધી તેઓએ ખાધી નહી—ખાધી બીજા એકે—હવે એ શાંભલનાર, જોનાર, દોડનાર, લેનાર અને ખાનાર કોણ હતા તે પીછાનો. (એક સીથી મલેલું.)

૨ જું. પાંખોછે પણ પંખી નહી—કાલો પણ નહી કાગ, ઉડે પણ ખબુતર નહી—નાગો પણ નહી નાંગ. પંજાછે પણ પોપટ નહી—પાંખોપર નહી પીછ, ધુકે પણ ઘુવડ નહી—રહે ઊંધે રીછ.

૩ જું. હું વનસપતીમાંછું અને જાંનવરમાંબી છું. હું જંગલજેહાંન અને બીઆબાંનમાંબી છું. હું જેહાનમમાં છું—પણ બેહસતમાં નથી. જનમમા હું હાજર છું, પણ મોહતમાં નથી. હું શુખમાં તેમજ દુખમાં નથી. હું પાંનીમાં નથી પણ પવનમાછું. હું માનશમાંછું અને હેવાંનમાંબી છું. હું ભજનમા સદા પછાત પણ નમશકારમાં પેહેલો રહુંછ. મારા વગર ધન થતું નથી, તોબી પઈશા સાથ મને કશો સંબંધ નથી. તનમાં તેમજ મનમાંબી હું વસુછ. મારૂં મકાન મનજાંનમાછે, તોબી હું આખાં ગુજરાતમાં નથી. કહો બેહનો હું કોણ છું !

૪ થું. તરણ અખ્સરનો એક નાહાનો બોલછે જેને છેડે ઈ આવેછે—અગર ઈ ને કાહાડીને ઓ મુકોતો એક જુદોજ શબદ બનેછે, જેથી પેહલા અને બીજા શબદ વચે ઘણો ફેર પડી જાએછે. તે બોલો કીઆ.

પી રી રહેન,

બોલ શું છે? પે માં ૧થી ને રામ થાઓછે, તેમ રની ૧૦૦બા બાલછે. પણ વીજ઼ કરો કે પણી ઈ બાઈઓ કરતાં ૧ : દેખીતા બાલથી કેવી લાગેછે? નથી, ખરી બીનાંછે કે માથુટર ૧૨ ૧૦૦લે, ઘરમાં નહી. જરૂબી લારી નથી. ઊપલી ૧ : ને ૧ બરસ તથા ર તો બસછે. દર નાં પો માં બાલ ૧૦૦જા કરતાં હું તો કં નહી.

લા૦ ની વાં

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—બાપ દીકરા.

૨ જું—દાખલા તરીકે લેવો કે પેહલાં, ત્રણે જણે રૂપીઆનાં સાત દાડમ પરમાણે વેચીઆં. પેહલીએ સાત વેચીઆ, બીજીએ અઠાવીસ અને તરીજીએ ઓગનપચાસ. પછે બાકીનાં દાડમ બધાંએ ત્રણ રૂપીએ એક એક વેચીઉં જેથી સરવે રૂપીઆ દસ દસ ઘર લઈ આવીઆં.

૩ જું—માંકબાંનું.

---

## મુંબઈના સટાનો ગરબો,
## ને તેથી ખરાબી

આ મુજને કેમ દીધી કેફી કંથને
(એ રાગ.)

મુંબઈને સટાથી સુખ નહી આપડયુ—ટેક.
આઓ મીચાંને કિધુ એ કામજો;
દામ દીધા તે પરથમતો દોઢા થયા,
પાછળથી મુડી નવ દીઠી માયજો. ૧ મુંબઈ૦
પ્રથમતો અમરત જાણી પીવા ધરૂ,
પાછળથી તે લાગીયું ઝેર સમાનજો.
આંતરડાં તોડીને એતો નિકળયુ,
નિકળીયોછે ઘરનો સઉ સામાનજો. ૨ મુ૦
પઈશા મળીઆ પ્રથમ ને પીયાગ થયાં,
વાધો એથી સઉને હરખ અપારજો,
ગયુ નાણુ ઘરમાથી તે ગમાયું નહી,
પડીઆ ખાલી બારેતો ભંડારજો. ૩ મુ૦
પશ્ચિમમા નવ પાકુ રૂ લડાઈથી,
ભરતખંડથી રૂ આવ્યુ ભરપુરજો,
લાભ મળીયો ને લોકોને લાલચ વધી,
ચડયું એથી અનકુ સઉને સુરજો. ૪ મુ૦
વિલાયતથી ખબરૂ લાવી વિજળી,
પશ્ચિમનો હારીછે હુનરખાંનજો,
ભરતખંડથી માટે રૂ ભરયું ઘણું,
સુટાઈ લક્ષમી આવે આણે કામજો. ૫ મું૦
વનરાજ વડો ચડાછે હિદુસથાનથી,
જ્યાંને ડંકો વગાડો વિલાતજો,
લડીને લક્ષમી બહું લાવીયો લોકની,
ઘણાં વરશે કીધી એ વડી વાતજો. ૬ મું૦
લોભ મળીયો ને લાલચમાં લેવાઈ ગયા,
વધારવાનો વળી કરીયો વિચારજો,
શુ કરીએ કે સઉની દોલત સાંપડે,
સટાનોતો સુજેછે ઉપાયજો. ૭ મુંબઈને૦
શેરો ઉપર સઉને નાણું આપવું,
કીધો મુંબઈ બેંકે મળી વિચારજો,
પઈશો મળીઓ પુશકળ તે પાછળ થકી,
સટાનો કરો ચાલો વેપારજો. ૮ મુંબઈ૦
નાણું નવ રોકુ એ રૂડી રીતથી,
મળીયું એથી ઉતેજન અપારજો,
જુગારી ધધો બહુ ચાલો જોરથી,
ખાધો મુંબઈના લોકે બહું મારજો. ૯ મુ૦
કામ કરૂ આણઘટતુ એ બેંકે અતી,
નાણુ આપીયાથી થયું નુકશાન જો,
ઉલટી ચાલ કીધી યુરોપના દેશથી,
કાગળીયા નવ લાગીયા કોઇને કામજો. ૧૦ મુંબઈને૦
ઓટ ગઈ ને નાણુ ઘરમાં નવ રહું.
ગયા સરવે ગરથ તણા ભંડારજો.
સપનામા આવીયુ ને સપનામાં ગયું,
દોના થયા સઉ મુંબઈ સહુકારજો. ૧૧ મુ૦
પાદશાહારથી નવ દેવાં પુરાં પડયા,
ગયોરે એથી ઘરનો સઉ સામાનજો,
માગે લોકો ને મુડી નીચી કરી,
કડુ ધરે નહી કોઈ સુણે નહી કાનજો. ૧૨ મું૦
કોઈ ગાડી ને ઘોડે બેશી મહાલતા,
કોઈ કરતા બાગોમાં બેશી સેલજો,
કોઇની જોડે પટાદાર પુરે ફરે,
સરવે સુખની જતી રહીછે લેરજો. ૧૩ મું૦
ઉંચાં ઉચા મહીર ને મેડી ગઈ,
ગઈછે વાડી વજીફા ને બાગજો,
ફુલોના તોરા તે કયાં ઉડી ગયા,
કયા ગયાછે સાલો ને દુસાલજો. ૧૪ મુ૦
કયાં ગઈ બક્ષીસો દેતા ગરીબને,
કયાં ગઈછે સેઠ તણી શેઠાઈજો,
કયા ગયા ચાકરો ને ચાકર બનીયા,
કયા ગઈછે મીજબાની મીઠાઈજો. ૧૫ મું૦
લકાંની લક્ષમી જે મુંબઈમાં હતી,
તે નવ રહી જુગારી જનની પાસજો,
આખરૂ પણ લુટાઈ સઉની આ સમે,
નર નારીએ કીધી નાસા નાસજો. ૧૬ મું૦
ઘરેણુ નવ ઘાલું કોઇએ કોડીનું,
નવ ઘાલું નવ રાખયું પોતે પાસજો,
દેખાવડા મુંબઈનો ડોળ ફરી ગયો,
લાગેછે ખાવા જાણે ચો પાસજો. ૧૭ મું૦
ખાધાની ખરચી કોઈ પાસે નવ રહી,
કામનીઓએ ઘરમાં માંડયો કલેશજો,
ઘેર આવેતો ઘરમા ઝંપ વળે નહી,
હાય કુટ કરવા માંડી હમેશજો. ૧૮ મું૦

કોઈ નારીએ બાળ પછાડા કારમાં,
કોઈ નારીએ રાંધી નહી રસોઈજો,
ખાધું નહી કોઇએ કાંઈ દહાડા કષ્ટમાં,
કુમારજાઓ કંથ પર રીસાઈજો. ૧૯ મું૦
હાથ કામ કરૂ તે હઇએ વાગીયુ,
દાગ મોટો દીલમા તે નવ જાયજો,
મરતા સુધી મનમાંથી તે નવ મટે,
પાછળથી પરજાને નહી ભુલાયજો. ૨૦ મું૦
જે ખાડો ખોદે તે ખાડામા પડે,
જુઠું કરીયાથી નહી ભલું કહેવાયજો,
કરણી તેવી પાર ઉતરણી જાણવી,
વાંક કદી કરતાનો નહી કહેવાયજો. ૨૧ મું૦
ઝાખા મુખ થયાછે જન ઝાઝા તણા,
નુર નહી નર નારીમા દેખાયજો,
જોર અને હીમત મુકી હઇએ થકી,
કરીયા કરમનો પસતાવો દીલ થાયજો. ૨૨ મુ૦
ભોળા ભાગીદારોતો ભાગા ઘણા,
ખાઈ ગયાછે લુચા ને લબાડજો,
હીસાબ નવ દેખાડો નાણુ લેઇને,
આળસમાતો અની કરો બગાડજો. ૨૩ મુ૦
તપાસ નવ રાખી ચો પામે ચીતથી,
કેમ કરીને નાણું નાકુ જાયજો,
હીસાબ લેતા હીમતતો ચાલે નહી,
ખોટ લાભનો સો સુમાર જણાયજો. ૨૪ મુ૦
સટાવાળા લોકોએ સભા કરી,
સભા કરીને કરયો કેમ વિચારજો,
મળીયા ભાગીદારો ને ભાગગડ કરી,
જોવા મળીઆ ઝાઝા જન જનારજો. ૨૫ મુંબઈ૦
શીપાઇઓને બોલાવીયા સભા વિશે,
બેસાડયા દરવાજાની બારજો,
ચારીમા લખેલા આવે અડી જનો,
નહી બીજાને આવીયાનો અધીકારજો. ૨૬ મુંબઈ૦
તકરારો ચાલી તતકાળે તે ઘડી,
કહુ સુણે નહી કોઇનુ લીધુ કાન જો,
લાજ અને મરજાદા મુકી માનવી,
બોલી બોલે જેમ આવે મનમાયજો. ૨૭ મુ૦
સભામા સૌરચે જણે ઉભા થઈ,
કરવા માડયો ઘણો ઘોઘાટજો,
ખડ ખડતા લોકો તે બધ પડે નહી,
લાગે દીલમા અતીઘણો ઉચાટજો. ૨૮ મુ૦
બાહાર રહી ભાગીદારો બુમો કરે,
તું, તે, તેનો તોલ નહી આવે પારજો,
અકળાઇને ઉચાટે સઘળા અતીથકી,
ગયા ગપો મારીને ઘર બારજો. ૨૯ મુ૦
જવાબ નવ મળાયો જનને જવાડે માંઈ,
જાણું એતો કેમ તમાડે જોગજો,
લખીયુ હવે લલાટે તે કેમ ચુકયે,
દઇવને નવ દેજો એમાં દોષ જો. ૩૦ મુ૦
પેટેજથી પેની નવ આપાસુ ચાલીઆ,
નાણુ આપી ગુતારી સુ થાયજો,
જોતા જોતામાતો જર જતું રયું,
ઘર લાગીયા પછી કુપ નહી ખોદાયજો. ૩૧ મુંબઇને૦

શ્રીગોશીયલ ફરીઇનરનું દેવું દેખીલો,
દેવુ સવા કરોડ ને ત્રણ લાખજો.
રોકડ નાણુ રહેલું તીજોરીમા,
બાર હજાર પુરા રૂપીઆ પામજો. ૩૨ મુ૦
નાણું લેઈ લોકોનું ને લુચા થયા,
દેવાણું કાંઈ નવ આપીશ દામજો,
તોલ ઘણો ધીરનારનો તેથી ઘટો,
બહુ બેંકોનો વળીયો એથી ધાણજો. ૩૩ મુંબઇને૦
સટામાં પંકાયો પરથમ પ્રેમચંદ,
આપીયું ઉતેજન એણે અપારજો,
લોકો કહે લાલચમા એણે નાંખીને,
ઘણા લોકને કીધા દેવાદારજો. ૩૪ મું૦
પરથમતો પકાઇને પાછળથી પડીયો,
ઘેર ખજાનો સઉથી મોટો દેવજો, -
સટામા સુરો ને શાહ સહુકારની,
ભુલાડી ભગવતે સુડી ટેવજો. ૩૫ મુંબઈ૦
ભુલ કરી એણે તે ભલું નવ કરૂ,
પણ પરજાનો પુરણ એમાં વાક જો,
કમી પડીને કોગટ નાણુ નાખીયું.
ખોટ ગઈ ને રડતા થયા રંક જો. ૩૬ મુ૦
નોકરીઓ છોડીને કાઢતો નિસરા,
રહા બેંકોમા રાખી વિશવાસજો,
તાલેવન થવાને તેઓ તીયા ગયા,
પણ નવ થઇ પુરી પોતાની આશજો. ૩૭ મું૦
નોકરીઓ મુકી તે પાછી નવ મલી,
બેરોજગારી થઇને બેઠા ઘેરજો,
અડધાને મુકી આખાને ઇછે,
તે સુખ પામે કીયાથી સારી પેરજો. ૩૮ મુ૦
કેળવણી પામેલા દેસી કાંઈ જનો,
જાણેછે સટામાં નથી સુખજો,
ભણેના થઇનિતે કેમ ભુખા પડીયા,
ખરી ખપનુ નાણુ કીધુ ફુનજો. ૩૯ મુ૦
શુધારનો મતરૂ તે સરો નકી,
સુધારો કરનારો કરૂ કામ જો,
લલચાવીને લોકોને લાલચ દીએ,
પાછળથી તે વાગે કચરઘાણજો. ૪૦ મું૦
ગરહસથ થઈ ગુમાવુ નાણુ ગરીબનું,
તે નવ રહુ તાલેવર કેરી પામજો,
પગ કરીને તેતો પાછું આવીયુ,
ઘના લુચા સણાઉએ હારજો. ૪૧ મુ૦
સુધરેલા સુરીઓ તેતે આ સમે,
કરતે તેતો કથ તણુ કરીયાણજો,
સવામીને સારી સના તે આપતે,
અટકાવત તે કરૂ કરતાં કામજો. ૪૨ મું૦
પુનીય દાનમા નાણુ નવ ખરચે કદા,
નવ ખરચે નવ ખાએ પુરૂ અનજો,
દાટે નાણુ કાડયુ કોઈ દીનનુ.
સટામા સારુ ખોયુ એ ધનજો. ૪૩ મુ૦
દેવાળા કાડયાછે દેસી કાઈ જને,
તેની હુ લખનો નથી અહીં નોંધજો,
શિખામણ તેને ને બીજા નરનને,
લેજો એથી આવીપણે શુપાયજો. ૪૪ મુ૦
હાલમાંના ને હવે પછીના લોકને,
સાંભરશે સટાની સઘળી વાતજો.
પુસતકમાં લખાઇને તે પ્રગટ થશે,
પુરૂથવીમાં સઘળે થાશે પ્રખ્યાતજો. ૪૫ મું૦
મુંબઈની માઠી હાલત જેથી થઈ,
ભરતખંડના વાસી જાણી વાતજો,
શિખામણ લેશે ને દેશે સરવને,
લોભ થકી લક્ષમીનો વાળયો દાટજો. ૪૬ મુ૦
સંવતસર ઓગણીસે ને એકવીસમું,
વરસ કયાથી આવીયું મુંબઈ માંરજો,
દુખના દરીઆમાં લોકો ડુબી ગયા,
આશા ઇજીત જરનો વાળયો દાટજો. ૪૭ મું૦
શીખામણ દેવાને હુ સમરથ નથી,
હુ છું શરોતા જન તણો સેવક જો,
મુજમતીમાં આવીયું તેવું મેતો લખીયું,
આપો મારી આણીને અતી હરખજો. ૪૮ મુંબઇને૦
દીલગીરછુ શીખાંમણ દેવા આ સમે,
પાછળથી સુજ થઉને ઉપાયજે
દીધી દીક્ષા પરથમ જે ડાહયા જને,
તે માની નહી હવે પડીયા પસતાયજો. ૪૯ મુંબઇને૦
તોલ ઘટો મુંબઇનો આથીતો ઘણો,
સભાઈ વાંચી કરશે વિચારજો,
સુધરેલા મુંબઇને એ સોભે નહી,
ભરતખડનો ભાગે એથી બારજો. ૫૦ મુ૦
પશ્ચિમમા પંકાતુ મુંબઈ આ સમે,
તીયાંહાંના રહેવાશી રમે જુગારજો,
તો તાબેના સહેરોમા સુખ સું હશે,
વાચીને વેગે કરશે વિચારજો. ૫૧ મુંબઈ૦
ગરબો આ કીધો સઉને ગાવા તણો,
ગાજો સરવે તાળી પાડી વણજો,
શિખામણ લેજો ને સુખ ઉપજે ઘણું,
કરજો સરવે કરતાનુ સમરણજો. ૫૨ મું૦
ભો ભાગીયો ભગવતે ભારે દુખનો,
ગીતાં ગરબા ગઓ નર ને નારજો,
લાગો પાએ પરસન થાએ પુરૂથવીપતી,
લખીયા ધુના તે કરે માફ કીરતારજો,
મુંબઇને સટાથી સુખ નહી સાંપડીયુ. ૫૩

ભો. ના.

---

## પોંહોંચ.

" આદમ જાત તે સાહેબની બનાવટ: માટે ટેકનું આભારીછે " એવે નામની એક વાઓજ દસતુર જમાસપજી મીનોચેરજી વાંચી સંભળાવી હતી તેનું એક ચોપાનીઉં તેના બનાવનારની તરફથી હમોને મળીછે તેની પોહોચ મોટા માન સાથે કબુલ રાખીએ છઇએ. આપણાં દસતુરોને એવી ઉ લટ રાખવા માટે ખરેખર સાબાસી ઘટેછે.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૦ મું. મારચ ૧૮૯૬ આંક ૩ જો.

## સંકટનું શેવટ—તેહેમુરનું તારણ.

એક વારતા.

### પરકરણ ૮ મું.

હકીમ—અફશોસ ! તેહેમુર અફશોસ ! આ ખુબસુરત તારી રાંણીને મુએલી સમજી તેં દરીઆમાં જોહકાવી દીધી હશે, તે વેલા તારા દીલમાં કેહેવો જખ્મ લાગો હશે! અરે તે વીશે મને કાંઈ પણ વીચાર આવી શકતો નથી. પણ હવે વધારે વીલંમ લગાડવો એ દાહપણ ભરેલું નથી, જે પલ જાએછે તે અમુલીખ જાએછે, મોહત પોતાના શેકાર ઉપર તરાપ મારવા તપી રહેઉં હશે, માટે આ ઓરતના શરીર ઉપર અખતરો કરવાની તઈઆરી કરવી જોઈએ. અરે ઇશવર તું જો ચાહશેતો એકજ ધુરની ચમટીથી આ ઓરતને સજાગરી કરી નાખશે, હું શું કરતોતો ખાકી બચો.

એ પરમાંણે તે ભલા હકીમે એક બંધ ઓરડામાં જઈ પોતાની પાશે જે કાંઈ ઈલાજો હતા તે કીધા અને પછી શેવટે એક વાંસલીનો મધુર રાગ ગાવા લાગો. થોડાકવારમાં જેમ ગારોડીની ટમડીના અવાજથી રોપલામાં મસત થઈ સુતેલો સરપ જાગી ઉઠે અને પોતાનું હોકું બાહાર કાહાડે, તેમ આસતે રહીને આ વાંસલીના અવાજથી પરીચેહેરની આંખો ઉઘડતી ગઈ અને શેવટે તે હીલવા લાગી એટલે આસપાસનાં સરવે તાજુબ થઈ જોનારાઓને તે ઓરતની હઈઆતી વીશે આશા આવી.

પરીચેહેર—(ઘભરાટમા બેઠી થઈને) અરે, ખોદા ! હું કાંહ છું ! મારો ભરથાર કાંહછે, હું આ કેઈ દુનીઆમાં છું !

આસપાસનાં માંણસો—અરે ! આ કેહેવું અજાએબ જેહવું ! આ ઓરત ઘભરાઈને દેવાની થએલી દીસેછે. અરે એ હાલ પોતાના મનમાં શું ધારતી હશે !

દાનેશ—ભાઇઓ, દમ ધરો, ઘભરાટમાં વધારો કીધાને બદલે જરા કાંમે લાગો. ચાલો પેલા ખોલલા ઓરડામાં લઈ જઈ આપણે તેણીની ધીરજથી માવજત કરીએ.

પરીચેહેર—(ઇંતેજારીથી) ભાઇઓ મેહેરબાની કરી કેહેશો, મારો વાહલો ભરથાર કાંહ છે ? અને હું હીઆં કેમ આવી ?

દાનેશ—બાઈ ધીરજ ધર, જરા આશાએશ લે તુંને હું સઘલું કહુંછું. તારા ભરથાર વીશે હમોનેતો કાંઈજ ખબર નથી, પણ જો આ કાગજ પેલી પેટી મધેથી મલી આવેઓછે, તે મધેનાં હરફો તું જો પીછાંણતી હોએ, તું જાંણશે કે તે કોણનાછે.

પરીચેહેર—હા ! હા ! એજ મારા ખાવંદના, એજ મારા સાહેબના, અરે હા ! હું વાંહણ ઉપર ચહડી હતી તે મને ઇઆદછે, પણ તેહાં મેં બચાંને જનમ આપેઓ કે નહી તે વીશે મને કાંઈજ ખબર નથી. પણ અરે, હવે શું હું મારા વાહલા ભરથારને પાછી જોઈ નહી શકસ ? હું શું કરસ અને કેહાં જવશ ? ઓ નેક મરદ (દાનેશ તરફ ફરીને) મારા કરમાતા પરાંણને પાછો તાજો તેં કીધોછે, આ મોહતની તરાપમાં તણાતાં તનને તેં પાછુ ખેંચી લીધું છે માંટે તુંજ કાંઈ વધારે મેહેરબાની કરી કોઈ એક ધરમની જગામાં માહરૂ મકાન કરી અપાવ, કે જેહાં; અગર મારા ભરથારને પાછો જોવાને મારા નશીબમાં ન હશેતો, હું મારી બાકીની જીંદગી રંડાપામાં કાહડશ.

દાનેશ—બાઈ જેમ તારી મરજી હોએ તેમ હું કરવાને તઈઆરછું. આપણી પહોસમાંજ એબાદતગાહ નામે એક પવીતર મકાનછે તે મધે એક ઓધેદાર તરીકે તુને રાખુ અને વલી તારી ખીદમત કરવાને તારી સંગાત હું મારી ભતરીજીને પણ આપશ.

પરીચેહર—ઓ પીરમરદ ! તારો ઉપકાર હું કેમ વાળું ! ખાલી શબદો શીવાએ મુજ નાચારના તાબામાં શુંછે ! વાસતે ખોદા તારી ખુબીનો પાર વાલે એજ મારી ઉમેદછે.

### પરકરણ ૯ મું.

#### હામદન શેહેર.

તેહેમુરે પોતાની બાનુને મરણ પામેલી સમજી દરીઆમાં નાખેઆબાદ, તેણીએ વાંહાંણમાં જે પુતરી જણી હતી તે લેઈ હામદન શેહેર તરફ ગએઓ.

વાંચનારને માલુમ હશે કે આ શેહેર મધે મોટો દુકાલ પડેઓ હતો તેથી તે સઘલુ તારાજ થઈ જવાની તઈઆ

રીમાં હતું, તેવામાં તેહેમુર તેહાં જઈ પોંહોંચેઆથી પોતનો સધલો ખોરાક આપી તે શેહેરને જરા ટેકો આપેઓ હતો જેથી તેહાંનો શાહ કોબાદ તથા તેની રાંણી ફરંગીજ તેહેમુરનાં બેહદ ઉપકાર માનતાં હતાં.

હવે તેહેમુરે જોએઉ કે આ નાંની પુતરીને ઉધારવાને મા વીનાતો ભારે આબદા પડવાની તેથી હામદન શેહેર મધે કોબાદને તથા તેની રાંણીને સોપવા ગએઓ.

તેહેમુર—વાહલા દોસત કોબાદ આ વેલા હું તારી તથા તારી નેક બાનુની મદદ માંગવા આવેલોછું. મને ઉતાવલથી મારે શેહેર જવું જોઈએછે; તેહાં મારી ઘેરહાજરીથી બખેડો થવાની તઈઆરીછે; માંટે આ મા વીનાની પુતરીને તમો બેઉ જણને સવાધીન કરી જાઉછું. હું આશા રાખુછું કે તારી બાનુ એને પોતીકી કરી પાલશે જેથી હું તમારો સદાનો આભારી થઈશ.

કોબાદ—ભાઈ હમો કાંઈ તારા થોડા ઉપકાર મધે છઈએ ! ધીરજ રાખી તારૂં બચું હમોને શોંપી જા મારી બાનુ તેને એક બીજી પુતરી તરીકે ગણશે.

ફરંગીજ—આ ગુલાબી ચેહેરાનુ બાલક જોઈ મને ભારે ખુશાલી ઉપજેછે. માંટે સત કરી જાંણજે કે એને પુરતી સંભાલથી ઉધારીને તથા કેલવણી આપીને તારા દુખી આરા દીલને રૂજાવવાને તથા તારી રડતી આંખોમાં તાહાડક પાડવાને હું એક નીરલમ ઝરો બનાવવાને કાંઈપણ કસુર કરશ નહી, અરે પણ તારી હેતવંતી બાનુ, વસંતના ખીલતા બાહારમાં એકદમ કરમાઈ ગઈ એ કેહવી દઆ ભરેલી વાત ! જાંણે ધરતીએ ધરંમ ખાતર ઠાર ન આપેઓ તેથી તે સમુદરમાં સુતી, અફશોસ એ કેહવી કાંહાંણી !

તેહેમુર—ખરૂ નેકબાનુ તું કેહેછે તે ખરૂં પણ ઇશવરનાં હુકમને તાબે થવું જોઈએ. એકબારગી હું માથું ફોડી બે કરતે—પોકાર મારી આસમાન ચીરી નાંખતે—આંખોમાંથી આંશુંના સરોવર કાહાડી તે મધે ડુબતે—માંથાંના બાલ તોડી પીખી તાલકી બોરી કરતે, તોબી એકવાર આ આફત જે મુજપર આવી પડીછે તેનો અટકાવ થતે નહી. માટે તમો બેઉ નેકને આ નાની પુતરી હવાલે કરી જાઉછું જેનો જનમ દરીઆ વચે થઓ હતો. તેથી મેં તેણીનુ નામં દરીબાનુ કરી રાખેલું છે. વલી દરીબાનુને ઉછાલવાને મારી ઓરતની આ ઘરડી દાસીને પણ રાખી જાંઉ છું.

એ પરમાંણે તેહેમુર પોતાની નાની છોકરીને તેઓને સવાધીન કરી પોતાને દેશ ગએઓ. હવે ફરંગીજ પોતાની બેટી જરબાનુની સંગાતે દરીબાનુને મેહેનત તથા મમતાથી ઉધારવા લાગી. તે સદા બેઉજણની ઉપર એકજસ રખી આંખે જોતી હતી, અને દરીબાનુને પણ પોતાની પેટની દીકરીની માંફક ગણતી હતી. બંનેનાં તન તથા મનની ઉતમ કેલવણી આપવાને નામાંકીત પંદીતો રાખેઆ હતા. જેઓના હાતતલે—સઘલા જાંણીતા હોનરોમાં તેઓ બંનેને પુરવીણ કીધી હતી. ચીતાર ગાએણ તથા મીઠન કાંમમાંતો આખા ગાંમમાં તેઓની હરીફાઈ કરવાની કોઈ પણ તાકાદ ધરાવતું હતું નહી.

એટલું છતાં જરબાનુ તથા દરીબાનું વચે મોટો ફરક હતો, તેઓ એક બીજાનાં હરીફ ગણાતા હતાં તોપણ જરબાનુ કરતાં દરીબાનુની ખુદરતી ચંચલાઈ વધારે હતી તેથી વારંવાર તે જરબાનુ કરતાં વધારે કાબેલ સાબેત થતી હતી. એ પરમાંણે આ બેહુ જુવાન છોકરીઓએ એકજ સરખી કેલવણી એકજ વખતે લીધી હતી, તોબી શેવટે દરીબાનુની ચાલાકી વધારે પરકાશતી હતી. આ ઉપરથી જરબાનુની માતા ફરંગીજનાં મનમાં આસતે આસતે દરીબાનુ વીશે નાખુશી તથા ધીકાર ઉતપન થઓ. આ ધીકાર એટલો વધી ગઓ કે તે તેણીનુ મરણ પણ ઇછતી હતી; તોબી તે બાહરથી દરીબાનુ ઉપર મમતા તથા પેઆર બતાવીઆ કરતી હતી. પણ અફશોસ; તે ખોટો પેઆર અને ખોટી માએઆ હતી !

જેમ એક ઉદીઓગી મધમાંખ રંજ અને મેહેનતથી ચોખાં મધનો જથો એકઠો કરે અને છેલે સરવાલે દેવાની બની તે મધે ધુર ભરે તેજ માંફક ફરંગીજે કીધું હતું. જે પુતરીને બાલપણથી ઉધારવાને મેહેનત, મમતા તથા દોલત ખરચવાને કાંઈ પણ કસુર કીધી હતી નહી તે ઉપર શેવટે ધુર વાલી, અંતે અદેખાઈથી આંધલી બની પેલી નીરદોશ છોકરી દરીબાનુને મારી નાખવાની છુપી ઇઉકતી કીધી.

દરીબાનુ પોતાની બુઢી દાસીનાં મરણથી મોટા ગમમાં હતી તે તક લઈને ફરંગીજે પોતાનાં ખરતલ નામે એક ખીદમતગારને સીખવી મુકીઓ કે તેણીને ફરવા લઈ જવાની તદબીર કરી દરીએ કીનારે ઠાર કરી પાંણીમાં નાંખી દેવી.

ફરંગીજ—(ફુસલાવીને) જો હુશીઆરી રાખજે, તુંને કાંઈ ભારી મેહેનત પડવાની નથી, એકજ ફટકો બસછે, થોડી મેહેનતે મોટું ઇનાંમ મલશે, એક ઘડીનાં કાંમથી મોટું નામ અને વરસો સુધી ખાએ તેટલો ખજાંનો મલશે તે ખચીત કરી જાંણજે.

ખરતલ—પણ બાઈ મને આ છોકરીનુ મોહ જોઈ તે તું કાંમ કરવાની હીમત થતી નથી.

ફરંગીજ—અરે, તું મરદ થઈને એવો હીમકારો બનેચ ! હઈડું જરા કઠણ કરજે એટલે હીમત પોતાની મેલે દોડતી આવશે. હમો ઓરત જેવી વારંવાર એથી મોટાં બીકટ કાંમો બેધડક કરીએ છઇએ, તેઆરે તું જવાથી એટલું સેજ કાંમ નહી બને ? એવાં કાંમ કરશે નહી તારે સુરો સીપાઇ કેઆરે બનશે ?

ખરતલ—વારૂં તેઆરે હું કરવા ધારૂંછ પણ અરે મને કમકમાટ લાગેછે.

ફરંગીજ—વલી ધારૂંછું શું; ખાતરીથી કેહેકે તું તે કરવાનોજ.

(એવામાં દરીબાનુ હાતમાં ફુલની ટોપલી લઈ આવતી દીસેછે)

દરીબાનુ—અફશોસ પેઆરી દાસી ! તારી મધુર ઇઆદદાસ આ મનમાં તાજી રાખવાને તારી ઘોર ઉપર તાજાં ફુલો પાંથરૂં નહી તેહાં સુધી મને ચેન પડનાર નથી.

ફરંગીજ—કેમ વાહલી દરીબાનું તું દલગીર અને

એકમારગી હજુર કેમ ફરીઆ કરેછે? જરબાનુ કાંહછે; તેણીની સાથ ફરી હરી તારો વખત ખુશાલીમાં કેમ કાહાડતી નથી? દલગીરીથી શું તારી મુએલી દાશી પાછી જીવતી થનારછે? માટે ચાલ આવ દરીએ કીનારે ખુલી તાજી હવામાં ફરવા જા, થંડી તાજી લેહેકીથી તારા મોહપરની દલગીરી ઉડી જશે. વલી જોઈએતો તારી સાથ સંભાલને સારૂ આપણા ખરતલને લેતી જા, જેની સાથે તું બે ઘડી ફરી આવ એટલે તારાં મોહડાંપર લોહી આવશે અને થોડાવારમાં ભુખ, સુખ અને હસતુ મુખ સાત લઈ આવશે.

દરીબાનુ—તમો કેહેવોછો તેથી તમારો ઉપકાર માનુંછું, પણ અમસયા મારી ખાતરસર તમારા ચાકરને શા! માટે રોકોછો, તે પોતાનુ કાંમ ચુકશે, માટે ફીકર નહી હુ તમારી સલાહ પરમાંણે એખલી દરીઆ તરફ ફરી આવશ.

ફરંગીજ—નહી, નહી, બેલાશક, તું ખરતલને લઈ જા, એખલી શા માટે જાએ. વલી તે કાંઈ હાલ અગતનાં કાંમમાં હોએ તેવું મને લાગતું નથી, અને અગર હોએ તોબી શું થએઉં, તારા બાપનો આભાર શું હમો ઉપર થોડો છે? અથવા તુને કે તેને હમો શું, થોડા ચાહીએછ? વલી મેં શાંભલીઉંછે કે તારો બાપ તેહેમુર અતરે થોડા દીવસમાં તારી ખબર લેવા આવનારછે માટે તે જો તુને એવા ફીકા ચેહરા સાથ અને હાલ હવાલ હાલતમાં જુએતો તે શું વીચારશે? કદાચ હમારી સંભાલની ખાંમી હશે એવું ધારશે. માંટે ફરી હરી તારી તનદરોસતી તાજી કર.

દરીબાનુ—હા, તમો કેહોછો તે ખરૂં. વારૂ તેઆરે તમારૂ કેહેણ કરી જાઉછુ.

ફરંગીજ—ખરતલ, જો, હીઆં આવ, આ બાઈની સાથ સંભાલથી જજે અને અરધા કલાકમાં તમો બંને વેહેલાં આવજો. વલી મેં તુંને (પેલુ) કહીઉછે તે ધેઆનમાં રાખજે.

ખરતલ—ફીકર નહી બાઈ, મને કાંઈ કેહેવું નહી પડે.

ફરંગીજ—પેઆરી દીકરી દરીબાનું વેહેલી આવજે હો (પોતાનાં પાપથી મોહ કમલાવીને બોલી.)

દરીબાનુ—વાહલી માતી તમો નચીંત રેહો; શા માંટે એટલી ઈંતેજારી રાખોછો? હુંતો તમારો ગુણ કેઈ રીતે ગાઈ શકશ.

(દરીબાનુ તથા ખરતલ હવે ફરવા ચાલેઆં.)

દરીબાનુ—આજ પવનનુ જોર વધારે દીશેછે.

ખરતલ—નઈરૂત તરફથી તે ફુકેછે માંટે ફીકર નહી. પણ કોઈવારતો એવો તોફાની પવન નીકલી આવેછે કે આ ખા વાંહણો પલવારમાં ઉધાં વાલી નાખેછે.

દરીબાનુ—હા બાઈ, વાંહાંણુ મવેની ધાસતીતો હમો ઉપર ભારે પડેલીછે. મારી દાશીએ મને કહેલુંછે કે હું જેવારે વાંહાંણુમાં જનમી હતી તેવારે એવુંતો તોફાંન થઈઉં હતું કે દરીઆનાં મોજા આસમાન સાથ કુદતા હતા, વાંહાંણુના ડોલ, સર તથા દોરડાં તુટીને ઉડી ગઆં હતાં, બોડુ બારકસ મોજાના ફટકાથી રબરનાં દડાની મીશાલે દરીઆનાં દરાંમના મેદાનમાં કુદતું હતું, જે વેલા બાહાદુર ખલાંશીઓએ પણ પોતાની આશા મુકી હતી. એવા સંકટનાં વખતમાં મારી મા મને જનમ આપી તોફાનનો ભોગ થઈ પડી હતી.

ખરતલ—(મનમાં) તેમજ તુંને પણ હમણાં ભોગ થવો પડશે. વારૂ વેક તારી ભકતી કરી લે.

દરીબાનુ—ભાઈ ભકતીતો શવારનાં ઉઠતાંનેવાર કીધીછે, અને વલી બનશેતો સાંજના પણ ઘર મધે કરસું.

ખરતલ—નહી નહી, હમણાં તુંને ઈશવરની છેલી ભગતી કરવી હોએતો હું હમણાં તુને થોડી ઘડી આપુંછું વેક જલદી કર.

દરીબાનુ—(ઘભરાઈને) ભાઈ, તું શું મને મારી બારી નાખવા માગેછે, કેમ, મને સમજ પડતી નથી.

ખરતલ—હા, મને મારી શેઠાણીનો હુકમ માનવો જોઈએ.

દરીબાનુ—(આંખમાં આંશુ આણી) અરે ઈશવર એમ કેમ બને!!

નથી મેં કીધું ઘાતકી કાંઈ કાંમ,
નથી મેં લીધુ કોઈનુ પણ નામ.
નથી મેં પીધી પાપની કાંઈ જામ,
બદી ને બુરાઈછે મુજને હરામ.
નથી દુખ દીધુ કદી કોઈ પ્રાણી,
મહા પાપછે એ મનમા મેં જાંણી.
વળી હું હતી છોકરી છેક નાની,
કોણે તાલી તંગી મારી એક માની.
શેઠાણીતો તારીછે માતાજ મારી,
માયા કરી મુજને મોટી ઉધારી.
માટે ભાઈ મને તું કરે કાં ઠાર,
જવાબ શું દેશે કીરતારને દવાર.

ખરતલ—હું કાંઈ તારી સાથ તકરાર કરવા આવેઓ નથી. હું કાંઈ સમજતો નથી; મારી શેઠાંણીનો હુકમ મને માનવો જોઈએ. આ કાંમનો બોજ તેણીનીજ ગરદનપર રેહેશે—તેનો જવાબદાર હું શાંનો.

દરીબાનુ—અરે, ભાઈ હું તુને ઓલખુંછું કે તું દએઆનો દોસતછે. થોડા દીવસની વાત ઉપર કોઈ બે જણ મારામારી કરતા હતા તેઓની વચે પડી તેં છોડવેઆ હતા—કેવું પુનનું કાંમ! હવે એવી તારી ખુબીછે તો હું મારી વચે પણ તુને આવવું જોઈએ અને તારી શેઠાંણીની પેર મેહેરબાનીમાંથી મને છોડવવી જોઈએ; પણ તેમ કીધાને બદલે તુંતો મનેજ ઘાતકી હાતે મારી નાખવા માંગેછે એ વાત કેમ બને!

પેલી બીચારી નીરપરાધી છોકરીની વીનંતી ઉપર જરા પણ દએઆ આંનેઆ વીનાં પેલા ખરેખરા ખરતલ ચાકરની ખાતરમાં કાંઈજ આવીઉં નહી. અંતે કમરમાં છુપાવેલું એક કોઈતું કાહાડી જેવો મોટો જખમ દેવા જાએછે તેવીજ ઈશવરનાં છુપા હાતે એક ગેબી ટાલ આડી ધરી.

વાંચનાર બાનુઓ ઈશવરની ખુબી કીઆ શબદમાં બોલીએ! નીરદોશ અને નીરપરાધીનો સદાનો વાલી તે છે

એમ કોણ ના પાડશે ! ખરતલ જેવો ફટકો મારેછે તેવામાં થોડાએક ચાંચીઆઓ (દરીઆઇ લુટારા) તેહાં અંચીતા આવી લાગા અને જેમ બીલાડી ઉંદર ઉપર તરાપ મારી શેકાર પકડી લઇ જાએછે તેમજ તેઓ પેલા ચાકરનાં હાત માંથી પેલી છોકરીને છીણવી પલવારમાં લઈ નાઠા.

આ બીનાં ઉપરથી પેલો ખરતલતો ખરેખરો ખર બની ગએઓ, અને હુવડની મોશાલે તેઓ પાછલ જોવા લાગો અને પછી મનમાં બોલેઓ કે—"અરે દરીબાનુને તો તેઓ ઘસડી લઇ ગએઆ. પણ ફીકર નહી જવા દે હવે કંઈ તે પાછી મલે ? માટે હું ઘર જઈ બાઇને છાતી કાહાડી સોગણ લઇ કહું કે દરીબાનુને મારી દરીઆમાં ફેંકી આવેઓ."

હવે આ ઘાતકી કરમ જે ફરંગીને કરાવીઉં હતું તે તેણીએ પોતાનાં ભરથાર કોબાદની હરૂશે અને ગુપચુપ થઇઉં હતું. તોએપણ પાછલથી તે માલમ પડેઆથી ફરંગીજ ઉપર ભારે કફા થએઓ હતો, પણ તેનું કાંઇ વધારે ચાલીઉં ન હતું. કારણ તે જાતે કમજાત—હઇડે કપટી તથા સવભાવે ગરમ હતી અને તેનાં મગજનાં કોટલામાં અદેખાઈ અને વેરનું છુપું વીખ રાખતી હતી.

કોબાદ—અરે ! ઓ ફાટેલ ફરંગીજ, આ કેવું કરમ ! તુને કોઇએબી જોઈ ન હશે તોબી ચાન, સુરજ પણ તારાં બુરાં કરમની સાખશી ન આપશે !

ફરંગીજ—અરે તમો કેમ નાદાન બની ગએઆ છો ? એમાં ખોટું શાનું !——મેં તેને ઉધારી હતી અને મેંજ તેને મારી. એમા શાની તકશીર ભારી.

કોબાદ—અરે, શું આ કરમ જેવું તેવું ! અગર આ આખી પુરૂથવી મારી પોતાની મીલકત હતે, અને હું એવાં કરૂર કરમની ધુનેગારીમાં આપતે તોબી તે થોડી હતી. વલી તું જાણેછે કે તેહેમુર પોતે થોડા દીવસમાં પોતાની બેટીની મુલાકાત લેવાને આવનારછે માટે તે માંગશે તેઆરે આપણે શું કેહેશું ?

ફરંગીજ—કેહેશું કે તે મરણ પાંમી. હમોએ તો તેણીને ઉધારવાને તથા તનદરોસતીમાં રાખવાને હમારૂ તન તથા મન ઘસી લગાડીઉં, પણ ઈશવરનાં હુકમની શાગુ કોણનું ચાલે: તે અંતે મરણ પાંમી અને હમારા દીલની દાહજ તથા આંખોનાં આંશુ તાજાંછે તેઓજ ગોવાઇ પુરશે.

કોબાદ—અરે એવાં પરાકરમ કોઈ પારખી શકનાર નથી ? આપણુ ટોંગ તથા ફતવાથી મોહ મલકાવીને કેહેશું તેતો ખરૂ પણ આપણા અંતકરણની અંદરથી છુપો અને અંચીતો પોકાર નીકલશે કે આ લોકો ખોટું ડોલ ઘાલેછે તેથી શું તેહેમુરને સંસારો માલમ નહી પડશે !

ફરંગીજ—છીહ, છીહ, કેવું પેલું ગાડું ' કેવું હીચકારાપણું મરદો મધે ' તેણીને આપણે મારી નાખીછે એવુંતો તેનાં સપનામાંબી કદી આવનાર નથી. વલી મેં ખરતલનેબી તુરત નસાડી મુકીઓછે, માટે કદામ તે ફોગીર એવુંબી કાંઇન નથી; હવે ધાસતી શાંની.

• કોબાદ—પણ તુંને એવું કાંમ કરવાની જરૂર શું પડી તે બીલકુલ મને સમજ પરતી નથી.

ફરંગીજ—મારી છોકરી જરબાનુની તે હરીફ હતી બલકે તે વધારે પોહોંચેલી હતી માટે જેમ માહતાબની રોશની આફતાબનાં કીરણો જાંહખી કરી નાખેછે તેમ જરબાનુની કીરતી દરીબાનુથી જાંહોખ મારવા લાગી હતી. આપણી છોકરી જે આખા દેશમાં એકજ અમુલીઅ નંગ ગણાતું હતું તેમ થવાનું બંધ પડીઉં હતું અને લોકો સઘલે ઠેકાંણે દરીબાનુની ચાલાકી વખાણતા હતાં; માટે એવું મારેથી દેખી શકાઇઉં નહી.

કોબાદ—હા ! હા ! મરદો મોટાં માહભારત કાંમો કેહવાં કરેછે ! તોબી ઓરતનાં પરાકરમની આગલ કદીબી પોહોંચી શકે નહી. અગર આ વાત ઉઘાડી પડીતો તારા દુશટ કરમનાં કાલા છાંટા મારા મોહપરબી ઉડશે અને હુંબી કદાચ તારા જેવો ઘાતકી હોઉં તેમ સરવે જણ ધારશે, અફશોસ !

કરો કદી ઓ માનવી, વીસવાસ કોઈ જણપર,
ઓરત—કોરત—ને સોરત, સમાલજો એ તરણપર.

---

## પરકરણ ૧૦ મું.

## દરીબાનુની કુર દશા.

પેલી ફીતુરખોર ફરંગીજે દરીબાનુનો નાશ કરવાને જે ઇઉકતી કીધી હતી તેમાં તે ખરેખર નીશફલ થઈ હતી, કારણ તે છોકરી ઉપર જેવો ફટકો પડેછે તેવોજ ચાંચીઆઓનો એક કાફલો આવી તેણીને લઇને નાહશી જાએછે.

આ બીના ઉપરથી દરીબાનુ એમ સમજતી હતી કે તેણીનો છુટકારો થઓ, પણ તેથી ઉલટું બનીઉ હતું. ચાંચીઆઓએ તેણીને રઅે નામના શેહેરમાં લઈ જઇ ગોલામ તરીકે વેચી હતી. તેણીનો ખરીદદાર કોઈ મોટો મંડાલ આદમી હતો, જે વેશીઆવાડો રાખતો હતો. દરીબાનુની જોબન તથા ખુબશુરત દેખાવ જોઇ તણે કમાઇની મોટી આશા રાખી હતી. જેમ એક કસાઈની છરી તલેથી છુટેલું ગેટું નાશીને બનચી જતાં વરૂનાં ગોફામાં સપડાએ તેમ આ ગરીબ છોકરીની દશા થઈ હતી. તેણીનો ખરીદદાર તથા તેનાં મલતીઆઓએ મતલબસર તેણીને મીઠુ પરીસી તેઓનાં બુરા ધંધાને તાબે રાખવાની મોટી સીફારસ કરતા તોપણ તે કાંઇ તેઓને મચક આપતી ન હતી, અને પોતાની નીરમલ નીતી લુટવા દેવાની સાંમે કમર બાંધતી. કેહેવી ખુબી ! તેઓ અંતે થાકી તેણીની ઉપર ભારે જફા પાડવા લાગા, પણ તેથીબી દરીબાનુ બીલકુલ ડરી નહી.

શેવટે એવુ બનીઉં કે તે શેહરનાં હાકમ બેહેરાંમને આ છોકરી વીશે કાંઈ ખબર થઇ તેથી એક દીવશે પોતે જાતે આવી તેણીની મુલાકાત લીધી.

બેહેરાંમ—કેમ જુવાન ગી એવા છંદમાં તું કેઆરની પડેલીછે.

દરીબાનુ—સાહેબ રાગ રંગ અને નીતીછંદતો હું મારા પાલણામાથી શીખીછું.

**બેહેરાંમ**—અરે, શું નાંહનપણથીજ તેં એવો બુરો ધંધો હાત ધરેઓછે કે.

**દરીબાનુ**—સાહેબ કમનસીબને, તાબે થઈ દીલ રાખી, ઈમાનતદારીનો ધંધો કરવામાંબી કાંઈ એબ નથી. ચાંદ સુરજ જેવાબી આ જગતનાં મંડલમાં મસાલચીનો ધંધો કરવાને પલવાર અમકાતા નથી માંટે મારા જેવાં નાનાં અને નજીવાં પરાંણીએ શાની ગરૂરી કરવી જોઈએ? ધંધોબી કરવો પડે.

**બેહેરાંમ**—અરે પણ શું તું નથી જાંણતી કે તું આ કયા મકાનમાં વસેછે? તારા શેઠની મરજીને શું તું તાબે થતી ન હશે.

**દરીબાનુ**—અફશોસ—ઈશવર! મને પાંખ હતેતો હું અતરેથી કેહેવી ઉડી જતે! આ જગતમાં તું શીવાએ મારૂ કોણછે!

આ થોડીજ વાત ઉપરથી બેહેરાંમનાં મનમાં ભારે અસર થઈ તથા એટલીજ ઈસારત ઉપરથી તેણીની ખુબી તથા હુશીઆરી તે શેઆણા નેરે પીછાંની.

**બેહેરાંમ**—તારે વીશે મને કાંઈ સમજણ પડતી નથી માટે તારા મા બાપ કોણ હતાં તથા તું કાંહથી આવીછે તે મને મેહેરબાની કરી જણાવ.

**દરીબાનુ**—મારા વડાવા કાંઈ હલકા ઈઆ નાનાં ખાનદાનનાં ન હતા, દોલત તથા દમાંમ, મરતબો તથા મોટાઈ તેઓનાં હાતમાં હતી પણ એટલું છતાં કમનશીબે તેઓને ઘેરીને ભારે દુખ દેવા માંડીઉં તેથી તેઓ હાલ ભારે બીકટ હાલતમાં આવી પડેઆછે. સાહેબ એથી વધારે મારેથી ખોલી રીતે બોલાઈ શકાતું નથી કારણ તેથી આ દુખીઆરાં દીલનો જખમ તાજો થએઆ વીના રેહેશે નહી.

**બેહેરાંમ**—(આસચરીઅ થઈને) હા! હું જોઉછ કે આટલી ટુંક મુખજુબાની તારી કેલવણી તથા તારા સરવ સદગુણ બતાવી આપેછે. આ નાંણું તું લે અને તારા ચંડાલ શેઠને આપી તારૂં છુટાપણુ ખરીદ કર. હું અતરે આ પરખેઆત મકાન મધે કાંઈ પણ બુરી મતલબથી આવેઓ નથી, તારે વીશે જે કાંઈ સાંભલંવામાં આવીઉં હતું તે મેં ખુદ જોએઉંછે અને તારી ખુબસુરતી સાથ નેકી લપેટાએલી જોઈ એક હાત ઉપર આ આંખોને તાડક પાડીને અને બીજા હાત ઉપર આ દીલને ઘાહેલ કરીને હું ઘર લઈ જાઉંછું.

દરીબાનુએ એ પરમાંણે બેહેરાંમના આપેલા પઈસા લઈ પોતાના શેઠને આપેછે અને શેવટે માહ મુંશીબતે તેનાં ફાંડામાંથી છુટેછે અને શેહેરનાં એક જાંણીતા ભાગ મધે છોકરીઓને કેલવણી આપવાનું કાંમ માથે લેછે. આ રીતથી તે આપઅખતીઆરીથી પોતાનું ગુજરાંન કરવા લાગી, અને જે કાંઈ પઈસા બચાવતી તે પેલા ચંડાલ શેઠને કરજનાં પેટાંમાં ભરી આવતી, બેહેરાંમ તેણીની વારંવાર મુલાકાત લેવા આવતો, કારણ મનમા તે એવી ધારણાં રાખતો હતો કે અગર આ છોકરી કોઈ મોટાં ખાંનદાંનનીછે એવું જો સાબેત થાએતો મોહબતનાં ગાંઠથી તેનુ દીલ બાંધવાને કોઈ વધારે લાએક ઓરત મલે એ અકલથી ઉલટુંછે. માટે તેણીને ઘણીએક રીતે ફુસલાવીને પોતાનાં માંબાપનું નામ તથા ઠામ પુછતો પણ વીઅરથ જતું, કારણ માબાપનુ નામ સાંભલી તે પોતાનું સર નમાવી દેતી અને શેવટે દલગીરીથી લાલ થએલાં તેણીનાં મોહોડાંની આગ બુજાવવા દઆલુ આંશુની થંડી ધાર વગર બોલાવવે ઉતરી આવી ચેહેરાને ભીંજવી નાંખતી હતી.

---

# ઓરતોની મજલસ.

ભાશાણ ૫ મું

## નાહાનાં બચાંના બીછાનાં તથા પોશાક વીશે.

(ચાલુ સફે ૨૯ થી)

**૧૨. બચાંના માથાંની હેઠે નરમ અને ગરમ તકીઓ આપીને સુવાડવું નહી જોઈએ.**

નરમ અને ગરમ તકીઆ ઉપર સુવાડીઆથી માથાંનો એક ભાગ ગરમ અને એક ભાગ થંડો રેહેછે તેથી સરકમ અને બીજાં દરદો પેદા થાએછે.

**૧૩. બચાંનુ બીછાંનુ સઘલી તરફથી બરોબર ગરમ હોવું જોઈએ.**

એક બાજુ ઉપર ગરમ બીછાંના ઉપર શુવાડવું અને બીજી બાજુ તરફથી એક હલકુ કપડુ ઓઢારવું અવગુણ ભરેલુછે અથવા બીછાનુ થંડુ અને બદન ઉપર પુશકલ ગરમ કપડાં ઓઢારવાં એ પણ અવગુણ ભરેલુછે, એક બાજુએ પસીનેગંરકાવ થાએ અને બીજી બાજુ થંડી રેહે એથી નુકસાન થાએછે. એટલા માટે જેવુ બીછાંનુ ગરમ તેવુજ ઓટવું ગરમ હોવું જોઈએ.

**૧૪. ગરમ પીછના બીછાંના ઉપર બચાંને સુવાડવું નહી.**

તેથી બદન ગરમ રેહેછે. પસીનો પુશકલ છુટેછે. વલી બીછાનું નરમ હોવાના સબબથી બચાંના હાડકાં વલી જાઈને વાંકાં થાએછે.

**૧૫. જે હાલતમાં દીવસમાં બચોંને રાખે તેવી જ હાલતમા રાતરે બીછાંના ઉપર પણ રાખવું.**

દીવસમાં હલકા કપડાં પેહેરાવવા અને રાતરે ગરમ બીછાના ઉપર સુવાડવું અવગુણ ભરેલુંછે.

**૧૬. ભીંગાં કપડાં કદી પણ બચાંને પેહેરાવવાં નહી ભીગા કપડાં વખાતાં નાખવાની ઘણી જરૂરછે.**

બચાના કપડાં એક દાહાડો આગલથી વખાતાં નાખવાં જોઈએ. જાંહાં બની સકે તાહાં દરરોજ સોજા ધોએલાં કપડાં પેહેરાવવાં; જો નહી બનેતો રાતે જેવાં કપડાં કાહાડીઆં કે તેને વખાતાં નાખવાં કે જે પસીનો પડીઓ હોએ તે સુકાએ અને સહવારે પાછાં પેહેરાવવાને કામ લાગે. ભીગેલાં કપડાં કદી પણ પેહેરાવવાં નહી. એમ નહી સમજવું કે જેવાં તેવાં-ભીનાં ઈઆ સુકાં કપડાં પેહેરાવીઆથી બચું ધરાઈને મજબુત થાએછે.

૧૭. જે કપડું ખરાબ થાએ તેને તરતજ બદલી નાખવાની જરૂરછે.

બચાને ઝાડો પીસાબ વારે ઘડીએ થાએછે તેટલા માટે અવાર નવાર કપડાં હાજર રાખવા જોઈએ. અને એક કપડું ખરાબ થઆથી બીજુ કપડું તરતજ બદલાવવુ જોઈએ.

બચાંને ઝાડો પીસાબ ઘણોખરો દીવસમાં ચોકસ વખતેજ થાએછે અને સાવચેત માએને જલદીથી માલમ પડશે કે તે કેઆરે બનશે અને તે વખત. બરાબર ધેઆનમાં રાખીઆથી ઘણાં કપડાં ખરાબ થશે નહી અને બચાંને પણ વધારે ઈજા ભોગવવી પડશે નહી. ઘણી વખતે માએ બચાને શીખવી સકશે કે ઝાડો તથા પીસાબની વખતે તેઓ કાંઈ પણ નીસાનથી જણાવે. લોકો વારેઘડીએ ફરીઆદ ઉઠાવેછે કે બચા ઝાડો પીસાબમાં ઘણાં મેલાં રેહેછે પણ તેઓએ જાંણવુ જે વાંક બધો માએનોજછે, જે બચાંને બરાબર વખતેજ ઝાડો તથા પીશાબ કરવાની આદત પાડેછે તેને આગલ ચાલતા તેવીજ ટેવ પડેછે.

## ફ્લાનેલનાં પોશાક વીશે.

હવે ફ્લાનેલના કપડાં કેવા અને સી તરેહના હોવાં જોઈએ તે અને તે પેહેરાવવાથી શું ગુણ થાએછે તે વીશે થોડાએક અગત જોગ વીચાર જણાવવા માગુછું.

૧. ફ્લાનેલ ઝીની હોવી જોઈએ. જાડી તથા ભારી નહી હોવી જોઈએ.

૨. હમેશ બને તાંહાં શુધી ફ્લાનેલ સફેદ વાપરવી જોઈએ.

સફેદ કપડુ વાપરીઆથી તે ઉપર જે મેલ વલગે તે જલદીથી માલમ પડી આવેછે અને તે તરતજ બદલવાને વીચાર આવેછે, રંગીન ફ્લાનેલ ઉપર મેલ પડેછે તે માલમ પડી સકતો નથી અને વલી તે છોહીની અને સારી મલતી નથી.

૩. ફ્લાનેલનો પોસાક મેલ ખાઉછે એમ વીચારીને ઘણું શુધી પેહેરાવી રાખવો નહી.

ફ્લાનેલના પુમરાંમા મેલ ભરાઈ રહીને પસીના સાથે મલીને કોહેછે અને તેથી ઘેરફાએદા થાએછે.

૪. નાહાના બચાંને ફ્લાનેલના પોશાકની ગરજછે કાંએકે તે આંગમાં ગરમી રાખેછે તથા આંગ થંડું પડવા દેતુ નથી.

બચુ મોહોટુ થઆ પછી ફ્લાનેલ જેમ ગરજ પડે તેમ વાપડવું.

૫. પશીનો પડીઆથી જે આંગ થંડુ થાએછે તે ફ્લાનેલના પોશાક પેહેરાવીઆથી થવું નથી.

૬. ગરમીની ઋતુમાં ફ્લાનેલનો પોશાક પેહેરાવવાની જરૂર નથી.

એ વખતે રેસમી કપડું પેહેરાવવું સારૂછે.

૭. જાંહાં ફ્લાનેલ સદે નહી તાંહાં પેહેરાવવુ પણ નહી.

કોઈ બચાંને ફ્લાનેલ પેહેરાવીઆથી કચવચ અને આંગ ગરમ અને લાલ થઈ આવેછે તાંહાં ફ્લાનેલ પેહેરાવવુ નહી.

૮. તાપનાં બચાંને ફ્લાનેલનો પોશાક પેહેરાવવો નહી.

તેથી ઉલતી આંગમાં તાપ વધેછે, ફ્લાનેલ નહી પેહેરાવીઆંથી બચાંને સરદી થશે એ વીચાર ખોટોછે.

૯. બચાંને ચાંમરી ઉપર ફ્લાનેલ પેહેરાવવુ નહી.

નીચે સુતરાઉ કપડુ પેહેરાવવાની જરૂરછે.

૧૦. રાતરે ફ્લાનેલ પેહેરાવવાની જરૂર નથી.

આવતી મંડલીમાં બચાંના ખોરાક વીશેની ઘણીજ અગતની બાબદ ઉપર ભાશાણ આપશુ.

# એક ભુતની વાત.

અમેરીકા ખંડમાં ણુકર નામના કસબામાં ૧૮૪૭ ના મેએ મહીનાની ૧૯ મી તારીખે એવો બનાવ બનીઓ કે તરણ જુવાન સખસો જેવો ઉંચા ખાનદાનના અને સગા હતા, તેઓ એક મુસાફરખાનામા સાથે મલીઆ અને રાત ઘણી તોફાંની હોવાથી ઠરાવ કીધો કે રાત તાંહાંજ*કાહાડવી, વાત લંબાવતાં છેલે તેઓ ભુતની વાતો ઉપર આવેઆ. તેઓ માહેલા બે જણે એવો વીચાર જણાવીઓ જે ભુત ખરેખર દુનીઆમાં છે પણ તેઓ માહેલો સઉથી નાહાનો તેનો ઈનકાર કરવા લાગો. એવી તકરારમાં તેઓ ગરમ થઈ ગએઆ અને છેલે એવી દરખાસત થઇ કે નાહાના ભાઈએ પાસેના ગામડામા એક ખાલી ઘર હતું અને લોકોનો એવો વીચાર હતો કે તાંહાં ભુત વસેછે તે ઘરમાં તેણે રાત કાહાડવી. નાહાના ભાઇએ એ વાત ઘણીજ હોંશથી કબુલ કીધી. સઘલી તઈઆરી કરીને તરણો જણે તે ઘર ભણી ગએઆ, એક કલાકમાં સુવાનો ઓરડો તઈઆર કીધો. પેલો નાહાનો જુવાન સગડી આગલ બાહાદુરીથી ઉભો રહેઓ—ટેબલ ઉપર ગોળીથી ભરેલી પીશતોલો ભરી તઇઆર કરી મુકી અને તેના બેઉ દોસતદારોએ એ વખતે તેની પાશેથી રખશુદ લીધી.

નજદીક રાતનાં ૧૧ કલાક થવા આવેઆ, તે જુવાન સખસે પોતાનો વખત કાહાડવાને એવો ઠેરાવ કીધો કે તેણે ગણીત સાસ્તરના હીસાબો કરવા. એ કામમાં ગુંથેલોછે તેવામાં બારણા આગલ કોઈનો ઠોકવાનો આવાજ આવેઓ, બારણુ ઉઘાડીઉં, તેણે પો

તાના દોસતદારોને જોએઆ, તેઓ એવે બાહાને પાછા આવેઆ કે તેઓ એવી દરખાસતથી ખચીત દલગીર થઆછે અને તે તેઓની સાથે પાછો આવે ઈઆ તેઓ તેની સાથે રાતે રેહ. પેલા જુવાન સખસે બારણા ની બાહેર આવીને તેઓને ખાતરીથી કહીઊં કે તેઓ એ તેને વીશે કાંઇ પણ અંદેશો રાખવો નહી, એમ સ મજાવીને તરણ મીનીટ. ઓરડાની બાહેર રહીને પા છો પોતાના ઓરડામાં આવીને કાંમે વલગીઓ.

મધરાતનો વખત થવા આવેઓ, તેના કાન ઊ પર કાંઈ આવાજ પડીઓ ? દાદર ઊપર કોઈનુ ચહડ તાં પગલું સંભલાએઊં અને તે સાથે એક હાએ મારતો આવાજ સંભલાઓ. જુવાન સખસ જરા મનમાં બી ધો પણ થોડા વારમાં સઘલુ સમાધાન થઈ ગએઊં, થોડા એક વારમાં ફરીથી પગલુ સંભલાઊં અને બારણા ત રફ જોતાં તેની ખીલી ખીસતી માલમ પડી અને બા રણુ ઊઘડીઊં.

બારણામાં એક તદન સફેદ પોશાક પેહેરેલો આકાર દેખાએઓ. તે જુવાન સખસ તરત ચોંકીને ઊ ઠીઓ, હાથમાં પીસતોલ લીધી અને બોલીઓ "નીકલ અહીથી! એ સઘલી હીકમતછે પણ સંભાલજે. હું એ વી બેવકુફીથી ડરવાનો નથી. એક પગલુ આગલ ભ ર અને હું પીસતોલ તારી તરફ શેડશ."

પેલા ભુતે એક મોહોટી ઊંડી હાએનો આવાજ કાહાડીને એક પગલુ આગલ ભરીઊં, પેલા જુવાન સખસે હાથ ઊંચાવીને પીસતોલ તેની ભણી શેડી. અજાએબ જેવું એ બનીઊ કે ભુતને કાંઈપણ લાગુ ન હી અને તરતજ એક બીજુ આગલ પગલુ ભરીઊં, પે લા ગરીબ બીચારા જુવાનથી ઘબરાટમાં કાંઇ બોલા ઈ સકાઇઊ નહી પણ બીજી પીસતોલ ઊચકીને શેડી, વલી તેથી પણ ભુતને કાંઇ નુકસાની થઇ નહી પણ તેણે હાથ ઊચકીને પેલાં જુવાન સખસના પગ ભણી (બે ગોલી જેથી પીસતોલ ભરી હતી તે) નાખી. પેલા જુવાન સખસની હીમત આવા ચમતકાર આગલ તકી નહી સકી, તે બેસુધ થઇને જમીન ઊપર પડીઓ. હુ સીઆર કીધા પછી માલમ પડીઊ કે તે બીચારાની મજખની આગરી ખીશી ગઈ હતી.

પણ એ ભુતનો ભરમ પછવાડેથી માલમ પડી ઓ. પેલા બેઊ દોસતદારોએ ભુતનો લેબાસ પેહેરી ને તેઓના ભોલા સોબતી સાથે મસકરી કરવાનો દેરા વ કીધો હતો પણ બીચારા તદન અંજાણા હતા કે તેનો એવો માઠો પરીણામ નીપજશે. બીજી વેલાએ જારે પેલા જુવાનને સમજાવા ગીઆ અને તે તરણ મીનીટ સુધી ઓરડાની બાહેર રહેઓ એટલામાં પેલી પીશતોલમાંની ગોલીઓ એકે છુપી રીતે કાહાડી લીધે લી અને તેથી જારે પીશતોલ શેડી તારે માતર અવા જ થએઓ. આ હીકમતની પેલા બીચારાને કાંઇ ખબ ર નહી તેથી પોતે શેડેલી પીસતોલ માહેલી ગોલી પો તાના પગ આગલ નાખેલી જોઇને બેસુધ થઈ ગએઓ અને તેનુ મજખ ખીશી ગઊં.

---

## બચ્ચાંની ગમતને વાસતે રમત.

"રમતીઆલને રમકડાથી રમાડો,
વીવેક વીચારે વધી આનંદ પમાડો."

મા બાપની ફરજછે કે બચાંની ગમતને વાસ તે તેઓને લાએકની રમત પુરી પાડવી; કે જેથી કં ઈ પણ નુકસાન વગર બચું પોતાનો વખત ગુજારે. નાહાનપણમાંથીજ જો બચાંનાં મનની વલાણપર ધી આંન આપતાં રહીએ, તો આગલ ચાલતાં મા બાપો ને જેટલી મેહનત પડેછે, તેનો સોમો ભાગ પણ નહી પડે. "કુમલું ઝાડ વાલેલું વલે," એ કેહવત જોકે આપણામાં ઘણીજ સાધારણ થઈ ગઈછે તોપણ તેની શચાઈ વીશે થોડાજ વાંચનારાઓએ ધીઆંન આપી ઊં હશે. દુનીઆમાં જે જે વખણાએલા મરદો ત થા જાણીતી ઓરતો થઈ ગઇછે, તેમાંનો ઘણોખરો મોટો ભાગ પોતાની માતાનો ઊપકાર માનેછે. કારણ કે તેઓની બુધીમાં વધારો થવાનું મુખીઅ કારણ ને ઓની માતાની દાહપણ ભરેલી માવજત હતી, વાસતે નાહાનપણમાં બચાં તરફ મા બાપ (તેમાં ઘણું કરીને મા ) જેટલું ધીઆંન રાખે તેટલું થોડુંછે. પછી તેઓ ને એમ પણ લાગે કે કેટલીક ચીજો નજીવી હોવાથી તેપર શેકટ વખત જાએછે, તે સુધાં જો તેઓ ધીરજ થી વીચાર કરશે તો તેઓની ભુલ તરત માલમ પડશે.

બચું જારે દાંત આવતી વખતે હેરાંન થાએ છે, તે વખતે જો તેને હાથીદાંનની કડી હાથમાં રમવા ને આપી હોએતો તે મોહમાં ઘાલી ચુંસી પોતાનો વ ખત ગુજારેછે. તેટલુંજ નહી પણ તેથી તેનાં વવર તા પારાને આરામ મલેછે. એ કડીને એક દોરીથી

બાંધીને આપવી જોઇએ; પણ ધીઆનમાં રાખવું કે તે દોરી રંગત નહી હોએ, કે જેથી તેનો રંગ બચાંનાં મોહમાં ઓગરે. એજ કારણસર રંગત આંગલીઊં અથવા બીજાં રમકડાં આપવાં ન જોઇએ. કુંચીનાં ઝુમખાથી, ઘુંઘરાથી તથા હરેક ચીજથી ખણખણતો અવાજ થાએ તેથી બચાંને મઝા લાગેછે વાસતે એવી ચીજ આપતાં તપાસ રાખવી કે તેવી ચીજો તીખાં લોહડાંની, વગર રંગનાં લાકડાંની તથા હાથીદાંતનીજ બનેલી હોવી જોઇએ. કેટલાંક બચાં પોતાનો ઘણો વખત કેરબાની તથા મણીની સેર લઈ ગમતમાં કાહાડેછે. ગલી શકાએ એવી નાહની ચીજ જો બચાંને આપવી પડેતો હમેશ તેઓને મજબુત દોરીથી બાંધીને આપવી જોઇએ. બચાં જારે બેસતાં તથા જરા સમજનાં થાએ તારે તેઓની પાસે રોંખેલા લાકડાંનાં કટકા મુકવા જેઓને તેઓ સેહલથી ગોઠવીને પાછા ઢોલી પાડે. તેઓને જુનાં પાનાં આપીઆ હોએતો તેઓ બહુ ખુશી થાએછે. મોટી મોટી કીમતનાં રમકડાં કરતાં એવી સાદી ચીજો થી તેઓને વધારે ગમત મલેછે. જુનાં નીઊસપેપર તથા નકાંમી ચોપડીઓ તેઓને ફાડી નાખવાને નહી આપવી જોઇએ કાંએકે તેવી ટેવ પડીતો નકામાં તથા ઊપીઓગી કાગલ વચે કંઇ તફાવત તેઓ સમજી શકવાનાં નથી.

તેઓ જારે ઊમરે જરા પોંહચતાં થાએ અને થોડાં સમજનાં થાએ એટલે હાથીદાંતના અથવા લાકડાનાં કટકા ઊપર મુલાક્ષરો કોતરી તેઓની સાંમને રમવાને મુકવું જોઇએ અને તેઓને જેમ અક્ષરો જાણવાની ખાએશ થાએ તેમ શીખવતાં જવું. તેઓ જેટલી વખત એક અક્ષર જાણવા માંગે તેટલી વાર જણાવવું, તેઓની શાથે ખીજવાઈ જવું નહી; તેઓને ઊતાવલે શીખવવાને ગોદ ગોદ કરવું નહી પણ તેઓની મરજી પરજ રાખવું. અક્ષરો એવી રીતે શીખી રેહ એટલે તેઓનાં નાહના નાહના શબદો ગોઠવવાને શીખવવું. જેમકે જે કટકાપર ક કોતરી ઓ હોએ તેની જોડે જે કટકાપર ર કોતરીઓ હોએ તે જો મુકીઓ હોએતો કર શબદ થાએ. એવી રીતે એક સબદ શીખી રહીઆથી બીજો શીખવવો. તેઓથી જરા મોટાં છોકરાં એવી રીતે તેઓને શીખવેતો ઘણુંજ સારૂં. કાંએકે તેઓનાં મન અને બચાંનાં મનમાં થોડોજ ફરક હોએછે તેથી તેઓએ કેટલીવાર એવી બાબદમાં ધીઆન રોકવું તે સેહલથી જાણેછે. તેઓ ગુસામાં હોએ તથા બીજી રમતમાં પડવાને માંગતાં હોએ તો કદી તેઓને જોર કરી શીખવવાની તજવીજ નહી કરવી જોઇએ.

કંઇ પણ બચું શીખીને પાધરો જવાબ દેતો તેને સાબાસી આપવી અને ચુંમી લઈ તેની પીઠ ઠોકવી. એવી રીતથી તેને હીમત મલેછે અને મેહનત કરી શીખી શાબાસી મેલવવાની તક શોધેછે. બેનજામીન વેસટને વાસતે એવુ કેહછે કે તે જારે નાહનો હતો તારે એક દીવસ પોતાની બેહન ઓરીમાં સુતી હતી તેની રખેવાલી કરતો હતો. ઊંગમાં બચું હસીઊં તે જોઈ તે પોતાનાં મનમાં એવોતો મઘન થએઓ કે કાગલ કલમ લઈ તેણે પોતાની બેહનનો ચીતાર પાડીઓ. તેટલા વારમાં તેની મા આવી લાગી; તે જોઈ તેણે ચીતારનું કાગલ છુપાવાની તજવીજ કીધી, પણ તેની માએની નજર પડવાથી તેને પુછીઊં કે એ શુંછે. તેણે ઘબરાઇને માફ માંગી અને પેલું ચીતર દેખાડીઊં. તેની મા તે જોઇને ઘણી ખુસી થઇ અને તેને ચુંમી લઈ સાબાસી આપી. તે દીવસથી તેણે ચીતારનાં કામમાં ધીઆન આપીઊં અને પછવાડે પરખીઆત થએઓ તારે તે બોલતો કે "મારી માની તે ચુંમીથી હું ચીતારો બનીઓ."

બચાંને વાંકને માટે સજા કરવાને બદલે તેનાં ગુણને માટે વખાણ કરવાની ચાલથી વધારે ફાએદો થાએછે. ટપકાથી તે હીમત છોડી દઈ નાશીપાસ થઈ જાએછે અને ખોટું કામ કરવાને અચકાતું નથી. પણ જો તેને સારા કાંમને વાસતે સાબાસી આપીતો ફરીથી સાબાસી મેલવવાની તજવીજમાં રેહછે.

બે તરણ વરસનું બચું થએઆ પછી તેને જનાવરોનાં તથા એવાજ બીજા ચીતારોથી રમુજ આપવી. એવા ચીતારો તે વખતે તેઓને પસંદ હોએછે તેથી સંભાલીને તેઓનું ચીતારની મદદથી ગ્નાન વધારવાની કોસેસ કરતાં રેહવું. ચીતારોનાં કદ તથા આકાર ખુદરતથી ઊલટા હોવા ન જોઇએ. જો એક ચીતાર હાથીનો નાહના કદનો પાડીઓ હોએ અને ઊંદરનો પણ હાથીનાં જેટલાંજ કદનો પાડીઓ હોએ તો બચું ભુલ કરેઆ વીનાં રેહ નહી માટે તેની પણ સંભાલ રાખવી. વલી ચીતરો શાના શાનાછે તથા

તેઓનાં ગુણ, રેહઠાણ ઈતીઆદી વીશે થોડું થોડું ગ્ના ન આપતાં જવું. બચ્ચું જેટલું જાણવાને ખુશી હોએ તેથી વધારે જણાવવાની તજવીજ કરવી નહી. આપણી મતલબતો એટલીજ હોવી જોઇએ કે તેઓને અવલોકન કરવાની તથા પુછપરછ કરવાની ટેવ પડે.

બચ્ચાંઓને પોતાને હાથના બનાવેલાં રમકડાંથી ઘણી ગમત મલેછે. તેમજ બનાવતાં તેઓનો વખત રોકાએછે. વાસતે એ ખેવડાં કારણસર જેમ બને તેમ તેઓ પોતાને હાથે રમકડાં બનાવે તેવી રીતે તેઓને શીશકેરવું. મેં ગામડામાં બચ્ચાંઓને પોતાને હાથથી બનાવેલી રમતથી ગમત કરતાં જોએઆંછે તેમ મુંબઈમાં મારા જોવામાં આવતું નથી. તેઓ કામઠાં લઈ ગાડી બનાવેછે અને વાડમાંથી કાંટા કાહડી ગાડીના કામમાં ખીલાની માફક વાપરેછે. વલી ખાલી લીલાં નલીએરના કોટલાંને કામઠાંના પગ જોડી ઘોડા બનાવેછે. ઝાડના ડીડવાને કાંટા ભોકી ગાએ બનાવે છે. એ શીવાએ કામઠાંની તથા બીજી તરેહવાર ચીજોની રમતો બનાવી પોતાનો વખત ગમતમાં કાહાડે છે. બચ્ચાંને સલેટપર પેનશીલથી રમકડાં પાડવાની ખુશી લાગેછે વાસતે તેઓને ખરા આકાર પાડવાને ચેતવણી આપવી જોઇએ. એ શીવાએ કાગલનાં વાંહણ અને બીજી જાતના રમકડાં તેઓને હાથે બનાવે તો ઘણુ સારૂં.

કાગલને કાપીને તેનાં તરેહવાર આકાર બનાવવાની રમુજ પણ સારીછે. કોઈ વખતે દોધીની છાલનો પણ એવોજ ઊપીઓગ બચ્ચાંઓ કરેછે; તેમાં મા બાપે બનેતો જેમ બને,તેમ કુદરતને મલતા આકાર કાપવાને શીખવવું. બચ્ચું કાતરને કામમાં લેવાને શકતીવાંન થાએ તોપણ જે કાતરની અણી ગોલ હોએ તે કાતર હાથમાં આપવી. એક છોકરાને વાસતે કેહછે કે તે બે વરસથી છ વરશનો થએઓ તેટલામાં તેણે કાતરનો એટલોતો ઊપીઓગ કીધો હતો કે પાંચ છ કાતર ઘસાઇને નકાંમી થઈ પડી હતી. વલી તે તરેવાર દેખાવનાં એવાતો સરસ આકાર વગર દીલે અને જરા વીચાર કરીઆ વગર સેહલથી કાપી શકતો હતો કે આપણે હેરત પાંમીએ. તારપછી તે જુદાં જુદાં રમકડાં બંનાવવાને શીખીઓ તે એટલાં સુધી કે તેનાં,મા બાપ જે ગરીબ હાલતમાં હતાં તેઓને પોતાનાં નીરવાહમાં રમકડાનાં વેચાંણથી આશરો મલતો હતો.

વલી બચાંને ઢીંગલી આપી હોએતો તેની સાથે પોતાનો વખત સારી રીતે ગુજારેછે. ઢીંગલીને વાસતે કપડાં પોતાને હાથે બનાવવાની કોશેશ કરેછે, તેને પીઆરથી ચાહેછે; અને બીજા તરેહવાર રીતનાં નીરદોશ ચાલા કરેછે. કેટલાકોનો હેવો વીચારછે કે ઢીંગલી જેવી ચીજ બચાંને આપવી નહી જોઇએ તેથી કરી બચાં જીવ વગરની ચીજ ઊપર ખોટો પીઆર રાખવાથી ખરો પીઆર ભુલી જાએછે. પણ એ મત પસંદ કરવા જોગ નથી. જોકે નજીવી ચીજપર હાવું હેત રાખવું ખોટુંછે, તોપણ તેથી બચાંનો વખત સારી રીતે જાએછે. મીસ હેમીલટન એક છોકરી વીશે કેહછે કે તેનો પગ કાપી નાખવાની ફરજ પડી હતી તે વખતે તે છોકરી પોતાની ઢીંગલી ગોદમાં લઈ પડી રહી અને પગ કાપતી વખતે દુઃખનું કંઈ પણ ચીનહ બતાવીઊં નહી. ડાકટરે પગ કાપી રહેઆ પછી મશકેરીમાં પેલી છોકરીને કહીઊં કે "ચાલો, હવે તમારી ઢીંગલીનો પગ કાપીએ," તે સાંભલીને પેલી છોકરીને ઘણુંજ રડવું આવી ગઈઊં. પોતાનાં દુઃખનો વીચાર ન કરતાં તેને પોતાની ઢીંગલીનાં દુઃખ વીશે ઘણું લાગીઊં.

બચાંને જનાવરો સાથે રમવા દેવું. પણ જે જનાવરને પાંજરામાં બંદીખાને નાખીઊં હોએ તેથી સુખ મલે એવી આશા રાખવી નહી. સરવેને છુટ પીઆરીછે; પછી શું માણસ, પસુ કે પંખી; બચાં પાસેજ તેઓને ચારો નખાવવો, દાણા અથવા ખોરાક અપાવવો તેથી તેઓ કાંમનું કામ કરેછે અને વલી પોતાનો વખત રમુજમાં કાહડેછે.

બચાંઓને બાહાર દોડી રમત કરવા દેવાં જોઈએ જો બાગ બગીચા પાસ રેહતાં હોઈએતો ઝાડને પાણી સીપવાને, જમીન ખોદી બી નાખવાને, નીદવાને, તથા એવીજ બીજી રીતે રમુજ કરવાને બચાંને ટેવ પાડવી જોઈએ. બાહરની એવી રમુજથી તંદરોસતીમાં અતીશે ફાએદો થશે.

છોકરીઓ પાંચ છ વરશની થઈ કે તેઓને શીવવાનુ આપવું જોઈએ તે એવું કે તેઓને તેથી રમુજ મલે અને પોતાના પેહરવાસને લગતું કામ કરી શકે.

જેમ જેમ તેઓ મોટી થતી જાએ તેમ તેમ તેઓને પોતાની સંભાલ પોતેજ રાખે એવું શીખવવું જોઇએ.

એ શીવાએ તેઓ બીજાને કેવી રીતે મદદ કરી શકે તે પણ જાણવાની ટેવ પાડવી જોઇએ. "હું કઈપણ શારૂં કરી શકીશ, કાંએ માએજી ખરૂં કે નહી?" એવી રીતનો સવાલ તેઓ તરફથી ઘડી ઘડી નીકલે તેવી ઊસકેરણી કરવી જોઇએ અને બીજાઓપર તેઓએ કેવો ઊપકાર કરયો તેની સલાહ આપવી જોઇએ.

એ શીવાએ બચાંને કઇપણ નવી ચીજ વીશે ગનાન આપતાજ રેહવું. કોઈપણ બીના ગમે તેવી વગર કામની લાગે તોપણ તે વીશે વગર અડચણે જો ગનાન મલતું હોએતો તે ખચીત મેલવવું જોઇએ. કાંએકે આગલ ચાલતાં આપણી શી અવસથા થશે તેનો આપણીથી કઈપણ રીતે વીચાર થઈ શકતો નથી. વીદીઆ ચાલીઆશ વીશે, તેમજ રાંધવા, સીવવા વીશે, તેમજ મોચી, સુથારના કામ વીશે, વકીલાત વીશે, અને ગમે તેવાં નીચાં કે ઊચાં ગનાન વીશે ખોલ કરી શમજી લેવું જોઇએ

એવી રીતે બચાંપર પુરતું ધીઆન જો માતાપીતા આપેતો આપણા લોકનો દીવશ એકદમ ઊંગડે એમાં કઇપણ સંદેહ નહી.

---

## હવા—તેનું અચરત શરીખું વજન.

જારે એવું સાબેત થએઊછે કે હવા કાંઇએક ચીજ છે, તાંરે દરએક ચીજની માંફક તેને વજન હોવો જોઇએ. હવે આપણે એ વજન છે કે નહી તે તપાસીએ.

૧ લું. જો એક બાટલી લેઇએ જેમાં બે પેંટ અથવા શેર ભર હવા સમાઈ શકતી હોએ તેમાંની હવા તદન ખાલી કરી નાંખીએ, (હવા ખાલી કરવાને માંટે એક શાંચો આવેછે જેને "એરપંપ" કેહેછે તેની મદદથી હવા તદન ખાલી થઈ સકેછે,) અને પછે જો તેનુ બરાબર વજન કીધું હોએતો તેનાં આગલનાં વજન કરતાં ૧૬ ગરેન હલકી માલમ [illegible]રંગ ભર હવાનો વજન ૧૬ ગરેનછે/ [illegible]નીશીં પીનુ વજન ૧૪૬૨૦ ગરેન [illegible] અને બચત લ થાએછે. એ ઊપરથી માલમ પડેછે કે પાંણી કરતાં હવા ૯૧૩ઘણી હલકીછે. જો હવાને વજન હતે નહીતો બાટલી જોખમાં બંધે વખત શરખીજ થતે, પણ હવાને વજન હોવાને લીધેજોલમાં ફેરફાર થએો. હવાને વજનછે એવું શાબેત થએઊ માટે આપણને જોવું જાઇએ કે એ વજન દુનીઆંની સપાતી અને તેમાંની વસતુઓ ઊપર કેવું અને કેટલું દબાંન કરેછે.

હવાનો બોજો જમીન ઊપરની દરએક ચીજની સપાતી ઊપર દરએક ચોરસ ઈંચે પંદર રતલ પડેછે એવું ગણતરીથી શાબેત થએઊછે અને તેનો અખતરો હમો નોચે આપીએ છઇએ.

તરણ ફીટ લાંબી એક કાચની નલી સેવી જેનો એક છેડો તદન બંધ હોએ અને બીજે છેડેથી ઊઘાડી હોએ તેમાં ઊપર સુધી પારો ભરવો અને બીજાં એક પોહોરાં વાસનમાં પારો ભરી આસતેથી પેલી નલીને ઊઘાડે છેડે આપણો અંગુઠો બરાબર દાબી હવા ન હી જાએ એવી રીતે પેલાં બીજાં વાસનનાં પારામાં મુકવી અને પછે આપણો અંગુઠો દુર કરવો. એમ કીધાથી માલમ પડશે કે પેલાં પોહોરાં વાસનમાંનાં પારાની શપાતીથી પેલી નલીમાં ફકત ૨૯ાા ઈંચ સુધી પારો રેહશે અને બાકીનો પોતાની મેલે નીચે જશે. એનુ કારણ માતર એટલુંજ કે પેલાં વાસનમાંના પારાની સપાતી ઊપર જેટલું હવાના બોજથી દબાંન થાએ છે તેનાં પરમાંણ પરમાંણે પારો ઊંચે ચહડી રેહેછે. એ નલીમાંનાં પારાને ઊપરથી હવાનું કાંઇબી દબાંન થતું નથી કેમકે નલી મથાલેથી બંધછે અને પેહલાં નલી પારાથી છેકવેર ભરી નાંખેલી તેથી તેમાં હવા મુતલગ રેહેલીજ નહી. જો નલીને મથાલેથી ઊઘાડી નાંખીએતો તેજ વખતે તેમાંનો પારો નીચે ઊતરી પડશે. પણ જેવારે ઊપરથી હવાનું દબાન મુલગી થતું નથી તેવારે નીચલાં દબાનનાં જોર પરમાંણે પારો ગણની બરાબર ચહડી થંબ રેહેછે. એટલા માટે હવાનું દબાંન જમીનની સપાતી ઊપરની સરવે જગામા ૨૯ાા ઈંચ ઊંચાઇનાં પારાનાં જેટલું થએશે.

હવે આટલુંતો શાબેત થએઊ કે ૨૯ાા ઈંચ ઊંચાઈએ અને એક ઈંચ જાડાઈનાં જેટલો પારો ૧૫ રતલ વજનમાં થાએછે અને તેટલીજ જગામાંની હવાનું વજન પણ એટલુંજ થાએછે તે ઊપરથી ખોલી રીતે માલમ પડેછે કે જમીનની સપાતી ઊપર દરએક

ચોરશ ઈંચે ૧૫ રતલનો બોજ હવાથી થાએછે. એજ ગણતરી ઊપરથી પારાની શીશી બનાવી લોકો હવાનો ફેરફાર જોવા કાંમે લગાડેછે અને એજ ગણતરી અને શીશીથી દરીઓ ખેડનારાઓ હવાનો ફેરફાર જોઈ પોતાનાં જાન માલની સંભાલ લેઇ શકેછે નહીતર હવાનો ફેરફાર ઈઓને તોફાંણ અને સમાંધાંની નહી માલમ પડતે પછે તેઓ શાવચેતી કાંહાંથી અને કેમ રાખી શકે?

જો ઊપલોજ અખતરો પારાને બદલે પાણીથી કરવો હોએતો તેને માંટે છતરીશ ફીટ લાંબી નલી જોઈએ, અને તે ઊપરથી માલમ પડશે કે હવાનાં દબાનથી પાણી બતરીશથી તે તરીશ ફુટ શુધી ઊંચાઈએ ચહડી રેહેશે. આ દીકટ અને ખરચાલો અખતરો કોઇ કરતું નથી પણ ૧૬૪૭ માં નામીચા પાસકલે નારમંદીમાં કીધો હતો.

જારે જમીનની સપાતી ઊપર દર ચોરશ ઈંચે ૧૫ રતલ હવાનો બોજ પડેછે તારે આપણી પોતાની ઊપર તેજ ગણતરીથી કેટલો પડે તે ગણીએ.

જો માણસનું શરીર શરેરાશ પંદર ચોરશ ફુટનું ગણીએ (જે ઘણું કરીને તેમજ હોએછે) અને આપણી આગલી ગણતરી પરમાંણે દરએક ચોરશ ફુટે હવાનો બોજ ઈઆ દબાંન ૨૧૬૦ રતલ થાએછે તો પંદર ચોરશ ફુટ જે માંણસની બાહેરની સપાતી ગણવામાં આવી તેની ઊપર ૩૨૪૦૦ રતલ અથવા ચઊદ ટન, અથવા ભારી માલ ઘસડી જનારા ચઊદ ગારામાંનાં માલ જેટલો બોજ પડવો જોઈએ. આ બોજ આપણ દરએક મધીઅમ કદનાં માંણશોની ઊપર પડેછે. એ બોજ આપણને એક બોલ બોલતાં કચડી નાંખે પણ તે અપાર મેહરબાનીનાં શાહએ તેની રચનાં એવીતો નાદર કીધીછે કે તેથી આપણને એ બોજ બીલકુલ માલમ પડતો નથી. કારણ માતર એજ કે એ દબાંન અથવા બોજ શરવે તરફથી, ઊંચેથી નીચેથી તેમજ બધી બાજુએથી એકશરખો પડેછે તેથી અને આપણાં શરીરની અંદરની હવા જે તેટલાજ જોરથી બાહેરની હવાનાં બોજને દબાંન કરેછે તેનાં સબબથી આપણને તે મુલગી માલમ પડતું નથી.

જો આપણે એક કાચની પોકલ મોટી નલી લેઇએ જેનાં બેઊ છેડા ઊઘાડા હોએ અને તેને એક છેડે બકરાનાં ફુકાનું ચાંમડું બાંધીઊં હોએતો તે કવચીત ફાટનાર નથી કેમકે જેમ ઊપરથી તેની ઊપર હવાનું દબાંન થાએછે તેમજ અંદરની હવાનું પણ દબાંન ચાલુજછે તેથી શરખું દબાંન રેહેછે. પણ જો તે નલીમાંની હવા, હવા કાહાડી નાખવાનાં શાંચા વતે ચુશી લીધી હોએ અને બરાબર બંધ કરીએતો પછે મેલો ફુકો હવાનાં ઊપરનાં દબાંને કરી જલદીથી ફુટી જશે. એટલા ઊપરથી આપણી ખાતરી થાએછે કે બધેથી શરખું હવાનું દબાંન હોએ નહી તો પછે આપણાંથી જીવાએ પણ નહી.

ઘણીવાર હવામાં ફેરફાર થવાને લીધે આપણી હવાનાં વજનની ઊપલી ગણતરીમાં ફેર માલમ પડશે અને એવા ફેરફારને લીધેજ ઘણીવાર દરદી માંણશોને ખમવું પડેછે. જેઓને દંમ અથવા હાંફણનો મરજ હોએછે તેઓને હવા જારે હલકી હોએછે તારે દરદનું જોર વધારે માલમ પડેછે કેમકે જેમ હવા હલકી થાએછે તેમ તેમાંની કમાંનીઅતની ખાશીઅત ઓછી થાએછે અને તેથી જારે તે દંમમાં જાએછે તારે ફેફસાને બરાબર ઊપસાવી શકતી નથી.

હવા ઘણું કરીને વરસાત અને ધુમસની રૂતુમાં જારે વાદલાં છેક નીચે આવેછે અને પાહડ અને ટેકરીઓ ધુમસથી ધંકાઈ જાએછે તારે હલકી હોએછે. એ વખતે શરવેને હવાનાં કમતર દબાંનને લીધે થોડીઘણી થાક અને સુસતી લાગેછે અને જીવ જરાક ઊદાસ હોએ એવું માલમ પડેછે. શરીરનાં શાંધા ઢીલા પડી ગએલા લાગેછે. માસનાં ગોલાઓનું ટુંકા અને લાંબા થવાનું જોર કમતર થાએછે અને લોહીનું ફરવું મંદ અને સુસત થાએછે જેથી ઘણીવાર માંથુ દુખવા માંડેછે, તાવ આવેછે અને શરીરમાં બીજી તરેહવાર અંકચણો અને આલશાઈ થાએછે. પણ તેથી ઊલટું જારે હવા ભારી હોએછે અને વાદલાં જારે ઊંચે ચહડેછે અને ખોલો દેખાવ આપેછે તારે હવાનાં વધુ દબાંનથી શાંધાઓ અને રગો મજબુતાઈ પકડેછે. લોહી રગોમાં જોરથી ફરવા માંડેછે અને તેથી આપણે હલકા અને ચપલ થઈએ છઈએ અને જીવની ઊદાસી અને બેચેની ઊડી જાએછે અને આશપાશનાં દેખાવથી ખુશ રહીએ છઇએ.

હવે આપણે દુનીઆંની શપાતી ઊપરની આખી હવાનાં દબાંનની ગણતરી કરીએ. આપણી દુ

નીઆની શપાતી નજદીક ૨૦૦૦૦૦૦૦૦ ચોરશ માઈલની ગણીઆમાં આવેછે; દરએક ચોરશ માઈલનાં ૨૭૮૭૮૪૦૦ ચોરશ ફીટ હોએછે; હવે એ બે રકમને ગુણીઆથી ૫૫૭૫૬૮૦૦૦૦૦૦૦૦૦૦ ચોરશ ફીટ થએઆ. હવે દર ચોરશ ફીટે ૨૧૬૦ રતલનું હવાનું દબાંન હોએછે તેથી આ બે નીચલી રકમને ગુણીઆથી ૧૨૦૪૩૪૬૮૦૦૦૦૦૦૦૦૦૦૦ રતલનું હવાનું દબાંન આખી પુરૂથવીની શપાતી ઊપર થએગીં. હવે આ ઊપલા આંકડાઓ ઊપરથી કોઈબી વાંચનારનાં ધેઆનમાં ગણતરી આવી શકશે નહી તેથી એ આંકડાની એક જુદીજ મીશાલ આપી આખી પુરૂથવીની શપાતી ઊપર હવાનું કેટલું વજન પડેછે તેનો ખીઆલ આપીએ છઈએ.

જો ૧૯૦ માઈલ ઘેરાવાનો અને ૬૦ માઈલ વીઆશનો એક સીસાંનો ગોલો લેઈએ અને તેને એકાદ તરાજુમાં એક બાજુએ મુકીએ અને આખી દુનીઆંની શપાતીપરની હવાનાં દબાંનને બીજી બાજુએ મુકીએતો ઘણું કરીને બંધે એકશરખાં થાએ. હવે તે કામેલ કીરતારની શકતીનો, તેનાં અપરમપાર દાહાપણનો અને તેની માએઆ અને મેહરબાંનીનો કીઆસ કરો કે તેણે આ જગતમાં સું ઓછી કારીગરી અને ખુબી દેખડાવીછે.

હજુર હવાનાં વજન અથવા દબાંન વીશે બીજુંઘણું જાણવું બાકીછે તે બીજી જોગવાઈએ શમજાવશું.

---

## સારીની સોર—પરબીડું અથવા ઢાંકણ.

પરબીડું અથવા જેને પરબીડીશ કરીબી કહેછે તેથી વાંચનારી ઘણીખરી બાઇઓ અણજાની નહી હશે. જેહારે આપણે દોસત આસનાવ અને બીજાઓને કાગજ લખીએ છઈએ અને તેને એક કાગલની કોથલીમાં નાખી પછે બંધ કરી તે ઊપર શરનાંમું કરીએ છઈએ તે કોથલીને પરબીડું કહેછે. એનો ખરો અરથ જોઈશુંતો કોઈબી ચીજની ઊપર બીજું પર કરવું, લપેટવું અથવા ઢાંકણ કરવાનો થાએછે. માંણશ પોતે પણ પોતાનાં શરીરની ઊપર વસતર, પોશાક અને જાત જાતનાં સવભાવોથી ઢાંકણ અને પર કરેછે. એ રીતે જોતાં દરએક માંણસ પાસે તરેહવાર જાતનાં ભપકાદાર અને ઠગારા પરબીડાં હોએછે જેની અંદર હજારો એબ તે ઢાંકી નાંખેછે. કેટલીકવાર બઈરાંઓ સારીની સોર છેક મોહડાં વેર તાંણી પોતાનાં ચેહરાની એબ છુપાવવા અથવા ખોટી નમનતાઈ બતલાવા માંગેછે તે પણ એક જાતનું પરબીડુંછે. આ બધી જાતનાં પરબીડાં વીશે લખવાને હમારી પાસે જગા નથી તેથી તેમાનાં થોડાંએક વીશે બોલવા ઇંછીએ છઈએ.

પેહલ વેહલાંતો ભલમણસાઇ અને તાજીમ તવાજનું પરબીડું આપણે ઊખેડી જોવું જોઈએ. કેટલી વાર લગણસરામાં તેમજ તેવીજ બીજી મીજલશોમાં આપણી શુનાંબાઈ અને આવાંબાઇઓ બીજી બાહેરની શહીઓ આગલ કેવી નરમ રીતે હસીને મુખડે વાતો કરેછે અને જાને નમનતાઈ અને ભલમણસાઈથી ગોએઆ તેવો એક કદંમ પણ દુર હોએ નહી એવું દેખાડેછે! પણ જો તેવોને ઘર સંસાર અને કુટંબપરીવારમાં જોએઆં હોએતો હલીમલીને ચાલવાની બાબદમાં જાણે એક ગેધાં શરખાં નજેરે પડેછે. કુંટુંબમાં કાંઈબી ચીજથી તેઓને ખુશાલી પેદા થતી નથી. નજીવી બાબદમાં પણ તેઓનો મીજાજ જતો રેહેછે—વાઘની માફક બરાડેછે અને બીનતકશીરવાર વહુઓ અને છોકરીઓને ધ્રુજાવી નાંખેછે. પણ એજ બાઈઓને મંડલીઓમાં જોવો—તેવો ઘણા ખુશ મીજજનાં, ઊપકાર કરનારાં અને બધી રીતે ઠંડી તબીએતનાં હોએ એવો દેખાવ આપશે. આ રીતે તેવોની ચાલ ઊપર પરબીડું કરી બરાબર મોહોરબંધ કરેછે જેથી અંદરખાંને શુંશું છે તેની કોઈને ખબર પડતી નથી.

ભપકાદાર મીજલશોની અંદર માંણેકબાઈ અને શીરીનબાઈ જે મોતીની બાંગરી—શુનાંની શુંગરી—હીરા માંણેકની વીંટી અને તેવીજ કશબી સારીઓ પેહેરી આવેછે તેને જોઈ રૂપાંબાઈ તથા બચુબાઈઓ પેલીઓની મોહોટાઈ અને શુખ વીશે કેવી શુપચુપ વાતો ચલાવેછે, પણ તેઓને થોડીજ ખબરછે કે માંણેકબાઈ અને શીરીનબાઇએ એ જણશો મેલવવાને તેઓનાં ગરીબ ભરથારો શાથે કેટલી પંચાતી, કેટલી હુજત અને કેટલો કંકાશ કીધોછે. તેઓને થોડીજ ખબરછે કે આ સંઘુ ઘરેણું ગાંઠુ પેહરી આવવાની આગમચ ઘરમાંથી નીકલતાં શાશુ અને શા

તાઓ શાથે તેઓને કેટલી વહરવાદ અને કેટલી તાંણાંજાંની શાંભલવી પડીછે. આ જાતનુ પરખીડું ઘણી બાઇઓ વાપરેછે.


શહી મીતીઓ પાશ અને જાહેર મીજલશોમાં પોતાની ઓલખાનવાલીઓ પાસે કેટલીક શાશુઓ અને કેટલીક વહુઓ ઘરબારની નીંદા કરેછે અને તે વખતે પોતાનો વાંક છુપાવવા અને શાંબાની તકશીર બતલાવવા મોહડાં ઊપર કેવી તરેહ તરેહની શોર તાંણેછે ઈઆને ખોટા દેખાવ આપેછે કે જેથી શાંભલનારાઓનાં દીલમાં તેની વાત ખરીજ લાગે. કેટલી બાઈઓ એવી ખોટી શોર તાંણી પોતાનાં શુવા બેશવાની અને ભરથાર વીશે નાંગી વાતો કરેછે અને તેને હલકા પાડેછે અને પોતાની ખરાબીનુ મુલ પોતેજ થઈ પડેછે ?

આશીદોશાં અને શુનાંમાશીઓ ખોટી શોર તાંણી શીખેલી મેહરબાઈ અને જરબાઇની નીંદા અને બદગોઈ કરી તેઓ અધરમીછે અને અડકાએલું ચોખું જરા શાચવતાં નથી એવું બોલી પોતે ધરમીછે એવું કેટલીવાર દેખડાવેછે? અને ખરૂં જોશોતો પોતે આખા દાહાડામાં ઈશવરને એક વખત પણ બરાબર ઈઆદ કરતાં નહી હોએ.

રતનબાઈ અને ખરશેદબાઈ મતરાઈઓ પોતાનાં શાવકાં છોકરાંને તેઓની પોતાની માંએ બરાબર ચાહેછે અને તે તરીકેની શરવે ફરજો અદા કરેછે એવું દુનીઆંને કેટલીવાર દેખાડેછે? પણ બાતેનમાં જોઈએતો તેવાનો દેખાવ ઓરજ તરેહનો માલમ પડેછે અને આ ખોટી શોર તાંણી મનુશજાતને તેમજ ઈશવરને ઠગેછે.

આ ઊપલી કીશમનાં અને બીજાં તેવાંજ દેખઇતાં શુંદર પરખીડાં જેની ઊપરનું શરનામું જોઈ કોઈબી ઠગાએ તે ઘણાંએક લોક વાપડેછે પણ અંતે તેનુ ફલ ખોટુંજ નીપજેછે. જેવા બાહેરનાં અલુશણ અને દેખાવ તેવાજ અંદરનાં પણ રાખવા જેથી રોજે કેઆમતને દાહાડે તેજ, રૂપ, રંગ શાથે ઈશવર શન મુખ ઊબાં રહી શકીએ.

# પાંણીનો વંટોલીઓ.



વટોલીઆ બે રીતના થાએછે, એક જમીન ઊપર અને બીજો શમુદરમાં થાએછે વટોલીઓ એટલે શું ? કોઈ ખુદરતના શંજોગથી હવાનો કેટલોએક ભાગ એકાએક ગોલને ગોલ ફરેછે અને તે હવા ફરતી ફરતી છેક ઊનચે શુધી જાએછે. એ વટોલીઓ કેહવા શંજોગથી બનેછે તેનુ ચોકશ કારણ હજુર શુધી માલુમ પડીઊં નથી તોપણ હેવું માંનવામાં આવેછે કે હવામાં વીજલીના ગુણની ઇલેકટરીસીટીનો એકાએક વધારો થાઈ આવેછે અને તેથી એ વટોલીઓ બનેછે. જમીન ઊપરનો વટોલીઓ અલબતાં ઘણાઓના જોવામાં મેદાંન મધે આવેઓ હશે. એ વેલા જમીન ઊપરની ધુલ એક ગોલ આકારમાં છેક ઊનચે ઊડેછે, અને તે ગોલ હાંમલાની મુઆફેક આંનીગમથી પેલીગમ ફરેછે. એ વટોલીઆની વચે કાંઈબી ચીજ આવેછે તો તેનેબી ધુલની શાથે ઊપર ઊંચકી લીએછે. મેદાંન મધે ધોબીગટ ઊપર ધોબીઓએ શુકાતાં મુકેલાં કપડાં કેટલીએક વેલા ઊંચકાઈ ગએલાં માલુમ પડેઆંછે. આ લટા ઊપર વટોલીઆનુ જોર કમતર હોવાને લીધે માતરે ધુલ અને કપડાંજ ઊનચે ચહડતાં જોવામાં આવેછે પણ જાંહાં વટોલીઓ જોરમાં થાએ છે તાંહાં ઘેરનાં છાપડાં અને જુફડાં ઊંચકાઈ જાએછે.

પાંણીનો વટોલીઓ બીજીજ રીતનો હોએછે, એ વટોલીઆથી શમુદર મોંહેલું પાંણી ગોલ હાંમલાના આકારમાં આકાશ શુધી ઊનચું જાએછે. વટોલીઆ હવાનાં જોરથી થાએછે અને જેહવી હવા જમીન ઊપર હોએછે તેહવી સમુદરની શપાટી ઊપરબી હોએછે, તેથી એ બેઊ વટોલીઆનાં ગુણ અવગુણ એકજ શરખાં હોએછે, ફરક માતરે એટલોજ કે જમીન ઊપર ધુ

લ ઇઆ બીજી અપરવાહી પદારથોને ઊંચકેછે અને શમુદરમાં પરવાહી પદારથ ઈઆને પાંણીને ઊચકેછે. જમીન ઊપરનો વરોલીઓ ધુલના ઊડવાથી કંટાલા ભરેલો દેખાવ આપેછે પણ પાંણીનો વરોલીઓ દુરથી ઘણો અજાએબ જેહેવો લાગેછે. પાંણીના વરોલીઆમાં પાંણી ઊનચે ચહડતી વેલા, તે પોકલ નલાની મુઆફેક હોએછે અને હેવો વરોલીઓ થતો વેલા વાંહાંણ વાલાઓ ઘણી ચોકાશી રાખેછે કેમકે જો તેની વચે કોઈ બારકસ આવી જાએછે તો તેને ચકરી ખવાડીને પાંણીમાં બેશાડી મેલેછે, માટે વાંહાંણ વાલાઓ જારે દુરથી હેવો વરોલીઓ જોએછે તારે પોતાના બારકશને જેમ બને તેમ તેથી દુર રાખવાની કોશેશ કરેછે તે છતાં ઘણી વેલા ઘણા માઠા બનાંવો બનેઆછે.

જે જગો ઊપર પાંણીનો વરોલીઓ થાએછે તેની ઊનચાઇએ શીહા વાદલ થાઈ આવેલું જણાએછે, તે વાદલાં કાંઈ નહી પણ પેલાં ઊનચે ગએલાં પાંણીનો જમાવ હોએછે. શમુદરની નજદીકમાં આવેલા પાહાડોનાં મથાલાં ઊપરથી હેવી રીતે વરોલીઆનાં પાંણીનો જમાવ થાએછે અને જારે તે વરોલીઆનુ જોર નરમ પડી જાએછે તારે તે જમાવ થાએલું પાંણી ઘણા જોર શાથે પડેછે જેથી પાહાડો ઊપરથી મોહોટા પથરો પણ ઘસડાઈ આવેછે. ઈઊરપમાં એક નાંકની ખીણની વચે એક પાહાડ આવેલોછે જેનાં મથાલાં ઊપર કાંઈ નહી પણ ઝીના ગોલ પથરોછે તે પાહાડ ઊપર એકવાર પાંણીના વરોલીઆથી ઊનચું થએલું પાંણી પડીઊં, તે પાંણીનું જોર એટલુંતો મોહોટું હતું જે તે પાંણી સાથે ઘશડાઈ આવેલા પથરોથી પાશે આવેલું એક ગાંમડું ભરાઈ ગએઊં અને તે માહેલાં જુપડાંઓ તથા જાહાડો ઢંકાઈ ગએઆં તથા અનાંજનાં ખેતરોનો ઘાંન વાલી નાંખેઓ. પથરોનો દરંગ એટલોતો ઊનચો ગએઓ કે જુપડાંઓનાં છાપરાં તથા ધુંમારીઆંજ માતરે દેખાવા લાગેઆં.

ઊપર જણાવેલા પાંણીના વરોલીઆનુ એક ચીતર આ ખીનાંને મથાલે પાડવામાં આવેઊંછે તે જોતાંજ માલમ પડશે કે એક વાંહાંણ તથા બોટ એ વરોલીઆનાં સપાટામાં આવી જવાની ધાશતીથી પોતાનાં સર ફેરવી રસતો બદલી નાંખેછે. આ દેખાવ જોઈ પરમેશવરની બેહદ શકતી તથા તેની અજાએબ જેવી કરાંમતનો આપણાં મનમાં કાંઈક ખેઆલ આવી શકેછે, અને તે શરવ સકતીમાંન શાહેબની ખુબી ગાએઆ વગર આપણાંથી રેહવાતું નથી.

## અંજાણપણે થતા અવગુણો,

### દસતાંન બંધ કરવા વીસે.

મોજ મજાહ મારવાને માટે ઇઆ ઘણાજ અગતનાં કાંમને માટે પારસી ઓરતો વારેઘડીએ જાતાં દસતાંનને બંધ કરવા માટે ડાકટરો ઈઆ ધુતારાઓ પાસે કાલાવાલા કરીને કાંઇ પણ ઓસડ માંગેછે. જારે દસતાંન હદથી જેઆદા જતું હોએ તારે ઘટતા ઊપાએ કરવા એ દાહાપણનું કાંમછે, પણ કુદરતી કાએદાસર દસતાન જતું હોએ તેને બંધ કરવું, એ નુકસાંનકારકછે, ઓરતો અંજાણપણાથી એવા ઊપાએ સોધેછે પણ જે ડાકટર ચાલતું દસતાન બંધ કરવાને માટે ઓશડ આપે તે ખરેખર પોતાની ફરજ અને ધંધો સમજતો નથી, સામણા ધણીને રાજી રાખવા ઈઆ પઈસા કહડાવવાને માટે જે સખસ દસતાન બંધ કરવાને માટે ઓશડ આપે અને તે સમજેકે તે આપેઆથી બીચારી ભોલી ઓરતને અવગુણ થશે, તેના જેવો નીચ અને લુચો સખસ બીજો કોઈ નથી.

જાંણવું જે દસતાન એકદમ બંધ કીધાથી ઘણી ખરાબી થાએછે, લોહીનો જોરો ભેજાંમાં ઇઆ ફેફસાંમાં ચહડેછે, પીરૂમાં અને ઘરભસથાનમાં દરદ થાએછે, બીજી વખતનુ દસતાન બરાબર વખતે આવતું નથી અને આવેછેતો ઘણુજ કમતી પડેછે અને તે વખતે ઘણુ દરદ થાએછે, અને પાછું દસતાન લાવવાના ઊપાએ કીધા સીવાએ એ દરદો સારાં થતાં નથી, એ સીવાએ બીજા ઘણા અવગુણ થાએછે. એથી ઓરતોને હીસતીરીઆના ભુંડા મરજ ઊપર નાખી છે કે જેથી તેઓ ઘણી વખતે અંત સુધી દુખી થાએછે અને તેઓને કેટલીકવાર બચાં પેદા થતાં નથી.

જારે આટલા અવગુણ થાએછે તારે થોડી ઘડીની મોજ ઇઆ ફરસુદને માટે ખુદરતના કાએદામાં અટકાવ કરવો તદન બેવકુફી ભરેલુંછે, બલકે ખુદરતનો કાએદો તોડવો, એ ગોએઆ એક મોહોટો ગુંનાહ કીધા બરાબરછે.

ઓરત જાત આવી રીતે કુદરતનો કાયદો તોડીને પોતાની ઊપર તરેહવાર દુખો લાવી નાંખેછે તેનાં કરતાં કોઈ બીજીજ રીતે પોતાનુ સુખ અને મોજ ધે અને દસતાંન અટકાવાનો બેહુંદો વીચાર કાહાડી નાંખે એવી વઈદોની શલાહછે.

—////—

## કીડીઓ વીશે.

(ગીઆ આંકથી શાંધણ)

કરનલ સાઈકસ દેવાલથી જરા દુર એક સાઈડબોરડ ઉપર મીઠાઈ રાખતો હતો, અને કીડીઓ, ઉપર નહી આવે માટે ટેબલના પઈઆ પાંણીમાં બોરી રાખતો હતો પણુ તે છતાં કીડીઓ પુશકલ મીઠાઈ ઉપર માલમ પડતી હતી. તેઓ પાંણીમાં તરીને પઈઆ ઉપર ચહડતી હતી. એ અટકાવવાને વાસતે પઈઆઓને તરપીટન તેલ લગાડીઉં પણુ બીજે દાહાડે ફરીથી મીઠાઈ ઉપર કીડીઓએ હોમલો કીધેલો દીઠો. તપાસ કરતાં એવું માલમ પડીઉં કે કીડીઓ દેવાલ ઉપર ચહડી સાઈડબોરડની સપાટી બરાબર સઘલી એકઠી થાઈને તાહાંથી ફલાંગ મારીને આવતી હતી. એનો અટકાવ કરવાને માટે સાઈડબોરડ દેવાલથી જરા દુર કીધી. થોડા દાહાડા કીડીઓ માલમ નહી પડી પણ આખરે આ મેહેનતુ પરાંણીઓ પોતાના ઉદીઓગથી તાહાં આવી પોંહચીઆં. એ કીડીઓ કેમ આવી તે પેહેલાં કોઈને સમજ પડી નહી, પણુ એક દીવશે એક કીડી દેવાલ ઉપર ચહડતાં માલમ પડી અને સાઈડબોરડની સપાટીથી આસરે એક ફુટ ઉંચે ચહડીને કુડકો મારીઓ તે લાગલી મીઠાઈમાંજ આવીને પડી. એજ માફક બીજી કીડીઓ પણુ આવતી માલમ પડી હતી.

હીંદુ લોકો સખાવત અને સવાબનું કામ સમજીને કીડીઓના દર અને માલાઓમાં ખાંડ મુકેછે. તેઓ એમ વીચારેછે કે જાંહાં રાતી કીડીઓ વસેછે તેના ઘરમા આબાદાંની થાએછે. એ રાતી કીડીઓ સફેદ કીડીનો નાસ કરેછે તેટલા માટે તે માણુસના દોસતદારની માફક ગણુએછે.

અમેરીકાખંડમાં પીરૂ નામના દેશમાં મોટી કીડીઓ વસેછે. તે એક ઈંચ લાંબી અને તેનો રંગ પીરો અને કારો હોએછે. એઓ માહેની એક જાત તાંહાંના લોકને ઘણીજ કામજોગ થાઈ પડેછે. તેઓ જંગલ માહેથી ટોલાબંધ આવેછે તે વખતે તાંહાંના લોકો પોતાના ઘેર બાર ઉઘાડાં મુકેછે. એ કીડીઓ ઘેરો માહેથી સઘલી જાતના જીહીના જાનવરોનો નાસ કરેછે અને તેઓ ખેતરમાં કોઈ પણુ રીતે બીગાડો કરતાં નથી.

આફરીકા દેશની સફેદ કીડીઓ માણુસ જાતને ઘણોજ ઉપદરવ કરેછે. તેઓ ઘરમાં ધાતુ અને પથર શીવાએ બીજા સઘલા સામાણુનો નાસ કરી નાખેછે. પોતાના માલાથી તે જે ઘેર લુટવાનું હોએ તાંહાં શુધી એક મટોરીની ગાલેરી બાંધેછે. તેની હેઠલથી લખોબંધ ઉતરી પડેછે અને ચોવીસ કલાકની અંદર ઘરનો સઘલો માલ, લાકડકામ, પેહેરવાના કપડાં, જોરા, ઈતીઆદીનો નાસ કરેછે.

ગરેનેડા દેસમાં સેરડીના ખેતરમાં કીડીઓ વારેઘડીએ પુશકલ નાસ કરેછે. એક વખતે બાર માઈલની ફરતી જમીન ઉપરની સઘલી સેરડીનો નાસ કીધો હતો!

માણુસ જાત જેમ એકમેકની ઉપર ચહાઈઓ અને લડાઈઓ કરેછે તેમજ જુદી જુદી જાતની અને તાલુકાની કીડીઓ એકમેક સાથે લડાઈ કરેછે. જારે તેઓ અનાજ લેવા જાએછે તારે લડાઈઓ વારેઘડીએ થાએછે. હજારો કીડીઓનો એ પરમાણે કાપાકાપીમાં નાસ થાએછે. એ શીવાએ એવું પણુ માલમ પડીઉંછે કે એક જાતની કીડીઓ બીજી હલકી જાતની કીડીઓને પોતાને ઘેર કામ કરાવવાને માટે લડાઈઓ કરીને ગોલામોની માફક વેઠે પકડી લાવેછે. તેઓ મોટી કીડીઓને પકડી લાવતાં નથી પણુ તેઓના બચાંઓને લુટી લાવેછે. તે બચાંને પોતે પાલીને મોટાં કરેછે અને પછી તેઓ પાસે કામ લેછે.

કીડીઓનો નાસ કરનાર મુખીઅ એક મોટું જાનવરછે તેને "કીડી ખાનાર" કરીને કેહેછે. એ જાનવર પોતાના પંજાથી કીડીઓના માલા ટોડી ફાડીને પોતાનું લાંબુ શુન જેવું મોડું અંદર ખોશેછે અને દોહોડ ફુટની લાંબી જીભ બાહેર કાહાડીને ખોટી રેહેછે. કીડીઓ પેહેલાં ઘલરાટમાં પડેછે અને તે જાનવરની જીભને કીડો સમજીને તે ઉપર ટુટી પડેછે. જેવી કીડીઓ ઉપર બેસેછે તેવુંજ તે જાનવર જીભને મોહોમાં ખેંચી લેઈને કીડીઓને ગલી જાએછે. એ પરમાણે પુશકલ કીડીઓનો નાસ કરી નાખેછે.

જાંહાં કીડીઓનો ઘણો ઉપદરવ હોએ તાંહાં જગેજગ ખાંડ પાંણીમાં પીગલાવી તેમાં જરા સોમલ નાખીને વાસનમાં મુકવું. કીડીઓ તે ઉપર ટુટી પડશે અને તરત મરણુ પામસે, અને ફરી આવવાની કવચીત હીમત કરશે નહી.

એવુ માલમ પડીઉંછે કે કીડીઓ હરેક વાતની ખબર એકમેકને જણાવી સકે છે. જો એક કીડીને કાઈ ખોરાક માલમ પડીઓ તો થોડા વખતમાં કીડીઓનું સઘલું ટોલું આવીને ટુટી પડેછે.

કીડીઓ પોતાના બચાં ઉપર ઘણો પેઆર બતલાવેછે તેઓ દરરોજ બચાંને જાંહાં ખોરાક મલી સકે તાંહાં લેઈ જાએછે, જો કદાચ બચું મરી ગએઉં અથવા કટકે કટકા થાઈ ગએઉં તો તેઓ દરએક કટકાને તે જગા ઉપરથી ઉચકી લેઈ જાશે. જો કોઈ માદા કીડી મરી જાએછે તો ઘણા દાહાડા શુધી તેનું બદન ચાટીઆ કરેછે અને તેની ઉપર સઘલી તરેહેની માવજત કરેછે કે પાછી તેને જીવતી કરે.

જો કોઈ કીડી પોતાનો માલો મુકીને બીજા માલામાં ભરાએછે તો તેને બાહેર કાહાડી મુકેછે અને શીખશા કરેછે. તેઓ પોતાના માલાની બાહેર એકમેકને મદદ કરેછે પણું પોતાને ઘર પારકી કીડીને આવવા દેતાં નથી.

જો હરેક કીડી પોતાનું કાંમ કરતી નથી તો તેને શીકસા કરવામાં આવેછે. તરણુ ચાર જણુ મલીને તેના કટકે કટકા કરી નાખેછે. તેઓમાં કવાએદ ઘણી સારીછે અને તેટલા કારણુથીજ તેઓમાં સઘલું કામ સારી રીતે બનેછે અને સલાહ સંપજ રેહેછે.

કઆ ટોલા અથવા નાતમાં આવી આપણે સંપ જોઈએછે. દર માણસ અથવા જનવર પોતાનોજ લાભ સોધેછે. પોત પોતામાં મારામારી કરીને એકમેકનો માલ લુટેછે. તેવું કીડીઓમાં જોવામાં આવતું નથી. જે કીડી એક અનાજનો દાણો લેઇ જાએછે તે પોતાના એખલાના કામને મારે નથી પણ આખી ટોલીને મારેછે. કીડી એ ખલી પોતાને મારે કાંમ કરતી નથી પણ આખી ટોલીને મારે કરેછે. જો કાંઈ સંકટ પરેછે તો તેઓ નાસીપાસ થાતાં નથી પણ સઘલાં સાથે મલીને તેનો ઉપાએ સોધી કાહાડેછે. જો તમે તેના માલા ટોડી નાખોતો પાછા એક બે દાહાડામાં અગાઉના કરતાં સરસ તઈઆર કરીને ઉભાં રેહેછે.

આ નાહાના પરાંણી કેટલું કરી શકેછે અને પાંચ પચીસ બલકે હજારો નર અને માંદાઓ કેવા સંપ અને કાએદા સર રેહેછે તે ઉપરથી આપણ ઈનસાનને ખુદાની કુદરત કેવી નેહારીછે તે વીશે ટડો લેવો જોઈએ.

---

## ઈંગલંડમાં એક પારસણની મુસાફરીનો હેવાલ.

લખનાર

એક પારસી બાંનુ.

(જેણીએ સને ૧૮૬૨ માં મુસાફરી કીધી હતી.)

---

કાગજ ૧ લો.

**મારી વાહાલી બેન,**

તમને મારી મુસાફરીનો આ ટુક હેવાલ વાંચવાની તસદી આપતી વેલા મારી મતલબ એછે કે તમારામાં તથા આપણી સઘલી બીજી બેનોનાં મનમાં એથી એવી ઈચછા ઉતપન થાએ કે જે પરમાણે દુરના દેશો જોવાને હાલ આપણા પારસીઓ અડચણ લેતા નથી, તે પરમાણે આપણી ઓરતો પણ કરે. થોડા વરસ ઉપર આપણા પારસીઓમાંથી દુર દેશોની મુસાફરી કરવાનું કાંમ થોડુંજ હતું પણ હાલ તે ઘણુંજ વધેલું દીસેછે ને એથી મોટી ખુશીનું પરીણામ જોવામાં એ આવેછે કે સઘલી હીંદુસતાનની રઈઅતમાં આપણા પારસીઓ વધારે સુધરેલા જણાએછે અને આપણામાં સુધારાનો ફેલાવો દીનપરદીન વતો થતો જાએછે, પણ જેવારે આપણી પારસી બાઈઓ પોતાના ઘણી, બાપો, તથા ભાઈઓ સાથે એ દુર દેશોની મુસાફરી કરવામો શામેલ થશે તે વખતે જરૂર આપણે ઘણા મગન થઈશું એવુંતો કાંઈ નથી કે બઈરાંઓથી મુસાફરી થાએ નહી, જો એમ હતેતો હજારેથી છ મહીનાની ટુંકી મુદતમાં ઈઉરપનાં કેટલાએક ભાગો જેઈ અવાતે નહી. મારી વાહાલી બેહેન તમને તથા બીજી સઘલી બેનીઓને મારી એજ અરજછે કે તમોએ જરૂર પરાયમ જેવો સુધરેલો ખંડ જોવા જવું એથી તમારો પોતાનો અને આપણા કુલ પારસીઓના મોહોટો સુધારો થશે. જુઓ કે હાલ નજદીક સો પારસીઓ વેલાતમાંછે. તથા એથી વધારે ચીન તથા એવા બીજા દેશોમાં પણ ગણાએછે પણ તેઓ તાંહાં ખરૂં શુખ ભોગવીઆથી ઘણાજ વેગલાછે, કારણ કે તેઓ પોતાનાં પેઆરાં બાલ બચાંથી દુર રેહેછે તેના સબબથી તેઓનાં મનમાં ઘણી ધાસતી રેહેછે. વલી જે વખતે તેઓ પરદેશની ચાલ ચલણથી વાકેફ થવા માંડેછે તેજ વખતે બીમારાઓને બાલ બચાંઓનાં શુખ દુખને લીધે આ તરફ નાહાસી આવવાની ફરજ પડેછે; એટલુંજ નહી પણ ઘણાઓતો પોતાના ખટલાથી દુર નહી થવાનાં કારણને લીધે એવાં સારાં સારાં ગાંમો જોવાનું તથા તે તરફ પોતાની રોજીનો વધારો કરવાનું ફોકટ ખોએછે. કદાચ કોઈ જો એવા કારણોથી બેદરકાર રહી હીમત કરી જાએછેતો તેનો ખટલો હીંઆં પડી આનાં શબબથી તેનાં મનમાં તથા બીજા તહરે તહરેનાં દુખો ઉતપન થાએછે. બીચારી જુવાન બાએડી પોતાના વાહાલા ઘણીથી છુટી થઈ રાત દીવસ તેની ફીકર ચીંતામાં ગીરફતાર થાએછે અને એખલી દુખમાં પોતાનો વખત ગુજારેછે; જો માએ હોએછેતો પોતાનું પરીત ભરેલું બચચું હજારો માઈલ દુર પરદેશમાં કેમ હશે એવા વીચારો કરી રડેછે; જો બેહેનો હોએછેતો પોતાના માએજાણુ ભાઈના મધુર શબદો નહી સાંભલીઆથી અફસોસ કરેછે અને બચાંઓતો પોતાના દયાલુ બાપની બરદાસત નહી લોગવીઆના કારણથી ઘણીવાર ખરાબ ચાલના નીકલેછે, એવું દુખ છતાં વાહાલી બેહેનો કેમ આપણી બેહનીઓ પોતાની ખરાબ રસમો અને વેહેમોને વલગી રેહેછે ! ઈઉરોપ તથા બીજા એવા દુર દેશોના મરદો જેવારે આપણા દેશોમાં ધંધાને સારૂ કે એવીજ બીજી મતલબોથી આવેછે, તે વેલાએ તેઓને આપણા જેટલું દુખ નથી ખમવું પડતું કારણકે તેઓ પોતાનાં બાલ બચાંઓને પોતાની સાથે જ લાવેછે અને તે જેવી સુખી હાલતમાં તેઓ પોતાના વતનમો રેહેતા આવેલા હોએ તેજ રીતે પરદેશમાં પણ તેઓ રેહેછે.

બીજું મુસાફરી કરીઆથી તહરે તહરેના ગુણો ઉતપન થાએછે. ગ્યાન, જુદી જુદી ચીજો જોવાથી વધેછે, આપણા દીલ અને મનની હાલત સુધરેછે, ને તહરે તહરેની ચીજો જોવાથી પેદાતાલાની કુદરતનો વધતો વીચાર આપણા મનમો ઉતપન થાએછે. એ બાબતપર વધતું બોલવાની હું હાલ અગત જોતી નથી, પણ મારી વીનંતી તમને એછે કે તમોએ એવી ખરાબ, વેહેમી રસમોને પડતી મુકવી અને આટલું બધું સુખ ફોકટ એવી અસલી રસમોને લીધે જવા નહી દેવું.

થોડુંએક સટીમર વીશે લખવું મને સજાવારછે. કારણ કે "સટીમરમાં કેમ રેહેવાએરે માએ," એવા બોલોથી આપણા ઘણાં બાઈરાંઓ પોતાની સારી ઉંમરો ઘણીવાર તોડી નાખેછે, જે બાઈઓ એવી ધાસતી રાખેછે તેમાં તેઓ ચુકેછે. જેટલું ઘેરમાં સુખ મલેછે તેટલુંજ બલકે ઓર છઆદા સુખ સટીમરમાં મલેછે ને વલી દરીઆનું લાગવાનું તો કદાચ એકુ બે દાહાડા લાગે તો લાગે નહીતો કઈ મુદતજ નહી.

હમોએ જે સટીમરમાં મુંબઈનું બારૂં છોડ્યું હતું તેનું નામ "બીહીઆર" કરી હતુ. (સટીમરને નામ એ સારૂં આપેછે કે તેઓ ઓલખાએ )

હી પણ તેની બે વરસ આગમજ કલકતામાં એવી એક "કાલેજ" નું કાંમ ચાલતું હતું અને દેશીઓને તે મનમાંનતું લાગતું એવું જણાઈ ચુકું હતું, અને એ વીશે દેશીઓને વેહેમ હોએ તોબી તેની શોગને થઈ એ સુભ કાંમ ચાલુ કરવાની તબીબોએ સલાહ આપીહતી.

એ મત મલીઆ બાદ સર રાબરટ ગરાંટે એક મોટો કાગજ લખી કાહાડીઓ અને તેમાં કેવી રીતે અને કઈ કઈ બાબદોનું ગનાન આપવું ને વીશે લંબાંનથી પોતાનાં વીચારો જણાવીઆ હતા અને તે કાગજ ૧૮૩૮ ની અધવચમાં કલકતે મોકલીઊં. કલકતાની લારડ આકલંનડની સરકારે એ કાંમ પસંદ કીધું અને તેનાં સમાચાર પાછા ફરી વલે એટલામાં આ મુંબઈનો નાંમદાર ગવરનર સર રાબરટ ગરાંનટ દાપુરી ખાંતે ૧૮૩૮ ની ૯ મી જુલાઇએ મરણ પાંમીઓ.

આ મરણથી મુંબઈની તેમજ આખાં હીંદુસતાંનની પરજા દલગીરીમાં ગરક થઈ હતી કેમકે તેણે તુંક વખતની અંદર પરજા ઊપઓગી કાંમો કરવાનાં વીચારો આપીઆ હતા એટલુંજ નહી પણ કેટલાંએક તો તે અમલમાં આંણી ચુકો હતો. એ ઊપરથી તા૦ ૨૮ મી જુલાઇને દીને એક જાહેર સભા મુંબઈની ટાઊનહાલમાં મલી હતી. એ સભાએ એવો વીચાર જણાવીઓ કે મરનાર સર ગરાંનટની મોટી નેમ ગાંમટીઓને કેલવણી આપવાની હતી અને તેમાં ખસુસ કરીને તબીબપણાંની કેલવણી વીશે તજવીજ કરતાંજ તેનો અંત આવીઓ તેથી આ સભામાં તેની ઈઆદગારી રાખવા માટે ઊઘરાંણુ કરવું અને તે પઈસામાંથી તબીબપણું શીખાડવાને માટે એક મધરેશા બાંધવી અને તેનું નાંમ એ નાંમદાર ગવરનરથી રાખવું. આ વીચાર નાંમદાર કોરટ આવ ડરેકટરોએ કબુલ રાખીઓ અને તે સભાની અંદર ઊંઘરાંણાંનાં રૂપીઆ ૪૪૮૦૦ થઆ હતા તેટલીજ બીજી રકમ તેઓએ આપવાને કબુલ કીધું અને તે મધરેશાનું નાંમ " ગરાંનટ મેડીકલ કાલેજ" રાખવા ઠેરવીઊં.

બે તરણ વરસ સુધી તેની ખટપટ ચાલીઆ પછે ૧૮૪૩ ની ૩૦ મી મારચને દીને એ "કાલેજ" નો પાઓ કલકતાનાં લારડ બીશપે નાંખીઓહતો અને ૧૮૪૫.માં એ મકાંન તઈઆર કરી તેનાં ઠેકવેલા વડાનાં હાથમાં કાંમ ચાલુ કરવાને આપીઊં હતું.

| | |
|---|---|
| એ "કાલેજ" ને માથે બેઠેલો ખરચ....રૂ | ૮૯૯૦૬—૪—૨ |
| સર રાબરટ ગરાનટની ઇઆદગારી રાખવાને માટે ઊભાં થએલાં ફંડમાં ભરાઆ....રૂ | ૪૪૮૦૦—૦—૦ |
| હાનરલએબલ કોરટ આવ ડરેકટરે આપેલી રકમ..................રૂ | ૪૫૧૦૬—૪—૨ |
| | ૮૯૯૦૬—૪—૨ |

જેમ એક હાથ ઊપર સર રાબરટ ગરાંનટ ગાંમટીઓને તબીબપણાંના કેલવણી આપવાને માટે પોતાનાં વીચારોને ચેહેરપથી મુકરતકીમ કરતો હતો તેમ બીજા હાથ ઊપર હાતમ દીલના સર જમશેદજી જીજીભાઈ ગાંમટીઓનાં દુખ અને દરદનું નીવારન કરવાની ચોતરફથી તજવીજ કરતા હતા.

મુંબઈ ખાતે ૧૮૩૪ માં ગરીબોને માટે એક દવાખાંનું હતું જેહાં ડાકટર મેકી નાંમનો એક કાબેલ ઈંગરેજ તબીબ સરવેને દવા આપતો હતો. એ દવાખાંનું મુંબઈનાં કેટલાક શેઠીઆઓ અને ઈંગરેજોની મદદથી ચાલતું હતું તેમાં સરકાર દર માસે ૩૩૦૦ આપતી હતી.

૧૮૩૮ માં એ દવાખાનાંનો હશાબ રજુ કરવાને એક સભા મલી હતી તેહાં સર હરબરટ કાંમપટન ખુરશીએ બીરાજીઓ હતો અને સર જમશેદજી તથા બીજા શેઠીઆઓ હાજર હતા. એ વખતે એ દવાખાનાંથી લોકોને જોઈતી અને પુરતી મદદ મલી શકતી નથી અને દરદીઓને આવજાવ કરતાં પરવડતું નથી એવો વીચાર જણાંઆથી હાતમ દીલનાં સર જમશેદ તેજ સભામાં કહેઊં કે હું પોતે એક લાખ રૂપીઓ આપવાને તઈઆર છેઊં અને જો સરકાર બીજી એટલીજ રકમ આપે અને તે બંધી રકમ ઊપર છ ટકાનું વીઆજ આપતું કરેતો તેમાંથી એક મોટી ઈશપીટાલ બાંધવી. સર રાબરટ ગરાંનટનો કાગજ કલકતાની સરકાર ઊપર ગઓ તેની આગમજ આ બાબદનો એક કાગજ તઈઆર કરી કલકતે રવાંને કીધો હતો જેને વીશે સર રાબરટે પોતાનાં કાગજમાં પાછલથી ઈશારો કરી જણાવીઊં હતું કે જો સર જમશેદજીની માંગણી કબુલ રાખેતો "કાલેજ" ની શાથે ઈશપીટાલ જોડી નાંખીઆથી મોટો લાભ થઆ વગર રેહેનાર નથી.

હાનરએબલ કોરટ આવ ડરેકટરોએ સર જમશેદજીની માંગણી કબુલ રાખી, અને જે "કમીટી",

"કાલેજ" ને માટે વીચાર કરવાને થઈ હતી તેનેજ એ કાંમ પણ શોંપીઊં. તેઓએ વીચાર કરી એવું જણાવીઊં કે "કાલેજ" ની પરોસમાંજ એ ઇસપીટાલ બાંધવી અને સર જમશેદજીનાં માંગવા મુજબ ૩૦૦ ગરીબ ગાંમડીઓને રાખી શકાએ એટલી અને તેઓની નાત જાતને માફક આવે એવી રીતે બાંધવી અને તેનું નાંમ "જમશેદજી જીજીભાઈ ઇશપીટાલ" રાખવું, અને "કાલેજ" નાં શીખવનારા તબીબોનેજ ઇસપીટાલ ખાતે રાખવા.

એ ઈસપીટાલનો પાએઓ ૧૮૪૩ માં નખાઓ અને ૧૮૪૫ માં ધરમનું નાહાંનું દવાખાનું બંધ કરી મેએ મહીનાંમાં સરવે દરદીઓને માટે આ જગા ઊઘાડી હતી.

૩૦૦ દરદીઓને રાખવાને માટે વરસ દાહાડે થતા ખરચનો ધારેલો અડસટો રૂપીઆ ૩૩૦૦૦ નો થઓ હતો તે નીચે પરમાંણે આપતો કીધોછે.

| | |
|---|---|
| સર જમશેદજીએ આપતા કીધેલા એક લાખ ઊપર ૪ ટકા લેખેનું વીઆજ........રૂ | ૪૦૦૦—૦—૦ |
| હાનરએબલ કોરટ આવ ડરેકટરોએ આપતા કીધેલા રૂપીઆ એક લાખ ઊપર ૪ ટકા લેખેનું વીઆજ................રૂ | ૪૦૦૦—૦—૦ |
| ઊપલી બે લાખની રકમ ઊપર ૭ ટકાને બદલે ૪ ટકાનું વીઆજ આપતું કીધુ તેના તફાવત તરીકે સરકારે એકંદરે આપેલી બખશેશ....................રૂ | ૪૦૦૦—૦—૦ |
| ગાંમડી દવાખાનાને આપતી કીધેલી દર મહીને રૂ૩૦૦ ની રકમ બચી તે આ ખાતાને આપતી કીધી તેના... ... ....રૂ | ૩૬૦૦—૦—૦ |
| ડાકટરનો પગાર બાદ કરતા "નેટીવ જેનરલ હાશપીટલ" ને માંથે વરસ દાહાડાનો ખરચનો અડસટો..............રૂ | ૧૧૦૧૪—૦—૦ |
| દર વરસે શરકારે વધુ આપતી કીધેલી રકમ.રૂ | ૬૭૮૬—૦—૦ |
| | રૂ ૩૩૦૦૦—૦—૦ |

| | |
|---|---|
| "જમશેદજી જીજીભાઇ ઇશપીટાલ" બાંધવાનો ખરચ.....................રૂ | ૧૩૫૭૦૬—૧૦—૩ |
| શર જમશેદજીએ ઊપલા ખરચમાં આપેલી રકમ રૂ ૫૦૦૦૦—૦—૦ | |
| સરકારે ઊપલા ખરચમા આપેલી રકમ..રૂ ૮૫૭૦૬—૧૦—૦ | |
| | ૧૩૫૭૦૬—૧૦—૩ |
| ઊપલી રકમો ઊપરાંત શરકારે જમીન ઘરો તથા બીજા કારણસર ખરચેલી રકમ....રૂ | ૬૧૧૩૪—૦—૦ |
| શર જમશેદજી જીજીભાઇએ ઊપલી રકમો ઊપરાંત ઘડીઆળ મીનારો તથા જમીન વેચાતી લેવાનાં કારણસર આપેલી રકમ....રૂ | ૮૫૩૧—૦—૦ |

એ ઊપરાંત શર જંમશેદજીએ બીજા પંદર હજાર રૂપીઆ શરકારની તીજોરીમાં અનામત મુકીઆ હતા અને તેનાં વીઆજમાંથી ચોપડીઓનાં તથા ચાંદનો ઇનાંમો તબીબપણામાં અહી માહીતગારી ધરાવનારને આપવાને ઠેરાવ કીધો હતો જે પરમાંણે આજ શુધી તે અપાંણે જાએછે.

૧૮૪૩ માં જંમશેદજી ઇશપીટાલનો પાએઓ ફરીમેશનની મંડલીએ પોતાનાં ખુદ પોશાગ તથા હથીઆરો શાથે આવી નાંખીઓ હતો અને પાએઆની અંદર જે તખતી મુકી હતી તેની ઊપર નીચે પરમાંણે કોતરેલું હતું.

નાંમદાર રાંણી વીકટોરીઆનાં રાજમાં અને હીંદુશતાંનનાં ગવરનર જેનરલ એડવરડ લારડ એલનબરો, અને મહરાજના ગવરનર મારકવીશ આવ ટવીડેલ અને હાંનરેબલ સર જીઆરજ આરથર બારોનેટ મુંબઇનાં ગવરનર, શાહેઓની હકુમતનાં વખતમાં ફરીમેશનોની કીરીઆ શાથે, જંમશેદજી જીજીભાઈ ઇશપીટાલના પાઆનો પથર તેને બંધાવનાર શર જમશેદજી જીજીભાઈ અને નાંમદાર ગવરનર શાહેબની હજુરમાં, જેમશ બરનશ, પશચમ હીંદુશતાંનનાં પરોવીનસીઅલ ગરાંનડ માશટરે બીજા ફરીમેશન ભાઈઓની મદદ શાથે નાંખીઓ, શને ૧૮૪૩ નાં જાંનેવારી માસની ૩ જી તારીખ અને મંગલવારને દીને અને ફરીમેશનોનાં ૫૮૪૩ માં વરશે.

---

## ચીનનાં સેહેનસાહની સપાટ—ચીનાઓનાં વાંહાંણોનો આકાર.

ચીનાઓનાં વાંહાંણોનો આકાર ચીનનાં એક પુરાતન સેહેનસાહની સપાટ ઊપરથી લીધેલો હતો એવી એક કાંહાંણી તે લોકોમાં મશહુરછે. તે કાંહાંણી વાંચનાર બાંનુઓને શારૂ અતરે ઊતારીએછેઃ—

ઘણાંજ પુરાતન વખતમાં એક વેલાએ એવું બનીઊં કે ચીના લોકો પોત પોતાની કલપણા મુજબ જુદા જુદા આકારનાં બારકસો બાંધવા લાગા. તે જોઇને તે વખતનો સેહેનસાહ ઘભરાટમાં પડીઓ કે એ મીસાલે વાંહાંણો બાંધવાનું કાંમ જો ચાલુ રેહે

શેતો પછે પરદેસી લોકો તેઓનાં આકાસી † મુલકમાં જાહજી આવજાવ કરશે તે ઠીક નહી. તે ઊપરથી તેણે રઈએતની એક જાહેર સભા ભરીને તીઆં પોતે તખત ઊપર બીરાજીઓ; પછે ઊપર કહેલી બાબદને લગતી જે કોઈ સોચનાં કરતું ને સાંભલતો હતો તેવામાં એક ચીનો પોતે એક અજાએબ જેવા આકારનું અને ઘણીજ જડપથી ચાલે એવું નાધલું વાંહાંણ પોતાની બગલમાં મારીને તખતની નજદીક આવી ઊભો તથા નમશકાર કરીને પોતાનો નમુનો સેહેનસાહને દેખાડીઓ અને અરજ ગુજારી કે બીજાં વાંહાંણો પણ તે નમુનાં મુવાફેક બાંધવામાં આવેતો સારૂં.

તે જોઇને સેહેનસાહને રીસ ચહડી અને પગમાંથી સપાટ કાહાડીને પેલા કારીગરનાં માથાં ઊપર બરોબર વાગે તેમ ફેંકી તથા બોલીઓ કે "હુરથા!—અવે પછે આએ ખાસડાનાં આકાર ઊપરથી સઘલા વાંહાંણો બાંધજે." પોતાની સોડે પોતાનાં દરબાંનો બેઠેલા હતા તેઓ તરફ જોઇને બોલીઓ કે "ઢંઢેરો પીટાવીને એક હોકમનાંમુ જાહેર કરો કે આ દેશનાં સરવે વાંહાંણો મારી સપાટનાં આકારનાં બાંધવાં." બીજા હાથ ઊપર વડો વજીર બેઠેલો હતો તેની તરફ નજર કરીને અને એક આંખ ઊઘાડી તથા બીજી મીચીને ધીમે સાધે બોલીઓ કે "લોકો જો આએ નમુનાં પરમાંણે ચાલશેતો પછે સફર કરવાનું કાંમ ઘણુંજ ઘોંગી દીસશે તેનો ખીઆલ કરો"! તે દીવસ પછે તીઆનાં બારકસો તેવા આકારનાં બંધાવા લાગાં તથા સેહેનસાએ એક આંખ મીચીને જે વાત વજીરને કેહી હતી તેની ઈઆદગારી તરીકે વાંહાંણના આગલા ભાગ ઊપર એક આખ ચીતરવાની ચાલ સુરૂ થાઈ. ચીનાઓ ઘોંગીતો ખરા!

---

## આલેકજેનડર અને આફરીકાનો રાજા.

માસીદોનનો બાદશાહ આલેકજેનડર એક વખતે આફરીકાનાં દુર દેશમાં શુનેરી પોશાક અને અશબાબ શાથે ગીઓ હતો. તાંહાંનાં લોકો તેને મલવાને શાંબાં ગીઆં અને તેની શાંમે શુનેરી ફલો અને શેફ ધરીઆં. બાદશાહ બોલીઓ "એ ફરૂત તમે પોતેજ ખાવો, હું તમારી મોટાઈ જોવા આવીઓ નથી પણ તમારી રીતભાંત શીખવાને આવીઓછું." એ ઊપરથી લોકો તેને ઇનશાફની દરબાર જાંહાં તે મુલકનો રાજા ઇનશાફ કરતો હતો તાંહાં લેઈ ગઆં.

એ વખતે એક જણે રાજાની શાંબે આવી ફરીઆદ ઊઠાવી કે એક ધણી પાસેથી મેં આ ભુશા અને થુલાંની ગુણ વેચાતી લીધી અને તેની અંદર તરેહવાર ખજાંનો નીકલી આવીઓ. આ ભુશુ અને થુલું મારૂંછે પંણ આ ખજાંનો મારો નથી અને આ માંણસ તે પાછો લેતાબી નથી તેશી હું તારેથી ઈનશાફ ચાહુંછું.

જવાબમાં પેલી ગુણ વેચનાર ધંણી બોલીઓ કે "તું અણધારતી રીતે કાંઈબી રાખવાને બીહેછે, તારે તારી પાશેથી બોતી રીતે કાંઇબી લેવાને હું બીહું નહી? આ ગુણ મેં તુને અખન વેચી તેમાંથી જે નીકલીઊ હોએ તે તારૂંજ, તેથી ઓ અદલ ઈનશાફી રાજા હું તારેથી મારો બંચાવ ચાહુંછ."

પેલા રાજાએ એકને પુછીઊં કે તને છોકરો છે. તેણે જવાબ દીધો કે હા.. રાજાએ બીજાને પુછીઊં કે તને એકાદ છોકરીછે. તેણે પણ હા કહી. તેથી રાજા બોલીઓ તમે બંધો પરમાણીક માંણશ છો. તમારાં છોકરાંઓને અરસ પરશ પરણાવો અને આ ખજાંનો મલીઓછે તે છોકરાંઓને રીતમાં આપો એ મારો વીચારછે."

આલેકજેનંડર આ વીચાર શાંભલી અચરત થઓ. રાજાએ પુછીઊં કે શું મેં ખોટો ઇનશાફ કીધોછે કે તું અચરત થાએછે. આલેકજેનડર બોલીઓ, નહી ખોટોતો નહીજ પણ હમારા મુલકમાંતો એથી ઊલતોજ વીચાર મલતે. આ રકજક કરનારાઓનાં દોકાં ઊદારી મુકતે અને આ ખજાંનો શરકારી તીજોરીમાં જતે."

આ વાત સાંભલી પેલા રાજાએ અચરત થઈ બંધો હાથ જોડીઆ અને બોલીઓ "શું તમારા મુલકમાં શુરજ પરકાશેછે, અને શું આશમાંન તમારી ઊપર વરશાદ વરશાવેછે"! આલેકજેનડરે હા કહી. રાજા તે ઊપરથી ફરી બોલીઓ કે "તમારા મુલકમાં વસનારાં નીરઅપરાધી જાનવરોને લીધે હશે, બાકી હાવી દોશમનાં માંણશો ઊપર કદીબી શુરજ પરકાશે નહી અને આશમાંન પાંણીબી વરશાવે નહી".

† ચીનાઓ ચીનને આકાસી મુલક ગણેછે, તથા આખી દુનીઆની બીજી તરફે પરજાને દેવજાતી સમજેછે.

## પરચુટણ.

**બાફથી ચાલનારૂં ઘડીઆલ**—આ સાંચો હમણાજ ઈંગલંડમા શોધી કાહાડીઓછે એથી સકારે ઉઠનારાઓ જે વખતે ઉઠવા માંગે તે વખતે એ ઘડીઆલ ઘોંઘાટ કરી ઉડાહેછે એટલુંજ નહી પણ ઉઠીને કપડાં પેહરીએ એટલામાં એક કાફી અથવા ચાહેનું કપ તઈઆર કરી આપેછે. એ સાંચો ઘડીઆલ વગર તેમજ ઘડીઆલ શાથે પણ મલેછે.

---

**ગાડી ઘોડા**—ફક્ત લંનડંનની અંદર ૩૭૯ રસતા છે અને તાંહાંથી દરરોજ ૬૦૦૦૦ ગાડી ઘોડા પસાર થાએ છે એવી ગણુતરી કીધામાં આવીછે.

---

**બારીક લખાંણ**—બારીકમાં બારીક રીતે લખવાને મારે વેલાતમાં મી૦ પીટરશે એક શાચો સોધી કાહાડીઓ છે તેની મારફતે એક ઈંચ જેટલી જગાનાં વીસ લાખમાં ભાગમા "માઠીઉ મારશલ ઈંગલંડની બેંકનો" કરી લખવામા આવીઉં હતું. કેવી તાજુબી!

---

**જીંદેગી કેમ ગુજારવી!**—લારડ કોક નીચે પરમાણે લખી ગઓછે અને જે તેણે પોતાની જીંદેગીમાં પાલીઉં હતું. ૭ કલાક ઉંઘનાં; કાએદાનાં બારે અભીઆશને મારે ૭ કલાક, ચાર કલાક બંદગીને મારે, બાકીના ખુદરત ઉપર રાખીઆ હતા. પણ ઉલીઅમ જોનશ જે વખતને વધારે તપાસતો હતો તેણે નીચે પરમાણે વેંહચણી કીધી હતી. કાએદાના અભીઆશને મારે શાત કલાક, નીરાંત અને ઉંઘને મારે શાત કલાક, દશ કલાક દુનીઆને લગતાં કામકાજમા, અને બધા વખતમાં તે શાહેબની કીરતી ગાવી.

---

**આંધલાંઓને વાસતે ધંધો**—ઈંગલંડમાં આંધલાંઓને શીખવવાને મારે વરગ ઉભા કીધાછે તાંહાં હાલ આંધલી બઈરીઓને શીવવા શીખવીછે જેથી તેઓ દર રોજ ઓછામો ઓછો અરધો રૂપીઓ પેદા કરી શકેછે.

---

**બંદગી**—જારે તું બંદગી કરે તારે દીલ (લગાડીઆ) વગર બોલો બોલે તેનાં કરતા બોલો વગર તારૂં દાલ લગાડજે.

---

**ઠાંસાની તાંકલી**—નાટીગ ગાંમમા એક બાલકને ઠાંસાની તાંકલી મોહોડામાં ચુશવા આપવામાં આવી હતી તે એકદંમ ગલાંમાં જઈને ખુંટાથી તે બાલકનું મરણ નીપજેઉં હતું.

---

**એક પોપટનાં ધણી ઉપર આબરૂની ફરીઆદી**—પારીશમાં બરાનડન નામનાં માંટી બઈએરને પોતાના પડોશી ફ્રાકોનેટ વીશે પોપટને શીખવી "ફ્રાકોનેટ ચોર તથા બખીલ અને કુકરછે" એવું બોલાવાને મારે પોલીશમા ઉભા કીધામાં આવીઆં હતાં તેઓ ઉપર તકશીર શાબુત થવાથી તેઓ પાસેથી કેટલાક ફ્રરાંકનો દંડ અને "દાંમીજ" અપાવીઆ હતો.

## રમુજે ફુરસત.

૧ લું—બરો જબરો નર એક, ફુગાવી તેનું અંગ
બનેછે ગોલ આકાર—
લુંગડાં પેહેરી રેસમી, રોગાંન રંગનાં તંગ
આકાશ ઉડે નીરઆધાર—
ન ઉડે તેવું પખશી કોઈ, નં ચહડે કોઈ પટંગ,
પ્રુરૂથવીને પેલે પાર—

૨ જું—તે કહી શંખીઆછે કે જેને ૩ ને ગુણી તેમાં ૪ ઉમેરીએ અને તેને આઠે ભાગીએતો બાકી (૩૨) રેહશે!

૩ જું—હું એક મોટો જબરો જાડો દઇત છું અને ઘણુંકરી વરોડરાના રાજાની દરબારમાં રહુછું. મારા શાંધાઓનો સરવાલો લેઓતો ૧૩ાા થશે પણ તમો જો બીજા સવાચાર આપોતો હું મારૂં મુકાંમ છોડી ડાકટરની દુકાંને બેસુછું અને દરદો સારાં કરવા કામ લાગુંછું. એ ઉપરાંત તમો જો સવાનવ બીજા આપોતો તેહાંથી પણ નીકલીને કપડીઆની દુકાનપર બેશુંછું જેહાંથી તમો વારંવાર તમારૂ બદન ઢાંકવા મને ઘર બોલાવી લઈ આવોછો. આ વેલા હું પેહેલા કરતાં કદમા બરોબર બેવડો બનુછું, તોબી તમો મને હેતથી તમારા પાસાંમાં લેઓછો કારણ હવે હું નારી જાતીમા ખપુછું એવું વીચીતર પરાંણી કોણ તે કહો.

૪ થું—હમો માટી બઈએર છઈએ અને હમો વેલાત તરફથી આવીઆંછે—હમારો ધનધો રામોસીનોછે, અને હમો રાત અને દાહાડો જાગતા અને હુશીઆર રહીએછ. હમારે અસતક કરોડો રૂપીઆનો માલ રેહેછે, અને હમોએ આજ દીન સુધી કોઈ પણ વખતે હમારી દીઆનત બીગાડી નથી—હમારી જાતની વસતી ઘણી વધી ગેઈલીછે, અને દુનીઆના ચારો ખંડોમાં તે પથરાઇ ગએલાંછે—હમારી જાત માંહેલા કોઈ પણ બાહર દેશ જાએ તો જોરૂં ને જોરૂં સાથેજ જાએ, અને હમો હમેશ સાથેજ કાંમ કરીએ છઈએ. જો (ખોદા ન કરને) હમારા માહેલું એકુબી બેહસતનશીન થઈઉં તો જાંહાં લગી જોરૂં પાછુ સનધાએ તાંહાં લગી હમો શોગ પાલીએ અને કંઈ કામ કરીએ નહી—હમો સું માતબર, કે સું ગરોબને તાંહાં એકસરખી રીતે ચાકરી કરીએ છઈએ અને ગમે તેવી નાચારી હાલતમાં કોઈબી હમારો ધણી હોએ તોએપણ તેને હમારા પાલણને મારે હમો ભારી પરવા દેતાં નહી—હમો આએફાની દુનીઆની મોજથી વેગલાં છઈએ, અને માતર એક બે તેલનાં ટીપાં હમારા મોહડામાં મુકી હમો મહીનાનાં મહીના વેર તેપરજ સુકરાનાં કરીએ છઈએ. "અલેફ."

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—કાંન, આંખ, પગ, હાથ, મોહડું.

૨ જું—વાઘલું.

૩ જું—ન, અક્ષર.

૪ થું—અરથી—અરધો.

## ગરબી.

તા૦ ૬ ઠી ફેબરવારી ૧૮૬૬.

(મહા રાણીને આશીરવાદ.)

આહા આં શી શોભા દેખુ આજની,
સુભ ઘડીએ દરશણ દીધાં તેંજ જો;
રઈયતને છાયાં આપે તું તાજની,
એ મોટી આશા દીધીછે તેંજજો. આહા૦ ૧

સુભ ઈચ્છાથી જીવજે રાણી તું બહુ, *
રૂડા દી જોવા પામીએ નીતંજો;
પ્રારથનાં ઈશ્વર જોડ હું એ કહું,
અચળ રાજ તારાંનાં ગાઉ ગીતજો. આહા૦ ૨

પરદેશી આવીયો તે દુરજ દેશથી,
જોવા પામીયો રાજ સભાનો મેલો જો; †
હરખાયો હઈડામાં ઉલંમ વેશથી,
એ દી સુંજથી નાં ભુળાસે વહેળો જો. આહા૦ ૩

દેખી તુજને પુત્ર પુત્રિ સહુ પાખમાં,
વળી દેખીયાં વહુ બેટીના સુંખજો;
(એ) મેળાવડે ઉપજાવીયો સંતોષાખમાં,
હું રંક આસિશો દઉ છુ પાંમો સુખજો. આહા૦ ૪

દેળગીરી ઉપજેછે એકજ વાતથી,
પાંમરસટંનનાં મોત થકી કહુ શાચજો; ‡
પડી રાજમા આમુળ ખુટ એ ઘાતથી,
નાં બુજાએ એ અગનીની આછજા. આહા૦ ૫

પણ પરધાનો બીજા જે છે આજ તે,
ગએ તેપર પરભુ પુરણ પ્રેમજો;
વધારસે કીરતી, શોભા ને લાજ તે,
એ આસિશછે મારો હોજો ક્ષેમજા. આહા૦ ૬

શોગ પિડા વાંમી દે હાતમ દેળથી,
ભગવંતે કીધુ તે લાયક માનજો;
થાશે કુરપા ફરીને હરીનાં બેગથી,
ભાખે જાબુની રૂસતમ એ વાંનજો. આહા૦ ૭

---

## ઉપદેશનાં પદ.

"કુબજા શું તપ કીધું રે ઓધાજી એવું."

એ રાગનાંછે.

જાયછે જગત ચાલીયું રે ઓ જીવ જોને. ટેક.

જોને તુ પાટણ જેવા, સારા હતા સેહેર કેવા,
આજતો ઉજડ એવારે, ઓ જીવ જોને. ૧

વળી સિધપુરવાળો, મોટો જોને રૂદરમાળો;
રહયો નહિ તે રૂપાળોરે, ઓ જીવ જોને. ૨

રૂડા રૂડા રાણી જાયા, મેળવી અથાગ માયા;
કાળે તેની પડી કાયારે, ઓ જીવ જોને. ૩

છત્રે જેને છાયા થતી, રૂડી જેની હતી રતી;
કેયા ગયા કરોડપતીરે, ઓ જીવ જોને. ૪

જરી જો આજારી થતા, હાજર હકીમ હતા;
તેના તો ન લાગે પત્તારે, ઓ જીવ જોને. ૫

કોઇતો કહેવાતા દેવા, આભના આધાર જેવા;
ઉડી ગયા એવા એવારે, ઓ જીવ જોને. ૬

જુવાનીમાં જતા જોઇ, રાખી નહિ શક્યા કોઇ;
રહયાં સરવે સગાં રોઇરે, ઓ જીવ જોને. ૭

હાજર હજારો રેહતા, ખમા ખમા ખમા કેહતા;
વિશવમાંથી ગયા વેહતારે, ઓ જીવ જોને. ૮

સુવા જન જેની સાથે, હેતથી પોતાને હાથે;
મરણ ન મટયુ માથેરે, ઓ જીવ જોને. ૯

જશ લીધો શત્રુ જીતી, નવીન ચલાવી નીતિ;
વેળા તેની ગઈ વીતીરે, ઓ જીવ જોને. ૧૦

જગતમાં ખુબ જામીયા, વેર વાળીને વિરામીયા;
પણ તે મરણ પામીયારે, ઓ જીવ જોને. ૧૧

નેક નામદાર નામે, ઠર્યા જઈ સમશાન ઠામે;
દિલ દલપત રામેરે, ઓ જીવ જોને. ૧૨

---

* લોકોની ખુબ ઈચ્છાથી.

† રાજ સભાનો મેલો, એટલે "પારલીઆમેંટ" ઉઘાડવા ની ક્રીઆનુ કાંમ

‡ રાજદોલીનો વડો પરધાન લારડ પાંમરસટંન મરણ પામી ઓ તે વીશે.

---

## પોંહોંચ.

### લલીતા દુ:ખ દરશક.

એ નામની ચોપડી તેના બનાવનાર તરફથી હમને ભેટ મ લીછે તેની પોહોંચ હમે ખુશીથી કબુલ રાખીએ છઇએ. વર તથા કનીઆની ચાલ ચલણ તપાસવાને બદલે તેઓ સારાં કુલના છે કે નહી તેટલુંજ માતર જોઇ નહાનપણમા લગન કરવાના ચાલથી જે ખરાબી થાએછે તે દેખાડવાની બનાવનારની મતલબછે. બનાવના ર કેલવણી પામેલો હીંદુ હોવાથી ગુજરાતી ભાશા શુધ રીતે લખી શકીએછે અને તેટલાંજ કારણ માટે હમારા વાંચનારને ઉપલી ચો પડીની ભલામણ કરવાને હમે ચુકતે નહી પણ માઠાં ભાગેએ હીંદુ ઓમા એબલજગામણી ગાલો દેવાની ચાલ એટલીતો વધી ગઇછે કે આ ચોપડીના બનાવનારે પણ ચાર પાંચ ઠેકાણે ખરાબ શબ્દો વાપરવામાં આંચકો ખાધો નથી. એટલા વાસતે હમે દલગીર છ ઇએ કે હમે એ ચોપડીને ટેકો આપી નહી શકતા

લલીતા દુ:ખ દરશક અથવા લલીતાના દુ:ખની બાબતથી નાટ કના રૂપમા રચવામાં આવીછે; પણ નાટકમાં જેટલી મનશકતીના ખ્યાલથી ઇલીકતી લગાડવી જોઇએ તે (અથવા જેને ઇંગરેજીમા "પ્લાટ" કેહછે તે) મુતલગ જોવામાં આવતી નથી એમા કવી તાની રચના ઠીક દેખાએછે. શુધ ગુજરાતી પુશતકોમાં વધારો કર વાની બનાવનારની ઉલટ, વાસતે તેને શાબાશી ઘટેછે. હવે પછી જો તે બીજો ગરથ કાહાડવા ધારેતો તેમાં ઉપર જણાવેલી મોટી ખામી કે જે સેહેલથી સુધરી શકશે તે નહી જોવામાં આવીતો અ ને બીજી બધી બાબદો સરખી માલમ પડીતો સરવે વાંચનારને લાએ ક તે થઇ પડે એવી હમારી ધારણાછે

હમારા આટલા હીંદુ ભાઇઓનો ગુજરાતીનો સારો અભી આશ છતાં એક સારા ગુજરાતી કોશની ખોટ રેહે એ વીશે હમે દ મારી દલગીરી જણાવવાની આ તક લઇએ છઇએ એથી ખોટ ન હી પુરી પડે તાહાંસુધી આ ચોપડીના બનાવનાર અને એના જેવા ભાઇઓને હમારી ભલામણછે કે તેઓએ સાધારણ ભાશાના શબદો શીવાએ બીજા શબદોના અરથની "નોટ" રાખવી.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૦ મું. | એપરેલ ૧૮૯૯ | આંક ૪ થો.


## સંકટનું શેવટ—તેહેમુરનું તારણ.

એક વારતા.

### પરકરણ ૧૧ મું.

તેહેમુરે પોતાની છોકરી જે હામદન શેહેરનાં બાદશાહ કોબાદ તથા તેની રાંણી ફરંગીજ એઓની સંભાલ તલે ઉધારવાને રાખી હતી તેની મુલાકાત લેવાને પોતાના વજીર હેરૂનની સંગાત વાંહાંણમાં કુચ કીધી. નાંહાંની વએથી જે માં-વીનાનાં બાલકનુ પારકે ઠેકાંણે પોશણ કરવામાં આવીઉં હતું તેના ઉઘરતા દીદાર જોવાને તેને આશરે પંદર વરશ શુધી રાજ કારબારની રોકાંણને લીધે બનીઉં ન હતું, માટે આ વેલા તે ખુબસુરત જુવાન સ્ત્રીને જોવાને તેની આંખ તથા હઈડું કેવું આતુર હશે! જે એકપુરી બેટી દરીઆ વચે મહા મુસીબતમાં જનમી હતી તેને બાપના હેતથી ભેટી પોતાને ઘર લાવવાને તેહેમુરની છાતી કેહવી ધપકી હશે! જે તેના રાજપાતનો વારસ, જે તેની આશાનો દીપતો ચેરાગ, જે તેની ઘડપણની લાકડી, તેને પોતાના સવાધીનમાં લઈ હઈડાં હેઠલ રાખવાને તેહેમુરનાં મનમાં કેહવા કેહવા વીચાર, તલપ તલપ કરી રહેઆ હશે!

હવે જુઓ એકગમથી તેહેમુર ઉલટનો ભરપુર પોતાના બચાંના મુલાકાત લેવા જાએછે, અને બીજીગમથી પેલો કંગાલ કોબાદ તથા ફીતુરખોર ફરંગીજ પોતાના બુરાં કરમને ઢાંકવાને તરેવાર ઉપાઓ કરેછે. પોતાના બાગના મધીઅ બાગમાં ઉતાવલથી દરીબાનુની એક ખોટી બુલંદ ઘોર બંધાવી, તે ઉપર રોણકદાર આરકાંનાં મોટા મીનારા ઉઠાવેઆ અને સોનેરી હરફોથી તેણીની તારીફનાં લેખો કોતરાવેઆ. આ લેખો નીચે પરમાંણે હતા—

વસંતરૂતના બાહરમાં ખીલતી ગરીબ ગુલછડી,
શુંદર—અદ્દ—મધુર—કરમાઈ ગઈછે મરી.

ગરવ, ગાલ, કે કરોધ થકી, હતી સદા બેફામ,
દરીઆ મધે જનમી, દરીબાનુ ગખ્તી નામ.

ઇશફાન શેહેરના શાહ, તેહેમુરનુ તે ફરજંદ,
પાલણાંમાથી પ્રવીણ, બચગીથી સુશંદ.

મોહતે, ઘાટકી હાત થકી, મરડીઉં છે આ ફુલ,
તોડી તારાજ કીધુ, દીધું શેવટ ધુલ.

ઇશવર ઇછેતો તું, તાજુ કરે તે ફરી,
દરઘાહમા તારી ઉગાડે, પાછી આ ગુલછરી.

તેહેમુર ઉલટનો ભરપુર હામદન શેહેર મધે આવી પુગો અને ચાકર નફરો સુધા કોબાદનાં બાગ મધે ગએઓ. આ ઠેકાંણે કોબાદ તથા તેની રાંણી, જેઓ પોતાનાં પરાક્રમ પકાં અને પુરાં કરી તઇઆર હતાં, તેઓને મલેઓ. તેહેમુરને જોતાંનેવાર તેઓ બંને જણાએ તેને આદરમાનથી લીધો અને જાંણે ઘણાંએક દાહાડાનાં ગમમા પહેલાં હોએ તેવો ખોટો દેખાવ દીધો, જે જોઈ તેહેમુરનું ઉલટ અને ઉમેદથી ઉછલતું લોહી થંડગાર થઈ ગીઉં, અને તેનો ચેહેરો ફીકો પડી ગીઓ. કોબાદે તથા ફરંગીજે ગંભીરાઈથી તેહેમુરને બાગનાં મધીઅ ભાગમાં લઈ જઈ દરીબાનુની ઘોર બતાવી, જે ઉપરનાં લેખો જોઈ તેહેમુરનાં દીલમાં મોટો જખ્મ લાગો, તેની ઉમેદ તુટી ગઈ, અને આંખોમાં આંશું આંણી ભારે શોગ કરતો પાછો ફરેઓ.

તેહેમુરે પોતાનાં એકપુરાં પેઆરાં બચાંનો તથા તેનાં વાલીનો મોહોતે નાંશ કીધેલો સમજી દીલપર ભારે ગમ ધરેઓ, શોકનો કાલો પોશાગ પેહેરીઓ, ખાવું પીવુ—બોલવું ચાલવું છોડી દીધું, અને વાંહાંણ મધે તુરત પાછો જઈ ઉંધે મસતક આંખ વીચી પડી વાંહાંણ પાછું ફેરવવાનો હુકમ કીધો.

વાટમાં ખોરાક ઘટી ગએઆથી તેહેમુરનાં વાંહાંણને રએ નામના શેહેર તરફ બંદર કરવું પડીઉં. વાંચનારને માલમ હશે કે આ શેહેર મધે બેહેરાંમ નામે હાકેમ અમલ ચલાવેછે અને એજ શેહેર મધે દરીબાનુ પોતાની મેહેનત તથા કેલવણી કાંમે લગાડી એખલી ધીરજથી પોતાનુ ગુજરાંણ કરતી રહેલીછે. તેહેમુરનાં બાદશાહી બારકસનો દબદબો જોઈ બેહેરાંમને આસચરીઅ લાગું માંટે તે મધે કોણ હશે તથા તે કેહાથી આવીઉં હશે તે જોવાને તથા જાણવાને પોતે એક મછવામાં બેશીને વાંહાંણ તરફ ગએઓ. તેહેમુરનાં વજીર હેરૂને બેહેરાંમને મોટા આદરમાનથી બેહેરાંમને ઉપર લીધો અને કહેઉં કે આ વાંહાંણ મધે હમો હમારા શાહ તેહેમુરને લઈ ઇશફહાંન તરફ પાછા જઈએછે.

બેહેરાંમ—હા! તેઆરેતો ઘણું સારૂં; હું તમારા શા

હને જોવાને ઉમેદવારછું, તે કેહાંછે મને મેહેરબાની કરી જરા તેની સાથ મુલાકાત કરાવી આપશો !

હેરૂન—ભાઈ હમારા શાહ તેહેમુર વીશે હું શું કહું! તેણેતો જાંણે આખી દુનીઆં તજી હોએ તેવો અવતાર ધારણ કરી વાંહાંણને એક ખુણે તે ઉંધે મસતક પડેલોછે; કારણ તેની એકપુરી છોકરી, જે તેની સંરવે આશાનો ચેરાગ હતો, તે પારકા ગામમાં મરણ પાંમેલી જોઇ તે દેવાનો બની ગએોછે, આખ ઉઘાડીને જોતો પણ નથી તથા કોઈ શાથ બોલતો ચાલતો પણ નથી, કારણ ગમનાં ગાંઠથી પોતાનુ મોહ બાંધી લીધુંછે.

બેહેરાંમ—ભાઈ, વારૂ જોઉં જરા મેહેરબાની કરી તારા શાહની નજદીક મને લઈ જશે; હુંતો જરા જોઉં કે તે કેહેવી હાલતમાં પડેલોછે.

હેરૂન—મને કાંઈ અડચણ નથી, પણ હમારૂં તેમાં શું વલીઉ, તે કોઈનુબી શાંભલનારછે ? ઉલટી હમારી દલગીરી વધશે.

તોબી હેરૂન બેહેરાંમને શાહ તેહેમુરની નજદીક લઈ જાએછે. બેહેરાંમ મોટે શાધે તેને સલામ અલેકુમ કરી તવાજો કરેછે પણ તે ફોકટ; તેહેમુર કાંઈ સાંભલતો નથી અથવા જવાબ પણ આપતો નથી—જાણે લાકડાં અથવા પથરની સાંમે સલાંમ કીધા બરોબર થએઉં.

બેહેરાંમ—વારૂં તેઆરે ભાઈ ખરૂં એ કાંઇ કોઈનુ સાંભલનારતો નથી પણ જરા થોબ, તારી મરજી હોએતો હું એક તપાસ કરવા માગુંછું. આ શેહેર મધે એક જુવાન સ્રીછે જેની ખુબી તથા ખુબસુરતીનોતો કાંઈજ પાર નથી, વીદેઆ તથા એલંમમાં તે એટલીતો પરવીણછે કે કાબેલ મરદનેબી એક કોરે બેસાડે. માંટે જો તારી મરજી હોએતો તે ઓરતને અતરે બોલાવી મંગાવીએ, અને જોઇએ કે તેણીના પાસ કાંઈ એવી કરામતછે કે આ શાહની દલગીરી ભુલાવે. હુંતો ધારૂંછું કે તે કાંઈપણ હીકમત લડાવશે.

હેરૂન—મનેતો કાંઈ અડચણ નથી પણ ઓરત કે મરદ કોઈનુ પણ કદી તે સાંભલનાર નથી. તોબી જોઇએ તે એવીતો કોણ જુવાન ઓરતછે !

(બેહેરાંમ દરીબાનુને તેડાવી મંગાવેછે. દરીબાનુ પોતાની એક ચાકરડીને સાથે લઈ વાંહાંણ મધે આવેછે.)

બેહેરાંમ—(દરીબાનુને) બાઈ આ ઠેકાંણે એક મોટો શાહ ગમના દરીઆમાં ગરક ગએલોછે જેને તું તાલમેલથી તેરવી કાંઈ પણ તારૂં તંતર લગાડી બોલતો કરેતો તુંને મોટું ઇનામ મલે એટલુંજ નહી, પણ તારી વાખેવાખી આખાં દેશ મધે થાય, અને તેઆરેજ તારી ખરી ખુબી હું પણ પીછાંણું.

દરીબાનુ—(નમીને) નેકનામ સાહેબ તંતર મંતરની મેં કદી કાંઈ તાલીમ લીધી નથી—તમારી આગ્ના પરમાણે કરવાને હું રાજી છું; મારેથી જે કાંઇ હીકમત બનશે તે હું તપાશા જોવશ, પણ એ શાહની આગલથી તમો સુરેડવા હેર જઈ મને એખલીને તથા મારી આ દાસી... રમાં જવા દેઓ, હમો બને શીવાએ કોઈને... આવવા નહી દેઓતો કદાચ કાંમ બને. ...ટન મરણ પાંમી

(દરીબાનુ એક તંબુરો લઈ ગાણુ ગાતી તેહેમુરની હજુરમાં જાએછે.)

દરીબાનુ—રેહેજો શુખી ઓ શાહ, તાજ તખતની મંગાત,
આવીછ અતરે હું પુછવા તને બે વાત.

તેહેમુર—(મનમાં) ઇએ ! હા ! એ, કોણ !

દરીબાનુ—સાહેબ, હું એક કનેઆ છું, ગરીબ અને લાચાર, તોબી મારા મુખરાંના દરશણ પરથમ કીધા વીના ચાન સુરજની ભકતી કોણ કરેછે ! પણ નેક શાહના નપણથી આ દીલપર પડતાં આવેલાં દુખનો ઘાત જો તારી હજુર છોડુંતો હું નહી ધારતી કે આ સમુદરમાં તે સમાઈ શકે. મેં સાંભલીઉંછે કે તારી ઉપરબી કાંઈક દલગીરીના વાદલાનો ઘેરો આવી પડેલોછે, પણ હા ! તેતો ઘેજમાં મટી જાએ; શું તે કાંઈ મારી દલગીરીના અનંત વીસતાર સાથ સરખાવી શંકાએ ? કદી નહી—ગાઉ અને તસુ વચે કેટલો ફરક ! વલી હું તોખમ કોણની, મારા વડાવાઓનો દરજજો કેહેવો ! અને હાલ મારી કેહેવી અવસથા ! તે જો તું જાંણે, ઓ નેક મરદ, તો તારી દલગીરી ભુલી જાએ એમાં શક નહી.

તેહેમુર—(ધીમે અવાજે) શું મારા વડાવા, મારી તોખમ, મારા દરજજા, મારા ગમની સાથ શું તારૂં સરખાવાની તાકાત ધરાવેછે ! તું હમણાં શું બોલી ?

દરાબાનુ—હા, સાહેબ, મારા મા બાપ વીશેની મારી હકીકત તમો જાંણોતો ખાતરી થાએ.

તેહેમુર—સારૂં, તેઆરે જોઉં તારાં દુખનો હેવાલ મને કહી સંભલાવ અને અગર મને માલમ પડે કે તારી ઉપર પડેલું દુખ મારાં દુખનો હજારમોબી ભાગ સાબેત થાએછતો હું સાફ સરવેની હજુર કબુલ કરૂં કે તેં એક હીંમતવાન અને સુરા મરદની મીસાલે સોસીઉં, અને મેં દુખ સોસવામાં નાજુક છોકરીનુ દીલ રાખીઉં—એટલે હું તુંને સુરો મરદ ગણું, અને મને ઓરત.

દરીબાનુ—સાહેબ, લખો આદમી ઉપર રાજ કરનારા એક શાહની હું એકપુરી બેટીછું. મારા વડાવા, મોટા મોટા શાહની શકતી ધરાવતા હતા, શેંકડો લડાઈઓ જીતી હજારો શતરૂઓને તાબે કરતા હતા, પણ અફસોસ ! એક નેરો શતરૂ મારા નેક પીતાની પછવાડે લાગેલો હતો, નજીવો અને છુપો, પણ તેનો પીછો છોડતો ન હતો પણ . . . .

તેહેમુર—તે કોણ વારૂ !

દરીબાનુ—સાહેબ, તેનું કંમનશીબ—કમનશીબની વેહેતી કટારનાં ઘાહ હજુર તેના દીલ ઉપર તાજાજ હશે; કદાચ તપી રહેલી બીલાડીની તરાપમાંથી એક ઉંદર પણ બચે, પણ કમનસીબની તરાપમાંથી મારો બાપ બનચી શકતો હતો નહી. વલી સાહેબ તું જાંણતો હશે કે "વણ તેવો લેસો" હું પણ તેના જેવી એટલી કમનશીબછું કે આખનજાંણેઆ શેહેર મધે એકલી વાએજાંહાન રહી મારે ધી ફ્રો મારૂં ગુજરાંણ કરૂંછું.

તેહેમુર—(જરા હુશીઆર થઈને) તારી બોલી તથા પ... શીવાએ પરથી હું ધારૂંછ કે તેં ઘણી ઉતમ કેલવણી લીધાંહાંથી ?

દરીબાનુ—મારી સઘલી તવારીખ તારી સાંમે ખોલી કરૂં તો તે તુંને ખોટી જેવી લાગશે એમાં કાંઈજ શક નહી.

તેહેમુર—પણ બાઈ તું તારૂં નામતો મને કેહે.

દરીબાનુ—મારૂ નામ દરીબાનુ કરી છે.

તેહેમુર—(ચોંકીને) અરે ઈશવર! આ શબદ આકાશમાંથી ગેબી નીકલેઓછે કે આ જુવાન સ્રીનાં મોહોડાંમાંથી, તે મને માલુમ પડતું નથી. દરીબાનુ તારૂં નાંમ! હું નહી ધારતો કે તું આદમજાતની જનમેલી હોએ; તું કોઈ પરીઆંનો ઓલાદ અથવા દરીઆની દેવી હશે.

દરીબાનુ—નહી સાહેબ નહી; સરવે મનુશજાતની માફક હું પણ એક ખાકી ઓરતછું. મારા વડાવાઓ પણ તારા જેવા આદમજાત અને શકતીવાલા શાહ હતા.

તેહેમુર—પણ તું બાદશાહની બેટી અને તારૂં દરીબાનુ નામ કેમ, એવું નામ રાખવાની મતલબ શું.

દરીબાનુ—મારૂ નામ દરીબાનુ કરી મારા બાપ શાહ તેહેમુરે આપેલુંછે—જેનો અરથ એવો થાએછે કે દરીઆમાં જનમેલી સ્રી. એવું નામ આપવાનું કારણ એમ બની ઉં કે મારી મરનાર માં, જે એક બાદશાહની બેટી હતી, તેણીએ મને દરીઆ મધે વાંહાણમાં જનમ આપેઓ હતો.

તેહેમુર—હા! હા! એ ઈશવર! આ તારી જગત શું મારી ઉપર ગજબ કરી રહીછે! કે મારા અરધાં ખીસી ગએલાં મગજને તદન ઘેલું કરી નાખવાની કોશેસ કરેછે, અને ગેબી પરીઓ મોકલી નાંહેક મારી મજાક કરેછે. અરે હું ઉંઘેલોછું કે જાગતો—હું આ વાત સપનામાં સાંભલુ છુ કે ખરેખરી તે મને માલમ પડતું નથી. દરીબાનુતો મારી બેટી! જેનું નામ મેં પોતેજ આપીઉં હતું, પણ માઠાં ભાએગે તે હામદન શેહેરમાં મરણ પાંમી, . તેણીની હજુર તાજીછે, આ આંખે હું હમણાજ જોઈ આવેઓ છું. વારૂ નેક નાર તારી વાત જરા વધારે કેહ; તું કાંઈબી ખોટું કેહેતી હશે એમ મને કબુલ કરવાને કાંઈપણ કારણ નથી.

દરીબાનુ—મારો બાપ મને હામદન શેહેર મધે રાખી ગએઓ હતો, જેહાં બાદશાહ કોબાદે તથા તેની રાણી ફરંગીજે મને મારી નખાવવાને છુપી ગોઠવણ કરી રાખી હતી; પણ મને જાનથી બેજાન કરવાને જેવો ફટકો મારી ઉપર પડેછે, તેવામાં થોડાએક ચાંચીઆઓ અચીંતા આવી મને પકડી ગોલામ તરીકે ઘસેડી લઈ ગએઆ, અને આ શેહેર મધે લાવી મને વેચી ગએઆ. અતરે મારી ઉપર પેહેલ વેહેલાં કેટલી બલા પડી, અને મેં તે સઘલી કેવી ધીરજથી સોસી, તેનુ બેઆન કરવાને મારી જબાંમાં તાકાદ નથી. પણ સાહેબ મારા બોલ ઉપર તમોને કાંઈ પણ શક આવતો હોએતો હું એટલુંજ જણાઉંછું કે, શાહ તેહેમુર મારો બાપ જો જીવતો હોએતો ઉપલી વાતની સચાઈ વીશે તમુને સાખશી આપે.

તેહેમુર—એ વફાદાર વઝીર—પેઆરા હેરૂન, અતરે આવ, તું જાણેછ આ ઓરત કોણછે—એની વાત સાંભલી મારી અકલતી આગાડી ખીસી જાએછે.

હેરૂન—નેકનામ શાહ, હું તો આ ઓરતને બીલકુલ ઓલખતો નથી, પણ આ શેહેરનો હાકેમ બેહેરાંમ કેહેછે કે આ કોઈ નેક અને પુરવીણ નાંની સીછે, પણ જેઆરેબી એણીનાં મા બાપ વીશે સવાલ કરવામાં આવેછે તે આરે મોહડું સુગું કરી નાંખી હઈડું ભરાઈ આવેઆથી રડી પડેછે.

તેહેમુર—ખરેખર! મારી મરનાર ઓરતનો ચેહેરો આ છોકરાંનાં ચેહેરાને આબેહુબ મલતો આવેછે, અને મારી બેટી પણ એજ ચેહેરાંની હોવી જોઈએ. અરે ઈશવર તારી કેહવી ખુબી! જે ચીજનાં નાશ અથવા ગુમ થવાથી મેં સઘલી આશા છોડી દીલપર ભારે ગંમ ધરેઓ હતો, તે ચીજ વીશે તેં મારી આશા પાછી તાજી કીધીછે એટલુંજ નહી, પણ તે અચીતી મારી સાંમએ લાવી ઉભી કીધીછે. મારે એ પેઆરા વઝીર, જલદી આવ, આ હરખ મારી છાતીમા સમાઈ શકાતો નથી—મને સમાલજે, રખેને આ ખુશાલીના શાગરમાં હું એકદમ ગરક થઈ ગુમ થઈ જાઉં. આ છોકરી મારી દરીબાનુછે—મારી એકપુરી બેટી આજછે, જેને માટે મેં આજવેર શોગ રાખેલો હતો.

દરીબાનુ—નેક અને સખુનીના સાહેબ, તમોતો મને મેહેરબાની કરી જરા તમારૂં નામ તથા ઠામ જણાવશો?

તેહેમુર—તેહેમુર—ઈશફાનનો શાહ કરી જે તું કેહેછે તે હું પોતે—તારો પીતા—તારાં તનનું તન. જે બેટીને હું મરણ પામેલી સમજતો હતો તે તુંજછે. મારાં રાજ અને પાત—તાજ અને તખત—દુનીઆં તથા દોલતનો વારસ તું પોતેછે. હેરૂન તથા સરદારો, ચાલો મધુર પકવાનો બનાવવાનો તુરત હુકમ કરો, અને ચાલો આ પણ સરવે નવો પોશાગ પેહેરી આજનો મુબારક દીવસ ઈશવરની ભકતીમાં અને મોજ મજાહામાં કાહાડીએ.

એ પરમાણે તેહેમુરને તેની પેઆરી બેટી મલેઆથી એટલોતો ખુશી થએઓ કે—જાંણે ખુશાલીથી તેનું મગજ અરધુ ખીસી ગએલું માલમ પડીઉં; કારણ થોડાવારમાં તે બોલી ઉઠીઓ—"હા! હા! શું મધુર ગાએણુ! આ આખું આકાશ ખુશાલીના રાગોથી મધુર વાગી રહેઉંછે! તમો સરવેનેબી સંભલાએછેની વારૂં!"

ગાએણ જેવુંતો કાંઈબી સંભલાતું હતું નહી તોબી આ વેલા તેહેમુરની ખુશાલીમાં ખલલ ન થાએ તે માટે સરવે જણ બોલીઆ "હા, સાહેબ હા, હમોને પણ સંભલાએછે. વા, કેહેવું મધુર આકાશનું ગાએણ!"

હવે થોડા વારમાં ખુશાલીથી તેહેમુરના હવશો થાકી ગએઆ, તેથી તે મીઠી ઉંઘમાં પડેઓ, અને તેના માથાં તલે નરમ તકીઓ આપી, આસપાસના સરવે જણ દુર થઈ ગએઆં.

---

## પરકરણ ૧૧ મું.

## સુપનાની સાચી સલાહ—તેહેમુરના તારણનું તમામ થવું.

વાંચનાર બાનુઓને ઈઆદ હશે કે તેહેમુરની રાંણ પરીચેહેરને દાનેશ નામના એક પીરમરદે મુરદાં સરખી હા

વતમાંથી સજાગરી કરી તેણીની સારી રીતે આવભગત કીધી હતી એટલુંજ નહી, પણ તેણીની ખાશ મરજીથી એબાદતથાહ નામના એક પવીતર મકાન મધે એક હોદેદાર તરીકે રાખી હતી.

હવે તેહેમુરેતો પોતાની રાંણીની આશા બીલકુલ છોડી હતી, કારણ તેણીને મુરડાં સરખી હાલતમાં પેટીમાં બંધ કરી દરીઆ મધે નાંખી હતી. તેણીને ફરીથી હઇઆતીમાં જોવું એ અલબત અકલથી ઉલટું ગણતો હતો.

વાંહાણ મધે મધુર ઉંઘમાં તે પડેઓ; અને એવી હાલતમાં લાંબો વખત ગએઓ નહી એટલામાં તેહેમુરને એક ખોઆબ આવેઓ, જેમાં તેણે એક ફરેસતો દીઠો. આ ગેબી ફરેસતાએ તેને નીચે પરમાંણે સલાહ આપી—

"તારી બેટી, જેને વીશે તેં સઘલી આશા છોડી હતી, તે તુને વગર મેહેનતે મલી—ઇશવરનાં કુપા હાતે તારી હજુર લાવી ઉભી કીધી. માટે વધારે વખત કાહાહેઆતી આગમજ તુરત ઉઠી એબાદતથાહનાં પવીતર મકાન મધે જા, જે અતરેથી ઘણું દુર નથી, અને તેહાં પાખ તન અને મનથી ઈશવરની ભકતી કરી તેનો ઉપકાર માન, અને તેઆરબાદ તારી મરણ પાંમેલી રાંણીનાં ગુમ થવાથી તુને કેટલો શોગ ધરવો પડેઓછે તેનુ બેઆન કર, પછી ખરાં દીલથી તેણીને હઇઆતીમાં પાછી મેલવવાની નેક મુરાદ ઇં'તેજારીથી ચાહ, અને પછી એકીન હશે તો તારી મુરાદ બર આવશે એ સત કરી જાંણજે." (એમ કહી ફરેસતો ગેપ થઇ ગએઓ.)

તેહેમુર અંખીતો ખોહાબમાથી ઉઠીઓ અને તે મધે સાંભલેલી ફરેસતાની સલાહ પોતાનાં વજીર હેરૂનને કહી. થોડાવારમાં તે પોતે, તેની બેટી દરીબાનુ, હેરૂન, તથા તે શેહેરનો હાકેમ બેહેરામ, એઓ સરવે કીનારે ઉતરી એબાદતથાહનાં મકાન મધે ગયાં.

તેહેમુરે તન તથા મન પવીતર રાખી પાક પરવરદેગારની બંદગી સરૂ કીધી અને પછી પોતાની સઘલી કાંહાંણીનું દાસતાન ખોલીઉં અને પરીચેહેરની હસતી વીશે તેણીનુ નામ પોકારી મુરાદ માંગી.

(એટલામાં તેહેમુરનો અવાજ પરીચેહેરનાં કાન ઉપર પડેઓ; કારણ તે તેહાંજ રહેલી હતી.)

પરીચેહેર—તું! તું! હા હા! ઓ મારો તેહેમુર! વાહાલો ભરથાર! (એમ બોલી તે બેહોશ થઇ પડી ગઇ.)

તેહેમુર—ભાઈઓ આ શું! આ કેહેવો બનાવ! પેલી કોઈ ઓરત બુમ પાડી એકદમ પડી ગઈછે, અને બેહોશ થવા માંડીછે, એનું કારણ શું હશે!

(આ ઠેકાંણે પેલો પીરમરદ દાનેશ હાજર હતો તેણે પરીચેહેર ઉપર પાંણી છાંટી હુશીઆર કીધી અને બોલેઓ.)

દાનેશ—ભાઈ અગર તેં આ પાક મુકામ ઉપર બંદગી કરી તારી બાંનુ વીશે નેક મુરાદ માહી હશેતો એજ તારી બાંનુ હોવી જોઈએ.

તેહેમુર—(ઘભરાઈને) માનવંતા નેક બરહસપ, આ ધુનતા હાતથી મેં પોતે મારી ઓરતને દરીઆ મધે નાંખી હતી, તેતો પાંણીની ઘોરમાં દટાઇ ગઈ હશે, હઇઆં તે કાંહાંથી આવે!

દાનેશ—હું ખાતરીથી કહુંછું કે તેણીને આજ ફોરસતા ઉપર નાંખી હતી.

તેહેમુર—હા ભાઈ બેશક, કેથે આજ કીનારા તરફ.

દાનેશ—જો પેલી ઓરત, તુને જોઇ તે ખુશાલીથી એટલીતો ભરાઈ ગઈ કે તેણીની છાતીમાં હરખ સમાએઓ નહી તેથી બેહોશ થઈ તુટી પડીછે; પણ હાલ તે આસતે આસતે હુશીઆરીમાં આવતી જાએછે. હું એક સહવારે ખરી બાંમદાદનાં વખતમાં મારા મુકામ મધે બેઠેલો હતો, તેવામાં મારા ચાકરો એક મોટી પેટી જે કીનારે ઢણાંઇ આવી હતી તે લઇને મારી આગલ આવેઆ. મેં તુરત તે ઉઘડાવી અને જોઉંતો તે મધે એક ઓરત સુતેલી હતી અને તેતાંમાં જીંદગાણીનાં બેફામ ચીનીઓ મને નજર પડેઆં, તેથી મેં મારી હીકમત લગાડી તેણીને સજાગરી કીધી અને તંદરોસતીમા રાખવાંને મેં પુરતા ઉપાએઓ લીધા. પાછલથી તેણીની ખાશ મરજી ઉપરથી મેં આ પાક મકાન મધે ધરંમ સંબંધી એક અખીકારી બનાવી તેણીને અતરે રાખીછે.

તેહેમુર—ઓ નેક મરદ, તારી કેવી ખુબી! હુંતો તારો ઉપકાર ખુદાવીની કેઇ પેદાએશની મારફતે માનું! મારી પેઆરી ઓરતના જાનનાં રખશણને માંટે તારો સદાનો કરજદાર રેહેવશ.

એ પરમાણે તેહેમુરને તેની પેઆરી બાંનુ અકસમાત મલેઆથી તેની ખુશાલી કીઆ શબદમાં બોલી શકીએ! તેહેમુરે પોતાની બેટી દરીબાનુની પરીચેહેર સાથે મુલાકાત કરાવી. દરીબાનુ પોતાની માને જોઈ નીચુ વલી નમસકાર કરવા પડી. (તેવામાં)

તેહેમુર—વાહાલી બાનું, આ કોણ! નીચું વલી તુંને કોણ નમેછે! તારાં તનનુ તન—તારાં લોહીનુ લોહી—વાંહાણ મધેનો તારો બોજો—તારૂં જવેર—તારો વારસ—તેને તું ગલે વલગાવ.

એ પરમાંણે બાપ, મા તથા બચું એ તરણે જણ નજદીક-૧૫ વરશ સુધી પારકાં ગામોમાં, માંદી હાલતમાં, દીલ પર ગમ ધરી નીરાશ થઇ બેઠાં હતાં, તે તરણેનો અકસમાત મેલાવડો થએઆથી તેઓના દીલની ખુશાલી કેહેવી હસે તે વીશે બેઆને કરવું એ બેશક કલમની શકતીની બાહાર છે; માટે તે દાનેશ વાંચનારના વીચાર ઉપર સોપીએ છઈએ.

એ પરમાંણે તેહેમુરના તારણની તવારીખ તમામ થઇ; અને શેવટ તે પોતાની વાહાલી બાનુ તથા બેટીને પોતાના હઇડાં સેહલ લઈ પોતાને વતન ગએઓ. તેહેમુર પોતાના રાજમાં લાંબો વખત રહેઓ નહી એટલામાં તેણે ચાહકોબાદ તથા તેની રાણી ફરંગીસના ઘાતકો કરમની સીખશા કરવા માટે હામદન શેહેર ઉપર હુમલો કરવાની તઇઆરી કીધી, અને મોટું લશકર લઇ તે શેહેર ઉપર તુટી પડેઓ અને તે તારાજ કરી નાખીઉં.

શેવટે પેલો પરોપકાર હાકેમ બેરાંમ, જેણે દરીબાનુ ઉપર દએઆ, મેહેરબાની, અને મોહબત રાખી હતી તેથી, તથા દરીબાનું સાથ પરણવાની તેની મરજી માલમ પડેઆથી તેહેમુરે પોતાની બેટીનાં લગન બેરાંમ સાથ કરી આપેઆં. વલી આ સગાઈથી તેહેમુરના ગુમમાં વધારો થ

એઓ, કારણ બેહેરાંમ કરતાં વધારે નેક, હીમ્મતવાન, અને મોટાં કુલનો બીજો ગરહસથ દરીબાનુને લાએકનો મેલવવો એ ન બને તેવું હતું. એ પરમાણે તેહેમુર પોતાના કુટુંબ કબીલા સુધાં પોતાની વફાદાર રઇએત ઉપર રાજ કરતો, લાંબી ઉમર સુધી સલાહ સંપન અને શુખચેનમાં પોતાનાં દીવસ ગુજારવા લાગીઓ.

આ લાંબી વારતા અથવા ખેલ ઉપરથી જે નીતી નીકલેછે તે તમોએ જાંણી હશે આ દુનીઆમાં ખરૂં સુખી ઇનસાંન કોણ ? એ સવાલનો જવાબ આ વાત આપેછે; અને તે એકે જે ઇનસાન પોતા ઉપર પેહેલાં, અનેક પરકારનાં દુખોમાંથી નેકી, હીમત, અને ધીરજથી બાહાર પડે, અને જીંદગીનાં અંત સુધી તન અને મનનુ શુખ રાખે, તેજ ઇનસાનને ખરૂં સુખી ગણવું.

દુખનાં દરીઆમાં ડુબેલો નર,
ધીરજથી નીકલે ઝપાટી ઉપર.
નેકીના નાવમાં, ટેકીને બેઠે,
ખુશાલીની ખુશકીપર, ઉતરીને પેઠે.
તેહેમુરનુ દુખ—કેહેપો તેનો ગમ,
સબુરીથી ઝપલું, થએઉં ખતમ.
શંકટનુ સેવટ આવીઉં મરીઆમ,
તેહેમુરનુ તારણ થએઉં તમામ.

—

# ઓરતોની મજલસ.

## ભાશાણ ૬ ઠું.

### બચાંના ખોરાક વીશે.

બચાંને નહવાડવો ધોવાંડવાની અને પોશાક પેહેરાવવાની માવજત વીશે આગલાં ભાશાણોમાં કહી શંભલાવીઉછે. આજ દીનના ભાશાણુંની બાબદ એ કરતાં ઘણી વધારે અગતનીછે અને તે ઉપર તમારૂ ધેઆન પોહોચાડવાની વધારે જરૂરછે, કાંએકે આપણા લોકોમાં બચાંનો લાએક ખોરાક કીઓછે. તે વીશે ઘણુજ અંજાણપણુછે અને એવા અંજાણપણાના સબબથીજ બચાં બે વરસના થાએછે તેની આગમજ તેઓમાં વધારે મોહોત નીપજેછે. એ કારણોને માટે બચાંની માએને એ બાબદ ઉપર ગ્યાન મેલવવું એક મોહોટી ફરજછે, એ બાબદ ઘણી લાંબી હોવાના સબબથી તેના જુદા જુદા ભાગ કીધાછે.

બચું જનમીઆ પછી તરત ખોરાકની શી માવજત કરવી ?

૧ લું—બચું જનમીઆ પછી ૩—૪ કલાક લગી બચાંને માએના થાન આગલ ધરવાની તથા દુધ પાવાની જરૂર નથી.

કાંએકે બચું જણતી વખતે માએ ઘણી કશટી પામેછે અને થાકી જાએછે તેથી તેને ૩—૪ કલાક લગી આરામ લેવાની જરૂરછે.

વલી બચાંને જનમીઆ પછી ૧૨ કલાક શુધી હરકોઈ બીજી જાતના ખોરાકની કાંઇ પણ જરૂર નથી.

વલી બચાંને પણ ૩—૪ કલાક લગી થાક લેવાની જરૂરછે.

આપણા લોકોમાં તરત માએનુ થાન આપવાની ચાલ નથી એ એક સારી રીતછે; પણ બીજી તરફથી વગર ઢીલ રાખવે બચાંને બીજો ખોરાક આપેછે. એ એક નુકશાનકારક ચાલછે અને તેનો અટકાવ કરવાની દરએક સમજુ માએની ફરજછે.

૨ જું—તરણ ચાર કલાક થયા પછી વગર ઢીલ રાખવે બચાંને માએનુ થાન આપવાની જરૂરછે.

એ વખતે થાન નહી આપેઆથી માએને તથા બચાંને બેઉને બેરફાએદા થાએછે.

માએનુ પેહેલુ દુધ બચાંને જોલાબની મીસાલે અસર કરેછે. ખુદરતથીજ એ દુધ કાંઇ ખોરાક નથી પણ જોલાબ છે અને તે બચાંના પેટ માહેની સઘલી ખરાબ વસતુ ઝાડાને રસતેથી દુર કરી નાખેછે. જો એ દુધ ધવાડીઉં નહી અને તે ખરાબ વસતુ નીકલી નહીતો બચું ખચીત હેરાંન થાએછે.

પેહેલું દુધ જરા ચીકટ હોએછે તે ધાવવાને બચાંને જરા સકતી પડેછે, જોરાવર બચું એ દુધ ધાવી સકેછે. જે બચું ઘણુજ નબલુ હોએ તેનાથીજ એ દુધ ધવાઇ સકાતું નથી.

આપણા લોકોમા એવો વીચારછે જે માએને ૨—૩ દાહાડા સુધી થાનમાં દુધ આવતું નથી તેથી બચાને તેટલા વખત સુધી કાંજી પાંણી ઉપર રાખવું પણ એ વીચાર તદન ગલતછે. ઘણુંખરૂં માએને પેહેલાં થોડું પણ દુધ હોએછે અને તે દુધ બચાંને ધવાડવાની ફરજછે. એ દુધ ૬—૭ દાહાડાવેર જોલાબની અસર રાખેછે અને પછી બદલાએછે.

વલી બચાંને જલદી થાન આપવાથી બીજો એ ફાએદો થાએછે કે તે જલદીથી ધાવવા સીકેછે. જો બે તરણ દાહાડા લગી થાન આપેઆ વગર રાખીઉ હોએતો બચું નબલું થઇ જાએછે પછી થાન લેઇ સકતુ નથી અને જે દુધ ધાવેછે તે ઓકી કાહાડેછે.

વલી થાન જલદી આપેઆથી માએને પણ ઘણા ફાએદા થાએછે. પેહેલાં માએના થાનમાં જાડી મલાઇ જેવી વસતુછે તે બચું ધાવીને ખેંચી કાહાડેછે. જો તે ખેંચી નહી કાહાડેતો થાન શુજી આવેછે; પરૂ બંધાએછે અને બીજા ઘણા અવગુણો થાએછે.

વલી બચાને જલદીથી થાને મુકીઆથીજ દુધનુ વેહેવું વધારે અને સેહેલથી થાએછે.

વલી જલદી થાન આપેઆથી માએને બીજો ફાએદો એછે જે દસતાન વધારે વેહેતુ કમતી થાએછે અને પછવાડેથી આવતી વીનનુ જોર અને દુખ નરમ પડેછે.

૩ જું—બચાંને કાંઈપણ જોલાબ આપવાની જરૂર નથી.

માએનું પેહેલું દુધજ જોલાબછે તારે જોલાબો આપવા નકામાછે અને તેથી ઉલટું નુકશાન થાએછે. જો એ દુધ ધાવીઆ છતાં પણ બચાંને જોલાબ લાગે નહીતો એ વખતે હલકો જોલાબ આપવાની - . થોડી ખાંડ અથવા ગો

લ ગરમ પાંણીમાં પીગલાવીને તે પાવું અથવા અરધી ચમચી સોજું ગોઠું તેલ અથવા એરંડીઉ ચટાડવું.

આપણા લોકોનો એવો વીચારછે જે બચાને જોલાબ આપેઆ વગર માઍેનુ ધાવણું અપાએજ નહી પણ એ વીચાર તદન ગલતછે. આપણા લોકો બચાંને જનમીઆ પછી તરતજ ગોલ પાણી પાએછે તેનુ કારણ એછે કે બચાંને તરત પેટ આવે પણ જો માએને પોતાને ખબર હોએ કે પોતાનુ દુધજ જોલાબછે તો તે કદી પણ ગોલ પાંણી પાએ નહી.

જારે પેટ લીલું અને ચીકણું આવવાનુ બંધ થાએ અને પીલા રંગનુ પેટ આવે તારે સમજવુ કે સઘલી ખરાબ વસતુ બચાંના પેટ માહેથી નીકલી ગઈ.

૪ થું—જો થાનમા દુધ નહી હોએતો ચાર કલાક રહીને ફરીથી બચાંને થાન આગલ ધરવુ, જો હજુપણ દુધ નહી હોએતો જાંહાસુધી દુધ આવે તાંહાંસુધી બાર કલાક લગી થોભવું.

બચું ઘણું કરીને ૧૨ કલાક લગી ખોરાક વગર રહી સકેછે તેથી જો માએના થાનમાં દુધ નહી હોએતો એટલા વખત સુધી ધીરજ રાખીને થોભવું જોઈએ.

૫ મું—જો એટલા વખતમાં બચાંને ખોરાકની જરૂર પડીતો દુધનો ખોરાક બનાવીને આપવો અને જેવું માએના થાનમાં દુધ માલમ પડીઉં એટલે તે મુકી દઈને થાન આપવું.

બચાંને તરણ ચાર કલાકે માએનાં થાન આગલ ધરીઆ કરવું તેથી થાનમા દુધનો જોગો થએઆ વગર રેહેશે નહી, તેટલા વખત સુધી દુધનો ખોરાક બનાવીને આપવો પણ કાજી, આહે કદી પણ આપવી નહી.

૬ ઠું—જો બચું દુધ હોવા છતાં ધાવી સકે નહીતો તેનું કારણ સોધી કાહાડવુ અને તેનાં ઘટતા ઉપાએ લેવા.

માએને ધવાડતાં નહી આવડે તેને લીધે અથવા બીજી ખરાબ માવજતને લીધે બચુ ધાવી સકતું નથી. આપણા લોકોમાં ૧૩—૧૪ વરસની છોકરીઓ માએ થાએછે તેવોમાં વારેઘડીએ એવી બેસમજ જોવામાં આવેછે. જારે ધવાડતાં નહી આવડે તારે માએ વારેઘડીએ બચાંનો વાંક કાહાડેછે કે તેને ધાવતાં આવડતું નથી પણ તેમા તે ભુલ કરેછે. બચાંને ખુદરતથીજ ધાવતાં આવડેછે બચું પોતાનું કામ સમજેછે પણ માએને પોતાનું કાંમ આવડતું નથી.

જો માએ ધાવવાનું આપવા છતાં બીજી રીતે બીજો ખોરાકબી આપેતો બચું ધાવણું ખેંચવાનો કંટાલો ખાએછે તેથી બચાંને પેહેલેથીજ ધાવણાં શીવાએ બીજી રીત રેખાડવીજ નહી.

થાનની ખોતરીને બચાંથી જીભ લગાડી સકાતી નથી તેથી બચું ધાવવાનો કંટાલો ખાએછે અને બરાબર ધાવી સકતું નથી. એ વખતે બચાંની જીભ તપાસવાની જરૂર છે. કેટલીએક વખતે બચાંની જીભ અંદર ખેંચાએલી રેહેછે તે બાહેર નીકલી સકતી નથી તેથી બચું ધાવી પણ સકતું નથી. જો જીભને તપાસતાં હેઠલથી આગલો ભાગ એક બારીક દોરાથી બંધાએલો માલમ પડેતો તે દોરો એક માલતી કાતરની અણીથી કાતરવો. એમ કીધાથી જીભ સેહેલથી બાહેર નીકલશે. એથી બીજો ફાએદો એ થશે કે બચાંને આગલ ચાલતાં બોલવામાં કાંઈ પણ અડચણ પડશે નહી. એ દોરો બને તાંહાંસુધી ડાક્ટર પાસેજ કપાવવો.

વલી માએની થાનની ખોતરી નાહાની હોએછે અથવા અંદર પેશી ગઈ હોએછે તારે બચાંથી ધવાઈ સકાતું નથી. એ વખતે કોઈ બીજી ઓરતે ખોતરી હોતમાં પકડીને આસતે આસતે ખેંચીઆ કરવી જોઈએ એમ કીધાથી થોડા દીવશમાં ખોતરી બાહેર નીકલશે.

૭ મું—માએની ફરજછે જે પોતાનાં બચાંને પોતેજ ધવાડે અને પારકી ધવાડનારીને કદી પણ રોકે નહી.

જો માએ દુધ હોવા છતાં, પોતાનાં બચાને ધવાડે નહીતો જેટલો ગુનાહ બચું અધુરૂં તોડી પાડવાનોછે તેટલો ગુનાહ એને લાગુ પડેછે. જે બચું ભાડુતી ઓરતથી ધાવે તે બચું મોહોટું થએઆ પછી પોતાની માંએને કદી પણ આબરૂ આપવાનું નથી તથા કોઈ પણ આભાર માંનવાનું નથી, તે કદી પણ પોતાની માએ ઉપર પેઆર રાખવાનું નથી. જે માએ મોહોટાઈ ઇઆ આલશને લીધે અથવા ધવાડીઆથી પોતાનું રૂપ અને બદનની ખુબસુરતી બગડશે એવા વીચારથી પોતાનાં બચાંને ધવાડે નહી એવી માએને જખી વીખેસણ બોલીએ અથવા લગાડીએ તે ચાલી શકે.

બચાંને ધવાડવું ખુશી ઉપજે એવું કાંમછે. જે માએ પોતાનાં બચાંને ધવાડેછે તેને ખુશી ઉપજીઆ વગર રેહેતી નથી. જારે બચું પોતાનાં ખોલામાં રમતું અને હસતું થાનને વલગીને ધાવેછે તારે માએની ખુશી અને હરખનો પારજ નથી. માએ પોતાનાં ધાવતાં બચાને ભુલી જાએ એ ખુદરતથીજ ઉલટું છે.

વલી જો માએ ધવાડે નહીતો તે પીડા પામેછે. દુધ એકઠું થાએછે, થાન સુજી આવેછે અને અંદર પરૂ બંધાએછે અને કેટલીએક વખત ખહીના ગરજ ઉપર નાખી દેછે. થાનમાં પાકાં નીકલેછે તેનું કારણ ઘણુખરૂં માએ પોતાનાં બચાંને દુધ હોવા છતાં ધવાડતી નથી તેથીજ હોએછે.

વલી માએ એવું બાહાનું લાવેછે કે તે નબલીછે તેથી તે બચાંને ધવાડવાને અસક્તછે; પણ નબલી માએ જો પોતાનાં બચાંને ધવાડેતો બેઉને ફાએદો થાએ. બચાને ધવાડીઆથી માએ વધારે જોરાવર થાએછે અને પોતાની તનદરોશતીમાં સુધારો કરેછે.

નબલી ઓરતને ઘણી વખતે અધુરે મહીને બચું પડવાની ટેવ હોએછે. જો તે પોતાનાં બચાંને ધવાડેતો તે ટેવ નીકલી જાએછે.

વલી બચાંને ધવાડીઆથી, જલદીથી અને વારેઘડીએ હમેલ રેહેતા નથી તેટલા વાસતે નબલી માએ પોતાનાં બચાંને ધવાડવું જોઈએ કેમકે વારેઘડીએ હમેલ રહેઆથી તે વધારે નબલી થઈ જાએછે.

જે ઓરત બચું જણવાને સક્તીવાનછે તે ઓરત અલબતે પોતાનાં બચાને ધવાડવાને અને તેની માવજત લેવાને પણ સક્તીવાનછે.

"એક ઓરત ખુદરતની મેરબાંનીથી સઘલી રીતે મુખત અને તનદરોશત, અને તે ઓરત, જેવું બચું જણીએ એટલે, પોતાનાં નાજુક, વગર આધારનાં અને બેગુનાહ મ

ચાંને એક ભાડુતી ઓરતને સોંફેછે કે જે દસ હજારમાં એક બી તનદરોસત અથવા સારી હાલતમાં હોતી નથી. જેનું તન અને મન બેઉ જોરાવર નથી, જેને આબરૂ અથવા સારૂ નામ નથી, જેને બચાંને મારે પેઆર અથવા દએઆ નહી, પણ જે, બચાંના કરતાં પઈસાની વધારે ખાતરદારી રાખેછે અને પઈસા તથા ઈનાંમની લાલચથી જેટલી બચાંની સંભાલ કરાવી સકાએ તેથી વધારે તે કરી સકતી નથી. એવી ઓરતનાં હાથમાં બચાંને સોંફવું ઘણુંજ ઘાતકીછે. ખરી વાતછે કે જાંહાં માએથી ધાવણું અપાઈ સકાતું નથી તાંહાં નાચારીથી બે પીડામાંથી જે થોડી હોએ તે પસંદ કરવી પડેછે."

"આપણે વારેઘડીએ જોઈએછે કે ઘણા બચાં પાંચ વરસનાં થએઆની અગાઉ મરી જાએછે તેનું જો મુખી એ કારણ જોયુંતો બચાંને જે ખોરાક મલવો જોઈએ તે મલતો નથી. ગરીબ માણસોતો પોતાની ગરજેજ પોતાનાં બચાંને પોતેજ ધવાડેછે પણ પઈસાવાલા આલસને લીધે પોતાનાં બચાંને ભાડુતી ઓરતોને સોંફેછે, પણ તે માએને એ ખાલ કરવો જોઈએ કે જારે પોતાનું બચું પારકી ઓરતના દુધથી જીવેછે તારે તે પારકી ઓરતનું બચું પોતાની માએનાં દુધ વગર ટવલીને મરેછે."

---

## જગુ ઝીતીઓ—ઈશવર સરવે જુએછે.

જગુ નામનો નાહાનો છોકરો ગોદીમાં સુતારનું કામ કરતો હતો. તેના મા બાપ પણ ગરીબ હાલતમાં હતાં, વાસતે તેઓનું રેહઠાણ બેપરવા તથા બદખસલતના લોકમાં હતું. જગુ જાતે પ્રમાણીક, પણ મા બાપથી પ્રમાણીકપણા વીશે કોઈબી દીવસે તેને ધડો મલીઓ ન હતો. ગરીબ અગ્નાન લોકોના ઘરમા તથા તેઓની આસપાસ, નીતીની ખુબી વીશે સુચના, ભાસાણ, સલાહ અથવા ગાયણ સાંભલવાની આપણે આશા રાખવી ન જોઈએ તેમજ નાહાના જગુમાં ખુદરતે જે નીતી શીખવનાર અંતઃકરણ મેલીઊં હતું તે શીવાએ તે વીશે તેનામાં બીજું ગ્નાન ન હતું, મારે એક દીવસે તેના નાહાના હઈડાંની પકી તપાસ થઈ; એટલુંજ નહી પણ તેને ભારે ખમવું પડીઊં.

જગુનો પગાર માતર રૂપીઆ સાડાચારનો હતો, પણ ઊપર કહેલા દીવસે એવો બનાવ બનીઓ કે પગાર કરનારે તેને ભુલથી રૂપીઆ દશ આપી દીધા. ગોદીમાં હજારો માણસોનો પગાર થાય, વાસતે પગાર કરનારની એવી ચુક કદીબીં માલમ પડે નહી. છેલે, હીસાબ કરતી વખતે તેને ખોટ આવેતો ખરી, પણ તે કેમ આવી તે શોધી કાહાડવાના ઊપાય નહી, મારે જગુ પોતાના પગાર કરતાં વધારે રૂપીઆ લઈ ગયો છે એવું તે પગાર કરનારને કોઈ દીવસે પણ માલમ પડતે નહી.

જગુના હાથમાં રૂપીઆનું પડીકું આવીઊં તે વખતેજ તેણે જાંણીઊં કે તેનો બોજો હમેસ કંરતાં વધારે હતો, પણ તે કુંઈ પણ બોલીઆ વીના લઇને ચાલતો થએઓ. બાહેર નીકલતાં દરવાજાની આગલ તેને માલમ પડીઊં કે પગાર કરનારે ભુલથી નાણું વધારે આપીઊંછે. તે વખતથી તેના નાહાના દીલમાં તરેહવાર વીચાર જા આવ કરવા લાગીઆ.

જગુ વીચારવા લાગીઓ કે પગાર કરનારે ભુલતો કીધીછે ખરી, પણ તેને મારે વાસતે કોઈ કાલે શક જનાર નથી. તો પણ જે પઈસા મારા ન હોએ તે મારે ન રાખવા જોઈએ, બીચારા પગાર કરનારને ટોટો જશે, પણ પગાર કરનારનો દરમાઓ એટલો મોટોછે કે તેને એ ખુટ ભારે પડશે નહી. બીજું, તેને જણાવવા જઈશ તો તેની ભુલ વીશે સમજણ પાડવી મુશકેલ પડસે અને કદાચ મારી ઊપર ખોટું આલ મુકશે. વલી આટલા બધા વધારે રૂપીઆથી મારા ગરીબ ઘરમાં કેટલું શુખ મલશે? મારાં મા બાપ તાવથી હમણા ઘરમાં હેરાન થાએછે, તેઓ કામ કરવાને શકતીવાન ન હોવાથી તેઓનો દરરોજનો મુસારો બંધ પડીઓછે, તેથી ખાવાની તંગી પડેછે, મારા નાહાના ભાઈ બેન ભુખે અધમુઆં થઈ રડતાં ફરેછે, ઘરવાલાને ભાડું આપીઊં નથી તેથી દર પલે કાડી મુકવાને ધમકી આપેછે, અને એવાં અનેક પ્રકારના દુઃખ થોડા રૂપીઆને વાસતે શોસવાં પડેછે. તો એટલા પઈસાથી કેટલો ફેરફાર થઈ જશે!

એવું વીચારતો જગુ દરવાજાની બાહેર નીકલીઓ, પણ એનો જીવ માને નહી. આ પઈસાથી શુખતો મલશે ખરૂં, પણ જે ખરૂં અને મોટું શુખ મારાં હઈડાંનું તે જશે. તો તાર પછી બલીઊં મારૂં જીવતર. ના એ ખોટું થશે. મારે એમ ન કરવું જોઈએ—તારે શું મારાં મા બાપ અને ભાઈ બેન ભુખે ટવલે અને નકામી બીકથી હું મારા હાથમાંથી તેઓને સહાય કરવાની તક આવેલી જવા દેઊં ? ઓ મારા જીવ, આ તે શું બનીઊં ! મને કંઈ સમજ પડતું નથી. મારે શું કરવું જોઈએ ! એક જીવ એક વાત કહેછે—બીજો બીજી, તારે કબુલ તે કીઊં રાખવું.

એ રીતે મનમા ગોખતો જંગુ આગલ વધેછે તેવામાં તેને ઠેકર લાગાથી ઊંધે મસતકે પડીઓ, અને હાથમાંથી રૂપીઆ વેરાઈ ગએઆ, તે ઝડપથી ઊઠીઓ અને રૂપીઆ વીણી લીધા, પણ તરતજ તેના નાહાના હઈડાંમાં ફેર પડીઓ. તે જુદોજ વીચાર કરવા લાગીઓ. હા! લોકો કહેછે કે ઈશવરછે અને તે સરવે જુએછે તે ખરી વાત હશે. તેણે મને જોએઓ અને આટલી ઢીલમ ઢાલમને લીધે મને શજા કીધી. મારે તરતજ પાછું ફરી, પેલા પગાર કરનારને તેની ચુક જણાવી, જે વધારે રૂપીઆ મને મલીઆછે તે પાછા આપવા જોઈએ.

એવો ઠરાવ કરતાંને વાર ને પાછો દોડીઓ અને દમ ખાધા વગર પગાર કરનારની હજુર જઈ ઊભો. દોડવાથી તેનો દમ ભરાઈ આવીઓ હતો તેથી તે બોલી શકીઓ નહી અને ગભરાટમા પડીઓ. પેલા પગાર કરનારે તેને ધમકાવીને પુછીઊં કે કેમ એક વખત પગાર લઈ જઈને ફરીથી શા માટે આવીઓછે?

જગુ—મે-મ-મ-મા-મા-રા-મારા પગાર કરતાં તમે ભુલથી વધારે પઈસા આપીઆછે સાહેબ; માટે આવીઓ છું.

**પગાર કરનાર**—ચાલ તારે વધારે શું લઈ ગએઓછે તે ઝટ બતલાવી દે; નહીતર ચોકીમાં મોકલીશ.

જગુ—(રડી પડીને) નારે સાહેબ, તમે જે રૂપીઆ આપીઆ તે બધા આ રહેઆ. મારો પગાર શાડાચાર રૂપીઆનોછે.

પગાર કરનારે પોતાની ભુલથી જે વધારે રૂપીઆ આપીઆ હતા તે પાછા લઈને જગુને ધમકાવીને કહેઊં કે—ફરીથી જો એ પરમાણે વધારે રૂપીઆ લઈ જઈશ તો ખચીત તને ચોકીમાં મોકલી બાંધી ફટકા મરાવીઆ વીનાં રહીશ નહી. જો ઈઆદ રાખજે.

નાહાના જગુનાં નાહાના દીલમાં આ શબદો તીરની માફક વાગા. પગાર કરનારની નીરદએઆલુ ચાલથી તે નાશીપાસ થઈને જાણે તુરંગમાંથી તરતજ છુટીને બાહર પડીઓ હોએ એવું તેને લાગું અને પોતાનું શીર નમાવીને ચાલતો થએઓ.

પણ નીરદએઆલુ પગાર કરનારની એક કોરે જગુનો દએઆલુ શેઠ બેઠો હતો તેણે જે બનીઊં તે બધું ગુપચુપ જોએઆં કીધું. જગુ પોતાનાં મીસતરી શીવાએ બીજા કોઈ પણ વડાને ઓલખતો ન હતો, માટે આ શખસ કોણ હતો તેની તેને કંઈ પણ ખબર નહી હતી. જગુનાં વાહડીઆ શેઠે તેની હાલત વીશે ખબર કહડાવી, અને પછી એવીતો છુપી રીતે તેનાં માબાપ પર મદદ મોકલી કે જેથી તેઓ તરતનાં ભુખમરામાંથી બનચીઆં પણ તેઓને માલમ પડીઊં નહી કે તેઓ કોણના ઊપકારી થઆં હતાં.

જગુના મનમા પાછો વીચાર આવીઓ કે "હા! ઇશવર સરવે જુએછે" અને તેણે આપણી દુર દશા પણ જોઈ માટે તેનો ઊપકાર માનવો જોઈએ.

જગુ જાતે ચંચલ અને મેહનતુ તેથી, તથા તેના શેઠની છુપી મેહરબાનીથી પોતાના કામમા વધીઓ, અને થોડા વરશમાં મોટા મીસતરીનો ઓધો તેણે મેલવીઓ. તારપછી તેના કુટંબના દીવશ આનંદમાં જવા લાગીઆ. એટલુજ નહી પણ તેઓનુ સરવેનુ દીલ પોતાના બનાવનાર પર દોડીઊં. તેના કાએદા પરમાણે ચાલવાને એક પલ પણ આનાકાની કરતાં નહી. તેને દર ઘડી ઇઆદ કરી પરારથના કરતાં અને હમેશ એટલુંનો ઇઆદ રાખતાં કે **"ઈશવર સરવે જુએછે."**

## હવા—તેના વજનની સાબેતી.



જેમ જેમ આપણે આશમાંન તરફ ઊંચે જઈએછે તેમ તેમ હવાની અછત આપણને માલમ પડની જાએછે ઈઆને હવા પાતલી અને વજનમાં હલકી થતી જાએછે. હવા જમીનની સપાતી ઊપર જેટલું વજન ધરાવેછે તેનાં કરતાં સાત માઈલની ઊંચાઈએ ચાર ઘણી હલકી માલમ પડીછે; ચઊદ માઈલની ઊંચાઈએ સોલ ઘણી હલકી. અઠાવીશ માઈલની ઊ

ચાઇઓ ૨૫૬ ઘણી હલકી અને ૯૬ માઇલની ઊંચાઇએ ૨૬૮૪૩૫૪૫૬ ઘણી હલકી હોએછે. વળી એવી પણ ગણતરી કીધામાં આવીછે કે આપણે દમમાં લેઇજીએ છઇએ તેમાંની એક ઈંચ જેટલી હવા જમીનથી ૫૦૦ માઈલની ઊંચાઇએ, શનીસચર ગરેહની ફરવાની જગા જે ૧૮૦૦૦૦૦૦૦૦ માઇલ ઘેરાવાની ગણાએછે તેનો ગુંબજ ભરી નાખે એટલી પાતલી થાએછે. એમ થવાનું કારણ માતર એજકે હવામાં કમાનીઅત ખાશીએતછે જેથી તેને રબરની પેઠે જેમ તાણશો તેમ તે મોટી થઈ પંથરાતી જાશે. ઊપર જે કાંઈ શંખીઆં આપીછે તે કોઇબી માણસ જઈને જોઈ અથવા ભરી આવીઓ નથી, પણ દાખલા દલીલની રીતે ગણતરીઓ કીધીછે જે ખરીછે એવું સીધ થએઊછે.

આ ઊપર લખેલાંનો તમારા મનમાં બરાબર વીચાર આપવાને માંટે આ બીનાને મથાલે એક ચીતર મુકીઊંછે, જેમાં ગોલ દડા જેવી પુરૂથવીની આસપાસ વાતાવરણ અથવા જેને આપણે હવા કહીએ છઇએ તે પંથરાઇ ગએલી દીશેછે. એ હવા પુરૂથવીની નજદીકમાં જાડી માલમ પડેછે પણ જેમ દુર ગઈ છે તેમ તે પતલી અને ખોલી માલમ પડેછે.

અરધા માઇલ ઊંચાઈનાં પરવત ઊપર એક "બેરોમીટર" અથવા જેને હવાની શીશી કેહેછે તે લેઈને જાવોતો માલમ પડશે કે જમીનની સપાટી તરફ હવાનાં દબાંણથી શીશીનો પારો, જે તરીસ ઈંચ ચહડી રેહેછે તે ઊપલી ઊંચી જગામાં, ઊતરીને ૨૭ ઈંચ થશે; અને જેમ જેમ વધારે ઊંચા ચહડતા જશો તેમ તેમ તે પારો તેનાં પરમાંણ મુજબ નીચે ઊતરતો જશે. એ ઊપરથી પારાની ઊપર હવાનું વજન અથવા દબાંન કેટલુંછે તે આપણને માલમ પડેછે અને તેથીજ આપણે હરકોઇબી ટેકડી અથવા પાહાડની ઊંચાઈ ચોકસ કહી શકીએછે અને ચોકશ ઊંચાંઇએ હવા કેટલા પાતલી અને તેનું વજન કેટલુંછે તે પણ કહી શકીએ છઇએ. જે મુશાફરોએ ઊંચા ઊંચા પરવતોની ઊપર અને બલુનમાં બેસી મુશાફરી કીધીછે, તેઓને જાતી અજમાએશથી માલમ પડીઊછે કે ઊંચેની હવા ઘણીજ પતલી હોએ છે અને તેથી દંમ બરાબર લેવાઈ શકાતો નથી અને હાથ અને પગ સુજી આવેછે અને કેટલીક વખત તેઓ લોહી પણ ઓકેછે. વલી તેઓને એવું પણ માલમ પડીઊંછે કે જેમ વધારે ઊંચે જાએછે તેમ તેઓને હવા ખોલલી અને સાફ માલમ પડેછે અને પછે તે હવા વજનમાં ઘણીજ કમતર હોવાનાં સબબથી, વાદલાંને થોભાવી ઇઆને ઝાલી રાખી શકતી નથી. પીરૂ દેશનાં આનદીજ પરવતનાં શીખર ઊપર ડોન ઇઊલોઆ નાંમનો શખસ જઈ આવીઓછે તે આ પરમાંણે બોલેછે કે "આ પાહાડનાં શીખર ઊપર ઊભાં રહી જોતાં તેની થોડેએક હેથે હવાનાં વાદલાં તોફાંની દરીઆનાં મોજાની માફક અઠડતાં અને શીણ શીણ થતાં માલમ પડતાં અને જે જગા ઊપર હું ઊભો હતો તેની ઘણેએક છેટે તે મોજાઓમાંથી વીજલીના કરાકા નીકલતા અને ગગરાટનાં અવાજો પસાર થઈ જતા હતા." આ મુશાફર સંધો કુદરતી ખેલ જોઈ શકીઓ તેનુ કારણ શેહલુંછે. વાદલાં જે છે તે બાફ છે, ઈઆને ગરમીથી શોશાઈને ઊડી ગએલું પાંણીછે. બાફ, એ જમીનની સપાતી ઊપરની હવાનાં કરતાં ઘણો હલકોછે તેથી તે ઊંચે ચહડેછે અને તે જમાવ થઇને જે દેખાવ આપેછે તેને આપણે વાદલાં કહીએછે. હવે એ વાદલાં જેટલી ઊંચાઇએ ઠમી રેહેછે, તેથીબી ઊંચે જારે મુશાફર ચહડેછે તારે તાંહાંની હવા ઘણીજ પતલી હોવાનાં સબબથી તે ખોલલી રીતે પોતાનાં પગ હેઠલ વાદલાં જોઈ શકેછે.

હવે થોડાએક અખતરાથી હવાનું વજન દેખાડીએ છઇએ.

૧ લો—એક નાધલું વઇન ગલાશ લેઓ અને તેને પાંણીથી ચીકાર ભરી નાંખો અને પછે એક સુવાલું કોરૂં કાગજ લેઇ, આસતેથી ગલાસની કોર ઊપર બરાબર દાબો; તે એવી રીતે કે પાંણી અને કાગજની વચે જરાબી હવા રેહે નહી, પછે સંભાલીને તે ગલાસને ઊંધું કરી નાંખો જેથી પેલું પાંણી કાગજ ઊપરનાં બાહેરનાં હવાનાં દબાંનથી ઠમી રેહશે અને પડશે નહી. આ કાગજ પાંણીનાં બોજથી બાહેરની બાજુએ ઊપશેલું નહી પણ હવાનાં દબાંનથી સાંખું અંદરની બાજુએથી સેહેજ ઊપસેલું માલમ પડશે.

૨ જો—એક નાધલું વઈનગલાસ લેઈ તેમાં એક બલતું કાગજ મુકવું અને તેને જરાવાર બલવા દેઈ, તે બલતાં સુધાં જો આપણાં હાથની હથેલી જોરથી તે ગલાસની કોર ઊપર દાબશું તો તે ગલાસ

હથેલી સાથે વલગી જશે અને હાથ દુખાશે. આ વખતે ગલાસથી હાથ છુટો કરતાં ઘણું જોર કરવું પડશે. આ અખતરામાં પેલાં બલતાં કાગજથી ગલાસમાંની હવા એકદંમ પતલી થઈ ઘણું કરીને બલી જાએછે તેથી બાહેરની હવાનું પુરેપુરૂં દબાંન થાએછે જેથી જોર કરવાની ફરજ પડેછે.

૨ જો—શાંકરાં મોહોડાં અથવા નાંકાંની બે અથવા તરણ ફુટની એક કાચની નલી લેવી અને તેનો એક છેડો પાંણીમાં મુકવો, અને પછે બીજા છેડામાંથી આપણાં મોહ વાટે તેમાંની હવા ચુંસી લેવી જેથી પાંણીની સપાટી ઊપરનાં હવાનાં બોજથી પેલાં શાંકરાં મોહમાં પાંણી ઊપર ચહડશે, તેવોજ નલીનાં ઊપલાં મોહોડાં ઊપર આપણો અંગુઠો દાબવો અને પછે તે નલી તેમની તેમ પાણીમાંથી બાહેર કાહાડવી. જોકે નીચેનું મોહડું ખોલુંછે તોબી તેમાંથી પાંણી પડનાર નથી કેમકે નીચેનાં હવાનાં દબાંને પાંણીને ઝાલી રાખીરીંછે. પણ જેવો આપણો અંગુઠો ખીશાડીઓ કે તેવોજ હવાના ઊપરનાં દબાંનથી પાંણી નીચે પડી જશે.

૪ થો—એક વાઇન ગલાસ લેવો અને તેમાં એક બલતું કાગંજ મુકો અને તે બલતું હોએ તેવામાંજ એક ઊંડી પાણીથી ભરેલી રકાબીમાં ઊંધું વાલી મુકી દેવો અને ગલાસમાંની હવા બલી ગએલી અને પાંણીની સપાતી ઊપર હવાનું દબાનછે એટલા માટે રકાબીમાંનું પાંણી ગલાસમાં ઊંચે સુધી ચહડશે.

૫ મો—આપણાં લોકોને સારી પેઠે માલમછે કે ઘણીવાર આંગમાંથી લોહી કાહાડવાને ડાકટરો રૂમડી મેલે છે. • જે જગામાંથી લોહી કાહડવું હોએછે તે જગા ઊપર ચાંપની પેટી બરાબર મુકેછે જેની અંદર વેહતી ધારનાં નશતરો ગોઠવેલાં હોએછે. એ પેટીની ચાંપ દાબી એટલે નશતરો ઊડીને જખમ કરી પાછાં પેટીની અંદર એક પલકારામાં બંધ થઈ જાએછે. એ જખમોમાંથી લોહી વેહતું કરવાને કાચનાં પુલીઆં જેવાં નાથલાં ગલાશો વલગાવી દેએછે. એ ગલાશોની અંદર કોલનવાટર અથવા દારૂ લંગાડી તેને ભડકું લગાડેછે અને બલતાં હોએછે એટલામાંજ પેલા જખમો ઊપર ઊધાં વલગાવી દેછે, એથી કરી માસનો કેટલોક ભાગ ગલાશની અંદર ઊપશાઇ આવેછે અને તેનાં જોરથી લોહી વધારે વેહવા માંડેછે. એ સમજવાનો ફાએદો પણ એજછે કે ગલાશમાંની હવા પેલાં બલતાંથી બલી જાએછે અને પછે ફકત બાહેરનીજ હવાનું દબાંન થાએછે તેથી તે જોરથી ચોહટી બેશેછે.

આ દાખલાઓ ઊપરથી માલમ પડશે કે હવાનું દબાંન બધી બાજુએથીછે. આ હવાનાં દબાંન વીશે ખરાબર જાંણીઆથી આગલ ચાલતાં તમોને માલમ પડશે કે એથી દુનીઆમાં કેવાં ચમતકારીક કાંમો થઓંછે.

---

## વખતનો ઉપીઓગ.

મારી વાહલી બેહન,

તમારો કાગલ મને પોંતોછે. તેમાં જે પરચુરણ પેરગતુ બાબદો હતી તેઓનો જવાબ એક જુદાજ કાગલમાં વાલીઓછે કે જેથી કરી તમારા તથા તમારી બેહનપણીઓના ફાએદા જોગ એક બીના ઉપર મારા વીચાર આપવાને જોગવાઈ બને. તમે લખોછો કે તમે ઘેરના કુપલામાં એવાં તો રોકાએલાં રેહોછો કે લખવાની તથા વાંચવાની ફરસુદ મુદલ મલતી નથી અને એજ કારણને લીધે તમને સરેસતા પરમાણે મારી ઉપર કાગલ લખવાને બનતું નથી. હું જાણુંછું કે એવું કારણ હમણા ઘણું સાધારણ થઈ પડીઉંછે, પણ મારી ખાતરી થઈછે કે ઘણી વખતે એ કારણ વાજબી નથી હોતું વાસતે આપણી કોમની સીઓ પોતાનો વખત ઘણોખરો કેવી રીતે રોકેછે અને તેઓએ કેવી રીતે તે રોકવો જોઈએ તે વીશે થોડીક સુચના કરવાની જરૂર જોઉંછું.

આપણી જીંદગી વખતની બનેલીછે. જેમ વખત જાએછે તેમ તે ઓછી થાએછે. દરએક પલ આપણને આપણી ઘોરની નજદીક લઈ જાએછે. વાસતે આપણે જો આપણી જીંદગીને ચાહતાં હોઇએ તો જેની તે બનીછે તેને ચાહવું જોઈએ. જેટલી ફીકર આપણી જીંદગી સાચવવાને રાખોએછે તેટલીજ ફીકર જેની તે બનીછે તેને વાસતે રાખવી જોઈએ, ઇઆને જીંદગીનો જો બંચાવ કરવો હોએ તો વખતનો બંચાવ કરવો જોઈએ. વખતને કોઇ અટકાવી શકતું નથી તો વખતનો બંચાવ શી રીતે થાએ! વખત તો પાણીના ઝરાની માફક ચાલીઓજ જવાનો, તો સઉથી સરસ ઉપાએ એજ કે જેમ બને તેમ કસી કસીને તેને કામે લગાડવો. દુનીઆમાં જે કારણસર આપણને સરજીઆંછે, તેજ કારણસર જો વખતનો ઉપીઓગ કીધો હોએ, તો તેને બંચાવીઓ એમ સમજવું.

વખતનો ઉપીઓગ આપણા તન તથા મનના રોકાણથી થાએછે. જેવી સારી અથવા નરસી બાબદસર આપણું તન તથા મન રોકાએલું રેહછે તે પરમાણે આપણે વખતનો સારો અથવા ખરાબ ઉપીઓગ કરીએછે. માણસ જાતના મનની વલાણ એટલીતો જુદી જુદી બાબદો પર હોએછે અને તેઓ એવીતો જુદી જુદી રીતે એવી બાબદો

પસંદ કરેછે કે તમે તથા તમારી ફલાણી સહીએ કેવી બાબદ પર પોતાનું તન તથા મન રોકવું એ મારાથી કેહવાઈ શકાતું નથી. એતો દરએક જણની હાલત, જોગવાઈ તથા મનની વલાણ ઉપર રેહુછે.

એવું છતાં જો મને સાધારણ રીતે અનુભવ પરથી બોલવાની છુટ આપોતો તમે તથા તમારી બેનપણીઓએ કહી કહી બાબદસર રોકાએલાં રેહવું જોઈએ તે નીચે પરમાણે ટાંકુંછું.

૧—પોતાના ભરથાર તથા કબીલાનું સુખ વધારવા.

૨—પોતાના બચાંને ઉધારવા તથા તેઓને કેલવણી આપવા.

૩—પોતાના આડોસી પાડોસીનું સુખ વધારવા.

૪—ખાંનું પકાવવા.

૫—સીવવા સાંધવા તથા ભરત ભરવા.

૬—વાંચવા, ગાવા તથા પોતાનો સુધારો કરવા.

એ દરએક બાબદ સર થોડીક સુચના કરૂં તેની આગમચ મને તમને કેહવું જોઈએ કે દરએક સ્ત્રીની ફરજછે કે તેણીએ એ બધી બાબદો પર રોકાવું જોઈએ. તેમ કરવાને વખતના ભાગ કરીને, ઠેડવેલે વખને ઠેડવેલી બાબદ સર તન તથા મનને કાંમે લગાડવું જોઈએ. આપણે એવી રીતે વખતના ભાગ ઘણી વખતે નથી કરતાં તેથી જે બાબદો પર ધીઆન આપવું જોઈએ તે આપી શકતા નથી અને જે જરૂરનું કાંમ તે અવારે થાએછે અને પછી ફરીઆદ કરીએછે કે વખત મલતો નથી. જેમ આપણો કીરતાર કાએદાથી પોતાની બધી પેદાએશ પર નેગેબાની રાખેછે, જેમ રાજા કાએદાથી રઈએત પર રાજ ચલાવેછે, તેમ આપણે કાએદાથી આપણું મન તથા તન રોકવું જોઈએ. આપણું તન તથા મન રોકવાને કાએદા એવા ઘડવા જોઈએ કે જેથી એક પલ પણ ફોકટ જાએ નહી. એવા કાએદા ઘડી અમલમા આણવા જોઈએ અને તેમ જો કીધું તો હું ખાતરીથી કહુંછું કે "રોકાણના સબબથી મને ફલાણું કરવાને નહી બનીઉં" એવું બાંહાંનુ કરવાને કદાચજ જરૂર પડસે.

હવે પેહલાં તમારા ભરથાર તથા કબીલાના સુખ વધારવામાં તમે રોકાવું જોઈએ, એ સ્ત્રી જાતની પેહલી ફરજ છે. દુનીઆંના કારભાર પરથી તમને માલમ પડસે કે પુરૂશ રંજ ખેંચવાને અને સ્ત્રી તે રંજની જંજાલ હલકી કરવાને ખોદાના દાહાપણથી સરજીઆંછે. તમે હમેશ તમારા ભરથારની પાસ રહીઆથી તે કેહવી રીતે ખુસી રેહસે તેની, મનમાં સારી પેઠે નોધ લેવાને તમને હદથી જીઆદા તાક મલેછે. દરએક તકથી ફાએદો મેલવી તેના સુખમાં કેમ વધારો થશે તેનો વીચાર હમેશ કરતાં રેહવું અને તેની દરએક હાજત ચેતી જઈ તેના બોલવાની આગમચ તઈઆરી રાખવી જોઈએ. તેને સુઘડાઈ હમેસ પસંદ હોએછે, માટે તમારી આસપાસની સરવે ચીજો સાફ રાખવાની જરૂરછે. સુખીઅકરી તે તમને પોતાને ધોતાં કપડાંમાં તથા આંગની પુરતી સુઘડાઈમાં જોવાને વધારે ખંતી હોએ છે અને તેથી ખરેખર ઘણો ખુશી થાએછે. એ બાબદ પર તમે જેટલું ધીઆન્ આપો તેટલું થોડુંછે. એ શીવાએ કેટલીક નાહની ચીજો કે જે કદાચ તમને નજીવી જેવી લાગે તોપણ તે પર તેની ખાતરસર ધીઆન આપોતો તમે તેનો પીઆર વધારેનો વધારે મેલવતાં રેહસો એટલુંજ નહીં, પણ તે પોતાને તમારો ઉપકારી ગણસે. એક બાબદ પર હું તમારૂં ધીઆન ખેંચવા માગુંછું તે એકે, તેને ઘેરમાં કજીઓ કંકાસ મુદલ પસંદ હોતો નથી. વાસતે તેવી ફરીઆદ વટીક તેની આગલ કરવી ન જોઈએ. કેટલીક વખતે તે બલેલો જલેલો કાંમથી કંટાલી ઘરમાં પગ મુકે તેટલામાંજ કેટલીક સ્ત્રી આંખા દાહાડાની ફરીઆદ કરેછે તેથી તેને અતીશે દુખ થાએછે અને તેઓ વીશે હલકો વીમાર બાંધેછે.

તમારાં બચાંને ઉધારવામાં તથા કેલવણી આપવામાં તમારા તન તથા મનની રોકાણની જરૂરછે. તમને માલમ છે કે નાહનપણમાં જેવાં બી બચાંના મગજમાં રોપીએ તેવાં મોહટપણમાં તેના ફલ નીપજે. તેમજ નાહનપણમાં તંદરોસતીને સારૂં જેવી માવજત કરો તેવો મોહટપણમાં સરીરનો બાંધો થવાનો. તારે તમારાં બચાં સારી રીતે ઉધારવાને તમારાં તન તથા મનનું પુખત રોકાણ હોવું જોઈએ. એવી બાબદમાં આલસાઈને લીધે આપણા દેશીઓની હાલત સુધરેલાં દેશના લોકોથી ઉતરતીછે. "સ્ત્રી બોધને" મથાલે જે નેપોલીઅનની કેહવત ટાંકેલીછે તે એ બાબદને લગતીછે અને તે ઉપર બરાબર અમલ કરવાની હું મજબુત ભલામણ કરૂંછું.

"કહે નેપોલ્યન દેશને, કરવા આબાદાન;
મરમ રીત એજ કે, દો માતાને જ્ઞાન."

તમારા આડોસી પાડોસીઓના સુખમાં વધારો કરવાને તમારા વખતનો થોડો ભાગ રોકવો જોઈએ. પણ એ બાબદ હાલ તરત હું ઘણું લખવા માહતો નથી. એ બાબદ તમારી સારી સમજપર વધારે આધાર રાખેછે. મારી તરફથી એટલુંજ કેહવા માગુંછું કે એવી બાબદમાં જે કંઈ મેહેનત લેઓ તે જાહેર કરવાની કંઈબી રીતે તજવીજ કરશોમાં જે કોઈ તમારો જમણો હાથ કરે તે ડાબા હાથને જાંણવા દેશો નહી.

ખાંનું પકાવવામાં તમે તમારો વખત રોકવો જોઈએ. હું જાણુંછું કે તમારી કેટલીક બેનપણીઓને તેમ કરવાની ગરજ પડતી નથી. તેઓ કેહસે કે "જારે હમે રાંધણીમાં ખાંનું પકાવવા જઈએ તારે દોલો, સોલો અથવા હોમલો સું કરે." દોલો, સોલો અથવા હોમલો ગમેતો આલશુ ફરે પણ વાહાલી બેન, તમે તથા તમારી બેનપણીઓએ ખાનું પકાવવામાં તથા રાધણીમાં દરએક બાબદની ખબરદારી રાખવામાં તમારૂં તન તથા મન રોકવું જોઈએ. હું એ એક તમારી ફરજ ગણુંછું. જે સ્ત્રી એ બાબદસર અજ્ઞાન પણું દેખાડવે તેને સ્ત્રીનુ નામ છાજે નહી. રાંધણીમાં સરવે ચીજોને વાસતે જગો ઠેડવી, જે જગોપર જે ઠેડવેલી ચીજ હોએ તેજ જગોપર તે પાછી મેલવી. જેમ વખતનો ભાગ કીધાથી વખત બચેછે તેમ આવી ગોઠવણથી પણ વખત બચેછે કે જે વખતની કીમત તમે સારી પેઠે સમજોછો. કેટલીક બાઈઓ રાંધણીમાં કાંમે કરતી વખતે રમુજી દેખાવ કરી મુકેછે. તેઓ હાલ બેહાલ દોડતી ધામતી

ફરેછે; બેસવાને ઠેકાંણે ચુલીઓ, ચુલીઆને ઠેકાંણે રકાબી
નો ચોરો, આખી રાંધણીએ કાદા પપેટાની છાલ, છરી ર
ખડતી, છરો સોધવા જતાં મલે નહી; ઘીને બદલે તેલની
બરણી હાથમાં આવે; મીઠાંને બદલે સુખડ અને મરીને બ
દલે ખાણ. બેન એવી રીતના કટંગા રોકાણથી ફાએદાને
બદલે ગેરફાએદા થાએછે; વાસતે તેની સંભાલ રાખવી.

સીવવા સાંધવા અથવા ભરત ભરવામાં જે વખત રો
કાએછે તે તમને તથા તમારી બેનપણીઓને ખુશી ભરેલો
લાગવો જોઈએ. એવી રીતના રોકાણથી તમને આસાએ
સની સાથે રમુજ મલેછે. જેમ જેમ એ બાબદમાં વધારે
સીખતાં જાઓ તેમ તેમ વધારે ખુસી ઉતપન થાએછે. જે
પરમાંણે ચીતારો પોતાનાં કાંમમાં મઘન થએલો રેહેછે તેજ
પરમાંણે સીવનાર પણ રેહછે. એ કાંમથી ગમે તેવી દલગી
રીમા તમે હોવ તોપણ એવી વખતે ખરેખર થંડા નરમ
મીજાજના સ્ત્રીના માનવંતા હોધાને લાએકના દેખાઓછો.
કજીઆ કંકાસનું મોહડું કાલું થાએછે. અને એવાં ખુ
સીં ભરેલાં કાંમમાં રોકાએલાં હોવ તોપણ તમારી બેનપણી
ઓની સાથે સારી સારી વાતો કરવાને બનેછે. એ રોકા
ણ મને ઘણુંજ મન પસંદછે અને ખોદાએ જાંણે નારી
જાતના નરમ સવભાવને મલતું સરજીઉં હોએ એવું માનુ
છું. એમાં નારી જાત પોતાનું દુખ વીસરી સુખ મેલવેછે.
વાસતે એવાં કાંમમાં તમને રોકાવું જોઈએ એમ મને કેહ
વાની જરૂર પણ નથી.

વાંચવા ગાવા તથા બીજી રીતનો સુધારો કરવામાં ત
મારાં મનને રોકાણ આપવું જોઈએ. હજુર સુધી વાંચવા
નો સોખ તમારી બેનપણીઓમાં વધીઓ નથી એ જોઈ હું
દલગીર થાઉંછું. વાહલી બેન જાંહાંસુધી વાંચવાપર આ
પણી સ્ત્રીઓ ધીઆન રોકે નહી તાંહાંસુધી તેઓને ગ્યાન મ
લવાનું નથી. અને ગ્યાન વગર પોતાની ખરી ફરજો સું છે
અને તે કેમ બજાવવી તેની સમજ કદી પડવાની નથી.
અને તેવી સમજ નહી હોવાથી આપણી હાલત સુધરવા
ની નથી, અને તે જો નહી સુધરીતો આપણા દેશની આ
બાદાંની સપનામાંબી કેમ વીચારી શકાએ ? ઘણી તરફથી
ફરીઆદ થાએછે કે વાંચવાને વખત મલતો નથી. બેન જો
તમે ગુસે નહી થાઓતો હું કેહવાની રજા લેઉંછું કે એ
બાંહાંનું ખરૂં નથી. જો વાંચવાનો સોખ હોએ તો વખત ખ
ચીત મલસેજ. બીજું વખતના ઉપર લખેઆ પરમાણે
જો ભાગ કીધા હોએ તો પછી તેવી ફરીઆદની જરૂર પડે
જ નહી. વાંચવાની બાબદ ઘણી અગતનીછે પણ જગા
ની કોતાઈને લીધે થોડુંજ લખુંછું. એ બાબદ પર પુરતું
ધીઆન રાખીઆથી તમારો સુધારો થસે અને એજ તમા
રો ગાવાનો સોખ વધારસે. કમકમાટ ઉપજાવનારા, આત
સના ગીત જેવા તથા તરેવાર જાતના કઠોર રાગ અને સરો
દ વગરના ગાએણ, જે ગાએણનાં નાંમને એબ લગાડનારા,
અને હેવાનના કઠોર આવાજને મલતા, "બે—મે—આ"
પોકારતાં, ગીતોનો આપણામાંથી એક દમ નાશ થવો જોઈ
એછે. હું કંટાલીને મારાં જીગરથી એવાં ગીતોને ધીકારૂંછે.
તમે એવી રીતે બરાડવામાં કદી સામેલ નહી થસો એ મારી
ખાતરીછે, પણ ઓરત જાત જે સુખને કાજે સરજીછે તે ખ
રાં ગાએણ સીવાએ કેમ પુરેપુરૂં મલે. અહા ! મીઠાં મધુ
ર દીલપસંદ નેકીના જોસા ઉપજાવનાર ગાએણ તમારા
જીણા આવાજમાં સાંભલવાને હું કેવો ખંતી છેઉં.

લી૦ તમારો ભલું ઇછનાર ભાઈ.

---

# આલજીઅરસમાં ઈનસાફ.

## એક રમુજી અને પસંદ કરવા જોગ હેવાલ.

આલજીઅરસ આફરીકાની ઉતર દશા તરફ આવીઉં
છે એ તમને સારીપેઠે માલમ હશે. એ પરાંતની થોડીક
જગા ફરનઉઆ નામે ઓલખાએછે તાંહાં એક આરબનુ ખા
નદાન રાજ ચલાવેછે તેમાના બુઅકાસ બીન આચુર નામ
નો શેક પોતાની પરજાના શુખને માટે વખણાઈ ગએલોછે.
એ પોતે સારો માણસ હતો અને જારે બાહર ફરવા નીકલ
તો તે વખતે એક હબસી શીવાએ બીજા કોઈને સાથે રા
ખતો ન હતો. એ પોતાની સાથ હમેશ એક બંદુક અને
બરછી રાખી ફરતો. જો આસપાસના ગાંમડાંઓમાં કંઈ
તોફાન થાએતો એ, પોતાના હબસીને બંદુક આપી મોકલે,
કે જેથી પેલો હબસી તેઓને ધમકી આપી સલાહ સંપ
જ કરતો. પોતાની જાતના લોકોની આગલ કુરાન વંચા
વવામા જે ખરચ થાએ તે શેક બુઅકાસ પોતે આપતો; જે
ઓ મકે હજ કરવાને જતા હોએ તેઓ જો એના મુલક ત
રફ થઈને જએતો તેઓને મુફત ખાવા પીવાનુ આપતો;
અને તેઓની ખુશી પડે તાંહાં સુધી વાસો કરવા દેતો. પ
ણ જો તેને કોઈ પણ વખતે એમ માલમ પડીઉં કે એકુ હા
જી ઠગી ગઓછે સો તેની પછવાડે પોતાના ચપરાશીઓને
દોડાવતો અને તાંહાંનો તાંહાંજ તેના પગના તલીઆં ઉપ
ર જાડાં ડીગેલાના પચાસ ફટકા મારવાનો હોકમ કરતો.
તેમજ કોઈ માણસ વીશે જો વખાણું થતી તો તેને પોતાની
બંદુક આપી પોતાના મુલકમાં ગમે તાંહાં ફરવા દેતો અને
કોઈ પણ પરજા તેને ખાવાનુ પુરૂં પાડતી. જો તે સખસ
મુલક છોડીને જવા ચાહેતો શેકની બંદુક, બરછી અથવા
કુતરો ગામના કોઈ પણ રેહવાશીને આપીને ચાલતો થા
એ. પછી તે રેહવાશી પોતાનુ કામ છોડીને તરત તે પો
તાના શેકની જીનસો પોંચાડવા દોડતો.

જારે બુઅકાશ પેહલાં ગાદીએ બેઠો તે વખતે ચોરો
ની અતીશય ધાસતી રાખવામાં આવતી હતી. માટે ત
ઓનો નાશ કરવાને એણે ઉપાએ લીધા. પોતે એક વેપા
રીના વેશમાં ફરતો અને નાણાની કોથલી જમીન ઉપર
નાખી તેની ઉપર છુપી રીતે નજર રાખતો. જો કોઈ પ
ણ સખસ તે કોથલીને ઉંચકી ચુપચુપ પોતાના ગજવામાં
નાખી ચાલતો થતોતો તેની પછવાડે એક પોતાના માણસને
મોકલતો અને તેને ગરદન મરાવતો. એવા ઉપાએથી આ
રબોમાં એટલોતો ફેરફાર થઈ ગઓ કે તેઓમાં કેહવત થઈ
પડી કે અબુઅકાશના રાજમાં સાતર બાર વરસનો છોકરો
જો સુનાનુ તાજ પેરીને ફરેતો તેની ઉપર કોઈ પણ હાથ ઉ
ઠાવવાની હીમત કરી શકે નહી. કોઈ સખસ જો કંઈ
મોટો ગુનાહ કરે અને તેવા ગુનેહગારને ઝડપથી અટકાર

કરવાની શેક જરૂર જોએતો તે પોતાની બરછીથી પેલા ગુનેગારનુ શીર ઉડાવી નાખતો.

બુઆકાસ ઓરત જાતને ઘણું માન આપતો હતો અને તેઓનો મરતબો જાલવવાને ભારે ખંતી હતો. તેના રાજમાં ઓરત જાત જો પાંણી ભરવા જતી, તો રસતામાં કોઈ પણ મરદ આગલ ચાલતો હોએતો, દુર હટી રસતો મોકલો કરી આપી, તેઓને પેહલાં જવા દેવાની તેની ફરજ ગણાતી હતી. એક દીવસે શેકના મગજમાં આવીઉં કે ઓરતજાત મારે વીશે કેવો વીચાર રાખેછે તેની તપાસ. કરવી. તેથી ગામના પાદરે તેણે એક ખુબસુરત અબલા જોતાંનેવાર તેણીની મશકેરી કીધી: પેલી ઓરત ઓચંબો પામી તેની સામું જોવા લાગી અને બોલી કે—

"એ પઠાણ, મારી પાસથી તરત દુર થા, નહીતો તું મોટા ભએમાં આવી પડશે."

તોપણ પેલો શેક આગલ વધી વધારે મશકેરી કરવા લાગીઓ; તેથી પેલી ઓરત ગુસે થઇ બોલી કે—

"એ બેવકુફ, તું એવા કીઆં દુર દેશથી આવીઓછે કે તુને આ રાજની રીતભાંતની ખબર નથી! તું આ દેસના રાજ કરતાને ઓલખતો નથી?"

બુઆકાશે સાંભલીઉં કે તેના રાજમાનો એક કાજી એવોતો ખરો ઈનસાફ કરતો હતો કે સુલેમાન, જે સઉથી ડાહેઓ ઈનસાફ કરનાર ગણાઈ ગઓછે, તેની સંફમાનો તે ગણાતો હતો. એ વીશે પણ પોતાની ખાતરી કરવા માટે પોતે બીજો વેશ લઈ પોતાના ઘોડા ઉપર બેશી તેણે કાજીના ગામ તરફ સવારી કીધી. રસતામાં ચાલતાં એક લંગડો ભીખારી મલીઓ; તેણે શેકની પાસે ભીખ માંગી; જે ખાએશ તેણે પુરી પાડી, તોપણ પેલો ફકીર તેને વલગી રહેઓ. તેણે પુછીઉં કે "ભાઈ, હવે તને શું જોઈએછે!" પેલા લંગડાએ જવાબ દીધો કે "આપણા ધરમમાં ફરમાવીઉંછે કે 'તારા ભાઈબંધને ભીખ આપજે'; એટલુંજ નહી પણ તારા ભાઈબંધને વાસતે તારીથી જેટલું સારૂં બની શકે તેટલું કરજે."

'શેક બોલીઓ—"વારૂં ભાઈ, હું બીજું શું કરૂં!" પેલા લંગડાએ જવાબ વાલીઓ કે "જે ગામ તરફ તું જાએછે તાંહાં મને પણ તારા ઘોડાની પીઠપર લઈ જા". શેકે તેમ કીધું. અને રસતામાં લોકોને હસવા જોગ દેખાવ લાગતો, તોપણ તેની દરકાર ન કરતાં તે ગામમાં આવી પોંહચીઓ. પછી પેલા લંગડાને ઉતરવાને કહીઉં. લંગડો બોલીઓ કે "તું ઉતર". શેક બોલીઓ—"તુને ઉતારવાને વાસતે મોટી ખુશીથી હું નીચે ઉતરશ". લંગડો બોલીઓ "એમ નંહી, તારો ઘોડો મને આપી દેવો પડશે." શેકે અજાએબ થઈને કારણ પુછીઉં. પેલા લંગડાએ હીમતથી જવાબ દીધો કે "એ ઘોડો મારોછે!" શેકે જવાબ દીધો "સારૂં, તારે જોઈસું!"

લંગડો—"સાભલ ભાઈ, આપણે અદલ ઈનસાફ કરનાર કાજીનાં ગામમાં છીએ, વાસતે તું જો તેની પાસે મને લઈ જવાને ધારતો હોએતો તું ખચીત હારશે. કાંએજે તે ઈનસાફ કરતાં તારા આખા અને મારા ભાગેલા પગ વીશે વીચાર કરશે અને આએ મારો ઘોડોછે એવો ચુકાદો કરસે."

શેક—"તારે તે અદલ ઈનસાફ કરનાર કાજી કેમ કેહવાશે?"

લંગડો—"લોકો તેને અદલ ઈનસાફ કરનાર કહેછે પણ તે માણસ જાતછે અને ચુક કરે તેમાં નવાઈ નહી."

શેકે મનમાં વીચાર કીધો કે કાજીની પરીખશા કરવાને આ તક સારીછે તેથી ઘોડાની લગાંમ ધરી પેલા લંગડાને કાજીની દરબારમાં લઈ ગએઓ. પોતાનો કજીઓ નીકલે તેની આગલ બે મુકદમાં તપાશવાનાં હતા વાસતે બુઆકાસ અને પેલો લંગડો કચેરીની એક બાજુએ બેઠા.

પેહલો મુકદમો બોલાવવામાં આવીઓ. તે એ હતો કે એક ગામડીઓ બેદુન એક મેહતાની બઈરીને લઈ નાહાસી ગએઓ અને કેહવા લાગો કે એતો મારી બઈરીછે. મેહતો કેહવા લાગો કે એતો મારી બઈરીછે. બઈરી બેઉને વર દાખલ કબુલ રાખતી હતી; તેથી કાજીને મુકદમો ચુકવવાને ભારે લાગું. તેણે થોહોક વાર વીચાર કરીને કહીઉં કે "આ બઈરીને તમે અહીંઆં રાખી જાઓ અને કાલે ઈનસાફને વાસતે પાછા આવજો"

બીજો મુકદમો ઘાંચી અને ખાટકી વચે હતો. ઘાંચી તેલથી ખરડાએલો અને ખાટકી લોહીથી. ખાટકી બોલીઓ કે "સાહેબ, આ ઘાચીને તાંહાં હું તેલ લેવાને ગએઓ હતો—અને તેને આપવાને થેલીમાથી પઈસા કાહાડવા લાગો, તેટલામાં ઘણા પઈસા જોઈને તેની નજર ફરી ગઈ અને મારા હાથપર તરાપ મારી ઝુંટી લેવા લાગો તેથી મેં "ચોર, ચોર" બુમ પાડી અને મારા હાથમાંજ પઈસા રાખી એને ધરી લાવીઓ છું. હું મહમદના સોગન લઈને કહુંછું કે મારી ઉપર ચોરીનો દાવો એ જુઠી રીતે મુકેછે."

ઘાંચી બોલીઓ "કાજીજી સાહેબ, આએ માણસ મારે તાહાં તેલ લેવાને આવીઓ અને પુછીઉં કે 'તારી પાસે ખુરદોછે!' મેં હા કહી. જેવો પઈસા હું ગલ્લામાંથી કાહાડવા જાઉછું તેવીજ એણે તરાપ મારી મુઠી ભરી પઈસા લીધા. મેં "ચોર, ચોર" બુમ પાડી અને એને અહીંઆં લાવીઓછું. હું મહમદના કસમ ખાઈ કહુંછું કે આએ માણસ જુઠોછે અને મારી ઉપર ખોટું તોહમત મેલેછે."

કાજીએ થોહોવાર વીચાર કરીને પેલા પઈસા મુકીને તેઓને જવા કહીઉં અને બીજે દાહાડે ઈનસાફને વાસતે ફરીથી બોલાવીઆ.

તારપછી શેકનો મુકદમો નીકલીઓ. બુઆકાસ બોલીઓ કે "કાજીજી મેહરબાન, હું ઘણોએક દુરથી આ બજારમાં ખરીદી કરવાને આવીઓ છું. રસતામાં મને આ લંગડો મલીઓ અને એણે મારી પાસે ભીખ માંગી. મેં ભીખ આપી. એણે મને અરજ કીધી કે મને પણ તું જે બજારમાં જાએછે તાંહાં તારા ઘોડાની પીઠપર લઈ જા, નહીતો લોકોની ગીચથી હું ચંપાઈ જવશ. મેં તેમ પણ કીધું. બજાર આગલ આવીઆ પછી, મેં એને ઘોડા ઉપરથી ઉતરવાને કહીઉં. એણે ના પાડી અને કેહવા લાગો કે એ ઘોડો મારોછે, વાસતે હું એને તમારી પાસે ઈનસાફને વાસતે લાવીઓ છું. હું મહમદનાં સોગન લઈ કહુંછું કે મેં જે કહીઉંછે તે બધું ખરૂંછે."

પેલો લંગડો બોલીઓ—"કાજીજી, સાહેબ, હું બાહેર ગાંમથી આએ ગામની બજારમાં ખરીદી કરવા મારા ઘો

તાનાં ઘોડા ઉપર બેશી આવતો હતો, તે વખતે રસતામાં મેં આએ માણસને મરતતોલ દીઠો. મેં એને પુછીઉં કે, 'તને શું થઈઉંછે'? એણે જવાબ દીધો કે "કંઈ નહી ભાઈ, હું થાકીને નાતવાન થઈ ગએઓ છું; માટે જો તારા ઘોડાની પીઠપર બજાર સુધી લઈ જાએતો, મહમદ પાસે હું દુવા માંગસ કે તારી જે કંઈ મુરાદ હોએ તે હાંસલ થાએ." મેં એની અરજ કબુલ રાખી; પણ બજાર આગલ આવી પોંચતાં, એણે મને ઘોડા ઉપરથી ઉતરવાને કહીઉં; તેથી હું મોટો ઓચંબો પાંમીઓ અને તારી પાસે લાવી, ઈનસાફ ચાહુંછું. હું મહમદનાં કસમ ખાઈ કહુછું કે જે હું બોલીઓ છું તે ખરૂંછે."

કાજીએ બેઉ જણને પોતાની વાત ફરીથી કહીજવા ફરમાવીઉં. બનેએ પોતાની વાત એકસરખી રીતે પાછી કહી.

કાજીએ થોહોક વાર વીચાર કરી તેઓને ઘોહો મુકી જઈ પાછા બીજે દાહાડે બોલાવીઆ.

બીજે દાહાડે કાજીની કચેરીમાં પેલા મુકદમાં વાલા સખ્શો પાછા આવીઆ અને લોકોની ઠઠ મલી ગઈ.

કાજીએ પેહલા મુકદમાં વાલા મેહતાને તેડીને તેની બાએડી સવાધીન કીધી, અને પોતાનાં ચપરાસીને ફરમાવીઉં કે પેલા ગાંમડીઆ ખેડુતને પચાસ ફટકા મારવા.

બીજા મુકદમામાં પેલા ખાટકીને પઈસા આપીઆ; અને ઘાંચીને પચાસ ફટકા મારવાનો હોકમ કીધો.

તીજો મુકદમો શેક બુઆકાસનો નીકલીઓ. તેનાં ઈનસાફમાં કાજીએ ટીલ કીધી, અને પેલા શેકને પુછીઉં કે તારો ઘોહો જો વીશ ઘોડા વચે મુકીઓ હોએતો તું તેને ઓલખી સકસે શેકે હા કહી. કાજી તેને એક તબેલામાં ઘણાએક ઘોડા હતા તાંહાં લઈ ગએઓ. શેકે પોતાનો ઘોડો તરત ઓલખીઓ. તેમજ કાજીએ પેલા લંગડાને પુછીઉં. લંગડાએ હા કહી તેથી તેને પણ તેજ તબેલામાં લઈ ગએઓ. લંગડાની ઈઆદદાસત તથા નજર કંઈ કમી નહી હતી. તેણે ઘોડાને તરત ઓલખીઓ. કાજી કચેરીમા પાછો આવીઓ અને શેકને પેલો ઘોહો સવાધીન કરવાને ફરમાવીઉં અને લંગડાને પચાસ ફટકાની સજા ફરમાવી.

પેલો શેક ઘણોજ અચરત પાંમીઓ. તેણે જોઈઉં કે તરણે મુકદમાં ઘણા બારીક હોવા છતાં તેઓનો ચુકાદો કાજીએ અદલ રીતે કીધો હતો. વાસતે કચેરી બરખાસત થએઆ બાદ શેક કાજીની આગલ જઈ ઉભો. તેણે કાજીને જણાવીઉં કે "હું શેક બુઆકાસ છું અને મેં તારા અદલ ઈનસાફ વીશે ઘણું સાંભલીઉં તેથી તારી તપાસ કરવાને હું અહીંઆં આવીઓ હતો. મેં તુંને આ તરણે મુકદમાનો ચુકાદો કરતાં જોએઓછે અને તેં તે મંનપતીજ રીતે કીધોછે. જે ખરૂં હતું તેજ તેં ખરૂં ઠેડવીઉંછે. એ તેં કીઆ તલેસમાતથી કીધું તે હું જાણવાને ખંતી છેઉં માટે જલદી એનો ખોલાસો કર."

કાજી બોલીઓ કે "હા સાહેબ, એ ઘણું સેહલછે અને તારી આગલ ખોલાસો કરવાને હું ખુશી છું. પેહલો મુકદમો—હું મધ રાતે ઉઠીઓ અને પેલી બઈરીને જગાડવાને ફરમાવીઉં. તેણીને ઉઠતાંને વાર મારો શાઈનો ખડીઓ ધોઈ સાફ કરી બીજી શાઈ પુરવાને ફરમાવીઉં. તેણીએ એવીતો રીતે સાફ કીધો અને બીજી શાઈ પુરી કે મારી ખાતરી થઈ કે તે મેહતાનીજ બઈરી હોવી જોઈએ. બીજો મુકદમો—એમાં તુંને ઈઆદ હશે કે પેલો ઘાંચી તેલથી ચીકણા શરીરનો દેખાતો હતો. જે પઈસા પેલો ખાટકી મુકી ગએઓ હતો, તેને મેં પાણીમાં નખાવીઆ અને જોઈઉંતો કંઈ પણ તેલનો ચીકાસ પાણીમાં ઓગલીઓ ન હતો; તેથી મેં વીચારીઉં કે એ ઘાંચીના પઈસાતો હોએજ નહી. કાંએજે તેનાં તે હોતતો, જરા પણ ચીકાસ લાગીઆ વીનાં રેહત નહી અને જો ચીકાસ લાગીઓજ હતે તેનો પાણીમાં તરી નીકલીઆ વીના પણ રેહત નહી. તીજો મુકદમો—એ તારો હતો અને એનાં ચુકાદામાં જરા મને મેહનત પડી હતી, પણ તેમાંની સચાઈ શોધી કાહાડવાને મને વાર લાગી નહી. તારો ઘોહો તેં ઓલખીઓ એટલુંજ નહી પણ પેલા લંગડાએ પણ તરતજ ઓલખીઓ. પણ મારી મતલબ કંઈ તે હતી નહી! મારી મતલબતો એ હતી કે ઘોડો કોણને ઓલખેછે—પેલા લંગડાને કે તુંને. વાસતે જારે હું તને તાંહાં લઈ ગએઓ તારે તેણે ખંખાર મારી અને જારે પેલા લંગડાને લઈ ગએઓ તારે તે ચુપકીદો રહેઓ તેથી મારી ખાતરી થઈ કે ઘોડો તારો હતો."

બુઆકાસ ઘણોજ અચરત પાંમીઓ અને બોલીઓ કે "ઓ! કાજી, ખરેખર મારી જગોપર તું જોઈએ અને મારે તારી જગા લેવી જોઈએ. પણ મારી કોઈ પણ રીતે ખાતરી નથી કે હું તારી જગાને કોઈબી રીતે લાએક હોઉં."

—ං○ං—

## અમેરીકા ખંડમાં ખુદરતની અજાએબીઓ.

દુનીઆમાં સઊથી મોહોટો પાંણીનો ધોત નાએગરા નદીનોછે. ઘણાજ મોહોટા તલાવોનુ પાંણી એકઠું મલીને એક પોણા માઈલ પોહોલાઈની નદી બનેછે તે એકદમ બંધીઆર થઈને ખડકોની ઊપરથી બે ધોત થઈને ૧૭૦ ફીટની ઊંડાઈએ પડેછે.

દુનીઆમા સઊથી મોહોટો ગોખો કેનટકીમાં મામોથ નામનોછે. એ જમીનની હેઠેના ગોખમાં એક નદી વેહેછે અને તેમા હર કોઈ મુસાફરી કરી સકેછે. તે માહેથી લોકો આંખ વગરની માછલીઓ પકડેછે.

દુનીઆમા સઊથી મોહોટી નદી મીસાસીપીછે તે ૪૧૦૦ માઈલ લાંબીછે.

દુનીઆમાં સઊથી મોહોટી ખીન મીશીશીપીનીછે, તે પાંચ લાખ ચોરસ માઈલની જગાછે અને તે ઘણી ફલવંતછે.

દુનીઆમાં સઊથી મોહોટો તલાવ લેકશુપીરીઅર

(એટલે સઊથી મોહોટો તલાવ) છે, ૪૩૦ માઇલ લાંબો અને ૧૦૦૦ ફીટ ઊંડોછે.

દુનીઆમાં સઊથી મોહોટો ખુદરતી પુલ વરજીનીઆ દેશમાં શીદરકરીમુ ઊપરછે, તે ૮૦ ફીટ પોહોલા અને ૨૫૦ ફીટ ઊંડી ખીન ઊપર પડેલોછે.


દુનીઆમાં સઊથી મોહોટો લોહોડાનો જથો મીસાઊરીનો લોખનનો પાહાડછે, તે ૩૫૦ ફીટ ઊંચો અને બે માઈલ ઘેરાવામાંછે.

દુનીઆમાં સઊથી મોહોટી પાંણીની નેહેર નીઊઈઆરક દેશમાં કરોટન આકવીડકટછે તે ૪૦ માઈલ લાંબીછે. તેને બનાવવામાં તરણ કરોડ પચાસ લાખ રૂપીઆ ખરચાએઆ હતા.

દુનીઆમાં સઊથી મોહોટી કોલસાની ખાંણ પેનશીલવેનીઆ દેશમાંછે. દર વરસે લખોબંદ ટંન કોલસો અંદરથી નીકલેછે અને કદી ખુટે નહી એવોછે.

એ સંધી અંજાએબીઓ અમેરીકા ખંડમાંછે જે ખંડ સરવેથી છેલો સોહોધી કાહડવામાં આવીઓછે.

## વરસાદની કમાન.



(મા દીકરી વચ્ચે વાતચીત.)

ચોમાસાની રૂતમાં એક દીવસે નમને પોહોરે એક મા અને દીકરી દરીઆ કીનારા આગલનાં એક બાગમાં પશાર કરતાં હતાં. માએ બચગીથી સારી કેલવણી લીધી હતી તેથી પોતાની પુતરીને નીતી વીશે નશીઅત કરવાને અથવા ખુદરતી ખેલોની ખુબી વીશે ધડો આપવાને મેહેનત અને વખતની કાંઈપણ રીતે કસુર કરતી ન હતી મેઘરાજાની લેહેરથી આસપાસની લીલોતરીનો દેખાવ ઘણોજ રલીઆંમણો જોઈ મા બોલી.

**મા**—હા! હા! દીકરી જો શું સુંદર આસપાસનો દેખાવ! ખુદરતે જાંણે નાહી ધોઈ તેહેવાર કીધો હોએ તેમ કેહવી ખુબસુરત લીલા સીણગારની સારી પેહેરીછે—કીઆ બાદશાહ અથવા કંઈ રાંણીનો જરીનો લેબાસ એની સાથ સરખાંવી શકાએ! વલી ઊપર જો આ વાતાવરણનો બલુ દરીઓ કેહવો સથીર અને થંડો લાગેછે! જે જોઈ આપણી આંખોમાં તાડક વરેછે. અરે વલી પેલું જો; આસમાંને જાંણે પોતાના ચેહરા ઊપર મેરાબદાર ચાંલો કીધો હોએ તેવું શું દીસેછે?

**દીકરી**—અરે, હા, માજી એ શું હશે વારું કેહવા ખુબસુરત રંગ!

**મા**—દીકરી એનો વરસાદની કમાનછે તું નથી જાંણતી?

**દીકરી**—શું વરસાદજી પણ તીર કમાન લઈ લ

ડવા નીકલેછે? હા, દેખાએછેતો નરી કમાનનાં જેવી. વાહલી મા, મેહેરબાની કરી મને સમજાવશો, વરસાદની કમાન એટલે શું અને તે કેહાંથી આવી?

**મા**—હા હું તુંને સમજણ પાડું પણ જરા વધારે ધેઆન રાખવુ પડશે; નહીતો તું સમજી શકશે નહી.

**દીકરી**—માજી હું બેશક ધેઆન આપી સમજસ, હું આશા રાખુછું કે તમારી મેહેનત રદ જશે નહી.

**મા**—તેઆરે જો; વરસાદની કમાન એટલે વરસાદ આવવાની આગમજ કોઈ કોઈવાર સાંજનાં એવો ખુબસુરત દેખાવ નજર પડેછે, ને એમ બતાવેછે કે થોડા વારમાં વરસાદ ઘણું કરી આવશે.

**દીકરી**—વરસાદના દીવસ ઊપર કોઇ કોઈવાર એવો દેખાવ નીકલેછે તેનુ શું કારણ? તે દરરોજ કેમ નથી નજર પડતો?

**મા**—આ સવાલનો જવાબ આપીઆ આગમજ એ કમાન સાથી અને કેમ બનેછે તે તુંને જણાવવું જોઈએ—તુંને તે ખબર હતેતો એવો સવાલ ન પુછતે, આ કમાન એમ બનેછે કે વરસાદથી ભરેલાં વાદલાં સુરજની સાંમે એવી રીતે હોએકે તેનાં કીરણો તે મધેનાં પાણીનાં ટીપામાંથી પસાર થઈ બીજે ઠેકાંણે પડે. એવે ઠેકાંણે કમાનનો ખુબસુરત દેખાવ દીસેછે.

**દીકરી**—વારૂં, પણ હું વારંવાર સુરજને વાદલાની સાંમે જોઊછું તોબી એવી કમાનતો કંઈ બીલકુલ નજર પડતીતો નથી તે કેમ.

**મા**—વાદલાંતો દહાડામાં શેંકડોવાર સુરજની સાંમે આવતાં હશે; પણ વરસાદના ટીપાંથી ભરેલાં હોએ તોજ એવો દેખાવ બને; નહીતો કદી નહી.

**દીકરી**—હં! હં! હું સમજી વાદલાં ખાલી હોએતો નહી બને પણ તેઓ પાંણી ભરી આવેલાં હોએ તેઆરેજ એવો દેખાવ દીસે; માજી એમજ કે નહી?

**મા**—છી; વાદલાં પાંણી ભરી આવેલાં એટલે શું, તેઓ કાંઈ પાંણી ભરવા જાએછે કે? તું સમજતી નથી કે વાદલાં શુંછે. સુરજની ગરમીથી પાંણીમાંથી બાફ નીકલી તે હલકો હોવાથી ઊપર ઊડી જાએછે તેઆરે આપણે તેને વાદલાં કહીએ છઈએ. એ વાદલાં અથવા બાફનાં જથાને થંડો પવન લાગેતો બાફનાં ટીપાં બંધાઇ જાએછે અને સઘલાં એકદમ બંધાએછે તો તેઓ હવા કરતાં ભારી હોવાથી જમીન ઊપર તુટી પડેછે; તેઆરે આપણે વરસાદ આવેઓ એમ બોલીએછે.

**દીકરી**—વારૂં માજી હવે હું સમજી કે વાદલાં શુંછે. વાદલાંમાં પાંણીનાં ટીપાં બંધાએલાં હોએ અને તેઓની સાંમે સુરજ આવેલો હોએ એટલે કમાન બને. પણ આ રંગો કાંહાંથી આવેઆ તે જાંણવું જોઈએ.

**મા**—હા, હવે હું એ કહું. સુરજનાં કીરણમાં ૭ જુદા જુદા રંગોછે, જેવાકે લાલ, નારંગી જેવો, પીલો, લીલો, બલુ, કાલી ગલી જેવો અને ચેરો આસમાની. એ રંગો વરસાદની કમાનમાં દેખાએછે.

**દીકરી**—માજી તમેતો કાંઈ નહી મનાએ તેવું કહોછો, સુરજનાં કીરણનો રંગતો સાફ સફેદ દેખાએછે, બીજોતો કાંઈ પણ રંગ નજર પડતો નથી.

**મા**—વારૂં ધીરજ ધર, તેબી હું સમજાઊછું. સુરજના કીરણો જે સફેદ જણાએછે તે સાત ઊપલા રંગોની મેલવણીથી બનેલાંછે. આ વાત પેહેલવેહલાં સર આઈજાક નીઊટન નામનાં એક પરખેઆત ફીલસુફે સાબેત કીધી હતી. અને એની તપાસ સેહલછે. જે ઓરડા મધે સુરજનુ તડકુ આવતું હોએ તે ઓરડાની બારીઓ બંધ કરી વીનીજનનાં ફરકામાંથી સુરજનુ એકજ કીરણ આવવા દેવું, અને આ કીરણની સાંમે એક તરણ ખુણાં અથવા તરણ બાજુવાલો કાચનો કટકો ધરસુંતો સાંબી ભીત ઊપર ઊપલા સાતે રંગ નજર પડશે.

**દીકરી**—એવા કાચનાં કટકામાં કાંઈ નવાઈ જેવી ખુબી હશે?

**મા**—ખુબી એટલીજ કે સુરજનાં કીરણને સીધું જતાં અટકાવી તેને ભાંજીને આડું અટારૂં મોકલેછે; જેથી પેલા ગુપત રંગો પોતાની મેલે બાહાર છુટા નજરે પડેછે.

**દીકરી**—વારૂં આ સાતે રંગો લઇ મેલવીએતો સફેદ રંગ બને ખરો કે?

**મા**—હા, અલબત, પરમાંણ પરમાંણે એ સાતે રંગ મેલવીઆ હોએ અથવા એક પાટીઆંનાં કટકા ઊપર એ સાતે રંગ પરમાંણ પરમાંણે પાડી તે પાટી ઊ જોરથી બમરડાની માંફક ફેરવીએ હોએતો તે સાતે રંગને બદલે સફેદ રંગ નજર પડશે.

**દીકરી**—વા, એતો નવાઈ જેવું; પણ હવે મેહેર



સર જાન બાઉરીંગ.

ખાની કરી કેહેશો કે, વરસાદની કમાનનાં રંગ કેમ બનેઆ?

મા—એજ પરમાણે; જેમ સુરજનું કીરણ તરી કોણાકાર કાચમાંથી વીખરાઈ જઈ ભીત ઊપર તરેવાર રંગ બનાવેછે. તેમજ સુરજનુ કીરણ કાચને બદલે પાંણીનાં ટીપામાંથી પસાર થતી વેલા વીખરાઈ જુદા જુદા રંગો છુટા પાડેછે અને તે આકાશ ઊપર નજર પડેછે.

દીકરી—પણ તેતો ગોલ મેરાબદાર આકારમાં દીસેછે, તે કેમ?

મા—કારણ જે ટીપાંમાંથી તેઓ પસાર થાએછે.તે ટીપાં ઘણુંકરી ગોલાકાર હોએછે તેથી કમાન પણ ગોલ દીસેછે.

દીકરી—વારૂ માજી, હું તમારો ઊપકાર માનુ છું; આ બાબદ વીશે મને જરા વીચાર આવેઓછે. પણ આ કમાનનો કાંઈ ઊપીઓગ હશે વારૂ?

મા—ઊપીઓગ એજ કે માંણસો તે જોઈ સાવચેતી રાખે કે હવે થોડા વારમાં વરસાદનુ જાપટું આવશે. તે શીવાએ આ કમાન મધેથી નીતી પણ કાહાડી શકીએછે.

દીકરી—તે શું વારૂં વાહાલી નેક માતા?

મા—આ સુંદર કીરતી ભરેલા રંગ, એમ બતાવેછે કે આ પુરૂથવી પરની સોભા, કીરતી, ઝાવઝલાલી, એ સરવે ખોટી અને પલવારનીછે. જેમ આ કમાન મધેનાં તરેહ તરેહનાં રંગો પલવારમાં નાબુદ થઈ જાએછે તેમજ આ પુરૂથવી પરની મોટાઈ, અથવા દમામ કાંઈ કાએમ રેહેતા નહી, પણ સઘલું પના થવાનું, એવો કીરતારનો લેખ મારેલોછે, અતરે જેમનું તેમ સદા કાએમ કાંઈજ રેહેતું નથી, પણ કમાનનાં રંગની માફક પલવારમાં ગુમ થઈ જાએછે; સઘલુ ખોટું, અને તકલીદીછે. પેલા જગતનાં કીરતાર સીવાએ સદા કાએમ કાંઈજ રેહેતું નથી.

દીકરી—વા એક કમાનપરથી કેહેવી નીતી! બેશક ખરી. એ શીવાએ તમારા ધેઆનમાં આ બાબદ વીશે બીજું કાંઈબી હોએતો મેહેરબાની કરી મને સમજાવેઆ વગર રેહેતાં ના; હું એવું સાંભલવાને ભારે ઈતેજારછું.

મા—આ બાબદ વીશે એક કવેસરે એક રમુજી ફકરો લખેલોછે, તે કહી આજનો ધડો ખતમ કરીએ.

અસલ જમાનાંથી કવેસરો લખવાનું સરૂ કરતી વેલા "ગાડ એપાલો" એટલે સુરીઆ દેવને સંમરણ કરેછે, (એટલે તેની ભકતી કરી મદદ માંગેછે) ઊપલો કવેસર કેહેછે "ઓ મારા સદાનાં મેહેરબાંન સુરીઆ દેવ, મારે એક મોટી ફરીઆદ તારે વીશે તારીજ આગલ કરવીછે. દરીઆ, નદીઓ, સરોવરો, ઈતીઆદી, સદા તુંને તાબે થઈ પોતાનાં નીરમલ પાંણીથી તુને ખંડણી આપતા રેહેછે, તોબી તું કેવો લોભી! એટલું તુને બસ નથી પડતું કે વલી મારા જેવા ગરીબની ચોરી કરી ગએઓછે! સરીઆમ લોભી થઇને, મારા ખડીઆમાથી સાહીનાં થોડાં ટીપાં તારા તાપથી ચુસી લીધાંછે. તે ટીપાંઓ આકાશમાં ઊડી જઈ બીજાં સેંકડો સાથ મલી જઈ કેવાં દોડધાંમ કરી રહેઆંછે! શેવટે તારાં કીરણોથી ઊપસ્યાં ટીપાંઓએ એક ખુબસુરતમાં રંગીન વરસાદની કમાન બનાવી દીધીછે જે જોઈ માંણસ જાતની આંખમાં તાડક વલેછે. હા! હા! કેવાં નામીચાં ટીપાંઓ! પેહલ વેહલાં કેવાં કાલાં, અને ગલીચ! હમણા કેવાં સફેદ અને સુંદર! વારૂં, હવે બનીશું તે બનીશું; હું તારી પાસ એટલુંજ માંગી લેઊછું કે જેમ તેં મારી સાહીનાં થોડાં ટીપાં આસમાન મધે પરકાશીત કીધાંછે, તેમજ આ બાકી રહેલાં ટીપાંઓને જમીન ઊપર પણ પરકાસીત કર—એટલે મારાં લખાંણ મધે એવી ખુબી બખશ કે સરવે લોક તેની વખાંણ કરે."

દીકરી—વા, સું સુંદર કવેસરી કલપના! એક વરસાદની કમાન ઊપરથી કેવા ઊંડા વીચારો ઊતપન કીધાછે. મનની મોજ તેઓ કેવી ભોગવતા હશે! ખરૂં, પેઆરી માના તમોએ તે દાહાડે કહીઈશું હતું કે ખાવા પીવાનો શોખ રાખેઆ કરતાં વીદીઆ તથા હોનરનાં ભોજનથી ખરેખરો મોજ ઊપજેછે, તે બેશક ખરૂંછે.

## આપણો હીંદશથાનનો ગવરનર જનરલ સર જાંન લારેનસ.

સર જાન લારેનસ જેનુ એક આબેહુબ-ચીતર પાસેનાં પાનાંપર દીઠામાં આવેછે, એ ઘણી સીપાઇગીરીમાં ફરનાર એક સરદારનો છોકરો થાએછે. એનો

જનમ હીંદુસથાનમાં ૧૮૧૧ માં થઓ હતો. પેહલવેહલી કેલવણી એણે ઈંગલંડમાં લંડન ડેરી ખાતે લીધી હતી, તારપછે એ હેલીબરી "કાલેજ" માં ગઓ હતો. ઇંગલંડમાં કેલવણી લેઈ ૧૮૨૯ માં હીંદુસથાંન ખાતે સરકારી ચાકરીમાં એક લખનાર તરીકે આવીઓ હતો. તારપછે દીલીનાં રેસીડંટ અને મોટા કમીશનરનાં હાથ હેઠલ ૧૮૩૧ માં તેને મદદનીશ તરીકે નેમીઓ હતો. બે વરસ પછે દીલીનાં માજીસટરેટ અને કલેકટરની બદલી તેને કાંમચલાઊ તરીકે ઠેડવીઓ હતો. એ જગા સારી રીતે ચલાવવાથી પાંનીપટ ખાતે તેને એવોજ ઓધો આપીઆમાં આવીઓ હતો. એની જાતી હુશીઆરી અને ચાલાકીને મારે ૧૮૩૬ નાં જુલાઈ માસમાં ગુરગાન ખાતે તેને રાખીઓ અને બે વરશ પછે એજ જગાનો કુલે અખતીઆર એને સોપંવામાં આવીઓ હતો. ૧૮૪૦ માં તે ઈંગલંડ રજા ઊપર ગઓ તાંહાંસુધી એ ઘણી માતર જકાત ખાતાંઓમાંજ સારી રીતે કાંમ ચલાવનાર તરીકે વખાણાંએલો હતો.

ઈંગલંડથી આવીઆ પછે ૧૮૪૬ માં બંગાલનાં સરવેથી ઊપીઓગી મધીઅ ભાગનાં એક પરગણાનો તેને નેઆયાધીશ તથા માજીસટરેટ અને કલેકટર બનાંવીઓ હતો. આ જગામાંથી તેની રાજકારભારનો વહીવાટ અને અમલ ચલાવવાની શકતી માલમ પડી આવી, અને તારથીજ ગવરનર જેનરલ સર હેનરી હારડીંગનું ધીઆંન એની તરફ ખેંચાએલું અને ૧૮૪૭ માં એને શીખની લડાઈ પુરી થવા પછે સટલજ તરફનાં પરાંનો જે ઇંગરેજ સરકારે લડાઈનાં ખરચને પેટે મેલવીઆં હતાં તેનો કમીશનર ઠેડવીઓ. આ નવાં પરાંનોની અંદર વસુલ સંબંધી તથા રાજ દરબારી ખટપટ અને ખેતીવાડી સંબંધી એવોતો ગુચવારો થઇ પડીઓ હતો કે તેની ગુચ કાહાડવાને માહાબારત રાજકારબારીની જરુર હતી. તે ખુટ મી૦ હેનરી લારેનસે પુરી પાડી એટલુંજ નહી પણ એ ગુચ કાહાડવામાં એણે પોતાની રાજકારભાર ચલાવવાની શકતી એવીતો ઊતમ રીતે દેખાડી આપી કે જેની તારીફ આપણાંથી થઈ શકે નહી.

૧૮૪૮ માં ઈંગરેજ સરકારનાં મુલતાંન ખાતેનાં એલચીઆને કાપી નાંખીઆ તેથી મુલતાંનનો કીલો જપત કરી લીધો, અને તેથી શીખ અને આફગાંન લોકો એકઠા થઇને લડના હતા તેઓને લારડ ગફે ઘણીએક મેહનતે હરાવીઆ અને ઈંગરેજ સરકારને તાબે આપીઆ. એ ઊપરથી તે વખતનાં ગવરનર જેનરલ લારડ ડેલહાઊશીએ હીંદુસથાનમાનાં ઈંગરેજ સરકારનાં અમલ તલેનાં દેશો સાથે પંજાબ જોડી નાંખવાનો હોકમ કીધો.

આ નવાં જોડી નાખેલાં રાજમાં બખેડો નરમ પાડવાને તથા રાજકારભાર ઈંગરેજી કાએદા પર માંડે બરાબર અમલમાં લાવવાને અને તેહાંનો કુલે કારભાર શાંતીથી ચલાવવાને કોણને નેમવો તે વીશે લારડ ડેલહાઊશી વીચારમાં પડીઓ. એ વખતે મી૦ જાંન લારેનસ લાહોર ખાતે "રેસીડેનટ" હતો તે ઊપરથી અને તેની જાતી હુશીઆરી ઊપરથી તેને અને તેનાં ભાઈ સર હેનરી લારેનસ અને એક મી૦ મારશ એ તરણેને પંજાબનો રાજવહીવટ સોંપીઓ. મી૦ જાંન લારેનસે ઊપલા બે સખશોની શાથે મલીને પંજાબનાં શીખ લશકરી શીપાઈઓની ટુકડીઓ કાહાડી નાંખી અને તેઓમાનાં ઘણાએકને સમજાવી ઈંગરેજી ટુકડીમાં સાંમેલ કીધા એટલુંજ નહી, પણ રાજકારભારનો બંદાબશત એવી તો કમાલીઅતથી કીધો કે પંજાબને શેહજ વખતની અંદર એક શુલેહ ભરેલું શેહર બનાવી દીધું. એની કમાલીઅતની કશોટી હીંદુશથાનમાં શીપાઈઓનો બલવો ૧૮૫૭ માં થઓ તે વખતે પંજાબ શુલેહ ભરેલું રહેલું તે ઊપરથીજ માલમ પડી, એટલુંજ નહી પણ પંજાબની લશકરી ટુકડીઓએ બલવાની શાંમે થઈ પોતાની ઈમાંનદારી બતલાવી હતી તે ઊપરથીબી એની રાજનીતી વીચારી લેવાને બને છે. એની બાહાદુરી, ચંચલાઈ અને કાએલીઅતને મારે એને જુદે જુદે વખતે "સર", "બારોનેટ" વગેરે બીજા કેટલાક ખેતાઓ મલીઆ અને ઇનડીઆ કાંઊનસીલમાં જગા મલી હતી. એજ ઘણી કે જે એક ગરીબ લશકરી સરદારનો છોકરો અને એક શાધારણ લખનાર તરીકે હીંદુશથાંન ખાતે આવીઓ હતો. તેણે પોતાની જાતી ચંચલાઈ, મેહનત અને ઊદીઓગનાં બલે કરી આખાં હીંદુશથાંનની ઊપર સરદારી મેલવી ૧૮૬૩ નાં ડીસેમબરમાં ગવરનર જેનરલ થઓ અને હાલમાં એ ઘણી હીંદુશથાનનો રાજકારભાર ચલાવેછે.

## અંજાણપણે થતા અવગુણો,

### જોલાબથી થતી ખરાબીઓ.

બચું જારથી જનમેછે તે મરેછે તાંહાંશુધી તેની ઊપર કોઈક હજાર તરેહના વઘન પડી રેહેછે તેમાં એક મોહોટું વઘન તેના બદનની ના તંદરોશતીછે. ટુક જીદગીમાં તેને કાંઇ હજારો વખત બેમારી થાએછે. થોડા સખશોજ હોએછે કે કુદરતની બખશેશથી તે બીમારીથી ઓકલા રેહેછે પણ માણસ હમેસાં તંદરોસત રેહેતુ નથી તેનું કારણ શુંછે? ટુક સમજ એ રાખવી કે જે સખસ કુદરતના કાએદાથી ઊલટો ચાલીઓ કે પછી તેની તંદરોસતીમાં બીગાડ થએઆ વગર રેતોજ નથી. અલબત કુદરતના કેટલાએક કાએદા એવાછે કે જે ઊપર માણસ પોતાનો અખતીઆર ચલાવી સકતો નથી, તેથી દુખ ઊતપન થાએછે, પણ તે સીવાએ બીજા કુદરતના કાએદાછે જે ઊપર માણસનો પુરતો અખતીઆરછે, પણ બેસમજથી અને જાંણી બુજીને તે કાએદાઓથી કેટલીકવાર ઊલટાં ચાલી તેને તોડેછે જેથી વારંમવાર મોટાં મોટાં દરદો ઊતપન થાએછે.

આપણા લોકોમાં **વગર કારણે જોલાબ લેવાની ટેવ** પડી ગઇછે. બચું જેવુ જનમેછે તેવું તેને એરંડીઊ ચતાડવામાં આવેછે પછી તેની ગરજ હોએઈઆ નહી હોએ તેની કાંઈપણ દરકાર કરતાં નથી વલી ઘણા દાહાડા થએઆ જોલાબ આપીઓ નથી અને કોઠો સાફ કરવો જરૂરછે એવા વીચારથી તરેહવાર જોલાબો આપવા મંડી જાએછે. ઘણા જણને ઇઆદ હશે કે નાહાનપણમા તેના મા બાપોએ તેવોને દર અઠવાડીએ ઈઆ ખશુસ કરીને દર મહીને સરેહવાર જાતના જોલાબોનો ઘુટારો બનાવીને જુલમથી નેતરની ધાક આપી પાએઆ હશે. તેહેવારનાં દાહાડા આવીઆ કે મા બાપો બચાંને આગલથી જોલાબ આપવા મંડી જાએછે કે તે પછી સારીપેઠે અગર દગર ચીગરે તેની કાંઈ ધાસતી રેહે નહી. પણ તેવા જોલાબો આપીઆથી કેટલાં ખરાબ પરીણામો નીપજીઆંછે તેની બીચારાં મા બાપોને થોડીજ ખબરછે. કેટલાએકોને દર અઠવાડીએ ઈઆ દર મહીને જોલાબ લેવાની ટેવ પડી ગઈછે. કેટલાએકોને જોલાબ લીધા વગર પેટ બરાબર આવતુંજ નથી. કેટલાએકોની તંદરોસતીમાં હંમેસાનો બીગાડો થઇ ગઓછે. જે લોકોને વગર કારણે જોલાબ લેવાની ટેવ હોએછે તેવા કદી પણ સુખી રેહતા નથી. બદન નાજુક રહી જાએછે અને દરદો સેહેલથી લાગુ પડેછે. ખચીતથી ધેઆંનમાં રાખવું કે એવા જોલાબ ફાએદો કરેઆને બદલે દુખમાં વધારો કરેછે, તેનુ કારણ આપણે તપાસી જોઈએ. એક સેહેજ દાખલો લેવો. એક ધણીના હસતકમાં એક સારો બુનીઆદ અને જોરાવર ઘોડો હોએ. ઘોડો પોતાના કદ અને તબીઅત પરમાણે એકજ રીતે પોતાને અડચણ અને થાક ચહડાવીઆ વગર દોડી સકેછે અને પોતાના ધણીનું કામ બરાબર બજાવેછે. હવે જો એનો ધણી અણઘડપણાથી તેને ચાબક મારીને ખુબ દોડાવેતો શું પરીણામ નીપજે? ઘોડો પોતાની સકતીથી વધારે દોડીઆથી થાકી જઈ અને બીજે દીવસે પોતાનું કામ બરાબર બજાવી સકવાનો નથી. ધણી ચીરડાઈને તેને વલી વધારે માર મારેછે અને ઘોડાનો વાંક કાહાડેછે કે તે બેબુનીઆદ અને આલસુછે પણ જે ખરૂં કારણછે તે સમજતો નથી. ચાબકનાં મારથી ઘોડો પેહેલાં વધારે જડપથી દોડવા માંડેછે પણ જારે ચાબકનો વરસાદ અટકતો નથી તારે તે હારી ખાએછે. તેનું બદન સુરદાલ થતું જાએછે, હઠીલાઈ અને તુંડાઇનો મીજાજ પકડેછે અને એ પરમાંણે એક અસીલ જાનવર બેસમજનાં હાથમાં આવીઆથી ખરાબ થઇ જાએછે. એજ પરમાંણે માણસનો અંદરનો બાંધોછે. જાંહાંસુધી કોઇ પણ જાતની અલવાલ આવતી નથી તાંહાંસુધી સરીરનાં સરવે સાંચાઓ પોત પોતાનું કામ બરાબર કરેઆ જાએછે. દરરોજ ધારા પરમાંણે ઝાડો સાફ થાએછે પણ જો અણઘડપણાંથી જેમ ચાલતા ઘોડાને ગોદો મારીને ચલાવીઓ તેમ વગર કારણે જોલાબ આપીને આંતરડાં પાસે કામ કરાવો તારે આંતરડું ઘબરાટમાં પડીને જેટલું બને તેટલું કામ કરેઆનાં કરતાં વધારે કરેછે. વધારે કામ કીધાથી થાકી જાએછે અને બે તરણ દાહાડા સુધી સુસત પડેછે. આતો કુદરતનો એક ધારોજછે કે આપણાં શરીરનો કોઈબી સાંચો તેની શકતી ઊપરાંત કામ કરેતો તેને થાક અથવા આરામએશની જરૂરજછે, અને જાંહાંસુધી તેને થાક મલતી નથી તાંહાંસુધી પોતાનું રાબેતાનું કામ તે બરાબર બજાવી શકતો નથી. જારે થોડા થોડા દાહાડાને અંતરે જોલાબનાં ગોદા આવી

પડેછે તારે આંતરડાં તદ્દન નાકુવત થઇ જાએછે—કાંમ ધારા માફક કરી સકતાં નથી—પેટ કબજ રેહેછે અને છેલે એવી તેવ પડેછે કે જોલાબનાં ગોળા ખાધા વગર ચાલતુંજ નથી અને માર મારેલા ઘોડાની મીશાલે હટીલાઈ અને તુંડાઇ પકડેછે. જેની પાસે જોર જુલમ કરીને કાંમ કરાવાની તેવ પાડી તેને ગોળા ખાવાની આસરમ પડી જાએછે અને અણઘડ માંણસ પોતાનાં કીશનોજ વાંક કાહાડેછે પણ તે જોતો નથી કે વાંક પોતાનોજછે.

આપણા ડોકટરો કેટલીક વાર સામણાં ધણીની મરજી રાખવાને માટે ઘણી વખતે જોલાબ લખી આપેછે. એવી ચાલ ચલાવનારાઓએ ખરેખર શરમાવું જોઈએછે અને તેવો પોતાનાં નામીચા ધંધાને જેબ આપતા નથી તેથીં નાલાએક ઠડેછે.

હમેસાં ધેઆનમાં રાખવું કે જાંહાંસુધી ખરેખર જરૂર પડે તાંહાંસુધી જોલાબ લેવો ઈઆ આપવો નહી. જે સખસ વગર કારણે જોલાબ લે, ઈઆ આપે તે પોતાનાં તથા પારકાનાં બદનની તનદરોસતી ખરાબ કરેછે અને તેનો દોશ લેનાર ઈઆ આપનાર ઊપરજ લાગુ પડેછે.

વાંચનારી બેહેનો, તમારાં મા બાપોએ તમુને અંજાણપણાથી જોલાબ આપીને તમારી તનદરોશતી બીગાડી હોએતો તમો તમારાં બચાંની તનદરોશતી આ ઊપલા વીચારો વાંચીને સંભાલવાની હમેસાં તજવીજ કરજો અને વારેઘડીએ જોલાબ આપીઆથી બદનને સાફ કરી નાખેછે અને દરદ પેદા થવા દેતું નથી એવો ખોટો વીચાર મનમાંહેથી કાહાડી નાખજો. ઊપર સમજાવીઆ મુજબ અણઘટતો જોલાબ દરદને અટકાવીઆને બદલે દરદોને આગલ બોલાવેછે..

## ઈંગલંડમાં એક પારસણની મુસાફરીનો હેવાલ.

લખનાર

**એક પારસી બાનું.**

(જેણીએ સને ૧૮૬૨ માં મુસાફરી કીધી હતી.)

( સાંધણ ગઇ વેલાનુ. )

હમે મુંબાઈથી તા૦ ૨૭ મીની સવારના નીકલેલાં આઠ દાહાડે આરેબીઅન સી નામના દરીઆમાં થઈને એડન પોંહોંચીઆં તાંહાં કોલસા ભરી લેવા સટીમર ઉભી રેહેછે. એડન શેહેર ઘણુંજ ઉજડછે તથા તાપ પણ ઘણોજ પડેછે તેનાં સબબથી ઝાડ તથા જનાવરોની ઉતંપતી નહી મલે. તાંહાંના રેહેવાસીનો ખોરાક પાસેનાં ટાપુ તથા ગામમાંથી પોંહોંચતો થાએછે તથા પારસીઓનાં પોચખાનાં ને દુકાંનોછે જેમાનાં એક પારસીનાં પોંચખાનામાં હમે ઉતરીઆં, પારસીનાં બઈરાં છોકરાં પણ તેની સાથે તાંહાંજ રેહેછે, તેઓને અમે મલીઆં ને તેઓથી સાંભલીઉં કે તાંહાં નજદીક ૭૫ પારસી મરદો અને ૨૦ ઓરતોછે. એડનમાં ૧૨ કલાકનો ઉતારો કરી તાંહાંથી નીકલી પાંચ દાહાડે સાંજે 'સુએઝ' આવીઆં. હીઆંથી દરીઓ અટકેછે વાસતે અમો જઈ પોંહોંચીઆં એટલેજ સટીમરપરથી સઘલો સામન કાહાડી લીધો અને ઉતારૂઓ ઉતરી પડીઆં ને આગની ગાડીમાં સામન ગોઠવીઆ પછી સઘલા ઉતારૂઓ તેમાં બેસીને આઠ કલાકે 'કાએરો' આવીઆં. જાંહાં થોડા કલાકનો વીસામો કરીગો ને તાંહાંના ગામમાં ફરીઆં. "કાએરો" અસલી ગામછે. હીઆં ઘધેડા તથા ઉંટ ઘણા ખરા વપરાએછે; એ ઠેકાંણે વરસાદ ઘણોજ થોડો પડેછે, કદાચ વરસમાં એક ઈઆ બે વખત વરશે પણ તે વેલા ઘણાજ જોરથી પડેછે તે સબબથી છાપરાંપર નલીઆંને બદલે અગાસીઓ બાંધવામાં આવેછે. સુએઝથી કાએરો સુધીનો રસતો ઘણોજ ઉજડછે, ને કાંઈ નહી પણ રેતીનાં ઢગલાઓ જોવામાં આવેછે; એથી ઘણાંજ દુખદાએક પરીણાંમો ઉતપણ થાએછે અને એ રેતીનાં રાનમાં ઉનહાલાનાં પવનથી એટલી રેતી ઉડેછે કે આંખોમાં જખમ થાએછે. 'કાએરો' થી આઠ કલાકે 'એલેકઝેનદરીઆ' માં આવીઆં. હીઆંથી ઈજીપત શેહેર ખલાસ થઈઉં. તરણ સટીમર હીઆંથી જાએછે. એક તરીઅસતને મારગે, તે ઈટલી તથા ફરાંસ થઈને જાએછે; બીજી મારસેલસને મારગે તે ખાલી ફરાસ થઈને જાએછે; અને તરીજી સાઉધંપટનને મારગે—તે એકદમ ઈંગલંડનાં કીનારાપર લઈ જાએછે; એ છેલલે રસતે હમે ઈંગલંડ ગએઆં હતાં. એ રસતો બધાથી લાબોછે—અમે એલેકઝેનદરીઆથી ચાર દાહાડે માલટા પોહોચીઆં. તાંહાંથી મોહોટી રાતેજ કોલસો લેઈ આગલ ચાલીઆં અને ચાર દીવશે 'જીબરાલતર' આવીઆં, કે જેનો દુરનો દેખાવ ઘણોજ રલીઆંમણો અને સારોછે. તથા એક મોહોટો અસલી પાહાડછે. જાંહાં ગએઆં તાંહાં દારૂખાંનું ઘણું મજમછે. 'જીબરલતર' નો હાલનો ગવરનર સર ઉલીઅમ કારડીટનની સાથે હમારા પીઆરા બાવાને પીછાણ હતી વાસતે તે હમોને તથા હમારા બાવાજીને જોઈને ઘણો ખુશી થએઓ અને હમોને પોતાની લેડીની સાથે મુલાકાત કરાવી આપી. સપેનનાં શાહજાદીને લેવા જવાનું હતું તેથી હમોને એણે પોતાની મદદ તથા છોકરીઓ સાથે રાખીઆં કે જેઓએ હમારી ઘણી મેહેરબાનુ રીતે માવજત કરી હતી. સપેનનાં સાહજાદાને પલટણનું માન આપીઉં તે જોવાને હમે તાંહાંથી ગએઆ. અહીં પણ સર ઉલીઅમ કારડીગટને હમારી ઘણી માવજત કરી હતી. જીબરાલટર તરફથી નીકલી હમો સાઉધંપટન આવી પોંહોંચીઆં. એ દીવસ આપણી માહા રાણી વીકટોરીઆની વરસગાઠનો હતો પણ એનાં માએઆઈ ધણીનાં મરણને લીધે આ વરસ કાંઈ જાવજલાલી હતી

મીનીસોટા ખાતે પણ મુકેલોછે. તે તરફ હમણાંજ થોડું થએઉં એક વર્ણુંજ મોટું તોફાંણુ થએઉં હતું જેથી એક ઠેકાંણેથી તાર તુટી ગએઓ અને તે તણાઈને સાહાડ ફુટ લાંબો થએલો માલમ પડીઓ હતો. તોફાંન બંધ થવા પછી ઓગણીસ કલાકે તાર દરૂસત કરનારે આવી, તપાસવા માટે તે હાથમાં લીધો. જોકે વીજલી પેદા કરવાની બાટેરીથી તે છુટો પહેલો હતો તોબી પેલા ધણીને તે તાર પકડવાથી એક ઘણોજ મોટો આંચકો લાગો હતો કેમકે તે તારમાં તોફાંનની વીજલીની અસર બારે થઈ હતી. સાહાડ ફુટ લાંબો થઈ જવાનું કારણ એવું ધારેછે કે ખુબ વીજલીનો સમાવ થવાથી તાર આલશ જેવો ગરમ થઈ અને પછે પવનને જપારે જપારે એંચાઈ લાંબો થએઓ હશે.

---

જારે ઠેમીશ ટોકલીશ રાજપાટને મારે આનડરોસ પાસે ઉછીકાં નાંણાં માંગવા ગીઓ તારે તે બોલીઓ કે "હું મારી સાથે આ કાંમ કરવાને બે રાખશશો લાવેલો છેઉં, એકતો બલ અથવા કુવત અને બીજોતો મન મનાવનાર." પેલાએ જવાબ દીધો કે "હમારી પાસે બે એથી જોરાવરછે, એકતો અશકીઅતા ઈઆને નહી બની શકે એવું અને બીજોતો ખુટ અથવા તંગી."


## રમુજે ફુરસત.

૧ લું—કહો વસતુ કોણ હું, પેહેડી દગલા દસ વીસ,
ધુર મરોડાં મધે ઉગી, રહુછ પેહલા નજીસ.
જમીનમાથી બાહાર આવી, આઉંછ તમને કાંમ,
ઉપીઓગ મારો મોટો, પણ થોડુંજ મારૂં દાંમ.
બાત બાતની રસોઈમાં, બાગ લઉછું પેહેલ,
સુતરી વાણી સણગારી, સવાદ આપુંછ સેહેલ.
છે કેહેવત એવી ખરી એક, કે બોદે તે પડે,
તેમ કાપે મને જેબી કોઈ, તે પોતે મને રડે.

૨ જું—આકાશ મધેનાં કીઆ ગોલાને સરવે લોકમાં ફરી હાંક મારેછે?

૩ જું—એક જાતનો અનાજ જે પકવાન અને પુરાટીમાં પરબેઆતછે તેના બોલોને ઉલટાવી નાખોતો તેની એક અમુલીઅ દવા બનેછે જે વગર, પરાંણી માતરને ચાલતું નથી અને તે વગર ખરચે મલી શકેછે, પણ વારંવાર ગરીબ કરતાં તવંગરો તેની અછત વીશે ફરીઆદ ઉઠાવતા માલમ પડેછે. ઘણીવાર એક બાદશાહ કરતાં ફકીર ઈઆ ચીશકોનને તે જલદી મલી શકેચ તે શું હશે તે કહો.

૪ થું—



આ ચીતારની ચારે બાજુએ જે લીટી દારેલીછે તેને વાંચનારે દેવાલ સમજવી. એ દેવાલની વચે ક, ખ, ગ, નામના તરણ ઘર બાંધેલાંછે અને એ તરણે ઘરની સાંમણે ક, ગ, ખ, નીસાંનવાલા તરણ નલછે. હવે એ દરએક નલમાંથી ઉપલાં જુદાં જુદાં તરણ ઘરમાં પાંણી પોહોચાડવુંછે, તે હુવી બોલીયા કે પાંણીને માટે જે નીક જમીનમાં ખોદવામાં આવે તે એકકની ઉપરથી પસાર થાએ નહી તથા દેવાલની પણ બાહેર નહી જાએ. પાંણી ક નલમાંથી ક ઘરમાં, ખ નલમાંથી ખ ઘરમાં, અને ગ નલમાંથી ગ ઘરમાં મોકલવું. વાંચનાર વીચારો કે કેહેવી રીતે નીખોને વલાંણ આપીઆથી તે એકકની ઉપર આવીઆ સીવાએ મુકરર કીધેલે ઠેકાંણે જશે?

---

## ખોલાસો ગઈ વેલાનો.

| | |
|---|---|
| ૧ લું—ખલુન. | ૩ જું—ઝાળઝાળ (મલમલ) |
| ૨ જું—૮૪. | ૪ થું—તાલું કુંચી. |

## ઊપદેશનાં પદ.

"કુબજા શું તપ કીધુંરે ઓધાજી એવું" એ રાગછે.

ચેતતો ચેતાવું તનેરે, પામર પ્રાણી—ટેક.

સજી ઘરબાર સારૂં, મિથ્યા કહેછે મારૂં મારૂં;
તેમા નથી કશું તારૂંરે, પામર પ્રાણી. ૧.
તારે હાથે વવરાશે, તેટલુંજ તારૂં થાશે;
બીજુંતો બીજાને જાશેરે, પામર પ્રાણી; ૨.
માખીઓએ મધ કીધું, ન ખાધું ન દાન દીધું;
લુટનારે લુટી લીધુંરે, પામર પ્રાણી. ૩.
ખંખેરીને હાથ ખાલી, ઓચિતાનું જવું ચાલી;
કરે માથાકુટ ઠાલીરે, પામર પ્રાણી. ૪.
સાહુકારીમાં સવાયો, લખોપતિ તું લખાયો;
કેહ સાચું શું કમાયોરે, પામર પ્રાણી. ૫.
આવે તારે સાથે એવો, કમાયો તું માલ કેવો,
અવેજ તપાશ તેવોરે, પામર પ્રાણી. ૬.
દેવે નરતનુ[૧] દીધી, તેંતો ન કીમત કીધી;
મણી સાટે મેશર લીધીરે, પામર પ્રાણી. ૭.
ખોળામાથી ધન ખોયું, ધુળથી કપાળ ધોયું,
જાણપણું તારૂં જોયુંરે, પામર પ્રાણી. ૮.
હજી હાથમાંછે બાજી, કર તું પ્રભુને રાજી,
તારી મૂડી થશે તાજીરે, પામર પ્રાણી. ૯.
હાથમાથી બાજી જશે, પછીથી પસ્તાવો થાશે,
કશું ન કરી શકાશેરે, પામર પ્રાણી. ૧૦.
મનનો વિચાર તારો, મનમાં રહી જનારો;
વળતો ન આવે વારોરે, પામર પ્રાણી. ૧૧.
નિસર્યા[૨] જ્યાં શરીરથી, પછી તું માલેક નથી;
દલપતે દીધું કથી[૩]રે, પામર પ્રાણી. ૧૨.

---

૧ શરીર ૨ કાન્જા. ૩ કહી દીધું.

# સ્ત્રીબોધ

પુસ્તક ૧૦ મું. મેએ ૧૮૬૬ આંક ૫ મો.


## કરણી તેવી પાર ઉતરણી,

અથવા

## બદી—રેહ છુપી કદી?

---

કેકાઉસ.... ખોસતાન શેહેરનો શાહ

ફીરોજ .... કેકાઊસનો ભતરીજો અને મરનાર શાહ ફરામરોજનો બેટો.

માહાલન .. કેકાઊસનો વજીર.

નોદર .. .. પાલનનો છોકરો.

ગુલબાનુ .. ખોસતાનની રાંણી અને ફીરોજની મા.

મેહેરબાનુ .. પાલનની છોકરી

તુસ ...... એક અમલદાર

હોશંગ .... ફીરોજનો દોસત

સીપાઈઓ, સરદારો, ચાકરો, ઈતીઆદી

તથા એક ભુત (ખોસતાન શેહેરના મરણ પામેલા શાહ ફરાં મરોજનો દેખાવ)

---

### ખોસતાન શેહેરનો મોરચો.

જેહાં એક સીપાઇ રાતે પોહરો ભરતો દેખાએછે.

સીપાઈ—(મનમાં) બારનો અમલ થઇ ગએઓ; હી કડખી બારે પહેઉ; રાતનો સીહા પરદો કેહવો દરાંમણો દેખાએછ! રખેને વલી પેલો ગઈ રાતનો ભયંકર દેખાવ આજેબી પાછો દેખાએ!

(એવામાં હોશંગ તથા તુસ સાંમા આવતા દેખાએછે.)

સીપાઈ—એ સાંમુ કોણ આવેછે! બોલ જવાબ દે.

હોશંગ—તારો દોસત અને સાથી—હું હોશંગ.

તુસ—(તારા જેવો રાતનો ધુસ) હું તુસ.

સીપાઈ—ભાઈઓ ઠીક થએઉં તમો આવેઆતો—અતરે હું ધાસતીથી સુકાઇ જાઉછું—પેલી બીના વીશે મારો દગદગો વધતો જાએછે.

તુસ—તેજ બાબદસર ખાતરી કરી વીચાર કરવા હમો આવેઆ છઇએ. વલી તે વીશે હોશંગતો બીલકુલ માંનતો નથી, અને કેહેછે કે એતો ખાલી વેહેમ અથવા સપનો હશે.

સીપાઈ—તો ઠીક, તેનો આવવાનો વખતબી નજદીક આવતો જાએછે, હોશંગનેબી બતાવીને એની ખાતર જમા કરી નાખીએ.

હોશંગ—શું, પણ મને બરોબર સમજણ પડતી નથી.

સીપાઈ—ગઈ રાતરે હું પોહરા ઉપર હતો, તેઆરે બાર ઉપર એકનો સુમાર થએલો હતો તેવામાં હમારી પાશેથી અચીંતું કોઇ ચુપચુપ ચાલી ગએઉં અને તેને હમો બોલાવીએછ એટલામાં તે થોડાં પગલાં આગલ ચાલી ગુમ થઈ ગએઉં.

(તેવામાં એક ભુત † આવતો દેખાએછે.)

તુસ—ચુપ! ચુપ! અરે જુઓ પેલો સાંમે આવેછે કોઈ ગભરાતુના!

સીપાઈ—અરે જુઓ! જેવો લેબાસ આપણો મરનાર શાહ પેહેરતો હતો, તેવાજ લેબાસમાં તે દીસેછે!

તુસ—હોશંગ, તું બોલકણોછે, તું જરા એને બોલાવ. જો જાંણે આબેહુબ આપણો મરનાર શાહ હોએ તેવો નથી દીસતો? જોઇએ વારૂ જરા એને બોલાવી જો એ કાંઈ જવાબ આપશે.

હોશંગ—કોણછે રે તુ, કોણ અતરે આવી ઉભેછ?
આ સીહા ગતના વખતામા રખડી કોણ રમેછ?
વલી અંગ ઉપર નાખીઓછે રગદાર લેબાસ.
જે મરનાર હમારો શાહ, પેહેરતો હતો ખાશ.
મરિ થોભ! અરે થોભ! શા માટે તું ભાગેછ?
ઉભો રહી કેહે, અતરે આવી શું માગેછ?

(એટલામાં ભુત થોડાં કદમ આગલ ચાલીનાબુદ થઇ જાએછે)

---

† આ ખેલ નામીચા કવેસર શેકસપીઅરના "હેમલેટ" નાંમનાં ખેલ ઉપરથી રચેલોછે જે મધે એક ભુતનો દેખાવ આપેલોછે—એટલે એક મરનાર શાહ પોતાના ખુનીને ખોલેલો પાડવાનો તથા તેની ઉપર કીનો લેવાનો હવાલો આપવાને પોતાના પુતરની મુલાકાત લેવા ભટકતો ફરેછે નાટકનાં નખતા ઉપર રેજુજ આ પવાને ઉપલા કવેસરે ભુતનાં અવતારથી એક બેશાડી દાખલ કીધાછે, તેથી આ ખેલની મતલબ તથા તોડ જોડ બરોબર સમજણ પાડવાને અતરે પણ તેમજ કરવું પડીઉછે. પણ આ ઉપરથી વાચનાર બાઇઓએ એમ નહી સમજવું કે ભુત પલીતની હસતી વીશે આ ખેલ સાબેતી આપેછે. શેકસપીઅરનાં ઘણાખરા ખેલ જુના અસલી કેહેવત, કથા, તથા કાહાંનીઓ ઉપરથી રચેલા છે, માટે તે મધેની સઘલી બીનાં ખરે તેવી અથવા ખરીછે એવું માનવાનુ કાંઈજ કારણ નથી.

તુસ—કેમ ભાઈ, હોશંગ, હવે ખાતરી તારી થઈ! જોઉં કેહેની હવે કે એબી માતર વેહેમછે? એટલા થોડા બોલો બોલતાંબી તું કેહેવો ધ્રુજીઓ.

હોશંગ—હા ભાઈ, ખાતરીતો મારી પુરેપુરી થઈ, પણ હીંમતતો મારી એટલું કેહવાની પણ ચાલી નહી. આતો આબેહુબ આપણા મરનાર શાહનીજ સીકલ દેખાએછે, જાણે લડાઈમાથી તુરતનો આવેલો હોએ તેમ ગંભીરાઈથી ભવાં મહડાવતો વીચારમાં હોએ તેમ દીસેછે.

તુસ—એજ પરમાંણે મેં અતરે બીજીવાર આવેલો જોએઓ.

હોશંગ—આ ભમતો દેખાવ જોઈ મારાતો મનમાં તરેહ તરેહના વીચારો ભમતા ફરેછે. પણ નીસચે જાંણું જે આપણાં રાજમાં કાંઈ પણ મોટો સડો પડેઓ હશે, તે શીવાએ એવું કાઈ બને નહી, અને આપણો મરનાર નેક શાહ એ પરમાંણે ઘોરમાંથી પાછો ઉઠી રાતરે ભટકતો ફરે નહી.

તુસ—હું ધારૂંછ કે તારી કલપનાં ખરી હશે, પણ મને કાઈ સમજણ પડતી નથી કે આપણાં શેહેર મધે કીલલાઓ મજબુત કરવાનું, તોપો ગારવાનું, અને લડાઈનાં સઘલાં હથીઆરો તઈઆર કરાવવાનું કાંમ જે ધામધુમથી રાત અને દાહાડો ચાલેછે તેનું કારણ શું હશે.

હોશંગ—હા, એ વીશે મને જે ખબર પડીછ, તે હું તુને કહુંછું. આપણો મરનાર શાહ, જેનો આકાર હમણાંજ આપણે જોએઓ, તે મોટો લડાએક અને સુરો હતો. એક વેલા અફગાનીસથાનના શાહની સાથ લડાઈ કરતા તેની સાથ લખત કરી એવી સરત કરવામાં આવી હતી કે જે ધણી લડાઈમા મારેઓ જાએ તેની ચોકસ માલ મીલકત, જમીન. પઈસો ઈતીઆદી, પેલા જીહીતનારનાં તાબામા જાએ. હવે ઉપલી લડાઈમાં શારાં ભાએગે આપણો શાહ ફતેહ પાંમીઓ, અને સાંમા વાલો મારીઓ ગઓ, તેથી ઠરાવ પરમાંણે પેલી મીલકત આપણા શાહને સવાધીન થઈ. પણ આપણા શાહનાં મરણ પછી પેલા અફગાન શાહનાં છોકરાએ પોતાનાં બાપની ખોહેલી મીલકતનો દાવો ઉઠાવીઓછે અને આપણાં શેહેર ઉપર હુમલો કરવાની તઈઆરી કરવા માંડીછે માટે આપણ અતરે રાત અને દીવસ ધાંમધુમથી લડાઈની તઈઆરી કરવાનું કાંમ થતું જોઈએછે, અને તેટલાજ માટે અતરે પણ ચોકી પોહોરા થાએછે.

તુસ—માટેજ આ મરનાર શાહ બેચેન થઈ ફરીઆ કરતો હશે, કેમ વારૂં?

(એવામાં ભુત પાછો આવતો દેખાએછે.)

હોશંગ—જુઓ વલી તે પાછો આવેછે. હવેતો ગમે તે બને હુંતો બેધડક એની સાંમે થાઉછું—પોબ, રે ઠગારા દેખાવ પોખ, તારા કંઠમાં કાંઈ પણ અવાજની શકતી હોએતો બોલ અને મારી સાથ વાત કર. તારા મનમાં કાંઈબી દગદગો ભરાએલો હોએતો બેલાશક બાહેર કાહાડ, જેથી તારૂં કે હમારૂં કાંઈ પણ કલેઆંણ થાએ. પણ અગર તારી જીંદગીની વેલા તેં કાંઈ ધન દાટીઉં હોએ અને તેની પાછલ હાલ તું ભમતો હોએતો તેમ કેહે. હમો તુને છેડીએ નહી કારણ તે મલીઆ વીના તમો ભમતાઓ કદી પણ ઠાર પડો નહી, એમ હમો જાંણીએછે.

(એવામાં મરઘો વાસતો જંભલાએછે.)

તુસ—અરે, વલી એતો પાછો ચાલવા માંડીઓ! આ ડીંગોલું એનાં માથાંમાં મારૂં?

હોશંગ—જો, ઉભો રહી આપણ સાભલે નહીતો માર બેધડક.

તુસ—અરે, તેતો નાઠો! પેશ રહેઓ! ગેપ થઈ ગએઓ! પણ ભાઈ તું જાણેછ આપણે ઘણું ખોટું કરીએ છે, આપણા નેક મરનાર શાહને એ પરમાંણે મોટુ અપમાન આપીએછે એટલુંજ નહી, પણ જંગલી પણે તેની ઉપર હુમલો પણ કરવા જઈએછે. વલી એતો માતર ખાલી ખોખું અથવા હવાઈ દેખાવછે, જે એણીગમથી પેલીગમ કુદતો ફરે.

હોશંગ—જેમ એક અપરાધી પોતાનુ ઘાતકી કરમ છુપાવવા સતાવાલાઓથી ભરાતો ફરે તેમ ભુત, પલીત જેવા દરામણા દેખાવો મરઘાનો વાસતો અવાજ સાંભલી ભરાતા ફરી નાબુદ થઈ જાએછે.

તુસ—હા, હા, મરઘાની કેહેવી ખુબી! પેશ બોલવાની તઈઆરી કરતો હતો તેવામાં મરઘો વાસીઓ એટલે ચાલવા માંડીઓ. સું આ નાનાં પરાણીમાં ઈસવરે ગની આન બખશીઉંછે! બડી બામદાદમાં આલશુ બીછાંનુ છોડી દેવાને મનુશજાતને પોતાના હલકથી ચેતવણી આપેછે એટલુંજ નહી પણ રાતના ડરાંમણાં વખતમાં ભમતા દેવદેવસતાન તથા ભુત પલીતને નસાડી મુકી મનુશ જાતને સલામતીની ખાતરી કરી આપેછે.

હોશંગ—આફતાબ ઉંધાડે આંખ—માહતાબ મારે જોંપ.
દીવસનો ઉંઘડે પરદો—રાત મગડે બારડો.
જજુખવું આપે દોડી—આકાશનો પરડો ફોડી.
સુવાગ પડી પણોતી—દવ ટીપા દીસે મોતી.
ચાલો આપણ જઈએ, ફીરોજને વાત કહીએ,
કે મરહુમ તારો બાપ—મલીઓ હમને આપ.
ગમગીનીમા પુર—દીઠો હમે દુર.

તુસ—હા ચાલો આપણ જઈએ—કહીએ તેને દાસતાન.
આ ખીનાથી બીચારો તે—છે બીલકુલ અણજાન.
(જતા રેહેછે.)

---

## પરકરણ ૨ જું.

## શાહ કેકાઊસ—ગુલબાનુ—ફીરોજ ઈતીઆદી.

ઉપલાં પરકરણ મધે ભુતને લગતું દાસતાન દાખલ કીધેલું જોઈ વાંચનાર બાંનુઓને અચંબો લાગશે એમાં થક નહી. આ ભુત ખોસતાન શેહેરનાં મરણ પાંમેલા શાહ ફરાંમરોજનો દેખાવછે. ફરાંમરોજ એક નેક, દાનાવ અને સુરો સાહ હતો. તેનાં રાજમાં સઘલી પરજા સુખેહ, સંતોશ અને સલામતી ભોગવતી હતી. માહેલા ગુણો સીવાએ બાહેરનાં દેખાવમાં પણ તે હરીફાઈ વગરનો હતો—તેનાં અંગનો બાંધો અને મોહની ખુબસુરતી ઉપર જાણે પરીઓ પણ મનમાં અદેખાઈ કરતી હતી; તેઆરે તેની રાંણી ગુલબાનુ તેને કેહવી ચાહતી હશે! ગુલબાનું ફરાંમરોજ ઉપર સદા ફીદા હતી, તેમજ ફરાંમરોજ ગુલબાનુને પોતાનાં જાંન કરતાં વધારે ચાહતો હતો.' શાહ ફરાંમરોજ

અને તેની રાંણી વચેનો પેઆર શેહેર મધે સરવેને સારી
રીતે મશહુર હતો, અને લોકો સાફ કબુલ કરતાં કે પુરૂથવી
ઉપર વધારે મમતા ભરેલું જોડું તેઓ શીવાએ બીજું મ
લી શકનાર નથી, વલી તેઓ ધારતાં કે તેઓ મધેથી એકને
ખોદા ન કરેને કદી કજા બનીતો બીજાંથી જીવતું રેહવાઇ
શકનાર નથી. એવો પેઆર તેઓ અરસ પરસ દેખાડતાં હતાં.
હવે જુઓ નેક વાચનાર, ધીરજથી જુઓ, મોહબત
અને પેઆર કેહવી સાબેત થાએછે !
ફરાંમરોજ મરણ પાંમેઓ (સાથી તે તમોને હલવે ર
હી માલમ પડશે). તેનાં મરણને બે માસ થએઆ નહી,
એટલામાં ગુલબાનુએ પોતાના ભરથારના ભાઈ કેકાઉસની
સાથ પોતાના લગન કીધાં આ બીના જોઈ સરવે રઇએત
આસ્ચરીઅ પાંમી ડંગ થઈ ગઈ, અને ધારીઆ કરતાં ઉલ
ટુંજ બનેલુ જોઈ સરવે મોહ મધે ભારે ચકચાર ફેલાઈ. તે
મરનારનો બેટો ફીરોજ, જે પોતાનાં પીતાના મરણથી ભારે
ગમગીનીમાં હતો, તે આ વીચીતર બનાવથી એટલોતો બે
ચેન થએઓ કે ગમમાં ને ગમમાં તેનુ મગજ ખીસી જવા
લાગું. રાત અને દીવસ, ચાલનાં ને હાલતાં, તેને પોતાનો
બાપ ઈઆદ આવતો, અને તેની માની અંદર એટલો ફેરફા
ર કેમ થએઓ તે વીશે વીચાર લંબાવતો, પણ કાંઈ સાર
હાતમાં આવતો નહી, તેથી તે બેચેન દીલથી વેહેમના દરી-
આવમાં હોલા ખાતો રહેઓ હતો. પંણ શેવટે એક સાર
તેને હાત લાગો જેથી તે વેહેમનો સંમુદર ઓલંગી સચાઈ
મેલવી શકીઓ.

(ફીરોજ દલગીરીમાં એખલો બેઠોછે તે
વામાં કેકાઉસ તથા ગુલબાનુ આવેછે)

કેકાઉસ—અફશોસ, મારો પેઆરો ભાઈ રાજપાટ છો
ડી પોતાની કીરતીની ભરતીમાં તણાંઈ ગએઓ ! તેતો બેહેસ
તમાં પોતાની મોટાઇ બરોબરનુ મુકામ લઈ બેઠો હશે; અ
ને આપણ સરવતો રડતી આંખે અને ઘાહેલ દીલે તેની
પાછલ શોગ કરતાં બેઠાં છઈએ. પણ બનીક તે બનીઉ, લા
બો વાર શોગ કીધાનો શો ફાએદો !— તેની મધુર ઈઆદદા
સ આપણાં દીલમાં તાજી રાખીએ એટલે બસછે. હવે તે
ણે છોડી દીવેલી રાજની લગામ મારા પોતાના હાતમા લ
ઈ રાજ કારબાર સમાધાનીથી ચલાવવાની મારી ફરજ ગણુ
છું. તે શીવાએ મારા મરનાર ભાઈની રાણી જે રંડાપામા
રડતી બેઠીછે, તેણીને સામવી લેવાની મારી અઈન ફર
જછે, માંટે તેણીને મારી પોતીકી કરી ગણુછું, એટલુંજ નહી
પણ નેકાના નેક ગાંઠથી મારા દીલની સંગાત તેણીને બાં
ધુછું. એ પરમાંણે સરદારો તથા ઉમરાઓ તમો જોશો કે
આપણે શોગ અને દલગીરી એક તરાજવામાં, અને ખુશા
લી તથા શાહદી રામશની બીજાં તરાજવામાં મુકી સમ
તોલ કીધીછે—એટલે સલાહ સંપજ અને સમાધાની રાખ
વાની મુરાદ રાખીછે.
કેમ વજીર, સરદારો અને ઉમરાઓ, આ મારી રીત
અને મતલબ તમને કેહવી લાગેછે ?
સરવેજણ—ઘણીજ નેક, વાજબી અને દયાથી ભ
રપુર; એમાં કોઇજ શક નહી.
કેકાઉસ—કેમ, પેઆરા ભતરીજા અને વાહલા પુત,
ફીરોજ, તારી કેહવી ખબર, તારો કેહવો વીચાર ?

ફીરોજ—(મોહ ફેરવી) ખબર ખાટલે, ને વીચાર વા
પર વલી નકટે નાખે વીચાર પુછેછ.
કેકાઉસ—હજુર તારા સર ઉપર સીહા વાદલ કેમ ઘે
રાઈ રહીઉછે ?
ફીરોજ—સાહેબ, માતર સરપર નહી, પણ મારા
પીતાના ઘરપર કપટનાં અજબ વાદલાંનો ભારે ગજબ વર
સી રહેઓછે જેથી આ દીલ પણ આખું તરબોર થઈ ગયુંછે.
ગુલબાનુ—(ફીરોજને) માના પુત અને આખના તેજ,
તારાં નેનની સામણેનો કાલો પરદો કાહડી નાંખી સવછ
આખે આ દેશની ઉપર એક દોસત તરીકે જો; અને આં
ખે અંધારી બાધી તારા મરણ પામેલા બાપને મટીમાંથી
શોધી કાહાડવાનાં ફોકટ ફાંફાં ના માર, તું જાણેછ એતો
સાધારણછે અને બચું પણ સમજેછે કે સરવ માંણસને મ
રવુંછે; મોહોત સીવાએ કોઈનો છુટકો નથી માંટે શું
આપણા રડવા બરવાથી તે કાંઈ પાછો જીવતો થનારછે ?
ફીરોજ—હા ! નેક માં, હવે તે કાહથી પાછો આ
વે ! વલી તુ કેહેછે તે ખરૂં. એતો સાધારણું દીસેછે.
ગુલબાનુ—તેઆરે તુંને એટલું અસાધારણ જેવું
કેમ દીસેછે ?
ફીરોજ—મેહેરબાન મા, નહી, મને માતર અસા
ધારણ દીસેછે એમ નથી, એ ખરેખરૂ અસાધારણછે, એમ
મને લાગેછે, એમ હું સારી રીતે સમજુછું. વલી આ
ગમગીનીનો કાલો પોશાગ, આ મોહ મધેનો દુખીઆરો દ
મ, આ આંખોમાંથી વેહેતી નદી, આ ફીકો ચેહેરો, આ
વાંકા સલુક અને વાંકો સવભાવ, મારી દલગીરીનો ખરેખ
રો આકાર અને ખરેખરો રંગ બતાવેછે એમ નથી. એ
સઘલુંતો મારી દલગીરી માતર બાહેરથી બતાવેછે, પણ અંદ
રખાનેથી આ દીલપર કેહવા ડાહમ પડેલાછે, તેની માતર
સેજ અસર તમોને દેખાતી હશે.
કેકાઉસ—ફીરોજ, આ પરમાંણે તારા મરનાર બાપ
ની ઈઆદદાસને માટે તું જે શોગ રાખેછે તેમા જાંણે તા
રી ફરજ બજાવેછે એમ તું ગણેછે, અને તેમ હું પણ માનું
છું—છોકરાંને માબાપ કરતાં આ પુરૂથવીની કેઈ પેદાએ
શ વધારે વાહલી છે ? પણ તું જાંણેછ તારા મરનાર બાપે
પણ પોતાનો બાપ ખોએઓછે, વલી તે મરનાર બાપના બાપે
બી તેજ પરમાંણે પોતાનો બાપ ખોએઓછે, માટે તુંજ તેઓ
નુ જીવનું ફરજંદ તારા વડાવાઓને માટે થોડી મુદત શુ
ધી શોગ રાખે એ બરહકછે. પણ એ પરમાંણે આંખ વી
ચી, જતુક શોગ જારી રાખવો એ બેહુદી રીતછે, એ અ
ધરમી હટીલાઈછે, એ કમ અકલનું કાંમછે, એ હલકું હીચ
કારાપણુંછે; છીહ, એટલુંજ નહી, તે ઈશવરને હીણું લગા
ડેઆ બરોબરછે; તે મુઆંને, મોટું અપમાંન આપીઆ સ
રખુંછે: માટે હવે સમજુ થઈ તારી દેલગીરી કાહડી નાખ
અને જમીનમાં ડાટી મટોડું વાલ, અને માબાપ તરીકે હ
મો તરફ જો—ગુલબાનું શું તારી પોતાની મા નહી ? અ
ને એમ છેતો સમજ કે હું પોતે તારો બાપ નહી ?
વલી વાહલા ફીરોજ, હું તારેથી જુદાઈ રાખુંછ એમ
તારાં મનમાં સમજતો ના; તું મારોજ પુતરછે; આ રાજ
અને તાજનો મારો વારસ વકીલ તું પોતેછે, એમ સત ધ
રમે સઘલાં ખાશોઆમની હજુર હું કબુલ કરૂંછું, અને તે

વીશે તારી ખાતરી કરૂંછું. માટે કેલવણીને બાહાંને હમારી આગલથી છટકી જઈ તું ઈરાક નામના દુર દેશમાં જવા માંગેછે તે હમને પસંદ પડતું નથી; એમ કરવાની તારી કાંઈબી જરૂર હમો જોતા નથી; તેથી હું વીનંતી કરી કહુંછું કે હમારી આંખ આગલ રહી મારો ભતરીજો, મારો પુતર, મારો મુખીઅ મસલતીઓ અને ઉમરાવ થા.

ગુલબાનુ—તારી માનીબીવીનંતી સાંભલી લે, ફીરોજ—ખોદાને વાસતે ઈરાક શેહેર તરફ જવાનું માંડી વાલ અને મારાં હઈડાં હેઠલ રેહે.

ફીરોજ—તમારી મરજીને તાબે થઈ મારો વીચાર ફેરવુંછું.

ફેકાફસ—વા, કેહવો વાજબી અને હેત ભરેલો જવાબ! હમારી સાથેજ અતરે તું રેહે એટલે હમુને મોટું હેશાન થાશે—ચાલો ગુલબાનુ, ફીરોજે આપણી મરજીને આબરૂ આપેલી જોઈ મારાં દીલમાં ભારે આનંદ ઉપજેછે, આજ રોજે આખું શેહેર ખુશાલીથી સલાંમતીઓ લેશે અને આપણાં મોજ મજાનાં પોકારથી આસમાન ગાજી રેહેશે. ચાલો આપણ જઈએ.

(ફીરોજ શીવાએ સરવે જણ જતા રેહેછે.)

ફીરોજ—દુનીયાં, ફાંની દુનીયાં—દુનીયાં અરે બેરંગ!
કાલા, ધોરા કેહવા, દીસે તારા રંગ!
કાયા, માયા, આયા, સાત સરવ સગાઈ,
છે સોગ, ઢોંગ ધતુરા, ઠઠા, ઠાલી ઠગાઈ.
કકરની આ કાયા—મટીનું આ માશ,
પીગલી સુકાઈને, થઈ જા તુ નાશ.
પ્રાંણઘાત કરવા, પરવા પણ ન કર;
મરવા થકી મનમાં, શા માટે ફીકર ડર.
પણ હા! દેહેશત એક, કીરતારની લાગેછ લગાર;
—આપઘાત ન આપે, આકાશનો કદી ઠાર.

અરે છીહ! તખપમાં કેહવી તણાંઈછે તું!
મા, બીરદય કેહવી, સાબેત થાઈછે તું!
પ્રીય મારો બાપ—ભરતાર તારો નેક,
ભલી ભારી બોરી, ભુલી ગઈ કેમ છેક?
વા, કેહવા તારાં કોતક, કેહવી તારી રીત!
માત્ર માસ એજમા, અરીયું તારૂ ચીત!
અરે, વીચાર પણ નથી, તુજમાં એટલા થોડા!
પગમાં તદન કોરા, છે હજુર તારા જોડા!
તસીયું વટીક ધસાયું, નથી રતી ભાર;
રંગ પણ જાંખો, થયો નથી જરા લગાર.
પણ ઢંગ અને રંગ, ફરીયા તારા કેહવા!
ફરૂર મારા કાકા સંગ, ગઈ તુ રેહવા!
લાજ વીના પરણાઈયા, તેની સાત લગન,
અફસોસ, આ દીલમાં, ઉઠે કેહવી અગન!
ઓરત જાતનું હાર્ડ, કેહવુ બેવફા!
મોહપર બોલે મીઠું, પીઠપર પાડે જફા.

(એવામા હોશંગ તથા તુસ અંદર આવતા દેખાએછે.)

હોશંગ—પેઆરા દોસત શાહ ફીરોજ, કેમ કેહવી તારી ખબર આજ રોજ!

ફીરોજ—હા, હા! જાની દોસત; તુને જોઈ મને ભારે આનંદ ઉપજેછે. પણ કેમ ભાઈ, ઈરાક મધેથી તને અંહીતુ આવવું કેમ પડીઉં?

હોશંગ—કાંઈ મનમાં એવોજ ફાંટો આવેઓ. તેથી તારી તરફ ઉતરી પડીઓ.

ફીરોજ—નહી, નહી, ફાંટો તારા જેવા ડાહાપણવાલા દોસતનાં મનમાં આવે! મજાક મુકી દઈ મેહેરબાની કરી કેહ તારૂં અતરે આવવું કેમ થઈઉં.

હોશંગ—તારા મરનાર બાપની કીરીઆ જોવા માંટે હું આવીઓછું.

ફીરોજ—ઈઆર, મેહેરબાની કરી મારી મસકરી નાં કર; હું ધારૂંછ મારા બાપની કીરીઆ જોવાતો નહી, પણ મારી માનાં લગન જોવાની મતલબથી તું આવેલોછે.

હોશંગ—ખરેખર! અરે તું શું બકેછ; એમ કેમ બને!

ફીરોજ—નહી કેમ, પેઆરા દોસત નહી કેમ? કુનીઆનાં ચાંરા તને હજુર નથી ખબર. મોહતની કીરીઆને માટે આવેલો સરસામણ લગનની કીરીઆમાં કાંમે આવેઓ—ગમગીનીનાં કારણ સર જે ગોસપંદનાં તુકડા આવેઆ હતા, તે મધેથી બચેલો ભાગ લગનની ટેબલ ઉપર પરીસવામાં આવેઓ; એ કાંઈ થોડું થઈઉં? એવો દુશટ દીવસ દીઠાની આગમજ હું મારા બાપની સંગાત જઈ બેસતતો કેવું શારૂં! હા! હા! તે મને કેવો નજર આવેછે!

હોશંગ—શું તે તને નજર પડેછે? કાંહ વારૂ?

ફીરોજ—આ મનમાં દોસત, આ મનમાં.

હોશંગ—મેં તેને છેલો વેલા જોઓ હતો તે વેલા કેવો દયા અને દમામમાં પુર દેખાતો હતો!

ફીરોજ—અરે તે પુરો શામાં ન હતો! હવે તેતાં નેક દીદારના દરશન કેહાં કરશ!—હવે તેને કેહાં જોવશ!!

હોશંગ—શાહેબ, હું ધારૂછ મેં તેને ગઈ રાતનાં જોયો હતો.

ફીરોજ—જોયો હતો! કોણને તેં જોયો હતો?

હોશંગ—સાહેબ, તારા બાપ શાહ ફરાંમરોજને.

ફીરોજ—(અજાએ થઈને) મારા બાપને તેં જોઓ! હા! હા! કેહવી વાત!

હોશંગ—તારી અજાએબી થંડી પાડી જરા ધીરજ ધરેતો સઘલી વાત તારી આગલ કરૂં, અને તેની સચાઈ વીશે, આપણો તુસ સાખશી આપી તારી ખાતરી કરશે.

ફીરોજ—ખોદાની ખાતર, મેહેરબાંની કરી જરા જલદી કેહ.

હોશંગ—શેહેરનાં મોરચા આગલ, રાતે પોહોરો ભરતા શીપાઈની નજરે તારો બાપ બે રાત ફરતો દેખાએઓ. આ વાત પેલા સીપાઈએ તુસની આગલ કીધી; તુસ પોતે મધ રાતે તેહાં જઈ પોતાની ખાતરી કરી આવીઓ. તે આરબાદ તુસે આવી મને કહેઉં, પણ મેં કાંઈ માનીઉં નહી; તેથી તે મારી ખાતરી કરવા તેહાં મને લઈ જઈ સાથે ઉભો રાખ્યોઓ. આશરે મધ રાતનાં બાર ઉપર એકનો અમલ થએઓ એટલે તારા મરનાર બાપનાં જેવો દેખાવ માથાંથી પગવેર લડાઈનો લેબાસ પેહેરી હથીઆરબંધ હમારી પહોચમાંથી ચાલી ગએઓ. પેહલ વેહલાં તેનો દેખાવ જોઈ હુંતો બીકથી સુકાઈને છોડાં જેવો થઈ ગએઓ.

ફીરોજ—વારૂં તેં કાંઈ તેને બોલાવેઓ હતો?

હોશંગ—સાહેબ, મેંતો તેને બોલાવેઓ પણ કાંઈ જ વાબ આપેઓ નહી. તોબી ડોકી ઉંચી કરી બોલવા જતો હોએ તેવું ડોલ કીધું, તેવામાં મરઘાનો વાસતો અવાજ આવેઓ એટલે જલદીથી ચાલતો થએઓ અને નરાવારમાં ગેપ થઈ ગએઓ.

ફીરોજ—કેહેવું અજબ જેવું! વારૂં એનો ચેહરો કેવો દેખાએઓ?

હોશંગ—ઘણોજ ફીકો, ગુસ્સાને બદલે ગમગીનીથી ઘેરાએલો.

ફીરોજ—અરે, હું પણ તમારી સાથ હતેતો કેહેવું સારૂં! પણ બધો મલી તે કેટલો વાર રહેઓ?

હોશંગ—એક માંણસ આસતે રહી સો ગણે તેટલો વાર.

તુસ—બલકે જરા હજુર વધારે.

ફીરોજ—વારૂં ઠીકછે, આજ રાત હુબી તમારી તરફ આઉં—ઘણું કરી તે આજ રાતેબી દેખાશે. અગર મારા બાપનું રૂપ લઈ તે આવેતો હું તેની સાથ બોલેઆ વીના રેહેનાર નથી. દેખાવ ગમે તેવો દરાંમણો બતાવી દેહેશત આપે, દેવ દરૂજનાં જેહવા ચારા કરી મોંહ મુખેથી જવાલામુખીનાં જેહવા બલતાં કાહાડે, પતાલ જડબાં ઉઘાડી મને ગલી જવા માંગે, તોબી એકવાર તેની સામે થઈ તેનાં દીલનો ભેદ જાણીઆ વીના છોડશ નહી પણ તમો જરા મેહેરબાંની કરી એટલું કરજો કે આ ખીનાં કોઈનાં કાનમાં પડે નહી.

હોશંગ—હમે હજુર કોઈને પણ જણાવીઉં નથી. હવે હમો તારી રજા લઈએછ.

(હોશંગ તથા તુસ જતા રેહેછે.)

ફીરોજ—મરનાર બાપનું રૂહ—કેહેવુ હશે શું!
ઘોર છોડી આવે—ખબર કેહેવી લાવે!
હથીઆર અંગ ફરે—ભેદ હશે ખરે!
કાંઈ પણ આડું—થયું હશે ભાડું;
પડશે હશે ગજબ—તેની ઉપર અજબ;
વખત ચેક વેહેલો—હુતો બનીયો ઘેલો;
જાઉં પીતા પાશ—જોઉં તેને ખાશ.

મધ રાતનો ઠેરવેલો વખત કેઆરે આવે તેની વાટ જોતો ફીરોજ બેઠો; દરએક કલાક એકકી સદી બરોબર લાંબો થતો તેનાં ચીંતાતુર મનને લાગો. રાત પડતાં તે ભારે બેચેન થતો ગએઓ; તરેહ તરેહનાં આડા અવડા વીચારો તેનાં મનમાં ભમવા લાગા; તાંણુ તોરથી અંતે મધરાત આવી તેથી ધડકતું હઈડુ લઈ ચાલતો થએઓ; વાટમાં થંડીતો એટલી કલકલતી પડતી હતી કે કોઈ માંણસ કે હેવાન પણ બાહાર ફડકતું ન હતું. અંતે પેલા પોહોરા ભરતા સીપાઈની ચોકી આગલ આવી પુગો, જેહાં હોશંગ તથા તુસ બંને જણ ફીરોજની રાહ જોતા ઉભા હતા ચંદરમાહની જાંહખી રોશનીથી તેઓ ભુતની રાહ જોવા લાગા; તીકી તીકી જોતાં તેઓની આંખ પણ તણાઈ આવી. અંતે બાર ઉપર એકનો સુમાર થએઓ એટલે હોશંગને પેલો ભુત દુરથી નજર પડેઓ.

હોશંગ—સમાલજો, સાહેબ જો, પેલો તે આવેછે!
(ભુત આસતે આસતે આવી તેઓની સાંમલે ઉભો રેહેછે)

ફીરોજ—(બુમ પાડીને) રે, કીરતાર, દયા કર તું—આની આ મુજને સાહાય!
ભુત, પલીત જેવું પેલું—સામુ ઉભું કોણ થાય!!
સ્વરગનો આગો સંદેશો—ઈબ્લીશ ખનો દુશ્ટદર,
લેતો આવે તારી સંગ—તોબી બુજુ તારી કદર;
મતલબ તારી હશે કેહેવી—ભલી, બુરી કે ઉદાર,
મોહ તારૂં બોલવા માટે—કેહેવુ દીસેછે તઈઆર!
પોકારી તેડું તને—કહુ શાહ, વાલી ને બાપ,
પુછુ તેનો ધીરજથી—ઉતર સાચો મને આપ;
કફન તારૂ છોડી—પથરની કબર તોડી,
નીકલે કેમ તું બાહર—આવે હીયા કેમ દોડી?
વીચીત્ર કેહેવુ આ! ચંદ્રનુ દરશણ કરવા,
હાડનું ખાલી ખોખું—મધ રાતે નીકલે ફરવા.
અંગમાં લેબાસ લડાઈનો—માથે પીછાની ટોપ,
બાજુએ તરવાર ચમકે—બનાવે હમને કોપ.
રે, માંટે હવે કેહે—મેહેરબાની કરી બોલ,
માગેછે અંતરે શુ—ભરમ તારો ખોલ.

હોશંગ—જો તે ઈસારત કરી તને તેડેછે, તને કાંઈ કેહેવા માંગતો હોએ તેવું દીસેછે

તુસ—અરે હા, વલી નરમતાઈથી હલવે રહી તને પેલી બાજુએ જવા કેહેછે. પણ ખબરદાર હો તેની આગલ જવું નહી.

હોશંગ—ના, ના, એની આગલ જવાએ શું.

ફીરોજ—તેઆરે તે બોલનાર નથી; માંરે તેની પછવાડે મને જવા દેઓ

હોશંગ—અરે જવાએ કેમ!

ફીરોજ—પણ જાઉતો ફીકર શાની! મારી જીંદગીની હું થોડીજ પરવા કરૂંછ—એક લોહડાંની સોએ, પણ મારા કરતાં વધારે કીમતી હોએ. વલી મને તે તેડેછ મને છોડો જવા દેઓ.

હોશંગ—સાહેબ, કાંઈ તારામાં સમજણછે? કેયે નદી નાલામાં તને લઈ જઈ ડોબાવશે તેઆરે, અથવા દરીઆ વચેનાં કોઈક ડુંગર ઉપર સુકી નાશી જશે તેઆરે તારા કેહવા હાલ થાએ! અથવા એવી કટંગી જગોએ તને લઈ ગએઆ બાદ તે કાંઈ બીજો રાખશી દરાંમણો દેખાવ લઈ તારી સામણે ઉભો રહી ડોલા ધુરકેતો, તારી અકલની આગરી ખીશી ગએઆ વીના રેહે નહી, તેનો કાંઈ વીચાર કીધો?

ફીરોજ—અરે તે હજુર મને બોલાવેછ, ચાલ, ચાલ, તું ચાલતો થા. તારી પછવાડે હું આઉછું. ભાઈઓ મેહેરબાની કરી મને છોડી દેઓ નહીતો આ ભુત જેટલો કોઈપર કફા નહી થાએ તેટલો અને તેથી જીઆદા તમો ઉપર હું કફા થઈશ. તકદીરને તાબે થવાના તમો મારી તકશીર ન કાહાડો. હાલતો મારા શરીરની સઘલી નાની મોટી રગો, એક સાંઢીની સઘલી ઘોરી નસોનાં કરતાં વધારે તંગ અને કઠણ બનીછે.

(ફીરોજ અંતે તેઓનો હાત છોડવી છટકી જાએછે).

હોશંગ—તોબી ચાલો આપણી ફરજછે, ફીરોજને એકદમ છોડી કેમ દઈએ, એનુતો ભુતને જોઈને મગજ ફરી ગઉછે; માંરે ચાલો આપણ હલવે રહી તેની પાછલ જઈએ.

તુસ—ખોદા માલમ એનુ શું થશે! આ બાબદનુ ચો

વટ શું હશે! હું તો ધારૂછ કે આ શેહેર મધે કાંઈપણ સડો પડીઓ હશે.

હોશંગ—બેશક; પણ ઈઆદ રાખજે:—

છુપી માંતે, ઉંડી દાટે, કુકરમ, કે બદી,
ફુટી બાહર ઉડી આવે, ગુપત રેહ ન કદી.

## ઓરતોની મીજલસ.

### ભાશાણ ૭ મું.

ગયા ભાશાણમાં, બચું જનમીયા પછી તરત ખોરાકની શી માવજત કરવી, અને માયને પોતાનાં બચાને ધવાડવાની ફરજ વીશે કહી સંભલાવીયું હતું—આજદીને બચાંને પહેલા દાંત આવે તાંહાંસુધી શું ખોરાક આપવો તે વીશે કેટલીએક અગતજોગ શુચનાઓ કહી જણાવુંછું.

૧. બચાંને પેહેલાં દાંત આવે તાંહાંસુધી માયના દુધ શીવાએ કાંઈ પણ બીજો ખોરાક આપવોજ નહી.

"ઈયાદ રાખવું જે માયના દુધ જેવો ખોરાક બીજો કંઈબી નથી, બચાંની નાજુક હોજરીમા જલદીથી પાચન થાએ એવું, તેને ઉધારવાને અને તેનાં હાડકાંમાં જોર આપવાને, અને માસ બનાવવાને માયના દુધ જેવો બીજો કોઈ પણ ખોરાક નથી. બચાને શુખી રાખવાને, તેનો તંદરોસત બાંધો બનાવવાને, લાંબી જીંદગી આપવાને, દરદો દુર કરી શકે એવું જોર આપવાને, અને તેના દાત સેહેલથી ફુટવાને માટે, માયના દુધ જેવી તાશીર બીજા કોઈ પણ ખોરાકમાં નથી. ટકામા આમએ દુનીયામા માએનુ દુધ બચાંને સઉથી મોહોરો આશીરવાદછે."

૨. જો માયને દુધ થોડું હોએતો, થાનનાં દુધ શીવાએ બીજાં જાંનવરોનુ દુધ પણ આપવું.

એવી હાલતમા માયે બચાને દાહાડામાં બે તરણ વખત ૫—૬ કલાકનો અંતર રાખીને ધવાડવું અને બાકીને વખતે અને રાતરે ગાય, બકરી, ઈઆ ઘધેડીનું દુધ બરાબર મેલવની કરીને પાવું.

૩. જો માયનુ દુધ ખરાબ હોય અને બચાંને સદે નહી તો ધવાડવાનુંજ મુકી દેવું અને એક સારી ધવાડનારી રાખવી.

૪. જો ધવાડનારી રાખવાને બને નહી તોજ નાચારીએ જાંનવરોનુ દુધ આપવું.

૫. જો જાંનવરોના દુધથી બચું બરાબર ઉધરી શકે નહીતો તેની સાથે બીજો હાથનો બનાવેલો ખોરાક ભેલીને આપવો.

૬. બચાંને કદી પણ અમથો હાથના બનાવેલા ખોરાક ઉપરજ ઉધારવું નહી.

બચું ૫—૬ મહીનાનુ થાએ તાંહાંસુધી જેમ બને તેમ હાથનો બનાવેલો ખોરાક આપવોજ નહી.

જો હાથનો બનાવેલો ખોરાક આપવાની જરૂર પડી તો અંદર દુધ નાંખીઆ શીવાએ કદી પણ આપવો નહી.

આપણા લોકોનો એવો વીચારછે જે બચું આજારી પડીયું અને પેટ આવે એટલે દુધ ધવાડવાનું અથવા આપવાનુ મુકી દેઈને ફકત આરારૂટની કાંજી ઉપરજ રાખવું; પણ તેથી ઉલટો અવગુણ થાએછે. આરારૂટ પોતે જાતે બચાંની હોજરીમાં જરપત થવાને કઠણછે, તે પેટને રસતે એમને એમજ પચીયા વગર નીકલી જાએછે તેથી આરારૂટ કદી પણ ઘણાં નાહાનાં બચાંને આપવી નહી. અને જો આપવાનીજ ફરજ પડીતો દુધ મેલવીયા વગર વાપડવીજ નહી.

દુધને પાંણીથી ઈઆ ચાહેના ઈઆ સુવાના પાંણીથી નરમ કરેયાને બદલે આરારૂટની કાંજીથી નરમ કરવું, કાંએ કે તેથી બચાંની હોજરીમાં દુધના ગાંગરા બંધાતા નથી અને તે જરી સકેછે.

જાંહાંસુધી બચાંને દાંત ફુટવા માંડે નહી તાંહાંસુધી કદી પણ હાથનો બનાવેલો ખોરાક એખલો આંપવોજ નહી. જારે દાંત ફુટેછે તારે સમજવું કે હોજરીમાં ખોરાક જેરવવાની વધારે શકતીછે.

૭ જો હરેક કોઈ જાનવરનુ દુધ માંફક નહી આવેતો એક ભાગ મલાઈમાં તરણ ભાગ પાંણી મલાવીને આપવું.

જો ખટાસ માલમ પડેતો સુનાનું પાંણી ભેલીને આપવું.

માયનું દુધ સારૂંછે ઈયા ખરાબછે, ધવાડનારી કેવી રાખવી, કીયા જાનવરનું દુધ પસંદ કરવું તથા કીયો હાથનો ખોરાક બનાવીને આપવો તે વીશે આગલ ચાલતાં જણાવવામાં આવશે.

## સુખ.

આ દુનીઆનું સુખ જેને માટે આપણે આટલું બધું સાંભલીએછે પણ થોડુંજ જોઈએછે તે શું ચીજછે? એ સુખ એક માતર છાંએઓ અથવા ઓલોછે જે જરાક દેખાઈ પાછો નાબુદ થઈ જાએછે. એ આપણને મલશે એવી વારંમવાર કબુલાત મલેછે પણ તે કબુલાત કદાચજ પાર પાડવામાં આવેછે; પણ તે છતાં જો આપણને એકવાર ફેરી કબુલાત આપવામાં આવીતો તે આપણે જલદીથી કબુલ રાખીએ છઈએ. સુખ આવેછે અથવા મલશે એવું આપણને કેહનાર અગમચેતીછે; પણ નાંશીપાએશી એ સુખનો સાથીછે.

આ જીંદગીની રમતમાં સુખ જે સરવેની શેહાંણી ગણાએછે તે આપણને પોતાનાં શુચવણ ભરેલા રસતામાં ઊશકેરી આગલ દોડાવેછે—આપણ સરવેને તે ફકત એકજ રસતે દોડાવતી નથી પણ દરએકને જુદે જુદે રસતે ભમાવેછે, સુખ મેલવવાને

મારે "આરીસ ટીપસ" મોજનાં રસતાંમાં દોડવા લાગો; "શાકરટીશ" ડાહાપણનાં, અને "એપીકીઉરશએ" એ ખંધે રસતા પકડીઆ. સુખ શેઠાંણીએ આ તરણડે ઊ પર ધેઆંન આપીઊં; પણ એકેને દાદ આપી નહી.

જેમ એક મોટા પાંણીના ધોતની કીનારીને કાંઈ નીચેથી ટેકો હોતો નથી તોબી તેને ટેકો હો એ એવું દેખાએછે—જેમ એક મોટાં તોફાંનની આગ મચ સરવે થંભ અને સથીર માલમ પડેછે—જેમ જંગલમાં તરસથી ભટકતો મુશાફર દુરથી પાંણીનો તલાવ જોએછે અને નજદીક જતાં તેને જંગલ સવા એ બીજું કાંઈજ માલમ પડતું નથી—તેમ સુખબી એક ખોટો દેખાવછે અને તે આપણને ઠગેછે, કેમકે આપણે તે જાંહાં હોતું નથી તાંહાં તેને ધુંડીએ છઈ એ. "અનરોનીઓ" તેને પેઆર અને ઈશકનાં જંગ લમાં ધુંડીઊં—'બરૂટશે" કીરતીનાં જંગલમાં—"શીજ રે" પાદશાહી અને રાજપાટ મેલવવાનાં જંગલમાં ધું ડીઊં. પેહલાને એવી રીતે સુખ સોધતાં નાંમોસી મલી; બીજાને કંટાલો અને છેલાને નીમકહરાંમો મ લીઆ અને તરણડે તેમાં પાએમાલ અને ખરાબ થએઆ.

કેટલાઓની ઊપર સુખ મેહેરબાંન હોએછે પ ણ તેઓની ઊપર થોડું કરૂર અથવા જાલમ હોતું નથી. તેઓની આગલ પોતાનું પેઆલું એકવાર આગલ ધરેછે અને તે એક ગોટ લેઈ તેનો સવાદ જો એ એટલામાં ખસેડી દએછે. કેટલાકોને તે તુરૂપત થાએ એટલું પીવા દએછે અને પછે વધારે પાઈ તે ઓનું પેટ ફુલવી દએછે જેથી તેઓને ખબર રેહતી નથી કે તેઓ માંણસછે ઈઆ તેથી કાંઇ વધુ દરજ જો ધરાવેછે. તોબી આદમજાત એકમતથી આબરૂ આપી તેને પોતાની શેઠાંણી અને રાંણી કરી કેહેછે, તેમ તેછે. આપણા સરવે જુસસાઓ તેની દરબાર નાં ઊમરાવોછે, તેનો હોકમ સાંભલવાને સદા ખંતી રે હેછે અને તેનાં હોકમથી આગલ પગલાં ભરેછે. પ ણ, બીજા રાજવંસીઓની માફક સુખ રાંણીની આસ પાસ બીજા તેનાં એલચી, પરધાંનો અને રાજકારભા રીઓ એટલાતો રેહેછે કે સુખ રાંણી સાથ મોહડે મો હડું વાત કરવાને કોઈનેજ બનેછે. ઈચછા, લોભ, મો હોબત, વેર, એ બધાં માતર આ માહ રાંણીનેજ ધું ડેછે પણ તેઓને તેની જનાબમાં કોઈ મેલવવા લેઈ જતું નથી, તેમજ તે પોતે પણ તેઓને મલતી નથી. જારે માહ રાંણીની મુલાકાતને મારે ઘણાજ તેઓ ટ વલેછે તારે તે પોતાનાં હલકા એલચીઓને તેઓની જોડે મોકલેછે. ઈચછાની આગલ સતા અને હકુમત ને મોકલેછે; લોભની આગલ દોલતને, મોહબતની આગલ અદેખાઈને, અને વેરની આગલ પસતાવાને મોકલી આપેછે. પણ ખરેખર જોઇશુતો એ બધાં નાશીપાશીનાં સગાં થાએછે અને આએનદે તેઓ સુ ખ રાંણીને બદલે નાશીપાશીનેજ લાવેછે.

એ માહા રાંણી લાલચ અથવા ખુશામતથી લ લચાઈ આપણી પાસ આવતી નથી, પણ તેને મેલવ વાનો ઊપાએ સેહલછે. એ રાંણીના દુશમનોને તારા જ કરો એટલે તેની આગલ તમુને જવાની કાંઈજ જ રૂર રેહી નહી કેમકે પછે તે પોતે તમારી આગલ ચા લી આવશે.

રાજાઓ અને બાદશાહો તેને ખરીદવા મોટું દાંમ ખરચેછે પણ આ રાંણી તેઓને ઘર કદાચજ જાએછે. લોકો રાજાઓને તાંહાં મોટી ધાંમધુમની વ ખતે જે કાંઈ ઠકાર જોએછે તે માતર આ રાંણીજીનાં હલકા એલચીઓનોછે, બાકી રાંણીજી કોઈ દાહાડે પોતે પધારતાં નથી.

*હવે માહ રાંણી, સુખ, હમારા સચાઈનાં અને અપક્ષપાત શખુનો તમો પોતે શાંભલો કે જે રાજવંસી ઓને કદી પણ સંભલાવવામાં આવતા નથી અને આવેતો તે તેઓને ભાવતા નથી. જેમ હમો તમુને જ રાબી ધીકારતાં નથી તેમ હમો એકેદંમ તમુને માંગ તાબી નથી; કેમકે તમો માતર આ દુનીઆનો રાજ દંડ હાથમાં રાખોછો અને તમારી બખશેશ આ દુની આ ઊપરાંત બીજે કેયે કાંમ લાગતી નથી. બીજા રાજાઓ અને શેહનશાઓની પેઠે તમારા મદદનીશોને કાહાડી લીધા હોએતો પછે તમો હમોને કાંઈબી રીતે ઊ પીઓગી થઇ શકો નહી—એટલુંજ નહી, પણ તમો પોતે તેઓ વગર ઊભાં પણ રેહી શકો નહી. એક હાથ ઊપર સંતોશ અને બીજા હાથ ઊપર તનદરો શતી જો તમારી બાજુએ હોએ નહીતો પછે તમો પો તે કટકે કટકા થઇને જમીનદોશત થાવો.

# નાલીઅરી, ખજુરી, તાર, માહાર.

ગરમ દેશના ગરીબ દેશીઓને વાસતે ઈશવરે ઉપલાં સરવ ઉપીઓગી ઝાડો બખસીઆંછે. એ ઝાડોથી ગરીબ ગરમ દેશોને શોભા મલેછે; તે એટલાં શુધી કે ઈઉરોપીઅન લોક પણ એઓના સીણગારની વખાણ ગેતોમાં ગાએ છે. પણ એઓ જે ઠાલાં સણગારને વાસતેજ વખણાએલા હતતો અમે અમારા વાંચનારનો વખત રોકવાને ઈછતે નહી. પણ એઓ ગરીબ દેશીના રખશણમાં કેટલો મોટો ભાગ લીએછે તે જોતાં, એઓના તરેહવાર ગુણ અને ઉપીઓગ વીશે નોધ લેવાની અમે જરૂર જોઈએછે.

ખજુરી, તાર અને મહારના કરતાં, નાલીઅરીની પેદાસ તથા તેનો ઉપીઓગ વધારેછે, માટે તેનું બએઆંન પછવાડેથી આપીએ છીએ.

ખરી ખજુરી આરબસથાન તથા આફરીકાના ઉતર ભાગમા પેદા થાએછે, અને તેનુ ફલ જે ખજુર તે મુખીઅ કરીને તીઆના દેશીઓનો ખોરાકછે. જે પરમાણે હીંદુસથાનના દેશીઓનો મુખીઅ ખોરાક ચોખાછે, તેજ પરમાણે આરબ તથા હબસી લોકનો મુખીઅ ખોરાક ખજુરછે. તેઓ તેના પાંદડાંને વણીને સાદરી તથા ટોપલી વગેરે બીજી તરેવાર ઉપીઓગી ચીજો બનાવેછે. હીંદુસથાનનો ખજુર એ ખજુરને મલતો આવેછે, અને તેની પેદાસ હીંદુસથાનના ઘણા ભાગમા માલમ પડેછે. ખજુરી, એની તાડીને વાસતે પણ, વખણાએલીછે. તાડી પીધા પછી, જે બાકી રેહ તેનો દારૂ ગાલવામા આવેછે, અને કેટલેક ઠેકાણે તેમા ઘણું કરીને બંગાલામાં તાડીમાથી ગોલ બનાવવામા આવેછે. એક ઝાડમાંથી દર વરશે સરાસરી ૧૮૦ પાઈંટ તાડી નીકલે છે. જેમાથી ૧૫ પાંઈંટ ગોલ નીકલેછે; કે જેને બંગાલામાં ગુર અથવા જાગરીના નામથી ઓલખેછે. ૧૫ પાંઈંટ ગોલમાથી આસરે ૭ અથવા ૮ રતલ ખાંડ નીકલેછે. આપણે જે ખજુરી જોઈએછે તે પર ખજુરાં શીવાએ બીજું કઈ જોવામાં આવતું નથી. એ ખજુરાંનો ઉપીઓગ ગામડાના ગરીબ છુકરાઓ કરેછે. ખજુરીના પાંદડાંના અને તેના સોટાઓના દોરડાં બનાવવામાં આવેછે. એ દોરડાને કુવામાંથી પાણી કાહડવાને તથા કામ વણતી વખતે આપણા લોક પચાંસી દાખલ ઉપીઓગમા લાવેછે. દુકાલના વખતમાં ગરીબ લોક ખજુરીનો ઘાબ ખોરાક દાખલ વાપરેછે. સાવરણી પણ એના પાંદડાંની બનેછે. વલી ગરીબ લોકોના રેહઠાણની દેવાલ તથા છાપરું પણ તેઓનુ બનેછે અને ખજુરીના લાકડાંનાજ ખાબ પણ કરવામાં આવેછે. ડાહપણને વાસતે વખણાએલો રાજા સુલેમાન પોતાની રાણીની ખુબસુરતીની વખાણ ગાતી વખતે ખજુરીની ઉંચાઈ, સીધાઈ અને શોભીતા દેખાવની સાથે તેણીના દેખાવને સરખાવેછે. તેમજ હોમર, જે કવીઓનો પેહલો સરદાર ગણાએ છે, તે પણ ખજુરીના દેખાવની એવીજ વખાણ ગાએછે.

તાર હીંદુસથાનનાં ઘણું કરીને સઘલા ભાગોમાં હોએ છે. એનું ફલ ગલેલીછે; જેનો સવાદ સરવે વાંચનારે ચાખીઓ હશે. ગરમ દેશમા તાપ ઘણો પડે તારે ગલેલીના પાણીથી કેટલી તાહડક વલેછે અને એક તરસા મજુરને કેવી આશાએસ મલેછે તે સરવેને જાણીતુંછે. ગલેલીને જો મોટી થવા દીધી હોએતો તરફડું બનેછે, જેની ઉપરની છાલ પછી સવાદદાર માવો મલેછે, જેને ઘણા ગરીબ લોક ખોરાક તરીકે વાપરેછે. આગલ જે નરમ ગલેલીનો માવો હતો તે બંધાઈને એ તરફડામાં ગોટલી બનેછે. એ ગોટલી એવીતો કઠણ હોએછે કે આપણીથી સેહલથી ચવાઈ શકાતી નથી. તોપણ કેટલાંક લોક સોપારીની માફક ચાવેછે. એ ગોટલીને દલીને આટો કરેછે, જે આટાના નાદર સવાદને વાસતે વલંદા લોક વખાણ કરેછે. તારની તાડી પણ નીકલેછે. તે પીધા પછી બાકી રેહે તેનો, ખજુરીની તાડીની માફક, દારૂ ગાલવામાં આવેછે, અથવા ગોલ બનાવવામાં આવેછે. તારનુ લાકડું કઠણ, કાલું, ભારી અને ટકાઉ હોએછે. એના પાંદડાં લખવાના કામમા આવેછે અને દેશીઓ લોહડાંની કલમથી તેઓપર લખેછે. ઘેરના છાપરાં તેના પાંદડાંનાજ બનેછે તેતો વાંચનારને સારી પેઠે માલમ હશે. વલી ટોપલી, સાદરી વગેરે બીજી ચીજો, જેમકે ટોપી, છતરી ઈતીઆદી પણ તેઓની બનેછે. મોટા પંખા પણ તેઓના બનેછે. વલી મદરાસ તરફતો પાંદડાંના સાખાની સુતલી તથા દોરડાં બનાવવામાં આવેછે. એ સાખા લાંબા મજબુત તારના જેવા હોએછે. ગુતારા એઓનાજ બનેછે. વલી પાંદડાંની ડાલને છેડે જારૂં હોએછે, કે જે જારૂં તાડી ગાલવાને કામ આવેછે; તેમ આપણા અંગને ઘા લાગાથી જો લોહી વેહતું હોએતો તેનો અટકાવ પણ એથી થાએછે. એવું જારૂં ખજુરીમાં પણ મલેછે.

માહાર પણ ઉપલાં ઝાડોને મલતોછે. એ ભીરલી માહરને નામે વધારે ઓલખાએછે. એનો પાક હીંદુસથાનમા તથા સીલોનમા ઘણો જોવામાં આવેછે. એમાથી પણ તાડી નીકલેછે, ઉનાલામાં રોજની સરાસરી ૧૦૦ પાંઈંટ તાડી એમાંથી નીકલેછે. ઉપર કહેઆ મુજબ એની તાડીનો પણ ગોલ બનેછે. એની અંદરનો ગર સાબુચોખાને મલતો આવેછે અને તે ગરીબ લોકોનો ખોરાક થઈ પડેછે. એ ગરની તેઓ રોટલી બનાવેછે. વલી તેનુંજ તેઓ "ખરખટ" બનાવેછે. માહરનાં પાંદડાં સોપારીના પાંદડાંને મલતાં આવેછે. પાંદડાંના સાખાની વલી સુતલી તથા દોરડાં બનાવવામાં આવેછે. એ દોરડાં ઘણાં મજબુત તથા ટકાઉ હોએછે. વલી પાંદડાંને છેડે પણ જારાં જેવી પદારથ મલેછે; કે જેને વાહણમાંની ફાટ બંધ કરવાના ઉપીઓગમાં લાવેછે. તાર અને માહરનાં લાકડાં પાંણીની નેહર બાંધવાનાં કામમાં વપરાએછે.

નાલીઅરી ઉપલાં ઝાડોના કરતાં ઘણીજ ઉપીઓગી છે. એનો ઉપીઓગ એટલો બધોછે કે વંનસપતીમા એને કોણની સાથે સરખાવવું તે સમજ પડતી નથી. એની ખુબી વીશે વીચાર કરતાં બાંમણું ઈઆદ આવેછે. પણ બાંમણુ સરસ કે નાલીઅરી એ કેહવું કઠણ પડેછે.

નાલીઅરી ગરમ દેશોમાં જોવામાં આવેછે. એની પેહલી પેદાસ કીઆં હશે તે કેહવાઈ શકાતું નથી. પણ એટલુંતો ખરૂં કે ગમે તેવાં તરતનાં બાહેર નીકલેલાં ટાપુમાં પણ એ પોતાનો દેખાવ આપેછે. કે જાંહાં માણસે કદી પોતાનો પગ પણ મેલીઓ ન હોએ. નાલીઅરી ઘણી

ખરી દરીઆને કાંઠે વધારે ઉગેછે અને તેથી જાંણે, જે જમીનપર તે ઉભી હોએ, તેને સણગાર આપતી દેખાએછે. એનુ ફલ, નાલીઅર, જો ખરી પડીને દરીઆમાં પડાઉં હોએ તો, તે તણાઇને કોઇ પણ જમીનને કાંઠે જઇ પહેછે, તો તાંહા બીજાં ઝાડનું તે બી થઇ પડેછે, અને એજ રીતે નાલીઅરીની વનસપતી વધીછે. હીંદુસથાનની એક તરફથી જો નાલીઅરી લકદીવ તથા માલદીવના બેટોમાં, તથા મલબાર કોસતા તરફ તથા સીલોનમાં માલમ પડેછે, તો બીજી તરફથી બંગાલના આખાત તરફ થઇ, બરમપુતરા તથા ગંગા નદીને કાંહે થઇ, સરવે ઉંચી નીચી જગામા જોવામાં આવેછે. તેજ પરમાણે પાસીફીક દરીઆના હજારો ટાપુઓમાં એ હોએછે, અને જુની તથા નવી દુનીઆના ગરમ દેશના દેશીઓનો એકસરખો આસરો થઇ પડેછે.

એ ઝાડ સાઠથી તે સો ફુટ સુધી ઉંચું થાએછે. એનો વીઆસ બે ફુટ સુધીનો હોએછે. એને મથાલે એક તાજની માફક પાંદડાંની ડાલો ઉગેછે. કોઇ કોઇ ડાલતો વીસ ફુટ સુધીની લાંબી હોએછે. એના ફલો જે નાલીએર તે ઓ જુમખાના જુમખા ઉગેછે. એ જુમખા ૮ થીતે ૧૨ સુધી એક ઝાડપર હોએછે અને એક જુમખામાં પાંચથી તે ૧૫) નાલીએર સુધી હોએછે. ઘણામાં ઘણા એક ઝાડમાંથી ૮૦) થીતે ૧૦૦) નાલીએર મલેછે, નાલીએરીને છેદીને તેમાથી નીરો કાહડેછે. લકદીવ તથા માલદીવ બેટોમાં તથા મલબાર કોસટાપર નાલીઅરીની વસતી પુશકલછે. અને તીઆના ગરીબ લોકો નાલીઅરપરજ પોતાનુ ગુજરાન ચલાવેછે. એક સખસ દર રોજ આસરે ચાર નાલીઅર ખાએછે. જારે નાલીઅરીપરજ એઓનુ ગુજરાન, તારે તે તેઓની મોટી મીલકત ગણાએ તેમાંતો કંઇ શક નહી. દરએક ઝાડની ઉપર એઓ પોતાની નીસાણ રાખેછે. અને દરએક ઝાડની ઉપર જકાત લેવામાં આવેછે. વલી જો ગરીબ દેશીને નાણાની જરૂર હોએતો તે પોતાની નાલીએરીને ઘરણે મુકેછે. એને રોપવામાં તથા ઉધારવામાં ઘણી મેહનત પડતી નથી. પેહલે વરશેજ જો તેની ઉપર ધીઆન આપીઉં હોએતો પછી તે પોતાની મેલે વધેછે. એવું કેહછે કે કીલતાન બેટમાં જો એક નાલીઅર એક છરીની સાથે ડાટીઉં હોએતો, પોતાની મેલે ઉગીને ઝાડ મોટું થાએછે, તેની ઉપર વધારે ધીઆન આપવાની કાંઇ જરૂર પડતી નથી. નાલીએરી ૮ વરશની થાએછે તારથી ફલ આપવા માંડેછે.

આપણે જારે નાલીઅરીના અગણીત ઉપીઓગ જોઇએ છીએ તારે હેરત પાંમીએ છીએ. એ ઝાડમાં કોઇબી ચીજ એવી નથી કે જેનો કંઇ પણ ઉપીઓગ થઇ સકે નહી. નાલીઅરીમાથી તાડી નીકલેછે અને તે તાડીનો ઉપીઓગ આગલ લખેઆ પરમાંણેજ થાએછે. એનું નાલીઅર જારે કુમલું હોએછે તારે ઘણુંજ સવાદીશટ દુધ આપેછે. જારે મોટું થાએછે તારે તેમાથી ખાવા લાએક કોપરૂં મલેછે, જેની ઉપર હજારો લોકોનુ ગુજરાન ચાલેછે. વલી સુકાં કોપરાંની વાટીનો તરેવાર રાધવામાં ઉપીઓગ કરવામાં આવેછે. પણ સઉથી વધારે સરસ ઉપીઓગ જારે કોપરાનુ તેલ કાહાડેછે તારે થાએછે. કોપરેલ તેલના ઉપીઓગ વીશે લખવાની જરૂર નથી. એનો ખપ વેલાત સુધીછે. કોપરેલ તેલમાં એક ચરબીની વસતુ આવેછે, જેને છુટી પાડી મીણબતીના કામમા લાવેછે. પણ કોપરામાથી તેલ કાહડીઆ પછી તેનો છુંછે.બી નકામો જાતો નથી. તેનો ખોર બનેછે; જે ગાઅ ઢોરનો ઉમદા ખોરાક હોએછે. નાલીઅરમાના પાણીનો એક બીજો ઉપીઓગ થાએછે. તેને ચુનામા ભેલવામાં આવેછે; જેથી ચુનો વધારે ચીકટ બનેછે.

વલી નાલીઅરનુ કોટલું કંઇ વગર ઉપીઓગનુ નથી. એને બાલવાના કામમા આવેછે અને ગરીબ લોકને તાંહાં લગનની વખતે એનોજ ભારે ખપ પડેછે. બાલીઆ પછી પણ કોટલું રદ થતું નથી. તેનો સુંદર કોલસો બનેછે જેનો ખપ ઘણો હોએછે. વલી આખાં કોટલાનો ઉપીઓગ ઘણોછે. સારંગી, ઉકા, કલશીઆ, દારૂ પીવાના ગલાસ, બાટલી, તવાથા, ચમચા, કરછી વગેરેની ચીજો તેની બનેછે. કાટલીને કોઇવાર ઘસીને એવીતો પાલીસ કરેછે કે અરધી પારદરશક થઇ શકેછે. વલી કોઇ વખત કાલો રંગ દીધામાં આવેછે તથા તેની ઉપર તરેવાર કોતરકામ કરવામાં આવેછે. એની ભેટ લાએક વસતુઓ બનાવી વેલાત મોકલવામો આવેછે. કાટલીનુ તેલ ચામડીના દરદ તથા દરાજ સારી કરવાનાં કામમા આવેછે.

હવે કોટલાંનો ઉપરના કાથાનો ઉપીઓગ સાભલો. કાથાનુ દોરડુંતો સઉ કોઇને ખબર હશે કાથાનો ખપ ઘણોછે, અને ગરીબ લોકની મોટી પેદાશ એમાથી થાએછે. કાથાથી ગોદરાં તથા તકીઆ ભરેછે તે પણ જાણીતુંછે. વલી કાથાનુ કપડું બનેછે જે સડના તથા શણપાટના કામમાં આવેછે કાથો ખીલાની ગરજ સારેછે. સીલોન તથા કારોમાનડલ કોસતા તરફ ગરીબ લોક મછવા બનાવેછે તેમા ખીલા જોવામા આવતા નથી; પણ પાટીઆને કાથાથી બાધી લેછે કાથાનાજ બરશ તથા બુતારા બનાવવામા આવેછે કાથાની સાદરી તથા સેતરંગી બનાવવામાં આવેછે. વલી એનીજ ટોપીઓ તથા ટોકરીઓ પણ બનેછે.

નાલીઅરીના પાદડા અને તેઓની ડાલ પણ તરેવાર ખપમાં આવેછે. એના કુમલાં પાંદડાં રાધીને ભાજી તરકારીની માફક ખાવાના કામમાં આવેછે. તેઓનાં અથાર પણ બનેછે. વલી તેઓનીજ ઝાવલી બનાવી છાપરાંપર નાખવામાં આવેછે. તેઓની સાદરી, છતરી, ડગલા તથા પેટીઓ બનેછે. ઝાવલીના પાદડા બાલીઆ પછી જે રાખ થાએછે તે કપડાં ધોવાના કામમાં આવેછે. વલી જે ડાલનો સોટો, તેની જુસરી, માછલી મારવાનાં સોટા બનેછે. તેની વાડ બાંધવામા આવેછે. તેના બરશ અને તેની કાંસકી પણ બનેછે. ડાલીની આગલનું જારૂં ગાલવાનાં તથા વેહતા લોહીનો અટકાવ કરવાના કામમાં આવેછે. ફલનું ફુલ જેમા રેહછે તેની છરીની મેઆન તથા પેટીઓ બનાવવામા આવેછે. વલી ફુલો અથવા કાચાં ફલ દવાઇનાં કામમાં આવેછે.

નાલીઅરીનાં લાકડાનો ઉપીઓગ પણ થોડો નથી. પાંણીની નેહર તેઓની કરવામા આવેછે. તેઓનાં કોટાઆ બનાવવામાં આવેછે. તેઓ ઘરનાં ખાંભ, સાટકા, ઈતાઆદી દાખલ વપરાએછે તેઓનું તરેવાર જાતનું ફરનીચર બનાવવામાં આવેછે. તેઓનો વેલાતમાં પણ ખપ

છે. તીઆં "પોરકયુપાઇન ઉડ" ને નામે ઓલખાએછે.

જે ઝાડનો આટલો બધો ઉપીઓગ તથા ખપ તે ઝાડને નહી કોણ ચાહે ! પણ સીંગાલી લોકોતો એ ઝાડપર કુરબાન થઇ જાએછે. તેઓ એવું કહેછે કે, અસલનાં વખતમાં તેઓનો એક મોટો રાજા ચાંમડીનાં દરદથી હેરાન થતો હતો. તેણે ઘણાએક હકીનોની સલાહ લીધી, પણ બધી ફોકટ. આખરે તેણે ઇશવર પર ધીઆંન દોડાવીઉં, અને તેની ઉપર ભરોસો રાખી, ધરમ ધેઆનમાં ગુંતાએઓ. એક દાહાડે એવું બનીઉં કે તેને ખોઆબ આવીઓ. તેમાં તેણે કોઇ દીવસે નહી જોએલાં ઝાડો દીઠા, તેઓ તરફ આંગલી કરી ઇશવરે તેને ખોઆબમાં કહીઉં કે "એ ઝાડોથી તારૂં દુખ મટશે. જીઆં એ ઝાડોછે તીઆં જવાને તને સો કલાક લાગશે. તીઆ જઇને એ ઝાડોનાં ફલ જો તું ખાશેતો તને સારૂં થશે પણ એ ફલો ઘણાં ઉંચે હોએછે, માટે દેવતાની મદદ શીવાએ તેઓ તને મલનાર નથી." રાજાએ ખોઆબમાં જે જોઇઉં, તેમ કીધું અને કાનડીથી નાકલીને પાઇંટ ડી ગાલી આવીઓ. તીઆ તેણે એ ઇશવરી ઝાડો જોયાં અને તેઓનું ફલ ખાધા પછી સાગે થયો. પછી તેણે એક ખડકની ઉપર પોતાનો એક મોટો આકાર કોતરીઓ; જે આજસુધી જેઓ તે રસતે જાએછે તેઓનાં જોવામા આવેછે તે બોલીઓ કે, "આ આકારથી હું એમ જણાવવા માંગુછું કે કદમા હું નાનોતો ખરો, પણ મારી વફાદારી મોટીછે." એ વાત ખરી હોએ કે ખોટી પણ એથી નાલીએરીની ખુબી માલમ પડેછે. એક ઇંગરેજ કવી તરણ લીટીમાં એનું બએઆંન કરેછે. તે કહેછે કે "એખલું નાલીએરજ ગરીબ હીંદુનું કપડું, ખોરાક, મેજ, મેવો, પાણી, કલશીઓ, મછવો, દોરડું, સડ, ડોલ, સુઇઓ પુરૂં પાડેછે" એક માણસના નેક ગુણ તથા તેનું પાક દીલ તેનાં ખુબસુરત ચેહરાથી વધારે ઝલકેછે; તેમજ આ સરવ ઉપીઓગી તથા સુંદર ઝાડથી ખોદાનું ડાહપણ તથા તેના સખાવત વધારે કીરતી પામેછે.

## એક કુંવારી કણીઆ.


દુનીઆમાં સરવેથી દીલપસંદ ચીજ એક ખુબસુરત કણીઆછે કે જેની ખુબીનાં ફુલ મધેથી ધરમ તથા નીરદોશપણાનો પમરાટ નીકલતો હોએ. તેવા દેખાવની એક અણલાનું આ એક નામીચું ચીત્ર જોવો. એક નદીનાં ઊંડાં પાણી ઊપર નજર કરતી બને હાથ જોડીને તે ઊભેલીછે. તેનાં દાબા હાથ ઊપર એક નાંધલું નાલું વેહેછે કે જેનાં ધીમી ચાલનાં ચલકતાં નીરમલ પાંણી પેલી ડોવાએલી નદીમાં ભેલાઇને તેનાં રોહોમા રેલાએછે. એ દેખાવની તાસીર એટલીજછે કે આ સુંદર કણીઆની બચગી પેલાં નાલાંની મીસાલની નીરાંત સમજવી. પણ જેવો ખીલેછે તેની જવાનીનો બાહાર કે તેવીજ વમલનાં ઊંડાં પાણીમાં પડેછે તે નાજુક નાર. નાલાનાં બીલોરી પાણીમાંથી તેનું તલીઊં ખોલું દીસેછે, પણ નદીનાં ઊંડાં પાણીમાંથી દીશતું નથી તેજ મુજબ બાલકપણની સાદાઈ અને મોટપણનું તંગ દીસછે.

બાજુએ મુકેલું ચીત્રછે તે ગોએઆ નદી કીનારે ઊગેલું એક ગુલછડીનું ફુલછે. આ જીંદગીની મંજલનાં તરણ ભાગ—જેવાકે બાલક પણ, જવાંની અને જઈફી તે મધેનાં પેહેલા ભાગની મંજલને નાકે આવીને હવે તે ઊભીછે. હવે પછે તે ગોલાબ ગલાશે અને તેનું અંનર થાશે. તેનાં જોડેલા હાથ ખોલી રીતે દેખાડેછે કે હવે પછેની તેની જીંદગીનો સાહેબ થાશે તેનાં નાથ.

## સાએલીઓની શેહેલ.

### કીનારાં ઉપર વાતચીત.

### ભરતી ઓટ.



શેહેરનાં મોહલાઓની ખીચોખીચ વસતીનાં કચુબારમાંથી, ઘર સંસારનાં ગુચવાડામાંથી, અથવા બચાંઓનાં બકબકારામાંથી થાકી તથા કંટળાઇ ગયળાં તન તથા મનને આશાએશ તથા ઊલટ આપવાને દરરોજ સવાર સાંજની ખોલી હવામાં કીધેલી શેહેલ કેહેવી અગતનીછે ! ખોલી હવામાં અને બામદાદના ખુશનુમાં વખતમાં મેદાનમાં, ખેતરમાં, દરીએ કીનારે ઇયા નદીને કાંઠે શેહેલ કરવા ગયાથી કેહવા અને કેટલા ફાએદા થાએછે તે જાંણવાને આપણાં દેશીઓ ઇયુરપીઅનો કરતાં પછાત છે, એમાં કાંઇજ શક નહી. તોબી કેહવાને ખુશાલી ઊપજેછે કે જેમ દેશીઓ મધે પારસીની કોમ સરવે બાબદમાં પેહેળ કા



એક કુંવારી કનીઆં.

હાડ છે, તેમ આ અગતની બાબદનો ફાએદો તેઓએ જ પેહળ વેહળો પીછાંનીયો છે. વળી જણાવવાને અનીશ આનંદ ઊપજેછે કે તેઓની માએલીઓ પણ આડોસી પડોસી, સહી મીટી, ભાઈ બેન, અથવા ભરતારની સાથ દરીએ કીનારે સવાર સાંજ સેહેલ કરવા આવતી દીશેછે.

પીરોજબાઈ તથા સીરીનબાઈ બે બેનો ચાંદરાતની સાંજનાં કીનારા ઊપર ફરતી હતી, તેવામાં તેઓની પડોસણ ગુલવશી ગોરાંણી તેઓને સંગાત મળી, તેથી તરણે સાએલીઓ તરેવાર બાબદસર વાતચીત કરતાં આગળ ચાલીયાં.

*પીરોજબાઈ*—કેમ ગુલવશી, તમેતો કાંઈ અતરે ગહીને મહીને દીસોછો, હમારી માફક દરરોજ કાંએ નથી આવતાં ?

*ગુલવશી ગોરાંણી*—રોજ રોજ આવીને શું કરીએ જો, નકામાં ટાંટીઆ છુંદીને કરી કરવી; આ વાંઈજત માએ પેરે કરમે તાહડી રાખે, હુંતો શકની ચાંદરાતે કે પરબવારે બબે ઘડી આવી જાશિં બસ.

*પીરોજબાઈ*—આળસાઈને લીધે તમો એમ કરતાં હશો; ખોળી હવામાં દરરોજ એક બે વાર ફરવાથી કેટલા ફાએદા થાએછે તે તમે તપાશીઆ નથી, એમ ખોલી રીતે દીશેછે; ચાખેયા વીનાં જેમ સવાદ આવે નહી, તેમ દરરોજ અતરે આવીયા વીનાં તમોને ફાએદા માલમ પડે નહી. જુઓ, અતરે ચાલીઆથી આપણાં શરીરનાં સાંધાને કસરત મલેછે, ખોલી હવા દમમાં લીધાથી લોહી સાફ થાએછે, થંડા પવનની લેહેકી તથા ખુશનુમાં ખુદરતી દેખાવથી, અંગમાં અને આંખમાં તાડક વરેછે, અને વળી કોઈ સારાં સલુકની એક સઇ આપણી સંગાત હોએતો વખત ઘણો ખુશાલીગાં જાએછે એટલુંજ નહી પણ વળી ડાહાપણ વધેછે અને ગનેઆન મળેછે.

*સીરીનબાઈ*—જુઓ આ કેહવું અજાએબ જે હું કાળે આપણે પાંણી કાંહાં જોયાંતાં અને આજે કાંહાંછે, એટલો બધો ફેર કેમ પડી ગયો હશે ?

*પીરોજબાઈ*—દાહડાનાં ૨૪ કલાકમાં બબે વાર ભરતી ઓટ થાએછે તેથી પાંણી વધઘટ થતું જણાએછે.

*સીરીનબાઈ*—પણ પાંણી એટલાં બધાં વધી શાથી જાએછે, અને પછી પાછાં ઓછાં કેમ થઈ જાએછે તેનુ કારણ મને બીલકુલ સમજણ પડતું નથી.

*ગુલવશી ગોરાંણી*—જોની માએ એતો જીવતાં પાંણી કેહવાય તેથી દોડી આવતાં અને પાછાં હટી જતાં વાર નહી લાગે.

*પીરોજબાઈ*—નહી નહી, પાંણીનો સઘળાં સરખાંજ—જેવાં આપણા કુવા તલાવનાં પાંણી તેવાં એબી પાંણી, ફરક માતર એટલોજ કે એમાં ખારનો જથો ઘણોછે.

*સીરીનબાઈ*—તેઆરે ભરતી અને ઓટ શાથી થતી હશે?

*પીરોજબાઈ*—મને ધનજીશાએ, સમજાવીયુંછે કે ચાંનનાં ખેંચાંણની શકતીની અસરથી ભરતી ઓટ થાએછે, જે શકતીને આકરશણ શકતી કેહેછે.

*સીરીનબાઈ*—શું તે શકતી ચાંનમાંજછે અને સુરજમાં નથી, કે ચાનથી ભરતી ઓટ થાય અને સુરજથી નહી ?

*પીરોજબાઈ*—ચાનમાં, સુરજમાં, અને તેમજ સરવે નાંની કે મોટી પદારથોમાં તે ખેંચવાની શકતીછે. પણ કદ અને વજન પરમાંણે કોઈમાં વધતી અને કોઈમાં ઓછી હોયછે—ગુલવશી મારાં કરતાં વધારે માનેલાંછે તેથી એ વણમાં મારાં કરતાં ખેંચાંણ શકતી વધારે, તેમજ શુરજ ખરેખરો ચાંન કરતાં ઘણોજ મોટો છે તેથી સુરજની ખેંચાંણ શકતી ચાંનની શકતીનાં કરતાં વધારેછે ખરી પણ સુરજ પુરૂથવીથી ચાંદના કરતાં ઘણોજ દુરછે, તેથી તેની ખેચાંણ શકતી ઘણીજ જુજ માલમ પડેછે. ચાંનનો ગોળો પુરૂથવીની નજદીક હોવાથી તે અતરેની સરવે પદારથોને ખેંચેછે, અને સરવે જાતની પદારથોમાં પરવાહી પદારથો તેની ખેચાંન શકતીને જલદી અને વધારે તાબે થાએછે; મારેજ આપણ આપણી સામેનાં દરીઆનાં પાંણીમાં હાલ ભરતી થયળી જોઈએછ. જુવો જે ભાંગ ઊપર થોડાક કળાકની આગમજ માંણસો અને જણાવરો ચાલતાં હતાં. તેજ ભાગ ઊપર લાયેલા મછવાઓ ઇયાહોમ, કેવા સરસરાટ હંકારેયા જાએછે !

*સીરીનબાઈ*—વારૂ બેહેન હમો સમજીયાં પણ આપણેતો કોઈ દાહડે નાની અથવા જુજ ભરતી જોઈએછ અને કોઈ દાહડોતો ભરતી એવી મોટી અને જોરથી આવેછે કે કીનારા ઊપરનાં ખડક અથ

વા ખંગલાઓની ભીત ઊપર તોપોનો મારો ચાલતો હોએ તેવું જોઈયેછ તેનુ કારણ શું ?

**પીરોજબાઈ**—હા, બેન હું તમુને એ બાબદ હમણા હમણાંજ સમજાવવા જતી હતી. જુવો એમ નહી સમજવું કે સુરજ ઘણોજ દુરછે તેથી તેની ખેંચાંન શકતીની અસર અતરે બીલકુલ લાગતી ન હશે; જે આરે ચાંન ફરતો ફરતો એવી જગોએ આવેછે કે તે પુરૂથવીની સાંમો સુરજની સાથ એકજ સીધી લીટીમાં થઇ જાએછે તેઆરે પુરૂથવી પરનાં પાંણી ઊપર તેની પણ ખેંચાંણ શકતીની અસર સારી રીતે સાબેત થાએછે, એટલે ચાંન અને સુરજ બને એકજ બેરૂદએ આવા જાએછે તેઆરે પાંણી વધારે જોરથી ખેંચાયાથી મોટી ભરતી થાએછે, એવી મોટી ભરતી દર માસમાં બે વાર થાએછે જેને આપણા લોકો ચાંદરાતનો અથવા પુનમનો જુવાર કરી કેહેછે.

**ગુલવણી ગોરાંણી**—હા, હા, હું શમજી; જાણે તમો બને બેહનો મળી મને એખલીને ખેંચોતો હું જોરથી ખેંચાઈ આવું, એમજ કની ?

**સીરીનબાઈ**—(મશકરીમાં) જાવોજી તમોતો એવાં જબરાં છેઓ કે હમો બેઊથી પણ હીલો નહી, એમ શું બોલોછ, હમો બેઊબી તમુને પુરાં નહી પડીએ.

**પીરોજબાઈ**—હવે જુવો જેમ ચાંન અને સુરજ એકજ બાજુએ આવેઆથી તેઓની આકરશણ શકતી પાંણીને ખેંચીને ભર જુવારની મોટી ભરતી કરેછે, તેમજ એ બને ગોલાઓ સાંમાસામી આવી ગયાતો મોટી ઓટ બની જાએછે જેથી કોઇ કોઈ જગોએ ગાઊનાં ગાઊ સુધી ખાડીઓ એવીતો શુકાઈ જાએછે કદાચ અનજાણું માંણસ માનેબી નહી કે આ જગોએ પાંણી હતું અને ઓટને લીધે તે પાછું હટી ગયુંછે.

**સીરીનબાઈ**—વારૂં હમણાં આપણી સાંમબે ભરતી થયલી જોઈએછ તેમ એ ભરતી દુનીઆનાં સરવે ભાગોમાં થઇ હશે, કે આપણી તરફ ભરતી તો કોઈ બીજે ઠેકાંણે ઓટબી હશે.

**પીરોજબાઈ**—તમારા આ સવાલનો જવાબ આપતી વેલા મારે તમુને કેહેવું જોઇએ કે તમો વધારે ધેઆંન દઇ સાંભલશો નહીતો ખરોબર સમજણ પડશે નહી—મનેબી ધંજીસાએ સમજણ પાડી તે વેલા મને જરા ગુચવણ પડી હતી. તમો જાણોછો કે પુરૂથવી ગોલછે અને આપણા પગ તલે પણ દેશોછે અને માંણસની વસતીછે, એમ બોલીએનો કાંઈ તમને નવાઈ જેવું લાગશે નહી. હવે, જુવો, જે વખતે જેવી ભરતી આપણાં શેહર મધે થઈ તેજ વખતે તેવીજ ભરતી આપણેથી ઊલટા ભાગમાં એટવે આપણાં પગ તલેનાં શેહરમાં પણ થાએછે.

**ગુલવણી ગોરાંણી**—તેઆરે હું ધારૂંછ કે આપણાં ગાંમમાં કુવા તલાવ ખોદીએછ તેઆરે જે પાંણી આવેછ તે તમો કેહવોછ તેમ આપણાં પગ તળેના શેહરનાં દરીઆની ભરતીનું આવતું હશે ખરૂં.

**પીરોજબાઈ**—છીહ, છીહ, તમો શું બકોછ? પુરૂથવીનુ દલ ૮૦૦૦ માઈલનુછે, એટલે દુરથી પાંણી કેમ આવે ? તે પાંણીતો જમીન મધેના ઝરાનું આવેછે, જે જમીનની સપાટીથી માતર થોડા થોડાજ ફીટ દુરછે. વારૂં હવે સાંભળો, મેં કહીયું કે જેવારે આપણાં શેહરમાં ભરતી થાએછે તેવારે આપણાં પગ તળેનાં શેહરમાં પણ થાએછે; તેનું કારણ એમકે ચાંન જેઆરે આપણે માંથે હોએછે તેઆરે દરીઆનું પાંણી પરવાહી હોવાથી ઊપસીને તેની તરફ ખેંચાઈ આવેછે; એમ થયા બાદ ચાનનાં ખેંચાણથી પુરૂથવીનો ગોળો પોતે પણ ખેંચાઇ હશે આવેછે, જેથી તે ઊપરનું બાકીનું પાંણી પાછળ હટી જાએછે, એટલે પુરૂથવીનાં પાછળા ભાગ તરફ પાંણી વધીને તેહાં પણ ભરતી કરેછે.

**સીરીનબાઈ**—વારૂ, એતો હું સમજી, પણ ભરતી દરરોજ એકજ વખતે થતી નથી પણ આજનાં કરતાં કાલે મોડી થાએછે તેનું કારણ શું ?

**પીરોજબાઈ**—કારણ એજ કે ચાનનાં ખેંચાણથી ભરતી થાએછે અને ચાન દરરોજ નજદીક પોંણો કલાક મોડો ઊગેછે, મારે ભરતી પણ દરરોજ પોણો કલાક મોડી થાએછે.

**સીરીનબાઈ**—વારૂ આ ભરતીનાં મોજા શાથી આવતા હશે.

**પીરોજબાઈ**—પવનનાં જોરથી પાંણી ઊપર ખાડા ખબોચીઆ થાએછે અને એકગમ ખાડો પડીઆ એટલો બીજીગમના ઊંચા ભાગમાં પવન ભરાએ આથી તે ઊંચકાઈ ગોલ થઈ ગગડી આવેછે. જેમ કુવામાં એક પથર નાંખીએચ તેઆરે કુંડાલાં નીકળી આવેછે, તેમ પવનથી મોજા નીકલેછે અને જેમ એક

ફુદાળાંથી બીજું અને બીજાંથી તરીજુ એ પરમાંણે નીકલેછે તેજ પરમાંણે એક મોજાથી બીજો અને બીજાથી તરીજો એ પરમાંણે નીકળતા જાએછે. ભર દરીઆમાં કેટલેક ઠેકાંણે મોટા મોજાઓ, જેઓને પાહાડી મોજા કહેછે, તેઓ પાંણીની સપાટીપરથી ૨૦ ફીટ ઊંચા થાએછે અને વાંહાંણોનાં વાંહાંણો ઓળંગી જાએછે, અને તેઓનુ જોર એટલુંતો હોએછે કે કેટળાએક મોજાઓ એક કલાકમાં ૪૦ માઇળ દોડેછે તેઆરે તેઓની સાથે અથડાતાં વાંહાંણની કેવી અવસથા થતી હશે તે વીશે કોણને પુરેપુરો વીચાર આવી શકે!

**સીરીનબાઈ**—હમો ભરતી ઓટ તથા મોજા તો સમજીઆં પણ તેઓનો કાંઈ ઊપયોગ હશે?

**પીરોજબાઈ**—અલબત, ભરતીનાં ઊપયોગ ઘણાંબીછે, તેઓ માંણસને મારે મોટાં મોટાં કાંમો કરેછે— તેઓ વાંહાંણોને કીનારા ઊપર અથવા નદીમાં સલાંમત લાવેછે—તેઓ સંચા અથવા ચકીઓ ચલાવેછે— તેઓ ગોદીની સુકી જમીન ઊપર બાંધેલા નવા વાંહાંણોને સલાંમતીથી દરીઆમાં ઊતારેછે, ઈતીઆદી.

**સીરીનબાઈ**—હા, ખરેખર પાંણીનો મોટો જુવાર ન આવેતો ગોદીમાં વાંહાંણોથી પેસાએ નહી, અને ભાગું તુટું સમરાએ નહી. આજ સવારની સેહલથી મને જે તમે સમજણ આપીછે તેનો ઊપકાર માનુંછું અને આશા રાખુછ કે વલી બીજી વેલા તમે એવીજ કાંઈ બાબદસર મને ધડો આપશો.

**પીરોજબાઈ**—હવે આ નીચે જણાવેલી રાતરો કહી હું આ બીના ખતમ કરૂછું.

ધારો અનબ અરે—ઈશવર કેહવો કરે!
સરવ જગતમાં ફેલાય.
જેથી આંખો ઝરે—દીપાં નીચે ખરે,
તેથીજ ભરતી ઓટ થાય,
પ્રુરૂથવી, આન ઘરેહ—નીર આધારે ફરે.

## કીરમજ.

કીરમજી રંગનાં કપડાં આપણી કેટલી સ્રીઓ પેહેરેછે પણ તે રંગ કેમ બનેછે અને શાનો બનેછે તે વીશે ઘણાંજ થોડાઓને ગનેઆન હશે, તેથી તેનો હમે થોડોએક હવાલ આપીએ છીએ.

કીરમજની પેદાએશ, વનસપતી અને અનાજમાથી થાએછે એવું ઘણાં લોક માણતાં હતાં, પણ તપાસ ઊપરથી સીધ થએઊછે કે તે એક જાતનો બારીક કીડોછે. એ કીડો અમેરીકાનાં મેકશીકો દેશમાં મલી આવેછે અને તાંહાંથી તેને ઈંગલંડમાં લાવીઆ હતા. એ કીડાનો ખોરાક અમેરીકામાં ઊગતાં એક જાતની અંજીરીના પાતરાંછે અને ઇરોપમાં એક જાતના થુવર ઊપર તે ગુંજરાંન ચલાવેછે.

એ કીડાઓની થોડીએક માંદાને રૂનો માલો બનાવી તેમાં મેલી તે માલાને પેલી અંજીરીનાં પાતરાં શાથે વલગાવી દેએછે. એ દરએક માંદા નજદીક એક હજાર ઈડાં મેલેછે ઈડાંમાંથી એ જાનવર બાહેર નીકલેઆ પછી દોડી શકેછે પણ આપણી શાધારણ નજરે તે પડતાં નથી, પણ જો શુખશમ દરશક યનતરની મદદથી જોઆં હોએતો તે તરત માલમ પડેછે. ખોદાની કુદરત એ બાબદમાં એવીછે કે ઈંડાં મેલેઆ પછી તેજ જગામાં માંદા મરી જાએછે અને તે ઈંડાં શેવણ થાએ તાંહાંશુધી તેઓની ઊપર કુદરતી ઢાંકણ થઇ પડેછે. એ જાતનાં નર કીડાને પાંખ હોએછે પણ માંદાને હોતી નથી.

થુવર અને ઊપલી જાતની અંજીરી ઊપરથી તેઓને ઓખવી કાહાડી ગરમ પાંણીમાં નાંખી મારી નાખેછે. તારબાદ તેને રંગ આપવાનાં કાંમસર વાપરેછે. એ વખતે તે ઘણું કરીને અનાજનાં દાંણાંને મલતાં આવેછે અને એટલાજ ઊપરથી ઘણુએક શુધી લોકોમાં એવો વીચાર ચાલતો હતો કે તે કોઇએક જાતનો અનાજછે.

જેમ એ કીરમજ સુકાએલી અને અખણ માલમ પડે તેમ તે સારી સમજવી. એ કીરમજ ઊપર ઘણીવાર જાંબુરો રંગ માલમ પડેછે તેનું કારણ માંતર એટલુંજ કે જેવારે તેને ગરમ પાણીમાં નાંખી મારી નાખેછે તેવારે તેનો થોડોક રંગ ઓગલી તેને વલગેછે. એ કીડાનો જાતી રંગ જાંબુરોછે પણ તેને રાતો કરવાને માટે કલાઇનાં એક ખાર શાથે ભેલવામાં આવેછે.

કીરમજ કપડાંને રંગ આપવામાં કામ આવેછે. તે બે જાતની થાએછે. એક જાતની ઊપર રૂઆં થાએછે જેમાંથી સરસ કીરમજી રંગ નીકલતો નથી પણ તેનો રંગ ફીકો નીકલેછે. એ જાતના કીડાને રૂઆંને લીધે વરસાદ અને તોફાંનથી કાંઈજ અ

ડચાણ થતી નથી પણ રૂઆં વગરની જાતનાં કીડા એ જથાબંદ નાશ પામેછે, તેથી એ હલકી કીસમનાં રૂઆંદાર જાંનવર પુશકલ મલી આવેછે. એથી કરી બેઊ જાતમાં ભાવનો પણ ઘણો તફાવત રેહેછે અને હલકા ભાવની ચીજનો જેમ વધુ ખપ થાએછે તેમ એમાં પણ બનેછે. વેલાએતમાં દર વરસે વીશ લાખ રતલ કીરમજ બાહેરથી આવેછે અને સીતેર હજાર કીડાઓનુ વજન એક રતલ થાએછે. કીરમજ વેચનારાઓ કાવતરૂં કરી સારો નફો મેલવવા માંટે સારી ઊંચી કીરમજ લેઈ તેને ગુંદરનાં પાંણીમાં મેલવેછે અને પછે તેને "સલફેટ આવ બારીટા" નાંમની દવાઇ સાથે ભેલી તેમાં હાડકાંનો ભુકો ભેલેછે જેથી તે દાંણાંદાર કીરમજનાં જેવીજ માલમ પડેછે. આ રીતનું કાવતરૂ પકડવાને માંટે સેહલો ઊપાએ એજછે કે તેમાંની કીરમજ જો પાંણીમાં નાંખી હોએતો તરત તેનો રંગ ફેરવાઇ જાએછે અને તરકટ માલમ પડી આવેછે.

ખુદરતની નજીવામાં નજીવી જાંનવરો પેદાએશ કીડા ગણવામાં આવેછે, તે પણ પોતાનાં ઊપીઓગથી ખાલી નથી. તે ઈનશાંનને ભાંત ભાંતનાં રંગનાં કપડાં પેહરાવેછે અને કહીને લજવાવેછે કે "અએ મગરૂર ઈનશાંન, જોકે હું નજીવો કીડો છેઊ અને વારંમવાર તું મને પગ તલે કચડી ધીકારી ચાલી જાએછે; તોબી મારી ગરજથી તું ખાલી નથી."

---

## "જાતપર ભાત—કામરપર ડીબાં."

### સોરાબશાહ તથા સીરીન વચે વાતચીત.

**સોરાબશાહ**—કેમ શીરીન પેલો વરઘોડો કે હવો નીકલેઓ તે તમે વાંચીઓ ?

**સીરીન**—અરે વાંચુ શું, વાંચીઆની આગમજ મનેતો સરવે ઠેકાંણેથી ખબર થઈ કે સેરનો સવા સેર સજડ મલેઓ; પેલી બેમાની એકતો છટકી ગઈ, પણ બીજીનેતો ખુબ ચાનક લગાડી અને આખો એક માસ તુરંગ મધે ઘાંઘવાનો ઠેરાવ થએઓ.

**સોરાબશાહ**—જો ખરૂં પુછોતો આ સીખશા પેલી કમઅકલ ઓરતનાં કરતુક સાથ સરખાવતાં કાંઈજ નથી—કારણ હાલનાં "પીનલ કોડ" એટલે અપરાધીઓને માંટે કાહાડેલા નવા કાએદા પરમાંણે આતો હલકામાં હલકી સીખશાછે. વલી હાલનાં ચાલાક દેશી માજીસતરેટે ફોજદારી અદાલતમાં પારસણને પેહલ વેહલી આવેલી જોઈ રેહેમ રાખી ન હતેતો વાત ભારે વધી જતે.

જુઓ ૧૯ મી સદીનાં સુધારાની અસર પારસીની બેરડ ઓરતો ઊપર કેહવી થાએછે ! "જાતપર ભાત—કામરપર ડીબાં" એ કેહવત તેઓને આ બેહુબ લાગુ પડેછે. કેમ સીરીન ખરૂં કની ?

**સીરીન**—હુંતો કાંઇ સમજતી નથી; તમે બોલીઆ કે જાતપર ભાત અને કામરપર ડીબાં, પણ એનો અરથ શું ?

**સોરાબશાહ**—મોરા બાવા અથવા ચોરાં માએને મોહડે તમે એ કેહવત વારંવાર સાંભલી હશે. એનો અરથ એવો થાએછે કે એક જાત વાલા એટલે સારાં કુમાસદાર કપડાં ઊપર રંગનાં છાપ મારસોતો કેહવી ભાત—એટલે તરાંહુ બીરાજી નીકલશે ! પણ કાંમરી, ધાબરી, અથવા ગુણપાટ ઊપર તેવીજ રીતે છાપ મારવા જાઓતો શું બનશે ? એવા ખબરાએલાં કુમાસ ઊપર તરાંહનો બીલકુલ ઊઠનાર નથી પણ ઊલટાં બેદોલ ડીબાં અથવા ચકરડાં પડી રેહશે. એજ પરમાંણે આએ કેહવત સાબેત કરેછે કે જેમ એક હાત ઊપર સારાં કુમાસનું કપડું અને બીજા હાત ઊપર ખબરાએલી કાંમર, તેમ એક બાજુએ સારાં સલુકની અને સજાત ઓરત, અને બીજી બાજુએ ખબરાએલી ચાલની એટલે કમઅકલ અને બેરડ ઓરત છે. એક સારાં કુમાસનાં કપડાંની સપાટી ઊપર સેહલાઇથી તરાંહ ઊઠે—તેમ સારાં સલુકની ઓરતનાં મન ઊપર સેહલાઈથી નીતી ગુણની અસર ઊપજે. એથી ઊલટું, કાંમરીની સપાટી ઊપર છાપની તરાંહ ઊઠે નહી, તેમ કમઅકલ ઓરતનાં મગજ ઊપર સારી વાતની અસર થાએ નહી.

**સીરીન**—પણ કમઅકલ અને બેરડ ઓરત એ નામ તમે કોણને લાગુ પાડોછ, એનો અરથ ખોલો પાડી જણાવોતો બરોબર સમજાણ પડે—એજ બોલમાં તમે મનેબીતો નહી સંદોવવા માંગતા હોવો ?

**સોરાબશાહ**—જે, ઓરતો પોતાની ફરજો શું છે તે સમજતી નહી હોએનો તેવી ઓરતોને આ નામ લગાડવામાં કાંઈ ખોટું નથી. મા બાપ તરફ, ભરતાર તથા તેનાં સગાં તરફ, બચાં તરફ, પાર પડોશી

અથવા ભરભાહુત તરફ, અને સરવેમાં અગત કરી ખોદા તરફ, પોતાની ફરજો કેહવીછે તે જાણે અને બજાવે તે નેક અને સજાત ઓરત કેહવાએ; પણ તેથી ઊલટું ઊપલી ફરજો જાણે નહી અથવા જાણીઆ છતાં તેવી ફરજો તોડે તે ખરી કમઅકલ અને બેરડ ઓરતનાં નામને લાએક થડે. તમે પણ સીરીન, કોઈ કોઈવાર સરીઆંમ તમારી કેટલીક ફરજો તોડતાં દીસીઆં છેઓ—તે દાહાડે ગુસાથી તમારો માજાજ ગીઓનો તેઆરે, મને પણ થોડા વાંકા સખુનો બોલીઆં હતાં. ખરેખર જોશોતો, તેથી તમે પણ ભરતાર તરફની તમારી ફરજ તોડીઆ બરોબર કીધું હતું, પણ પાછલથી મનમાં પસતાવો કરી સલુકાઈ પકડી તેથી તમારી રીત, મને પસંદ પડીછે તેથી હું પેલો એલકાબ કાંઈ તમુને લગાડવા ચાહતો નથી.

**સીરીન**—હું ધારૂંચ કે શીવવા, ભણવા ઊપર ઓરતોની સલુકનો આધાર ઘણોજ રેહેછે—કેલવાએલી ઓરત પોતાની સરવે ફરજો સારી રીતે શમજેછે.

**સોરાબશાહ**—હા, તમે કહેઊં તે ખરૂં, પણ ઓરત વાંચવા, લખવા, શીખેલી નહી હોએ, તોબી સજાત થઈ શકેછે. પેલી ઘાતકી ઘરવાલીઓ જે પોલીસ મધે નામોસીથી ચહડી હતી તેઓ ચાહનેતો, સજાતપણું સાચવી શકતે; પણ પાર પડોશી અથવા ભર બાહુત તરફની તેઓની ફરજ ઊપર ઢાંકણ વાલીઊં તેથી શેવટે રૂસવા થઈ અને શેવટે એમાંની એકને તુરંગમાં ૩૦ દાહાડા વેર ધાંધી મજુરી કરાવવાનો હુકમ મલેઓ. અફશોસ, એ બીનાં પારસીની કોમનું જેબ જાંહખું પાડે એમાં શક નહી.

**સીરીન**—(દલગીર થઈને) અરે, પણ એ પરમાંણે જો આપણી કોમને હીણું લાગતું હોએનો હું ધારૂંછ કે એવી બાબદો સતાવાલાઓની સાંમણે નહી જાએતો વધારે સારૂં; નહીતો, એવા દસ બાર દાખલાઓ જો કદાચ નીકલી આવેથાતો પારસીની કોમની કીરતી ઝાંખ મારી કાલી થઈ જશે—અને પુરવ તરફના સરવે પરજાઓમાં પારસીઓએ જે નામ મેલવીઊંછે તે લુટાઈ જશે એમાં શક નહી.

**સોરાબશાહ**—વા, સીરીન તારીબી અકલ મેં જોઈ લીધી; તારી રીત પરમાંણે ચાલેઆ હોએતો, કમજાતપણાંનો અથવા બદીનો બંડેલ વધી જતાં વાર લાગે નહી. શું અપરાધ કરનારી ઓરતોનાં કરતુક છુપાવી નાખવાં જોઇએ, અને તેઓને ઘટતી સીખશાએ પોંહોંચાડેઆ વીનાં જતી મેલવી જોઈએ? આ ખરાબ રીતથી કેટલો ગેરફાએદો થાએછે! એક ઓરત જો દુશટ કરમ કરતાં છતાં છટકી ગઈ તો, બીજી તેવીજ ઓરતો પણ તેમ કરવાની બેધડક છાતી ચલાવેછે. પણ જો તેઓને ઘટતી સીખશાથી ચાનક લગાડી હોએનો બીજીઓ, નામોશીથી ડરીને, તેવું કરવાની હીમત કરતી નથી. વલી જો ઓરતને લગતો એકુ નામોસી ભરેલો દાખલો બનીઓનો, લગતા વલગતા તથા સગાં વાહલાંઓ, આંખ વીચાંમણી અને હાત દબામણી કરી, ઢાંક પીછોડો કરવાને બનતી કોશેસ કરેછે; એ કેહવું શરમ ભરેલું !

**સીરીન**—હા, નહીતો પછી, પેલી અપરાધ કરનારીનેનો અદાલતમાં ઘસડે એટલુંજ નહી પણ બીજી સાત પાંચ લાએકી વાલી અથવા આબરૂદાર ઓરતોનેબી સાહેદી ગોવાઈ પુરવા જવું પડે—નારે માએ એતો ભારે શરમ અને કંટાલા ભરેલું; કોઈ જોએ કે સાંભલેતો ખરાબ લાગેઆ વીના રેહ નહી, કે આએ સાહેદી ગોવાઈ પુરવા આવેલી ઓરતો પણ ભુંડીજ હોશે.

**સોરાબશાહ**—એવું ધારનારાં તમો બઈરાંઓ કેહવાં, બેઅકલી છેઓ! સચાઇની ખાતરસર ઈનસાફનાં પવીતર ઘરમાં જવું એ શરમ અને કંટાલા ભરેલું! તમો ઓરતો, વારંવાર કેહવી નકારે ઠેકાંણે ભટકતી પકડાઈ છેઓ—ભુલેસવર અથવા મંબાદેવીનાં દેહડાંઓમાં—મોકમાવલીનાં દેવલમાં—બરાંમણો અથવા, ગોરજી અથવા, સેવરાઓને ઘર—મુસલમાનોની મસજીદમાં—અને પીરોની દરઘાહઓમાં ઈતીઆદી ઠેકાંણે વેહેમોથી આંધલી બની, રાત અને દીવસ, ભટકતાં અને ખોહાર થતાં શરમ અથવા કંટાલો નથી લાગતો? વલી સચાઈને ટેકો આપવો એ દરેક માંણસની ફરજછે પણ તેમ કીધાને બદલે તમો વેહેમ અને હીચકારાપણાથી તેને દાબી નાખોછ એ કેહવું ઘુના ભરેલું હશે?

**સીરીન**—હા, તમે કેહેવોછ તે ખરૂં; પેલી ઘાતકી ઘેર વાલીઓની સાંજે, ફરીઆદ થનારાઓની હીંમત ઊપર હું ભારે, હેરત પાંમુંછ—કારણ એ બીનાથી જુલમી ઘર વાલાઓ પોતાનાં ગરીબ ભર બારૂતો

ઊપર જુલમ ગુજારતાં જરા ડરશે. ઘણાંક બીચારા ગરીબ કુટુંબોને ભાડું આપતાં છતાં ભારે દોર ખમવો પડેછે.

**શોરાબશાહ**—સીરીન, વલી તમે જાણોછ, સરવે ધરમોનાં કાનુનોની મુખીંઅ કલમોમાં કેહેછે કે "જેમ તમે પોતાને ચાહવો તેમજ, તમારા પાર પડોશોઓને પણ ચાહવો"—એટલે, બને તેહાં સુધી તેઓનુ ભલું ઇછો તથા કરો. હવે જુઓ, પેલી પડોસણોએ અને એકજ ઘર મધે રેહેનારીઓએ (ઘરવાલીઓ થઈતો શું થઈશે) પોતાની પડોસણ અથવા ભારૂતણી ઊપર કેહેવો ચાહ બતાવીઓછે ! તે બીચારીને, લાત મારી દાદર ઊપરથી ગગડાવી મુકી, જેથી તે જખમી તથા બેહોશ થઇ હતી, અને તેણીનો જાન પેહલ વેહલાં ધાસતીમાં હતો, એમ ડાકટર પણ પોતે કબુલ કરેછે. હવે પારસી લોકોની હીચકારી રીત પરમાંણે એવું ધારીઆમાં આવાશે હતું કે આ પણ અપરાધ કરનારીઓનાં ઘાતકી કામ ઊપર ઢાંકપીછોડો કરીઆમાં આવશે પણ મને કેહવાને ભારે ખુશી ઊપજેછે કે ઘટતે મારગે તેઓને સીખશા કરવામાં આવીછે. ડાકટરની મુખજુબાની ઊપરથી તેઓમાહેલી એક ઓરતનો અપરાધ ભારે વજનદાર અને અગતનો લાગાથી માજીસટરેટોએ મોટી કોરટ મધે તે તપાસને માંટે મોકલવાની તઇઆરી કીધી હતી, પણ હાલના ડાહપણવાલા દેશી માજીસટરેટે જરા રેહેમની નજરથી તે મુકદમાને ટુકમાં ચુકવી નાંખીઓ જે મધે એકજ જણી ઊપર અપરાધ સાબેત થએઓ, અને બીજી ઊપર સાખશી બરોબર નહી પડેઆથી તે છટકી ગઈછે.

**સીરીન**—એવા, અને બીજી જાતના વાંકને સતાવાલાઓની સાંમે ઊઘાડા મુકવાને મેહેનત, પઈશા અને હીમત, એ તરણ જોઇએ, નહીતો કોઈ ગરીબ બીચારૂ માણસ હોએ તે કાંહ ફરીઆદ કરવા જાએ ?

**શોરાબશાહ**—હા, હીમતતો જોઈએ; પણ પઇસાની કાંઇ ઘણી જરૂર નથી, ગરીબોની તરફથી સરકાર પોતે ફરીઆદ ઊઠાવેછે, અને ઘટતી તપાસ કરેછે. એવી હીંમત પારસીઓમાં વારંવાર દીસેતો કેહવું સારૂ !—કમજાત પારસણો વારંવાર ગુસાના ઘેલાપણામાં જેહેર ખાઇ આપઘાત કરેછે, અથવા બીજાંઓને જેહેર દેછે, ઘરસંસારના કુધલા ઊપરથી જરા જરામાં કુવા તલાવ પુરેછે, વેહેમને લીધે ચીટી દોરા તથા ધુતમ ઘાતમ કરેછે. એવા નામોશી ભરેલા બનાવો આપણે વારંવાર સાંભલીએછ તથા નજરે પણ જોઈએછ, પણ અફશોસ, હીમત ધરી કોણ બાહેર પડેછે અને એવા તેઓના અપરાધનો અટકાવ કરવાની કોશેસ કોણ કરેછે ! એવાં કાંમો હીમતથી બેધડક ઊઘાડાં પાડવાં, એ મેં ઊપર કહેશે તેમ દરેક માંણસની ફરજછે, પણ આપણા પારસીઓ તેમ કરવાને હીચકારાપણુ બતાવેછે, એ ભારે દયા ઊપજાવનાર વાતછે. માંટે હવે સીરીન કેહો જોશે "જાતપર ભાત અને કામરપર ડીબાં," તે શું અને તેવાં ડીબાં કેહાં પડેછે ?

**સીરીન**—હા, હું સમજી, કમઅકલ માણસો ઊપર સુધારાના છાપની અસર થતી નથી, તેથી તેઓનીજ ઊપર ડીબાં પડેછે.

---

## અંજાણપણે થતા અવગુણો.

### મરણ કાંઠે આવેલાં માંણસને જલદીથી નહવાડી નાખવાની માંઠી ચાલ.

આપણા પારસી લોકોમાં એક ઘણોજ ખરાબ અને ઘાતકી રવઇઓ ઘણું સુધીનો ચાલતો આવેછે, તે એછે કે, મરણ કાંઠે આવેલાં માણસમાં દમ હોએછે એટલામાં તેને ચોખું કરવાનાં વીચારથી નહવાડી નાખેછે. જોકે એકગમથી તેઓને મનસે તેઓ સવાબ કરેછે, પણ વારેઘડીએ બીજી તરફથી જોબરાબર બોલીએનો તેઓ ખુન કરેછે. જે શખશ દરેક કોઈ આદમીની જીંદગી માહેથી જાણી બુજીને ઈઆ અંજાણપણાથી અરધો કલાક, બલકે પાંચ મીનીટ પણ કમતી કરેછે, તે શખસે ખોદાનાં ઈઆ માણસનાં કાએદા પરમાંણે ખુન કીધું એમ કેહવાએછે. હવે જો અંજાણપણાથી મરતાં આદમીને નહવાડી નાખીઆથી અરધો કલાક જલદીથી મરણ પાંમેતો ખુન થયું એમ કેહવાએ. આપણા લોકો એ પરમાંણે અંજાણપણે ઘણી વખતે ખુન કરતાં હશે તેમાં કાંઈ પણ શક નથી, અને તેનો જવાબ ખોદાની દરગાહમાં તેઓને દેવો પડશે.

મરણ કાંઠે આવેલાં આદમીને ઊચકીને ખુરસી ઊપર બેસાડીને નહવાડીઆથી તેનામાં જરા પણ વધુલગી દમ ચાલવાની વકી હોએછે તેનો તરત

આંકી આવેછે; લોહીનું દોડવું એકદમ બંધ થઇને જાંન કબજ થાએછે.

મરવાતોલ થએલું આદમી ઘણી વેલા મોહોતના શુંદા માહેથી બચી જાએછે તેના દાખલા આપણે વારેઘડીએ જોઈએછ અને સાંભલીએછ; પણ જારે એ પરમાંણે અજબ ખુબીથી જીવ જાણે ગએલો પાછો આવેછે, તારે શું આપણે છેલી ઘડી લગી જીવ બચાવાનો ઊપાએ નહી શોધસું, અને હરેક ચીજ કીધાથી નુકસોની થાએ તેથી દુર રેહેવાને આપણી ફરજ નહી સમજસું? જાંહાંસુધી ઘાંટીમાં જરા પણ દમ હોએછે તાંહાંસુધી ડાકટર પોતાના ઊપાઓ લાગુ પાડવાને મુકતો નથી; કાંએક તેણે વારેઘડીએ જોઈઊંછે અને વાંચીઊં પણ છે કે માણસો કેટલી વખતે અજબ રીતે નુજીવન થએલાંછે. તારે શા માટે આપણને બરાબર વખત સુધી થોભવું નહી જોઈએ? થોડી ઘડીની ઊતાવલ કીધાથી શું મોહોટો ફાએદો થાએછે? એથી ઊલટો વારેઘડીએ અવગુણ થાએછે.

એ રવઈઓ એટલા સુધી ચાલેલોછે કે વારેઘડીએ ડાકટરને પુંછવામાં આવેછે કે, જો હવે કાંઇ પણ આશા નહી રહી હોએતો તેવો આજારીને નહવાડી નાખે. જો ડાકટર પોતાની ખરી ફરજ સમજીને કાંઈ પણ રીતે આજારી માણસને ઊચકવા ઈઆ હીલવવાને મના કરેછે, તો પછી તેની ઊપર ગાલેનો વરસાદ વરસાવેછે, અને જો તે ડાકટર પારસી હોએછે, તો તેવો ધરમ દુબાણી અને પોતાનો ધરમ સમજતા નથી એમ બોલેછે,—ડાકટરનો ખરો ધરમ પોતાની ખરી ફરજ બજાવવામાં છે, નહી કે, વેહેમી લોકો સાથે પોતે મલી જાએ અને તેથી દરદીને નુકસાંની કરે.

એ બાબદ ઊપરથી એક અગત જોગ સુચના નીકલેછે. વારેઘડીએ આપણા સાંભલવામાં આવેછે, કે આજારી માણસ સારૂં થવા આવેલું એકાએક મરણ પામેછે; અને લોકો અજબ રેહેછે કે એ બીના કેમ બની હશે. જો તપાસ કરશું તો માલમ પડશે, કે તે આજારી માણસ એકદમ જોરથી ઊઠતાં પાછી ડોક નાખી દઈને તરત મરણ પાંમીયોછે. હવે આ જારી માણસ સારૂં થવા આવેલું ઘણીજ નબલી હાલતમાં હોએછે અને તેની નાડી ઘણીજ નબલી ચાલેછે; અને જારે એવી નબલી હાલતમાં તે એકાએક જોર કરીને ઊઠવા જાએછે, તારે લોહીનુ ફરવું એકદમ બંધ થાએછે અને તરત તે ડોકી નાખી દઈને મરણ પામેછે. એ ઊપરથી સમજવું કે નબલાં માંણસે કદી પણ કંઈ જાતનુ જોર કરવું નહી જોઇએ, નહીતો તેનું ખરાબ પરીણામ નીપજે એમાં કાંઇ પણ નવાઈ જેવું નથી.

એ સુચનાં કેટલાંએક દરદોમાં પણ ધેઆનમાં રાખવી જરૂરનીછે. ગુથલી જાતના દીલના દરદોમાં એ સુચના ઘણી અગતનીછે.

કોલારાના બુરા મરજમાં ડાકટર હમેશાં આજારી માણસને ઊઠવાની તદન મનાં કરેછે, અને જે શખસોએ જુદો મુકવો એ અગત જોગ સુચનાને દરકાર કરેઆ વગર હીલ ચાલ કરેછે, તેવામાં દરદનું જોર વધતું જાએછે અને વારેઘડીએ જરા પણ જે આશા રહેલી હોએછે તે ભંગ થાએછે.

જો દરદી આદમીની આ અગત જોગ સુચના પરમાંણે માવજત થાએતો, અલબત ઘણા જણ વગર મોહોતે મરણ પાંમેછે તેમાં ખચીતથી ઘટાડો થાએ તેમાં કાંઇ પણ શક નથી.

## પાંચ ટપાનો એક પરવત તથા તે દરેક ટપા ઊપરની તખતીની તાસીર.

એક દોલતમંદ પુરૂસને મુસાફરી કરવાનો સોખ હતો, તે સોખ પુરો પાડવા સારૂ, તે દેશેદેશ ફરવા નીકલીઓ. ઘણાએક મુલુકો જોઈને પાછો પોતાંનાં વતન તરફ આવતો હતો, તેવામાં રસતામાં એક ઘણોજ ઊંચો પાહાડ તેને નડીઓ તે પાહાડ એવો હતો કે તેપર ચડવાની કોઈની હીમત થાંએ નહી; તોપણ તેનાં દેખાવથી જોનારનાં મન ઊપર કોઈ અજાએબ અસર થતી હતી આપણા મુસાફરે ઘણીએક અજાએબી જોએલી હતી; તોપણ આએ જુદીજ તરાંની અજાએબીથી વાકેફ થએઆ વગર, ઈઆને આએ પરવત ઊપર ચડીને તેની તપાસ કરીઆ વગર, તેને ઘેર જાવું દરૂસત ધારીઊં નહી. તે હીમતવાન હતો એટલુંજ નહી, પણ કલાની કુંચીનો ધરાવનાર હતો, તેથી ખોદાનુ નામ હોટપર લેઈને ઊપર ચહડવા લાગીઓ. ઘણાએક દીવસોની મુસાફરી, રંજ અને મુસકેલીથી કીધા પછે, આખેરે પાહાડને મથાલે તે જાઈ ઊભો. તીઆંથી તેની નજર એક કાલા પથરનાં મોટા તકતા ઊપર પડી, કે જે જોવાને તે તે તરફ ચાલીઓ. તે તકતા

ઊપર નીચે લખીઆ મુજબનાં મોટા તથા ઊંડા લેખ કોતરેલા હતા.

"પેહલો દરજ્જો અંતકરણનોછે."

આ લેખોને તેણે પોતાની સમરણ પોથીમાં ઊતારી લીધા, તથા પોતાની મેહેનતનું આવું સારૂં ફલ મલીઊ, તે વીસે તથા ઊપલા સબદોની ખુબી વીસે ઘોર કરતો, પેલા પાહાડની બીજી બોરદુએથી નીચે ઊતરતો થાએઓ. બીજી બોરદુએથી ઊતરવા માંડીઊ તેનો સબબ એ હતો, કે જે બોરદુએથી તે ચહડીઓ તે એવીતો બીકટ હતી, કે તેનાથી નીચે ઊતરાઈ સકાતેજ નહી, અને વલી બીજો સબબ એ હતો, કે એક બોરદુની રચનાંનો તેણે જોઈ લીધી હતી, હવે વલી બીજીની જોવામાં આવેતો સારી, અને ખરેખર તે બોરદુની રચના જોવા લાએકજ હતી. તે મુસાફરે મથાલાં ઊપર ઊભો રેહીને, નીચલાં મેદાન તુલીક નજર પુગાડી, તો જુદી જુદી પાંચ પગતી અથવા ટપા દીસીઆ.

દરેક ટપો એક એકની ઊપર ગોઠવાએલો હતો, તથા જે જગોએ તેણે ઊપર જણાવેલા લેખ વાંચીઆ હતા, તે જગા ઈઆને મથાલું તે પેહેલો ટપો હતો. હવે પેલો મુસાફર ઊપર કહેલા પેહલા ટપા ઊપરથી ઊતરીને બીજા ઊપર આવી લાગો તેવારે તેની નજર એક બીજી તખતી ઊપર પડી, કે જેની ઊપર નીચે ટાંકેલા હરફો હતા.

"બીજો દરજ્જો તંદરોસતીનોછે."

આ બીજા ટપા ઊપરની નસીએતનેથી પોતાની પોથીમાં ઊતારી લીધી તથા તે ઊપર ઘરતો વીચાર કરીને તેણે તરીજી તરફનો રસતો પકડીઓ. તરીજે ટપે પણ તેની નજર એક તખતી ઊપર પડી કે જેનો ભરમ નીચે મુજબનો હતો.

"તરીજો દરજ્જો સંસાર સુખનોછે."

આ ખીનાને પણ પોતાની ઈઆદીમાં દાખલ કીધા પછે તથા તે ઊપર વમાસન કરતો આપણો મુસાફર નીચેના ચોથા ટપા તરફ જાઈ પુગો, તીઆંપણ જોએછેતો એક તખતીછે કે જેની તાસીર નીચે મુજબછે.

"ચોથો દરજ્જો વીદીઆ એલમનોછે."

આ અમુલીખ વાકીઅને આગલની મીસાલે સમરણ પોથીમાં લખીને તેણે બાકી રહેલો ટપો ઊતરવા માંડીઓ, આખેરે પાંચમો ટપો પણ આવીઓ અને તેઆંની તખતી ઊપર આ સબદો તેણે વાંચીઆ.

"પાંચમો દરજ્જો દોલતનોછે."

આ નસીએત પણ તેની ઈઆદીમાં ઊતારી અને પછે પોતે જે કાંઈ જોઈઊં હતું તે ઊપર દરીઆફ કરતો પોતાને દેસ જાઈ લાગો.

ઘેરે જાઈને તેણે પોતાંની મુસાફરીનો હેવાલ જાહેર કીધો, તે મધે મુખીઅ આ ઊપર કહેલા પરવતનાં પાંચ ટપાઓની અજાએબીનુ બએઆંન આપીઊં એટલુજ નહી પણ તે દરેક તખતીની ખોના ઊપર જુદા જુદા પંદીતોએ ઊપદેસ ભરેલા રસાલા લખીઆ કે જેઓથી આદમી જાતનાં હકમાં બહુ ફાએદો થાએઓ.

---

## આજારી માણસને માટે સેરવો કેમ બનાવવો.

આપણા લોકોમાં હાલ જે રીતે સેરવો બનાવવામાં આવેછે તે તદન નકાંમોછે, અને જે કાંમને માટે તે આજારી માણસને આપવામાં આવેછે તે મતલબ પુરો પડતી નથી. આપણા લોકો પેહેલાં ગોસતને સારીપેઠે ચોલીને ધોએછે, તે એવા વીચારથી કે સઘલી નજીસી, નીકલી જાએ અને વાસ નહી મારે, પણ આ જેવી ભુલ તેવો બીજી કોઈ પણ કરતાં નથી. ગોસતને ઘોવુ અને તે પાણી નાખી દેવું, એટલે તેનો સઘલો કવતમંદ કસ કાહાડી નાખવા બરાબરછે. ગોસતનો કવતમંદ કસ થંડાં પાણીમાં જલદીથી પીગલી જાએછે, અને પાછલથી તેના સાકટ માતરે રહી જાએછે તેમાં કવત ઘણુજ થોડુ રેહેછે. એ શીવાએ સેરવો બનાવતાં બીજી મોહોટી ભુલ કરવામાં આવેછે. પેહેલાં ગોસત અને પાંણી સાથે નાખીને ઊકાલવા માંડેછે. તેનો કસ ગરમીથી જલદીથી બંધાઈ જાએછે, તેથી પાંણીમાં પીગલતો નથી. જો ગોસતનો સેરવો આજારી માણસને કવત આપવાને માટે બનાવતાં હોએતો આ નીચે પરમાણે ચાલવું; અને એમ નહી સમજવું કે એવાં નવાં કોટકમાં કોણ પડે.

પેહેલાં ગોસતને ઘોયા વગર તેના બારીક કટકા કરી ચરબી કાહાડી નાખવી, અને તે કુએ તેટલું થંડું પાણી નાંખી તેમાં નજદીક બેથી તરણ કલાક લગી બોલી રાખવું.

એમ કીધા પછે તે પાંણી સુધાં ચુલા ઊપર મુકવું અને ધીમી આંચે ગરમ કરવા માંડવું. એ વખતે વજન પરમાણે નીમક, આખાં મરી, તજ, આદુ, ઈતીઆદી નાખવું. ઘણીજ ધીમી આંચ લગાડવી, અને જેમ તે ગરમ થતું જશે તેમ પેલાં ગોસત માહેથી બીજો કસ નીકલતો જશે અને પાણી કમતી થશે. નજદીક અરધો અરધ પાંણી રેહે એટલે ચુલા ઊપરથી ઊતારવું અને થંડુ પડવા દેવું, પછી ગાલીને આજારી માણસને પાવું. એ સેરવામાં ગોસતનો સઘલો કસ આવશે અને આજારી માણસને ઘણોજ કવતમંદ માલમ પડશે. એ સેરવો કાંઈપણ અડચણ કરતો નથી. જે રીતે હાલ સેરવો કરવામાં આવેછે તે પાએઆથી આજારી માણસને પેટ આવેછે અને અવગુણ કરેછે, પણ ઊપર જણાવીઆ પરમાણે બનાવેલો સેરવો પેટ લાવતો નથી.

**ડાકટર લીબીગનો ધારો સેરવો** પણ એવીજ રીતથી બનાવવામાં આવેછે. તે ઘણા દાહાડા લગી ખરાબ થતો નથી; અને એક ઊંશ નજદીક પાંચ સાત રતલ ગોસતનુ કવત ધરાવેછે; એટલા માટે તે આજારી માણસને ઘણો ઊપીઆગી થઇ પડેછે. જારે જોઈએ તારે એક મીનીટમાં સેરવો તઇઆર થઈ સકેછે. જો લીબીગના સેરવાની એક ચમચી લઈને તેમાં એક વાઈન ગલાસ ગરમ પાંણી નામીઊં હોએતો એક વખત લઇ શકે એવો કવતદાર સેરવો બનેછે. તેમાં જરા નીમક નાખવાની જરૂરછે, અને પસંદ પડેતો સવાદને માટે જરા મરી પણ ભભરાવવાં. એવા રીતે બનાવેલો સેરવો આજારી માંણશને દાહાડામાં તરણ ચાર વખત આપવો.

---

## ઈંગલંડમાં એક પારસણની મુસાફરીનો હેવાલ.

લખનાર

**એક પારસી બાંનું.**

(જેણીએ સને ૧૮૬૨ માં મુસાફરી કીધી હતી.)

કાગજ ૨ જો.

**મારી વાહાલી બેહેન,**

હવે મારાં ગએઆં કાગલમાં લખીઆ મુજબ હું તમને થોડુંક કાંઇ લંડન વીશે લખવાની રજા લેઉછું. પણ તે સરૂ કરવાની આગમચ હું એટલું કેહવાની છુટ માંગુછું કે મારી એવી મરજી તથા શકતી નથી કે હું ખરેખરૂં લનડનનું બેઆન કરી શકું. મરજી નથી એ સબબથી કે મારા કરતાં ઘણે દરજે મહતાં ગ્નાન સીખેલા આદમીઓ એનું ઘણું સારૂં બેઆંન આપી ચુકીઆછે તેથી તેઓનાં પુસતક વાંચીઆંમો આવેતો બસછે, અને જે વાંચવાની હું તમને ઘણીજ ભલાંમણ કરૂછું; પણ આ ભલાંમણ કરતા મને એક આચકો લાગેછે કે એ બાબતનાં સઉથી સારાં પુસતકો અંગરેજી ભાશાનો લખેલાંછે તે સબબથી આપણી બેહનીઓને વાંચવાને બનતું નથી. વલી આપણી કોમની ઘણીખરી બાઇઓ કાંઇ જુજ ગુજરાતી ભાશાની માહીતગારી સીવાએ બીજી પારકી ભાશાઓ અને અગતની બીનાઓ ભણવાથી ઘણીજ બેનસીબ રેહલીછે. પણ એ બાબતપર શેઠ ડોશાભાઈ ફરાંમજી કરાકાએ ગુજરાતીમાં રચેલું પુસતકબી ઠીકછે, અને તે હું તમને વાચવાની ભલાંમણ કરૂંછું. વરણન કરવા સરવ બાબતો પુરતી જણાવાને ઘણી મેહેનત પડેછે તેની વસતી તથા અશંખીઆ અને ચીજો વીશે પુછપરછ કરવી પંડેછે. એ સંધું પણ હું મોહોટી ખુશી સાથે મારી પેઆરી બેહેનીઓના વાંચવાના ફાએદાનાં સબબથી કરતે પણ કમનસીબે હમને વખત ઘણોજ ટુંકો અને તેબી રોકાએલો હતો.

એ વતરોગે અમોને જોવા જવાનું પુશકલ હતું તેથી અમારેથી કશું બની સકીઉં નહી, પણ એથી તમો નાસીપાએસ નહી થઈ જશો. અલબતે મારી નજરે જે જે પડીઉં છે તે ચીજો વીશે હું માહારા બીજા કાગલમાં લખીઆ કરીશ અને મને આશાછે કે એ વાંચીઆથી તમને થોડાં ઘણો આનંદ ઉતપન થશે અને કદાચ એ દુરનાં દેશો જોવાને તમારીબી ઇછા થશે. આપણી બાનુઓનો પોશાક કે જેની ઉપર અતરે કસી નોધ થતી નથી તે પારકા લોકોમાં કેવો નવાઈ ભરેલોછે, તેનો નમુનો હમોને સાઉથેમપટનમાં ઉતરતાંજ માલમ પડીઓ. હમોને તાંહાંના એક મેહેલ જોવા આગની ગાડીનાં સટેસન ઉપર આવતા વાર લાગી નહીં, તેટલામાં અમારી આસપાસ આદમીઓનું એક મોહોટું ટોલું ભેગું થવા માંડીઉ અને તેઓ દરએક તાજુબી ભરેલાઓ હમારા પોશાક જોવા મંડીઆ. પેહલાં થોડા દીવશતો હમારી ઉપર આ રીતે તાકીને જોવાથી તથા આ પરમાંણે હમારૂં મુલ થવાથી હમને ઘણું ખરાબ દીસવા લાગીઉં, પણ આસતે આસતે જારે હમે વીચાર કરીઓ કે આવી મોહોટી વસતીમા સઘલાને જારે એકજ જાતના પોશાક જોવાની આદત પડેલી હોએ તીઆરે આવો એક જુદીજ તરેનો દેખાવ મલેતો અલબતે નવાઈ ઉપજીઆ વીના રેહે નહી, એ વીચારથી હમારી આસપાસ ટોલાં ભેગાં થવાને લીધે અમને તાજુબી કે સરમીંદગી કસી ઉપજી નહી, કારણ કે અમે ધારીઉં કે એવો દેખાવતો અવે સાધારણ થઈ જાશે સાઉથેમપટનના સટેસન વતરોગે બીજાં સઘલાં એ બાજુનાં સટેશનો ઘણાંજ મોહોટાં હોએ છે. દરએક સટેશને ૬ કે ૭ પલેટ ફારમો હોએછે. ને તેના ઉપર કરીસટલ નામના જાડા કાચના છાપરા રેહેછે કે જેમાંથી અજવાલું ઘણું પડેછે. લનડનનો હેવાલ સરૂ કરીઆ આગમજ ઈંગલાનડ વીશે કાંઈ થોડુંક બોલવાની રજા લેઉછું. ઈંગલાનડ, સકાટલંડ ને

આએરલાનડ, એ તરણે દેશોને એકંદર લેતાં તેમને ગરેટ બરીટન તથા આએરલાનડ એવું એક સાધારણ નાંમ આપવામાં આવેલુંછે. ઈંગલાનડ અને સકોટલાનડ સાતે જોડાએલાંછે પણ આએરલાનડ એ એક છુટો ટાપુછે. લનડન ઈંગલાનડનું પાએતખત શેહેરછે. ઈંગલાનડના બીજાં ઘણાં શેહેરોછે જેમકે સાહુથેમપટન કે જાંહાં હમો પેહલાં ઉતરીઆં હતાં, એ પણ, ઘણું સરસછે. જારે હમો સાહુથેમપટનથી પેહેલાં આગની ગાડીએ લનડન ઉતરીઆં અને તીઆંના એક "રીજેનટ સ્ટ્રીટ" નામના મોહોટા રસતા ઉપરથી ગાડીની સેલ કરી જોઈ, તારે હમો આશચરીઅ પામીઆં. તાંહાંના રસતાની ઉપર ગાડી ઘોડા અને આદમીઓની એટલીતો ભીડ હતી કે, મુંબઈના કોઈ સરસમો સરસ મેલાને દીવસે એટલી ભીડ નહી થતી હશે. એ બોહલી વસતીનાં ગાડી ઘોડાનાં ભારનાં સબબથી તીઆંનાં ઘણાખરા રસતા પથરના બાંધેલા છે ને એવું કેહેવામાં આવેછે કે કોઈવારતો એવા મકમ રસતા પણ દબાઈ જાએછે. રસતા એટલા પોહોલા રેહેછે કે ગાડીની પાંચ હાર બલકે વતી સહેલથી ચાલી સકેછે. એ વતરોગે વલી પગે ચાલનારા સારૂ બંધે બાજુએ પગતીઓ બાંધેલી હોએછે. રીજેનટ સ્ટ્રીટ સહુથી નામીચો રસતો કેહેવાએ છે, જેવો કે આપણો કોટનો ચરચ સ્ટ્રીટ. બીજું એ સઘલી મોટી ગલીઓ હોવાથી રસતાઓનો દેખાવ ઘણોજ રલીઆમણો લાગેછે. ઘણું કરી તે રાતને સમે જો કદાચ તમે તાંહાથી જતા હોવ અને નીધા કરીને જુવોતો આજુબાજુ ગીઆસ લાઈટનાં દીવા બલતા અને થોડીઘણી ભીડ કમ થએઆને લીધે સંધું જીવને આનંદ અને ખુશકારક દેખાએછે. લનડનમાના શઘલાં ઘેરોની બાંધણી એકજ સરખી, મોહોટી મોહોટી ચેલીઓ, કાંઈ આપણી મુંબઈની ચેલીઓની માફક લાંબી ટુંકી નથી રાખવામા આવતી. લનડન જેવા મોહોટા શેહેરમાં દરએક ગલી તથા રસતાને જુદા જુદા નામો આપવામો આવેછે ને એવું કરવાનાં કારણ ઘણાછે. વસતી ઘણી ખોહોલી પડીઆનાં સબબથી ઘણીવાર એવુંબી બનેછે કે એક ઘરનાં રેહનારાને પોતાના પડોસીનું નામ ખબર નથી. એવે સમએ લોકોનું રેહેઠાણ ઓલખવાને દરએક ઘેરને "નંબર" આપવામો આવેછે કે તે નમબરનાં ઘરમાં ફલાણો શખસ રેહેછે તે ઓલખાઈ આવે. અલબત્તે બેહનો તમને ખબરતો હશે કે આપણા મુંબઈનાં ઘરોને પણ નંબર હોએછે, પણ હીઆંતો એ નંબરોનો ઉપીઓગ કર એકઠો કરવાનાં કારણ સીવાએ બીજો કંઈ નથી. દુકાનોતો લનડનમાં પુશકલછે. જે દાહાડે હમે પોહોતા તે દીવશે એ રસતેથી ગાડીમા બેસી સેલ કીધી તો તે રસતાપરની ભીડ તથા એ દુકાનોનો ચમકાટ જોઈ અચરત થએઆં. દરએક દુકાનોમાં મોહોટા મોહોટા આખા કાચોનાં બારણા બારીઓ હોએછે અને દુકાનોની અંદર એવી રીતે સામન ગોઠવીઆમાં આવેછે કે બારણે જનારાઓનો જીવ તુરત લલચાએઆ વીનાં રેહેજ નહી, અને જો કદી કોઈ અંદર એવું ધારીને જાએ કે હું કાંઈ નજીવી ચીજજ ખરીદ કરીસ તો તે પોતાની ધારણામો તુરત ઠગાશે, કારણ કે તેની પાસે કાંઈ સુમાર વગરની ચીજો એવી રીતે લાવીને દેખાડેછે અને એવા મધુર શબદોથી તે વેચનારાઓ તથા વેચનારીઓ બોલેછે કે કોઈ કંજુસનો કંજુસ હોએ તેનેથી પણ કાંઈબી ખરીદ કરીઆ વીના રેહેવાએજ નહી. કદાચ તમો એમ કેહશો કે મુંબઈમાંબી સઘલી ચીજો મલેછે. એ મલેછે એ મારાથી ના નહી કેહેવાએ.

તમને મેં ઘરોનાં બાહારનાં આકાર વીશે આગલ કહીઉંછે. હવે અંદરનાં ભાગ વીશે થોડું લખવું સજાવાર ધારૂછું. લનડનનાં ઘરોતો એક ચેલીમાંના સઘલા એકજ તહરેનાં હોએછે. તેમાં ચાર કે પાંચ ઈઆ તેથીબી વધારે માલ હોએછે, ને બબરચીખાનું સઘલાની નીચે, ભોએતલીએ રેહેછે કે જેનો ધુમાડો તથા ઓરડામાંની સગડીનો ધુમાડો કાહાડી નાખવા સારૂં ચીમની (એટલે ધુમાડીઆં) કરવામાં આવેછે. સઘલાં ઘરોમાં ઓરડાઓ નાહાંનાં રેહેછે. એના બે સબબછે, એકતો ઘણી જગા નહી રોકાએ ને બીજું નાહાના ઓરડામાં ઠંડી થોડી લાગે. દરએક ઓરડામા સગડી બાંધેલી હોએછે. (સગડી હમોને નવાઈ જેવી નહી લાગી એ વીશે અમે ઘણીવાર સાંભલેલું તથા વાંચેલું હતું પણ નજરે જોએલી નહી. હમે જે રૂતમાં ગએઆં હતાં તે રૂત 'સમર' કરી કેહેવાતી હતી અને એ તેઓની ગરમીની રૂતછે પણ તેઓની ગરમી આપણી થંડી જણાએછે એથી સગડી કોઈજ વાર સલગાવતાં હતાં પણ એઓની જારે 'વીંટર' ની રૂતુ આવેછે તારે કેહેછે કે સગડી આગલ ઘણી મજા પડેછે.) બીજું ઘરોમાં ઘણું કરીને નીચે લખેલા ઓરડાઓ જરૂર હોએછે. "દરાઈંગ રૂમ" એ ઓરડો સારો સમારેલો ને દોસત દોસતદારો ઓલખાણ પીછાન વાલાઓની સાથે મુલાકાત કરવામાં તથા બેસવાના કામમાં આવેછે. "ડાઈનીંગ" રૂમ—ખાવાનો ઓરડો. "બેડરૂમ" સુવાનો ઓરડો. "લાઈબરેરી" પુસતકખાનું ઈઆ અભીઆસ કરવાનો ઓરડો. એ વગેરે ભોએતલીએ રાંધવાની જગીઆ તથા ચાકર માણસોની બેસવા ઉઠવાની જગીઆ બાંધેલી હોએછે. પાણી સઘલી બાજુપર દારકો ફેરવીઆથી બધે પોહોચતું થાએછે. તીહાંનો પવન ઘણો થંડો ને દુ:ખદાએકછે તે સબબથી સઘલાં બારણાં બારી બંધ રાખવાનો રવઈઓ એટલે સુધી ચાલેછે કે બાહારનો દરવાજો પણ બંધ રાખેછે. કોઈ અંદર આવવાને ચાહાતું હોએતો તેણે બાહારથી ઘંટનાં તારનું બકલ ખેંચવું કે તેથી રસોડી આગલ ટાંગેલો ઘંટ વાગેછે એટલે માણસ નઈ બારણું ઉઘાડી તેને અંદર લેછે. ને પાછું બારણું બંધ કરી એ શખસને દરાઈંગ રૂમમાં બેસાડી આપણને તેના આવીઆની ખબર આપેછે. આપણી સાથે વાત કરી તે શખસ પાછો જવાને તઈઆર થાએ તીઆરે આપણે દરાઈંગ રૂમનાં ઘંટનુ બકલ ખેંચવું કે નીચેના ચાકરને તેથી ખબર પડે ને તે પેલા આદમીને પાછું બારણું ઉઘાડી આપે. દરએક ઓરડામાં પણ ચાકરોને બોલાવવા માટે ઘંટના તારો મુકેલાછે. એ તારોની વેતરણ ઘર બંધાએ છે તીઆરથીજ કરવામાં આવે છે. ઘણું કરીને ઓરત ચાકરો રાખવામાં આવે છે કાંએકે મરદોને બીજા ધંધા ઘણા તથા તેમને પગાર મોહોટો આપવો પડેછે. પણ ઓરતોનો પગારબી આપણા ચાકરો કરતા વતો અને તે આપણા તરણ ચાકરનું કામ એખલીજ કરેછે એટલુંજ નહી, પણ સઘલુ કામ એવી રીતે કરેછે કે સઘલા રાજી રેહેછે.

હાલ લંબાણુ થવાથી કદાચ તમુને વાંચતાં કંટાલો આવશે તેથી બીજી વાર લંડન વીશે લખીશ.

## પરચુટણ.

જારે લાંબી મુદતનાં કોઈબી દસતાવેજ અથવા લખત પતર ઉપરની શેહાઈ ઉડી જઈ ફીકી થઈ ગઇ હોયતો તેની ઉપર ટાનીક અથવા ગાલીક આસીડ લગાડીઆથી પાછી અસલી હાલતમાં તે આવી શકેછે.

---

**દીન રામશી** નાંમનાં સખશે એવી ગણતરી કાહાડીછે કે ઈંગલંડ અને સકાટલંડમાં મલી દર આઈતવારે ૭૫૦૦૦ વાએજ તાંહાંનાં પાદરીઓ કરેછે !

---

**દુનીઆમા સઉથી જડફથી ચાલનાર સટીમર**—ઈજીપટના "વાઈસરાયને" વાસતે એક સટીમર બંધાઈછે તેની તપાસ કરતી વખતે તે એક કલાકમાં ૧૮ાા "નાટ" અથવાં——માઈલ ચાલી હતી. આજસુધી એવી ચાલ આખી દુનીઆમા કોઈપણ સટીમરની માલમ પડી નથી.

---

**સોગન લેવાની નવાઈ જેવી રીત**—ચીનાં લોકોને ઈંગરેજી અદાલતમાં જેવારે સોગન આપીઆમા આવેછે તારે તેઓને આપણી પેઠે ધરમ પુશતક ઉપર શોગન આપતા નથી પણ તેઓની રીત પરમાંણે કોરીનાં વાસન અથવા રકાબી ભાંજીઆથી શોગન આપેછે. અદાલતમાં તેઓ નીચે મુજબ શોગન લેપેછે. "તમારે સાચુ બોલવુ, બધુ સાંચુ બોલવુ અને સાચાં સવાપે બીજુ કંઈજ બોલવુ નહી, આ રકાબી અથવા વાસન જેમ ભાંજીઆ તેમજ જો જુઠુ બોલશોતો તમારા જીવના પણ કટકા થશે."

---

**રૂશીઆમાં તેલના કુવા**—કાસપીઅન સમુદરના કીનારા ઉપર એક તેલનો કુવો મલી આવીઓછે. એક ખડકમાં એકસો વીસ ફુટનો ખાડો ખોદવા પછી, તેમાથી એક તેલનો ઝરો માલમ પ્રડીઓ તેમાથી વીસ મીનીટ સુધી તેલ વેહવા પછી, એક મોટો ધડાકો થઈ ધરતીકંપ થયો; કે જેથી મજુર લોક બીહીને નાશી ગયા. તે ધોધાટ નરમ પડવા પછી, ખારાં પાણીનો એક ઝરો જોરથી ફુટી નીકલીઓ. તે છવીશ મીનીટમાં બંધ પડીઓ. તારપછી તેજ ખાડામાંથી ફીણ, ધુવાડો, અને પથર નીકલવા લાગા. તે પુરા થયા બાદ, ખાડામાથી સરાસરી ૧૫૦૦) થી ૨૦૦૦ કુંડી ભરી સાફ તેલ કાહાડવામા આવીઈછે.

---

**બચાંને કદી મારશોનાં**—જો તમારાં બચાએ કશો વાંક અથવા તકસીર કીધી હોયતો તમારી પેહલી ઈછા તે બચાંની ખાતરી કરવાની હોયછે કે જે તેણે કીધુંછે તે ખોટુંછે. હવે એકવાર જાંણીઆ છતાં તેજ તકસીર ફરીથી કરેછે તારે તમે તમારા હોકમને તાબે થવા ફરમાવોછો. તમારી, મતલબ બચાઓ ધુમ કટીલાને તાબે થવા કેરતાં, તમારી ઈછાને તાબે થાપે એવી હોયછે. બચાંઓ ફકત ધમકીથીજ આપણાં હોકમને તાબે થાયે એવી આપણી નેમ નથી પણ તેઓ જે ભુલ અથવા તકસીર કરેછે તે, ભુલ અથવા તકસીરછે એવું સમજી, તેઓ આપણાં હોકમને માંન આપે એવી આપણી ઈછા હોયેછે. જો બચું ફકત મારની બીહીકથીજ તાબે થતું હોયતો પોતાની ખરી તકશીર શુંછે તે તેનાં ધેઆંનમાં આવનાંર તથી, અને એ રીતે જાંહાંસુધી તે પોતાની તકશીર શમજી શકે નહી તાંહાંશુધી માર મારવો પડેછે. મારેલો માર તે જંલદીથી વીશરી જાએછે; પણ ખરો રસતો કીયો તે તેની સમજમાં એકવાર આવેછેતો તે કવચીત પછી વીશરતું નથી. ઘણીવાર બચાંમાં બોહોસ કરવાની તબે મારથી વધેછે.

---

બે મહીનાની વાત પર, એક રૂશીઅન ગામડીઓ મજુર, નામે કમીસરાફે, પોતાની વરસગાંઠને દીવસે સવારના પરોટીઆમા, દેવલમા જઇ બંદગી ગુજારી, દેવલમાથી પાછો ફરતો હતો, તેવામાં જે નદી ઓલંગી તેને જવું હતું, તે નદીપરનો પુલ ખસેડી મુકીઓ હતો, માટે નદીની પાસે એક વાડીમાં રૂશીઆનો શાહ હતો તેને જોવાને લોકોની ગીચ મળી હતી, તેમાં કમીસરાફ પણ સામેલ થયો. પોતાના શાહને કોઈ દીવસે જોએલો નહી, તેથી તેનો ચેહરો જોવાને છેક આગળ વધીઓ. તેની પછવાડે એક બીજો શખસ આગળ આવવાને જોરથી તજવીજ કરતો હતો, પણ કમીસરાફ પોતાની જગો ખોવાને ચાહતો નહી હતો; તેથી તેનું થોડોક વાર કંઈ વળીઉં નહી. જેવો શાહ ગાડીમાં બેશવા જાએછે તેવોજ પેલો પછવાડેનો શખસ કમીસરાફની આગલ નીકલીઓ અને પોતાના ડગલાના અંદરના ગજવામાંથી પીસટોલ કાહાડી ફોડવા જાએછે, તેવામાં કમીસરાફે તેના હાથને આંચકો મારેઓ, તેથી ગોલી આડી ગઇ અને શાહનો જાન બનચીઓ. લોકોમાં હો હા થઈ રહી અને પેલો ધુનેઘાર થોડા વારમાં પકડાએઓ. કમીસરાફ જીવ લઇને નાઠો. તેને ઘણી મેહનતે પકડી લાવીઆ. શાહની આગલ ઉભો કરતાંનેવાર તે જમીનપર પડી પગે લાગો. શાહે તેને ઉઠાડી હાથને બોસો દઈ તેને અમીરનો ખેતાબ આપીઓ. મોટા મોટા ઉમરાવો તેને માન આપવાને આવીઆ, અને જે ઘણી સવારેના મોસકીન હતો તે બપોરમા ઉમરાવ ગણાવા લાગો. વાંચનાર ! આ ખરી વાત, ગમે તેવી સરાગાતથી જોડી કાહડેલી ખોટી વાતને, કેટલી ઝાંખમાં નાખેછે !


## રંમુજે ફુરસત.

૧ લું. જેલ મધેનુ બચું જમીન ઉપર કાહડે,
જફા પેહલાં જબરી, માણસ તેપર પાડે;
આખો તેની ફોડી, કાણ તેને કરે,
બચું માથી છુટું, શોગથી ફરે;
બાઈઓ તમો લાવી, હેતથી તે ઘર,
ખુશી થઈ રાખોછો અંગની ઉપર.

૨ જું. અરધા ઈંચનાં ખાડામાં, જગત અરધી જાય,
સેતારા, ચાન, સુરજ, સેહેલથી સમાય.

૩ જું. પુરૂથવી ઉપર, એક રાજા, દર વરશે ફરવા નીકલેછે. તે જાંહાં પગલું મુકેછે તેહાં આબાદાની થાએ છે. હજારોને તે બખશેસ કરતા ચાલેછે. ભુખીઆને તે અનૂ આપેછે અને પેયાસાને તે પાંણી પાએછે. તેના આવવાની ચેતવણી આપવાને ઘણુ કરીને તેના ચોપદારો તેની આગમજ વેહેતી તરવારનો ચમકાટ બતાવેછે અને નગારાં વાજાડેછે. વલી તે રાજાની મેહેરબાની સઘલી પરજા ઉપરજછે એમ નથી. સઘલાં જન જનાંવર, પાહાડ, ખેતર, ઝાહાડ પાન, ઈતીયાદીને તે અમન ચમનમાં રાખેછે એ રાજા કોણ તે કહો.

૪ થું. ઈંગલંડનો બીજો હેનરી રાજપાતની ગાદી ઉપર બેઠો તેની આગમચ તેની એક રાજમંદ નામે રાખેલી સ્ત્રી હતી જેને જાહાડ પાનનાં વેલાઓ ઉગાડી તેની ગલી ગુંચીઓ બનાવી તેહાં માડવમાં રાખી હતી. એ માંડવામાં જવાનો રસતો એટલોતો બીકટ હતો કે અંદર જનાર ઘણી ભટકી ભટકીને પાછો ફરે. હેનરી પોતે પણ ખાનગી રીતે એક રેશમી દોરો બાંધી રાખેલા તેની મદદથી અંદર જઇ શકતો હતો.



ઈંગલંડમાં ગમતને ખાતર એવા માંડવાઓ બનાવે છે જાંહાં લોકો તરેહ તરેહની ગમતો કરેછે.

એવાજ હેમપડન કોરટમાનાં ગુંચવારા ભરેલા માંડવનું આ એક ખરૂં ચત્રી આપીઉછે જેની વચે બે જાહાડ છે. કારી લીટીઓછે તેને આરી ઝાહાડીની ભીત સમજવી અને જાંહાથી ખોલો મારગ દીશેછે તેને અંદર દાખેલ થવાનો દરવાજો સમજવો અને તેમા થઈ આરી ભીત નહી નડે એવો રસનો પકડી શકથી ટુકે રસતે પેલા બે જાહાડ આગલ જવું.

## ખોલાશો.

વાંચનાર જો રસતો સોધતાં તમો એક બે વાર ભુલાં પડો, તોએ જો તજવીજ ચાલુ રાખી સોધશોતો રસતો જરૂર મલશે.

---


## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું. કાંદો.

૨ જું. મંદરમા.

૩ જું. ઘઉં.

૪ થું.



## ઊપદેશનાં પદ.

(ગયા આંકમાં હતું તેજ રાગમાં.)

તન તું ગણેછે તારૂં રે તે નથી તારૂં. ટેક.

પૃથવીના પરમાણું, ભેળા થઈ ભલું રચાણું,
સુધારીને કર્યું સારૂં રે, તે નથી તારૂં. ૧.

સંભાળીને રાખ્યું સાજું, તોલવાળું કર્યું તાજું,
ખવરાવ્યું ખાટું ખારૂં રે, તે નથી તારૂં. ૨.

જ્યારે તે રોગી જણાશે, મુકવાનુ મન થાશે,
અતિશે થશે અકારૂં રે, તે નથી તારૂં. ૩.

ભવન[1] જે લીધું ભાડે, અવશ્ય આખર દહાડે;
જેનુ તે તેને જનારૂં રે, તે નથી તારૂં. ૪.

પંથી ઝાડ હેઠે પેઠો, બે ઘડી ઠરીને બેઠો;
મૂઢ જાણે ઝાડ મારૂં રે, તે નથી તારૂં ૫.

સ્થૂળતણી[2] રાખ થાશે, અતે એતો ઉડી જાશે,
હશે સારૂં કે નકારૂં રે, તે નથી તારૂં. ૬.

તેના તે તત્વો ગુંથાશે, કૈંકની કાયા રચાશે;
વિચારીને જોતા વારૂં રે, તે નથી તારૂં. ૭.

તેની તેજ માટીતણા, ઘડાએલા ઘાટ ઘણા;
શી રીતે બધા સંભારૂં રે, તે નથી તારૂં ૮

જગત જુએછે જાતું, તોય નથી જ્ઞાન થાતું,
એવું શું થયું અંધારૂં રે, તે નથી તારૂં. ૯.

જરૂર જો એવું જાણું, તેનો શો મમત તાણું;
શાને માટે શણગારૂં રે, તે નથી તારૂં. ૧૦.

પર ઉપકાર કરીએ, તેથી ભવજળ તરીએ;
બીજુ એકે નથી બારૂં રે, તે નથી તારૂં. ૧૧.

પલકમાં નાશ પામે, દાખ્યુ દલપતરામે;
આથી ઝાઝું શું ઉચારૂં રે, તે નથી તારૂં ૧૨.

---

ચુક—ગીઆં આંકમાં "અમેરીકા ખંડમાં ખુદરતની અજાએબીઓ" એવાં મથાલાં હેઠલ દુનીઆમાં સઉથી મોટી નદી મીસીસીપીછે કરી લખેલુંછે તેને બદલે એમેઝોન વાંચવું.

---

૧ ઘર. ૨ શરીર.

બાગમાં હું સુતેલો હતો તેવામાં એક જેહરી સરપે આવી મને કરડીપો, તેથી તેનાં ડંખનાં જેહેરથી મરણ પાંમીપો. આ પરમાણે હાલ પણ આખું દેશ એજ માનેછે. હવે જો વાહલા પુત, જે જેહરી સરપે તારા બાપને ડંખીઓ હતો તે કપો ! તે હાલ તેની ગાદીએ બેસી તેનુ તાજ પેહેરેછે.

ફીરોજ—ઓ ગેબી ફરેસતા !! મારો કાકો !!!

ભુત—હા, તેજ બદકાર, તેજ છીનાલવા હેવાને પોતાના પરાકરમથી મારી પેયારી અને દેખાઈતી નેક રાંણી સંગાત સંબંધ રાખેપો, તેણીની મમતા મેળવી, અને એશકનાં લોભમાં આધળો બની તેણે મારી ઉપર કરૂર કરમ કીધું. ટુકમાં કહું તો, હું મારા બાગમાં રાબેતા પરમાંણે પાછલે પોહોરે આરામ લેવા શુતેલો હતો તેવામાં તારો કાકો કેકાઉસ, છુપી રીતે પોતાના હાતમાં એક જેહરી પાલાનાં રસની સીસી લઇ તેહાં આવેપો, અને તે વસતુ મારા કાનમાં નાંખી નાહશી ગયો. પેલી જેહરી વસતુની અસર એવી થઈ કે મારાં શરીરની સઘળી રગે રગોમાં તેનું જેહર પેવસ થઈ ગયું, અને મારૂં લોહી બીગડી ગયાથી રગત પીતનો પોપરો મારા સઘળા સરીર ઉપર બંધાઇ ગયો—મારી સુવાળી અને ખુબસુરત ચામડીને બાવળની છાલના જેવડી જાડી કરી નાંખી. પછી પેલો રોગ બીજી સઘળી માહેલી ઇંદરીઓ ઉપર ઉતરી પડીઆથી, તુરત મારૂં મોહત આવીયું. એ પરમાંણે મારો ભાઈ, થઈ મારો મુદઈ, જાન મારો લઈ, લઈ બેઠો સરવે કંઈ—મારૂં તાજ, મારૂં તખત, મારી મીલકત, અને વળી લઇ બેઠો મારી રાણી, હા, એ કેહવી કાંહણી ! જો મારી કેહવી દશા, મારી જીંદગીનાં ખીલતા બાહરમાં મને કાપી નાંખીઆથી, હાલ હું ઘરબાર વીના ભટકટો ફરૂં છું—જાંહાસુધી મારી જીંદગીમાં થયલું પાપ કપાઇ જાએ નહી તેહાંસુધી મારૂં ઠામ થાએ નહી—આ કેહવો ગજબ ! આ કેહવો સીતમ ! તારી અંદર સદગુણ હોએતો આ વાત મુગે મોહડે ખમી બેસી રેહતોના, અને ઓસતાન શેહરનાં બાદશાહી બીછાનાને અધટીત લગનથી જોડાએલાં જોડાંથી અપવીતર કરવા દેતો નાં. મારી સોંપેલી ફરજ તું બજાવે તેની આગમજ હું તને એક ચેતવણી આપુછું, તે એકે તારી પોતાની માને તેણીનાં અપરાધ ખાતર કાઈ પણ ઇજા કરતો નાં—તેણીને પોતાના અંતકરણ ઉપર સોંપજે, અંતકરણનાં ચટકાની સીખશા તેણીના બેવફા દીલને લાગીયા વીના રેહનાર નથી. હવે, પરોઢીઉ નજદીક આવતું દીસેછે. સેતારાની રોશની જાંહખી થતી જાએછે મારે—

શીરોજ કરછુ, ઊભી મવામ,
ફીધા વીના, એટણી કામ,
કદી ન લેતો, જરા આગામ,
પીતાની પરીવીણી રાખજે કામ.

(ભુત જતો રેહેછે).

ફીરોજ—ઓ આકાશ, પુરથવી, મુરીપ, ચાન !
બીજુ શું ! રોજખનુ દુશટ મકાન?
અરે જીહ ! ચુપ ગોહ આડુ ન ચાલ,
ધામ તું તંગ ઘર, નેસોની ભજ.
પીતાની પરીનીપર ગણુ ન કામ,
તો જનમ ને જીવતરછે માર હરામ.
અફશોસ ભલા ભુત ! કાળી કેહવી રેખ,
રાખે તારા ભવીશના મારેલા સેખ !
આ મગજનાં ખાડામા ભરી મરવ ગમ,
હુકમ તારો પાલવા પડુ એકદમ.
અરે ઓરત ! પેલી ઓરત કમજાત !
પાધરી તે હતેલો પીડા ન થાત !
હવે લઈ મોર સેખણુ નોધુ કસમ, (લખેછે).
"કાકા, સમાલ હવે, થાઉછ તારો જમ."

(એવામાં હોશંગ તથા તુસ આવી લાગેછે).

હોશંગ—ફીરોજ ! શાહ ફીરોજ,

તુસ—ફીરોજ, કેમ કેહેવી ખબર ?

ફીરોજ—ઓ, ભારે નવાઈ જેવી; ભારે અજબ !

હોશંગ—ઠીક ભાઈ, હમુને, વેહેલો કેહ—હમો ભારે બેચેન રહેઆ છઈએ.

ફીરોજ—નહી ભાઇ, નહી, મારેથી કેહવાએ નહી, કદાચ તમો કોઈને જણાવી દેઓ.

હોશંગ—હું ખાતરી કરી કહુંછું કે હું બીલકુલ કોઈને કહું નહી.

તુસ—દોસત ફીરોજ હું પણ સતધરમથી જણાઉછું કે હું તે છુપું રાખશ.

ફીરોજ—તો ઠીક, જુઓ ભાઈ, આ આખા દેશમાં એક એવો ચંડાલ માણસ નહી હશે કે જે પેલાને (કાકાને) મલતો આવે. હા ! હા ! દુનીઆમાં બીજુ દુશટ આદમી કોઈજ નહી હશે.

હોશંગ—હા ભાઈ, તેતો વલી સઉ જાણેછે; એમાં કાંઇ નવાઈ નહી; અને વલી એ વાત જણાવવાને એક ભુતને ગોરમાંથી ઉઠી આવવાની કાંઈજ જરૂર નથી.

ફીરોજ—હા, ભાઈ તું કેહઅ તે ખરૂં, અને એમજ છે તો, સાહેબ મેહેરબાંન, મને જવા દેઓ—આપણ પોતપોતાના કાંમ ઉપર જતા રહીએ.

હોશંગ—વા, તું હમોને ઉડાવવાની કોશેસ કરેછ; જેમ તારી મરજી.

ફીરોજ—ભાઈ હું દલગીરછું કે તમોને જરા રીશ લાગી હશે, પણ એમાં હું શું કરૂં મારેથી તે કેહવાઇ શકાતુ નથી. તોબી મને એટલું કેહવા દેઓ કે, આજે ભુત આવેઓ હતો, તે નેક અને ભલોછે, પણ હમારી વચે શું વાત થઈ તે મારેથી કહી શકાતી નથી. આપણ જુદા પડીએ તેની આગમજ હું તમોને વીનંતી કરી કહુંછું કે આજ રાતરે તમે જે કાંઈ જોયુંછે તે કોઈને જરા પણ જણાવતા નાં. મારે આ મારી તરવાર ઉપર હાત મુકી કસમ લેઓ કે તમો કોઈને કેહેનાર નથી, કારણ તેથી ભારે ખરાબી થશે.

---

### પરકરણ ૮ મું.

ભુતે આવીને જેઆરથી ફીરોજને છુપી વાત કહી તેહારથી ફીરોજ મગજે ખરથો ચરી ગયલો હોએ તેવી ભાવ વારંવાર બતાવતો હતો, તેથી તેની મા તથા કાકો ભારે અંદેશામાં પડીયાં હતાં કે રખેને તેઓની છુપી વાતનો સંસારો તેનાં કાંનપર પડેપો હોય.

વળી ફીરોજે શાહ કેકાઉસના વજીર પાહલનની બેટી

મેહુરબાનુ સાથ મોહબત બાંધી હતી. આ વાત તેણીના ભાઈ નોદરને જણાયાથી તે બાદશાહનુ કાંમ બજાવવા પરગામ જવા નીકળેછે તેની આગમજ પોતાની બેહનને શીખાંમણ દેવા ઉભો રેહેછે.

નોદર—વાહલી બેહન, સદા તમો ભોગવજો સુખ અને ચેન, અને મારે વીશે કાંઇ પણ ફીકર કરશો ના, અને કાગળ પતર મોકલતાં રેહજો.

મેહુરબાનુ—શું તમોને તે વીશે કાંઇ શક જણાએછ?

નોદર—હા, ફીરોજને વાસ્તે, તેની બોલી તથા બખશીસ ઉપર કાંઇ પણ ભુલતાં નાં, જુવાન મરદો એશકની ખીલતી ઉંમરમાં પેહલ વેહલા બારે ખુશનુમાં પમરેછે, પણ એવો પમરાટ જોઇ લેવાનો, પળવારનો અને ખોટો, પછી પાછળથી બેખુનીયાદીની બદબોઇ બતાવીયા વગર રેહેતા નથી. માંટે ફીરોજની ઉપર તમો દીલથી મમતા રાખો તેની આગમજ સમાળજો, તે કેઈ જાતનો માંણસછે. આજે કદાચ તે તમોને ચાહશે, અને કાલે પવનપર પીઠ ફેરવી ફરી જશેતો તેને તમો કાંઈ પણ કરી શકનાર નથી. જેમ સેલરતીનો પાસો એકવાર પડ્યો તે ફરી ફેરવાઈ શકાતો નથી, તેમ એકવાર મોહબત અથવા નેકાની તાલી પડીતો તે કાઈ પાછી ફેરવાઈ શકાતી નથી. માટે હું કહુંછ તેપર ખુબ દરીઆફ કરજો કે પાછળથી પસતાવો કરવો પડે નહીં. કુમારી કનેઆં ઉદારપણે એકબારગી જો પોતાની ખુબસુરતી અંદરમાની સાંબે બોલી કરી બેમેનો તે પણ એઅંદાજની અથવા ખોટી ઉડાઉ કેહવાએ. માટે સાવચેતી રાખી મારી શીખામણ ઉપર ધ્યાંન રાખજો કારણ સરવેથી સરસ સલામતી ધાસતીમાં રેહેછે.

મેહુરબાનુ—તમારી આ શીખાંમણને મારાં દીલ ઉપર ચોકીબાન તરીકે રાખી મુકશ. પણ નેકીવાલા ભાઈ, કેટલાક મતલબીઆ ધરમગુરૂઓની માફક સવરગનો સીધો રસતો છોડી કાંટાની ઝાડીમાથી મને મારગ બતાવતા ના. કેટલાંએક માણસો એશઆરામ અને રંગ (સાથે) લંપટપણાંમાં ગરદનવેર ગરક ગયલા હોયછે. તાબી તેઓ બીજાને નશીહેત કરતી વેલા મમતા અને મોહબતના બોરાને પણ અડકવાની મના કરેછે.

નોદર—નહી બેહન તેવી ખોટી નશીહેત હું તમોને કરતો નથી. વખત ઘણો ગયો, મારે જવું જોઈએ,—પણ જુઓ સાંમણે આપણો બાપ આવેછે.

(પાહલન આવતો દેખાએછે)

પાહુલન—હજુર હીયાં, નોદર! તારે વાસતે વાંહાણ થોભી રહ્યુંછે, જલદી કર, પવન પણ પીઠનો સારો નીકલેછે: જતી વેલા મારા આશીરવાદ લે.

(નોદરના માથાં ઉપર હાત મુકીને)

દેશાંતર જાય તું નોદર ભાઈ,
શીખામણ મારી લે મનમાં તું ગાઈ;
સુણ તે ખરૂં કરી મનમાં તું નોધિ,
સદા ચાખુથી તું ચાલે જુગોપિ.
આવે મનમા તે કેહવુ નહિ સગળ,
કદી બોલતાં રાખવી નહી ગગ્ગ;
વીચારમાં આવે જરી પણ આફ,
ગુનાકારી કરી બોલવું નહી ગાફ.
હસી ને મળી ચાલવું સૌ સાથ,
અજાણે ખરી કરી સૌ વાત;
ઓછી લાજ છેક લેવુ નહિ લાગ,
વાંહાણ ડુબાડે કદી છેક હાથ.
કદી કરવી નહી સગાન ચોરી,
જુના આશીકોથી પીછા થાય ચોરી:
બાગ મીઠાશ કાઢી વીતિથી ચુંટી,
જ્યો દીલ મદિ લોખંડની ખુંટી.
કરેવ ન કરો કદી ભેરા વાત,
જરૂર પડે તો જ લેવી પરમાત;
હરામી હરીફને પડો નીખાડી,
દગાથીને અતે બનાવો અનાડી.
થતો મજાનીમા કદી નહી નાદાન,
આપતા હુન્નરની આગમજથી માન.
પોશાગ તુ પેહરે કીમતીજ એવા,
તારૂ ગજવુ જે આપી શકે તેવા;
રેશમી ચકચકીત ને રંગીન દેખાય,
બતાવે પેહરનારનો કરજો ખાનાવ.
કરજાનુ લેવુ કે દેવુ તો કદી નહી;
ઓટા બાવર કરવી નહી મહી.
કરજાના પાસા નાગે ને નબાડે,
ઓવારા જાત વગી મીનત બગાડે.
ચેતર ગુની લે, રાખતા તુ કદાત,
પોતાના દીલમે જરા કેહ તુ સત:
જેથી પરીનામ નીકળે એવુ આપ,
કદી ન કરે તુ કાંઈપણ પાપ.
શીખામણ એટલી મીઠી માગાર,
આશીરવાદ સાથે થા હવે પધાર.

નોદર—મોટા ઉપકાર સાથ હું તમી તમારી રજા લેઉછું. (મેહેરબાનુ તરફ ફરીને) વાહલી બેહન સલાંમતી સાથ રેહેજો, અને મેં જે તમને કહેલુંછે તે ખુબ યાદ રાખજો.

મેહેરબાનુ—તે વાતતો મેં મારી છાતીમાં કબજે કરી રાખી છે, જેની કુંચી તમારી પોતાની પાશ રેહેશે.

(નોદર ચલી જતો રેહેછે)

પાહુલન—મેહેરબાનુ, તારો ભાઈ જતી વેલા તુને શું યાદ રાખવા કહી ગયો?

મેહેરબાનુ—મેહેરબાન બાપ, શાહ ફીરોજને લગતી કંઈક વાત.

પાહુલન—હા, હા! ઠીક થયું—હું પણ અતરે તારી આગલ એજ બાબદસર વાત કરવા આવેલોછું. મેં સાંભલીયુંછે કે ફીરોજ સાત તું વારંવાર છુપી વાતચીત કરવામાં અને તેનું કહેલું સાંભળવામાં ઘણી છુટ લેછે, એ ખરી વાત? જો એમ હોયતો પેયારી બેટી હું તને ચેતવણી તરીકે જણાઉં કે જેમ આપણી હુરમતને છાજે તેમ તેં સમજણ રાખી નથી. હવે જોઉં જરા મનેતો ખરેખરૂં જણાવ કે તારી અને તેની વચે શું વાત થઈ હતી.

મેહુરબાનુ—તેણે થોડું એકની વાતપર પોતાનું હેત આપવાને મારી ઉપર દરખાસત કીધી હતી.

પાહુલન—તેનું હેત! પુહ! તું મને કુલ વીણના રી નાદાન છોકરીનાં જેવી દીસેછે. જે ફુલની ઝાડી ઉપર વીંછુ લટકેલો જોઇ તેને પણ પકડી લેવા જાયછે.

મેહેરબાનુ—સાહેબ, હજુ મેં કાંઈ મારો વીચાર ઠેર વીપો નથી, અને હવે મને શું કરવું જોઈયે તે જાણતી પણ નથી.

પાહાલણ—તેઆરે જો, હું તુને સમજણ પાડું. એમ સમજ કે તું એક બાલકછે અને તુને કોઈએ એક રૂપીઓ આપીઓ જે પાછળથી ખોટો અને સીસાંનો સાબેત થયો, મારે તું તેને નકામો ગણી એક કોરે મુકી બેઠીછે.

મેહેરબાનુ—ખરૂં, પણ તેણેતો આબરૂ દરકારથી ખરૂં દીલ બતાવીયુંછે, તેથી તેનાં બોલ ખરા હશે.

પાહાલણ—હા! હા! ખરૂં દીલ, તેના ખરા બોલ! તું નથી સમજતી એ જુવાન મરદનો દરએક બોલ ખણુતર પકડવાનો એકેક ફાંસોછે—જે પેહલ વેહલાં લલચાવીને આગળ ખેંચશે પણ પાછળથી વધારે સજડ શેકાર જાણી બેતો એકને કાસામાં મુકી બીજીગમ દોડશે. વળી તું જાંણતી નથી એતો બાદશાહનો બેટોછે, ફાંટામાં આવે તેમ ફરે અને મીતમાં આવે તેમ મરે ઉડાં ઉડાં પાંણીમાં માલવાને જે ઘણી દેહશત રાખે નહી તેનાં બોલ કેહવા માનવા! નહી મેહેરબાનું નહી, હવે પછી કાંઈજ કોહું આપતી ના અને તેના મધુર બોલવા ઉપર ભરોશો રાખતી નાં. ટુકમાં કહુંછ કે તું કાંઈબી તેનું સાંભળશેતો શેવટ ખરાબ પરીણામ નીપજશે, જેથી તારા બુઢા બાપને નામોશી લગાડીયા વીના રેહશે નહી

હવે વાંચનાર જુઓ, શાહ ફીરોની ચાલ ગમથી ઘેલી બની હતી તેથી તેની મા તથા કાકો તેને ધીકારતાં હતાં એટલુંજ નહી, પણ દરબાર મધેનાં સરવે અમલદારો તેને વીશે માઠું બોલતા અથવા કરતા હતા તેઓ મધે બાદશાહનો વજીર પાહલણ પણ ફીરોજને ભારે ધીકારતો હતો એટલુંજ નહી પણ તેનો છોકરો નોદર પણ તેવોજ વીચાર રાખતો હતો. એવામા ફીરોજની મમતા પાહલનની ખુબસુરત બેટી મેહેરબાનુની ઉપર લાગેલી હતી. આ જુવાન સી પોતે પણ ફીરોજની ઉપર મમતા રાખી તેનાં સખુનો સાંભલતી હતી, એવામા તેણીનાં ભાઈ તથા બાપે વચમાં રંજક મુકી. તેઓએ ઉપર જણાવેઆ પરમાંણે મેહરબાનુને નશીએત કરી ફીરોજનો એકે બોલ પણ સાંભલવા મના કીધી હતી. તેજ પરમાણે તે ચાલવા લાગી. થોડાક દાહડામાં ફીરોજ તેણીની મુલાકાત લેવાને ગયો. પણ પેલીએતો ઠેરાવ પરમાણે કાંઈ કોહુંબી આપીયું નહી અને પેલા એશકથી ઘેરાએલા ફીરોજને અપમાન લગાડીયું, જેથી વલી તેના દુખ ઉપર ડાહમ પડીયો: અને તેનુ ગમગીનીથી ચરેલુ મગજ વધારે ચેડા કાહડવા લાગું ફીરોજ ગયા પછી મેહેરબાનુ પોતાના બાપની આગલ ફરીઆદ કરવા ગઈ

પાહુલન—અરે કેમ! મેહેરબાનુ શુછે!

મેહેરબાનુ—સાહેબ, મને એટલીતો દેહશત લાગી કે હું શું કહું!

પાહુલન—ઓ બેટા! દેહશત તારી ઉપર શાની?

મેહેરબાનુ—મીઠવા મારૂ જોબી.—હતી હું એખલી,
ફીરોજ બની ગાંડો,—ચઢને ઘોડો બાંડો,
આવી ઉભો સામો,—પછી નીચો પાગો;
તાણીના નહી મુઝુક,—દગવાનાં નહી દુ:ખ:
ગોઝત પગને ફ્રેડ,—આકડા અવડાં નકડે,
અંગમા હોય ન લોહ,—તેવું રીક મોહ,
જાંણે દોજખમાથી છુટી,—આવીયો લેવા લુટી.

પાહુલન—શું તે તારા એશકને ખાતર ગાંડો બની યો હતો?

મેહેરબાનુ—હું કઈ તે જાંણતી નથી, પણ મને ધાસતી લાગેછ કે તેમજ હશે.

પાહુલન—પછી તે બોલીયો શું?

મેહેરબાનુ—પેહલાં તેણે એક હાતે મારો પોહચો મજબુત ધરીયો, પછી બીજે હાતે પોતાનુ કપાર ધરી મારી ઉપર ભારે ડોળા ઘુરકીયા. એ પરમાણે લાંબોવાર તે મને ધરી રહેયો; પછી મેં જોર કરીને મારા હાત છોડવીયા, જેથી તે એટલોતો દયકાં ખાવા લાગો કે મારી પોતાની છાતી ભરાઈ આવી, અને એનુ શરીર ધુજવા લાગું. શેવટે તે આંખ વીચી ચાલતો થયો, અને મારી ઉપર દુરથી નજર કીધી.

પાહુલન—તો ઠીકજે; ચાલો આપણે બાદશાહની આગલ જઈ આ સઘલી બીના કહી સંભળાવીયે. એશકના આધળાપણામા માણસજાત પોતાની અને વળી બીજાંની પણ ખરાબી કરી નાખેછે માંટે એનો અટકાવ થવો જોઈએ. પણ તેં શું હાલમાં કાઈ આડા સખુન તેને કહેયા હતા?

મેહેરબાનુ—આડા સખુનતો હું કાંઈજ તેને બોલી નથી; પણ જેમ તમે મને હુકમ કીધો હતો તેમ તેની મીઠી પતરીઓ પાછી વાલી હતી અને તેને પોતાને પણ મારી હજુરમાં આવવા ન દેવાને ગોઠવણ કીધી હતી.

પાહાલણ—હા, તો તેઆરેજ એ આ પરમાંણે ઘેલો બની ગયો હશે! અરે મેંબી વધારે ડાહપણ ખરચી તેના અટકાવની બીજી કાંઈ રીત શોધી કાહાડી હતેતો વધારે શારૂં. તોબી આ બીનાનો અટકાવ થવો જોઈયે. ચાલો આપણે પાધરાં એના કાકા શાહ કેકાઉસની આગળ એની ફરીયાદ કરવા જઈએ.

(જતાં રેહે)

પાહલન બોલીયો મનમા, જાઉ બાદશાહ પાસ,
સમજતી વાત કહુંતો, કેહે મને શાબાસ,
ફીરોજનુ ઘેનાપણું, જરવ તેનો સંતાપ;
સતાર્ય બેસે કેહા, તે સુણીયું આપો આપ.

---

## અંજાણપણે થતા અવગુણો.

### આજારી માણસ આગલ ગરદી કરવાની નુકસાન ભરેલી ચાલ વીશે.

બચ્ચું ઇઆ મોહોટું માણસ જેવુ આજારી પડીઊં એટલે કુદરતથીજ તે આરાએશ લેવાને ચાહેછે. પેહેલાં તેને બીછાના ઊપર પડી રેહેવાને ગમેછે, તે ફરવા હરવા ચાહતું નથી. રમતીઆલ બચ્ચું જેમ આગલ કુદકારા મારતું હતું તેમ કરીઆને બદલે ગુમ

# સ્ત્રીબોધ

પુસ્તક ૧૦ મું. જુન ૧૮૯૯ આંક ૬ ઠો.


## ફરણી તેવી પાર ઉતરણી,

અથવા

## બદી—રેહ છુપી કદી ?

—////—

કેકાઉસ.... ઈરાનસ્તાન શેહેરનો શાહ.
ફીરોજ.... કેકાઉસનો ભતરીજો અને મરનાર શાહ ફરામરોજનો બેટો.
પાહાલન .. કેકાઉસનો વજીર
મોદર .... પાહાલનનો છોકરો
ગુલબાનુ .. ઈરાનસ્તાનની રાણી અને ફીરોજની મા
મેહેરબાનુ.. પાહાલનની છોકરી
તુસ ...... એક અમલદાર.
હોશંગ .... ફીરોજનો દોસત.
સીપાઈઓ, સરદારો, ચાકરો, ઈતીઆદી
તથા એક ભુત (ઈરાનસ્તાન શેહેરના મરણ પામેલા શાહ ફરામરોજનો દેખાવ)

—

### પરકરણ ૩ જું.

ગયા આંકમાં તમોએ વાંચીઉ હશે કે ફીરોજ ભુતની પછવાડે ગયો હતો. તેઓ બને જણ ઘણે દુર નવરે ઠેકાણે જવા લાગા તેથી ફીરોજનાં મનમા ધાસતી લાગી અને તે બોલીઓ.

ફીરોજ—અરે તું મને કાંહવેર લઈ જશે ! હવેતો હું વધારે આગલ તારી પછવાડે આવનાર નથી.

ભુત—તું જરાબી ધાસતી રાખીઆ વીનાં મારી ઉપર નજર ફેરવી ચાલીઆ કર. કંઈ નહી તું જરાબી ડરતોના.

ફીરોજ—વારૂ તેઆરે ઠીકછે.

ભુત—મારો બાહર ફરવાનો વખત હવે લગભગ પુરો થાવા આવીઓછે, અને જરાવારમાં મને આતસની ચેહ અને ગંધકના ગોફામાં ગંધાવુ પડશે.

ફીરોજ—અફશોસ ગરીબ ભુત ! તમો ઉપર કેહવી જફા !

ભુત—મારી ઉપર દઆ કીધાની આગમજ, એક ગુપત વાત હું જે તને કહું તે તું ખુબ ધેઆન દઈ સાંભલ.

ફીરોજ—શું ગુપત વાત ! હા, જલદી કર.

ભુત—પણ તે સાંભલી થંડે પેટે બેશી રેહેતોના—કીનો લેવાને તુરત કંમર બાધજે

ફીરોજ—કીનો ! કીનો શાનો !

ભુત—જો, હું તારા પીતાનુ, રૂહ હું પોતે,
દુખ મારૂ જોતે, તો દુનીઆ પણ રોતે.
રાતે હમને રજા, છે રમવાને બાહાર;
દીસે હમને દેછે, દેવતાનો માર.
જીંદગીનુ પાપ, જરી ગયલુ જાય,
ધુના અને ગરવ, બળી સાફ થાય,
પડે તેહા દુનક, હમોપર એ જફા,
રેહે તેહા મુકી, ખુદરત થઈ ખફા.
કેહની કાહણી, કેહવીકે કરૂર,
છે કેહવાને તે, મનાઈ મને પુર.
પણ વાત એક કહુ, જે સુની તતકાલ,
સીમોલીઆનાં કાટા, જેવા ઉભા થાય બાલ.
જીવ તારો જાદઓ, થતા લાગે ન વાર,
લોહ તારૂ જુઆન, થઈ જાએ થડગાર;
આંખો તારી એકદમ, નીકલીઆવે બાહર;
આગુની બગીમાં, રડે જાહર જાહર.
માટે ઓ પેઆરા પુત, સુખુન મારા સુન !
તારા પીતાનુ થયુ, છે ઘાતકી ખુન !

ફીરોજ—ખુન ! ઓ ઈશવર ખુન કોણનુ !

ભુત—ખુન, હા, ખુન, તારા પીતાનુ બેશક,
ખુન તેનુ થયુ, છીણવી લેવા તેનો હક.
માટે કીનો તેનો લેવા, જવા દેતોના તક;
સાચા આ સખુનપર લાવતોના શક

ફીરોજ—(ભવાં ચહડાવી.)
તો બોલ, તે કોણ, જવા દેના એક પલ !
આસમાન મધે હોય, તો લી આણી ટેકલ !
ચાચરની માંફક, તેને ચોરૂ ચપલ !
આ ઉધરતી રગોમાં, રાખું એવુ બલ !

ભુત—હા ! મને લાગેછ તું ભારે આતુરછે—કીનો લેવાને તું પલવાર ચુકનાર નથી. જો ફીરોજ સાભળ, મારાં મરણની વખતે સરવે લોકમાં એવી વાત ફેલાઈ કે મારા

બાગમાં હું સુતેલો હતો તેવામાં એક જેહરી સરપે આવી મને કરડીયો, તેથી તેનાં ડંખનાં જેહેરથી મરણ પાંમીયો. આ પરમાંણે હાલ પણ આખું દેશ એમજ માનેછે. હવે જો વાહલા પુત, જે જેહરી સરપે તારા બાપને ડંખીઓ હતો તે કયો ? તે હાલ તેની ગાદીએ બેસી તેનુ તાજ પેહરેછે.

ફીરોજ—ઓ ગેબી ફરેસતા !! મારો કાકો !!!

ભુત—હા, તેજ બદકાર, તેજ છીનાલવા હેવાને પોતાના પરાકરમથી મારી પેયારી અને દેખાઈતી નેક રાંણી સંગાત સંબંધ રાખેયો, તેણીની મમતા મેળવી, અને એશકનાં લોભમાં આંધળો બની તેણે મારી ઉપર કરૂર કરમ કીધું. ટુકમાં કહુંતો, હું મારા બાગમાં રાબેતા પરમાંણે પાછલે પોહોરે આરામ લેવા શુતેલો હતો તેવામાં તારો કાકો કેકાઉસ, છુપી રીતે પોતાના હાતમાં એક જેહરી પાલાનાં રસની સીસી લઇ તેહાં આવેયો, અને તે વસતુ મારા કાનમાં નાંમી નાહશી ગયો. પેલી જેહરી વસતુની અસર એવી થઈ કે મારાં શરીરની સઘળી રગે રગોમાં તેનું જેહર પેવસ થઈ ગયું, અને મારૂં લોહી બીગડી ગયાથી રગત પીતનો પોપરો મારા સઘળા સરીર ઉપર બંધાઈ ગયો—મારી સુવાળી અને ખુબસુરત ચામડીને બાવળની છાલના જેવડી જાડી કરી નાંખી. પછી પેળો રોગ બીજી સઘળી માહેલી ઇંદરીઓ ઉપર ઉતરી પડીઆથી, તુરત મારૂં મોહત આવીયું. એ પરમાણે મારો ભાઈ, થઈ મારો મુદઈ, જાન મારો લઈ, લઇ બેહો સરવે કંઈ—મારૂં તાજ, મારૂં તખત, મારી મીલકત, અને વળી લઇ બેઠો મારી રાંણી; હા, એ કેહવી કાંહણી ! જો મારી કેહવી દશા, મારી જીંદગીનાં ખીલતા બાહરમાં મને કાપી નાંખીઆથી, હાલ હું ઘરબાર વીના ભટકટો ફરૂં છું—જાંહાંસુધી મારી જીંદગીમા થયલું પાપ કપાઈ જાએ નહી તેહાસુધી મારૂં ઠામ થાએ નહી—આ કેહવો ગજબ ! આ કેહવો સીતમ ! તારી અંદર સદગુણ હોએતો આ વાત મુગે મોહડે ખમી બેસી રેહતોના, અને ઇરાનસતાન શેહરના બાદશાહી બીછાનાને અઘટીત લગનથી જોડાએલાં જોડાંથી અપવીતર કરવા દેતો નાં. મારી સોંપેલી ફરજ તું બજાવે તેની આગમજ હું તને એક ચેતવણી આપુછું, તે એકે તારી પોતાની માને તેણીનાં અપરાધ ખાતર કાંઇ પણ ઇજા કરતો નાં—તેણીને પોતાના અંતકરણ ઉપર સોંપજે, અંતકરણનાં ચટકાની સીખશા તેણીના બેવફા દીલને લાગીયા વીના રેહનાર નથી. હવે, પરોઢીઉ નજદીક આવતું દીસેછે, સેતારાની રોશની જાંહખી થતી જાએછે માટે—

ફીરોજ કરજે, છેલી સલામ,
કીધા વીના, એટલુ કામ,
કદી ન લેતો, જરા આરામ,
પીતાની પરીતીની રાખજે મામ.

(ભુત જતો રેહેછે).

ફીરોજ—ઓ આકાશ, પૃથવી, સુરીજ, ચાન !
બીજુ શું ? દોજખનુ દુશટ મકાન !
અરે છીહ ! ચુપ મોહ આરૂ ન ચાલ,
રાખ તું તંગ ધર, નેસોની નાળ.
પીતાની પરીતીપર ગણ્યુ ન કામ,
તો જનમ ને જીવતરછે મારૂ હરામ.

અફસોસ ભલા ભુત ! કાલીકેહવી રેખ,
રાખે તારા ભલીયના મારેલા લેખ !
આ મગજનાં ખાડામા ભરી સરવ ગમ,
હુકમ તારો પાળવા પડું એકદમ.
અરે ઓરત ! પેલી ઓરત કમગાત !
પાધરી તે હતેતો બીગડ ન થાત !
હવે લઈ મારૂ લેખણુ નોંધુ કસમ, (લખેછે).
"કાકા, સમાલ હવે, થાઉછ તારો જમ."

(એવામાં હોશંગ તથા તુસ આવી લાગેછે).

હોશંગ—ફીરોજ ! શાહ ફીરોજ,

તુસ—ફીરોજ, કેમ કેહેવી ખબર ?

ફીરોજ—ઓ, ભારે નવાઈ જેવી, ભારે અજબ !

હોશંગ—ઠીક ભાઈ, હમુને, વેહેલો કેહ—હમો ભારે બેચેન રહેઆ છઈએ.

ફીરોજ—નહી ભાઇ, નહી, મારેથી કેહવાએ નહી; કદાચ તમો કોઈને જણાવી દેઓ.

હોશંગ—હું ખાતરી કરી કહુંછું કે હું બીલકુલ કોઇને કહું નહી.

તુસ—દોસત ફીરોજ હું પણ સતધરમથી જણાઉછું કે હું તે છુપું રાખશ.

ફીરોજ—તો ઠીક, જુઓ ભાઈ, આ આખા દેશમાં એક એવો ચંડાલ માણસ નહી હશે કે જે પેલાને (કાકાને) મલતો આવે. હા ! હા ! દુનીઆમાં બીજુ દુશટ આદમી કોઈજ નહી હશે.

હોશંગ—હા ભાઈ, તેતો વલી સઉ જાણેછે; એમાં કાંઇ નવાઈ નહી; અને વલી એ વાત જણાવવાને એક ભુતને ઘોરમાંથી ઉઠી આવવાની કાંઈજ જરૂર નથી.

ફીરોજ—હા, ભાઈ તું કેહબ તે ખરૂં, અને એમજ છે તો, સાહેબ મેહેરબાન, મને જવા દેઓ—આપણ પોતપોતાના કાંમ ઉપર જતા રહીએ.

હોશંગ—વા, તું હમોને ઉડાવવાની કોશેસ કરેછ, જેમ તારી મરજી.

ફીરોજ—ભાઈ હું દલગીરછું કે તમોને જરા રીશ લાગી હશે, પણ એમાં હું શું કરૂં મારેથી તે કેહવાઈ શકાતુ નથી. તોબી મને એટલું કેહવા દેઓ કે, આજે ભુત આવેઓ હતો, તે નેક અને ભલોછે, પણ હમારી વચે શું વાત થઈ તે મારેથી કહી શકાતી નથી. આપણ જુદા પડીએ તેની આગમજ હું તમોને વીનંતી કરી કહુંછું કે આજ રાતરે તમે જે કાંઈ જોયુંછે તે કોઇને જરા પણ જણાવતા નાં માટે આ મારી તરવાર ઉપર હાત મુકી કસમ લેઓ કે તમો કોઈને કેહેનાર નથી, કારણ તેથી ભારે ખરાબી થશે.

---

## પરકરણ ૮ મું.

ભુતે આવીને જેઆરથી ફીરોજને છુપી વાત કહી તે હારથી ફીરોજ મગજે ખરઘો ચરી ગયલો હોએ તેવી ચાલ વારંવાર બતાવતો હતો, તેથી તેની મા તથા કાકો ભારે અંદેશામાં પડીયાં હતાં કે રખેને તેઓની છુપી વાતનો સંસારો તેનાં કાંનપર પડેયો હોય.

વળી ફીરોજે શાહ કેકાઉસના વજીર પાહલનની બેટી

મેહરબાનુ સાથ મોહબત બાંધી હતી. આ વાત તેણીના ભાઈ નોદરને જણાયાથી તે બાદશાહનુ કાંમ બજાવવા પરગામ જવા નીકળેછે તેની આગમજ પોતાની બેહેનને શીખાંમણ દેવા ઉભો રેહેછે.

નોદર—વાહલી બેહન, સદા તમો ભોગવજો સુખ અને ચેન, અને મારે વીશે કાંઇ પણ ફીકર કરશો ના, અને કાગજ પતર મોકલતાં રેહજો.

મેહરબાનુ—શું તમોને તે વીશે કાંઈ શક જાએછ?

નોદર—હા, ફીરોજને વાસતે, તેની બોલી તથા બખશેસ ઉપર કાંઇ પણ ભુલતાં નાં, જુવાન મરદો એશકની ખીલતી ઉલટમાં પેહલ વેહલા ભારે ખુશનુમાં પમરેછે, પણ એવો પમરાટ જોઈ લેવાનો, પળવારનો અને ખોટો, પછી પાછળથી બેવુનીવાદીની બદબોઇ બતાવીયા વગર રેહેતા નથી. માંટે ફીરોજની ઉપર તમો દીલથી મમતા રાખો તેની આગમજ સમાળજો, તે કેઈ જાતનો માંણુસછે. આજે કદાચ તે તમોને ચાહશે, અને કાલે પવનપર પીઠ ફેરવી ફરી જશેતો તેને તમો કાંઈ પણ કરી શકનાર નથી. જેમ મોરતીનો પાસો એકવાર પડેઓ તે ફરી ફેરવાઈ શકાતો નથી, તેમ એક વાર મોહબત અથવા નેકાની તાલી પડીતો તે કાંઇ પાછી ફેરવાઇ શકાતી નથી. માટે હું કહુંછ તેપર ખુબ દરીઆફ કરજો કે પાછળથી પસતાવો કરવો પડે નહીં. કુમારી કનેઆ ઉદારપણે એકબારગી જો પોતાની ખુબસુરતી ચંદરમાની સાંમે ખોલી કરી બેસેતો તે પણ બેઅંદાજાની અથવા મોટી ઉડાઉ કેહવાએ. માટે સાવચેતી રાખી મારી શીખામણ ઉપર ધેઆંન રાખજો કારણ સરવેથી સરસ સલાંમતી ધાસતીમાં રેહેછે.

મેહરબાનુ—તમારી આ શીખાંમણને મારાં દીલ ઉપર ચોકીખાન તરીકે રાખી મુકશ. પણ નેકીવાલા ભાઈ, કેટલાક મતલબીઆ ધરમગુરૂઓની માફક સવરગનો સીધો રસતો છોડી કાંટાની ઝાડીમાંથી મને મારગ બતાવતા ના કેટલાંએક માણસો એશઆરામ અને સ્ત્રી (સાથે) લંપટપણાંમાં ગરદનવેર ગરક ગેયલા હોયછે. તોબી તેઓ બીજાને નશીએત કરતી વેલા મમતા અને મોહબતના ઓરાને પણ અડકવાની મના કરેછે.

નોદર—નહી બેહન તેવી ખોટી નશીએત હું તમોને કરતો નથી. વખત ઘણો ગયો, મારે જવું જોઈયે;—પણ જુઓ સાંમણે આપણો બાપ આવેછે.

(પાહલન આવતો દેખાએછ)

પાહુલન—હજુર હીયાં, નોદર! તારે વાસતે વાંહાંણ થોભી રહેયુછે, જલદી કર, પવન પણ પીઠનો સારો નીકલેયોછે: જતી વેલા મારા આશીરવાદ લે.

(નોદરના માથાં ઉપર હાત મુકીને)

દેશાંતર જાય તુ નોદર ભાઈ,
શીખાંમણ મારી લે મનમાં તું સાઈ;
કહું તે ખરૂ કરી મનમા તું નોધ,
સદા ચરણથી તું ચાલે સુબોધ.
આવે મનમા તે કેહવું નહી સરવ,
કદી બોલતાં રાખવી નહી ગરવ;
વીચારમાં આવે જદી પણ આડું,
હુજગાઈ કરી બોલવું નહી ગાંડુ.
હસી ને મળી ચાલવુ સરૂ સાત,
અંદાજે ધરી કરવી સરૂ વાત;
છોડી લાજ છેક લેવું નહી લીણું,
વાહાંણ ડુબાડે કદી છેદ જીણું.
કદી કરવી નહી સગત ખોટી,
બુરા સાથીઓથી પીડા થાય મોટી;
ખરા મીતર કાહડી વીવેકથી ચુંટી,
જડો દીલ મધે લોખંડની ખુંટી.
કજેઆ ન કરવો કદી કોઈ સંગ,
જરૂર પડે તોજ લેવી પરસંગ;
હરાંમી હરીફને ધડો શીખાડી,
હરાવીને અંતે બનાવવો અનાડી.
થતો મડળીમા કદી નહી નાદાન,
આપવા જીવની આગમજથી કાન.
પોશાગ તુ પેહરે કીમતીજ એવા,
તારૂ ગજવું જે આપી શકે તેવા;
રેશમી ચકચકીત ને રંગીન સેખાશ,
બતાવે પેહરનારનો હલકો સ્વભાવ.
ઉછીનુ લેવુ કે દેવુ બી કદી નહી;
ઓશ્રા ખતપર કરવી નાહી સહી.
ઉછીના પઇસા નાશે ને નચાડે,
ઓવાઈ જઈ વળી મીતર ખશાડે.
છેવટ સુની લે, ગરખવા તુ ઇજત,
પોતાના દીલસે સદા રેહ તુ સત;
જેથી પરીનામ નીકળે એવુ આપ,
કદી ન કરે તું કાંઈપણ પાપ.
શીખામણ એટલી શીખી સીધાર,
આશીરવાદ લઈ થા હવે પનાર.

નોદર—મોટા ઉપકાર સાથ હું નમી તમારી રજા લેઉછું. (મેહેરબાંનુ તરફ ફરીને) વાહલી બેહન સલાંગની સાથ રેહજો, અને મેં જે તમને કહેલુંછે તે ખુબ યાદ રાખજો.

મેહેરબાનુ—તે વાતતો મેં મારી છાતીમાં કળ દઇ રાખી છે, જેની કુંચી તમારી પોતાની પાશ રેહેશે.

(નોદર હવે જતો રેહેછ.)

પાહલન—મેહેરબાનુ, તારો ભાઈ જતી વેલા તુને શું યાદ રાખવા કહી ગયો?

મેહેરબાનુ—મેહેરબાન બાપ, શાહ ફીરોજને લગતી કંઇક વાત.

પાહલન—હા, હા! ઠીક થયું—હું પણ અતરે તારી આગલ એજ બાબદસર વાત કરવા આવેલોછું. મેં સાંભલીયુંછે કે ફીરોજ સાત તું વારંવાર છુપી વાતચીત કરવામાં અને તેનું કહેલું સાંભળવામાં ઘણી છુટ લેછે, એ ખરી વાત? જો એમ હોયતો પેયારી બેટી હું તને ચેતવણી તરીકે જણાઉછું કે જેમ આપણી હુરમતને છાજે તેમ તેં સમજણ રાખી નથી. હવે જોઉં જરા મનેતો ખરેખરૂં જણાવ કે તારી અને તેની વચે શું વાત થઈ હતી.

મેહેરબાનુ—તેણે થોડુંએકની વાતપર પોતાનું હેત આપવાને મારી ઉપર દરખાસત કીધી હતી.

પાહાલણ—તેનુ હેત? પુહ! તું મને ફુલ વીણનારી નાંદાન છોકરીનાં જેવી દીસેછે, જે ફુલની ઝાડી ઉપર વીંછુ લટકેલો જોઇ તેને પણ પકડી લેવા જાયછે.

મેહરબાનુ—સાહેબ, હજુ મેં કાંઈ મારો વીચાર ઠેર વીયો નથી, અને હવે મને શું કરવું જોઈયે તે જાણતી પણ નથી.

પાહાલણ—તેઆરે જો, હું તુને સમજણ પાડું. એમજ સમજ કે તું એક બાલકછે અને તુને કોઈએ એક રૂપીઓ આપીઓ જે પાછળથી ખોટો અને સીસાંનો સાબેત થયો, માટે તું તેને નકામો ગણી એક કોરે મુકી બેઠીછે.

મેહરબાનુ—ખરૂં, પણ તેણેતો આબરૂ દરકારથી ખરૂં દીલ બતાવીયુંછે, તેથી તેનાં બોલ ખરા હશે.

પાહાલણ—હા ! હા ! ખરૂં દીલ, તેના ખરા બોલ ! તું નથી સમજતી એ જુવાન મરદનો દરએક બોલ ખબુતર પકડવાનો એકેક ફાંદોછે—જે પેહલ વેહલાં લલચાવીને આગળ ખેંચશે પણ પાછળથી વધારે સજડ શેકાર જણાયોતો એકને ફાસામા મુકી બીજીગમ દોડશે. વળી તું જાણતી નથી એતો બાદશાહનો બેટોછે, કાટામાં આવે તેમ ફરે અને ચીતમાં આવે તેમ ચરે ઉડાં ઉડાં પાણીમા માલવાને જે ઘણી દેહશત રાખે નહી તેનાં બોલ કેહવા માનવા ! નહી મેહેરબાનું નહી, હવે પછી કાંઈજ કોહું આપતી ના અને તેના મધુર બોલવા ઉપર ભરોશો રાખતી નાં. ટુકમાં કહુંછ કે તું કાંઈબી તેનું સાંભળશેતો શેવટ ખરાબ પરીણામ નીપજશે, જેથી તારા બુઢા બાપને નામોશી લગાડીયા વીનાં રેહશે નહી.

હવે વાંચનાર જુઓ, શાહ ફીરોની ચાલ ગમથી પેલી બની હતી સેથી તેની મા તથા કાકો તેને ધીકારતા હતાં એટલુંજ નહી, પણ દરબાર મધેનાં સરવે અમલદારો તેને વીશે માઠું બોલતા અથવા કરતા હતા તેઓ મધે બાદશાહનો વજીર પાહલણ પણ ફીરોજને ભારે ધીકારતો હતો એટલુંજ નહી પણ તેનો છોકરો નોદર પણ તેવોજ વીચાર રાખતો હતો. એવામા ફીરોજની મમતા પાહલનની ખુબસુરત બેટી મેહેરબાનુની ઉપર લાગેલી હતી આ જુવાન સ્ત્રી પોતે પણ ફીરોજની ઉપર મમતા રાખી તેના સખુનો સાંભલતી હતી, એવામાં તેણીનાં ભાઈ તથા બાપે વચમાં રંજક મુકી તેઓએ ઉપર જણાવેઆ પરમાંણે મેહરબાનુને નશીએત કરી ફીરોજનો એકુ બોલ પણ સાભલવા મના કીધી હતી, તેજ પરમાણે તે ચાલવા લાગી. થોડાક દાહડામા ફીરોજ તેણીની મુલાકાત લેવાને ગયો પણ પેલીએતો ઠેરાવ પરમાણે કાંઈ કોહુંબી આપીયું નહી. અને પેલા એશકથી ઘેરાએલા ફીરોજને અપમાન લગાડીયું, જેથી વલી તેનાં દુખ ઉપર ડાહમ પડીયો. અને તેનુ ગજગીનીથી ભરેલુ મગજ વધારે ચેડા કાહડવા લાગું. ફીરોજ ગયા પછી મેહેરબાનુ પોતાના બાપની આગલ ફરીઆદ કરવા ગઈ

પાહલન—અરે કેમ ! મેહરબાનુ શુછે !

મેહરબાનુ—સાહેબ, મને એટલીતો દેહશત લાગી કે હું શું કહું !

પાહલન—ઓ બાદા ! દેહશત તારી ઉપર શાની !

મેહરબાનુ—ભીતરા મારૂ જોની,—હતી હુ એખથી,
ફીરોજ ભની ગાંડો,—થઇને પોરો બાડો,
આવી ઉભો સામો,—પછી ભીંગી ધાંમો;
લોહીના નહી મથુક,—દગલાનાં નહી ઠુંક;
મોજાં પગને છેડે,—આડા અવડાં લફડે,
અંગમાં હોય નુ લોહ,—તેવુ ફીક મોહ,
જાણે દોજખમાથી છુટી,—આવેપો સેવા લુટી.

પાહલન—શું તે તારા એશકને ખાતર ગાંડો બનીયો હતો ?

મેહરબાનુ—હું કંઈ તે જાંણતી નથી, પણ મને ભાસતી લાગેછ કે તેમજ હશે.

પાહલન—પછી તે બોલીયો શું !

મેહરબાનુ—પેહલાં તેણે એક હાતે મારો પોહચો મજબુત ધરીયો, પછી બીજે હાતે પોતાનુ કપાર ધરી મારી ઉપર ભારે ડોળા ઘુરકીયા. એ પરમાંણે લાંબોવાર તે મને ધરી રહેયો; પછી મેં જોર કરીને મારા હાત છોડવીયા, જેથી તે એટલોતો દચકાં ખાવા લાગો કે મારી પોતાની છાતી ભરાઈ આવી, અને એનુ શરીર ધ્રુજવા લાગું. શેવટે તે આખ વીચી ચાલતો થયો, અને મારી ઉપર દુરથી નજર કીધી.

પાહલન—તો ઠીકછે; ચાલો આપણે બાદશાહની આગલ જઈ આ સઘલી બીના કહી સંભળાવીયે. એશકના આંધળાપણામા માણસજાત પોતાની અને વળી બીજાંની પણ ખરાબી કરી નાખેછે માટે એનો અટકાવ થવો જોઈએ. પણ તેં શું હાલમાં કાંઈ આડા સખુન તેને કહેયા હતા ?

મેહરબાનુ—આડા સખુનતો હું કાંઈજ તેને બોલી નથી, પણ જેમ તમે મને હુકમ કીધો હતો તેમ તેની ચીઠી પતરીઓ પાછી વાલી હતી અને તેને પોતાને પણ મારી હજુરમાં આવવા ન દેવાને ગોઠવણ કીધી હતી.

પાહાલણ—હા, તો તેઆરેજ એ આ પરમાંણે ઘેલો બની ગયો હશે ! અરે મેંબી વધારે ડાહપણ ખરચી તેના અટકાવની બીજી કાંઈ રીત શોધી કાહાડી હતેતો વધારે સારૂં. તોબી આ બીનાનો અટકાવ થવો જોઈયે. ચાલો આપણે પાધરાં એના કાકા શાહ કેકાઉસની આગળ એની ફરીયાદ કરવા જઈએ.

(જતાં રેહછે)

પાહલન બોલીયો મનમા, જાઉં બાદશાહ પાસ,
સમજાવી વાત કહુંતો, કેહે મને શાબાશ,
ફીરોજનુ ઘેનાપણુ, ગરવ તેનો સતાપ;
સતાઈ બેમ રેહાં, તે સુજીયું આપો આપ.

---

## અંજાણપણે થતા અવગુણો.

### આજારી માણસ આગલ ગરદી કરવાની નુકસાન ભરેલી ચાલ વીશે.

બચ્ચું કઇઆ મોહોટું માણસ જેવુ આજારી પડીઊં એટલે કુદરતથીજ તે આરાએશ લેવાને ચાહેછે. પેહેલાં તેને બીછાના ઊપર પડી રેહેવાને ગમેછે, તે ફરવા હરવા ચાહતું નથી. રમતીઆલ બચ્ચું જેમ આગલ કુદકારા મારતું હતું તેમ કરીઆને બદલે સુસ્ત

તા પડેછે અને કોઈના હાથમાં અથવા ખોલામાં રમવાને ચાહતું નથી. આજારી બચ્ચું ઈઆ માણસ આસાએશ બે તરેહની ચાહેછે; જેમ તનને કસવા ગમતું નથી, તેમ મનને પણ આરામ આપવા ચાહેછે; કોઈ સાથે વાતચીત કરતું નથી; ઘોંગાત તદન પસંદ પડતો નથી; ઊજડું જોવા ગમતું નથી. એ પરમાણે કુદરત પોતે આજારી માણસને તન અને મનની આસાએશ આપવા માંગેછે.

આપણા લોકોમાં એક ઘણીજ ખરાબ રવઈઓ પડી ગયોછે. જો કોઈ બચ્ચું ઈઆ મોહોટું માણસ આજારી પડીઊં, એટલે પાર પડોસીઓ, સગાં વાહાલાં આજારી માણસના ઓરડામાં આવીને ગરદી કરી મેલેછે. પાંચ છ જણ આજારી માણસના બીછાના ઊપર તેને ઘેરીને બેસેછે, અને ઓરડામાં ખુરસી; પેટી, પાટલાઓ ઊપર ગીચ થઈને કાંઇ ઓછામાં ઓછા પચીસ ઓરતો બેસેછે. જો ઓરડો નાહાનો હોએછે અને હવા જવા આવવાનો બરાબર બંદોબસત નહી હોએતો, ઘણાં માણસો હોવાના સબબથી હવા બીગડેછે અને ગરમ થઈ જાએછે, તેથી આજારી માણસને બેચેની પેદા થાએછે, તે ઘણું ચાહેછે કે તેની આગલથી લોકો જરા દુર બેશે અથવા ઓરડા માંહેલી ગરદી કમતી કરે, પણ તેનું બોલવું અને કાલાવાલા સઘલા વીઅરથ જાએછે; ઘરનાં માણસો, બીજાં સગાં વાહાલાં, પડોસી, ઈઆ દોસતદારોને જરા પણ હીણું લાગે, તે કરેઆના કરતાં આજારીને દુખ ખમવા દેછે! એ ચાલ ખરેખર ધીકારવા જોગછે અને તે જલદીથી આજારી માણસને ખાતર નીકલી જવી જોઇએ.

જો ઓરતો આવીને મુગી મુગી બેસી રેહતી હોએતો વલી જુદી વાતછે, પણ તેને બદલે ઓરડામાં તેઓ મોહોટેથી વાતચીત કરેછે, આજારી માણસનું તે સાંભલે તેમ દુખ રડેછે, અને વારે ઘડીએ નાસીપાએશીના સખુનો કાહાડેછે; દરદ જાણે તેઓ બરાબર પીછાનતાં હોએ તેમ બોલેછે અને વારે ઘડીએ બેવકુફીથી કાગનો વાઘ કરી મેલેછે; તેથી આજારી માણસને દીલાસો મલીઆને બદલે ઊલટો ગેરફાએદો થાએછે, તેવો ડાકટરના ગાન વીશે વાતો કરેછે; સારો ઈઆ હલકા હાથનો અથવા નરસો ડાકટર તેવો બરાબર પીછાનેછે, અને જો તેવોના ધેઆંનમાં આજારી માણસ આગલ આવતો ડાકટર બરાબર નહીં આવીઓ તો તેને બદલી નાખવાની ભલામણ કરેછે; તેથી ઘરના માણસોનો વીસવાસ ડાકટર ઊપરથી ઊઠી જાએછે, તેઓ ભલામણ પરમાંણે બીજાને બોલાવેછે; તેથી જો જલદીથી આજારી માણસને આરામ નહી થઓ, તો વલી બીજી ઓરતો તરીજા ડાકટરની ભલામણ કરેછે; અને વચમાં કોણનો બીગાડો થાએછે? બીચારા આજારી આદમીની બરાબર દાદ લેવાતી નથી. તે પોતે નાસીપાએશ થાએછે કે ડાકટરો એકએક પછી બદલાએછે તે દરદ ઘણું બીકટ હશે તેથી કરીને હશે. આજારી માણસ જારે પોતે નાઉમેદ થાએછે તારે દરદનુ જોર વધીઆ વગર રેહતું નથી. એ સઘલો બીગાડો ઓરતોના અંજાણપણે બકબકારા કીધાથી થાએછે. વલી જો આજારી માણસની વાત થતી નથી તો પછી બાહેરના કુટલાઓ ચાલેછે અને તેનો કાંઈ પણ અંત નથી. જો કોઈ નવી ઓરત ઓરડામાં પેશેછે, તેવી તે આજારી માણસ આગલ જાએછે; તેનું આંગ તપાસેછે. નાકનો દાંડો હાથ ફેરવીને જુવેછે; અને જાણે દરદ પારખીઊં હોએ તેમ ભવાં ચહડાવી, અને ચેહેરો નાસીપાએશીનો કરી નાખીને પછી પોતાની જગા સોધવા માંડેછે. જો આજારી બચ્ચું ઈઆ માણસ જરા ઊંઘાએલું હોએછે તો ચોંકીને ઊઠેછે, અને જો કદાચ પેલીના ચેહેરા ઊપર નજર પડેછેતો તે પોતે નીરાશ થઈ જાએછે

શું એવો દેખાવ દરએક ઘરમાં જોવામાં નથી આવતો? જારે કુદરત પોતે તન અને મનની આસાએશ આપવા ચાહેછે તારે શુ માણસ કુદરતથી ઊલટું ચાલવાને હીમત કરશે? જારે આપણે જોઈએછ કે કુદરતથી ઊલટું ચાલીઆથીજ આપણી ઊપર દરદ અને આફતો આવી પડેછે, તારે શું એ કુદરતના ધારાથી ઊલટું ચાલીઆથી આજારી માણસ સુખી રેહેશે? ના, કદી પણ નહી.

શા માટે આપણા લોકો અરાની લોકના મન રાખવાને માટે પોતાના વાહાલાં બચાંને ઈજા દેછે? શા માટે તેને આજારી ઓરડામાં ગીચ થએઆથી ગેરફાએદા થાએછે તે જણાવીઆ છતાં, બેપરવાપણે તે ચાલવા દેછે? શું તેને પોતાનું બચું વાહાલું નથી? બચાંના જાન આગલ પારકા લોકની ખોટી શરમ શુંછે?

જંગલીપણાની નીશાની જોવી હોએતો હાલ પારસી લોકમાં આજારી માણસના ઓરડામાં જોવા

માં આવશે. જાંહાં સઘલી પાંનીનું અશાનપણું જોવા માં આવે, તારે. તે જંગલીપણું કાંએ નહી કેહવાએ ?

સઘલી જાતની તાવમાં અને ભેજાંના દરદોમાં એ વીશેની સંભાલ ઘણી જરૂરનીછે. ઘણી વેલા વગર મોહોતના મોહોત બનેછે તે, એ કાએદા ધેઆન માં નહી રાખેઆના સબબથીછે.

ઈંગરેજ લોકમાં આજારી માણસ આગલ એક આદમી શીવાએ બીજું આદમી હાજર રેહેતું નથી. વારેઘડીએ સઊથી વાહાલાં સગાંને પણ તેની આગલ જવાની મનાઈછે. તેવોમાં આજારી માણસને જોવા જવાની ટેવ નથી;અને જો સગાં વાહાલાં, દોસતો આવેછે તો આજારી માણસના અતલગના સગાંને મલીને જાએછે. તેવોને દેલાસો દેછે; પણ આજારી માણસના ઓરડામાં પેશતાં નથી.

આજારી માણસ આગલ, એકાંતપણું, નરમ મીજાજ, ખુશ ચેહેરો, માવજત, એ શીવાએ બીજું કાંઈપણ જોઈતું નથી.

---

## સેવરાની શેવા.

વર અથવા છોકરાં મેલવવાને ઘણીએક બાઈઓને સેવરાની મદદ જોઈએછે. જો એવું બનીઊં હોએ, કે એક સ્રીનો વર તેને રાહટતો ન હોએતો તે રાહટે તેમ કરવાને, તરેવાર પ્રપંચમા એ પણ એક ઊપાએ ગણાએછે. જો પેટે બચાં નહી થતાં હોએ, તો તરેવાર જાતની માનતા કરવામાં આવેછે, અને સેવરાઓની સલાહ માંગવામા આવેછે. હવે કેહવતછે કે "જો ગામમા વેહમી ન હોએનો ધુતારા ભુખે મરે;" પણ આપણો પારસી ટોલો, જે શુધરાઈમા આગેવાન ગણાએછે, તેમાની નારીજાત આવા બેહુદા ઊપાએ અખતીઆર કરે, તેથી આખા ટોલાને હીણું લાગીઆ વીના રેહેતું નથી. માટે દરએક સમજુ મરદ તથા ઓરતની ફરજછે કે જે અગનાન અને અણઘડ સ્રી પોતાના પઈસા ગુમાવી, બેવકુફ ઠરી, પોતાની કોમને બટો લગાડે, તેને બનતી કોશેસથી સમજણ આપી અટકાવવી.

ખરૂંછે કે કેટલીક વખતે નીરદએઆલું નીરલાજરા, નબરવસ, અને ઊડાઊ વરને લીધે, કનીઆને ભારે ખમવું પડેછે. જે શખસ, એક ઓરતને પોતાની જીંદગીના જોડીઆ તરીકે, એક વખત કબુલ રાખી, તેનીથી દુર રેહ તેનું 'જીવતર બલીઊં'.. બીચારી કનેઆ એવા ઘાતકી વરના કુકરમને લીધે મોટાં દુખમાં પડેછે અને તેમાથી છુટવાને જે ઊપાએ તેની જાણમા આવેછે, તે તપાશી જોએછે; પછી તે ગમે તેવા બેવકુફીથી ભરેલા હોએ. એવી વખતે આસપાસની બાઈઓ, જે ફરેબ આપી, તેને ભમાવેછે તેઓની ઊપર ફીટકાર નાખવો જોઈએ.

અમને આવી રીતના વીચાર આપવાનુ કારણ પારસીઓને ડાઘ લગાડનાર પેલો જાણીતો પોલીસ આફીસનો કજીઓછે. એક પીરોજબાઈ નામની પારસણપર, કુવરબાઈ નામની પારસણે તોહમત મુકીઊં, કે પીરોજબાઈ ઠગીને, મારૂં ચાર પાંચ હજાર રૂપીઆની કીમતનુ જરીઆન ખાઈ ગઈ. શાખસી લેતાં માલમ પડીઊં, કે કુવરબાઈ કોઈ એક પારસી પેસતનજીની ધણીઆણી હતી. એ પારસી પોતાની બઈરીથી પાંચેક વરશ સુધી જુદો રહેઓ હતો. એને જુદો રેહવાનુ કારણ ગમે તે હોએ, તેની સાથે આપણને કંઈ દરકાર નથી. પણ તેટલા વખતમાં, કુવરબાઈ પોતાના ધણીને મેલવવાને પોતાની પાસેનુ જરીઆન વેચી, બાહમણની, સઈએદની અથવા સેવરાની સલાહ લેતી ફરતી હતી. કોઈએ ખીલો ઊંબરમાં તથા હોલીઆની ઇસમા ઠોકવા ફરમાવીઊં. તેમ કરતાં પણ ઘણી હાથ લાગો નહી. કોઈએ ચીઠી લોબાનમાં ધુપવાને કેહઊં. તેમ કરતાં પણ તેઓના તલેસમાતથી ઘણી હાથ લાગો નહી. એમ એક જગાપરથી બીજી જગાપર, અને બીજી જગા પરથી તરીજી જગા પર, કુંવરબાઈ પીરોજબાઈની સલાહથી ભટકી અને પોતાના પઈસાના કાંકરા કીધા, પણ ઘણી હાથ લાગો નહી. છેલે ધણી ધણીઆણીનો કેમ મેલાપ થએઓ, તે ખબર નથી, પણ તેઓના મેલાપ પછી આ બેવકુફાઈના નમુનાનો વરઘોડો પોલીસે ચહડીઓ. પોલીસમા પારસીઓની એબ જાહેર પડી; અને આપણા વખણાએલા તથા પોતાના ઓધાને જેબ આપનારા ધુંધી પારસી માજીસટરેટે એ એબપર ઘટતા ટીકા કરવાની જરૂર જોઈ.

હવે એ વાત આપણને કેટલું નીચું લગાડનારીછે. પીરોજબાઈ છટકાંમાથી છટકી ગઈછે; પણ ભોલી કુવરબાઈને ભમાવવાના વાંકને લીધે આપણા લા

એકીવાલા માજીસટરેટે જે તેને કહી સંભલાવીઊં, તે વાજબી હતું. જે સ્ત્રી પોતાના પઈસા ખરચી, પોતાની મતલબમાં નીસફલ થતી, તે છતાં બાહમણ, તથા સેવરાઓ ઊપર પોતાનું ઈમાન રાખી, એક ઠેકાણેથી બીજે ઠેકાણે ભટકે, તે સ્ત્રી ભોલી, અનઘડ અને કાચા કાનવાલી હોવી જોઈએ. એવી સ્ત્રીને કોઇ ભમાતુ ઓરત મલેઆને બદલે, સમજુ ઓરત મલી હતેતો તેની ઊપર સેહલથી ફાવી શકતે.

જુઓ ! આએ દાખલાથીજ સાબેત થાએછે, કે બાહમણ, સેવરા તથા સઈઅદોમા ઠગી પઈસા ખાઇ જવા શીવાએ, બીજો કંઈ તલેસમાત નથી. એક શખસની મરજી ઊપર એવો બીજો શખસ કેમ ફાવી શખે ? ઇશવરે માણસ જાતને પોતાની મરજી પરમાણે ચાલવાની છુટ આપીછે અને તે કીરતાર પણ તેની મરજીની વચે પડતો નથી; તો એક માણસ, કે જે તેના પેદા કરનારની શકતી આગલ કશીબી બીસાદ નથી, તે પોતાના જાતભાઈની મરજી પર પોતાની શકતી કેમ ચલાવી શકે ? કોઇ પણ સ્ત્રીએ એવા ઠગારાથી ફાએદો મેલવીઓ નથી, તે છતાં તેઓ ઊપર એટલો વીશવાસ રાખવામાં આવે, એ તાજુબી ભરેલુંછે. અમે સમજીએ છઈએ, કે એનું ઘણુંખરું કારણ, ઠગારી ઓરતોની તેઓ સાથે સામેલગીરીછે. એ ફરેબબાજ ઓરતો, ભોલી ઓરતોને ઠગીને પઈસા મેલવવાના કારણ સર તેઓને ખોટું સમજાવેછે. આગલ કહેઆ મુજબ એવી ઓરતો પર ફીટકાર નાખવો જોઈએ અને દરેક સ્ત્રીની ફરજછે કે તેઓની સાથે તેણે કંઈ પણ વેહવાર રાખવો નહી.

વાંઝણી સ્ત્રી છોકરાં મેલવવાને પણ અનેક તરેહના વેહેમોમાં ગરક થાએછે. ફલાણી માતાને બકરો, ફલાણા દેવને મરઘો, ફલાણા હનુમાનને તેલ, ધુપેલ, મોટમાવલીને રૂપાંની દીકરી, દીકરા, પીરની કબરોને ફુલના હાર, તાબુતની માનતા, અમાવસનો અપવાસ, ઈતીઆદી કરવાને તે તઈઆર થાએછે. હવે ખરેખર એમાં કુદરતી કાએદા વીશે અગનાનપણું મુખીઅ કારણછે. જે કુદરતી કાએદાથી છોકરાં થાએછે, તે કાએદાની ઊલટું કોઇનું કંઈ ચાલતું નથી—પછી ગમે તેવી માનતા કરો, કે ગમે તેવા સેવરા સેવો. ધુતારાઓ ધુતેછે અને અનીતીમાં વધારો થાએછે. એ શીવાએ, આવી બદ ચાલથી બીજો ફાએદો કંઈ થતો નથી. અમે પુછીએ છઈએ કે સેવરાઓ એમાં શું કરે ? શું તેઓ ખોદાની સાથે રકજક કરી, તેનો કાએદો ચોડવાને અરજ કરે ? એમજ જો તેઓથી બનતું હોએ, તો તેઓનું આ દુનીઆમા કાંમ શું ? તેઓ ભીખ માંગી પોતાના હાજરાં કાંએ ભરે ?

અમારી પકી ખાતરીછે, કે અમારા વાંચનાર સેવરાની સેવાનો ધીકાર કરેછે. એ ચાલ ઘણીજ બેહુંદી, બેવકુફી ભરેલી, અનીતી ભરેલી અને હીણું લગાડનારીછે. ઊપલા થોડાક વીચાર આપવાનું કારણ માતર એટલુંજ, કે બનતી કોશસ કરી કોઇ ભુલાવો ખાતી, ભોલી સ્ત્રીને ઊંડા ગારમાં પડતી, તેઓ અટકાવે.

---

## શું માણસ આંખ વગર જોઈ સકે ?

માણસ તથા બીજાં જીવજંતો આંખોથી જુએછે, એવું આપણે સારીપેઠે જાણીએછે. પણ આંખો વગર માણસ તથા જાનવર કોઈ વખતે જુએછે; એ આપણા વીચારમાં પણ આવીઉં નહી હશે. તો જોકે એક વીચારવાલું માણસ ઉંઘમાં ચાલનાર તથા કામ કરનારના કાંમો જોઈ, તેનું કારણ શોધવાને પેહલેથી એટલુંતો કબુલ રાખશે કે, ઉંઘમાં ચાલનાર શખસ પોતાની આખો મીંચીને ચાલવામાં તથા કાંમ કરવામાં દેખતાં માંણસ કરતાં વધારે સરસ રીતે પોતાનો બંચાવ કરેછે. એ બાબદ વીશે, એક જરમન હકીમ, નામે વાઈનહોલટ, પોતાનો અભીપરાએ આપી ગઓછે. તેના અભીપરાએ ખરા હોએ ઇઆ બેઆલી, તેની સાથે આપણને કંઈ જરૂર નથી. પણ તેણે જે દાખલાઓ ઉપરથી પોતાના વીચાર બાંધીઆછે, તે જાણવાજોગ હોવાથી, તેઓનો થોડોક હેવાલ હમે નીચે આપીએછે. ડાકટર વાઈનહોલટ વીશે હમારે એટલુંતો જણાવવું જોઈએ કે તે પોતાના ધંધામાં તથા વીદીઆની શોધ કરવામાં નાંમાંકીત થઈ ગએઓછે. એ વીદવાન ઇ૦ સ૦ ૧૭૪૦ માં જનમીઓ હતો, તથા ઇ૦ સ૦ ૧૮૦૪) માં મરણ પાંમીઓ હતો.

ઉંઘમાં ચાલનાર શખસ, કેટલીક વખતે, કુદરતી ઉંઘથી જુદીજ ઉંઘમા પડેછે; પણ એ બને ઉંઘને કેમ પારખવું તે આપણને માલમ પડીઉં નથી. જારે તેવો શખસ રાએતાની ઉંઘથી જુદીજ ઉંઘમાં પડેછે, તારે તે થોડોકવાર બીછાંનાંપર રહેઆ પછી, પાછો ઉઠેછે. અને જાગરુત માંણસની માફક પોતાના ઓરડામાં અથવા ઘરમાં ફરેછે; ઘણીક વખતે, તે બાહેર પણ નીકલી જાએછે, ગમે તેવા આડા અઘરા રસતા ઉપર ચાલેછે, ભએ ભરેલી ટેકરીઓ ઉપર, કુવા તથા તલાવની પાર ઉપર, જાણી અથવા અણજાણી જગો ઉપર ફરી વલેછે. રસતામાં કંઈ પણ જો આડું નડેછે, તો તેની એક કોરેથી પોતે ચાલીઓ જાએછે; અને

જે ચીજ કરવાને પોતાની જાગરૂત હાલતમાં હીમત નહી ચલાવે, તે ચીજ વગર ધાસતીએ બનાવેછે. તે છાપેલી તથા લખેલી ચોપડી તથા કાગલ પતરો વાંચેછે; અને ભુલવીના જેમ જાગરૂત હાલતમાં! લખતો હોએ તેમ લખેછે. વલી એવાં બધાં કાંમ રોશની શીવાએ અંધારાંમાં અને ઘણુ કરીને બંધ આંખે કરેછે. દરએક ઉંઘમાં ચાલનાર તથા કાંમ કરનાર શખસ એ બધી ચીજો કરતો નથી; પણ કોઈ એક કાંમ કરેછે, તો બીજો બીજું. એવા તરેવાર દાખલાઓની નોંધ હકીમોને તાંહાં ઘણી થઈછે; તેમાના થોડાક દાખલાઓ ડાકટર વાઈનહોલટ કહી જાએછે. જેઓ વીશે પકે પાએ અને ભરોસા ભરેલી રીતે એ નામાંકીત હકીમ ખાતરી કરી આપેછે.

એક દાખલો એક રેરડાં બનાવનારનો તે આપેછે. એ શખસ, કેટલીક વખતે કાંમ કરતો કરતો, ઉંઘમાં પડતો; અને પોતાની જાગરૂત હાલતમાં તે જે કાંઈ કાંમ કરતો, તે ઉંઘમાં પાછું શરૂ કરતો, કોઈ વખતે જાંહાંથી તે કાંમ બાકી રહેઉં હોએ, તાંહાંથીજ આગલ વધારતો. કોઈ વખતે પગે મુસાફરી કરતાં, રસતામાંજ તે ઉંઘમાં પડતો, પણ જાંણે જાગરૂત હોએ; તેમજ ચાલીઆ કરતો, અને કંઈ પણ રીતે ઠોકર ન ખાતો. એક વખતે એ જે રસતાપરથી જતો હતો, તાંહાં લાકડાં નાંખીઆં હતાં, તેઓ ઉપરથી પણ તે સહી સલાંમત ચાલી ગએઓ. એવી રીતે વારેઘડીએ, તે નઉમબુરગથી તે વાઈમાર સુધી મુસાફરી કરતો. એક વખતે ઘોડે અસવાર થઈ, વાઈમાર જવાને નીકલીઓ, તેવામાંજ તે ઉંઘમા પડીઓ. તોપણ જાગરૂત માંણસની માફક, ઘોડા ઉપર સવારી કરી તેણે પોતાનો રસતો કાપીઓ. રસતામાં ઇલમ નદીની પાર ઉતરતા ઘોડાને પાંણી પીવા દીધું, અને પોતાના પગ પાંણીમાં નહી ભીંજાએ, માટે ઉંચા લીધા. વાઈમારની બજાર, ગલીગુંચી, લોકોની ગીચ, ગાડી ઘોડા, ઝાડપાન, સરવેને જરા પણ અપડીઆ વગર, તે પોતાના દોસતદારના ઘર આગલ આવી લાગો, અને પછી તે જાગરૂત થએઓ. એવી એવી જાતના તરેવાર કાંમ અંધારામા તેમ અજવાલાંમાં તે કરતો. તોપણ તેની આંખો મજબુત રીતે બંધ રેહતી, અને તેઓને ગમેતેવા જોરથી ઉઘાડવાની તજવીજ કરવા છતાં, ઉગડતી નહીં. તેજ પરમાંણે બીજી ઈંદરીઓ પણ બધ રેહતી, ગમે તેવી ચીજ તેને એવી વખતે સુંગાડવામાં આવતી, તો તેની કંઈ પણ તેના ઉપર અસર નહી થતી, ગમે તેમ ચીમટા દેતા, કાટો ભોકતાં, અથવા ફટકા મારતાં, તો તે તે વખતે ન લાગતું, તેનું નામ દઈ મોટેથી બોલાવતાં, તે પણ નહી સાંભલતો.

બીજો દાખલો એક ૧૧) વરશની ઉમરની નાહાની છોકરીનો આપવામાં આવેછે. એ છોકરી મોટાં ખાનદાનની હતી. તે બીચારી દુખથી હેરાન થતી હતી. તે વખતે એવી ઉંઘમા પડતી, તારે તેની આંખો મજબુત બંધ થતી. એવી વખતે વગર આદમણે તે પાનાનો રંગ તથા તેઓ ઉપરનાં ટીપકાં કહી શકતી, જાગરૂત માણસની માફક લખતી, અને તેમજ કાગલ કાપીને તેના ચીતર બનાવતી.

તીજો દાખલો એક માલીનોછે. એ શખસ બીછાંનાંપરથી ઉઠી બાહેર નીકલતો, અને ઘરની દેવાલ તથા છાપરાંપર ચડી બેસતો. એક વખતે તે એવી હાલતમાં હતો, તે વખતે તેના ઉપર એક ટેબલ જેવી પડવા જાએય તે વોજ તે હુશીઆરીથી પોતાનો બંચાવ કરી શકીઓ.

ચોથો દાખલો એક વીદીઆરથીનોછે. એ શખસની તંદરોસતીમાં ઘણો બીગાડો થએઓ હતો, તેવી હાલતમાં ઘણીક વખતે તે ઉપલી જાતની ઉંઘમાં પડતો હતો. તેવી વખતે તે પોતાના બીછાનાં ઉપરથી ઉઠી પોતાના ઓરડામાં ફરતો, બારી તથા બારણાં ઉંગાડતો તથા બંધ કરતો, પોતાની કબાટ ઉંગાડી જે ચીજની તેને ગરજ પડતી તે કાહડતો—જેવાંકે કાગલ, ખડીઓ, કલમ, કે ચોપડી—અને એ બધી વખતે તેની આંખ બંધની બંધ રેહતી. તેના ગાએણની ચોપડીઓમાંથી, એક જે "ઓપેરા" નો સરસ રાગ હતો, તે એક વખતે તેણે ઉંઘમાંજ ચુંટી કાહડીઓ, અને તે ચોપડી પોતાની સામને બરોબર મુકીને, તંબુરા જેવાં વજનતર * પર તેણે આખું ગીત ઉતારીઉં. તેજ પરમાંણે નાના બીજાં ગીતો પણ ઉતારીઆં અને તે એવી કલાથી કે જાણે તે પુર રીતે તેઓની ખુબી સમજતો હોએ. એવી વખતે એક સખસ તેની પાસે હાજર હતો, તેણે તે ગાએણની ચોપડી ફેરવી ઉલટી મુકી. તે તેને તરત માલમ પડીઉં હોએ તેમ પાછી ફેરવીને સીધી મુકી, અને પાછો રાગ ઉતારવા લાગો. એવી હાલતમાં તેણે પોતાના ભાઈ ઉપર એક કાગલ લખીઓ, તેનું લખાણ સમજ પડે તેવું હતું, વલી લીટીઓ શીધીની શીધી હતી. એક વખતે પરોફેસર ફીડર એ વીદીઆરથીને મલવા ગએઓ હતો. તે વખતે તે એવીજ ઉંઘમાં પડીઓ હતો. તેણે પેલા પરોફેસરને કહીઉં કે બરફનો વરસાદ હમણા વરશેછે, કે જે વાત ખરી હતી. વલી જોકે તેની આંખો હજુ મજબુત બંધ હતી, તોપણ તેણે જણાવીઉં કે સાંમેની બારીએ તીઆનો ઘર ઘણો ઉચોછે, અને બીજા ઓરડાની બારીએ ટોપીઓ ટાંગેલીછે, એ બંને વાત ખરી હતી. એવીજ હાલતમાં તેણે પરોફેસર ફીડરે બનાવેલી ચોપડી કાહાડી, અને તેમાથી જે ફકરાઓ તેને પસંદ પડતા હતા, તે દેખાડીઆ. વલી પરોફેસરના ભાશાણોની એક બીજી ચોપડી કાહડી અને તેમાં પોતે પેનસીલ વતે જે ટીકા કીધા હતા, તે દેખાડીઆ. એ બધી વખતે એની આંખો તદન બંધ હતી. એમાં અજાએબ જેવું એછે કે કોઈ કોઈ ચીજ વીશે તેનું ધીઆન રેહતું નહી હતું. જેમકે જો તે ઉંઘમાં લખતો હોએ, અને કલમમાની શાહી પુરી થઈ હોએ, તો પણ તે લખીઓ ચાલીઓ જતો હતો.

પાંચમો દાખલો એક પાદરીનોછે. એ શખસના ઉંઘમાંના કામ "આરચ બીશપ આવ બોરડો" એ પોતે જોએઆંછે, અને પેહલાં તેણે "ફરેંચ એનસાઇકલોપીડીઆ" માં છપાવી જાહેર કીધાં હતાં. એ પાદરી રાતની વખતે પોતાના બીછાના પરથી ઉઠીને કાગલ કલમ લઈ પોતાના ભાશાણો લખતો હતો. એક પાના પર લખી રહેઆ પછી તે પાછું ફરીથી વાચી જતો, અને કંઈ ચુક પડીતો તે સુધારતો. એ પાદરી લખતી વખતે, પોતાની આંખોનો ઉપીઓગ કરેછે કે નહી, તેની ખાતરી કરવાને ઉપર જણાવે

* હારપસીકારડ નાંમનુ ઈંગરેજી વજનતર.

લો આરચ બીશપ, જે એ પાદરીની સાથે રેહતો હતો, તે ખંતી હતો. પેલો પાદરી લખતો હતો તે વખતે તેણે તેની આંખ આગલ એક જાડું કાગલ ધરીઉં, તોપણ તે વગર અડચણે લખવા લાગો. જે કાગલ ઉપર લખતો હતો તે કાગલ ખીસાડીને બીજું કાગલ તેની આગલ મેલીઉં તે તેને તરતજ માલમ પડીઉં. એવીજ હાલતમાં આંખ બંધ છતાં તે કાગલ ઉપર તરેવાર ગાએણુના રાગ રચતો હતો. ગાએણુ વાંચવાની જે નીશાનીઓ આવેછે તેઓની નીચે એ શબદ લખતો હતો. એક વખતે એવું બનીઉં કે એ શબદો ઘણા મોહોટા અખસરમાં લખાએઆ, અને ગાએણુની નીશાંનીની નીચે બરોબર આવી સકીઆ નહી તેથી તેણે તે શબદો છેકી નાખી નાહાના અખશરમાં લખીઆ

એવી રીતના ખાતરી ભરેલા દાખલા આપીઆ પછી ડાકટર વાઇનહોલટ એવા બનાવ ખુદરતના કીઆ કાએદાથી બનેછે તેની શોધ કરેછે.

કેટલાક ફીલસુફો એવી અટકલ બાંધેછે કે, ઉંઘમા કાંમ કરનાર શખસ નજરનો કંઇ ઉપીઓગ કરતો નથી, પણ તેની ખેઆલ શકતી તથા લાગવાની ઈંદરી * ખપમાં લાવેછે. તેઓ કેહેછે કે એવા શખસના મનમા કેટલીક ચીજોનું ચીતર આબેહુબ પહેલું હોએછે, તેથી જોકે તેની આંખો બંધ હોએછે, તોપણ તેના મનમાના ચીતરથી તથા લાગવાની ઈંદરીથી તેમાં ફરી શકેછે. ડાકટર વાઇનહોલટ એ તકરારને રદ કરેછે. તે કેહેછે કે એ અટકલથી પુરતો ખોલાસો મલતો નથી. તે શખસના મનમાં બીજી ચીજોનું ચીતર હોવાથી તે ચીતરનાં કહા ભાગમાં તે પોતે છે, તે તેને કેમ માલમ પડે. બીજું કેટલીક વખતે એવો શખસ ચાલેછે તેવામાં બીજા જાગરૂત શખસો તેના રસતામાં આડી ચીજો મુકેછે તેઓનું ચીતર તેના મનમાં કીઆથી આવીઉં ?

કેટલાક ફીલસુફો કેહેછે કે જે ધણી ઉંઘમાં ચાલેછે અથવા કાંમ કરેછે તે પુરેપુરો ઉંઘમા નથી હોતો, પણ થોહો જાગતો, થોડો ઉંઘાએલો હોએછે. તેની બધી ઈંદરીઓ જાગરૂત હોએછે, મોતર તેનામાં અને જાગરૂત માણસમાં ફરક એટલોજ કે તેનું મન સવપનામા ગરક થએલું હોએછે. વાઇનહોલટ એ મતને પણ ખોટું ઠેરવેછે. તે કેહેછે કે ઉંઘમાં ચાલનાર શખસ એક ઉંઘાએલાં માંણસ કરતા પણ વધારે ઉંઘમાં પહેલો હોએછે. એવા વીચારની શાબેતીમાં તે જણાવેછે, કે એવા શખસની ઉપર સઉથી ઝલકાટ ભરેલી રોશનીની પણ અશર થતી નથી, તેના કાંન આગલ બંદુક ફોડી તો તેના અવાજની પણ અશર થતી નથી, વલી જો તેને લાગું હોએતો તેની તે વખતે તેને વેદનાં થતી નથી. એ રીતે બધી ઈંદરીઓ સુન થઇ જાએછે, અને તે છતાં તે ધણી એક જાગરૂત માંણસની માફક ચાલેછે.

કેટલાક ધારેછે કે એવું માણસ પોતાની આંખો વતી જુએછે, તે પણ ખોટુંછે. આએ જાણીતી વાતછે કે તે શખસ પોતાની આંખો તદન બંધ રાખેછે અથવા તદન ખોલી રાખેછે. કોઇ પણ વખતે એવું નથી બનતું, કે આંખો, અરધી બંધ, અરધી ઉંઘાડી રેહ. જે શખસની આંખો બંધ હોએછે, અને આપણે જો તેઓને ઉંઘાડવાની તજવીજ કરીએતો, આંખના ટોપાં જોર કરતાં હોએ તેમ માલમ પડેછે અને ઘણા ઘણાતો અધવચે ઉંઘડીને રેહછે. તે વખતે આપણને માલમ પડેછે કે આંખની કીકી ઉપર ચડેલી હોએછે અને તે કદી પણ હીલતી નથી. વલી ગમે તેવી રોશની આગલ લઈ જઇએ તોપણ તેની અશર થતાં નથી. તેમજ જે શખસની આંખો તદન ઉંઘાડી હોએછે તેઓ પર પણ રોશનીની અથવા બીજી કશી અશર થતી નથી. એક જુવાન સ્ત્રીની તંદરોસતી બીગડી હતી, તેવામાં તે એવી ઉંઘમા પડી. તેણીની આંખો તદન ઉંઘાડી હતી, પણ તેઓનો ઉપીઓગ કરતી હોએ એવું ન હતું. સાવેજીસ નામનો પરખીઆત શખસ સમજીઓ કે એ ઢોગ હશે, તેથી પોતાની ખાતરી કરવાને તરેવાર ઉપાએ કીધા. અચણુચી પેલીની આંખો સામને તેણે મુકી તાકી, પણ ફોકટ. પેલીની આંખો જરાએ હીલી નહી અથવા પોતાનો બચાવ કરવાને તે પોતે પણ હીલી નહી. તેણે પેલીની આંખો આગલ સાબરસીંગડાનું તેલ ધરીઉં, તેમાંથી એક પીછ ભરીને આંખને લગાડીઉં, અચણુચું પોતાનું આંગલું આંખને લગાડીઉં, એટલુંજ નહી પણ બરતી મીણબતી પેલી આંખોની નજદીક એટલીતો લઈ ગએઓ કે તેણીના પાપણ વટીક બલી ગએઆ. એ સઘલું છતાં પેલીની આંખો જરા પણ હીલી નહી. એ વખતે તે પોતાના ઓરડામાં ચાલતી, રસતામાં જે ચીજ આડી આવતી તેથી દુર જતી, જાંહાં ફરવું જોઇએ તાહાં ફરતી, અને એવીજ બીજી કેટલીક ચીજ કરતી

કેટલાક વીચારેછે કે બધી ઈંદરીઓ જાગરૂત છતાં, ઉંઘમાં ચાલનાર શખસ પોતાના વીચારમાં એટલો બધો ગરક થઇ ગએલો હોએછે કે તેની આસપાસની વસતુઓમાંથી જે તેના વીચારને મલતી આવે તેનીજ ઉપર તેની ઈંદરીઓ કામે લાગેછે. એના જવાબમાં પણ ઉપલીજ અડચણ વાઇનહોલટ લાવેછે. તે કેહુછે કે એમજ જો હોએતો આંખોમાં એટલો ફેરફાર કેમ ! અને તે ફેરફાર છતા, એક શખસ કેમ જોઈ શકે ? એવું બનેછે ખરૂં કે ઉંડા વીચારવાલા શખસો જારે પોતાના વીચારમાં પડેછે, તારે આસપાશ શું ચાલીઉં જાએછે તેની કંઈ પણ તેઓને ખબર રેહતી નથી શીવાએ જે ચીજ તેઓના વીચારનેજ મલતી હોએ કે જે વખતે તેઓનું મન તે પર ખેંચાએછે, પણ વાઇનહોલટ કેહુછે કે તેવી વખતે તેઓની આંખમાં કંઈ પણ ફેરફાર થતો નથી.

હવે વાંચનાર એમ પુછશે કે વાઇનહોલટ પોતે એના ખોલાશામાં શું કેહેછે ? એનો જવાબ અમે આવતાંમાં આપવાને ધારીએ છીએ.

---

* લાગવાની ઇંદરી—આપણામા પાચ ઇંદરીઓ હોએછે; જોવાની, સાંભળવાની, સુંઘવાની, ચાખવાની અને લાગવાની લાગવાની ઇંદરીથી આપણને ટાઢ, ઊનુ, લીસું, પોચુ, કરકરું, જાડું, પાતરૂં, લાખું, લાગેછે, તેથીજ જખમ પણ લાગેછે. આંધલા માણસો એ ઇંદરીનો સાજા માંણસો કરતા વધારે ઉપીઓગ કરેછે

## ફ્રેંકલીન અન તેની મા.

બેનજામીન ફરાંકલીન અમેરીકાના બોસટન શેહરનાં એક મીણબતી બનાવનારનો છોકરો હતો. તે પાછલથી પોતાની જાતી બુધી અને હુશીઆરીથી આ જમાનાંનો ફીલશુફ અને મોટો રાજકારભારી થએો હતો. એ શખસનો જનમ ૧૭૦૬ માં થએો હતો અને ૮૪ વરસની ઊમરે ૧૭૯૦ માં મરણ પાંમીઓ હતો.

એ નાંમીચા ફીલશુફ વીશે એવું કેહવાણછે કે તે નાંહાંનપણથી ઘણાંએક વરશ સુધી પારકાં વતનમાં રહેઓ હતો. જાંહાંથી તે ઊમરે પુગી પોતાને વતન જવા નીકલીઓ. એ વખતે એનાં દેખાવમાં એટલોતો ફેરફાર થએો હતો કે ભાએગે તેને કોઈ ઓલખી શકે. પોતાની અંદર આવો અચરત શરીખો ફેરફાર થએલો જોઈ તેની મા તેને ઓલખશે નહી એવો વીચાર તેનાં મનમાં આવીઓ. તે ઊપરથી જાંનેવારી માસનાં એક ઠંડીનાં દાહાડાની શાંજનાં તેણે જાઈ પોતાનાં ઘરનુ બારણું ઠોકી ઘર ધણીઆણીને મલવા માંગીઊં. અંદર જતાંજ બુઢી ઘરધણીઆણીને સગડી આગલ બેસીને ગુંથતાં જોઈ તે બોલીઓ "બાઈ તમો મુશાફરોને તમારાં મુકામમાં આશરો આપોછો એવું શાંભલી અતરે હું આવીઓછું અને આજ રાતનાં વાશો કરવા માંગુછું." પેલી બાઈએ ઊતર આપીઓ કે આ કાંઈ લોકોને ઊતારો આપવાની જગા નથી પંણ જે વખતે રાજદરબારી શભા આ શેહરમાં મલેછે તે વખતે કોઈ કોઇ કાએદા બાંધનારા રાજકારભારીઓને તે ઊતારો આપેછે અને હાલ તેનાં ઘરમાં દશ તેવા નાંમીચા શખસોએ ઊતારો લીધેલોછે અને બાકી એક બી બીછાનું ખાલી નથી.

એ ઊપરથી ફરાંકલીને જાંણે કકડની તાહાડ વાગતી હોએ તેમ પોતાનો મોટો દગલો આંગને વીતાવવા માંડીઓ જે જોઈ પેલી બુઢી ઘરધણીઆણીએ તેને સગડી આગલ બેસી ગરમ થઇ રખશુદ લેવા કહેઊં.

ફરાંકલીન સગડી આગલ ગરમ થાએછે એટલામાં તેને માંટે દારૂનું એક કપ આવીઊં જેની સાથે તે વખતનાં રેવાજ પરમાંણે એક રકાબી ભરી શેબફલ, તંબાકુ તથા બીરી પીવાની એક નલી આવી. શરવે ઊતારો લેનારાઓ શગડી આગલ આવી પેલા નવા પરોણાંની શાથે તંબાકુની બીરી પીવા લાગા. વખત ગુજારવાને માંટે તેઓ મનપસંદ વાતો, રમુજ અને મશકરી કરવા લાગા. આ વખતે ફરાંકલીને પોતાની હુશીઆરી અને અકલથી સાંભાઓને એવાતો હેરતમંદ કરી નાખીઆ કે તેઓ તેની શાથે વાત કરવામાં તદન રોકાઈ ગઆ અને એટલામાં રાતના આઠ વાગા.

પેલી બુઢી ઘરધણીઆણી રાતનાં ખાણાની તરદુદ કરી ટેબલ બીછાવી જોએછે તો પેલો નવો પરોણો પણ વગર પુછવે ટેબલપર ખાવા આવી બેઠો હતો. ખાંણું ખાઈ રહેઆ પછે તેણીએ પોતાનાં પરોણાઓ માંનાં એકને દુર બોલાવી કહેઊં કે આ નવો આવનાર ઘણો લુચો માંણસ દીશેછે અને તેની ઊપર ઘણેએક શક આવેછે. પેલા પરોણાએ તેણીને જણાંવીઊં કે તે કોઈ લાએક અને કાબેલ માંણસ દીશેછે અને શક લાવવાનું કાંઇજ કારણ નથી. પણ જો તમારા ઘરમાં તેને ઊતારો આપવાનું બનતું ન હોએતો તેને એકાંત તેડીને તેમ જણાંવો એટલે તે રખશુદ લેશે. પેલીએ પોતાની દાશી પાશે ફરાંકલીનને બોલાવી કહેઊં કે શાહેબ મારી પાશે તમારે માંટે બીલકુલ જગા નથી તેથી તમુને આજ રાતનાં હું વાશો આપી શકતી નથી પેલાએ ધીરા શવભાવે કહેઊ કે બાઈ તમારે, મારે ખાતર કાંઇબી અડચણ ભોગવવી નહી અને હું પણ પેલા ગરહસથો શાથે તંબાકુની એકાદ બીરી પીઈને રખશુદ લેઊછું તેથી તમારે નીરાંતએ રેહવું.

ફરાંકલીન પાછો જઈ ટેબલ ઊપર બેઠો અને પેલાઓની શાથે બીરી પીતાં પીતાં વાતો કરવા લાગો. એવામાં તે દેશને લગતો એક કાએદો બાંધવાની તે વખતે ચાલુ તકરાર હતી તે એક રાજદરબારીએ કાહડી તે તકરારમાં ફરાંકલીને એવોતો જુશાથી ભાગ લીધો કે તકરારમાંજ બે તરણ કલાક નીકલી ગએઆ તોબી તેઓની ભાંજગડ પુરી થઈ નહી. પેલી બાઇનો મીજાજ જતો રહો અને વધુ વખત ધીરજ રાખી શકાઈ નહી તેથી મેજ આગલ આવી પેલા નવા આવનારને ગુશાથી કહેઊં કે તમોએ મારા ઘરમાં આવી બેધડક ધાંમો નાખીઓછે તે એક ગરહસથ માણસની ચાલથી તદન ઊલટુંછે અને તેથી તાકીદથી રખશુદ લેવી.

બેનજામીને પોતાની ચાલને માટે પેલી પાસે માફ માંગી બીજા પરોણાઓની ભેટ લેઈ ચાલવા માં દીધી. આ વખતે ઘરધણીઆંણી તથા તેની દાશી એક બતી લેઇ છેક બારણા સુધી પેલા નવા આવનારને મુકવા આવીઆં. બારણું ઊઘાડી જોએછેતો બાહેર કરાંનો વરસાદ વરસતો હતો અને તોફાંની પવણ ફુંકતો, જેથી પેલી દાશીના હાથમાંની બતી બુજાઈ ગઈ. બતી પાછી સલગાવીઆ પછે બેનજામીને પેલી ઘરધણીઆંણીને અરજ કીધી કે બાઈ આ મુલકથી હું તદન અણજાણીઓછું અને આવા તોફાંનમાં હું કોહાં જઇને પડું તેની મને ખબર પડતી નથી. જે વખતે તમો એક કુતરાંને પણ બાહેર જવા દેઓ નહી તેવા વખતમાં આજ રાતના મેહેરબાંની કરીને મને વીશામો આપવો. પેલી બુઢીએ આ શાંભલતાંજ બુમ પાડી કહેઊં કે તમારો દેખાવજ મને પેહલાતો પસંદ પડતો નથી અને તમો ખાઈ પીઇને જોરાવરીથી મારા ઘરમાં ધાંમો નાખવા માંગોછો તે ઊપરથી તમારી કાંઇખી ખરાબ નીગતા માલુંમ પડેછે.

આ બુમ શાંભલી અંદરથી સઘલા પરોણાઓ બાહેર નીકલી આવીઆ અને ઘરધણીઆંણીની ચાલ નાપસંદ કરી કહેઊં કે આવા કાબેલ શખસને આવી અંધારી રાતના કાહાડવામાં લાએકી નથી. ને ઊપરથી તેણીએ તેને રેહેવાની રજા આપી અને બીછાંનું એક ખાલી નહી હતું તેથી પેલાને એક આરી ખુરશી ઊપર આખી રાત કાહાડવી પડી.

પેલી બુઢીએ શુવાની આગમચ પોતાના ચમચા, કાંટીઆ તથા બીજાં રૂપેરી તથા કીમતી વાંસણો એક પેટીમાં બંધ કીધાં અને પોતાના ચાકરને સાવચેતીથી શુવા કહેઊં અને તેને ચેનવીઓ કે આ નવો આવનાર કોઇ ચોર દીશેછે તેથી ખુબ શંભાલ રાખવી.

પેલી બુઢીની આખી રાત બેચેનીમાં ગઇ અને સવારના જલદીથી ઊઠી સરવે પોતાની ચીજો તપાશી જોઈ ખુશી થઇ અને પેલા નવા પરોણાને ખુરશી ઊપર ઊંઘતો જોઇ આખી રાત તેણે કેમ અંકરાશે કાહાડી હશે તે વીશે પોતાના દીલમાં દલગીર થઇ. જલદીથી નાસતો તથા ચાહ તઇઆર કરી પેલા નવા આવનારને પણ બોલાવીઓ. ચાહ પીતાં પીતાં ઘરધણીઆંણીએ સરવેની હજુર પેલાને પુછીઊં કે બાઇ તમો કયા દેશથી આવણાંજાણીઆછો તારે તમારું દેશ કહેઊં? પેલાએ ઊતર વાલીઓ કે મારું દેશ ફીલાડેલફીઆછે. આ શાંભલતાંજ પેલી બુઢીને આંચકો લાગો અને નરત બોલી શું ફીલાડેલફીઆ તમારું દેશછે? તારેતો તમોએ મારા બેનજાંમીનને તાંહાં જોએલો હશે. પેલો અનજાંણીઓ થઇ ધીરજથી બોલીઓ બાઈ કોણ? પેલી મા બોલી કે વલી બેનજામીન ફરાંનકલીન જતો, મારો વાહાલો અને પનોતો બેનજામીન મારો છોકરો.

**નવો આવનારા**—શું બેનજાંન તમારો છોકરો થાએ! તેનો મારો જીગેજાંનનો દોશત થાએ. તે અને હું એકજ અને હમો સાથેજ રેહેના હતા.


**માએ**—અરે ખોદા મને માફ કરજે કે મારા બેનજામીનના દોસ્તને આખી રાત મેં એક ખુરશી ઊપર નાખી મુકીઓ અને હું પોતે એક નરમ અને સારાં બીછાંના પર જઈ શુતી.

આ પછે ફરાંનકલીન સરવે ખોલાશો કરી પોતાની વાહાલી માને ભેટીઓ અને પછે પેલી બુઢીની અચરતી અને ખુશીનો શું પાર પુછોછ.

---

## સાએલીઓની શેહેલ.

### ચાંદ વધઘટ કેમ થાએછે?



**સોરીનબાઇ**—વાહલી બેન, ઘણેવખતે તમે મને ભરતી તથા ઓટ કેમ થાએછે તે વીશે સમજાણ પાડી હતી ખરી, પણ મને એક વાંધો દીસેછે, અને તે એક ભરતી ઓટ ચાંદની શકતીથી થાએછે તો જેમ ચાંદ નાંનો વનો જાએછે તેમ તેની ખેચાંણ શકતી પણ ઓછી થવી જોઇએ, અને એમ થઇને સાંચાનને દીનેતો ભરતી સખુલ ભરતી થવીજ નહી જોઇએ અને ચઢીતો ગણીજ ઘેહેજ માલમ પડવી જોઇએ. આ બીનાએ મારા મનમાં ગુંચવણ કરી નાખીછે.

**પીરોજબાઈ**—ખરેખર, તમુને ચાંદ વીશે ખરે ખર સમજણ નથી તેથી આએ અડચણ તમારા મન માં ઊતપન થઇ હશે, એમાં શક નહી. ચાંદ શું છે અને તે વધઘટ થતો કેમ દીશેછે તે વીશે મને ધનજીસાહે સમજણ પાડીછે; અને એ બાબદ વીશે વાતચીત કરી આજ સાંજની સેહેલ ઊપીઓગી કરીએ. જુઓ જે પરમાંણે સુરજની આસપાસ પુરૂથવી ફરેછે તેજ પરમાંણે પુરૂથવીની આસપાસ ચાંદ ફરેછે. પુરૂથવી પોતાના રસતા ઊપર ફરવાને નજદીક ૩૬૫ દાહાડા લેછે, તેમજ ચાંદ પોતાનો ઘેરાવો ફરી લેવાને ૨૭ દાહડા અને ૮ કલાક લેછે, અને——

**સીરીનબાઈ**—પણ ઇશવરે સુરજ અને ચાંન એ બેઊને વારાફરથી પુરૂથવીને રોશની આપવાને બનાવેલાછે કની.

**પીરોજબાઈ**—સુરજ કાંઈ એખલો પુરૂથવીને જ રોશની આપેછે એમ નથી; સુરીઅ મંડલમાં ઘરે હો અથવા બીજા પુરૂથવી જેવા ગોલાઓ ફરેછે તેઓને પણ રોશની આપેછે, અને વલી ચાંદ પણ પોતાની રોશની સુરજ પાસથી મેલવેછે. સુરજ નહી હો એતો ચાંદ અંધારા ગારમાં પડી રેહેને.

**સીરીનબાઈ**—અરે બેન તમે શું બોલોછો! આપણે સરીઆમ સુરજનહી હોએ તે વખતે પણ ચાંદને પરકાશતો જોઈએછ, તેથી ચાંદની પોતાની રોશની પણ હશે.

**પીરોજબાઈ**—નહી નહી બીલકુલ નહી; સુરજ અસત પામેછે તેઆરે ને કાંઈ જતો રેહેતો નથી. જમીન ગોલ હોવાના સબબથી આપણને દેખાતો બંધ પડીઓ, પણ પસચીમ તરફનાં દેશો તરફ તે દેખાએછે. તેથી જુઓ, સુરજ કેથે જતો નથી, અને ખરૂં જોગોતો તે એક તસુ પણ ખીસનો નથી, અને આપણે જે તેની ગની આસમાન મધે જોઈએછ તે પુરૂથવીની પોતાનીછે. હવે એમછે તો તમે સમજીઆં હશો કે સુરજની રોશની ચાંદ ઊપર પડીઆથીજ આપણે ચાંદને ચલકતો જોઇએછે.

**સીરીનબાઈ**—વારૂં તેઆરે, ચાંદ સામો જુઓ, આજે ચાંદરાત થઈ એટલે બારીક તાર જેવો દેખાએ છે, પણ જેમ એકકો દાહાડો વધતો જશે તેમ તે વધારે મોટો થવા માંડશે અને પછી આખો થઈ પાછો કદમાં ઓસરવા માંડશે. એ શું અને કેમ બનેછે?

**પીરોજબાઈ**—તમે એટલુંતો સમજીઆં કે ચાંદ પુરૂથવીની આસપાસ ફરેછે, અને એમ ફરતી વેલા તેનુ ચલકતું પાસું આપણી તરફ થોડુંજ દીસેતો આપણે ચાંદ અધુરો જોઈએછ, (જેવું કે આ ચીતર જુઓ) હવે જેમ જેમ તે ફરતો જશે તેમ તેમ, તેનુ ચલકતુ પાસું વધારે ને વધારે, આપણી તરફ ફરશે તેથી આપણે ચાંદને વધતો જતો જોઈશું. શેવટે, સુરજ ચાંદ અને પુરૂથવી એકજ લીટીમાં સામાસામી થઈ જાએતો આપણને ચાંદનુ ચલકતું પાસુ આખું દેખાએછ તેઆરે આપણે પુનમનો ચાંદ કરી કહીએછ.

**સીરીનબાઈ**—નહી બાઇ, મને કાંઈ બરોબર સમજણ પડતી નથી; સુરજની રોશની ચાંદની ઊપર પડેતો તે ગોલો આખો ચલકતો થાએ, તેઆરે, તેનું ચલકતું પાસું અને અંધારૂં પાસું એ બે કાંથી આવે?

**પીરોજબાઈ**—રોશનીનો એક કાએદોછે કે તે સીધી લીટીમાં જાએ,—આડી મરડાઈને જઇ શકે નહી, વાસતે ચાંદના ગોલાપર સુરજની રોશની પડે છે, તેથી તે કાંઈ આખો પરકાશીત થઈ શકતો નથી, અરધો અરધ ભાગ ઊપર અજવાલું અને બીજા અરધા ભાગ ઊપર અંધારૂં રેહેછે. જેમકે મોટો ગોલ દડો અથવા એક ઘાગર લઇ હું તમારી સાંમે ધરસ તો તમે કાંઇ આખી ઘાગર સઘલી બાજુએથી જોઇ શકનાર નથી, પણ અરધો અરધ તમુને દેખાશે તેમજ ચાંદ ઊપર સુરજની રોશની અરધા ભાગ ઊપર પડેછે. હવે પેલી ઘાગરનો અરધો ભાગ જે તમો જુઓછ તે ચુંનાથી સફેદ રંગી તે ફેરવી હાએતો પેલો સફેદ ભાગ થોડો પછવાડે ગએઆથી કાલો ભાગ તેને બદલે દેખાશે, તેજ પરમાણે ચાંદનો ચલકતો ભાગ તેના ફરવાથી પછવાડે જતો જાએછ તેઆરે આપણને થાલી જેવો ચલકતો ભાગ ઓછો થતો દીસેછે. એ પરમાણે આખો ચાંદ ફરતો ફરતો અધુરો અથવા ઓછો થતો જાએછે અને શેવટ એક દાહાડે તેનું ચલકતું પાસું પછવાડે ગએઆથી આખું કાલું પાસું પુરૂથવીની સાંમએ આવીઆથી તે બીલકુલ દેખાતો નથી. આ પરમાણે મહીનામાં એક વાર બનેછે, તેઆરે આપણ પરવો થઓ એમ ગણીએછ.

**સીરીનબાઈ**—હા, હવે મને સમજણ પડી કે આખો ચાંદ આસતે આસતે ઘટી કેમ જાએછે, વારૂ આજે ચાંદરાતનો ચાંદ કેમ બનીઓ તે સમજાવશો.

**પીરોજબાઈ**—એજ પરમાણે; જુઓ, સુરજની

જમણી બાજુએ ચાંદછે તેથી સુરજની રોશનીથી ચાંદનો જે અરધો ભાગ ચલકતોછે તે મધેનો થોડોજ ભાગ અથવા માંતર એક કીનારી આપણી તરફ આવીછે તેથી આપણે સુતરના તાર જેવો ચાંદરાતનો ચાંદ પેહલ વેહલાં જોઈએછ; પણ આસતે આસતે ચાંદનાં ફરવાથી ચલકતુ પાસું વધારે ને વધારે આપણી તરફ ફરતું જાએછે તેથી ચાંદ વધતો જાએછ, એમ આપણે જોઈએછ.

**સીરીનબાઈ**—પણ બેન જરા જુઓ, પેલું વીટી જેવું કુડાલું દેખાએછ તે શું હશે?

**પીરોજબાઈ**—હું એજ તમુને સમજાવા જતી હતી. એ ગોલ કુડાલું સાફ સાબેત કરેછ કે આપણી સાંમે આખો ચાંદછે જેનો થોડો ચલકતો ભાગ જમીન તરફ ફરેલોછે અને બાકીનો ભાગ અંધારામાંછે. આ ગોલ કુડાલું એમ બનીઊંછે કે સુરજની રોશની જમીન ઊપર સાંજનાં જજુખલું કરેછે તે જજુખલાંની રોશની ચાંદ ઊપર પડીઆથી ચાંદનો અંધારો ભાગ જરા સેહજ દેખઈતો થાએછે, તેથી આ કુડાલું આપણને નજર પડેછે. હવે હું ધારૂછ કે ચાંદ વધઘટ કેમ થાએછ તે તમે સમજીઆં હશો, તો જોઊં કેહો કે પુનમનો અથવા આખો ચાંદ દીસે તેઆરે સુરજ અને પુરૂથવી કઈ બાજુએ હોએ?

**સીરીનબાઈ**—સુરજ અને ચાંદ સામાંસામી હોએ અને પુરૂથવી બેઊની વચે આવે એટલે સુરજની રોસનીથી ચલકતો ભાગ પોતાની મેલે આપણને આખો દખાએછે.

**પીરોજબાઈ**—વા, મને ખુશાલી ઊપજેછે કે તમે બરોબર સમજીઆં છેઓ; પણ પરવાનો અથવા અંધારો ચાંદ હોએ તેઆરે પેલા તરણે ગોલા કેહવી રીતે ગોઠવાએ.

**સીરીનબાઈ**—સુરજ અને પુરૂથવીની વચે ચાંદ આવે તેઆરે ચાંદનો ચલકતો ભાગ પેલી બાજુએ જાએ અને આપણી તરફ અંધારો ભાગ આવીઆથી ચાંદ જોઈ શકતા નથી. પણ હું જાણવા માંગુછ કે એક મોટી દુરબીનમાંથી ચાંદ જોએઓ હોએતો ચલકતો અને અંધારો ભાગ બેઊ સરખી રીતે દેખાતા હશે?

**પીરોજબાઈ**—દુરબીનની મદદથી પણ પેલો અંધારો ભાગ વધારે [illegible] રીતે દખાશે [illegible], પણ પેલો ચલકતો ભાગ ઘણોજ આસચરીઅકારક દેખાશે. ખોલી નજરે ચાંદ મધે જે કાલા ધાબાં દેખાએછે તે દુરબીનની મદદથી ટેકડા, પાહાડો, અને ખીણો સાબેત થશે. તેમજ આ ચીત્ર મધેનાં ખાડા અથવા ધાબાં પણ બતાવેછે.

**સીરીનબાઈ**—અરે ફીટ! એ કેમ મનાએ! સેકડો ગાઊ દુર ચાંદછે તે મધે પાહાડોછે એમ કેમ જણાઈઊં હશે, કોણ જોઈ આવીઊંછ?

**પીરોજબાઈ**—બેન જરા ધીમાં પડો, એટલાં અજાએબ ના થાઓ. ચાંદની અંદર પાહાડછે એવું સાબેત થઈઊંછે એટલુંજ નહી પણ તે પાહાડો બરોબર કેટલા ઊંચાછે તેનું પણ વીદવાન લોકોએ પુર ખાતરીથી માપ લઈ લીધુંછે; અને વલી પાહાડો વચેની ખીણ પણ માપીછે એ શીવાએ ચાંદમાં કેટલાએક બલતા પાહાડોછે—જેઓનાં દરાંમણા સીખર મધે પડેલા ખોહનો એક ચીતાર મને મારા ધનજીસાહે એક અંગરેજી ચોપાનીઆમાં બતાવીઓ હતો જુઓ માણસની અકલ અને હુનરનો કાંઈ દાગ રહેઓ! વીદવાનો પુરૂથવીતો ખોલી બેઆન કરી રહેઆછે અને હવે ચાંદની સપાટીની ખોલ પંછવાડે મંડીઆછે.

**સીરીનબાઈ**—વારૂં, ચાંદ મધે માંણસોબી હશે કે?

**પીરોજબાઈ**—આજસુધી સુધરેલાં દેશોનાં વીદવાંનો ચાંદની સપાટીની ખોલ ઊપર ભારે મંડીઆછે, પણ હજુર માંણસ જાતની વસતી હોએ તેવું બીલકુલ માલમ પડીઊં નથી. કોણજાણે પાછલા જમાનામાં નવા નવા હોનરોનાં શોધથી ચાંન મધે માણસની હસતી સાબેત કદાચ થાએબી, તે આપણથી કેહવાઈ શકાતું નથી.

**સીરીનબાઈ**—પણ તોબી એવું ધારો કે ચાંદમાં માણસની વસતીછે તો તેહાનાં લોકોને આપણી પુરૂથવી કેહવી લાગતી હશે?

**પીરોજબાઈ**—આપણી પુરૂથવી તેઓને ચાંદ જેવી લાગતી હશે; વલી તેહાં રાત પડતી હશે તેઆરે તેઓને ચાંદનનાંની માફક અજવાલું આપતી હશે, અને વલી જેમ ચાંદ આપણને વધઘટ થતો દીસેછે તેમ પુરૂથવી તેઓને દીસતી હશે. તેઓમાં અગર વેહેમી મરદો અને ઓરતો હોએતો તેઓ પણ ચાંદરાતની માફક પુરૂથવીની પુંજા કરતાં હશે, અથવા ખી

આમાંથી રૂપાનાંણું કાહાડી બેસતા માસના સારા સગન પુરૂશવી માએ પાસ હાત જોડી માંગતા હશે.

---

## જલો.

જલો એ એક જાતનો કીડોછે. તે પાંણીમાં રે હેછે. તેનો ખોરાક જાંહાંશુધી પાંણીમાં રેહેછે તાંહાંશુ ધી બીજા જીનાં કીડાઓછે. બાહેર નીકલીઆ પછી માણશનુ અથવા જાંનવરનું લોહી ચુશી તે ઊપર જી વેછે. આપણા બદનનાં કોઈપણ ભાગ ઊપર લગાડી આ હોએતો, તે, તે ભાગ ઊપરનું લોહી ચુશેછે. અજ માએશ ઊપરથી માલમ પડેલુંછે કે એક જલો પોતાના વજન કરતાં ચારઘણું લોહી પીએછે. એક જલો તોલ માં ચાર આનાભાર થાએછે. ગામઠી જલો કરતાં વે લાતી જલો ઘણી સરસ હોએછે, અને ગામઠી કરતાં તે બેવડું લોહી પીએછે. જો એક જલોને શંભાલથી પા ણીમાં રાખી હોએતો તે ૨૦ વરશ શુધી જીવેછે એ મ ડાકટર જાંનશન કહી ગએોછે.

એ કીડો લંબાઈમાં આપણા હાથનાં વચલાં આગલાં જેટલો મોટોછે, તેનું બદન શેંકડો જીનાં જી નાં ગોલ કટકાનું બનેલુંછે અને એથી કરીને તે શેહે લથી પોતાનું બદન મરડી શકેછે અને પાણીમાં તરી શકેછે. તેને એક આગલ અને એક પાછલ એવા બે દંખોછે. આગલા દંખની વચમાં તેનું મોહાનુંછે કે જેની અંદરથી તરણ કરવતી જેવા દાંત નીકલેછે. એટલા માટે જારે જલો દંખેછે તારે આપણને તેનાં દંખમાંથી તરણ લીટી શરતી માલમ પડેછે. જો જ લોને એક વખત ધરાએ એટલું લોહી મલીઊંતો તેથી તેને ઘણાં દાહાડા બલકે ઘણા મહીનાં સુધી બી જા ખોરાકની ગરજ રેહેતી નથી. એઓને પકડ વાની ઘણી શીરત હોએછે. કેટલાક જાલમાં માંછ લીની માફક પકડેછે. કેટલાક પાણીમાં ચાલી પોતા નાં પગને જે જલો વલગેછે તેને પકડેછે. કેટલાક હા થે પાણીમાંથી તરતી પકડેછે. વલી કેટલાક જાનવ રોની કલેજીનાં કટકા દોરીએ બાંધી તેને લલચાવા ત લાવમાં નાંખેછે, કે જે ખાવા આવીઆથી તેઓ શપ ડાએછે. દરદો સારાં કરવામાં એ કીડાનો ઘણો ખપછે. ગણતરી ઊપરથી એવું માલમ પડેઊંછે કે ૩૦ લાખ જલો દર વરશે પારીશ શેહેરમાં ખપેછે. બાહેર ગાં મથી તેઓને પકડી પાણીમાં નાખી અને પીપો ભરી બીજે દેશ મોકલવામાં આવેછે.

ડાકટરોને જલોનો ઊપીઓગ કરવામાં ઘણી શંભાલ રાખવી પડેછે. તેઓને, જેને જલો લગાડવી પડેછે, તેની ઊમર ઊપર વધારે ધેઆંન આપવું પડેછે. કાંઈ ભુલ પડે નહી તેટલા માટે નીચે જણાવેલો કોઠો તમોને મદદ આવશે.

| ઊમર. | | | જલો. |
|---|---|---|---|
| બચ્ચું | ૨ મહીનાંનું | તેને | ૧ થી ૨ |
| " | ૬ " | " | ૨ થી ૩ |
| " | ૧ વરશનું | " | ૩ થી ૪ |
| " | ૨ " | " | ૪ થી ૬ |

દરએક વરશ વધવે બબે જલો વધારતા જવું અથવા ૪ તોલા લોહી વધારે કાહાડવું. જલો લગા ડવાને ઘણીએક શંભાલ લેવી ઘટેછે. બચાંનાં ગલાં ઊપર જલો લગાડવી નહી કારણકે જો લોહી વધારે ગીઊંતો પછે તેને અટકાવવાને બનતું નથી. લોહી અટકાવવાને માટે ગલાં ઊપર દબાંન કરવા જતાં બચું મરણ પાંમેછે તેથી એ જગા ઊપર જલો કદી પણ લ ગાડવી નહી.

જે જગા ઊપર જલો લગાડવી હોએ તે જગા ચીકની નહી જોઇએ નહીતો જલો વલગતી નથી. પગનાં તલીઆં ઊપર અથવા હાથનાં પોહોચા ઊપર અને જાંહાં ઘણા બાલ હોએ એવી જગા ઊપર પણ જલદીથી વલગતી નથી; જે જગા ઊપર દુધ અથવા મીઠાશ અથવા લોહી લાગું હોએછે તાંહાં જલદીથી વ લગેછે તેટલા માટે જલો વારીઓ જે જગા ઊપર લ ગાડવી પડેછે તાંહાં જલદી વલગવાને શારૂં મરોડી લ ગાડેછે.

કેટલીએક વખતે જલો નીકલી ગઓ પછી તે નાં દંખમાંથી લોહી ઘણું જાએછે, જે વેહેનાં લોહીનો અટકાવ નહી કીધોતો કેટલીક વખતે બચાંઓ મર ણ પાંમેછે અને વએ પુગેલાઓને અનીશઅ નુકશાન કરે છે. એનો અટકાવ કરવા માટે તુરત રૂઊ બાલા તેનાં દં ખો ઊપર મુકવો. જો એથી નહી બંધ થાએતો ૧ ટકીનો ભુકો કરી તે દંખોને લગાડવો અથવા રૂજનું ક પડુ મુકવું. એમ કીધાથી બંધ થાશે, પણ જો એમ કં રતાં પણ નહી થાએતો તરત ડાકટરને બોલાવવો.

કેટલીએક વખતે દાંત ઘણાં દુખતા હોએછે તેથી ડાકટર મોહોડામાં જલો મુકવાને ફરમાવેછે. એમ કરવાથી કોઈ વેલાએ જલો ગરાઇ જાએછે, અને જો પેટમાં રહીતો તે ઘણું નુકશાન કરેછે. એવી વખતે એક ગલાસ ભરી પાંણી લેઈ તેમાં એક ચમચી નીમખ પીગલાવીને પીઈ જવું, જેથી પેલી જલો પેટમાં મરી જાશે અને ઊલટી થાઈને નીકલી જાશે નહીતો જાહાડાને રશતે ભશમ થાઈને નીકલશે. વારેઘડીએ શરકો અથવા વાઈન દારૂ પણ એજ કારણશર વાપરવામાં આવેછે.

આપણા લોકો એક દાહાડે જલો મુકાવીઆ પછી બીજે દાહાડે ફરીને મુકાવવાની જરૂર હોએ એમ શમજેછે. એ તેઓની બેવકુફીછે. એમ કેહેછે કે બીજે દાહાડે ખાટી જલો મુકાવીઆથી દરદ બધું નીકલી જાએ. એ તદન નકામુંછે એમ કરવાથી ઊલટું વધારે લોહી જાવાથી આજારી આદમીને ઘણી નબલાઈ પોહોચેછે. તેઓ શમજતા નથી કે જેટલુ લોહી બદનમાથી કાહાડીએ તેટલુ પાછુ આવવાને ઘણો વખત લાગેછે.

જો કોઈવાર બચાંને જલો મુકી હોએ અને તેવામાં તે બેહોશ થઈ જાએતો જલો તરત કાહાડી નાંખવી જોઈએ. એમ કરવાને માટે જલોને તોડીને કાહાડવી નહી પણ તેનાં કોઈબી ભાગ ઊપર નીમખનાં પાંણીનાં ટીપાં નાંખવા જેથી તરત તે ખરી, નીકલી જશે.

---

## ઓરતોની મીજલસ.

ભાશણ ૮ મું.

### માએ બચાંને કેમ ધવાડવું.

આજ દીને એ અગતની બાબદ ઊપર તમારૂં ધેઆન પોહોચાડવા માંગુંછું.

**૧. માએ બચાંને થાન અવાર નવાર આપવું જોઈએ.**

કેટલાંએક બચાં કાઈ પણ કારણ વગર એકજ થાન ધાવવાને વધારે પસંદ કરેછે, અને માએ બચું નહી ખીજવા એ માટે તેને એકજ થાને ધાવવા દેછે, પણ તેથી ઘણી ખરાબી થાએછે. માએના બીજા થાનમાં દુધ બંધાઈ આવેછે, થાન સુજેછે અને અંદર પરૂ બંધાએછે.

વલી એકજ થાને ધવાડીઆથી બચું એકજ બાજુએ પડી રેહેછે, તેથી બચાંની બેઉ બાજુની વધમાં અંતર પડેછે. એક બાજુ બીજી બાજુ કરતાં નબલી રહી જાએછે અને તેથી એક બાજુ તરફ વાંક રેહેછે.

વલી એકજ થાને ધવાડીઆથી બચાંની એકજ આંખ સઘલી તરફ નેગાહ કરવા માંડેછે તેથી આંખ બારી થાએછે.

**૨. માએ બચાંને વારેઘડીએ અને જમ ગમે તેમ થાન આપેઆ નહી કરવું જોઈએ.**

ઘડી ઘડીએ જેમ ગમે તેમ ધવાડીઆથી માએને તથા બચાંને બેઉને ગેરફાએદા થાએછે.

બદનના સઘલા ભાગોને થાક આપવાની જરૂરછે. જારે દરેક ભાગને બરાબર થાક મલેછે, તારેજ તે પોતાનું કાંમ બરાબર રીતે બજાવી શકેછે. હવે જો બચાને વારેઘડીએ દુધ ધવાડીઆ કીધું હોએતો તેની હોજરીને કીએ વખતે થાક મલી શકે ! પેહેલો ખોરાક બરાબર નરપત નહી થયો એટલામા બીજો ખોરાક અંદર પેવસ થાએછે, હોજરીમાં નવો ખોરાક આવીઆથી તેને વધારે મેહેનત કરવી પડેછે. એ મેહેનત પુરી થતી નહી એટલામાં બીજો નવો ખોરાક આવીને ઉભો રેહેછે, એવી હાલતમાં હોજરી કેમ કામ ચલાવી શકે અને ખોરાક કેમ પચી શકે ! કેટલીએક વખતે એક એક પછી દુધ પુશકલ જમેઆથી પેટ ફુલી આવેછે અને ઘણી વખતે બચું એકદમ બેસુધ થઈ જાએછે અને મરણ પણ પાંમેછે. એટલા માટે બચાને પુશકલ દુધ ધવાડતાં ઘણી સંભાલ રાખવી જોઈએ

**૩. માએ જેમ બને તેમ બચાંને થોભાવીને થાન આપવું, એકદમ માંગે તેજ વખતે થાન આપવાની ટેવ નહી પાડવી.**

જો માલમ પડે કે બચાને દુધની ગરજ પડીછે તો જ થાન આપવું. જાનવરોમાં આપણા દીઠામાં આવેછે કે તેવો પોતાના બચાને એકદમ થાન આપતાં નથી, પણ તેને તવલાવીને પછી આપેછે, તેવો પેહેલા તપાસી જુવેછે કે બચાંને દુધની ખરેખર ગરજ પડીછે કે નહી અને ગરજ જુવેછે તારેજ થાન આપેછે. આપણા લોકોની ઓરતો આ હલકાં જાનવરો કરતાં કેટલી થોડી સમજ રાખેછે !

બચું સુતેલું ઉઠીને માએને જોઈને ખુશી થાએતો સમજવું કે બચું ભુખુંછે. કાંએકે બચું સમજેછે કે હવે તેને ખોરાક મલી શકસે, તેથી આનંદમાં રેહેછે.

**૪. બચું ધાવી રેહેઆ પછી માએના થાનમાં દુધ પાછું ભરાવાને પુરતો વખત આપવાની જરૂરછે.**

જેટલો વખત થાન દુધથી ભરાતાં લાગેછે તેટલોજ વખત બચાને આગલ પીવેલા દુધને પચાવવાને લાગેછે. એટલા માટે થાન દુધથી પુરૂં ભરેલું નહી હોએ તાંહાંસુધી કદી પણ માએ બચાને ધવાડવું નહી

વલી અધુરા થાન માહેલું દુધ પુરતું કવતદાર હોતું નહી, અને તે આપેઆથી બચાંને ફાએદો પણ થતો નથી.

જે માએને દુધ ઘણું હોએછે અને વગર સમજ રાખવે પુશકલ દુધ જાણીને જેમ ગમે તેમ ધવાડેછે, તેનું બચું સારીપણે ઉછરતું નથી

વલી જે માએના થાનમાં દુધ થોડું હોએછે, પણ સમજ રાખીને બરાબર વખત તપાસીને બચાંને ધવાડેછે, તેનું બચું વધારે સારી રીતે ઉધરેછે. દુધ થોડું હોવા છતાં બચાંને મનમાગતી રીતે ધવાડી શકેછે. જે લોકો સમજ રાખતાં નથી અને જે થોડું દુધ હોએછે તે જેમ ગમે તેમ ધવાડી દેછે, તેવોમાં દુધ જલદીથી કમતી થઈ જાએછે અને બચાંને વધારેવાર ધવાડી શકતી નથી.

જો બે તરણ કલાકમાં થાનં દુધથી ભરાએ નહી તો, બચાંને તે વખતે ગાએના દુધ ઉપર રાખવું, અને ધવાડવાનો ફરીથી વખત આવે એટલે થાન આપવું. એ પરમાણે એક વખત થાન અને એક વખત ગાએનું દુધ આપેઆથી માએ થાનમાં થોડાં દુધ હોવા છતાં પોતાના બચાને સારીપએ ઉધારી શકેછે.

**જો દુધ ઘણું હોએ અને જલદીથી થાન ભરાઈ જાએતો બચાંને ધવાડવું નહી.**

પણ પેહેલા થોડુંએક દુધ બીજી રીને કાહાડી નાખવું અને પછી ધવાડવું. જો એ પરમાણે કીધું નહી હોએતો, બચાંના મોહોડામા પુશકલ દુધ જાઈ પડેછે, તે ગરાઈ શકાતું નથી અને ગુંગરાઈ જાએછે. વલી દુધ પેટમાં પુશકલ જએઆથી પેટ ફુલી આવેછે. જે માએના થાનમાં દુધ ઘણું ફુટેછે તેણે પાંણી પીવાનું કમતી કરવું અને થંડી દવાઓ લેવી.

**૫. માએ બચાંને ચોકસ વખતે થાન આપવું જોઈએ અને ચોકસ વખતેજ બચાંને દુધ માગવાની ટેવ પાડવી જોઈએ.**

જો માએ બચાને બરાબર વખતે ધવાડે નહીતો દુધ કમતી થઈ જાએછે.

ગરીબ લોકોની ઓરતો, પોતાના બચાંને સહવારે એક વખત ધવાડીને સારો દાહાડો પોતાના ગુજરાન સારૂં બાહેર કામ કરવા જાએછે, તેનું દુધ બરાબર વપડાતું નથી તેથી કમતી થઈ જાએછે.

જે માએ પોતાના બચાંને ચોકસ વખતેજ ધવાડેછે, તેનું બચું આસતે આસતે ચોકસ વખતેજ થાન લેવાને શીખેછે, તેથી માએને ઘડી ઘડી કંટાલો ઉપજતો નથી, તેથી બીજું કામ કરવાનું સુજ પડેછે. જે બચાંને પેહેલેથી એવી ટેવ પાડવામાં આવેછે તે બચું સારી રીતે ઉપરેછે.

બચાંને પેહેલે મહીને દર બે કલાકે ધવાડવું. બીજે મહીને તરણ તરણ કલાકે અને આસતે આસતે જેમ મોહોટું થાએ તેમ અંતર વધારતાં જવું, અને છેલે બરાબર ચાર ચાર કલાકે ધવાડવું.

આત-દશ દાહાડા લગી જેમ બચાને ભુખ લાગે તેમ ધવાડતા જવું. એ વખતે બચું થોડું ધાવેછે, તેથી તેને દુધ વારેઘડીએ જોએછે. દશમે દાહાડેથી તે મહીનો થાએ તાંહાં સુધી દીવસમા બેબે કલાકને અંતરે અને રાતરે આતર તરણ ચાર વખત ધવાડવું. તરીજે મહીનેથી દાહાડામાં તરણ કલાકને અંતરે પાંચ વખત અને રાતરે એક અથવા બે વખતજ ધવાડવું. ચોથે મહીનેથી દીવસમાં ચાર કલાકને અંતરે ધવાડતા જવું. છેલું રાતે દસ વાગે ધવાડવું. આખી રાત ધવાડવુંજ નહી અને બીજે દાહાડે શહવારે પાંચ વાગતાં ધવાડવાનું પાછું શહરૂ કરવું.

**રાતે દીવશનાં કરતાં થોડી વખતજ ધવાડવાની ટેવ પાડવી જોઈએ.** બચું રડે તેની કાંઈ પણ દરકાર કરવી નહી અને ચોકસ બાંધેલે વખતેજ ધવાડવાની ટેવ પાડવી. બચું પણ પોતાની મેલે આસતે આસતે ચોકસ વખતેજ ધાવવા શીખસે.

જારે મોહોટું માંણુસ દાહાડામાં તરણ વખત ચોકસ વખતેજ ખોરાક લેછે અને રાતરે તેને ખોરાકની કાંઈ પણ જરૂર પડતી નથી, કાંએકે તેને ખોરાક પચવાનો પુરતો વખત મલવો જોઈએ, તારે શા માટે બચાંને ચોકસ વખતેજ ખોરાક નહી આપવો જોઈએ ? બચાંની હોજરીને પણ ખોરાક પચાવવાને માંટે ચોકસ વીલમની ગરજછે.

ચોકસ વખતેજ ધવાડીઆથી માએની તંદરોશતી બરાબર જલવાઈ રાકાએછે અને રાતરે પુરતી થાક મલી શકેછે.

**૬. બચાંને આખી રાત થાન આપીને સુવાડવાની રીત ઘણીજ ધીકારવા જોગછે.**


એથી બચું ઉધરીઆને બદલે ઉલટું પીડા પાંમેછે માએને પણ પીડા થાએછે અને બીજા દાહાડાને માટે પુરતો ખોરાક થાનમાં બની શકતો નથી.

**૭. બચું રડીઉ એટલે થાન આપવું એ ઘણીજ ખરાબ ચાલછે.**

ઘણી વખતે બચું રડીઉં એટલે વગર કારણ સમજે માએ તેને થાન દેખાડેછે અને કેટલીએક વખત જોરથી પોતરી બચાંનાં મોહોડાંમાં મુકેછે, એ ચાલ આપણા લોકોમાં ઘણીજ સાધારણ થઈ પડીછે. માએ હમેશાં એમ સમજેછે કે તે બચું ભુખ્યુંછે તેથી રડેછે. પણ રડવાનું ખરૂં કારણ શુંછે, તેની તે કાંઈ પણ શોધ કરતી નથી. વારેઘડીએ બચાંની હોજરીમાં પુશકલ દુધ જવાથી દરદ થાએછે, તે માટે બચું રડેછે. એવી હાલતમાં જો માંએ બચાંને વધારે દુધ આપેછે તો, બચું ઉલટું હેરાન થાએછે અને રડવું ઉલટું વધેછે.

બચું રડેછે તેનાં ઘણાં કારણો હોએછે. બચું ભુખું હોએછે તારે રડેછે. પેટ ઘણું ભરાઈ ગયું એટલે રડેછે, એક બાજુએ ઘણું સુધી પડી રહીઉં એટલે રડેછે, જો ગરમી અથવા થંડી લાગી તો રડેછે, પોશાક ઘણો તંગ હોએછે તો રડેછે, જો બરાબર ધરીઉં પકડીઉં નહી હોએતો રડેછે, જે આંખને ઘણી રોશની લાગેછે અથવા ઘણો મોહોટો ગોંઘાટ થાએછે તો રડેછે, અને એવાં બીજાં સો કારણો નીકરી આવશે, અને આ સઘલાંનો ઉપાએ થાન આપવું એવું બેઅકલી દીઠેછે.

વલી બચાંનું રડવું બે જાતનું થાએછે. કેટલીએક વખત બચું રડીને તરત સુગું રહી જાએછે. બચું કાંઈ પણ અંજાણી ચીજ જુવેછે યા કાંઈ પણ અંજાણું લાગેછે એટલે રડેછે. એ રડવું ફાએદેકારકછે, એ ખુદરતનો કેએદોછે, એથી બચાંની છાતી વધારે ખીલેછે, લોહીનું ફરતું બરાબર ચાલેછે. વલી બચું રડેછે તે ઘણીવાર લગી મુકી રેહેતું નથી પણ રડીઆ કરેછે. કાંઈબી દરદ અથવા કે રકતના સબબથી બચું ઘણું સુધી રડેછે, એ વખતે મુકે



અમેરીકામાં લડાઈ—નીમકહરામ સીપાહીને શજા.

રાખવાની કોશેશ કરેઆને બદલે તપાસ કરવી કે શી હર કત થઇછે અને તે હરકત દુર કરવાની કોશેશ કરવી.

૮. બચાંને ધવાડતી વખતે હમેશાં ગરમ રાખવું જોઈએ.

જાંણવું કે ખોરાક લેતી વખતે લોહી હોજરી તરફ વધારે દોડેછે, તેથી હાથ પગ થંડા પડેછે. બચાંથી વધારે સરદી ખમાઈ શકાતી નથી તેથી ઘણું જરૂરનું છે જે બચું ધાવતું હોએ અથવા હરેક બીજી રીતે ખોરાક લેતું હોએ તે વખતે તેને ગરમ કપડાંમાં વીટાલીને ધવાડવું; આએની પોતાની ગરમી પણ તેને કાંમ લાગેછે.

૯. બચાંને ધવાડીઆ પછી તેને તરત સુવા દેવાની જરૂરછે.

પેહેલે મહીને બચું ધાવેછે અને સુવેછે, બીજું કાંઈ પણ કરતું નથી, તેથી જરૂર કરીને એ વખતે બચાંને ધવાડીને સુવાડવું જોઇએ.

ધવાડીઆ પછી વલી જોરથી હીચકા નહી મારવા અથવા ઉછાલવું નહી. ખોલી હવામાં પણ રમાડવું નહી, કાંએકે તેથી દુધ પચન થાતું નથી.

૧૦. બચાંને કદી પણ સુતાં સુતાં ધવાડવું નહી.

બચાંને સુવાડીને ધવાડીઆથી દુધ બરાબર ઉતરી શકતું નથી અને ગલાંમાં ખુટેછે અને વારેઘડીએ અતરસ જાએછે.

વલી સુવાડીને ધવાડીઆથી દુધ હોજરીમાં રહી શકતું નથી તે પાછું બાહેર નીકલી આવેછે અને તેટલું દુધ રદ જાએછે.

---

## અમેરીકામાં લડાઈ—નીમખહરામ સીપાઈને સજા.

પાસેનું ચીત્ર જુઓ ! આઠ સીપાઈઓ પોતાની બંદુક એક કમબખત આદમીની સાંમે તાકી બાર કરેછે. બીજા ચાર જણ પોતાની બંદુક ભરી તઈઆર ઊભાછે. જો આગલા આઠ જણથી ધારેલું કાંમ નહી પાર પડે, તો પાછલા ચાર જણ તેઓની મદદે આવે. એક પાદરી હાથમાં બંદગીની ચોપડી લઈ દલગીરી ભરેલા તથા ગંભીર દેખાવમાં ઊભોછે. તેની જોડે એક અમલદાર જાણે પોતાની કમકમાટ ભરેલી ફરજ બજાવતો હોએ તેમ હાથ જોડી ઊભોછે. તેની પાસે ઊતરતી પદવીના બીજા અમલદારો દીઠામાં આવેછે. વલી સામને જુઓ. સીપાઈની આખી રીજમીટને, પોતાના રાજ્જઅની ધજા તલે, એક હારમાં, પોતાના ભાઈબંધને થતી શજા જોવાને ઊભી રાખીછે. વચોવચમાં, પેલા અભાગીઆ માણસને જુઓ ! જે પેટીમાં એક પલ પછી તેનું મુરદું પડસે તેજ પેટી પર, પસતાવામાં ગરકાવ થએલો, ઈશવરની દઆ માંગતો, તે બેઠેલોછે. તેની આંખે પાટો બાંધેલોછે કે જેથી દેખઈતું ભવીશ અંધારામાં રેહે.

એ કોણ હશે અને એનો ગુનાહ શું હશે ? સાંભલો.

અમેરીકામાંની લડાઈ આપણા છોકરાંના છોકરાં ભુલશે નહી. જે લડાઈની શરૂઆતથી મુંબઈની ગરૂરી વધી હતી અને જે લડાઈના શેવટથી મુંબઈ ખાક બની ગઈછે. વાંચનાર ! એટલું ઈઆદ રાખજે કે કોઈના દુઃખથી તને સુખ મલનાર નથી. હવે એ લડાઈમાં પરજાનો પગાર ખાઈ, પરજાની શેવા બજાવવા કોઈબી શખસ જાએ; અને પછી પોતાના જાનને, લખોના જાન કરતાં વધારે ચાહી નીમખહરામી કરેતો તેને શજા શું કરવી જોઈએ ? માણસ જાતના હાથમાં મોટાંમાં મોટી શજા ગુનેગારનો જાન લેવાનીછે અને તે શજા એવી વખતે અમલમાં આંણેછે.

ઊતર અમેરીકાની "લીનન કેવલરી" રીજમીટમાંનો સીપાઈ, નામે "જાનસન," લડાઈની વખતે નાહાશી ગએઓ, માટે તેનો જાન લેવાની શીખશા થઇ. એ કારણ માટે, ઈ. સ. ૧૮૬૧ ના ડીસેમબર મહીનાની ૧૩ મી તારીખે, ઊપલી આખી ઘોડેસવાર રીજમીટને વાશીંગટન શેહરની નજદીક, ફેરશાકસ સેમીનરી, આગલ બોલાવી. જાનસનને ગાડાંમાં નાખી તેઓની સાથે લાવીઆ. તેની આએ દુનીઆમાં આછેલી ઘડી હતી, તેથી ધરમનો દીલાશો દેનાર પાદરી તેની સાથેજ હતો. એ પાદરીએ તેની આગલ બંદગી કરવાની ચોપડી ધરી હતી, તેમાંથી વાંચી, પેલો શખસ સર નીચું કરી, ધીઆન દેઇ, પોતાના કીરતારની પરારથના કરતો હતો. ઠેરવેલી જગા ઊપર આવી પોંહચીઆ પછી, તે ગાડાંમાથી ઊતરી, જાણે પોતાની ઘોરપર બેઠો. તેનીથી છ કદમ દુર, બાર માણસો, શજા અમલમાં લાવવાને, બંદુક ભરી, તેની સાંમને ઊભાં એ કમનશીબ વાલા શખસે તેઓને થોડા સખુનમાં કહી સંભલાવીઊં, કે "હું આશા રાખુંછું કે, મેં તમારા ભાઈબંધ તરીકે, આવો ગુનાહ કીધોછે, તે તમે માફ કરશો; અને એવો ગુનાહ તમે કદી પણ કરશો નહી." તાર પછી પોતાના પાદરીને તથા વડા અમલદારોને જે કેહવાનું હતું, તે કહીને પોતાની શજાને તાએબે થયો. બંદુક ફેડવાને જેવો હોકમ દી

થો, તે વખતનો પાસે આપેલાં ચીતરમાં દેખાવછે. આઠ ગોલીઓ એકદમ ઊડીને, તેના શરીરનાં જુદા જુદા ભાગોમાં પેવશ થઈ. પણ તેથી તેનો તરત જા ન નહી ગયો; માટે બાકીના ચાર જણને પોતાની બંદુક ફેડવાને હોકમ થયો. એઓની ગોલીથી જાન સનનુ શરીર મુએલું મુરદું થઈ પડીઊં.

## મુસતાફાનું ખુન.

(તવારીખમાંથી.)

ઈ. સ. ૧૫૫૩ માં તુરકસથાંનના સુલતાન સુલેમાને એક મોટું લશકર ઊભું કીધું. અને લોકોને તેના કારણમાં જણાવીઊં કે ઈરાંનીઓએ સીરીઆ જે પોતાના તાબામાં હતું તેપર હમેશના કરતાં વધારે જોરથી હામલો કીધોછે, વાસતે મારા દેશના પીઆરને વાસતે અને મારાં રાજના બંચાવ માટે, હું જાતે જઈ, તેઓ સાથ લડાઇ કરી, તેઓને નરમ પાડવા માંગુછું. સરવે ચીજો તઇઆર થએઆ બાદ, તેણે લશકરને સીરીઆ તરફ કુચ કરવાને ફરમાવીઊં. અને પોતેપાછલથી ગએઓ. સીરીઆ દેશમાં તેનો છોકરો મુસતાફા તેના હુકમ તલે રાજ ચલાવતો હતો. તે દેશમાં સુલતાન પોતાના લશકર સાથ દમામમા આવી પોંહચીઓં, અને અલેપોમાં છાવણી કીધી. તાંહાંથી તેણે પોતાના વીસવાસુ માણસો પોતાના છોકરાને બોલાવવાને મોકલીઆ. એમ કરવાનુ કારણ તેણે છુપુ રાંખવાને ઘણીએક સાવચેતી રાખી, તે છતાં તેની આસપાસના ઊમરાઓને માલમ પડીઊં કે મુસતાફાની ઊપર તે વેર રાખેછે. અછમત નામના એક ઊમરાંવે છુપી રીતે કાસદ મોકલી મુસતાફાને જણાવીઊં કે તારી જીંદગીં ભએમાંછે. મુસતાફા પણ વીચારમાં પડીઓ કે આટલું મોટું લશકર લઈ આવવાને મારા બાપને શી જરૂર પડી હશે. તેને શક ગએઓ કે મારી ઊપર કંઇ આવી પડીઊંછે ખરૂં પણ તેણે વીચારીઊં કે મને ધાસતી રાખવાનું કંઈ કારણ નથી. મેં મારા બાપનો કંઈબી રીતે અપરાધ કીધો નથી. મુસતાફા વમાસવા લાગો કે પાદશાહનો હુકમ માની મારી જીંદગીનો ભોગ આપવો; કે જીવતો રહી બેવશ ગણાંવું; તે સારૂં. આખરે તેણે હીમત કીધી અને પોતાની કચેરીમાં એક અકલમંદ ઓલમમાં હતો તેને પુછીઊં કે "માણસને વધારે જરૂરનુ શું છે. સુખી જીંદગી કે દુનીઆનુ રાજપાટ?" ઓલમાએ ખુલી રીતે જવાબ દીધો કે "જે માણસ દુનીઆનુ રાજપાટ ચાહતો હોએ, તેને તેથી ખરૂં સુખ મલતું નથી; પણ તેવા રાજપાટ સાથ બાહરનો દેખઈતો ભપકો હોએછે, કે જેની ઊપર એક પલનો પણ ભરોશો રાખી શકાતો નથી. કાંએજે તે આજે છે અને કાલે નહી; વલી તેની ધાસતી, મનનુ બેચેનપણુ, સંકટ, વેહમ, અદેખાઇ, ખુન, ખોટાઈ, લુટફાંટ, નુકશાન, ઘાતકીપણું, કેદખાનુ, અને એવાંજ બીજાં નોશનમાં જીંદગી કાહડવી પડેછે. માટે જે ધણી પોતાની જીંદગીનુ બેહસતમાં મકાન ચાહતો હોએ, તેને લાએક એવી રીતનું રાજપાટ નથી." આએ શીખામણ સાંભલી, મુસતાફાને ધીરજ આવી અને પોતાના બાપના હુકમ મુજબ તેને જઇ મલવાનો ઠેડાવ કીધો.

સુલતાન સુલેમાનને માલમ પડીઊં કે તેના ફરમાન મુજબ તેનો બેટો નીકલી ચુકો હતો, તેથી તેને શક ગએઓ કે મુસતાફા વગર ઢીલે આવેછે, વાસતે તેનામાં કંઇ દગો હશે. રૂસતમે તેના વેહમી દીલમાં વધારે વેહમની આગ સલગાવી. રૂસતમ તેના લશકરનો સેનાપતી હતો. તેણે સરવે સરદાર અને બુલંદ સીપાહીઓને ફરમાવીઊં કે મુસતાફાની જઇને રસતામાં ભેટ લેવી. તેઓ ગએઆ પછી રૂસતમે સુલતાનને જઇને કહીઊં કે તેઓ પોતાની મરજીથી મુસતાફાને મલવા ગએઆછે. સુલેમાને બાહેર જઇને ખબર કાહડી તેથી માલમ પડીઊં કે તેઓ ખરેખર ગએઆ હતા. વાસતે રૂસતમે જે તેને કહીઊં તે તેણે ખરૂં માનીઊં અને પોતે વેહમમાં મડીઓ.

મુસતાફા પણ બેચેન રહએઓ હતો. પોતાની રાજધાની છોડીઆ પછી રસતામાં તીજે દાહડે સાંજના તે સુતો હતો તે વખતે તેને એક ખોઆબ આવીઓ. તેમાં તેણે જોઈઊં કે તેનો પેગમબર મહમદ જલકાર ભરેલો પોશાક પેહરી, તેનો હાથ ધરી, એક દીલ પસંદ જગો ઊપર લઈ ગએઓ. તાંહાં મોટા કીરતીવાન, ખુબસુરત, બાદશાહી મેહલો હતા; તેઓની આસપાસ ખુશનમાં બાગબગીચા અને લીલોતરી જોવામાં આવતી હતી. તેઓ તરફ આંગલી કરી મહમદ બોલીઓ કે "જેઓ દુનીઆમાં ખરી રીતે ચાલી

નેકીને પસંદ કરેછે અને બદીને ધીકારેછે, તેઓનુ હમેશનુ રેહઠાણ અહીઆંછે." પછી પોતાની પીઠ ફેરવી બીજી તરફ આંગલી કીધી; જાંહાં મુસતાફાની નજરે, જહન્નમથી વેહતી બે મોટી નદીઓ માલમ પડી, જેમાની એકનું પાંણી કાલું સાહી જેવું, ગરમીના જોસથી ઊકલતું હતું. તેમાં કેટલાક માણસો, ઊપર, નીચે ડુબકી ખાતાં, કલાપીટ કરતાં, મોટે મોટે દમેઆને વાસતે પોકાર મારતાં હતાં. પેગમબર મહમદ બોલીઓ કે "જેઓ પોતાની ફાની જીંદગીમાં બદીના ફેલમા ફરેછે, તેઓને વાસતે આ જગોછે. એઓમાં પાદશાહ, રાજા, વજીર અને દુનીઆમાં મોટા ગણાતા લોકો, ઘણુ કરીને હોએછે."

આ સવપનામાંથી મુસતાફ જાગરૂત થએઆ પછી, ગભરાવા લાગો અને પોતાના ઓલમાની સલાહ પુછી. સવપના વીશે લોકોનાં તે વખતે તરેહ તરેહવાર વેહમો હતા; તેથી આ સવપનાની વાત સાંભલી પેલો ઓલમા ગુચવારામાં પડીઓ. આખરે તેણે જવાબ દીધો કે "તારો જાંન જોખમમાં છે; વાસતે તારી આબરૂની તથા તારા જાનની તું સંભાલ રાખ." પણ મુસતાફ ખુબીથી પુર હતો, તેથી તે બોલી ઊઠીઓ કે "શું હું બચાંની માફક ધાસતી ખાઇ બેશી રેહું ? મારા બાપના હુકમ મુજબ તેની પાસે એકદમ કાંએ નહી દોડી જાઉં ? મને તેની ધાસતી શું કરવા રાખવી જોઇએ. મેં કંઇબી રીતે તેની તકશીર કીધી નથી; મેં તેના રાજપાટપર હોમલો કરવાની કઈ ગોઠવણ કીધી નથી; તેના હુકમને માન આપવાને હું હમેશ રાજી છેઉં; તેની સાંમને લડાઇ કરી રઈએતની ખુનરેજીથી હું મારૂ રાજ ચલાવવાને ખુશી નથી; રઈએતના સુખમાં હું મારૂ સુખ સમજુછું; જાંહાસુધી મારા બાપને ખોદા સલામત રાખે તાંહાં સુધી હુ તેની સાંમને નથી થવાનો; મારો બાપ મારો પરાણ લે તે હું આપવાને ખુશી છું, પણ ખુનામરકીથી અને લોહીના ઘોતથી તેનુ રાજ છીનવી લઈ મારે માથે હમેશાની કાલી ટીલી ચોહડે; લોકો તથા મારા હરીશે મને ફીતુરખોરનો એલકાબ આપે, તેવી રીતે રાજ ચલાવવાને હું ધીકારૂછું." એવા નેક વીચારથી મજબુત થઇ, પોતાના બાપની છાવણી તરફ આગલ વધીઓ અને અસેપોમાં સુલેમાને છાવણી નાખી હતી, તાંહાં પોતે પણ નાખી. પછી પોતે તદન સફેદ પોશાક પેહરી, પોતાના મોહનની અગમચેનીમાં, કેટલાંક કાગલ લખી, પોતાની છાતીમાં રાખીઆં. સફેદ પોશાક નીરઅપરાધીપણુ દેખાડેછે; વાસતે તેણે તે પોશાક પેહરીઓ હતો. એવી રીતે તઇઆર થએઆ બાદ, પોતાની સાથ થોડાક વીસવાસુ ચાકરો લઈ, પોતાના બાપના તંબુ તરફ ચાલીઓ. તંબુમાં પેસવાની આગલ પોતાની કમરે કટાર બાંધી હતી તે કાહડી નાખી; કે જેથી તેના બાપને કસીબી રીતે ભરાંતી નહી આવે.

તંબુમાં પગ મુકતાંને વાર, તેના બાપના ગોલાંમોએ તેને માન આપી અંદર લીધો; પણ તેની નજરે સુલેમાન પડીઓ નહી. તે તુરકી લોકોનાં રેવાજ પરમાંણે પોતાના બાપના હાથને બોસો દઈ, બેટવાને આતુર હતો, તેથી પેલા ગોલામોને પુછીઉં કે "મારો બાપ કાંહાં છે ?" તેઓએ જવાબ દીધો કે "હમણા આવશે." જે ઓરડામાં મુસતાફ ઊભો હતો તાંહાં બેસવાને માટે એકજ ખુરશી જોઇ તેથી તે પોતાનાં બાપની રાહ જોતો ઊભોજ રહીઓ પણ તેના બાપને બદલે, અંદરના દરવાજાને રસતે સાત મુગા ગોલામોને આવતા દીઠા. જુલમગાર ખુની રાજાઓ પોતાની સાથ થોડાક ગોલામો રાખેછે, જેઓની જીભ કાપી નાખવામાં આવેછે, કે જેથી કરી કંઇ પણ કુકરમ રાજાના હુકમથી તેઓ કરે તેની વાત બીજાની આગલ થઇ શકે નહી. મુસતાફ પેલાં માણસો જોઈ ફીકો પડી ગઓ અને નાહસી જવાની તજવીજ કીધી. પણ પેલા ગોલામોએ તેને અટકાવીઓ તેથી તે માતર એટલુંજ બોલી શકીઓ કે "જુઓ ! મારૂ મોહત." ગોલામોએ તેનાં ગલામાં ફાંસો નાખીઓ. તેણે આજેજી કીધી કે મને મારી નાખો તેની આગમચ મારા બાપની સાથ બે બોલ બોલવા દેઓ. પેલો ખુદા પાપી, પથરના જેવા સંગીન દીલનો ખુની બાપ, તંબુની એક કોથડીમાં ભરાઈને જે બનાવ બનતો હતો તે જોતો હતો તથા સાંભલતો હતો. તેણે મોટેથી પોકાર કરીને ફરમાવીઉં કે "શું તમે મારા હુકમ મુજબ જલદીથી નહી ચાલશો ? આ બલવાખોરને લીધે દસ દસ વરસ થએઆં રાત અને દાહડો મને એક પલની પણ જપ નહી મલે તેનો અંત તમે કેઆરે લાવશો ?" એવું સાંભલતાને વાર ગોલામોએ ફાંસો ચીપલાવી પેલા નીરદોશ મુસતાફનો તુરત જાન લીધો.

આવી રીતનુ નહી મનાએ એવું, કુદરતી સરેસ

તાથી ઊલટું, પોતાના ખુનના છોકરાનુ ખુન કરી, મુસતાફાના વજીરની ગરદન પોતાની હજુરમા મારવાને શુલેમાને હુકમ કીધો. તે થએઆ પછી પોતાનો જહાંગીર નામનો એક ખુંધો છોકરો હતો તેને બોલાવીઆ અને જાણે મશકેરી કરતો હોએ તેમ હલકી રીતે તેને મુસતાફાની ભેટે લેવાને ફરમાવીઊં. જહાંગીર પોતાના પીઆરા ભાઈને મલવાને ખુશીથી દોડીઓ. પણ અફસોસ! મુસતાફાનો મુબારક હશતો ચેહરો જોવાને બદલે તેની લાસ પડેલી જોઈ. જહાંગીરનુ દએઆલુ દીલ એકદમ ગમગીનીથી ફાટી ગએઊં, તેના વીલાપનુ બઆન થઇ શકે નહી. એવી હાલતમાં એ ઊભો હતો તેટલામાંજ એના બાપે એની ઊપર કેહવાડીઊં કે મુસતાફાની દોલત, માલમીલકત, ગાડી, ઘોડા, ચાકર નફર, અને અમેશીઆનુ પરાંત એને સવાધીન કરવામા આવશે. જહાંગીર જે પોતાના ભાઈના મરણથી નાશીપાસ થઈ ગએો હતો તે ગુસે થઈને બોલીઓ કે "ઓ ઘાતકી શેતાન કેન,[1] તુને બાપ કેહવાને હું લજવાઊંછું, દગાબાજ, ફીતુરખોર, મુસતાફાની દોલત, તેના ઘોડા, તેના ચાકરો, તેનુ જવેરાત, તેનુ રાજ તાહારી છાતીએ બાંધ. ઓ બુરી મસલતના ગુનેહગાર તુને કહેઆ દેવે ભમાવીઓ કે જેથી તારા પોતાના લોહીનો વીચાર ન કરતાં, ઇનશાનીઅતથી ઊલટી રીતે, તારાં ગુનેહગાર, નીરદઆલુ, બદફેલી ભરેલા જંગલી દીલમાં, તારા નેક, નમાના, નમનતાઈથી ભરપુર, લઇએક, અને લાએક પુતરનો જાન લેવાને સુજીઊં. જે છોકરો ભણતરમાં ભલમણસાઈ તથા ખુબીમા પુરો, રાજદરબારી કામમા સુરો, જેના જેવો નર તારી બધી ઓલાદમાં થએો નથી અને થશે પણ નહી, તેવા છોકરાનુ ખુન તારે માંથે ચોહડીઊંછે તો મારા જેવા નાતવાન અને ખુંધા છોકરાપર એવી ફીટકાર ભરેલી રીતે તુને હું ફાવવા દેનાર નથી." એમ બોલી, પોતાના કમરબંદમાંથી કટાર કાહડી પોતાના દીલમા પેવસ કીધી અને થોડા વખતમાં પોતાનો પરાણ આફાની દુનીઆથી છુટો કીધો. આ શોકકારક બનાવથી પેલા વાઘને કંઈ અસર થઈ હોએ એવું માલમ પડતું નથી. તેણે જહાંગીરનુ શરીર અલેપોથી કાનસટાનટીનોપલમા લઈ જઈ ડાટવાને ફરમાવીઊં. તીઆર બાદ પોતાના માણસોને હુકમ કીધો કે મુસતાફાની દોલત તથા જવેરાત સરવે તેના તંબુમાં લાવવું.

[1] કેને પોતાના ભાઈનુ ખુન કીધું હતુ તેથી તેનું નામ ધીકારથી વાપરવામાં આવેછે

## કરમ વીશે ખોટા વીચારો.

બચાંને વારેઘડીએ કરમ થાએછે. પેહલે ૧૨ સથી તે નવમે, દશમે, વરસ લગી બચાંને કરમ ઘણા ઊપદરવ કરેછે. કોઇ વખતે કાંઈ પણ અડચણ કરીઆ વગર આંતરડાંમાં ઘર કરીને રેહેછે અને તાંહાં પોતાની વસતી વધારેછે. પણ ઘણી વેલા બચું ઘણું હેરાન થાએછે અને કરમ ઝાડાને રસતે ઈઆં મોહોડાંવાટેથી બાહેર નીકલેછે. આંતરડાંમાં રહીને ઘણી વેલા પેટ લાવેછે. જારે કરમ હોજરીમાં આવેછે તારે ઊલટી થાએછે અને વારેઘડીએ ઊલટીની સાથે કરમ નીકલી પડેછે. કેટલીએક વેલા કરમ ખાવાની નલીમાં ચહડવા માડેછે અને ગલાંમાં આવીને ખુરેછે. એ વખતે બચું ઘણુ હેરાન થાએછે, ચમક, માથામાં પવન, ઈતીઆદી થાએછે. ઘણી વેલા કરમ નાંક વાટેથી નીકલેછે. આપણા લોકોમાં એવો ખેઆલછે કે કરમ મોહોડાંવાટે આવેઆને બદલે મગજ ઊપર ચહડી જાએછે અને જો મગજમાં ગઓતો બચાંને જીવવાની કંઈ પણ આશા રેહેતી નથી કરમ મગજમાં ચહડેછે એ વીચાર તદન ખોટોછે; ગલાં માહેથી મગજમાં જવાનો કંઈ પણ જાતનો રસતો નથી. ખરી વાતછે કે કરમ ગલાંમાં આવીને મગજમાં પવન થઓ હોએ એવાં તરેહવાર ચીનહ બતલાવેછે અને એથી વારેઘડીએ મોહોત પણ નીપજેછે; પણ એ ઊપરથી એમ નહી સમજવું કે કરમ મગજમાં ગએોછે. ઘણી વેલા કરમ ગલાંમાં નથી હોતો, પણ આંતરડાંમાંજ રહીને મગજના પવનના તરેહવાર ચીનહ બતલાવેછે.

આપણા લોકોમાં કરમ વીશે બીજો ખોટો વેહમછે તે નીકલી જવો જરૂરછે. ઘણા લોકોનો વીચારછે કે સઘલાં માંણસના પેટમાં કરમ હોએછે અને તે કરમ કમરનું બંધારણછે, એટલે કમરનુ કુવત એ કરમ હાજર હોવાથીજ હોએછે. કરમ માણસના આંતરડાંમાં વારેઘડીએ પોતાનું ઘર કરેછે એ ખરી વાતછે, પણ તે ઊપરથી એમ નહી સમજવું કે તે દરએક માણસમાં હાજર હોવો જોઈએ. એવા ખોટા વી

ચારને લીધે વારેઘડીએ જારે કરમ ઘણા પડેછે તારે તેઓ એમ સમજેછે કે તેથી કમરનુ કુવત તુટી જાએ છે અને એટલા માટે વધારે કરમ પાડવાની તજવીજ નહી કરવી. પણ એમાં તેઓ ઘણી ભુલ કરે છે. જાંહાંસુધી આંતરડાંમાં એક પણ કરમ હોએ, તાંહાંસુધી તેને જડમેખથી કાહાડી નાંખવાની જરૂર છે; જો એક પણ કરમ રહી ગઓ, તો થોડા વખતમાં તે પોતાની વસતી વધારી નાખેછે. કોઈ વેલા એમ બનેછે કે જેમ ઘણા પેટ આવીઆથી બચું નબલું પડેછે તેમ ઘણા કરમ પડીઆથી બચું નબલું થઈ જાએછે. પણ તે વખતે કરમ પડતા બંધ કરી આના કરતાં બીજી કુવતમંદ દવા આપીઆથી કાંઈ પણ જાતની નુકસાની થતી અટકશે.

બચાંને માતરે મીઠાસ ખાધાથીજ કરમ પેદા થાએછે એ વીચાર પણ ખોટોછે. મીઠાસથી કરમ બંધાએછે એ વીચાર તદન ખોટોછે, સઘલાં લોકોને ખબરછે કે મીઠાસ ઊપર માંખ અને બીજાં જીણાં જાનવરો પોતાનાં ઈડાં મુકી જાએછે, હવે જો એવો મીઠાસ ગલાઓ હોએતો, ખચીતથી આંતરડાંમાં પેલાં ઈડાં માહેથી કરમ પેદા થવા જોઈએ. કાચું મટન, ફરૂટ, તરકારી સાથે જીણાં જીવજંતો આવેછે અને જો તે ખાવામાં આવીણંતો કરમ થઆ વગર રેહેતા નથી: જો પીવાનું પાંણી સોજું હોએ નહીતો અંદર જાંનવરો હોવાથી કરમ પેદા થાએછે.

## પરચુટણ.

**એવો અટકલો** કીધોછે કે કોઈ એકબી માંણસ વીશ વરશ સુધીમાં ઉંચો—તરીસ વરસમાં ખુબશુરત—ચાલીશ વરશમાં દાહેઓ—અને પચાસ વરસમાં નાણાંવાલો નહી થાએ, તો પછે તે કદી પણ ઉંચો, ખુબશુરત, દાહેઓ અને નાંણાંવાલો થનાર નથી.

**લોહોડું** આપણાં લોહીમાં હોએછે અને તેને સાફ રાખેછે; પણ સુનું અથવા તેનો ચાહ આપણા **દીલમાં** રેહેછે અને તેને સડો લગાડેછે

**ઈંડાંની પરીકશા**—જો ઈંડું સારૂં હોઅતો તેને પાંણીમાં નાખીઆથી તે ઉભું રેહતું નથી પણ એક બાજુએ પડેછે પણ જો તેનો એકાદ છેડો ઉપર નજર આવેતો સમજવું કે તે ખરાબ હશે.

**અચરત સરીખી શબુરી**—અમેરીકાની અદાલતમાં એક નેઆએધીશ આગલ બે "બારીસટરો" કોઈએક ધારા વીશે તકરાર કરવા લાગા અને તે તકરાર તેઓ વચે બે દાહાડા સુધી ચાલુ રેહી હતી, તેનો છેડો એવી રીતે આવીઓ કે તરીજે દાહાડે પેલો નેઆએધીશ આસતે રેહીને બોલીઓ કે "શાહેબો જે ધારા વીશે તમો તકરાર ચલાવોછો તે આજ, મુદત થઈ રદ થએલોછે."

**આલશાઈ** એટલીતો આસતેથી ચાલેછે કે તેને કંગાલીઅત જલદીથી પકડી પાડેછે.

**કોઈબી** કીરીઆ મારગ અથવા જબાનથી બે તરણ માણશોએ સાથે મલી ભકતી અથવા બંદગી કીધી હોઅતો તેના જેવી આશાવંત અને દીલશોજી ભરેલી ભાઈબંદી માણશો આ દુનીઆમાં બીજી થોડીજ રીતે બાંધી શકેછે.

**ગમગીની** અને શોકનાં ખરા ઉપાઓ માતર બેજ છે, એકતો બંદગી અને બીજું **કાંમ.** ઈશવર ઉપર પુર ઈતબાર અને પોતાનાં કામમાં મશગુલ એ બે આપણાં દીલનાં શકતમાં શકત ઘાહને રૂજ લાવી શકેછે.

**અમેરીકાની** લડાઈમા ૫૨૫૦૦૦ જાનની ખુવારી ગણવામા આવીછે. અમેરીકાનો એક લખનાર કેહેછે કે જો કે આ ટોટો આપણને ઘણો મોટોછે તોપણ યુરપની બીજી લડાઈઓના કરતાં ઓછોછે. કારણ સીપાઈઓના જાનની આપણી સરકાર વધારે સંભાલ રાખેછે અને દવાઈ અને તંદરોસતી વીશેની ગોઠવણ બીજાના દેશોના કરતાં સરસછે.

**પારીશ ખાતે** આવતાં વરશમાં એક મોટું સંઘરસથાંન ઉગડનારછે તેને માંટે રૂશીઆના એક કારીગરે પોતાનાં દેશમાં હાલના શેહનશાહનાં વખતમાં બનેલા નામીચા બનાવોની તરેહવાર આકરૂતીઓ બનાવા માંડીછે.

હાલમા વપરાતાં હથીઆરોની એક આકરૂતી બનાવી છે તે ખેતીવાડીના કામમા કેટલો સુધારો તથા વધારો થએઓ તે બતલાવેછે. તેની બાજુએ એક ભાગેલી લોહોડાંની શાકલની આકરૂતી દેખાએછે જે એવું બતલાવેછે કે ખેતીવાડોનાં કાંમમા ગોલામોને જાશતીથી કાંમે લગાડતા હતા તેઓની શાંકલ તુટીછે અને હવે તેઓ છુટા થએઆછે. વલી એક બાજુએ **આશા, મહજબ,** અને **શખાવત**ની આકરૂતીઓછે. તેમાંની પેહલી નેઆઅ ખાતામા શુધારો થએઓછે તેથી લોકોને **આશા** આવીછે તે; બીજી લોકો હાલમાં છુટથી **ધરમ** સંબંધી જુદા જુદાં મત ધરાવેછે તે; અને તરીજી આકરૂતી ગાંમમાં જાન લેવાની મોટામાં મોટી સજા હતી તે કાહાડી નાખી તેથી લોકો તરફ **શખાવત** કીધી એવું બતલાવેછે.

**પાંણીની ખાશીઅત**—પાંણીમાં એક એકથી ઉલટા બે ગુણછે. એના જેવી નરમ તેવી એના જેવી કડણ ચીજ બીજી થોડીજ હશે. તે એટલુંતો નરમછે કે સઉથી

અને સઉથી હલકી ચીજ- તેમાં પેવસ થઈ શકેછે. એક બારીક રેતીના દાણાને સેહેલથી જગો આપેછે. પણ વળી તે તીખાં લોહોડાનો કરતાં પણ કઠણછે. લાકડાંને તથા લોહોડાને મારી કુટીને દાબીને કદમાં કમતી કરી શકીએછ, પણ કોઈની તાકાત નથી કે બંદબસત કીધેલાં પાંણીને તેના કદનો ૪૮૦૦૦૦૦૦ મો ભાગથી વધારે કમતી કરી શકે. એક તીખાં લોહડાંમાં એક ખીલો મારી શકાશે પણ બંદબસત કીધેલાં પાંણીમાં પાંણી બાહેર નીકલીઆ વગર ખીલો અંદર પેવશ થઈ શકશે નહી આપ્રે પાંણીની ખુબીને લીધે તે હાઈડરાલીક પરેસમા ઘણુ કીમતી થઈ પહેઉંછે. પાંણીની સપાટી ઉપર ખોલા હાથની હથેલી મારી જોઆથી તેની કઠણાઈનો વીચાર આવશે. તરનારને, કોઈ વેલા જારે પેટ ઉપર આવીને પહેછે તારે પાંણીની કઠણાઈ ખુબ માલમ પડેછે.

## રમુજે ફુરસત.

૧ લું—હું છું એક પાતલી નાર,
કદમાં તો સરવનું . ઝાર.
કંચન પણ મારે આંખ,
કાણી કાંકે એકજ આંખ.
દેખી મુજ તનું સવરૂપ,
છેરે કીધા નર કદરૂપ
છે કંમરે વલેલો જન,
પુઠે દોડતો થઈ પરસન
જાં જાઉં તાં પકડે પીડ,
દોડે પાછલ નયને ની દીડ.
સઉ બાઈઓની છું હું સઈ.
મુજ વનતો ચાલેજ નહી
જોકે નીત કપડામાં રેહી,
તોબી પેહરન સુધાં તનમા નહી.

૨ જું—સઉ જન નર કે નાર,
દેખાડે મુજ પર પીઆર.
થોડા દીન રેહું હું જો દુર,
ખોહે બધું ચેત કે સુર
અનેક ઉપાએ બોલાવે,
મારી વના કંઇ ન ભાવે.
પણ મલીઓ કે કરે દુર,
પકડે ન પલ સબુર.

૩ જું—એવો કીઓ ચાર અખસરનો બોલછે જેનાં પેહલા બે અખસરોનો અરથ બચાને નસીહત દેવાની રીત થાએછે અને છેલા બે અખશરોનો અરથ એકજ જગીઆ થાએછે જાંહાં પારશીઓ તેહવારના દાહાડા ઉપર મોજ મારવા જાએછે, અને તે આખા બોલનો અરથ એક લોહી ચુસનારી જાત થાએછે.

૪ થું—



વફાદાર કુત્રા બે પડીઆછ બેજાન,
જોહો તેને ચાર રેગથી રાખી ધેઆંન.
કે દીશે જેથી દોડતા ને કરતા શેકાર,
ભુખથી થાકેલા ને મારતા પોકાર.

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—મોતી.
૨ જું—આંખ.
૩ જું—મેઘરાજા.

(ઉપલાં તરણ ઉખીઆનાં બાહેરથી મલેલાછે, તે ... નારનો આ જોગવાઇએ ઉપકાર માનીએ છીએ.

## એકલા પરમેશવરને ભજવા વીશે.

### ગરબી.

સર્વે જૂઠું રે સર્વે જૂઠું; સગું કુટંબ શરીર,
જગપતિ સાચા જાણજે; સર્વે. ૧
અંતે ન કરે રે, અંતે ન કરે; તારી કોઇ ભીર,
ભાર વૃથા નવ તાણજે, સર્વે. ૨
જમ જડશે રે જમ જડશે; પગે લોહ જંજીર,
મારે લોઇ સુખ માણજે, સર્વે. ૩
તારે આગે રે તારે આગે, ઉડિ ગયા રે અમીર,
રહ્યા ન રાજા રાણજે, સર્વે. ૪
બ્રહ્માનંદ કહે રે બ્રહ્માનંદ કહે, પ્રારિ અંતર ધીર,
ભજને ભરૂસો આણજે, સર્વે. ૫

મરી જાવું રે મરી જાવું; મેલી ધન માલ,
કોઇ સગું નહીં કોઇને; મરી. ૧
શાને કાજે રે શાને કાજે, તું થાયછે બેહાલ,
ચિત્ત માયામાં પ્રોઇને, મરી. ૨
નથી છેટે રે નથી છેટે, જાવું આજ કે કાલ,
પગલાં તું ભરજે જોઇને; મરી. ૩
કામ નાવે રે કામ નાવે; હીરા મોતી ને લાલ,
મૂઢ રહ્યો શું મોઇને; મરી. ૪
બ્રહ્માનંદ કહે રે બ્રહ્માનંદ કહે; જમ પાડશે ખાલ,
રહેશે સગાં સર્વ રોઇને; મરી. ૫

સ્વારથિયાં રે સ્વારથિયાં, સગાં માતને તાત,
ભજજે તું ભગવંતને. સ્વા. ૧
મેલી દેજે રે મેલી દેજે, અંતરથી ઘાત,
દુખાવિશમાં કોઇ જંતને; સ્વા. ૨
કેદિ મકરે રે કેદિ મકરે; અનરથ ઉતપાત,
જો ઇચ્છે દુખ અંતને, સ્વા. ૩
રૂડે રીતે રે રૂડિ રીતે, નિત્ય દિવસને રાત,
સમરે તું કમળા કંતને; સ્વા. ૪
બ્રહ્માનંદ કહે રે બ્રહ્માનંદ કહે, તારા હેતનિ વાત,
વસેથ તું સાચા સંતને; સ્વા. ૫

# સ્ત્રીબોધ.

પુસ્તક ૪૦ મું. જુલાઈ ૧૮૯૬ આંક ૭ મો.


## કરણી તેવી પાર ઉતરણી,

અથવા

## બદી—રેહ છુપી કદી?

—////—

કેકાઉસ.... ખોરાસાન શેહેરનો શાહ.
ફીરોજ.... કેકાઉસનો ભતરીજો અને મરનાર શાહ ફરામરોજનો બેટો.
પાહાલન .. કેકાઉસનો વજીર.
સોદર :.... પાલનનો છોકરો.
ગુલબાનુ .. ખોરાસાનની રાણી અને ફીરોજની માં
મેહેરબાનુ.. પાહાલનની છોકરી
ગુસ ...... એક અમલદાર.
હોશંગ .... ફીરોજનો દોસ્ત.
સીપાઈઓ, સરદારો, ચાકરો, ઈતીઆદી
તથા એક ભુત (ખોરાસાન શેહેરનાં મરણ પામેલા શાહ ફરામરોજનો દેખાવ.)

---

### પરકરણ ૫ મું.

ફીરોજનાં દુખ, ગમ અને ઘેલાપણાંનું મુખીઅ કારણ શું હતું? વાંચનાર બાનુઓને આ સવાલનાં જવાબની કાંઈ જરૂર ન હશે; તોબી ટુંકમાં કહીએતો બાપનું ખુન, અને માની બેવફાઈ, એ શીવાએ બીજું કાંઈજ ન હતું. આ પેહલી નામોશી ભરેલી બીનાં વીશે ફીરોજ-શીવાએ આખું દેશ અજાણ હતું. ફીરોજ પોતે પણ પેહલાં તેમજ હતો, અને ભુતે આવી તેના કાન ખોલેઆ ન હતેતો તે વેહમમાં સદા ડુબેલો રેહતે. તોબી કોઈ કોઈવાર ફીરોજને શક જતો કે રખેને પેલો ભુત કોઈ સેતાનની ખસલત હોએ, જે તેને બેહાર કરવાની મતલબથી તેનાં બાપનો અવતાર લઈ ખોટી સલાહ આપી ગયો હોય. આ સંદેહ કાહડી નાખવાને તેણે તરેહવાર વીચારો એટકા કરી ગોઠવીઆ પણ કાંઈ ખાતરી ભરેલાં પરીનાંમવેર મુગા નહી. અંતે એક અકસ્માત બનીઓ, જેથી, તેનાં ચાલાક મનને એક ઈઉકતી સુજપરી અને તેથી પેલા ભુતનું કેહવું ખરું ઠરીઉં. આ ઈઉકતી શું હતી તે તમો હલવે રહીને જોશો.

બાદશાહ તથા રાણી ફીરોજનાં બેઢંગ જોઈ મનમાં ભારે બલતાં હતાં. જેમ ફીરોજ તેઓનાં કુકરમની છુપી ખોળ પછવાડે ફરતો હતો, તેમ તેઓ બને જણ તેનાં દીલનાં ભેદની ખોળ કાહાડવાને મંડીઆં હતાં. એક દીને ફીરોજના સાથી બીજન અને બેહરામ, જેઓ શાહ કેકાઉસની દરબારમા અમલદાર હતા, તેઓને ફીરોજનાં મનનો ગર લેવાનુ કામ સોંપીઉં.

**બાદસાહ**—કાબેલ બીજન, અને બાહાદુર બેહરામ, તમો બનેને એક છુપું કામ બજાવવાનું સોંપુંછું તે તમો વગર ઢીલે બજાવી આવશો એવી મારી ખાતરીછે. તમો બને જણ મારા ભતરીજા ફીરોજ સાથ બચપણથી ઉછરેલા છો; તે તમો સાથ સારી રીતે હેતવંતો અને હલી ગએલો દીસેછે, માટે તમો થોડા દીવસ જાથુક તેની સંગાત ફરી હરીને, કાંઈક રમત ગમતમા નાંખીને, અને ઉલટ સુલટ પુછપરછ કરીને, તેનાં મનનો સાર પકડો કે તેના બાપના મરણ પછીનો એટલો ગમમાં તે ફરતો કેમ ફરેછે. એટલું કામ તમો પાર પાડી લાવોતો હમો તેનાં મનમાં ફેરફાર થાય તેવા ઈલાજો લેવા વાર લગાડીએ નહી.

**રાણી**—નેક ગરહસથો, ફીરોજ તમો બને વીશે સારું મત રાખેછે, તમો કરતાં તે બીજાં કોઈ સાથ વધારે મોતબારી રાખતો જણાયો નથી; માટે એટલું હમારું કામ તદબીરથી કરોતો તમારો ઉપકાર થાય.

**બીજન તથા બેહરામ**—તમો બેઉ નેક રાજેશરીઓને રાજી રાખવા હમોથી જે બની શકસે તે કરવાને દીલોજાનથી બજાવવાને તઈઆર છઈએ.

**રાણી**—શાબાસ, તમોને તઈઆર જોઇ હમોને ભારે ખુશી ઉપજેછે માટે વેકો વેહલા થાઓ; ફતે કરો.

(બીજન તથા બેહરામ જતા રેહેછે.)

(એટલામા પાહલન આવી પુગેછે)

**પાહલન**—સાહેબ આજે બે ખુશ ખબર લાવેઓછું.—એકતો એકે આપણા એલચીઓ ફતેમંદીથી પાછા આવા આછે; અને બીજું એકે શાહ ફીરોજનાં ઘેલાપણાનું કારણ મારી ચમંદીમાં પકડી લાવીઓછું.

**બાદશાહ**—વારુ પાહલન પેલા એલચીઓને અતરે લઈ આવ. જોઉં કેહવી ખબર આપેછે!

(પાહલન જતો રેહેછે)

પેઆરી ગુલબાનું તમારા છોકરાના કઢંગનું કારણ એ શોધી લાવીઓછે એમ કેહેછે, તે શું ધારોછ તમો વારું!

રાંણી—હું નહી ધારતી કે પાહલનને ખરૂં કારણ મલીઉં હોય. તોબી મુખીઅ કારણતો એજ કે તેનાં બાપનું મરણ અને આપણા ઉતાવલાં લગણ, એ બીનાથી તેને લાગતું ભારે હશે.

(પાહલન પાછો આવેછે.)

પાહલન—સાહેબ, બોલલા દાહડા પછવાડે નીકસે દરાંમણી રાત—સજાત જા.બાપનાં .નીકસે બચાં કદી કજાત; પણ ટુંકમાં કહું મારી જો વાત, તો હીમતથી બોલું કે પુતર તમારો ઘેલોછે ખરેખાત. ઘેલો, હા, ઘેલો, કારણ જુઓ આ કાગજો મારી બેટી મેહરબાનુએ મને તાબેદારીથી આપીઆંછે, જુઓ વાંચીઆથી શું તમો ધારોછ ?

"આકાશની આશ્ચરીઅકારક આરશી, માયાની
મુરતી મેહરબાનું."

આ પરમાંણે તેનુ સરનામું, જુઓ એવું લખવુ તેને છાજે? હવે બીજુ જુઓ, (વાચેછે)

"ગમેતો ગણ તુ, સુરજ ને અસત;
ગમેતો જાણ જુઠ, સરવ આ જગત;
ગમેતો શકથી, પુરૂથવી ગણ ગોળ;
શક વીના પણ તુ, માન મારો બોલ;
હઈડુ, મારૂ પાલે નીત તારૂ પ્રીત;
લગાડ તેપર તુ, સાબાક તારૂ ચીત.

અરે ઓ પેયારી મેહરબાનુ, તારેથી હવે હું ભારે તગાસુ પામી ગયોછુ; મારી દલગીરીની ગણતરી કરવાને માગમાં તાકાદ પણ રહી નથી, હુ તારી ઉપર અતીશ મોહબત રાખુછ; આખી પુરૂથવીમા મારા મનમે વધારે પ્રીતી લાયક પ્રાણી બીજુ છેજ નહી; માટે તે ઉપર તુ દરીઆફ કરે એજ મારી ઉમેદછે.

હુ છેક તારો મહાનો હેતવતો સાથી,
ફીરોજ."

આ પરમાણેની ચીઠીઓ, તમારો ભતરીજો ફીરોજ, તેણીની ઉપર મોકલેઆ કરતો હતો, તેથી મેં જોયું કે એની સાથ તેણીનો કાઈ પાટલો ફાવે નહી, માટે મેં મારી બેટીને સાફ હુકમ કીધો કે એનું કાઈ પણ લેવું નહી અને એને વધારે કોહું પણ આપવું નહી. મારી ચેતવણી પરમાંણે તેણીએ કીધું, પણ તેથી પરીણાંમ એવું બનીઉં કે એ વધારે જહનુની અને ફાટેલ થવા માંડીઓ, અને એજ પરમાંણે હાલ પણ તમો એને જુઓછો. એજ એની દલગીરી, ગમ, અને ઘેલાપણાનું કારણ, બીજું કાંઈજ નહી એમ હું તમારી ખાતરી કરી આપુછું.

બાદશાહ—પણ એ સીવાએ બીજુંબી કાંઈ કારણ હોએતો.

પાહુલન—તો આ ગરદન ઉપરથી મારૂં ધર તમારે સવાધીન કરવું.

(એવામા ફીરોજ પોતે કાંઇ વાચતો આવતો દેખાએછ.)

હા, હવે ઠીક થઈઉં, તમો બને જણ (બાદશાહ તથા રાંણી) અતરેથી ખીસી જાઓ, હું કાંઈ તાલમેલથી એને ઓરંગા આપું.

પાહુલન—કેમ શાહ ફીરોજ તમારી કેહવી ખબર !

ફીરોજ—ખબર ખુબ સાહેબ; જેવી જોઈએ તેવી.

પાહલન—સાહેબ તમો મને ઓલખોછો કની ?

ફીરોજ—હા, હું તમને અછી રીતે પીછાંણુંછ કે તમે અતરે એક મછીમાર છેઓ.

પાહલન—નહી સાહેબ નહી, તમો ચુકતા હયો.

આ રાજની લગાંમ સાવચેતીથી ખેંચી ધરવાને અને કારબારનો કાએદો ચહડાવવાને તમારા કાકા કેકાઉશનો વડો વજીર છું.

ફીરોજ—અરે, હું ઈછુંછ કે તેને બદલે કોઈ ભલા ગરહસથને તેહાં વડા ગાડી હાકનાર હતેતો વધારે સારૂં—રાજ મામલાની ધાસતી કેહવી દુખદાએક ! બાદશાહ અને તેની મરજીની વચે, તમો જાણે સુલી વચે સોપારી છેઓ; તેની ઘેરમરજી એકજ ફટકો મારેતો ચુરો થઈ ગએઆ વીનાં રેહો નહી; માટેજ હું કહુંછ કે રાજની કાંટા વાલી લગામ પકડેઆનાં કરતાં ઘોડાની નાની અને સુંવાલી લગામ ધરોતો વધારે શારૂં. તમારી એક છોકરી છેની વારૂં !

પાહલન—હા, સાહેબ.

ફીરોજ—તો એશકની ઉંચી ટેકડી ઉપર તેણીની મરજી પરમાંણે ચહડવા દેશો ના, જુવાંન સ્ત્રીઓનાં પગ મોહબતની ચીકણી મટોડી ઉપરથી સડી જતાં વાર લાગતો નથી.

પાહલન—(બાજુએ જઈ મનમાં કેહેછે) અરે આ વેલા એની વાત સાંભલવાને મારી સાથ બીજું કોઈ ન મલે. જુઓ એનાં કેહવા ચારા—પેહલાંતો મને ઓલખતો ન હોપ તેમ એક માછીમાર કહેઓ, પછી એક ઘોડાવાલો બનાવવા માંગીઓ. પણ જેમ ઘેલા માંણસો કોઈવાર શેઆંણાં માંણસોને અકલ આપી એક કોરે મુકેછે, તેમ પાછલથી એનાં બોલવામાં કેહવી અકલ અને ફીલસુફી દીસે છે ! અંતે મારી છોકરી તરફ ચીત ફરીઉ,—એનાં સઘલાં બોલવાની મતલબ હીઆં આવી. મારીતો પુર ખાતરી થઈછે કે મારા બાંધેલા વીચાર ખરાછે. . . વારૂં શેઠ સાહેબ મેહેરબાંન.

ફીરોજ—હા સાહેબ આવજો. બેવકુબ પીકારવા જોગ ટાંખરાઓ આવેછ કેહાંથી.

હેવામાં બીજન તથા બેહરાંમ બાદશાહના હુકમ મુજબ ફીરોજનો ગર લેવા આવેછે. પાહલન વાટમાં તેઓને મલેછે, અને તેઓને કેહછે, "ભાઈઓ, તમો પણ ફીરોજની આગલ જાઓછો ? જુઓ તે પેલો રહેઓ; મેંતો મારી ખાતરી કરી લીધી." બીજન અને બેહરાંમે ટોંગથી ફીરોજને ઘણુંક ઉલટ સુલટ પુછીઉં તેથી ફીરોજનુ ચબરાક પણ ચીતાતુર મન સેહલથી પાંમી ગયું કે, આ બેઉ જણને બાદશાહે કાંઈ પણ મતલબથી મોકલેલા દીસેછે; તેથી ગંભીરાઈથી તેઓને કહેઉં "ભાઈઓ હુંતો પાંમી ગયોછુ કે તમોને અતરે કોઈએ પણ મોકલેલાછે માટે મેહરબાંની કરી કબુલ કરો, સાચી વાત કેહવામાં સરમાતા ના.

બીજન તથા બેહરાંમ—હા, સાહેબ તું જેઆરે છેક બજીત થઈ પુછેછે તેઆરે હમારે કબુલ કરવું જોઈએ કે બાદશાહે તારો જાસબો જોવા હમને મોકલેલાછે.

ફીરોજ—તેનું કારણ શું તે જુઓ હું પોતે કહું. જુઓ (ખોદા માલુમ શાથી તે હું જાંણતો નથી) મેં આજ થોડુંક થયું મારી સઘલી મોજ મજા, બોલવું ચાલવું ફરવું.

હરવું, છોડી દીધુંછે—મારી રાખેતાની કસરત પણ તરક કીધીછે—અને દીલ મધે એટલુંતો ઉદાસપણું દાબીને ભરી મુકીઉંછે કે આ આકાશની ખુબસુરત છતર જે મધે તરેવાર આતશીઆ જવેરનાં લુલક લટકેછે—આ ખુબસુરત લીલોતરીની જમીન, જે જોઈ કોઈની પણ આંખોમાં ટાહડક વરે તે જોઈ મારા પેટમાતો કકરા આવેછે, આખોમા અંધારું આવેછે, અને સઘલી જગત જાંણે સીહા વેરાન અથવા બદીનો ગોફો હોએ તેમ લાગેછે. જુઓ માંણસ ઈશવરની કારીગીરીનો કેહવો નમુનોછે; બાહારનાં દેખાવમાં કેહવું ચાલાક, અને ખુબસુરત, અકલમાં કેવું ઉંચું અને બુલંદ, કાંમકાજમાં કેહવું ચપલ ફરેસતા જેવું, ખુદરતની સરવે પેદાએશમાંનું એક ખુબસુરત નંગ, સરવે જીવજંતોમાનો તારીફ લાએક નમુનો! અને તોબી મારાં મનસે શું લાગેછે? મટીની મટી—કાદવનું કોટલું, વધારે કાંઈજ નહી. મને મરદને જોઈ મોજ નથી ઉપજતી કે ઓરતને જોઈ આરાંમ; તોબી તમો હસીને જણાવોછો કે એમ હોય નહી.

**બીજન તથા બહરાંમ**—સાહેબ, એમ કાંઈ નથી, હમારા હસવાનું કારણ એછે કે જ્યારે મરદ અથવા ઓરતથી તમોને મજા મલતી નથી તાહારે પેલા આપણાં દરબારનાં ખેલાડીઓથી ખુશાલી કેમ ઉપજશે? તેઓ હમને રસતામાં મલેઆ અને હમણા તમારી શેવા સારૂ આવી પુગવાનાં.

**ફીરોજ**—(ખુશી થઈ) હા, ભાઈઓ, તુરત તેઓને જઈને લઈ આવો; તેઓનું તો ઘણું કાંમ—તેઓના ખેલોથી મને ખુશાલી ઉપજેછ ખરી.

**બીજન તથા બેહરાંમ**—હવે ભાઈ હમો તમારી રજા લઈએછ.

**ફીરોજ**—નહી ભાઈઓ, જરા થોભો; તમને કાંઈ કેહવુંછે. જુઓ મારો એવો વીચારછે કે આવતી કાલે સાંજનાં આ ખેલાડીઓની પાસે એક દીલપસંદ નાટક કરાવવો, જે જોવાને મારા કાકા બાપને, અને કાકી-માને બોલાવવાની મારી મરજીછે, વાસતે મેહેરબાંની કરી તેઓને પુછી જોજો. હું ધારૂછ તેઓ તેહા બીરાજવાને કાંઈ આંનાંકાની કરશે નહી.

(બીજન તથા બેહરામ રખસદ લેછે.)

પકડી લઈ આ તક, તપાસ હવે કરૂં,
જોઇએ ભુતે કહેઉં, તે જુઠુંછે કે ખરૂં.
ખુની છુપાં ગએછે સદા તેનાં એન,
નજરે તેવા બીજાં, જોઈ થાએ બેચેન.
મન મધે હોએછે, છુપાએલું જે પાપ,
મોહ ઉપર દીસી, આવે આપોઆપ.

---

### પરકરણ ૧ લું.

## ફીરોજ તથા ખેલાડીઓ.

ફીરોજે ખેલાડીઓને મોટા આદરમાનથી લીધા અને તેઓ પાસે "જુઆકનાં જનુન તથા જંગ" એવે નામની એક નાટક રૂપી કવીતા મોહડે બોલી જવાને કહેઉં. આ ખેલનું ભાશાણ તેઓએ એવુંતો અછી રીત કીધું કે તે પુરૂં થતાં આગમજ ફીરોજની તથા સરવે ખેલાડીઓની આંખોમાં આશુ આવી ગએઆં, અને તેઓ મધેના એક મુખીય ખેલાડીના દીલપર એવીતો અસર થઈ, કે તેનું હઈડું ભરાઇ આવેઆથી છેલા સખુનો મોહમાંથી બાહેર પણ નીકલી શકેઆ નહી. આ ઉપરથી ફીરોજ પોતાનાં મનમાં કેહવા લાગો.

**ફીરોજ**—હા, હા! શું આ ચાલાક ખેલાડીછે! અરે પણ આ કેહવું નવાઈ જેવું, હજારો વરસની વાત ઉપર થઈ ગએલી કાહાણીનું બેઆંન કરતાં, એના મોહપર કેહવી લાલી આવી ગઈછે, એની આંખો કેવી આતશીઆ લાગેછે, એનું દીલ કેવું જોસથી ધપકેછે—એટલું બધું એને શાનું લાગેછે? જુઆક કેહા, ને એ કેહાં? અને વલી આ વાતબી ખરી હશે કે જોડી કાહાડેલી તેતો સાહેબને ખબર. એ પરમાંણે એક પારકો માંણસ દુર દેશમાં અને દુરનાં જમાનામાં બનેલી બીનાનું દાસતાન કરતા, એટલો બધો ગરમ થઈ રડીઓ તો શરમછે બેશક મારી ઉપર, કે મારા પોતાનાં બાપ ઉપર તરતનાં પડેલા ગજબ ઉપર, હું હજુર થહેપેટે બેશી રહેઓ છું, તેનો હુકમ પાલવાને હજીર હું હીચકારાપણે બેસી રહેઓછું એ કેહવી વાત! બટ-પડી આ જીંદગીપર, અગર હું એજ પરમાણે પીતાનો બોલ પાલવા બેપરવા થઈ પડી રહુંતો. વલી મેં સાંભલીઉંછે કે નાટકની અસર અપરાધીઓનાં દીલ ઉપર અજાએબ જેવી થાએછે. એક વખત નાટકના તખતા ઉપર થએલા ખોટાં ખુનની અસર એક જોનારનાં મનમાં એવીતો અજબ જેવી થઈ હતી કે તેણે નાટકશાલા છોડેઆની આગમજ પોતે કોઈએકવાર કીધેલું ખુન કબુલ કરી દીધું હતું. માંટે આ તક લઈ મારા બાપનાં થએલા ખુનનો એક ખેલ રચાવી, મારા કાકાની સાંમણે કરી બતાઉ; જેથી તેનું દીલ પાપી હશેતો પલવારમાં પકડાઈ આવશે

(હવે ફીરોજ વડા ખેલાડીને બાજુએ લઈ જઈ સમજાવેછે.)

જો ભાઈ મારો એવો વીચારછે કે કાલ રોજે બાદશાહ, રાણી તથા બીજા સઘલા સરદારોની સાંમે "ગુસતાસપનું ખુન" એવે નામનો જોડી કાહાડેલો એક ખેલ કરી બતાવવો. આ ખેલ કરવામાં તમારી ચતુરાઈમાં રતીભાર પણ ખાંમી હોવી ન જોઈએ ખેલ હું પોતેજ જોડી આપું તે માતર થોડી સતરોનો બનશે પણ તે મોહડે કરી બોલતી વેલા ધપછપ, ડોલ, હીલચાલ એવી બારીકીથી સંભાલ રાખી બતાવવા જોઈએ કે સરવ જોનારા સમજીને ડંગ થઈ જાએ.

**વ. ખેલાડી**—હા, સાહેબ, બનતી કોશેસ કરી તે સોંગ પુરો અને અસરકારક કરશું.

**ફીરોજ**—તો હું તમારી મેહેનતનો બદલો વાલવામાં કસર કરશ નહી.

(એવામાં ફીરોજનો જુની દોસત હોસંગ આવી લાગો.)

**ફીરોજ**—વાહ, વાહ; ઠીક થઈઉં! ભાઈ હોશંગ હું આજ દીને અતરે આવેલા ખેલાડીઓ પાસે મારા બાપના ખુનને લગતો એક ખેલ બનાવી મારા કાકા-બાપ અને કાકી-માને બતાવવાની તઈઆરી કરૂંછું. સાંજનાં ખેલની વેલા હું જાણે બેપરવા હોઉં તેમ ખુંણે કોએ બેશી રે

હવશ, પણ તુંને એક મોટું અગતનું કાંમ સોંપુછું; તે એ કે સઘલો વાર તું છુપી રીતે મારા કાકા તરફ જોઈ, તેનું ડોલ, તેનો રંગ, તેનો મીજાજ, એ સરવે બારીકીથી ધેઆંન દઈ નોધી લેજે—ભુતનાં કહેઆ પરમાંણે તે ખુનીજ હશે તો તેનાં મોહપરથી તેનાં કરતુક જણાઈ આવશે.

(એવામાં બીજન આવેછે)

**બીજન**—સાહેબ, ફીરોજ, તારી ખેલ કરવાની મરજી મેં બાદશાહ તથા રાંણી આગલ જણાવી હતી અને તેઓ નાટકમાં સાંમેલ થવાને ભારે ખુશીછે, અને એવું ઈછેછ કે તમો એ પરમાંણે રમત ગમતમાં પડી તમારી દલગીરી વેરી નાંખો અને ગમ ભુલી જાઓતો તેઓને આસમાનની બાદશાહી મલી એટલો આનંદ ઉપજે.

**ફીરોજ**—ભાઈ, મેહેરબાંની કરી, દરબાર મધેનાં સરવે અમલદારોનેબી હાજર થવાને જણાવજે.

(જતો રેહેછે)

હવે સાંજનો વખત થયો. ઠેરવેલાં મુકાંમ મધે બાદશાહ, રાંણી, પાહલન, મેહેરબાનું, બીજન, બેહરાંગ તથા બીજા સરદારો અને અમલદારો ઈતીઆદી બીરાજવા માંડીઆ; શેવટે નાટક સરૂ થાએછે

**(પેહલ વેહલાં પેનટોમાઈમ અથવા મુંગો સોંગ થાએછે.)**

એક બાદશાહ તથા રાંણી આવી, એકબીજાને કોટી કરેછે. રાણી ગુડણ મગીએ બેસી ભારે મમતાના ચીનહ બતાવેછે; બાદશાહ તેણીને ઉઠાડેછે અને પછી પોતે તેણીની ગરદન ઉપર માથું મુકી બેશેછે. એવામા બાદશાહની આખમાં ઉઘ આવી જાએછે, તેથી રાણી તેનુ માથુ ખીઆડી તેને એખલો સુવાડેછે, અને પોતે જતી રેહછે. એવામા એક શખશ અચીતો તેની આગલ આવી પુગેછે, તેના માથા ઉપરથી તાજ કાહડી તે તાજને ચુંમી લેછે અને એક સીસીમાથી ઝેર કાહડી તેનાં કાનમાં રેડી નાહાશી જાએછે.

(પ્રોલોગ-નાટક સરૂ કીધા આગમજ બોલાતી કવીતા.)

હવે સાહેબો, આ મુંગો સોંગ દાખલ કરી પેહલ,
આજ સાજનો હવે, સરૂ કરીએછે ખેલ.
ધીરજ ધરી આપો હમને બે ઘડી ધેઆન,
તો ખુશી તમને કરવાને જરી કરશું ન વાન.

(એવામાં એક બાદશાહ અને રાંણી આવેછે.)

**બાદશાહ**—વરશ તીશ થએઆ—સગા આપણ મલીઆં;
સાતે બને પણીઆ—માટી બહએ બનીઆં;
મોહબત અને પેઆર—રેહ તાજા ને તઈઆર;
તો નેકાના કરાર—તોડીએ નહી લગાર.

**રાંણી**—મેહર રાખે ખુદા—તો રાત અને દીશ,
તજી કરોધ રીસ—વરશ બાજા તીશ,
મમતામાં પસાર—થતાં લાગે ન વાર;
ધનિકથી વીચાર—ઓ પેઆરા ભરતાર.

**બાદશાહ**—એવામાં કોઈ દને—અગર કજા મને,
આવી કરી બને—તો લાગે શું તને!
તુંતો તારૂં એકીન—રાત અને દીન,
લોભને સવાધીન—કરી થાએ નચીન.

**રાંણી**—તમોપર હું સદા—જાન કરૂં ફીદા,
ફરજ કરૂં અદા—તોડું નહી કદા;
તમો વીના ધારૂં—જીવતર રદ મારૂં;
જગતમાં અંધારૂં—સરવ મને અકારૂં.

**બાદશાહ**—ઓરતના એવા બોલ—દુધથી દીસે અતોલ,
પામેથી કરીએ ઓલ—તો માલમ પડે પોલ;
મમતા પેહલાં મધુર—લાગે ખરી પુર;
સાબીત સેવટ જરૂર—સરવ થાએ ફીતુર.

**રાંણી**—અફશોસ! તમો એમ—આવું બોલો કેમ!
ઓરત સદા કાએમ—દીલમા રાખે પરેમ;
પણ માટી જેનો મરે—ને પાછો બીજો કરે;
જીવતર તેનું જલે—દોજખમાં તે ફરે.

**બાદશાહ**—પેઆરી બાનુ ખસ—મેં લીધો તારો કસ;
નેકી તારી સરસ—ઘટે તને જશ;
માંથું તુંજપર અડી—ઉંગમાં જરા પડી,
આરાએશ બે ઘડી—લેવા દે લગડી.

(બાદશાહ ઉંઘમાં પડેછે અને રાંણી જતી રેહેછે એટલામા શીઆવખશ નામનો એક શખસ અંચીતો અંદર આવેછે.)

**શીઆવખશ**—જલદી કર, જપે કરૂં, તાજ લેઉ ઉપારી રે;
તાજ અને રાજ સાથ, રાંણી પણ કરૂં મારી રે.
વીચીતર વસતુ વેહલી થા, એતો લેછે લેહેર રે;
અમર કરજે પલકમાં, અસુલીઆ ઓ ઝેર રે.

(તેના કાનમાં ઝેર નાખેછે.)

ખેલ એટલે સુધી ચાલીઓ, તે વધારે જોવાને ફીરોજનાં કાકા શાહ કેકાઉસને બીલકુલ પસંદ પડીઓ નહી. કાનમા ઝેર નાખવાનો આ છેલો દેખાવ જોઈ તેનું હઈડું એટલુંતો બેચેન થઈ ગઈઉં કે, તે ઉભો થએઓ, અને દીવા બતી મંગાવી ચાલતો થએઓ, તેથી રાંણી પણ ઉઠીને તેની સંગાત ચાલી અને બાદશાહને લગતા સરવે જણ તેજ પરમાંણે ખેલ અધુરો મુકી જતા રહેઆ. નાટકની જગોએ ફીરોજ તથા તેનો દોસત હોશંગ માતર બાકી રહેઆ.

**ફીરોજ**—સાહેલ થએલો પોતો, ઉભી પુછડી લઈ,
નાઠો કેહવો જલદી, નાટકશાલા છોડી દઈ!
હા! હા! પેઆરા ભાઈ, ખાતરી મારી થઈ,
સદેહ હવે બાકી, રહેઓ નથી કંઈ.

**હોશંગ**—મારી પણ ખાતરી પુરેપુરી થઈ; સઘલો વાર હું તેનેજ જોએઆ કરતો હતો.

**ફીરોજ**—પેલો ભુત કેહવો નેક અને ભલો હતો! તેનાં દરએક બોલની કીમત કરોડ રૂપીઆ કરૂં તોબી થોડીછે.

(એવામાં બેહરાંમ ધસીઓ આવી પુગેછે.)

**બેહરાંમ**—(ફીરોજને) સાહેબ, બે બોલ કેહવાને મને આવવુ પડીઉંછે રાતોરાત;

**ફીરોજ**—લાંબી વાત કહો તોબી સાંભલવાને તઈઆર છઉં.

**બેહરાંમ**—બાદશાહ એટલો તો બેચેન થઈ ગઓછે કે કાંઈ ઠેકાંણુ નથી.

**ફીરોજ**—અરે સાથી! રાતે છાંટો પાંણી વધારે લીધો હતો કે કેમ?

**બેહુશંમ**—નહી સાહેબ, ગુસા અને કરોધથી.

**ફીરોજ**—ગમેતો ડાકટરની સલાહ પુછો; હું તો કાંઈ કરી શકનાર નથી; પણ કહોતો વલી બીજો વધારે (નાંટક રૂપી) જેલાબ આપું; મારી પાસતો એ ઉપાએછે, પણ તેથી મને ધાસતી લાગેછે કે તે વધારે બેચેન થશે.

**બહરામ**—સાહેબ, મારૂતો મીજાજ ઠંડુ સદા રેહેછે; તમારી ખુશી પડે તે બોલો, પણ તમારી માતાબી ભારે દલગીરછે, તેણીએજ મને અતરે મોકલીઓછે, અને કેહવડાવીઉંછે કે તમો આજ રાતે બીછાના ઉપર જાઓ તેની આગમજ તેણીને ખચીત મલવાને આવજો ભુલતાના, મારે કાંઈ બીજું વધારે કેહવાનુ નથી, હું રજા લઉછું.

(જતો રહેછ.)

હવે ફીરોજ પોતાની માની પાશ જવા નીકલેઓ તે ફીરોજથી એટલી નાખુશ હતી કે તેનુ શું કરવું તે બાબેનો વીચાર કરવા (વજીર) પાહલનની સાથ ગુંથાએલી હતી, એવામાં ફીરોજ આવી પુગો, તેથી પાહલનને પરદાની પછવાડે છુપાવી દીધો, કે તે દેખાએઆ વીના માં દીકરા વચેની ગોફતેગો સાંભલેઆ કરે. (ફીરોજ દાખલ થાએછે.)

**ફીરોજ**—કેમ, મા મને તેડાવાની જરૂર શું પડી ?

**ગુલબાનુ**—ફીરોજ ! ફીરોજ ! તેં **તારા બાપને** ભારે માઠું લગાડીઉંછે !

**ફીરોજ**—મા ! મા ! **તમે મારા** (મરનાર) **બાપને** ભારે માઠું લગાડીઉંછે.

**ગુલબાનુ**—ચાલ, ચાલ, ટુંકી વએમાં લાંબી બરજાતી ના કર.

**ફીરોજ**—જાઓ, જાઓ, લાંબી વએમા લાંબી નાલાએકી ના બતાવો.

**ગુલબાનુ**—કેમ થએઉં શું, તું શું બકેછે ?

**ફીરોજ**—મારા બાપના ભાઈ સાત તમો પરણેઆં. એ કેહવી વાત ! એમ ન થતેતો કેહવું શારૂં !

**ગુલબાનુ**—મને છેક ભુલી જઈ તારી જબા વાંકી રાખશેતો હું તે સીધી કરવાનાં ઉપાએ લેવશ—(ગુલબાનુ ફફડીને ઉઠી જવા માંડેછે.)

**ફીરોજ**—(તેણીનો હાત પકડીને) કેમ કેહાં જવા માંગોછો ? હું પુછું તેનો ખોલાશો કરો.

**ગુલબાનુ**—(બુમ પાડીને) અરે તું શું કરેછ મારૂં ખુન ખુન કરવા માંગેછે ?

**પાહલન**—(પછવાડેથી) ખબરદાર ! સમાલ ! સમાલ !

**ફીરોજ**—(તલવાર કાહડી) હા, હા, હવે લાગ સજટ લાગો ! તું સંતાઈ મારા ચારા જોએછ ! (તલવાર પરદામાં બોકી દેછે)

**પાહલન**—ઓ ઈશવર ! મને કતલ કીધો !

**ગુલબાનુ**—અરે ઓ દેવાના તેં કોણને કતલ કીધો !

**ફીરોજ**—મારા બાપના ખુનીને—તમારા નાલાએક ભરતારને.

**ગુલબાનુ**—એતો પાહલનછે—વફાદાર વજીર, નેક, દાનાવ, ખુજરોગ. ઓ દેવાના આ કેહવું ઘાતકી કરમ !

**ફીરોજ**—વરને મારી, દેવર સંગ ગઈ પરણી;
એવી ઘાતકી મેં, કીધી નથી કરણી.
નાલાયક બુઢા, ભેદુ, નીમક હરાંમ, (પાહલનને)
તને કરછ હું હવે, છેલી સલાંમ.

# ઓરત.

## એક અસલી બરાહમણે દીધેલી શીખામણ.

"અરે, મોહબતની સુંદર છોકરી ! દાનાઈના સુખણો તું કાન દેઇને સાંભલ. અને સચાઈના કાનુનો તારા જીગરમાં ઊતાર; કે, તારા મનની ખુબી તારા તનની ખુબસુરતીને વધારે જેબ આપે; અને તારી દીરતી, ગોલાબની મીસાલે, જોબન કરમાયા પછી પણ મીઠાસ સાથે પમરે.

"તારી જુવાનીના બાહારમાં, તારી જીંદગાંનીની બામદાદમાં દુશટ પુરૂશોના સુખણો સાવધપણાથી સાંભલજે, તારા દીલ ઊપર બરાબર ચોકી રાખજે, અને તે લોકોના ફુસલાવાના મીઠા સુખણો સાંભલતીના.

"ઈયાદ રાખજે, કે તુંને માણસનો અકલમંદ સાથી દાખલ પેદા કીધીછે; તારી જીંદગીની મુરાદ એજછે કે દુનીયાની ગીરદેશમાં તું તેને મદદ કરે, તારા પેયારથી તેને સુખી રાખે, અને મીઠી મોહબતથી તેની જંજાલનો બદલો વાલી આપે.

"એવી કોણ સ્રીછે, કે તે માણસનુ દીલ પોતા તરફ ખેંચી લે, તેનો પેયાર મેલવે, અને તેની મોહબતમાં સરદારી ભોગવે ?

"જુવો ! પેલી કનીયા, પોતાના પાક દામનના મીઠાસમાં ચાલી જાયેછે; તેનુ મન બેગુનાહછે, અને તેના ગાલ ઊપર લાજનો સુરખોછે.

"તેનાં હાથ કાંમકાજમાં વલગેલા રેહેછે, અને તેનાં પગ બાહેર ભટકવામાં ખુશી લેતા નથી.

"તેનો પોશાક સાજો અને સુતરોછે, તે ખાવાપીવામાં અંદાજો રાખેછે; તેનાં માથાં ઊપર સાલેસાઈ અને નમરતાનું તાજ પરતાપ દેછે.

"તેની જબાંમાં મધુર રાગે ઘર કીધુંછે અને તેના લબ માહેથી મધની મીઠાસ વેહેછે.

"તેના બોલવા ચાલવામાં લાયેકીછે, અને જવાબ દીધામાં નરમાસ અને સચાઇછે.

"તેની જીંદગીનો ધરો તાબેદારી અને ફરમાનબરદારીછે અને તેનાં બદલામાં તેને સલાહ સંપજ અને સુખનું ઈનામ મલેછે.

"તેનાં પગલાંની આગલ દાનાઈ ચાલેછે અને તેના જમણા હાથ તરફ નેકી હાજર રેહેછે.

"તેની આંખ નરમાસ અને પેયાર બતલાવેછે; પણ તેના ભવાં ઊપર દાહપણ ચોબદાર માફક બેઠેલોછે.

"તેની સાંમણે પાપી લોકની જબાં ચુપ થઈ જાયેછે; તેની નેકીના ડરથી તેવો મુંગા બનેછે.

"જારે પોતાના પડોશીની આબરૂ વીશે એક જબાંથી બીજી જબાં ઊપર ચાલી ચુગલી ચાલેછે, તારે જો દયા અને ભલાં દીલથી તેનું મોહોડું ઊઘડતું નથી, તો તેના લબ ઊપર ચુપકીદીનું આંગલું બેઠેલુંછે.

"તેનું હઈડું નેકીનું ઘરછે, તેથી બીજા લોકોમાં પાપછે એવો તેને શક આવતો નથી.

"એવી સ્ત્રીને જે શખસ પોતાની ધણીઆણી કરીને રાખે તેના જેવો સુખી બીજો કોઈ નહી હોયે, અને જે બચ્ચું એવી ઓરતને માય કરીને બોલાવે તે પણ સુખીજ હોય.

"તે ઘરમાં કારભાર ચલાવેછે અને તાંહાં સલાહ સંપજ રેહેછે; ને વીચારથી હુકમ કરેછે અને લોકો તેનો હુકમ માંનેછે.

"તે સહવારે સકારે ઊઠેછે, પોતાનો કારભાર તપાસેછે અને દરએક જણને તેવોને લાએકનું કાંમ સોંપેછે.

"પોતાનાં કુટુંબની માવજત કરવામાં તે પોતાનું સુખ ગણેછે, અને તેમાંજ માતરે પોતાનું ધેયાન રોકેછે, તેનાં ઘરમાં કશર છતાં શોભા જોવામાં આવેછે.

"તેનો દાહપણ ભરેલો વહીવટ તેના ધણીને ઈજત આપેછે અને તેની વખાંણ થતી સાંભલીને તેનો ધણી મનમાં હરખાયેછે.

"તે પોતાનાં બચાંનાં મનમાં દાહપણના સુખણો ભરેછે અને પોતાની ખુબી અને નેકીના દાખલા દેખાડીને તેવોની ચાલચલણ ઘડેછે.

"તેનાં મોહો માહેથી નીકલતા બોલો તેનાં બચાં ધરમની માફક માંથે ચહડાવેછે; અને તેની આંખનો પલકારો તેવોને ફરમાનબરદાર કરેછે.

"તે બોલેછે એટલાંમાં તેના ચાકરો દોડી જાયેછે; તે માતરે આંગલી બતલાવેછે એટલે કાંમ પાર પડેલું જછે; કાંએક તેવોના દીલમાં તેના પેયારના કાનુનો ચોંટેલોછે અને તેની માયાથી તેવોના પગને પાંખ આવેછે.

"આબાદાંનીથી તે ફુલી નથી જતી અને આફતની વખતે કમનસીબના ઘાહ સબુરીથી રૂજવેછે.

"તેની મસલહતથી તેના ધણીનું દુખ મીટેછે અને તેના પેયારથી કવડાસમાં મીઠાસ આવેછે.

"જે શખસે એવી સ્ત્રીને પોતાની ધણીઆણી કીધીછે તે સુખીછે, અને જે બચું તેને માય કરીને બોલાવેછે તે પણ સુખીછે,"

## ઓરતોની મીજલસ.

ભાશાણ ૯ મું.

ગયાં તરણ ભાશાણમાં બચાંને માએની ધવાડવાની ફરજ વીશે તથા થાનનું દુધ કેમ અને કેઆરે આપવું તથા એ વીશેની બીજી માવજત વીશે કહી સંભલાવીયું હતું. આજ દીને—

માએ ધવાડતી વખતે પોતે શી માવજત રાખવી તે વીશે થોડીએક અગતજોગ સુચનાં કહી સંભલાવુંછું.

૧. માએ અડચણ કરીઆ વગર જે ખોરાક પચી શકે તેવો સઘલો ખોરાક લેવો.

ખોરાક વધારે મસાલેદાર નહી લેવો. સઘલી જાતની તરકારી અથવા ફરૂટ લેવું. જો તેવ હોયેતોજ વાઈન તથા પોરટર દારૂ લેવો.

ઘણો પુરાકલ અને ઘણો ઉંચો ખોરાક ખાધાથી એમ નહી સમજવું કે દુધ વધારે પેદા થાયેછે. ખોરાક વધારે લીધાથી પેહેલાં દુધનો જરા વધારો થાયેછે ખરો, પણ પાછલથી દુધ ઘણું કમતી થઈ જાયેછે. થાન ચરબથી ભરાઈને મોહોટાં થાયેછે અને પછી તેમાં દુધ બની શકતું નથી. એવી હાલતમાં ખોરાક પાછો કમતી કરવાની ફરજ પડેછે, દારૂ પણ લેતો બંધ કરવો અને જોલાબ લેવાની જરૂરછે. એવા ઉપાય કીધાથી દુધ પાછું પેહેલથી પેદા થાયેછે. ઘણો પુરાકલ ખોરાક લીધાને બદલે થોડો અને સારો ખોરાક લીધાથી માએની તંદરોસતી જલવાયેછે અને બચાંને વાસતે પણ દુધ બની શકેછે.

બીર અથવા પોરટર લેવાની કાંઈ પણ જરૂર નથી. જે માએ તંદરોસત પણ નાજુક હોયે અને પોતાના બચાંને વગર અડચણે ધવાડી શકે, એવી માએનેજ પોરટરની જરૂરછે. બદનને ઘણુ ઉચાકેરીયાથી દુધ વધેઆને બદલે કમતી થાયેછે.

બચું જનમીઆ પછી પેહેલે દાહાડે મટન અથવા

હલવાનતો હલકો શેરવો લેવો. સઘલી ચરબી કાહાડી ના ખવી. શેરવો દાહાડામાં બે વખત લેવો. બીજે દાહાડે ચોખાની અથવા જવની કાંજી બનાવીને નાસતા ઉપર લેવી અને દાહાડામાં બે વખત શેરવો લેવો. જો ગરજ પડેતોજ બીર ઇઆ પોરટર લેવો. દાહાડો રાત જવનું પાંણી બના વીને પીવું. જવને છનાવી તેનાં છોલતાં કાહાડી નાખ વાં, પછી વારે ઘડીયે પાંણીમાં ધોઇને સાફ કરવું અને પ છી છુડવું. તેને પાંણીમા ઉકાલીને જાડાં કપડાંમાં ગરમ ગરમ ગાલવું. આખા દીવસમાં તરણ તંમબલર ભરીને પીવાં. સાંજરે ફરીથી તાજું બનાવીને રાતે બે વખત પી વું. એવી માવજતનો ખોરાક રાખીઆથી દુધ ચોખું, સા રૂ અને ઘણુંજ મીઠું થાનમાં પેદા થશે. તરીજે દાહાડે હ લવાનં અથવા મટન, ચાવલ અને ગરજ પડેતો બીર લેવો. સાંજે ચાહે રોટલી બસછે. એ પરમાણે દરરોજ અવાર ન વાર ખોરાક લેતાં જવુ

નાસતો પેટભર લેવો નહી. ચાહે રોટલી કેટલીએ ક વખતે બસછે. બપોરનું ખાંણું દોહોડ અથવા બે વાગ તેથી અવારૂં લેવું નહી. બાફેલા પટેટા, ફરેંચબીન, ભીં ડા, અને એવીજ બીજી હલકી તરકારી લેવી. ઉંચી પેસ તરી, મુરગીનો શેરવો, ગરેવી, મસાલેદાર ખોરાક, કોબીજ, એવું લેવુંજ નહી જોઇયે; એવા ખોરાકથી બાદી થયા વગ ર રેહેતી નથી અને તેથી દુધ ખરાબ થાયેછે. સાંજરે છ વાગતે ચાહે લેવી. રાતરે નવ વાગતે છેલું ખાંણું લેવું તે થી અવારૂં કરવુંજ નહી. રાતનું ખાંણું હલકુંજ જોઇયે કાંઈ પણ જાતનો ખરાબ અને ગેરલાયેક ખોરાક ખાધાથી દુધ શારૂં બનતુંજ નથી

એવી તરેહની માવજત આપણા લોકોની કેહી ઓર ત બરાબર પાલેછે. બીચારી નાજુક ઓરત ઘણી ક સતી પાંમીને બચું જનેછે અને થાકીને સુસત પ ડેછે, તેને ખોરાક શું મલેછે ! ગોવરાંનો દારૂ, ગોર, સુંઠ ની ગોલી, ચાહે અથવા કાંજીનું પાંણી. એ શીવાયે પાચ દાહાડા લગી બીજું કાંઈ પણ મલતું નથી. પાંચમે દીવ સ પછી શેરવો મલેછે, અને તે સાથે પુરાકલ ઘીઈ, ગોર, સુંઠ, દારૂ અને એવોજ બીજો ગેરલાયેક ખોરાક આપેછે. એવા ખોરાક ઉપર રહેલી ઓરતની તંદરોશતી કાંહાંથી રે હે અને બચાંને માટે દુધ કાંહાંથી સારૂં પેદા થાયે. પછી જુવાન ઓરતો, દુધ થોડુંછે અને ખરાબછે અને બચાંને પુરૂં પડતું નથી અને ભરપત થતું નથી એવી ફરીયાદ ઉ ઠાવેછે તેમાં અનજબ થવાનું શું કારણછે. મેં ઘણીએક જુ વાન ૧૫—૧૬ વરસની માએને જોઇછે, કે જેના થાનમાં બચાંને માટે દુધ મુતલગ મલેજ નહી, એ કુદરતના કાયદા થી ઉલટુંછે; પણ જે લોકો કુદરતનો કાયદો તોડે તેને પો તાને અને તેનાં બચાંને તેનાં ખરાબ પરીણામ સોસવાં પ ડે તેમાં કાંઈ પણ અનજબ જેવું નથી.

**૨. ધવાડતી માએને પોતાનું આંગ હમેશાં ધોઈ ને સાફ રાખવાની જરૂરછે.**

દરીયાનાં પાંણીએ નાહાવું ઘણું સારૂંછે. જેમ ખુ સી પડે તેમ પાંણીને ગરમ ઇઆ થંડું રાખવું.

આંગ સાફ રાખીઆથી દુધ ચોખું અને પુરાકલ પે દા થાયેછે.

**૩. ધવાડતી માએને ખોલી હવામાં ફરવાની ઘણીજ જરૂરછે.**

બચાંને જનમ આપીઆ પછી બે દાહાડા લગી માએ ને બીછાંનાં ઉપરજ સુઈ રેહેવું જોઇયે. તરીજે દાહાડે કાં ઈ અડચણ નહી હોયેતો ઉઠીને બેસવું, છઠે દીવસેથી ફ રવા હરવા માંડવું.

આપણા લોકોમાં ધવાડતી માએને કેવી હાલતમાં રાખવામાં આવેછે તે સઘલાંને ખબરછે. જાડો ગુનપાટનો પરડો, છેક સીલીંગથી તે ભોયે લગી બાંધેલો ગરીબ લોકોનો ઓરડો બનેછે; એ તરતનાં બનાવેલા ઓરડામાં કોઇ પણ જાતની બારી જોવામાં આવતી નથી; પરડો એક છેડેથી ખોલો રાખવામાં આવેછે અને તેને અરધો ઉંચકીઓ એ ટલે તે દરવાજાની મીસાલે કાંમ લાગેછે. દીવાલમાં જે બા રી હોયેછે તે મજબુત બંધ કરવામાં આવેછે અને કાંઈ પ ણ વકતાર ઈયા છેદ હોયેછે તેને ચીથરાં વતી બંધ કરીલે છે એક જુંફતો દીવો સારો દાહાડો અને રાત એ ઓ રડામાં બલેછે અને ઉજાસ આપેયાને બદલે કેટલું અંધા રૂંછે તે બતલાવી આપેછે. એ ઓરડામાં પેસતાંજ કેટલી બદબો નીકલેછે તેથી તમો અંજાણ્યા નહી હશો. જે લો કોને જુદો ઓરડો મલી શકેછે તેવો પણ કાંઈ વધારે સુખ માં નથી; હવાને જેમ બને તેમ બાહેરથી નહી આવે એ વી તજવીજ કરવામાં આવેછે. એવા બંદબસત ઓરડા મા જાંહાં જરા પણ ચોખી હવા આવે નહી તાંહાં ધવા ડતી માએ અને બચાની તંદરોસતી કેમ રહી શકે. મા એને પુરતું અને ચોખું દુધ આવે એવી આશા કાંહાથી રાખવામા આવે પારસી લોકોમા જંગલીપણાની નીશાંણી જેવી હોયેતો સુવાવડી ઓરતનો ઓરડોછે. માણસને ચો ખી હવા લેવાની જરૂરછે અને સુવાવડી ઓરતને તેથી પ ણ વધારેછે. તારે શા માટે હવા બંધ કરવી જોઇયે. આ પણા લોકોને હવાને વીશે ઘણો ખરાબ વીચારછે. ખોલી હવા ખાધાથી શરીરમાં પવન ભરાઇ જાયેછે, મગજે પવન થાયેછે, એ વીચારો તદન ખોટા અને નુકસાનકારકછે. જા હાંસુધી તમો ઓરત લોકો એવા ખોટા વીચારો તમારા મ ગજ માહેથી કાહાડી નહી નાખો, તાંહાંસુધી તમારી તંદરો સતી સુધરવી મુશકેલછે, તમે નાજુક અને મુરદાલ જેવાં રેહોછો તેનું કારણ તમારો પોતાનોજ વાંકછે. સારો ખો રાક, ખોલી હવા અને સાફ બદન, તમારી તંદરોસતીમાં વધારો કરશે, અને સુવાવડી ઓરત નબલી રહી, એમ બ નવું મુશકેલ જેવું લાગશે.

વલી સુવાવડી ઓરતે આલસુ પડી નહી રેહેવું જો ઇએ. કાંઈ પણ જાતનો ઉદીઓગ કરવો અને ઘર બાર ના કામમાં મશગુલ રેહેવું.

**૪. ધવાડતી માએ સહવારે સકારે ઉઠવું અને રાત રે દશ કલાકમાં સુઈ જવું.**

સહવારના પોહોરમાં ઉઠીને ફરવા જવું, પછી આવી ને નાસતો કરવો. અવારે લગી આલશુ પડી નહી રેહેવું. રાતરે જલદીથી સુવું અને જેમ બને તેમ સારી ઉંઘ

અને "ફલેરવાયનટ" વચે ફરક માતર એટલોજ કે પેહલો શખસ પોતાની નજદીકની ચીજ જોઈ શકેછે, ને બીજો શખસ દેવાલની બાહેરની તથા દુરની ચીજો જોઈ શકેછે અને બને શખસો આંખનો ઉપીઓગ કરતા નથી.

આગલ કહેઆ મુજબ વાઈનહોલટના વીચાર ખરા હોએ કે ખોટા તેની હમે દરકાર કરતા નથી. હમારી મતલબ વાંચનારની આગલ જાણવા જોગ દાખલા મેલવાની છે જેઓ ઉપરથી દરએક વાંચનાર પોતાનુ મત બાંધી શકે.

## પરેસીડેંટ જાહનસન.

એક ગરીબ મા બાપનો છોકરો, ગામડાંમાં જનમેલો, લોકોને અણજાણો, નાહાનપણમાંથી બાપ વગરનો થએલો, નીશાલ તથા મદરેસાની કેલવણીથી અજ્ઞાન, ટુક વએથી પોતાનાં તંનની મેહનતથી ગુજરાંન ચલાવનારો, ખોદા શીવાએ બીજા કોઈ મદદગાર વગરનો— એવો જે શખસ, તે આજે દુનીઆના મોટા સુધરેલા ભાગ ઊપર રાજ ચલાવેછે, દુનીઆંના સરવે દેશોમાં જાણીતો થએઓછે, હજારો અને લખો માણસની જીંદગી તેના એક શબદ ઊપર આધાર રાખેછે, જુદાં જુદાં દેશો સાથે સલાહ કે લડાઈનો વેહવાર રાખવો તે તેના વીચાર પર આધાર રાખેછે, પોતાના ઊમદા વીચાર તથા ભાશાણોને વાસતે વખાણાએછે, અને એકીનદારીની બાંહેધરી દુશમનોને દાબેલા રાખેછે. એ શખસ કોણ? જુઓ પાસેની તસવીર! એ તેજ શખસનીછે અને તે શખસ પરેસીડેંટ જાહનસનછે.

અમેરીકાના ઈઊનાઈટેડ સટેટસનું રાજ એચલાવેછે. જે બીજાં દેશોમાં બનવું મુશકેલછે, તે આએ દેશમાં સેહલ થઈ પડેછે. એક શખસ ગમે તેવો ગરીબ હોએ, તોપણ જો તે હોશીઆરી, ચંચલાઈ, મેહનત અને એવાજ બીજા ગુણો ધરાવનો હોએ, તો આ દેશની રાજીઅ નીતીની ખુબીથી બાદશાહની પદવીએ પોંહચી શકે. એ રાજીઅ નીતીની ખુબી એછે કે તે સરવે માણસોને એકસરખાં ગણેછે. મોટાં કુલને લીધે એક માણસ બીજા ઊપર શટી શકે નહી. દરએક માણસને પોતાના અભીપરાએ જણાવવાની તથા પોતાને ગમતો ધરમ પાલવાની પુર છુટછે. તેમજ છાપનારાઓને પણ પુર છુટછે. વલી પોતાના ઓને રઈએત પોતે ચુંટી, ઠેર રા મોરા ઓધાઓ ગરીબ પણ

કરીને મલેછે. એને પરજાસતાક રાજ કહેછે; એટલેજે પરજા પોતે પોતાની ઊપર રાજ ચલાવેછે, અને સઊથી વડો રાજીઅ અધીકારી જે બાદશાહનું કામ કરે છે તેને "પરેસીડેંટ" એટલે પરમુખ કહેછે.

એનડરૂ જાહનસન નારથ કારોલાઈના પરાંતના રાલે શેહેરમાં ઈ. સ. ૧૮૦૮ ના ડીસેમબર મહીનાની ૨૯ મી તારીખે જનમીઓ હતો. દસ વરસની ઊમરનો થએઓ, તેટલામાં એનો બાપ મરણ પાંમીઓ. પોતાના દોસતદારને ડુબતો બનચાવવામાં તેણે જે મેહનત કીધી તેની થાકથી તથા પાંણીમાં ઘણીવાર રહેઆથી તે બીચારાનું મોહત આવીઊં હતું. એના બાપના મરણ પછી એનું તથા એની માનું ગુજરાન તેઓની બનેની મેહનત ઊપર આધાર રાખતું હતું. તેથી એનડરૂને એક દરજીને તાંહાં સાત વરસની મુદતે સીખાઊ તરીકે તેની માએ રાખીઓ. ઈ. સ. ૧૮૨૪ માં તેની મુદત પુરી થએઆ પછી તેઓ સાઊથ કારોલાઈના પરાંતમાંના લારનસ કોરટ નામની જગામાં જઈ રહેઆં. તીઆં એનડરૂ જાહનસન રોજીંદા કામ કરી પોતાનો નીરવાહ ચલાવતો હતો. એ વખતે એક જુવાન સ્ત્રી સાથે પરણવાને એ કબુલ થએઓ, પણ બનેની નાહાની વએને લીધે, દોસતદારોની મદદથી એ કાજ ટોડવામાં આવીઊં. બે વરસ અહીઆં રહેઆ પછી એ પાછો રાલે શેહેરમાં જઈ રહેઓ. તીઆં થોડુંક રહીને ઈસટ ટેનેસી પરાંતમાં, ગરીનવીલ નામના ગામડાંમાં જઈ રહેઓ.

તીઆં લોકોને અણજાણો તેથી, તથા તેની નાહાની વએને લીધે, એને કોઈ પોતાના કપડાં ઘીરવાને હીમત ન કરતું, પણ એનો દેખાવ તથા કામ મેલવવાને આતુરતા એની સચાઈ વીશે ઘોવાઈ આપતાં હતાં. એક ગરહસથે એને પોતાનો એક ડગલો સીવવાને આપીઓ અને કહેઊં કે જો બનતી કોશસ કરીને સારી રીતે સીવસે તો તને બીજું કામ મલશે. એનડરૂએ બનતી કોશસ કીધી અને ફતેહ પાંમીઓ. એને કાંમ મલવા લાગું જેથી પોતાનો તથા પોતાની માનો નીરવાહ સેહલથી કરી શકીઓ.

એજ ગામડાંમાં સારાં બાએસે એ એક શીઆંણી ઓરત સાથે પરણેઓ, જેની મદદથી એને ... થએઓ. પોતાના જનમથી નીશાલમાં ... નહી, અને મુદલ એકડો દોહડનાં શીખે



પરેસીડંટ જાહનસન.

લો નહી, તોપણ એક બનાવથી એનું મન એ બાબદ પર દોડીઊં. જારે એ દરજીને તાંહાં સીવવાનું કામ શીખતો હતો, તે વખતે એક સખી ગરહસથ તેની દુકાંને જઈ કામ કરતાં માણસોની આગલ એક ચોપડી લઈ વાંચતો હતો. એ ચોપડી ઈંગલંડની પારલીઆમેંટમાં થએલાં નામાંકીત ભાશાણોની હતી. જાહનસનના મન ઊપર એ ગરહસથના વાંચવાથી ઘણી અસર થઈ અને પોતે વાંચવા શીખવાનો નીશચએ કીધો. જે વખતે બીજા તનની મેહનત કરી આશાએસ લેવા જતા તે વખતે એ ઊજાગરો કરી મુલાક્ષર શીખવાની તજવીજ કરતો. પોતાની મેહનતે વાંચવા શીખેઆ પછી પેલા સખી ઘરહસથ પાસેથી, જે તે ચોપડી વાંચતો હતો, તે માંગી. તેણે મોટી ખુશીથી તે આપી, એટલુંજ નહી, પણ અક્ષરની કેવી જોડનીથી શબદો વંચાએછે તે તેણે સમજાવીઊં. તારપછી એની બાએડી ભણેલી હતી, તેથી તેણીએ શીખવામા એને મદદ કરી. એ લખતાં શીખીઆ અને જુદી જુદી બાબદો વીશે એણે ગ્નાન મેલવીઊં.

એટલું કરીને બેશી રહેઆ નહી. દરએક પરજાની પોતાના રાજમાં ભાગ લેવાની ફરજછે. એ ફરજ અદા કરવાને તે પરજાને લગતી બાબદોમાં ભાગ લેવા લાગો. સરવે વાંચનારને માલમ હશે, કે હમણા જે અમેરીકામાં લડાઈ ચાલી હતી, તે એકજ રાજનાં બે તડાં પડવાથી હતી—ઊતર અને દક્ષીણ વચે. જાહનસનનો જનમ તથા તેનું રેહાણ દક્ષીણના પરાંતોમાં હતું. દક્ષીણમાં ગોલામગીરીનો ધંધો ચાલતો હતો, તે છતાં જે પરાંતમાં એ રેહતો, તે પરાંતમાં ઘણાજ થોડા ગોલામો હતા. કારણકે તીઆંનાં લોકો અશલી ખવાસના, દેઆનતદાર, મેહનતુ, તથા શખી દીલનાં હતાં. વાસતે એ પરાંતના રાજ કારભારની તકરારમાં ગોલાંમગીરી વીશે થોડીજ બાંજગડ થતી. પણ કેટલાક તવંગર લોકો ગરીબની ઊપર પોતાનો કાબુ રાખવાને ઇઅતન કરતા હતા, તેની સાંમે જાહનસન થયો. એની મેહનત તથા હોશીઆરીને લીધે ગાંમડાંના વડા તથા સમજુ માંણસો માન આપવા લાગા. એની સબીઅતા તથા ખુલાં દીલને લીધે, કેટલાક જુવાન શખસો એની દુકાંને મલતા હતા અને હસી બોલીને પોતાનો ફરસુદનો વખત કાહડતા હતા.

એક સનવારમે દીને ગાંમના બારેક વડાઓએ મલીને જાહનશનને આવતા સોમવારે આલડરમેન * તરીકે પસંદ કરવાનો થેડાવ કીધો અને જાહનસનથી એ વાત છુપી રાખી. સોમવારનો દીવસ એ પરાંતનાં રાજય અધીકારીઓને ચુંટી કાહડવાનો હતો, માટે પેલા શખસોએં પુરતી મેહનત કીધી; અને જાહનસનની તરફના મત વધારે પડેઆં. આલડરમેનનો ઓધો એણે ઘણીજ અછી રીતે બજાવીઓ અને તેથી એને બબે વખત ફરીથી ચુંટી કાહડવામાં આવીઓ. ઇ૦ સ૦ ૧૮૩૦ માં એને મેયર † તરીકે પસંદ કરવામાં આવીઓ અને જોકે ઊમરે માતર બાવીસ વરસનો હતો, તોપણ પોતાનું કાંમ મોટાં માન સાથે બજાવીઊં. ઇ૦ સ૦ ૧૮૩૫ માં જે પરાંતમાં તે વસતો હતો, તેમાની ધારા બનાવનાર મંડલીનો એ સભાસદ થયો. ઈ૦ સ૦ ૧૮૪૩ માં એને કાનગરેસ ‡ નો મીજલસી થેડવામાં આવીઓ. અને એકસરખો દસ વરસ સુધી એનેનો એને દર વરસે પસંદ કરવામાં આવીઓ હતો. એથી એ પરાંતના લોકોનો એની દેઆનતદારી તથા કાંમ ચલાવાની શકતી વીશે કેટલો ભરોશો હશે તેનો આપણે સેહલથી વીચાર કરી શકશું.

એ રીતે જાહનસન રાજ દરબારી ઓધાઓમાં વધતો ગયો. ઈ૦ સ૦ ૧૮૫૩ માં એને ટેનેસીનો હાકમ દાખલ પસંદ કીધો અને ઇ૦ સ૦ ૧૮૫૫ માં પણ ફરીથી એજ ઓધો એને મલીઓ. ઈ૦ સ૦ ૧૮૫૭ માં યુનાઇટેડ સટેટસની સેનેટમા એને જગા મલી. ઈ૦ સ૦ ૧૮૬૪ માં ઊતર તરફના સરવે લોકોએ પરેસીડેંટ લીનકનની સાથે એને વાઈસ પરેસીડેંટ ચુંટી કાહાડીઓ.

નાંમદાર લીનકનના કમકમાટ ભરેલાં ખુન વીશે સરવેને માલમ હશે. તેના મરણ પછી, જાહનસન એની જગાએ થએઓછે. પરેસીડેંટ લીનકન જેવું બીકટ કાંમ કરી ગયોછે, તેવુંજ, બલકે તેથીબી બીકટ કાંમ પરેસીડેંટ જાહનસનને માંથે આવી પડીઊંછે; અને જેવી

* આલડરમેનનો ઓધો અહીઆંના (જસટીસ આવ ધી પીસ) સુસેફના અમલદારને મલતો આવેછે.

† મેયરનો ઓધો અહીઆના (માજીસટરેટ) નીયાયાધીસને મલતો આવેછે.

‡ કાનગરેસ યુનાઇટેડ સટેટસની રાજધાનીમાં મલેછે—દર એક પરાત પોતાના હક જાલવવાને વીશવાસુ માંણસો ચુંટી કાહાડી એમા મોકલેછે.

રીતે તે પોતાની ફરજો બજાવેછે, તેથી તેનામા સુધરેલા દેશોનો પકો ભરોસોછે, કે તે પોતાનાં કાંમને લાયકછે, અને પોતાના દેશને સલાહ સંપજથી બખેડાના દરીઆમાંથી તેરવી કાહડશે. ગુલામગીરીના ધીકાર તથા હીણપસતી ભરેલા ધંધાની સામે ભલા તથા બાહદુર લીનકને લડાઈ ઊઠાવી અને તેના મરણની સાથે તે લડાઈનો ફતેહ ભરેલો છેડો આવીઓ. હવે આગલ બેવશ થઈને, છુટાં પડેલાં પરાંતોને એકઠાં કરવાનું તથા ગુલામગીરીની બેડીમાંથી છુટેલા હજારો અજ્ઞાન હબસીઓને બેગાનાપણામાંથી હારમાં લાવવાનું કાંમ પરેસીડેંટ જાહનસન ચલાવેછે. એમાં કાનગરેસના ઘણા મીજલસીઓના વીચાર એના વીચારને મલતા થતા નથી, તોપણ તે વગર ભયે પોતાને ખરૂં લાગેછે, તે દેશના કાયદાથી જે સતા મલેલી તે પરમાંણે કરેઓ જાએછે. જોકે કાનગરેસના મીજલસીઓ એને મલતા થતા નથી, તોપણ લોકો એને ચાહછે અને એના વીચારને માન આપેછે.

પરેસીડેંટ જાહનસન અતીશય મેહનતુ માંણસ છે. પોતાના મોટા ઓધાને લગતી ફરજોપર ધેઆંન આપવાને એને રાતના અગીઆર વાગા સુધી મેહનત કરવી પડેછે. એ સવારના છ વાગે ઊઠેછે અને દોહડ કલાક વરતમાન પતરો વાંચીઆ પછી, નાસતો લેછે, અને પછી તરતજ પોતાની આફીસમાં જાએછે. તેને કાગલોના ચોડાના ચોડા વાંચવા પડેછે અને સરવેના જવાબ પોતાના હાથ નીચેના માણસોને મોહડેથી કહી જાએછે. કોઈ જગાને વાસતે અરજી, કોઈ વધારે પગારને વાસતે, લશકરના માણસોની ફેરબદલી, રાજદરબારી સલાહ, દયેઆ માંગનારી અરજીઓ, મલી આસરે રોજની ૨૦૦) થાએછે. તે શીવાએ અગણીત બીજાં કાગલીઆં પર ધેઆન આપવું પડેછે. માંફી માંગનારાઓ, રાજદ્વારી ગરહસથો અને જપત થએલી મીલકતના ધણીઓ તેના દરવાજા આગલ ઊભા હોએછેજ અને કેટલીક સીઓ મોટાં તાંનથી તેની આગલ જવાને ઓહોસ કરેછે. જારે સીપાઈઓથી લોકોને અટકાવી નહી શકાતાં, તારે સરવેને તેની આગલ જવા દેછે. તે એકેકની ફરીઆદ સાંભલી જડપથી જવાબ દેછે. વલી બીજા મોટા લોકો મલવા આવતાના આવતા; તેથી તેઓને જેમ બને તેમ ટુંક પણ સભીઅતા ભરેલા જવાબ આપી રવાના કરેછે. સાંજના ખાંણું લીધા પછી પાછો તે પોતાના કાંમે વલગેછે તે રાતના અગીઆર વાગા સુધી. એવી રીતનો એનો ઊદીઓગ દરરોજનો એકસરખો હોએછે. એ શીવાએ બાહેર દેશના એલચીઓ, પરાંતોના હાકમો, કાનગરેસના સભાસદો એને મલવા આવેછે—જેઓને ઘણુ ધેઆન તથા વીચારથી જવાબ દેવા જોઈએ.

એવું જે કામ કરે, જે પાદશાહી ઓધો ધરાવે, જેના વીચાર પર લખોનો આધાર, તે શખસનો પગાર શું હશે? માતર ૩૪૦૦૦) નો દરમાઓ એને મલેછે, જેમાંથી ઓધાને લાએકનો બધો ખરચ કરવો પડેછે. એથી જારે એ પોતાનો ઓધો છોડસે તારે પાછો ગરીબ હાલતમાં આવશે, પણ તેનું મન દોલતવન છે, તેથી તેને બીજી દોલતની કંઈ જરૂર નથી:

એ દાખલા ઊપરથી સાબેત થાએછે કે એક માણસ ગમે તેવી નીચી હાલતમાં જનમીઓ હોએ, તોપણ તેની હોશીઆરી, ચંચલાઈ, બલ, ઊદીઓગ, દેઆનતદારીથી મોટે ઓધે ચહડેછે.

## માફ કરજોજી.

મારો કાકો સમજુ, સીઆણો તથા સખી દીલનો માંણસ હતો. તે એક ઈંગરેજ વેપારીને તીઆં ચાકરી કરતો હતો અને તેના ઊપલા ગુણોને માટે તેનો સાહેબ તેને ચાહતો હતો. તેમજ બીજાં એ લખાંણવાલા માંણસો તેને આદરમાનથી બોલાવતા હતા. એટલું છતાં ઘરબારનો તે સુખીઆરો ન હતો. ઘરમાં બઈરી છોકરાંતો ખરાં, પણ તેઓ સાથે જાજી વાતચીત નહી. ઘરમાં બઈરી વહીતરૂં કરે, પણ ધણીને સુખ આપી નહી જાંણે તથા તેનીથી તે મેલવી પણ નહી શકે. છોકરાં બાવાથી બીહીને નાહસતાં ચીમાતાં ફરે. ઘરમાં કજીઆ કંકાસની તથા છોકરાંના મારફારની વાત મારા કાકાને કાને પડે, પણ કોઈનું હસતું મોહડું જો માલમ પડીઊં, તો એમજ જાણવું, કે સુરજ પશચીમમાં ઊગીઓ. એવી રીતનાં દેખાવથી ઘેર બધું અકારૂં લાગે. મારો કાકો ઘણી વખતે મનમાં બલે, કે છોકરાંને આટલું બધું કરતાં છતાં, તથા પઈસાની વાણ ન કરતાં, ઘરમાં સુખ કેમ ન મળે. લોકોનાં ઘરમાં કેવી મોજ મજા, ખુશી ખુશા

લી જોવામાં આવેછે, અને હું જ કેવો અભાગીઓ. મારી ધણીઆણી મને કયોરી મલી. એવા એવા વીચાર કોઈ વખતે કરતો. પણ પોતાની ખાંમી એ બાબદસર શું હતી, તે જોઈ શકેઓ નહી.

એક દીવસે મારા કાકાને તેના સાહેબે પોતાને ઘેર આખો દાહડો બોલાવીઓ. મારો કાકો એવે ઠેકાંણે કોઇ દીવસે ગએલો નહી, તેથી જરા ઘભરાએઓ અને આખો દાહડો કેમ જશે તેનો વીચાર કરવા લાગો. પણ સાહેબનું કહેણ તો કરવું જોઇએજ, માટે બોલાવીઆ મુજબ તેને ઘર ગએઓ. ઘરના ચોકમાં પગ મુકતાંનેવાર, તેનો સાહેબ પોતાની મડમ તથા છોકરાંને લઈને હસતો હસતો તેની આગલ આવીઓ અને પોતાનો હાથ આગલ ધરી "શેકહાનડ" કીધી તથા પોતાની મડમ તરફ ફરીને હસતે મોહડે તથા આદરમાનથી તે કોણ હતો તે જણાવીશં. મડમે ખુશી થઈને મારા કાકાને સલામ કીધી અને તેની ખબર અંતર પુછી. તેવામાં વલી આસપાસ ચાર પાંચ છોકરાં હસતાં, કુદતાં, પોતાના માબાપ આગલ આવીને જાણે મારા કાકાની સાથે વાત કરવા માંગતાં હોએ એવું દેખાડવા લાગાં, તેથી મારા કાકાને તેના સાહેબે તેઓની ખાએસ જણાવી. એ પરમાણે ખધાં હશી બોલીને, પણ આદરમાનથી, એવીતો રીતે મારા કાકા સાથે મલી ગએઆં કે તેની આગલી ધાસતી મટી ગઇ અને તેઓ સાથે તે વાત ચીત કરવા લાગીઓ. છોકરાંની ખુશી ખુસાલી, ધણી ધણીઆંણીની સમજુતી તથા તેઓની ગમત કરવાની રીત જોઇ, પોતાના ઘર વીશે તે મનમાં વીચાર કરવા લાગીઓ. તોપણ તેને પુરતું સમજ પડે નહી, કે એવું સુખ એઓના ઘરમાં કએઆ તલેસમાતથી આવીશં હશે. મારા કાકાની મતલબ આખો દાહડો તેઓની ચાલચલણ તપાસવાની હતી; કે જેથી પોતાના ઘરમાં તેઓના જેવુંજ શુખ મલે.

આખા દાહાડામાં તેઓની રીત ભાંત જોઈ, મારો કાકો ખુશી થએઓ અને તેને માલમ પડીશં, કે આવો દેખાવ માતર તેને દેખાડવાને વાસતે ન હતો; પણ તે હમેશની ચાલચલણ પરમાણેજ હાવો જોઇએ તેને માલમ પડેશં કે મોટાંથી તે નાહાનાં વેર સરવે એક ખીજાને માન આપતાં હતાં અને આપણામાં જેમ એક બાહેરનો માણસ આવીઓ હોએ અને તેની આગલ જેવો દેખાવ દઈએછે, તેવોજ તેઓ એક બીજા તરફ દેખાડતાં હતાં. માર શરતો મુદલ હાએજ નહી, પણ કડવો સખુનબી સાંભલવામાં આવતો નહી. જો એ પરમાણે હમેસની રીતભાંત ન હોત, તો આખા દાહાડામાં તે ખચીત માલમ પડેઆ વીના રેહત નહી. હજારો નાહાના નાહાના બનાંવથી મારા કાકાની ખાતરી થઈ, કે તેના સાહેબનું ઘર સુખથી ભરેલું હતું. જો બાવાને કંઈ ચીજ જોઇએ અને પોતાની છોકરી પાસે માંગવી હાએ તો "માએ, જરા મેહરબાંની કરી મને ફલાંણી ચીજ આપશો?" કરી બોલતો. જેથી છોકરી હસતી, દોડતી, જઈ તે ચીજ લાવી આપતી. બાપ વલી પાછો તેનો ઊપકાર માનતો અને "માફ કરજોજી" કરી કેહતો. છોકરી તેથી હરખથી ખુશી થતી પાછી પોતાની રમતે અથવા કાંમે વલગતી. માએને જો કશી મદદની જરૂર પડી, તો દીકરો તરત દોડીને મદદ આપતો, વલી માએ પાછો ઊપકાર માનતી અને "માફ કરજોજી" કેહતી. તેમજ ધણી ધણીઆંણી, ભાઈ બેન, ચાકર સેઠ, એક બીજાને જરા જરામાં "માફ કરજોજી" કેહતાં. જેથી દરએક જણ એવા સખુનોને લાએક થવાની તજવીજ કરતું. વલી જમતી વખતે મુગે મોહડે, બાજ ધરી, એક ભુક મોહમાં, બીજો હાથમાં, અને તરીજાને વાસતે આતુરતા, મોહ ફુકાની માફક ભરાઈ ગએલુ જેથી એક શબદ પણ બોલાએ નહી, વલી "હં. હં. માએ મને એટલુજ કે, કોલાને એટલું બધું ને મને થોડુંજ," "જુઓ બાવા મને માએ કેરી નહી મેલતાં," એવી રીતના કઢંગા તરેહ તરેહવારના દેખાવને બદલે, મારા કાકાંએ તદનજ ઊલટું દીઠું. વલી બાએડી એક ખુણામા ભરાઇને ખાએ તથા ધણી જુદો ખાએ, એવું કંઈ માલમ પડેશં નહી. તેણે જોએશં, કે નાહાનાથી તે મોટાં વેર સઘલાં સાથે બેશીને જમવા લાગાં વલી તે વખતે જાંણે ખાણું લુટાઇ જાએછે, તેની ધાસતીથી ઝપાઝપ ભુક ઊચકાવાને બદલે, એક પછી એક આસતે રહીને જમવા લાગાં. તેમાં દરએક જણને જેમ સુજતું તેમ એકેક રમુજી તથા દીલપસંદ વારતા કરતું અથવા ગનાન મેલવવાની તજવીજ કરતું. જેથી સરવેના ચેહરા હસના દેખાતા. એવી વખતેબી "માફ કરજો" ઘડી ઘડી સાંભલવામાં આવતું. કોઈ ઊપકાર માનતું, કોઈ "માફ કરજોજી" જરા જરાને વાસતે કેહતું

"માફ કરજોજી" અથવા "તમારો ઊપકાર માનુંછું" એવા શબ્દો ઘરના સંસારી સુખની કુંચીછે, એવું મારો કાકો શીખીઓ ઘરમાં સુખ કેમ ભોગવવા એ તેજ મારા કાકાને જોવાની મતલબ હતી અને એક દીવસના અનુભવથી તેણે એટલોજ સાર કાહાડેઓ કે "માફ કરજોજી"થી વર સંસારમાં સુખ વધેછે ઘેર જઇ એ શબદોના તલેશમાતનો અખતરો કરવાને તેણે ઠેરાવ કીધો.

હમેશ ઘરમાં પેસતાંને વાર કુઝરો દેખાવ તથા ચુપકીદી તે જે દેખાડતો હતો, તેને બદલે તે ખુશીમાંનો ખુશીમાં ઘરમાં આવીઓ. નાહાની છોકરીએ, બીહતી બીહતી, આવીને ખાવાની આગલ સપાટ મેલી. મારા કાકાએ હશીને "માફ કરજો માએ" કરી કહેણું. છોકરીએ એવા સખુનો કોઈ દીવસે બાપને કે માએને મોહડેથી સાંભલેલા નહી, તેથી તે ઘણીજ ખુશી થતી થતી દોડી ગઈ. મારો કાકો પેહલીજ વખતે પોતાની તપાસમાં ફતેહ પાંમીઓ, તેથી ઘણો હરખમાં આવીઓ. "માફ કરજોજી" "તમારો ઊપકાર માનુંછું." એવું છોકરાંઓ જરા જરા બાબદ સર સાંભલવા લાગાં, તેથી તેઓના દીલમાં સુર છુટું અને પોતાના બાપને ખુશી કરવાને દરેક તક શોધવા લાગાં. તેમજ મારી કાકી સાથે આદરમાનથી મારો કાકો વાત કરવા લાગો. "વાહ! આજનું ખાણું શું લેહજતદાર થએલુંછે," "સાબાસ! આજે તમેતો ફલાણું કામ એવું કરેલુંછે કે મારા ઊપર તમારો ઊપકાર થએઓછે;" "કાંએ બુચો તમને ઘણો કાએર કરેછે? લાવો જરા હું રમાડું;" "માફ કરજો હો! તમને ઘણી તસદી પડેછ;" મારી કાકી જેમ જેમ એવા શબદો સાંભલતી ગઈ; તેમ તેમ પોતાના ધણીનું સુખ જોવાંની તજવીજ કરવા લાગી. છોકરાં જે ચીમાતાં, બીહતાં ફરતાં, તેને બદલે હસતાં રમતાં દેખાવા લાગાં; ધણીઆંણી જે કામકાજથી કંટાલી ગએલી દેખાતી હતી, તે જાણે કાંમ કરી બીસાદનું નથી, એવું ઘણી ખુશી ભરેલો ચેહરો દેખાડવા લાગી; ધણી જે આવીને ગુપચુપ પડેઓ રેહતો, તેને તરેવાર વાતો કેહવામાં તથા પોતાની ધણીઆંણીની વાતો સાંભલવામાં અને છોકરાંઓનું તથા કબીલાનું સુખ વધારવામાં, પોતાનો વખત રોકવો પડીઓ, જેથી બધાના કરતાં તે બમણો સુખી દેખાવા લાગો. એવી રીતે જે ઘરમાં કુઝરાઇ; કજીઓ, કંકાસ, બીહક, ઈતીઆદી, એક બીજા ઊપર ચહડાચહડી કરતાં હતાં, તેજ ઘરમાં તેઓને બદલે સુખ રાજ કરવા લાગીઊં.

જેઓને જરૂર હોએ, તેઓને મારા કાકાના અનુભવના ફલ ચાખવાને, તેની પરમાસથી, હું છુટ આપું છું. જેઓને જરૂર ન હોએ, તેઓને તેઓના બીજા ભાઈઓની ખાતર સર, હું કહુંછું કે "માફ કરજોજી."

## હીંગ.

એ એક જાતના જાહાડના રસમાંથી બનેલીછે. જે પરમાણે જાહાડનો રસ બંધાએઆથી જુદી જુદી જાતના ગુંદરો બનેછે તેજ પરમાણે આએ પણ બનેલીછે. એની બનાવત જાણવાજોગછે. પેહેલાં હીંગના જાહાડ ઊપરથી સઘલાં પાતરાં અને દાલીઓ કાહાડી નાખેછે અને માતર તેનું થડ રેહેવા દેછે. રસ એકઠો કરનાર પોતાના ખભાં ઊપર એક કાવર, જેને બે છેડે એક એક તોપલી હોએછે તે, અને એક હાથમાં કોદાડી અને મોટી છરી અને કમરે બાંધેલો એક કાંશીઓ લઈ હીંગના જાહાડના થડ આગલ જાએછે. કોદાડીથી કરીને તેના થડને ચીરા પાડેછે. ચીરા પાડીને તરણ દાહાડા શુધી રસ જહરવા દેછે. તરીજે દાહાડે ચીરાઓમાંથી જે રસ નીકલેછે તે પોતાની મોટી છરીથી ઓખવી પેલા કાંશીઆમાં એકઠો કરેછે. સઘલો રસ કાહાડી લીધા પછી થડને ઊપરથી કાપેછે અને બાકી રહેલાં થડને ફરીથી ચીરા પાડેછે જેમાંથી ફરી રસ જમાવ થાવાથી તરણ દાહાડા પછી ફરીને ઓખવી લેછે. કાંશીઆમાંથી તેને તોપલીમાં ખંગરેછે અને સઘલો રસ એકઠો થાએ કે પછી તેને પોતાને ઘેર લઈ જાએછે અને તડકામાં સુકાવા મુકેછે કે જેથી તે કઠણ થાએછે.

એક જાહાડ ઊપરથી વરશમાં ૪ વખત રસ કાહાડેછે અને દર વખતે રસ કાહાડી લીધા પછી તેજ જાહાડનાં પાતરાંથી કાપેલાં થડને ઢાંકેછે કે જેથી કરીને તેને તાપ નહી લાગે અને અંદરનો રસ શુકાઈ નહી જાએ.

એ દવા ઈરાંની અખાતથી પેટી અને પીપોમાં ભરાઈ પેહલાં મુંબઈમાં આવેછે. મુંબઈથી પછી તે વેલાત અને ઇઊરોપખંડનાં બીજા ભાગમાં જાએછે.

એ દવાનાં તરેહ તરેહનાં અને ભાત ભાતનાં ગાંગરા આવેછે. એક ગાંગરો લઇને જોઇએતો તે બાહારથી પીરાસ ઊપર હોએ એવો માલમ પડસે; પણ જો ભાંજીએતો અંદરથી શફેદ દુધ જેવો અને મીન જેવો જ લકાટનો માલમ પડેછે. ભાંજીઆ અથવા કાપીઆ પછી તે અંદરનો ભાગ જો હવા અને રોશનીમાં ખોલો રાખીએતો તે જલદીથી લાલ અથવા ભેર સેરીઆ રંગનો દેખાએછે અને જો થોડા દાહાડા એમનો એમ રેહેવા દીધા હોએતો બાહેરનાં જેવો અંદરનો ભાગ પણ પીલો થાઈ જાએછે; અને આતશ આગલ ધરીઓ હોએતો તે પાંણી થાઇ જાએછે અને બલીને ભસમ થાએછે. હવામાં બાલીએતો નેનો ભભુકો શફેદ નીકલેછે અને ખરાબ વાસ મારતો ધુમાડો નીકલેછે. સવાદમાં તે કવરો અને ઝણ ઝણતો લાગેછે, તેનો શુગંધ ઘણો ખરાબ આવેછે તે કારણથી કેટલાકો એની સોડે પણ જાતા નથી. વલી બીજાઓ અને મુખીઅ કરીને ભાટીઆ, વાંણીઆ અને શરવે ગનેઆતનાં હીંદુઓ તેને એટલી તો પસંદ કરેછે કે તેને ખાધામાં વાપડેછે. એવું જણાએલું છે કે ઈરાંનમાં તેનાં જાહાડનાં પાતરાંનુ શાખ કરીને ખાએછે અને તેનાં મુલીઆં પણ ગીઈમાં તલીને ખાધામાં વાપડેછે.

હીંગ માતર ખાવાનાં કાંમમાં આવેછે એટલુંજ નહી પણ દવાનાં કાંમમાં પણ એની અગત ઘણીછે. જારે દવા તરીકે ખાવી પડેછે તારે તેનો ખરાબ વાશ અટકારમાં માલમ પડેછે એટલુંજ નહી પણ પસીનો પડેછે તેમાં પણ શઘલું બદન હીંગથી ખરડાએલી હોએ એવું વાશ મારેછે. ખાધા પછી પીશાબ કીધી હોએ અથવા જાહરે ફરીઆ હોઇએતો તેમાં પણ હીંગનો વાશ આવેછે. એ દવા ઓરતોને ચમક થાએછે તે ઊપર ઘણીજ અકસીરછે; અને વારેઘડીએ વાનો જે ભુક ફરી આવેછે તેમાં પણ ઘણી ઊપીઓગી થાઈ પડેલીછે.

---

## સમુદરમાં બરફનાં ખેતરો તથા ડુંગરો.



મહાસાગર જે, માણસજાત, બીજાં જીવજંત તથા ઝાડપાનની હસતીને વાસતે જરૂરનોછે; જેથી દમ લેવાની હવા સાફ થાએછે; જેમાંથી પાણીનો બાફ થઇ, વાદલાં બની, વરસાદ પડેછે; જેથી માણસજાતના વેપાર વણજમાં મોટી સગવડ પડેછે; તેમાંની હજારો હેરત ભરેલી બનાવટોમાની, ઊપલાં ચીત્રમાં આપેલી એક બનાવટ જાંણુવાજોગ, બલકે જોવા જોગ છે. એ દેખાવ અથવા દરશટી વીશય ઊતર તથા દખશીણ ધરૂવ (છેડા) તરફ માલમ પડેછે. દુનીઆના ઊતર અને દખશીણ છેડે, જે કકડતી થંડી પડેછે, તેના જોરથી વરસાદ બંધાઇને બરફનાં આકારમાં પડેછે, દરીઆમાંનું પાંણી હમેશ બંધાએલુંજ રેહછે, એને નદીઓ અને પાહડોપર બરફના ડુંગરો બંધાઈ રેહછે. એનું કારણ પરૂથવીનો ગોલ આકાર તથા તેની વાંકી ધરીછે; જેથી સુરજ વરશનો મોટો ભાગ એ બંને છેડા ઊપર પરકાશતો નથી. અને લાંબી મહી

નાના મહીના સુધી રાત જારી રેહછે. જે વખતે, ગરમીની ગેરહાજરીને લીધે, આપણા ખેઆલમાં નહી આવે તેવો, કઠણ થંડી પડેછે.

ઊતર તરફના છેડાની નજદીકની જગાપર, આગસટ મહીનાથી હીમ પડવા માંડેછે. અને તારપછી દરીઆનાં પાંણી બંધાવા માંડેછે. દરએક જગા તરેવાર આકારના હીમથી ભરાઈ જાએછે. દરીઓ બધો જાણે વરાલથી ભરેલી ચુનાની ભઠીના જેવો દેખાવ દેછે. એ જંગાપરની વાતાવરણ અથવા હવા પાંણીના કરતાં વધારે થંડી બનેછે, જેથી દરીઓ બધો વરાળથી ભરેલો દેખાએછે. "પારી" નામનો નાવાક એ તરફ ફરતો હતો; તેણે હડસન અને ગરાઇપરના આખાત આંગલ જતાં, સપટેમબર મહીનામા, બધો દરીઓ બંધાઈ ગએલો દીઠો. વાંહણને વાસતે રસતો કરવાને તેણે બરફ વેહરવા પોતાના માંણસો કાંમે લગાડીઆં. જેઓએ તરણ દીવસમાં માતર બે માઈલનો રસતો કીધો. ૧૧ મી નવેમબરે તેણે સુરજ અસત પાંમતાં જોએઓ. તારપછી આખી જગા ઊજડ દેખાવા લાગી. કસાં જીવજંતની પણ નીસાન માલમ ન પડી. આસપાસની એટલીતો ચુપકીદી હતી, કે તેઓ પોતે જો વાત કરતા, તો એક માઈલ સુધી અવાજ સંભલાતો. ૮૪ દીવસની ગેરહાજરી પછી, ૩જી ફેબરવારીએ, સુરજની ઊપલી કોર તેઓની નજરે પડી. તારપછી પેહલી જુને ઊનાલાની નીસાન માલમ પડી. વાંચનારે ઈઆદ રાખવું જે તે જગાનો ઊનાલો આપણી થંડીથીબી થંડો હોએછે.

જે આખો દરીઓ બંધાઇને એક કટકો થઈ ગએલો, તેના એ વખત પછી સુરજનાં જરા જરા વધતાં કીરણનાં જોરથી ભાગીને છુટા છુટા કટકા થાએછે. એઓ તરેવાર કદના, મોટા, નાહાના, છુટા પડીને તરતા થાએછે. જે રસતો પાંણીને વેહવાનો હોએછે, તે રસતે દખશીણ તરફ પાંણીના તથા પવનના જોરથી હજારો કટકા છુટા થઇ, બાહેર પડેછે. હવે જેમ જેમ એઓ નીચે ઊતરતા જાએછે, તેમ હવા તથા પાંણી વધારે ગરમ મળીઆથી, પીગલતા જાએછે. અને ખુદરતની બનાવટમાં અજાએબ રીતે મદદ આપેછે દુનીઆંનાં મોટા ભાગમાં જીઆં માણસજાતનો વધારે વેહવારછે તીઆં, એ બરફના કટકાથી હવા તથા પાંણીમાંની ગરમી સમતોલ થાએછે.

એ કટકાઓ જારે છુટા પડી ચાલતા થાએછે તારે ઘણું કરીને બે નાંમે ઓલખાએછે. બરફના ખેતર અને બરફનાં ડુંગર. એ ખેતરો કોઇ વખતે એટલાં મોટાં હોએછે, કે તેઓનો છેડો વાંહાણના ડોલને મથાલેથી પણ માલમ પડે નહી. કોઈ વખતે એક ખેતર બીજાની સાથે મોટા જોરથી અથડેછે અને તેઓ ભાગીને હજારો આકારના બીજા કટકા બનેછે. એવી વખતે વાંહાણ જો વચે આવી પડેતો તેના ફુડચે ફુડચા ઊડીઆ વીના રેહ નહી, અને તેમાંનાં માંણસોનો પણ નાશ થાએ.

કપતાન રાસ તથા સકોરસબીને એવાં બરફના ખેતરોમાંથી રસતો કાપવો પડીઓ હતો. તેઓનુ બએઆન ભયંકાર છે. કપતાંન રાસનુ વાંહાણ એ ખેતરો વચે આવીઆથી તેને મોટું નુકશાન થએલું— પણ ઈશવરની કુરપાથી તેઓ સહીસલામત બનચી ગએઆ. પણ કેહછે કે જો જરાબી નબલું વાંહાણ હોતે, તો બનચતે નહી વલંદા લોકોએ, ઈ૦ સ૦ ૧૬૬૯ થી ઈ૦ સ૦ ૧૭૭૮ સુધી, ૧૪૧૬૭ વાંહાણો મગરમછ મારવાને, ગરીનલાંડના ટાપુ આગલ મોકલીઆં હતાં, તેમાના ૫૬૧ વાંહાણો, એ બરફના ખેતરની કજાથી ડુબી ગઆં હતાં. એ કંઈ થોડી સંખીઆ નહી; તોપણ લોકો હીમતવાંન, તેથી એવી ભય ભરેલી જંગામાં જા આવ કરેછે. ઈ૦ સ૦ ૧૮૪૧ માં, અમેરીકામાના નીઊ ઈઆરકથી નીકલેલી સટીમર નામે પરેસીડેંટ, ઊતર ધરૂવ તરફથી, ઈંગલંડનો રસતો સોધતી આવતી હતી, તેનો એવીજ રીતે નાશ થએઓ; ને તેમાનુ દરએક માણસ મરણ પાંમીઊં.

બરફના ડુંગરો ઘણું કરીને પાહડો ઊપર બનેછે અને આસતે આસતે ઊતરીને દરીઆમાં થઇ રસતો કાપેછે. એઓ તરેહવાર આકારના તથા કદના હોએછે. તેઓ દરીઆની સપાટીથી બસો ફુટ ઊંચા, બે માઈલ ઘેરાવામાં દીઠામાં આવીઆ છે. અને બરફ જે ધારાથી તરતું રેહછે, તે પરથી એવુ સાબેત થયુંછે, કે જેટલું તે પાણીની સપાટીથી ઊંચું હોએ છે, તેથી સાત ઘણુ પાણીની અંદર હોવુ જોઈએ. કપતાન રાસ એવા ડુંગર વીશે લખેછે. તેને એવો મોટો એક ડુંગર મલીઓ જે પર ચહડવાને તેને બહુ મેહનત પડી. તે એકસરખો ઊંચો હોવાથી તેઓને ચારે બાજુએ ફરતાં, એક બાજુ હાથ લાગી. તે પ

ર થઈ ઊપર ચહડતાં તેને ઊપરની જગા સપાટ માલમ પડી, અને એક રીંછ તેની ઊપર બેઠેલું માલમ પડીઊં. જે તેને જોતાંનેવાર દરીઆમાં પડી તરતું નાસી ગએઊં. એ બરફનો ડુંગર ૪૧૬૯ વાર લાંબો ૩૮૬૯ વાર પોહલો, અને ૫૧ ફુટ ઊંચો અને ૬૧ વામ દરીઆની અંદર માપતાં માલમ પડીઓ. એનુ વજન ગણતરીથી ૧,૨૯,૨૩,૯૭,૬૭૩ ટન માલમ પડીઊં હતું.

ઊપલું ચીતર એ ડુંગર તથા બરફના ખેતરનુ છે. પણ એવાં ચીતરથી જેવી અશર આપણા મન પર થવી જોઇએ તેવી થતી નથી. ચીતરમાં વગર આકારના મોટા ડુંગરો દેખાએછે, પણ નજરે જોઇએતો આપણે હેરત પાંમીએ. તેઓના વીચીતર દેખાવ, તેઓનુ ગંભીર આસતે રહી હીલવું, તેઓના મથાલાંપર હીમનો ઘુમતો વરસાદ, અને દેહશત ઊપજે તેવો જુદા જુદા ભાગનો કકડતો આવાજ, એક ચીતર દેખાડી શકે નહી. એવા ડુંગરનું બરફ જડ થઈ એકઠું મલેલું હોએછે, તેનો રંગ લીલાસપર થઈ આસમાનીને મલતો રહેછે. તેમાના કટકા સફેદ બીલોરના જેવા પારદશક હોએછે. સકારેસબી કહેછે, કે એવા કટકા પારદશક હોવાથી સુરજના કીરણની મદદથી તેઓમાથી તે આતસ પાડી શકીઓ હતો. તેથી લાકડાં સલગાવીઆં, બંદુક ફોડી, સીસું તાવીઊ, અને ખલાશીઓની બીડી સલગાવી, જેથી તેઓ અજાએબ અજાએબ થએઆ, અને એ બધી વખતે બરફના કટકા જેમના તેમ કઠણ તથા સવછ રહેઆ હતા.

તોફાનની વખતે જારે એવા ડુંગરો એક બીજાની સાથે અથડેછે તે વખતે એવોતો [illegible] થાએછે કે તેનો આવાજ કેટલા માઈલ સુધી [illegible] એછે. એવી વખતે જો કંઈ તરતો લાકડાંનો કટકો વચે આવી પડેઓ, તો તે એકદમ સલગી ઊઠેછે, અને બધા દેખાવમાં એવોતો ફેરફાર કરી નાખેછે કે જેનુ બએઆન થઈ શકે નહી. એ ડુંગરો જારે ચાલતા કોઈ ઊતર તરફના દેશ તરફ આવેછે, તારે તીઓંની હવામાં ઘણો ફેરફાર થાએછે. ઘણું કરીને એ ડુંગરોની ઊપર ગરીનલાંડનુ રીંછ ઊતારૂ દાખલ આવેછે.

## ગંધકની ખાંણ.

અમેરીકાખંડમાં મેકસીકો નામનું દેશછે, તાંહાં પોપોકાતે પેટી નામનો જવાલામુખી પાહાડછે. એ પાહાડના મુખ માંહેથી હમેશાં ગંધકનો બાફ નીકલેછે. જે કોઈ તેની નજદીક જાએછે તે ગુંગરાએછે, અને જો ખાડામાં ઊતરેતો ખચીતથી ગુંગરાઈને મરી જયા વગર રેહેજ નહી. એ ખાડામાં કાંઈ બેસુમાર ગંધકની ખાંણછે, અને તે એક અજબ રીતે માલમ પડીછે. તેનો હેવાલ જાંણવા લાયકછે.

એક જરમન વેપારી મેકસીકોમાં રેહેતો હતો; તેણે મોહોટો સટો કીધો તેમાં તેનું સઘળું નાણું ઘસડાઇ ગયું અને આખરે દીવાળું કાહાડવું પડીયું. તે ઘણો નાઊમેદ થઇ ગયો અને વહીવટ કાંઈ પણ રીતે સુધરે એવું લાગું નહી. પોતાની જીંદગાનીથી કંટાલવા લાગો અને ધારીયું કે મરવું બેહેતરછે. પણ આપઘાટ કરવાથી પોતાનાં આબરૂવાલાં ખેશીઓનાં નાંમને ખજાલત પોહોચશે, એવા વીચારથી તેણે મરવાની એક બીજીજ યુક્તી શોધી. તેણે વીચાર કીધો કે જવાલામુખી પાહાડ જોવાને બાહાને જઇને પછી ખાડામાં પડીને મરી જવું; લોકો માતર એને અકસમાત સમજશે અને ખરેખરૂં કારણ તેવોને કદી પણ માલમ પડશે નહી. એવા વીચારથી પેહેલાં પોતાના દોસતદારોને જવાલામુખી પાહાડ જોવા જવાનો ઈરાદો જણાવીને, એકલો તે પાહાડ તરફ ગયો. પાહાડની ઊપર તાંહાંનાં અસલી રેહેવાસીઓ રેહેછે, અને તેવો ભોમીઆની મીસાલે પાહાડને મથાલે જવાનો રસતો બતલાવેછે. એવા બે ભોમીઆ લેઇને લાકડી અને દોરડાંની મદદથી તે ઊપર ચહડીયો. મુખની ઊપર બે લાકડી આડી મુકીને દોરડું બાંધીયું અને ખાડામાં ઊતરીયો. ઊતરતી વખતે પેલાઓને સમજાવીયું કે જેવી તે નીશાણી કરે.એટલે તેને ઊપર ખેંચી લે. પેહેલાં તેનું મગજ ભમવા લાગું, દમ લેવાઈ શકાયો નહી અને થોડાવારમાં મરવાનોલ થઇ ગયો. તોપણ હીમત કરીને દોરડાંની મદદથી ખાડામાં ઊતરનોજ ગયો. થોડાવારમાં તેને માલમ પડીયું, કે આગલ જે દમ લેવાઇ શકાતો નહી હતો તે હવે બરાબર લેવાઈ શકાયેછે અને ગંધકના બાફને બદલે ચોખી હવા દમમાં આવેછે એવું લાગું. થોડાવારમાં તેના

પગ જમીન સાથે લાગા અને આંખ ઊઘાડીને જુવેછેતો એક મોહોટો ગંધકનો ગુંબજ ચકચકેછે અને દરએક ખુણાં માહેથી બલુ રોશની નીકલેછે. થોડો વાર લગી તે અચરત થઈને થંભ ઊભો રહેયો, અને મનમાં શક આવીયો કે એ સઘલું સપના જેવુંછે. પણ ઊપર ખાશ વારે જોતાં તેને ધંધકનો બાફ નજરે પડીયો અને તે માહેથી આકાશ જાંણે હીરો ચલકતો હોય એવું લાગ્યું. તે સમજી ગયો, કે તે ગંધકના ગુફામાં આવી પડીયોછે અને તે ગંધકનો કાંઈ પાર નથી. તેણે એક પલકારામાં જોયું કે એ માંહેથી તે મોહોટી દોલત પેદા કરી શકશે. તેના દીલમાં પાછી આશા આવી; તે ખોદાના શુકરાણા કરવા લાગો; અને ઈશારત કીધી કે તેને પાછો ઊપર ખેંચી લે.

હવે તેણે જોયું કે મુખ આગલજ ગંધકનો બાફ એકઠો થાયેછે પણ તેની હેઠે હવા સાફછે. પાછલથી એ ખાંણ માંહેથી તેણે મોહોટી દોલત મેલવી. આજ દીન લગી એ ખાંણ માહેથી ગંધક કાહાડવામાં આવે છે અને તેનો જથો અખુટ માલમ પડેછે. મુખ આગલ હજુર બે લાકડી આડી મુકેલી લોકોનાં જોવામાં આવેછે.

## દુધ વીશે ખોટા વીચારો.

સઘલાં લોકોને ખબરછે કે નાહાનાં બચાંનો ખોરાક દુધ શીવાએ બીજો કાંઈ પણ નથી; તેની નબલી હાજરીમાં દુધ શીવાએ બીજો કોઈ પણ ખોરાક જરી શકતો નથી. એ ઊપરથી ખોલી રીતે માલમ પડેછે કે દુધના જેવો હલકો, જલદીથી જરપત થાયે એવો ખોરાક બીજો કાંઈ પણ નથી, વલી દુધ એવો ખોરાકછે કે તેમાં સઘલી મધીયમ વસતુઓ આવેલી છે. તે બદનને ઘણું ઊશકેરતુ નથી તેમ તે એકદમ નબલું પણ નથી કરતું. એવો ખોરાક માણસની કેઈ હાલતમાં અવગુણ કરી શકે ? દુધ અવગુણ કરેછે એ કેહેવું અથવા સાબેત કરવું મુશકેલછે. જારે માણસ આજારી પડેછે તારે તેની હોજરી ભારી ખોરાક પચાવી શકતી નથી, ઈથા કુવતમંદ ખોરાક તેના દરદને વધારેછે. એવી હાલતમાં દુધ જેવો ખોરાક કાંમજોગ બીજો કોઓ મલી શકશે ? એ છતાં આપણા લોકોમાં દુધ વીશે ઘણી છીટછે. "તાવ ઊપર દુધ અપાએ નહી" એવો વીચાર મરદ તથા ઓરત-એ બનેનોછે. તેવો ચાવલ, દાર, ફરટે, શેરવો. તરકારી આપવાને તઈઆર થશે, પણ દુધ આપવું અને તાવને વધારવી એ બરાબર ગણેછે; પણ એ વીચાર તથા વેહેમ આપણા લોકો માંહેથી જલદીથી નીકલી જવા જોઈયે. કાંએક એવા ખોટા વીચારને લીધે વારેઘડીએ ઘણાં ખરાબ બનાવો બનેછે.

વલી પેટ આવેછે ઈયા વાંમીટ થાએછે તાંહાં દુધ આપવાને આપણા લોકોમાં ઘણી છીટછે. દુધ બાદી કરીને વધારે પેટ લાવેછે એવો તેવોનો વીચારછે. એ ઊપરથી ધાવતાં બચાંને તરંત દુધથી છોરવીને કાંજી તથા ચાહ ઊપર રાખેછે, અને મોહોટાં માંણસોને દુધ વગરની કાંજી તથા ચાહ, અને રોટલી આપે છે. ખરી વાતછે, કોઈ વખતે દુધ એવી હાલતમાં જલદીથી ખરાસ થઈને વગર જરપત થયે પસાર થઈ જાએછે, પણ તે ઊપરથી એવો નહી ખેઆલ લઈ જવો, કે મુતલગ વાપડવું નુકસાણ ભરેલુંછે. જો કાચું દુધ માફક નહી આવેતો તેને ગરમ કરીને આપવું. જો અમથું દુધ માફક નહી આવેતો તેમાં આરારૂટ અથવા સાબુચોખાની કાંજી ભેલીને આપવી. બચાંને વારેઘડીએ દુધ ખરાબ હોવાના સબબથી નુકસાન કરે છે તે દુધ બદલી નાખવું. જો સારૂ દુધ પણ અવગુણ કરેતો તેમાં થોડું ચુનાનું પાંણી ભેલીને આપવું; અને એવું દુધ વારેઘડીએ માફક આવેછે. અમથી દુધ વગરની કાંજી વધારે અવગુણ કરેછે, કે જે દુધ સાથેની નથી કરતી.

વળી દુધ વીશે એક બીજી અજાએબ જેવી છીટ છે. ઘા અથવા ચાંદાં ઊપર દુધ લેવાની મકમ મનાઈ કરેછે કે તેથી રસી, પરૂ વધારે પેદા થશે અને ચાંદાંનાં સફેદ દાગ પડી રેહેશે. દુધ કાંઇ વધારે રસી, પરૂ પેદા કરતું નથી, અને ચાંદા પેહેલે સફેદ હોવાં જોઈયે અને તે આસતે આસતે જાંખાં મારતાં જાયેછે; તેમાં દુધનો કાંઈ પણ વાંક નથી.

આપણા લોકો કાચું દુધ પીવાને અવગુણ ભરેલું સમજેછે અને હમેશ દુધ ઊકાલીને પીએછે. પણ કાચું દુધ હમેશાં અવગુણ કરતું નથી, અને ઊકાલેલાં દુધ માંહેથી કેટલીએક કાચાં દુધની ખુબી જતી રેહેછે. જાંહાં સદે તાંહાં કાચુંજ દુધ પીવું સારૂંછે.

## ઈંગરેજી ખલાસીઓના વેહેમ—પરતી સબદથી થએલો ઘભરાટ.

જે શખસો દરીઆના મોટા તોફાનની સામણે થઈને ઊભા રેહે, જે લોકો ભારી તોફાનમાં સઊથી ઊંચા ડોલ ઊપર જઈને કામ કરે, જે શખસો પોતાના જીવની જરા પણ દરકાર નહી કરે, જે લોકો બીહીક શું ચીજછે તે જાણે નહી, એવા શખસો વેહેમી હોએ અને સેહેજ ખુદરતી બનાવો કે જે તેવોને સમજ નહી પડે, તેથી બીહીને ધ્રુજી પડે એ ઘણું અજાએબ જેવુંછે.

થોડાંએક વરસની વાત ઊપર, એક ઈંગરેજી વાહાણ જેમાં નજદીક ૪૦૦ ખલાસી હતા, તે એક દીવસે ખરી બપોરે આટલાનટીક મહાશાગરમાં વગર પવનને લીધે થંભ રહેતું હતું. દરીઆમાં કાંઈ પણ તોફાન ન હતું અને પવન તદન પડી ગએલો હતો. તેની આગલ અથવા માણસની નજરમાં કાંઈ પણ બીજું વાહાણ માલમ પડતું ન હતું. એવામાં દરએક જણનુ ધેઆન એક ચીજ ઊપર ગએઊં. વાહાણ ઊપરનો ઘાંટ મોટે અને ખોલે આવાજે વાગો. સઘલા લોકો અચરત થઈ ગએઆ કાંએક ઘાંટ કોઈએ પણ વજાડીઓ ન હતો. પેહેલાં આવાજ જાણે કે દુરથી આવતો હોએ એવું લાગું; પછી બરાબર વાહાણના ઘાંટ માંહેથી આવાજ નીકલતો સંભલાઓ. તારે ઘાંટ જોરથી અને વલી વગર હોકમે કોણે વજાડીઓ ? વાહાણ ઊપરનો લેફટેનંટ જે પોહારા ઊપર હતો તેણે ગુસે થઈને પુછીઊં "એ ઘાંટ કોણે વજાડીઓ ?" કોઈએ જવાબ દીધો નહી. તે ઊપરથી તેણે ફરીથી જોસમાં પુછીઊં, તોપણ કોઈએ જવાબ આપીઓ નહી. તે ઊપરથી તે વધારે ગરમ થઈને બોલીઓ "હું સઘલું સમજુંછું, અને જવાબ લેએઆ વગર રેહેવાનો નથી. કવારટર માસટર, આ ઘાંટ વજાડવાને કોણે હીમત ચલાવીછે ?" કવારટર માસટર મોહોડું જોવા લાગો. તે જાણતો હતો કે કોઈએ પણ ઘાંટને હાથ લગાડીઓ નથી. તે ઊપરથી ફરીથી પુછીઊં, તારે તેણે બોલવાની હીમત ચલાવી. "વારૂ તારે, પણ હું કાંઈ જાણતો નથી. હું ખપીતછું કે કોઈ પણ માણસે હાથ લગાડીઓ નથી. હું પોતે ઘાંટને વજાડવા જતો હતો એટલામાં માહારૂં કામ કોણ જાણે કોણે બેમાલુમ છીનવી લીધું". "બેમાલુમ ખરૂ, હું ? પણ જે શખસ પકડાઓ તેનો દારૂ આપવાનોજ બંધ કરશ. એવી વાત માહારી આગલ ચાલશે નહી. હું ફરીથી પુછુંછું કે એ ઘાંટ કોણે વજાડીઓ." ફરીથી કવારટર માસટરે જવાબ દીધો, જે કોઈ દઈત ઈઆ સેતાનના કારસતાન શીવાએ બીજું કોણ કરી શકે. એ ઊપરથી લેફટેનંટ બોલીઓ "ઘણું અજાએબ જેવુંછે", અને વાહાણની બાહેરની બોરદુએ જોવા લાગો; એ પરમાણે સઘલા માણસો આસપાસ જોવા મંડી ગએઆં, પણ કાંઈ પણ માલમ પડીઊં નહી.

એવામાં કાપટન તુતક ઊપર ઘોંગાટ અને ગરબર સાંભલીને ઊપર આવીઓ. તેની આગલ લેફટેનંટે સઘલી વાત કહી. કાપટન જાતે આકરા પણ સારા સવભાવનો હતો, તેણે પોતે સઘલા પાસેથી વાત પુછી અને જારે જોઈઊં કે તે માહેથી કાંઈ પણ સાર જેવું માલમ પડીઊં નહી, તારે આકરો થઈને હુકમ દીધો કે જાંહાં સુધી ગુનેહગાર માલમ નહી પડે, તાંહાં સુધી જે લોકો પેહેરા ઊપર હતા તેવોનો દારૂ બંધ કરે. કાપટનનું એમ બોલવું અને પાછો ઘાંટ ઊપર બોલી રીતે તરણ ટકોરાનો આવાજ સંભલાઓ. કાપટન અને લેફટેનંટ બેઊ બીહીને થંભ થઈ ગએઆ. ખલાસીઓ પણ બીધા, પણ મનમાં મઘન થવા લાગા કે હવે બંધ કીધેલો દારૂ પાછો મલશે. કાપટન બોલીઓ "એ સઘલું ન સમજ પડે એવુછે; કોઈ જઈને નીચે પુછી આવો કે હમણા કોઈએ ઘાંટ વજાડીઓ." એક જણ જડફથી નીચે જઈને પુછવા લાગો, પણ તેવોજ એકમેકમાં પુછતા હતા કે ઘાંટ કોણે વજાડીઓ તેણે ઊપર આવીને નીચે થતો હેવાલ જણાવીઓ. એવા ઘભરાટમાં સઘલા ખલાસીઓ તુતક ઊપર એકઠા થએઆ અને ઘાંટ આગલથી દુર ઊભા રહેઆ; એવામાં ફરીથી ઘાંટના વાગવાનો આવાજ સંભલાઓ. એ વખતે ઘણે ઊંચો માંથાં ઊપરથી આવાજ નીકલીઓ; વલી ડોલ ઊપરથી અને વલી છેક વાહાણની પાછલા ભાગ ઊપરથી આવાજ આવતો માલમ પડીઓ અને એક એક ઊપર આવાજો આવવાજ લાગા. કાપટનથી તે વાહાણના તોપસ સુધાં બીહીને તાત થઈ ગએઆ. કેટલા લોકોતો સમજીઆ કે હવે આખેર ખરેખરી આવી, અને કેટલાએક હીમતવાન ખલાસીના ચેહેરા ફીકા થઈ ગએઆ.

થોડા વાર પછી ઘાંટ વાગતો બંધ થએઓ અને દરએક જણ એકમેકમાં એ વીશેની વાતચીત કરવા લાગા. એક જણ બોલીઓ કે તેણે ખચીતથી વાહાણના આકારનો દઈત જોએઓછે. બીજો બોલીઓ તેણે અરધું માણસ અને અરધી માછલીના આકારનો દેવ જોએઓછે—બીજાઓએ મોટા તોફાંણોમાં તરેહવાર હવામાં ઘોંગાટ સાંભલીઆછે અને રાતે દરીઆમાં બલતા આતસ જોએઆછે, પણ તેવોએ કદી પણ ઘાંટ વાગેલો જોઓ નથી ઈઆ કોઈને મોહાડે સાંભલીઊં પણ નથી. કેટલા લોકો કેહવા લાગા કે આવાજ ઊપરથી આવેછે; બીજાઓએ કહીઊં કે વાહાણ માહેથી નીકલેછે અને ઘણાખરા બોલવા લાગા કે એ સઘલી કરામતછે પણ એ કેમ થાએછે તે સમજ પડતી નથી. એ ઊપરથી, સઘલો શક દુર કરવાને મારે ઘાંટને ટાંગેલો કાહાડીને તુતક ઊપર મુકીઓ, તોપણ ઘાંટનો વાગવાનો આવાજતો આવવા લાગો; તારે સઘલા લોકોની ખાતરી થઈ કે ઘાંટ મધેથી આવાજ નીકલતો નથી.

એવું બનીઊં કે વાહાણ ઊપરનો પરસર ઘણો કાબેલ અને વીદવાન હતો, તેણે સઘલાને ખાતરીથી કહીઊં કે એ આવાજો કોઈ દુર વાહાણ ઊપરથી આવેછે. તેવામાં એક જણ બોલી ઊઠીઓ કે "કોઈબી વાહાણ હાલ આપણી નજર આગલ નથી. આપણે કેટલા માઈલ લગી જોઈએછ પણ કોઈ પણ વાહાણનો જરા ડોલ કે સર માલમ પડતો નથી." પરસરે જવાબ દીધો કે "તેમાં શુ થયું, આ વાતતો ખરીછે કે એ આવાજ ઈઆતો આપણા વાહાણના ઘાંટ માહેથી નીકલવો જોઈએ ઈઆ કોઈ બીજાં વાહાણ જે હાલ આપણી નજરથી દુરછે તાંહાંથી આવતો હોએ. હું ધારૂંછું કે સઘલા તમો એ કબુલ કરોછો?" કાપટન બોલીઓ "વારૂ, ચલાવો જોઈએ." પરસર પાછો બોલીઓ "અને તમે લોકો સેતાન, દઈત એવી ચીજો માનના નથી; વારૂં તારે જારે આ આવાજો આપણા વાહાણ માહેથી નથી નીકલતા એનો ચોકસ થયુંછે, અને એમાં સેતાનનું પણ કાંમ નથી, તારે એ ઊપરથી માલમ પડેછે કે કોઈ બીજા વાહાણ ઊપરથી આવવા જોઇએ. એ ઊપરથી લેફટેનંટ બોલી ઊઠીઓ "પણ એ કેમ બને, તમે એ સમજાવો" પરસરે જવાબ દીધો "તે એ રીતેછે. આવાજનો પરતીસબદ થાએછે, એટલે જો આપણે એક ટેકરી આગલ મોટે આવાજે બોલીએતો થોડો વાર રહીને તેવોજ પાછો આવાજ સંભલાશે." કાપટન બોલીઓ "પણ આપણા વાહાણથી ૧૦૦ માઇલના ઘેરાવા ઊપર કોઈ પણ ટેકરી આવતી નથી." પરસર બોલીઓ "એ ખરી વાતછે પણ આપણા માથાં ઊપર વાદલાંછે અને એ વાદલાં કોઈ દુરના વાહાણ ઊપરનો આવાજ પાછો મારેછે તે આપણને સંભલાએછે." કાપટન બોલીઓ "વાહા; ઘણા ભણેલા દેખું. કારણ ઠીક શોધી કાહાડીયુંછે."

વાહાણ ઊપરના કોઈને પણ એ સમજ મનપતીજ આવી નહી, અને ખલાસી લોકો વાત કરવા લાગા કે કાંઈ પણ ખરાબી થવાનો વખત આવીઓછે. તેવો એકઆવાજે બોલીઆ કે "પરસરની આવી બેવકુફી વાત તેવોએ કોઈ દીને પણ સાંભલી ન હતી. એની સાથે ઘાંટ વાગાનો શું સંબંધછે? બેહેતર કે એ પોતાના કાંમ ઊપરજ ધેઆન આપે અને સારો તંબાકુ અને દારૂ આપણને આપે" એ પછી તરેહવાર અગમચેતી કરવા લાગા.

થોડાવારમાં આવાજ બંધ થએઓ અને તેવો સઘલા પોતાને કાંમે વલગીઆ અને ઘાંટ તેને જગે પાછો ટાંગીઓ.

પણ આખરે પરસરની વાત ખરી પડી. બીજે દીવસે એક વાહાણ નજરે પડીઊં. તાંહાંથી સમાચાર મંગાવતાં માલમ પડીઊં કે આગલે દાહાડે તે વાહાણ ઊપર ખલાસીઓએ તેહેવાર કીધો હતો અને નાચવા, કુદવા સાથે ઘાંટ ઘણા જોરથી વજાડીઓહતો.

જોકે હવે કાંઈ પણ જાતનો શક રહેઓ નહી તોપણ કેટલાએક ખલાસીઓ એવી વાત માંની નહી અને તેવોમાં એવોજ વેહેમ રહી ગએઓ કે ઘાંટ વજાડવામાં કાંઈ સેતાનનું કાંમ હતું.

---

## એક સંતોશી ખેડુત.

પરૂશીઆનો ફરેડરીક બાદશાહ એક વખતે પોતાના ઘોડા ઊપર અસવાર થઈ ફરવા નીકલીઓ હતો. વાટમાં એક બુઘા ખેડુતને ખુશી ભરેલી રીતે ગીત ગાતાં ગાતાં પોતાનું કાંમ કરતો દીઠે.

બાદશાહે પુછીઊં "બુઘા તું સારી હાલતમાં હશે એવું હું વીચારૂંછ. આ ખેતર જે તું ઘણીજ મેહનત લેઇ ખેડેછે તે તારૂં પોતાનુંછે?"

પેલો ખેહુત જે બાદશાહને ઓલખતો નહી હ તો તે બોલીઓ "નહી શાહેબ હું એટલો બધો તવંગ ર નથી પણ મુસારેદાર મજુરછું."

બાદશાહે પુછીઊં "તમુને દરરોજ કેટલું મલેછે." પેલો ખેહુત બોલીઓ "શાહેબ આઠ ગરોશેન" (જે આસરે આઠ આના ગણાએછે.)

બાદશાહ બોલીઓ "એ કાંઈ ઘણા નહી થએ આ. એ ઊપર શું તમારો ગુજારો થઈ શકેછે!" પેલો ખેહુત બોલીઓ "શું ગુજારો થઈ શકેછ પુછોછ!— અને વલી કાંઇ બાકી પણ રેહેછે."

બાદશાહ—તે કેમ બને?

ખેહુત—હસતો હસતો બોલીઓ કે બે ગરોશે ન મારે અને મારી બાએડીને વાસતે; બીજા બેથી હું મારૂ અસલી કરજ અદા કરૂંછું; બે ઊછીકા આપુ છું; અને બે ખોદાનાં નાંમ ઊપર આપુછું.

બાદશાહ—આતો કાંઇ ભેદછે જે હું સમજી શ કતો નથી.

ખેહુત—તારે હું તમને સમજાઊં. બે ગરોશે ન, હમો મારી બઇએર વચે બસ થાયછે. મારાં બુઘાં માં બાપછે જેઓએ મહને નાતવાંનીમાં પાલી પોશી મોટો કીધો તેવો આજ નાતવાંન થઈ પડેલાં છે તે વખતે મેં તેઓને મારી સાથે રાખીઆંછે. એ મારાં કરજને પેટે બે ગરોશેન તેઓની ઊપર ખર ચ કરૂછું. જે બે ગરોશેન હું ઊછીકા આપુંછુ તે મારાં છોકરાંઓને ધરમની કેલવણી આપવામાં ખર ચુછું જેથી જારે હમો અશકત થઈ પડીએ તારે તેવો હમારી દાદ લેએ. બાકી બે ગરોશેન રહેઆ તેમાં હું મારી બે બેહનને પાલુછું; જેઓને પાલવાને હું કાંઈ બંધાએલો નથી તેથી એ બે ગરોશેન ગેઆ ખોદાનાં નાંમ ઊપર ખેરાત• કીધેલા કેહવાએ.

પેલો બાદશાહ આ જવાબથી ઘણોજ મગન થઈ ગઓ અને બોલીઓ કે "બુઘા માણસ ઘણીજ બાહાદુરીથી બોલીઓ—શાબાશ." હવે હું કાંઇ ભેદ કેહેઊં તે તું અટકલી લે, તેં મને આગલ કોઇ દાહાડે જોયોછે"?

ખેહુત—કોઈ દાહાડે નહી.

બાદશાહ—તારે પાંચ મીનીટની અંદર તું મ ને પચાસ વખત જોશે અને મારી પચાસ સબીઓ તારાં ગજવામાં લેઇ જશે.

ખેહુત—વલી આ ભેદતો હું નહી શમજીયો!

બાદશાહ બોલીઓ તારે હું તને સમજાઊં. પો તાનાં ગજવાંમાં હાથ નાખી પચાસ નવા કોરા સીકા જેની ઊપર તેની બાદશાઈ સબી હતી તે કાહાડીઆ અને પેલા અચરતીમાં પડેલા ખેહુતનાં હાથમાં ગણી બોલીઓ; "સીકા ખરાછે, કાએકે તે આપણા ખોદાની તરફથી આવેઆછે અને મને તેનો આપનાર દેડવી આછે" એટલું બોલી સલાંમ કરી પોતાનો રસતો લીધો.

---

## પરચુટણ.

દુરગંધ અથવા જેહરી પાંણી—એવું પાંણી પીધા થી ડાકટર હોજકીનનું મરણ નીપજીયું હતું તે ઉપરથી "મે ડીકલ ટાઈમસ" નો લખનાર કેહેછે કે હમે અચરત થઈએ છઈએ કે મુસાફરો પોતાની શાથે એક નાંધલી સીસીમાં "પરમાગનેટ આફ પોટાસ" ને પીગલાવીને સું કાંમ નથી રાખતા, કેમકે એના થોડાંજ ટીપાં ખરાબ અને જેહરી પાં ણીમાં નાંખીઆં હોયતો તરત તેને સાફ કરી નાખેછે એ વું લોકો સારી પેઠે જાંણેછે.

---

"ખરૂ તોલ અને રોકડ જોખ"—ઈંગલંડમાં એક કંપની નીકલીછે જેની મતલબ "ખરૂં તોલ અને રોકડ જો ખ" નીછે. જે શખસ એ કંપનીનો ભાગીદાર થવા માંગ તો હોય તેણે વરસ દાહાડે પાંચ રૂપીઆ ભરેઆ જવું, જે નાં બદલામાં તેને કેટલીએક દુકાંનોનું "લીસટ" મોકલીઆ માં આવશે, જાંહાંથી રોકડ નાંણે પેલો ભાગીદાર પોતાને જો ઇતી ચીજો અને માલ વાપરવાસને સારૂ ખરીદ કરે અને તે માલ બજાર ભાવ કરતાં તેને સાતથી તે પચીસટકા ઓ છે ભાવે મલે. દુકાંનદારો એ કાંમ ઘણી ખુશીથી માંથે લે એછે કેમકે એથી તેઓની ઘરાકી વધેછે એટલુંજ નહી પ ણ રોકડ નાંણું તેઓનાં હાથમાં આવેછે અને જલદીથી ફ રતું કરી શકેછે.

---

જેમ સુરીય, કોણને ગરમી આપવી અને કોણની ઉપર પરકાશવું તેમાં જરાએ તફાવત રાખતો નથી; પણ પો તાની હસતીનાં કાએદા પરમાંણે તે સરવે વખતે અને સર વે ચીજને ગરમી આપતો અને પરકાશતો ચાલીઓ જાએ છે; તેમજ ઈનશાને તે શાહેબનાં કાએદાઓને માંન આપી પોતાનાં બાઈબંધુઓ સાથે જરાએ પણ તફાવત રાખીઆ વગેરે મમતા અને હેતથી એક મેક તરફની ફરજો અદા ક રીઆ જવું સજાવરછે.

---

અમેરીકાના સતાવાલાઓએ અનમાએશ ઉપરથી એવી ગણતરી જાહેર કીધીછે કે બે ઈંચ જાડાઈનાં બરફ ઉ પરથી પેદલ લશકર ચાલી શકે; ચાર ઈંચ જાડાઈનાં બરફ ઉપરથી ઘોડસવાર લશકર હલકી તોપ શાથે ચાલી શકે; છ ઈંચનાં ઉપરથી લશકરી મોટી તોપ ચાલી શકે; અને આ

૭ ઈંચ જાડાઈનાં ઉપરથી મોટામાં મોટી તોપો જાઈ શકે. પાંણી જુદા જુદા આકારમાં કેટલું બલ ધરાવેછે!

---

માંખ તથા મછર અને ડાંસને આપણે ધીકારીએ છઈએ પણ તેઓ પોતાની બચગીમાં આપણાં ઘરની આસ પાસની અને અંદરની કેટલીક નજીસાઈ દુર કરેછે, એટલુંજ નહી પણ નજીસ પાંણીમાંની ગલીચી વટીક દુર કરેછે અને મરકી અને તાવનો ઘણુંએક દરજે અટકાવ કરેછે. ઈશવરની નજીવામાં નજીવી પેદાએસની ખુબી કાંઈ ઓછી નથી.

---

બે વકીલો ચુકીઆ—એક મોટાં જાહેર કાંમનાં કાએદાઓનું ખત બે પરખીઆત વકીલોને સોફવામાં આવીઉં હતું, તે તઈઆર કરી બાહાલ રાખી બરાબર તપાસીને બાહેર પાડવામાં આવીઉં હતું, તેનાં એક ભાગમાં આ પરમાણે એક કલમ આવીછે. "અને ઉપર કહેલા ધણીઓએ દર વરસે જુન મહીનાંનાં પેહલા મંગલવારે મલવું; પણ એવી સરતથી કે તે દાહાડો આઈતવારે નહી પડે." !!!

---

## રમુજે ફુરસત.

૧ લું. જનમી જનાંવરમાંથી કરૂં તમારૂં કામ,
દુરગંધો વાસ કાહડું, પણ આપોછ ઉતમ નાંમ.
ભાગાં તુટાં જેડું હું અગનીમાં તવાઈ,
સુંગતાં નથી મને જો બનુંછું મલાઈ.


૨ જું. બાઈઓ તમારા જેવી હું પણ એક નારીછું, સુંદર, પતલી ને ચલકતી. બાદશાહ, અમીર, ઉમરાવો તથા લડાએક મરદો મને પોતાની બાજુએ માંનથી બેસાડેછે. તમને મારૂં કાંઈજ કાંમ પડતું નથી તેથી કદાચ તમો અદેખાઈથી મારી પતલી કમર મરડીને મારા બે તુકડા કરી નાંખો તોબી હું કાંઈ નીરઉપઓગી થઈ પડનાર નથી. મારો પેહલો તુકડો તમને મછવા તરીકે પાંણી ઉપર ફરવાનું હથીઆર થઈ કામ આવશે અને મારો બીજો તુકડો કપડીઆનું હાત ધરીઉ હથીઆર થશે જે વીનાં તેને જરા ચાલશે નહી. માટે એવી ઉપઓગી નારી કોણછું તે કેહો.

૩ જું. હાલ વરોદરાનાં રાજાને તેહાં મલની મોટી સંખીયા રેહેછે તે સંખીઆ વધીને કેટલી થાયતો મલનું ટોલુંજ રાજાને જેહરી થઈ પડે?

---

### ખોલાસો ગઈ વેલાનો.

૧ લું. સોપ.
૨ જું. લુખ.
૩ જું. મારવાડી.



૪ થું. હાવી રીતે ચાર લીતી દોરી આથી છવતા અને રોડતા કુતરાઓનો આકાર બનસે.

---

## એક પગવાળા ગોળ મેજ વિશે.

### મનહર છંદ.

એકટંગીઆ[1] તણી ઓલાદમાંથી ઉપજેલો,
અને વળી આજ જાતે હુંછું એકટંગીઓ.
સારો કે નકારો જેવો ધારો તેવો મારે શિર,
ભાર ઉપાડુંછું પણ જાતે નથી ભંગીઓ.
સારા સરદાર વચે બેસવાનો અધિકાર,
કહો પછી કોણ મને કહેશે કુટંગીઓ.
કહો દલપતરામ મીંડા વિના મારૂં નામ,
મેંજ[2] કહું તે તમે તપાસો મારા સંગીઓ. ૧.

---

### પરભાત, અથવા અંગરેજી રાજ વિશે.

ઘોર, ચોર, ઘુવડતો ઘરમાં ઘલાઈ રહ્યા,
ઘાતક તે ઘાત ભુલ્યા, ભુલ્યા રીત રાતની.
ધનહીન, ધનવાન, ધીમે ધીમે ધંધે ધાયા,
ધૈર્ય ધરી ધાક તજી કપટી કજાતની.
કમળ સમાન મુખકમળ અમળ ફુલ્યાં,
સમળ ચિકળ તો અબુધ[3] બુધતાતની[4]
ભાનુશો[5] ભભકદાર ભાળો અંગરેજ ભૂપ,
ભાળો ભલી ભૂમિ મધ્ય શોભા ભાત ભાતની. ૨.

---

### ખુરશી વિશે.

નેતર[6] વાળી છે પણ એ કદી અનાજમાંથી,
કાંકરા ન કાટે, કે ન કાઠ માઠ કામની.
પગ સાજા સારા પણ પતિને ન પાણી પાય,
ભુજા છતાં ભોજન નલુંજી આપે ભામની.
પ્રજા તો પ્રસવે નહી જેથી વંશ વૃદ્ધિ થાય,
નાજુક દેખાય, ને લેખાય નારી નામની.
નાણું નાંખી, એવી લાવી રાખી દલપતરામ,
કેવળ કજાત[7] ઘર શોભવાના કામની. ૩.

---

### મનહર છંદનું માપ.

એનાં ચાર ચરણ હોયછે. તે દરએક ચરણમાં એકત્રિશ અક્ષરો હોયછે. તેમાં સોળ અક્ષરે જરા સાસ ખાવો પડેછે. દરએક ચરણને છેડે ગુરૂ અક્ષર હોય. અને જો બત્રીશ અક્ષરોનું દરએક ચરણ હોય, તો ચરણને છેડે લઘુ અક્ષર હોયછે. પેહેલા અક્ષર ઉપર ઉતર તાળ આવેછે. પછી ત્રણ ત્રણ અક્ષર મુકીને ચોથા ચોથા અક્ષર ઉપર તાળ આવેછે. બોલતાં જે અક્ષર ઉપર ભાર મુકવો પડે, અથવા તાળી પડે તે અક્ષર ઉપર તાળ કેહેવાયછે. તાળ વિના બરાબર છંદ બોલી શકાય નહી.

---

૧ ઝાડની. ૨ જવાબ ઊપલા મીંડા વિના એમાંજછે. ૩ મૂર્ખ. ૪ ચંદ્ર. ૫ સૂર્ય જેવો. ૬ આવો વાળી, અથવા જુરથી નેતરે ભરેલી. ૭ કિમતી ચીજોમાં લાકડાંની જાત હલકીછે, કેમકે તેનો પાટ ભાંગી જયા પછી સારી કિમત ઊપજતી નથી.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૦ મું. આગસ્ટ ૧૮૬૬ આંક ૮ મો.

## કરણી તેવી પાર ઉતરણી,

અથવા

## બદી—રેહ છુપી કદી?

—

કેકાઉસ.... ખોરાસાન શેહેરનો શાહ.
ફીરોજ.... કેકાઉસનો ભતરીજો અને મરનાર શાહ ફરામરોજનો બેટો
પાહાલન .. કેકાઉસનો વજીર
નોદર .... પાલનનો છોકરો.
ગુલબાનુ .. ખોરાસાનની રાણી અને ફીરોજની મા
મેહેરબાનુ.. પાહાલનની છોકરી
તુસ ...... એક અમલદાર.
હોશંગ .... ફીરોજનો દોસત.
સીપાઈઓ, સરદારો, ચાકરો, ઈતીઆદી.

તથા એક ભુત (ખોરાસાન શેહેરનાં મરણ પામેલા શાહ ફરામરોજનો દેખાવ)

—

પરકરણ ૭ મું.

### ફીરોજ તથા ગુલબાનુ.

ગુલબાનુ—ફીરોજ, તારી જબાં વેહતી કરી નીરદય પણે તારી માના દીલને જખમી કરવા ચલાવેછે તે તું ઠીક નથી કરતો; એ કેહવું ઘાટકી કાંમ!

ફીરોજ—જે કાંમ નેકી અને નમરતાને નામોશી લગાડે—જે કાંમ નેકાનાં નેક વચનોનો એકદમ ઘાત કરે—જે કાંમ ધરમનાં પાક કાનુનોને કતલ કરે, તેજ કાંમ આ બુહી જબાંને તેજી કરે, બદીને કાપવાની કોશેસ કરે. પણ જરા આ જુઓ, આ નાની તસવીરો ઉપર નેધા કરો, જુઓ આ બે ભાઈઓ વચે કેટલો આસમાન જમીનનો ફરક!

એની આખનાં ચમકાટ આગળ, આફતાબ દીસે ઝાંખો,
એનાં મોહના મીનારૂ ઉપર, માહતાબ વલે વાંકો.
એનાં ભવા ઉપર બેમે, ભલાઈ સાથ ભક્તી,
એની હથેલીમાં હસ્તી, દીસે શાહોની શક્તી.
હા! હા! કુદરતની બખશેસનો વધારે મોટો દાવો,
કોણ માનવી જાત ગણે? મારી આગલ તેને લાવો.
હાતમ જેવું હીમતવાન, હતું તેનું મન,
પીલતન જેવું કદાવર, હતું તેનું તન,
રૂસતમ જેવું અજીત, હતુ તેનુ બળ,
ફરેસતા જેવી ખુબસુરતી, ને નેકી નીરમળ.
એવો હતો મારો બાપ,—ભલો તમારો ભરતાર,
જે કમોહતનાં મરણથી, થઈ ગયોછે હાર.

હવે બીજુ ચીતર જુઓ, જુઓ એનો ચેહરો,
—કુડો, કુજરો અને કરૂર, કેહવો ઘંભીર ઘેહરો!
એબીઅસ જેની સીકલ, ધીખકારી જેની મલુક,
બચું પણ પીછાણી, કદી કરે ન ચુક.
પણ ચુક કેહવી અચરત, જેવી કીધી પોતે તમે,
હેવાન રૂપી મરદ સંગ, રેહવું તમને ગમે?
ભોળાને જેના ભોળંગવા, કરવો જોઇએ દર,
સંગાત તેની પરણી, કીધો તેને વર!!
અરે હઈડું તમારા અંગમા, હશે કેવુ તંગ!
વફા વીના વલી, તે બનીકે હશે સંગ.

ગુલબાનુ—બસ, ફીરોજ બસ; વધારે ના બોલ; મારી આંખો મારાં અંતકરણની અંદર પેસી ગઈછે, અને તેહાં કેહવાં કાલાં ધાબાં પડેઆછે તે મને દેખાડેછે; માટે બસ કર.

ફીરોજ—નહી, પણ પાપી પુરૂશ સંગ રહી તેની સાથ એશ આરામ ભોગવો એવી દુરાચરણ તમો કેહાં શુધી ચલાવશો?

ગુલબાનુ—અરે બસ, આ દીલ મધે ખંજરના ઘાહ વેહછે, માટે બસ પેઆરા ફીરોજ.

ફીરોજ—પણ જુઓ, જરા સાંભલો, બજાર મધે ખીસાં કાતરૂઓ, હરાંમખોરી કરી અસાવધ લોકોના ખીસાં કાતરી તે મધેનો માલ લઈ નાશી જાએછે તો સતાવાલાઓ તરફથી તેની ભારે ખોળ થાયછે, અને શેવટે તેને સપડાવી સીખશાએ પોહોચાડેછે. હવે જુઓ, જે ખીશાં કાતરૂએ મારા બાપને જીંદગીથી કાપી નાખેઓ, તેનું તાજ તખત લઈ બેઠો, તેને પુછનાર કોઇ નથી! ઓ ઈશવર, તા

રી અદાલતમાં એકે પગે ઉભો રાખી તે ધોરે દીવસના ચોરનો અને ખુનીનો ઈનસાફ કરશે એમાંતો કાંઈજ શક નહી.

ગુલબાનુ—બસ ફીરોજ હવે ઘણું થયું.

(એવામાં ભુત આવેછે)

ફીરોજ—કેમ વલી પવીતર આકાર, ગેબી ફીરેસતા, વલી તારૂં આવવું કેમ થયું ? અરે હા, હું ધારૂછ તારા સુસતીવાળા પુતરને ધમકાવા આવેઓ હશે, જે હજુર તારો હુકમ બજાવવાને પછાત પડી રહેઓછે.

ગુલબાનુ—(મનમાં) અફસોસ ! એતો છેકજ ગયો; એના મગજની આગરી ખીસવાની બાકી શું રહીછ ! અમતરેતો બીજું કોઈજ નથી અને પેલા ખુણામાં એ કોણની સાથ વાત કરવા જાએછ !

ભુત—(ફીરોજને) આ વેળા હું તને ચેતવણી આપવા આવેઓછું; મને ધાસતી હતી કે રખેને તારી ઉલટ ઠંડી થઈ જાય, અને તારૂં વેહતું હઈડું બુઠું થઈ મારો હુકમ બજાવેઆ વીના બેશી રેહ. પણ જો ! તારી માને દુખ લાગવા જોગ વધારે બોલતો ના; તેણીના દીલ પછવાડે ફીકર અને પસતાવો શેકાર કરવા લાગેલાછે, માટે હવે જા તેણીને બંચાવી દીલાશો આપ.

ફીરોજ—કેમ મા હવે તમારી કેહવી ખબર ?

ગુલબાનુ—અરે તુંજ કેહની તારી કેહવી ખબર ! તેં કેહવા ટંગ માંડીઆછે—પેલા ખુણામાં તારી નજર તાંકી તું કોણની સાથે વાત કરતો હતો ? ખાલી હવા સાથ ? ભીત સાથ ? અરે અફસોસ ! નાહેક ગમ અને ધુસામા તારૂં કુમળું મગજ ઘેલું કરી શા માટે નાખેછ ! ધીરજથી તારૂં ધેઆન ઠેકાણે રાખી તારૂં હઈડું થંડું કર. અરે હજુર પેલી તરફ કોણને તીકેછ !

ફીરોજ—પેલા તરફ ! જુઓ પેલા તરફ ! જુઓ કે હવો ફીકા ચેહરાથી તે ઘુરેછે ! પથરને પણ જો એનીકાહણી ખબર હોએતો તેઓમાંબી ગરમી આવે અને ગુપત જબાએ એના વાજબી કારણસર વાહેજ કરે.

ગુલબાનુ—પણ તું કોણને વીશે કેહેછે, તું કોણ સાથ વાત કરેછે તે મને સમજ પડતું નથી.

ફીરોજ—તમને પેલો ઉભેલો નથી દેખાતો ? જુઓ તે હવે ચાલતો થયો ! મારો બાપ પોતાના બાદશાહી લેબાસમા તમે નહી જોયો ?

ગુલબાનુ—કંઇ, કંઈજ નહી, એતો તારાં ખાલી મગજનાં ખેઆલ, તારા મનનાં ભમતા વીચાર, બીજું કંઈ જ નહી—મરેલા માંણસને એવા દેખાવ ઘણાં દેખાય.

ફીરોજ—મરેલું માંણસ હું ! મરેલાં માંણસની નાર પાધરી હોય કે ? જુઓ મારી નાર; તમારી પોતાની નારની માફક કેહવી મધીઅમ અને બરોબર વખતસર ઠોકા આપેછે, અને તનની અને મનની તનદરોસતી સાબેત કરેછે. તોબી શું તમો મને પેલાં માંણસમાં ખપાવવા માગોછ અને એમ બોલી હથેલીમાં ચાંદ બતાવવા જાઓછો તે હું કેમ કબુલ કરૂં. હવે બનીઉં તે બનીઉં, હું કાંઈ તમો પાથ વધારે માંગતો નથી, પણ એટલુંજ ઇછુંછ કે ખરાં દીલથી જે માંડી બીના બનીછે તે વીશે પસતાવો કરો, દીલોજાનથી ઈશવર પાસે માંફી માંગો, અને મારા કાકા ફોડા કાકાની સંગત ધીકારો. શેવટ મારા મરનાર બાપની યાદદાસ ખાતર મને પુતર તરીકે તમો ચાહશોતો હું પણ મારી માતા સંબંધી ફરજ સાચવી તમો પાશ આશીરવાદ માંગશ.

ગુલબાનુ—અરે દીલ મધે પસતાઉ શું ? તારા બોલોના ચીખા દાંતાએ મારા દીલને વેહડીને તેના બે ફાડયાં કીધાંછે.

ફીરોજ—તો ઘણું સારૂં, બેમાંથી બુરા ફરેબવાલું ફાડચું ફેંકી દેઓ અને બાકીનું તમારૂં પોતીકું કરી નેકીમા રહો, એટલે વધારે શું જોઈયે ? વારૂં હવે હું તમારી રજા લેઉછું.

ગુલબાનુ—અરે સબુર, હું તને એક અગતની બાબદ વીશે જણાવતી ભુલી ગઈ—તને એક બે દીવસમાં અરબસથાન તરફ મોકલવાનો ઠેરાવ થયોછે, માટે તને તઈઆરી કરી રાખવી જોઈએ—અફસોસ મારી આખ આગલથી તને વીહલો મુકવાને મને ભારે દલગીરી અને દગદગો લાગેછે.

ફીરોજ—હા, મેંતો આગમજથીજ ધારી રાખીઉં હતું કે એ પરમાંણે બનવાનુંજ; પણ ખોદાનુ ચાહવું હશેતો ચંદરોજમાં પાછો આવી લાગશ. (જતા રેહેછે.)

---

## પરકરણ ૮ મું.

ફીરોજે અનજાંણપણે ધુસામાં પાહલનને મારી નાંખીઓ તેથી તે પોતે પોતાના મનમાં ભારે પસતાતો હતો, કારણ તેની મતલબ શાહ કેકાઉસને જબે કરવાની હતી; પણ મારેલો ફટકો કાંઈ પાછો લેવાઈ શકાતો નથી એમ સમજીને તે પાહલનની લાસને ગુપચુપ કયે ડફનાવી આવીઓ.

પાહલનનાં મરણની ખબર શાહ કેકાઉસને પડેઆથી તે ભારે ખેદ પાંમીઓ અને એ બાહને ફીરોજને ફાંસી દઈ ફના કરવાનો વીચાર કીધો, પણ સઘલી પરજા ફીરોજને તેનાં મરનાર બાપની ઈઆદગારી માટે ભારે ચાહતી હતી, એટલુંજ નહી પણ ફીરોજનાં સઘવા વાક છતાં ગુલબાનુ તેને માના ખરા હેતથી ચાહતી હતી એવું જોઈ કેકાઉસે પોતાનો વીચાર ફેરવીઓ અને આ તક લઈ અરબસથાન મધે મોકલી દેવાનો નીસચય.ઠેરાવ કીધો.

હવે પાહલનની લાસને લશકરી માન અને દબદબાથી ડફનાવવાને માંટે શાહ કેકાઉસે હુકમ કીધો, અને બે સરદારોને શાહ ફીરોજની આગલ મોકલેઆ. ફીરોજે તેઓને કાંઈ દાદ આપી નહી અને પાહલનની લાસ કેહાં રાખી હતી તે જણાવી પણ નહી તેથી તે અમલદારો નીશફલ થઈ પાછા ગયા. આ ઉપરથી શાહ કેકાઉશ ભારે ધુસે થયો અને ફીરોજને પોતાની આગલ લઈ આવવાનો હુકમ કીધો. (ફીરોજ આવી પુગેછે.)

બાદશાહ—(ધુસામાં) કેમ ફીરોજ પાહલન કેહાંછે !

ફીરોજ—સાહેબ, નાસતા ઉપર.

બાદશાહ—શું નાસતા ઉપર ? નાસતો શાનો ?

ફીરોજ—તે નાસતો લેતા નથી, પણ તેનો નાસતો થાયછે—આજે જમીન મધેનાં જીનાં જીવડાઓની જીઆફતછે.

બાદશાહ—કેહવું ઘેલું બોલવું !

ફીરોજ—હા, સાહેબ, હું કહુંછ તેમાં ફેર નહી. ખાઇ પીઈને ખુલીઆ બનો, અને અંતે કીડાઓનું પેટ ભરો, એજ માંણસની મોટાઈનું શેવટછે. દુંબા જેવા શાહ અને દુબલા જેવા ફકીર વચે ફરક એટલોજ કે પેહલાથી પેલા જીણાં, સુંગાં મેજબાનોને બે ઘડી ખાનાં ઉપર બે વાણી વધતી મલેછે, બીજું કાંઈજ નહી. અને——

બાદશાહ—અફશોસ ! અફશોસ !

ફીરોજ—અને વલી એમ બને કે નહી, કે જે કીડા અથવા અડાસીઆંએ એક બાદશાહને ખાધો હોય તે જ અડાશીઆંને ગલમાં ભોકી તેથી કોઈ માંણુસ માછલી પકડે અને પછી તે માંછલીને ખાય ?

બાદશાહ—તું શું બકેછ ? હું કાંઈ સમજતો નહી.

ફીરોજ—એક બાદશાહ એક ફકીરનાં પેટમાંથી કેમ પસાર થાયછે તે તમને જણાઉંછ ?

બાદશાહ—હવે પાધરૂં બોલ, પાહુલન કેહાંછે ?

ફીરોજ—સાહેબ બેહસતમા; ગમેતો કોઈને જોવા મોકલો. અગર તેહાં તમારા જાસુસને તે નહી મલેતો, તમો પોતે પાધરા તેથી ઉલટાં મકાનમાં જઈને શોધી લેજો, તેહાં તમને બેશક તે મલવાનો.

બાદશાહ—ફીરોજ તારાં કરતુક હવે વધારેવાર તારી સલાંમતી અતરે જાલવી શકનાર નથી, માટે તારૂં ભલું ચાહીને હું અતરેથી તને જેમ બને તેમ જલદી અરબસતાન મોકલવાની ભલામણ કરૂંછ, વાસતે જલદી કર, વાહાંણ થોભી રહેલુંછે, તારો સરસામણ તઇઆર કરાવ. વલી તને હું કાંઈ એખલો મોકલતો નથી, તારી સાથ આપણી દરબારના બે અમલદારો બીજન તથા બેહરાંમને પણ ભેગા મોકલુંછ, એટલે તને કસી રીતની અડચણ પડનાર નથી.

ફીરોજ—અરબસથાનમાં ? હા, જેમ તમારી મરજી, હું તઇઆરછું.

બાદશાહ—ફીરોજ, ખાતરીથી જાંણજે કે તારૂં ભલું ચાહીનેજ મેં આ રસતો શોધી કાહાડેઓછે.

ફીરોજ—હા, સાહેબ, તેતો હું અસલથીજ જાંણુંછ કે તમો મારા પીતાનું અને મારૂં પોતાનું ભલું ઇછતા તથા કરતા આવેલાછો. વારૂં સાહેબ છેલી સલાંમ.

(જતો રેહછે.)

બાદશાહ—આ પોરીઆને કીધા વીના, જાનથી બોહાર,
ચેન મને કદી પણ, પડે નહી પલવાર.
કાંમ મારૂં એટલું તુ, કર અરબસથાન !
એ બાહદુર અરબોનાં, પુરાતમ મકાન !
રેહજે સદા તારો, આ દેશ પર ઉપકાર !
સેહજ વાપરે તું, તેજી તારી તલવાર !
જંગલી તારાં ખચામાં, જનુન રેહછે ભારી !
માટે દાદ એટલી, લગાડજે તુ મારી !
આ દીલ મધેના, દરદની દવા તેઆરે મલે,
મોટાઇ મારાં રાજની, તેઆરેજ મને ફલે.

જુઓ નેક વાંચનાર, આ પરમાણે પેલો નીરદય કાકો પોતાના નીરપરાધી ભતરીજાનો જાન બેજાન કરવાની વેતરણ કરેછે. ફીરોજની સાથ બીજન તથા બેહરાંમને પણ વાંહાંણ ઉપર મહડાવેઆ હતા. આ બે અમલદારોનાં હાતમાં બાદશાહે એક છુપું મોહોરબંધ કાગજ આપીઉં હતું, જે વાંહાંણમાંથી ઉતરતાંનેવાર અરબસથાનનાં બાદશાહને આપવા કહેઉં હતું. આ કાગજ મધે ફીરોજને તતકાલ ગરદન મારવા વીશે લખેલું હતું, પણ જુઓ નાવારસ અથવા નીરપરાધીનો વાલી અને બંચાવનાર તે સદા માયાલુ કીરતાર કેહવો થાયછે તેનો અજબ જેવો દાખલો જુઓ.

ફીરોજ જાતે ઘણો ચાલાક હતો તેમજ તે વેહેમી પણ હતો. એક દીને વાહાંણું મધે એનાં સાથીઓની પાસ મોહોરબંધ બીડેલું કાગજ છુપાવેલું દીઠું, જે જોઈ તેના મનમાં તરેહવાર વીચારો આવેઆ. અંતે મધરાતે તેના સાથીઓ ભર ઉંઘમા પડીઆ હતા તેવામાં પેલું છુપાવેલું કાગજ કાહાડીને વાંચીઉં; પણ હા ! તેનાં કુમલાં હઇડાંમાં તે કાગજ મધે લખેલા કાવતરાંથી અંચીતો કેહવો ઝટકો લાગો હશે ! વધારે લાંબો વખત કાહાડીઆની આગમજ તેણે હીકમતથી કાગજ મધે લખેલું પોતાનું નામ બેમાલુમ કાહાડી નાંખીઉં અને તેની જગોએ પેલા બે સાથીઓનાં નામ લખી દીધાં, અને પછી કાગજ જેમનુ તેમ બીડીને તથા મોહોર કરીને ઠેકાણાસર પાછું મુકી દીધું. બીજે દીને સવાર પડતા થોડાએક દરીઆઇ લુટારાઓએ પેલા વાંહાણ ઉપર હુમલો કીધો જેથી એક દરીઆઇ લડાઇ સરૂ થઈ. આ સંકટની વેલાએ ફીરોજ બાધુરી બતાવવાને હાતમાં નાગી તલવાર લઈ ચાંચીઆઓને જખે કરવાની મટલબથી તેઓના વાંહાંણ ઉપર ચહડી ગયો. એવે પરસંગે ફીરોજનાં વાંહાંણ મધેનાં સરવે જણ હીચકારાપણાથી ચાંચીઆઓને તાબે થઈ બેસી રહેઆ અને બાહાધુર ફીરોજને દુશમનોના હાતમાંથી છોડવવાને કાઈ પણ કોશેસ કીધી નહી. શેવટે ચાંચીઆઓએ પેલાં વાંહાંણને લુટીને જવા દીધું જે મધે ફીરોજનાં સાથીઓ બીજન તથા બેહેરાંમ અરબસથાન તરફ હંકરાઈ ગયા અને ફીરોજતો ચાંચીઆઓનાં વાંહાંણમાં બંદવા તરીકે પકડાઈ રહેઓ. ચાંચીઆઓએ શેવટ ફીરોજ ઉપર રેહેમ કીધી, તેઓ સમજીઆ કે એ શાહજાદોછે તેથી કોઈ દીને પણ તેઓનો ઉપકાર માનશે, માટે તેને સહી સલાંમત એક કીનારા ઉપર ઉતારી મુકીઓ.

ફીરોજે કીનારે ઉતરતાંને વાર પોતાનાં જાની દોસત હોશંગ ઉપર તાકીદથી એક કાગજ લખીઉં જે મધે પોતાની સફરની હકીકતનું બેઆન ટુકમાં જણાવી પોતાની પાસ જલદીથી આવી મલવાને વીનંતી કીધી હતી એ શીવાએ ફીરોજે પોતાનાં કાકા શાહ કેકાઉસ ઉપર એક જુદું કાગજ નીચે પરમાંણે મોકલીઉં હતું :—"નેક, નામાંકીત અને શકતીવાન સાહેબ, તમારા રાજનાં દુરનાં કાંઠા ઉપર નાંગો અને નીરાશ આવી પડેલો છું. કાલ પરમ બનશે તો તમારા નેક દીદારનાં દરશણ કરવા હું આવી લાગશ, જેઆરે તમારી પાશ માફ માંગી મારી ઉપર કેહવી સંકટ પડી હતી તે વીશે તથા મારૂં એખલાનું અંચીતું પાછું આવવું કેમ બનીઉં તે વીશે તમારી આગલ બેઆન કરશ." આ કાગજ વાંચી ફીરોજનો કાકો ભારે ચમકીઓ, અને તેનાં પાપી હઇડાં મધે ફીકર અને કરોધે દોડી આવી નવેસરથી માળો કીધો. વલી મરનાર પાહુલનનો બેટો નોદ

૨ બાદશાહની આગલ ઉભેલો હતો તેને પણ આ કાગજ જોઈ ભારે અચંબો લાગો.

નોદર—તમે આ અક્ષર ઓલખોછ ? હું નહી ધારતો કે એ ફીરોજના હોય.

બાદશાહ—નહી, નહી, અક્ષરતો આબેહુબ એના જછે, પણ એ પાછો કેમ આવે ? વલી "એખલો", "નાગો"—એ કેમ બને ? તરણે જણ વાંહાંણ ઉપર સાથે ચહડેઆ હતા તેમાંથી એ એખલો છુટો કેમ પડે અને પેલા બને જણ એને જવા કેમ દે, એ બીનાં ભારે નવાઈ જેવી લાગેછ. વલી કેહેવું મારૂં અભાગીઉં નશીબ કે જે શખસને અકર વકરે મેં તરીપાર કાહાડેઓ હતો અને મરાવી નાખવાની મસલત કીધી હતી તેજ શખસ થોડા દાહાડામાં મારી સાંમણે આવી ઉભો રેહ ! અને હું મારી કરણીમાં નીશફળ થાઉં ! એ કેહવો સંતાપ !

નોદર—સાહેબ, મનેબી કાંઈ સમજણ પડતી નથી, તોબી ફીકર નહી, એને આવવા દેઓ, મારા બાંપનાં ખુન વીશે મનેબી એની ઉપર એટલો કરોધછે કે હું કાંઈબી રીતે તેનું વેર લેવાને ચુકનાર નથી.

બાદશાહ—તું કેહેછ તે ખરૂં, પણ તે આવી લાગે તેની આગમજથી આપણને કાંઈ પણ તદબીર ગોઠવી રાખવી જોઈએ. હા, ઠીકછે મારાં મગજમાં એક હીકમત દેખાએછે જે તાલમેલથી કીધી હોયતો, એ પોરીઆનો કાંટો જ કાહાડી નાખીએ અને એનો આકો આંણી મુંકીએ અને વલી કોઈનાં સપનાંમાબી આવે નહી કે એ કામ આપણાથી બનીઉં હોય, અને વલી એની માનેબી જરા પણ શક આવે નહી

નોદર—તો ઠીક સાહેબ, એવી કાંઈ હીકમત તમને સુજતી હોય તો તે પુરેપુરી બજાવવાને મને તમારૂં હથીઆર બનાવો—જુઓ પછી હું ચાલાકછું કે બુડો તે સઘલું સેહેજમાં સાબેત થશે.

બાદશાહ—અરે હા ભાઈ, તારી ચાલાકી શું પુછવી ! ફીરોજ તારી ચાલાકી જોઈ મનમાં અદેખાઈના ખરતાંથી ભારે બરતો હતો. પણ જો નોદર, હું તેની શું તારીફ કરૂં—બે તરણ માસની વાત ઉપર જેઆરે તું લડાઈમાં ગયો હતો તેઆરે અતરે એક કવાએતદાર કાબુલી આવેઓ હતો. ઘોડા ઉપર બેસી, છરી, પટા, ઢાલ, તલવાર ઈતીઆદી લઈ તે એવીતો ચાલાકીથી કવાએત કરતો હતો કે જોનારાઓની આખોમા ચીતરી આવતી અને સરવે જણ તેની ચતુરાઈ ઉપર આફરીન કરતા.

નોદર—તેનું નામ જીહાંબખશ હતું વારૂં ?

બાદશાહ—હા, જીહાબખશ ખરૂં. તું કેહાંથી જાંણે !

નોદર—તે મને ખંદાહારમાં મલીઓ હતો. હમો બેઉ જણે એક બીજા સાથ કવાએત કીધી હતી, અને મારામાં કેટલુ પાણીછે તે તેણે પણ માપીઉંછે

બાદશાહ—(છાપરે ચહડાવવાની મટલબથી) હા ભાઈ, ખોદા શાહીદછે, તે તારે વાસતે ભારે વખાણ કરતો હતો—તે કેહતો હતો કે, તેના દીઠામા ઘણાબી મરદો આવે આઠ પણ નોદર જેહવો કવાએતમાં કાબેલ અને લડાઈમાં સુરો નર તેને મલીઓ નથી. વલી તે સોગણ લઈને કેહતો હતો કે શેંકડો સીપાઈઓની ખીચોખીચ હારમાંથી હાતમાં નાગી તલવારના પટા ખેલતો પસાર થતાં તને વાર નથી લાગતો. તારે વીશે એ પરમાણે કીધેલું બેઆન સાંભલી ફીરોજનાતો આંખના ભવાં અદેખાઈથી કાંટા જેવાં ઉભાં થયાં અને તે તારી સાથ કવાએતની બાથ લેવાને એક પગે તઈઆર થયો હતો. જો હવે તે પાછો આવનારછે માટે બેવડો કીનો તારેતો તેની ઉપર લેવો ઘટેછ—એકતો તારા પીઆરા પીતાના ખુનને વાસતે, અને બીજોતો તેની અદેખાઈને વાસતે. હવે બોલ તેઆરે, તે આવેતો તું શું કરે ?

નોદર—(ઘુસ્સામાં) કીનો લેવા કદી કાંઈ કરૂં નહી કસર,
દેવલ મધે દીસે તોખી છાંડું તેનું ઘર.

—•○•—

## ઓરતોની મીજલસ.

### ભાશાણ ૧૦ મું.

ગયા ભાશાણમાં માએ ધવાડતી વખતે શી માવજત રાખવી તે વીશે કહી સંભલાવીયું હતું.

આજ દીને પણ માએનાં દુધ વીશેજ થોડુંએક બોલવા ચાહુંછું. પેહેલાં—

માઅ કેથારે ધવાડીયા છતાં બીજો દુધનો ખોરાક આપવો.

૧. જો માએનું દુધ સારૂં હોવા છતાં પુરતું નહી હોયેતો બચાંને થાનનાં દુધ શીવાએ બીજો દુધનો ખોરાક આપવાની જરૂરછે.

જો માએનું દુધ પુરતું નહી હોયેતો, દાહાડામાં તેણીએ એક બે વખતજ ધવાડવું અને બાકીનો વખત બીજો ખોરાક આપવો.

બચાંને પુરતો ખોરાક નહી મલીયાથી તે દુખ પામેછે; તે થાનને ઘણું હોંશથી વલગેછે, પણ દુધ મલી શકતું નથી તેથી નાશીપાશ થાયેછે, તેના પેટમાં હોરમાયેછે અને લીલાં પેટ આવેછે; તે તવલી તવલીને નબલું થઈ જાયેછે. એ વખતે બેહેતર એછે કે થાન માંહેથી થોડું ધવાડવું અને બીજો દુધનો ખોરાક બનાવીને આપવો.

૨. જો માએ ઘણી નબલી હાલતમાં હોયેતો થાનનાં દુધ શીવાએ બીજો ખોરાક આપવો.

નબલી માએ બચાંને ધવાડીયાથી વધારે નબલી થતી જાયેછે. એ વખતે તેણીએ દાહાડામાં એક બે વખતજ ધવાડવું; અને જેમ પોતાની તંદરોસતીમાં સુધારો થતો જાયે તેમ વધારે વખત ધવાડતાં જવું. માએ તંદરોસતી સુધારવાને માટે હવા ફેરબદલ કરવી. એવી હાલતમાં કાડલીવર આઈલ પીવું ઘણું ફાયેદેમંદછે.

જારે વગર કારણે થાન માહેથી દુધ કમતી થઈ જાયેછે તારે

દુધ વધારવાનાં ઉપાયે

કરવાની ઘણી જરૂરછે. દરએક માએને પોતાનાં બચ્ચાં

ન પોતે ધવાડે એવી હોંશછે અને જારે દુધ કમતી થઈ જાયે છે તારે તે નાશીપાસ થાયેછે. પણ તદન નાશીપાસ થવાનું કાંઈ પણ કારણ નથી. દુધ વધારવાના ઘણા ઉપાયેછે.

૧. એરંડીનાં પાતરાં ઘણાં ફાયેદેમંદછે.

એરંડીનાં પાતરાં પાંણીમાં ઉકાલવાં અને તે પાંણીએ થાનને સેક કરવો; અને પછી તેજ ઉકાલેલાં પાતરાં થાંન ઉપર બાંધવાં, એ પરમાંણે દાહાડામાં બે તરણ વખત કરવું. તરણ ચાર દાહાડામાં દુધ પુશકલ છુટશે. એ સાથે એરંડીના પાતરાંનો અરક ડાકટરના ફરમાવીયા પરમાંણે લેવો.

જો તરણ ચાર દાહાડામાં એ ઉપાએ કીધાથી દુધ વધે નહીતો,

૨. વરીઆરીનું પાંણી પીધાથી ખચીતથી દુધનો વધારો થશે.

અનીસું, સુવા, અજમો, અને ગાજરનું પાણી પીધાથી પણ દુધમાં વધારો થાયેછે.

૩. કાલુ, કરચલાં એવી માછલી ખાધાથી દુધનું વેહેવું વધારે થાયેછે.

જો એ ખાધા પછી બચાંના આંગ ઉપર સેવટની માફક થઈ આવેતો એ ખોરાક નહી લેવો.

૪. અરદનો આટો, વટેના, સીંગ, એ લીધાથી પણ દુધનું વધવું થાયેછે.

૫. પટેટા તથા સલગમથી પણ દુધ વધેછે.

૬. પોરટર પીધાથી દુધનો વધારો થાએછે.

પણ પોરટર દરરોજ અને પુશકલ લેવો નહી. એથી ઉલટો અવગુણ થાયેછે. એક દાહાડો દુધ ૨—૩ તંમબલર ભરીને અને એક દાહાડો એક તંમબલર ભરીને પોરટર લેવો; અથવા દુધ અને પોરટર બેઉ ભેલીને પીવો; તે વધારે સવાડદાર બનેછે, અને વધારે ફાયેદો કરેછે.

ઘણી વખતે એવું બનેછે કે માએનું દુધ ખરાબ હોવાથી અને બીજાં કારણોને લીધે બચાંને ધવાડવાનું બંધ કરવું પડેછે. તેટલા માંટે જાણવાની ઘણી અગતછે કે,

માએ કેયારે પોતાનાં બચાંને નહી ધવાડવું.

૧. જો માએને ખહીનો મરજ હોયે અથવા તે ઘલી હોઅ અથવા થાનમાં પાચું નીકલીયું હોએતો તેણીએ બચાંને ધવાડવું નહી.

કાંએકે ધવાડીયાથી તે રોગ બચાંમાં ઉતરેછે. જો ઘેલી અથવા ખહી વાલી માએ ધવાડેતો, તેનું બચું ઘેલું થાએ અથવા તેને ખહીનો રોગ પેદા થાએ તેમાં કાંઈ પણ શક નથી; તેટલા માટે એ વીશેની ઘણી સંભાલ લેવી જરૂરનીછે.

જો મરદને ખરાબ હાલતથી ગરમીનો આજાર હોયેછે તો તેની ઓરતમાં તે દરદ ઉતરેછે અને બચું જેવું જનમે છે તે વખતે તેનાં બાપનાં પાપની નીશાણી તેનાં ઉપર પણ જોવામાં આવેછે. બચાંનાં હોટ અથવા ગાંનનાં કુલાં ઉપર ચીરા માલમ પડેછે, અને આંગ ઉપર ફોફઈયા ઉઠેછે. એ વખતે માએ વીચારમાં પડેછે કે બચાંને પોતેજ ધવાડ[illegible] આપીયાથી ઉલટી નુકસાંની થાયેછે; તે રોગ ધવાડનારીને લાગુ પડેછે, તેથી બચાંને કાંઈ પણ ફાએદો થતો નથી. બેહેતર એછે કે માએ બચાંને પોતેજ ધવાડવું અને તે દરદની પોતે દવા ખાવી, જે દવા બચાંની ઉપર પણ લાગુ પડશે.

૨. માએનું દુધ જો બચાંને માફક નહી આવેતો ધવાડવાનું છોરી દવું.

માએનું દુધ કોઈ વખતે પેહેલા એક બે મહીના માફક આવતું નથી એ વખતે ધવાડનારી રાખવાની જરૂરછે. વલી ૮ મે, ૯ મે મહીને માએનું દુધ માફક આવતું નથી, એ વખતે બચાંને છોરવી દેવું એજ બેહેતરછે.

હવા ફેરબદલ કીધાથી ઈયા ખોરાક બદલીયાથી દુધ ઘણી વેલા માફક આવશે.

૩. જો ધવાડતાં માએને માથું દુખે, જીવ ઘુછી આવે અને આંખ ઝાંખી મારતી જાયેતો ધવાડવાનું બંધ કરવું.

વારેઘડીએ ઘણીજ ગરીબ હાલતને લીધે માએને પુરતો ખોરાક નહી મલીયાથી બચાંને મારે દુધ પુરતું બની શકતું નથી. એવી હાલતમાં માએનો ચેહેરો ફીકો થાયે છે, આંખમાં ખાડા પડી આવેછે અને આંખની આસપાસ કાલો ઘેરાવો થાયેછે; કેટલીએક વખતે આંખને ઝાંખ પોંહોંચેછે અને યાદદાસત કમતી થતી જાયેછે. જો એવી હાલતમાં માએ બચાને ધવાડીયા કરેતો પોતે વધારે હેરાન થાયેછે અને વલી બચું ખરાબ અને થોડાં દુધથી તવલેછે. એ વખતે બેહેતર એછે કે ધવાડવાનું બંધ કરવું, સારો કુવતદાર ખોરાક લેવો; કાડલીવર આઈલ પીવું, એથી પાછી તંદરોસતી આવશે.

૪. જો માએને હીસતીરીયા થતો હોયે અથવા જીવ પોચો હોયે અને ઘુછીયા કરેતો તેણીએ પોતાના બચાંને ધવાડવું નહી.

જે ઓરતનો જીવ પોતાના હાથમાં રેહેતો નથી, અને જરા જરા બાબદથી બીહેછે તેનું દુધ સારું રેહેતું નથી. એવું દુધ બચાંને પાયાથી તે હેરાન થાયેછે.

જારે માએ પોતાનાં બચાંને ધવાડી નહી શકે તારે તેણે શું ઉપાયે કરવો? અલબત બીજી ધવાડનારી ઓરત રાખવાની જરૂર પડેછે, પણ ધવાડનારી કેવી પસંદ કરવી તે બાબદ ઘણી અગતનીછે. તે આવતાં બાશાણુમાં લંબાંણથી સમજાવસ.

## ખુબસુરતી શાંમાંછે?

એક દીવશે ચાર પાંચ સાએલીઓ દરીએ કીનારે ફરવા નીકલી હતી. ફરતાં હતાં તેવામાં એક બીજી બાઈ શેહેલ કરવા નીકલી હતી તે સાંમનેથી આવતી દીઠી. સરવે બાઈઓની નજર જેમ પરવો [illegible]

તેમ પેલી બાઇ તરફ ખેંચાઈ. સરવે કોઈની નજર તે બાઈની આંખ અને હોઠ તરફ ગઈ અને તેઓ તાકી તાકીને તે જોવા લાગાં. એક બે મીનીટમાં તે બાઈ તેઓ પાસેથી પસાર થઈ આગલ ચાલી ગઈ. એક વગેરે બધી સાહેલીઓ પેલી બાઈની આંખ અને હોઠની વખાંણ ગાથા લાગી.

એક બોલી કે તેના ખુબસુરત મોહોડાં ઊપર કેવી તેની શુંદર કાલી આંખ, તેનો કેવો ચંમકાંટ; તેની અંદરની કીકીની કેવી ઘંભીરાઈ ભરેલી હીલચાલ; તેના શુંદર કાળાં પાંપણના પળકારા; એ સંધા મલી ગોઅઆ તેને એક પરી બનાવીછે. બીજી સાએલીઓ બોલી કે અરે કેવા તેના ગોળાબી પરવાળાં સરીખા હોઠ, જાંણે કાંઈબી નીરદોશ અને પવીતર ચીજોને ચુંમી લેવાને તઇઆર હોએ એવા દીશેછે. અરે આ બાઈની કેવી ખુબસુરતી, ખરેખર એવી ખુબસુરતી આગળ બીજું સરવે રદ અને અકારૂંછે.

તેઓમાં એક સમજુ અને ઘંભીર બાઈ હતી તે બોલી કે તમો સરવે પેલી બાઈની આંખો અને હોઠના શુંદર રંગ અને તેઓની નખરાં ભરેલી હીલચાલને લીધેજ શું તેઓને ખુબસુરત કહોછો ? જો ખુબસુરતી ફકત એમાંજછે અને એવી ખુબસુરતી આગળ સરવે રદ છે એવું જો તમે સમજતાં હોવ તો તેમાં તમે સરવે મોટી ભુળ કરોછો. શું ઊપલીજ ચીજોથી પેલી આંખો અને હોઠને ખુબસુરતીછે અને શું બીજી કોઈજ ચીજથી તેઓને ખુબસુરતી મલતી નથી ? હું તમોને પુછુંછ કે એ આંખોએ કોઈ દાહાડેબી નાવારેશ અને મા બાપ વગરના છોકરાંઓ તરફ નજર કીધીછે અને તેઓના હાલ ઊપર દયા લાવી પોતાની ઘંભીર આંખમાંથી ખરાં આશુંઓ ટપકાવીઆંછે ? શું પે[illegible]ાંદર પરવાળાં સરીખા હોઠેએ પેલાં નાવારેશને દીળાશા તરીકે એક ચુંમી લઇ તેઓને [illegible]બાશાના મીઠા સખુનો કોઈ દહાડે પણ સંભળ[illegible]વી જાંણે ! એ આંખોએ પોતાના ભરથારની તરફ [illegible]તા. હમો જોવું જોઇએ તેવી નજરે અને [illegible] અને મા પવીતર નજરથી જોઇઊ છે, અને પે[illegible] [illegible]તાં પણું જાળવી અને સંભાલી રાખીઊ છે [illegible] [illegible]ળા હોઠે જે સખુનો ઓરતજાતે પારકા મરદો સાથે કદીપણ વાપરવા નહી જોઇએ તેવા સખુનોને મોહોડાંમાંથી બાહેર આવતાં અટકાવીઆછે ? છેસે હું તમોને પુછુંછ કે આંખોને નુર આપનાર અને હોઠને મીઠાશ આપનાર તે જગત કરતા બાપ તે તરફ આ આંખો એ પોતાની નજર કદી પણ ઊંચે કીધીછે અને આ હોઠે કદીબી તેની ખુબી ગાઈછે? જો આ સંધું એઓએ નહી કીધું હોએતો પછે એવી આંખો અને હોઠને ખુબસુરત કેમ કહી શકીએ. જો એમજ હોયતો પછે એવી બાઈ પોતાના ઘેર અને ભરથારનો એક સીણગાર કેમ કહેવાએ ! એવી બાઈ કરતાં એક કાલી મોટા હોઠ અને મોટી આંખો વાળી બાઈ જો આ સંધી ફરજો બજાલાવતી હોએતો તે પોતાના ભરથારને વાહાલી લાગશે—તે પોતાના સાસરીઆંનો સીણગાર ગણાશે અને તે પેદાના કરનાર બાપની નજરમાં ખુબસુરત લાગશે.

"અસતરી જાતમાં સઊથી ઊંચામાં ઊંચો ગુણ, અને સઘલી ખુબસુરતીમાં મોટી ખુબસુરતી એછે કે તે પોતાના ચેહરા ઊપર મહલાજાની કુદરતી નીશાન ધરાવતી હોએ. આ અમુલીઅ ગોહર જો ઓરતના ચેહરા ઊપર ચલકતું નહી નજરે પડીઊંતો તે ઓરતની સઘલી બીજી ખુબસુરતી એ એક એખલા ગુણ આગલ ખોઈસછે. એ ખુબીથી ઓરત ફરેસતા ખસલત ધરાવનારી થાએછે, એ ખુબી વગરે તે એક આદમજાતને ખરાબેહાલ કરનારી ગણાએછે."

---

## સુંનતે કાંને બેહેરો.

ઘણી વેલા ઊંચા કાન રાખવાની જરૂર પડેછે. કેટલીએક ચીજ સાંભલીયાથી આપણું દીલ દુખાયેછે, કેટલી વાત આપણને સાંભલવી નહી જોઈયે, કેટલીએક સાંભલીયાથી આપણો મીજાજ હાથથી જાયે જાયેછે. [illegible]ની વખતસર મોહોડાં માંહેથી બદ સુખન નીકડવું; અને [illegible] વધારે વખ[illegible]તેનો આપણને પછવાડેથી પશતાવો લાગે છે, તેવ[illegible] [illegible]વા કરબદલ કર[illegible]ાબદો સાંભલવા છતાં ઘણી લેછે અને [illegible] [illegible]ણ કાયેદેમંદછે [illegible]થાન રહેવા કાંન ઊંચા રાખવાની છે, એવી વાતો અને [illegible]ં. પોતાની બામડી અને વેલા અખા[illegible] કરર જવા [illegible]વાનાં [illegible] સુખ વધારવાને ઈછ જરૂરછે. જે શખસ પોતા[illegible]દરએક [illegible] કાંન બેહેરા કરવા કુટુંબનું, પોતાનાં દોસતદારોનું [illegible] તો હોયતો, તેણે કોઈ કોઈ વેલા જોઈયે.

જો કોઈ તમુને ગાલ દેવા માંડેતો તરત તમારા કાન બંધ કરવાનું દુરૂસત ધારજો.

જો ઘરમાં કજીયો થતો હોયેતો, ઘણી વેલા તે જાણતાજ નથી એવા અખાડા કરજો.

જો કોઈ તમારા દીલને દુખવવા માંગેતો, સમજો કે અંદરનો આતસ સલગીને તમારો મીજાજ ફીકલી આવશે, તેથી તરત બેહેરા થાજો.

જો કોઈ તમારી આગલ આવીને કેહે કે, લોકો તમારે વીશે આ પરમાંણે બોલેછે, તો તરત કાનનાં પરડા ઢાંકજો.

જો કોઈ તમારા કાનમાં ચાડી ચુગલી ભરવા માંગેતો કાનને એવો કેલવજો, કે પોતાની મેલેજ બંધ થઈ જાયે.

તમારો ચાકર જારે ગુસે થઈને કાંઈ પણ બોલેતો, તે સાંભલતાજ ના.

જો તમારા બચાં ચીરડાઈને સઘલું અશાડે ઝીખેતો, તે જાણે તમો સાંભલતાજ નથી એમ ચાલજો.

તમારા પોશાક વીશે કોઈ બોલેતો જાણે સાંભલતાજ નથી તેમ ચાલી જાજો.

તમારા વહીવટ તથા કાંમકાજ વીશે કોઈ બોલે તે સાંભલતાજના.

જો કોઇ જોખમ ભરેલું આદમી તમારી પાસે નાંણાં ઊછીનાં માંગેતો, જાંણે તમે બરાબર સાંભલતા નથી એવું કરજો.

તમારી તારીફ તમારા મોહોડાં ઊપર કોઇ કરેતો તે સાંભલતાના, તથા કોઈની પછવાડે કોઇ બદ બોલે તે પણ સાંભલતાના.

તમારા કાંમકાજમાં વગર પુછવે વચમાં પડવા આવવા કેહેતો તેને કાન આપતાજના.

જે શખસ, વગર જાણવે મોહોટી મોહોટી વાતો કરે, તે વખતે કાન આગલ હાથ કરજો.

ઘણા જણની ચાલછે કે પોતાની ઈયા બીજાના બદગોઇ થાયે તે સાંભલે અને પછી તેની ખણખોદમાં ફરે; એવા શખસ હમેસાં પોતાનાં જીવને બલાપામાં નાખેછે અને દુખી કરેછે. જો તમુને ખરેખર સુખી રેહેવું હોયેતો સારાં માણસની મીજલસમાં તમારા કાન ખોલજો અને ખરાબ લોકોમાં તમારા કાન બંધ કરજો. કાનને એવી કેલવણી આપવી કે તે ગરજ પડે તેમ સાંભલે ઈયા બેહેરો થાયે.

કેહેવતછે કે "એક કાને સાંભલીને બીજે કાને કાહાડી નાખવું," તે ઘણી બાબદમાં ખરીછે; અથવા બીજી કેહેવતછે કે "જે બાબદ જમણો કાન સાંભલે તે ડાબા કાનને જાણવા દેતાના," તે પણ ઊપલી સીખાંમણને બરાબર લાગુ પડેછે.

ખુસીનાં, પેયારનાં, માયાનાં સુખન સાંભલવાને હમેશાં તમારા કાન ખોલલા રાખજો

પણ મીજાજનાં, કરડા, ધીકારનાં, નીચ, ખુશામતીઆ સુખન સાંભલતાં કાન ઊપર બરાબર ચોકી રાખજો.

અરલ આફ પેમબરોકને વીશે એમ કેહેછે, કે તે કાને બરાબર સાંભલી શકતો હનો, તોપણ વારેઘડીએ પોતાની મતલબ સાચવવાને માટે પોતે બેહેરોછે એમ લોકોને દેખાડતો હતો. એવી ચાલ રાખીયાથી તે પોતાની મતલબ પરમાંણે જવાબ દેતો હતો. તેનો એક ઘોડા વાલો હતો, તે નાહાનપણથીજ તેને તાંહાં ઊછરેલો હનો. આસતે આસતે તેને દારૂ પીવાની આદત થઈ, તેથી અરલની બાયડી તેને વીશે ફરીયાદ કરવા લાગી અને કહીયું જે તેને રજા આપે. અરલ પોતાની બાયડીને હમેશાં એમ જવાબ દેતો હનો, "હા, ખરેખર, આપણો ઘોડા વાલો ઘણું સારૂં માણસછે." તે ઊપરથી તે ફરીથી મોહોટે સાહાદે બોલતી કે "તે હમેશાં દારૂ પીયેછે અને હું ચાહુછું કે એને કાહાડી મુકે." તે ઊપરથી ફરીથી અરલ જવાબ દેતો કે "હા, તે મારી આગલ નાહાનપણથી રહેલો છે, અને તમે કહોછો તેમ જરા વધારે પગારને માટે એને જવા નહી દેવો જોઇયે." એક દાહાડે એવો બનાવ બનીયો કે એ ઘોડા વાલાએ ગાડી ઊંધી વાલી, પણ સારાં ભાયેગે અરલની બાયડી જે ગાડીમાં બેઠી હતી તેને કાંઈ પણ નુકસાંન થયું નહી. તે ઊપરથી તેણે ઘર આવીને તેને વીશે ફરીયાદ કીધી, "પેલો ઢોર જેવો તમારો ઘોડા વાલો એટલો તો પીધેલોછે કે તે બરાબર ઊભો રહી શકતો નથી; તેણે આપણી ગાડી ઊંધી વાલીછે અને કોઈ દહાડે આપણા જાનની નુકસાંની કરશે, તેથી એને તરત રજા આપો." તે ઊપરથી અરલ બોલીયો, "અરે આપણો ઘોડા વાલો શું આજારી પડીયોછે, હું ખરેખર તેને માટે દલગીરછું." બાયડી જરા મોહોટે આવાજે બોલી કે "મારી ફરીયાદ એછે કે તે પીધેલોછે અને મારી ગાડી

ઊંધી વાલીછે." અરલ બોલીયો, "વારૂં, એણે આ
પણી ઘણી સારી રીતે ચાકરી કીધીછે તેથી એની
આપણે માવજત કરશું." બાયડીએ જોયું કે બોલવું
સઘલું નકામુછે, તેથી ખીજવાઇને જતી રહી. એ પ
છી અરલે પેલા ઘોડા વાલાને બોલાવીને કહીયું જે
"જાહાન, તુંને ખબરછે કે મારી નજર તારી ઊપર
કેવીછે; અને જાંહાંસુધી તું બરાબર ચાલશે તાંહાંસુધી
મારા ઘરમાં તારી બરદાસત લેવાશે. મારી બાયડી
કેહછે કે તું ઘણો આજારીછે અને ખરેખર તારેથી
બરાબર ઊભું પણ રેહેવાતું નથી. જા, તું જઇને સુ
ઈ જા, અને તારી બરદાસત લેવાશે એવું કરશ"
એમ કહીને હોકમ કીધો કે તેનાં માંથા ઊપર એક બ
લીસતર મારે, બીજું બોચી ઊપર મારે, અને બે
પેયાલાં ભરીને સંગરાહ મુકીને લોહી કાહાડે. એ
સઘલું તેણે પીધેલાની ઝૂમમાં કરવા દીધું; પણ બીજે
દીવસે તેનાં હાલ સું થયા તે બરાબર માલમ પડીયું.
અરલ દાહાડામાં બે વખત તેની ખબર પુછાવતો હ
તો, અને પોતાની બાયડીને ઘોડા વાલાની ખુશ ખબ
ર આપતો હતો. તે દરરોજ કેહેવાડતો હતો કે તે
હવે સારી પખેછે, પણ અરલ જાણે કે તેનું સમજતો
નહી હોયે તેમ તેને કાંજી શીવાએ બીજું કાંઈ પણ
આપવા દેતો નહી હતો. છેલે અરલની મતલબ થ
ઈ કે તેને આજારીખાનાં માંહેથી છોડવવો, તેથી જારે
બીજે દાહાડે માણસ હમેશની પઠે કેહેવા આવીયું, કે
તે હવે સારી પદેછે, તારે પોતે બોલીયો, કે આ ખ
બર સાંભલીને તે ઘણો ખુશી થયોછે, અને હોકમ કી
ધો કે તેને પોતાની આગલ બોલાવે. જારે જાહન,
અરલ આગલ આવીને ઊભો, તારે અરલ બોલીયો
"કેમ, જાહાન, હું આશા રાખુછું કે આએ તમારી
અજમાએશ પુરી થઇછે." જાહાન બોલીયો "હાજી,
સાહેબ, શેઠજીની હું નમનતાઈથી માફ માગુછું અને
હવેથી કબુલાત આપુછું કે ફરીથી એવો વાંક નહી ક
રશ." એ ઊપરથી અરલ બોલીયો "હા, તું કેહેછે
તે ખરૂં, આજારી પડવાનું કોઈનાં હાથમાં નથી; અને
જો તું ફરીથી આજારી પડશે તો, જો તું બોલશે નહી
તોપણ હું તારી ખબર લેવશ, અને હાલ જેમ તારી
દવા દરૂ થઇછે તેમજ થશે, તે તું ખચીતથી જાણજે."
ઘોડા વાલો બોલીયો, "ખોદા તમુને પનાહમાં રાખે,
પણ હું આશા રાખુછું કે એવી ગરજ ફરીથી પડશેજ
નહી." અરલ બોલીયો, "હું પણ આશા રાખુછું કે
એવી ગરજે નહી પડે; પણ જાંહાંસુધી તું મારી તરફ
તારી ફરજ અદા કરશે તાંહાં તુલીક તું કદી પણ બીહી
તોના, કે હું મારી ફરજ તારી તરફ અદા કરશ."

એ પરમાંણે સુનતા કાને બેહેરો થઇને અરલે
પોતાનાં ઘોડા વાલાને એક ખરાબ આદત માંહેથી
છોડવીયો.

—///—

## હેરાત.

હેરાત, જેને ઇંગરેજ લોક "હીંદુસથાનની કુંચી"
સમજેછે, તે ઈરાન અને આફગાનીસથાન વચે એક
ખીનમાં આવેલું શેહેરછે. એજ ખીનમાના બીજાં
ગામડાંઓ તથા શેહેરો હેરાત પરગણામાં ગણાએછે.
હેરાતની ખીન ૩૦) માઇલ લાંબી તથા ૧૫) માઈલ
પોહલીછે. એનો રાજય કરતા ઘણું કરીને એક આ
પઅખતીઆર શખસ હોએછે; માટે કોઇવાર ઈરાની
ઓ, તો કોઇવાર આફગાનો તેની ઊપર હલ્લો કરતા
ના કરતા માલમ પડેછે. ઈંગરેજ, જે હેરાતના શાહ
ની આપઅખતીઆરીમાં પોતાના હીંદુસથાનમાંના રા
જયની સલામતી સમજેછે, તે હેરાતની મદદે વારેઘડી
એ દોડેછે, અને એજ કારણ સર હેરાતની રાજદુવા
રી ચરચામાં તે ધેઆન આપેછે.

અમે હેરાત શેહેરનું પાસે એક ચીત્ર અમારા
વાંચનારની સેવામાં ધરીએ છઇએ. એ શેહેર હરીરૂદ
નામની નદીથી તરણ માઈલ દુરછે, અને એમાં નેહેરો
ની મદદથી પાંણી પુરૂં પાડવામાં આવેછે. એ શેહેર
લંબાઈમાં ૧૬૦૦) વાર અને પોહલાઈમાં ૧૪૦૦) વા
રછે. એની આસપાસ ચાલીસથી સાઠ ફુટ ઊંચા મટો
ડીના ટેકરાનો ઘેરાવ બાંધી લીધોછે, અને વલી તેની
જોડમાં એક દીવાલ ૨૦ થીતે ૩૦) ફુટ, ટેકરાથી ઊં
ચી, બાંધી લીધીછે. દરએક બાજુએ તીસ ગોળ બુર
જ બાંધેલાછે. કોટની અંદર તથા બાહેર બને બાજુ
એ એક સાત ફુટ ઊંડી ચર ખોદેલીછે. વલી ટેકરા ત
લીએ એક-તીસ ફુટ પોહલી ખાઇ બાંધેલીછે. એ શે
હેરને પાંચ દરવાજાછે અને દરએક દરવાજાની બાહેર
એક કોટ બાંધી લીધોછે. શેહેરનાં ઊતર તરફને છેડે
એક કીલોછે, જેની આસપાસ મોટા, સાઠથી તે સીતેર ફુ



હેરાત.

૨ ઊંચા, મજબુત બુરૂજો બાંધેલાછે, અને કીલાની આસપાસ બીજી ઘણી ઊંડી અને બાર ફુટ પોહલી ચર ખોદીછે અને કીલા પર જવાને માતર એક પુલ પરથી રસતો રાખેલોછે.

પાસેના ચીત્રમાં જે દેખાવ આપેલોછે તે એ મોટા કીલા પરથી લીધોછે. એવી રીતના મજબુત કોટ તથા કીલા રાખવાનું કારણ દેખઈતુંછે. બને બાજુનાં જોરાવર, પણ જંગલી, રાજયોની સામને ટકી રેહવાને તથા લુટારાઓનાં જુલમાતમાંથી રઈઅતનો બચાવ કરવાને તેઓ જરૂરનાં થઈ પડેલાછે. એવું ગણતરી કરવામાં આવીછે કે એ શેહરને ઘેરો ઘાલવો હોએતો ૨૫૦૦૦) થીતે ૩૦૦૦૦) માણસ જોઈએ.

એ શેહર ચાર લાંબી બજારથી ચાર ભાગમાં વેંહચાઈ ગએલુંછે. બજારોની ઊપર ઈંટોથી આરકાં મારી લીધાંછે, અને જીઆં ચારો બજારો સાથે મળેછે તે જગાપર ગુંબજ બાંધી લીધોછે. ઘરો ઘણું કરીને બે માલનાં હોએછે, અને તેઓનાં બારણા નાહના હોએછે. હેરાત ઘણી નજીસ જગા ગણાએછે. ઘણાક નાહના મોહલાઓ ઊપર આરકાં મારી લીધાં હોએછે, તેથી અંધારા ગાર દેખાએછે અને કચરો તો એટલો કે આપણને કમકમાટ છુટેઆ વીના રેહ નહી. ગદલું પાણી જવાને કંઈ મારગ નહી, તેથી બધું મોહલાઓમાં એકઠું થાએછે; કચરો કાહાડી નાખવાને કંઈ ગોઠવણ નહી, તેથી મોહલામાં તરેહવાર જાતનો કચરો અને મુએલાં જાનવરો પડેલાં રેહછે. એવી જગામાં દરદ તથા દુઃખ હોએ તેમાં નવાઈ શી? તો જોકે એ જગાની હવા સુખાકારી ગણાએછે.

શાહનો મેહલ ઘણીજ હલકી જાતનોછે. એ શેહરમાંની જુમા મસજીદ જે તેરમી સદીમાં બાંધવામાં આવી હતી તે ૪૬૫) ફુટ લાંબી અને ર૭૫) ફુટ પોહલી, તથા તેમાં ૪૦૮) ગુબજ, ૧૩૦) બારીઓ, ૪૪૪) થાંબે, અને છ દરવાજા હતા, અને કોતરકામ, સુનેરી દેરાવ, કીમતી ઝવેરાત તથા બીજા સણગારોથી ભપકાદાર હતી. પણ હમણા તે પડતી હાલતમાં આવી પડીછે. એવીજ બીજી મસજીદ જેને મોસલા કેહછે તે પણ ખરાબ થઈ પડીછે, તે એ શેહરની બાહેર થોડેક દુરછે. એનું બાંધકામ સુંદર તથા કીમતી માલમ પડેછે. એની બાહેર એકસો ચોરસવાર મોટો ચોકછે જેની આસપાસેની દેવાલપર ફુલો ફલોનું કોતરકામ નજરે પડેછે. એની અંદર એક મોટું ગોળ દીવાનખાનુંછે જેને મથાલે મોટો ગુંબજછે, એની પાસેનાં બીજાં તરેવાર બાંધકામોમાં વીસ તો મીનારાછે જેનું બાંધકામ કીમતી તથા નાદર દેખાએછે. એ શીવાએ બીજા બાગ બગીચા તથા જાહેર બાંધકામોની નીસાન માલમ પડેછે. બાબર લખેછે કે ઈ૦ સ૦ ૧૫.મી તથા ૧૬ મી સદીમાં "દુનીઆમાં એવું બીજું રોનકદાર અને રલીઆમણું શેહર જોવામાં ન આવતું હતું." પણ હમણા એ શેહર પાએમાલ થઈ ગએલુંછે.

હેરાતની ખીન ફલદરૂપછે. ૭૫૦૦ ફુટ ઊંચેથી હરી રૂદ નદીનું પાણી આવેછે અને હેરાત શેહર પણ ઊંચી જગોપર હોવાથી તીઆંનો શીઆલો ઘણો થંડો હોએછે તથા કેટલાક દીવસ સુધી બરફ બંધાઈ રેહછે. તેમજ બે મહીના સુધી ગરમી પણ અતીશ હોએછે.

આફગાનીસથાન અને ઈરાનની વચે હેરાત હોવાથી બને દેશોનો વેપાર વણજ એમાં થઈને જાઆવ કરેછે. એજ કારણ માટે એ શેહરને "બંદર" કેહવામાં આવેછે. હીંદુસથાન તથા આફગાનીસથાનમાંથી અહીંઆં શાલ, કાલીગલી, ખાંડ, મસાલો, મલમલ, છીંટ, કીનખાબ, ખેસ, તથા ચાંમડાં આવેછે. ઈરાન, તુરકસથાન, રૂશીઆ તથા તારતરીમાંથી ચાંદી, ચાહે, સાકર, બીલોરકામ, કાચ, રેશમ, જીણા કપડાં, મખમલ, ઊનની ધાબરીઓ, નમદા, સેતરંજી, સાળ, ધાતુઓ, અને લોહડાંકામ આવેછે. રેશમનો નજદીકજ પાકેછે પણ જેટલું જોઈએ તેટલું નહી. ગેટાંના તથા મેંઢાનાં ચાંમડાઓનાં ડગલાં તથા ટોપીઓ બનાવવામાં આવેછે. હેરાતની સેતરંજીઓ નરમાસ, ઝલકાટ તથા ટકાઊ રંગને વાસતે કીમતી ગણાએછે અને તેઓ તુરકસથાનની સેતરંજીની બરોબરી કરેછે. એક સેતરંજીની કીમત દસથી તે હજાર રૂપીઆ સુધીની હોએછે કેસર તથા હીંગ હેરાતનો મુખીઅ વેપારછે. હેરાતની વરસની આવક ૩૧૩,૦૦,૦૦૦) ની ગણવામાં આવીછે. અહીંઆંની વસતી જુદી જુદી જાતનાં લોકોનીછે. ઈરાની, આફગાની, તઊજીક, બલુચી, મગોલ, દઈઆઊધી તથા હીંદુઓ વસેછે.

હેરાત અસલનાં લોકોમાં આરીઆ અથવા એરીઆ અથવા હરોવને નામે ઓળખાતું હતું. એ

પરાંત આપણા ઈરાની પાદશાહોનાં તાબામાં કેટલુંક સુથી હતું અને જ્યારે દરાયસે પોતાનાં રાજનાં ભાગો કરયા હતા તે ભાગોમાંનો એરીઆ પરાંત પણ એક ભાગ હતો.

---

## ભરંતારં.

### એક આસલી બરાહમણે દીધેલી શીખામણ.

"અરે મરદ, ખોદાના કાયદાને માન આપીને તું એક ઓરત સાથે પરણીને તેને તારી બઈરી કરીને લાવ; બઈરી કર અને દુનીયાની તોલકીમાં એક વશદાર મોજલસી થા.

"પણ સંભાળથી તપાસ કરજે અને ઊતાવળેથી ઠરાવ ના કરતો; કાંયેકે તારૂં ભવીશીય સુખ, તારી હાલની પસંદગી ઊપર આધાર રાખેછે.

"જો તેણીનો વખત પોશાક અને સંગારમાં ઘણો રોકાતો હોયે; જો તે પોતાની ખુબસુરતી ઊપર ઘણી મધણ રેહે અને પોતાની તારીફ ગવાતી સાંભલવાને ખુશી થાયે; જો તે ઘણું હસે અને મોહોટેથી વાતો કરે; જો તેણીનો પગ પોતાના બાપના ઘરમાં ઠરેલા નહી રેહે અને તેણીની આંખ મરદોના ચેહેરા તરફ બેઅદબથી તીકીઆ કરે, તો, જોકે તેની ખુબસુરતી આકાશના મેહેરાબનાં સુરજ જેવી હોયે, તોયપણ તું તેની ખુબસુરતી તરફથી તારૂ મોહોડું ફેરવજે, તારા પગને તેના રસતા તરફ જવા દેતો ના, અને તારા જીવને દેખઈતી (ખેઆલની) લાલચના ફંદામાં ફસવા દેતો ના.

"પણ જ્યારે તુંને દીલની નરમ, અને ચાલચલણની અદબવાલી, ગુણવંત અને ચાલાક મનની, અને તારી નજરમાં ખુશ દેખામની મલે, તારે એવી ઓરતને તારા ઘરમાં લઇ જજે; તે તારો દોસતદાર થવાને, તારી જીંદગીનો શાથી થવાને, અને તારી દીલપસંદ બઈરી થવાને લાયેકછે.

"અરે, તને ખોદાએ મોહોટી બખશેશ કીધીછે એમ કરીને તું તેને ગણ; તારી ચાલચલણમાં માયા દેખાડી તેનાં દીલમાં તું પેયારો થા.

"તે તારા ઘરની શેઠાણીછે, તેટલા માટે તેની તરફ આદરમાનથી ચાલ, કે તારા ચાકર પણ તેને માન આપે.

"કારણ શીવાએ તેની મરજીની સાંમણે થનો ના; તે તારી જંજાલીમાં ભાગીઓછે, માટે તેને તારી મોજ મજાહમાં પણ તારો શાથી કર.

"તેના વાંકને માટે નરમાસથી ઠપકો આપજે; જુલમ કરીને તેની પાસેથી તાબેદારી માંગતોના.

"તેના દીલમાં તારો ભેદ સોંપજે; કાંયેકે તેની સલાહ સાચાં દીલથી નીકલશે, તું કદી પણ તેનીથી ઠગાશે નહી.

"તેની તરફ આદરમાનથી ચાલજે, કાંયેકે તે તારા બચાંની માં છે.

"જારે દરદ અને માંદગી તેની ઊપર ગલબો કરે, તારે માયાથી તેનું દુખ નરમ પાડજે, તારી તરફથી રેહેમ અને ચાહાનો એક દેખાવ, તેના ગમને નરમ પાડશે અને દરદને મીઠાડશે, અને દશ ડાકટરનાં કરતાં તે વધારે કારગત લાગશે.

"તેની જાતની નરમાસ અને તેના બદનની નાજુકાઈ ઊપર ખેયાલ કરજે; તેને નબળી જોઈને જુલમ ના કરતો, પણ તું તારી પોતાની કસુર ઊપર ધેયાન કરજે.

---

## બરફ.

**શીરીનબાઈ**—આ વરસની ગરમી ગયાં વરસનાં જેવીજ હતી; તોપણ આપણને ઘણું શોસવું પડીયું ન હતું. લોકો કહેછે કે, વેહારનાં તલાવનાં પાંણી આખા મુંબઇ શેહેરમો ફરી વલીયાંછે અને સઘળી જમીન તર કરી નાખીછે તેથી આપણને ઘણી ગરમી માલમ પડતી નથી.

**સાવકસા**—તે શીવાએ હું ધારૂંછુ, કે મુંબઈ શેહેરમાં આ વરસે પુશકળ બરફ આવીયો હતો અને તે ઘણો સસતો હોવાનાં સબબથી ગરીબ લોકોએ પણ વાપડીયો, તેથી કરીને લોકોને પુશકલ સુખ થયું હતું.

**સી૦**—એ બરફ મુંબઈમાં કાંહાંથી લાવતા હશે વારૂં ?

**સા૦**—ઊતર અમેરીકાનાં બોસતન શેહેરમાં મોટા મોટા તલાવોમાં બરફ બંધાયેછે અને તે બરફ કાપીને વાંહાંણ ભરીને અહીં લાવેછે.

**સી૦**—પણ વારૂં, એ બરફછે તે શી ચીજછે ?

શાગ—ઊતર તરફનાં દેશોમાં કકરતી થંડી પડેછે, તારે તાંહાંના તલાવ, નદી, દરીયાનાં પાંણી બંધાઇ જાયેછે અને એ બંધાયેલાં પાંણીને આપણે બરફ કહીયેછ.

શીગ—પણ બરફતો જલદીથી પીગળી જાયે છે. તારે અહીં લાવતાં અને રેહેતાંતો સઘળું પીગળી જવું જોઇયે ?

શાગ—હા, પણ જારે વાહાણમાં લાવેછે, તારે તેવો ઘણી સંભાલ લેછે, અને બરફ સઘલું જથામાં હોવાથી, આસપાસની હવાને થંડી કરી નાખે છે, તે હવા બંદબસત રેહેછે તેથી બરફ પીગળતું નથી. જારે જમીન ઊપર લાવેછે, તારે તેને માટે એક બનાવેલા ઘરમાં મુકેછે. તેની દેવાલ બેવરી બાંધેછે, કે વચમે હવા રહાથી બાહેરની ગરમી અંદર પેવસ નહી થાયે.

શીગ—જેમ તંબુ, ગારી અથવા પાલખીને મથાલે બેવરૂ પર આવેછે તેમ, કે સુરજની ગરમી અંદર પસાર નહી થાયે.

શાગ—હા, તમે આ દાખલો આપીયો તે બરાબરછે.

શીગ—વારૂં, એવું બંધાયેલું પથર જેવું બરફ પાંણીની સપાટી ઊપર તરીયા શા માટે કરેછે ? તે એટલું બધું હલકુ કેમ ?

શાગ—જારે પુશકળ થંડી પડીયાથી પાંણી બંધાવા માંડેછે, તારે તેના તરેહવાર પાસાદાર આકાર બનેછે. એ પાસા તરેહવાર રીતે આરા તીરા ગોઠવાયેછે, અને વચમાં ખાલી જગા રહી જાયેછે તેમાં હવા રેહેછે, તેથી કરીને તેનું કદ વધારે થાયેછે, અને એટલા માટે તે હલકું થઈને પાંણીની સપાટી ઊપર તરેછે.

શીગ—વારૂ, જારે તલાવ, નદીનુ સઘલું પાંણી બંધાઈ જવું હશે, તારે તે ઊપર ચાલી જવાની અને ગારી ઘોડા ચલાવી જવાની તાંહાંના લોકોને મજાહ પડતી હશે.

શાગ—નહી, તમો ઘણી ભુલ કરોછો. બરફને પાંણી કરતાં હલકું બનાવેલુંછે, એમાં કુદરતની ખુબી માલમ પડી આવેછે. જો બરફ તરતું ન હતે અને ભારી થઇને પાંણીમાં ડુબી જતેતો, પછી તલાવ, નદી, દરીયો એક બરફનો મોહોટો ઢગ થઈને રેહેતે, સઘલી માછલી મરી જતે અને સુરજની ગરમીથી પીગળવાને એટલોતો વીલમ લાગને, કે વાંહાંણુ કદી પણ ફરી વલતે નહી. બરફ પાંણી કરતાં હલકુછે, તે થીજ પાંણીની ઊપરની સપાટી માતરે બરફ થઈને રેહેછે અને તેની હેઠલનું પાંણી બરફ થતું નથી.

શીગ—વારૂં, આપણાદેશમાં દરીયા, તલાવનાં પાંણીનું બરફ કેમ નથી થતું ?

શાગ—તમુને ખબરછે, કે આપણી દુનીયા ગોળ આકારનીછે અને તે સુરજની આસપાસ ફરેછે. જો દુનીયા ગોળ હોયાને બદલે એક સપાટ જગા હતેતો, સુરજની ગરમી સઘળે ઠેકાંણે બરાબર પોહોચતે; પણ તે ગોલછે તેટલા માટે થોડા ભાગ ઊપર ગરમી વધારે પડેછે અને થોડા ભાગ ઊપર કમતી પડે છે. દરૂ તરફની જગા ઊપર સુરજનાં કીરણ પોહોચી વરતાં નથી, તેથી તાંહાં બારે માસ બરફ બંધાયેલું રેહેછે. જે જગા ભુમધીય લીટી ઊપર આવેલીછે તાંહાં સુરજનાં કીરણ જોરથી મારેછે, તેથી બરફ બની શકતું નથી.

શીગ—હા, મને હવે ઈયાદ આવેછે. તમે આગલ મારી આગલ વાત કીધી હતી કે લોકો બરફનાં ઘર બાધેછે, તે ખરી વાતછે કે વારૂં ?

શાગ—રૂશીઆનો મુલુક ઘણો ઊતર તરફ આવેલોછે, તાંહાં ઘણી થડી પડેછે. એ મુલુકમાં ઈ૦ સ૦ ૧૭૩૯ ના સાલમાં તાંહાંના શાહજાદાનાં લગન થયાં હતાં, તે વખતે એક બરફનો મેહેલ બાંધીયો હતો, તેમાં બરફ શીવાએ બીજું કાંઇ પણ કામમાં લાવીયા ન હતા. બરફ એટલુંતો કઠણ હતું, કે તેની દીવાલ, છાપરૂં ઇતીયાદી બનાવી હતી; કેટલોએક ઘર જોગુ સામન પણ બરફનોજ બનાવીયો હતો. વળી એમ કેહેછે, કે બરફની તોપો બનાવવામાં આવી હતી અને વગર ધાસતીએ દારૂ ગોરા સુધાં શેરવામાં પણ આવી હતી.

શીગ—તમે કેહોછો, કે પાંણી બંધાતાં તેનું કદ ઘણુ વધી જાયેછે. તારેતો, જો બાટલીમાં બંધબસત પાંણી ભરી રાખીયું હોયેતો, બરફ થતાં તે કદમાં વધીને બાટલીને ભાંજી નાખે.

શાગ—હા, આ તમારો વીચાર ઘણો અકલમંદછે, અને એના દાખલા ઊતર તરફનાં દેશોમાં વારેઘડીએ જોવામાં આવેછે. સવીટઝરલાંનડ અને બીજાં

દેશોનાં પાહાડ ઊપર ખાડામાં પાંણી રહી ગયેલું બંધાયાથી, ખડકનાં તુકડે તુકડા થઇ જાયેછે અને ઘણી વેલાતો તોપનાં જેવા આવાજ થાયેછે.

સીο—શું કુદરતની ખુબીછે, કે પાંણીને દારૂગોરાનાં જેવું જોર આપેલુંછે.

વારૂં, આપણે ગલાસ ઇયા ધાતુનાં વાસણમાં પાંણી રેડીને અંદર બરફ નાખીયેછ, તારે ગલાસ તથા ધાતુનાં વાસણની બાહેર પાંણી જાણે દવની મીસાલે ફુટી નીકલીયું હોય તેવું લાગેછે, તે શું હશે? પાંણીતો અંદરથી બાહેર કદી ફુટીનો નીકલે નહી.

સાο—હા, અંદરનું પાંણી બાહેર ફુટી નીકલતું નથી. તમુને ખબરછે, કે આપણી હવામાં હમેશાં પાંણીનો બાફ રેહછે. હવે જારે પાંણી બરફથી થંડુ થાયેછે, તારે ગલાસ અથવા ધાતુના વાસણની આસપાસની હવા પણ થંડી થાયેછે અને હવામાં જે પાંણીનો બાફછે તે થંડો થયાથી, દવની મીસાલે વાસણ ઊપર વલગેછે.

સીο—હા, હું એ બરાબર સમજી. પણ વલી તે દાહાડે મેં એક અચરત જેવું જોયું. મેં હાથમાં બરફ લીધું, તેવો બરફ માહેથી બાફ નીકલવા લાગો. હું અજબ થઈ, કે પાંણી કંઈ ઊકલીઊં નથી, તારે બાફ કાંહાંથી આવીયો; એ મને સમજ પડતી નથી.

સાο—જે તમે બાફ જોયો તે હવા માહેનો બાફ હતો. જારે ગરમી હોયેછે, તારે હવામાં આપણી નજરે બાફ માલમ પડતો નથી; પણ જારે બરફ હાજર હોયેછે, તારે આસપાસની હવાનો બાફ જરા થંડો પડીયાથી જલદીથી નજરે પડેછે, જો વધારે થંડી લાગીતો બાફનું પાંણી બની જાયેછે. બીજો દાખલો આપીને તમુને એ બરાબર સમજાવુંછું. થંડીનાં દીવસ ઊપર તમે ઘોડાને દમ લેતાં જોયો હશે, અને તેના મોહો માહેથી વરાળ નીકલતી માલમ પડેછે. તેમજ તમે તમારા પોતાના મોહો માહેથી બાફ નીકલતો જોયો હસે. હવે એ શું બનાવછે, ગરમીના દીવસ ઊપરતો એ માલમ પડતું નથી. આપણે હવા જે દમ લઈને બાહેર કાહાડીયેછ, તેમાં પણ પાંણીનો બાફ આવેછે. જારે આસપાસની હવા થંડી હોયેછે, તારે આપણાં મોહોડાં માહેથી નીકલતી હવાનો બાફ જરા થંડો થયાથી નજરે પડેછે.

સીο—હા, હવે મને બરાબર સમજ પડી, અને હવે કાંઈ અજબ જેવું લાગતું નથી.

પણ મને એક બીજો સવાલ પુછવોછે. આપણે તાંહાં બરફનું પાંણી રાખવાનો ધાતુનો કુજોછે તેમાં શું ગુણછે, કે તેથી ઘણા કલાક લગી પાંણી થંડું રહી શકેછે?

સાο—એ ધાતુના કુજામાં એક જુદી તરેહની બનાવતછે, એમાં બે પતરાં આવેછે અને વચમાં ખાલી જગાછે. જેમ બરફ રાખવાને મારે ઘર બનાવેછે તેજ પરમાંણે એ પણ બનાવેલુંછે, કે વચમેની હવા બાહેરની ગરમી અંદર આવવા દેતી નથી.

સીο—હું, વારૂં, બરફ પીવામાં ગરમ કે થંડું?

સાο—હાલ મારે કાંમછે, તેથી બીજી જોગવાઈએ સમજાવશ.

---

## મારી એક સાંજની ભેટનો અનુભવ.

### ગરીબોમાં નજરે પડતા દેખાવ.

મુંબઈમાં એક દીવસે મારાં એક ગરીબ સગાંને મલવા ગયો હતો. તે દાહાડે વરસાદ પુર જોરથી વરસતો હતો રસતાઓ ઊપર તેમજ મોહોલાઓમાં કાદવ તથા કીચલ બેહદ થઓ હતો. મોહોલાઓ જાંહાં ગતરોની બરાબર ગોઠવણ નહી તાંહાં પાંણીના ખાબોચીઆ ભરાઈ રેહતા હતા અને તેમાંથી ખરાબ બદબો નીકલતી હતી. વલી મોહોલાઓ એવાતો સાંકડા કે ભાગ્યેજ સુરજનું તડકું નજરે પડે તેથી પેલા ખબોચીઆ નજદીક દશ વીસ દાહાડે સુકાઇ રેહતા હતા; અને એટલા અરસામાં બદબો મારતી વરાલ આખા મોહોલાઓમાં પંદરાઈ નાતવાનોની અંદર રોગ અને દરદ ઊતપન કરતી.

આવા સાંકડા મોહોલાના એક ઘરમાં હમારાં ભલાં પણ નાચાર સગાં રેહતાં હતાં. એ ઘર તરણ માલનું હતું, અને તેમાં છઆત ભાડુતો સંકરાસથી રેહતાં હતાં. તેમાંના તરાસ ભાડુતો નાચાર વીધવાઓ હતી. આ ઘરની ખંડકી ઘણીજ નાહાની તથા અંધારી હતી એટલુંજ નહી પણ હવાએલી અને શરદ હતી અને તેમાં હવા આવવાને મારે આગલાં બારણા સીવાએ એક બારી પણ ન હતી. આવી સાંકડી અને અં

ધારી ખડકીમાં અડકાએલી ઓરતોની ઢોલકીઓ જા ડુક દીસતી હતી.

આ ઘરમાં પેસતાંજ સાંજના તે દીવસે નીચે એક બલતી બતી નજરે પડી. બતી જોતાંજ મનમાં એવો વીચાર આવીઓ કે અંધારાંને સારૂં આખો દા હાડો બતી રાખવી પડતી હશે, પણ મારા તે વીચારમાં હું ઠગાગો, કેમકે બતીની નજદીક એક ફાટેલી સેતરન જીના ટુકડા ઊપર એક બુધી દોસી વીલાપ કરતી બેઠેલી મેં જોઈ. આ દેખાવ જોઈ મારૂં હઇડું ભરાઈ આવીયું અને હું મારાં સગાંના માર ઊપર ચહડી ગયો.

ઊપર જઈ ખબર અંતર પુછું શું એટલામાં એક પારસી ડાકટરને મારાં સગાં દીનબાઈની વહુ આ લીબાઇની છાતી તપાસતાં જોયો. પુછતાં માલમ પડીયું કે તે આજ કેટલુંક થયું ઢાંસાથી હેરાંન હતી તે અવાર નવાર ચલાવીઆ કીધું—ઢાંસો વધીજઈ છાતીપરથી લોહી પડવા લાગું અને હમણાં છાતી ઘણીજ દુખેછે.

ડાકટરે દવાઈ લખી આપી અને પછે મેં ઇંગરેજીમાં તેને પુછીઊં કે સું દરદછે ? તે ઊપરથી તે બોલીઓ કે હકીકત ઊપરથી માલમ પડેછે કે ગરીબી હાલતને લીધે બીચારાંઓને આવાં કેદખાંનાંમાં રેહેવું પડેછે અને અવાર નવાર આ ઘરમાં એક બે બાહુતોને તાંહાં મરણ થવાને લીધે ખડકીમાં અડકાએલાંઓને મારે ઢોલકી માંડી નહી સકાએ તેથી બીચારી આલીબાઇને સીતાંન જમીનની ઊપર એક ખોરીઆનાં કટકા ઊપર કેટલાએક દાહાડા સુવું પડીઊં હતું તાંહાંથી સખત સરદી લાગી અને ઢાંસો થયો. ગરીબી હાલતને લીધે તથા બેપરવાઇથી ચલાવીઆ કીધું અને હાલ તપાસતાં ખહીનો બુરો રોગ લાગુ પડીયોછે એવું માલમ પડેછે. હજુર એ રોગની શરૂઆતછે તેથી મને આશાછે કે જો બરાબર દવા દારૂ કરસેતો એ રોગ વધારે અસર કરશે નહી અને સારૂં થશે.

આ ડાકટર તેની વાતચીત ઊપરથી મને ધરમાતુ નજર આવીયો અને તેમજ આ મારાં સગાંઓની નાચારી હાલત જોઈ કાંઈ "ફી" લીધી નહી અને દવા દારૂ પણ મુફ્ત આપવા લાગો.

ડાકટરની સાથે વાત કરતાં કરતાં હું નીચે મુકવા ઊતરીયો તેવામાં જોઈઅછતો પેલી બુધી દોસી જેની તરીસ વરસની જુવાંન છોકરી થોડાજ દીવસ થયા મરી ગઈ હતી તેનાં પથરોની આગલ રડતી બેઠી હતી, તેનો જીવ ફરી આવીઓ હતો અને આસપાસ એક બે બાહુતનીઓને તેની સારવાર કરતી જોઈ. એક બાહુતની બોલી બા ડાકટર આટલાં દોસાંને જોતા જાવો, બીચારાંનો જીવ ફરી આવીઓછે અને આંગ ટાહડું કરાં જેવું થઈ ગીયુંછે.

ડાકટર બીચારો ખરોજ ધરમાતુ તેથી એક ઘોલકી મંગાવી તે દોસાંને તે ઊપર સુવડાવીઆં અને તરત પોતાને તાંહાંથી દવા મંગાવી પાઈ. બીચારાં દોસાં જરાવારમાં હુશીઆર થયાં અને આંગમાં ગરમી સારી પેઠે આવી એટલે પાછાં પોતાનાં સેતરનજીનાં કટકા ઊપર જઈ બેસવા માંગીઊં. મેં તથા ડાકટરે તેવનને વારીઆં અને જવા નહી દીધાં. તે ઊપરથી દોસાં ઘોલકી ઊપર ઊઠીને બેઠાં અને આંખમાંથી નવધાર પાંણી વરસાવી બોલીઆં. "બાવા આ દુનીઆમાં મારૂં દુખનું સાંભલનાર અને મને દીલાશો દેનાર કોઇજ રહેશે નથી. મારૂં દીલ છેક ભરાઇ રહેયુછે તેથી તમારી આગલ ખાલી કરૂંછ." એમ બોલી એક નીસાસ મુકી તે બોલી "અરે મારી ધારણ—મારી જરી, તું વગર હવે હું કેમ દાહાડા કાહાડસ—હવે હું કોણને બારણે જવસ—મારી પુરીજ કંમબખતી થઈ." એ ઊપરથી મેં દોસાંને કેટલોએક દીલાસો દીધો અને બીજાં ફરજંદો હઈઆત છે કે નહી તે પુછવા લાગો, તે ઊપરથી દોસાં બોલીઆં. "બાવા ફરજંદતો બાર હતાં અને બારો મોટાં જુવાન પાહડ જેવાં થઈને મરી ગીઆં તેમાં આ મારૂં છેલું જહવેર, મારી છેલી આશા તેબી મારી પાસેથી છીનવી લીધી, હવે હું સંધી રીતે નાંચાર થઈ ગઇછું. મારી ઊપરની કાંહાંની સું કેહેઊં કે બાવા મારા આઠ પાહાડ જેવા રરતા કમાતા પુતો અને તરણ વીસથી પચીસ વરસની છોકરીઓ હમો ખંભાતથી મુંમઈ આવી વસીઆબાદ ગુજરી ગીઆં. મારો ભરથાર મરી ગીયો, મારાં છોકરાંનાં છોકરાંઓ મરી ગીઆં તે સંધું મારી છાતી ઊપર પથર મુકી મેં સેહેઊં, પણ હવે જારે મારી એકપુરી દીકરી જે આ દુનીઆમાં મારી છેલી અસકેઆંમત હતી તે ઊઠી ગઈ તારે મારી સંધી અશા—મારો સંધો દીલાસો જતો રહેયો, હવેતો ખોદા મારી તરત દાદ લેતો સારૂં." એમ બોલી વલી દોસાં ઊઠીને જમીન ઊપર નીચે બીછાવેલાં સેતરંનજીનાં કટકા ઊપર જઇ બેસવા માંગીઊં. હમોએ

વલી અરકાવીઆં, તે ઊપરથી બોલીઆં કે બાવા મારી સુના મોહર જેવી છોકરી આ પથરની લાજી ઊપર સુઈને ગેઇ ને હવે હું ઘરડી માંએ સું બીછાંનાં ઊપર સુવૂં ? નહા રે બાવા એ મારેથી બને નહી. દુનીઆંબી મને પીખી નાંખે. એ ઊપરથી મેં સમજાવા માંડીઊં કે દેસાં તમારી ઊપર આ દુનીઆમાં ઘણુંજ ગુજરીઊંચ. તમારૂં દુખ ખરેખર દીલે ધરવા જોગછે, પણ મને પુછવા દેવો કે તમો કેટલા દાહાડા સુધી આ સરદીની સોતાંન જમીન ઊપર પડી રેહશો ? આ જગીઆ એવીતો સોતાન અને ખરાબછે કે તમારાં જેવાં ઘરડાંનેતો જલદીથી કાઇબી દરદ ઊપર નાખી દે. તે કરતાં હવે તમારી આજુ બાજુએ એવું કોઇ નથી કે તમારી ચાકરી કરી શકે અને એકબારગી હોયબી તોબી તેઓને મેહનતમાં નાખી તમારી ઊપર કાંઈબી દુખ ખેંચી લેવું સુનાસેબ નથી. તમારી પાસે હાલ કાંઇ જોગવાઈબી નથી કે તમારૂં પુરૂં પાડતાં દવા દારૂને માટે કાંઇ શજલ પડે. વલી તમે વીચાર કરોછો કે તમારાં વાહાલાં પથરની લાજી ઊપર સુઇને ગીઆં ને હવે તમો બીછાંના ઊપર કેમ જઈને સુવો, એ વીચાર તમારો તદન ગલતછે. જે તમારાં સવરગવાસી થઆં તેઓતો તે દાદગરની દરગાહમાં ફુલના બીછાનાં ઊપર જઈને સુતાંછે—તેઓતો પોતાના માલેક અને ધણી અને ખરૂં પુછોતો પોતાના પીતાજીની પાસે જઈ ખુશીથી બેઠાંછે. તેઓનું રૂહ તમારા વીલાપથી નાખુશ રેહેછે. તમારી બંદગીથી તેઓ ખુશાલ રેહછે તેથી જો તમારાંમાં તાકાત હોયતો ઊઠીને તે સાહેબની એબાદત કરો. દુનીઆં તમોને પીખી નાખશે એ વીચાર પણ ખોટોછે. કેટલાંએક લોકો એવી વખતે ખાવા પીવાનું છોડી દેછે અને ગોયા ખુદાના નીઅમોની સાંમે થઈ સકતાં હોય એવું જુઠું દોલ ઘાલેછે. માણસને ખોરાકની જરૂરછે. ખોરાક નહી લીધાથી માતર બાહેરની દુનીઆને પોતે ગમગીનીમાં ગીરફતાર છે એવૂં દેખડાવા માંગેછે. આપણા વાહાલાંઓના મરણની ગમગીની કાંઈ દુનીઆંને દેખાડવાની નથી. જેવો દુનીઆંને દેખાડવા માંગેછે તેઓ કુરછે—તેઓ ખોરાક નહી લેવાનું દોલ ઘાલેછે, તેઓ નાશકનીવાં આંણેછે. દેસાં તમોતો સમજુછો, તમારી ઊપર શંધુ વીતી ચુકુંછે તેથી જેમ નીચે બેસીને તમારા ખોદાને તેમજ તમારાં વાહાલાંઓને ઇઆદ કરોછો તેમજ ઊપર બેસીનેબી કરી શકશો.

આ મારો ખોલાશો દેસાંને મનપતીજ લાગો તેથી ઊઠીઆં અને બંદગી કરવાને વાસતે પોતાના એકાંત ઓરડામાં ઊપર ગીઆં.

આ બાદ ડાકટર પોતાને ઘેર ગયા અને મેં પણ મારાં સગાંની ખબર અંતર લેઈ રખશુદ લીધી.

## બેનો તમારો તકીઓ.

બેનો તમો તમારી કારીગીરીના નમુના દાખલ એક સોભીતો તકીઓ બનાવોછો. તે તકીઓ આપણાં રૂડાં મનમાં કેટલા રૂડા વીચારો આણી સકેછે? આપણે અવતરીએ છઇએ તેવોજ આપણો પેહેલો તકીઓતો ઘરથી માએછે. બીજો તકીઓ માએનો ખોળોછે. તરીજો તકીઓ દુખ સુખનુ બીછાંનુંછે. અને ચોથો અને આકેબતનો તકીઓ જે ઘોર તે પાછી પુરૂથવી માતાજછે.

આપણી જીંદગીનો એવો હેવાલ જોઇને સેખસાદી કેહછે કે "મકુન તકીએ બર ઓમરે નાપાએદાર"—કે આ નાપાએદાર ઊંમર ઊપર તું તકીઓ ના કર—ઇઆને પાએદારી વગરની ફાંની જીંદગી ઊપર જાહાલો આધાર રાખીઆના કરતાં પેલી જીહાંનનો ખજાંનો હાંસલ કરવાની કોસેશ કર. એ નસીએત જેટલી વખત બોલાએછે તેટલી વખત બોલનાર તથા સાંભળનારના ધીઆન ઊપર જો બરોબર અસર કરતી હનેતો આદમનાં બચાંની હાલત જેવીછે તેવી થાતે નહી.

જોવારે જોવો તમો તમારી નજરે જોવો કે દારાં અને જમશેદ જેવા પાહાદસાહ ગુમ થાઇ ગયાછે, અને તારાજનો કરનાર સીકનદર પોતેબી તારાજ થાયા વગર રહેઓ નથી; તેવારે તસુ તસુ જમીન થકી આપણા થોડા દાહાડાના પરોસીઓ સું આવે શા માટે લડીએ ? જો એક લેખે જોસોતો તેઓ આપણા મેહમાનછે—જો બીજી રીતે જોસોતો તમો

# હાલી—નીઊટન—હરશલ.





એક ગંજાર વડનું ઝાડ, જેનાં અરધા કોશ ઘે
રાવાનાં છાંએઆ તલે હજારો મુસાફરો આરામ અને
આશાએશ મેલવેછે; જેનાં પાન પાતરામાં હજારો પં
ખીઓ વાસો કરેછે, જેનાં ગુલીઆં મથાલેથી જમીન
માં બાઝી મથાલાનાં ગુંબજમાં વધારો કરેછે, તેની
મોટાઈ ખોદાની કીરતીને જેબ આપેછે, તેને એટલો
બાહર કેમ મળીઓ હશે? જે જમીનમાં તેનું થડ તે
ની મદદથી, આસપાસની હવા જે ડાલીઓને રમતી
ગમતી રાખેછે તેની મદદથી, વરસાદ જે પોતાનાં ટી
પાંથી પાંદડાં લીલોતરીનો સણગાર આપેછે તેની મદ
દથી, અને વખત જે નજીવાં બીને ઊધારોને દબદ
બા ભરેલું ઝાડ બનાવેછે તેની મદદથી, એને એટલો
બાહર મલેઓછે. તેમજ જયોતીશ શાસ્ત્રને બાહરમાં
લાવવાને તરેવાર મદદની જરૂર હતી. એમાં મદદ
નીસ તરેવાર શખસો થઇ ગએઆછે. પીથાગોરસ, કો
પરનીકસ, કેપલર, ગેલીલીઓ, તેઓમાનાં ઝલકતા
તારાછે. પણ હાલી, નીઊટન, હરશલ તેઓમાં સુરી
અ ચંદરમાનું તેજ ધરાવેછે.


એડમંડ હાલી એક વખણાએલો જયોતીશ શા
સ્ત્રી, લંડનમાં ઈ૦ સ૦ ૧૬૫૬ માં જનમેઓ હતો.
નીશાળમાં જયોતીશ શાસ્ત્રપર એવું મન લલચાએઊં.
૧૬૭૩ માં એ મદરેસામાં દાખલ થયો તેની આગમ
ચતો એણે હાકા યંત્રની સોએની ચાલ વીશે અવલોક
ન કરયાં. મદરેસામાં ગણીત શાસ્ત્ર તથા જયોતીશ
શાસ્ત્રનાં અભીઆસંમાં એણે પોતાનું મન રોકીઊં.
૧૬૭૬ માં એણે પોતાનો પેહલો રસાલો ગરેહની
ગતીનાં રસતાની બાબદસર બાહેર પાડેઓ. એથી
એની આબરૂ વધી અને એ તરતજ રાજાની નજર
માં આવીઓ. તેણે એને દખશીણ દીશા તરફનાં તા
રાઓનું અવલોકન કરવાને સેનટ હેલીને મોકલેઓ.
બે વરસમાં એણે એ કામ ઘણી મેહનતથી પુરૂં કીધું.
તારપછી એને રાયલ સોસાએટીનો મીજલસી પસંદ
કરવામાં આવીઓ ૧૬૮૬ માં યુરોપની મુસાફરી
કીધા પછી એણે એક મોટા માણસની છોકરી સાથ લગ
ન કીધાં. લોહચુંબકની સોએ બાબદની કલપનાપર
એક ચોપડી એણે છપાવી. જેમાં આપણી પરથવીનાં
ગોલાને એક મોહટું લોહચુંબક એ ગણેછે, જેના ઊત્ત
ર અને દખશીણ ધરૂવ તરફ ચાર છેડાછે એવું જણા
વેછે, અને હોકાયંત્રની સોએમા જે ફેરફાર થાએછે તે
એઓના જોરથી એમ કેહછે. એનો બાપ જે મા
ખુનો ધંધો કરતો હતો તેણે દીવાલું કાહડેઆથી એના
અભીઆસમાં ખલલ પડી, પણ થોડું રહીને ગરેહની
ગતી વીશેના કાયદાની તપાશ કરવા માંડી. એમાં
એને નીઊટનની મદદની જરૂર પડી; નીઊટને જે તેં
ની આગત સવાગત કરી તેથી તે બહુ ખુશી થએ
ઓ. નીઊટન અને હાલી વચે દોસતીનો ગાંઠ બં
ધાએઓ અને નીઊટનનો એક ગરંથ છપાવવાને હા
લીએ બનતી કોશેસ કરી. ઈ૦ સ૦ ૧૬૮૬ મા
હાલીએ પવન, તથા ચોમાસાં વીશે નીબંધ બાહેર
પાડીઓ. વલી દરીઆનાં પાંણીની વરાલ થઈ તે

હવામાં કેમ મલી જાએછે તથા વરસાદ કેમ પડેછે તે વીશે ઈ૦ સ૦ ૧૬૯૧ માં એણે એક ચોપડી છપાવી. વલી ગરેહનો મેલાપ કેમ થાએછે તથા તેથી સુરીઅ પુરથવીથી કેટલો દુરછે તેની ગણતરી કેમ થૈએ તે વીશે એક ચોપડી કાહાડીં. ૧૬૯૨ માં હોકાયંત્રની સોય વીશે એક બીજો નીબંધ બાહેર પાડીઓ. અને તેમાં જે તેણે લખીશીં હતું તેની ખાતરી કરવાને રાજા વીલીઅમે તેને એક વાહાણનો કપતાન બનાવી ૧૬૯૮ માં બાહેર મોકલેઓ. પણ આફરીકા અને અમેરીકા તરફ ફરેઆ પછી એના માંણસોએ ફીસાદ કીધો તેથી તેને પાછું ફરવું પડેશીં. પણ તે પાછો બીજી વખત બાહેર નીકલેઓ અને પોતાની અજમાએશથી પોતાના વીચાર ખરાછે એવું સાબેત કીધું. એની ફતેહને વાસતે રાજાએ તેને જનમ સુધી દરીઆઈ ફોજનાં કપતાન દાખલ અરધો પગાર આપતો કીધો. જરમનીનો શાહ વાલમેશીઆના કીસટાપર એક બંદર કાહડવાનો વીચાર રાખતો, તેથી ઈંગલંડની રાંણી "એન" ની ભલામણથી હાલીની સલાહ તેણે લીધી. શાહ તેને જોઈને ખુશી થએઓ અને પોતાનાં આંગલાંપરની હીરાની વીંટી કાહડી તેને ભેટ કીધી. તારપછી એને ભુમીતીનો પરોફેસર આક્સફોરડની મદરેસામાં થેડવવામાં આવીઓ. તીઆં એને કેટલાક ગરંથ રચેઆ. ઇ૦ સ૦ ૧૭૧૩ માં રાયલ સોસાઈટીનો સેકરેટરી એને થેડવીઓ. ઈ૦ સ૦ ૧૭૧૯ માં એણે જયોતીશ શાસ્ત્રના વડાની ખુરશી મલી, અને જોકે તે વખતે એ ૬૪) વરસની ઊમરનો હતો તોપણ કોઇ મદદગાર વગર એકલો એ અવલોકન વીશ વરસ સુધી કરેઓ ગએઓ. ૧૭૨૭ માં એને લખવો થએઓ તોપણ વીદીઆ હોનર ઊપરથી એણે પોતાનું મન દુર કીધું નહી. ઈ. સ. ૧૭૪૨ માં ૧૪ મી જાનેવારીને દીને ૮૬ વરસની ઊમરે પોંહચી મરણ પાંમેઓ. ધુમકેતુઓ સુરીઅમંડલની સાથ ફરેછે તથા તેઓ સુરીઅની આસપાસ દેડવેલે વખતે ફરેછે એવું સઊથી પેહલાં સાબેત કરનાર હાલી હતો. એક ધુમકેતુ એના નામથી ઓલખાએછે; કારણ કે તે પાછો કેઆરે દેખાશે તેની ગણતરી તેણે આગલથી કીધી હતી. હાલીની વખાણમાં તવારીખ લખનાર કેહેછે કે "હમે વીચારીશીં હતું કે હમારો વીશય તેને એક જયોતીશ શાસ્ત્રના વડા તરીકે, એક ખુદરતી તવારીખ જાણનાર તરીકે, એક ભણેલા પંડીત તરીકે, અને એક ફીલસુફ તરીકે, જાહેર કરવાસર જરૂરનોછે, પણ તેની જીંદગીની તવારીખ પરથી હમે તેને એક સઊથી સરસ નાવીક, એક વખાણાએલો મુસાફર, એક શકતીવાન ઈંજનેર અને એક રાજયઅધીકારીને મલતો શખસ, જોઇને અજાએબ થએઆ વીના રેહતા નથી."

વીલીઅમ હરશલ, એક નામાંકીત જયોતીશ શાસ્ત્રી, ઈ. સ. ૧૭૩૮ માં તારીખ ૧૫ મી નવેંબરે હાનોવરમાં જનમેઓ હતો. પાંચ છોકરાંઓમાં એ બીજો છોકરો હતો અને તેઓને સરવેને તેઓના બાપે ગવઈઆનો ધંધો જે પોતે ચલાવતો હતો તે શીખવેઓ. અઢાર વરસની વએનો થએઓ તારે એના દેશની રીજમીંટના બેંડમાં ચાકરી રાખવામાં આવીઓ; પણ તીઆં કંઈ વધવાની આશા ન હોવાથી ઇંગલંડમાં પોતાનું નસીબ અજમાવી જોવાને ઇ. સ. ૧૭૫૭ માં આવી પોંહચેઓ. અહીઆં કેટલીક અડચણો ભોગવેઆ પછી એને જુદી જુદી જગા મેલવીઓ. જેઓમાં એક લશકરી બેંડ શીખવવાની, બીજી દેવલમાં આરગન વજાડવાની, તીજી જાહેરમાં થતા ગાયણોની ચાકરી હતી. એવી વખતે એણે ગણીત શાસ્ત્ર શીખવામાં પોતાનો ફરસુદનો વખત રોકેઓ અને જેમસ ફરગુસનની જયોતીશ શાસ્ત્ર વીશે લખેલી ચોપડી પર ધેઆન દોડાવીશીં. જયોતીશ શાસ્ત્રની પુર ખુબી સમજવાને એક દુરબીન ઘણી મેહનતે એણે પોતાને હાથે ઈ. સ. ૧૭૭૪ માં બનાવી. એથી બરહસપતીના ચંદરમાં તથા સનીસચરનું કુંડાલું એ જોઈ શકેઓ. તોપણ એથી વધારે સરસ દુરબીનો બનાવવાને એણે તજવીજ કીધી અને પોતાની ખાતરીની એક મલી તીઆં સુધી એણે ૪૩૦) દુરબીનો બનાવી. એ દુરબીનોથી જે એણે અવલોકન કરેઆં તેઓ ઈ૦ સ૦ ૧૭૮૦ માં જાહેર પડેઆં. તેમાં ચંદરમાના પરવતોની ઊંચાઈ વીશે તથા બીજા સીતારા વીશે પણ હતાં. ઈ૦ સ૦ ૧૭૮૧ માં એણે એક ગરેહ શોધી કાહડેઓ જે હમણા "યુરાનસ" ના નામથી ઓલખાએછે. એ શોધથી એ નામાંકીત થએઓ અને તીજા જીઆરજ રાજાએ એને મુસારો આપી જયોતીશ શાસ્ત્ર પર પોતાનો વખત ગુજારવાને શકતીવાન કીધો. તારપછી એણે બીજી કેટલીક ગ્રંથ કીધી અને ઈ૦



સ૦ ૧૭૯૯ સુધીમાં યુરાનસ ગરેહની આસપાસ ફરતાં છ ચંદરમા શોધી કાહડેઆ. તીજા જીઆરજની તરફથી નાણાની મદદથી એક મોટી ચાલીસ ફુટની દુરબીન બનાવી જેનું વજન ૨૧૧૮ રતલ હતું અને જેમાના કાચનો વીઆસ ચાર ફુટ હતો તથા તે કાચની જાડાઈ સાડા તરણ ઈંચની હતી. એ પેહલી મોટી દુરબીનનુ અમે પાસે ચીત્ર આપીએછે. એ દુરબીનથી એણે સનીસચરની આસપાસના છઠા અને સાતમાં ચંદરમાની શોધ કીધી, તથા તે ગરેહપરનાં ડીબાં, તેની આસપાસના પટા, અને ધરૂવ તરફથી તે ચપટોછે એવું તેને માલમ પડેઊં. નીચેનું ચીત્ર સનીસચર ઘરેહનુંછે જેની આસપાસના સાતે ચંદરમા જોવામાં આવેછે તથા તેનીજ આસપાસના કુંડાલાંમાં બે પટા દેખાએછે. એ પટાઓ વીશે તરેવાર કલપના કરવામાં આવેછે; પણ



હજુર સુધી ખાતરી ભરેલો ખોલાશો મલેઆ નથી. ઈ૦ સ૦ ૧૮૨૦ સુધી એણે ઘણાએક નીબંધો બાહેર પાડેઆ. યુરપ અને અમેરીકાની સરવે વીદીઆ હોનરની મંડલીઓએ એને પોતાનો સભાસદ કરી માન આપીઊં. તારપછી બીજા તરેવાર માન ભરેલા ઓધા એને મલેઆ, અને પોતાની બુઢી ઊમર સુધી એક સરખો વખત મેહનતમાં રોકેઆ. એણે બધા મલીને ૫૦૦૦) નવા તારાઓ શોધી કાહડેઆ. ઈ૦ સ૦ ૧૮૨૨ માં, ૨૫ મી આગસટે, સર વીલીઅમ હરશલ સવરગવાસી થએઓ.

સર અઇઝાક નીઊટન વીશે અમે આવતા આંકમાં લખશું.

---

## મકરખોર કુતરો.

જેમ માંણસમાં ફેલ હોએછે, તેમ કુતરામાં પણ હોએછે. માણસ અકલના જોરથી તરેવાર ફરેબ રમેછે, તેમ કુતરો પણ રમેછે. હવે એવું કેહેવામાં આવેછે, કે માણસની માફક કુતરામાં સમજણ શકતી અથવા વાચા નથી. એમજ હોએતો તરેવાર રીતે કુતરો આપણને ઠગવાની વેતરણ કેમ કરેછે તેનો વીચાર આપણીથી થઈ શકતો નથી. એમા સમજણ શકતીછે કે નહી તે વીશે હલ તરત આપણને વીચાર કરવાની જરૂર નથી. એના ડાહપણ વીશે તથા એની નીમખહલાલી વીશે તરેવાર દાખલાથી ચોપડીઓ ભરાઇછે પણ એનાં ફેલ તથા લુચાઈનાં દાખલાની નોધ આપણા જોવામાં આવતી નથી. વાસતે તેવા થોડાક દાખલા જે માલમ પડીઆછે, તે જાહેર કરવાની અમારી ઇચછાછે.

અસલી જમાનાથી કુતરો ભરવાડને તથા ખેડુતને મોટું ઊપીઓગી જાનવર થઈ પડીઊંછે એવું આપણે સરવે જાંણીએ છીએ. અને અસલથી તે હાલ સુધી બકરાંની તથા ખેતરોની ચોકી કરવામાં પોતાનાં ધણીના સેવા બજાવેછે, તેથી જાંણે એવાંજ કાંમને વાસતે ખુદરતે સરજીઓ હોએ, એવું માણસ ગુમાન લઇ જાએછે. પણ આપણને ઇઆદ રાખવું જોઇએ, કે કુતરાને કેલવણી આપીઆ શી

વાએ તે આપણને ઉપીઓગી થતો નથી. કે લવણી મલીઆ પછી પણ એ કોઈ વાર પોતાની જાત પર જાએછે અને અસલી ખવાસ છુપી રીતે પુરો પાડેછે. ગમે તેવું સારૂં ખાંણું ઘેર મલતું હોએ, તોપણ કોઈ વખત તેને કાચાં તાજાં માંસને ખાવાનો એટલોતો શોખ થઈ આવેછે.કે, તે મેલવવાની અજાએબ જેવી યુકતી કરેછે. પોતાનો ધણી જો ભરવાડ હોએતો તેને તાંહાં કંઇ બકરાંનો ટોટો નથી હોતો; તોપણ તે એક પર તરાપ મારવાનો વીચાર કરતો નથી. એ બીચારો પોતાના પડોસીના માલ તરફ પણ આડી નજર કરતો નથી. એ ઊપરથી વારૂં એ એમ નહી વીચારતો હશે કે જેનું હું ખાઊછું તેનુજ નુકશાન કરવું અનઘટારતછે ? નહી બાઈ, એનામાં એથી વધારે દાહાપણછે. એ સારી પેઠે સમજેછે કે ધણીની ચાકરી કરતાં પકડાવશ; તેમજ પડોસીને તાંહાં પણ ઓલખીતો હોવાથી પકડાવાની ધાસ્તી રાખેછે, અને એવી રીતે પોતાના ધણીના તથા પડોસીના નુકશાન વીશે વીચાર ન કરતાં પોતે સજામાંથી છુટો થવાનોજ વીચાર કરેછે. તેથી એવણ ઘણા દુરના ભરવાડના ટોલાં તરફ છુપી રીતે રસતો ધરેછે અને તાંહાં જઈ એક શીકાર કરી, પોતાની ખાએસ પુરી પાડી, નાહી ધોઈ, જાંણે કસામાં છેજ નહી તેમ, પાછા ધુરમાં ખરડાઈ ઘેર તરફ પગલાં ભરેછે. એની એવી લુચાઇ ભરવાડને તથા ખેડુતને માલમ હોએછે, તેથી જો બકરૂં અથવા એવુંજ જાનવર જો મારીઊં ગીઊં હોએતો વધારે ચોકશાઈ રાખેછે. હવે આ ડાહીઓ કુતરો જો એક વખત ફાવીઓ, તો બીજી વખત પણ તેજ ઠેકાંણે તથા તેવેજ વખતે ફરીથી તરાપ મારવા જાએછે અને તેથી કરી ફસેછે. એટલીજ એની ચાલાકીમાં ખામીછે. એ શીવાએ ચોરી કરવામાં બધી રીતે એવોતો પુરો હોએછે કે લંડનનો ગજવાં કાતરૂ પણ હટે.†

એક કુતરાએ એક બકરૂં મારી ખાધા પછી, તરત પાસે તલાવ હશે, તાંહાં પોતાનું આંગ ધોઈઊં, કે જેથી લોહીના ટીપાંના ડાગ નીકલી જાએ. તેમ નાહીઆ પછી બાહાર નીકલી ધુલમાં અલેટાઓ. પછી પાછો પાણી આગલ જઈ મોહાડું ઘાસમાં ઘસીઊં, કે બકરૂં ખાધાની કંઇ પણ મોહાડાંમાં તથા કેથે પણ નીશાન રેહે નહી, અને ઘણેવારે પોતાના ધણીના ઘેર તરફ જવાની હીમત કીધી. તાંહાં એણે પોતાની ઘટતી શજા ભોગવી, કારણકે એના બધા ચારા એક ચોકીદારે જોએઆ હતા. પણ એના ફેલ એમ જોવામાં નહી આવતેતો બીજી કંઇબી રીતે એની ઊપર ચોરીની સાબેતી લાગુ પડી શકતે નહી.

એક કુતરાએ, પોતાના ધણીના ખેતરથી ગાઊને આસરે દુર, થોડાંક બકરાં મારીઆં, તેટલાંમાં બકરાંના ધણીઓને માલમ પડીઊં, તેથી તેની પછવાડે લાગા. તે નાહાસવા મંડીઓ, તેથી પેલા ભરવાડોએ ગોલી મારી તેને ઘાએલ કરીઓ; તોપણ તે નાહાસી ગએઓ. પણ જે રસતે પોતાનાં ધણીનું ઘર આગલ પડે, તે રસતો મુકી દીધો અને લાંબે રસતે દરીઆ કીનારે તરી, બીજી બાજુનો રસતો ધરીઓ, અને પોતાના ઘેરની નજદીક આવીઆથી, પાસે પાંણી હશે તાંહાં પોતાને ગોલીનો ઘાહ લાગો હતો તે સારી પેઠે ધોઈઓ. એમ કીધા પછી પોતાની જે હમેશની જગો શુવાની હતી તાંહાં ગુપચુપ શુઈ ગયો. પેલા ભરવાડો તેની પાછલ લાગા હતા, તેથી તેણે જે કંઇ કીધુ હતું, તે બધું જોઈઊં અને પછી તેના ધણીને જઈને જગાડીઓ અને પોતાની ફરીઆદ કીધી. ધણી જારે કુતરાને જોવા ગઇઓ તારે તેતો ગરીબ બાપડો કસામાં છેજ નહી અને જાણે ભર ઊંગમાં પડીઓ હોએ તેમ દેખાવા લાગો, પણ પેલા ભરવાડોએ જે ગોલી મારી હતી તેનો ઘાહ દેખાડીઆથી ધણીની ખાતરી થઇ અને તેને પુરતી શજા કીધી.

એક કુતરો પોતાના ધણીના ઘરથી પા માઈલ દુર એક બકરાંને મારતાં સપડાએઓ. તેવામાંજ તે નાહાસી જઈ પોતાનો ધણી ઘર આગલ બેઠો હતો, તાંહાં એક બીજા કુતરાને સુતેલો જોઈ, પોતે પણ તેની પડોસમાં જઈ ગુપચુપ સુઈ ગએઓ. પણ પછવાડે જે સખસે તેને જોએઓ હતો તે આવી પોહાંચીઓ અને તેના ધણી આગલ ફરીઆદ કરવા લાગીઓ; તે વખતે જે કુતરો નીરદોશ હતો, તે ખરેખર ભર ઊંગમાં પડી રહીઓ; પણ પેલો ચોર કુતરો આસતે રહી

† નોસારીમાં તથા એવાંજ ગામડામાં કુતરો ચોરી કરવામાં કેવી ચાલાકી દેખાડેછે, તેના દરરોજ દાખલા મલતા રેહેછે. કારણ જે તાંહાં જંગલી કુતરા ઘણા હોએછે અને અહીંઆંની માફક પકડવામાં આવતા નથી. રોટલી અથવા ગોસ દરએક ઘરમાં કોઈ રીતે રાખેછે તે કુતરો જાણેછે. બારણીની બારી ઉઘાડી જોઈ, તે તરફ ઘરમાં પેસી, આસપાસ કોઈ નહી હોએતો, જે આગલ ખાવાની ચીજ હોએ તેની પર તરાપ મારી નાસાસેછે. ચોરી પર પકડીઆં ણી તેને ગરમ દેતી પછવાડે પેહેર દોડેછે.

ઊઠીને, નહી જણાએ તેમ, એક ઘર પાસે ભોંઅત લીધું હતું, તાંહાં સંતાઇને સુઈ ગએઓ. એ ઊપર થી માલમ પડેછે કે એ કુતરો પેલા શખસને ઓલખ તો હતો; એટલુંજ નહી, પણ જાંણે તે ધણી પોતાનેજ વાસતે ફરીઆદ કરેછે એવું પણ શમજતો હતો.

એવી રીતના ચાલાકીના દાખલા કોહલાંમાં પ ણ જોવામાં આવેછે; તેમજ બીલાડી પણ એવી ઠગાઈ કરેછે. તોપણ કુતરો માણસની માફક ખોટો દેખા વ કરી, પોતે ગુનેહગાર નથી એવું જણાવા માંગેછે, તેવું બીજાં જાનવરમાં જોવામાં આવતું નથી.

આ બીના પુરી કરવા આગમચ, એક કુતરી એ કરેલી ઠગાઈ, તથા તે ઊપરથી તેના બચાંની ઊપરના પીઆરનો, એક દાખલો નીચે પરમાંણે નો ધાએઓછે. એક ઘરહસથને તાંહાં કુતરી હતી; તે કુત રીએ બે વખત બચાંનો જનમ આપીઓ; પણ બેઊ વખતે તેઓને દરીઆમાં હુબાવી મારી નાંખવામાં આવીઆં હતાં. તેથી જારે તીજી વખત બચાં થ વાની તઈઆરી હતી, તેટલામાં તે કુતરી ગુમ થઈ ગ ઈ; અને તેનો કેથે પતતો લાગો નહી. થોડા દાહાડા પછી; તે પાછી માલમ પડી; પણ તે વખતે એવું પણ માલમ પડીઊં, કે તેણે બચાંને કેથે જનમ આપીઓ હશે. એ બચાંની ઘણીબી શોધ કીધી; પણ કંઈ થા ગ લાગો નહી. પછી કેટલેક દીવશે દરીઆ કીનારે એક ખડક હતો, તાંહાં તેઓ જોવામાં આવીઆં અને તે પણ એવે ખુણે હતાં કે તેઓને લઈ શકાએ નહી.

આ કુતરીએ બચાંને જનમ આપવાની આગ લજ, તેઓના સંભાલ વીશે વીચાર કીધો હતો, એ સાફ માલમ પડેછે.

## ખોટા વીચારો.

### મુએલું જનમેલું બચું—માએનો ખોરાક.

ઘણી વેલા બચું મુએલું જનમેછે. તે વખતે માએ પોતાની તંદરૂસતી વીશે ઘણી ધાસતી રાખેછે, અને એમ સમજેછે કે મુએલાં બચાંનું ઝેર માએને ચ હડેછે, અને જો તેથી તેના જાંનને નુકસાની નથી થ તી, તો તેને બીજાં તરેહવાર દરદો થશે; અને એવી ધાસતીને દુર કરવાને માટે ખાધખોરાકની ઘણી તજ વીજ કરેછે. દશ બાર દીવસ લગી થોડોએક ચો ખાની રોટલીનો કટકો અને ચાહના પાંણી શીવાએ બીજો કાંઈ પણ ખોરાક લેતી નથી; તે થંડું પાંણી પણ પીવાને ડર રાખેછે; બીછાંનાં ઊપર પડી રેહે છે અને પોતાના ઓરડાના બારી બારણા બંધ કરે છે અને જરા પણ પવન આવવા દેતો અને મગ જે પવન ચહડી જવાનો, એ બેઊ સરખું ગણેછે. એ વીચારો તદન ભુલ ભરેલાછે અને તે દુર કરવા ની જરૂરછે, કાંયેકે એવા વીચારોથી ફાએદો થયાને બદલે ઘણી વખતે નુકસાન થાયેછે.

આપણા લોકોનો વીચારછે કે જો માએના ઘ રભમાં બચું મરી જાયે અને જો જલદીથી તેને મા એથી છુટું કરવાના ઊપાયે નહી થાયેતો, માએને ઝે ર ચહડીયા વગર રેહેજ નહી એવા વીચારથી તેવો ઘણા ફીકરમાં રહીને બચાંને છુટું પાડવાની ઊતાવલ માં પડેછે અને તે માહેથી ઘણી વેલા માએના જાંન ની નુકસાની થાયેછે અને જે તેવો દુર કરવા માંગે છે તેજ આગલ આવેછે. જારે માએ સમજેછે કે તે નું બચું ઘરભમાં મુએલુંછે અને આસપાસના લોકો તેને જલદીથી દુર કરવાની પેરવીમાં ફરેછે, અને તે વોની ધાંધલ જોવાથી પોતાનો જાંન ધાસતીમાંછે એ વો ડર રાખેછે, અને જારે તરેહવાર ઊપાય કીધા છ તાં બચું છુટું પડી શકતું નથી તારે તે ફકરની મા રી વધારે મુંજેછે, અને એ માહેથી શું નીપજેછે? કા લનો દુકાલ આજે પડેછે; તે બીચારી મુએલાં બચાંનાં ઝેરથી નહી પણ માતરે ધાસતી ખાધાથીજ મરણ પામેછે; અને જારે એવો બનાવ બનેછે તારે અણઘડ લોકો ખરેખરૂ માંનેછે કે મુએલાં બચાંનું માએને ઝે ર ચહડીયું.

તપાસ અને અજમાયસ ઊપરથી માલમ પડી યુંછે કે મુએલું બચું માએના ઘરભમાં તરણ ચાર મ હીના લગી રેહેછે, અને તે માહેથી માએને જરા બે ચેની શીવાએ બીજો કાંઇ પણ અવગુણ થતો નથી; અને કોઈ પણ માએ મુએલાં બચાંનાં ઝેરથી મરણ પાંમી નથી. એ વાત ઘણી અજાએબ જેવી લાગશે અને ઘણાં જણને એ વીશેનો શક આવશે, પણ શક લાવવાનું તેવોને કાંઇ પણ કારણ નથી. જારે એ પરમાંણે લાંબી મુદત લગી માએ વગર અડચણે મુ એલું બચું લઈને ફરેછે, તારે એક બે કલાકમાં મ

એને ઝેર ચહડી જશે, એવો વીચાર કેવો ખોટોછે; અને બચું જલદીથી છુટું પાડવાની ફીકર અને ધામ ધુમ ફાયદો કરેયાને બદલે કેવી નુકસાનકારકછે.

જેમ આપણને દરદો થાયેછે તેમ ઘરભમાં પણ બચાંને તરેહવાર જાતના દરદો થાયેછે. કેટલાંએક દરદો માએથી ઊતરેછે.. તપાસ ઊપરથી એવું માલમ પડીયુંછે કે જારે માએને તાપ આવેછે તારે બચાંને પણ ઘરભમાં તાપ આવેછે. પણ કેટલાંએક દરદો પોતાની મેલે પેદા થાયેછે. જેમકે સહીઆડ, ગોવરૂ, આમરીના દરદો. કરમ, જલંધર, કમલો, ગોરાનો મરજ ઈતીઆદી. એવાં દરદ થયાથી બચું ઘણી વેલા ઘરભમાંજ મરણ પાંમેછે, પણ તેનાં મરણથી માએને કાંઈ પણ જાતની ઈજા થતી નથી. જારે બચું મરણ પાંમેછે તારે પોતાની મેલેજ અધુરે મહીને તુટી પડેછે, અને ઘણી વખતે બેમાલમ પુરા મહીના લગી ઘરભમાં વગર અડચણ કરવે રેહેછે.

જે બચું જનમતાંજ મરણ પાંમેછે તેની માએને કાંઈ પણ દરદ થવાની ધાસતી નથી, અને તે માએને કાંઈ પણ જાતની ચોકસ પહરેજી કરવાની જરૂર નથી. તેનો ખોરાક બીજી સુવાવરી ઓરતોના જેવો જોઈએ. (સુવાવડી ઓરતોના ખોરાક વીશે ગયા આંકમાં પાંને ૧૨૮ મેં જણાવીયુંછે.) જે લોકો થોડી રોટલીનો કટકો ખાયેછે અને પાંણી પીવાને પણ બીહેછે, તે લોકો મોહોટી ભુલ કરેછે. તદન પહરેજી કરેયાથી નાકવતી થાયેછે અને ફાયદો કરેયાને બદલે ઊલટો ગેરફાયદો થાયેછે; અને કાંઈ પણ દરદ નીકલી આવેછે.

વલી જે માએના ઘરભમાં બચું ઘણી મુદત લગી રહીને પછી જનમેછે, જે બચાંનું બદન કોહી અને સડી ગયલું માલમ પડે, તેવી માએને તાપ અને બીજાં દરદો થવાની ધાસતી રેહેછે, અને તેને તે વખતે ખોરાક વીશેની માવજત ઘણી અગતનીછે. જો એવી ઓરત તદન ખોરાક મુકી દે અને થોડી રોટી અને જરા ચાહેનાં પાંણી ઊપર રેહેતો, તેને ખચીતથી દરદ થયા વગર રેહે નહી અને તેનો જાન પણ ધાસતીમાં આવેછે. એવી હાલતમાં કુવતદાર ખોરાકની ઘણી જરૂરછે, શોરવો, દુધ, ઈંડાં, વાઇન અને એવોજ બીજો કુવતમંદ ખોરાક આપવો.

---

# પરચુટણ.

દોલત પાક દામનથી મેલવજે;
દોલત ઉદારપણાથી કામમાં લાવજે;
દોલત સમજથી વાપડજે.

---

જો દેવલના ઘડીયાળને ૭ તકોરી વાગંતાં ૩૦ સેકંડ થાયેતો બાર તકોરી વાગતાં કેટલી સેકંડ થશે. જવાબ. ૬૬

---

મનોરંજક અને મુસતકીમ કાંમમાં મશગુલ થાયાથી જીંદગીનું દુખ સઘલું કપાઈ જાયેછે અને હલકું થાયેછે.

---

ઈંગલંડ દેશમાં દર ૧૦૦ આદમી માહેથી ૮૯ મરદો પોતાના દોસત અને ૭૮ ઓરતો સહી કરી શકેછે.

---

જારે કાંમ થઈ રેહેછે તારે લોકો સીખામણ દેવા આવેછે.

---

જે કાંમ આપણ પોતાથી બની શકે તે કરવાને કદી પણ બીજા ઉપર આશા રાખતા ના.

---

આપણને પીઆર કોણ લાગેછે—જે નાહાના છોકરીના મોહો માહેથી મધુર બોલો, પેયાર ભરેલા વીચાર અને ખુશ હસવું નીકલેછે. જેને સહીપણીઓના દુખને માટે પોતાનુ દીલ દુખી થાયેછે; જેના મોહો માહેથી કદી પણ ગાળ ઈયા કલાંત સખુન નીકલતા નથી. તે પોતાની માએને કદી પણ ખીજવતી નથી અને તેનું સુખ કમતી કરવાને બદલે વધારવાની કોશેશ કરેછે.

---

ઓરત વીશ વરસની થાયેછે તારે તેને છેલા દાંત આવેછે અને તે દાહાપણમાં આવી એમ કેહેવાયેછે. આ જનાં વખતમાં ઓરતને દાહાપણ આવેછે તેની અગાઉ તેની આગલ બે તરણ બચાં રમેછે. અજાએબ જેવું એછે કે જારે બચાંને દાંત ફુટવા માંડેછે તારે માએને પણ દાંત આવેછે.

---

ઘણું કુવતમંદ ઓશડ—તાજાં ઈડાંની દાર અને થોડી ખાંન લેઈ તેમાં જરા બરાનડી દારૂ નાખીને મેલવવું. ઈડાંની સફેદીને ખુબ હીલવીને દાર સાથે મેલવી, પછી તાજાં દુધથી તંબલર ભરવું અને તેમાં થોડું જાયફલ નાખવું.

---

ઘણાંખરાં માંબાપો પોતાનાં બચાંની ખરાબ ચાલ ઉપરથીજ સીખેછે કે તેવોને કેવી રીતે કેલવવાં જોઈએ.

---

સહુથી એધી કોણને કહીએ ? જે ચાડી ચુગલી ખાઈને જીવેછે તેને.

---

કેટો નામનો મોહોટો અધીકારી એમ કહી જાયેછે કે તેની જીંદગીમાં તરણ ચીજ કીધાથી તેને પસતાવું પડી

યું હતું. ૧ લું, જારે તે જમીનને મારગે જઈ શકતો તો પણ દરીયેથી ગયો. ૨ જું, એક દાહાડો વગર કાંમ કરવે ગુજારીયો હતો. ૩ જું, પોતાની બાઈરીને પોતાની છુપી વાત કહી હતી તારે.

---

દુખી કોણ હોએછે ? પાજી, નીચો, અસંતોશી, મીરડાઉ, વેહેમી, અને ટુકરખોર.

---

આપણું દીલ એક નાહાની ચીજછે. પણ તેની ખાહેશ ઘણી મોહોટી હોયેછે. તે એક ગીધ પક્ષીનો ખોરાક જેટલું નથી પણ તેને આખી દુનીયાં થોડી પડેછે !

---

જુગારીને સીખામણ—કીયો પાસો નાખેલો સરસ કેહેવાયે ? પાસાને દુર નાખી દેવો એજ સરસછે.

---

મી૦ રેની નામના એક શખસે ઠંડાં પાંણીને ગતી આપીને ઈઆને હીલવીને તેમાં ગરમી પેદા કીધી હતી અને તેમાં એક ઈંડું લુજી કાહાડીઉં હતું. સુમારે દસ રતલ પાંણી લેઈ તેને સાંચાંની મારફતે એક મીનીટમાં ૨૩૨ વખત હીલવીને ફરતું કરી તેમાં ગરમી આંણી હતી.

---

**વાઈન દારૂનો રંગ પારખવાની રીત**—વાઈન દારૂને કેટલીક વખત રાતો રંગ આપવામાં આવેછે તે પારખવાને એક સાફ વાદલાંનો કટકો લેઈ તેમાં બોલવો અને પછે તે પાણીમાં બોલવો, જો રંગ આપવામાં આવીઓ હશેતો પાંણીમાં તરત રંગ ઓગરી આવશે પણ જો તેમ નહી હશેતો અરધો કલાક સુધી પાંણીમાં રંગ આવનાર નથી.

---

ઈંગલંડની પોસટ આફીસની પેદાસ હાલ એક કરોડ અને પચાસ લાખની ગણેઆમાં આવેછે અને દર વરશે તરીસ લાખની પેદાસ વધેછે એવી ગણતરી કીધામાં આવીછે.

---

રૂશીઆની અંદર "જુરી" ની મારફતે અદાલતમાં તપાસ કરવાનું હમણાંજ શરૂ થએઉંછે.

---

હરએક ચીજને ગાંરે સાબુત રેહવું અને હરએક ચીજને હુશીલાઈથી વલગી રેહવું એ બે જેમ એક એકથી ઉલટાંછે, તેમજ હીમત અને હુલશાઈ; ખરા ધરમઆચારીપણું અને મંમત અથવા ધરમનું જહનુન, એક એકથી ઉલટાછે.

---

ઈંડાંનો આકાર ગોળ અને લાંબો કાંયેછે ? કુદરત જે ચીજ બનાવેછે તે કાંઈ પણ કારણસરછે, સઘલી ચીજમાં મતલબછે, પણ ઘણીવાર આપણી અકલ તે મતલબ પકડી શકતી નથી. ઈંડું એક દડી જેવું ગોળ હતેતો ચાલતે કે નહી, તે ગોળછે તે સાથે લાંબું કાંયેછે ? એવો આકાર થણાએક કારણને લીવે કુદરતે બેદાંને આપેલોછે. એવા આકારને લીધે તે ઘરબમાં સેહેલથી સમાઈ શકાયેછે એટલુંજ નહી પણ તે સેહેલથી બાહેર નીકલી શકેછે પણ એ શીવા એ બીજું કારણ હાલ માલમ પડીયુંછે અને તેમાં તે અજીમ કુદરતનું દાહાપણ માલમ પડી આવેછે. હાલ વેલાતમાં સાંચાની મદદથી ઈંડાંને સેવણ બેસાડવામાં આવેછે. હવે એવું માલમ પડીયુંછે કે જો ઈંડાંને એક છેડા ઉપર રાખીયું હોયેતો તે માહેનું બચું મરણ પાંમેછે. હવે જો ઈંડાંનો આકાર બરાબર ગોળ હોતેતો કદી પણ બચાં પેદા થતે નહી. દરએક પખશીના ઈડાં થોડાં કે વધારે લાંબાં અને ગોળ માલમ પડીયાંછે. એવા આકારનીજ શું ગરજ પડી અને ઈડું ઉભુ રાખીયાથી બચું શા મારે મરી જાયેછે તેનું મુળ કારણ બરાબર કેહેવાઈ શકાતું નથી. ઓરતના ઘરબમાં બચું ઘણુંખરૂં ઉલું અને ઉધું રેહેછે પણ તે કેમ જીવી શકેછે ? વળી માણસથી કદી પણ ઉંધું લટકાઈને રેહેવાતું નથી, અને એવી હાલતમાં તે શા મારે મરી જાયેછે ? એના ખરાં કારણ તે અજીમકુદરતનો સાહેબજ સમજી શકેછે.

---

## રમુજે ફુરસત.

૧ લું—એક ચાર અક્ષરનો બોલછે, તેમાં એવી ખુબીછે કે જે અક્ષર જોઈયે તે તેમાં મલી આવેછે તે બોલ શુંછે તે કહો.

૨ જું—હું એક દીવશે ખેતરમાં ઉંઘાડે પગે ફરતો હતો તેવામાં મને કાંઈ મલીયું; મલીયું પણ જડીયું નહી, સોધીયું તે ગમીયું નહી, જડીયું નહી તારે ઘર લઈને આવીયો, કહો એ શું ચીજ હતી.

૩ જું—એક વાઈન દારૂનાં વેપારીએ પોતાનાં મુનીમને હોકમ કીધો કે પોતાનાં ઘરનાં ભોયેડામાં (૩૨) સોજાં વાઈનનાં પીપ આ પાસે આપેલા કોઠા મુજબ વચમાંથી ગોઠવવાં જેથી ફરતી ચારે બાજુથી નવ ગણાયામાં આવે. પેલા મુનીમે તેમ કીધું અને પછે તેમાંથી તરણ જુદી જુદી વખતે ચાર ચાર પીપ ચોરી કરી (૧૨) પીપ પસાર કીધાં; પણ એ ચોરી એવીતો હુશીઆરીથી કીધી હતી કે દરએક ચોરી પછે જારે પેલો વેપારી તપાસ કરવા ગયો તારે પેલા મુનીમે તરણુંડે વખત પેલાં બાકી રહેલાં પીપો એવી રીતે ગોઠવીને મુકેલાં હતાં કે પેલો વેપારી દર વખતે ફરતી ચારે બાજુથી પાછાં નવ નવ ગણી ગયો હતો; તે કેમ ?

| | | |
|---|---|---|
| ૧ | ૭ | ૧ |
| ૭ | | ૭ |
| ૧ | ૭ | ૧ |

૪ થું—હેવું કીયું તે એક ઝાર,
જેની ડાહાલછે બાર.
સાંભલ ચતુર ઈનશાંન,
તે એક એક ડાહાલે તીસ તીસ પાંન.
એટલું શાંભલી તું નાથા ઢંગ,
તે એક એક પાતરે બબે રંગ.
તેમાં એક ઉજરો બીજો કારો,
તે શું બેહનો શોધી કાહારો.

(બાહારથી મલેલું.)

## ખોલાસો અઈ વેલાનો.

૧ લું—સરસ.
૨ જું—તરવાર.
૩ જું—શોમવ.

---

## આશા કોઈની પુરી નથી થઈ તે વીશેનું પદ.

તૃષ્ણા કોની નવ ભાગી ત્રિલોકમાં,
તૃષ્ણા કોની નવ ભાગી;
રાજાને રંકને જોગીને ભોગી,
આશા ઉમેદ સઉને લાગી; ત્રીલોકમાં; ટેક.

કોઈ તન દુખિયા કોઈ ધન દુખિયા,
અન્ન દુખિયા રહે અલાગી;
પુત્ર પરિવારની આશા સંસારમાં,
વિશ્વ રહ્યુંછે સઉ માગી; ત્રિલોકમાં. ૧
આશા પુરણ કોની નથી જગતમાં,
તૃષ્ણા બાંધીછે આધિ આધિ;
ભર નિંદ્રામાં ભલા ભમેછે,
કોઈયે ન જોયું જાગી; ત્રિલોકમાં. ૨
અપરંગ વેપારનો પાર ન આવ્યો,
કાળની તો નોબત વાગી;
લેવું દેવું ધન માલ મુકીને,
તત્ક્ષણ ચાલ્યા ત્યાગી; ત્રિલોકમાં. ૩
સંતશીરોમણ મોટા કહેછે,
સમજે સવારા સોહાગી;
દાસ જીવન પ્રભુ મહા પદ પામ્યો,
ભકતી ભૂતળ લીધિ માગી; ત્રિલોકમાં. ૪

---

## મરણની ચેતવણીનું પદ.

મન તુંહી તુંહી બોલે રે, આ સુપના જેવું તન તારૂં;
અચાનક ઉડી જાશે રે, જેમ દેવતામા દારૂ; ટેક.

ઝાકળ જળ પળમાં વળિ જાશે, જેમ કાગળને પાણિ;
કાયાવાડી તારી એમ કરમાશે, થઈ જાશે ધુળધાણિ;
પાછળથી પસ્તાશો રે, મિથ્યા કરી મારૂં મારૂં;
મન તુંહી તુંહી. ૧.

કાચનો કંપો કાયા તમારી, વણસતાં નહિ વાર;
જીવ કાયાને સગાઈ કેટલી, મુકી ચાલે વનમોઝાર;
ફોગટ ફુલ્યાં ફરવું રે, ઓચિંતુ થાશે અંધારૂં;
મન તુંહી તુંહી. ૨.

જાયું તે તો સર્વે જાવાનું, ઉગરવાનો ઉધારો;
દેવ ગાંધર્વ રાક્ષસને માણસ, સઉને મરણનો મારો;
આશાનો મેરૂવ ઉંચેરે, તિરૂં આ કાચું કારભારૂં;
મન તુંહી તુંહી. ૩

ચંચળ ચિત્તમાં ચેતીને ચાલો, આલો હરીનું નામ;
પરમારથ જે હાથે તે સાથે, કરો રહેવાનો વિશ્રામ;
ધીરા ધરા ધરધીરે, નથી કોઈ રહેનારૂં;
મન તુંહી તુંહી. ૪.

---

## પોંહોંચ.

### સરવે જરતોશતીઓને વાંચવા લાએક ચોપાંનીઆં.

જરતોશતી અભીઆસના તરણ આંક હમોને મલીઆછે તેની પોંહોચ માન સાથે કબુલ કરીએ છઈએ. આ ચોપાંનીઊ મી. ખરશેદજી રૂશતમજી કામાજીની કલમથી લખાએછે અને તે મધે જરતોશતી ધરમને લગતી બાબદો ઊપર લખવાને સરવે ધરમ ગુરૂઓને તેમજ મજહબથી વાકેફ શખસોને છુટ આપીછે આ લખનાર પોતાની મતલબ એવી જણાવેછે કે હાલ એ ઘણી જરતોશતી ધરમનો અભીઆસ કરેછે તેમાં જે જે અગતની બાબદો તેને માલમ પડતી જશે તે તે બાબદો તે આલમને જાહેર કરતો જશે. જેથી જરતોશતી આલમ જે પોતાના ધરમને લગતી ઘણીખરી બાબદોથી અતીઆર સુધી અધારામાંછે તેઓને વાકેફગાર કરાએલા થાએ.

આ લખનાર જરતોશતી ધરમને લગતી બાબદો જે આજ સેંકડો વરસો થયાં અધારાંમા અને ગુચવારામા આવી પડીછે તેને વીદીઆના ઊજાસ અને અકલના તેજથી અજવાલાંમાં આણવાની કોશેશ કરેછે, તેમા જરતોશતીઓની તરફથી પુરતી મદદ મળતી નથી એ ખરેજ દલગીરી ભરેલુછે. દીનદાર દસતુરજી સાહેબ અને ધરમનું ગનેઆન ધરાવનારા બીજા સાહેબો નવી નવી બાબદો વીશે લખી આ ચોપાંનીઆંને મદદ અને નાવાકેફ જરતોશતીઓને ગનેઆન આપવામાં પછાત પડેલા દીસેછે તેમજ દીનદારમા ખપનાર અને બીજા જરતોશતીઓ જેવો સાધારણ બાબદો દીનનુ જહુન દેખાડેછે અને દીનથી વાકેફ થવાને ઘણાજ ઊમેદવાર હોએ એવું બતલાવેછે તેવો આ એક અરધા રૂપીઆની કીમતના ચોપાંનીઆને ખરીદી વાચે નહી એ પણ ભારે અફશોશ કરવા જોગ વાતછે

એ ચોપાંનીઆંનો જેટલો ખપ હમોને માલમ પડીઓછે તે ઊપરથી હીમતથી કેહવાને બની આવેછે કે જરતોશતીઓમાં ધરમનુ ખરૂ જહુન ઇઆને પોતાના ધરમને અજવાલામાં લાવવાને અને તેનું ગનેઆન મેળવવાને જાઝુ કાળજી દીસતી નથી.

હમો કાઇ એવુ કેહવા માંગતા નથી કે એ ચોપાંનીઆંમાં જેગી કાંઇ આવેછે તે સઘું વગર શકે ખરૂં અને મુશતકીમછે, પણ આ ચોપાનીઆનો લખનાર ખરાં દીલ અને હેતુથી જે આપણા પવીતર ધરમ પછવાડે મેહનત લેછે અને આપણી સાંમને જેટલુ ધરેછે તે ખરેખર આપણ સરવે જરતોશતીઓને જાણવા જોગછે. તેમ આ તેમજ બીજાં ધરમને લગતા ખોલાસાના ચોપાંનીઆં તથા પતરો વાચવાનો આપણાં હમજતીઓમા શોખ વધેશો જોવાને હમો ઇનતેજાર છઇએ.

આ લખનારની મતલબ પાર પડે અને સરવે જરતોશતીઓને જેમ મલે એટલા માટે હમો એવું ઇછીએછ કે દીનદાર દસતુરજીઓ પોતાની કલમ કશે અને સરવે જરતોશતીઓ આ ચોપાંનીઊં વાંચી પોતાના ખાલેશ ધરમની ખુબી જુએ.

---

# સ્ત્રીબોધ

પુસ્તક ૧૦ મું. · સપટેમબર ૧૮૬૬ · આંક ૯ મો.

## કરણી તેવી પાર ઉતરણી,

અથવા

## બદી—રેહ છુપી કદી?

—ooo—

કેકાઉસ ··· ખોરાસતાન શેહેરનો શાહ
ફીરોજ ···· કેકાઊસનો ભતરીજો અને મરનાર શાહ ફરામરોજનો બેટો
પાહાલન ·· કેકાઊસનો વજીર
નોદર ···· પાહલનનો છોકરો
ગુલબાનુ ·· ખોરસતાનની રાણી અને ફીરોજની મા
મેહેરબાનુ · પાહાલનની છોકરી
તુસ ······ એક અમલદાર
હોશંગ ··· ફીરોજનો દોસત
સીપાઈઓ, સરદારો, ચાકરો, ઈતીઆદી

તથા એક ભુત (ખોરસતાન શેહેરના મરણ પામેલા શાહ ફરામરોજનો દેખાવ)

---

### પરકરણ ૯ મું.

### બાદશાહ તથા નોદર.

બાદશાહ—હા, અલબત ખુનીને દેવલ સરખાં પાક મકાનમાથીબો બંચાવવો જોઈએ નહી, કીનાની હદ કેચે પણ કદી હોવી ન જોઈએ. પણ નેક નોદર ફીરોજતો હનણાન આવી લાગવાનો, માટે તને શું કરવુ જોઈએ? તું તારા ઓરડામા ચુપચુપ બંધબસ થઈ બેશી રેહજે, અને ફીરોજ અતરે આવી લાગશે એટયે તેની હજુર તારી વખાણનુ વજંતર વજાડવાને અતરે હું થોડાક અમલદારોને તઈઆર રાખશ, જેઓ પેલા કાબુલીએ કીધેલી તારીફનાં કરતા તારી વખાંણ વધારે ગાશે આ ઉપરથી ફીરોજ ભોલાપણે તારી સાથ કવાએતની લડત માગીઆ વીનાં રેહશે નહી, જેથી હમો તને તુરત બોલાવશું અને લડવાને માટે થોડીએક તલવારના કોઈતા તઈઆર રાખી તમને આપશું. આ કોઈતાઓ મધે એક તેજી તરવાર હું છુપાવી રાખશ તે તું જાંણે આશરે ઉપારી લેતો હોય તેવુ દોલ કરી લઈ લેજે, અને તેથી ફીરોજ સાથ પટાના થોડાએક હાત રમી અંચીતો તેને એક ઘાહ દેજે એટલે તારા મરનાર બાપનાં ખુનનુ વેર વલીયુ એમ જાંણવું.

નોદર—હા, ઠીકછે, હું એમજ કરૂં. વલી તે સાથે એક બીજી કરામત મને સુજ પડેછે, તે એકે એક કાનફટી આ વઈદ પાસેથી મને એક ખાલાનો રસ મલીઓછે, જેની ખાશીએત એવીતો ઝેરીછે કે એક છરીની અણી તે મધે બોલીને કોઈને સેહજ ઘસો ઈઆ ઘાહ કીધો હોયતો તે ઘાહ સદા વેહતો રેહછે અને પુરૂથવીની કાઈ પણ દવા અથવા મલમપટાથી રૂઝનાર નથી—શેવટ મોહતથીજ તે રૂઝે માટે મારી તલવારની અણી ને રસ મધે હું આગમજથી બોલી રાખું, અને પટા ખેલતી વેલા સેહજ તેનાં બદનને લગાડું તો તેનો જાન ખતા થયા વીના રેહનાર નથી

બાદશાહ—વા એબી તાલ ઠીકછે, પણ એ બાબદશર એક બે હીકમત કાઈ બસ નથી—કામ કરવુ તો પકુ અને પુરેપુરૂં કરવું, નહીતો તેમા હાત ઘાલવોજ નહી, માટે હજુર બાજી એક વધારે ગોઠવણ કરી મુકીએ આપણે જાંણીએછ કે કવાએત, કસરત અથવા લડાઈમા ગુથાયા પછી માણસને પાણીની પેઆસ ભારે લાગેછે, ફીરોજ પણ તારી સાથે બાથ લીધા પછી પેઆશો થશે અને પાણી માગશે એમાતો શક નહી, માટે આપણ હમણાથી પાંણી મધે સોમલ ડોહવીને તઈઆર રાખીએ એટલે તેને તુરત આપી દેતા વીલમ લાગે નહી કેમ વારૂ વલી આ ગોઠવણથી ઉપલી બે તદબીરોને ટેકો મળેછે કે નહી!

(એવામા રાણી ગુલબાનુ આવી લાગેછે)

હો, હો! પેઆરી બાનુ કેહવી ખબર?

ગુલબાંનુ—દલગીરી અને દુખ દુનીઆમા દોડી આવે એકદમ,
જુઓ ગઈ નથી એક, બીજીએ ભરીઉ છે કદમ.
નેકીના નર, ઓ પેઆરા દોસત, નોદર,
ઘણી ઘણી તારે માટે લાવીઉં હુ ખબર.

નોદર—અરે, મેહેરબાની કરી કેહો! જલદી જણાવો તે કેઈ ખબર?

ગુલબાંનુ—મેહેરબાનુ તારી બેનનો મોહતે કીધોછે ઘાત,
નદી મધે પડીને ડુબી મુઈછે અકસમાત.

નોદર—નદી મધે ડુબી મુઇ! અરેરે, એમ કેમ બનીઉં!

ગુલબાંનુ—નદીને કીનારે નમી ગયલું એક બુઢું સરોનું ઝાહાડછે જેનાં ડાળ અને પાતરાં તે નદીના નીરમળ પાંણીની આરસીમાં પોતાનો છાહેઓ નાંખી મોહ જોતા દેખાએછે. તેહાં તરેહવાર ફુલોનો એક હાર લઈ આવી, અને પેલાં ઝાહાડની ઉપર ઓળવવાને એક ડાળી ઉપર ચહડી, એટલાંમાં તે ડાળી ભાંગી ગઈ અને પેળી ગંમમાં પેશએલી નાજુક નારને નદીમા નાખી દીધી. પાંણીમાં પડતાંવાર તે કાંઇ એકદમ ડુબી ગઇ નહીં—ટીલા કપડાંએ તેણીને સપાટી ઉપર ટેકાવી રાખી, જેથી કલપીત દરીઆઇ દેવી અથવા જળ માણસની ઓસાલે તેણીનો આકાર દેખાયો. આ વેળા પોતાના સંકટ વીશે તે એટલીતો બેફામ હતી કે જાંણે પાંણી મધેજ તેણીનું રેહઠાંણ હોય તેમ નીરભય રહી થંડે પેટે અસલી બેહેનો ગાવા લાગી. અંતે; પાંણી મુમીઆથી કપડાં ભારી થયાં તેથી પેલી નીરદોશ નાહાની નારને તળીએ ખેંચી ડુબાડી નાંખી.

નોદર—અફ્સોસ વાહલી બેન-વાહેન દીલ લઇ,
હંમેશગીની સરહદ ઉપર, વેહલી આલી ગઇ!
પાણી મળીઉ* પુશકળ, હવે તને વાહડું,
• આંખોમાંથી આશુ અનીક, શા માટે નાહેક પાડુ!
કરમના કોતરેલા લેખ, ફીટી જાય નહીં ફરી,
અજલની સવારી કદી, અટકે નહી એક ઘડી.
હવે દફણાવવાની તઇઆરી, કરવા તુરત કઉં,
નેક ગમશરીઓ હવે, રજા તમારી લઉં.
(જતો રેહેછે.)

બાદશાહ—ચાલો ગુલબાંનુ આપણુબી તુરત જઇએ તે આપણા મરનાર વઝીરની વફાદારી માટે તેની એક પુતરીના ઘાત માટે તેણીના શોગમાં સામેલ થઇએ.
(જનાં રેહેછે.)

ગરીબ, નીરદોશ, કોમળ ગોલાબની કળી! હા, હા! મોહોબતના મોહોતને નાહેક કેહવી મળી! જુઓ નેક વાં ફીરોજનાં હાતથી જારથી પાહલનનુ મરણ થ [illegible]ની બેટી મેહેરબાનુએ દીલપર શોગ ધરીઓ—નો લાસને મોટાં માનથી દફણાવવાને બાદશાહ, રાંણી, દરબારનાં અમલદારો ઇતીયાદી ભેગા થયા, અને પરમગુરૂઓની સાથ સામેલ થઇ પાયદસતમાં ગયા. હવે આ જુવાન સ્રીનાં મરણ વીશે શાહ ફીરોજને કાંઇ પણ ખબર હતી નહી. તે પોતાના ઠેરાવ મુજબ પોતાના દોસત હોશંગની સાથ બાદશાહને મળવાને નીકળેઓ. એવામાં રસતામાં ઉપલી પાયદસત દુરથી દીઠી જેનો દબદબો જોઇ તેના મનમાં ભારે અંદેશો ઉતપન થયો. વળી નજર હેરવીને જોતાં બાદશાહ, રાંણી, ઇતીયાદી, તે મધે સામેળ થયલાં જણાયાં તેથી તેને ભારે વસવસો ઉતપન થયો અને શેવટ બાદશાહની નજર ન પડે તેમ પાયદસતની પછવાડે, સામેલ થયો અને મેહેરબાનુના મરણ વીશે જાંણીતો થયો.

હવે ઘોર આગળ દફણાવવાની ક્રીરીઆ પુરી થતાં મેહેરબાંનુનો ભાઈ નોદર દલગીરીથી હાય અને અફસોસ કરતો બોલીઓ.

નોદર—હજારો અને લખો શરાપ પેલા દોજખી મરદનાં સર ઉપર પડજો કે જેના ઘાટકી કરતુકથી તારા હઇડાંમાં ગમ અને મગજમાં ફાંટો ભરાયો. હવે સાહેબ થોભો, મારી પેયારી બેનને એકવાર છેલલી ભેટી લેઉં તેહાંસુધી મટી નાખવાની બંધ કરો (એવામાં ઘોર મધે એકદમ કુદી પડેછે.)

નાખો હવે મધળા, લાખો ભોભા ધુર,
નાખો હમો ઉપર, આ ખાડો કરો પુર.
ધુરના નાંખી ઢગ, ધાંકી દેઓ આ હાડ,
ધુરના હમો ઉપર, ઉડાવો ચેવટ પાહાડ.
ગીખર જેના ઉપરથી, સુરીયને લાગે હાત,
કરી શકાય વળી, ચંદરમાંની સાથ વાત.

ફીરોજ—(આગલ ધસીઓ આવી) અરે, જોઇએ એ કોણછે! દલગીરીનાં વાકીઅનો વરસાદ વરસાવનાર એ કોણ વારૂ! એ શું લાંબા ભાશણ કરી મારાં દીલની દલગીરીને હઠાવવા માંગેછ! (એમ બોલી તે પણ ઘોરમાં કુદી પડેછે.)

નોદર—ઓ સેતાની ખસલતના પેરીઆ કમજાત!
તારા કરતુકે કીધોછે મારી બેનનો ઘાત!
(તેની સાથ વળગી પડેછે.)

ફીરોજ—પણ અરે ઓ ડાહ્યા, તને મારી સાંબે ઉતરી પડવાનુ કાંઈ પણ કારણ છે ! હું તને પણ એકવાર હેતથી ચાહતો હતો તે તું ભુલી ગયો ? વારૂ એતો હોય, દુનીઆનો સરેસતોછે—રેંજી પેંજીને પણ ચેંચી કરવાનો એક દાહાડો મળેછે, કુતરાં કોહલાંને પણ ભોસવાનો એક વખત જડેછે, એમાં નવાઈ નહી. (જતો રેહુછે)

બાદશાહ—પયારા નોદર, હીંમત ધર; ધીરજથી આપણે ગોઠવી રાખેલી હીકમત કરશું તો શેવટ પાર ઉતરશું. વારૂં, પયારી ગુલબાંનુ તમો પણ છોકરા ઉપર ચાંપતી નજર રાખતાં રેહેજો, નહીતો, એવું તેનું ઘેલાપણું તેની નાહેક ખરાબી કીધા વીના મુકશે નહી.

(સઘળાઓ જતા રેહુછે)

---

## પરકરણ ૧૦ મું.

## કેકાઊસની કરણીથી થતી ખરાબી.

શાહ કેકાઊસે પોતાના ભતરીજા ફીરોજને ઠાર કરવાને અનેક કોશેસો કીધી પણ તેઓ સઘળી વીપરથ ગઈ. શેવટે ઉપર જણાવેઆ પરમાણે નોદરને ફુસલાવીને તેની મારફતે નવી તદબીર ગોઠવી રાખીને એક સરદાર પાસ તેને તેડું મોકલયું.

સરદાર—મેહરબાન સાહેબ, શાહ કેકાઊસે તમને બોસતાન મધે તુરત બોલાવીઆછે.

ફીરોજ—કેમ ભાઇ, શા માટે, તે તમને ખબર હશેની.

સરદાર—સાહેબ, તમારી અને નોદરની વચે લડત કરવાની બાદશાહે સરત બકીછે—બેમાંથી એક જે જીતે તેને વળી બીજાની બખશેસ મળે.

ફીરોજ—કેમ વારૂં મારી સાંબે નોદરનેજ ઠેરવવા તું કેમ બનીઉ ?

સરદાર—નોદરનેતો તમો સારી પેઠે ઓળખોછો—તે સાલેસ, રાંક અને એકમારગી ગરહસથછે, પણ તમને કંઈ કવાએતમાં પોહોચી શકે નહી. તોબી તેની કાંઇ એવીજ મરજી થઈ તેથી બાદશાહે કબુલ કીધું; વળી મેં સાંભળયુંછે કે જરા ખીસાથીબી કરકો થયોછે અને તેની સઘળી સીફારસના શબદોનો બંદોબ પણ પુરો થયોછે.

ફીરાજ—લડત સાથી કરાવવાની મરજીછે વારૂં ?

સરદાર—તલવારના બુઠાં કોઈતાંથી; એમાં કાંઇ જીવ જેવું નહી વળી જીતવાની સરત એછે કે જે ધણી સામાવાળાના બદન ઉપર તરણ ફટકા વધારે લઈ શકે તેને ઈનામ મળે.

ફીરાજ—હાર, જીતને માટે આપવું લેવું શું ઠરવીઉંછે ?

સરદાર—નોદર જીતેતો ૬ અરબી ઘોડા બાદશાહે હારવા તે નોદરને આપવા, અને તમો જીતોતો નોદર તમને ૬ સોનેરી મુઠની તલવાર આપે.

ફીરાજ—વારૂં તેઆરે તમો મારા કાકાને જઈને કેહો કે હું તઈઆરછું; કવાએતને માટે બુઠી તલવાર તઈઆર રખાવજો.

સરદાર—ઠીક સાહેબ, હું તમારી મરજી જણાઉછું. (જતો રેહુછે.)

એ પરમાંણે બાદશાહે એક તલવારની અણીને ઝેરનુ પાંણી પાઈ તઈઆર કીધી, અને વળી એક કુજાંમાં ઝેર ડોહવીને પાંણી પણ તઈઆર કીધું, કે જેથી અગર ફીરોજ એકથી બંચેતો બીજાથી ઠાર થયા વીના રેહે નહી. એવું ઘાટકી કરમ, એવું દુશટ કાવતરૂં નીરપરાધીની સાંમણે ચલાવતું ઈશવરે કેમ તોજેસ કરે ! અંતે ઠેરવેલે વખતે ફીરોજ બાદશાહને તેહા ગયો, જેહાં નોદર, ગુલબાનું, તથા સરદારો ઈતીયાદી હાજર હતા.

બાદશાહ—આવ ફીરોજ, ચાલ આવ, નોદરનાં હાતમાં તારો હાત મુકી બને જણ નાદાની ભુલી જાઓ—(બનેના હાત સાથે મેળવેછે.)

ફીરોજ—(નોદરને) હું દલગીરછું કે તે દાહાડે મેં તને કાંઈક દુખ લગાડીયું હતું, પણ તેને વાસતે હું મનમાં ભારે પસતાઉંછું, માટે ઘરહસથ તરીકે તું મને માફ કરશે. કોઇ કોઈવાર હું ગમની જાલમાં ગુચવાયાથી ઘેલો બની જાઉંછું પણ નીરાતને વખતે હું વીચાર કરૂછું તેઆરે મારી બેવકુબી નજરે જોઉછુ માટે મારેથી જે કાંઈ બોલાયું હોય તે કાંઇ મેલાં દીલથી બનીયું નથી એવું સમજી તું ઉદારપણે ભુલી જશે, એવી મારી આશાછે.

નોદર—હું કાંઇ પણ રીતે તને કીનો લેવાનો વીચાર કરતો નથી, તું જેમ ભોળા દીલ અને હેતથી મારી સાથ ભેળાવા ચાહેછે તેમજ હું મારા હઈડાંથી તારૂ હેત કબુલ કરૂંછું, માટે તને હું કાઇ પણ રીતે નુકશાન કરનાર નથી, એમ જાત કરી જાંણજે.

ફીરોજ—તો ઠીક હવે મને ફીકર સાની, ભાઈ જેવાં હેતથી અને ભલાઈનાં હેતુથી તું મારી સાથ રમનારછે, તો મારે ફીકર શાની ? લાવો હમારાં લડવાના કોઈતાં લાવો, હમો રમીએ. પણ ભાઈ સમાલજે, હુતો તારેથી હારી જવાનો એવી મારી ખાતરીછે, મારી હુરમત છેક નાં લેતો હો.

નોદર—વા, તું મારી મસકરી કરેછે, તું કેહાં ને હું કેહાં, જાંણે મોર આગળ મગતરૂં. લાવો હવે મારે વાસતે એક બીજું કોઈતું લાવો, આતો ઘણુંજ ભારેછે. (એમ કહી પેલું ઝેરી અણીનું કોઈતું લે છે.)

(તેઓ રમવાને સરૂ થાએછ)

આ વેલા વાંચનારે જાંણવુ જાઈએછ કે શાહ કેકાઉસે ફીરોજનાં નાશનો જે ઘાટ ઘડેઓ હતો તે વીશે નોદર સીવાએ બીજુ કોઇ પણ જાંણતું ન હતું. ફીરોજની માં ગુલબાનુ જોકે પોતાના પાપી કરમથી તેને વીશે ઘણો ખરાબ વીચાર રાખતી હતી તોપણ તે પોતાના પુતરને માના ખરાં હેતથી ચાહતી હતી અને તેના એક બાલને પણ ઈજા થવા દેવાને ઈછતી ન હતી.

બાદશાહ—વા, ફીરોજ શાબાસ, આ વેલા તારા કાકાની હુરમત રાખજે, વલી જો તરસ લાગેતો અતરે પાંણી તઈઆરછે. કેમ ગુલબાનુ શું કરોછ !

ગુલબાનુ—બેઅદબી માંફછે, મને જરા પીવા દેઓ. (એમ બોલી રાંણી પેલું પાંણી તુરત પીઈ જાએછે.)

બાદશાહ—(બાજુએ જઈ) સતીઆ નાશ ! ખાનુ ખરાબ ! અરે એતો પીઈ ગઈ, હવે શું, થઈ રહયુ !

એવામાં પેલા બને જણ લડતાં નોદરને એકતક બની જે વેલા તુરત પેલી ઝેરી અણી ફીરોજને ભોકી દીધી. ફીરોજને આ ઉપરથી ભારે ખુન ચહડીઉ તેથી પેલુ કોઈતુ નોદરનાં હાતમાંથી છીણવી લઈ તેથીજ તેને પણ એક જખમ કીધો. બને જણ જખમી થયાથી બાદશાહ તથા સઘલા આસપાસનાં અમલદારો તેઓને છોડેવેછે. એટલાંમાં રાંણીને ઝેર ચહડેઆથી તે બેહોસ થઈ પડી જાયછે.

સરદારો—અરે, રાંણીને શું થયુંછે, તે કેમ પડી ગઈ!

બાદશાહ—નહી કંઈ નહી, આ લડવઈઆઓને લોહીલુહાન થયલા જોઈ તેણીનાં મગજમાં ઘુમરી આવી ગઈછે.

રાંણી—નહી, નહી, લોહીથી નહી, પેલાં પાંણીથી, અરે હવે મારો જીવ ઘણો ઘભરાએછ મને ખચીત ઝેરની અસર લાગીછે. (એમ બોલી પરાંણ છાડી દેછે)

ફીરોજ—અરે અફશોસ! મારી માને ઝેર! કેમ એ ઝેર તેણીને કેહાંથી લાગીયુ.

નોદર—કારેગતાન ગરવ, કીધાછ તાગ કાકાએ, એમ ગત કરી કહું,
અરે અફશોસ, માગી પોતાની જાલમાં, ઝપડાયો પોતે હું!

ફીરોજ—દગો અરે દગો! દગો દુશટ નીરદય,
દગો કરી છુપો, કીધો મારો પરાજય.
લેવા વળી મુજપર, છુપુ તારૂ વેર,
દગો ચેવટ દઈ, તે દીધુ મુજને ઝેર.

નોદર—ફીરોજ, જે ઠગારાં હથીઆરથી તારો ઘાત થયોછે તે તારાજ હાત મધેછે, એથીજ મારો પણ ઘાત થયોછે, જેથી અજલ હવે સેતાબી કરી હંમેસગીના પતાલ પેટામાં ઘસડી નાખશે. આપણી બનેની જીંદગી અરધા કળાકની બાકી રહીછે, કારણ આખી પુરૂથવી પર એવો પાસો, એવી દવા, એવી જરીબુટી કદી કોઈને મળી શકનાર નથી, કે જેના વીચીતર ગુણો આ ઝેરી હથીઆરનો ઘાહ રૂઆવી શકે. માટે ફીરોજ મરતી વેળા હું તારી પાસ માફી માગુછ અને ઈશવરને સાખશી રાખી કહુંછ કે તારાં તેમજ મારાં ખુનનો બોજો તારા કાકા કેકાઉસની ગરદન ઉપર રેહશે. વળી તારી માને પણ ઝેર લાગાથી તેણીનું મરણ થયુંછે— તારે માટે જે ઝેરનું પાંણી તઈઆર કરી રાખીયું હતું તે તેણીએ અનજાણપણે પીધુંછે, એબી ખુન એણેજ પોતે કીધા બરોબરછે.

ફીરોજ—હે ખોટી ખમુવતના ખુની દાનમાન,
તારા હઈડામા કરે આતસવાગનુ મેઆન,
તાગ જીગરના સોહમગ જેવુ એનુ ઝેર,
માગ પીતાના ખુનનુ લઉ ચેવટ વેર.
માગી માતાની પાછળ ચાલીઓ તુંજ,
જાહનમના ગારમા નાશુદ તું થા.
(બાદશાહને તલવાર ભોકછે.)

બાદશાહ—ઓ ખોદા! મારેઓ હું જાઉંછ!

ફીરોજ—ખુનરેજીની ખાણી ખણી તેં આપ,
દુબાડી તેમા દેછે તનેજ તારૂ પાપ.

નોદર—ખરૂં, બેશક, એને વાજબી સીખ્યા મળી— ઝરથી ખરાબી કરવાનું મુળ એ પોતેછે. હવે, ભાઈ ફીરોજ, આપણી જીંદગીની થોડીજ પળ બાકી રહીછે માટે આપણ એક બીજાને માફી બખશીએ એવી મારી ઉમેદછે, કારણ જેમ મારા બાપ પાહાલનનું ખુન તારી ગરદન ઉપર રેહતું નથી તેમજ તારૂં ખુન કાઈ મારી ઉપરબી નહી.
(મરણ પાંમેછે.)

ફીરોજ—ખોદા તને માફી બખશે! હુંબી તારી પાછળ આઉછું ભાઈ હોશંગ, ખરા દીલદાર દોસત, હું તારેથી છુટો પડુછ, ઈશવર કરશેતો આપણી પરીતી અને નીતીથી બેહસ્તના બાગ મધે આપણી અમર દોસતી ખીલીને પાછી તાજી થશે. હાલતો મારી મુરાદ એટલીજ કે મારી ઉપર પડેલી કાંહાંણીનું દાસતાન દુનીઆંની સાંબે ખોલું કરવાને તું જીવતો અને સલાંમત રેહેજે.

હોશંગ—(આંખમાં આશું આંણી) નહી, એમ કાંઇ બને નહી! તારી માએ અનજાણપણે જે ઝેરી પાંણી પીધું તે મધેનું થોડુંક બાકી રહેલુંછે તે પીઈને હું પણ તારી સંગાત ચાલતો થાઉંછું.

ફીરોજ—ખોદા વાસતે તે મને આપી દે, મારાં દુખનો નીવેડો જલદી આણવાને મને તેની જરૂરછે. અગર તું મને દીલોજાનથી ચાહતો હોયતો મેહેરબાંની કરી એ વાત માંડીવાળ અને મને આપી દે.
(એટલામા તે પરાંણ છાડી દેછે)

એ પરમાંણે અરઝ પરઝ લેવા માટે ખાર,
એક બાદશાહી કુટુંબ થયું ઝઘડુ હાર.
કેકાઉસ હતો કીનાખોર, નીરદય, દગાબાજ,
બાઇનુ છીણવેલુ ભોગવી શકીયો નહી તે રાજ.
સુખ ચેનની આશા પીઇ બનપોતો ચકચુર,
પરાકરમ કેટલીવાર કીધાં તેણે કરૂર!
ફરામરોજને ઝેર દઈ, કીધો પેહલા હાર,
ગુલખાનુને ફગાવી, બનાવી તેણે બદકાર.
ફીરોજને ફના કરવા, ફેલ કીધાં બેસુમાર,
દગો અતિ દઇ, મતલબમાં પડયો પાર.
નોદર નાહેક, મુઓ, વચમાં તેની સગાતે,
ફીરોજના હાતથી થયો, તેનો પણ ઘાત.
કેકાઉસ અંતે મુઓ પોતે પામી સંતાપ,
કરણી તેવી પાર ઉતરણી મળી આપોઆપ.

---

## હાથ.

ખુદરતના ખાવીંદે આપણો હાથ એક ચમતકારીક રમકડાંના જેવો બનાવેલોછે. તેના જેવાં ઊતંમ રમકડાં થોડાં—ઘણાંજ થોડાં મલી આવશે—બલકે કદાચ મુદલ જડશેબી નહી.

પાહાડોનાં પેટાં પોલાં કરીને લખો હાથીથી ઊંચકાએ નહી તેટલો માલ ખજાનો, આરપાર લેઈ જાવાની જે હાથ તાકાદ ધરાવેછે તેજ હાથ ધાકાની મલમલ કે જેના આપણા સરીર ઊપર એકપર એક, સાત પર, વીંટાલીઆં હોએ તોએ બદન ઊઘાડું દીસે, અથવા જેને ઘાસ ઊપર પાંથરી હોએતો 'માલમ

બી પડે નહી કે મલમલ અથવા બીજું કોઈબી કપડું પાંથરીશકીછે તેવી બારીક મલમલ બનાવેછેનો, પછે તેજ હાથની તારીફ તમે કેટલી ગાશો ?

જે હાથ વણા અંન કે વસ્તર, ઘર કે દાર, તથા બાગ બગીચા અને જાહોજલાલીની સરવે વસતુઓ બીલકુલ નાબુદ થાઈ જાએ, તેના ઊપીઓગીપણાની વખાણના વજંતરો કેટલાં વગાડશો ?

એક એવી છોકરી કે જેને આસમાન પરી બનાવતાં ખુદરતે ભુલ કરીને કનીઆ બનાવી હોએ તે પોતાના લગણની સાંજે પોતાના ખાવીંદના હાથસે હાથ મેલવતી હોએ તે ખુશનમાં હાથની ખુબસુરતીનો તમો સું ખીઆલ કરશો ?

પણ વલી એક બીજી તસવીર જોવો. એક ખુણીના લોહીથી ખરડએલા દરામના હાથ જોઈને કમકમાટ પાંમીને નજર ખસાડો, અથવા બાલહતીઆના ગુનાહમાં ગીરફતાર થાએલી સીના હાથ ઊપરથી વીચાર કરી લેવો કે ઈનસાનના પાપનો ખાડો કેટલો ઊંડો ખોદાએલોછે ! જલજોરે તેવા હાથ.

ના ! બેહેન ના ! એવા દરામના દેખાવોથી દુર થાઈને મારેતો ગોખવોછે સદગુણી હાથનો ભલો પાઠ. તે હાથ કે જે હાથી જેવાં મસતાન અને ઘોડા જેવાં તેજી હેવાંનોને તાએબેદારી સીખવેછે—તે હાથ કે જે ઊજડ જમીનને હસતો બગીચો બનાવેછે—તે હાથ કે પવન, પાંણી અને બીજાં તતવોને એવી હાલતમાં લાવી મુકેછે કે જેથી તેઓ નહી બની શકે તેવાં માહાભારત કાંમો બનાવી આપેછે—તે હાથ કે જે રંગની પીછી કનતાન ઊપર ફેરવીને એવીનો તસવીર ચીતારેછે કે અસલ અને નકલ વચે બીલકુલ ફેર રેહેતો નથી—તે હાથ કે જે કીડાની લબના તાર તાંણીને તેના રંગ રંગીન ચીકનની ભરત ભરેછે—તે હાથ કે જે સીતારના તારને સુર આપીને આ બદનના તારે તાર ખેંચેછે—અને છેલે તે હાથ કે જેને કોઈ નેક ઈનસાંને ખોદાઈ સેફતમા બુલંદી તરફ ઊંચા વીઓ હોએ તે હાથની હું મારાં દીલઓજાનથી કરૂં રે વખાન—કે જેથી તેજ હાથના બનાવનારની ગવાએ સેફત બંધો જાહાંન.

---

# ઓરતોની મીજલસ.

## ભાશાણ ૧૧ મું.

આજ દીને ઘણી અગતની બાબદ ઉપર હું તમારૂં ધેયાન પોહોંચાડવા માંગુંછું. મેં આગલ સમજાવીયુંછે કે મા એ ઘણી વેલા પોતાના બચાંને ધવાડવાને અશક્ત હોએછે. એ વખતે ભાડુતી ધવાડનારી રાખવાની અગતછે. જારે આપે પાસે ઉપાય નહી રેહે, તારે જેમ બને તેમ થોડામાં થોડી પીડા પણ પસંદ કરવી જરૂર પડેછે. ધવાડનારી રાખવી એ મોહોટી પીડાછે, પણ જારે ગરજ પડે તારે નાચારે એ પીડાને વલગવું પડેછે. પણ ધવાડનારી પસંદ કરવામાં ઘણી હુશીયારી અને સંભાલ રાખવી જોઈયે. જે પેહેલાં હાથમાં ધવાડનારી આવી, તેને વગર તપાસ કરવે કાંમમાં વલગાવી દેવી, તે જાંણે કે બચાંને આગમાં નાખી દીધા બરાબરછે. પેહેલાં—

### ધવાડનારી કેવી પસંદ કરવી જોઈયે !

**૧. ધવાડનારી તંદરૂસત અને વગર દરદની હોવી જોઈયે.**

તપાસ કરવી કે તેને કાંઈ પણ જાતનો રોગ નહી હોય. તેને તથા તેના કુટુંબમા ખહીનો મરજ નહી હોયે. તેની ગરદન તપાસવી કે તાંહાં ગાંઠ, ગુમડાં, ઓચંબા, તથા ચીરા પડેલા નહી હોયે, કાંપેકે ખહીવાલા આદમીમાં એ પરમાંણે માલમ પડેછે.

વલી તેની ચાંમડી તપાસવી કે તે ઉપર ચાઠાં, ચાંઠાં નહી હોયે, કાપેકે ગરમીના આજારવાલાને એ પરમાણે ચાંમડી ઉપર થાયેછે.

ધવાડનારી તંદરૂસતછે તેની નીશાણી કેમ જાણવી ? જો ધવાડનારી જરા આગે પુખત હોયે, તેના હોટ અને દાહાડના પારા લાલ રંગના હોયે, તેનાં દાંત એકસરખા સફેદ હોયે, અને તેનું મોહોડું ગંધાતુ નહી હોયેતો જાંણવું કે તે તંદરૂસતછે.

**૨. ધવાડનારીના થાનમાં દુધ પુશકલ હોવુ જોઈએ.**

ધવાડનારીના થાન તપાસવાની ઘણી જરૂરછે. થાન નાહાના, કઠણ, હાથને ગાંઠ લાગે એવાં, અને ચાંમડી ઉપર બહુ નેસ માલમ પડે એવાં જોઈયે. એવા થાન માહેથી દુધ પુશકળ નીકલેછે. વલી થાનની બોનટી તપાસવી; તે બચાંથી ધવાયે એવી લાંબી જોઈયે તથા તેની ઉપર ચીરા હોવા નહી જોઈયે. જો બોનટી નાહાની હોયેતો બચાંથી ધવાઈ શકાતુ નથી. જો ચીરા પડેલા હોયેતો, બચાંના હોટને પણ ધાવીયેથી ચીરા પડે અને પછી તદન ધવાઈ શકાયેજ નહી.

એટલા માટે ધવાડનારી દોંગી પસંદ કરવી નહી, કાંપેકે તેના થાન મોહોટાં અને સરબદાર હોયેછે. એવાં થાન માહેથી દુધ પુરતું નીકલી શકતુ નથી, તેથી મોહોટાં થાન કાંઈ પુશકળ દુધની નીશાણી નથી.

કેટલીએક વેળા ધવાડનારીને દુધ થોડું હોયછે પણ તે

ઓ એક દાહાડો આગળથી પોતાના બચાંને ધવાડતાં નથી, તેથી પેહેળાં આપણને માલમ પડેછે, કે તેના થાનમાં દુધ પુરાકળછે, પણ તેની,ઠગાઈ એક બે દાહાડાં તપાસ કીધાથી માલમ પડી આવેછે, બચું ઘડી ઘડાએ રડેછે, તે બરાબર ઉંઘાતું નથી અને પીલાતું જાયેછે."

વળી જો બચાંને ધાવતાં મેહેનત પડે અને ઘણું ખેંચવું પડે અને વારેઘડીયે થાન લેવા જાયેતો, સમજવું કે થાનમાં દુધ થોડુંછે.

જો ધાવીયાથી જલદી બચું ધરાઈ જાય અને ઘણોવાર રહીને થાન માંગે અને ધાવતાં ધાવતા દુધ હોટની બાહેર નીકલી આવે, તારેં સમજવું કે દુધ ઘણુંછે

વળી જો ધાવીયા પછી બચું ઘણોવાર લગી ઉંઘાઈ રેહેતો, સમજવું કે દુધ થોડુંછે, અથવા તે માહેથી પુરતો ખોરાક મલી શકતો નથી.

વળી ધવાડીયા પછી બચાંને તપાસવું, તેને બીજું દુધ અથવા ખોરાક બતાવવો. જો તે ધરાયેલું નહી હશેતો તે ઘણી જડફથી પીઈ જશે, તે ઉપરથીજ માલમ પડશે કે બચાંને થાનનું દુધ પુરૂં પડતું નથી.

બચાને વધારે દુધની જરૂરછે. એવું કેહેછે કે ધાવતું નાહાનું બચું ૨૪ કલાકમા ૨ થીતે ૩ પેંટ દુધ પીઈ જાયેછે, અને દર વખતે ધાવતાં ૧॥ થીતે ૬—૭ આંઉસ લગી પીઈ જાયેછે.

**૩. ધવાડનારીના થાનનું દુધ સારૂં હોવું જોઈયે.**

સારૂં દુધ પતલું, સફેદ અને જરા બલુ રંગતું, સવાદમાં મીઠું અને વાસ વગરનું હોવું જોઈયે.

જો દુધની તપાસ કરવી હોયેતો, નખ અછી રીતે સાફ કરીને દુધનું એક ટીપું મુકવું; પછી આસતે રહીને નખ વાંકું વાલીને દુધ ધળવા દેવું; જો નખ ઉપર સફેદ સાફ નીશાણી રહીતો, જાંણવું કે દુધ સારૂંછે; પણ જો તે પીલાશ ઉપર અને સાફ નીશાંણી નહી હોયે અને સરેતા માલમ પડેતો, જાંણવું કે દુધ સારૂં નથી.

વળી સાફ પાંણી એક તંબલરમાં ભરવું અને તેમાં દુધનાં તરણ ચ્યાર ટીપાં છુટાં છુટાં નાંખવાં, જો તે સરખી રીતે પંથરાઈ જાયે અને આસતે આસતે બેમાલમ થાયેતો, દુધ સારૂંછે એમ સમજવું; પણ જો તે બરાબર પંથરાયે નહી, અને આરા તીરા કાપાની માફક માલમ પડે, અને એકદમ હેઠલ પડી જાયેતો, સમજવું કે દુધ સારૂં નથી.

વળી દુધને થોડોવાર રાખી મુકવું, અને પછી જોવું કે તે માહેથી કેટલી મલાઈ છુટી પડેછે; જેમા વધારે મલાઈ તેમ તે સરસ દુધ ગણાયછે. મેંકડે તરણ.લાગ મલાઈ હોવી જોઈયે.

વળી માએનું દુધ ખારનો ગુણ ધરાવેછે. હલદનું પાંણી કરી એક કાગજ ભીંજવવું; તે સુકવીને તાજાં દુધમાં બોરવું. જો તે કાગજ જરા લાલ રંગ ઉપર આવેતો સમજવું કે દુધ સારૂંછે.

**૪. ધવાડનારી ૧૭ થી તે ૩૦ વરસની ઉમરની હોવી જોઈયે.**

ધવાડનારી ૧૭ વરસથી નાહાની નહી અને ૩૦ વરસથી મોટી નહી હોવી જોઈયે. કાંયેકે તેનું દુધ એ ઉમરમાં કુવતમંદ અને સારૂં હોયેછે. ૧૭ થી નાહાની ઉમરવાળી અને ૩૦ થી મોટી ઉમર વાળીને દુધ બરાબર બની શકતું નથી.

**૫. ધવાડનારી ઘણીખરી માએની ઉમરની જોઈયે.**

જો માએ નાહાની ઉમરની હોયેતો, ધવાડનારી મોટી ઉમરની નહીં ચાલે; અથવા માએ મોટી ઉમરની હોયે તેને ધવાડનારી નાહાની ઉમરની નહી ચાલે, કાંયેકે નાહાની અને મોટી ઉમરની ધવાડનારીના દુધમાં ફરક હોયેછે.

**૬. ધવાડનારી બચાંની માએના બાંધા જેવી જોઈયે.**

પતલી ઉંચી માએનું છોકરૂં, ટુંકી અને રોગી ધવાડનારીના દુધ ઉપર બરાબર ઉછારી શકતું નથી.

**૭. ધવાડનારી ઓછામાં ઓછી બીજા અથવા તરીજા બચાંની માએ હોવી જોઈયે.**

કાંયેકે એવી ધવાડનારી પોતાનું કાંમ વધારે સારી રીતે સમજેછે; તે બચાંની માવજત કરી શકેછે. વળી બીજા તરીજા બચાંની માએને પેહેલવેહેલાં બચાં વાળી માએના જેવી દસતાન જવાની ફકર રેહેતી નથી, કાંયેકે દસતાન જવાથી માએના દુધમાં ફરક પડેછે.

**૮. ધવાડનારીને દસતાન જાયે અને તેથી બચાંને દુધ પીધાથી કાંઈ પણ અડચણ થાયેતો, તે ધવાડનારી રાખવી નહી.**


દસતાન જતાં વખતે, કોઈ વખતે દુધમાં ઘણો ફરક પડેછે, તે કુવતમાં કમ થાયેછે અને સારૂં નહી હોતું. જો બચાંને દસતાનવાલી ઓરતનું દુધ ધાવેથાથી કાંઈ પણ અડચણ નહી થાયેતો, ધવાડનારીને ધવાડવાજ દેવું; પણ જો બચાને કાંઈ પણ અડચણ થઈ, પેટ આવે અથવા વામીટ થાયેતો ધવાડવા નહી દેવું.

જો બીજી ધવાડનારી મલી નહી શકેતો, એટલા દીવશ બચાંને બીજા દુધના ખોરાક ઉપર રાખવું અને દસતાન બંધ થયા પછી પાછું ધવડાવવા દેવું.

કેટલીએક ધવાડનારી એ વાતને છુપાવેછે અને બચાંને ધવાડીયા કરેછે તેથી બચું હેરાન થાયેછે. એ વખતે ધવાડનારીને દસતાન જાયેછે કે નહી તે જાણવાની અગતછે.

**૯. ધવાડનારીનાં બચાંની ઉમર માએના બચાંની ઉમર બરાબર હોવી જોઈયે.**

કાંયેકે બચાંની ઉમર પરમાંણે માએના દુધમાં ફરક પડેછે; જેમકે તરતનું દુધ જાડું અને મલાઈ જેવું હોયેછે, તે તરત જનમેલાં બચાને વાસતેજ કાંમનુંછે. બે તરણ મહીના બચાંને એવું દુધ ધવાડેતો અવગુણ થાયેછે. થોડા દાહાડા પછી દુધનો દેખાવ બદલાયેછે, તેનો રંગ જરા બલુ ઉપર આવેછે અને તેમાં કુવત પણ થોડુંછે. એ દુધ ૬—૭ મહીનાના બચાંને ધવાડીયાથી તેને પુરતું પોષણ મલી શકતું નથી. આસતે આસતે દુધમાં વધારે કુવત આવતું જાયે છે, તે દુધ મોહોટાં બચાંનેજ ગુણગારૂંછે, નાહાના બચાંને એ દુધ અવગુણ કરેછે, એટલા માટે જેટલા મહીનાનું બચું હોયે, તેટલાજ મહીનાનું ધવાડનારીનું દુધ હોવું જોઈયે. ધવાડનારીને જો ૭—૮ મહીના થઈ ગયા



હાથી માહવતના બચ્ચાંની સંભાળ કરેછે.

હોયતો તે ૧—૨ મહીનાના બચાને ધવાડવાને નકામીછે. વળી ૮—૯ મહીનાના બચાંને ૧—૨ મહીનાવાલી ધવાડનારીનું દુધ નકામુંછે.

ઘણી વેલા એ વખતે ધવાડનારી પારકું બચુ માએના બચાંની ઉમરનું લાવીને બતલાવેછે, તેની સંભાલ રાખવી જરૂરછે.

**૧૦. ધવાડનારીનું બચું તપાસવું કે તે તંદરસતછે કે નહી.**

બચાંના હોટ તથા કુલાં ઉપર ચીરા અથવા બદન ઉપર કાંઈ ફોફલ્યા હોયતો, જાણવું કે છોકરૂં માએના દુધથી દરદીછે, તેથી સમજવું કે દુધ સારૂં નથી.

ધવાડનારીનું બચુંજ જોયાથી માલમ પડેછે કે તેનું દુધ સારૂંછે કે નહી. જો બચું તંદરૂસત, ચબરાક, સારા સવભાવનું અને મેલું નહી રાખેલું હોયતો, તે ધવાડનારીને પસંદ કરવી. પણ તપાસ કરવી કે તે બચું તેનુંજછે કે નહી.

ધવાડનારી વીશેની બાબદ લાંબી હોવાથી બાકીનો ભાગ આવતાં ભાશણમાં કહી સંભલાવશ.

## હાથી.

"ખુનામરકીના દેખાંવની અંદર શાંત મીજાજનો, પોતાના મહાબલથી જબરો શકતીવાન, એવો જે હાથી, તે કોઈને પણ દુઃખ દેતો નથી; પણ પોતાની સાથે જનમેલાં ઝાડ પાનની વસતીમાં પોતાની સાલસ જીંદગી ગુજારેછે, અને ઉંઘમાં જે નાલીયરીનો ટેકો કરેછે, તેજ નાલીઅરીની નીચે ખુદરત તેને હમેશનો વાસો નરમાસથી આપેછે, જીઆં તેનુ હાડ તેની જીંદગીના વખત કરતાં વધારે વરસ સુધી પડી રેહછે. મધમાંખી તેનાં મગજના મોટા ખોલામાં પોતાના મીણના બુરજ બનાવેછે અને મધનો જથો એકઠો કરેછે; પછી તીઆંથી પોતાનો ખોરાક શોધવાને ખેતરોમાં બાહેર પડેછે અને તે મેલવીઆં પછી લખો બંદ ઝુંડના ઝુંડા તેમાંજ પાછા ફરેછે. તીઆંજ દર પાડી રેહનાર નાના જીવજંતો તેના હાડકાંની બાહેર નીકલી આવેલાં ગોલ પાંસરાંની નીચે ટેકરીઓ બનાવેછે; અને તેમજ તીઆં પખશીઓ તેના હાડકાના પાંજરાંમાં પોતાના માલા બાંધવાની ઈઉકતી ચલાવેછે." એમ એક ઈંગરેજ કવી લખી જાએછે.

આ જમાનામાં હાથી સરવથી મોટું કદાવર જાનવર છે. હાથી નવથી તે પંદર ફુટ સુધી ઉંચો હોએછે, અને વજનમાં ચાર હજારથી તે નવ હજાર રતલ શુધી હોએછે. જેમ કદને વાસતે એ વખણાએલોછે તેમજ ડાહપણને વાસતે પણ એકસરખો જાણીતોછે. એક વખત માણસને સવાધીન થયો, તો પછી તે તેને મોટો ઉપીઓગી થઈ પડેછે; એટલુંજ નહી, પણ તેનો હમેસનો તાબેદાર થઈ પડેછે અને નરમ મીજાજે પોતાના ધણીની ઉપર પરીત રાખેછે. બોજો ઉઠાવવાના કામમાં, ગાડાંઓ ખેંચવામાં, રાજાઓની તથા ઉમરાઓની સવારીમાં, લડાઈના મેદાનમાં, ચેકારની મોજમા, અને એવાજ બીજા તરેવાર કામમાં હાથી ઉપીઓગી થઈ પડેછે.

હાથી બે જાતનો હોએછે—આફરીકન અને ઈનડીઅન. એ દેશોના જંગલમાં હાથી રાજ ચલાવેછે; તે એટલા સુધી કે શીંહ, જે જાનવરોનો પાદશાહ ગણાએછે, તથા વાઘ પણ બીહને તેનાથી દુર રેહવાને ખુશી હોએછે. તે ઘણો સરસ તરનારછે, જેથી મોટી મોટી નદીઓ પાર કરીને એક જંગલમાંથી બીજા જંગલમાં સેહલથી જઈ શકેછે. હાથી એકઠા મલીને ટોલાના ટોલાં સાથે ફરેછે, અને એવી જંગલી હાલતમાં એની પાસે જવાને કોઈની હીમત થતી નથી. રાનમાના ઝાડોના ઝાડ થડ મેખથી પોતાની જબરી સુનવતી ઉખેડી કાહડેછે, અને જો કમનસીબે કોઈ ખેડુતના ખેતરમાં જો આવીઓ તો પછી તેનું સતીઆનાશ થયા વીના રેહતુ નથી. એને મીઠાસ બહુ પસંદછે, માટે સેરડીઓતો રેહવા દેતોજ નથી.

એને પકડવાની તરેવાર યુકતીઓ કરવામા આવેછે. મોટાં રાનમાં એક જગા ઉપર મજબુત લાકડાંની ઝાડી બાંધી લીધામાં આવેછે, એ ઝાડીનો ઘેરાવ અતીશય મોટો હોએછે, અને એક બાજુએથી ખોલી હોએછે કે જે રસતેથી હાથીના ટોલાંને ઝાડીમા ફસાવવામાં આવેછે. કેટલાંક હજાર માણસો ઢોલ, તાસા લઈ, હાથીના જંગલમાં બુમ બરાડા મારીને, તેઓને ભડકાવેછે અને તેઓને ઝાડીમાં હાંકી કાહાડતા હોએ, તેમ પછવાડે પછવાડે જાએછે. વળી મોટી આતસની એહ કેટલેક ઠેકાણે સલગાવેછે. એવી રીતથી બીહને હાથી નાહસતાં ઝાડીમાં સપડાએછે. હાથીને પકડવામાં તેનાજ જાતભાઈ માણસને મદદ કરેછે. પાળેલી હાથણોને એવી ઝાડીમાં રાખવામાં આવેછે, જેઓ બાહેર નીકલી પોતાની સાથે હાથીને લલચાવી અંદર લાવેછે. એવી રીતે હાથી અંદર સપડાયા પછી, પેલો રસતો બંધ કરી લીધામાં આવેછે. પછી માણસો તેને ગોદા મારી એક નાહાની જગોમાં લઈ જાએછે. જીઆં એક બે હાથણો પોતાની સુણવતી તેની એવીતો ચાકરી કરેછે, કે તે બાપડો નરમ આખણ જેવો થાએછે, તાર પછી એક ઝાડની સાથે તેનો પગ બાંધી લીધામાં આવેછે અને બે તરણ દાહાડા ભુખો તરસો રાખવામાં આવેછે, જેથી તેનો મીજાજ નરમ પડેછે. હાથી એટલોતો સમજુછે કે ચઉદ પંદર દીવસમાંતો જે હોકમ કીધો હોએ તે પરમાણે ચાલેછે. આફરીકાના લોકો હાથીને પકડવાને માટે મોટા ખાડા ખોદેછે, જેમાં તેઓને ફસાવવામાં આવેછે. એમ ફસી પડેલા હાથીને કોઈ વખતે તેના જાતભાઈઓ મદદ આવેછે. માણસની ગેરહાજરીમાં તેઓ ઝાડની ડાંખલી તથા મટોડીના ઢગલાના ઢગલા ખાડામાં નાખેછે, કે જેની મદદથી પેલો બંદીવાન બાહેર નીકલી શકે.

હાથીના શાહેણપણ વીશે ઘણાક દાખલા જાણીતાછે. "એમપરર ડામીટને" હાથીઓને ગાયણની તાલ પરમાણે નાચતાં શીખવીઆ હતા. એક હાથીએ પોતાનો પાઠ બરાબર નહી કીધો, તેથી તેને માર મારવામાં આવીઓ હતો, માટે બીજી રાતના તે પોતાનો પાઠ પોતાની મેળે મેદાનમાં શીખતો માલમ પડીઓ હતો.

નીઉયારકમાં એક હાથી દેખાડવામાં આવીઓ હતો, જેને એક નાહાની છોકરી સારૂં સારૂં ખાવાનું આપતી હતી. એક વખતે પોતાની થેલીમાંથી એક ફલ તેને વાસ તે તે કાહાડતી હતી, તેવામાં તેની હાથીદાંતની એક દાબડી નીચે પડી વેહરમાં દબાઈ જઈ, જે પેલી છોકરીને માલમ નહી પડી. થોહોકવાર પછી, હાથીની આસપાસ એકઠું થએલું લોકોનું ટોલું તેને રસતો આપવાને દુર થયું, પેલા હાથીએ તે લોકોની વચે પોતાની સુણ ફેરવી. જેથી લોકો ગભરાયાં. તેના માહવતને માલમ પડીઉં કે તેની સુણમાં પેલી દાબડી હતી અને તે પેલી છોકરીને આપવાને તેને સોધતો હતો.

એક ઘરહસથને તીઆં કલકતામાં એક હાથણ હતી, જેને કલકતેથી ચીટાગોંગ લઈ જવાને તેણે હોકમ કીધો. રસતામાં તે હાથણ માહવતથી છુટી પડી નાહસી ગઈ અને તેનો પતો લાગો નહી. પેલા માહવતે પોતાના ધણીને ખરી બીના કહી પણ તે ધણીએ કબુલ રાખી નહી. તેણે ધારીઉં કે માહવતે હાથણ વેચી હશે, તેથી તેણે મોટી સજા કીધી. આસરે બાર વરસ પછી તેજ માણસને બીજાઓની સાથે હાથી પકડવાને મોકલવામાં આવીઓ. જીઆં તેણે એક હાથીના ટોલામાં પોતાની નાહસી ગએલી હાથણને ઓલખી. તેને જોતાંનેવાર પેલા માહવતે તેની પાસે જવાને દેડાવ કીધો અને જાનની કંઈ પણ દરકાર કરે આ વીના તથા પોતાના સોબતીઓની સલાહ ધેઆનમાં લીધા વીના તે હાથણની આગલ ગયો. હાથણે તરતજ તેને ઓલખીઓ અને પોતાની સુણ હીલવીને સલામ કીધી, પછી ગુડણપર બેશી તેને પીઠપર લીધો. પછી બીજા હાથી પકડવામાં તે મદદે આવી, એટલુંજ નહી, પણ પોતાની ગેરહાજરીમાં તરણ બચાં થયાં હતાં, તે સાથે લાવી. એવું બનીઆથી પેલા માહવતને પાછી આબરૂ મલી અને આગલ જે તેને ખમવું પડીઉં હતું તેના બદલામાં તે જીવે તીઆંસુધી તેનો પગાર બાંધવામાં આવીઓ. પેલી હાથણ તીઆર પછી "વારનહેસટીંગસ" ના સવાધીનમાં આવીહતી.

હાથી પોતાના ધણી ઉપર તથા જે શખસ તેને માયા દેખાડે તેની ઉપર મમતા રાખેછે, જેના દાખલા ઘણા જાણીતા છે. ઈલીઅન લખેછે કે હીંદુસથાનમાં એક ઉમરાવે એક હાથણ પાલી હતી. તે પોતાના ધણીપરની પરીતીને વાસતે વખણાએલી હતી. ગામના રાજાને તેની ખુબી માલમ પડીઆથી, તેણે પેલા ઉમરાવ પાસથી હાથણની માંગણી કરી, પણ પેલા ઉમરાવે આપવાને ના પાડી જેથી રાજાએ જુલમથી લેવાનો ધેડાવ કીધો. એવું સાલલીને પેલો ઉમરાવ રાતોરાત હાથણને લઈને નાહસી ગયો. રાજાએ તેની પછવાડે સીપાઈઓ મોકલીઆ. જેઓએ તેને એક ઉંચી ટેકરીપર જોયો, પેલા ઉમરાવે ઉપરથી તેઓની તરફ પથર ફેંકીઆ, જેમાં પેલી હાથણે પણ પોતાની સુણ વતી મદદ આપી. તોપણ માર ખમીને સીપાઈઓ ઉપર આવીઆ અને પેલા ઉમરાવને જખમી કીધો. તેવામાંજ પેલી હાથણ તેઓપર ફરી વલી અને કેટલાકને કચડી મારી નાખીઆ; કેટલાકને સુણ વતી ફેંકી નાંખીઆ; અને કેટલાકને નસાડી મેલીઆ; તાર પછી પોતાના ઘાયલ ધણીને પીઠપર લઈ એક સલામત જગાપર જઈ પોંહચી.

પીરહસ નામનો રાજા જારે લડાઈ કરતો હતો, તે વખતે એક સીપાઈ જેણે હાથીપર સવારી કીધી હતી, તે મારયો ગયો. હાથીએ પોતાના ધણીની એવી હાલત જોઈ બધાં લશકરમાં ફરી વલીઓ અને તેની લાસ ગોધી કાહડી, અને તેને પોતાના બાહેર નીકલી આવેલા દાંતપર મેલી ગામમાં લાવીઓ.

એક હાથીએ કીનાથી પોતાના માહવતને મારી નાખીઓ; જેથી તે માહવતની બાઈરી એટલી ગમગીની તથા ગુસસાથી ભરાઈ ગઈ કે, પેલા હાથી પાસે જઈ પોતાના છોકરાં તેના પગ તલે નાખીઆં; અને બોલી કે "જીઆરે તેં મારા ખાવંદનો જીવ લીધો તો મારો તથા મારાં બચાંનો પણ લે." પેલો હાથી જાણે પસેમાન થયો હોએ, તેમ નરમ પડીને પેલાં બચાંમાંથી મોટા છોકરાને ઉંચકીને તેણે પોતાની પીઠપર બેસાડીઓ અને તીઆર પછી પોતાના માહવતની માફક તેના હોકમ પરમાણે ચાલીઓ તથા બીજા કોઈને પોતાની પીઠ આપી નહી.

એક સીપાઈ પોતાના પગારને દીવસે એક હાથીને દારૂ આપતો હતો. એક વખતે તે સીપાઈ છાકટો થયો; જેથી તેના અમલદારે તેને પકડવાને બીજા સીપાઈઓ મોકલીઆ. પેલો સીપાઈ નાહસીને પેલા હાથીની નીચે ભરાઈ બેઠો. બીજા સીપાઈઓએ તેને તાંહાં પકડવાની તજવીજ કીધી, પણ હાથીએ પોતાની સુણથી તેનો બંચાવ કીધો. પેલો છાકટો સીપાઈ હાથીની તલેજ ઉંઘાઈ ગયો. સવારના ઉઠીને પોતે કીઆં હતો તે જોઈને ગભરાયો; પણ પેલા હાથીએ તેને પસવારીને રવાના કરીઓ.

જે પરમાંણે હાથી ઉપકારનો બદલો પીઆરથી આપેછે, તેજ પરમાણે અપકારનો બદલો કીનાથી આપેછે. પારીસમાં એક ચીતારો હાથીની તસવીર લેવા ચાહતો હતો તેની મરજી એવી હતી કે હાથી પોતાની સુણ ઉંચી કરેછે, તીઆરે તે કેવો દેખાએછે તે પાડવો. એ કારણ સર એક માણસ તેના મોહમાં સારૂં સારૂં ખાવાનું નાખતો હતો અને કોઈ વખતે તેને છેતરતો પણ હતો; તેથી હાથી ગુસસે થયો, અને પેલો ચીતારો એવું કરાવેછે, એમ સમજીને જે કાગલ ઉપર તે ચીતાર પાડતો હતો તે પર તેણે પોતાની સુણમાંથી પાંણી ફેંકીઉં.

કેપટન વીલીઅમસન એક હાથીની વાત લખેછે. તે હાથી પાગલ અથવા મુરખને નામે ઓળખાતો હતો. તેની આદત એ હતી કે પોતાની મરજીથી ઉપરાંત જરા પણ વધારે સામન ઉપાડે નહી. જો વધારે સામન તેની ઉપર લાદીઓતો પોતાની સુણથી ખેંચી પાડી નાખતો. એક દીવસે તેની એવી ચાલથી કુઆરટર માસટર ગુસસે થયો અને તેના માથામાં એક તંબુની ખુંટી ફેંકી. થોડા દીવસ રહીને તે હાથી પાંણી પીઈને પાછો આવતો હતો તેવામાં રસતામાં પેલો કુઆરટર માસટર મળીઓ, જેને પોતાની સુણથી ઉંચકીને એક આમલીના ઝાડની ડાલી સાથે લટકાવી દીધો અને પોતે ચાલતો થયો.

સુરતના દરજીની વાતનો કેટલાકને માલમ હશે. તે એક હાથીને કંઈ પાછો દર રોજ તે પાંણી પીવા જતો તે વખતે આપતો હતો. તેથી હાથી પોતાની સુણ હમેશ દરજીની દુકાનમાં ફેરવતો. એક દીવસે દરજીએ તેની સુણમાં

સોએ ભોકી, તેથી તે ચાલતો થયો. પાણી પીધા પછી પાછો ફરીઓ, અને પોતાની સુણમા કેટલુંક પાણી ભરીને રાખીઉં હતું તે દરજીની દુકાનમાં ફેંકીઉં. તેથી તેના કપડાંનો ઘાણ વલીઓ.

નવાબ દઉલાહ લખનોની પડોસમા સેકાર કરવાને હાથીપર નીકલીઓ. તેને તથા તેની સાથની સવારીને એક ખીનમાંથી જવું પડીઉં. એ ખીનમાં કેટલાંક આજારી માણસો સુતેલાં હતાં. નવાબની સવારીને જોઈને તે આજારી માંણસોના સગાં વાહલાં જે તેઓની સાથે હતાં તે બીહને નાહશી ગયાં અને તેઓને પડી રેહવા દીધાં. નવાબ દઉલાહની મતલબ તેઓની ઉપરથી હાથીને ચલાવી જવાની હતી, માટે માહવતને હાથીને ચાંપીને ચલાવવાને કહીઉં. જયાંસુધી રસતો હતો તીઆંસુધી હાથી ચાલીઓ ગયો, પણ જયારે પેલાં આજારી માણસોની નજદીક આવી પોંહચીઓ, તીઆરે ઉભો રહેઓ અને આગલ વધે નહી નવાબ દઉલાહે માહવતને આંકણી ભોકવા કહીં, પણ હાથી આગલ વધે નહી. આખેર જારે ઘણો માર પડીઓ, તારે પેલા હાથીએ પોતાની સુણથી દરએક આજારી આદમીને ઉંચકીને એક કોરે મુકીઉં અને એમ રસતો કરીને આગલ વધીઓ. જુઓ ! માણસનુ હેવાનીઅતપણું—અને હેવાનનું આદમીઅતપણું !

હવે પાસેનાં મોટાં ચીતર તરફ જુઓ ! જુઓ, હાથી આયાનુ કાંમ કરેછે. આપણે એને તરેવાર કાંમ કરતાં જોયો હશે, પણ આ દેખાવ નવોજ માલમ પડેછે બનારસ જતાં રસતામાં એક છાવણીની જગાપર નજરે પડેલા દેખાવનુ એ ચીતરછે. અહીઆં કેટલાક માહવતોનાં કુટંબોએ હાથીની સાથે છાવણી કરી હતી. જારે માહવતની બાએડીને ખાણું પકાવવામાં રોકાવું પડે, તારે નાના બચ્ચાંની સંભાલ કોણ રાખે ? એવી વખતે માએ પોતાનાં બચ્ચાંને હાથીની પાસે રમતાં મુકેછે. હાથી તેઓની સંભાલ એવીતો નરમાસથી લેછે કે આયા એક કોરે હટે નાના બચ્ચાંની અટકચારી ચાલ કોણને નથી ખબર ! તે પરમાંણે બચ્ચું ઘડીમાં તેના પગ તલે વીટલાએ, કોઈ વખતે હાથીના ખોરાકની ડાંખલીમાં ભેરવાએ, કોઈ વખતે તેના પગની સાંકલ સાથે લપેટાએ, તો એ બધી વખતે તેને ગુંચવારામાંથી હાથી પોતાની સુણથી મોકલું કરેછે. જો બચ્ચું હાથીની હદથી બાહેર નીકલી જતું હોએ, તો પાછું ઉંચકીને તે પોતાની પડોસમાં મુકેછે. અને એ બધી વખતે બચ્ચાંની મા નભરવસ પોતાનું કાંમ કરેછે. જાનવરનું શીઆણપણ, તેનો પીઆર, તેની નીમકહલાલી ઈતીઆદી માણસની સાથે સરખાવો અને સરવથી માહ શકતીવાન જે ભલો ઈશવર તેની કુદરત પીછાણો !

---

## તંબાકુ.

દુનીઆંમાં જણાએલી અને વપરાતી જેહેરી વનશપતીઓ તરણછે. ૧ ગાંજો ૨ ધતુરો. ૩ તંબાકુ. એઓમાં ધતુરો શઉથી વધારે ઉનચી પદવી ધરાવનારી જેહેરી વસતુછે તેથી ઉતરતો ગાંજો અને શઉથી હલકો તંબાકુછે.

તંબાકુ કેટલી લાંબી મુદત શુધી જણાએલો ન હતો, જેઓ તેનો ભુકો કરી શુંગવામાં વાપડતા હતા તેઓની તે વખતમાં હશી થાતી હતી. ઈંગલંડના બાદશાહ પેહેલા જેમસે "તંબાકુ" ખાધાથી અને તપકીર શુંગવાથી ઉપજતા ગેરફાએદાઓ વીશે એક ચોપાંનીઉ લખેઉં હતું. તે વખતના પોપ તરીજા અરબાને જેઓ દેવલમાં તપકીર શુગતા હતા અથવા તંબાકુની બીરી પીતા હતા તેઓને નેઆત બાહેર કાડેઆ હતા અને તેમજ માહારાંણી એલાઈજાબેથે એવી વસતુ વાપડનારાઓને મોટી શીખશા કીધી હતી. કેટલાકોના નાંખ કાપી નાખેઆં હતાં, એવું હોવા છતાં આએ જેહેરી વનશપતીનો અતીઘણો ખપ થાતો હતો. એ વસતુનો ખપ એટલોતો હતો કે સરકારે તે ઉપર મોટો કર નાખેઓ હતો, તે છતાં લોકો વાપડેઆ વગર રેહેતા ન હતા. હાલ સરકારને એ વસતુ ઉપરના કરની મોટી આવકછે. વેપારમાં બે જાતના તંબાકુ આવેછે. પેહેલો પાતરાંનો તંબાકુ જે ખાધામાં અને પીવામાં વપડાએછે. બીજો તે પાતરાંમાંથી બનાવટ કરીને બનેલી તપકીર જે માતરે શુંગવામાં અને વારેઘડીએ દાંતણ કરવામાં વપડાએછે.

તંબાકુ બનાવવાને માટે પાતરાંને પેહેલાં ભીજવીને દાબી રાખેછે અને થોડાક દાહાડા પછી કાપીને કામમાં લગાડેછે. તપકીર બનાવવાને તંબાકુનો ભુકો વપડાએછે, તે ભુકાને એક મોહોટાં કાદવનાં વાશનમાં મુકી, તેમાં ખમીર ચહડાવવાને માટે સાદું પાંણી અથવા નીમખનું પાંણી છાંટેછે (નીમખનું પાંણી છાંટવાથી તંબાકુને ફુગ આવતી નથી) પછી તે વાશનને બંદ કરીને ૨—૩ મહીનાં સુધી રાખી મુકેછે જેથી તંબાકુમાં પુરતું ખમીર ચહડેછે. તેઆરબાદ તેને બાહેર કાહાડી કુટીને તેની તપકીર બનાવેછે જે ઠીકની તપકીર આવેછે તેની બંનાવટમાં થોડોક ચુનો ભેલેછે અને પાતરાંને વાટવાની અગાઉ અતીઘણાં શુકાં કરેછે.

તંબાકુ ખાધાથી જે ખરાબ પરીનાંમ ઉપજેછે તે જાણવા જોગછે. ખાધા પછી તુરત ગલામાં આગ બલેછે, પેટમાં જવાથી કાંઈ કાપતું હોએ તે માફક પેટમાં લાગેછે, થોડાક વખત પછી ઉબક અથવા ઠીક

આવેઆ કરેછે, અને તેમ થાવાથી જે કાંઈ ખાધેલું હો એછે તે બધું ઊલટી થાઇ નીકલેછે, જે પરમાંણે અ ફીમ ખાધાથી ખુશ કેફ લાગેછે અને હુંગ આવેછે તે મ એની કાંઈ ખુશ કેફ નથી, એ ખાધાથી ઊલટો જીવ ધુજેછે અને માથું દુખીઆ કરેછે અને અતીશય ફેર આવેછે, બદનનાં સઘલા સાંધા ઢીલા થઈ નીકલી પડતા હોએ તેમ લાગેછે, હાથ પગમાં કાંઈ જોર ન હી હોવાથી શીધું ઊભું રેહેવાતુ નથી. આંખે અં ધારાં આવેછે અને માણસને અતીશય બેચેન કરી ના ખેછે, એમ છતાં જેઓને તંબાકુ ખાવાની તબેછે તે ઓને ખાધા વગેરે ચાલતુ નથી, તપકીર લીધાથી કાંઇ ઓછા ગેરફાએદા ઊપજતા નથી, આપણાં લો કોમાં કેટલાકો દાંતણ કરતી વખતે તપકીર દાંતને ચો લેછે, પણ જે લોકોને ઊલટીની તબે હોએછે અને જો તેઓ તપકીર દાંતણ કરવામાં વાપડેતો તેઓની ઊલ ટી દવા દારૂથી પણ બંધ થાતી નથી, તેવાંઓને ભલા મણ કરવી જોઈએ કે થોડી થોડી કરીને તેઓએ ત પકીર છોડી દેવી તેથી જરૂર ફાએદોછે. તપકીર અથ વા તંબાકુની એક વખત તબે પડી એટલે તે મટવાની નથી, જે પરમાંણે અફીમની તબે જેઓને હોએછે તે ઓને તે વગર ચાલતું નથી. તે પરમાંણે આએ જે હેરી વસતુની પણ તબેછે. એક પાદરી જેહેને તપ કીર સુગવાની તેવ હતી તેણે એક દાહાડે તપકીર સું ગવાથી ઊપજતા ગેરફાએદાઓ વીશે એક લાંબું ભા શાંન કરેઊં. તે બોલીઓ કે તંબાકુ એ એક જેહેરી વસતુછે તે અમેરીકાથી આવેછે, તેનાં પાતરાંમાંથી તે લ કાહાડી તેનું એક તીપું જો જાનવરોને પાઈઊં હો એતો તેઓ તરત તફરીને મરણ પાંમેછે. જો માણ સજાતે તેનો તંબાકુ બનાવી ખાધો હોએ, અથવા પીધો હોએ અથવા તપકીર બનાવી શુંગી હોએતો તે થી તેનાં છેરા ફેરફાર થાઇ જાએછે, તેનું મોહાડું ફી કું મારેછે, વારેઘડીએ લીધાથી તેની છાતી ઊપરથી લોહી પડેછે, તેની ધાત પતલી થાએછે, એટલાં ખરાબ પરીનાંમ છતાં તેની લેવાની, પીવાની અથવા ખાવા ની જો તબે પડીતો પછી તે છોડાતી નથી. ને બો લીઓ કે રાજા ચીકરેડેનીસને તેવી તબે હતી તેણે છો ડવાનાં અતીઅંત ઊપાઓ કરેઆ પણ કાંઈ વલેઊં નહી. મુકી દીધાથી તે ઊલટો આજારી પડેઓ. છેલે અંતે ને જાહારે મરવા પડેઓ તારે તેનાં ડાકટરે તેને તપકીર લેવાની તબે હતી તેથી તે પાછી લેવાને ફરમાવીઊં, એટલું બોલી તે પાદરીએ જે પરમાંણે રા જાએ કીધું તેમ તેણે કરી બતલાવીઊં, પાદરીએ પો તાનાં હાથમાં એક રૂપાંની દાબડી લીધી અને બોલીઓ કે રાજાએ આએ પરમાંણે દાબડીનાં મથાલાં ઊપર બે આંગલાં થોકીને દાબડી હુંગાડી, પછી આ પરમાંણે ચમતી ભરીને તપકીર લોધી અને એમ હાથ ઊનચો કરી નાંખમાં શુરાકો લીધો, જેમ બોલતો ગઓ તેમ પોતે પણ તપકીર લેતો ગઓ.

---

## આંનડામાંન ટાપુ—ગુનેહગારોને તરીપાર કરવાની જગા.

આ ટાપુનું ઝુંમહું હીંદુસથાનની દખશીણ—પુરવ તરફ અને બંગાલની ખાડીમાં દાખલ થતાંજ આવેલુંછે; અને આપણું ચોમાસું જે દખશીણ—પશચં મ તરફથી ઈઆને નઈરૂત ખુણેથી ફુકેછે તેના મોહો મોજછે જેથી વરસના નજદીક છ મહીના તાંહાં ચાલુ વરસાદ રેહેછે.

જે જગા અથવા ટેકડીની આસપાસ ચોતરફ દ રીઆ ફરી વલેઓ હોએ તે જગા અથવા ટેકડીને આપ ણે ટાપુ અથવા બેટ કરી કહીએ છઈએ. એ ટાપુની આસ પાસ બંગાલનો દરીઓ લાગોછે અને એ દરીઆમાં વારે ઘડીએ તોફાંનો થાએછે જેથી વાંહાણોને એ ટાપુના ખડ કોથી ઘણુ નુકશાન થાએછે. એ ટાપુઓનો વીસતાર નજ દીક તરણ હજાર ચોરસ માઇલછે અને અહીંઆં વસના રી જાત એક જાતના હબશીઓનીછે. એ હબસીઓ જ મીન ઊપરની સઘલી જંગલી જાતો કરતાંબી ઊતર તે દરજ્જાના જંગલીઓછે. તેઓ અતીશએ કાલા, તેઓના બાલ ઊન સરીખા, અને તેઓનુ કદ પાંચ ફુટની હમેસાં અંદર હોએછે. તેઓનું નાંખ ચપટું, હો ઠો જાડા, પેટ મોટું અને આગળ નોકલી આવેલું, તે ઓના પગ અને હાથ ઘણાજ પતલા અને દુબલા, અ ને તેઓની આંખ ઝીની અને રાતી હોએછે, અને તે ઓનો સઘળો દેખાવ ભુખા અને ફાડી ખાનારા જંગલી ઓના જેવો દેખાએછે. તેઓ પાસે કસીબી રીતનો હુનર નથી. તેઓ નાગા ફરેછે અને માંછલી પકડી ગુજારો કરેછે. તેઓ પોતાના શીકારને આગમાં નાંખે

છે અને જેવા તે ગરમ થએઆ એટલે તેને ખાવા મં ડી જાએછે. તેઓ પોતાના બાળને લાલ રંગેછે; અને એ ટાપુમાં બારીક જીના જનાવરો ઊભાઈ જાએછે, તેથી દુર સવારના પોતાના બદનને એક જાતની મટોડીથી પલાસ્ટર કરેછે, જેની ઊપર જાનવરોનો દંખ લાગુ પડતો નથી. તેઓ ગોશઓમાં ભરાઈને રેહેછે અને પારકા લોકોને જોવાને કંટાળેછે.

આ ટાપુ લીલોતરીથી ભરપુરછે અને કેટલીએક તરફથી બંદરો કરવા લાએક ખાડીઓ આવીછે. એ ખાડીઓમાં માંછળી પુશકળ મલી આવેછે અને ગાંમમાં થોડે ઘણો ડાંમર પણ થાએછે.

જોકે આ ટાપુ હીંદુસથાનમાં ઈંગરેજ સરકારને હસતક કેટલુંક વરસોથી ગણાતું હતું તોબી અતીઆર સુધી ફકત નાંમતુજ અને વગર ઊપઓગી પડેલુ હતું, પણ ૧૮૫૭ માં હીંદુસથાંનમાં સીપાઈઓએ જે બલવો ઊઠાવીઓ તે બલવામાં પકડાએલા ગુનેહગારોને તાંહાં તરીપાર કીધા હતા. એ વખતથી હીંદુસથાનમાંનાં ઈંગરેજ સરકારનાં ગુનેહગાર, બંદવાઓને તરીપાર કરી રાખવાને મારે એ ટાપુ ઘણુજ સલાંમત માલમ પડીઊછે; અને હાલમાં તરીપાર થએલા બંધવાઓથી વસેઊછે.

પેહલાં ગુનેહગારોને શીંગાપોર, પીનાંગ અને બાટનીએ ખાતે તરીપાર કરતા હતા, તે હાલમાં બંધ પાંડીઊછે અને આ નવાં ટાપુમાં મોકલેછે.

મુંબઈમાંથી આજ દસ બાર માસની વાત ઊપર જે બાઠીઆઓને જનમ શુધી દેશનીકાલ કરવાની શજા થઈ હતી તેઓને પણ એજ ટાપુમાં મોકલાવીઆંછે.

એ ટાપુ આગલ આગલાં વરશો ઊપર સરકારી તેમજ વેપારી વાંહાંણો જેવો તોફાંન ખાઈને જઈ પડતાં હતાં તેઓનાં માણસોને આ ટાપુનાં જંગલીઓ મારી નાંખી ખાઈ જતા અને વાંહાંણોના કકડા કરી નાખતા હતા, એવુ માલમ પડીઊછે કે એ તરફથી પસાર થઈ ચીન અને બીજાં મુલકો ખાતે જનારા કેટલાંક બારકસો કાંહાં ગુમ થઈ ગઆંછે તેઓનો આજ શુધી પતો લાગતો નથી; તેને માંટેબી એવુજ અટકળી શકાએછે કે તોફાંન ખાઈ આ ટાપુ આગલે તે વાંહાંણો જઈ પડીઆં હાએ અને આ માણસોને [illegible] કરનારા જંગલીઓનાં તેઓ લોગ થઈ પડીઆ

# દુ:ખનો દરીઓ—સુખનું મુલ.

## નાદરશાહ અને સુનદરબાઈ.

નાદરશાહ—ઓ! સુનદરી! સુનદરી! સુનદરી!! મારૂ સતીઆનાશ વલીઉં; મારી ખરાબી થઈ, મારૂ નામ તારાજ થયું; મારી આબરૂ હવાપર ઉડી ગઈ. ઓ સુનદરી, સુનદરી, મારાં બચાંનુ શું થશે! તારૂ શું થશે! ઓ, ખોદાવનતાલા! આ શું થઈઉ! મારો ગુનાહ શો!

સુનદરબાઈ—મારા વાહલા નાદર, આ તે શું? મને કંઈ સમજ પડતી નથી. ધીરજ ધરીને મને સમજાવો તો ખરા.

નાદરશાહ—ધીરજ બલી. જીવતર બલીઉં. નામ બલીઉં. ગામ બલીઉં. એ ખોદાદાર મારો છુટકારો જલદી કર.

સુનદરબાઈ—ઓ મારા વાહલા, વાહલા નાદર! ઓ મારા જીગરના સાથી! ઓ મારા હાતમ દીલના ધણી! મારી છાતી ભરાઈ આવીછે. મને જલદી બોલાસો કરો તો કેવુ સારૂં? એવો તે શું ગજબ આવી પડીઓછે કે જે તમને આવા દુખમા બાહવરા કરી નાખેછે. દયાલુ નાદર, મોટાં દીલનાં નાદર, મારા નગીના નાદર, તમારૂ દુખ તરત મને કહો.

નાદરશાહ—અહા, અહા, અહા; સતીઆનાશ વલીઉ. સુનદરી! સતીઆનાશ વલીઉં. મારાં બચાનું શું થશે! સુંદરીનુ શું થશે! ઈશવર મને જમે કર. મને આ દુનીઆથી દુર કર. અહા, સતીઆનાશ વલીઉં!

સુનદરબાઈ—(વલગી પડી, ફોટી કરીને અને અહીં તહીં હીલવીને) નાદરશાહ! નાદરશાહ! તમે મને સાંભલોછો કે નહી. મારૂ બોલેલું ફોકટજ કે? નેક નાદર, કહો મને, કહો શું છે તમને, કહો મારા નાદર, કહો.

નાદરશાહ—દુનીઆંથી ગયો—આબરૂથી ગયો—લોકોમાં બદ થયો. હવે રહીઉ તે શું! સુનદરી છોડ મને. જવાદે અહીંથી.

આવી રીતનો બનાવ એક સાંજની વખતે નાદરશાહની વાડોમા બનીઓ. સુનદરબાઈ ફરતાં હતાં, તેવામાં નાદરશાહે આવી, હાએ અફસોસ ઉપર કહેઆ મુજબ દેખડાવી; સુનદરબાઈની આંખમાંથી આશુ તરતર તરતર ટીપાવા લાગાં. પોતાના ધણીને કોઈ પણ દીવસે હાવા વીલાપમાં જોએલા નહી, તેથી તેણીનુ હઈડું અતીશય ભરાઈ આવીઉં હતું અને આંસુ જો હઈડાંના કુવામાંથી ઝરાની માફક નહી વેહતે, તો હઈડું ઉભરાઈ આવી, સુનદરબાઈને ખમીત ગુંગરાવી, બેસુધ કરી નાખતે એમાં શક નહી. પણ નાદરશાહસો પોતાની ગમગીનીમા એવાતો ગીરફતાર થઈ ગયા હતા, કે આસપાસ શું ચાલીઉં જાએછે, તેની કંઈ પણ તેવણને ખબર ન હતી.

એટલામાં જાલ જે નાદરશાહનો ખરો વફાદાર ચાકર હતો, તે બાઈને તથા શેઠને વાસતે ચાહે લઈ આવીઓ. [illegible] આ દેખાવ જોઈને દંગ થઈ ગયો અને વીચારવા [illegible] કે આને શું આફત આવી પડી હશે. સુન

દરબાઈએ જાલને જોતાંને વાર આંખ લુછી, જાણે પોતાની દલગીરી છુપાવાની વેતરણ કરતાં હોએ, એવું દેખાડીઉં અને તીજા શખસની હાજરીથી નાદરશાહને પણ સુધ આવી. જાલ સમજુ હતો તેથી બાઈની તથા શેઠની આગલ ચાએનું પેઆલું મુકી એક બોલ બોલીઆ વીના પાછો ફરીઓ.

નાદરશાહ—સું સુનદરબાઈ તમે રડતાં હોવ તેમ મને લાગેછ. વાહ ! હું તમારી ઉપર મારો આધાર રાખુંછું અને તમે એમ કેમ હીમત છોડી દેઓછો.

સુનદરબાઈ---ઓ, મારા અમુલીખ નાદર ! જ્હાં સુધી હું તમારો નેક ચેહરો જોવાને જીવતી રેહવશ, 'તી આંસુધી કદીબી હીમત છોડી દેવશ નહી. મારૂં રડવાનું કારણ કંઈ નાહીમત નહી હતું: વારૂં, પીઆરા નાદર, તમારી ઉપર શું દુઃખ આવી પડીઉંછે તેતો જણાવશો ?

નાદરશાહ—હા; સુનદરી હું તમને નહી જણાઉં તો મારો બીજો તમારેથી સરસ શાથી કોણછે કે જેને હું જણાઉં ? પણ હમણા નહી. મારીથી બોલાઈ શકાતું નથી. જરા મને વખત આપો.

એમ કહી નાદરશાહા પાછા વીચારમાં પડીઆ. સુનદરબાઈ પાસે બેશી વમાસમાં પડીઆં. બાગમાં તરેવાર જાતના ફલ તથા ફુલો બાહારમાં આવી પવનની મીમી લેહરીથી ગમત કરતાં હોએ, એવી રીતે દેખાતાં હતાં; બાગમાં અનેક જાતના પંખીઓ મધુર રાગથી પોતાના પેદા કરનારની વખાંણ ગાતાં હોએ, એમ લાગતું હતું, સુરજનાં અસત પાંમતાં કીરણો સરવે લીલોતરી ઉપર અને વલી બાગમાના સોહામણા બંગલા ઉપર સુનેરી ટોર ચહડાવતાં હોએ, એવું માલમ પડતું હતું. એવા દેખાવથી પાકીજગી અને બેહશતપર આપણો જીવ દોડીઆ વીના રેહ નહી. પણ આએ વખતે તે દેખાવના તલેસમાતથી પણ નાદરશાહ તથા સુંદરબાઈપર કંઈ અસર થઈ નહી. વખત વધતો ગયો. અંધારૂં વરતું ગયું. પંખીઓનો સરોદ નરમ થયો. બાગનો દેખાવ બદલાતો ગયો. તોપણ નાદરશાહ જેમના તેમ બેઠેલાજ હતા.

એકીનદાર જાલ બીચારો ગબરાયો. જમવાનો વખત થઈ ગયો, તોપણ શેઠ શેઠાણી બંગલામાં ન આવીઆં તેથી તેઓ તરફ ગયો. તેઓની આગલ જતાં અચકાયો. પણ શું કરે ? બીજો ઉપાએ ન હતો; તેથી આગલ વધીઓ. સુનદરબાઈ ચમકીને ઉઠીઆં અને તેથીજ નાદરશાહનુ મન પણ એંચાયું. જાલે નમનતાઈથી જણાવીઉં કે ખાણું તઈઆર હતું. તેથી જેમ યંત્ર પોતાની ખુશી વગર ચલાવેલું ચાલેછે, તેમ બનને ચાલીઆં.

નાદરશાહ અને સુનદરબાઈને, હમેશ ખાણાંની આગમજ પોતાનો પેદા કરનાર, જે સંધું બખશેછે, તેની બંદગી કરવાની ચાલ હતી, તે પરમાંણે બંને એક ઓરડામાં જઈ એકાંત બંદગીમાં મશગુલ થયાં. જેમ જેમ બંદગીમાં આગલ વધતાં ગયાં, તેમ તેમ તેઓના ચેહરાપર નુરાની આવતી ગઈ; અને જે પરમાંણે એક નાંમાકીત વઈદ, એક વેદનાના વીલાપમાં પડેલા આદમીને પોતાની ચમતકારીક દવા આપી, દુખ ભુલાવી મધુર ઉંઘમાં નાંખેછે, તેજ પરમાંણે બંદગીની અસરથી તેઓના ઉભરાઈ આવેલાં દીલ નરમ થતાં ગયાં. ઇબાદતથી તેઓનો દેખાવ સંતોશ ભરેલો દેખાવા લાગો અને વધારે બોલવા વગર ખાંણાંપર બેઠાં.

જમી રહેઆ પછી, સરવે ચીજ દુર કીધા પાછી, તથા ચાકર નફરો દુર થયા પછી, નાદરશાહે સુનદરબાઈને માંડીને વાત કહી. તેમાં તેવણે જણાવીઉં કે ધંધાનેસર, હાથ નીચેના માણસોના રોજગારને સર, નાણાના રોકાણ સર, અને અલબતાં નફાને સર, તેવણે મોરો વેપાર કીધો હતો; તેમાં પોતાની કેટલી ભુલ તથા પોતાની કેટલી તકશીર તે પણ સાથે લાગી જણાવી; અને તેથી તેવણની મોટી દોલત એકદમ ઘસડાઈ ગઈ હતી, એટલુંજ નહી, પણ તેવણને ધાસતી હતી કે સરવે ચીજો વેચી નાંખતાં પણ લોકોનું મોડું ઘણું માંથે કરજ રેહશે, તે પણ જણાવીઉં.

વાંચનાર ! આએ ખબર કેવી બયંકાર એકવાર દરવીઅવાંન થઈ તેથી મલતાં સરવે સુખો ભોગવી પછે એકાએક પડતી હાલતમાં આવી જવું એ કેવું દુખદાએકછે.

સુનદરબાઈના દીલમાં આએ વાત સાંભળીને મોટો જખમ લાગો. તેણીની આંખોમાંથી નવધાર આંસુઓ વેહવા લાગાં. પોતાનું સર નીચું કરીને, પોતાના ધણીના મોહમાંથી બનેના દીલને જખમ કરનાર, એક પછી એક નીકલતા શબદને વાસતે પોતાનો કાંન આગળ ધરીઓ હતો, તેવામાં વાત પુરી થયા પછી, એકાએક વગર ધારવે પોતાના દીલમાંથી હાએ મારી, નીસાસ નાખી, જમીનપર પોતાના ધણીના પગ આગળ પડી. પોતાની આંસુથી ભરેલી આંખો ધણીની આંખો તરફ ફેરવી અને હાથ જોડી ઇશવરની પરારથના કરતી હોએ, એવી રીતે મનમાં વમાસીને પોતાના ધણીને કહીઉં કે—.

સુનદરબાઈ—ઓ મારા જાની ભરથાર ! મારા જીગરના સાથી ! મારા પીઆરા, નેક, ખુબીવંત ખાવીંદ આએ ગજબ આપણી ઉપર મોટો આવી પડીઓછે. મેં આવી રીતના નુકશાન વીશે કોઈ દીવસે પણ ગણતી નહી કીધી હતી. આએ ગજબથી આપણને ભારે ખમવું પડશે, પણ જેમાં આપણો ચારો નહી, જેને આપણે કદીબી ફેરવી નહી શકીએ, તેમાં આપણો આધાર ઇશવર પર રાખવો. તેનેજ આપણું લંગર કરવું કે જે કદીબી તુટી આપણને દગાખોર દરીઆમાં ડુબવા નહી દેગે. પઈસો ઘણી જોરાવર ચીજછે, તેથી આપણે ઘણું સારૂં કાંમ કરી શકીએછે, તેથી મોટી મોટી ભારી ચીજો આપણે સેહલથી કરી શકીએછે, પણ જારે તે આપણી પાસે નહી હોએ, તો હારી સામારે ખાઈએ ? પઈસાના કરતાં વધારે સરસ સંતોશછે, અને સઉથી સરસ નેકીછે. આ દુનીઆંની દોલત કરતાં પેલી દુનીઆંની દોલત સઉથી સરસ છે. વાસતે લોકોનુ કરજ અદા કરવાને સર સામન, દોલત, ઝવેરાત, જરીઆન વેચી સાટી નાખવાને હું તઈઆર છેઉં. મારી દોલત તમારા ખુશનમા ચેહરામાછે. વાસતે હીમત ધરી જે ખરૂંછે તે કરો.

નાદરશાહ—ઓ મારી પરી ચેહરાની ખાતું ! ઓ મારી નેક ખસલત ધણીઆણી ! ઓ મારૂ અમુલીખ રતન ! તારી કીમત મારી લખો ઘણી દોલતનાં કરતાં વધારેછે. હવે મને બીજુ કાંઈ જોઈતુ નથી.. દોલત જા

થી મને તારાં સુખને વાસતે ધાસતી હતી અને તેથીજ હું ઘેલા સરખો બની ગયોછું. હવે મને કસાંની જરૂર નથી. તું સુનદરી ! તુંજ મારી દોલત છે.

એમ કહી એક બીજાને વલગી પડી ગલે લાગાં. તીઆર પછી નાદરશાહ તથા સુનદરબાઈએ હવે પછાનો વહીવટ કેમ ચલાવવો તેનો વીચાર કરવા લાગાં. તેઓએ ઠેરાવ કીધો કે આવતી કાલેજ એક નાનુ ઘર ભાડે લઈ, તીઆં રેહવું; સરવે ચાકર નફરોને રજા આપવી; બધી મીલકત તથા સુનદરબાઈનુ ઘરેણું, તેણીના ઉંચી કીમતના કપડાં, તેમજ નાદરશાહને હાથની હીરાની વીંટી વગેરે વેચી સાટી નાખવું. એવી બધી ગોઠવણ રાતના બાર વાગા શુધી કીધા પછી, તેઓ ઈશવરની બંદગી કરી, તેની પાસે હીમત માંગી સુવાને ગયાં.

બીજેજ દીવસે નાદરશાહે પોતાના માગનારાઓને બોલાવીને પોતાની હાલત જણાવી તથા પોતાનુ કરજ અદા કરવાને કેવી ગોઠવણ કીધી હતી તે પણ જણાવી. નાદરશાહ એક પ્રમાણીક વેપારી હતા, તેથી સરવેનો પુરતો વીશવાસ તેવણની ઉપર હતો, માટે તેવણે જે કહીઉં તે માગનારાઓએ કબુલ રાખીઉં, એટલુંજ નહી, પણ સરવે માગનારોએ એકદીલથી તેવણને દીલાસો આપીઓ. ના, તેઓ એથી આગલ વધતા હતા, તેઓ થોડું લેહણાને પેટે લઈ ફારગતી લખી આપવાને તઈઆર હતા, પણ નાદરશાહે સાફ ના પાડી. તેવણ બોલીઆ, "સાહેબો હજુબી આરામાં તમે મગરૂરી જુઓતો તે મગરૂરી મારાં ખરાં દીલની છે, માટે તેને વાસતે હું તમારી પાસે માફ માંગુંછું અને મારૂં મન જાહેર કરવાની રજા લેઉંછું કે હું કોઈને પઈસે થોડીઆમાં ખપવા માંગતો નથી. વાસતે એ વીશે જેટલું તમો થોડું બોલશો તેટલું મને માન તમે આપોછો એવું હું સમજસ." નાદરશાહના આવા શબદો સાંભલી સરવે માગનારાઓએ એ બાબદસર ચુપકીદી પકડી. કાંએકે તેઓ નાદરશાહને સારી પેઠે પીછાનતા હતા. તેઓ જાણતા હતા કે જે નાદરશાહના બોલો તે તેવણના વચન તરીકે પાલતા હતા.

એક તરફથી નાદરશાહ પોતાના માંગનારાઓની સાથે જોડવણ કરતા હતા, તો બીજી તરફથી સુનદરબાઈએ ચાકર નફરોને રજા આપી, એક નાનું ઘર શોધી આવી, તેમાં જોઈતોજ સામન લઈ નાદરશાહ ઘર આવે તેની આગલ બધું ઘર તઈઆર રાખીઉં હતું. નીમખહલાલ જાલે સાફ ચોક શેકાનીને છોડીને જવા ના પાડી, જે પગાર તેને મલતો હતો તેનાં અરધા પગારે રેહવાને ખુશી હતો. ખરેખર પગારની પણ તેણે ઈચછા જણાવી નહી. તે બછત થઈને બાઈની સાથે રહેઓ.

નાદરશાહ સાંજના નવા ઘેરમાં આવીઆ. તેવણે કોઈ દીવસે એવી રીતના નાહાના ઘરમાં પગ મુકેલો નહીં તેથી, તથા એક દીવસમાંજ એક ખુશનુમાં બાગબગીચો છુ ટી આવવું પડીઉં, તેથા તેવણના દીલમાં નાઉમેદી ઉતપન થઈતો ખરી, પણ વાંચનાર ! જીઆં નેક બઈરી મલી, જીજાં તેનો હસતો ચેહરો મળીઓ તેની વફા માલમ પડી, જીઆં બીજાને ખુશી કરવાને તેની ધમક છમક માલમ પડી; ટુંકમાં જીઆં તેનો આસારો મળીઓ તીઆં નાઉમેદી, ઉદાસપણું, દલગીરી, ગમગીની, ઘણોવાર ટકનાર નથી. નેક ઓરત અને દુઃખ એક બીજાના વેરીછે. જીઆં નેક ઓરતછે, તીઆ દુખ નથી—જીઆં દુઃખછેઃ તીઆં નેક ઓરતની ખુટછે. નેક ઓરત માણસને વાસતે ફરેસતોછે અને તેથીજ તેણે સુખ મળેછે.

પેલી નેક ઓરત સુનદરબાઈએ નવાં ઘરની રચના અને ગોઠવણ વીશે પોતે જાતે એટલી મેહનત લીધી હતી કે જેથી નાદરશાહને ગરીબ હાલતમા પણ ગરીબાઈ ન માલમ પડે. નાદરશાહ બધી રીતની સગવડ જોઈને તથા પોતાની ધણીઆંણીનો હસતો મુખરો જોઈને ખુશી થયા અને જાણે કંઈ પણ આફત ગુજરી ન હોએ તેમ તેને ભુલી ગયા.

નાદરશાહે માંગનારાઓની સાથની જોડવણ સુનદરબાઈને કહી સંભલાવી, અને સુનદરબાઈએ આખા દીવસમાં શું શું વેચવા સાટવા તઈઆર રાખીઉં હતું તે કહીઉં. પોતાના આંગપરનું ઝવેરાત, જરીઆન અને ઉંચાં કપડાં બધા કાહાડી વેચવાને તઈઆર રાખીઉં હતું. બધી વાતચીત તથા મસલત કરી રહેઆ પછી, તેઓના રાબેતા પરમાણે ખોદાની પાસ તેઓએ અરજ ગુજારી કે તે સાહેબ તેઓને સાચે રસતે ચાલવાની હીમત બખશે.


. . . . . . . . . . . . . .

એક વરસની અંદર નાદરશાહ સરવે વેચી સાટી માગનારાઓનું કરજ અદા કરી છુટા થયા. તેવણની મનશાની પરમાણે એવું બનીઉં કે દેણું બધું ચુકવી આપતાં થોડી પુંજી બાકી રહી. તેની સગવડથી તથા પોતાની મેહનતથી નાદરશાહ તથા સુનદરબાઈ એક ગરીબ પણ આબરૂદાર ગામડામાં પોતાનો નીરવાહ આજ કેટલુંક થઈઉં ચલાવેછે. ગામડાંના લોકો તેઓ બનેને મોટું માન આપેછે અને કંઈ પણ તેઓમાં વાંધો પડીઓ હોએતો નાદરશાહ સમજુતી કરી આપેછે. સુનદરબાઈ આખાં ગામના બચાંનો તથા રીઓનો પેઆર ભોગવેછે.

કોઈ દીવસે જો નાદરશાહ પોતાના આગલા દાહાડા ઈઆદ કરેછે તો સુનદરબાઈની હીમત, સુનદરબાઈની વફાદારી, સુનદરબાઈનો ધણી પરનો પેઆર, એ સરવે વીશે વખાણ કરતી વખતે તેવણની આંખમાંથી આસુ ટપકેછે અને કહેછે કે ઓરત જાત આદમીના દુઃખને ટાલવાને વાસતે માહ દયાલુ ઈશવરે સરજીછે.

વાંચનાર બાંનુઓ ! મારી દુઆ એટલીજછે કે આએ અથવા એવીજ વખતે તમો પણ તમારા ધણીના સુખનું મુળ થઈ પડો જેથી ખોદાની કીરતીને જેબ મળે અને ઓરત જાત ફરેસતાનું નામ ધરાવે.

## સર અઈસાક નીઉટન.



સર અઈસાક નીઊટન, એક મહા વીદવાન પંડીત અને નામાંકીત ફીલસુફ, ઈ. સ. ૧૬૪૨ માં ૨૫ મી ડીસેમબરે, લીંનકનશાયરમાંના ઊલસથોરપ ગામડાંમાં જનમ પામેઓ હતો. એના ચેહરાનું ચીત્ર ગયા સી ખોધના આંકમાં "હેલી" અને "હરશલ" ની સંગાથે જોવામાં આવેછે. ઊપલું ચીત્ર એ જે ઓરડામાં જનમેઓ હતો તેનુંછે. એજ ઓરડામાં એ પોતાનો ગ, અભીઆશ કરતો હોએ, એવું આપણને માલમ પડેછે. હતુ. ગ બાપ થોડીક જગાનો માલેક હતો તથા તે જ જીવ દોડીઆ વા પણ પોતેજ કરતો હતો. નીઊટનના આવના તલેસમાતથી સવરગવાસી થએઓ હતો. નીકંઈ અસર થઇ નહી. ધતું ગયું. પંખીઓનો કેહવાએછે કે તેના જનમની વખાવ બદલાતો ગયો. તોપણ નો હતો, કે એક કાંશીઆ વાન હતા.

એકીનદાર જાલ બીમારો ગણ પણ જારે એ મરણ પાંખત થઈ ગયો, તોપણ શેક શેકાણી બંગલેનો હતો, તે છતાં તેથી તેઓ તરફ ગયો. તેઓની આગલ જ કદનું હતું, એ પણ શું કરે ! બીજો ઉપાએ ન હતો; તેથી આ-ઓ, સરવે દાં સુનદરબાઈ ચમકીને ઉઠીઆં અને તેથીજ નાદર ન પણ એંચાયું. જાસે નમનતાઈથી જણાવીઉનો થયા પણ તઇઆર હતું. તેથી જેમ યંત્ર પોતાની ખુશી વગરની ચલાવેલું ચાલેછે, તેમ બનને ચાલીઆં.

નાદરશાહ અને સુનદરબાઈને, હમેશ ખાણાંની આગમજ પોતાનો પેદા કરનાર, જે સંધું બખશેછે, તેની બંદગી કરવાની ચાલ હતી, તે પરમાંણે બંને એક ઓરડામાં જઈ એકાંત બંદગીમાં મશગુલ થયાં. જેમ જેમ બંદગીમાં આગલ વધતાં ગયાં, તેમ તેમ તેઓના ચેહરાપર નુરાની આવતી ગઈ. અને જે પરમાંણે એક નાંમાકીત વઈદ, એક વેદનાનાં વીલાપમાં પડેલા આદમીને પોતાની ચમતકારીક દવા આપી, દુખ ભુલાવી મધુર ઉંઘમાં નાંખેછે; તેજ પરમાણે બં

ખ પણ હતો, તોએ પછવાડેથી એ બાબદમાં ધેઆંન આપીઊં હોએ એવું માલમ પડતું નથી. એને હાથના બનાવેલાં ઘડીઆળો હજુ સુધી "રાયલ સોસાએટી" માં નવાઈ તરીકે રાખેઆમાં આવીઆંછે.

ઈ૦ સ૦ ૧૬૫૬ માં એનો સાવકો બાપ ગુજરી ગયો. તારે એની મા, પોતાના બીજાં ત્રણ છેકરાં લઈ, પાછી ઊલસથોરપમાં આવી રહી અને નીઊટનને ખેતીનાં કાંમમાં મદદ આપવાને નીશાળેથી ઊઠાડી લેવામાં આવીઓ. પણ ચોપડીઓમાં તથા સુથાર કાંમમાં એ પોતાનો શોખ પુરો પાડતો અને બીચારાં ગાએ ઢોરને ખેતીના અનાજમાં તેઓનો શોખ પુરો પાડવા દેતો. એવી રીતે ખેડુતના ધંધાને નલાયક માલમ પડેઆથી, એના મામાની ભલામણે એને કેમબરીજની કાલેજમાં ઇ૦ સ૦ ૧૬૬૧ માં દાખલ કીધો. ઇ૦ સ૦ ૧૬૬૮ માં એણે "એમ. એ." ની પદવી મેળવી. પણ આટલી મુદતમાં એના ઝલકતાં ભવીશયનાં કાંઈ પણ ચીનહ માલમ પડીઆં હોએ એવું દીસતું નથી.

તારપછી એ પોતાની મેહનતથી પરકાશતો થયો. ગણીત શાસ્રમાં એક જાતની ગણતરીનો એણે શોધ કરયો. જેથી એક વાંકી લીટીના આકારમાં તથા સીધી લીટીના આકારમાં તેઓની હદે થતો ફેરફાર ગણાઈ શકેછે. હવે શોધની ખુબી જોકે સાધારણ વાંચનારને પુરી ન માલમ પડે, તોએ ગણીત શાસ્રીઓને એનાથી મોટી અડચણ ટલીછે. માટે નીઊટનને મોટું શાકો મલીઊં. પણ આપણને એ શોધમાં જાણવાજોગ માતર એટલુંજછે, કે જે વખતે નીઊટન એ શોધમાં ફતેહ પામીઓ હતો, પણ જેની એણે ખુલી રીતે સમજણ ન આપી હતી, તેજ વખતે એક નામાંકીત જરમન ફીલસુફ, નામે "લાઈબનીટ્ઝ," એણે પુરતી સમજણ સાથે તે શોધ બાહેર પાડીઓ. એ ઊપરથી નીઊટન અને લાઈબનીટની ચેલી વાલાઓમાં જઘડો ચાલીઓ અને લાઈબનીટની ઊપર એ શોધની ચોરન વેચાં ઠપકો મેલવામાં આવીઓ. હવે નીઊટન જો લત તમારા લાઇબનીટને એ ઠપકામાંથી મોકલો કરતે, પખરૂંછે તે કાંમ ન કરયું, એ માટે તેની આબરૂને ઝાંખ નાર એવીજ ચાલ નીઊટનમાં બીજા એક બે મારી નેક તન ! તારીખબંધી માલમ પડેછે, તેથી આપણને એટલું ધારેછે. લછે, કે મોટાં માણસો પણ દુનીઆના ખોટી...

આખરૂને માટે, પોતાના સાચા નીઅમો કોઈ વખતે ભુલી જાએછે.

નીઊટનની મેહનતથી તથા તેની હુશીઆરીથી રોશની વીશે આપણને અજવાળું મળીઊંછે. રોશનીના કીરણો જારે આડાં શરેછે, તારે તેઓ એક સરખા નથી પડતાં તે વીશે એણે શોધ કીધો. તે પરથીજ આપણે જે સફેદ કીરણ જોઈએછે તે જુદા જુદાં રંગના કીરણોના મેલાપથી બનેછે એમ પેહલું નીઊટને જાહેર કરયું. તેની સાબેતીમાં તેણે ત્રીકોણાકાર કાચનું લોલક લઈ એક કીરણ તેની અંદરથી પસાર થવા દીધું. જેથી કીરણો એકસરખી રીતે આડા શરતા નથી પણ જુદા જુદા તફાવતને ખુણે પડેછે, તે તથા તેઓ સાત જુદા રંગનાછે તે માલમ પડીઊં. એ સાત રંગ કયા કયા તે વાંચનારને માલમછે અને તેઓ વીશે સી બોધના આગલા આંકમાં વરશાદની કમાનના વીશયમાં પણ સમજણ આપીછે. એ શોધ પછી નીઊટન પરતીબીંબ પાડનારી દુરબીનોના સુધારા પછવાડે મંડીઓ. ઈ. સ. ૧૬૭૧ માં એણે પોતે એક દુરબીન બનાવી, જે હાલ રાયલ સોસાઈટીના સવાધીનમાંછે. એવી શોધોમાં વાંધો લેનાર કોઈને કોઈ નીકલેતો ખરા. તેજ પરમાણે નીઊટનની સાંમને "હુક" તથા બીજા ફીલસુફોએ તકરાર ઊઠાવી. જેથી નીઊટન હાર ખાઈ ગયો હોએ, એવું દેખાડવા લાગો અને ફીલસુફીની બાબદોમાં વધારે ધેઆન નહી આપવું એવો ઠેરાવ કરવા લાગીઓ, અને "હાલી" (જેનું બયાન ગયા આંકમાં આપીઊં છે) જેવો શખસ જો નહી હોતો જયોતીશશાસ્રમાં નીઊટને કરેલી અગતીઆની શોધ જાહેર કદી પણ પડી ન હતે. કારણ નીઊટન તકરારથી ભારે ડરતો હતો.

આકરશણ શકતી વીશે થોડી ઘણી માહીતગીરી નીઊટનની આગળ થઈ ગએલા ફીલસુફોમાં હતી, પણ પકી તથા સમજ પડે તેવી ન હતી. ઈ. સ. ૧૬૬૬ માં મોટી મરકી ચાલતી હતી, તેથી પોતાના ઊલસથોરપ ગામડાંમાં ગયો. એક દીવસે વાડીમાં ફરતાં, એક ઝાડ પરથી ફળ નીચે પડીઊં અને પછી એક પછી એક બીજાંઓ પડીઆં. એ ઊપરથી એનો વીચાર આકરશણ શકતીના નીઅમ વીશે દોડીઓ. એણે જાહેર કરયું કે પરથવી, ગરેહ, તારા, સુરાજ વગેરે આકરશણ શકતીના નીઅમથી નીરાધાર રહેલાંછે. સરવે જે મોટી ચીજો આપણે જોઈએછે તે નાહાના રજકણની બનેલીછે. એ રજકણો આકરશણ શકતીથી સાથે જોડાએલીછે. એક ચીજના આધારથી બીજી રેહછે. એટલે કે જે પરમાણેનું તેનું કદ તથા અંતર તે પરમાણે એક બીજાને ખેંચેછે. એજ કારણથી એક ચીજનું ભારેપણું તથા હલકાપણું દેખાએછે. વળી દુનીઆં તથા બીજા ગરેહો ફરેછે, તે પણ એજ આકરશણ શકતીથી ફરેછે, તેની નીઊટને ગણતરી સુધાં સાબેતી આપી. કહેછે કે એક બે વખત એ ગણતરીમાં નીશફળ થયા પછી, જારે એને ખરી ગણતરી હાથ લાગી તારે એ એટલોતો જોસસાથી ભરાઈ ગયો કે બાકી રહેલી ગણતરી એક પોતાના દોસતદારને કરવા આપી.

એવી એવી મોટી શોધોથી નીઊટન અમર થઈ ગયોછે. એ શોધોમાં એણે અતીશય મેહનત લીધી હતી. જે વખતે એ વીચારમાં પડતો, તારે એની આસપાસ શું થતું તેની કંઈ એને ખબર પડતી નહી. ખાંણું કોઈ વખતે કલાકના કલાક સુધી પડી રેહતું અને એ એના વીચારમાંજ પડેલો રેહતો. ઘણી વખતેતો ખાંણું ખાધું કે નહી, તેનું મુદલ તેને ભાન પણ ન રેહતું. એવી રીતના વીચારવાલા તથા ઊદીઓગી શખસથી દુનીઆંને મોટો ફાએદો થયોછે, તો તેને માટે તેને જેટલું માન આપીએ તેટલું થોડુંછે.

ઈ. સ. ૧૬૯૨ માં એવી બુમ ઊઠી રહી, કે નીઊટન ઘેલો થયોછે. કારણ એના કેટલાંક કીમતી કાગલીઆં એના કુતરાની અટકચારી ચાળથી બળી ગયાં હતાં, પણ એ વાત ખોટી ઠરેછે. એટલું ખરૂંછે કે એ વખતે એને ઊંઘ ન આવવાથી એની તંદરોસતી બીગડી, જેથી એનું મન ફરયેર થએલું હોએ, એવું એના કાગલ પતરોના વેહવાર પરથી માલમ પડેછે, પણ એજ વખતે એણે ડાકટર બેનટલીને ચાર કાગળો લખીઆંછે, જેમાં વીદીઆ સંબંધી તકરાર ઘણીજ અકલથી ચલાવેલી દીસેછે.

આવો નામાંકીત ફીલસુફ પૈટ) વરસની વયનો થયો, તીઆં સુધી સંસારી હાલતમાં પુર હોએ, એવું માલમ પડતું નથી. કેટલીક વખતે એણે પરોફેસરનો ઓધો ચલાવી ગુજરાન કરયું. એક વખતે ઈ. સ. ૧૬૭૩ માતો એવી હાલતમાં આવી પડેઓ હતો

કે રાયલ સોસાઇટીનું લવાજમ તે આપી ન શકેઓ મા ટે તેને તે "માફ" કરવામાં આવીઊં.

કેમબરીજની મદરેસાની તરફથી એને પારલી આમેંટનો સભાસદ ઈ. સ. ૧૬૮૮ માં ઠેહવીઆમાં આવીઓ હતો. એ વખતે એની ચારલસ મોનટેગની સાથે દોસતી થઇ. જે ૧૬૯૪ માં રાજયનો ખજાંનચી ઠરેઓ હતો. તેણે નીઊટનને ટંકસાલમાં જગા આપી. તારપછી એની આબરૂ વધતી ગઈ. ઇ૦ સ૦ ૧૭૦૫ માં એને નાઇટનો ખેતાબ રાંણી તરફથી મળેઓ. તારપછી એની ચાલચલણ, આબરૂ, તથા નેકીને વાસતે પેહલા જીઆરજ રાજાની કોરટમાં એક માનીતો દરબારી ગણાવા લાગો. ઈ૦ સ૦ ૧૭૨૭ ની ૨૦ મી મારચને દીને એ મરણ પાંમીઓ. એ વખતે ૩૨૦૦૦) પાંઊડની પુંજી મુકી ગયો હતો, જે પુંજી એના સાવકાં ભાઇ બેહેનોનાં છોકરાંને વેંહચી આપવાને વશીએતનામું એણે કીધું હતું.

એ નામાંકીત શાસ્રી આટલો ભણેલો તોએ એનામા ગરવ ન હતો. તેની સાબેતીમાં અને આપણા લખશણને વાસતે એ એક કેહવત મુકી ગયોછે જેમાં વીદીઆને દરીઆ સાગર સાથે સરખાવેછે અને કેહેછે કે હજુરતો "હું એક બચાંની માફક દરીઆને કાંઠે ગોળ પથરો શોધી એકઠા કરતો હોઊં તેવી હાલતમાં છું."

---

## ખુદરતની પેદાએસ.

આદમજાતનાં ફરજંદ, ખોદાતાલાએ પોતાની કુલે પેદાયસની અંદર તુંને સરવેથી ઊતમ અને મોટો દરજજો બખશીયોછે તે માટે તેનો તને આભાર માંણવો જોયેછે. તું કબુલ કર કે જે જે પેદાયસની અંદર તે સાહેબે પોતાની અનંત શકતી અને અપરમપાર દાહાપણ બતલાવીયુંછે તે તેણે તારાં સુખને માટે ખોલી મુકીછે. પાંણી, પવન અને જમીનમાં જે ખુદરત કામે લાગીછે તે તારે માટેછે. તારા ઊપયોગને માટે ચેંદાને ઊન આપીયુંછે, ઘોડાને મોટો બોજો ઊંચકી જવાને અને પાહાડે અને ટેકડીઆ ઊપર સેહલાઈથી ચહડવાને કદણ ખરી આપીછે, રેસમનો કીડો તારે સારૂં રેસમ કાંતેછે, માંખો ફુલોમાં જઈ મધ કાહાડી લાવેછે, હીલો બલદીયો હલમાં જોતરાયેછે, અને તારે સારૂં જંગલ, ખેતર અને વાડીઓ તરેહવાર ફુલ અને મેવાઓથી ભરપુર રાખેલી હોયછે. એટલુંજ નહી પણ જમીનનાં પેટમાં તારે સારૂં ધાતુઓ અને બીજી ઊપયોગી જીણસો ભરી મુકેલીછે.

આ પણ ખરૂંછે કે બીજાં જાંનવરો કરતાં તારી હાજતો ઘણીજછે, પણ તેમ તને પુરતી રીતે કાબેલીયત, અકલ અને ઊદીયોગની બખશેશ કીધીછે જેથી કરી તારી આસપાસની સરવે ચીજોનો તું જેવો જોઇએ તેવો ઊપીયોગ કરી શકે. તારાં પોશણ, કપડાં, રેહઠાંન, અને બીજી તરેહવાર સગવડને માટે હજારો જાનવરો પેદા કીધાંછે.

આટલું બધું કરીને તે સરવ શકતીમાંન શાહે બે હાથ ખાંચીઓ નથી; પણ તારાં સુખ અને મોજને માટે ચંડોલ અને બુલબુલ સરખાં રાગ ગાનારાં પક્ષાઓ પેદા કીધાંછે. તારી નજરને તુરૂપત કરવાને મેદાંન અને બગીચાઓને લીલોતરીથી તર કીધેલાં છે જેની ઊપરથી પસાર થતી લેહકી તારાં નાખમાં સુગંધ વાસ આપેછે.

પણ એ કરતાંબી તારી ઊપર સરસમાં સરસ એક બખશેશ કીધીછે જેની મદદથી જંગલનાં શાહી ખાંનારા મોટા વાઘ અને શહીંને પણ તું તાબે કરી તારા પગ આગલ બેસા દેતા ઊભા રાખી શકેછે. એ બખશેશ અકલછે. એથી કરી તું ખુદાની ખુદરત પીછાંનેછે અને તેની મોટાઈ સમજેછે.

જારે ઈનશાંન ખોદાતાલાની બખશેશમાં તદ નજ ગરકાંવછે તારે તે બખશેશનાં સાહેબનાં કાએદાઓ જે ધરમ પુસતકમાં સમાએલાછે તેને કેટલી ઈજત અને કેટલા માંનથી કબુલ રાખવા અને તે ઊપર અમલ કરવાની જરૂરછે?

---

## નજર ઠગાઈ.

હવામાં ફેરફાર થવાથી તરેહવાર દેખાવો આસમાન ઊપર આપણી નજરે માલમ પડેછે. જારે હવાનો એક ભાગ બીજા ભાગ કરતાં ઠંડારે જર

મ ઈઆ ભીનો હોય, અને તે વખતે હરેક ચીજ ઊપરની રોશની હવા ઊપર પાછી મારે, અને તાંહાં રોશનીનાં કીરણો તરેહવાર રીતે મરડાઈને પાછાં મારે, તારે હવામાં તરેહવાર ખરા અને ખોટા દેખાવો નજરે આવેછે. એ પરમાંણે કોઈ વખતે ઝાડ, જમીન, ઘર ઈતીઆદી ચીજો જોવામાં આવે છે; એવા દેખાવને ઈંગરેજીમાં **મીરાજ** કરીને કેહે છે. કુદરતી તવારીખ જાણનાર મોહાટો હમબોલટ લખી જાયેછે, કે તેણે દક્ષીણ અમેરીકામાં એવા દેખાવો વારેઘડીયે જોયા હતા. જારે તે કીયુમાનાં નામના શેહેરમાં રેહેતો હતો, તારે તેણે પીકવીટા અને બોરાચા નામના ટાપુઓ હવામાં જાણે કે લટકેલાં હોય તેમ જોયાં હતાં અને કોઈ વખતે તેની સખી ઊંધી માલમ પડતી હતી. એક વખતે તેણે નાહાના મછવા હવામાં તરતા દીઠા અને તેમાં એક મછવો ઊંધો દેખાતો હતો. કારાકાસના ઊજડ જંગળ માહેથી હવામાં, ટેકરી જે નજદીક બાર માઈલ દુરછે, તે લટકેલી દેખાતી હતી. પણ વારેઘડીયે જે ચીજોની હયાતી નહી હોયે તે માલમ પડેછે. જેમકે આફરીકા ખંડના ઊજડ મેદાનમાં ખરેખર નજર ઠગાઈ થાયેછે. દુર જગા ઊપર ઝાડ, પાંણી, નદી હોય એવું દેખાયેછે, અને તેથી લોભાઈને, મુસાફર થાકેલો પરાકેલો તેવી જગા ઊપર આસાયસ લેવાની હાંસથી તે તરફ જાયેછે, પણ જેમ જેમ આગળ જતો જાયેછે તેમ તે દેખાવ પણ દુર થતો જાયેછે; અને આખરે રેતી ઊપર થાકેલો પડીને દુરના આશીરવાદથી બેનશીબ સમજીને બીચારો મરણ પાંમેછે. એ દેખાવ તદન ખોટોછે. કોઈ પણ હયાત ચીજનો પડછાયો નથી. ગરમ આતસ જેવી રેતી સુરજની રોશની પાછી મારેછે અને હવામાં પુશકળ ધુળ હોવાથી, તેમાં એવા ખોટા આકારો નજર પડેછે. માનગે નામનો એક ફરેંચ ફીલસુફ બોનાપારટ સાથે મીસર દેશમાં ગયો હતો, તે વખતે તેને અલેકઝાનડરા અને કેરો શેહેરની વચેના જંગલમાં લીલોતરીથી ભરેલાં ટાપુઓ અને તેની આસપાસ મોટાં પાંણીથી ભરેલા તલાવો નજર પડીયા. તલાવની સપાટી ઊપર, તે ટાપુઓ ઊપરના ઘર અને ઝાડોનો છાયો માલમ પડતો હતો; પણ જારે તેવો તેની આગળ ગયા, તારે તલાવ, ઝાડ, ઘર ગેપ થઈ ગયું, અને તેની જગા ઊપર ઊજડ મેદાનમાં થોડીએક ઝુપડી અને માણસો જોયાં.

જે લોકોએ ઊતર ધરૂવ તરફ મુસાફરી કીધીછે તેઓની નજરે આસમાન ઊપર ઊંધાં વાહાણની સખીઓ માલમ પડીછે. તે જગા ઊપર બરફ હોવાથી સુરજના કીરણો પાછાં મારેછે, અને એવા દેખાવો સેહેજમાં બની શકેછે. તે ખરા વાહાણનો પડછાયો આસમાન ઊપર પડેછે. સકોરસબી નામનો એક કાપટન જારે ગરીન લાંનડ તરફ સફર કરતો હતો, તારે તેની નજરે દસ પંદર માઈલને છેટે નજદીક અઘાર વાહાણ માલમ પડીયાં—તે વખતે સુરજ ખુબ પરકાશતો હતો અને બરફ પગળીને તરેહવાર રસ્તે વેહેતું હતું. સાંજે છ વાગતે જરા લેહેકી ફુકવા લાગી અને પેલાં વાહાણોનો આકાર બદલાવા લાગો. તે માંહે એક વાહાણ ખરા વાહાણના આકારને બરાબર મલતું આવતું હતું, પણ તે ઊધું દેખાતું હતું.

પણ એથી વધારે અજાયેબ જેવો દેખાવ એજ કાપટનને થોડએક પછી જોવામાં આવીયો હતો. એક દીવસે હવામાં ઊધું લટકતું વાહાણ નજરે પડીયું, અને દુરબીનથી જોતાં કાપટનને માલમ પડીયું, કે તે વાહાણ તેના બાપનું હતું અને પછવાડેથી તે ખરૂ પડીયું. તેના બાપનું વાહાણ નજદીક ૩૦ માઈલ દુર હતું, પણ તેનો પડછાયો તેના છોકરાને આટલી વેગલાઈથી દેખાયો હતો.

પણ એથી વધારે અજાયેબ જેવા દેખાવો દરીયાના કીનારા આગળ જોવામાં આવેછે, તેનું નામ **જુઠુંઈ કીનારો** કરીને આપીયુંછે. કાપટન સકારસબીએ ગરીનલાંનડના કીનારા ઊપર જારે ધુમસ ખુબ પડેલું હતું, તે વખતે અજાયબ જેવા દેખાવો જોયા હતા સઘળો કીનારો જાણે કે મોહાટાં શેહેરથી વસેલો હોય તેવો દેખાતો હતો. કીલ્લા, મીનારા, દેવલ ઈતીયાદી ભાગી તુટી ને પડેલાં હોયે એવું નજર આવતું હતું.

ઈંગલંડ દેશમાં પણ એવા દેખાવો વારેઘડીએ નજરે પડેછે. ઈ. સ. ૧૭૪૩ માં કોઈ જાહાનરેન નામનો શખસ પોતાના ચાકર સાથે ઘરના દરવાજા આગળ ઊભેલો હતો, તેવામાં બેઊ જણે સામણેની ટેકરી ઊપર એક માણસ અને કુતરાનો આકાર ઘોડાએક ઘોડાઓની પછવાડે ખુબ જોરથી દોડતા જોયા. ટેકરી ઊપર એવી જગા નહી હતી કે તાંહાં માણસ ઈયા ઘોડા દોડી શકે. બીજે દાહાડે બેઊ જણ ટેકરી

ઊપર ચહડીને જોવા ગયા, કે પેલા માણસનું શું થયું હશે, કાંયેક તેવો એવું ધારતા હતા કે તે ખચીતથી પડીને મરણ પાંમીયાં હશે; પણ તેવી કોઈ પણ નીશાંની માલમ પડી નહી, ઈયા જમીન ઊપર ઘોડાના પગલાં પણ જોયાં નહી.

ઈંગલંડના સસેખસ પરગણાના કીસતા ઊપર ફરાનસ દેશનો. કીનારો વારેઘડીયે નજરે પડેછે, જોકે બેઊ બાજુની ટેકરીઓ નજદીક ૫૦ માઈલ દુરછે.

મીરાજના જેવો બીજો ચમતકાર દેખાવ શીશીળી અને કાળાબરીયાની વચે મેસાઈનાનો કીસતો આવેછે તાંહાં નજરે પડેછે, તાંહાંના લોકો તેને "**ફ્રાટમો રગાના**" કરીને કેહછે. એ નામ એટલા ઊપરથી આપીયું હતું, કે તે લોકો એવું માનતા હતા, કે મોરગાન નામની પરી તાંહાં ચાલા કરેછે. પાંણીની સપાટી ઊપર અને તેની ઊપરની હવામાં જાંણે કે જાદુઈથી પેદા કીધો હોય તેમ માણસ, ઢોર, ઘર, ઝાડ, ખરક ઈતીયાદીની આબેહુબ સબી એકદમ નજરે પડેછે, અને વારેઘડીયે એકજ સબી ચતી અને ઊંધી દેખાયેછે. ઘર, ઝાડ, ખરક, થમ ઊભેલાં અને માણસ, ઢોર દોડતાં ફરતાં માલમ પડેછે.

## મોહબત.

### એક અસલી બરાહમણે દીધેલી સીખામણ.

"ખબરદાર, એ જુવાન પુરૂશ; ઈશકપણાની લાલચમાં ફસી જતો ના, અને પાપી લોકના લલચાવવાથી, તારા મુરબીની સીખામણ ભુલી જતો ના.

"મુરખાઈનું ઘેલાપણું આખરે પોતાની મતલબ નેજ ડુબાવશે, મુરખાઈના ઝનુનની આંખ વીચામની કીધાથી તું ખરેખર પાયમાલ થશે.

"તેટલા માટે, તારા દીલને પાપી લોકના ફાંદામાં સોંપતો ના; કે નહી, તારા રૂહુને મન રીઝાવનારા ફરેબથી ગુલામ થવા દેતો.

"નહીતો, તારી ભરજુવાનીમાં, બુઢાપો તારી ઊપર ગલબો કરશે, તારી જીંદગીની બામદાદમાં તારો સુરજ અસત પામશે.

"પણ જારે એક ઓરતની ખુબસુરતીને નેકી અને લાજ તેજ આપેછે, તારે તે ખુબસુરત ઓરતનો ઝલકાટ આકાશ ઊપરના સેતારા કરતાં વધારે નુર ભરેછે, અને તેણીની શકતીનો પરતાપ જાંણે કે રૂહુને પરકાશ આપેછે.

"તેણીની છાતીની સફેદાઈ કમળફુલને હલાવી દેછે, અને તેનું હસવું ગોલાબના બાગ કરતાં વધારે મધુરછે.

"તેની આંખની શરમ ખણુતરના જેવીછે; અને તેના દીલમાં સલીસપણાએ અને સચાઈએ ઘર કીધુંછે.

"તેના મોહો ઊપર ચુમી મધ કરતાં વધારે મીઠાસ ભરેલીછે; અને આરબસયાનની ખુશબોઈ તેના સખ માહેથી નીકલેછે.

"તારૂ દીલ મોહોબતની મીઠાસ આગલથી બંધ નાં કરતો; મોહોબતની બતીની પાકીજી તારા જાતી સવભાવને મોહોટે દરજે ચઢાવશે, અને તારા દીલની પાકીજી કીમતી ગણવાને શીકવશે."

## અંજાણપણે થતા અવગુણ.

### આજારી માણસને માટે પીવાનું પાંણી.

એવો પણ એક વખત હતો, કે જારે લોકો આજારી માણસને થંડું પાંણી પણ પાવાને ડર રાખતા હતા, અને ડાકટરો પોતે પાંણી પાવાને મનાઈ કરતા હતા, જાંણે કે પાંણી દરદ ઊપર જેહરની માફક હોયે એમ ગણતા હતા. ઘણા જણને ખબર હશે કે કેટલા એક આદમી તાપના અને કોલારાના મરજમાં પાંણી વગર તલસી તલસીને મરી ગયાંછે. પણ એ વખત વહી ગયોછે અને એ ધાટકી અને જંગલી રીતનો આંકો આવીયોછે. હવે પાંણી છુટથી વાપરીયામાં આવેછે અને કોણનો જીવ આજારી હાલતમાં હરખાતો નહી હશે? કીયું આજારી માણસ પાંણી પીવાને ચાહાતો નથી? આજારી માણસ પાંણીને પોતાના જીવની મીસારે ગણેછે; કેટલાંએક જણનો જીવ પાંણી પીધાથી હુશીયાર થયોછે અને ઠરેછે અને ઘણી વખતે જાંણે કે જીવ ગયેલો પાછો આવેછે. જારે પાંણીમાં એટલો ગુણછે, જારે પાંણીને તે કીરતારે તંદરૂસતની અને બેમાર હાલતમાં પીવાને સરજાવેલુંછે, તારે શા માટે આજારી હાલતમાં પાંણી પીવાનો અટકાવ કરવો

જોઇયે ? પાંણી ખરેખર માંણસ ઊપર એક આશીરવાદ બખશેલીછે.

તંદરૂસત હાલતમાં જારે તરસ લાગેછે તારે પાંણી પીવામાં આવેછે, અને તરસ મટેછે એટલે પાંણી પીવાનું બંધ થાયેછે. તંદરૂસત આદમીને ચોકસ વખતેજ પાંણી પીવાની તલપ થાયેછે. પણ આજારી આદમીને ઘણી વેલા ઘણાએક કારણને લીધે પાંણી પીવાની વારેઘડીએ તલપ થાયેછે; અને એ તરસ મટાડવાની જરૂર છે. આજારી માણસને ઘણી તરસ લાગેછે તે પુશકલ પાંણી પાયાથી મટતી નથી; બલકે ઘણું પાંણી પાવું ઊલટું અવગુણ ભરેલુંછે. ઘણું પાંણી પીધાથી પેટ ફુગી આવેછે; પવન પેદા થાયેછે, ખોરાક જરપત થઇ શકતો નથી; પેર આવેછે અને ઊલતી થાયેછે. આએ બાબદ ખુબ ધેયાનમાં રાખવી કે ગમે તેવી ફાયદાકારક ચીજ જો તેના અંદાજાથી વધારે લીધી હોયતો, તે અવગુણ કરેયા વગર રેહેજ નહી; પછી તે ઔમલ હોયે ઈયા સાધારણ પાંણી હોયે. વળી ઘણું પાંણી પીધાથી તરસ મટી જતી નથી; પણ આગલના કરતાં વધારે તરસ લાગેછે. એમ નહી સમજવું, કે જારે તરસ ઘણી લાગેછે તારે સરીરમાં વધારે પાંણીની જરૂર પડતીજ હશે. ઘણી વેલા એમ બનેછે, કે આજારી આદમીને પાંણી પીવા ભાવતુંજ નથી, તેથી એમ નહી સમજવું કે શરીરમાં પાણીની જરૂર નથી. આજારી માણસને તેની સઘલી ઇછા પુરી પડાઇ શકાયે નહી; પણ તેને સઘલી ઘટતી ચીજો આપવાની જરૂરછે. આજારી માણસને તરસ મટાડવા માટે, પુશકલ પાંણી પાયાને બદલે થોડું પાંણી વારેઘડીએ આપવું; તેથી ખચીતથી તેની તરસ મટશે, એટલુંજ નહી પણ તેને કાંઈ પણ ઈજા થશે નહી. એક બે ચમચા પાંણી દર દશ મીનીટે ઈઆ પા કલાકે આપીયા જવું, પણ તેને તદન પાંણી પાવાનું બંધ કરવું ખરેખર ધાસ્તી ભરેલુંછે.

આજારી માણસની તરસ મટાડવાને માટે બરફ પાંણી વાપડવું, અથવા પાંણીમાં થોડી કરનત જેલી ઈયા રાસપ બેરીનો સરકો મેલવવો અને તે પાંણી પીવાને માટે આપવું. ઘણી વેલા દુધની છાસ પીધાથી તરસ મટેછે. આપણા લોકો છાસને વીશે ઘણા ખોટા વેહેમ રાખેછે; પણ દુધની છાસ પીધાથી કાંઈ પણ અવગુણ થતો નથી અને તે વીશેના કાંઇ પણ ખોટા વીચાર હોય તે કાહડી નાખવા જોઇયે. તાપ અને બીજાં દરદો ઊપર છાસ જેવી વસતુ થોડીજ મલી આવશે. તે તરસ મટાડેછે એટલુંજ નહી પણ ખોરાકની મીસાલે પણ કાંમ લાગેછે. ઘણી વેલા આરંજની છાલ અને એવી બીજી કવડી વસતુ પાંણીમાં નાખીને પીધાથી તરસ મટેછે. સોદાવાટર અને સોદાના પરીકાં ભેલીને પીધાથી પણ તરસ મટેછે. જેમ પાંણી, તેમ સોદાવાટર ઘણો પીવાની સંભાલ રાખવી જરૂરછે. પાંણીનાં કરતાં સોદાવાટર પેટને વધારે જલદીથી ફુલવેછે અને તે પાંણીનાં કરતાં વધારે અવગુણ કરેછે. તાપના મરજમાં થોડો સોદાવાટર લેવો દરૂસતછે, પણ એવું માલમ પડીયુંછે કે, તાપમાં પુશકલ સોદાવાટર પીધાથી સુસતી વધારે પેદા થાયેછે અને ભેજાંનું દરદ થવાની વકી રેહેછે.

---

## હમેલની વખતે સ્ત્રીઓ ઉપર ગરહણની અસર.

આપણા લોકોમાં કેટલીએક મુદતનો એક ઊધો રેવેયો ચાલુછે, તે એજે, કોઈબી મહીનામાં ગરહણ થવાનું હોયેછે, તો આપણી સ્ત્રીઓ હમેલને વખતે ચતીપાટ બીછાના ઊપર સુઈ રેહેછે, તથા ગરહણ ઊતરીજયા પછી જે કાંઈ કામકાજ કરવું હોયેછે તે કરેછે. કોઈબી સાધારણ સાનવાલી બાઈને આપણ એમ કહીયે, કે તમો એવી રીતે વેહમી કેમ થઇ જાવો છો, તો તે તરત આપણી ખાતરી કરવા નીકલશે, અને એમ કેહેશે કે, "જોકે હમો બીજી રીતે ઘણા વેહમી છઈયે, તોપણ ઊપલી રીતમાં કંઇબી વેહમ જેવું નથી અને જે કરીયેછ તે ખરેખર અગતનુંછે," એમ બોલીને આપણને ઘણા અચરતી ઊપજાવે એવા દાખલા કેહેવા મંડી જશે. ફલાણી બાઈએ ગરહણની વખત કુવામાહેથી દોરડું ખેંચીયું હતું, તેના બચાંના દીલ પર દોરડાના આંટા જેવા પટા પડી રહેયા હતા. ફલાણી બાઈએ કાનમાં કલમ ખોશી હતી, તેનુ છોકરૂં જારે જનમીયું તારે તેનાં કાનપર કલમ જેવું કાંઇ વલગેણું હતું, અને અચરતી ઊપજાવે એવાજ ખરા દાખલા આપણને કેહેવામો આવશે. કેટલાએક એવા કહેલા દાખલા ખોટા કરી સમજેછે; પણ નહી, હમો

હમારા વાંચનારાવોને કેહઇયેછ, કે એ દાખલા ખરેખરજ બનેલા હશે અને એમાં અચરત થવાનું કાંઈ પણ કારણ નથી. તારે શું એ વેહેમ નથી અને ખરે ખરીજ વાતછે, કે ગરહણની વખતે ઓરતના ઘરભ માહેનાં બચ્ચાં ઊપર આએ રીતની અસર થાયેછે? એનો જવાબ સેહેલછે. ગરહણની અસર પેટમાહેનાં બચ્ચાં ઊપર કાંઈજ નથી. ગરહણ હોવાથી બચ્ચાં ઊપર ખરાબ અસર થશે, એ તદન ખોટો વેહેમ સીવાએ બીજુ કાંઇક નથી; પણ તે વેહેમની ખરાબ અસર થાયેછે, તે ખરી વાતછે. જે અવગુણ થાયેછે તે માએના મન ઊપર કાંઈક અસર થયાથીજ; જો મનમાં કાંઇબી વેહેમ અથવા ખંશીયા રાખીયા વગર ગરહણને વખતે આપણી સ્રીઓ ફરે હરે અને કામ કાજમાં મશગુલ રેહેતો, કંઇબી નથી થવાનું; ઈંગરેજ અને બીજા દેશની ઓરતોને ગરહણનો વેહેમ નથી, તેના બચાંને કાંઇ પણ થતું નથી, પણ જો મનમાં મજબુત એક બીહીક પેઠી, કે મારાં બચાંને તો એમ કીધાથી ફલાણું થશે, તો તે થવાનુજ, પછી તે ગરહણનો વખત હોયે કે નહીજ. ગરહણ સીવાએની બીજી જાતની ધાસતી, પણ એવીજ ખરાબ અસર બચાં ઊપર કરેછે, તેના દાખલા પણ આપણા લોકમાં મોજુદ હશે, પણ પુરતું ધેઆન નહી રાખીયાથી તેનું કારણ ઘણી વેલા માલમ પડતું નથી. જો ગરહણની વાત ખરીજ હોયેતો આપણા કોમની સ્રીઓ ઊપરજ એવી અસર થાયેછે, અને દુનીયાની સપાટી ઊપરની બીજી કોમોમાં એવી અસર કેમ નથી થતી?

મનની અસર પેટમાહેનાં બચાં ઊપર કેવી થાયેછે, તેનો એક મનપતીજ દાખલો હમો એક ઈંગરેજી ચોપડીમાહેથી હમારા વાંચનારાવો આગળ ટાંકીયેછ.

એક સ્રીને પેહેલી વખતના હમેલ રેહેયા, તે એક દાહાડે રસતામાં જતી હતી; અને તેનો એક આળખીતો મળીયો, જેની સાથે "શેકહેનડજ" કરી મુલાકાત લેવી પડી. હવે આએ શખસના જમણા હાથના વચલાં બે આંગલાં કાંઈબી બનાવથી કપાઈ ગયાં હતાં, અને પેહેલું નાહાનું આંગલું તથા ચોથું આંગલું એકએકની નજદીક મંડાઈને બેડોલ થઈ ગયાં હતાં. પેલી સ્રી ઘણીજ બીહીકણી તથા શુગાંતરી હતી, તેથી જેવું તેને આએ રીતનું બેડોલ નજર આવીયું, કે તે ચોંકી, અને મનમાં ઘણીજ દુખી થઇ; અને ઘણા દાહાડા લગી એ વીચાર તેનાં મનમાહેથી નીકલી નહી ગયો. જેયારે તેણીનું છોકરૂં જનમીયું તેયારે તે છોકરાનાં બંધે હાથના તથા પગના વચલાં આગલાં નહી હતાં. વળી એ વાતને પાંચ વરશ નીકલી ગયાં, જે અરસામાં તે ઓરતે ચાર બીજાં છોકરાંને જનમ આપીયો હતો, પણ તેવોનાં આંગલાં બેડોલ ન હતાં; અને પાંચમી વખતે હમેલ હતા, ને વળી પેલો શખસ રશતામાં મલીયો અને એક એક સાથ હાથ જોડી મુલાકાત લેવાની ફરજ પડી. એમ થયાથી તે બાઈનું મન એટલુંતો બેચેન થયું, અને તેના મનમાં પાછો એવોતો મકંમ વીચાર પેઠો, કે તેનુ છોકરૂં પાછું પેહેલી વખતના છોકરાની માફક આંગલાં વગરનું જનમશે, અને તેણીએ તેજ દાહાડે સાંહાંજનાં પોતાના મનમાહેની સઘલી વીગત એક ચોપડીમાં લખી મુકી. જેયારે છોકરાનો જનમ થયો, તારે એવું માલમ પડીયું કે પેહેલી વખતના છોકરાની માફકજ તે છોકરૂં પણ આંગલાં વગરનું હતું.

આએ દાખલાથી વાંચનાર બાઇઓની ખાતરી થશે, કે હમેલવાલી સ્રીના મનની અસર તેના પેટ માહેના બચાં ઊપર ઘણી થાયેછે; તથા જે આપણા લોકોમાં વેહેમછે જે ગરહણની વખતે જે હીલચાલ કરેયાથી બચું બેશીકલ નીકલેછે, ને વાત તદંન ખોટીછે.

આએ ટુક વીગત પુરી કરતાં હમો એવી આશા રાખીયેછ, કે આપણા લોકોમાંહથી એ વીશેનો ખોટો વેહેમ જલદીથી નીકલી જશે, કાંયેકે એ વેહેમ મનમાં રાખીયાથી ઘણી વેલા તેવોના બચાંને અવગુણ થાયેછે.

## પરચુટણ.

શેખશાદીની નસીહત—એક જાણુ બાદાનો લાલ એબાદતખાંનાંમો એબાદત કરતો હતો, તે એબાદત છોડીને તહીથી નીકલીને એક મકતબમો એલમ શીખવાને ગએઓ; અને પેલા એબાદત કરનારા લોકોની સોહોબત છોડી દીધી. તારે હુંએ તેહને પુછીઉં કે આબેદ અને દાનાંવ વચે સું તફાવત હતો કે આબેદને છોડી દઇને દાનાવોનાં ફેરકામો તું દાખેલ થએઓ. તારે તેણે જવાબ દીધો

કે આબેદ લોકોથી એટલુંજ બનેછ કે પોતાની કાંમલને મોજામોથી બાહેર કાહાડી શકેછે; અને દાનાવ લોકો પોતાના મેહનતથી હરેક ડુબતાને બચાવી શકેછ—ઈઆને આબેદ પોતાની એબાદતથી પોતાને ગોનાહથી બચાવી એબાદતનાં જોરથા પોતાનાં રવાંનને બેહસતમો લેઈ જાઈ શકેછ, અને દાંનાવ આદમી બીજા નાદાંન અને ગોમરાહ લોકોને નસીઅત અને વાએજી કરીને તેઓનાં દીલ તથા કરતુકને સુધારીને ગોનાહમો બુડતા હોએ તેથી બચાવીને બેહસતનો મારગ બતલાવેછે.

---

**એક અચરત સરીખો હીરો**—હાલમાં પારીસ ખાતેની વીદીઆ હોનરની સોધ કરનારી સભાની સાંમને એક અચરત સરીખો હીરો મુકવામાં આવીઓ હતો. આ હીરો વજનમાં ૬૦ વાલ હતો, અને તેની ખાસીઅત એવી હતી કે હવાના ફેરફાર પરમાણે તે પોતાનો રંગ બદલતો હતો. હવા પોતાનાં સાધારણ પરમાંણ પરમાંણે હોએ તે વખતે તેનો રંગ જરાક પીરાસ ઉપર રેહતો હતો, પણ જો તે હીરાને લેઈને કોએ ઉંચી જગા ઉપર ગીઆ હોઈએતો તે ગોલાબી રંગનો માલમ પડતો, અને તે રંગ કેટલાક દીવસ સુધી એમનો એમ રેહતો. આ વજનનાં સાધારણ હીરાની કીમત આસરે પચીસ હજાર રૂપીઆ અંકાએછે, પણ જો તે ગોલાબી રંગનોજ હોએતો તેની કીમત એથી તરણ ઘણી વધતી ગણાએ.

---

**લાકડાંના ગરનો ઉપયોગ**—જારે ફરાનસમા ચો તરફ મોટી લડાઈ ઉઠી હતી, અને જે વખતે સણના ચીંદરાં મલી નહી સકતાં હતાં, તે વખતે લાકડાંના ગર અને પરાલના કાગજો બનાવવામાં આવીઆં હતાં. હમણા પણ અમેરીકામો એ ચીજોમાંથી કાગજ બનાવેછે. તાહાં એક કારખાનું ઉભું કીધુંછે-જાંહાં દરરોજ વીસ ટન લાકડાંના ગરના નરમ સફેદ કાગજો બનાવેછે. આ નવાઈ સરખું કારખાંનું જોવાને કેટલાક વીદવાંનો ગએઆ હતા, તેઓની સામને પોપલર નામનું એક ઝાડ જેનું લાકડું ઘણું નરમ હોએછે તેને ફારીઉં, અને તેમાંથી પાંચ કલાકની અંદર સફાઈદાર કાગજ બનાવી દેખાડીઆં.

---

**અચરત સરીખી ઉમર**—એક વરતમાન પતરવાલાએ ૭ ગરહશથ અને બે લેડીઓના મરણની નોંધ આપીછે, તેમાં તેઓની એકંનદર વએ ૭૦૪ વરસની મુકીછે, જેથી સરાસરી એક એકની વએ ૮૮ વરસની ગણાએઆમાં આવેછે. વધતાંમાં વધતી વએનો એક ગરહસથ ૯૪ વરસનો હતો, અને ઓછામાં ઓછી ઉમરનો એક ૮૦ વરસનો હતો. પેલી બે લેડીઓની વએ ૮૫ અને ૮૮ની હતી.

---

**સારાં કાંમ**—થોડુંક સુધી સારાં કામો કરવાની તબે પાડીઆથી તે સેહલાં થઈ પડેછે, અને જારે તે સેહલાં થઈ પડેછે તારે તે કરવાને ખુશી લાગેછે, અને જારે તે કાંમો આપણને ખુશી કરેછે તારે આપણે તેવા કાંમ વારંવાર કરીએ છઈએ, અને વારંમવાર કીધાથી તે આપણી એક તબે થઈ જાએછે; અને એવી તબે ચાલ રેહવાથી તે આપણો એક ખવાસ થઈ જાએછે; અને પછે તેમ કરીઆ વગર આપણને ચાલતું નથી; અને પછે ઘણીવાર આપણે વીચાર વગર તેવાં કાંમો કરીઆ જઈએ છઈએ.

---

ઈંગલંડનાં રેજીસટરાર જેનરલની બુક ઉપરથી એવું જોવામાં આવેછે કે સને ૧૮૬૬ ની અધવચમાં ગરેટ બરીટનની વસતીનો આસરો ૨૯૯૩૫૪૦૪ ગણેઆમા આવેછે. તેમાં ઈંગલંડ તથા વેલસ મલીને ૨૧૨૧૦૦૨૦; ઈસકાટલંડ ખાતે ૩૧૫૩૪૧૩; અને આએરલંડ ખાતે ૫૫૭૧૯૭૧.

---

**વીજલીનો તાર**—સનડરલંડનાં એક મી૦ જીઆરજ વાટસન નાંમનાં શખસે વીજલીની મારફતે સંદેશા મોકલવાની નવાઈ સરખી ઘણીએક રીત સોધી કાહાડીછે. આ ધણીની એક રીત પરમાંણે દીજોંથી પારીસ ખાતે ફરતી ઉતારૂઓની આગ ગારીમાંની દરએક ગારીમાથી ઉતારૂઓ ગારડની સાથે ધાસતીની વખતે સંદેસો ચલાવી શકેછે. વલી આ ધણી હમનાં એક મોટી આગબોટમાં પોતાની એક બીજીજ રીત લાગુ પાડવામાં ગુંતેલોછે; તે એમકે કપતાંન "બારીડજ" ઉપર ઉભો હોએતો તાંહાંથી ઈજનેર સાથે તથા ઉતારૂઓની દરએક કેબીનમાં તથા આગબોટની નાલ આગલ જાંહાં ખલાશીઓ રેહેછે તાહાં અને સુખાંની સાથે સંદેશા ચલાવી શકે. આ બનાવટથી ઘણાએક અકસમાત થતા બંચે તથા બુમ પાડીઆ વગર દુર સુધી તરત હોકમ કરી શકાએ વલી આ ધણીની દુકાંનમાં પણ એવીજ રીત રાખીછે તેથી ઘરાકને જેબી કાંઈ વસતુ જોઈએ તે બાહેરનાં પાટીઆં ઉપર દરએક વસતુનાં નાંમ લખેલા અને તેની ઉપર "બટન" જડેલાં તે દાબીઆથી અંદરવાલાને સંદેશો મલેછે કે એક ઘરાકને ફલાંની વસતુ જોઈએછે તે તરત પછે બતાવામાં આવેછે. આ રીતે વીજલીના ચમતકારીક ઉપયોગ થાએછે.

---

## રમુજે ફુરસત.

૧ લું—ગરીબ એક ગોય,<br>
કાંમે રોજ તણાંય;<br>
ખોરાક સુકો ખાયે,<br>
પેટમાં નહી સમાય;<br>
અજીરણ સઘલો થાય,<br>
છેરી નાંખતી જાય.

૨ જું—અગર તમારી બેનનો હોય એકજ ભાઈ<br>
ને તેનાં મમાવાનાં જમાઈ<br>
ની એકજ હોય ભોજાઈ<br>
તો તેણીનાં પુતરનો પીતરાઈ<br>
તે કોણ અને રાખે કેહવી જાતની સગાઈ ?

૩ જું—હીંદુસતાંનની પસચમે આવેલાં એક પરાંતમાંની નદીનું નામ, જેનાં બે તુકડા કીધા હોયતો પેહલો તુકડો એક જાનવરનું નાંમ થાયછે, અને ... તો

થ મન અથવા સુધી, અને બીજો અરથ જો કરવા માંગીએ તો ધુલ થાયછે અને આ નદી એક અખાતમાં ખાલી થાયે છે તે કહો?

૪ થું—તરણ અક્ષરનો એક શબ્દ જેનો અરથ એક ગોલ આકારની જીનસ થાયછે પણ તેમાં બીજી પણ બે ગોલ આકારની જીનસોછે, એટલે પેહલા અને બીજા અક્ષરથી એક ગોળ આકારની જીનસ અને બીજા અને તરીજા અક્ષરથી પણ ગોળ આકારની જીમસ બનેછે અને આ છેલી જીનસ આપણ ખાધામાં લાવીએછે.

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—સુળાક્ષર.
૨ જું—કાંટો.
૩ જું—

પેહલી ચોરીની વખતે.

| | | |
|---|---|---|
| ૨ | ૫ | ૨ |
| ૫ | | ૫ |
| ૨ | ૫ | ૨ |

બીજી ચોરીની વખતે.

| | | |
|---|---|---|
| ૩ | ૩ | ૩ |
| ૩ | | ૩ |
| ૩ | ૩ | ૩ |

તરીજી ચોરીની વખતે.

| | | |
|---|---|---|
| ૪ | ૧ | ૪ |
| ૧ | | ૧ |
| ૪ | ૧ | ૪ |

૪ થું—એક વરસ.

---

## જવાસાના છોડ વિશે.

જ્યારે વરસાદ વરસેછે, ત્યારે જવાસાનાં મૂળ સડી જાયછે, અને તેથી તે છોડ સુકાઈ જાયછે. તે વિશે કવિયે અદેખા લોકની ઉપમા આપીછે.

### પદ.

"વાંસલડી, વાગીને હુંતો જાગી"
એ રાગનુંછે.

જવાસા, શિદને મરેછે શુકાઈ;
હાંરે ભુંડું શું કીધું વરસાદે ભાઈ,
જવાસા, શિદને મરેછે શુકાઈ. ટેક.
ચારે દિશ વરસાદની થઈ ચટાઈ,
દેખી તેની સરવેથકી સરસાઈ,
હાંરે તારા ઉરમાં આવી અદેખાઈ,
જવાસા, શિદને મરેછે શુકાઈ. ૧
થયાં નવપલ્લવ તરૂવર સરવે,
અખિલ જન હરખીઆ એને ઉતરવે,
હાંરે તુંતો ગંડક બળીમરે ગરવે,
જવાસા, શિદને મરેછે શુકાઈ. ૨
ધરયું તેંતો અભિમાન અતિઘણું આજે,
બીજાની ચડતી દેખીને તું દાઝે,
હાંરે જાણે ઘન કેમ મુજ શિરગાજે,
જવાસા, શિદને મરેછે શુકાઈ. ૩
એનો એકે વાળ તારાથી ન તુટે,
તેનો જશ તારો ખુટાડયો ન ખૂટે,
હાંરે કાલો શિદને કપાળ તું કુટે,
જવાસા, શિદને મરેછે શુકાઈ. ૪
એનો જગ કરતાએ કીધો વધારો,
તેથી તેતો સરવને લાગેછે સારો,
હાંરે તુંતો તોલ તપાશને તારો,
જવાસા, શિદને મરેછે શુકાઈ. ૫
જોને તેતો, સરવેનું ઇછેછે સારૂં,
નથી ચહાતો, કોઈનું થવાને નઠારૂં,
હાંરે તેણે શું બગાડયું ભાઈ તારૂં,
જવાસા, શિદને મરેછે શુકાઈ. ૬
એને એકે આળ ચહાવીયું ન ચટશે,
એના સામું ફેંકતાં તુજ શિર પડશે,
હાંરે તારી ઈરશા તે તુજનેજ નડશે,
જવાસા, શિદને મરેછે શુકાઈ. ૭
જયારે તુજ અંગમાં શોશ જણાયો,
ત્યારે તું અદેખો ને ભુંડો ભણાયો,
હાંરે તુંતો હલકો હઠીલો ગણાયો,
જવાસા, શિદને મરેછે શુકાઈ. ૮
તુંતો જાણે માન હું મેળવું મોટું,
તેતો બીજા લોકોના ચિત્તમાં ચોંટીયું,
હાંરે ખેંચી લેતાં તો મળવાનું ખોટું,
જવાસા, શિદને મરેછે શુકાઈ. ૯
હજી થાને ગંભીર, તજ હલકાઈ,
અલવ ગુણ મળતાં ન જવું છલકાઈ,
હાંરે ભલું તેથી તારૂં થશે ભાઈ,
જવાસા, શિદને મરેછે શુકાઈ. ૧૦
થયાં સઉ પ્રફુલિત તું તેવો થાને,
સરસ ગુણ વરસાદના ગણિ ગાને,
હાંરે મિત્રતાથી હળી મળીજાને,
જવાસા, શિદને મરેછે શુકાઈ. ૧૧
કહ્યાં આતો કથન તારે શુભ કામે,
દેખી તારૂ દુખ, દિલ ધારી દયા મેં,
હાંરે રૂડી રીતથી દલપતરામે,
જવાસા, શિદને મરેછે શુકાઈ.
હાંરે ભુંડું શું કીધું, વરસાદે ભાઈ,
જવાસા, શિદને મરેછે શુકાઈ. ૧૨

---

## પોંહોંચ.

"દહાડી" તમારાં પરચુરણ ચુટકાની જગા નોગવાઈએ કરતા નથું.

'રીસાથી મલેલી એક નાટક રૂપી વાત પરગટ કરવા લાએક નથી.

બીજા કેટલાંક પતરો પોંહોંચીઆંછે જેઆ ઉતર નોગવાઈએ ધીઆંન પોહોચાડીશ.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૦ મું. | અકટોબર ૧૮૬૬ | આંક ૧૦ મો.


## એક બાપની છુપી વાત

ઉફ્રે

## બીગડેલું બચ્ચું શુધારવાની એક નવાઈ જેવી રીત.

---

વસંતરૂતુના એક દીવશની બપોર હતી રસતાઓ ખલરાએલા અને કાદવવાલા હતા, ઝાડપાનોએ શીઆલાનો પોશાક પેહેડીઓ હતો, અને આનીગમ પેલીગમ બરફના ટગલા દીસતા હતા.

, એક ટેકરીની બાજુએથી રસતામાં એક બુટો માણસ અને એક જુવાન છોકરો એક મોટા પથરપર બેશી થાક ખાતા હતા. પેલા બુટાનાં બાલ પાકેલા હતા, પણ બુટાપાનો બોજો તેનીપર વધારે ભારથી બેઠો ન હતો, કારણકે તે મજબુત અને કદાવર હતો.

. પેલો જુવાન છોકરો ૧૫) વરશથી વધુ વએનો નહીં હતો. તેની આંખ ઘણી ચલકતી ને તેજવાલી હતી, પણ તેનો બાધો નબલો હતો અને તેના શરીરની આખી બાંધનીપર ખરાબીની નીશાની માલમ પડતી. પોતાનું બપોરનું ખાંનું તેઓ ખાતા હતા. એક બુઢો પણ હજુર કેદાવર—બીજો જુવાન પણ નબલો. કોઈ ચોકશ જોનાર એ કદમ કહી શકે કે તેઓ બાપ અને દીકરો હતા, કારણ તેઓનો ચેહરો મલતો આવતો હતો. પેલો છોકરો રોટલીની કગરસ પોતાના ખોરાપરથી પખોડતો બોલીઓ "બાવા હજુર આપણુને કેટલું વધારે ચાલવુંછે ?"

બુટાએ જવાબ દીધો "ઘણું નહીં, તે ઝુંપડી હીઆંથી દુર નેહીં હોવી જોઈએ, અલબત સુરજ અશત થામવાની આગમજ આપણે જાઈ પોંહચીશું"

, "અને તેઆં આપણુને હમેશ રેહવું પડશે કે બાવા ! અને મને ખેતરમા કાંમ કરવું પડશે કે ?"

"; હા, "શોરાબ" આપણ બેહુ જણને કાંમ કરવું પડશે કારણ તું જાણેછે કે મારી મેહનત શીવાએ બીજા કશાપર આધાર રાખવાને મારી પાશ કાંઈ રહેઉં નથી, મારા પઈશા સઘલા ગયા—મારા દીકરાને વાસતે જે દોલત મેં એકઠી કીધી હતી તે મારા હાથમાંથી છટકી ગઈ, અને જેઆરે હું આપણું નાધલું ખેતર વેચાતું લેવશ તેઆરે મારી પાશ એક હેવી હુરધીબી નહી રેહશે કે જેને હું મારી કહી શકશ. હાવું દુખ તારીપર પડતું જો મારાથી બનતેતો હું અટકાવતે. પણ ખરેખર જેઆ તારા બાપને આટલું અપમાન મલીયું તેવા શેહરમા તું ખુશીથી રેહતેતો નહીં ?"

"નહીં નહીં પેઆરા બાપ તનોને એખલા જતા હું જોતે નહીં પણ હાવી હલકી કીશમની મેહનતનો વીચાર મને ઘણો કડણ લાગેછે વારૂં બાવા મહને કહોની આપણે આટલું બધું અપમાન શા કારણશર ખમીયું. તમોને બંદીખાનામા કાએ નાખીઆતા ?"

પેલો બુટો પોતાના છોકરાના ચેહરાપર એક ટગરે જોવા લાગો પણ કાંઈ બોલીઓ નહીં

છોકરો બોલીઓ "બાવા ખરેખર તમે કાંઈ વાકનો નહી કીધો હોએ ?

પેલા બુટાનું આખું આગ કાપવા લાગું અને આસતે રહીને બોલીયો "વાક શોરાબ ફરીથી એ સવાલ મને પુછતોના, જો તું તારા બાપને ચાહતો હોએતો જે "છુપી વાત" કેહવાથી હાલ તુંને કાંઈ ફાએદો નથી તે વાત તેને પોતાનાં મનમા રાખવા દે, જેઆરે વખત આવશે તેઆરે તું સંધું જાણશે પણ તે વખત સુધી એને વીશે મને પુછતો નાં. હું તુને ચાહુંછું સોરાબ અને હું તારે વાસતે મેહનત કરશ—જે રોટલીની તુને ગરજછે તે હું મારા પરશીનાથી કમાવશ."

"પીતા મારા બોલથી જો તમોને દુખ થયું હોએતો મને માફ કરો, હું જાણુંછું કે તમોએ કાંઈ વાક કીધો નથી, હું જાણુંછું કે તમારૂં દીલ ઘણું ઉમદાછે. તમોને એખુલા કામ કરવું નહી પડશે. આજ શુધી તમોએ સઘલી મારી હાજત પુરી પાડીછે અને હવે જેઆરે તમારો ખરાબ દાહડો બેઠોછે તેઆરે હું તમને મદદ કરશ—આપણુ શાથે કાંમ કરશું."

એમ બોલી તે છોકરાએ પોતાનાં બાપને કોટી કીધી. તે વેલાએ તે મેહનતથી દુખઓ અને થાકેલો, અને પોતાના બચપણનું ઘર છોડી ગરીબાઈ અને શંકટમાં આવી પડેલો છતાં તેનાં દીલમાં ખુશાલીનો એક હેવો જોસો પેદા થયો કે જેવો આગલ કદી થઓ ન હતો. બીજાંનું શારૂં કરવાને તેના દીલની આએ પેહલીજ કોશેશ હતી. પેલો બુઢો પોતાનાં બચાનાં ખુશનોમાં ચેહરા તરફ જોઈ "સોરા

બ તુંને ખોદા શુખી રાખે" એવું કહી પોતાની આંખમાંથી વેહતી આંશુની નદી બંધ કરવાને પોતાનું મોહ ફેરવીયું અને આગલ ચાલવા માંડીઉં.

વારેઘડીએ તેઓ રસતાપર આરામેસ લેવા ઉભા રેહતા. સુરજ અશત પામવાની એક કલાક અગાઉ પેલા બુઢાએ પાદડાં વગરના ઝાડની અંદરથી દેખાતું એક સફેદ ઘર બતલાવીયું અને બોલીઓ "જો મારા દીકરા આપણુની મુશાફરીનો અંત આવીઓ, પેલી ઝુપડી આપણુંઘરછે અને તે એકાંત રેંહઠાનમાં ખોદા આપણુને સલાહ સંપજ બખશે!"

બાપ અને દીકરો બેહુ જણા આગલ ચાલવા લાગા અને થોડા વખતમાં એક દરવાજા આગલ આવી પોંહચીઆ જેઆં તેઓ એક માણુશને મલીઆ જેણે પેલા બુઢાને તુરત ઓલખીઓ.

પેલો માણુશ જે ઝુપડીનો રખેવાલ હતો તે બે ખુરશીઓ આગલ મેલી બોલીઓ તેઆરે તમો આવીઆ, નહી "જાલેજર?"

"હા 'ખોદાબખશ' હા—પણ ઘણે ખરાબ વખતે આવીઆ કારણ રસતો પગે ચાલનારને લાએકનો નથી."

"હા સાહેબ નહી પણ હીઆં તમારે કાજે જગા ઘણી શુખદાએકછે અને હું ધારૂંછું કે તમોને જેવી ભાવે તેવી દરેક ચીજછે."

થોડીએક આરામેસ લઈને ખાનું ખાધા પછી "જાલેજરે" ખોદાબખશની સાથે ફરીને સંધું ઘર જોયું. દરેક ચીજ એક નાહાના અને સાફ ઘરને લાએકની હતી. ઘરશીંગારનો સામાન સારી રીતે ગોઠવેલો હતો.

રોશની કીધા પછી જાલેજર બોલીઓ "સોરાબ હવે તું જાણેછે કે આપણી હાલત કેવીછે? પેહલે તે આપણુને કઠણ લાગશે, પણ મારા દીકરા ભલી મેહનતથી આપણુને શરમાવું નહી જોઈએ. આપણા ઘરબારના કાંમ કાજનો અખતીઆર લેવાને વાશતે ખોદાબખશની બાપડી સવારના આવશે અને તેનો વર ખેતરમાં આપણુને જોઈતી મદદ કરશે. હું તુંને કોયે મેહતાની ચાકરી પર રાખતે જાંહાં તું જાતી મેહનતે મોટે ઓધે ચહડતે—પણ એક કારણે તુંને શેહેરમાં રાખંવાને મને મના કીધી, અને હવે મારા દીકરા જો તું તારા ગરીબ બાપના દુખનો બોજો ઓછો કરવા અને તેના છેલા દાહાડા શુખી કરવા ચાહતો હોયતો તું આએ હાલત પર શબુરી પાંમવાને કોશેશ કરવાની મને કબુલાત આપ. પાંચ દીકરામાં નાહાનો અને જીવતો દીકરો તુંજછે વાસતે તે છેહલાને મારા બુઢાપાનો ટેકો થવા દે.

તે જુવાન પોતાની ખુરશી ઉપરથી ઉઠી પોતાના બાપ આગલ જાઈ બોલીઓ "પીતા હું કબુલ કરૂંછું કે આજ શુધી તમોને મદદ કરવાને મારી ખુશીની મેં થોડીજ નીશાની બતલાવીછે પણ જેઆરે દુખે તમારી ઉપર જે ફરજ લાવી નાખીછે તે બજાવવામાં હું હદ રેહું જો તમો વીચારોતો મારૂં હયું તમો પીછાંનતા નહી હેવું કહી સકાએ. કોઈબી કબુલાત હાલ મારી પાસથી લેવો ના—પણ હાલની મારી તાએબેદારી ને મારી ભવીશીઅની ચાલચલણ વીશે બોલવા રેવો."

પોતાના દીકરાની ચાલમાં હાવો ફેરફાર જોઈ બુઢો જાલેજર ઘણો અચંબો પાંમીઓ. તેની ધારના કરતાં એ વધારે હતું.

એક અઠવાડીઆંમાં જાલેજરને અને તેના છોકરા શોરાબને તે ઘરમાં શારીકાંની સોહવાઈ ગયું પણ છેહલો જાણે એકાંતપણાથી બેજાર થયો હોએ એવું કોઈ વખત લાગતું. એક બીજાં પખવાડીઆમાં જાલેજરને એક નવી ખુશાલીનું કારણ મલીયું—કોઈ મીતરે જાલેજરનું પોતાનું પુશતકખાંનું જે વેચાઈ ગયું હતું તે તેને કાજે પાછું મોકલીયું. તે દાહાડે શોરાબને ઘણી ખુશાલી પેદા થઈ. પોતાની જીંદેગાનીમાં પેહલોજ વખત તેના બાપના પુશતકખાંનાંને ખરી મોજ અને શુખનું મુલ ગણુવા લાગો, અને જેઆરે તે બુઢાએ જોયું કે તેનો દીકરો આતુરતાથી તે ચોપડીઓના પાના ઉઠલાવા લાગો તેઆરે તેની આંખમાંથી ઉપકારના આંશું વેહવા લાગાં.

* * *

વસંત રૂતુએ ઝાડપાનને ફરીથી એક વખત પોશાક પેહડાવીયો. ઉનાલો પોતાની સાથ શુંદર ફુલો લેતો આવીયો અને ચોમાંસાંએ ખેતરમાં ઉગતા અનાજને શુનેરી રંગ આપીઓ. શોરાબ કાપની કરતાં જે ગીત ગાતો તે ઘણા શુંદર લાગતાં અને જારે તે અનાજની નજદીક જતો તારે ઝોયા તેને નમીને શલામ કરતાં હોએ તેમ તે અનાજના રોપા વાંકા વલતા.

જુવો તે કેવી ઝડપથી! અનાજને કાપી એક બાજુએ મેલેછે. અગાઉ આપણે જે દુબલા છોકરાને રસતાની બાજુએ પથર પર બેહેલો જોયો હતો અને આએ તંદોરસતીવાલો છોકરો જેના ચેહરા પર સલાહ સંપજ અને સબુરીના લેખો લખેલાછે તે એકજછે એવું કોઈ માને નહી. આશુદા પખશીઓના ગીતની સરોબરીએ તે પોતાના બીછાના ઉપરથી ઉઠી દરરોજના કાંમ પર જતો અને પોતાનો ફુરશુદનો વખત વાંચવામાં અને ટેકરીઓ ઉપર લટકવામાં કાહાડતો. તેનું મન જે આગલ બેવકુફી અને ઉદાઉપણાના હાથમાં આપીયું હતું તેમાં હવે કેલવણીના જહેર ભરીયાં હતાં.

એ પરમાણે ચાર વરશ વહી ગયાં. કદમાં અને કેલવણીમાં તે પુખત થએઓ હતો. તે ગાંમડામાં એક મંડલી હતી જેઆં તકરાર કરતી વખત તે હમેશ ફાવતો. બે વખત તેઓએ વીદીઆ સંબંધી બાબદ ઉપર ભાશાણ કરવાને તેને અરજ કરી હતી અને બેહુ વખત તેણે પોતાના સાંભલનારોથી માન અને વખાંણ મેલવી હતી.

એક સાંજના ઉનાલાના સુરજના છેલલાં કીરણ અશત પાંમતાં હતાં તે વેલાએ પોતાના ઓરડામાં વાંચવા બેઠો હતો, તેવામાં જાલેજર પોતાના હાથમાં એક ખોલેલું કાગજ લઈ તેઆં આવીઓ અને એક ખુરસી લઈ તેની આગલ બેઠો. તેના ચેહરા પર ખુશનોમાં દેખાવ હતો અને પોતાના દીકરાથી શુખી હોએ એવી રીતે તેની આંખો ચલકતી.

"શોરાબ" તે બોલીઓ "તું કેકાઉશ" ને ઓલખેછે કે?"

"આપણા ઘરની પાશે પેલો વેપારી રેહતો હતો તેને વીશે તમો બોલોછો કે?"

"હા, દીકરા તેજ."

"હા, બાવાજી હું ઓલખું છું કારણ તમને ઇઆદ નથી કે તેનો છોકરો અને છોકરી મારાં મીતર થાએ ?"

"શારૂં શેરાબ, કેકાઉશનું હમણાં મને એક કાગજ મલીઉંછે અને તે આપણા ગરીબ ઘરમાં એકુ બે મહીના ગુજારવાને આવનારછે અને તે પોતાની સાથે તેના દીકરા "ફરાંમરોજ" ને અને દીકરી "શીરીન" ને પણ લાવશે. કેકાઉશે પોતાનો ધંધો છોડીઓછે અને આવતે વરશે તેનો છોકરો ફરાંમરોજ સંધું કાંમકાજ કરશે પણ તેટલા વખતમાં તેઓને ઠોડીએક આશાએશ જોઈએછે.

આએ સાંભલીઆથી કેટલાંએક વરશે પેહેલીજ વખત તેનાં દીલમાં દલગીરી પેદા થાઈ. ફરામરોજ તેની ઉમરનો હતો અને જારે તેઓ છેલલા મલીઆ હતા તારે તેઓની હાલત એકશરખી હતી. હવે ફરામરોજ એક તવંગર વેપારી થશે

તે પોતાના મનમા વીચારવા લાગો "હુ કોણ છું ? એક ગરીબ માણશ; પણ ભલો, સાચો, ભણેલો અને આબરૂવાલોછું." તેની દલગીરી જતી રહી અને તે ખુશી દેખાવા લાગો. તેનો બાપ બારી નજરે તેનાં ચેહરાપરનો ફેરફાર જોઈ વીચારવા લાગો કે તે ખરેજ ઉમદા દીલનોછે.

થોડાએક દીવશમાં એક ગાડી તેઓનાં દરવાજા આગલ આવી. તેમાં બેશનારાં ઉતરીઆં. જાલેજરે જલદીથી આગલ દોડી પોતાના જુના દોશતનો હાથ પકડીઓ. તેઓ કાંઈ એકએકથી જુદા દીલનાં નહી હતા. જુના અને સાચા મીતરો એક વખત ફરીથી મલીઆ. શેરાબભી ફરામરોજ અને તેની બેહનની મુલાકાત લેતી વેલાએ હલી મલી ગયો. તે દાહાડો સંધાને ઘણો ખુશનોમાં લાગો. એ પરમાણે શોનેરી પાંખપર એક અથવાડીઉં પસાર થઈ ગયું. પેલા બે બુઢા, ઉડતા અને બેશતા અને ચાલતા વાતો કરતા અને પેલા જુવાનો હજાર જાતની રમત અને ગમત કરતા.

એક દાહાડે સાંજે ફરામરોજ નદી કીનારે માછલી પકડતો હતો અને શેરાબ અને શીરીન તેની આસપાસ ફરતાં હતાં. જે હવાનો તેઓ સવાસ લેતાં તે મધુર ખુશબોથી ભરેલી હતી અને દાહાડાની ગરમી આગલ ચાલી સાંજની થંડીને જગા આપતી હતી.

શીરીન બોલી "અરે શેરાબ હાવી જગામાં તું કેવો શુખી હશે. તારા ઘરની આશપાશ ખુદરતે જે ખુશનોમાં દેખાવ પાંથરીઓછે તેપર જોવાને હું કદીબી નાં પાડું નહી, કદીબી થાકું નહી.

શેરાબ હશીને બોલીઓ "શીરીન હું ધારૂછું કે હમારા શેઆલાથી તમો ખચીત કંટાલી જાવો. જેઆંશુધી ખુદરતનો રલીઆમનો દેખાવ આસપાસ પંથરાએલો હોએછે તેઆંસુધી ખુશનોમાં લાગેછે પણ જારે બરફનાં તોફાનો થવા માંહેછે કે જેથી ઘરમાં ભરાઈ રેહવું પડે તેઆરે શેહરની મંડલીઓ અને દોશતોને તમો ચાહવો."

"ખરેખર શેરાબ હું એવી કાંઈ ચીજને ચાહું નહી કારણ મારી ખાતરીછે કે ગામડાંનીજ દોશતી ઘણી નીરઅપરાધી હોએછે, તે વગરોગે હીયાં દરેક ચીજ ખોલલી અને સવંતરછે અને શેહરમાંતો દોશતી હેવા ઓકારની હોએછે કે જેને ધંધા ધાપાનું કામકાજ શીવાએ બીજું નામ છાજતું નથી."

"તારે તમો આગલ ગામડાંમાં ફરેલાં છો કે ?"

"નાં નહી."

"અને તોપણ ગામડાંની દોશતી વીશે તમો એવી રીતે બોલોછો કે જાને તમોને તેનો મોટો અનુભવ હોએ."

"શું આટલા દાહાડામાં મને થોડો અનુભવ મલીઓછે." ખરેખર તમો અને તમારા બાવા એવાતો માયાલુ માલમ પડીઆછો કે તમારી દોશતીની કીમત જો હું ઓછી કરતો તમોપર મોટી ગેરઈનશાફી ગુજરેલી કેહવાએ."

કેટલોએક વખત સુધી બેહુ જનાં મુગાં મુગાં આગલ ચાલીઆં. એક જંગલી ઝાડના ખુદરતી બનેલા કેઆરાની નીચે શેરાબે એક મોટુ ગોલાબનું સફેદ ફુલ દીઠું, આગલ વધીને તેને તેની બાપીકી દાંખરી ઉપરથી તોરી લઈ જરા ધ્રુંજતે હાથે શીરીનને આપીયું. આગલ ચાલતાં તે બોલીઓ "અરે શીરીન તું જાણેછે કે કોઈ વખત હું એવું ચાહુંછું કે તું મને મલવા નહી આવી હોતતો ઘણુ શારૂં.

"હુ નહી આવી હતેતો શારૂં ?"

શેરાબ વધુ બોલતાં અચકીઓ તેવીજ પેલી નાજુક સ્ત્રી તેનાં ચેહરા તરફ જોવા લાગી, તેનાં હોઠ ધ્રુંજવા લાગા અને તેની છાતી ધપકવા લાગી. તેણે પોતાનું મોહ ફેરવીઉં, તેનાં પાંપન ઉપરથી એક આંશુનું ટીપું પેલાં સફેદ ગોલાબનાં ફુલ ઉપર પડીઉં. શેરાબે તે જોયું અને મનમાં બોલુવા લાગો, "તે મારી મતલબ શમજી."

સુરજ અશત પાંમીઓ, ઘાંસની ઉપર દવ, મોતીનાં ટીપાં જેવો પડવા લાગો અને તે શોબતીઓ ઘર તરફ ચાલીયાં. તેઓનાં હોટે એક એક આગલ પેઆર કબુલ કીધો ન હતો પણ એક, બોલી કે જે અરસ પરસનો પેઆર બતલાવવાને શબદોની બોલી કરતાં શરશછે તેમાં તેઓ બોલી ચુકાં હતાં.

* * *

કેટલાએક દાહાડા પછી એક દાહાડે કેકાઉશ સાંજનુ ખાનું ખાધા પછી પોતાની દીકરી સાથ એખલો બેઠેલો હતો તેઆરે બોલીઓ "શીરીન મારે કાંઈ તુંને કેહવુંછે અને જો તું તારૂં શુખ જાલવવા માંગતી હોએતો ખરેખર બોલજે."

"શીરીન પોતાનાં બાપ તરફ ઘભરાઈને જોવા લાગી."

તે બોલીઓ "મારા બચાં બીરૂજી, તું દલગીર લાગેછે."

"દલગીર બાવા ?"

"હા મેં તારી આંખમાં આંશુઓ જોયાંછે—તારી છાતી ઉપસતી જોઈછે અને તુંને દસકાં ખાતી મેં શાંભલીછે."

કેકાઉશે પોતાની છોકરીનો હાથ પકડીઓ અને તેનાં ચેહરા તરફ પેઆરથી જોઈને ફરીથી બોલીઓ "હવે મને કેહ શીરીન શું શેરાબે તુંને કાંઈ કહીઉં તેથી આએ સંધું થયું ?"

"બાવા શેરાબે મહને કાંઈ કહીયું નથી પણ—પણ—

"બેલાશક બોલ"

"તેને મને કાંઈજ કહીયું નથી પણ હું ધારૂંછું કે તે મને પીઆરથી ચાહેછે.

"અને તું શીરીન એવું જાણીઆથી દલગીરછે !"

"દલગીર બાવા !"

"તેઆરે તું દલગીર નથી ?"

"અરે બાવા હાવા ઉમરાવ અને ભલાં દીલનાં શખસનો પેઆર મેળવવાને હું શાને વાશતે દલગીર થાઉં ! નહી હું કેહવાને શરમાઉંછું કે તેનું દીલ જીતીઆ આગમચ મેં મારૂં તેને આપીયુંછે"

"તેઆરે આએ ગરીબ માણુસને તારા વર દાખલ લેવાને તું અચકાતી નથી !"

"તે દોલતમંદછે—બાવા તે દોલતમંદછે. તેનું દીલ, તેનો જીવ, અને તેનું મન એવી દોલતથી ભરેલાંછે કે જે નશીબનું ફરતું ચકર તેની પાશથી કદીબી છીનવી નહી લઈ શકે—તેની દોલત હેવીછે કે જે ખુદરતથી અને ખુદરતના ખોદાએથીજ ઉતરેલીછે અને તે હેવીછે કે તેનોજ માલેક દુનીઆમાં ખરો ઉમરાવ કેહવાએ."

જેવી તેની છોકરી આએ શબદો બોલી કે તેના ચેહરાપર મગરૂરી ભરેલો દેખાવ માલમ પડીઓ અને ઉભો થાઈ બોલીઓ "શીરીન તું ખરૂંજ બોલી—શોરાબ એક ઉમરાવ પુરૂશછે—જેઓ એને ઓલખેછે તેઓ હેને માન આપેછે અને ચાહેછે વાશતે તું હેની બાએડી થા."

"બાવા !"

"તું એની બાએડી થા.

"પણ શોરાબ—તે કાંઈ—કાંઈ.

"શોરાબ તુંને ચાહેછે અને તેજ બશછે—વધારે કાંઈ બોલતીના અને બાકીનું હવે મને સોંપ.

એમ બોલીને કેકાઉશ ગયો અને પોતાના મેજબાનને જાઈ મલીઓ અને શીરીન આશા અને પેઆરનાં દરીઆવમાં ગરક થઈ ગઈ.

બીજે દાહડે સહવારનાં પેલા બે બુઢાઓ લાંબો વખત શુધી વાત કરવા બેઠા અને જેઆરે જાલેજર પોતાનાં ઓરડામાં ગયો તેયારે તેનાં મોહડાં ઉપર ખુશાલીનો એક અજાએબ જેવો દેખાવ માલમ પડતો. કેકાઉશ શોરાબને જાઈને મલીઓ અને તેને કહીયું કે તેનો બાપ તેને મલવા માંગેછે. તે જુવાને તે સહવારની સઘલી હીલચાલ જોઈ હતી જેથી જારે તે પોતાનાં બાપ આગલ ગયો તારે જરા ગંભીર દેખાવા લાગો. તે બુઢાએ તેને બેશવાને કહેયું અને પોતાની ખુરશી તેની નજદીક લઈ જઈ બોલીઓ, "શોરાબ જાણે આપણે બાપ દીકરા નહી હોઈએ તે પરમાંણે બોલાશાથી બોલ—બોલ મારા દીકરા ભવીશીયની તારી શું આશા અને ઈછા છે ?"

"હું કહી નહી શકતો કે હું તમોને બરાબર સંમજીશું પણ મારી આશા ગમે તેવી હોએ અથવા ગમે તેવા હું હવામાં કીલા બાંધતો હોઉં પણ તે હેવી રીત છે કે જેથી હું કમારગે નહી જાઉં—મારી આશા અને ઈછા એવીછે કે જેથી એક માણુશ આબરૂવાલો કેહવાએ."

"હા ખોદા તુંને એ વીશે મદદ કરે મારા દીકરા ! આએ ઉમદા અને ઓતમ વીચારને વીશે ખોદાનાં તુંને આશીરવાદ હોજો, પણ શોરાબ જીંદગીની મુશાફરી કરવાને વાસતે ગઆં અઠવાડીઆંએ તારી નજર આગલ એક રેવો રશતો નથી ખોલલો કીધો કે જેથી આગલ તું અનજાનો હતો."

"તમારાં મનમાં શુંછે તે હું સમજતો નથી તોપણ તમારા સવાલનો જવાબ હું વાલી શકુછું. ગયાં અઠવાડીઆંમાં એક મધુર રોશનીનો તારો મારી નજરે પડીઓ છે અને તેની મોજમાં મારો જીવ ગરકછે પણ મારે વીશે તે કાંઈ ભવીશીયનો મારગ ખોલલો કરશે એવું હું જાણતો નથી કારણ તે મારે હાથ લાગે તેવો નથી."

"શોરાબ તું શીરીન વીશે બોલેછે નહી !"

"હું તો ધારતો હતો કે એ છુપી વાત મારાજ જીગરમાં રહીલીછે પણ તે તમોએબી જાંણી."

"અને તું એવું ધારેછે મારા દીકરા કે તારી છાતીમાં ઉત્પન થતા જોસા મેં જોયા નથી ? તું એવું ધારેછે કે કેકાઉશની છોકરીને તું ચાહેછે તે વીશે તે પોતે જાણતો નથી ? અરે શોરાબ પેઆરના જેવી દગલબાજ છુપી વાત બીજી કાંઈજ નથી. તારી દરેક હીલ ચાલ, તારો દરેક દેખાવ અને કાંમ સઘલાં એની પુરવારી આપેછે."

"મારા બાવા તમોએ ખરૂંજ વીચારીયું—ખરેખર હું શીરીનને ચાહુંછું પણ મેં એ વીશે તેને કાંઈ કહીયું નથી. હેવા શબદો કે જે દીલમાં નહીજ રહી શકે તેવા મેં કહેશ છે પણ પેઆર કે જે આશા વગરનોછે તેને વીશે કાંઈ કહયું નથી. તેતો હવે જલદીથી પોતાને ઘર જશે અને હું એખલો પડી જવશ—નહી તદન એખલો નહી. મારો બાપ, મારી ચોપડીઓ અને મારી કલમ મારી સાથે રેહેશે, પણ હા ! હું ચાહુંછું કે મારૂં નશીબ તદન જુદુંજ હતે, હું ચાહુછું કે મારી પાશ દોલત હતે, નહી કે દોલત મારૂં શુખ વધારતે પણ મારા જાતભાઈઓના કલીઆંણને કાજે તે મારી શકતીમાં વધારો કરતે અને મને એવી હાલતમાં લાવતે કે જેથી જેને હું ચાહુંછું તેના હાથની માંગણી કરી શકતે. એક એવોબી વખત હતો કે જારે દોલતને માતર ઈંદરીઓની મોજ ભોગવવાનું હું હથીઆર સમજતો; પણ હવેમારી આશપાશ સલાહ સંપ અને શુખ પાંથરવાને હું શકતીવાન થાઉં તે કાજે માગુછું."

એક મીનીટ સુધી જાલેજર પોતાના દીકરાનાં ચેહરા તરફ જોવા લાગો, તેના દીલમાં મગરૂરીનો એક મોટો જરો વેહવા લાગો, તેની આંખમાં આંશુ ભરાઈ આવીઆં જેથી તેને પોતાનું મોહડું બારી આગલ ફેરવીયું. તે ખુરશી ઉપરથી ઉભો થઈ ઓરડામાં આનીગમ પેલીગમ માલવા લાગો, છેલે અંતે તે ઉભો રહેયો અને પોતાના છોકરાનો હાથ પકડી ખુશાલી ભરેલા અવાજે બોલીઓ, "શોરાબ મારા દીકરા તારી તપાશ હવે પુરી થઈ, આ વખ તને વીશે હું કેવી આતુરતાથી ખોદાની બંદગી કરતો, હવે મારા ઉમરાવ, પેઆરા અને શખી દીકરા તું તારા બાપની છુપી વાત જાણશે."

શોરાબ પોતાની ખુરસી ઉપરથી ચોંકીને ઉઠીઓ અને પોતાના બાપના ચેહરા તરફ ટાંકીને જોવા લાગો.

"બેશ મારા દીકરા મારી વાત સાંભલ. તું જાણે છકેની શોરાબ કે પાંચ દીકરામાં સઉથી નાહનો અને જીવતો દીકરો તું છે. જેઆરથી હું વેપારમાં પડીયો તેઆરથી હું નશીબવાલો હતો. કોઈબી કાંમમાં હું મારો હાથ ઘા

લું કે મારી તીજોરી ભહરાએલીજછે, પણ બધી મારી દોલત છતાં હું શુખી ન હતો. મારાં બચાંઓ ઉપર એક અજાએબ જેવી મુશીબત ગુજરતી-કારણ જેવા તેઓ સંસારમાં પડતા કે ખરાબ મારગ પકડતા. એક બાપનો પેઆર જેટલું કરી શકે તેટલુ મેં કીધું. જો તેઓ પોતાની ખરાબ ચાલ છોડેતો મેં સારા સારા હોધાઓ અપાવવાને કહેઆ. મેં તેઓને પરદેશ મોકલવાને કહીયું, ટુંકાંમા જારેથી જે બને તે કરવાને કહીયું પણ અફશોસ મારી દોલતે તેઓની ખરાબી કીધી. દોલત કાંઈ સંધાની ખરાબી કરતી નથી પણ મારાં બચાંઓની તેણે કીધી. એક પછી એક તેઓ મરી ગયાં. તેઆરે હું ખોદાનો ઉપકાર માનતો કારણ તેઓ દુખમાંથી છુતાં હતાં. છેલવો મરી ગયાને એક અથવાડીયું નહી થયુ તેટલાં તારી માતા તેઓની પુકે ગઈ અને તુંજ એખયો મારી આગલ રહેપો. પણ જારે તુંનેબી મેં તેજ મારગ પકડતાં જોપો તેઆરે મારૂં દીલ ફાટી ગયું તારા ચેહરાની ખુબસુરતી કરમાઈ જાતી હતી, તારો બાધો નબલો થાતો જતો હતો અને રોગના બી તારાંમાં રોપાવા લાગાં હતાં. મેં જોયું કે કાંઈ સરસ ઉપાય કામે લગાડવો જોઇએ અને તેબી વલી જલદીથી, કારણ કે દુનીઆમાં તું શીવાએ બીજું કોઈ મારૂં રહીયું નહીં હતું. એક વીચાર મને આવીઓ. જે ખડકો ઉપર તારા ભાઇઓ અહડીઆ હતા તે તુંને તારા રસતામાં નહી મલે હેવો મેં હેડાવ કીધો. મેં મારા માગનારોનાં પઇશા આપીઆ નહી અને લોકોમાં બુંમ ઉડાવી કે હું દીવાલીઓ થાપો. મારી છુપી વાત મેં કેકાઉશનેજ કહી અને હેવી ફતેમંદીથી મેં મારૂં કામ કીધું કે છુપી રીતે બધું કરજ આપી મારૂં ઘર અને ઘર શીંગારનો સાંમાન વેચીઆથી જેટલા પઇશા આવે તેટલું કરજ આપવાને બાકી રાખીઉં. બધી ચીજ વેચી નાખીઆથી તુને એવું લાગું કે હું તદન પાપામાલ થઈ ગયો અને જારે મારી ખુશીથી હું જેલમાં પડીઓ તારે મેં જોઇઉં કે તારામાં બાપ વીશેનો પેઆર ઘણોછે. તેઆરેજ શોરાબ મેં જાણીઉં કે તારાં દુખની દવાઈ મારે હાથ લાગી પણ મેં હેડાવ કીધો કે તે તુંને પુરતી આપવી જોઇએ અને પછી શું થયું તે તુ જાણેછે. અરે મારા દીકરા જારે આપણ રશતાની બાજુએ બેઠા હતા અને તેં તારાં દીલનુ ખરૂં ઝવેર બતલાવીયું તારે હું કેહવો ખુશી થવા લાગો હવે બોલ મારા દીકરા આએ ગરીબ ઘરમાંબી આપણે શુખી છીએ કે નહી."

શોરાબ કાંઈ બોલીઓ નહી પણ ગુડંન મડીએ બેશી પોતાનુ માથું તેનાં બાપના ખોરાપર નાખી રડવા લાગો. થોડોવાર રહી તે બોલીઓ "અરે મારા બાવા મારા બાવા આએ બધું તમે મારે ખાતર ખમીયું!"

"નહી નહી મારા દીકરા મેં કાંઈ ખમીયું નથી. મારી જીંદગાનીના શુખી દાહાડાતો મેં હીઆજ કાહાડેઆછે અને મારાં શુખનું કારણ તુંજ છે, હું એવું ચાહુંછું કે બાકીનાં આપણાં દાહાડા હીઆંજ કાહાડીએ પણ બીજી અને મોટી ફરજો આપણને બજાવવાનીછે. મારા જુના દોશતની દીકરી તુંને ચાહેછે."

"શું શીરીન મહને ચાહેછે?"

"હા મારા છોકરા ગઈ રાતરે તેનીએ તેનાં બાપને એમ કહીયુ છે."

"અને તે તેનો બાપ—

"જારે તેણે પોતાની દીકરીને કહીયું કે તે તારી બાએડી થાશે તે વખતનાં જેવો તેની જીંદગાનીમાં તે કોઈબી વખત શુખી ન હતો."

"અરે આ તો ઘણુ થઈ ગયું મારૂં દીલ ખુશાલીથી ફાટી જશે."

"ચાલ ચાલ મારા દીકરા, હવે આપણા પરોનાંઓને જાઇને મલીએ. તારી તપાશતો હવે પુરી થઈ પણ હવે નવી વાત શાંભલવાની રહીછે—મારી દોલત સંધી અનામતછે, ફરામરોજ શાથ તુને ભાગીઓ કરવાની મેં ગોઠવણ કીધીછે, તુને હું પેહલા પાંચ લાખ રૂપીઆ આપશ કારણ હું જાણુંછું કે તે તું શારી કાંની વાપરશે."

સુરજના કીરણો જમીન ઉપર ખુશાલીથી નાચવા લાગાં. ઝાડપાનપર મધુર હવા અથડી ઉપકારનો અવાજ કાહડતી, અને પક્ષીઓ ખુશાલીના ગીત ગાવા લાગા, પણ સઉમા ખુશીતો બેજ જણ હતાં જેઓનાં દીલ અને હાડ જોડાઈ ગઆથી હવે એકજ ગણાંતાં. સલાહ સંપ જ અને ખુશાલીએ તેઓ આગલ પોતાના દરવાજા ખોલા કીધા હતા અને તેઓએ હેવો મારગ પકડીઓ જેથી દુનીઆ ઉપર ગોએઆ બેહશત બની ગયું.

---

# ઓરતોની મીજલસ.

## ભાશાણ ૧૨ મું.

ગયા ભાશાણમા ધવાડનારી કેવી પસંદ કરવી તે વીશે કેટલીએક બાબદ કેહી સભળાવી હતી—ધવાડનારીના દુધ વીશે, તેની ઉમર તંદરૂસતી અને તેના બચાની ઉમર અને તંદરૂસતી વીશે તપાસ કરવાની મજબુત ભલામણ કીધી હતી. એજ બાબદ વીશે હજુર મને વધારે બોલવુંછે આગલા ભાશાણમા મેં સમજાવીયું હતું, કે માએ ધવાડતી વખતે ખુશ મીજાજ રાખવો જોઈયે, તે સમજ ઉપરથી,

**૧૧. ધવાડનારી ખુશ મીજાજની પસંદ કરવી જોઈયે.**

ધવાડનારીનો મીજાજ, તેના ચેહેરા અથવા ચાલચલણ ઉપરથી માલમ પડેછે.

જરા કાલા ચેહેરાની, કાલી આંખ અને કાલા બાલની ધવાડનારીનો મીજાજ ઘણોખરો ઠંડો હોયેછે તે જરા જરામા ચીરડાતી નથી, તેનું દુધ પણ પુશકેલ અને વધારે કુવતમંદ હોયેછે, અને તે બચાને માફક આવેછે એવું કેહેવામા આવેછે, કે સીધી લોકોની ઓરતોનું દુધ ઘણું કુવતમંદ હોયેછે.

વલી ગોરા, ચલકતા ચેહેરાની, માજરી આંખે અને માંજરા અથવા રાતા બાલ વાલી ધવાડનારીનો મીજાજ જરા જરામાં ચીરડાયેછે અથવા ખીજવાયેછે, તેથી દુધમાં વારે ઘડીએ ફરક પડેછે અને બચાને અવગુણ થાયેછે, એવી ધવાડનારી પસંદ નહી કરવી

ધુજતા જીવની ધવાડનારી, જરા જરામાં બીહીને ધુજે છે. જરા ધમકાવી એટલે ધુજી પડેછે, તેથી તેનું દુધ બરાબર રેહેતું નથી—એવી ધવાડનારીને બચું સોંફવું વાજબી નથી.

ફીકા ચેહેરાની, ફીકા હોટની મુરદાલ ઓરતને પણ પસંદ કરવી નહી.

**૧૨. ધવાડનારી આબરૂવાલી અને સારી ચાલચલણની હોવી જોઈયે.**

એવી ધવાડનારી મલવી ઘણી મુશકેલછે.

ધવાડનારી વારેઘડીએ અંફીમ ખાનારી અથવા ભાંગ પીનારી અથવા છાકટી હોયેછે.

તેઓની પેહેલી મતલબ પૈસા હોયેછે. તેઓ પોતાના સુખને વધારે ગણેછે અને નીમકહરામી હમેશાં બતલાવે છે. તેઓને કપડાં, પઈસા આપીયા છતાં માબાપોને વારેઘડીએ ફરીયાદ કરવી પડેછે. તેઓ ઉપર પેયાર રાખીયાથી તેઓ વધારે તુંદ થાયેછે અને એમ સમજેછે કે તેઓ વગર ચાલશેજ નહી તેઓ બેઅદબ થઈને વારેઘડીએ નીકલી જવાની ધમકી આપેછે, બીચારા માબાપો વધારે લાલચ દેખાડેછે, પણ તે સઘળું ફોકટ જાયેછે; તેઓ જાતેજ ખરાબ હોયેછે, તેઓ કદી પણ સુધરી શકે નહી.

વલી ધવાડનારી પોતાના સુખને વધારે જુવેછે; બચાંના સુખની તે કાંઈ પણ દરકાર કરતી નથી. જે ખોરાક ખાવો ઘટે, તે લીધાને બદલે તે જેમ ગમે તેમ બચાંની તંદરસતીનો નુકસાણ કરે એવું ખાયેછે. ખાટું, મરચાંનું, ઘી, લસન, કાંદા ઇતીયાદી લેછે અને તે સઘળું દુધને રસતે બચાંના પેટમાં પેવસ થાયેછે અને તેથી બચું સુખાકારી કેમ રહી શકે !

જો બચું આજારી પડેછે અને તેથી ધવાડનારીના ખોરાકમાં ઘટાડો અથવા ફરક કરવો ઘટેછે, તો તે તે પરમાણે ચાલતી નથી. હે ! શું પારકાં બચાંને માટે પોતાનું રોજીંદું ઉંચું ખાંણું મુકી દેઈને હલકા ખાણા ઉપર આવે કે ?

વલી તે સઘળા ઘર ઉપર જાણેકે હોકમ ચલાવેછે. તેની ગમતને વાસતે સઘળાં લોકો અને સઘળી ચીજો તેને તાબે થાયેછે અને કરેછે. જો તે ચીરડાયે અથવા ગોસે થાયે અથવા રૂસાયે, તો તેને નરમ પાડવાને માટે સઘળું તેને તાબે કરેછે, અને જેમ જેમ તેની ઇછા પુરી પડતી જાયેછે તેમ તેમ તે વધારે જુલમ કરેછે.

પણ કેટલી ધવાડનારીઓ એવીતો ખરાબ આવેછે કે તે સઘળાંને વીસરાવેછે. તેઓ પોતાના સુખને માટે ખરેખર બચાંને ઝેર દેછે. બચું વારેઘડીએ કંટાળો નહી આપે અને પોતાને ગમે તાંહાં વગર અડચણે ફરે, એટલા માટે બચાંને જરા જરા અફીમ ખવરાવેછે. મા બાપો એમ સમજેછે, કે બચું દુધ ધાવીયાથી આસુદે થઈને ઉંઘાયેછે; પણ બચું ઉછરીયાને બદલે નબળું પડતું જાયેછે અને આખરે પીલાઈને મરણ પાંમેછે; પણ પેલી ભાડુતી ઓરતને બચાંની કદી પણ દયા આવતી નથી, તે પોતાના પૈસા અને સુખ તરફ વધારે નજર કરેછે.

વલી ધવાડનારી આળસુ અને જુઠી હોયેછે,

એવી ધવાડનારીઓ રાખેયાના કરતાં બેહેતર એછે કે બચાંને જાનવરોના દુધ ઉપર ઉછેરવું.

**૧૩. જેવી ધવાડનારી તેવું બચું બનેછે તેટલા માટે ધવાડનારી પસંદ કરવામાં ઘણીજ સંભાલ લેવી.**

"ધવાડનારીથીજ બચું પેહેલવાન અથવા હીચકારો, જુઠો અથવા આબરૂદાર, વેહેમી અથવા સમજુ, નરમાસ ભરેલો અથવા ગુમાની, માયાળુ અથવા હટીલો, નમાનો અથવા મગરૂર, ચાલાક અથવા આળસુ બનેછે."

**૧૪. માએ, ધવાડનારીને દુધ પાનારીજ સમજીને સઘલુ બીજુ કામ પોતેજ કરવું.**

જેમ બને તેમ બચાંને, માએ પોતાની નજર આગલજ રાખવું અને જે હલકું કામ હોયે તેજ ધવાડનારીને સોંપવું, એ કીધાથી ધવાડનારી અને બચાનો ઉપર તકેદારી થઈ શકશે, એટલુંજ નહી પણ બચુ માએ ઉપર પેઆર રાખવા શીખશે અને માએ પણ બચાં ઉપર પેઆર રાખશે.

ધવાડનારીની બાબદ પુરી કરતાં.

**ધવાડનારીએ શી માવજત કરવી.**

તે વીશે થોડુએક કહી સંભલાવા માંગુંછું.

**૧. ધવાડનારીએ જે ઘરમાં સારો ખોરાક પાકે તે ઉપરજ રેહેવુ, અને અડચણ કરેયા વગર જે પચી શકે તે લેવુ.**

એ બાબદ સર મેં આગલા ભાશાણમાં માએ ધવાડતી વખતે શી માવજત કરવી તેમાં પુરતી રીતે ખોલાસો કીધોછે અને તે પરમાણે ધવાડનારીએ પણ ચાલવું.

**૨. ધવાડનારીએ પોતાનું આંગ દરરોજ સાફ કરવું.**

જે ધવાડનારી મેલી રેહે, જેને પસીંદો પડે અને તે આંગમાં ખમવાદે, એવી ધવાડનારીના થાન ઉપર બચુ કેમ તંદરૂસત રહી શકે !

**૩. ધવાડનારીએ રોજ સાહુવારે સકારે ઉઠવું અને રાતના ૧૦ કલાકમાં શુઈ જવું અને જેમ બને તેમ ખોલી હવામાં ફરવું.**

**૪. ધવાડનારીએ મીજાજ હમેશાં ખુશ રાખવો.**

**૫. ધવાડનારીને દરદ તાન જાઓતો તરત બચાંની માઓને ખબર કરવી.**

**૬. ધવાડનારીને તેના વરથી એકદમ દુર રાખવી નહી જોઈએ.**

ધવાડનારીને હમેલ રહાથી દુધ કમતી અને નઠારું થાયેછે, એવી ધાસતી રાખીને તેને તેના વરથી દુર રાખવામાં આવેછે, પણ એથી ઉલટો અવગુણ થાયેછે. તેના ધણીથી ઘણું મુદ્દત દુર રહાથી તેને દલગીરી અને રોગ પેદા થાયેછે અને તેથી ઉલટું દુધ કમતી થઈ જાયછે; અને જે ધાસતીથી આપણે બીહીએ છઈએ તેજ આગલ આવે છે. તેટલા માટે ધવાડનારીને ઘણું મુદ્દત તેના વરથી દુર રાખવી ધાસ્તીપણુંછે. વલી વર બઈયરના મેલાપથી દુધનો વધારો થાયછે અને દુધ સુધરેછે.

જો હમેલ રેહે અને દુધ કમતી નહી થાપે અને તે બમાંને અવગુણ નહી કરેતો ધવાડીયા કરવું.

આવતા ભાશાણમાં જાનવરોના દુધ વીશે કહી સંભલાવશ.

---

## બરી બાંમદાદે દીઠેલો ખોઆબ.

બરી બાંમદાદના ખુશનમા વખતે બીછાંના ઊપરથી ઊઠી, આંગ ધોઇને હું એબાદત કરવા બેઠી હતી. એબાદત પુરી થાવા આવી તેવાંમા ઊંઘની લેહેરથી મારી આંખો મીચાઈ અને નીચે લખીઆ મુજબનો ખોઆબ દીઠોઃ—

આ દુનીઆંથી ઘણુંજ—ઘણુંજ દુર—કેહેવો કે જીઆંથી પુરથવી મુદલ દેખાએબી નહી અને જીઆં આપણા ખોરશીદ જેવા કરોડો ગોળાની રોશણીનો ચકચકાટ બની રહેળો—તેવી જગાએ જોશિછુંનો એક મોટી ખલકત એકઠી મળેલીછે. તે ખલકતનો હું તમુને શું સુંમાર કઊં ? ચોખંડ પુરૂથવીના કીનારા ઊપરની રેતીનીબી એકવાર ગણતરી થાએ પણ તે મેલાની કબી થાએ નહી. જીઆં આવો જમાવ થાએઓ હતો તીઆંથીબી કાંઈ બેસુમાર ઊંચાઈએ પવીતર રોશણીનો એક ઘુંમબજ બની રહેલો હતો. તે ઘુંમબંજ તરફથી એક બુલંદ આવાજ નીસરીઓ અને તેવામાજ પેલી ખલકતના બે ભાગો બનીઆ—એક ભાગમાં સરવે પાપી ઈનસાનો, પછે મરદો તેમજ ઓરતો—અને બીજામા પવીતર પુરૂશ સ્ત્રીઓ. આ સંઘું એક લેહેજામા બનીઊં.

બીજા લેહેજામાં પાપીઓને પોતપોતાના બુરાં કરમોની તસવીરો નજરે પડી કે જે જોઈને તેઓ ઠરઠર કાંપવા લાગા—ધરમીઓ પોતાની નેક કેરદારના દીદાર જોઇને બાગ બાગ થાએઆ.

તેવાંમાંજ એક નુરાંની ફીરેસતાએ પોતાનો દેખાવ દીધો. તેનુ નામ અંતકરણ હતું. તેને પોતાના ચોપડાના પાંના ફેરવીને સરવેને પોત પોતાના બુરાં ભલાં કાંમોનુ એકંદર દાસતાન વાંચી સંભળાવીઊં; અને પછે પાપ પુણનુ તોલ કરીને પેદાના કરનાર સાહેબની દરઘાહ તરફ પોકાર કરીને તે વીગત જાહેર કીધી.

પેલો પવીતર રોશણીનો ઘુંમબજ કે જે તરફ હું ધારૂંચ કે ખોદાતાલાની દરઘાહ હતી તીઆં જમના હાથ ઊપર ઇનસાફ અને ડાબા હાથ ઊપર રેંહેમ નામના બુજરગ ફીરેસતા ઊભેલા હતા. જોએઆ મેળે દરએક આદમીની કરણી વીસે નીચેથી જે પોકાર આવતો હતો તે ઊપરથી ઈનસાફ અને દએઆ પોતપોતામા મસલત કરીને તે સાહેબની દરઘાહથી હોકમ ફરમાવતા હતા અને તે મુજબ બીજા ફીરેસતાઓ પાપીઓને સજા અને પવીતર આતમાઓને બેહસત મુકામ બખસતા હતા.

તે જગાએ એકઠાં થાએલાં બુરાં તથા ભલાં ઇનસાંનો પોત પોતાના દીલ સાથે જે ગોફતેગો કરતાં હતાં તે ધીઆન ઊપર લેવા જોગછે. પાપીઓને મોડેથી ઘણુંકરીને સંભળાતુ હતુ કે "ઓ પાક પરવરદેગાર !—બાલકપણનો નીરદોશ વખત ગુજારીઆ પછે જેવાં હમો હમારી સમજણમાં આવીઆં તેવુંજ હમે જાંણીઊં હતું કે હમારા એકેએક વીચાર—એકેએક સબદ—તથા એકેએક કામ તું તારી ગેબી નજરે જોએછે. તેવું જાંણીઆ છતાંબી હમોએ હમારી ટુક જીંદગી ગુજારતાં હમારાં સીરપર ગુનાહનો મોટો બોજો લાધીઓ. હમો ચોકસ જાંણતાં હતાં કે દરેક પાપી કરમને માટે તેની ઇઓગીઅ તાજેશ અથવા સજા તુંએ ઠેડવેલીછે, કે જે સજા કીધા વીણા તું રેંનાર નથી; તોપણ લોભના ભોગ થાઈને અને હવસોથી લલચાઈ હમો બુરે મારગે ચાલીઆં કે જેના નતીજામાં આકબતની શીખશા અને આકેબતની ગીરફતારી ખમવી પડેછે. જેવાં હમો થોડાંક પાપમાં વીટલાતાં હતાં તેવાંજ હમોમાના કોઇની મા અને કોઇના બાપે—કોઈના ખેશ અને કોઈના કુટુંબીએ—કોઇના દોસ્ત ઈઆ આસનાવે—અને કોઇ ધરમગુરૂ અથવા કોઇ ધરમી આતમાએ હમોને બુરા મારગથી પાછાં ફરીને થાએલાં પાપનો પસતાવો કરવાને તથા બાકી રહેલી જીંદગી રૂડે મારગે ગુજારવાને ગમે તેવી તદબીરોથી સમજાવેંઆં પણ હમો સકત દીલનાઓ ઊપરં કાંઈબી અસર થાઇ નહી. હમારી બદ ખસલતના બદલામાં હમારો જે હાલ થાએઓછે તે ઓ ! આદમજાત જો તમો નજરે જોવોતો જરૂર પાપ કરવાથી તમો કાંઇ પણ ડરો. વળી હમોએ હમારા અઈઆમમાં કોઈને માફી બખસી હતેતો આજ તે સાહેબ સોડેથીબી માફી મેળવવાની આસા રેહેતે. તો પણ તે કીરતાર રેંહમથી ખાલી

નથી, અને હવે તેની રેહેમ સીવાએ હમારો બીજો કોઇ આધારબી નથી. તેનો ઈનસાફ ચાહેતો હમોને હમારા લીધા કીધાને લાએકની સજાએ પોંચાડે; પણ તેના દરેક હોકમ દએઆના પમરાટથી પમરેછે; અને ફક્ત તે દએઆ ઊપરજ કોઇબી કાળે હમારો છુટકારો મેળવવાની હમો આસા રાખીએછે."

બીજી તરફથી પેલાં નેક ઈનસાનોના ટોળાં મા હેથી ખુશ ખુસાલી, એબાદત, તથા સોકરગુજારીના રૂડા આવાજો જે કાંણે પડીઆ તે સાંભલીને મારૂં દીલ બાગના ફુળોની મીસાલે ખીલવા લાગ્યું. મારૂં સર ખાકપર નમાવીને એવી સેશ્ત કરવાની તજવીજમાં હતી કે ઓ અપરમપાર સાહેબ ! તારી બખસેસથી હું પણ પવીતરાઈ અને પાકીજગી ભરેલી જીંદગી ગુજારીને આ અસોઈ ટોલામાં દાખલ થાવાનો હક ધરાંશે; તે વાંમાજ મારી આંખોના પરદા ઊપડી ગએઆ, અને જોઊછું તો ઝઝકળાંના નરમ કીરણો ચોતરફ પંથરાઈ ગએલાંછે.

---

## હાતીમ દીલનો મી૦ પીબડી.

શું દરએક માતબરનું દીલ હાતીમ હોયછે કે ? માતરે નામ અથવા ખેતાબ મેલવવાને પોતાની મતલબ ખાતર, જે શખસ થોડાએક પૈસા વેરે, તે હાતીમ દીલનો કદી પણ કેહેવાયે નહી. જે ધણી નામ અથવા ખેતાબ અથવા આબરૂની ખાતર વગર પોતાનાં ખરા દીલથી, તે પરવરદેગાર તરફની ફરજ સમજીને, અને પોતાના જાત ભાઈઓ તરફ ખરા પેયારથી, ખોદાની બખસેલી દોલતનો હીસો વેહેચી આપવાની મતલબથી એરાદ કરે, તેનેજ હાતીમ દીલનો કહીએ. આ દુનીયામા, એવા હાતીમ દીલના કેટલા થોડાજ મલી આવશે. એવો હાતીમ દીલનો એક શખસ હાલ અમેરીકાખંડમાં દાનવરજ નામમાં એક ગાંમડાંમાં વસેછે. એ શખસ આજ નજદીક પચીસ વરસની વાત ઉપર લંડંન શેહેરમાં પેહેલાં આવીને રહેયો હતો, અને ચાર વરસની વાત ઉપર જારે તે પોતાને દેશ જવા નીકલીઓ, તારે લંડંન શેહેરના ગરીબ લોકોના ભલાંને માટે પંદર લાખ રૂપીયાની એક મોહોટી રકમની ભેટ કીધી હતી. અને તરણ વરસ પછી એજ ભલાં કાંમને માટે બીજી દશ લાખ રૂપીયાની રકમ આપી હતી. જે શખસ માતરે પચીસ લાખ રૂપીયાની મોહોટી રકમ ગરીબ લોકને માટે ખરચે, એ શખસને કોણ નહી ચાહે, અને લંડંન જેવા મોહોટા વેપારી અને આબાદાની ભરેલા શેહેરના રેહેવાશીઓ, એવા શખસને આદરમાન અને મોહોટા ખેતાબો કાંપે નહી આપે ? પણ એ શખસે કાંઈ પણ જાતનો ખેતાબ લેવાને ના પાડીઉં, અને જાહેર આદરમાન લેવાને જેમ બને તેમ વેગળો રેહેતો હતો. એ શખસનું નામ મી૦ પીબડી કરીનેછે; અને એવા શખસની તવારીખ જાણવાને કોણ નહી ઈછતું હશે ?

જાયેરજ પીબાડી ઈ૦ સ૦ ૧૭૯૫ ની ફેબરવારી મહીનાની ૧૮ મી તારીખે આસાચુસેટ પરગણામાં ડાનવરજ નામના કસબામાં જનમીયો હતો, અને આજે તે નજદીક ૭૧ વરસની ભરતીમાં આવી પુગેછે. છસો વરસની વાત ઉપર એના વડીલો ઈંગલંડ દેશમાં વસતાં હતાં, પણ ઈ૦ સ૦ ૧૬૩૩ માં ફરાંસીસ પીબડી નામનો ગરહસથ પોતાના કુટુંબ સાથે, ધરમ સંબંધી વીચારના સબબથી પોતાનું વતન છોડીને પેહેલવેહેલાં અમેરીકાખંડમાં જઈને વસીયો હતો, તાર પછી તેઓએ ઈંગલંડમાં ફરીથી પગ પણ નહી મેળીયો હતો. એ ફરાંસીસ પીબડીની ઓલાદનો જાયેરજ થાયે. જાયારજ પીબડીની નાહાનપણની તવારીખ બરાબર માલમ નથી; પણ એટલુંતો ખબરછે કે અગીયાર વરસની ઉમરમાં, એક ધાંપીની દુકાનમાં એક સાધારણ કારકુનની માફક રહેયો હતો. ચાર વરસ પછી પોતાના વડા ભાઈને તાંહાં ચાકરીએ રહેયો. તે પછી ૧૮૧૨ માં જારે ઈંગરેજ સાથે લડાઈ થઈ, તારે પોતાના દેશ તરફથી "વાલનટીયર" દાખલ લશકરમા સામેલ થયો. લડાઈ માહેથી ફારગ થયા પછી પાછો પોતાને કાંમે વલગીયો અને હમણા એક વેપારી સાથે ભાગીયા દાખલ સામેલ થયો. વેપારનું કાંમ વધવા લાગ્યું, તેથી પીબડીને યુરોપખાતે જવું પડીયું, અને સેવટે ઈંગલંડમાં વારેઘડીયે રેહેવું પડતું હતું. છેટે લંડન શેહેરમાં એક પેહેડી ઉઘાડી અને તે માહેથી તેણે મોટી દોલત મેલવી. કરોડપતી રાકસચાઈલડ અને બેરીંગની પેહેડી જેવો એનો પણ ધમધુકાર કારભાર ચાલતો હતો, અને સઘળો વેહેવાર અમેરીકાના લાભને સારૂંજ કરતો હતો. જારે ૧૮૬૨ માં પીબડીને લંડન શેહેરના "ફરીડમ" નો હક બખશવામાં આવીયો, તારે મી૦ રીડે એક શુંદર ભાશણ કીધું, તેમાં એ શખસની કારકીરદીનો અહેવાલ કહી સંભલાવીયો હતો તે જાણવા લાયેકછે.—

"પચાસ વરસની વાત ઉપર એક જુવાન શખસે વેપારીના ધંધામાં દાખલ થતાં પોતાના દીલ સાથે એવો વચંન માનીયો હતો કે, જો ખોદા મારી જીંદગી સલામત રાખે અને જો મારૂં કામ આબાદાનીથી ચાલે, તો જે દોલત અને મળે, તે મારા જાત ભાઈઓના કલેયાન અને ભલાંને માટે ખરચીને તે ખોદાની રીતી ઉપર કુરબાન કરૂં' એવો જુવાનીનો વચન તેણે પોતાના દીલમાં હંમેશાં ઈયાદ રાખીયો અને પોતાના પ્રેહેજા ઠરાવને વફાદારીથી પાલીયો. જારે પોતાની ઉમેદથી પણ વધારે ફતેહમંદ થયો, તારે ઈ૦ સ૦ ૧૮૫૨ માં પોતાને વતને ગયો અને દાનવરજ કસબામાં તરણ લાખ રૂપીયા ખરચીને એક કેળવણીખાતું ઉભું કીધું; જેમ પુટે હાથે નાણું ખરચતો ગયો, તેમ તે વધતું પણ ગયું; અને વલી ફરીથી ૧૮૫૭ માં અમેરીકા સીધારીયો. અને બાલટીમોર શેહેરમાં, કે જાંહાં પેહેલા પોતાનો વહીવટ સરૂ કીયો હતો, તાંહાં દસ લાખ રૂપીયા ખરચીને એક કેળવણીખાતું અને પુસતકખાંનું સથાપીયું પણ તે એટલું કરીને ઉભો નહી રહેયો;

તેણે જોયું કે લંડનમાં નજદીક પચીસ વરસ કાહાડીયાથી એ શેહેરના લોકોનો દાવો તેની ઉપર લાગુ પડીયોછે, તેથી જારે હાલ તંદરોસતી બગડીયાથી વેપાર વનજ બંધ કરીને પોતાને વતને સીધારેછે, તારે આએ શેહેરના ગરીબ લોકોના લાભને માટે પંદર લાખ રૂપીયા આપીને પોતાનો વચન પાલીયોછે.

"લારડ મેઅર, એ કાંમ એણે ઘણું ઉદારતાપણાથી કીધુંછે. એ બખશીસ જેવી મોહોટીછે, તેમ જેમ આપનારી પણછે; અને સમજ નથી પડતી, કે એવી મોહોટી સખાવતને વખાણીયે, કે પાક અને ભોલા દાનથી એ બખશીસ કીધીછે તેને વખાણીયે. જુવો, એક શખસ પરદેશી કે જેને આપણી સાથે આદમીયત શીવાએ બીજો કાંઈ પણ સંબંધ નહી, અને એવે વખતે કે જારે કોઈ લોકો આગલી અદેખાઈ પાછી તાજી કરે અને કટી દુશમનાઈ અને ધીકાર બતલાવે, એ વખતે આએ પુરૂશ બાહેર નીકલીને આપણા ગરીબ લોકોને માટે ભલાનું કાંમ કરીને આપણા નાલાયક વેહેમને માટે ઠપકો આપેછે. અને જારે આપણે વીચાર કરીયેછે, કે આપણા મોહોટા વેપારી રાજાઓ જીવતાં જીવત કાંઈ પણ સખાવત દાખલ કીધું નથી અને મુવા પછી પણ કાંઈ નામ દાખલ મુકી નથી ગયા, તારે આપણા ચેહેરા ઉપર મોહોટી શરમીનદગી ઉપજેછે આએ પરદેશી જો ચાહાતે, તો અમેરીકાના લોકોને માટે અહીં એક ઈસપીતાલ અથવા દેવલ બંધાવતે, જો ચાહાતે તો વીદીયા શાળાઓનો પાયો વધારે મજબુત કરતે, તે ચાહાતે તો એક પુલ બંધાવતે અને ચાહાતે તો પોતાને માટે એક યાદગારી દાખલ મીનારો ઉભો કરતે; પણ તેણે એવું કાંઈબી કીધું નથી; તેણે પોતાની મતલબ કાંઈ જાલવી નથી; અને હાલના લોભી જમાનામાં તેણે આપણા સઉથી નીચે વાયેના લોકો ઉપર નજર કીધીછે અને ગરીબો ચાહેથી સઉથી ગરીબ ઉપર પોતાની ઉમદા સખાવત રેડવાનું તેણે લાયક ધારીયુંછે. તે જાતે પોતે દુખ સાથે વાકેફગાર થયોછે, કે તે ઉપરથી લોકોનું દુખ કેમ મટાડવું તે બરાબર સમજી શકે. * * *

"લારડ મેઅર સાહેબ, હું આએ કોરટ પાસેથી પરવાનગી માંગુંછું, કે મી૦ પીબડીને આપણેથી જે મોહોટામાં મોહોટી આબરૂ અપાઈ શકાયે, તે તેની ઉપર ઈનાએત કરે અને તે ગરીબોના નામથી, ગરીબ લોકના ભલાના ઈછનારને આપવામાં આવે. અને જારે આએ ઓરડામાં તે આબરૂની નીશાણી લેવાને ઉભો રેહેશે, તારે મારા ભાઈબંદોને યાદ આવશે, કે જે શખસ તેઓની સામણે ઉભેલોછે તે એવો ધરસખછે, કે જેણે મોહોટી ધાસતીની વખતે પોતાના એક મોહોટા રાજનો જામીન થઈને પોતાના દેશની આબરૂ અને આંટ સંભાલીછે, તેઓની આગલ એવો શખસ ઉભેલો છે, કે જેણે, જારે એક મોહોટી પરધાનની સભાએ લોકોની મરજી પુરી પાડવાને ના પાડીયું. તારે મોહોટા ખરચથી, આપણો બીચારો ફરાંનકલીન અને તેની સાથના ખલાસીઓનો બચાવ કરવાને માટે ડાકટર કેનને મોકલીયો હતો; તેઓ એવા એક શખસને જુવેછે, કે જેણે આપણા દેશમાં પોતાના સવદેશીઓની એક મીજલસમાં જાહેર રીતે એક મોટી પદવીવાળા શખસ, કે જેણે આપણી માહારાણીને લાયક માન અને આબરૂ આપવાને ના પાડીયું, તેને ધમકાવવાની હીમત ચલાવી હતી. જીયારજ પીબડી ખરેખર કુદરતનો એક ખરો ખુનીયાદ શખસછે અને દુનીયાના બે મોટાં રાજનો સંબંધ રાખેછે."

એ મોટી બખશીસનો ઉપીયોગ ઘણો જલદીથી કરવામાં આવીયો અને હાલ લંડન શેહેરમાં જુદે જુદે ઠેકાણે પાંચ મોટી ઈમારતો બાંધીછે. એ ઈમારતો સોભામણી અને જોવા લાયકછે. એ ઈમારતોએ ,૧૭૬૯૩૧ ચોરસ ફીટ જગા રોકીછે. તેમાં હાલ ૬૮૦ શખસો રેહેછે. એ ઈમારતો કાંઈ ભીખારીઓને માટે બાંધી નથી; પણ મેહેનતુ અને આબરૂવાળા ગરીબ લોકો પાસે થોડુંએક ભાડું લઈને તેઓને તેમાં રાખવામાં આવેછે. મહીને દાહાડે પાંચથી તે દશ રૂપીયા લગીનું તેવોને ભાડું પડેછે. જે લોકો દશ રૂપીયા ભાડું આપેછે, તેઓને તરણ મોટા ઓરડા, તે સાથે નાહાવાનો અને કપડાં ધોવાનો જુદા ઓરડા, અને જાદું બબરચીખાંનું મલેછે, તેમાં પાંણી અને ગાસના નળ લીધેલા અને વળી તે મુફત વાપડવાનું, દરએક બબરચીખાંનામાં એ તરણ કબરો, અને લોહોડાની ભઠી. શું દશ રૂપીયામાં એ સઘળું મુફત નથી ? કોઈ પણ અનીતીવાળા અથવા છાકટા શખસને રાખવામા આવતા નથી અને તે વીશેની તેવો ઘણી સંભાળ રાખેછે. એ પરમાણે ગરીબ લોકોને માટે તંદરૂસત, ખુશનુમા અને તે સાથે સસતાં રેહેઠાન બાંધવામાં આવીયાંછે

ઈ૦ સ૦ ૧૮૬૫ માં વળી ફરીથી દશ લાખ રૂપીયાની મોટી રકમ એજ કામને માટે ભેટ આપી. એ ભેટની પણ મતલબ ગરીબ લોકોને માટે ઘરો બાંધવાં, તેમાં નીશાળો કાહાડવી અને જરૂરીયાત વસતુ ઘણેજ સસતે ભાવે વેચવી જારે એ બખશીસ કીધી, તારે લંડન શેહેરમાં સઘળી તરફથી વખાણના આવાજો નીકલવા લાગા, પણ મી૦ પીબડી એટલોતો શરમાતો હતો, કે ઘણું સુધી પોતાના ઘરમા એકાંત રેહેયો. તેણે કાંઈ માંણસની વખાણને માટે એ કાંમ કીધું ન હતું, પણ પોતાના અંતકરણને પસંદ લાયક કીધું હતું. એ સાથે પોતાની બીજી મતલબ એ હતી, કે પોતાની એવી ચાલથી અમેરીકા અને ઈંગલંડ દેશ વચે મીતરાચારીની ગાંઠ જાયુક રેહે

જારે સાત મહીનાની મુદત ઉપર તે પાછો પોતાને વતન જવા નીકળીયો, તે વખતે તેણે જાહેર આબરૂની નીશાણીઓ લેવાને તદન ના પાડીયું. એટલુંજ નહી પણ જારે માહારાણી વીકટોરીયાએ, પોતાની રઈયતને માટે તેણે એવી મોટી શેવા બજાવી તેને માટે, વફાદારીનો એક કાગળ લખીયો અને તેને મોટી પદવીનો એલકાબ આપવાને ખુશી બતલાવી, તારે તેણે તે એલકાબ લેવાને ના પાડીયું. આબરૂ અને પદવીની નીશાણી મી૦ પીબડી આગલ કસી ચીજ જમા ન હતું; તે એવાની દરકાર કરતો ન હતો; પણ જારે તેને પુછવામાં આવીયું, કે તે કોઈ પણ જાતનું નજરાંનું કબુલ કરશે, તારે તેણે જવાબ વાળીયો કે "હા, ઈંગલંડની રાણી તરફથી એક કાગળ મલે, કે જે હું મારે દેશ લઈ જઈને, મારા પોતાના વતનમાં તેના એક વફાદાર છોકરાની

યોદગારી દાખલ રાખું." તે ઉપરથી રાણી વીકટોરીયાએ મી૦ પીબડી ઉપર એક કાગળ લખીયો, કે જેની નોંધ તવા રીખમાં હમેંશાં લગી રહી જાશે. તે એ પરમાણેનો હતો:—

"વીનડસર કાસલ, ૨૮ મી મારચ ૧૮૬૬

"રાણી વીકટોરીયાના સાંભલવામાં આવીયુંછે, કે મી૦ પીબડીએ થોડા દાહાડામાં અમેરીકા સાધારવાને કે રાવ કીધોછે; અને મી૦ પીબડીએ લંડન શેહેરની ગરીબ ર ઈયતનું દુખ ટાલવાને માટે પાદશાહી કરતાં પણ વધારે ઉ મદા સખાવત કીધીછે, તે ઉમદા કાંમની પોતે ઘણીજ સારી રીતે કદર સમજેછે, તેની પોતા તરફથી ખાતરી જણાવીયા વગર જો તે ઈંગલંડ છોડીને જાયેતો તે પોતે ખરેખર દલ ગીરછે. રાણી એવું સમજેછે, કે આએ કામ જેવું બીજું કોઈ પણ બરોબરી કરનાર મળી આવશે નહી; અને એનો સઉથી સરસ બદલો નાચાર લોકને મદદ કીધી એટલોજ વીચાર કીધામાં મલશે.

"તોપણ, મી૦ પીબડીને તેની સખાવતને માટે રાણી તરફથી જાહેર નીશાણી આપીયા વગર ચાલે નહી અને તે ઘણી ખુશીથી તેને બારોનેટ અથવા ગરાંડ કરા સ આવ ધી આરડર આવ ધી બાહની પદવી આપતે; પ ણ રાંણી એમ સમજેછે કે મી૦ પીબડીથી એવું મોટપણું કબુલ થઈ શકતું નથી.

"તારે એટલુંજ બાકી રહેલુંછે, કે રાણી મી૦ પીબ ડીને આએ લખાણથી પોતાનો જાતી ચાહા બતલાવેછે, અ ને તે સાથે એવું માંગી લેવાને ચાહેછે, કે પોતાની એક ના હાની સબી તે કબુલ કરે. એ સબીને રંગ આપી તઈ યાર કરીને અમેરીકામાં તેની તરફ મોકલવામાં આવશે; યાતો જારે, જે દેશ એટલુ બધું એને આભારી થયુછે તે દેશમાં પાછો ફરશે અને તેની એવી મરજી સાંભલીને રાં ણી ઘણી ખુશી થઈછે, તે વખતે આપવામાં આવશે."

એવા બાદશાહી પેયારના સખુનના કાગળનો જવાબ મી૦ પીબડીએ ઘણી લાયકીથી પાછો વાલીયોછે.

"પાલેસ હોટેલ, બકીંઘામ ગેટ,
લંડનની તા૦ ૩ જી એપરેલ ૧૮૬૬

"માદમ," અરલ રસલના હાથથી તમારી જનાબે કાગળ મોકલીને મને આબરૂ આપીછે અને તેથી જે મને અતી ઘણી ખુશી ઉપજીછે, તે મારેથી પુરતા બોલોમા કેહે વાઈ શકાતી નથી.

"જે વખતે, મેં લંડન શેહેરના ગરીબ લોકોનું સુખ વધારવાને અને તેવોનું દુખ મટાડવાને મારી દોલતનો થોડો ભાગ આપવાની મારી ઇછા બતાવી, અને તે વીશે તમારી જનાબનું ધેયાન પોહોતું, તે વખતે ખોદાએ મને આબાદાનીથી આશીરવાદ દીધો હતો, તેની વફાદારી દાખ લ, અને જે દેશમાં તમારી જનાબની પાદશાહી હાથતલે મેરબાની મલી અને મેં ઘણા વરસ સુખમાં ગુજારીયાં, તે દેશના પેયાર દાખલ, મેં એ કાંમ કીધું હતું. ઈંગલંડ દેશની રાંણી કે જેની આખી જીંદગી ઉપરથી એવું સાબે ત થયુંછે, કે ઉંચા મરતબાને લીધે, રયતના સઉથી કમીનો તરફ પણ તેણીનો પેયાર કાંઈ પણ રીતે કમતી થયો નથી, તેની પસંદગી તમારી જનાબનો કાગળ ખાતરી કરી આપે છે, તેને મારા અંતકરણની મંજુરીયાતથી બીજે ગણશ. જે સબી તમારી જનાબે મને આપવાને ખુશી બતાવીછે, તે મારી જનમ ભુમીમાં એક સઉથી કીમતી વારસા દાખ લ ગણીને મુકી જવશ. અને તમારી જનાબે જે મને કાં ગળ લખીયોછે, તે સાથે તમારી સબી, યુનાઈટેડ કીંગદમ (જોડી નાખેલાં રાજો) ની રાંણીનું પેયારૂં હેતું, યુનાઈટેડ સટેટસના એક રેહેવાશી તરફ બતલાવીયુંછે તેની સાબેતી દાખલ ગણવામાં આવશે.

"મને છે માન થવાને
"તમારી જનાબનો ઘણોજ માનીતો સેવક,
"જીયારજ પીબડી."


થોડા દાહાડા પછી તે પોતાને વતને ગયો. જતી વખતે પેહેલ વેહેલાં તેણે જાહેર મીજલસમા દેખાવ દીધો હ તો, અને તે વખતે તાહાંનાં લોકોએ તેને એવા ઝનુન અ ને પેયારથી મુબારક બાદી અને આદરમાંન આપીયું હતું, કે એવું કદી પણ કોઈ બાદશાહ અથવા પેહેલવાનને પણ આપવામાં નહી આવીયું હશે.

મી૦ પીબડી પાછો ઈંગલંડ આવવાને ધારેછે અ ને પોતાના સુભ કામનો ઉપીયોગ થતો જોવાને ચાહેછે. તેની ગેરહાજરીએ એવો વીચાર કરવામાં આવીયોછે, કે લંડન શેહેરમાં કોઈ જાહેર જગા ઉપર આએ પરોપકારી અમેરીકાના વેપારીનું એક બાવલું ઉડાવે.

એવા શખસો આપણા દેશીઓમાં મુઠીભર કરતાં વધારે નીવરે એવી હમો આરજુ રાખીએ છઈએ. જે લોકો આબરૂ મેલવવા દાખલ અને સરકારમાં પોતાનો વગ ચલાવવા દાખલ જાહેર નામે સખાવત કરેછે, તેને ખરા સખીનું નામ કદી પણ અપાયે નહી. જે શખસો લોકોના ઉપીયોગને માટે જાહેર એક બાસતી મુકાવતાં તે ઉપર પોતાનું નામ કોતરાવાની જરૂર સમજે, તે લોકો ને મી૦ પીબડીનો દાખલો વાંચીને ખરેખર સરમાવું જોઈયે.

## જમીનને રસતે નલોમાંથી ટપાલ અથવા ડાક મોકલવાની નવી રીત.

યુરોપખંડના સુધરેલાં લોકોમા આ એક નવાઈ જેવો ખવાસ પડીયોછે કે તેઓના કાંમકાજ અથવા ધંધામા કાંઈ નજીવીબી અડચણ માલમ પડીતો તેને તેમની તેમ ચાલવા દે નહી; પણ તરત તેનો ઈલાજ સોધવા મંડી જાયે. જો એક ધંધાદારીનો માલ ખ પતો નહી હોયતો તરત તે માલને કાંઈ ઓરજ તરેહ ની ઢપથી ગોઠવસે અને તેને કાંઈ નવાઈ જેવોજ દે ખાવ આપી દેશે. જો પોતે કાંઈ હુનરવાળો હોય અ ને પોતાની કારીગરીમા કાંઈબી ખલલ આવી લાગી તો તરત તેને ટાલવાને કાંઈ નવાંજ યંતરો અથવા ન



જમીનને રસ્તે નળીમાંથી ટપાલ અથવા ડાક મોકલવાની નવી રીત.

બીજ રીત સોધવા મંડી જશે; પણ તેને જેમને તેમ રે
હવા દેનાર નથી, તેમજ કંટાલી તેને છોડી પણ દેનાર
નથી. એવોનો ખવાસ ચલવલતોછે; જરાક કસામા
થી ખલલ પડી અથવા મેહેનત પડીતો તરત ખરેખડ
વા મંડી જશે કે આ દુખ કેમ શેહવાયે, તરત ઊપાય
કરવો જોયે.

એવા ખવાસથી એવો દુનીઆમા ઘણીએક રી
તે આગલ વધીઆછે અને વધીઆ જાયેછે. એક ચી
જ સેહલી કરી વળી બેસી રેહતા નથી પણ થોડોક વ
ખત જવે તે પણ તેઓને ભારી લાગેછે અને તેને વ
ધારે સેહલી કરવાના ઊપાય સોધેછે. આ ખવાસથી દુ
નીઆમા તેઓ શવી નીકલીયાછે અને એજ ખવાસથી
તેઓની ઊપર આવી પડેલાં મોટાં સંકટ, જશ તથા
દુખનો નીવેડો સેહલાઈથી લાવેછે અને તેઓથી હારી
ખાતા નથી. આવા ખવાસની આપણા દેશીઓમા
ભારે ખુટછે.

ઈંગલંડમા હાલ ટપાલ અથવા ડાકની આફી
સોનો વહીવટ એટલોતો મોટોછે કે તેમાથી કરોડો રૂપી
આની સરકારને પેદાસ થાયછે. આ આફીસોની મા
રફતે મુલકે મુલકના કાગજ પતરો વેંહેંચાયછે. નાહા
ની નાહાની આફીસોની મારફતે એકઠાં થયલાં કાગજો
મોટી આફીસમા એકઠાં કરી દર મુલકે મુલકના તાં
હાં જુદાં કરવાંમા આવેછે, પછે ટપાલની ગારીઓની
મારફતે તે પોંહોંચાડીયામાં આવેછે. એ પોંહોંચાડવા
મા ઘણીજ જહડપ રાખેછે, તે છતાં આ સતપતીઆ લો
કોને કેટલીક રીતની ઢીલ થતી માલમ પડેછે. તેઓ
કેહેછે કે રસતામાથી ડાકની ગાડીને ચાલતાં લોકોની
તથા બીજી ગારીઓની ભીડથી ઘણીવાર ઢીલ થાયછે
સેથી એવી ઢીલ નહી થાય તથા ડાકનુ કાંમ વધારે
સેહલાઈથી બને તેને વાસતે ઊપાય સોધવા મંડીયા.
તેઓએ જમીનને રસતે નલો ગોઠવી તેની અંદર ગા
ડીઓમાં ડાક ભરી એક જગેથી બીજી જગે મોકલવા
ની રીત સોધી કાહડી. ઈ૦ સ૦ ૧૮૫૯ માં એ રી
તે કાંમ ચલાવાને એક કુંપની ઊભી થઈ અને તેઓ
એ બાટરસી ખાતે થોહાક નલો મુકી પોતાની રીત અ
જમાવી જોઈ અને તે તેઓને ફાએદાકારક તથા મન
માનતી માલમ પડી.

સને ૧૮૬૩ માં એ કુંપનીએ એવરશોલટ ઇ
સટરીટની ડાક આફીસથી તે ઇઊસટન સુધીની એક
હાર નલ ગોઠવીને તઈઆર કીધી અને ૧૮૬૩ ના ફે
બરવારી માસમા આ નવી રીતે પેહલવેહેલો ડાક મો
કલવાંમા આવીઓ હતો. આ વખતે ડાક આફીસના
મોટા આધેદારો અને બીજાં હજારો લોકો આ નવી
રીત જોવાને એકઠાં મલીઆં હતાં.

પેહલવેહલો ડાક આ નવી રીતે મોકલીઓ તે
નુ એક આબેહુબ ચીત્ર પાસેના પાણાં ઊપર આપી
યુંછે તે જોવાથી તેની ગોઠવણ કેવી સાધારણછે તેની
સમજ તરત પડશે.

જેમ આપણી તરફ વેહારના પાંણીને સારૂ
જમીનમા નળો મુકીયાછે તેમજ આ નળો પણ ગોઠ
વીયાછે. ફરક માતર એટલોજ કે વેહારનાં નળ કર
તાં આ નળો ઘણા મોટા અને નીચેથી ગોળને બદ
લે ચપટા અને સપાટછે. નીચેથી સપાટ રાખવાની
મતલબ એજ કે તેમા લોહોડાંની રેલ નાંખી શકાય,
જેથી તેની ઊપર ગાડાં રેહે અને સરસરાટ દોડી
શકે. પાસેનું ચીત્ર દીઠાથી માલમ પડશે કે રેલની
ઊપરે પઈડાં સુધાંનાં લોહોડાનાં ગાડાં ઊભાંછે જે
ની અંદર ડાકનાં કાગલોની થેલીઓ ભરીછે.

નલ નીચેથી તરીસ ઈંચના અને તેની અંદ
ર આસરે ચાર ફુટ ઊંચાઈનુ માણસ ચાલી શકે
એવાછે. આ નવી રીતથી ગાડીઓ ચલાવાને માં
ટે વાયુ સાસ્ત્રની મદદ લેઈ હવાને કાંમે લગાડીછે. આ
ડાક મોકલતી વખતે પાસેના ચીતરમા ડાવા હાથ ઊ
પર એક ઈંગરેજ લોહોડાંનો લાંબો સલીઓ ધરી
ઊભોછે તે દાબેછે જેથી નલ ઊપરનુ બારણું હવા
પસાર નહી થાય એવી રીતે મજબુત બંધ થઈ જાય
છે અને તેથીજ બીજે નાકેના મથકવાલાને નીશાણ
થાયેછે કે ડાક તઈયારછે, તેવોજ તે નાંકે બાફનો
એક સાંચો જે ચાલુ હોયછે તે તરત કાંમે લાગેછે. તેજ
નાંકે નલનાં મોહોડાંની સાથે હવા ખાલી કરનારો ભું
મખો, જેને "એરપંપ" કરી કેહેછે તે જોડેલો હોયછે.
જેવો બાફનો સાંચો ચાલવા માંડીયો કે તરત પેલો
"એરપંપ" નલામાંની સંધી હવા ખાલી કરવા મં
ડી જાયછે. બે કે તરણ આંટા ફરીઆ કે નલો
માંની હવા પેલો ભુંમખો ચુસી લેઈ બાહેર
કાહાડી નાંખેછે અને જેવી હવા ખાલી થવા
માડી કે તે એટલાં તો જોરથી ખેંચાઈ જાયછે કે સાથે
પેલાં ગારાંઓને તાંણી જાયછે અને બીજે નાંકે જઈ

તે ગારાં અટકેછે, જેથી તાંહાંનુ એક બારણું તરત ઊઘડી જઈ હવાને અંદર રસતો આપેછે અને ગારાં ઊભાં રેહી જાયછે.

આ પેહલ વેહલી વખતે આગ ગાડીમાં દુરદેશોનો ડાક ૩૫ મોટી કોથલીઓની અંદર સવારનાં ૯ કલાક અને ૪૫ મીનીટે જેવા આવી પોહોંચીયો તેવોજ આ નલોમાના ગાડામાં ભરીયો; જે કરતાં બ્રાબર બે મીનીટ થઈ, અને તરત બીજે નાંકેથી હવા ખાલી કરવા માંડી અને બરાબર ૯ કલાકને ૪૮ મીનીટે એક માઈલનાં તરીજા ભાગની લંબાઈને છેડે આ ડાક પુગો. આવી રીતે એક મીનીટમાં આ ડાક પુગાડવામાં આવીયો હતો.

આ કુંમપનીએ હાલમાં પોતાનું કાંમ ઘણું વધારેલુંછે અને સરકારનુ તેમજ લોકોનું કાંમ સેહલાઈથી કરી આપેછે.

---

## ખુદરતની અંદર થતા દર રોજનાં ફેરફાર.

ખુદરતનાં સાહેબે જેવારે આ પ્રુથવી પેદા કીધી અને તેને ચાલુ કરવાને જે જે કદી નહી બદલાય એવા કાયદા નેમીયા તેની રૂહે આપણી નજરે પડતા સરવે ખુદરતી ફેરફાર ઈઓને ગતી ચાલીયાં જાયછે. શરૂઆતથી તે આજ દંન સુધી હજારો વરસો પસાર થઇ ગયાંછે તોપણ આ દુનીઆમાં વસનારાંઓએ જોયુંછે કે ખુદરતમાં જે જે ફેરફાર ચોકસ વખતે દીઠામાં આવીઆ હતા તે ફેરફારો પાછા વખતસર ફરી ફરી દીઠામાં આવેછે. જે સુરજ, જે ચાંન અને જે તારાઓ ખોદાતાલાએ એકવાર બનાવીઆ તેઓ પોતાને ઠેરવેલે રસતે આજ સુધી ચાલીઆ જાયછે અને પોતાના ધણીનું કાંમ બરાબર બજાવેછે. જો આપણે પુછીયે કે તેઓની ઊપર કોણ અખતીઆર ચલાવેછે, કહી સતા, તેઓનો રસતો, તેઓની રચનાં અને તેઓનાં નીયમ ઠેરવેછે અને તેઓને બુલંદ આસમાંનનાં ફરતા ઘેરાવામાંથી એક મેક સાથે અફળતાં કોણ બંચાવેછે; તો તુરત જવાબ મલશે કે બધી દુનીઆને પેદાના કરનાર તે સરવ શકતીમાંન શાહેએ તેઓને ચોકસ હદમાં ફરવાને રસતો કરી આપીયોછે અને કુદરતીની રચનાં અને શોભા પોતાના અપાર દાહાપણ અને શકતીથી જાલવી રાખીછે. એ અપાર દાહાપણ અને શકતીનો આપણાં નાંચીઝ અને અપુરણ મંનથી કેમ પરમાંણ કાહાડી શકાય.

આપણી આસપાસ પાંણી અને હવા જાથુક હીલચાલ કરતાં રહેછે. જે બેમાલુમ નાંધલા જહરા જેમાં એકવાર ચલીઆંઓબી જો ચાંસ મારી પીએ તો તેને સુકવી નાંખે, તેવા હજારો જહરા જાથુક દોડતા રહી એક મેક સાથે સંપથી મલી જઇ એક મોટી નદી બનાવેછે, જે આગલ જતાં કદમાં વધી પોતાનો પુર બાહાર દેખાડી અંતે માહાસાગરને જઇ મલેછે. આ નદી અને માહાસાગરની ફરતી સપાતી ઊપરથી બાફ સફેદ ધુંવાનાં આકારમાં ઊડી ઊંચે આકાસમાં જઇ વાદલાંઓને આકાર આપેછે અને પછે તે વાદલાંઓ ફરી જમીનની ઊપર પાંણી અને વરસાત, કરાં અને બરફનાં આકારમાં પાછુ નીચે મોકલી આપેછે. આ પાંણી પાછું જમીનની અંદર અને પાહાડોમાં પેવસ થઇ પાછાં નાહાલાં નાલાંઓ અને જહરા પેદા કરેછે, અને તેમાંથી પાછી નદીઓ પુર થાયછે. આ પરમાંણે ખુદરતનું ચકર ગોયા ગોલ અને ગોલ ફરતું રેહેછે.

રૂતુઓ પણ એજ પરમાંણે એક પછે એક સોજે અવલથી ઠેરવેલે વખતે આવી પોતાનું કાંમ કરી જાયછે. એજ પરમાંણે માંણસનાં સરીરમાં લોહીનું ફરવું પણ થાયછે. હઇડાંમાંથી નીકલેલું લોહી સરીરનાં સરવે ભાગોમાં ફરી વલેછે અને પાછું હઈડાંમાં જઈ પડેછે અને એ પરમાંણે એ સાંચો રાત અને દીન ચાલુ રેહેછે.

આ સરવે ખુદરતી ફેરફાર અને હીલચાલ આપણને તે અજીમ કુદરતનાં શાહેબનો વીચાર આપેછે કે તેણે એકવાર કાયદા નેમી આ દુનીઆનું ચકર જેમને તેમ ફરતું રાખીયુંછે. કબી એકવાર આ દુનીઆનું ચકર અટકી પડી વખતનોબી છેડો આણસે પણ પેદાનો કરનાર શાહેબતો હમેસગીમાં હયાત જ રેહેશે.

---

## કાંમળીયો—પતંગીયું.

કાંમળીયો એ શું ચીજછે ? એક કાલો, કદરૂપો, હલકો, કમીનો, ધીકાર ભરેલો કીડો, કે જેને નહી જોવા ગમે, કે નહી હાથ લગાડવા ગમે, કે જેને

હાલતાં ચાલતાં પગ નીચે કચડી નાખાયે; કે જેને જોઇને દશ પગલાં દુર જઈયે; જેનું બદન પોચું, નરમ અને જેના બદન ઊપર સુઈયા જેવા કાલા કાંટા, કે જેની અસર વલી કવચના જેવી, કે જેનો દંખ લાગેતો તેની અસર જલદીથી વીસરી નહી જવાયે. એવા કીડાને વલી બાર આંખ, દશ બાર પગ, મોહાડું અને દાંત, કે જેને ચાલવાની ગતી નહી તોયપણ દીવસમાં પુશકલ મંજલ કરે, કે જેનું મોહાડું માલમ નહી પડે, પણ દર રોજ પોતાના કદ કરતાં બેવડું ખાઇ જાયે; તેનો ખોરાક ઝાડના પાતરાં, ફુલ, દીવાલ ઊપરની લીલ, ઈતીયાદી. તે પોતાનું રેહાણ જાંહાં ખોરાક મલે તાંહાં કરેછે, તેથી નહી જોતો ઝાડ આંખર, કે નહી જોતો ઘરના છાપરાં કે દીવાલ. તે એવી મસત હાલતમાં ૧૫—૨૦ દાહાડા રેહેછે પછી તદન ખાવાનું મુકી દેછે અને સુસત થઈ જાયેછે. તે ખુણાં ખંરોલાં સોધતો ફરેછે, અને તાંહાં એક દોરાની જાલ વણીને પોતે લટકતો રેહેછે. અને એવી હાલતમાં તે મુવેલો હોયે એવું માલમ પડેછે. એવા આ એ દુનીયામાં ૧૫—૨૦ દાહાડાની હસતીના કીડાને આપણે કામળીયો કરીને કહીયેછ. એ પછી એ કીડાઓનુ શું થાયેછે તે લોકોને કાંઈ ખબર પડતી નથી, પણ ધેયાનથી તપાસનારને તેની ભવીશય જીંદગીની હાલત માલમ પડેછે. થોડાજ જણને ખબર હશે, કે એવો કમીનો કીડો છેલે સરવાલે કુદરતનું એક સઊથી ખુબસુરત અને રંગીન જાનવર બનેછે, કે જેને આપણે પતંગીયું કરીને કહીયેછ. સાધારણ નજરે જોતાં એક કામળીયો અને પતંગીયાંમાં કાંઈ પણ રીતે સંબંધ માલમ પડતો નથી, અને ખેયાલ પણ નહી થઇ શકે કે એ બેઊમાં કાંઈ પણ જાતનો સંબંધ હોશે. જુવો એક પતંગીયું ! એક ખુશનુમા દેખાવનું જાનવર, કે જેની પાંખ ઊપર તરેહવાર જાતના દીલ અને નજર પસંદ રંગ બેરંગ, અને તે પાંખો કુદરને જાણેકે ખુબસુરતી વધારે બતલાવવાને માટે તેના બદન કરતાં પણ મોટી કીધી હોય, અને કોઇ પણ જાનવરની પાંખોની બેઊ બાજુ રંગીન નહી, પણ કુદરતે ખામખા એ પતંગીયાની પાંખો બેઊ બાજુએ જુદી જુદી રીતે રંગીન કીધેલી, જાણે કે એ જાનવરો પેદા કરીને કુદરતે આખી દુનીયાને સણગાર આપીયો હોય અને માણસ આગળ તે મોટા કારીગરે પોતાની કીરતી પી છાનવા દાખલ નજર કીધું હોયે; કે જેના રંગની મેલવનીથી આ દુનીયાના કારીગરોએ ધડો લીધોછે અને રંગ બેરંગ મેલવતાં સીખીયાછે. બીજાં જાનવરોની માફક નહી, કે છાણ કાદવમાં લપટાયલું રેહે અને તે ઊપર પોતાનો ખોરાક કરે, પણ પોતાના બદનની ખુબસુરતીને લાયક જગા ઊપર ફુળ મેવા માહેથી પોતાને માટે અમરૂત પોતાની સુંડવતે ચુસી લેછે. એવું ખુશનુમાં અને ફરેસતા રૂપી જાનવર એક કમીના ધીકારવા જોગ કીડા સાથે શું સંબંધ રાખતું હશે, ? તે કોઈના પણ ખેયાળમાં કદી પણ આવી શકે નહી; તોય પણ એ બેઊ સાથે સંબંધ રાખેછે તે ખરેખરી બીનાછે, અને તેથીજ માણસને તે અજીમ કુદરતના સાહેબના કામની તાજુબી લાગેછે.

એ કીડો સાધારણ નજરે મુવેળો લાગેછે અને એક દોરી ઊપર ટીંગાઈ રેહેછે, પણ એ કીડો ખરેખર મુવો નથી; તે માતરે ભર ઊંઘમાંછે અને તેવી હાલતમાં તેના બદનની અંદર તરેહવાર ફેરફારો થાયેછે. તેના બદન ઊપર એક બારીક પેહેરણ ફરી વળેછે અને પછી તે કીડા માહેથી પતંગીયાનો આકાર બનતો જાયેછે. એવી હાલતમાં તે ૧૫—૨૦ દાહાડા રેહેછે અને તે મુદત પછી તેના બદન માહેથી બોક પાડીને એક પતંગીયું બાહેર નીકલેછે.

પતંગીયુ હમેશાં દીવસમાંજ ઊડેછે અને જારે બેસેછે તારે બેઊ પાંખ ઊભી કરેછે. એ પતંગીયાની હીલચાલ ઘણી આરીતીરીછે—તે ઊડેછે, તારે ઊપર નીચે અને એક બાજુથી બીજી બાજુ તરફ જાયેછે. એવી હીલચાલથી તે વારેઘડીએ બીજા જાનવરનો સેહેલથી સેકાર થઇ શકતું નથી રોમર નામનો એક શખસ લખો જાયેછે કે એક દીવશે તેણે એક પતંગીયાંની પછવાડે એક ચલીને જતાં જોઇ. જોકે ચલી ઘણી જડપથી જતી હતી, તોયપણ પતંગીયું તેના પંજામાં આવતું ન હતું. પતંગીયું હમેશાં ઊપર કે નીચે અથવા એક બાજુએ થઈ જતું હતું અને આખરે તે નહીજ પકડાયું.

પતંગીયાંમાં નર અને માદા આવેછે અને તેઓ પોતાનાં ઈંડાં ઝાડના પાતરાં ઊપર અથવા દીવાલની લીલ ઊપર મુકી જાયેછે. ઈંડાંની આસપાસ એક ચીકણી વસતુ રેહેછે અને તેથી તેઓને જાંહાં મુકવામાં આવેછે, તાંહાં વલગી રેહેછે. સુરજની ગ

રમીથી એ ઇડાં માહેથી કામલીયો પેદા થાયેછે અને એજ કામલીયા માહેથી છેલે પતંગીયું બનેછે. એ ઈડાં અને કામલીયાનો ઘણો નાહાસ થાયેછે અને તેથી પતંગીયાંની વધ ઘણી થતી નથી. જો એવો નાહાસ નહી થાયેનો, પતંગીયાની એટલીતો વસતી વધી જાએ અને એટલીતો ઝાડપાનની ખરાબી થાયે, કે તેનો કાંઈ પણ ઈલાજ રેહેજ નહી. પણ કુદરતે સઘલી ચોજમાં પોતાનું દાહાપણ ખરચીયુંછે.

એક કામલીયો અને પતંગીયાનો સંબંધ જોઇને શું માણસ જાતને તરેહવાર વીચાર ઊતપણ નહી થશે, અને પોતાની હાલત તેની સાથે સરખાવવા નહી જશે ? અસલના યુનાની લોકો પતંગીયાંને માણસના રૂહની નીશાણ તરીકે ગણતા હતા. અને હાલના લોકો જારે કામલીયા અને પતંગીયાંનો સંબંધ બરાબર રીતે સમજેછે, તારે પોતાની હાલની અને હવે પછીની હાલત તેઓ સાથે સરખાવેછે. કામલીયો પોતાની ટુંક જીંદગીમાં ખાઇ પીઈ લેવાનું સમજે છે, તેમજ માણસની આએ દુનીયામાં હાલત કામલીયાના જેવીજછે. કામલીયો ખાઈ પીઇ સુસત થઇને પછી મરી જાયેછે, પણ તે ખરેખર મરણ નથી; થોડી મુદત રહીને તે જુદાજ અને ખુબસુરત આકારમાં નવો જનમ લેછે; એજ મીસાલે માણસ આએ દુનીયામાં ખાઈ પીઈને મરણ પામેછે, અને જોકે તેનું બદન નકાંમુછે, તોયપણ તેનો આતમાં બીજી દુનીયામાં નવો અને બુલંદ આકાર લેછે.

સવામર દામ નામનો શખસ એ પરમાંણે લખી જાયેછે: "એવું નાહાનું નજીવું જેવું જાનવર જારે છેલો નવો જનમ લેછે, તારે તેનો દબદબો અને સનગાર એવોછે, કે જે માણસને આએ દુનીયામાં મેલવવાની આશા ખોટીછે. પતંગીયાનો ખોરાક બેહસતના દવનું પાંણી અને દરએક ફુલપાન માહેથી મીઠું મધ છે. બાદશાહી પોશાક એક પતંગીયાના સનગારને કદી પણ બરોબરી કરી શકેજ નહી. પતંગીયાંનું રેહાણ આસમાન છે અને હવા તેનું ઘરબાર છે, જારે કે માણસ આ દુનીયામાં નાગું આવેછે અને વારેઘડીએ ઘરબાર વગર રઝડેછે. એક હાથ ઊપરથી સુરજની ગરમી અને બીજા હાથ ઊપરથી જમીનની સરદી અને ખરાબ હવા ખમવી પડેછે, અને એવી તેના સુખ અને હસતીના દુશમન થઈ પડેછે. એ ઊપરથી સાબેત થાયેછે, કે જારે આ નાહાનું જાનવર સઊથી બુલંદ દરજે આ દુનીયામાં ચહડેલું છે, તારે આપણે પુરતી હાલતમાં આવવાને માટે હજુર ઊમેદવાર છેએ."

## એક ચોરની રમુજી વારતા.

બુટા પેસીકાકા, ઘણા વરસ લગી સુખ ચેનમાં પોતાના કુટુંબ સાથે પરેલમાં એક નાહાના બંગલામાં રેહેતા હતા, પણ આખરે તેવનના બુઘાપણામાં ફીકર અને ચીંતાએ તેવનના દીલમાં ઘર કીધું, કોઈ જબરો ચોર લાગુ પડીયો. બંગલા માહેથી એક એક પછી સઘલી નાહાની, મોહોટી ચીજ ગેબ થવા લાગી. એક દાહાડે ચોખાની ગુન, તો બીજે દાહાડે ચોક માહેથી બટક મરઘાં, તરીજે દાહાડે ઘર માહેથી સુનાનું ઘડીયાલ; એ પરમાંણે ચોખા, દાર, ઘઉ, ઘીઈ, સુરબો, મેનડો, બકરી, બુટ, જોરા, ચોપરી ઈતીયાદીના પગ થઇ ગયા. બુટા પેસીકાકા અને તેના છોકરા સોરાબજીએ ઘણીબી ચોકસી અને તલાસ કીધી, પણ ચોરનો કાંઈ સુરો પાયો નહી. આખરે બીચારા નાચાર થઈને બંગલાની પાસે એક બંદબસત વખાર બાંધી અને તેમાં સઘલો ઘરનો સામાન મુકવા લાગા. બારણા ભારી મજબુત સાગલી લાકડાના બનાવીયાં અને તે ઉપર એક મોહોટું તાલું મારીયું. વખાર બાંધીયાને એક મહીનો થયો અને એટલા વખતમાં ચોરની નીશાણી માતર માલમ પડવા લાગી.

એક દાહાડે રાતરે ૮ કલાકે બુટા પેસીકાકા ખાઈને ચોકમાં હવા ઘુરવા બેઠેલાછે, તેવામાં તેવનને યાદ આવીયું કે આજે વખારનું બારણું બંધ થવાયું નથી; વખારની કુચી હમેશાં તેવનના છોકરા શોરાબજી પાસે રેહેતી હતી, પણ તેવન એક દોસતદારને તાંહાં ખાવા ગયા હતા, તેથી કુચી બાવાને સોંફી ગયા હતા.

એ વખતે ખુશ ચાંદનું પડતું હતું. પેસીકાકા જડફથી ઉઠીને વખાર ભણી ગયા, અને જુવેછેતો બારણું છડેચોક ઉઘાડું પહેલુંછે. તેવનને બરાબર ખબર હતી, કે તેવણે પોતાને હાથે બારણું બંધ કીધું હતું, પણ કુચી આપવાને વીસરી ગયા હતા. તરત ચોરનો વીચાર આવીયો અને જારે બારણા તરફ જતાં વખારની અંદર કોઈ ચાલતું હોયે એવું માલમ પડીઉં, તારે કાંઈ પણ શક રેહેયોજ નહી. પોતે મનમાં વીચારીયું, કે ચોરને અંદર જાઈને પકડવો ધાસતી ભરેલુંછે, પણ એક સારો વીચાર સુજ પડીયો. હલવેથી બારણા તરફ ગયા અને ઘણી જડફથી બારણું બંધ કીધું, તાલું મારીને કુચી દીધી અને જીવ લઈને ઉબી પુછડીએ બંગલામાં નાહાઠા.

પેસીકાકા ધુજવા મંડી ગયા, કોણું જાણે એવનને શું ધાસતી પેઠી; પણ જારે બારણું બંધ કીધું, તારે તેવનના કાન ઉપર ખોલો એક ભયંકર આવાજ પડીયો, તેથી કંઈ બીહીને ધુજવા મંડી ગયા હશે. જારે ઓરડામાં ચોતાની બાયડી આગલ ગયા, તારે તેવનનો ચેહેરો એટલોતો ફી

કો ફચ થઈ ગયો હતો, કે બીચારાં કોલીબાઈ બોલી ઉઠીયા કે—

"કાંયેજી, શું છે, શું છે?"

પેસીકાકા ધબરાતા બોલીયા, "મેં ચોરને હવે પકડી પોછે! તેને આપણી વખારમાં મેં બંધ કીધોછે. ચાલો મને જલદીથી મારી પાગરી દગલી અને જોડા આપો!"

"કાપે—શું—તમે શું કરોછો."

"હું બીજી મદદ લેવા જાઉંછું, તે ઘણો જોરાવર અને વલી જીવ ઉપર આવેલોછે, તેથી તેને એખલું પકડવું ધાસતી ભરેલું છે."

પેસીકાકા જલદીથી બાહેર નીકલીયા અને પેહેલાં પોતાના છોકરાને દોસતદારને તાહાં બોલાવવા ગયા. જઈને જુવેછેતો ઘરમાં સઘલું સમસાન અને બારી બારણાં બંધ કરીને સઉ સુઈ ગયેલાં. તોયપણ જોરથી બારણું ઠોકીયું. ઘર ધણી જલદીથી નીચે ઉતરી આવીયો અને અચરત થઈને પેસીકાકા તરફ જોવા લાગો અને એવી નોરી રાતે શું કામ પડીયું તે પુછીયું.

"ચોર પકડાયોછે, અને વખારમાં બંધ કીધોછે, શોરાબજી કાંહાં છે."

"હેં! ચોરને પકડીયો. ઠીક કીધું. એને સહવાર લગી બંધયાર રાખજો."

"નહી, ચોર બરો જબરો દીશેછે અને બારણું ભાજીને નાહાસી જશે. પડોશીઓની મદદ લેવાની હમણા જરૂરછે. પણ સોરાબજી કાંહાંછે તે કેહેશો."

"તેવનતો તેયારના ઘરભી ગયા."

"ઘર ગયા!"

"હા, એક અરધો કલાક થયો હશે."

પેસી કાકાએ પોતાના કપાલ ઉપર હાથ મારીયો, અને વીચારમાં પડીયા. થોહોવાર રહીને બોલીયા.

"અરે કમબખત! મારેથી શું થઈ ગયું!"

"કાંયે શું છે"———પેસી કાકા અચકાતા બોલીયા

"હું ધારૂંછું કે મેં—મેં બંધ કીધોછે."

"પણ કોણ, બોલોની?"

"મારા સોરાબજીને."

"હા, હું પણ ધારૂંછું કે તમે સોરાબજીનેજ બંધ કીધોછે; કાયે કે જારે તેવન અહીંથી ગયા, તારે બોલતા હતા કે ગારીના ગાડી તરીયા વખારમાં મુકવાનાછે."

"મેરબાની કરીને એ વાત કોઈ આગલ બોલતાના, નહીતો કે મને"—

"કાંઈ ફકર ના કરો, હું કોઈને આ વાત કેહેવશ નહી, પણ જલદીથી ઘર જાવો અને સોરાબજીને છુટો કરો."

પેસીકાકા વધારેવાર ઉભા રહેયા નહી, પણ પોતાના ઘર ભણી ચાલવા માંડીયું.

હવે, અભાગ નસીબે પેસીકાકાએ ખરેખર સોરાબજીને વખારમાં બંધ કીધો હતો. સોરાબજીએ એવો મામલો જોઈને મોહેડેથી બુમ પાડી, પણ ગલું પડી આવીયું અને બુમ પાડતાં પોતેજ બેહેરો થઈ ગયો; છેલે ગોસે થઈ દાંત પીસીને એક ચોખાની ગુન ઉપર બેઠો અને સબુરી પકડી, કે જોઈયે એ તાંહેથી શું નીપજેછે.

થોડાવારમાં કોઈ વખાર તરફ આવતું સંભલાયું. સોરાબજીએ વીચારીયું કે પેસીકાકા પોતાની ભુલ જોઈને તેને છોરવા આવીયા હશે. એ વખતે પોતાનો મીજાજ નરમ પડીયો અને મનમાં હસવા લાગો.

પણ સોરાબજીને માલમ પડીયું, કે જે શખસ બારણા તરફ આવેછે તે તેનો બાપ નથી. તે ધેયાન દેઈને સાંભલવા લાગો, કોઈ શખસે ઘણી સંભાલથી તાલામાં કુચી ફેરવી, પછી ઘણીજ હલવેથી અને, જાણે ચોરી કરવા આવતો હોય તેમ બારણું ઉઘાડીઉં અને વગર ખોખાટ કરવે અંદર પેઠો અને બીજે ખુણે જઈને કાંઈ ટંતોસવા લાગો. સોરાબજી તરત હલવેથી બાહેર નીકલી પડીયો અને પછી બારણું બંધ કરવાનું અને કુચી દેવાનુ એક પલનુંજ કામ હતું, હમણા કોઈ બીજો શખસ વખારમા બંધ થયો.

સોરાબજી થોડા વાર બારણા આંગલ ઉભો રહેયો, પણ કાંઈ પણ જાતનો આવાજ નહી આવીયાથી તેના મનમાં ખાતરી થઈ કે હવે ખરેખર ખરો ચોર પકડાયોછે. તરત પોતાના પડોશીઓને બોલાવવાને દોડીયો.

થોડાવારમા પેસીકાકા વખાર આગલ આવી લાગા. પેસીકાકા વખારના બારણાની કુચી પોતાની સાથે લઈ ગયા હતા, પણ કોઈ ચોરે ખોટી કુંચી લગાડીને બારણું ઉઘાડીયું હતું અને તેજ ખોટી કુચીએ સોરાબજીએ તેને બંધ કીધો હતો અને તે ખોટી કુચી પોતાની સાથે લઈ ગયો હતો. હવે પેસીકાકા પોતાની ભુલનો પસતાવો કરતા કરતા વખારનું બારણું ઉઘાડવા ગયા. બારણું ઉઘાડી અંદર થોડું એક માથું ઘાલીને બોલીયા.

"સોરાબજી, સોરાબજી."

અંદરથી કાંઈ પણ જવાબ આવીયો નહી.

"સોરાબજી, શું ઉધાયાછ કે, ચાલો હવે મારી સાથે તરકટ ના રમો,—એ સઘલી મારી ભુલ થઈછે—કાંયેકે મેં તમુને ખરેખર ચોર——

.એવામાં પેસીકાકાના મોહોડાં ઉપર જોરથી એક મુકી પડી તેથી મુંગા થઈ ગયા એક પલમાં તેવન ચોખાની ગુનોની વચે ગગરતા જઈને પડીયા. પેહેલાં તેવન બેહોશ થઈ ગયા, પણ જારે સુધ ઠેકાણે આવી, તારે જુવેછેતો બારણું બંધ થયલું અને પોતે બંદીખાને પડેલા. બીચારા પેસીકાકાને કેવું લાગું હશે તે વાચનારનાજ વીચારને સોંપીયેછ!

એટલામાં સોરાબજી ચોરને વખારમાંથી સલામત પકડવાને મારે પડોશીઓની ફોજ ઉઠાવતા હતા. પેહેલાં પોતાની માએને ચોરની વાત કહીને બાહેર નીકલી પડીયા. સોરાબજીની માએ અચરત થઈ અને વીચારમાં પડી કે હમણાજ પેસીકાકા ચોરને બંધ કરી ગયા અને હાલ સોરાબજી કેમ બીજા ચોરને બંધ કરે, તેની બીચારીને કાંઈ સમજ પડી નહી. પડોશમાં ટેમુલ નામનો એક જોરાવર શખસ રેહેતો હતો, તેપણ વારેઘડીએ ફરીયાદ ઉઠાવતો હતો, કે તેના ઘરમાં પણ કોઈ ચોર લાગુ પડેલોછે. ટેમુલને સોરાબજી તેડવા ગયા. બારી વાતેથી ટેમુલની બાયડીએ જવાબ આપીયો કે,

"શું જોઈયેછ?"

"ટેમુલજી કાંહાંછે."

જરા અચકાઈને, "ટેમુલજીનું માથું દુખેછે, તેથી ઉઠી શકાતું નથી."

"પણ કામ ઘણું અગતનુંછે; મેં ચોરને પકડીપોછે અને વખારમાં બંધ કીધોછે."

"હે ! પકડીપો ? ઘણુંજ ઠીક થયું. પણ હાલ ટેમુલજીનું માથું દુખેછે, તેથી હું ધારૂંછું, કે તે ચોરને સહવાર લગી ઘાંટી રાખજો:"

"નહી, હમણાને હમણા એને પકડવો જરૂરછે;" એમ કહીને દોડતો આગલ ચાલીપો.

સોરાબજીના મનમાં એવું, કે ટેમુલની બાયડીને સારા સંમાચાર કેહેવા ગયા, પણ તેમાં તેવનની ભુલ હતી. ખરૂં પુછો તો, જાંરે ટેમુલની બાયડીએ બારીબંધ કીધી, તારે જો તેનો ચેહેરો જોયો હતેતો માલમ પડતે, કે તે ફીકોફચ થઈ ગયો હતો. વાંચનારને તેનું કારણ સમજ પડીયું હશે, કાંપે કે ટેમુલજી ઘરમાં માથાં સાથે પડેળા નહી હતા.

ટેમુલની બાયડી ઘણી હીમતવાન હતી. તેણે પોતાના ધણીને ઘાસતીમા જોયો. તરત સારી પેહેરી, હાથમાં એક હથોરી પકડીને ઘરની બાહેરૂ નીકલી પડી. થોડાવારમાં પેસીકાકાની વખાર આગલ જઈ ઉભી અને હલવે સાધે બોલી,

"ટેમુલજી, ટેમુલજી."

કાંઈ જવાબ મલે નહી.

"ટેમુલજી, એતો હુંછું, તમે અંદરછો કે,"

અંદરથી જવાબ આવીપો કે "મને બાહેર કાહાડો."

ટેમુલની બાયડીએ વગર ઢીલ રાખવે તાળું ભાંજવા માંડીયું.

પેસી કાકા અંદર હતા, તેવન અચરત થયા કે એ કોણછે અને તાળું ભાંજવાનું શું કારણછે. તેવનના ધેપાનમાં તરત ખેપાલ આવીપો, કે કોઈએ તેવનને ટેમુલજી કરીને હાંક મારીપો હતો, અને તેનો સાધ ઘણોખરો ઓરતના જેવો માલમ પડતો હતો. એવા વીચારમાં બારણું ઉઘડે તાંહાંસુધી બોટી ર.હેપા.

છેલે બારણુ ઉઘડીપું અને ટેમુલની બાપડી હલવેથી બોલી,

"ટેમુલજી, ચાલો, જલદી કરો, કાંઈ પણ વખત ખોવો ના ! તેવો એક મીનીટમાં અહીં આવશે !"

એમ કહીને તેનો હાથ પકડીપો અને ચાલવા માંડીયું. પેસીકાકાએ હવે તેણીનો હાથ પકડીયો અને બેઉ જણ ચાંદનાંમાં એકએકનાં મોહોડાં જોવા લાગાં.

ટેમુલની બાયડીએ ચીચીયારો પાડી, તેણીનો ચેહેરો ફીકો પડી ગયો અને હાથ માંહેથી હથોરી પડી ગઈ. પેસીકાકા પણ અચરત થઈ ગયા; પણ તરત તેવનની હોસ ઠેકાણે આવી, અને વખત જોઈને વાત કરવા લાગા.

"ઓહો ! તમો ટેમુલજીની બાયડી દેખું, તમુને આજ રાતે અવારૂ થઈ ગયુંછે, ચાલો હું તમુને તમારે ઘર લઈ જાઉં."

પેલીથી કાંઈ પણ બોલાઈ શકાયું નહી, તેથી પેસીકાકા આપે મુગી મુગી ચાલી. પણ જારે પેસીકાકા પોતાના બંગલા તરફ ચાલીપા, તારે તેની સામણે તેણીથી એક હરફ પણ બોલાપો નહી.

જારે ટેમુલની બાયડીને પેસીકાકા પોતાની બાયડી આગલ લઈ આવીપા, તારે બીચારી ઘણીજ સરમીંદી અને ઘભરાટમાં પડી. બીહીકથી અને ઘભરાટમાં સઘલું કબુલ કરી દીધું અને આંખમાં આંશું લાવીને અને બેઉ જણુને પગે પડીને માફ માંગી, કે તેવો તેની ઉપર દયા લાવીને તેને ઉંઘાડી પાડે નહી. પેસીકાકાની બાયડી ગુસે થઈને બોલી ઉઠી. "અરે કદી પણ માફ થવાએ નહી, કદી નહી, કદી નહી."

એટલા વખતમાં, ટેમુલ પેસીકાકાને ઘાંધીને ચારે તીરે રસતે પોતાને ઘેર જડફથી ગયો. બારણાં આગલ ગયા નહી, એટલામાં કોઈએ તેને હાક મારી તેથી રસતામાં જોવા લાગો.

સોરાબજી તરણ રોસતદારોને ભેગા કરીને પોતાના બંગલા તરફ જતો હતો, તેણે ટેમુલને જોઈને હાંક મારી હતી.

"ટેમુલજી તમે છેવો કે ? અરે ચાલોની; જે એક વધીએ તે ખરો, તેથી વધારે મજાહ પડશે."

ટેમુલ ઘભરાપો અને વીચાર કરવા લાગો કે એ શું મામલોછે; સોરાબજીએ કેમ ચોરની વાત જાણી; પણ વીચારીયું કે હવેતો જાણે કે કાંઈ જાણતા નહી હોપે એમ ભપકામાં સાથે જવું દરૂસતછે. પેહેલાં પોતે વાત કાંઈ છેડી નહી, પણ સોરાબજી શું વાત કરેછે તે પરમાંણે બોલવું દરૂસત ધારીયું. જારે સોરાંબજીને મોહોહેથી સઘલી વાત સાંભલી, તારે મનમાં હસવા લાગો, કે હવે ખરેખર મજાહ જોવાનીછે, બીચારો સોરાબજી ચોરને બદલે પોતાના બાપને ઘંધાપેલો જોઈને ખરેખર ઘભરાશે, એવા ખેપાલથી મઘન થતો થતો કુદકા મારતો સાથે ચાલવા લાગો.

જારે બંગલા આગલ આવી પુગા, તારે સોરાબજીએ કહીયું, કે હું અંદર જઈને ફાનસ લાવુંછું, અને પુછતો પણ આવું કે મારો બાંપ ઘરમાંછે કે નહી. ટેમુલ બોલીપોકે,

"જુવો, પેસીકાકાને સાથે લેતા આવજો, હું !" એમ કહીને મનમાં ને મનમાંજ હરખવા લાગો.

એવામાં એક જણની વખારના બારણા ઉપર નજર પડી, તેથી ચોંકીને બોલીપો,

"અરે ! વખારનું બારણુંતો ઉઘાડુંછે, ચોરતો વરેણુ માપી ગયો !"

સોરાબજી પાછો ફરીને જુવેછેતો વખારનું બારણું ઉંઘાડું પહેલું; ટેમુલ પણ ઘભરાવા લાગો; તેવામાં પેસીકાકા સોરાબજીનો સાધ સાંભલીને ફાંનસ લેઈને બાહેર આવીપા, તારે સોરાબજીને અને ટેમુલને કાંઈ ભેદ સમજ પડીપો નહી. તેમુલ જલદીથી બોલી ઉઠીપો.

"ઓહો ! પેસીકાકા એ શાંની એટલી બધી ગડબડછે. સોરાબજી કેહેછે કે વખારમાં ચોર ભરાપાછ."

સોરાબજી ઘભરાઈને બોલવા લાગો.

"બાવા, હું ખરેખરૂં કહુંછું, કે જારે મને તમે ચોર જાણીને બંધ કીધો, તે પછીતો મેં એક ખરા ચોરને ઘાંધીપો હતો."

પેસીકાકા બોલીપા, "હા, તે હું જાણુંછું, તારી મા એ મને કહીપુંછે, અને જારે હું તુને છોરવવા આવીપો."

"હા, હવે મને સમજ પડી, તારે તે ચોરૂ નાહાસી ગયો !"

"હા, અને તે મને ધાંધી ગયો !"

"તારે તમે કેમ છુટી ગયા ?"

"તે ચોરની બાયડીએ મારી ઉપર મેરબાની કરીને તાણું બાંજીને મને છુટો કીધો !"

એમ બોલીને પેસીકાકાએ ફાનસ ટેમુલના મોહોડાં આગલ ઉચકીયું. ટેમુલનો ચેહેરો તદન ફીકો ફક થઈ ગયો અને ધુજવા લાગો.

હવે સઘલો ભેદ સમજ પડીયો; ટેમુલના તરત મુસકેટાટ કીધા, તે રાતે ટેમુલ અને તેની બાયડીએ પેસીકાકાના બંગલામાં વાસો કીધો. સહવાર પડી ચોકીમાં લઈ ગયા, ટેમુલના ઘરના જાહાડા લીધા, પેસીકાકાનો ઘણોખરો ચોરાઈ ગયલો સામાંણ પકડાયો, તેવો બેહુને માજીસતરેટે સેસનમા મોકલીયા. જડજે બેહુને શાખશા કીધી.

એ પછી પેસીકાકાના બંગલા માહેલી ચીજો સલામત રહી અને એ પછી બારણા બારી ઉંઘાડાં મુકીને છરે ચોક સલામત સુવા લાગાં.

---

## પીતા.

### એક અસલી બરાહમણની સીખામણ.

"અરે, તું જે પીતાછે, તે તારા વીશવાસ ઊપર સોંપેળા હવાલાની કદર કેટલીછે, તે ઊપર ગુમાન લઈજા; તારા ખુંદથી પેદા થયલાની પરવરશી કરવાને તારી પોતાની ફરજ સમજ.

"તારા જીગરનું બચું, તારી ઊપર એક આશીરવાદ યા કદુવા થશે, અને આલમમાં એક ઊપીયોગી યા નકામો મીજલસી થશે, તે તારી ઊપરજ આધાર રાખેછે.

"નાહાનપણથી તેને કેળવણી આપીને તૈયાર કરજે, અને સચાઇના કાંનુનોથી તેનું મગજ તર રાખજે.

"તેના મનની વલણ ઊપર ચોકસી રાખજે, તેની જુવાનીમાં તેને ખરો રસતો બતલાવજે, અને કાંઈ પણ દુશટ લક્ષણને તેની ચહડતી ઊમર સાથ જોર પકડવા દેનો ના.

"એ પરમાણે તે પાહાડ ઊપરના સરોવરના ઝાડની મીસાલે ઊગી નીકલશે. તેનું શર જંગલના ઝાડોની ઊપર બીરાજતું માલમ પડશે.

"એક પાપી છોકરો તેના બાપ તરફ આંગલી બતલાવેછે, પણ જે ખરે રસતે જાયેછે તે તેના બુઢાપાના સફેદ બાલને ઈજત આપેછે.

"તે જમીન તારી પોતાનીછે, તેને ખેડવાને ચુકતોના; જેબી તું વાવે, તેની તું કાપણી પણ કરજે.

"તેને ફરમાનબરદારી સીખવજે અને તે તુંને આશીરવાદ દેશે, તેને નમરતા સીખવજે અને તે કદી પણ શરમાશે નહી.

"તેને વફાદારી સીખવજે અને તેથી તે ફાયદો મેલવશે; તેને સખાવતપણું સીખવજે અને તે લોકનો પેયાર મેલવશે.

"તેને અંદાજો સીખવજે અને તે તંદરૂસતી ભોગવશે; તેને ડાહાપણ સીખવજે અને તેનું ભાએગ ઊઘડશે.

"તેને રાસતી સીખવજે અને આલમ તેને આબરૂ આપશે, તેને સચાઈ સીખવજે અને તેને પોતાનું દીલ ઠપકો આપશે નહી.

"તેને ઊદીયોગીપણું સીખવજે અને તેની દોલતમાં ઊમેરો થશે; તેને લોકોનું સારૂં ઈછવા સીખવજે અને તેનું મન બુલંદ થશે.

"તેને એલમ સીખવજે અને તેની જીંદગી ઊપીયોગી થશે, તેને ધરમ સીખવજે અને તેથી તેનું મોહોત સુખમાં થશે."

---

## રાઈ—રાઈનું પલાસતર.

રાઈના બીજ બે તરેહના આવેછે, કાલાં અને સફેદ; કાલાં બીજ બારીક અને ગોલ આવેછે અને સફેદ બીજ મોહોટાં પીલાસ ઊપર અને જરા બેદાંરો કાં આવેછે. કાલાં બીજમાં વધારે તેજ હોયેછે એ બીજનો ભુકો કરીને કાંમમાં લાવેછે. કાલાં અને સફેદ બીજને ભેલીને તેને પેહેલાં દલેછે અને પછી ખંલમાં છુદેછે; સઘલાને સુપરાંમાં ઊફણીને પછી ચાણીમાં ચાલેછે, તેથી આટો અને છલાં જુદાં પરેછે. છેલે છલાં માહેથી તેલ કાહાડેછે. એ તેલને આપણા લોકો "સરસીયું તેલ" કરીને કેહેછે. સરસીયું તેલ લાલ રંગનુ આવેછે અને તે જલદીથી ખોરૂં મારી નથી જતું; એટલા માટે તેને રાઇના અચાર આઠવવામાં વાપડેછે. રાઈનો આટો જે બજારમાં મલેછે તેમા ઘણો ભેલ કીમેયો હોયેછે વારેઘડીએ ઘઊનો આટો વજન વધારવાને માટે ભેલેછે અને પીલો રંગ આપવાને માટે હલદ અને તલખ કરવાને માટે મરચાંનો ભુકો મેલવેછે. સારી રાઇ પારખવાની રીત એ છે, કે જો તેને થંડાં પાંણીમા મેલવે તો તરત ને મા

રૂથી જલદ ભલુક નીકલેછે અને તેથી આંખો જલે
છે, અને નાકમાં અગન બલેછે; જો પાંણી મેલવતાં
રંગ સફેદ થઈ જાયેતો સમજવું કે રાઈ સારીછે. રા
ઈ માહેથી બીજું જલદીથી ઊડી જાયે એવું તેલ બના
વેછે. એ તેલ રાઈમાં પેહલાં નથી હોતું, પણ જા
રે પાંણી સાથે મેલવેછે તારે એ તેલ પેદા થાયેછે; અ
ને એ તેલની ભલુક રાઈને પાંણી સાથે મેલવીયા પ
છીજ માલમ પડેછે. એ ખાલેસ તેલ ઘણુંજ તલખ
છે અને આંગ ઊપર લગાડીયાથી જગા જલદીથી લા
લ થઈ આવેછે અને ફોલ્લા પણ ઊઠેછે.

રાઈનો ઘણો ઊપીયોગ કરવામાં આવેછે. ખા
ણાની ટેબલ ઊપર ખોરાક સાથે ખાવામાં આવેછે.
રાઇ જરા ખાધાથી ભુખ વધેછે અને ભારી અને ન
હી પચી શકે એવા ખોરાકને (જેમકે ચરબી) જલદી
થી પચાવી શકેછે; એટલા કારણને માટે ઘણી જાત
ના અચાર રાઈમાં બનાવેછે. રાઈનો દવા તરીકે ઘ
ણો ઊપીયોગછે. જો એક બે ચમચી ભરીને રાઈ
ખાધી હોયેતો તરત વામીટ થાયેછે. અફીમના જે
હેર ઊપર રાઈનું વામીટ ઘણુ સારૂં અને ફાયદાકારકછે.

પણ દવામાં રાઈને પોલતીસ અથવા પલાસ
તર કરીને વાપરવામાં આવેછે. એવો પણ એક વ
ખત હતો કે જારે આપણા લોકો રાઈનું પલાસતર મા
રવાને ઘણાં બીહીતાં હતાં. રાઈનાં પલાસતરને છેલી
ઘડીનો ઊપાયે કરીને ગણતાં હતાં. પણ હાલ તે વે
હેમ નીકલી ગયોછે અને રાઈ મારવામાં કાંઇ પણ
અડચણ લેતાં નથી. જોકે હાલ દરરોજ રાઈ વાપ
ડવામાં આવેછે તોપણ હજુ કેટલાંએક લોકોને રાઇનું
પલાસતર કેમ બનાવવું, તેની બરાબેર સમજ નથી.
દરએક ઘરમાં રાઈ તૈયાર રાખવાની જરૂરછે; પણ રા
ઈ ઘણીજ ખરાબ હાલતમાં રાખવામાં આવેછે. પા
તરાંમાં અથવા કાગદમાં બાંધીને રાખેછે, પણ રાઇ
તેમાં હવાઈને જલદીથી ફુગાઈ જાયેછે. રાઈને હ
મેશાં કાચના બુચની બાટલીમાં રાખવી જોઈયે. જા
રે રાઇનું પલાસતર બનાવેછે, તારે આપણા લોકો ત
રત ગરમ ઊકલતું પાંણી બનાવવા મંડી જાયેછે, પ
ણ એના જેવી ભુલ તેવો બીજી કાંઇ પણ
કરતાં નથી. ગરમ ઊકલતાં પાંણીથી રાઇ ક
દી પણ તેજમાં ચહડતી નથી; કાંયેક તેથી તેલ પેદા
થતું અટકેછે; અને જે રાઇનું તેજછે તે આએ તેલમાં
જછે, જો તેજદાર રાઈનું પલાસતર બનાવવું હોયે તો
હમેશાં થંડાં પાંણીમાં રાઇને મેલવવી જોઈયે.
ઘણા લોકો સરકામાં રાઈને મેલવેછે, પણ તેથી તેજ
દાર તેલ પેદા થતું નથી; કોઈ વલી તરપીટન તેલમાં
રાઈ બનાવેછે, પણ તેથી કાંઈ રાઈનું તેજ જરા પણ
વધતું નથી. જો તેજ વધારવાની જરૂર હોયેતોજરા
મરચાનો ભુકો સાથે મેલવવો. થંડાં પાંણી શીવાએ રા
ઇ કદી પણ તેજદાર બનવાની નથી. રાઇ પાંણી સા
થે મેલવતી વખતે ઘણો વખત લગાડવો નહી જોઇ
યે; રાઈનું તેલ ઊડી જયાથી તેનું તેજ કમતી થઇ જા
યેછે. જેવી નરમ પોલતીસ જેવી થઈ એટલે લગાડી દે
વી જોઈયે, રાઈને એક જાડાં કાગદ ઊપર પાથરવી
જોઈયે, અને તેની ઊપર એક જુનાં કપડાંનું પર
આપવું જરૂરનુંછે. ચામડીની ઊપર ખાલી રાઈ મા
રીયાથી ગલીચી થાયેછે, રાઈ ચામડી ઊપર વલગી રે
હેછે અને કુમલી ચામડીને ઇજા કરેછે. ઘણા લોકો ક
પડાંની ઊપર રાઈ પાથરેછે, પણ કપડાંને કરચલી વ
ળી જાયેછે તેથી રાઈ ચામડી ઊપર બરાબર રહી શ
કતી નથી.

રાઈનું પલાસતર ૧૫ અથવા ૨૦ મીનીટથી
વધારે વાર રાખવું નહી. જેવી આગ સારી પેઠે બ
લવા માંડે એટલે રાઈ કાહાડી નાખવી. બચાંની ચાંમડી
ઊપર ૫ મીનીટથી વધારે વાર રાઈ રાખવી નહી.
રાઈના પલાસતરનો એક છેડો ઊચકીને ચામડી તપા
સીયા કરવી, જો ચામડી લાલ થઈ આવે તો રાઇ કા
હાડી નાખવી. ઘણા લોકો અંજાણપણે રાઈ ઘણો વ
ખત લગી રેહેવા દેછે, કેટલીએક વખતે બે ત્રણ કલા
ક લગી મુકી રાખેછે, પણ તે માહેથી ઘણા ખરાબ પ
રીણામ ઊપજેછે. બીલીસટરની માફક છાગરા પડી
આવેછે અને ઘણી વેલા માસ કોહીને ચાંદાં પડી આવે
છે કે જે જલદીથી રૂઝાતાં નથી.

તરેહવાર દરદો ઊપર રાઇનું પલાસતર મારવા
માં આવેછે. ઊલટી ઊપર એ ઘણું અસરકારકછે.
છાતીની હેઠે પીપરી આગલ રાઈનું પલાસતર મારીયા
થી તરત ઊલટી બંધ થાયેછે. સનેપાત, લકવો
અને એવાંજ બીજાં બેજાંનાં દરદ ઊપર પગને તળી
યે અને તેટાં અને જાંગની અંદરની બાજુ ઊપર રા
ઇ મારીયાથી ઘણો ફાયદો થાયેછે. મુકી અને કો
લારાના મરજમાં પેટ ઊપર રાઈ મારીયાથી એ દરદો

નું જોર નરમ પડેછે.

ઘણાં દરદોમાં ગરમ પાંણીમાં રાઈ નાખીને પગ બોરવામાં આવેછે. પેહલાં રાઈને થંડાં પાંણીમાં ગલવીને પછી ગરમ પાંણી સાથે દોહવી નાખવી જોઈયે. રાઇનાં પાંણીમાં અરધા કલાકથી તે પોણા કલાક લગી પગ બોરી રાખવા. એજ મીસાલે રાઈનાં પાંણીમાં દરદીઓને બેસાડવામાં પણ આવેછે.

## શું પસંદછે ? દોલત કે તંદરૂસતી ?

પારીસ શેહેરમાં બોન્જોન નામના એક કરોડપતીએ એક મોહોટો સુંદર મેહેલ બાંધેલોછે એક દીવસે એક ઈંગરેજ તે મેહેલ જોવાને મારે ગયો જોઈને ઘણો ખુશી થયો. ખાવાના ઓરડામાં એક મોહોટી ટેબલ પકવાનથી ભરેળી હતી, તે જોઇને જે ચાકર દેખાડવા આવીયો હતો તેને પુછીયું, કે "તારો શેઠ ખાવામાં ઘણી મોજ મજાહ મારતો હશે." જવાબ દીધો "અરે સાહેબ, મારો શેઠ કદી પણ એ ટેબલ ઊપર બેસતો નથી. તેને મારેનો એક જાતની તરકારીની વાણી દરરોજ થાયેછે અને તે શીવાએ બીજુ કાંઇ પણ ખાતો નથી." બીજો ઓરડો સુંદર સખીઓથી ભરેલો હતો. તે જોઇને બોલીયો કે, "વારૂ, પણ તેને એવું ખુશી ભરેલું જોવાનુ તો મલેછે." ચાકરે જવાબ દીધો જે "અરે સાહેબ, મારા શેઠને આંખે ઘણુંખરૂં બરાબર દેખાતું નથી, તે નજદીક આંધલો થઇ ગયોછે" તરીજા ઓરડામાં મોહોટી આરગીનની પેટી મુકી હતી તે જોઇને બોલીયો, "વારૂ, પણ એનો બદલો આવો સારો રાગ સાંભલીને મલેછે." ચાકરે જવાબ દીધો "અરે સાહેબ, મારા શેઠે કોઇ દીવસે પણ એ રાગ સાંભલીયો નથી, તે દરરોજ સકારે ઊંઘાઈ જાયેછે કે થોડા કલાકની ઊંઘ મલી તો તે ભાયગવાન સમજેછે." "પણ વારૂ, આવી ખુશ વારીમાં રોજ ફરીને જોવા ફુરતો હશે." "અરે સાહેબ, તેનેથી ચલાઈ શકાતું નથી." બીચારો આવો કરોડપતી મોજ મજાહમાં તદન ગરીબ હતો.

શું પસંદછે ? દોલત કે તંદરૂસતી ?

## બરફ થંડું કે ગરમ ?

બરફ થંડુંછે કે ગરમછે, એવો સવાલ વારેઘડીએ પુછવામાં આવેછે એ સવાલ પુછવાનુ કારણ એછે કે બરફ, આંગ ગરમ યા થંડું હોયેછે તોય પણ એવી બેઊ હાલતમાં આપવામાં આવેછે. જારે આંગમાં ગરમી હોયેછે તારે બરફ આપવું દુરસત લાગેછે, કે બરફ જાતે થંડું હોવાથી આંગની ગરમીને કમતી કરેછે, પણ જારે આંગ થંડું પડી ગયળું હોયેછે (જેમકે કોલારાના મરજમાં) તારે શા માટે થંડું બરફ આપવામાં આવેછે ? એ વીશેની લોકોને સમજ પડી શકતી નથી. કોલારાના મરજમાં બરફ આપેછે તે એવી મતલબથી નહી કે આંગમાં ગરમી આપે, પણ કોલારાના મરજમાં વામીટ થાયેછે તેનો અટકાવ કરવાને માટે આપેછે, કે જો વામીટ બંધ થાયેતો બીજી દવાઓ લાગુ પડી શકે, પણ બરફ જાતે થંડુછે તે આંગ ઊપર લગાડીયાથી યા પીધાથી સરદી પેદા કરેછે તેમાં કાંઈ પણ શક નથી. બરફ પીધામા ગરમછે એવું બોલવું બેસમજ ભરેલુ છે.

તંદરૂસત હાલતમાં અથવા આજારી હાલતમાં બરફ પીવું કાંઈ પણ અડચણ ભરેલું નથી; પણ સઘલી ચીજોનો અંદાજોછે. જેમ પાંણી પીવાનો અંદાજોછે તેમ બરફ પાંણી પીવાનો પણ અંદાજો જોઈયે. જે લોકો રાત દીવસ બરફ શીવાયે પાંણી પીતા નથી, પછી મોસમ ગરમીની યા થંડીની હોયે, તે લોકો ઘણી ભુલ કરેછે. બરફ પાંણી અંદાજાથી પીધેલું ખોરાકના પચાનમાં અડચણ કરતું નથી; પણ જારે અંદાજાથી બાહેર જાયેછે તારે ખોરાક બરાબર પચી શકતો નથી, ભુખ મરી જાયેછે અને સુખ ચેનને બદલે ઊલટી બેચેની માલમ પડેછે.

આજારી માણસને પણ બરફ ઘણું ફાયદાકારક અને મોહોટો આશીરવાદછે; પણ એવી હાલતમાં ઘણી સંભાલથી અંદાજાથી વાપરવું જોઈયે. સઘલી જાતની તાવના મરજમાં એ ઘણું ફાયદાકારકછે. વામીટમાં પણ એ ઘણું અસરકારકછે. છાતી ઊપરથી અથવા પેટ માહેથી લોહી પડતું હોયે તે ઊપર પણ ફાયદા ભરેલુંછે.

બરફ પીધામાં આવેછે એટલુજ નહી પણ બાહેર લગાડવામાં પણ આવેછે. સઘળી જાતના મરજમાં

જાંહાં માથું ઘણું ગરમ થયું હોયે તાંહાં બરફનો ભુકો કરી નીમક સાથે મેલવીને એક કોટલીમાં ભરી માથા ઊપર લગાડીયાથી ઘણો ફાયદો કરેછે, પણ બરફ ઘણું લગી લગાડી રાખવું નહી. જારે માથું થંડું થાયે અને ચામરી સંફેદ ચીમરાઇ જવા ચાવે એટલે કાહાડી નાખવું. એ પછી કોલોનવાટર અને પાંણી મેલવીને મુકવું અને જારે ગરમી પાછી આવવા લાગે એટલે ફ રીથી બરફ મુકવું

ખુલાં આદમીમાં બરફ વાપડવાની ઘણીજ સંભાલ લેવી જોઈયે; અને બાહેર લગાડવામાં મુતલક વાપડવુંજ નહી.

---

## સાધારણ ઠગાઈ.

### સુરજ અને ચાંદ ઊગતાં અને અસત પાંમતાં મોટા કદના કેમ લાગેછે ?

દરએક જણે સુરજ અને ચાંદ ઊગતાં અને અસત પામતાં જોયા હશે. તે વખતે તેઓનું કદ જારે તેઓ માથે આવેછે તીયારના કરતાં ઘણું મોહોટું નજરે પડીયું હશે. એવો દેખાવ તેઓ હમેશાં જુવેછે, પણ તેનું કારણ જાણવાને માટે કોઇને પણ ખાહેશ થઇ નહી હશે. જે ચીજ આપણે દરરોજ જોઈયેછ તેને વીશે આપણને કાંઇ પણ અજાયબી ઊપજતી નથી; પણ ઘણી વેલા તેના કારણ સમજવાને મુશકેલ પડેછે. અને એજ પરમાણે સુરજ અને ચાંદનુ કદ મોહોટું થવાનું કારણ કોઈને પણ માલમ નહી હશે. તેઓનું કદ શા માટે મોહોટું લાગેછે ? શું તેઓ ઊગતી અને અસત પામતી વખતે જમીનની નજદીક આવેછે અને તેથી તેઓનું કદ મોહોટું માલમ પડેછે ? નહી, એવું કાંઇ નથી. સુરજ ઈયા ચાંદ કાંઈ નજદીક આવતા નથી. તારે તેઓ મોહોટા શા માટે દેખાયેછે ? આપણી નજરતો ઠગાતી નહી હોયે; શું તેઓ દેખાયેછે તેવા ખરેખર મોહોટાછે; વારૂ, આપણે તપાસ કરીયે. એક લાકડાની ફરેમ લેવો અને આંખ આગલથી ચોકસ છેટે દુર રાખો અને બારીક રેશમના બે દોરા બાંધો, અને એવી રીતે ગોઠવો કે તે ફરેમ માહ્રથી જોતાં, ઊગતા સુરજની ઊપલી અને નીચી કોર ઊપર એક એક દોરો લાગે. હવે જારે સુરજ માથે આવે, તારે તેજ ફરેમ તેટલેજ છેટે ધરો અને હજુર બેઊ દોરા સુરજની ઊપલી અને નીચી કોરને બરાબર લાગી રેહેશે. એ ઊપરથી શું માલમ પડેછે ? કે સુરજ ઊગતી અથવા અસત પામતી વખતે કાંઈ પણ રીતે કદમાં ખરેખર મોહોટો થતો નથી, પણ આપણી નજર ઠગાયેછે. પણ એ નજર ઠગાવાનું કારણ શું ? એ નજર ઠગાઇનું કારણ આંખમાં નથી, પણ આપણા મનની અંદરછે. જારે સુરજ ઊગેછે તારે આપણે આસપાસની તરેહવાર ચીજો સાથે કદમાં અને અંતરમાં સરખાવીયેછે; પણ જારે તે માથે આવેછે તારે આપણી નજર સાથે સરખાવવાની કોઈ પણ ચીજ નજરે પડતી નથી. એટલા માટે ઊગતી વખતે, સુરજ માથે આવેછે. તારના કરતાં ઘણો દુર હશે એવું લાગેછે અને જારે દેખઈતી દુરની ચીજ અને આગલની ચીજનું કદ એકજ લાગેછે તારે આપણને વીચાર આવેછે કે દુરની ચીજ ઘણી મોહોટી હશે, અને એ મોહોટીછે એવા ખેયાલ કરતાં આપણને દેખઈતું કદ પણ વધારે મનમાં આવેછે, અને એજ કારણને માટે આપણા ખેયાલમાં સુરજનું કદ મોહોટું લાગેછે; એમાં કાંઈ આપણી નજર ઠગાઇ નથી—આ કારણ બરાબરછે, પણ તે સમજવું ઘણાજણને મુશકેલ પડશે, તોય પણ એટલુંતો ધેયાનમાં રાખવું કે એ નજર ઠગાઈ નથી પણ મન ઠગાઇછે.

---

## પરચુટણ.

**દોસતદારને વાસતે કાહારે બોલવું ?**—એક દાહાડે, સાંજનાં—ચલકતા ચેતારાને વાદલાંએ પુછીઉં કે ભાઈ સાહેબ જારે સુરજ પરકાસતો હોયેછે તારે બોલતાં બહુ આ સમાંનની અંદર તમેતા ફીકા, પાંણીનાં બાફનાં જેવા રેહોછો, પણ જેવો સુરજ અસત પામેછે તેવાજ તમે ભપકામાં એવાતો ખુબ ચલકાટ સાથે પરકાશી નીકલોછો કે જારે હમો તમારી પાસેથી પસાર થઇયેછ તારે તમો હમોને સોએઆ એક રૂપેરી આલર થઈ પરોછો તેનુ કારણ સું !

પેલા સેતારાએ જવાબ આપીઓ કે "ભાઈ સાહેબ એમછે કે જારે મારી સઘલી કીરતીનુ જે મુલ તે પોતેજ હાજર હોએ તારે તેનાં ચલકાટની ગવાહી પુરવા મારે સાનું પાલું બાહેર આવવું જોઈએ; એતો જારે તે પોતે ગેરહાજર હોએ તારેજ તેની પાસેથી મલેલાં હીરાઓ, નીમકહલાલીની નીશાન તરીકે બાહેર પાડું છું અને સંઘાને દેખાડઉં કે જેની પાસેથી આ હીરાઓ પેહલાં નીકલીઆં તે કેવો કીરતીવાંન હોવો જોઇએ."

"મૌનટ બલાનક"—આલપસ પરવતને લગતો આ "બલાનક" પરવત જે દરીયાની સપાટીથી ૧૫૬૬૨ ફીટ ઉંચોછે, તેને મથાલે ઈ૦ સ૦ ૧૭૮૬ થી તે ૧૮૬૫ સુધીમા બધાં મલીને ૨૯૩ જણ જઈ આવીયાંછે. તેમાં ૧૮૭ ઈંગરેજ, ૩૮ ફરેનચ, ૨૧ અમેરીકન, ૧૯ જરમન, અને ૯ સુવીસ હતા. આ પરવત ઉપર પેહલ વેહલી બઈરી ૧૮૦૯ મા જઈ આવી હતી, અને ૧૮૬૫ માં ૩૫ જણ જઈ આવીયાં તેમાં ચાર સ્રીઓ હતી.

---

**ગાયણની કીમત** આવતે વરશ જે પારીસનું એક ઐક્ષીબીશન થનારછે તે મધે ગાયણમાં માહીતગારી ધરાવનારા દુનીયાના સઘલા ભાગો માહેલાં માણસો મધેથી જે ઘણીજ પુરવીણતા બતાવશે, તેને ૧૦૦૦૦ ફરાંકનું ઈનામ આપવાનું જાહેર કીધુંછે.

---

**પુરશીયાની લડાઈ** મધે નીચે પરમાંણે કજા બની હતી એવું એક ઈંગરેજી પતર ઉપરથી દીસેછે. ૨૪૭૨ માંણસો હાર થઈ મરણ પામયા હતાં. ૫૩૪૧ ને ભારે જખમ લાગા હતા. ૮૮૮૫ સેજ જખમી થયા હતા ૨૫૫૯ માણસો બીલકુલ ગુમ થઈ ગયા હતાં અને તેઓનું શું થયું તેનું કાઈજ જણાયું નથી. સઘલા મલી ૧૯૨૫૭.

---

**ઘોડાનું માંસ** ફરાનસ મધે ઘોડાનુ માસ ખાવામાં વપરાતું જાયછે. ગયા થોડાક માસની વાત ઉપર ઘોડાના માંસને ખોરાકની જીનસો મધે દાખલ કરવાની યાદગારી માટે એક મોટું ખાનું થયું હતું જે મધે તરેહવાર પકવાનો આ માંસના બનાવેલાં હતાં. વલી પારીસનાં ઘણાક ભાગોમાં ઘોડાના માશનો શેરવો બનાવી વેચવાના નજદીક ૨૦ કારખાનાઓ સથાપવાને એક મંડળી ઉભી થઈછે.

---

**લંડનની આમનીબસ**—ગયા અરધાં વરસમા લંડન જનરલ આમનીબસ કંપનીના બારકસોના ફરવાથી રૂ૩૦૮૦૦૦૦ ની આવક થઈ હતી એવું એક અંગરેજી વરતમાન પતર ઉપરથી સાબેત થાયછે. એજ કંપનીના બારકસો મધે ૨૨૦૦૦૦૦૦ પાસેંજરોએ જાવ આવ કીધી હતી તે મધે. દરરોજ ૬૦૦ આમનીબસ અને ૬૫૦૦ ઘોડાઓ કામે લાગા હતા. દરરોજ એક આમનીબસ રૂ૨૮ની સરાસરી કમાતી હતી.

---

હાવર ખાતે એક વાંસલી વજાડનારછે, જેને વાસતે એવું કેહેછે કે તે પોતાના દાબા હાથને વાસલીનો આકાર આપેછે, અને વગર વાંસલીએ તે વજાડેછે, અને લોકોને હેરત કરેછે.

---

જે ધણી પોતાનો સખુન પાલેછે અને પવીતર રાખેછે, તેનાં સખુનને બીજાઓ પણ માન આપેછે અને તેની ઉપર વીસવાસ આણેછે.

---

**સ્રીની હીંમત**—વીદયા અથવા હોનરને લગતી જે તરેહવાર ખોજો થઈછે, તેની તપાસ કરવાને અથવા તેનો લાભ લેવાને પુરૂશોએજ કાંય કોશેસ કરવી જોઈએ ? ઓરત જાત શું હોનરના મીઠાં ફલો ચાખવાની તક ન લે ? જુઓ, હીંદુસથાનની થોડીજ ઓરતોએ એક બલુનને માણસ સુધા આકાશમા ઉડતુ જોયુ હશે, ઈંગલંડમાં આ હોનરની નવાઈ તેઓને સાધારણછે એટલુંજ નહી, પણ ઓરતો પોતે હવામાં ઉડેલીછે ! બલુન મધે મરદોની સંગાત ઓરતોના ઉડવાનું આગલ સંભલાયું હતું, પણ થોડુંએકની વાત ઉપર મીસીસ મેટકાફ નામની એક હીંમતવાન સ્રી એખલી રાતને વખતે આસમાનની મુસાફરી કરવા ગઈ હતી. આ સ્રી પોતાના ખાવીંદની સંગાત જનાર હતી પણ બલુન મધે હવા ભરવામા કાઈક ખામી હોવાથી તે પુરતી રીતે ફુગીઉં ન હતું, તેથી તે એક કરતા વધારે માણસનો બોજો ખમવાને અશકત ગણાયાથી પેલી ઓરતે એખલી ઉડવાની હીમત કીધી હતી. રાતરે નવ વાગે તે ઉડી હતી અને પવન સારો લાગાથી તેણીને કાંઈ પણ ઈજા થઈ ન હતી. ૨૦ મીનીટમા બલુન ૯ માઈલ દોડયું હતું અને તે જોનારાની નજરે લીસુ કરતા પણ નાહાનું થઈ શેવટે દેખાતું બંધ થયું હતું તેઆરે તેણીના ભરથારને જરા ધાસતી લાગી હતી. શેવટે પાછલી રાતરે એક દુરના ખેતરમાં તે બલુન ઉતરીયું હતું, જે વેળા તે માહેલી નાજુક નાર વાએજાન એખલી થઈ પડી હતી. પછી બલુનને ગોઠવીને કાંઈક મદદ ધુંડવા જતી હતી, તેવામાં એકાદ જુંફડું નજર પડયું, જેનું બારણું થોકયું પણ તે મધેના માંણસોએ ઉંઘને લીધે ઉઘાડયું નહી તેથી નાશીપાએશ થઈ પાછી બલુન આગળ જઈ વાસો કીધો. એટલામાં પેલાજ જુફડામાથી બે માણસો દોડી આવીને તેણીને થોડોક વીસામો આપયો હતો. પછી તે પોતાને મકાન જવા નીકળી અને બીજે દાહાડે બપોરના બાર વાગતે તેણીના આતુર સાથીઓને ઘર આગળ જઈ મળી. એવી હીમતનું કાંમ ફકત શોખને માટે આપણી હીંદુસથાનની કેહી ઓરત કરવાની કોશેશ કરશે !

---

## રમુજે ફુરસત.

૧. એક બુધો મરદ, બજારમાં ઈડાં વેચવા લઈ જતો હતો. રસતામાં એક છાકટા શખશનો આંચકો લાગાથી ઈડાં સઘળાં ભાગી ગયાં, તેને કાજી પાસે ઘસડી લઈ ગયા, કાજીએ હોકમ કીધો કે તે બુધા મરદના સઘળાં ઈંડાંનો ભાવ ભરી આપે, પણ બુધાને ખબર નહી હતી કે તેની પાસે કેટલાં ઈડાં હતાં પણ એટલુંજ માલમ હતું કે જારે તણે ઈડાં બે બે, તરણ તરણ, ચાર ચાર, પાંચ પાચ અને છ ૭ સાથે ગણીયાં હતાં, તારે હમેશાં એક વધતું હતું; પણ જારે સાત સાત સાથે મુકીને ગણીયાં હતાં તારે કાઈ પણ બાકી નહી રહીયું હતું. કાજી હીસાબમાં બોધર હતા તેથી ગામના વખનાયેળા ગણીત ચાસતરીને બોલાવીયો; તેણે ઉપલા બુધા મરદના હીસાબ ઉપરથી ઈડાં કેટલાં હતાં તેની ગણતરી કરી આપી અને ઈંડાંનો ભાવ કાહાડીને પોણા છ રૂપીયા અપાવીયા. તારે કહો કે ઈડાં કેટલાં હતાં અને ઈંડાંનો ભાવ શું હતો ?

૨. ચાર નવરા એવી રીતે ગોઠવો કે તેની સંખી આ ઘો થાયે.

૩. એક કુદરતી ઉતપતીછે. પણ તે નથી જાનવર, પાલો, અથવા ધાતુ. તેની હઈયાતી જમીન ઉપર બે ફીટથી તે છ ફીટ લગી રેહેછે. તે નથી મરદ કે ઓરત, પણ તે બે ઉની વચ્ચે રેહેછે. એ શું છે તે કેહો!

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ હું—ઘટી.
૨ જું—ભાઈ પોતેજ.
૩ જું—સાબરમતી. (નદી).

---

## બંગાલાના દુકાળ વિષે.

### દોહરા.

સજ્જન સઉ દીલે ધરો, બંગાલાનું દુખ
મરેછે જયાં સૌ માનવિ, અન વિન સોસી લુખ. ૧
પડયાછે જયાં મનુષ્યના, ઢગલા ઠારેઠાર
રખડે જયાં બહુ બાળકો, ભુખાને લાચાર. ૨
ઘર ઘર સૌ મરેટો ફરે, ભીખ માંગવા કાજ
તોપણ ન મળે તેમને, દાણો એક અનાજ. ૩
જેથી દર અઠવાડીએ, નીપજે સાતસો મોત
મરેછે બઉ જયાં માનવિ, મોત વિના કમોત. ૪
તેવે સમે સૌ સજ્જનો, બક્ષો જુગતી પેર
મદદ કરીને ટાળજો, ઉપજયોછે જે કેર. ૫
સંકટ સુણી બેસો નહિં, જે જોડે હોય જર
કરી દયાથી દાણને, રાખજો નામ અમર. ૬
બક્ષ સઘી વખણાઈછે, પુરૂષ્યા દેશની નાર
અંગ શોભા જેણે તજી, દેશહીતને કાજ. ૭
નાણું નહિં પોતા જોડે, તોપણ દીલ ઉદાર
કેસ વેચી કીધી કહું, બક્ષેસ રે અપાર. ૮
માટે કહું સૌ સજ્જનો, ફરી ફરી તમ પાસ
ઉદાર રૂપી હાથથી, નીરાથનિ પુરો આશ. ૯
જેથી રાજી થાય ઈશ, તે સરવ શકતીમાંન
દાદ લયો સઉ રંકની, એજ તેનું ફરમાન. ૧૦

ભા૦ દાસ.

---

## શુકન તથા મુહુરત વીશે.

### મલાર રાગનુ પદ.

"જબ દીનનાથ કૃપા કરે, તબ સબ બની આવે"
એ રાગનુછે.

શુકન મુહુરત સાચાં નથી, એતો ભ્રમણાછે ભાઈ;
જનમોતરી પણજાવી, ઠાલી ઠગની ઠગાઈ—ટેક.

સારાં શુકન જોઈ સાંચરે, આવેલો ખતા ખાઈ;
તોપણ વેહેમ ટળે નહી, મોટી એ મૂરખાઈ. શુકન—૧
શોધી મુહુરત નહાના સાહેબે, બંડ કારજુ કીધું;
વણ મુહુરતે "વિલાયતી લોકે" લડિ રાજ લીધું. શુકન—૨
શુકન જોતાં સમો જાયછે, જાય હાથથી બાજી;
કાંતો હિંમત હઠી જાયછે, તતકાળની તાજી શુકન—૩
મુહુરત જોતાં મનુષ્યના, કઈનાં વણશાંછે કામ;
માટે મુહુરત મેલો પડયાં, લોને દેવનું નામ. શુકન—૪
અડચણો આડી હોય જો, એનછે અવજોગ,
વાર કવાર ન વાંચશો, આપે કરતાં ઉદયોગ. શુકન—૫
આ કહુંછું અનુભવ થકી, નહિ મિથ્યા મમતથી;
વેહેમ તજો મારા વહાલાઓ, કરો કામ હિંમતથી. શુકન—૬
કઈક કહે ટાળ્યા નવ ટળે, લખ્યા છઠીના લેખ;
તોપણ તે શોધે શુકનને, પુછેછે મીન મેખ. શુકન—૭
શોધે સરોદો શીખીને, ચંદ્ર સુરજ નાડી;
સત્ય અસત્ય શોધ્યા વિના, દંભી રાખેછે દહાડી. શુકન—૮
રોગીનો રોગ મટાડવા, શોધો વૈદક સાચું;
જંત્ર ને મંત્ર જુઠા ગણી, ડાહો દંભીનું ડાચું. શુકન—૯
મુર્ખ લોકો કરે માનતા, જાણે રોગ ઘટાડે;
દૈવી દેવો નથી લાંચીઆ, લાંચ લઈને મટાડે શુકન—૧૦
માનતાથી જો મરે નહી, જરવાળાજ જીવે,
પરી રમાવે પાયસે, દીપમાળાઓ દીવે. શુકન—૧૧
ભ્રમણા ભાગો બાઈ ભાઈઓ, ઉરમાં સમજીને આમ;
ભાવ ભલે પ્રભુને ભજો, કામે દલપતરામ. શુકન—૧૨

---

## મનહરછંદ.

સારૂ કામ સાધવાને સુરાને શુકન કશાં,
ચંદ્ર, ને આનંદજોગ, ફુંડ ફાવે ફોસીને;
ઘર ચલાવામા ઘર ધણી ઘણો ઘેલો હોય,
પળી પળી પ્રતિ જાય પુછવા પાહોશીને;
કયારે ન્હાઉ, કયારે ખાઉ, કયારે સેજે સુઈજાઉ,
કયારે જાઉ કચેરી, કલમ કાને ખોશીને,
જાણે તેતો સત્ય કામ સાધે દલપતરામ,
જાણે નહી તેતો જઈ પુછે જાણા જોશીને. ૧

---

## પોંહોંચ.

જરતોસતની અભીઆસનો ૪ થો અંક હમોને મળીયોછે એ મધે "અસતોદાન" ની તથા "જરતોસત તેજ આદમ" એ બે બાબદો ધ્યાન પોહોચાડવા જોગછે અને તેમાંથી છેલ્લુ એક નવુ માલમ પડેછે આ છેલી બાબદનો લખનાર મી૦ બનસન નામનો એક જરમન પરહેજગારછે આ બાબદો ઉપર આગળ ઉપર ઘણી લ થાયે સુનેરાચરા થયેલી હયો જોવાને ઇછએ છઇએ, જેથી કરી એ બાબદ ઉપર પુરેતું અજવાળું થાએ.

પીરોજબાઈ—તમારૂ કાગજ પોહોચુછે તમારાં લખાણ ઉપરથી ખાતરી થતી નથી કે તમે પીરોજબાઈજછો, હમોને એવું અનુમાન થાએછે કે તમો કાયમ પીરોજથા હશો તે કરતાં તમારી બાબદ ધ્યાન પોહોંચાડવા જોગ નથી

"ઇશવર સ્તુતી" નામનુ નાટક મોરાંતીથી પુરુંછે

એક "સુજનકરાઇમર" તમારી અગાંઉ ઉપર ધ્યાન પોંહોચાડઈ.

---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૦ મું. નવેમબર ૧૮૬૬ આંક ૧૧ મો.


## પતીવરતા બાયડીનો વેહમી ભરતાર. †

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

### મીતરાચારીનો ગાંઠ.

ગુલસતાન દેશનો બાદશાહ, નામે જોરાવર, અને દીલાવર દેશનો બાદશાહ, નામે હાતમ, એઓ બંને જારે બચ્ચાં હતાં, તીઆરે એક શીખશકના હાથ તલે કેલવણી લીધી હતી. તેથી બચપણમાંથી તેઓ એક બીજા પર પરીતી રાખતા હતા તથા એક મેક તરફ દીલસોજી બતાવતા હતા. જેમ જેમ મોટા થતા ગયા, તેમ તેમ દોસતીનો ગાંઠ મજબુત બંધાતો ગયો અને ભાઈબંદુનો આરો પડતો ગયો. બંને જુદા દેશોના શાહજાદા હોવાથી, કેલવણી લીધા બાદ પોત પોતીકે દેશ પધારીઆ; તોપણ દીલદારીનુ નાતું કંઈ ઓછુ થયું નહી. એક મેક સાથે કાગલ પતરના સંદેસા; એલકાબ ભરેલા એલચીઓની એક મેકની દરબારમાં આવ જાવ; બાદશાહી ભેટ અને નજરાણા; એવાં એવાં જે પીઆરના ચીનહો, તે બંને વચે ચાલુ હતાં. બંને તખતનશીન થયાથી, જોકે એક બીજાની મોલાકાત કરવાને અશકતીવાન હતા, તોએ જાણે ઉપલી નીસાનથી પોતે સાથેજ હોય અને જાણે પોતાની વચેના મોટા દરીઆની ઉપર હાથ લંબાવી, એક બીજા સાથ મેલવતા હોય તથા સામા સામી લડતા પવનને છેદેથી, એક મલી એક બીજાને ગલે લાગતા હોય, તેમ તેઓ વચેનો વેહવાર હતો. એવા મજબુત મીતરાચારીના ગાંઠને ગમે તેવો દુનીઆનો કીનો તથા કપટ તોડવાને અશકત હતા.

કેટલાંક વરસ સુધી, એ બંને એક બીજાથી દુર રહેઆ પછી, દીલાવર દેશનો બાદશાહ હાતમ, બાદશાહ જોરાવરની ભેટ લેવાને ગુલસતાન દેશમા આવી પોંહચીઓ. બંને દોસતોની ભેટ કેવી વાજતે ગાજતે થઈ; તથા રઈઅતે કેવી ખુશાલી તથા રાજશણી સાથે મુબારકબાદી બાદશાહ હાતમને તથા તેની સવારીને આપી, તથા એક મેકના અમીર ઉમરાવો કેવી રીતે હલી મલી આગત સવાગત કરવા લાગીઆ, તેનુ બયાન વાંચનાર સેહલથી વીચારી શકશે. જયાં પોતાના ધણીઓમાં પીઆર અને મોહબતનો કંઈ પારજ નહી, તીઆં ચાકર નફરો વચે પણ મોંહબત તથા પીઆરનો ઝરો વેહ એમાં કંઈ શક ભરેલું નથી.

બાદશાહ જોરાવરની બાયડી, નામે ગુલમોહર, એક ખુબસુરત ચેહરાની, નેક ખસલતની, પોતાના ખાવંદના પેઆરમાં લપેટાએલી, વફાદાર સ્ત્રી હતી. એ ભલી સ્ત્રીથી બાદશાહ જોરાવરને દુનીઆનુ બધું સુખ મલીઉં, એમ તે ખરેખર સમજતો હતો અને એટલુંજ ચાહતો હતો, કે પોતાની બચગીના દોસત હાતમને પોતાનુ અમુલીઅ ઝવેર દેખાડવાને તક મલે. માટે હાતમનાં આવીઆ પછી તેણે ગુલમોહરની તેની સાથે મુલાકાત કરાવી, અને પોતાના ધણીની ખાતર, ગુલમોહરે હાતમની પરોણાગત બજાવવામા કંઈ બાકી રાખીઉં નહી. ગુલમોહર જાતે સમજુ, શીઆણી, તથા નેક દીલની હોવાથી, અને હાતમ પણ તેવોજ હોવાથી, એક મેક સાથે જલદીથી હલી મલી ગયાં. એવી રીતના વેહવારમાં, જેમ જોરાવર હાતમને દોસતીના પીઆરથી ચાહતો હતો, તેવીજ રીતે ગુલમોહર પણ તેને પોતાનો દોસતદાર ગણવા લાગી. જોરાવર તેથી ઓર ખુશી થયો અને પોતાની બાયડી તથા દોસતદાર વચે મીતરાચારી વધે એવું દેખાડતો હતો.

કેટલુંક સુધી એવી રીતે ખુશી ખુસાલીમાં રહેઆ પછી, હાતમે પોતાને દેશ જવાની જોરાવર પાસે રજા માંગી. જોરાવરે હજુર પોતાના દોસતદારને રેહવાને વીનંતી કીધી.

હાતમ બોલીઓ—ભાઈ જોરાવર, આજ નવ નવ મહીના થયા, હું મારૂ તખત છોડીને, અહીંઆં તમારી મેહરબાનગી હેઠલ આનંદ ભોગવું છું; કે જે આનંદનો બદલો મારી આખી જીંદગીમાં પણ તમને હું વાલી શકસ નહી. ના, મારામા તેનો ઉપકાર પણ માનવાની શકતી નથી. માટે થોડે ઘોલવે ઘણુ કરી જાણવાની હું તમને આજીજી કરૂં છું.

જોરાવર—સબુર કરો ભાઈ, હજુર ઉપકાર માનવાનો વખત આવીઓ નથી. જીઆરે તમે અહીંઆંથી રખસદ લેશો, તીઆરે તમને ઘટતી 'જોગવાઈ મલશે.

* † શેકસપીઅરની "વીનટરસ ટેલ" પરથી.

હાતમ—મેહરબાન સાહેબ, આવતી કાલે હું મારા દેશ તરફ હંકારી જવા માગુંછું. મારી પેર હાજરીમાં શું બનશે તેની મને મોટી ધાસતી લાગેછે. બીજું, હું તમારી સાથે એટલો બધો વખ રહેઓછું કે તમને કંટાલો છુટીઆ વીના રેહ નહી. હવે વધારે વખત મારીથી રેહવા એ નહી.

જોરાવર—ભાઈ, એક અધવાડીઉં પણ થોભો.—વારૂ નહીતો અરધુ અધવાડીઉં.—હવે હું વધારે બોલવા દઈશ નહી.

હાતમ—ભાઈ, હુજત ન કરો; હું તમારી પાસે માંગી લઉંછું કે એટલી બોંહસ ન કરો. તમારો સખુન જેવો મારી ઉપર અશર કરેછે, તેવો દુનીઆમાં બીજા કોઈનો કરતો નથી. તેજ પરમાણે જો તમારી અરજમાં કંઈ પણ જરૂરીઆત હતેતો હમણા પણ તમારો સખુન માથે ચહડાઉં; પછી મારૂ પોતાનુ કામ ગમે તેવું પણ કાએ નહી હોય. મારી દરબારના કામ સર મને જવાની ફરજ છે; અને તેમાં જો તગો મને અટકાવો, તો દોસતીના હકમા મને એક ચાપકાની માફક લાગશે. વલી મારા રેહવાથી, તમને મેહનત અને ખરચ પડશે. માટે પીઆરા ભાઈ, હું તમારી રજા લઉંછું.

એ વાત ચીતની વખતે, ગુલમોહર હાજર હતી, તેની તરફ જોરાવર ફરીને બોલીઓ. આ હા! નેક બાનુ, તમે કેમ મુંગા ઉભા છો ? તમે કંઈ ભાઈ હાતમને સમજાવો.

ગુલમોહર—સાહેબ, મારો વીચાર એ હતો, કે તમારી આજીજીથી તમારો ભાઈ વધારે હુજત કરેછે કે નહી તે ચુપચુપ જોયા કરવું તમે એમને સા માટે કેહતા નથી, કે દીલાવર દેશમાં સરવે ખુશાલ છે; કે જે વીશે કાલેજ આપણને ખબર મલી હતી. એમજ કહો, અને પછી એમની પાસે બાંહનુ કંઈ રેહશે નહી.

જોરાવર—સાબાસ ગુલમોહર, તમારી વાત નેકજછે.

ગુલમોહર—જો હાતમ ભાઈ એમ કેહતા હોય, કે મારા છોકરાને જોવાને હું આતુર છઉં, તો તે મોટું કારણ ગણાએ, પણ તેમ તો કંઈ કેહતા નથી, એમ જો કહે તો એમને જવાદો. પણ એમ સમ ખાઇને કેહવા દો, અને પછી આપણે મારીને એમને હાંકી કાહડીશું.

ગુલમોહર—(હાતમ તરફ ફરીને) મેહરબાન શાહ, હજીર હું તમારી પાસે એક અડવાડીઉં માંગી લઉંછું, જારે મારો ધણી દીલાવરમાં આવે, તારે જેટલો વખત તે રેહ તેના કરતા એક મહીનો વધારે રેહવાની હું છુટ આપીશ. તો જોકે મારા ખાવીંદની પેર હાજરીથી મને એક પલ પણ ચેનપડનાર નથી. હવે તમે રેહશો !—નહી !—તમને રેહવું પડશે માટે સોગન ખાઓ, કે ન ખાઓ. હું તમને કહુંછું કે સાહેબ તમારીથી જવાશે નહી. તમે જો મેનબાન તરીકે નહી રેહશો, તો હું તમને કેદી કરીને રાખીશ. જેથી કરીને તમને ઉપકાર માનવાને બદલે તમારા છુટકારાને વાસતે ખંડણી આપવી પડશે. કેમ હવે શું કહોય ! કેદી થશો કે મેનબાન ! બે માથી એકતો ખમીત થવુંજ પડશે.

હાતમ—તારે તો ભલી બાનુ, હું તમારો મેનબાન થઈ રેહવશ, કારણ કે જો કેદી થશો, તો તેથી તમારો ગુનાહ કીધો એમ માલમ પડશે, કે જે કરવાને જો મને ઘણી અડચણ પડશે નહી, તોપણ તે વીશે સજા કરવાને તમારૂ દીલ કચવાયા વીના રેહનાર નથી.

ગુલમોહર—ઠીક, તારે હું તમારો દારોગો નહી, પણ એક મેહરબાન યજમાનીણ થઈશ. ચાલો મારો ખાવીંદ તથા તમે જારે નાહના છોકરા હતા, તારે કેવી રીતની મસતી તોફાન તથા ચેરાં કાહડીઆં હતાં તે મને કહી સંભલાવો.

એવી રીતની તરેવાર વાતથી, ગુલમોહર ફતેહ પાંમી અને પોતાના ધણીના સાથીને વધારે વાર રેહવાની ફરજ પાડી, તેઓ નાહના હતા તે વખતની રમત ગમત વીશે વારતા ચલાવી, એક બેંકની સાથે હલી મલી એક બકરીના બે બકલીઆં કેવી રીતે કુદતાં, ગેલ કરતાં, રમતાં દેખાયછે, તેમ તેઓ રમતા હતા; તેઓની રમત કેવી નીરદોશ હતી; ખરાબ કામ કેવાં થાયછે, તેની તેઓને સમજણ પણ નહી હતી, અને જો તેજ પરમાણે આજ દીન સુધી ચાલીઆ હોત તો ઈશવરને બોલલાં તથા હીમત ભરેલાં દીલથી અમે નીરદોશ છઈએ એવું કેહવાને અચકાતે નહી, એવી એવી હાતમે પોતાના તથા જોરાવરના બાલપણની વારતા કહી સંભલાવી, તેટલા વારમા જોરાવરે આવીને પુછીઉં કે કેમ ગુલમોહર, હાતમ આપણી સાથે રેહશે કે નહી ?

ગુલમોહર—હા, ખાવંદ, હાતમ રેહશે.

જોરાવર—જારે મેં અરજ કીધી, તારે એણે સાફ ના પાડી. ગુલમોહર, મારી વાહલી, તમારી વાણી એથી વધારે સરસ ઉપીયોગમાં કોઈ દીવસે નહી આવી હશે.

ગુલમોહર—કોઈ દીવસે પણ નહી ?

જોરાવર—એક વખત શીવાએ કદીબી નહી.

ગુલમોહર—વારૂ તારે, મેં બે વખત તો સારી વાણી કાહડી ! એક વખત તો હમણાજ, પણ બીજી કીઆરે તે કેહશો ? તમે મારી વખાણ કરીને મને ભરી નાંખોછો, અને જે પરમાણે પાલેલાં જાનવર ફરબે થાયછે, તે પરમાણે મને કરોછો. એક નેક કામની જો વખાણ નહી કીધી, તો તેની પછવાડે હજારો બીજાં નેક કામ થતાં અટકેછે. અમારી જે વખાણ થાયછે, તે જાણે અમારો મુસારોછે. એક મેહરબાની ભરેલા બોલથી, તમે અમારી પાસથી કંઈબી કામ લઈ શકો, પણ એક કડવા સખુનથી, અમે એક તસુ પણ હાલીએ નહી. વારૂ સાહેબ, હવે કહો મારી પેહલી સારી વાણી તે કહી, મહને જણાવવું જોઈશે, હું જાણવાને આતુર છું.

જોરાવર—તરણ મહીના સુધી, મારાં તરેવાર યતન કરયા પછી, તમે માહરો પીઆર કબુલ રાખી, જે વખતે તમે મને જવાબ આપીઓ, કે "હું હંમેશ સુધી તમારીજ થઇશ" તે તમારી વાણી સઉથી સરસ હતી.

ગુલમોહર—સારૂં તારે, હું બે વખત સઉથી સરસ રીતે બોલી છું. એક વાણીથી, હંમેશ સુધીનો શાહજાદો ધણી મલીઓ; અને બીજીથી થોડો વખત સુધી એક દોસતદાર મલીઓ.

## પ્રકરણ ૨.

### શક.

ઉપર લખેલી વારતા થયા પછી, જોરાવરના દીલમા શેતાને કંઈ ખરાબીનુ બી વાવીઉં હોય, એવું માલમ પડવા લાગીઉં. પોતાનો જાની દોસત પોતાની આજીજીથી ન રે હ્યો અને પોતાની સ્ત્રીની વીનંતીથી રહ્યો, તેનું કારણ તે વમાસવા પડીઓ. ભોલાં માનવી! અધુરા માનવી! અ જ્ઞાન માનવી! એવી રીતના દીલમાના વીચાર, તારા કેટ લી વખત ખોટા પડીઆ છે? તે છતાં બંને બાજુ તપાશી આ વીનાં, તારા ખેઆલી વીચારને, તેં કેટલી વખતે ખરો માનીઓછે? તારપછી તેં કેવાં સાહસ કરમ કરયા છે? તે નો પસતાવો કેટલો કરયોછે? તોએ ભોલાં માનવા! અધુરાં માનવી! અજ્ઞાન માનવી! મારી ખાતરી છે, કે એવી રીત ના ખેઆલી વીચાર દુનીઆના છેડા સુધી કરતો જશે, તેથી ભુલથાપ ખાતો જશે, અને પસતાવો પણ કરતો જશે.

ભલી ગુલમોહર જારે પોતાના જીગરના ખાવંદની ખાતર, તેના દોસતદાર અને પોતાના પરોણાને પોતાની બન તી કોશસથી ખુશી કરતી હતી; તારે વેહમી જોરાવર, પો તાની નેક બાનુ અને પોતાના ગુણવંતા દીલદારની બેવફાઈ વીશે વમાસનો હતો. જો ગુલમોહર હાતમનો હાથ ધરી ચા લતી, તો તે વીશે તે વમાસનો; જો તે તેની સાથે કંઈ વાર તાં કરતી, તો તે વીશે તે વમાસતો, જો વાડીમા સાથે ફરવા નીકળીઆં, તો તે વીશે તે વમાસતો. જારે નીરદોશી પણા ના ભોલાં દીલ સાથે તેઓ એક મેકને રમુજ આપતાં, તારે તે તેઓની દીલ ફરેબી વીશે વમાસતો. અને એ બધી વ ખતે, ઇમાનતદાર ગુલમોહરતો એમજ સમજતી હતી, કે હાતમનુ દીલ રીઝવીઆથી, મારા ધણીને ખુશી કરૂંછું, તે મજ હાતમ, જે નેકીથી ભરેલો હતો, તે પોતાની ફરજ તરીકે પોતાના દોસતદારની રાણી સાથે રમુજમા ભાગ લેતો હતો, અ ને જોરાવરના દીલમા કંઈ પણ આવું આવેછે, એવો તેને સપનામાં પણ વીચાર ન આવીઓ હતો. એવી રીતે એક બાજુ સચાઈ, ઇમાનતદારી, નેકી, વફાદારી, પોતાના ભર બાહરમો દેખાતાં હતાં, તારે બીજી બાજુ સેતાન જોરાવર ના દીલની ચેહઝા વેહમના તપીલાંને ઉશકેરી જોસમા લાવ તો હતો. તે પોતાના દીલમા વમાસવા લાગો કે "અહા! મારો જીવ ઉકલેછે; ઉકલેછે! ઘણી દોસતીમા દીલ મેળવવું અને લોહી મેળવવું બરોબર છે. મારૂં દીલ ઉછલેછે, પણ તે ખુશીથી નહી. આવી રીતનુ યજમાનીપતપણું બાહરથી ખુલો દેખાવ દેખાડે, અંતકરણમાથી, અઉદારપણાથી, દીલો જાનીથી યજમાનીપતપણામાં છુટ માલમ પડે અને યજમાન ને તેમ કરવાને ઘટે એ હું કબુલ રાખુંછું. પણ તેઓને હાથમા હાથ દાબતાં, આંગલાંમા આંગલાં ભેલવતાં, અને જે પરમાણે આરસીના તકતા સામને આપણે તરેવાર રીતે હ સતો મુખડો કરીએ છઈએ, તે પરમાણે તેઓને હસતાં, અ ને પછી નીસાસ નાખતાં, જે હું હાલ જોઉંછું, હેક! તે વું યજમાનીપતપણું મારાં દીલને પસંદ નથી." એવી રી તના વમાસવામાં કોઈ વખતે પોતાના નાહના છોકરા શો રાબને લઈને તેને આંડા અટારા પરશનો પુછતો, તે નાનું બચું શું સમજે? તોપણ તે કેટલીક બાબરોમાં એવાતો જ વાબ દેવામા ચાલાકી દેખાડતો હતો, કે આગલ ચાલતાં શો રાબ સપુત તથા પોતાના તાજને જેબ આપનાર નીવડશે, એવું સેહલથી વીચારી શકાય.

એક વખતે ઉપલી રીતના વીચારમા જોરાવર ગરકાવ થયો હતો; તેવામા ગુલમોહરે આવીને તેને કંઈ પુછીઉં; પણ તેણીને પાધરો જવાબ ન મળીઓ, તેથી હાતમે ગુલમો હરને પુછીઉં, કે જોરાવર એમ કેમ કરેછે. ગુલમોહરે હાત મને કંઈ કારણ આપીને ઉડાવીઓ. જોરાવર પાછો સુધમા આવીઓ અને તરત હાતમને જવાબ દીધો કે "નહી, મારા ભાઈ, મને કંઈ નથી. મારાં બચાંને જોઈને, તેવીશ વ રસની વાતપર હું પણ એના જેવોજ હતો, એવા વીચાર મા પડીઓ હતો. અને મારો તે વખતનો મખમલનો ડગ લો અને મેઆનમા બાંધી રાખેલી બરછી ઈઆદ આવી હતી. ભાઈ, જે પરમાણે હું મારા છોકરાને ચાહુંછું, તે પરમાણે તમે તમારા છોકરાને ચાહોછો કે નહી?

હાતમ—સાહેબ, હું જારે ઘેર હોઉંછું, તારે તેજ મા રી રમત, ગમત, મોજ મઝાછે. ઘડીમાં તે મારો જાની દોસત થાયછે, ઘડીમા કટ્ટો દુશમન; ઘડીમા મારી વખા ણ કરનાર, ઘડીમા મારો સીપાઈ, મારો વઝીર, મારો જે જે ઈચ્છે તે બનેછે તેનાથી ગમે તેવો લાંબો દાહડો ટુંકો થઈ જાયછે અને તેના બાલપણની બોલકણી ચકચારથી, મારા દીલમાં વસતા ખરાબ વીચારો ગુમ થઈ જાયછે.

**જોરાવર**—તેજ પરમાણે આ મેં નાહના શેઠ મારી સાં થે ચાલેછે મેહરબાન સાહેબ, અમે બાપ દીકરા આગલ ચાલીએછે, તમે આસતે રહીને આવો. ગુલમોહર, મારી વાહલી, તમે મારાપર જે પરીત રાખોછો, તે મારા ભાઈની પરોણાગતમા દેખાડો, જે કંઈ આપણા ગુલસતાન દેશમાં મોઘું હોય, તે હાતમને વાસતે સસતું થવા દેઓ. તમારી પ છી, અને આ મેં નાહના સેઠ પછી, હાતમને હું ચાહુંછું; એતો જાણીતુંછે.

ઉપલી વાત થયા પછી, ગુલમોહર અને હાતમ બંને વાડીમા ફરવા લાગીઆં અને જોરાવર પોતાના નાહના છો કરા સાથે આગલ વધીઓ જોરાવર પોતાની મનમાં વી ચાર કરવા લાગીઓ, "અહા! હું તમને કેવી રીતે જાલમાં પકડવા માગુંછું; તેનો તમને કંઈ વીચાર પણ ન હશે." તેઓને પાછો ફરીને વાડીમા જતાં જોયાં અને પોતાના મ નમાં પાછો વમાસવા લાગો—"અરે! પેલી તેની સાથે કે વી રીતે ચાલેછે! પેલો તેને કેવી બગલમાં હાથ લઈ, જાણે પોતાની ધણીઆણી હોય તેમ, ચાલેછે! એટલા વારમાતો પસારખી થયાં!" પછી પોતાના છોકરા તરફ ફરીને "જા, બચા જા, રમવાને જા; તારી મા રમેછે અને હું પણ રમું છું; પણ એવી શરમ ભરેલી રીતે, કે જેનુ ફલ મને બદના મી સાથે ઘોરમાં દફનાવશે ધીકાર અને ફીટકારથી મારો શોક પલાશે. જા, છોકરા જા, રમવાને જા. વારૂ, એટલો તો શંતોશછે, કે બીજા ઘણાની બાયડીઓએ તેઓને ઠગી આછે; અને કેટલાંક માણમો હાલછે કે જેઓ પોતાની બાય ડી બગલમાં લઈ ફરેછે અને જરાબી શક લાવતા નથી કે તે ઓનો પહોસી તેઓનો કેવી રીતે લાભ લેછે."

પ્રકરણ ૩.

## દોસતીના પીઆલામાં ઝેરની મેળવણી.

જે ધણીને કમલો થાયછે, તેને સરવ પીળુ પીળું દેખાયછે. તેજ પરમાંણે જોરાવર શકના દરદથી હેરાન થઈને, પોતાની નેક ઓરતના દરએક કાંમમાં બેવફાઈ અને દીલ ફરેબી જોતો હતો; તેની નજર ઉપલા દરદથી એટલીતો ઝાંખ મારી ગઈ, કે પેહલાં જે શક ભરેલું જોતો હતો, તે હાલ ખરેખર બનીઉંછે, હેવું માનવા લાગો. માટે તેણે પોતાના અમીર, નામે જાનબખશને, તેડાવી મંગાવીઓ. જાનબખસ, પોતાની દેઆનતદારી તથા ઈમાનદારીને વાસતે જાણીતો હતો. તેની નેક સલાહથી બાદશાહ રાજદરબારી બાબદોમાં ફતેહ પાંમતો હતો; વાસતે તેના ઉપર જોરાવર પકો ભરૂસો રાખતો હતો અને સરવે અમીરોમાં જાનબખશને પેહલો ગણતો હતો. એવા પોતાના વીશવાસુ સલાહ આપનારને બોલાવીને, જોરાવરે પોતાની ધણીઆનીની બેવફાઈની વારતા કાહડી, તેણે જણાવીઉં, કે હાતમ જે રહેઓ હતો તે ગુલમોહરને ખુશી રાખવાને ગુલમોહર અને હાતમ બને મલી ગયાં હતાં, અને તેઓની ચાલથી તેની આબરૂ તારાજ થશે, એટલુંજ નહી, પણ નાહના શોરાબને કપાલે જનમની ટીલી ચોહટશે. એવી રીતની વારતાથી જાનબખશ બાદશાહની સામે થયો, અને ગુલમોહર ખરેખર નેક અને વફાદાર ઓરત હતી, એવું જણાવીઉં, જેથી બાદશાહને કરોધ ચહડીઓ અને તે બોલીઓ કે "હું જાણુ છું, જાનબખશ, કે તું પરમાણીક નથી, તું હીચકારો છે, તેથી તારી ગરજને સારૂ તું સાચી રીતે ચાલેછે. જો તેમ ન હોય, તો મેં જે તારી ઉપર વીશવાસ બાધીઓ છે, તે વીશવાસને તું જાણી જોઈને બેપરવાઈથી ટોડેછે, અને તેમ પણ ન હોય, તો તું બડો બેવકુફ હોવો જોઈએ, કે જેથી ઘરમાં તું એક બાજી રમાતી જોયછે, તોય જાણે તે મશકરી હોય, એમ સમજેછે.

જાનબખશ—મેહરબાન બાદશાહ, હું બેપરવા, બીહકણ, તથા બેવકુફ હોઉં—તેમજ દુનીઆના હજારો કામોમા દરએક માણસ કોઈ વખતે બેપરવા, બીહકણ, તથા બેવકુફ માલમ પડીઆ વીના રેહતો નથી. તમારો કારબાર ચલાવવામા, જો સાહેબ, હું જાણી જોઈને બેપરવા થયો હોઉં, તો તે મારી બેવકુફીથી હશે, જો જાણી જોઈને હું બેવકુફ બનીઓ હોઉંતો, તેથી શું ફલ નીપજશે, તેની બેપરવાઈથી હશે. જો કોઈ કામ બજાવતી વખતે મને શક ગયો, કે તે બજાવવાથી સારૂં ફલ નહી નીપજશે, અને તે બજાવવામાં મેં બીહક દેખાડી, તો તેવી બીહક મોટા દાનાવ પુરૂષોએ પણ દેખાડી હશે, ગમે તેવાં પરમાણીક માણસોમાં પણ એવી ખોડ વારે ઘડીએ માલમ પડીછે અને તેની દરગુજર કરવામાં આવેછે. પણ ખોદાવંદ, હું તમારી પાસ અરજ ગુજારી માગી લઉંછું, કે મારો ગુનાહ શું છે, તે ખુલલી રીતે જાહેર કરો અને પછી જો તે હું ના પાડું તો તે મારો ગુનાહ ન હોવો જોઈએ.

જોરાવર—શું, તારે જાનબખશ, તેં જોયું નથી, વીચારયું નથી, કે સાંભળીઉં નથી, કે મારી બાયડી ગુલમોહરે પોતાનુ દીલ બીજાને બખશીઉંછે! જો એ વાત ખરીછે એમ તું કબુલ કરતો હોય, તો તેણીને જે બદનામી ઘટે તે થોડીછે.

જાનબખસ—મારી હજુરમા, મારી શાહજાદી શેઠાણીને આવી રીતે કોઈપણ જો બદનામ કરે, તો તેનો બદલો હું તરતજલેવા વીના ચુકું નહી. તમે આવી રીતની ઘેરવાજબી વાણી કોઈ દીવસે પણ કાહડી ન હશે; એવું બોલવું તમને કદી પણ ઘટે નહી. મેહરબાન સાહેબ, એવા દરદી વીચારને દુર કરો, અને તે એકદમ; નહીતો ખરાબીના પારાવાર થશે.

જોરાવર—ખરાબીતો થાય, પણ હું કહુછું તે ખરૂં છે.

જાનબખશ—નહી, નહી, સાહેબ, નહી.

જોરાવર—હા, ખરૂં છે. તું જુઠોછે, તું જુઠોછે! હું કહુંછ, જાનબખસ, કે તું જુઠું બોલેચ, હું તને ધીકારૂંછું. તું મતલબીઓછે, જેથી ખરૂં અને ખોટું બેઉ જોતાં છતાં અખાડા કરેછે.

જારે જાનબખસે જોયું કે બાદશાહની સાંમે થવું ફોકટછે; તેથી જાણે અંગારમા તેલ નાંખીઆ બરોબર છે; તારે તે નરમ પડીઓ. તેની પકી ખાતરી હતી કે તેની શેઠાણી નીરદોશ હતી; પણ બાદસાહ જોરાવરે જે તેણીની બદગોઈ કીધી તે મુંગે મોહડે સાંભળી એટલુંજ નહી, પણ જોરાવરે તેને કબુલ કરવાની ફરજ પાડી કે, તે જે બોલીઓ હતો, તે સંધું ખરૂં હતું. તારપછી જોરાવરે જાનબખશને ફરમાવીઉં કે હાતમની દારૂની જામમા ઝેર ભેળીને તેને આપવું. જાનબખશે તેમ કરવાને કબુલાત આપી અને બાદશાહને હસતો ચેહરો રાખી પોતાના મેહમાનની સાથે મોજ મજાહમા સાંમેળ રેહવાની સલાહ આપી; જોરાવરે તે સલાહ કબુલ રાખી અને જાનબખશને વચન આપીઓ કે જો હાતમનો જાન લેવાની યુકતીમા, જો તે ફતેહ પામેતો, તેને અરધું રાજપાટ આપવું, પણ જો તેણે તેમ ન કીધુંતો તેનો જાન લેવો. એવી વાતચીત થયા બાદ, જોરાવર ચાલતો થયો અને જાનબખશ મનમા બોલવા લાગો કે "અરે! કમબખત સી!—પણ તેતો એક બાજુ રહી; હાલ હું કેહવી હાલતમાં આવી પડીઓછું તેનો વીચાર કરવો જોઈએ. નેક હાતમને ઝેર મારે આપવું જોઈએ; અને તેમ કરવાનુ કારણ એજ કે મારો ધણી મને ફરમાવેછે, કે જે ધણી પોતે પોતાની સાથે બલવામાં પડીને, બીજાઓ જે તેના હાથ તલે હોય, તેઓને પણ તેમ કરવાને ફરમાવેછે. આ કરમ જો હું કરૂંતો મને અરધું રાજપાટ મલશે. જો મને એવા દાખલા મલે કે હજારોએ, નેક રાજાઓના જાન લીધા પછી, ફતેહમંદી ભોગવીછે, તોપણ હું તેવું કાંમ કરનાર નથી. પણ જારે તેવો દાખલો તવારીખમાં એકે માલમ પડતો નથી, તો બદખસલતના માણસનેબી એવું કરવું ઘટે નહી. મારે રાજાની દરબાર તજવી પડશે; તજવી કે નહી તજવી; મારી કંમબખતીતો નજદીકજ દેખાયછે. હવે ઈશ્વર તારો આસરો જોઈએ છે!"

## પ્રકરણ ૪ થું.

### નાહસવાની પ્રરજ.

જાનબખ્શને પોતાના બાદશાહે જે કામ સોંફીઉં હતું, તેથી અતીશે બેચેની ઉતપન થઈ, તેને સુજ પડે નહી કે હવે શું કરવું. તેણે તરતજ હાતમને શોધી કાહડીઓ; હાતમ તેનો ચેહરો જોઈ અજાએબ થયો. તેને માલમ પડીઉં, કે જોરાવરની દરબારમાં કંઈ પણ ખરાબી બનીછે, પણ તે તેનાથી હશે એવો તેના મનમાં વીચાર પણ ન આવીઓ. હાતમ થોહોવાર થયોજ જોરાવરને મલીઓ હતો, પણ તેણે પોતાની આંખ ફેરવી, મોહડું ચહડાવી, તેની દરકાર ન કીધી હતી. વલી હમણા તેનો વીશવાશુ ઉમરાવ દલગીર દેખાતો હતો. એનું કારણ શું હશે, તે તેને માલમ પડીઉં નહી. જાનબખ્શે પેહલાં હાતમની સાથે વાત કરતાં આનાકાની દેખડાવી. હાતમે તેની આજીજી કરીને પુછીઉં, કે આવો ફેરફાર એટલો જલદી આએ દરબારમાં કેમ બનીઓ હશે.

**જાનબખશ**—સાહેબ, મારીથી જવાબ દેવાશે નહી.

**હાતમ**—જાનબખ્શ, તારી આવી આનાકાનીથી મને એવું લાગેછે કે કંઈ મારે લીધે આવો બનાવ હું જોઉંછું. એમજ જો હોય, તો મેહરબાની કરીને કેહ કે મેં કેવી રીતનો ગુનાહ કીધોછે. અથવા મારી ઉપર કેવી રીતની આફત આવી ગુજરનાર છે અને તે કીઆરે. અને તે આફતથી કેમ દુર થવાએ અથવા તે કેમ સહન કરવી, તેની સહલા હું તારી પાસે માગુંછું.

**જાનબખશ**—સાહેબ, જારે તમે મારી ઉપર એવો વીશવાસ રાખોછો, તો હું જણાઉંછું કે, તમારૂ ખુન કરવાને, જોરાવરે મને હોકમ કીધોછે; વાસતે મારી સલાહ તમે જો કબુલ રાખો, તો તે પરમાણે ચાલવાને એક પલ પણ ગુમાવવી ન જોઈએ; નહીતો કે આપણ બંનેનું મોહત એકજ ઘડીમા આવશે.

**હાતમ**—પણ એમ કરવાનું કારણ શું?

**જાનબખશ**—જોરાવર એમ વીચારેછે—નહી, તેણે જાણે ખરેખર જોયું હોય તેમ માનેછે—કે તમે રાણી ગુલમોહરને બીગાડીછે.

**હાતમ**—ઓ! મારૂં લોહી હમણાનુ હમણા બંધાઈ જાઓ, મારૂ સતીઆનાશ વલો, મારી ઉપર ધીકાર અને ફીટકાર પડો, મારી દેસે દેસ, ગામો ગામ, ઘેરે ઘેર, ફજેતી થાઓ; મારી ઉપર દુનીઆની થુક પડો, જો એવું કામ મેં કરવાને વીચારીઉંબી હોયતો!

**જાનબખશ**—ગમે તેટલા તમે સોગન ખાઓ, તો એ તેનો વીચાર ફરવાનો નથી. ઉપાય શું કરવો, તે વીશે તરત વીચાર કરવો જોઈએ. જો તમે મારા પરમાણીકપણાપર ભરોસો રાખતા હોવ, તો આજના આજ રાતોરાત અહીંઆંથી નાહસવાનો ઠેરાવ કરો. તમારા નોકરોને, બબે, તરણ તરણ, કરી જુદે જુદે દરવાજેથી વાંહાંણપર રવાના કરૂંછું; હું પોતે તમારી ચાકરીમાં રેહવાને બંધાઉંછું. વમાસવાનુ કંઈ કારણ નથી; હું મારા મા બાપના સમ ખાઈ કહુંછું, કે હું જે બોલીઓછું તે ખરૂછે, પણ તેનીજે સાથેતી લેવાને તમે થોભીઆ, તો મારૂ અને તમારૂ મોત નજદીક આવીઉં એમજ સમજવું.

**હાતમ**—જાનબખ્શ તું કેહેછે, તે હું માનુંછું. જોરાવરનો ચેહરો તેના દીલની ગુવાહી આપેછે. તારો હાથ મને આપ, તું મારો ભોમીઓ થા, અને તારી જગા મારી પાસેજ કરશ. મારાં વાહાંણ હજુર તઈઆરજછે. આવો વેહમ એક નેક ઓરતને વાસતેછે. તેના જેવી બીજી ઓરત થોડીજ હશે અને તેજ કારણ સર જોરાવરના દીલમાં કીનાનુ જોર ભારે હશે; અને જેમ તે જોરાવર છે, તેમ તેનો કીનો પણ જોરાવર હોવો જોઈએ; વલી તે જારે એમ સમજેછે કે તેની જીંદગીના દોસતદાર, કે જેની ઉપર તેનો અતીશે પીઆર હતો, તેણે તેની બાયડીની હોરમત લીધીછે, તો તેના વેરનો પારજ નહી હોવો જોઈએ. મને ધાસતી લાગેછે; જેમ બને તેમ અહીંઆંથી જલદી નીકલી જઈએ. ખોદા કરેને પેલી નેક રાંણીને સુખ મલે! ચાલ, જાનબખશ, જો અહીંઆંથી મને સહી સલામત મારે દેસ પોંહચાડે તો હું તને મારા બાપ તરીકે ગણીશ.

**જાનબખશ**—દરવાજામાથી પસાર થવાને મારી પરવાનગી બશ છે, માટે સાહેબ, જેમ બને તેમ જલદી નીકલી પડો. વાર લગાડશો ના.

---

## ઓરતોની મીજલસ.

### ભાશાણ ૧૩ મું.

### જાનવરોના દુધ વીશે.

જારે માએ પોતાના બચાંને પોતે ધવાડી નહી શકે, જારે ભાડુતી ધવાડનારી મલી શકે નહી, ઈયા ગરીબાઈના સબબથી રાખવાને બની શકે નહી, તારે જાનવરોના દુધ ઉપર બચાને ઉધારવાની જરૂર પડેછે. અને જોકે જાનવરોનું દુધ માએના દુધની બરાબર કદી પણ નહી આવી શકે, તોપણ તરેહવાર મેલવની કરીને માએના દુધ જેવું બનાવવામાં આવેછે. એ બાબદ ઘણી અગતનીછે અને એ ઉપર તમારૂં ધેઆન પોહોચાડવા માંગુંછું. અને પેહેલાં કીયા જાનવરનું દુધ પસંદ કરવું અને માએના અને જાનવરોના દુધમાં શું ફરકછે તે વીગે સમજાવા માંગુંછું.

૧. માએના દુધને બદલે ગાએનું, ઘધેડીનું અને બકરીનું દુધ કામમાં લાગેછે.

૨. દુધમાં પાંણી, સાકર, મલાઈ, દહી, નીમક અને બીજા ખાર આવેછે.

૩. માએનું દુધ બીજા જાનવરોના દુધથી ઘણો ફરક રાખેછે.

કોઈમાં પાંણી અને સાકરનો ભાગ વધારે હોયછે તો મલાઈ અથવા દહીનો ભાગ ઓછો હોયછે; કોઈમાં મલાઈ વધારે તો સાકર ઓછી હોયછે, અને એટલા માટે માએના

દુધની માફક લાવવાને માટે જાનવરોના દુધમાં મેલવની કરવી પડેછે. ફકત જાનવરોનું દુધ અપાઈ શકાયેજ નહી.

માએના દુધમાં મલાઈ અને સાકરનો ભાગ વધારે છે, પણ દહીનો ભાગ ઘણો થોડોછે. તેમ જાનવરોના દુધમાં દહીનો ભાગ વધારેછે, અને મલાઈ અને સાકરનો ભાગ થોડોછે.

માએના દુધમાહેથી દહીનો ભાગ છુટો પડતાં બે દાહાડા લાગેછે; પણ ગાએ અને બીજા જાનવરોના દુધ માહેથી તરતજ દહી જુદું પડેછે.

માએનું દુધ જલદીથી ખાટું થતું નથી, પણ ગાએનું દુધ જલદીથી ખાટું થઈ જાયેછે.

માએના દુધ માહેથી બચાની હોજરીમાં જલદીથી દહી છુટું પડી જતું નથી તથા ગાંગરા બંધાતા નથી. ગાએના દુધ માહેથી બચાંની હોજરીમા જલદીથી દહી છુટું પડીને ગાંગરા બનેછે, અને જો જલદીથી પાછું વામીટ નહી થયું તો બચું હેરાન થાયેછે. ઘવેડીના દુધ માહેથી દહી એટલું જલદીથી છુટું પડતું નથી અને જો પડેછેતો કઠણ ગાંગરા નથી વલતા.

**૪. માએના દુધને ઘણુંજ મલતું દુધ બકરીનું આવેછે; અને એ દુધ પાયામાં ઘણી સગવડ અને ફાયદોછે.**

બકરીના દુધમાં જરા વધારે સાકર અને નીમકનો ભાગ આવેછે.

બકરી સસતી મલેછે તેથી ગરીબ લોકોથી સેહેલથી વપડાઈ શકાયેછે.

વલી બચું તેના થાન માહેથી ધાવી શકેછે કાંયેકે બકરી જાતે ગરીબછે અને જરા સેહેલ મેહેનતથી બકરી અને બચાં વચે જલદીથી પેયાર વધેછે. બીજો ફાયેદો એકે દુધ જારે જોઈયે તારે તાજું મલેછે.

વલી બકરી તાહાડ, તડકું, વરસાદ સઘલું વગર પીડાએ ખમી શકેછે, તેથી તેનાં દુધમાં જલદીથી ફરક પડતો નથી.

સઉથી સારૂં બકરીનું દુધ વેઆયાબાદ બે મહીના પછીનુંછે

બકરીને પેંડો તથા પાતરાં ઉપર ચરાવવું જેથી દુધ વધારે કુવતમંદ મલશે અને બચાને વધારે ગુણગારૂં થશે.

બકરીને સારા તબેલામા અને સારા ખોરાક ઉપર રાખી હોયેતો પુશકલ સારૂં દુધ આપી શકશે.

આપણા લોકોમાં બકરીના દુધ વીશે ઘણો ખોટો વીચારછે. તેઓ એમ બીહેછે કે દુધ બચાંને ગરમ પડશે પણ જો બકરીને સારી રીતે રાખી હોયતો દુધ કદી પણ અવગુણ કરે નહી.

**૫. ઘવડીનું દુધ માએના દુધથી જરા ફરક રાખે છે, ને દુધ વલી મોંગું પડછે તેથી સેહેલથી વપડાઈ શકાતું નથી.**

ઘવેડીના દુધમાં પાંણી, સાકર, અને નીમક અથવા ક્ષારનો ભાગ વધારે આવેછે, અને દહી અને મલાઈનો ભાગ થોડોછે તેથી બચાંને જેટલું કુવત મલવું જોઈયે તેટલું મલી શકતું નથી. બચું એખલું ઘવેડીના દુધ ઉપર ઉછરી શકે નહી. જો ઘવેડીના દુધ સાથે થોડી મલાઈ એરી હોયે (સેંકડે હડી ભાગ) તો માએના દુધ જેવું થાયેછે અને તે સુખેથી વપડાઈ શકાયે.

ઘવેડીનું દુધ વલી મોંગું પડેછે તેથી સઘલા લોકોથી સેહેલથી વપડાઈ શકાતું નથી.

આપણે બારણે ઘવેડીઓ લાવીને દુધ વેચી જાયેછે, પણ જુવો, તે મુરદાલ અને લુખથી અરધ મુંવાં ઘવેડાં, કે વારે ઘડીએ રસતામાં પડેલો કચરાનો ખોરાક પણ ખાવાને મુકતાં નથી. એવાં ઘવેડાં માહેથી દુધ કાંહાંથી સારૂં મલે. જેનેથી બની શકે તેણે તબેલામાં સારી માવજતથી એક ઘવેડીને રાખવી અને તેનું દુધ વાપડવું.

**૬. ગાએનું દુધ માએના દુધને થોડુઘણું મલતું આવેછે, પણ દુધ સારૂં મલવાને મુશકેલ પડેછે.**

ગાએના દુધમાં પાંણી અને સાકરનો ભાગ ઓછોછે. માટે ગાએના દુધમાં જો પાંણી અને સાકર થોડી નાખીતો માએના દુધ જેવું થાયેછે.

ગાએનું દુધ સારૂં આવતું નથી—ઘણું કરીને દુધવાલા અંદર પાણી નામીને લાવેછે. કોઈ વખત અરધું અરધ પાંણી નામેછે. એવાં દુધમાં વલી ઘરમાં આવે આ પછી નરમ કરવાને ખાતર પાણી નામેછે તેથી ઉલટું વધારે નરમ થઈ જાયેછે, એવા દુધ માહેથી બચાંને પુરતો ખોરાક મલવો મુશકેલછે. જો ગાએ બારણે લાવીને દુધ દોહી આપેતો તે વાપડવામાં સારૂંછે. ગાએને ઘાસ ઉપર ચરાવીયાથી દુધ વધારે સારૂં મલી આવેછે.

ગાએને પેંડા ઉપર રાખીયાથી દુધ સારૂં બનતું નથી, તે ખટાસ મારી આવેછે ગાએને કોબીજ, સલગમ તથા પટેટાના છોલતાં ખવરાવવાં નહી જોઈયે; તેથી પણ દુધ ખટાસ થાયેછે.

ગાયે રાખવાની જગા ઘણીજ સાફ રાખવાની જરૂર છે. જો કચરામાં રેહેવા દીધીતો તે નબલી થાયેછે. તેના થાન ગરમ થઈ આવેછે, દુધનો વાસ ખરાબ મારેછે અને કમતી પણ થઈ જાયેછે.

આવતા ભાશાણમાં જાનવરોનું દુધ કેવી હાલતમાં પાવું તે વીશે કહી સંભલાવશ.

---

## પુતર.

### એક અસલી બરાહમને દીધેલી સીખામણ.

"કુદરતના સાહેબના જીવજંત પરાણીઓથી માણસ જાતે દાહાપણ સીખવું; અને તેઓથી મલેલો ઊપદેશ પોતાના લાભને માટે કાંમમાં લાવવો.

"જા, મારા બેટા, તું જંગલમાં—જંગલી જુવાન સટારક પક્ષાને તપાસીને જો, અને તારા દીલમાં તેના કામને ઊતાર; તે પોતાના બુદા બાપને પોતાની

પાંખ ઊપર ઊંચકી લેઈ જાયેછે, તેને સલામત જગા ઊપર રાખેછે અને તેને ખોરાક પુરો પાડેછે.

"આરબસથાનના મસાલેદાર ખેતરો માહેથી નીકલતા મધુર વાસ કરતાં એક બચાંના મા બાપ તરફ આદરમાનમાં વધારે મીઠાસછે.

"તેટલા માટે તું તારા બાપ તરફ વફાદાર થા, કાંયેકે તેણે તુંને જીવતદાન બખશીયુંછે; અને તારી મા તરફ પણ, કાંયેકે તેણીએ તારૂં રક્ષાણ દીધુંછે.

"તેના ઓહો માહેથી નીકલતા વચનો સાંભલ, કાંયેકે તે તારા ભલાને માટેજ બોલેછે; તેની સીખામણને કાન દેઈને સાંભલ, કાંયેકે તે ખરા પેયારથી આપવામાં આવેછે.

"તારા ભલાંને મારે તેણે તારી ઊપર નેઘેબાની રાખીછે, તારા સુખચેનને મારે તેણે મેહનત ખેંચી છે; તેટલા મારે તેની ઝઈફીને માન આપ, અને તેના પાકી ગયળા બાલને અપમાન આપતો ના.

"તારી લાચાર બચગી અને તારી જુવાનીની હુંસરાઈ વીસરી જતો ના, અને તારા ઘુઢાં મા બાપની ખોડને ચલાવી લેજે, અને જીંદગીને પાછલે દાહાડે તેવોને આસરો આપજે.

"કે જેથી કરીને તેઓના જઈફીથી સફેદ થઈ ગયલાં માંથાં, સલાહ અને ચેનમાં ઘોરમાં મુકાયે; અને તારાં પોતાના બચાં, તારા દાખલાને માન આપે, અને તારી પાકીજગીનો બદલો તારા બચાંના પેયારમાં વળી રેહેશે."

## ચાહેનું એક કપ.

સાવકશા—પેયારી શીરીન, જરા મને આખા દાહાડાની થાક લાગીછે; મેરબાની કરીને એક કપ ચાહેનું બનાવીને જલદીથી લઈ આવો.

શીરીન—વારૂજી. (એમ કહીને થોડાવારમાં ચાહેનું એક કપ બનાવીને લઈ આવી.)

સા૦—(ચાહે જરા પીઈને) શીરીન, કાંઈ મને સમજ પડતી નથી, કે દર રોજ ચાહે કાંઈ તરેહવાર રીતની બને છે તેનું કારણ શુંછે! કોઈ દીવસે ચાહેમાં સારો સવાદ આવેછે અને કોઈ દીવસ ચાહેને તદન જેવાજ ગમતી નથી. કાંઈ પણ ચાહે બનાવવામાં ખામી હશે.

શી૦—પેયારા સાવકશા, ચાહેતો હું મારે હાથે દર રોજ બનાવુંછું, અને તમુને કોઈ દીવસે પસંદ પડતી નથી તેથી ખરેખરૂ દલગીરછું, પણ મારો કાંઈ પણ વાંક હોયતો બતલાવો, જેમ દર રોજ ચાહે બનાવુંછું તેમ આજે પણ બનાવીછે.

સા૦—તમે કહોછો તે ખરૂં, પણ કાંઈ પણ ખાંમી હશે તેથીજ ચાહે દરરોજ બરાબર સારી બનતી નથી. વારૂ ચાલો, બોલો જોઈએ, કીઉં પાંણી ઉકાલવાને માટે લીધું હતું?

શી૦—હમેશાં વેહારનુંજ પાંણી વાપડવામાં આવેછે, અને વેહારના જેવું ચોખું પાણી બીજું કીઉં મલે

સા૦—હા, હવે તમારી ભુલ માલમ પડી, વેહારનું પાણી મીઠું ખરૂં, પણ તે કાંઈ ચોખું અને તાજુ નહી કેહેવાએ, તે તલાવનું પાંણીછે અને ગમે તે હોયે પણ તે વાસી કેહેવાએ, કુવાના મીઠા જહરાના પાંણી જેવા તાજાં અને ચોખાં બીજાં કોઈ નથી, અને જો પાંણી સારૂં નહી હોયે તારે ચાહે સારી બનવી મુશકેલછે, હવેથી મારે વાસ તે કુવાનું મીઠું પાંણી મંગાવજો, પણ વલી તપાસજો કે બે દાહાડાનું વાસી પાંણી નહી વાપરે

શી૦—તમે કેહોછો તે મારા ધેયાનમા ઉતરીયું, હવેથી તાજું અને ચોખું પાંણી લેશું.

સા૦—વારૂ જોઈએ, જરા કીટલી લાવો.

શી૦—કીટલીતો દરરોજ સાફ થાયેછે અને દર મહીને કલઈ કરાવુંછું; લેઓની, હું લેઈ આવુંછું તે તપાસી જુવોની, (કીટલી લેઈને આવી.)

સા૦—કીટલી બાહેરથીતો સારી દેખામની રાખીછે, પણ જુવો તેનું ઢાંકણું, તે જરા ટીલુંછે; કીટલીનું ઢાંકણું બરાબર બંદબસત જોઈયે. વલી જુવો અંદર જરા કચરાની છારી બંધાઈછે; એવી કીટલીમા પાંણી ઉકલે તે સવાદ કેમ આપે. તમો દર રોજ અંદરથી પણ સાફ કરોછો તે ખરી વાતછે. પણ તમે એક ભુલ કરોછો તેથી અંદર છારી બંધાયેછે. તમો કીટલીને ધોઈને મુકોછો, પણ બરાબર તપાસ કરસોતો માલમ પડશે કે અંદર થોડું પાંણી રહી જાયેછે. એ પાણી જરા પણ રેહેવું નહી જોઈયે, તેને બરાબર સુકવી નાખવી જોઈયે, અને જારે ફરીથી વાપડવામાં આવે તારે પાંણીથી ધોઈ નાખવી અને પછી ચોખું પાણી ભરીને ઉકાલવા મુકવું; જો એક શીપ મુકી રાખી હોયેતો કચરો પોતે ચુશી લેશે અને કીટલીની અંદરની બાજુને ખરાબ થવા નહી દેશે.

શી૦—ઠીકછે. હું એક દરીયેકીનારેથી શીપ પણ મંગાવી મુકું અને કીટલી સુકી રાખવાની તજવીજ કરશ

સા૦—વારૂ, તમે પાણી કેટલોવાર લગી અને કેમ ઉકાલોછો?

શી૦—હવે પાંણી ઉકાલવામાં શુંછે. સારી પખે બે તરણ કકરા આવેછે એટલે પાંણી ઉતારીને તીપાટમાં રેડીયેછ, જો તીપાટ લાવવાને વખત લાગેછેતો પાણીને ઉકલવા દેઈયેછ, નહીતોકે ઉતારી રાખીયેછ, અને તીપાટ આવેછે તારે જરા ફરીથી કકરો આવવા દેઈયેછ

સા૦—જુવો, તમે એ કામને શેહેલું ગણોછો, પણ તેમાં તમે ભુલ કરોછો; પાંણીને જલદીથી મેહેટી આચે ઉકાલવું અને પાણી ઉકલીયું એટલે તરત તીપાટમાં રેડવું; પાંણીને ઉકાલીયા નહી કરવું અથવા ઉતારી પાડીને ફરીથી ઉકાલવું નહી, તેથી ચાહેને સવાદ મલતોજ નથી. જોઈયે તમે કેઈ તીપાટ વાપરોછો?

શી૦—આપણી રૂપાની તીપાટછે તે વાપડતી નથી. તે ફબટમાં ઉંચી રાખીછે. હાલતો કોરીની તીપાટ વાપડું છું.

સા૦—જેવી ચાહે રૂપાની તીપાટમાં સવાદદાર થાયેછે તેવી કોરીની તીપાટમાં નથી થતી. જો રૂપાની તીપાટ વાપડવા નહી ગમતી હોયેતો ચીનાઈ તીપાટ આપણી પાસેછે તે વાપહો, એમાં પણ ચાંહે ઠીક બનશે. કારી મટોરીની તીપાટમાં પાંણી જલદીથી થંડુ પડી જાયેછે. રૂપાની ચલકતી તીપાટમાં પાંણી જલદીથી થંડુ પડતું નથી, તેથી ચાહેનો સવાદ તેમાં વધારે સારો રેહેછે. વલી એમ કેહેછે કે બેદાના આકારની તીપાટના કરતાં ગોલ તીપાટમાં વધારે સારી ચાહે બનેછે. વારૂં, તમો વાપડોછો તે તીપાટ લેઈ આવો.

શી૦—વરી અંદર જોવાનું શુંછે. તેતો હમેશાં સાફ ફુલ જેવી રાખવામાં આવેછે. (તીપાટ લઈ આવેછે)

સા૦—તમારી તીપાટ સાફતો માલમપડેછે, પણ જુવો અંદરથી તે હજીુર શુધી ભીની રાખેળીછે; તે પરમાણે રાખવી નહી જોઈયે. જેવાં ચાહેના પાતરાં કાહાડી નાખીયાં એટલે તીપાટમાં ગરમ ઉકલતું પાંણી નામવું. તે કાહાડી નાખીને સાફ સુકાં કપડાના કટકાએ નુછી નાખવી અને ટાંકણું ઉઘાડું રેહવા દેવું, જેથી પાંણી સુકાઈ જાયે અને અંદરથી વાસ મારે નહી. વારૂ તમે ચાહે બનાવતી વખતે તીપાટને ધોવોછો કે?

શી૦—હા, થંડાં પાંણીએ જરા ધોઈ કાહાડું છું કે કાંઈ પણ કચરો રેહે નહી.

સા૦—નહી એમ ના કરો, ઉકલતાં પાંણીએ તીપાટ અરધી ભરી નાખો, પછી પાંણી ધોરી નાખી, નીપારીને તીપાટ ગરમ ગરમ રેહે તેટલાં ચાહે બનાવો, તમે તપાસી જુવો, તેથી કેવી સુંદર ચાહે બનશે.

શી૦ ઠીકછે, હવેથી એ પરમાણે ચાલવાને હું ચુકશ નહી.

સા૦—વારૂં, હમણા તમે ચાહે કેઈ વાપહોછો, જોઈયે.

શી૦—(ચાહે લાવેછે) આપણી આગલી ચાહે ખપી ગઈ તેથી દુકાંનદાર પાસેથી મંગાઉં એટલામાં બારણેથી વાણીઆ પાસેથી વેચાતી લીધીછે.

સા૦—હા; હવે મને બરાબર સમજ પડેછે કે હમણા ચાહે એવી આગલના કરતાં ખરાબ કેમ બનેછે. જુવો, આ ગલાસમાં જરા થંડું પાંણી નામો અને તેમાં એ ચાહે નાખો.

શી૦—પાંણીનો રંગ બદલાયેછે—તે બલુ જેવું થતું જાયેછે.

સા૦—જુવો, એ ચાહે ઘણીજ ખરાબછે. ખરી લીલી ચાહેના જેવો રંગ આપવાને માટે લુચા વેપારીઓ ખરાબ ચાહેને મોરથુથુના પાણીમાં અથવા એવીજ બીજી વસતુમાં બોરેછે; પણ તે આપણી તંદરૂસતીને ઘણીજ નુકસાણકારકછે—એવો ખરાબ માલ વેચનારનેનો સરકારમાં લેઈ જઈને દંડ કરાવવો જોઈયે; અને મુંબઈમાં એવો માલ પણ ચીનથી આવવા નહી દેવો જોઈયે.

શી૦—તારે લીલી અને કાલી ચાહેમાં ફરક શુંછે?

સા૦—જેમ કાફી કાચી અને ભુંજેલી આવેછે, તેમ ચાહે પણ કાચી અને ભુંજેલી હોયેછે. ચાહેના પાતરાંને ગરમી આપીને સુકવેછે; પણ કાલી ચાહેને લીલીના કરતાં વધારે ગરમી આપેછે.

શી૦—એમ વધારે ગરમી આપવાનું કારણ શું?

સા૦—ચાહેના પાતરાંમાં એક જાતનું જલદ તેલ આવેછે, તે તેલ ઘણું ગરમછે; તે કમતી કરવાને માટે ચાહેને વધારે ગરમ કરેછે; અને એટલા માટેજ આપણે કાલા ચાહે પણ પસંદ કરીયેછ.

શી૦—પણ આપણે તો કાલી ચાહે સાથે થોડી લીલી ચાહેનો પણ ભેલ કરીયેછે તેનું કારણ શું?

સા૦—ચોખી લીલી ચાહે ઘણી સંભાલથી બનાવવામાં આવેછે, તે ઘણી કીમતી હોયેછે. તેમાં જલદ તેલનો ભાગ પણ ઘણોછે. જો કાલી ચાહે સાથે એવી ચોખી લીલી ચાહે પણ નાખી હોયેતો ચાહેમાં વધારે સારો સવાદ આવેછે, પણ લીલી ચાહે વારેઘડીએ ખરાબ આવેછે, તેથી ખાતરી થયા વગર વધારે બેહેતર એછે કે નાખવીજ નહી.

શી૦—તારે માલમ કેમ પડે કે ચાહે સારીછે કે નરસી?

સા૦—કાલી ચાહેમાં પણ ભેલ કરવામાં આવેછે. અને તેને પણ રંગેછે. ઘણી વેલા એક વખત વપડાયેલી ચાહે એકડી કરીને પાછી તેને વલ આપેછે, રંગેછે અને બજારમાં વેચેછે. ચોખી ચાહે તેના વાસ ઉપરથી માલમ પડેછે. તેનો વલ અને પાતરાં જોવા ઉપર અને ચાખીયાથી પણ માલમ પડેછે. તમુને વધારે મેહેનત નહી પડે એટલા માટે હું પોતે હમેશાં સારી ચાહે લેઈ આવશ. સારી ચાહે પીધેલીજ કામની. હલકી ખરાબ ચાહે ઉલટી પાંણીને ખરાબ કરેછે.

શી૦—જારે ચાહે એવી ભેલભારની અને રંગેલી આવેછે, તારે તમે પોતે એ કામ માથે લીધુંછે તે બેહેતર કીધું. મારેથી કાંઈ બજારમાં દુકાને જવાયે નહી.

સા૦—હા, તમોતો સઘલામાં સરમાસો. વારૂ, તમે ચાહે કેટલી નાખોછો અને પાંણી કેટલું લેવોછો?

શી૦—વારૂ મારી પાસે કોઈ વજનછે કે ચાહેને તોલીને નાખું. આપણી તીપાટમાં તરણ ૬૫ ચાહે બને એટલું પાંણી સમાયેછે તેમાં હાથનો ખોબચો ભરીને ચાહે નાખુંછું.


સા૦—ઠીકછે. હું ધારૂંછું કે એટલી ચાહે પુરતીછે. એમ કેહેછે કે એક ઉંશ ચાહે બે બાટલી ભરીને પાંણીમાં પુરતીછે.

વારૂ ચાહે પાંણીમાં કેટલોવાર લગી રાખી મુકોછો?

શી૦—વલી રંગ આવે તાંહાંસુધી, કોઈ વખતે રંગ આવતાં વધારે વખત લાગેછે.

સા૦—જો સારી ચાહે હોયેતો પાંચથી તે દશ મીનીટથી વધારે વખત કરવો નહી, એટલા વખતમાં સઘળો ચાહેનો ખવાસ પાંણીમાં આવેછે, રંગ ઉપર હમેશ આધાર રાખવો નહી.

વલી ચાહે બનતી હોયે તેટલાં તીપાટને ઉનનાં કપડાંએ ઢાંકી રાખવી કે ગરમી બરાબર રેહે. ગરમી રહેવાથી સવાદ મજેહનો રેહેછે.



આસત્રાખાનમા કરેચના શેહનશાહને આપેલી મેજમાની.

વારૂ, જારે તમે ૫—૬ જણને માટે ચાહે બનાવો છો તારે કેમ કરોછો ?

શી૦—તરણ જણને ચાહે પાઈને પછી વલી તીપાટ માં બીજું પાંણી નાખુંછું અને તેને રંગ આવવાને માટે વધારે વખતવેર રેહેવા દેવુંછું, કોઈ વખતે વલી જરા સુકી ચાહે નાખુંછું.

સા૦—ના, તમે ફરીથી એ પરમાંણે નાં કરતાં, બીજી વખતની ચાહેમાં કાઈ પણ સવાદ રેહેતો નથી, ગમેતો બે તીપાટ વાપરો, નહીતો ફરીથી નવી ચાહે બનાવો.

શી૦—તમે કહોછો તે બરાબરછે.

સા૦—વારૂ, તમે ચાહેમાં પાંણી કેમ નાખોછો ?

શી૦—પેહેલાં તીપાટ ગરમ પાંણીથી ભરીને પછી તેમાં ચાહે નાખુછું, કોઈ વખતે પેહેલાં ચાહે તીપાટમાં મુકીને પછી પાંણી નાખુંછું.

સા૦—પેહેલાં ચાહે મુકીને પછી પાંણી નાખવું જોઈયે, પાંણીમાં પછી ચાહે નાખીયાથી તેનો ખવાસ બરાબર નીકલતો નથી.

વારૂ જોઈયે તમે સાકર કેઈ વાપડોછો ?

શી૦—આપણી ચીન ચીન (પાસાદાર) સાકર તો થઈ રહીછે તેથી હાલતો હું બતાસા વાપડુંછું.

સા૦—મેં એમ સાંભળીયુંછે કે બતાસામાં ચુનાનો ભેળ આવેછે. એજ પરમાણે કેટલીએક જાતની ખાડમાં પણ તરેહવાર ભેલ આવેછે; તેથી ચીનચીન સાકર વાપડવી સારીછે, તેમાં કંઈ જાતનો ભેલ આવતો નથી, પણ એવી સાકર મોંઘી હોયેછે તેથી સાકરીઆ ખાંડ વાપડવી સારીછે.

શી૦—હાલતો ચીનચીન સાકર ઘણી મોંઘીછે તેથી આપણે સાકરીઆ ખાંડ વાપડશું.

સા૦—ઠીકછે, વારૂં તમે દુધ લેવોછો તે બરાબર તપાંસી જુવોછો કે ?

શી૦—હા; દુધ પાંણી જેવુંછે કે નહી તે જોઉંછું. તેમાં આંગલી બોલીને તપાસુંછું. કોઈ વખતે દુધને નખ ઉપર મુકીને તપાસી જોઉંછું.

સા૦—પણ એટલા ઉપરજ આધાર રાખવો નહી જોઈયે. દુધનો વાસ, સવાદ, ઈતીયાદી તપાસવાની જરૂરછે. વળી જોવું કે દુધ ચાહેમાં જલદીથી મલી જાએછે કે નહી. જો દુધ તુટી જઈને ચાહે સાથે બરાબર મલે નહીતો જાંણવું કે દુધ ખરાબછે. વળી દુધમાં કેટલું પાંણી ભેલેલુંછે તે તપાસવું હોયેતો આપણી પાસે એક કાચનું હથીઆરછે તે દુધમાં મુકીઆથી જલદીથી માલમ પડેછે. જુવો એ હથીઆરને એક દાંડીછે, તેની ઉપર આંકડા માંડેલાછે. એ દાંડીના ચાર ભાગ કીધાછે. જો દાંડી ડુબીને ઉપલી લીટી ઉપર આવેતો સમજવું કે તદન પાંણીછે. પાંણી લાવો અને એ હથીઆર તેમાં મુકો.

શી૦—હા, બરાબર એ લીટી ઉપર પાંણી આવેલુંછે.

સા૦—હવે આપણું દુધ લાવો અને તેમાં બોલી જુવો.

શી૦—એતો બરાબર અધવચે આવીને ઉભું રહીયું.

સા૦—જુવો એ દુધમાં અરધો અરધ પાંણીનો ભેલ છે. જે દુધમાં દાંડી છેક નીચેની લીટી ઉપર આવીને ઉભી રેહેતો સમજવું કે દુધ ખાલેસછે.

શી૦—અરે, એક ચાહેનુ કપ જ બનાવવાને પેહેલાં ઘણ શેહેલું લાગેછે તેમાં કેટલી સંભાલ લેવી જોઈયે તે કેટલાં થોડાં જણને ખબર હશે. મનેતો દરએક બાબદમાં નવુ ગ્યાન મલીયુંછે, અને તે પરમાંણે ચાલવાને હું ચુકશ નહી. તમે સમજાવીયું તે પરમાણે ચાહેનું એક કપ કરીને પીધું હોયેતો નહી કાંએ સવાદ આપે. એક સેહેલ બાબદ પેહેલાં નજીવી લાગેછે પણ બરાબર તપાસતાં માલમ પડેછે કે તે નજીવી સમજીને ચલાવી નહી દેવું જોઈયે. તમે આટલું મને ગ્યાન અંપીયું તેથી હું તમારી આભારી થઈછું.

સા૦—જારે હું શુંદર ચાહેનું એક કપ તમારા હાથથી બનાવેલું પીવશ તારે હુ તમારૂ ખચીતથી હેસાન માણશ.

---

## આલજીઅરસમાં ફ્રેંચનો શેહનશાહ.

આલજીઅરસ જે ઊતર આફરીકામાં એક પરાંતછે; તે ફરેંચ લોકના તાબામાં છે. અહીંઆં ઘણુ કરીને આરબ લોકોની મોટી વસતી છે. તે લંબાઈમાં ૫૫૦) માઈલ છે, અને પોહલાઈમાં આસરે ૨૦૦) માઈલ છે. તીઆંની હવા મધીઅમ તથા સુખાકારીક છે, તથા જમીન ફલવંત છે. ખજુરી, નાળીયરી, અને અંજીરી પુશકલ જોવામાં આવેછે. તીઆં વસનારા લોકો ઢોરો ઘણા પાળેછે; થોડો રૂ, ગુલી, તથા શેરડી પાકવેછે; ઊંટ, ગધેડાં અને ખચર બોજો ઊંચકવવાનાં કામમાં લાવેછે. તીઆંના તેજદાર ઘોડાઓ માતર સવારીનાજ કામમાં વપરાયછે. શીંહ, કોહલું, હરણ, અને ચીતા તીઆંના જંગલના રેહવાસી જાનવરો છે. વાદલાં તથા પરવાળાં દરીઓકીનારે મલેછે.

આલજીરીઆ પેહલાં નુમીડીઆને નામે ઓલખાતું હતું; અને જારે મુસલમાન લોકોનો દોર થયો તારે મુર તથા વાનડાલ લોકોનુ મુખીઅ રેહઠાણ થઈ પડીઉં હતું. ૧૬ મી સદીમા સપેનના લોકોએ તેની ઊપર હલલો કીધો, તેથી તે વખતે તીઆંના સેલીમ નામના રાજાએ બારબરોસા નામના એક લુટારાની મદદથી તેઓને હાંકી કાહડીયા. એ લુટારાઓ ફતેહ પામીયા પછી સેલીન રાજાનુ ખુન કરી રાજ છીનવી લીધું; અને આસપાસ ખુનરેજી અને જુલમથી એવો ડર બેસાડીયો કે આસપાસના બીજાં પરાંતો પણ તેને તાયબે થયાં. ૧૮૨૦ માં ફરેંચ લોક આવી વશીયા અને આસને આસતે પોતાનો પગ

એક બોલ બોલીઆ વીના ઉભો રહેઓ, અને થોડા વખત પછી જમીનની ઉપર પછડાઇને પડીઓ. તેને જોરમા તાવ આવીઓ અને કેટલાં અઠવાડીઆં સુધી બેશુધ પડી રહેઓ. તેનો તાવનો લવારો પોતાની બાયડીના મરણ વીશેનો તથા પોતાના સેતાનીઅત ભરેલા સોગન વીશે હતો. રાત અને દાહડો તે પોતાનો કીનો લેતો હોએ એવી રીતે બકબકારો કરતો હતો.

જયારે તાવનો જોર નરમ પડીઓ અને તેને શુધ આવી, તારે તેને માલમ પડીઉં કે તેનો કઠણ દીલનો બાપ, જેણે પોતાની હઇઆતીમાં પોતાના પુત્રને તુરંગની બદહવામાં સડી મરવા દીધો હતે, ના, જેણે તે પુત્રના વાહલાં બચાંને તથા તેની અમુલીઅ બાયડીને કંગાલીઅત હાલતમાં મરવાં દીધાં હતાં; તે કરૂર બાપ મરણ પામીઓ હતો અને તેની દોલત કાયદા પરમાણે તેના પુતરને મલી હતી. પોતાની તનદરોસતી અને શક્તીને માટે મગરૂર તેથી તે બાપે વસીઅતનામુ કરવાની ટીલ કીધી હતી, અને એ ટીલનેજ માટે તેના છોકરાને દોલત ઉતરી હતી, કે જેને વાસતે તે ઘાતકી દીલના બાપે બીજી દુનીઆમા દાંત પીસીને પોતાની આલશાઇનો પસતાવો કીધો હશે એવું વીચારવામાં કંઇ પાપ નથી.

જીઆરે પેલા બંદીવાનને માલમ પડીઉં, કે તે દરવીઅવાન થયોછે, તથા દેવાંદારની તુરંગમાંથી છુટો થયોછે; તારેજ તેની સાથે પેલો ભયંકાર વીચાર પણ તેના મગજમાં ઘુંમી રહેઓ હતો. તે પોતાની નાતવાનીને લીધે બેચેન રહેઓ; અને પોતામાં શકતી કયારે આવે કે તે કીનો લેવાને તઇઆર થાએ તેનો વીચાર કરતો હતો. દોલતથી તનના તથા મનના સુખ વીશે તેની કંઇ આશા ન હતી; કારણ કે તે સુખતો પોતાની બાયડી અને બચાંની સાથે આએ દુનીઆમાંથી ઉડી ગયું હતું. પણ તે પોતાના સરીરની શક્તીને વાસતે ચાહતો હતો, તે એટલાજ કારણસર, કે પોતાનો વેર લેવાનો નીશ્ચય પુરો પાડે. તે એક દરીઆ કાહેની હવાની જગોમાં નાનુ ઘર લઇ, પોતાની તનદરોસતીને કાજે રહેઓ. અહીઆં કોણ જાણે કંઇ સેતાનીઅત ખસલતે પોતાના કીનાની પેહેલી જોગવાઇ તેને આપી.

હુનાલાનો વખત આવીઓ હતો, અને પોતાના ગમગીન વીચારમાં સાંજની વખતે નીકલી દરીઆ કીનારે એક એકાંત જગાની મોટી ખડક ઉપર જઇ દરરોજ બેસતો હતો. તીઆં પોતાના હાથવતી મોહડું ઢાંકી કલાકના કલાક કાહડતો હતો. એક સાંજના પોતાની હમેશની ધપમાં બેઠો હતો; તેવામાં એકાએક તેણે એક અવાજ સાંભલીઓ. કોઇ મોટે સાદે મદદ માંગતુ હોય, એવું તેણે સાંભલીઉં, તેથી તરતજ ઉઠીને મદદ આપવાને તે દોડીઓ, અને પોતાનો દગલો કાહડી દરીઆમાંથી ડુબતા માણસને બાહેર કાહડવાને, પોતે ડુબકી મારવા જતો હતો; તેવામાં એક બુઢો માણસ દોડતો પેલાની માફક તેની સામને આવી બોલીઓ. "ઓ મેહરબાન, ખોદાના નામસર જલદી કરો; અહીંઆં, અહીંઆં, મદદ, મદદ, ખોદાની ખાતરસર મદદ કરો. એ મારો છોકરોછે સાહેબ, મારો એકનો એક છોકરો! મારો એકપુરો છોકરો સાહેબ, અને તે પોતાના બાપની આંખ આગલ ડુબેછે."

પેલા બુઢા માણસે પેહલોજ શબદ બાહેર કાહડીઓ, તેજ સાંભલીને તે અટકીઓ અને પોતાના હાથની અદબ વાલીને હીલીઆ વીના ચુપચુપ ઉભો રહેઓ. એ બુઢો તેનો સસરો હતો! પેલો બુઢો એકદમ લપેડો ખાઇને બોલીઓ—"ઓ! મારા ખોદા! હેલીંગ †!" પોતાનો છોકરો જીંદગીને વાસતે જે દરીઆમાં પછાડા મારતો હતો તે તરફ આંગલી કરીને પેલો બુઢો જોસસાથી બોલીઓ. "હેલીંગ! હેલીંગ! જો મારો છોકરો મારો પીઆરો છોકરો જો! સાંભલ! તે હજુર મદદ માંગેછે, હજુ તે જીવતોછે. હેલીંગ તેને બંચાવ, તેને બંચાવ."

પેલો શખસ હીલીઆ ચાલીઆ વીના ઉભો રહી હશીઓ. પેલો બુઢો ઘુંટનમડીએ બેશી બોલીઓ "મેં તને નુકશાન કરયુંછે. તેનું તું વેર લે, મારૂં જે છે તે બધું લે, મારો જાંન લે, તારા પગ તલે મને દરીઆમાં ડુબાવ અને જો માણસજાત હીલીઆ ચાલીઆ વીના ડુબી મરી શકતું હોયતો હું તેમ કરીશ. લે, હેલીંગ, લે મને નાંખ, પણ મારા છોકરાને બંચાવ, તે હજુ ભર જુવાનીમાછે, હેલીંગ, હજુ એ મરવાને લાયક નથી." પેલો બુઢાનો હાથ જોરથી પકડીને બોલીઓ—"સાંભળ, જેટલા જાન તારે લીધે ગયાછે, તેટલાજ હું લેવશ. આએ ડુબતો છોકરો મારા છોકરાને બદલે મરેછે. મારો છોકરો પોતાના બાપની નજર આગલ જે દુખ અને દલદેશરીમાં મરી ગયોછે, તેના મરણની સાથે સરખાવતાં, તારા છોકરાનું હમણા થતું મરણ કુચ બીસાદમાં નથી. તારા છોકરાએ પોતાની બેહનની લાયકી વગોવીઆમા કંઇ બાકી રાખી નથી. અમારી ઉપરના તે વખતે પડતાં દુઃખની ફરીઆદ સાંભળી તું તારી છોકરીના મોહપર હસીઓ! હમણા તેં વીપતી વીશે તું શું વીચારેછે! જો તાંહ જો!"

એમ બોલીને તેણે દરીઆ તરફ આંગલી કીધી. તીઆં પેલા બુઢાનો છોકરો છેલી વારજ માલમ પડીને ગુમ થયો, અને દરીઆના પાણી જાણે નીરદોશ હોય, તેમ પોતાનો સથીર રસતો લેવા લાગાં.

એ વાતને તરણ વરસ થઇ ગયાં પછી તે એક વકીલને ઘેર આવતો જણાયો. એટલી મુદતમાં તેનામાં કંઇ પણ જો ફેરફાર થયો હોય, તો તે સુખનો ન હતો. તેનો ચેહરો બંદલાઇને ફીકો, બીહામણો, અને નાશીપાસ થયલો દેખાતો હતો. જે વકીલને તીઆં તે આવીઓ હતો, તે વકીલ કંઇ સારૂ માણસ ન હતું; પઇસા જો મલીઆ, તો પછી તેનુ હઇડું અને પથરમાં તફાવત કંઇજ ન હતો. એ વકીલને તેણે સમજાવીઉં કે; આએ દસતાવેજોપર જે શખસનુ નામછે, તે શખસે નાણાની મોટી રકમો ઉધાર લીધીછે અને એ લખતો ખરીદ કરવાને મેં નાણુ વેરવાને કંઇ બાકી રાખીઉં નથી; હાલ તરત એ શખસને મોટું નુકશાન ગયુંછે અને પોતાના દેણાને પેટે કંઇ આપી શકનાર નથી, માટે ધારાની જે જુલમાત ભરેલી કલમ હોએ, તે દો

† પેલાં બંદીખાનામાંથી છુટેલા શખશનુ નામ "જીઆરન ફુલીંગ" હતું.

ધી કાહડી, આપ્મે શખસપર નાણાં પગાર કરવાને વાસતે આપણી કરવી જોઇશે. એનો જે કંઇ ખરચ થશે તે હું આપવાને તઇઆર છઉં. એમ કહી તરતજ એક મોટી ર કમનો "ચેક" ભરી આપીઓ. વકીલે જોયું કે કોઈ બી લું સંજડ હાથ લાગીઓછે, માટે પોતાનું કામ જડપથી તથા કઠણ રીતે કરવા લાગો. ઉપલા દસતાવેજો હેલીંગના સસ રાના હતા; તેની ઉપર એક પછી એક ફરીઆદી માંડવામાં આવી; તેનુ ઘરબાર વેચાઈ ગયું; તેને પકડવાને હુકમના મુ કહડાવીઉં; અને તેની દયા લાવવા જોગ અરજીઓપર ધીઆન આપવામાં ન આવીઉ. આખરે તે બુઢો નાહ સી ગયો. તેથી હેલીંગનુ વેર બંધ પડીઉં નહી; તે અતી શય ગુસસે થયો; અને ગમે તે રકમ ખરચી તેને પકડવા ને હોકમ કીધો.

થોડાં અથવાડીઆં સુધી હેલીંગ પણ માલમ પડીઓ નહી. તાર પછી એક દીવસે પોતાના વકીલને તીઆં પા છો જણાયો. તેણે તે વકીલને કહીઉં કે મેં પેલા બુઢાને સોધી કાહડીઓછે; તે એક કંગાલ જગામાં એકાંત એખ લો દુઃખમાં ભરપુર પડીઓછે; અહા! ઘણું સારું થયું કે આપણા હાથમાથી એટલા દીવસ તે છુટી ગયો, કારણ કે તેનુ દુખ કંઇ ઓછું થયું નથી. હવે એને પકડવો જો ઇશે, આવતી પરમ દીને એની વરસ ગાંઠછે તે દીવસે એ ને પકડવાની તજવીજ કરવી જોઇશે. એવી રીતની ગોઠ વણ કરી તે દીવસે પોતાની સાથે સરકારી માણસ લઇ પેલા બુઢાને પકડવાને હેલીંગ ગયો.

પેલો બુઢો માણસ તેને જોઇને ચમકીઓ અને પુછ વા લાગો કે "અહા! હજુ શું બાકી રહીઉં છે; હજુ વધા રે જુલમ તે તું શું કરવા માંગેછે" એમ બોલી ગભરાઇને ખુરશીની ઉપર પડીઓ અને હેલીંગ તરફ ટીકીને જોયું.

હેલીંગ બોલીઓ "જો, મારા છોકરાનાં જાનને બદલે તારા છોકરાનો જાન જે દીવસે મેં માંગીઓ હતો, તેને આ જે બરાબર છ વરસ થયાં છે. મારી બાયડી જારે મરણ પાંમી, તારે મેં તેના મુડદાં આગલ વેર લેવાને સોગન ખા ધા હતા. એ સોગન પરમાંણે ચાલવાને એક પલ પણ મેં ગુમાવી નથી; પણ જો હું જરાબી નરમ પડતે, તો મારી બાયડીએ વગર ફરીઆદ કરવે ખમેલું દુખ, મારાં બચાંનો પાતલો ફીકો ચેહરો તથા તેનો લુખમરો, મારા વીચારમાં આવી અને ઉશકેરીઓ વીના રેહતે નહી. મારા વેરનું પેહલું કાંમ તને સારી પેઠે યાદ છે, હવે આએ કાંમથી મા રા વેરનો છેહો આવેછે" પેલો બુઢો માણસ ધ્રુજવા કાંપવા લાગો, અને તેના હાથ તેની બાજુએ શકતી વગરના થઇ પડીઆ. હેલીંગ તોપણ બોલતો ચાલીઓ—"હું આવતી કાલે ઇંગલંડ છોડુંછું. આજ રાતના તેં જે ચુરંગમાં તા રી છોકરીને જીવતાં મોહત બખશીઉં હતું, તેજ જીવતી ઘોરમાં તને મોકલુંછું."

હેલીંગ બોલવાનું પુરું કરેછે, તેવામાંજ પેલો બુઢો માં ણસ મરણ પાંમીઓ, અને હેલીંગ ચાલતો થયો.

તેણે પોતાની બાયડીને આપેલું વચન પાલીઉં અને તારપછી તેનું શું થયું તે કંઇ જાણવામાં આવીઉં નહી.

વાચનાર! પેલી મરનાર જુવાન સી તથા તેના બંદી વાંન ધણી પોતાના બાપની ખુશી ઉપરાંત પરણેઆં હતાં; માટે તેઓના બાપે તેઓની ઉપર જફા પાડવાને કંઇ બાકી રાખીઉં ન હતું. તેઓની હેવાનીઅત ખશલતથી ઉપર લખેલા બનાવ બનીઆ હતા.

---

## જીભનો ખરો ઉપીયોગ.

### જીભ કાંહાં નહી વાપરવી?

૧. કોઈને ખરાબ બોલવામાં,
૨. કોઈની ઘેરહાજરીએ નીંદા કરવામાં,
૩. વાત સેહરાવીને કેહવામાં,
૪. બચાંને અથવા ગરીબ લોકોને તુછડાઈથી બો લવામાં,
૫. ગાલગલોચી દેવામાં, જુઠું બોલવામાં અને ગ લીચી બોલી બોલવામાં,
૬. નહી બને એવી અને જેમ ગમે તેમ વાતો હાં કવામાં,
૭. હરેક બાબદસર જોસથી અને હુલરાઈથી બો લવામાં,
૮. ખોટી ગપો ચલાવીને લોકોને ઠગવામાં,
૯. દીલ મેલવીયા વગર ધરમની કીરીયા મોહોડે થી બરબડવામાં,
૧૦. ખોદાનું નામ ફોકટમાં લેવામાં, તમારી જીભ ક દી પણ વાપરશો ના.

### જીભ કાંહાં વાપરવી?

૧. માણસજાતને અગત જોગ સુચના કરવામાં,
૨. આપણા કુટુંબ અને બીજા ગરજવાનને કેળવ ણી આપવામાં,
૩. પાપીને ઠપકો અને નસીહત દેવામાં,
૪. દુખીને આરામ અને દીલાસો આપવામાં,
૫. બીહીકના અને હીચકારાને હીમત આપવામાં,
૬. બેગુનાહ અને જુલમાત થયલા લોકોનો બંચા વ કરવામાં,
૭. ખીન વાળી અને વીધવાની તરફથી બોલવામાં,
૮. નેક માણસની ફતેહની મુબારકબાદી ચાહાવામાં,
૯. પોતાનો વાંક એકમેક આગલ કબુલ કરવામાં,
૧૦. અને ખોદાની બંદગી અને તેની તારીફ ગાવા માં જીભ હમેશાં વાપરજો.

## સાગનું ઝાડ.

દરએક દેશ, ગાંમ અને ખંડની મોહોટાઈ તાંહાંની આબાદાંની ઊપર આધાર રાખેછે. જેમ એક જગા આબાદ હોય, તેમ તાંહાંનાં રેહવાસીઓનાં મનની હાલત પણ આબાદ હોયનો, પછે તે બખશેશની ખુબી પીછાંની શકાયેછે. ખુદરત હમેશાં સંધે શમતોલ રાખેછે; એક દેશને, કીમતી/પેદાસ ધાતુમાં આપી હોયનો બીજા દેશને વનસપતીમાં આપશે; તરીજાને ઊપયોગી જાંનવરોમાં આપશે; એ પરમાંણે એ છુટા હાથનો બખશનાર જુદી જુદી રીતથી સમતોલ રાખેછે.

યુરોપ તથા અમેરીકાખંડનાં લોકો પોતાનાં ઓક જાહાડથી એટલાંતો મગરૂરછે, કે તેની તારીફ અને સીફત તેઓની ઘણી ખરી ચોપડીમાં દીઠામાં આવેછે. તાંહાંનાં કવેસરો વટીક સાહેરી જહનુનમાં આવીને તેની બેહદ સીફત ગાઈછે, તે એટલા સુધી કે દુનીયામાં હમારા ઓકની બરોબરી કીયું લાકડું કરી શકનારછે? આપણે એશીયાખંડનાં રેહવાસી તરીકે નમનતાઈથી જવાબ આપી, સરમાવીએ છેયે કે "સાહેબ, હમારૂં સાગલી લાકડું જેના ગુણ હમણાજ તમો પીછાનવા લાગાછો અને તે તમારાં ઓકની બરોબરી તો શું, પણ કેટલેક દરજજે સરસ માલમ પડીયુંછે."

સાગ એ ગરમ દેશનું ઝાડછે. એશીયાખંડના પરવતોની બાજુમાં તેમજ મેદાંનોમાં એ ઝાડના જંગલો લાગેલાંછે. ઘણું કરીને એ મલબાર કીસટે, તરાવનકોર, સીલાંન, જાવા અને પેગુ તથા મોલગીન ખાતે સરસ જાતીનું મલી આવેછે. એ ઝાડ કદમાં ઘણું ઊંચું અને સીધું, ગાંઠ વગરનું તેમજ ઘેરાવામાં પણ મોહોટું હોયેછે. એના પાંતરાં હીંદુઓ જે પતરાવલામાં જમન ખાયેછે તેટલાં મોહટાં હોયેછે. એ ઝાડમાં એક ખાસ ગુણ એવોછે, કે જેથી બારીક જાંનવરો તેને બીજાં ઝાડોની પેઠે ખરાબ કરી શકતાં નથી. એના કદનું બીજું કાઈબી જાતનું લાકડું ચીવટ, મકંમ અને મજબુતપણામાં એની બરોબરી કરી શકતું નથી; અને એની ઊપર સેહલાઈથી સધે પણ લાગુ પડતો નથી. ટકાઊપણામાં પણ એની બરોબરીનું કોઈ લાકડું માલમ પડીયું નથી અને તેને વાસતે એવું કારણ જણાવીયુંછે કે એમાં તેલ જેવી ચીજ વધારે હોયેછે.

સંધા સાગ કાંઈ એકજ જાતીના મળી આવતાં નથી; પણ જેવી જગામાં તે ઊગેછે તે માંફક તેનામાં ફેરફેર હોયેછે. નીચી અને પાંણી વાળી જગામાં જે સાગ ઊગેછે તેના લાકડાં હલકી જાતના માલમ પડીયાંછે. એ હલકાં લાકડાં ખબરાયેલાં, બારીક છીદરવાળાં અને વધારે છુટા સાકા અથવા રેસાદાર હોયછે. એવાં એક કીઊબીક ફુટ લાકડાંનું વજન સારી રીતે પકાવેયા પછે (૪૨) રતલ ગણેઆમાં આવેછે, પણ સુકી અને ઊંચી જગામાં ઊગેલાં સરસ સાગનો એટલોજ કટકો વજનમાં આસરે (૪૫ થીતે ૫૨) રતલ સુધી ઊતરેછે.

પેગુ ખાતેથી જેટલું સાગ આવેછે તે ટાંનગા અને ઈરાવદીના જંગલોમાંથી મળી આવેછે; પણ એ બેમાંથી ટાંનગા ખાતેનું લાકડું સરસછે, કેમકે એ જંગલની જગા ઊંચી અને સુકીછે, પણ ઈરાવદીની જગા હમેશાં પાંણીવાળી રેહેછે અને વરસના એક વખતમાં તાંહાં એટલુંતો પાંણી થાયેછે કે પાડી નાખેલાં ઝાડો તેમાં તરતાં થઈ જાયેછે.

બરમાંના લોકો સાગના તેમાં અકસર કરીને સીધાં કદના ઝાડોને ચીરા તથા ખોહ પાડેછે અને તે મધેથી વારનીસ અથવા તેલ કાહાડેછે; તેને તેઓ ઘણુંજ ઊતમ ગણેછે અને પોતાના દેહરાં અને મંદીરે રૂત તથા હવાની અસરથી ખરાબ નહી થઈ જાયે એટલા માટે એ વારનીસ લગાડેછે. આ મંદીરો ઘણું કરીને જમીનની અંદર દુબતાં બાંધેછે અને તેને માટે એ લોકો આ ચીરા પાડી તેલ કાહાડી લીધેલાં સાગ વાપડતા નથી પણ અખન વેચેછે; કેમકે તેઓ એવું માનેછે કે એકવાર તેલ કાહાડી લીધા પછે સાગ મજબુત અને ટકાઊ રેહતું નથી. આવી રીતે જમીનની અંદર બાંધેલાં દેહરાંના સાગલી લાકડાં એક સેંહકડા સુધી જેમના તેમ માલમ પડીયાંછે.

સાગના લાકડાંની જે ચાહીયે તે ચીજ બનેછે. ઘેર સંગારનો સામાન તેમજ ઘેરને ટેકવનાર થાંભ, ભાલ, બારવતીયા તથા મોટાં મોટાં વાંહાંણો તથા મનવારો એ લાકડાંના બનેછે. જોકે વેલાતની વાંહાંણો ઓકના લાકડાંના બનેછે, તોબી વેલાતવાળાઓ વાહાણના કેટલાક ભાગોમાં સાગ વાપરેછે. સાગલી વાંહાંણો જે હીંદુસથાન ખાતે બંધાયાંછે તે એટલાંતો મજબુત અને ટકાઊ માલમ પડીયાંછે કે તરીસથી પચાસ વરસ

સુધી ટકીયાંછે અને કેટલાંકતો સો વરસે ખાટળ થયળાં માલમ પડીયાંછે.

આ લાકડાંનાં જંગલોની સંભાળ લેવાનું સરકારે હમણાં માંથે લીધું કેમકે જો એમ ન કરેતો થોડી મુદતમાં સાગનાં જંગલો સપાટ થઈ જાયે. આગલ જે ગમે તે જાહાડો બરમાના લોકો કાપી નાંખતા હતા, પણ હમણા સરકારે અટકાવ કરી એવો ઠેડાવ કીધોછે કે મોટાં અને પાકાં ઝાડો શવાએ બીજાં કાપવાં નહી અને તે માટે ઊપરીઓ રાખીયાછે. એથી કરીને બીજા રોપાઓને ઊગી નીકલવાને વખત મલે અને સાગ સદા આપણને મલતું રેહે. એ વગેરે સરકારે સાગનાં રોપા ખાલી પડેલાં જંગલોમાં રોપવા માંડીયાંછે.

સાગનાં જંગલોનો નાસ ઘણોખરો આગથી થાયેછે. એ આગ ઝાડોની ડાલ એક બીજા સાથે જોરથી ઘસાયાથી સલગી ઊઠેછે અને જઠાબંધ ઝાડોનો નાંસ કરી નાંખેછે. તેમજ જગલી ભામતા લોકો આવાં જંગલો સલગાવી દેઈજગા સાફ કરી અનાજ વાવેછે અને પાક થયા પછે તે લેઇ બીજાં જંગલોમાં રોપણી કરવા જાયેછે.

યુરોપમાં આ રોપાને ઊગાડવાની તજવીજ કરવામાં આવી હતી પણ તાંહાંની જગા સીતલ હોવાને લીધે તે પાર પડી નહી.

આ લાકડું જે આપણાં એશીયાખંડની દોલત તેનેથી કેટલાં કાંમ પાર ઊતાડીયે છેયે. વાંવાણો બાંધી દેશદેશની પેદાયશ અરસ પરસ ખેંચી લેય છેયે. માહાભારત દેહરાં મેહલ તથા બગીચાઓ બાંધી પાછલી ઓલાદને માટે આપણી નીશાંની મેલી જઈયેછ અને મનવારો બાંધી દુસમનોનાં હવાની તથા ગોલાની જરાએ દરકાર કરવા વગર તેની ઊપર ચાંખી ફતે મેલવીયેછે.


## શોગનો પોશાક.

દુનીયાના દરએક દેશમાં મોહોતને વખતે ગંમગીની અને શોગને ખાતર જુદા જુદા રંગનો પોશાક પેહરવામાં આવેછે. ઇટાલીમાં એક વખત સ્રીઓ સફેદ પોશાકમાં શોગ રાખતાં હતાં, અને મરદોનો પોશાક એ વખતે ભુરા અને ઘંઊના રંગનો હતો. ચીનમાં એ પરસંગે સફેદ પોશાક પેહરેછે. તુરકસથાન, સીરીયા અને આરમીનીયામાં આકાસને મલતો આસમાંની રંગ, અને ઈજીપત અથવા મીસર દેશમાં પીલો અથવા કરમાઈ ગયેલાં પાંતરાંના રંગનો પોશાક શોગની નીશાંની દાખલ પેહરેછે. ઈથીયોપીયન હબસીઓ રાખના જેવા રંગનો અને યુરોપના રેહવાસીઓ કાલા રંગનો પોશાક એ વખતને બેસતો સમજી પેહરેછે.

આ જુદી જુદી જાતનો રંગ ગંમગીની બતલાવા માટે પસંદ કરવામાં, દરએક જાતે કાંઈક સુચના અથવા અરથ પોતાના મતને મલતો રાખીયો હતો. સફેદ એ ચોખાઈ અને પવીતરાઈની નીશાંનછે; આસમાંની બલુ; એ મરણ પછે આપણે જે જગામાં જવાને પસંદ કરીયે છેયે તે બતલાવેછે; પીલો રંગ અથવા કરમાઈ ગયલાં પાતરાંનો રંગ બતલાવેછે, કે મોહોત એ માણસની આશાનો અંતછે અને માણસ પાંતરાંની પેઠે કરમાઈને પડેછે; રાખના જેવો રંગ જમીન જેમાં મુવેલાં માણસો રેહેછે તે બતલાવેછે, અને કાળો, એ જીંદગીની હસતી નાબુદ થયેલી બતલાવેછે, કેમકે જાંહાં હસતી હોતી નથી તાંહાં સંધું કાળુંછે.

શોગનો પોશાક એ ઊપરથી માલમ પડેછે કે દરએક નીઆત જાત વાળાઓ પોતાના વીચારને મળતો અને ચાલતા આવેલા રવઈયા મુજબ રાખેછે.

## રાની મરઘો.



વાહા ! શું સુંદર પક્ષીછે; તેનું કદ એક સાધારણ મરઘાના જેટલું છે, પણ જુવો તેની પુછડી; તે તેના બદનના કરતાં પાંચ છ ઘણી લાંબીછે. વળી તે પુછડી તપાસો; તેની ઊપર પુશકળ આડા પટા માલમ પડેછે. આ ચીતરમાં એ પક્ષીનો રંગ આપીયો નથી પણ તેના ખરા રંગનું બેયાન વાંચીને તમે અચરત થશો. તેના માથા ઊપર સફેદ પીછની માંજરછે અને

## સાગનું ઝાડ.

દરએક દેશ, ગાંમ અને ખંડની મોહોટાઈ તાંહાંની આબાદાંની ઊપર આધાર રાખેછે. જેમ એક જગા આબાદ હોય, તેમ તાંહાંનાં રેહવાસીઓનાં મનની હાલત પણ આબાદ હોયનો, પછે તે બખશેશની ખુબી પીછાંની શકાયેછે. કુદરત હમેશાં સંધે શમતોલ રાખેછે; એક દેશને, કીમતી પેદાસ ધાતુમાં આપી હોયતો બીજા દેશને વનસપતીમાં આપશે; તરીજાને ઊપયોગી જાંનવરોમાં આપશે; એ પરમાંણે એ છુટા હાથનો બખશનાર જુદી જુદી રીતથી સમતોલ રાખેછે.

યુરોપ તથા અમેરીકાખંડનાં લોકો પોતાનાં ઓક જાહાડથી એટલાંતો મગરૂરછે, કે તેની તારીફ અને સીફત તેઓની ઘણી ખરી ચોપડીમાં દીઠામાં આવેછે. તાંહાંનાં કવેસરો વટીકે સાહેરી જહનુનમાં આવીને તેની બેહદ સીફત ગાઇછે, તે એટલા સુધી કે દુનીયામાં હમારા ઓકની બરોબરી કીયું લાકડું કરી શકનારછે? આપણે એશીયાખંડનાં રેહવાસી તરીકે નમનતાઈથી જવાબ આપી, સરમાવીએ છેયે કે "સાહેબ, હમારું સાગલી લાકડું જેના ગુણ હમણાજ તમો પીછાનવા લાગાછો અને તે તમારાં ઓકની બરોબરી તો શું, પણ કેટલેક દરજ્જે સરસ માલમ પડીયુંછે."

સાગ એ ગરમ દેશનું ઝાડછે. એશીયાખંડના પરવતોની બાજુમાં તેમજ મેદાંનોમાં એ ઝાડના જંગલો લાગેલાંછે. ઘણું કરીને એ મલબાર કોસટે, તરાવનકોર, સીલાંન, જાવા અને પેગુ તથા મોલમીન ખાતે સરસ જાતીનું મલી આવેછે. એ ઝાડ કદમાં ઘણું ઊંચું અને સીધું, ગાંઠ વગરનું તેમજ ઘેરાવામાં પણ મોહોટું હોયેછે. એના પાંતરાં હીંદુઓ જે પતરાવલીમાં જમન ખાયેછે તેટલાં મોહટાં હોયેછે. એ ઝાડમાં એક ખાસ ગુણ એવોછે, કે જેથી બારીક જાંનવરો તેને બીજાં ઝાડોની પેઠે ખરાબ કરી શકતાં નથી. એના કદનું બીજું કોઈબી જાતનું લાકડું ચીવટ, મકંમ અને મજબુતપણામાં એની બરોબરી કરી શકતું નથી; અને એની ઊપર સેહલાઈથી સડો પણ લાગુ પડતો નથી. ટકાઊપણામાં પણ એની બરોબરીનું કોઈ લાકડું માલમ પડીયું નથી અને તેને વાસતે એવું કારણ જણાવીયુંછે કે એમાં તેલ જેવી ચીજ વધારે હોયેછે.

સંધા સાગ કાંઈ એકજ જાતીના મળી આવતાં નથી; પણ જેવી જગામાં તે ઊગેછે તે માંફક તેનામાં હેરફેર હોયેછે. નીચી અને પાંણી વાળી જગામાં જે સાગ ઊગેછે તેના લાકડાં હલકી જાતના માલમ પડીયાંછે. એ હલકાં લાકડાં ખબરાયેળાં, બારીક છીદરવાળાં અને વધારે છુટા સાકા અથવા રેસાદાર હોયછે. એવાં એક કીઊબીક ફુટ લાકડાંનું વજન સારી રીતે પકાવેયા પછે (૪૨) રતલ ગણેઆમાં આવેછે, પણ સુકી અને ઊંચી જગામાં ઊગેલાં સરસ સાગનો એટલોજ કટકો વજનમાં આસરે (૪૫ થીતે ૫૨) રતલ સુધી ઊતરેછે.

પેગુ ખાતેથી જેટલું સાગ આવેછે તે ટાંનગા અને ઈરાવદીના જંગલોમાંથી મળી આવેછે; પણ એ બેમાંથી ટાંનગા ખાતેનું લાકડું સરસછે, કેમકે એ જંગલની જગા ઊંચી અને સુકીછે, પણ ઈરાવદીની જગા હમેશાં પાંણીવાળી રેહેછે અને વરસના એક વખતમાં તાંહાં એટલુંતો પાંણી થાયેછે કે પાડી નાખેલાં ઝાડો તેમાં તરતાં થઈ જાયેછે.

બરમાંના લોકો સાગના તેમાં અકસર કરીને સીધાં કદના ઝાડોને ચીરા તથા ખોહ પાડેછે અને તે મધેથી વારનીસ અથવા તેલ કાહાડેછે; તેને તેઓ ઘણુંજ ઊતમ ગણેછે અને પોતાના દેહરાં અને મંદીરો રૂત તથા હવાની અસરથી ખરાબ નહી થઈ જાયે એટલા માટે એ વારનીસ લગાડેછે. આ મંદીરો ઘણું કરીને જમીનની અંદર દુખતાં બાંધેછે અને તેને માટે એ લોકો આ ચીરા પાડી તેલ કાહાડી લીધેલાં સાગ વાપડતા નથી પણ અખન વેચેછે; કેમકે તેઓ એવું માનેછે કે એકવાર તેલ કાહાડી લીધા પછે સાગ મજબુત અને ટકાઊ રેહતું નથી. આવી રીતે જમીનની અંદર બાંધેલાં દેહરાંના સાગલી લાકડાં એક સેંહકડા સુધી જેમના તેમ માલમ પડીયાંછે.

સાગના લાકડાંની જે ચાહીયે તે ચીજ બનેછે. ઘેર સંગારનો સામાન તેમજ ઘેરને ટેકવનાર થાંભ, ભાલ, ભારવતીયા તથા મોટાં મોટાં વાંહાંણો તથા મનવારો એ લાકડાંના બનેછે. જોકે વેલાતી વાંહાંણો ઓકના લાકડાંના બનેછે, તોબી વેલાતવાળાઓ વાહાણના કેટલાક ભાગોમાં સાગ વાપરેછે. સાગલી વાંહાંણો જે હીંદુસથાન ખાતે બંધાયાંછે તે એટલાંતો મજબુત અને ટકાઊ માલમ પડીયાંછે કે તરીસથી પચાસ વરસ

આમાં પરકાશતાં ગરેટ બરીટનના હીમંતવાન દીકરાએ એ, પોતાના જાંન માલની દરકાર ન કરવે, જારે નાઈલ નદીના મુળ વીશે શોધ કરવાને, દેશ નીકાલ થઈ, જંગલીઓના વનમાં ફરી, બલતા સુરીઅના તાપ હેઠલ તપી, અનેક જાતની હેનગારી અને ભુખમરો ભોગવી, તરેવાર યતન અમલમાં આંણીઆછે, તારે તમો શું એટલા બેદરકાર પણ થશો કે તે વીશે કંઇ પણ લખાય તે વાંચવાને જરૂર જેવું ન સમજો ? વાંચનાર, એવી બેપરવાઈ હવે આપણને ન છાજે. તારે સાંભલો, કે એક ઈંગરેજ મરદ અને તેની બાયડીએ નાઈલ નદીના મુળનો શોધ કરવાને શું જેહમત એંચીછે.

નાઈલ નદી, જેના નીરમળ પાણીની વખાણ તરેવાર મુસાફરો કરી ગયાછે, જેના આશીરવાદથી મીસર તથા હબસીના દેશ ફળવંત અને તાજાં રેહછે; જેના પરતાપથી જોસેફ પોતાના ભાઈબંદુ અને જાત ભાઈઓ, જે દુકાળના મારીઆ નાહસી આવીઆ હતા, તેઓને પુરતું ખાણું આપી શકીઓ હતો; જેના ધોધ માઇલોના માઇલથી પડતા સંભલાયછે; અને જે હજારો વરસ થયાં દુનીઆમાં જાણીતીછે; તેનુ મુળ હજુ સુધી અજાણીઉં રહીઉં હતું, અને તેના સોધનું માન ગરેટ બરીટનના તરણ સપુત, નામે "સપીક", "ગરાંટ" અને "બેકર" ને મલીઉં છે. આફરીકાનો મોટો ભાગ હજુર આપણને અજાણીઓ છે, તીઆંનાં લોકોની વસતી, તેઓના રેવાજ, તેઓની ચાલચલણ હજુર આપણને માલમ નથી પડી. પણ આગલ જેટલો ભાગ જાણીતો હતો, તેના કરતાં "સપીક," "ગરાંટ" અને "બેકર" ની હીમત, સબુરી, અને હેનગારીથી ઘણો વધારે અજવાલાંમા આવીઓ છે.

હાલ તરત અમે બેકરની મુસાફરીનો ટુક હેવાલ આપવા માંગીએ છેઈએ; કારણ તેની બાયડી કેવી બાહદુરીથી, જંગલી દેશના જંગલમા, પોતાના ધણીની બાજુ રહી, તેના દુઃખ અને સુખનો સરખો ભાગ લેવાને તઈઆર થઈ હતી, તે "સ્ત્રી બોધ" ના વાંચનારને વધારે જાણવા જોગ થઈ પડશે.

બેકર પોતાની બાયડીને લઇને ઈ૦ સ૦ ૧૮૬૧ માં મુસાફરી કરવા નીકલીઓ. એ વખતે ગરાંટ અને સપીક આફરીકામાજ હતા. તીઆં તેઓને જો બનેતો મદદ આપવાને તેની ઈચ્છા હતી. તે લખેછે કે "નાઈલ નદીના મુળનો શોધ કરનાર, ઘણાઓ હીમતવાન છતાં, નીશફલ થઈ પાછા આવીઆ હતા, તેથી મારા વીચાર તે વીશે છાપી જાહેર કરવાની મેં મોટાઈ ન લેવા માંગી; પણ મારા દીલમાંતો નીશચયજ કીધો હતો, કે એ બીકટ કોશેસમાં ફતેહ પામવું ઈઆ મરવું. જુવાનપણમાંથી ગરમ દેશોનાં જંગલમાં શેકાર કરવાનો મારામા સોખ હતો, તેથી બધી જાતની થાક તથા દુઃખ સેહવાને શીખીઓ હતો. અને જીઆરે મેં આફરીકાના નકાશા ઉપર નજર ફેરવી, તારે મારા મનમાં આશા ઉતપન થઇ, કે જે પરમાંણે એક કીડો ગમે તેવાં કડણ અને ટકાઉ લાંકડાને કોતરીને રસતો કરે છે, તેજ પરમાણે મેહનત અને સબુરીથી હું પણ આફરીકાના મધીઅ ભાગમા પેસારો કરૂં."

બેકર, આગે મજબુત, જાતે સવતંતર, તથા જંગલીઓની રીતભાંતથી વાકેફ હતો; એટલુંજ નહી, પણ પોતાની પાશે પઈસા હતા તથા વખત હતો, જેઓનો ઉપીઓગ પોતાની ધારણા પછવાડે કરવાને તેણે વીચારીઉં હતું. એપરીલ ૧૮૬૧ માં પોતાની બાયડી સાથે કેરોથી તે નીકલીઓ. બેરબર આવીઆ પછી, તેને માલમ પડીઉં, કે આરબ લોકોની ભાશા તેને શીખીઆ વીના ચાલે નહી. તેથી તીઆં એક વરસ સુધી રહી, તેનો અભીઆશ કીધો અને તેજ વખતે વલી નાઈલ નદીમા અબસીના દેશમાંથી જે સાખાઓ આવી મલેછે, તેની શોધ કીધી. બરાબર એક વરસ પછી એ ખારટુમમાં આવી પોંહચીઓ. તીઆં પોતાની સાથે ૪૫ હથીઆરવાલાં માણસો, ૪૦ ખલાસીઓ અને બીજા ચાકરો મલી ૯૬ માણસોનો કાફલો લીધો. ગોનદોકોરો પોંહચવાને ૫૦ દીવસનો રસતો હતો; પણ ખલાસીઓને તીઆંથી પાછુ ફરવું હતું, તેથી ચાર મહીના ચાલે એટલી ખોરાકી સાથે લીધી હતી. ૨૧ ગધેડા, ૪ ઘોડા, ૪૦૦ બુશલ અનાજ, મણી, ચીરણ, પીતલના તાર અને એવીજ બીજી ચીજો સાથે રાખી હતી. એ બધું તરણ વાહણમાં ભરી કુચ કરવામાં આવી.

છ અઠવાડીઆં શુધી એઓએ નદીમાં મુસાફરી કીધી, એ બધો વખત એઓ વેરાન અને જંગલ શીવાએ બીજું કાંઇ જોવા પામીઆ નહી. બેકર કેહછે કે એ આખી જગા જાણે "ડાંસોનુ બેહસત અને આદમીનુ દોજખ" હોય તેવું લાગતું હતું. ગોનદોકોરો આવી પોંહચીઆ પછી બેકરના ૪૫) માણસો બલવો કરવાના ચીનહો દેખાડવા લાગીઆં. બેકરે અને તેની બાયડીએ એક વખત તો ટંટો થતો અટકાવીઓ, અને તારપછી તેઓ હાથીદાંતના વેપારીઓના કાફલાઓની ગોનદોકોરોમાં વાટ જોતાં હતાં; તેવાંમાં તેઓને ખબર મલી, કે તેવો એક કાફલો તે ગાંમમાં આવી પોંહચીઓ હતો, અને તેની સાથે બે ગોરાં માણસો હતાં. બેકર તેથી ઉલટથી તેઓને લેવાને દોડીઓ અને જોએઓ તો પેલા બે ગોરા માણસો "સપીક" અને "ગરાંટ" હતા. જેથી તેઓમાં અતીશય આનંદ ઉતપન થયો, અને વધારે એમ થયો, કે તેઓ નાઈલ નદીનુ મુલ એક તલાવમાં છે એવો શોધ કરી પાછા ફરીઆ હતા. એ તલાવનુ નામ તેઓએ "વીકટોરીઆ નયાનઝા" આપીઉં હતું. પણ જારે નાઈલ નદીનુ મુલ હાથ લાગીઉં, તારે હવે બેકરને તાંહા જવાની રંજ શા મારે એંચવી જોઇએ ? બેકરને વાસતે હજુર કામ બાકી રહીઉં હતું સપીક અને ગરાંટે મોટી હેનગારીથી વીકટોરીઆ નયાનઝા, શોધીઆ પછી, પાછા ફરતી વખતે તેઓને માલમ પડીઉં કે નાઈલ બીજો પશ્ચીમ તરફ રસતો ધરેઓ હતો, તાંહા તેઓ થાક અને હેરાનગતીના મારેઆ જઈ શકીઆ નહી, માટે તેઓએ બેકરને જવા કહેઉં કે જેથી નાઈલ નદીના મુલ વીશે જે શક રહેઓ હતો, તે દુર થાય. સપીકે બેકરને કએ રસતે અને કેમ જવું, કીઆં ઠેકાણુ કરવું, કેવા માણસોની સાથે તેને કામ પડશે, તે બધું સમજાવીઉં અને થોડા દીવસ સાથે રહેઆ પછી તેઓ છુટા પડીઆ.

બેકરે એક તુરકી વેપારીના કાફલા સાથે જવાનો બંદોબસ્ત કીધો. એક બાજુ તે એવો બંદોબસત કરતો હતો, અને બીજી બાજુ તેના માણસો તેને મારી નાખી લુટી લેવાનો મનસુબો કરતાં હતાં. તેના પંદર હથીઆરવાળાં માણસો તેની સામે થયાં; તેઓને જેર કરવાને માતર તે પોતે, તેની હીમતવાન બાયડી, એક નીમકહલાલ હબસી, અને એક વફાદાર ચાકર શીવાએ બીજું કોઈ મદદે આવીઉં નહી. તોપણ બેકર તેઓપર ફાવી શકીઓ અને પછી તેઓને ચાકરીથી બરતરફ કીધા. એજ વખતે પેલો તુરકી વેપારી બેકરને મુકી આગલ ચાલતો થયો.

બેકરે બીજા વેપારી સાથે જવાનો બંદોબસત કરવાની ખુશી દેખાડી, પણ તે કાફલાએ પણ તેને સાથે લેવાને ના પાડી, બેકરને તેથી મોટી ચીંતા આવી પડી. હવે કરવું શું ? તે કેહેછે કે "અમે નીરાશ થઈ ગયાં; આટલી મેહનત અને ખરચથી કરેલી મુસાફરીની ગોઠવણ નકામી થઇ પડી હતી, જેઓને મારો તથા સામાનનો બચાવ કરવાને રાખીઆ હતા, તેઓજ મારી સામને થયા, એટલુંજ નહી, મારાંજ માણસો મારૂં ખુન કરવાને ગોઠવણ કરતા હતા. મારે પોતાને વાસતે મને ઘણી ફીકર ન હતી; પણ મારી ધણીઆણી મારી સાથે હતી, તે વીશે મને અતીશય ચીનતા હતી. મારાં મરણ પછી તેણીનુ આ જંગલીઓ વચે શું થશે, તેનો વીચાર માતર કરતાં મારાં દીલમાં કમકમાટ અને કાંટા ભોકાતા હતા. મારી બાયડીને પણ મારા જેવાજ વીચાર આવતા હતા; પણ તેણીએ મારી કોશેસમાં મેં ફતેહ પામવાનો ઠરાવ જોઈ, કોઈ પણ વખતે મને પાછો ફરવાની સલાહ ન આપી હતી." આખરે બેકરને પેલાં બલવાખોર માણસો સાથે લેવાની જરૂર પડી, અને ધણી ધણીઆણી માતર એક વીસવાશુ અબસી તથા એક વફાદાર છોકરા શીવાએ બાકીના ફીતુરી લોકની સાથે આગલ વધીઆં.

તરણ ચાર દીવસની કુચ પછી, ઈલીરીઆમા તેઓ આવી પોંહચીઆં; તાર પછી આગલ વધવું કેમ, તેનો વીચાર પડીઓ, તેઓને ભોમીઆની જરૂર હતી, પણ તેઓના પોતાના માણસોતો એવીજ તક જોતાં હતાં, કે કીઆરે લાગ ફાવે કે કોઈ જંગલમાં તેઓને એખલાં નાંખી અથવા મારી નાંખી રસતો કાપે. આખેર પેલા વેપારીનો કાફલો જે તેઓની પછવાડે આવી લાગો તેને ફરીથી અરજ કરવાને બેકરની બાયડીએ તેને કહીઉં; પણ બેકર નીચું લાગશે એમ સમજી કંઈ ન બોલીઓ, તેથી પેલી હીમતવાન સ્ત્રીએ પોતે પેલા વેપારીને બોલાવીઓ, અને તરેવાર ભેટ અને મીઠી વાતોથી તેને સમજાવીઓ. આ કાફલા સાથે સમજુતી થવાથી, બેકર તેઓની સાથે કુચ કરવાને તઇઆર થયો, પણ તેના માણસો સામે થયાં, તેઓમાનો એક જે આગેવાની કરતો હતો, તે બંદુક લઈ બેકરની સાંમે આવી ઉભો, અને તેનો હોકમ માનવાને સાફ ના પાડીઉં, અને બધાં માણસો થંભ થઈને તેની પછવાડે ઉભાં. બેકરે જોયું કે આએ વખત જીવવાનો કે મરવાનો હતો, તેથી એકદમ જઈને પેલા આગેવાનને એવોતો જપાટો લગાવીઓ કે તે બેશુધ થઈ પડીઓ, અને તેના હાથમાની બંદુક દુર જઈ પડી. તાર પછી બીજાં માણસોપર જેવો તે દોડેછે, તેવાંજ તેઓ તરતજ કામે વલગીઆં અને એકવાર ફરીથી કુચ કરવાની તઈઆરી કીધી. તેઓ રસતામા કેટલીક અડચણ ભોગવી, લટુકા દેશમા આવી પોંહચીઆ. એ દેશ ગોનદોકોરોથી ૧૦૦) માઈલ દુર છે, અહીઆં છ અથવાડીઆં સુધી પોતાની સાથના કાફલાને લીધે રેહવું પડીઉં. હીઆં એક જંગલી સરદાર નામે "કોમરેરો" સાથ તેને ઓલખાણ થઈ. તે જીવ શું ચીજછે, તે સમજતો નહી હતો, તે પુછતો હતો કે "મોહત પછી તે જીવતર કેવું હોય ? શું મુએલું માણસ ઘોરમાંથી અપોતી મેલે કદી નીકલી શકે ?" તે કેહેતો કે "બધાં સારાં અને ખરાબ માણસો એકસરખાં મરેછે; ઘણાખરાં બધાં લોક ખરાબ હોયછે; તેઓ જો જોરાવર હોયછે, તો નાતવાનપર ફાવી શકેછે, સારાં માણસો બધાં નાતવાન હોયછે, તેઓ સારાં હોયછે, કારણ તેઓ જોરાવર માણસોપર ફાવી શકતાં નથી !" એ સરદારની બેહન હતી તેણીએ મીસીસ બેકરને ભલામણ કીધી કે "જો તે નીમલા જડબાંના આગલ દેખાતા ચાર દાંત પડાવી નખાવે, બાલને લાલ રંગ આપે અને નીમલા હોટમા નાકું પાડી, મોટા સુઈઆ જેવી નથ પેહરે તો તેણીની ખુબસુરતી વધેઆ વીના રેહ નહી !"

લટુકામાંથી એબો તરફ કુચ કીધા પછી, તીઆં એક "કાચીબા" નામના સરદાર સાથે ઓલખાણ થઈ. લોકો તેની પાસે વરસાદ માંગતાં હતાં, અને તે જાણે વરસાદ ખરેખર આપતો હોય તેવો દાવો કરતો હતો. લોકો એને તરેવાર ભેટ આપતાં હતાં, અને એના ઉપર પકો ભરોશો રાખતાં હતાં; કોઇ વખતે જો વરસાદ નહી આવતો, તો તેઓ બધાં એની પાસે જઈ અરજ કરતાં અને જાણે તેજ અટકાવતો હોય તેમ તેને નજરાણું આપી સમજાવતાં હતાં. ઓબોમા એઓને ચોમાસું કાહડવું પડીઉં, એ જગા વરસાદને લીધે એવીતો સરદ મારી ગઈ હતી, કે બેકર પોતે તાવથી હેરાન થવા લાગો, તેનું બધું જોર જતું રહીઉં અને રાત અને દાહડો ફીકરમાં પડીઓ, કે રખેને હું મરૂં અને મારી બાયડી આ જંગલીઓના હાથમાં આવી પડે.

એવી હેરાનગતી પછી, જાનેવારીમાં તેઓએ પાછી કુચ કરવા માંડી, પણ તેટલા વખતમાં તેનો સરનજામ બધો કમી થયો હતો અને આખેર તેઓને એક બલદની પીઠપર મુસાફરી કરવી પડી. રસતામાં તેઓના કેટલાક હલકરીઓ તેઓની જરૂરીઆતનો સામન હતો, તે પણ લઈ નાહસી ગયા. એવી હાલતમાં તેઓ કામરાસીના રાજમાં આવી પોંહચીઆ. હીઆંથી બેકરને નાઈલનુ મુળ શોધવાની ફરજ પડી, કાંએકે સપીકે એ બાજુપર તપાસ ન કીધી હતી. કામરાસી તરેવાર રીતે બેકરની શોધમાં અડચણ નાખવા લાગીઓ, અને કેટલુંક શુધી તેને પોતાના રાજમાં રેહવાની ફરજ પાડી. તીઆં બેઉ બેકર અને મીસીસ બેકર તાવથી હેરાન થવા લાગાં; એથી તેઓની તંદરોસતી ઘણીજ બીગડી અને તદન નાતવાન થઈ ગયાં. તારપછી થોડુંક રહીને કામરાસીની કેટલીક આજીજી કીધાથી, તેણે મદદ કરવાને કહીઉં, તે એટલા શુધી કે તેણે પોતાના માણસોને જેની શોધ બેકર કરતો હતો, તે દેખાડવાને મોકલવાની ગોઠવણ કરવાને ખુશી દેખાડી. એક

ર કહેછે કે "હવે મેં કામરાસીની કુચ કરવાને રજા માંગી, તેણે થંડે પેરે જવાબ દીધો કે 'હું મારી કબુલાત પરમાણે તમને તે તલાવ દેખાડવાને તથા "શુહા" મોકલું, પણ તમે તમારી બાયડીને મારી આગલ મુકી જવી જોઈએ!' મને માલમ પડીઉં કે કામરાસી દગો રમેછે; માટે મેં તેની નજદીક બંદુક ધરી અને કહીઉં કે જો તું એમ ફરીથી બોલશે તો આએ બંદુકથી તારો જાત લેવશ અને તારાં માણસો કદી પણ તારો બંચાવ કરી શકશે નહી. મારી બાયડીને પણ ગુસસો લાગો, તેથી તેણે ઉઠીને અરબીમાં મોટુ ભાશાણ કીધું. કામરાસી ઘભરાયો અને બોલીઓ કે 'ગુસસે ના થાઓ. મારી મરજી તમને દુખ આપવાની ન હતી; તમને જોઈએ તો મારી બાયડીઓમાની એક બાયડી આપું, તેમજ મેં ધારીઉં કે તમે તમારી મને આપવાને કંઈ અડચણ જેવું જોશો નહી ! મારો તો એવો ચાલછે કે મારી ભેટ કરનારને સારી સારી બાયડીઓ આપવી, અને હું સમજીઓ કે તમેબી તેમ કરશો ! ચાલો, નહીતો એટલી ગડબડ ના કરો. હું ફરીથી એવી શે બોલનાર નથી."

બેકર પાછો આગલ વધીઓ. તેવામાં વલી બીજી વધારે આફત આવી પડી, બાહદુર મીસીસ બેકરને એકાએક લુ લાગી, તેથી બેસુધ થઈ પડી; તેણીને મુરદાંની માફક ખાટલાપર નાખી મંજલ કરવી પડી; આખો દીવસ બેકર તેણીની પહોસમાં રહી સાથે પગે મંજલ કાપતો; અને આખી રાત જાગી તેણીની પહોસમાં ચોકી કરતો, તે પોતે આગે ધણોજ નખાઈ ગયો હતો; તોએ સાત દીવસ રાત અને દાહડો ઉજાગરો અને થાક ભોગવી, એ બધો વખત મીસીસ બેકર વગર બોલવે કે ચાલવે બેસુધ પડી રહી, આખરે બેકરે પોતાની હીમતવાન અને ખરેખરા દુ:ખ સુખના સાથીની આશા છોડી. એક સાંજના એક ગામડાંમાં જઈ પોંહચીઆં, તીઆં તેના માણસો પેલી ભલી સ્ત્રીની ઘોર ખોદવા મંડીઆ. તેજ રાતના બેકર ઉજાગરા અને થાકથી ખુદરતની સાંમે નહી થઈ શકીઓ, તે ઉંઘમાં પડીઓ, જારે જાગરૂત થયો, તારે ઝટકીને ઉઠીઓ અને મનમા પસતાવા લાગો, કે જારે તે એમ આશાએસ ભોગવતો હતો, તેવામાં તેની ધણીઆંણીનો પરાણ ગયો હશે, પણ તે કેહે છે કે "જારે જરા પણ આશા ન રહી હતી, તારે ખોદાએ ઈઆરી આપી. તે વખતનો ઉપકાર મારાં દીલમાં કેવો વશીઓ તેનું બયાન મારીથી થઈ શકતું નથી." મીસીસ બેકર એક અઠવાડીઉં ઉપર બેસુધ પડી રહેઆ પછી, પાછી સુધીમાં આવી હતી.

આવી રીતના બંચાવ પછી, તેઓ તરણ દીવસની મંજલ કાપી રહેઆ પછી, જેની શોધમાં ગયાં હતાં, તે નજરે પડીઉં. જે નાઈલનું બીજું મુળ બાકી રહીઉં હતું, તે "લુટાંઝીજ" નામના તલાવમાં હતું. તે તલાવ આગલ જઈ પોંહચીઆથી મીસતર અને મીસીસ બેકરને અતીશય આનંદ ઉતપન થયો.

એ વખતના ઉતપન થતા વીચારનું રંગીન બયાન બેકર આપેછે; પણ અમે દલગીર છઈએ કે તે તથા બીજી કેટલીએક જાણવા જોગ ગુજરેલી બીના તથા આફત તથા નાઈલને લગતી ભુગોલની તવારીખ, લંબાણ થવાને લીધે, અમને મેલી દેવી પડીછે.

એવાં જંગલ અને જંગલીઓમાં પોતાના જાનની દરકાર ન કરવે, એક માણસ હીમત ચલાવે તેથી આપણે હેરત પાંમીઆ વીના ન રહીએ, તો એક સ્ત્રી તેવી રંજમાં પોતાના ધણીની બાજુ રેહવાની બાહદુરી દેખડાવે, તારે તો આપણે શું કહીએ ! ખરેખર ધનીઅ હોજો એવા ઈંગલંડના દીકરાને ! પણ વધારે ધનીઅ હોજો તે દીકરીને, કે જે પોતાના ધણીની સાથ તન, મન અને ધનની દરકાર ન કરવે, સરખો દુઃખ અને સુખનો ભાગ લેવાને તઈઆર હોએ !!

## એક મરણ પાંમેલાં આદમીનો પેગામ.

જે શખસ અઝાનમાં મરણ પાંમીઓ, તેની એ લખેલો પેગામ પોતાના દોસત આસનાવને દીલાસો દેવાને મોકલેછે.

એકીનદાર દોસતો ! મારૂં શરીર ફીકું, થંડુંગાર અને જડ થઈ પડીઊંછે, તે હું જાણુંછું તમે તેને કહોછો, કે "અબદુલા મરણ પાંમીઓ છે !" તેના માંથાં અને પગ આગલ તમો રડોછો, તમારા પડતાં આંસુ હું જોઊંછું, તમારી હાએ અફસોસ અને દુવા બંદગી સાંભલુંછું, તોએ મને હસવુ આવેછે, અને હવાની લેહકીમા આએ રીતે બોલુંછું, "જે ચીજને તમે બોશો દેઓછો, તે કંઈ હું નથી, તમારી ગમગીની બંધ કરો, અને પેલી ચીજને પડી રેહવા દેઓ, તે ચીજ એક વખત મારી હતી, પણ હાલ તે કંઈ હું નથી !"

મેહરબાન દોસતો ! જે ચીજને ઓરતો નહવાડી ધોવાડીને ઘોરના છેલાં બીછાનાને વાસતે તઈઆર કરેછે, તે માતર એક ઝુપડી હતી, કે જેને હમણા હું તજુંછું; તે એક પોસાક હતો, કે જે હવે મુને છાજતો નથી; તે એક પીંજરૂં હતું, જેમાંથી એક પક્ષીની માફક મારૂં રૂહુ ઊડી ગયુંછે. ઝુપડાંને શું કરવા ચાહો છો ? તેમાંના વશનારને ચાહો; પોસાકને શું કરવા ચાહોછો ? તેના પેહરનારને ચાહો. પીંજરૂં, જે ઓકાબને કેદી કરી, ખુબસુરત સેતારાથી દુર રાખેછે, તેને શા માટે ચાહોછો ? ઓકાબના દીલપસંદ પીછાંના ઝલકાટને ચાહો.

દીલદાર દોસતો ! દાહાપણ ધરો, અને તરતજ રડતી આંખોને નુછીને સુકી કરો ! જે ચીજને તમે ગેહુનપર નાખી ઊંચકોછો, તેની ઊપર એક આંસુની જેરૂર નથી. એતો માતર દરીઆમાંની સીપછે,

કે જેમાંથી કીમતી મોતી ખરી પડીઊંછે. સીપ કંઈ
કામની નથી—તેને પડી રેહવા દો—મોતી—રૂહુ—
જે ખરેખર કીમતી હતું—તેતો હીંઆં છે! પેલુંતો એ
ક કાદવનું વાસણ છે, જેમાં ખોદાએ પોતાની તીજોરી
માંનું ઝવેર—મન—જે તેની ઊપર પેઆર રાખતું
હતું તે બંધ કીધું હતું. તેને પડી રેહવા દો! સુનાની
સાથની લપેટાએલી ધુલને ધુલ સાથે મલી જવાદો, જા
રે સુનું પોતે તેની તીજોરીમાં જાયછે તારે!

ખોદાવંદ ખોદા! નેક ખોદા! કીરતીવાન ખો
દા! તારી દુનીઆંની હવે સમજણ પડેછે! આગલ
જે ગેબી લાગતું હતું, તે હવે જાણીતું થયુંછે! તો એ ત
મો, બેઅકલી દોસતો, રડોછો, કે જે વખતે જેને તમે
સુએલો ગણો છો, તે શબદોથી નહી વખાણી શકાય તે
વાં સુખ સાથે જીવેછે અને તમને ચાહેછે. જે રોશ
નીથી તમે જુઓછો, તે રોશનીમાંથી હું ગુમતો થ
ચોધું ખરો, પણ જે રોશની તમે જોઈ શકતાં નથી,
તે રોશનીમાં હું જો હસતનું સુખ અને હમેશની જી
દગી ભોગવુંછું, અને એવી આસીરવાદથી ભરપુર જે
જીંદગી હું જોઊંછું, તે કંઈ માતર સપનો અથવા ક
લપના જેવી ચીજ નથી. તમે વીચારોછો, તેના ક
રતાં વધારે, ખરૂં ખાણું પીણું અમને મલેછે; ઝલકતાં
સુનેરી પીઆલાંમાંથી અમે મદીરા પીજીએછે અને
ખોદાના બનાવેલા ખોરાકનો નાસતો કરીએછે; પણ
તે મદીરા અને ખાણું બંને એકજ જગામાંથી નીકલેછે
અને તે બેહસતનુ નીતરૂં દુધ કેહવાયછે. હું બોલુછું
તે જો તમે સાંભલતાં હોવ; તો તેના માયનાની તમને જ
રાએ સમજણ પડેછે કે નહી? હું જે બોલુંછું તે એક
અથવા બેને વાસતે; બીજાઓ પણ જલદીથી શીખસે.

આબાદ હોજો દોસતો! હું તમારા ચેહરાથી
એક કદમ દુર ગયોછું, કે જે એક પલનો રસતોછે, જી
યાં હુંછું, તીયાં જારે તમે આવશો, તારે તમે પણ અ
જાએબ થશો, કે તમે શા મારે રડતાં હતાં. તે વખતે
ખરી રોશનીના પરકાશથી તમે જોસો કે સરવે ચીજ
હીઆં છે અને તીઆંતો કાંઈજ નથી. જો તમા
રી ખુશી હોય, તો હજુ પણ રડો—પણ તડકાં પછી
શીરૂં છેજ—મારે મોહોતને વાસતે ના રડો; કારણ
મોહત એટલે શું, તે હવે હું સમજુંછું. મોહત એક દમ
લેવાની હવા છે, કે જેથી આપણા રૂહુને સઊથી સર
સ જીંદગી, જે અમર છે, તે મલેછે.

ખાતર જમા રાખજો! કે ખોદાની દરગાહમાં
થી સરવે ચીજ પરીતી ભરેલી દેખાયછે. ઊમેદ મ
જબુત ધરજો, અને તમારાં ઘર આગલ હીમતથી આ
વજો. એ ઘરના સુખાકારી ભરેલા દરવાજામાંથી, હું
તમને, આદમી દાખલ નહી, પણ પીંજરાંમાંથી નાહસી
જવાની તજવીજ કરતાં રૂહુ દાખલ જોઊંછું, કે જે રૂહુ
આખરે એવાંતો ખુશ આરામમાં આવી પડશે કે જે
ની વખાણ કદી થઈ શકે નહી. ખોદાવંદ ખોદા! ખો
દા તારા શીવાએ બીજો કોઈ ખોદા નથી! તુંજ ખો
દા! તુંજ હંમેશનો ખોદા!

જે ધણી આગ્નાનમાં મરણ પાંમીઓ, તેણે
ઊપલો સંદેસો તેની કબર કરનારને આપીઓ હતો.

---

## પરચુટણ.

ચોરીના અનીઆવ ઉપરથી એક નીરદોશ છોક
રી ફાંસી ગઈ—ગુનેગારોને સજા કરવામાં કેટલી સાઉચે
તી વાપરવી જોઇએ તે નીચે આપેલા દાખલા ઉપરથી મા
લમ પડી આવશે.

પેરીસ સેહેરના એક ઘરમાથી વારેઘડીએ પઇસા ચો
રાએ પણ તેનો કસસો પતતો લાગે નહી. તે ઘરમાં એક
કુટુંબ વસતુ હતુ અને તે કુટુંબમાં એક છોકરી ચાકરડી દા
ખલ કામ કરતી હતી. શક ગીઆ ઉપરથી તે છોકરીની
પેટી કે જેની કુચી પણ તે પોતેજ રાખતી હતી તે પેટી એ
ક દીવસે ઉઘાડી જોઈ. તેમાંથી ચોરાએલા પઇસા મલી
આવીઆ, તે ઉપરથી પેલી છોકરીની તપાસ થાઈ. તે
બીચારી નીરદોશ હતી, તને જાહેર કીધું કે તે બેગુનાહ
છે, તોપણ તેનાં ઉપર ગુનાહ સાબેત થાએઓ અને તે વ
ખતના રવઇઆ પરમાણે તેને મોતની સજા કરવાનો હો
કમ થએઓ—છેલે તેને ફાંસી પણ દીધી.

એટલુ થએઆ બાદબી પેલાં ઘેરમાં આગલનીજ મુ
વાફેક ચોરીતો થવાજ લાગી! ફરી ફરીને પેલી પેટી ઉઘા
ડીને જોઇતો ચોરાએલા પઇસાબી તેમાંજ આવીને પડે
લા! તે ઉપરથી વધારે શક ગીઓ અને વધારે તલાસ રા
ખી. છેલે એક દીવસે એવુ માલમ પડીઉ કે તે ઘેરમાં એ
ક પાલેલો કાગડો હતો તે પઇસા ચોરી ચોરીને પેટીની બા
જુએ એક ભોંક હતું તેમાંથી પેટીમાં નાખતો હતો. આ
એ બનાવ એક આદમીએ પોતાની નજરે જોએઓ, અ
ને સરવેની ખાતરી કરી આપી કે પેલી બીચારી દાસી
જે ચોરીના અનીઆવને મારે ફાંસી ગઈ તે, તે અનીઆવ
થી બીલકુલ નીરદોશ હતી.

---

રાંણી આનનાં રાજમાં મોહટાં અને માતબર ખાં
નદાંનોની રીઓમાં એક એવો રેવાજ ચાલુ હતો કે કોઈ
બી ખબર અંતર પુછેતો તેવો તંનદરોસતી ભરેલાં નથી એ

વો હમેશાં જવાબ આપતાં. આ રસમને સીબર નાંમનાં એક ગરંથકારે "ઓજારી સ્રીઓનો ઉપાય" એવે નાંમનાં એલમાં ધીકારી અતીસએ હશી કાહાડીછે.

મારલબરો અમીરની બાએડી આ બાબદમાં એટલીતો ચરી ગઈ હતી કે પોતે જારે બાહેર મુસાફરી કરવા જાયે અને વાતમાં જે "હાટેલ" અથવા જગામાં વાસો કરે તાંહાં રસતામાં સંધે ઘાંસ પંથરાવે કે ગાડી ઘોડાનાં ખખરાટથી હેરાંન નહી થાયે. અને જાંહાં લશકરી ખાતુ હોયે તાંહાંનાં વડાને લખીને વાજું વજાડવાનુ બંધ કરાવે!!!

આપણાં કેટલાંક માંતબરોની બાએડીઓમાં ચીબાં થવાની એક જુદીજ રીતછે, તે એકે રૂમાલની બે આંગલ પોહોલી પટી કરીને કપાલ ઉપર બાંધવી!!

---

રંગ તથા વારનીસ લગાડેલી ચીજનશો ઉપર જો દાગ પડીઆ હોયતો કલોરોફોરમની દવાઇ લગાડેઆથી તે સાફ થઇ જાયેછે.

---

ચીઠરાંને ઠેકાંણે કાગલ બનાવવામાં હાલ બાંમણુ વાપડવા માંડીયોછે અને તે પણ ચીઠરાનાં જેવીજ ગરજ સારેછે.

---

યુનાની ફીલશુફોની કેહેવતો—સઘલામાં પુખત વીચાર જોઇયે. સુપકીદી સારી ચીજછે. આબાદાનીમા મધીયમ અને ખરાબ અવસથામાં દાહાપણથી રેહેજે. મા બાપનો લાયક પુતર થવાને ખંતી રેહેજે. જેમ આબાદાનીમાં તેમ આફતમા તારા દોસતો તરફ એકજ રીતે ચાલજે. તારો વચન હમેશાં પાલજે. કોઈની છુપી વાત ઉઘાડી પાડતોના. તારૂં કમનસીબ લોકોથી છુપાવજે કે તેથી તારા દોસતદાર કોઈ કાલે તુંને ઈયાદ નહી દેવરાવે.

(પેરીઆનડર.)

---

વેલાતની પોસટ આફીસના ૧૮૬૫ ના વારસીક રીપોરટ ઉપરથી માલમ પડેછે કે ૭૨૦૪૬૦૦૦૦ કાગલ અથવા લાખોટા, ૯૭૨૫૦૦૦૦ ચોપડીઓ અને વરતમાન પતરો અને ૧૨૮૦૦૦૦ તરેવાર જાતના નમુનાઓ મલી જુમલે ૮૧ કરોર ૮૯ લાખ ૯૦ હજાર ચીજો પોસટ આફીસની મારફતે પસાર થઈ હતી. ઈ. સ. ૧૮૬૪ ના વરસના કરતાં ૧૮૬૫ માં ૪ કરોર ૧૦ લાખ કાગલો વધારે થયાં હતા, અને ૧૮૬૩ ના કરતાં ૧૮૬૪ માં ૩ કરોર ૬૦ લાખ વધારે હતાં. ૧૮૬૫ માની કાગલની મોટી રકમમાંથી ૩૫૧૮૦૮૦ કાગલ પાછાં ફરેઆં હતાં. ૧૨૦૦૦) કાગલો તો વગર સરનામે પોસટમા નાખવામાં આવીઆં હતાં; તેમાથી ૨૯૮ માં રોકડ નાણુ, નોટ, હુંડી તથા ચેક મલીને રૂપીઆ ૩૭૦૦૦ મલીઆ હતા. પોસટ આફીસની નકી પેદાસ એ વરસમા રૂ૧૫૦૦૦૦૦૦) દોડ કરોરની હતી.

## રમુજે ફુરસત.

૧ લું—૧, હું આખી દુનીયામાં વસુછું અને સઘળા લોકો મને ઓલખેછે. ૨, હું નથી મરદ કે ઓરત, પણ જનમતી વખતે મારો દેખાવ ઘણો કઠોર રેહેછે, અને ૩, જનમીયા પછે હું તરેહવાર અવતાર લેઉછું. ૪, હું કદમાં ઘણો મોહોટોછુ, પણ રેતીના દાણા જેટલો બારીક પણ થઈ જાઉછું. ૫, હું દરીયામાં વગર અડચણે તરી જાઉંછું, અને ૬, જારે મારા બે હાથ લાંબા કરૂંછુ તારે આખી દુનીયાને ઘેરી લેઉછું. ૭, જોકે મારામાં દંમ નથી, તોપણ હું જીફતા આતસને સજાગરૂ કરૂંછું. ૮, હું ઘરો બાધુછુ અને ૯, હુંજ તોડી પણ પાડુછું; અને ૧૦, જો માણસો સમજથી મારી મદદ માગેતો હું ઘરો તુટી પડતાં અટકાવુછું. ૧૧, હું માણસનો દોસત, તેમ દુસમન પણ છુ, અને જેમ સુખ બખસુંછું તેમ દુખી અને પાયામાળ કરૂછું. ૧૨, હું નાતવાનને કુવત આપુંછું, ૧૩, નહીતો તેવોના ઘેર ખોદુછું. ૧૪, હું દરીયા તથા નદી ઉપર મારા બે હાથના ટેકાથી લટકી રહુંછું. ૧૫, મારો બુઢાપો આવેછે ખરો—હું દુબલો થઇ જાઉછું—મારૂં આંગ ખબરાયલું થાયેછે પણ મને પાછો જુવાન થતાં વાર નથી લાગતો—એ સું ચીજછું તે કેહશો?

૨ જું—એક ગરહસથે એક સ્રી સાથે પરણવાનું માંગણું કીધું, તે ઉપરથી તે સ્રીએ તેને જવાબ લખીયો, તે આ પરમાણે હતો —

"મેહરબાન સાહેબ, હું તમારી પાસેથી કાંઇક ચાહુંછું—તે તમારી જોડે હોયજ નહી અને તેમ વીચારવુંનો બેહુંદું છે. જે હુ માગુછ તે કવચીતબી તમે માગો નહી—તે તમારી સાથે હતોબી નહી અને જીવસો તાંહા લગી તમારી જોહેથી તે કદી પણ મળનાર નથી, તોયે પણ જો તમે મને ચાહાતા હોવોતો મેરબાની કરીને મને એ આપો, કાંયેકે હું ખચીતછું કે તમે આપી શકશો."

૩ જું—એક ચીજ ચાલેછે પણ તેને પગ નથી, બોલેછે પણ વાછા નથી, સફેદછે તોબી કેટલીએકવાર કાળુંછે. તેનું બદન બીજોરી, સાફ, સુવાલું, અને ખુબસુરતછે તે જાંનવર નથી તેમ જાહાડ પાનબી નથી તોબી તેની ઉપર કાટા રેહેછે. ગરીબ અને નીરઅપરાધીછે, તોપણ મીજાજ જાયછે તારે બેહેકવામાં કાઇ જોતું નથી. એ ખાતું નથી પણ કોઈવાર ચાહે પીએછે તે કોણ તે કહો.

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—ઇંડાં—૩૦૧.—પાવળાનાં ૭ ઈંડાં લેખે.

૨ જું—૯૯$\frac{૯}{૯}$=૧૦૦ અપુરણાંકમાં $\frac{૯}{૯}$ આવી રીતે બે નવરા આવેછે તારે તે એક ગણાયેછે.

૩ જું—પેયાર (નાધલાં બાળકથી તે મોટાં માણસ સુધીમાં અરસપરસ પેયાર રેહેછે.)

## લાંચ વીશે રાગ સિંધુ.

લાંચમાં જેહની ચાંચ ખુંચે ખરી,
પાંચ † મહાપાપની આય આવે,
ચોરી કરતા હતા લોક જે ચાંચીઆ,
લાંચીઆ તેહની તુલ્ય કહાવે. લાંચમાં૦ ટેક.

લાંચ લેનારની લાજ નથી લોકમાં,
થાય ફિટકાર પોકાર પુંઠે;
લાંચ લેનારનું થાય બદનામ વળી,
લાંચ લેનારને દવ ઝુઠે. લાંચમાં૦ ૧

ચોરીને લાંચથી ભીખ જાણો ભલી,
જે વિશે પાપ નથી લાંચ જેવું;
પેટ ન ભરાય તો પાળીથી ફોડીએ,
કદી નહીં કીજીએ કામ એવું. લાંચમાં૦ ૨

આપીઆ હાથ, પગ, અકલ વળી ઈશ્વરે,
તો શું ભારે પડે પેટ ભરવું;
ધરમ રાખીને ધંધો રૂડો ધારવો,
લાંચ ચોરીથિ તો રૂડું મરવું. લાંચમાં૦ ૩

પાપ કરી પૂણ પૈસા કદી મેળવ્યા,
કોણ જાણે પછી કોણ ખાશે,
લાખ રસ્તે બધી લક્ષ્મિ લૂટાઈ જશે,
પાપ કરનાર પાપે પિડાશે. લાંચમાં૦ ૪

રળી રળી દ્રવ્ય શુભ મારગે વાપરે,
પૃથ્વિપર જેથકી કીર્તિ પામે,
જો તજે લાચ તો પામશે પુણ્યથી,
વગરૂ ધન વાવરયે સુજશ જામે. લાંચમાં૦ ૫

લોકની જે જનો લાંચ લેતા નથી,
અધિક વખણાયછે વાત એની,
લાંચીઆને કહે કોણ ? મુખ ઉપરે,
પાછળે નુછતા કહેછે તેની. લાંચમાં૦ ૬

છોકદી છેક છાની રિતે છાવરો,
લાંચીઆ, લોકની લાંચ ખાય,
છાવરી રાખતા છાની રહેતી નથી,
છાપરે ઉડતી વાત જાય. લાંચમાં૦ ૭

લાંચીઆ ચોરને ઘોર શિક્ષા કરો,
પુણ્યનૂ કામ પરમાર્થ એતો;
લાંચીઆ ઉપરે લાવે દિલમાં દયા,
તુચ્છ બુદ્ધી તણો પુરૂષ તેતો. લાંચમાં૦ ૮

દેશમાં સર્વનં સારૂં જો ચાહો તો,
લાંચીઆ ચોરનાં મૂળ કાપો,
દ્વેષ કે કલેશ જો થાયતો સહન કરિ,
ન્યાયનૂ સર્વને સૂખ આપો. લાંચમાં૦ ૯

ન્યાય અધિકાર જો લાંચીઆને મળે,
સાફ ઈનસાફ કેવો ! ઉતરશે;
દૂધ સંભાળવા સોંપ્યું બીલાડને,
કહોજિ સંભાલ તે કેવી ? કરશે. લાંચમાં૦ ૧૦

ખાઈને લાંચ, હરખાઈ સૂખે રહે,
હોય પિતરાઈ, કે હોય ભાઈ;
સાહિને ન્યાય કરનારને સોંપવો,
સાચિ સંભારવી નહિ સગાઈ. લાંચમાં૦ ૧૧

એમ પ્રતિકૂળ થઈ, મૂળ જો કાટશો,
લાંચીઆં કૂળનાં મૂળ જાશે;
દેશનું દુઃખ તો ટળશે દલપત કહે,
સજ્જનો સર્વને સૂખ થાશે.
લાંચમાં જેહની ચાંચ ખુંચે ખરી,
પાંચ મહાપાપની આય આવે. ૧૨

† દોહરો—અસત્ય ભાખવું, અદત્તા, ચોરિ, જારત્વ, વ્યભિચાર;
પ્રથમ-પાપ એ પાંચછે, સઉ સમજે સંસાર. ૧

### દોહરો.

લાંચે લોકો લૂટવા, હક તજિ ખાવુ હરામ;
લાયક-જન લાયક નહીં, કોજિ ભીલનૂ કામ. ૧

## પોંહોંચ.

ખુરદેહ અવસતાની તરણ જુદી જુદી ચોપડીઓ તેના બનાવનાર ભાઈ નાનાભાઈ નશરવાંનજી પાસેથી હમોને મલીછે તે માન સાથે કબુલ રાખીછે

આ માહેલી એક ચોપડી હાલ ચાલુ કાયદે ઉકલાવી સુધ ગુજરાતીમા—બીજી યુરોપીઅન કાયદે ઉકળાવી શુધ ગુજરાતીમાં—અને તરીજીમા આ ખુરદેહ અવસતાના અરથનો ગુજરાતીમાં સાર આપાયેછે

આ ચોપડીઓમાં જોડક્ષર વાપરેલાછે જેથી પતેયત સાદ અને સુધ ઉચાર સાથે વચાઇ શકે આ બનાવનારે એવી નેમ રાખીછે કે ઉછરતા જમાનાની છોકરીઓ તથા છોકરાઓ જેઓ જોડાક્ષરની સારી રીતે માહેતગારી રાખેછે તેઓને છોટપણેથીજ સુધ ઉચારે બદગી કરતા શીખવવાં.

જોડક્ષર તથા બીજા નવા ક્ષરો કેમ વાંચવા તેની થોડીક સમજ પણ આ ધણીએ આપીછે, તોએ પણ જેઓને જોડાક્ષર બુજગી ખબર નહી હોય તેઓને માટે એ સમજ કાંઇ પુરી નથી અને તેમ કરવાની આ બનાવનારની નેમ પણ નથી.

જે જે જરતોસતી નીશાળોમાં છોકરાંઓને જંદ અવસતા પ ઢાવવાનો માહરેરો હોય તેવી સરવે નીશાળોએ આ ચોપડીઓ પોતાના ખાતામા દાખેલ કરવી જરૂરછે કેમકે બાળકોના મોહડામાં જંદ અવસતાના લવજો પેહલેથીજ સુધ ઉચાર સાથે બોલવામાં આવેતો પછી મોહડેથી તે લટણ ચાલુ રેહે અને એ રીતે સુધ ઉચારથી બદગી કરવાનું આપણામા દાખલ થાયે.

આ ચોપડીઆમાથી અરથના સારની ચોપડી દરએક મા બાપે પોતાના બચાઓના હાથમા આપવી અને દરરોજ તે સમજવાડવાની તસદી લેવી કેમકે બાળકોના મનમા બદેગી સમજ પડવાથી જેટલો પટવ નો હોય થશે તેવો બીજો કોઇ જ રીતે થનાર નથી.

અરે ઉછરતા જરતોસતીઓએ સુધ ઉચારથી બદેગી કરવાનો માહરેરો રાખવો જરૂરછે, તેમા અડચર કરી આપણા મોબેદોને એવી રીતે પડવાની વધારે જરૂરીઆત બલકે દરકારછે.

# સ્ત્રીબોધ

પુસ્તક ૧૦ મું. | ડીસેમબર ૧૮૯૯ | આંક ૧૨ મો

## પતીવરતા બાયડીનો વેહમી ભરતાર.

ભાગ ૨ જો.

પ્રકરણ ૧ લું.

### તોહમત.

જાનબખસ અને હાતમ રાતોરાત વાહણે ચહડી, ગુલસતાન દેસ છોડી ગયા. એ વાતની ખબર બાદશાહ જોરાવરને થઈ, જેથી તે અતીશય કોપાયમાન થયો; પણ કરે શું! તેણે પોતાના વેહમનો એક ભોગ જે રહેઓ હતો, તેની ઉપર વેર લેવાનુ વાજબી ધારીઉં. ગુલમોહર ગુનેહગાર છે, તેતો એના મનમાં ઠશેલુંજ હતું, વાસતે તેણીને સજાએ પોંહચાડવાનો વીચાર કીધો. જાનબખશ અને હાતમના નાહસવાથી, તેના મનમા જે શક હતો, તે દુર થયો અને તેઓ ખરેખર તેની બાયડીની હોરમત લેવામા સામેલ હતા; એટલુંજ નહી, પણ તેનું રાજ દગાથી લેવાને છુપી મસલત કરતા હતા, અને તે મસલતમા તેની બાયડી પણ સામેલ હશે, એવું તે વીચારવા લાગીઓ. તેણે જાનબખશપર જે ભરોશો રાખીઓ હતો, તેથી તેના શેહરના દરવાજા ઉંઘડાવી, આવી રીતે તેની ઉપર તે ફાવી શકીઓ હતો, માટે તેનો તે પસતાવો કરવા લાગીઓ. તેણે પોતાના ઉમરાવોને તેડાવી મંગાવીઆ અને હાતમ અને જાનબખસ વીશે પુછપરછ કીધી.

હવે એજ વખતે જારે બાદશાહ જોરાવર પોતાના વેહમના બોજાથી દબાઇને ગમગીની અને કીનાના વીચારમા પડીઓ હતો, તેજ વખતે નેક ગુલમોહર પોતાના છોકરા સાથે પોતાનો વખત નીરદોશ વાતોમા કાહડતી હતી તથા તેણીને હમેલ હતા, તેથી તેણીની આસપાસ બીજી ઉમરાવોની સ્ત્રીઓ બેશી તેણીને રીઝવતી હતીઓ. ગુલમોહરને ખબર પણ નહી હતી, કે હાતમ તથા જાનબખશ નાહસી ગયાછે. એવામાં જોરાવર પોતાના ઉમરાવોને લઇને તેણીના ઓરડામાં આવીઓ, શોહોરાબને તેની મા આગલથી ખેંચી લીધો, અને પોતાના ચાકરોને ફરમાવીઉં કે તેને એકદમ દુર કરેં; રાણી ગુલમોહર જોરાવરની એવી ચાલ જોઈ અચરત પામી, પણ તેટલામાંજ જોરાવરનો પીતો વધારે ઉછલીઓ હતો અને તેણીની ઉપર વગર આંચકો ખાવે તોહમત મેલીઉં, કે તેણીએ હાતમની સાથે બદફેલી રમી હતી, અને તેણીનામા જે ગરભ રહેઓ હતો, તે તેનાથી હતો. એવી રીતના તોહમતથી એક નેક ઓરતને કેવું દુખ ઉપજે તેનો વીચાર દરએક વાંચનાર પોતે કરી શકસે. રાણીએ ગુસસાથી થોડા શબદોમા કહી સંભલાવીઉં કે તેવું કાંઇ ન હતું.

જોરાવર પોતાના ઉમરાવો તરફ ફરીને બોલીઓ. "સાહેબો, એની તરફજુઓ, એના ચેહરા તરફ નેઘા કરો, તમે તરતજ કેહશો કે 'વાહ! કેવી ખુબસુરત સ્ત્રી! પણ તમારા દીલમાં તેજ વખતે દલગીરી પેદા થશે કે 'અફશોસ! આવી સ્ત્રી પરમાણીક તથા આબરૂદાર નથી રહી શકી!' એના બાહરના દેખાવને વાસતે વખાણ કરવી ખરેખર વાજબીછે, પણ તેટલું કીધા પછી દુનીઆમાં બદગોઇ કરનાર, કોઈ ખભું હીલવશે, કોઈ ભવાં ચહડાવશે, કોઈ બોલતાં અચકાશે, અને એવીજ તરેવાર રીત એની બેહોરમત જાહેર કરશે. પણ હું તેમ કરવા માગતો નથી, હું હમણા ખુલલા શબદોમા જાહેર કરૂછું, જેથી મને થોડુ દુખ ઉપજતું નથી, કે આએ સ્ત્રીએ બેવફાઇ કીધીછે.

ગુલમોહર—કોઈ હરામઝાદા ચંડાલે જો એવી વાત કહી હતે, તો તે તેથી બમણો બદજાત સોદો ગણાતે, પણ તમે, મારા ધણી, તમે ચુક કરોછો.

જોરાવર—તમે, મારી રાણી, તમે મારે બદલે હાતમને લઇ ચુક કીધીછે. ઓ તું નજીસ ચીજ! તુંને બીજું નામ ઘટતું નથી—સાહેબો, એ બેવફા થઇ છે એટલુજ નહી, પણ એણીએ જાનબખશની સાથે મલી, મારાં રાજપર તરાપ મારવાની ગોઠવણ કીધાછે."

ગુલમોહર—મારા જાનના કસમ ખાઇ કહુંછું, કે એ વીશે હું કસું જાણતી નથી. મેહરબાન ધણી, જારે તમને ખરેખરી વાત માલમ પડશે, તારે તમારી આવી ચાલને વાસતે કેટલું દુખ તમને ભોગવવું પડશે પણ તે વખતે તમે ભુલ કીધી હતી. એવું જો કહો, તો તેથી મારી ગયલી આબરૂનો પુરતો બદલો મળનાર નથી.

જોરાવર—હા! હા! જે સાબેતી પરથી મારી ખાતરી થઇછે, તે જો ખોટી ઠરેતો. મને આખજ નથી એમ કેહવામા કંઇ ખોટું નથી. અરે! એને હીઆંથી એકદમ તુરં

ગમાં લઈ જાઓ; જે કોઈ એની તરફદારી કરશે, તે પણ ગુનેગારછે એમ હું સમજાસ.

ગુલમોહર—હમણા મારી પનોતી બેઠી હોય, એવું લાગેછે. તે જીહાંસુધી ઉતરે તીઆંસુધી મારે સબુરી ધરવી જોઈએ. નેક સાહેબો, જે પરમાણે ઓરતજાત રડી પડેછે, તે પરમાણે મને રડું આવતું નથી, તેથી તમારાં દીલમાં મારે વાસતે દલગીરી નહી પેદા થશે. પણ આએ દીલમાં જે દુઃખે ઘેર કીધુંછે, તે બળતાં આંસુના કરતાં વધારે બાળે છે, મારે તમારાં ભલાં દીલમાં જે વીચારો ઉતપન થાય, તે પરમાણે મારે વીશે તમે વીચાર બાંધવાને મુખતીઆરછો— અને હવે બાદશાહનો હુકમ બજાવવાને તઈઆર થાઓ.

જોરાવર—કેમ તમે લોકો મને સાંભળોછે કે નહી!

ગુલમોહર—(પોતાની સાથની સ્ત્રીઓ તરફ ફરીને) મારી સાથે કોણ આવેછે? મેહરબાન બાદશાહ, મારી સાથ ની બાઇઓને મારી સાથે મોકલવાની હું તમારી આગલ અરજ ગુજારૂંછું; કારણ તમે જાણોછો કે હમણાની મારી હાલત (હુમેલના દાહાડા) ને લીધે તેઓની મને જરૂરછે. નેક ઓરતો, તમે શા માટે રડોછો? રડવાનું કંઈ કારણ નથી. તમને જો માલમ પડે, કે તમારી રાણીને તુરંગ ભો ગવવી ઘટેછે, અને જો તેમાથી હું છટકી જાઉં, તો તમા રે રડવું જોઈએ હમણા જે કારણસર હું કેદખાનામાં જાઉંછું, તેથીતો હું વધારે દીપી નીકલીશ. સાહેબ મેહર બાન, મારા ધણી, હું તમને કોઇબી વખતે દલગીર જોવા ને ચાહતી ન હતી, પણ હવેતો હું તેમ ચાહુંછું ખરી. ચાલો, ઓરતો, મારી સાથે ચાલો, તમને આવવાને રજાછે.

જોરાવર—જાઓ, હીઆથી જાઓ, મારા હુકમને તા બે થાઓ.

જોરાવરના આવી રીતના હુકમને તાબે થવાની તે ના માણસોને ફરજ પડી, રાણીએ પણ બાદશાહની મરજી રાખવાની પુર ખુશી દેખાડી, અને ચોકીદારોની સાથે તુરં ગ તરફનો રસતો ધરયો રાણી ગુલમોહરના ગુણો એવા હતા, કે જે માણસોના સવાધીનમા તેને આપવામાં આ વી હતી, તેઓ જોકે ઘણું કરીને કઠણ દીલના માણસો હો યછે, તે છતાં તેણીને વાસતે તેઓના મનમાં કંઈ પણ બુ રૂં ન આવીઉં હતું. જે ઉમરાવો રાજાની સાથે હતા, તેઓએ તેને તરેવાર સમજાવીઉં. એકે કહીઉં, કે બાદશા હ, જો એવી બાબદમાં તમે ભુલ કીધી, તો તમને, તમારી રાણીને, તથા તમારા છોકરાને મોટું નુકશાન થશે. બીજો પોતાનો જાન બાદશાહને આપવાને તઈઆર થયો અને કહીઉં કે, ગુલમોહર કદી પણ ગુનેહગાર હોય નહી અને તે જો ગુનેહગાર ઠરી, તો દુનીઆમા કોઈ પણ નીરદોસ છે, એવી આશા રાખવી ફોકટછે. બાદશાહને તરેવાર રીતે સમજ પાડવામાં આવી, તે એટલા સુધી કે અમીરો ઉપર તે ગુસસે થયો, તોપણ તેની દરકાર કરેઆ વીના તેઓ છ ડેછોક જવાબ દેવા લાગા, કે તમને કોઈ પણ બદફેલના માણસે ઉંધું સમજાવીઉં હશે; ગમે તેવું હોય, પણ ગુલ મોહર નીરદોસછે, અને તેથી જે બદનામી તમારી ઉપર આવી ચાલને માટે ચોંહટસે, તેનો બદલો કદી પણ વળી શકવાનો નથી. અમીરો અને ઉમરાવો આવી ધુટથી જો રાવર સાથે તકરાર કરવા લાગા, તેનું કારણ એ હતું કે બા દશાહ નેક રસતે ચાલવાને હમેશ આતુર હતો, અને તે ઓની સલાહપર ધીઆન આપી ચાલતો હતો. પણ કે મ નશીબે આએ વખતે તે ઘેલો બનેઓ હતો અને તેઓ ની તકરારને માટે તેઓને ઠપકો આપવા લાગો. તોપણ અમીર ઉમરાવો તેથી હઠીઆ નહી.

બાદશાહ જોરાવરની ખાતરી હતી, કે રાણીનાં ગુણ રઈએતમાં પરકાશતા હતા, મારે તેણીની ઉપર કંઈ પણ શી ખશાનાં ઉપાય લેવા આગલ તેણીની તપાસ થવી જોઈએ, મારે એ તપાસને વાસતે તેણે એક દીવસ ઠેડવીઓ. એ ટલુંજ નહી; પણ તે વખતનાં લોકો દેવનાં સુકન ઉપર ભ રોસો રાખતા હતા, તેમાં યુનાન દેશમાં ડેલફાસ નામનાં શેહરમાં, અપાલોનું દેવલ હતું, તીઆં એક વાત ખરી છે કે ખોટી, તે પુછવા મોકલતા હતા, અને જે જવાબ મળે તેપર એતેકાદ લાવતા હતા, વાસતે બાદશાહે બે વીશવાસુ અમીરોને તીઆં મોકલીઆ કે જઇને અપાલોને પુછે, કે રાણી ગુનેગાહર હતી કે નહી. એવી ગોઠવણથી બીજા અમીર ઉમરાવો સાંત થયા, અને જોકે રાણીની વફાદારી પર તેઓનો પુર ભરોસો હતો, તોએ બાદશાહની સામે આવી ગોઠવણને લીધે થઈ શકીઆ નહી.

---

## પ્રકરણ ૨ જું.

## એક નીરદોશ જનમ અને તેની ઊપર ગુજરતી ગેરઈનસાફી.

ગુલમોહર બીચારી તુરંગમાં હેરાન થવા લાગી, પો તાના ઉપર પહેલો ગજબ કંઈ થોડો ન હતો; પોતાનાં ધણી નાં પીઆરથી દુર થઈ હતી, તે ધણી શકનો મારયો હેરાન થતો હતો, પોતાની આબરૂપર હોમલો થયોજ હતો. બદ ગોઈ કરનાર લોકને તે વીશે ટીકા કરવાને તક મળી હતી; પોતાનાં નાના પણ અકલમંદ છોકરાથી દુર થઈ હતી. પો તાનાં પેટમાનાં બચાંપર ગેરઈનસાફી થતી હતી—એ બધું કંઈ તેણીને થોડું દુઃખદાયક ન હતું. વળી તેણીનાં હુમેલ નો વખત એવો બારીક હતો, કે જેથી તેણીની તનદરોસતી પર દલગીરી અને ભયથી વધારે અસર થઈ, અને પુરા દા હાડા થયા આગલજ તેણીએ તુરંગમાં એક છોકરીનો જન મ આપીઓ.

ખોદાની મેહરબાનીથી, એ છોકરી ખુબસુરત તથા ત નદરોસત માલમ પડી. હવે એ છોકરીને લઈ બાદશાહ પા સે કોણ જાએ! સરવે તેની બદલાયલી ચાલચલણથી બીહ તાં હતાં, મારે કોઇની હીમત ચાલે નહી; એટલામાં મેહ રબાનું નામની, એક ઉમરાવ (નામે રૂસતમ) ની બાયડી, જે ગુલમોહરપર અતીશે પેઆર રાખતી હતી, તે રાણી પા સે ગઈ અને તેણે અરજ ગુજારી, કે તેણીની છોકરીને ધીરે, કે જેને લઈને બાદશાહ જોરાવર પાસે જઈ, ગુલમોહરનાં ની રદોશપણા વીશે પોતાની શકની પરમાંણે પુરાવો આપે.

મેહરબાનું હીમતવાન સ્ત્રી હતી; તેણીની નેકી પણ દુનીઆમાં આશકારા હતી, તેણીએ જે એવું કામ માથે લી ધું હતું, તે પાર પડશે એવું ગુલમોહર જાનતી હતી, તેથી તેણીએ પોતાની છોકરીને મેહરબાનુંને સવાધીન આપી.

તુરંગનાં દારોગાએ પોતાને માટે ભય દેખાડવી, કે આવી રીતે તે છોકરીને બાહેર લઈ જવા દીધાથી, તેની ઉપર ધાર આવશે; પણ મેહરબાનુએ તેનો જોખમ પોતાને માથે ખેંચી લીધો.

હવે એ વખતે બાદશાહ જોરાવરની પોતાની હાલત કેવી હતી, તે સાંભળો. રાત અને દાહાડો તેને એકસર ખો થઈ પડીઓ હતો; આરામ કે ચેન મળે નહી, મનમા વીચાર, વેહમ, વીચાર, વેહમ, શીવાએ બીજું કાંઈજ ધગ ધગતું ન હતું. પોતાની બાયડીની બેવફાઈ વીશે, નાહસી ગયલા હાતમ વીશે, વીસવાસઘાત કરનાર જાનબખશ વીશે, વીચાર અને વમાસમાં પોતાનો વખત કાહડતો હતો. વળી તેટલામાં, તેનો છોકરો શોહોરાબ, પોતાની માની આવી બદનામી વીશે શાંભળી, તેજ વખતે હેરાન પડીઓ હતો, તેથી તેને વીશે જોરાવરનું મન ચીંતાતુર થયું હતું. જોરાવરે આખરે એવો હુકમ કીધો કે તેની પાસે કોઈ જાય નહી, અને પોતે એકાંત રેહવાથી આરામ મેળવવાની આશા રાખતો હતો; પણ એવું ક્યે દીવસે બનીઉંછે, કે એક ધણી બીજાનું સુખ ચેન છીનવી, પોતે સુખ ચેન ભોગવે ?

મેહરબાનું પેલા બચાંને લઈ બાદશાહનાં મેહલમાં આવી, પણ તેણીને અંદર જવાની મનાઈ થઈ, મેહરબાનુંએ તરેવાર રીતે ઉમરાવોને સમજાવીઉં અને અંદર જવાની પરવાંનગી મેળવી. જોકે એ ઘણું જોખમનું કામ હતું, તોએ તે નેક હતું, એટલું જાણી સરવે અમીર અને ઉમરાવોએ જોખમ પોતાને માથે ખેંચી, મેહરબાનુંને પસાર થવા દીધી.

ઓરડામાં તેણીએ જેવો પગ મેળીઓ, તેવામાંજ બાદશાહ જોરાવર ગુસસે થયો. મેહરબાનુંએ તેનાં ગુસસાની કઈ દરકાર કીધી નહીં. તેજ વખતે તેણીનો ધણી રૂસતમ બાદશાહની હજુરમાં આવીઓ, તેને બાદશાહે ઝાટકી નાખીઓ, કે તેણે તેણીને આવવા શા માટે દીધી, પણ હીમત વાલી સ્ત્રી આગલ ગમે તેવો સુરો સીપાઈ શું કરે !

**મેહરબાનુ**—બાદશાહ સાહેબ, હું તમારી જનાબમાં અરજ ગુજારૂં છું, જે મારી નમનતાઈ ભરેલી વાણી તમો સાંભળો. હું તમારી વફાદાર રઈએત છું, હું એક તમારા હકીમ દાખલ તમારી હજુરમાં આવી છું, હું તમારો ફરમાબરદાર મસલત આપનાર છું, તે છતાં જેઓ તમારા નજદીકનાં મસલત દેનાર ઘણાપછે તેનાં કરતાં તમારા દુઃખમાં દીલાસો દેવાની હું ઓછી હીમત ધરાઉં છું. મેહરબાન સાહેબ, હું તમને જણાઉ છું કે હું તમારી નેક રાણી તરફથી તમારી હજુર આવી ઉભી છુ.

**જોરાવર**—નેક રાણી !

**મેહરબાનુ**—નેક રાણી, ખોદાવંદ, નેક રાણી. હું કહુંછું કે નેક રાણી, અને હું જો પુરૂશ હતે, તો મારાં હથીઆરથી સાબેત કરતે, કે તે નેક રાણી છે.

**જોરાવર**—એને અહીંઆથી દુર કરો !

**મેહરબાનુ**—જે શખસ પોતાની આંખોની દરકાર કરતો નહી હોય, તો તે ધણી મને હાથ લગાડે. મારી ખુશીથી જઈશ, પણ તેની આગલ હું જે કામસર આવી છું તે બજાવીશ. બાદશાહ સાહેબ, તમારી નેક રાણી, કાએકે તે ખરેખર નેક છે, તેણીએ તમારે તીઆં છોકરીનો જનમ આપીઓછે. તે છોકરી આ રહી; એને તમારો આશીરવાદ બખશો. (એમ કહીને છોકરીને નીચે મેલી.)

**જોરાવર**—નીકલ, દાકણ, નીકલ. એને દરવાજા બાહેર કાહાડો.

**મેહરબાનુ**—એવું નામ મને ન આપો; હું દાકણ નથી; હમણા તમારૂં મન ફરી ગયુંછે તેથી તમે એમ બકોછો.

**જોરાવર**—એ બલવાખોર ફીતુરી લોકો ! જોયા શું કરોછો ? એને બાહેર કેમ, નથી કાહાડતા ? આ કુકરમની છોકરીને પણ તરત દુર કરો. તમે સરવે ફીતુરખોર થયાછો !

**મેહરબાનુ**—સાહેબ, એક સીવાએ અમે સરવે વફાદાર છઈએ. ખાતર તમેજ ફીતુરખોર થયાછો; જેથી તમે તમારી પોતાની, તમારી રાણીની, તમારા છોકરાની, તમારા નાના વેંહતનાં બચાંની, પવીતર હોરમતને, ગીલલો કરનારનાં હાથમા સવાધીન કીધીછે, કે જેનો ચટકો તલવારનાં ઝટકા કરતાં વધારે જલદ હોયછે.

**જોરાવર**—આ છોકરૂં કંઈ મારૂં નથી, એતો હાતમનુંછે, એને અને એની માને આતસની ચેહમાં સલગાવી દો.

**મેહરબાનુ**—એ તમારૂં પોતાનું છોકરૂંછે; એનો ચેહરોજ સાબેતી આપેછે,—જુઓ અમીરો અને ઉમરાવો, જે તસવીર તમે દેખોછો, તે નાની છે, તોએ તેના બાપની કેવી પુરતી નકલ છે. આંખ, નાખ, હોટ, ભવાં, કપાલ, નાની દાહાડી, ગાલ, તેનું હસવું, સરવે, જોરાવર તેનો બાપ છે, કરી ગોવાહી આપેછે. એની કાડી, હાથની બાંધણી, આંગલા, નખ પણ જોરાવરને મળતા છે. ઓ કુદરત ! તું કેવી સાચી છે ! તારી બનાવટ કેવી પુર છે ! તું કેવો પુરાવો આપેછે !

**જોરાવર**—આ વનતરી કીઆંથી આવીછે ? એને કોઈ દુર કરી શકતું નથી ? રૂસતમ, તું હીચકારો છે, તારી બાયડીને આટલું બોલવા કેમ દેછે ? તારી ગરદન મારવી જોઈએ.

**રૂસતમ**—સાહેબ, જેટલા ધણી પોતાની ઓરતની જીભ અટકાવી નહી શકે, તેટલાની જો તમે ગરદન મારશો, તો તમારી રઈએતમાં એક પણ શખસ જીવતો નહી મળશે.

**જોરાવર**—હું ફરીથી ફરમાઉં છું, કે એને અહીંઆંથી દુર કરો.—તું વનતરીને હું આતસમાં નખાવીશ.

**મેહરબાનુ**—હું તેની કંઈ પણ દરકાર કરતી નથી. સાહેબ, તમે તમારા છોકરાની બરદાસત લેઓ, હું મારે જાઉંછું.

એમ કહી, મેહરબાનું પેલાં બચાંને બાદશાહ જોરાવરની આગળ મેલી ચાલતી થઈ. બાદશાહે રૂસતમને અતીશય ઠપકો આપીઓ, અને તેણે પોતાની બાયડીને સમજાવીને બાદશાહની આગલ ઉભી કીધી હોય, તેમ તેની ઉપર અતીશય ગુસસો કીધો, અને તરતજ તેને ફરમાવીઉં, કે તે બચાને બાદશાહની હજુરમાંથી લઈ જઈ, આતસમાં સલગાવી દે ગમે તેવી રીતે રૂસતમે ના પાડી, કે મારી બાયડી મારી ઉશકેરણીથી નહી આવી હતી, અને તેની સચાઈ વીશે બીજા અમીરોએ શાહેદી પુરી, તોપણ બાદશાહનાં દીલમાં સેતાને ઘર કીધું હતું, તેથી તેણે કોઈનું માનીઉં નહી, અને બધા જુઠા અને દગાબાજછે એવું કેહવા લાગો. તેણે ફરીથી હોકમ કીધો, કે પેલા બચાને બાલી નાખે. પેલા અમીરોનાં દીલ હેવાનીયત ખસલતના ન હતાં, તેથી તેઓ સરવે જોરાવરને પગે પડીઆ, અને પેલા નીરદોશ, નાતવાન બચાં

ની જીંદગીને બંચાવવાને અરજ ગુજારી. આટલા અમીરોના કાલાવાલા આગલ જોરાવરનું દીલ પીગલીઉં, પણ તેથી તેણે વીચાર ફેરવી કીધું શું ? તેણે રૂસતમનેજ ધરેઓ અને તેને સોગન ખાવાને ફરમાવીઉં કે તે બચાં વીશે જોરાવર જે ફરમાવે તેમ કરવું. રૂસતમે એટલી કબુલાત કીધી, કે તે બચાંનો જાન લેવા, જો તેને ફરમાવવાંમાં આવશે, તો તે પોતાનો જાન આપવાને તઇઆર હતો. માટે તે શીવાએ બાદશાહનો બીસે કંઇ પણ હુકમ બજાવવાને તેણે સોગન લીધા.

જોરાવર—જો રૂસતમ, તેં સોગન લીધાછે, અને હવે હું જે ફરમાઉંછું, તે બોલેબોલ તને ચાલવું પડશે, જો તેમ તું નહી કરશે, તો તારો જાન જશે, એતો ખચીતજ, પણ તારી બાપડી, જેને આએ વખતે હું માંફી બખશુંછું, તેનો પણ જાન લીધામાં આવશે. હું તને, મારી ફરમાબરદાર રઇએત દાખલ, હોકમ કરૂંછું, જે આએ બેબુનીઆદ બચાંને અહીઆંથી તું એકદમ દુર કરે, અને મારાં રાજ દરબારથી દુર જંગલમાં લઇ જાએ, અને તીઆં, કંઇ પણ વધારે દયા દેખાડવા વીના, એને મેલી આવે. જે પરમાણે એ છોકરૂં મારી નજદીક કંઇ અજાએબ જેવી બનાવટથી આવીઉંછે, તેજ પરમાણે એને એવી જગામાં મેલજે, કે જીઆં જો તે ઉધરે, તો તેવાજ અજાએબ બનાવથી, અને મરે, તો તે પણ તેથીજ. ઉંચક, લઇ જા એને.

રૂસતમ—તમારો હોકમ બજાવવાને હું, સમ ખાઉંછું. ચાલ બચાં, મારી ગોદમાં. ખોદા, હવામાંના ખલીલને અને જંગલમાના ફાડી ખાનારાં જાનવરોને એની સંભાળ લેવાને શીખવજે ! લોકો બોલેછે, કે ઘણી વખતે વરૂ અને વાઘ પોતાનું હેવાનીઅતપણું ભુલી જાએછે અને માની જગા રાખેછે. સાહેબ, તમે આબાદ રેહેજો ! બચાં તારી ઉપર પડતાં ઘાતકીપણાને બદલે, તને ઇશવરના આશીરવાદ મલજો !

એમ બોલી તે બચું ઉંચકી, રૂસતમ બાદશાહનો હોકમ બજાવવાને ગયો. તેના ગયા પછી, બાદશાહને ખબર મલી કે જે અમીરોને તેણે ડેલફાસમા અપાલોના દેવલમાં મોકલીઆ હતા, તેઓ જવાબ લઇ પાછા આવી પોંહચીઆ હતા. તેથી બાદરસાહે અમીરોને હોકમ કીધો કે રાણીની જાહેર તપાસને માટે જેમ બને તેમ જલદી એક દીવસ ઠેડવે.

---

## પ્રકરણ ૩ જું.

## અપાલોનો પેગાંમ.

જે ઉમરાવો યુનાન દેશમા ગયા હતા, તેઓ તીઆંની હુવા, વસતી, તથા રચના જોઇ અજાએબ થયા હતા. તેઓ તે દેશમાં પોંહચવાને આતુર હતા, કારણ નેક ગુલમોહરની સલામતી તેઓના પેગામપર આધાર રાખતી હતી. તેઓ જેવા તે દેશમાં આવી પોંહચીઆ તેવાજ ડેલફાસ તરફ કુચ કીધી, અને અપાલોનું જે દેવલ તે વખતે આખી દુનીઆમાં વખણાયલું હતું તેની નજદીક ઉતારો કીધો. એ દેવલમાં થતી કીરીઆ મારગ જોઇ તેઓ દંગ થયા, અને પોતાના કામસર જવાબ મેળવવાને તેઓએ જે માનતા કરવી જોઇતી હતી તે કીધી.

તીઆરપછી તેનો જવાબ અપાલોએ આપીઓ, તે એવા મોહટા આવાજથી કે આશમાનમાં થતા ગગડાટ કરતાં તે વધારે કાન બેહરા કરે તેવો હતો. અલબતાં તે જવાબ શું હતો, તે કંઇ પેલા ઉમરાવોને માલમ પડીઓ નહી, કારણ તે જુદીજ ભાશામાં હતો, કે જે ભાશા માતર દેવલમાના પાદરીઓ સીવાએ બીજું કોઇ જાણતું ન હતું. તેઓએ એ જવાબ સમજ પડે એવી જુબાનમા ઉતારી, કાગલના પરબીડામાં બંધ કરી, "સીલ" મારી, પેલા ઉમરાઓને આપીઉં.

એ પેગાંમ જેમનો તેમ પેલા ઉમરાવો ઉતાવલથી ગુલસતાન દેશમાં લાવીઆ હતા. તે પેગામમાં કેવી રીતનો જવાબછે, તે કોઇને માલમ ન હતું; અને તે જવાબ ભર દરબારમાં રાણીની તપાસની વખતે વાંચવાને માટે બંધનો બંધ રેહવા દીધામાં આવીઓ હતો, અને રાણીની તપાશ માટે એક દીવસ જેમ બને તેમ જલદી ઠેડવવામાં આવીઓ.

---

# ઓરતોની મીજલસ.

## ભાશાણ ૧૪ મું.

ગયા ભાશાણમાં જાનવરોના દુધની ખાશાયતો વીશે કહીસંભલાવીયું હતું. આજ દીને જાનવરોનું દુધ કેવી હાલતમાં પાવું, એ વીશે થોડીએક અગતની સુચનાઓ કહી સંભલાવુંછું.

૧. બચાંને બકરીના થાનમાહેથીજ દુધ ધાવવા દેવું અથવા દુધ દોહીને તેમજ પાવું, ઈયા તેમાં સેહેજ પાંણી નામવું

બકરીનું દુધ માએના દુધને ઘણું ખરૂં મલતું આવેછે તેથી તેવી હાલતમાંજ પાવાથી કાંઇ પણ અડચણ થતી નથી.

૨. ઘધડીનું દુધ બારણા આગલ મંગાવીને દોહોવશાવીને લેવુ.

ઘધેડીના દુધમાં માએના દુધ કરતાં મલાઇનો ભાગ થોડોછે. તેથી જો તેમાં થોડી સારી મલાઇ મેલવીને વાપરીયું હોયેતો માએના દુધ જેવુંજ થશે.

પેહેલા દશ દાહાડા સુધી ઘધેડીના દુધમાં તેટલોજ ભાગ પાંણી ભેલીને પાવું, તેમાં ખાંડ નાખવાની જરૂર નથી.

દશમા દાહાડા પછી બે ભાગ દુધ અને એક ભાગ પાંણી લેવું, અને બીજે મહીનેથી ચોખુ ઘધેડીનું દુધ વાપરવું.

૩. જો બકરી અથવા ઘધેડીનું દુધ મલે નહીતો જ ગાએનું દુધ વાપરવું.

ગાએના દુધમાં માએનાં દુધ કરતાં પાંણી અને સાકરનો ભાગ ઓછોછે, તેથી તેમાં પાંણી અને સાકર નાખવાની જરૂરછે.

પેહેલા દશ દાહાડા સુધી એક ભાગ દુધ અને બે ભાગ પાંણી લેવું અને તેમાં સાકર નાખવી. પછી ચાર પાંચ મહીના લગી દુધ અને પાણી બરાબર ભેલીને આપવું;

અને છઠે મહીનેથી ખાંડ નાંખીને ચોખું દુધ વાપડવું; એક બાટલી દુધમાં અરધાથી તે એક તોલા સુધીની ખાંડ નાખવી.

૪. જાનવરનું દુધ ખાટુંછે કે નહી તે જાણવાની ઘણી જરૂરછે.

બલાટીન કાગલની નાહાની ચીપો બનાવવી. થોડી ચીપો અલધનાં પાંણીમાં બોરવી અને થોડી ચીપો લીટમસ (બલુ રંગ) ના પાંણીમાં બોરવી અને તે સુકવીને તઈયાર રાખવી. જો અલધનું કાગલ દુધમાં બોરીયાથી લાલ થઇ જાયેતો જાંણવું કે દુધ સારૂં છે; પણ જો તેમ નહી થાયે અને લીટમસનું કાગલ લાલ થાયેતો જાંણવું કે દુધમાં ખટાસછે.

જો દુધ જરા ખટાસ માલમ પડીયુંતો તેને સુધારવાની જરૂરછે; દુધમાં થોડું ચુનાનું સાફ પાંણી નાખવું અને તપાસવું કે લાલ થયલું કાગલ પાછું બલુ થાયેછે કે નહી. કાગલ બલુ થયું એટલે વધારે ચુનાનું પાંણી નાખવું નહી.

દુધ ખાટું હોયેછે તે બચાંને પાયા પછી જલદીથી માલમ પડી આવેછે. તે દુધ બચાંના પેટમાં હોરમાયેછે અને તેથી બચું રડીયા કરેછે. તેથી વામીટ થાયેછે, લીલાં પેટ આવેછે; વામીટ અને પેટ બેઉ ખાટાં વાસ મારેછે.

૬. દુધ જેમ બને તેમ તાજું આપવાની જરૂરછે.

દુધ ઘણોવાર લગી રેહેવા દીધુંતો તેનો ખવાસ અને લેહેજત કમતી થાયેછે. ગાએનું અને ઘપેડીનું દુધ હવામાં રાખીયાથી જલદીથી ખટાસ મારી આવેછે. ઘપેડીનું દુધ ઘણું જલદીથી બગહેછે. તેટલા માટે ઘપેડીને બારણા આગલ બોલાવીને દુધ દોહીને તરત બચાંને પાવું જોઈયે. એજ કારણને માટે ગાએને પણ બારણા આગલ બોલાવવાની જરૂરછે.

બકરીનું દુધ દર વખતે તાજું મલીયાથી એક મોહોટો ફાયદો થાયેછે.

જો દુધને રાખવું પડીયું, તો તે જલદીથી બીગડી નહી જાયે એટલા માટે તેને એક વાસનમાં બંદબસત ઢાંકીને ઘણા ગરમ આતસ ઉપર એકદમ ઉકાલવું, અને જેવું ઉકલવું માલમ પડીયું, એટલે તરતજ ઠંડુ પાડી દેવું; એમ કીધાથી દુધની ઉપર પોપરી બંધાતી નથી અને દુધનું કુવત પણ તુટતું નથી; પછી તેને એક ઠંડી જગા ઉપર હીલચાલ નહી થાયે તેમ મુકી રાખવું.

૭. દર વખતે દુધને તાજુંજ બનાવીને આપવું.

એક વખત દુધ પાંણી સાથે મેલવીયું તે તરત પાવું; વધેલું દુધ ધોરી દેવું; જારે ફરીથી દુધ પાવાની જરૂર પડે તારે તાજી મેળવની કરીને પાવું. જો દુધ અને પાંણી યા સાકરનો ભેલ કરીને રાખી મુકીયું હોયેછે, તો દુધ જલદીથી ખટાસ મારી જાયેછે અને તે વાપડવું અવગુણ ભરેલુંછે.

૮. દુધને ગરમ કરવાની કાંઈ પણ જરૂર નથી. દુધને ગરમ પાંણી સાથે ભેલીને આપવુ બસછે.

દુધને ગરમ કીધાથી મલાઈ જે કુવતવાળો ભાગછે તે નીકલી જાયેછે. વળી દુધ ગરમ કીધાથી તેનો ખવાસ ઉડી જાયેછે અને જે દુધનો ખવાસ ઉડી ગયલો હોયેછે, તે જરપત થવાને મુશકેળછે; એટલા માટે દુધની સાથે માતરે ગરમ પાંણી ભેલવું બસછે.

જો દુધ માફક નહી આવે અને તેથી પેટ આવેતો દુધને ગરમ કરવાની જરૂરછે. દુધ જેવું ઉકલવા માંડીયું એટલે ઉતારી દેવું.

૯. બનાવેલું દુધ ઠંડુ પડી ગયેલુ પાવું નહી જોઈયે.

માએનું દુધ જે બચું ધાવેછે તે ગરમ હોયેછે, તેટલા માટે બનાવેલું દુધ પણ તેટલુંજ ગરમ હોવું જોઈયે. ઠંડું દુધ બચાંને માફક નથી આવતું. વલી ગરમ દુધ ઠંડું પડી ગયેલું પાછું ગરમ કરીને પાવું નહી; તે કીધાથી તેનો સઘળો કસ જતો રેહેછે.

૧૦. દુધ એકજ ગાએનું હોવુ જોઈયે.

દુધ વાળાઓ એકજ ગાએનું દુધ દોહીને આપી જતા નથી. તેઓ પોતાને તાંહાંની સઘલી ગાએ હોયેછે તેનું દુધ સાથે ભેરેછે અને તેથી તરેહવાર જાતનું દુધ સાથે મલેછે. સારા ભાયેગે કેટલા દુધવાળાઓ પાસે એક ગાએથી વધારે હોતી નથી, અને તેથી તે દુધ વધારે પસંદ કરવા જોગછે. ગાએનું દુધ આપણી પોતાની ચોકસી વગેરે ચોખું મલવું મુશકેળછે.

૧૧. જો જાનવરોનું દુધ માફક નહી આવેતો તૈયાર બાંધેલું દુધ વાપડવામાં લાવવું.

"મુર" નું બનાવેલું બાંધેલું દુધ તથા "ગરીમસદેલનું સુકવેલું દુધ" માં જો બરાબર પાણી નાખીયુંતો તાજાં દુધનો મીસાલેજ કામ લાગી શકેછે. "મુર" નું દુધ વધારે પસંદ કરવા જોગછે.

૧૨. જે દુધ માફક આવીયુ તેને બદલવાની જરૂર નથી.

આવતા ભાશાણમાં જાનવરોના દુધ શીવાએ બીજો કેવી જાતનો ખોરાક બચાંને અપાઈ શકાયેછે તે વીશે કહી સંભલાવશ.

## સાધારણ ઠગાઈ.

### રંગ બેરંગ.

અજમાયશ ઊપરથી એવું માલમ પડેલુંછે, કે જો બે જુદા રંગની ચીજ પાસે પાસે મુકી હોય, અને એક રંગ ઊપર થોડો વખત લગી ધેયાન લગાડીને જોયા પછી બીજા રંગ ઊપર નજર કીધી હોયેતો, પેલો બીજો રંગ જે હતો તે નહી દેખાશે પણ તેને બદલે બીજુંજ તરેહનો રંગ માલમ પડશે. એક દાખલો લેવો.

જો એક સફેદ કાગલ ઊપર એક રાતા રંગનું વેફર મુકીએ અને તે વેફર ઊપર પુશકળ રોશની નાખીને થોડો વખત લગી તીકીને જોયા કીધું હોયે અને પછી તાંહાંથી નજર ફેરવીને સફેદ કાગલ ઊપર જોયું

હાયેતો, તે ઊપર એક બીજું વેફર માલમ પડશે, પણ તે રાતા રંગને બદલે જરા બલુ ઈયા લીલા રંગનું દેખાશે.

હવે એ રંગ બેરંગ દેખાવાનું કારણ શું? દર એક જણને ખબર હશે, કે રોશનીમાં મુખીય તરણ જાતના રંગ આવેછે અને એ રંગો ભેળાઇને બીજા ચાર રંગ બનેછે. વળી એ પુણ ખબર હશે, કે આપણે એક ચીજનો રંગ લાલ તથા લીલો શા મારે જોઇયેછે? જારે રોશની એક ચીજ ઊપર પડેછે અને તે લાલ દેખાયેછે, તેનું કારણ એછે, કે તે ચીજ રોશની માહેલો પીલો અને બલુ રંગ ચુસી લેછે અને લાલ રંગ આપણી આંખ ઊપર પાછો મારેછે. હવે જેમ આપણા કાન ઊપર તોપનો મોહોટો આવાજ આવીયા પછી તરત આપણને ઘડીયાલના જીના આવાજની તીકોરી સંભલાતી નથી, તેમ જારે આપણી આંખ ઊપર જોરબંધ લાલ રોશની આવીને પડેછે, તારે બીજા હલકા લાલ રગ આપણી નજરે પડતા નથી. એ પરમાણે, જારે આપણી નજર લાલ વેફરં ઊપરથી સફેદ કાગલ ઊપર પડેછે, તારે કાગલ માહેની લાલ રંગની રોશની આપણી નજરે પડતી નથી, પણ બાકીના રંગની રોગની ઇઆને પીલો અને બલુ રંગનો લેલ ચોટલે લીલો રગ આપણી નજરે પડેછે. જો વેફર બલુ રંગનું હતેતો સફેદ કાગલ ઊપર નારંગીના રંગનો દાગ માલમ પડને.

એ પરમાણે આનસંગાજીની વખતે આપણી નજર ઠગાયેછે. જો હવામાં એકજ વખતે બે રંગના જે મકે એક લાલ અને એક શફેદ રંગનો ગોલો ઊડેછે, તો સફેદ ગોલો લાલની પાસે બલુ રંગનો માલમ પડશે, અને લોકો ખરેખર તે બલુ રંગનોછે એમજ સમજશે.

વળી જારે સુરજ અસત પામેછે, તે વખતે લાલ વાદલાંની વચોવચ જે ખાલી જગીયા ખરેખર બલુ રંગની હોયેછે તે લીલા રંગની માલમ પડેછે.

જો થોડીએક પલ સુધી આપણે સુરજ તરફ નજર કીધી હોયે અને પછી આંખ મીચી હોયે, તો આપણુંથી બલુ રંગના સુરજનો આકાર જાંહાંસુધી નજર ઠરશે નહી તાંહાં સુધી દેખાયા કરશે.

જો થોડા વખતલગી સફેદ કાગલ ઊપર લાલ સહીથી લખીયા કીધું હોયે, અને પછી કાલી સહીથી લખવા માંડીયે, તો ફકત બલુ રંગના 'નજર નહી ઠરશે તાંહાં લગી' માલમ પડીયા કરશે.

જો એક લાલ કપડામાં થોડાંએક આંધરાં પાડીને તેની ઊપર સુરજની રોશની પડવા દેઇયે અને તેની પછવાડે એક સફેદ કાગલ મુકીયે, તો તે સફેદ કાગલ ઊપર લાલ રંગ માલમ પડશે, પણ આંધરાંની જગા બલુ રંગની દેખાશે.

## રેલવેમાં મુસાફરને માટે જાણવાજોગ કાયદા.

રેલવેમાં કોણને ટુકી ઈયા લાંબી મુસાફરી કરવી પડતી નથી? જાંહાંસુધી કાંઇ પણ અકસમાત બનતો નથી, તાંહાંસુધી મુસાફર રેલવેમાં વગર ધાસતીએ ઈયા કાંઈ પણ તેના ખેયાલ વગર, બેધડક ચાલીયો જાયેછે પણ જારે કાંઈ પણ માઠા બનાવથી અકસમાત બનેછે, તારે લોકો ઘબરાટમાં પડી જાયેછે, અને રેલવેમાં મુસાફરી કરવી ધાસતી ભરેલું ગણેછે. પણ અજમાયશ ઊપરથી એવું માલમ પડીયુંછે, કે જેટલી ધાસની રસતા ઊપર ગાડી ઘોડામાં ફરીયાથી રેહેછે, તેટલીજ ધાસતી રેલવેમાં મુસાફરી કીધાથી રેહેછે. જારે ગાડી ઘોડામાં બેશાથી અકસમાત બનેછે, તારે જુજ એક બે જણને નુકસાન થયાથી લોકોનાં મનમાં કાંઇ પણ કમકમાટ ઊપજતો નથી; પણ જારે રેલવેમાં અકસમાત બનેછે, તારે એકદમ પુશકળ માણસોના જાન અને હાથ પગની નુકસાની થાયેછે, અને તે વખતે લોકોમાં ખરેખર ભએ અને કમકમાટ ઊપજેછે. પણ રેલવેમાં અકસમાતો દર રોજ બનતા નથી; અને જારે ગાડી ઘોડામાં બેશાથી દર રોજના અકસમાતો આપણે સાંભલીયેછ અને તેથી જેટલી એકંદર જાન અને તનની નુકસાની થાયેછે. તેનો ખેયાલ કરીયેછ, તારે આપણ ખરેખર વીચારમાં પડીયેછ, અને રેલવેમાં બનતી અકસમાતો વીસરી જઈયેછ.

તોબપણ રેલવેમાં વારેઘડીએ જે અકસમાતો બનેછે, તે કેટલીએક સાવચેતી રાખેયાથી દુર થાયેછે. ઘણાખરા અકસમાતો મુસાફરની પોતાની બેવકુફી, મફલત ઈયા અંજાણપણાથી બનેછે, અને તે અંજાણપણું દુર થયાથી મુસાફરના જાનની સલામતી રેહે, એટલા માટે આ નીચે જણાવેલા પરોફેસર લારડનરે કાયદાઓ લખી કાહાડીયાછે.

૧. જારે રેલવેની ગાડી, પછી તે ગમે તેવી હ સવેથી ચાલતી હોયે, તારે કદી પણ ગાડીની અંદર જવાની ઈયાં ગાડી માહેથી બાહેર નીકલવાની કો શેશ કરવી નહી.

કાંયેકે શો માહથી ચાલીસ અકસમાતો એ કાર ણથી બનેછે. અને તેમાં સતાવીસ જાનની ખુવારી થાયેછે. જારે ગાડી હલવેથી ચાલેછે તારે લોકોનાં મનમાં એવું લાગેછે, કે એક માણસ જદપથી ચાલતો હોયે, એટલીજ જદપથી ગાડી જાયેછે; પણ જો તે બ રાબર તપાસી જોશે, તો માલમ પડશે કે, એક જદપથી જતી ઘોડાની ગાડીના જેટલી તેની જદપછે.

૨. કદી પણ ગાડીના બારણા અથવા બારી ની બાહાર રોકું ઈયા હાથ કાહાડી રાખવું નહી.

એ વીશેની સાવચેતી નહી રાખીયાથી સેંકડે અઠાવીસ અકસમાતો બનેછે અને તેમાં સતર જાનની નુંકસાની થાયેછે.

૩. જાંહાંસુધી મુસાફરીની છેલી જગા લગી આવીયે નહી તાંહાંસુધી વારેઘડીએ વચલા મથ ક ઊપર ઊતરીયાના કરતાં ગાડીમાં બેશી રેહેવું ઘ ણું સારૂંછે. અને જારે એ બની નહી શકે, તારે જેમ બને તેમ થોડી વખતજ ઊતરવું.

૪. કદી પણ ગાડીના ઊલટા દરવાજા આગ લથી બાહેર નીકલવું નહી.

કાંયેકે તે બાજુથી ઊતરીયાથી સામણેથી બીજી ટરેનની ગાડીઓ આવેછે અને તેમાં અકસમાત બની આ વગર રેહેતો નથી.

વલી ગાડી માહેથી ઊતરીયા પછી તરત થોડું એક લાઇનની કોરથી દુર જવું જોઇયે.

૫. જાંહાંસુધી ઘણી જરૂરીયાત પડે, તાંહાંસુ ધી કદી પણ રલની એક બાજુથી તે બીજી બાજુ ઊપર ચાલી નહી જવું; અને જો જવુ પડીયુંતો ઘ ણીજ સંભાલ રાખવી.

બેઊ બાજુ તરફ નેઘાહ રાખવી કે ટરેન આ વતી નહી હોયે. ઘણી વખતે પગ સરી જાયેછે ઈ યા આંટી આવેછે ઈયા એકાએક પડી જાયેછે અને ઊઠો તેની અગાઊ ટરેન બદન ઊપરથી ચાલી જાયેછે.

૬. જાથુક જતી ટરેનના કરતાં એકસપરેસ (કોઈએક ચોકસ કારણસર જતી) ટરેનમાં જવાની વધારે ધાસતીછે; જારે ઘણી ઊતાવલે જવાનું હો એ તારેજ એકસપરેસ ટરનમાં જવું.

એકસપરેસ ટરેન વધારે જદપથી જાયેછે, તેથી જાથુકની ટરેન સાથે અટડવાની વધારે ધાસતી રેહે છે. ઘણી વેળા ગાડી પાટા ઊપરથી ઊતરી જાયેછે અને તેથી પણ ઘણી નુકસાની થાયેછે.

૭. જાથુક જતી ટરેનનાં કરતાં સપેશીયલ (ખાસ) એકસકરશન (મોજ ખાતર મુકેલી) ટરેન માં વધારે ધાસતીછે.

૮. જો ટરેનને કાંઈ પણ અકસમાત બને અ ને રસતામાંજ ખોટી રેહે, તો ગાડીમાં બેસી રહે યાના કરતાં ઊતરી પડવું વધારે સારૂં છે; પણ ઊત રતી વખતે ૧ લો, ૪ થો અને ૫ મો કાયદો ઈયાદ રાખવો.

૯. તોપી ઈયા પાગરી ઈયા કાંઈ પણ ગાંસડી ઊડી જાય ઈયા પડી જાયેતો તેને પકડવાને ઈયા પા છી મેલવવાને જદપથી ગાડી માહેથી કુદી પડવાની સભાલ રાખવી.

૧૦. જો બનેતો, ટરેન માહેલી વચલી ગાડી બેસવાને માટે પસંદ કરવી.

ટરેનો અથડાવાથી આગેલી અને પાછલી ગા ડીમાં વધારે ખરાબી થાયેછે. જો ટરેન પાટા ઊ પરથી ઘસી જાયેછે, તો વચલી ગાડીઓ બચેછે.

૧૧. જારે ટરેન ચાલતી હોયે તે વખતે કાંઈ પ ણ ચીજ મુસાફરને આપવાની તજવીજ કરતાનો.

૧૨. જો ટરેનમાં તમારી પોતાની ગાડી લેઈ જતા હોઓ, તો તેમાં બેસીયાના કરતાં સાધારણ ગાડીમાં બેસવુ વધારે સલામતછે.

૧૩. જાંહાં રેલવેના પાટા ઓલંગીને ગાડી ઘો ડા જવાનો રસતો હોય તાંહાંથી જવાની સંભાલ રાખવી અને દરબાનના હોકમ શીવાએ કદી પણ જવું નહી.

૧૪. જેમ બને તેમ રાતનાં કરતાં દીવસમાં મુ સાફરી કરવી સલામતછે, અને જો ધુમસ ઘણો પ ડતો હોએતો મુસાફરી કરવીજ નહી.

---

## હીરાં—માણેક.

બાહેરકોટના એક મોહલામાં હીરાંબાઇ નામની એક સ્ત્રી પોતાનાં ભરથાર સાથે એક ઘરને ભોંયતલીએ રેહતી હ તી આ સ્ત્રી ઘણાંજ ગરીબ મા બાપને પેટે અવતરી હ તી, પણ સારા ભાગ્યેએ તેનાં મનની વલણ ઈશ્વર તરફ હતી જેથી તે પોતાની દરરોજની બંદગીમાં પછાટ પડતી નહી અને તેથી પોતાની ગરીબા હાલતમા સંતોષ પામતી.

બાર વરસની ઉમરે તેનો એક બમનજી નામના શ ખસ સાથે લગન થયાં હતાં. બમનજી એ વખતે પોતાનાં બાપની સાથે ગોદીમાં શુકારનું કામ કરવા જતો હતો. પો

ડાંક વરસમાં બમનજીનો બાપ ગુજરી ગીયો અને તેની ઉપર સંધો ઘર સંસાર આવી પડીયો. આવા વખતમાં સાદી પણ સમજુ હીરાંએ બમનજીને રૂવાંન પછવાડે શકતી ઉપરાંત અને અનઘટટો ખરચ કરવાથી ઘણોક અટકાવ કરવા માંગીયો; પણ આ અનસમજુ બાપડો વારીઓ વલીઓ નહી. મુવાં પછવાડે તરેહ તરેહની મીઠાઈ અને પકવાંનો કરી લોકોમાં વેંહેંચવાંજ જોયે એવો 'ખોટો વીચાર તેનાં મનમાં જડ બેસી ગયેલો, તેથી બાપડાએ પોતાની શંકતી ઉપરાંત કરજ કરી ખરચ કીધો.

થોહોક વખત વહી ગયો—કરજ વીઆજથી વધીને બમણું થયું—માંગનારાઓએ અધીરા થઈ ફરીઆદી કરવા માંડી. એવા ચોમેરનાં ઘભરાટથી બમનજીને કાંઈ સુજે નહી તેથી ચાકરી ઉપર જાહાજું ધેઆંન આપે નહી અને પોતાનું દુખ વીસરવા દારૂ વધારે લેવા માંડીયો. એથી ગરીબ બાયડીની ઉપર જફા પડતી તેમાં ઉંમેરો થયો. હવે બમનજીએ બે તરણ દાહાડે ઘરમાં આવવા માંડીયું અને છાકટો થઈ બાહેર રજડીયા કરે. ચાકરી જતી રહી—છાકટપણાંથી તેનાં પેટમાં કાંઈ ખરાબ દરદ નીકલીયું—તે દવાઈ લે નહી અને ઉપરથી દારૂ પીયા કરે. આવા સંકટ સમે હીરાંએ એક છોકરીને જનમ આપીયો. ગરીબ હીરાં આ વખતમાં તદન નીરઆધાર—તેનાં મા બાપ મરી ગયેલાં—ખોદા ખાતર તેનો કોઈ વાલી નહી, એવા સમામાં સુવાવડી હાલતમાં તેણે કેટલું એખલે હાથે ખમીયું હશે તેનો વીચાર અનુભવ વગર કોણને આવે !

એકગંમથી હીરા દુર પડેલી—બીજીગંમથી બમનજી બીછાનાંપર પડી બુમો મારે, તેની સારવાર કરવાને એકાદ બે ભારૂનો અવાર નવાર આગલ આવે તે વગર બીજું કોઈ મલે નહી, એવી હાલતમાં બમનજીનાં દુખનો અને તેનો પોતાનો અંત આવીઓ.

ગરીબ હીરાંપર દુખનો દીવસતો હજુર શરૂ થવા માંડીયો. તેનું દુધમળ બચું જેણે દુનીઆની રોશની થોડાજ દીવસ થયા જોયેલી તે એટલા વારમાંતો બાપ વગરનું થયું.

આ દીવસની હીરાંની કલાપીત કોણ જોઈ શકે ! બીચારીને પોતાનાં ખાવંદનો છેલો સેજદો કરવાનીબી તક મળી નહી તેથી તેનું દીલ ફાટી ગયું, તે એખલી પડી ઝારઝાર રડે, પણ તે બાપડીને દીલાસો દેનાર કોણ ? ભાડુતો બીચારાં ભલા હતાં તેઓએ તથા બમનજીનાં દુરનાં એકાદ ખેશીએ જોઈતી કરતી મદદ કરી મરનારેની કીરીયા કરાવી અવલ મંનજલ પોહોંચડાવીયો.

હવે હીરા પોતાનાં મરનાર ભરથારને ઈયાદ કરે, કે પોતાનું ગુજરાન કેમ ચાલશે તેનો-વીચાર કરે—ઈયા પોતાના ફરજંદનું શું થશે તેનો વીલાપ કરે, કે શું કરે તેની તેને જરાએ સમજણ રેહી નહી. એથી બાપડી આખો દીવસ રડે પણ કાંઈ ઈલાજ સુજે નહી. થોડા દીવસમા તે નાહીઉઠી. હીમત રાખી તેણે બંદેગી તરફ પાછું ધેઆંન આપેયું, એથી તેનાં જીવને અસલ માફક સંતોશ મળવા લાગ્યો. પોતે જાતે ચાલાક હતી અને એક કરવઈઆ દરજીની માફક વેતરી તથા સીવી જાણતી, તેથી આસે પાસે જઈ થોડુંક દાંમ મેળવવા લાગી. તરત ખરચ ઓછો કરવા એક ઘરને ભોંયતલીયે એક કોટડી લીધી, તાંહાં રહી પોતાનું કરકસરથી જેમ તેમ ગુજરાન ચલાવા લાગી. કકરતા વાખા અને હાદેશામાં છતાં આ જગામાં પોતાની છોકરી માણેકને ઉધારી મોટી કીધી. જો આ છોકરી સારાં અને શોભીતાં કપડાં પેહેરી બાહેર નીકળતેતો તેનાં ખુબશુરતી જોઈ કોણ તેને ગરીબની છોકરી સમજતે. એનાં પરવાલાં જેવા હોય—તેનાં બદનનાં કદ પરમાંણેના રૂપાળા હાથ—તેનાં રોનકદાર ભવાં—તેનાં ખુબશુરત અને હસતા ચેહરા ઉપર તેની કાલી આંખો, એ મલી આ છોકરીને એક પરીજાદનો દેખાવ આપીયો હતો.

માણેક જેમ વયે પુગી તેમ પોતાની માંની હાલત સમજવા લાગી. એથી આ બાલકના મનમાં બલાપો ઉતપન થયો; પણ નીતે તે પોતાની માંની સાથે સવારનાં પોહરમાં ઈશવરની બંદેગી જંદ અવસતામાં તેમજ ગુજરાતીમાં કરતી જેથી તેનાં નાજુક દીલમાં પણ સંતોશે ઘેર કીધું.

માણેક માંના જેવી ચાલાક તેથી અને પોતાની માંને જલદીથી મદદનીશ થઈ પડવાની ઉમેદથી છોકરીઓની નીશાળે હોંશથી જવા માંડીયું. નીશાળની છોકરીઓ તેનાં તુટાં કપડાં જોઈ તેની શાથે કાંઈ બોલે નહી અને તેને ધીકારથી જુવે, એથી એનું મન તુટવા લાગું. એકવાર તેણીએ પોતાની માંને તે કહેયું અને પોતે ખેદ પાંમતી હોય એવું દેખાડીયું. બીજેજ દીને બંદેગી ખલાસ કરતાં રાબેતા મુજબ છેલી ઈશવરની પરારથનાં માંણેક જોડે બોલાવી, તેમાં આ પરમાંણે પણ બોલાવીયું હતું—"ઓ દયાલુ બાપ, હમો ગરીબો તરફ જો કે દુનીઆનાં કેટલાક તવંગર લોકો ધીકારથી જુવેછે, તોપણ તું જે અપરંમપાર અને તવંગરોનોબી તવંગર; અને તેઓને તથા હમને પેદા કરનાર શાહેબ, જારે હમારી ઉપર રેહેમ, અને માયાથી જુવેછે અને હમોને ચાહેછે એવું જારે હમો રાત અને દીન જોયે છીયે તારે હમો માનંવી જાતના ખોટા ચાહ અને ધીકારની પરવા નહી કરીયે એવી હેદાયત બખશ. હમો તારા ચાહની ઈનતેજારી રાખીયે અને તારા ધીકારમાં નહી આવવાની; હમારૂં હઈડું ચોંપ રાખે એવું ઓ ગરીબપરવર હમને શીખાડ."

આ બંદેગી પછે ફરી માણેકનું દીલ તાજું થયું. નીશાળની છોકરીઓનાં ખોટા ધીકારની પરવા નહી રાખવાનું આ દીવસની બંદેગીએ તેને શીખાડીયું, જેથી તેનું મન સંતોશ પાંમવા લાગીયું. જાતે ચપળ અને ભોલાં મનની તેથી વરગમાં તે હમેશાં પેહલી દીસતી. જે કાંઈ પોતે વાંચે તે બીજી છોકરીઓની પેઠે પોપટની માફક વાંચીજ જાણે એમ નહી, પણ તે સારીપેઠે સમજતી અને ઘણીવાર તે વડાઓથી જે શીખામન મળે તે પરમાંણે ચાલતી. સાધારણ ગનેઆંન અને મોહડે હસાબ ગણવાની શકતી એટલીતો ધરાવતી કે પોતાની વયેના એક ચાલાક છોકરાને પણ શરમાવી શકે. ગાયનને માટે તેનો ખુદરતી હલક એવોતો સરસ હતો કે પોતાના વરગની સઘળી છોકરીઓનાં એકંદર આવાજને દાબી નાખે, એટલુંજ નહી પણ મધુર રાગથી તે ગાઈ શકતી. નીશાળનો વડો શીકશક પોતાનાં આખા વરગમાં માણેકને ખાતર મગરૂર હતો.

ઈનાંમની વારશીક પરીકશાનો દીવસ નજદીક આવી પોહોંચીઓ. એ પરીકશામાં જે છોકરી સંધી નીશાળોની છોકરીઓમાં સરવેથી સરસ નીકલે તેને દર માસે ૭ રૂપીઆનો

મુસારો એક વરસ સુધી મળે અને તે ઉપરાંત બીજાં પુશતકો ભેટ મળે એવું એક ઈનાંમ હતું. એ ઈનાંમ મેળવવાને મારે માણેક તલપતી; કેમકે બીજાં કીમતી ચીજોનાં ઈનાંમો કરતાં આ ઈનાંમ તેનાં ગરીબ અને વાખો પડતા ઘરમાં મોટી મદદ થઈ પડે એવું હતું. જેમ દાહાડો નજદીક આવવા લાગીયો તેમ માણેક વધારે વખત રોકી પોતાના પાઠ ગોખ્ખતી. આખરે તે દાહાડો આવીયો. સવારની રાબેતાની બંદેગીમાં માણેક પોતાના બેઉ હાથ જોડી આંખો ઉંચી કરી આ પરમાંણે બોલી "ઓ ગરીબપરવર બાપ, આજના દીવસને મારે મેં, જે નેમ રાખી મેહનત લીધીછે તે ફલદરૂપ થાવે એવું તું બખશ. બખશ ઓ શાહેબ, કે જે નેમ રાખી આ ગરીબ ઘરને મારે મેં જે નેક ઉમેદ બાંધીછ તે પાર પડે; અને આજની પરીકશામાં મારી ખરી મેહનતનો બદલો મલે. આમીન." માણેક મન મલકાવી નીશાલે જવા નીકલી. તેની માંએ રજા આપતાં આંખમાથી એક આંશુ તપકાવીયું; માણેક કાંઈ સમજી નહી કે તેની માનુ દીલ સાને મારે ભરાઈ આવીયું હશે.

નીશાલે ગયા બાદ જુવેછેતો ઘણીખરી છોકરીઓ તરેહ તરેહના સોભઈતાં કપડાં પેહેડી આવેલી તેથી તરત તેણીનાં દીલમાં આવીયું કે મારી માએ પેહલાંથી એ વરતેલું તેથીજ મને ખેદ થશે એવું વીચારી તેણીની સુંદર આંખોમાં પાંણી ઉભાઈ આવેલું. બીજી છોકરીઓનાં લુગડાં જોઈ જરા માણેકનાં દીલમાં લાગું ખરૂં, પણ તરત ઇશવરને યાદ કરી સંતોશ ધરીઓ.

થોડાક વખતમાં પરીકશકો આવી લાગા. તેમાં બે તરણ ઉંચી કેલવણી પાંમેલા પારશી તથા હીંદુ ગરહસથો અને એક ઈંગરેજ અને તેની બાયેડી હતાં. આ ઈંગરેજ તથા તેની બાયેડી ગુજરાતી ભાશા સારી રીતે જાંણતાં હતાં. આ પરીકશકોએ પેહલો વરગ જેમાં માણેક હતી તે તપાસવા માંડીયો. સવારથી તે છેક શાંજનાં છ વાગા સુધી આ વરગ બધી બાબદમાં ચીપી ચીપીને તપાશીયો, તાર બાદ પરીકશા પુરી કરી સરવે રખશદ થયા.

એ તથા બીજી નીશાલો તપાસતાં કેટલાક દીવસ વચમાં વહી ગયા—પરીકશકોયે તારબાદ ઈનાંમોને લાયક ચહડતા ઉતરતી છોકરીઓનાં નાંમો લખી કારોબાર મંડલીને જાહેર કીધાં તેમાં સરવેથી પેહલું નાંમ માણેકનું હતું. એ નાંમની શાથે પરીકશકોયે પોતાનો અભીપરાય આ મુજબ જણાવીયો હતો. "તમારી મંડલીની સરવે નીશાલોમાં આ છોકરી વાંચવા, લખવા, સમજ તથા સાધારણ ગનેઆંન, હશાબ, ગાયન, ભરત, શીવવા તથા વેતરવામાં પેહલી પદવી ધરાવેછે. તમારી બધી નીશાલોની આ છોકરી એક ખાસ શોભાછે, અને હમો આશા રાખીયેછ કે દર વરસે તરણથી છોકરીમાથી એકબી છોકરી આવી કીરતી ભરેલી રીતે શીખી નીકલશેતો તમારૂં કાંમ શરૂઆતમા શુભ ફતે મેલવેછે એમ કેહવાશે."

પોતાના માસટર તરફથી માણેકને ખાંનગી ખબર મલી કે તેનું નાંમ પેહલું આવીયુંછે. આટલું સાંભલી માણેકનો હરખ કાંહાં શમાયે ? તરત દીલમાં ઈશવરને યાદ કીધો અને તેની રેહેમ અને મેહરબાંનીનાં શુકરાનાં કરવા લાગી. સાંજનાં ઘેર જઈ આ ખુશખબરી પોતાની માને જણાવી.

આટલું છતાં નીશાલનાં માસટર વગર માણેકની સંસારી હાલતથી કોઈ વાકિફગાર નહી હતું. ઈનાંમ આપવાનો દીવસ નકી ઠરીઓ. મુંબઈનાં ગવરનરે તે જોગવાઈયે પોતાને હાથે ઈનાંમો 'આપવાને કબુલ કીધું', અને ટાઉન હાલમાં જાહેર સભા ભરવાનો ઠેડાવ થયો.


ઈનાંમ આપવાની એક-દીવસ આગમચ નીશાલોનાં માસટરોએ સંધી છોકરીઓને શારો પોશાક પેહરી આવવાની ચેતવણી આપી. બીચારી લાચાર માણેકને ફરી અંદેશો આવીઓ કે હું કાંહાંથી લુગડાં લાવીશ. ઘેર જઈ પોતાની માને માસટરનો હોકમ જણાવીઓ, વલી બીચારી હીરાંની આંખમાંથી આંશુના મોટાં તપકવા લાગાં. એ જોઈ માણેકનાં દીલમાં મુંઝાઈ આવીઉં, તે બોલી, મા, વાહાલી માં—સાંને સારૂ તું એટલી બલેછે, ઘેર સારાં લુગડાં નહી મલીયાં તોએ ચાલશે.

દીકરી આજ પાંચ છ દીવસ થયા એ વીશે હું તેજ વીજમાં છું. મેં કરજ કરી કાંઈ કપરાં લેવાનો વીચાર આજ ઘણાં દીવસ થયા કીધો હતો, પણ જે મારવારી આપણને ધીરધાર કરેછે તેણે નાં પાડી કે આગલા થોડાક રૂપીઆ બાકીછે તે આપવાની પેહલી વાત કરો. બીજી એકાદ બે ઠેકાંણેનું હું કાંમ લાવુંછું તાંહાં પણ દીલ ઉપર શકતી એંમી મેં માંગીયું અને આવો અવસરછે એવું મેં બોલું જણાવીયું. એના ઉતરમાં મને રોકરો જવાબ મલીયો કે જારે આપણે ગરીબ થયાં તારે કરજ દરદ કરીને સારા લુગડાં પેહરાવાની શી જરૂરછે, લોકો સારી રવેશે જાંણેછે કે તમે ગરીબછો. દીકરી આવો ઉતર મલવાથી હું ધબકી ગેઇ અને ફરી હીમત કરી કોઈ આગલ છાતી ચલાવી શકી નહી. માણેક તારાં કપરાંછે તેજ પેહરવા પડશે; તેની તારે જરાએ લાજ રાખવી નહી, એકબારગી મુંબઈનાં હાકમની સાંમે એવાં કપરાંથી ઉભું રેહવું પડીયુંતો તેની ચીનતા નહી, કેમકે ગરીબાઈ એ કોઈબી જાતની તકશીર નથી, તારે આપણને લજવાવાની જરાએ જરૂરખી નથી.

માણેક મોટાં દીલની હતી, તેણીનું મન, તરત શંતોશ પાંમીયું, બીજે દીને જે બની આવીઆ તે ફાટાં પણ સાફ કપડાં પેહરી નીશાલે ગઈ, તાંહાંથી સંધી છોકરીઓની સાથે ગારીમા બેસી ટાઉનહાલમા ગઈ.

માણેકનાં દીલમાં સાફ પણ ફાટો સદરો હતો, તેનુ બદીઆંન સફેદ પણ ઘણેએક ઠેકાણેથી તેમાં છીદર પહેલા, તેની ઈજાર જોકે પેહેલા લાલ રંગની હશે તે છેક વપરાઈને કાલી ઠીકડાં જેવી થયેલી, તેની કોરનાં ચીકન ઘસાઈ ગયલાં અને તેનાં દોરા કેટલેક ઠેકાંણેથી નીકલી ગયલા, પગમાં જુની સપાટ જેના એરી આગલથી છેક ઘસાઈને થોડો ભાગ નીકલી ગયલો, આવી રીતનાં પોશાકમાં આ છોકરી હતી.

ઈનામનાં નામો પરમાણે નીશાળોના ઉપરીએ સરવે છોકરીઓને બેસાડી. એટલામાં મોટા મોટા શેઠીઆઓ આવવા લાગા. તેઓમાંનાં કેટલાએકે આ પેહલી છોકરીનાં આંગમાંનાં લુગડાં જોઈ મોહડું મચકાવીઉં, અને માહોમાહે કાંઈ બોલીયા જે માણેકને કાંઈક સંભળાયું. તે બીચારી સંધી છોકરીઓનો પોશાક જોઈ એકતો દંગ થઈ



હિંદુસ્તાનમાં ડાકની મુસાફરી—વાઘ મળીઆથી પાલખીવાળાઓનું નાહસવું.

થા દીકરી પોતાનાં સુખનાં વખતમાં પોતાના પેદા કરનારને કદી પણ વીસરીયાં નહી, અને રાબેતા મુજબ પોતાની ખરાં દીલની બંદગી જારીજ રાખી. આખર ભગતીજ કાંમ આવી, સબુરીનો બંદલો મેલીયો. હીરાની કીમત માણેકમાં મલી.

---

## હીંદુસતાનમા ડાકની મુશાફરી.

### વાઘ મલીઆથી પાલકીવાલાઓનું નાંહસવું.

ઈશવરે આપણ માણવી જાતને એવા બનાંવી આછે કે આ પુરૂથવીની સપાટી ઊપરનાં સરવે દેશોમાં આપણ રેહી શકીયે. એટલાજ માંટે આપણને બીજા જાનવરોની માફક સરીરનું ચોકસ ઢાંકન કરી આપીયું નથી, પણ જેવી આબોહવા તેવાં કપડાં પેરીતે દેશમાં વસી શકીયે એવું અકલનુ ઢાંકન આપીયુંછે.

એકજ ચોકસ જગામાં પડી રેહવાથી માણસ ઈશવરની નેમ પાર પાડનો નથી. બીજાં દેશોમાં મુસાફરી કીધાથી આપણે વીદીઆ હોનરમા વધારો કરીયે છીયે. વીદીઆ હોનરમાં વધારો થવાથી દેશની આબાદાની વધેછે—વેપાર ચાલુ થાયેછે—પાહડ તથા જમીનના પેટાં ખોલી ઊપયોગી ધાતુઓ મેળવીયે છીયે, નદી તથા દરીઆમા વાહાણો ચાલુ કરીયે છીયે, અને ટુંકમાં સરવે સુધારો અને આપણાં સુખનો વધારો કરીયે છીયે.

આપણા હીંદુસતાંનના પેટામા લોહોડાં તથા કોલશાની ખાંનછે. જંગલોમા તરેહ તરેહના વસાના અને જાહાડ પાનોછે, જેની ખુબી જો વીદવાંન લોકો મુસાફરી કરી ખોલી કાહાડેતો અગણીત દુખોનુ નીવારણ થાય; પણ એવા આપણા દેશીઓ થોડાજછે. અલખતાં જંગલમા મુસાફરી કરતાં તરેહવાર વીપતી ખમવી પડેછે; પણ તેથી ચોખંડ પુરૂથવીને ફાયદો થાયછે, એ વીચાર લેઈ આપણી વીપતીને ગણતરીમાં લેવી નહી જોઈયે.

હીંદુસતાનમા એક દેશથી બીજે દેશ જવાને જાંહાં દરીઆથી જવાનો મારગ નથી, તાંહાં ખુશકીનીજ મારફતે જવું પડેછે. એવી રીતે મુસાફરી કરતાં ભય ભરેલાં જંગલોમાંથી પસાર થવું પડેછે. એવા મુસાફરોને હમેસાં સરવે જાતના હથીઆરો વાપડી જાણવાની જરૂરછે; તેમા અકસર કરી બંદુક અને પીસટોલ શેડતાં સારી રીતે જાંણવું જરૂરનુંછે. હથીયાર વાપડવાનો હોનર સારી રીતે જાણનારાઓ ઘણીવાર મોટા સંકટ અને ફારીખાનારાં જાંનવરોથી બચી ગયેલાછે એવા દાખલા સરવે કોઈ જાંણેછે.

હીંદુસતાનમાં એવી રીતે મુસાફરી કરવાને માંટે ડાકની ઘોડા તથા બેલની ગારીઓ અને પાલખીઓ હોયછે. જેમ ગારીનાં બેલ તથા ઘોડા, ટપે ટપે બદલે છે તેમ લાંમબી મનજલમાં પાલકી ઊચકનારા હમાલો પણ બદલેછે. ઘણું કરીને એવી મનજલને માટે ફાલતુ હમાલો હોયેછે, તેઓ પાલકીની સાથેજ છુટા દોડેછે અને અવાર નવાર ખાંધ બદલેછે.

આવી રીતની એક ઈંગરેજ મનજલ કરતો હતો તેવામા તેને એક જંગળમા વાઘ મલીઓછે, અને તરત પાલકીવાલાવો તે પાલકી નાખી દેઈ જીવ લેઈ દોડેછે, તેનુ એક ચીત્ર પાસેના પાના ઊપર આપીયુંછે તે જોયાથી આપણાં મનમા આવા ભયંકાર સમાનો પુરતો વીચાર આવી શકેછે. એ સખશ પોતે એ બનાવનો ટુંક હેવાલ આપેછે તે હમો નીચે ટાંકીયે છીયે.

"લાંબી મુસાફરી કરતાં કેટલીકવાર રસતામા મોટાં બીચ જંગલો નડેછે, જાંહાં રસતાની આસે પાસેથી સો વારને છેટે સુધીની જાહાડીઓ કાપી નાખેલી હોયછે, જેથી મુસાફરને ફાડી ખાનારાં જનાવરોના હલામાથી બચી જવાને એક જોગવાઈ મલેછે. હું પોતે આ વખત બનારસ તરફ જવાને નીકલીયો હતો અને મેં વારંમવાર સાંભલેલું હતું કે એ રસતેથી કેટલીકવાર જંગલમા વાઘ મલેછે, પણ મને મારી આગલી મુસાફરીઓમા કોઈ દાહડેબી આ જાંનવરોનાં પાદશાહની મુલાકાત થઈ નહી હતી.

"મનજલ કાપતાં એક સાંજનાં છ કલાકે તોપેકાચીના ડાકના બંગલા તરફ હું પાલકીમા આવી પુગીયો. તાંહાં ઊતરી થોડુંક ખાંનુ ખાઈ તથા ચાહ પીને જલદીથી પાલકીમા બેઠો અને હમાલો જો મને જલદીથી બીજા ડાકના બંગલા તરફ પોંહોચાડેતો કાંઈ ઈનામ આપવાને મેં કબુલીયું. બીજા ડાકના બંગલા તરફ ઊતાવલે જવાની મારી ઊલટ એટલાજ માટે હતી કે અંધારૂં થાયે તેની આગમચ તાંહાંથી ખલતી મસાલો મેલવી શકું. રાતના આવી મસાલોની ઘણીજ જરૂર હોયછે, એકતો રસતો

દેખાડવાને કામ લાગે, અને બીજુંતો વાઘ અને બી
જાં જાનવરોને નસાડવાને ઊપયોગી થઈ પડે.

"આ રસતેથી મેં ઘણીકવાર મનજલો કીધી
હતી, તેથી મારા દીલમાં કાંઈ ધાસતી હતી નહી; અ
ને સાંજનો વખત હતો એટલે મેં મારી ચીરૂટ સલગા
વી મોહોમા લેઈ પાલકીમા ઊંઘાવા માંડીયું. પડી
આ પડીઓ મનમાં વીચારે કરૂંછ કે હું પાછો ઇંગલં
ડ જઈ શકસ કે નહી અને બે વરસમા તાંહાં કેટલો
ફેરફાર થઇ ગયો હશે. એવી રીતનાં વીચારમા ને
વીચારમાંજ ઊંઘવા માંડીયું. થોડેકવાર પછે એકા
એક મને જોરનો આંચકો લાગો અને હું ચોંકી ઊ
ઠીઓ. જોઊંછુંતો મને મારી પાલકી સુધાં નાખી
દેઈ હમાલો "મારો શાહેબ, મારો શાહેબ" બુમ માર
તા જીવ લેઈ દોડતા હતા. મારા દીલમા દેહસત પે
દા થઇ કે કાંઈબી જોખમ સરીખું જોઇ એવો નાંઠેલા.
એટલામાં જોઊછુંતો તરીસ વારને છેટે એક પથરનો
નાંધેલો પુલ હતો જેની નીચેથી નાધલાં પાંણીનાં ના
લાં પસાર થતાં હતાં અને પથરનાં મેહેરાબની અંદર
અને આસે પાસે એક જાહાડી હતી તે માહેથી આ
સને આસતે અને પાદશાહી કદમે એક મોટો વાઘ ની
કલતાં મેં જોયો. હું ઘભરાટમા પડીયો અને સું ક
રવું તે સુજે નહી. તરત મારી પાસે બે સરસ પી
સટોલો ભરેલી તયાર હતી તે હાથમા લીધી, અને એ
વગેરે બીજી બે બારલની પીસટોલ પણ મારી જોડે
ભરેલી હતી, તેથી ઠેહાવ કીધો કે જો આંગ ઊપર આ
વશેતો હથીઆર વાપડસ. એટલું છતાં તે વખતે મા
રી ઊમેદ એજ હતી કે વાઘ રાજા બીજોજ રસતો ધ
રેતો ઘણું સારૂં.

આસતેથી વાઘરાજા મારી ડાબી બાજુથી પ
થરના પુલ ઊપર ચહડીઆ જે હું પાલકીના બારણાં
ધાંડી પીસટોલનુ મોહ બાહેર રાખી તરત ફોડવાને
વાસતે કમાંન ચરાવી વકતારમાંથી જોતો હતો. ઈશ
વર મેરબાંનીથી વાઘ રાજાએ રસતા તરફ હેરીયું લી
ધું અને રસતાથી સો વાર દુર જાહાડી હતી તે તરફ
ચાલવા માંડીયું. જેમ જેમ દુર જતો ગયો તેમ તે
મ મારી છાતી ધપકતી જરા નરમ પડવા લાગી અ
ને મારેથી બરાબર દંમ લેવાયો.

"હવે હું અધીરો થયો કે એ કાહારે મારી
નજરથી છેક દુર પડે. તેથી મેં પીસટોલની નેમ જુ
દીજ તરફ રાખી ફોડી કે તેના આવાજથી, એ જાહાડી
માં જલદીથી ચાલીયો જાય. પણ તરત વાઘ રાજે
જરા મોહ ફેરવીયું અને ધુમારા તરફ જોતો ઊભો.
(જે પાસેનું ચીત્ર જોયાથી બરાબર માલમ પડશે.) મેં
મારી બેવકુફી જોઇ અને પસતાવા લાગો કે રખે પા
છો ફરે. પેલા હમાલો જેવા દુર નાહસી ઊભા હતા
તેઓએ પીસટોલનો આવાજ સાંભલી દુરથી બુમો
પાડવા માંડી કે "મારો શાહેબ મારો" પણ એક ક
દંમ મારી તરફ આવીઆ નહી.

"ઇશવર મેરબાંનીથી વાઘરાજે ઝાડીમા થઈ
આગલ રસતો લીધો, અને તારબાદ હમાલોના આવ
તાં પગલાં મેં સાંભલીયાં કેમકે હજુર મારી નજર ઝા
ડી તરફજ હતી.

"આ વખતે હમાલો સાથે બાક ભીડવી તથા
તેઓની સુરખાઈ વીશે સમજાવાને મેં દરૂસત ધારેયું
નહી, અને તેઓને જલદીથી, મને બીજે ડાકને બંગલે
પોહાચાડવાને મેં તાકીદ કીધી."

એજ જંગલો તરફ એક ઇંગરેજ જે તાવથી
ઘણો હેરાંન હતો અને ડાકટરની સલાહ લેવા બનાર
સ તરફ પાલકીમા જતો હતો તેની ઊપર, હમાલો મ
સાલ સલગાવા ગીયા, એટલામાં વરૂઓએ હલો કીધો.
તે બીચારો તાવથી એટલોતો અશકતીવાંન થઇ ગયો
હતો કે બરાબર ઊઠીને તેનેથી બેસી સકાતું નહી હ
તું. તેવા સમે તેણે પડીયો પડીયો પાલકીના બેઊ
તરફના બારણાં બંધ કરી જેમ તેમ હાથમાં પકડી
રાખીયાં. કેટલાંક વરૂઓ તેના બારણાને અફાડી
અફાડીને બુમો પાડવા લાગાં તોએ હીમત રાખી તે
બારણાં પકડી રહેયો. એટલામાં હમાલોનાં હાથમાં
મસાલ સલગાવેલી દુરથી જોઈ પેલાં વરૂઓ નાસી ગ
યાં અને આ મરણ કાંઠે આવેલો ઇંગરેજ બંચી ગયો.

## માથેરાનની ટેકડી.

આપણા ઘણાખરા વાંચનારાઓ જાણતા હશે કે
મુંબઈની ઊતર પુરવ દશાએ માથેરાન નામની એક સુંદર
ટેકડી આવેલીછે. આ ટેકડીની હવા ઠંડી તથા દેખાવ
રલીઆમણોછે, અને તે ઊપરથી તેને લગતો હેવાલ અ
ગત કરીને આપણી ટાપુના રેહેવાસીઓને જાણવા જો

અછે. માથેરાન મુંબઈની પડોસમાજછે—ફક્ત બે અથવા તરણ કલાક આગ ગાડીમા મુસાફરી કીધાથી તેની એઠવાઈ ઈઆને નારેલ નામના ગામડાં આગલ જાઈ પોંચીએછે. નારેલથી ટટ્ટુ ઊપર અથવા પાલકીમા બેસીને બે અથવા તરણ કલાક એક ઊંચા ટેકડા ઊપર ચડીઆ એટલે માથેરાન આવેછે.

માથેરાનપર જાવાનો રસતો લગાર સાંકડો તથા ઊંચી ચડાંણવાલોછે, તોપણ તે કોઈબી રીતે ભએ ભરેલો હોએ એવું હમો ધારતા નથી. અતરે આગ ગાડી થાઈ તેની આગમજ કોકનમાથી દખણ જાતી વખતે આપણે બોરઘાટ પસાર કરતા હતા તે રસતા કરતાં જોકે આ રસતો ઓછી સફાઈ ધરાવેછે તોપણ તેની આજુ બાજુએ એવીતો રલીઆમણી લીલોતરીછે કે આવ જાવ કરનારને જાજી થાક ચડતી નથી. થોડુએક ઊપર ચહડીઆ પછે સાગલી વાંસાના જંગલ, જંગલી કેલ, તથા કાંટાની ઝાડીના જુમખાઓ જોવામાં આવેછે; અને તે જુંમખાઓ ઊપર હજારો વેલા વીંટલાઈને એવોતો છાંએઓ બનાવેછે કે તેમાથી સુરજનો ટડકોબી જાહાંજો લાગુ પડતો નથી.

હવા ફેરબદલ કરવાના બાબમા માથેરાન એક નામીચી જગાછે. તેને સોધી કાહાડીઆને અથવા વસાવીઆને ફકત બે દાએકા થાએઆ નથી તેટલાંમા તો તીઆં એટલા અને એવા સારા બંગલા બંધાએઆછે કે તે બાબદ ઊપરથીજ તેની કીમત ધીઆનમા આવશે. એવું લાગેછે કે આ ટેકડીની સોધ કરવાને તે તરફ માલેટ નામનો ઈંગરેજ ગએઓ હતો તેના બીબીઆનું નામ માથેરાવ હતું તે ઊપરથી આ જગાનુ નામ પણ માથેરાન પડીશું હશે; તોપણ તે બાબદ વીસે હમો કાંઈ ચોકસ જાણતા નથી.

માથેરાન એક ઊચી ટેકડીછે. મથાલેથી તેનો આકાર ઘણું કરીને ઘોડાની નાલના જેવો માલમ પડેછે. તેની બાજુએ ગોરી ખીણછે તેનો આકારબી તેવોજછે. આસપાસના બીજા ટેકડાઓથી તે છુટી પડેલીછે, અને તેના મથાલાં ઊપર જે દોઢીક સપાટ જમીનછે તે ઊપર સઘલા બંગલા બાંધેલાછે. તે સપાટ જમીન પણ એક લાંબાં મેદાનના જેવી નથી પણ જુદી જુદી ટુકડી અથવા સુનમાં વેંચાએલીછે. આવી સુનના છેડાને ઈંગરેજીમાં પાંઈટ કરીને કહેછે; જેવાં કે પાનોરામા પાંઇટ, ચોક પાંઇટ, એલેક જાનડરા પાંઇટ, લુઈસા પાંઈટ, ઈતીઆદી. દરેક પાંઈટ પર જવાનો રસતો પાડેલોછે; પાનોરામા પાંઈટ પર જવાંની વાટ કધંગીછે; તોપણ તીઆંથી પાસેના ટેકડાઓનો દેખાવ દેખાએછે તે દબદબા ભરેલો અને જોવા લાએકછે. વલી ચોક પાંઈટપર ઊભા રહીને નીચેના મેદાન તરફ બે ઘડી નજર કરીએછે તો ભાતના લીલાં ખેતરો અને ઠારેઠાર ખીલેરી પાણીના ચલકતા ચસમાઓ આંખને ટાડક ઊપજાવેછે, તથા ઘણાએક નાઘલા નાઘલા ઝડા એક બીજા સાથે મલીઆથી જે નાલાં બનેલાં છે તેઓ સરપની લીટલીની મુવાફેક વાંકાંટીકાં આગલ ચાલીને પછે દુરના મેદાનોમાં ગુમ થાઇ જાએછે, તે સંઘુ ઊંચેથી જોવામાં અજબ લેહેજત લાગેછે. વલી કોઇ ઠેકાણે એકાત બે ઘોત કોઈ ઊડી ખીનને તલીએ પડતા હોએ, તેઓના ગંભીર આવાજ કાણે પડેછે. જો બાહેર ફરવા જાવોતો ઘણુખર સઘલે રસતે જાહાડોના છાંએઓ તમુને ઠંડક આપશે; તે સાથે સવાર અને સાંજને નમતે પોહોરે લાંબી મંજલ કાપશો તોપણ થાક ચડશે નહી. તીઆં જાહાડી ઘણીછે તે ઊપરથી ધારવામાં આવેછે કે તે જાહાડીઓમાં આગલા વખતમાં વાઘની વસતી જાહાજી હશે. હલબી થોડાક દાહાડાની વાત ઊપર લુઇસા પાંઈટ તરફ એક ઠાકોરે એક મોટી વાઘનને મારી હતી, તે હમારા જોવામાં આવી હતી. તે વાઘને તે તરફના રેહેવાસીઓના એક વછડાનો ભોગ કીધો તે ઊપરથી પેલો દલેર ઠાકોર તેની શોધમાં રહેઓ અને આખેર તેને બે જાન કીધી. ઠાકોર લોકો ઘણા હીમતવાન કેહેવાએછે.

અવે સવાલ ઊઠેછે કે માથેરાનની હવા તેના જેટલીજ ઊચાઇના બીજા ટેકડાઓની હવાના કરતાં વધારે દીલપસંદ લાગેછે તેનો સબબ સું? આ વાતનો ખોલાસો હમારા વીચાર પરમાંણે એ છે કે એકતો આ ટેકડી પોતે ઊચી આવીછે તેથી તેની હવા બીજી નીચી જગાના કરતાં ટંડી હોવી જોઇએ—બીજુ તો એજે તે સમુદરથી જાહાજી દુર નથી તેથી તંદરોસતીને વધારનારી દરીઆ તરફની હવા તીઆં જાહાજી આવેછે—તરીજુ એજે તેના ચોકસ આકારની ખુબીથી તેના જુદા જુદા ભાગો સુરજના કીરણોની સાંબેથી એક બીજાને ઘાકેછે કે જેથી સપાટ જમીન ઊપર દીવસનાં બાર કલાક ટડકો પડેછે તો અતરેનો ઊ

ચી નીચી જમીન તેથી ઓછો વખત તપેછે કે જે સબબથી તીઆં વધારે ઠંડક રેહવી જોઇએ—અને ચોથું એજે આસપાસ ઘણીએક જાહાડી આવીછે તેના સબબંથી સુરજના કીરણો જમીન ઊપર બરોબર લાગુ થાતાં નથી—એટલુંજ નહી, પણ તેજ જાહાડીનાં સંખીઆબન પાતરાંના અગનીત સુરાખોમાંથી પાણીનો જે સેજાર ઊડેછે તેથી તે પાતરાં ઠંડાં થાએછે—પોતરાં ઠંડાં થાએઆં કે પછે તેઓને જે હવા અથડેછે તે પણ ઠંડી થાએછે અને તે આપણને ખુશનમાં લાગેછે. આએ સુંદર ટેકડી એવીછે કે બાંમદાદના ખુશનમાં વખતે અથવા દીવસના પાછલા પોહોરે બાહેર ફરવા નીકલી, માફકસર કસરત લેઈ, આસપાસનાં દેખાવથી મગજને તર કરીને તમો પાછા તમારાં મકાનપર જાવોતો મોટી રૂચીથી ખાણુ ખાઇ ઠોડા દાહાડામાં ઘણી તંદરોસતી મેલવીઆ વગર રેહેવો નહી.

—∞—

## એક સાંજની સેહલ.

છોકરો—મા પંખીને પીછાં સું કાંમ હોયછે?

મા—દીકરા તેઓ માસના તંતુઓને ઝડપથી કાંમે લગાડેછે અને વાપરેછે તેથી તેઓને ઘણે ચડને દરજ્જેની ગરમી આંગમાં રાખવી પડેછે એટલા માંટે; પણ એ માટે જે પીછનું ઢાંકણ ઈશવરે તેઓને આપીચુંછે તે ઘણુંજ હલકુછે જેથી તેઓને સેહલાઈથી ઊડવાને બની આવે અને વળી તેમાં ગરમા રાખવાનો ઊતમ ગુણ પણ આપીયોછે.

છોકરો—મા તમોએ મને આગલ કહેયું હતું કે પાંણીમાં ફરનારાં પખીના પીછ ઘણાજ નજદીક ગોઠવેલાં અને ઊપરથી સફાઈદાર અને લીસાં હોય છે તેનું કારણ સું ?

મા—હા દીકરા તેં સારી યાદ રાખી. એનું કારણ એવુછે કે એવી જાતના લીસાં પીછ ઊપર પાંણી ઠરી શકતું નથી તેથી પેલાં પંખીનું શરીર ગરમ અને સુકું રેહછે. જો એ પખાઓને રૂઆંદાર પીછ હનેતો તે પાણી બંધાઇને બારી થવાથી તેઓથી પાંણીમાં જરાએ આગલ વધાઈ શકાને નહી.

છોકરો—જારે ઈશવરે પંખીને આવાં સારાં ઢાંકણ આપીયાંછે તારે માણસને શું કાંમ નાંગો પેદા કીધો હશે—વારૂં ?

મા—કારણ કે માણસ પોતે પોતાનું ઢાંકણ કરી શકે એવી તેનામા શકતી આપીછે; અને માણસને પોતાના કારોભારને લીધે દુનીઆના એક છેડાથી બીજે છેડે સુધી જવું પડે તેથી જુદી જુદી આબોહવા પરમાણે તે પોતાનું ઢાંકણ કરે એવી નેમ જણાયછે.

છોકરો—મા—જારે માણસ જુદી જુદી આબોહવા અને રૂતો પરમાણે પોશાક બદલે તારે બીચારાં આ જાંનવરોનો તો શીયાલો, ઊનાલો, વસંતરતુ સરવે વખત એકજસરખો પોશાક હોયછે તે કેમ ?

મા—દીકરા આવી રીતના તું મને સવાલ નાખેછે તેથી મને તું વધારે પરીય લાગેછે. હવે તારા સવાળનો જવાબ હું ટુકમાં સમજાવુંછું, તે સાંભળ. જો આપણે બરાબર તપાસીને જોશુંતો માલમ પડસે કે કેટલાંક પંખી અને જાંનવરોને ઊનાલામાં જે રૂવાં હોતાં નથી તે શીયાલામાં તેઓના પીછાંની નીચે ઊગી નીકલેછે, વળી કેટલાંએક જાંનવરના રૂવાં શીયાળામાં જાડાં થાયછે; અને કેટલાંએકના પીંછ હેકલ કાળાં રવાં શીયાળામાં માલમ પડેછે. વળી કાળાં હોવાનો સબબ એકે એ રંગ આંગની ગરમી અને ઊપ સારી રીતે સાચવેછે. બીજાં જાંનવરોમાં જાંહાં એવો ફેરફાર દીઠામાં આવતો નથી તાંહાં ઈશવરે એકજ ઢાંકણ બધી રૂતમાં ચાલી શકે એવાં બનાવીયાંછે, અને એ વગેરે બીજા અનેક શાંધણ કરી આપેલાંછે.

છોકરો—પીઆરી મા, આ મુંગાં જાંનવરોની ઊપર ઈશવરની કેવી મેરબાંની—નહીતર એ બાપદાઓની શંભાલ કેમ થાત ! પણ મા પંખીઓની ચાંચ કઠણ, લાંબી અને ટીણી કાં ?

મા—કઠણ એટલા માટે કે તેઓને દાંત નથી તેથી પોતાના શેકારને પકડવા, તેને દાબી રાખવા અને ખોરાકને લુકો કરવા કાંમ લાગે; લાંબી અને ટીણી એટલા માટે કે ઘણાખરાં પંખી બારીક જીનસ ચુંટી કાહાડી ખાયછે; જેવાં કે, કીડા, બારીક જાંનવરો, બીઆં ઈનીઆદી. આ ટીણી ચાંચ વડે તેઓ પોતાના શેકારને બોકી કાહાડી ચીમટાની પેઠે પકડેછે.

દીકરા જો આજની સેહલ કરતાં તુંને કેટલો ફાયદો થયો તે શાભળ. એકતો ખોલી હવામાં ફરવા નીકલવાથી શરીરને શુખાકારી થઈ, તેમજ મન એક

હું થયું. બીજું એક તું આલશાઈમાં જો ઘરમાં પડી રેહતેતો પાડોશીના છોકરાંઓ સાથે વહડવાડ કરતે, ન હીતર તારો વખત નકાંમી રીતે ઊડાવતે, તે વખત આ વી સરસ રીતે તેં કાંમે લગાડી રમુજ સાથે ઢડો મેળ વીયો. દીકરા આજ જે ખોલાશો તને મલીયો તે ઊ પરથી તને માલમ પડીયું હશે કે ઇશવરના સરવે કાંમો માં કાંઈ પણ ચોકસ નેમ દીસમાં આવેછે.

ચાલો આજ છેક અંધારૂં થવા આવીયુંછે તેથી ઘર જયે, વળી બીજી સેહલ કરવા નીકલીશું તારે આપણે નવીજ બાબદ ઊપર વાત કરીશું.

## હમીંગબરડ—ગુંગતુ પક્ષી.



કોઇના સપનામાં પણ ન હી હશે, કે જીવતાં જવાહેરો હવામાં ઊડતાં હશે; પણ અ મેરીકા ખંડમાં ખરેખર તરેહ વાર રંગના જવાહેરો ઊડતાં માલમ પડેછે. સહવારના જા રે સુરજ પરકાશેછે તારે તરે હવાર રંગ બેરંગી નાહાના પક્ષીઓ એક ફુલ ઊપરથી બી જાં ફુલ ઊપર ઊડતાં માલમ પડેછે અને તે વખતે તે જગા નો દેખાવ એટલોતો રલીઆ મણો થઈ પડેછે, કે જોનાર જાણે કે અલાદીનનાં જવા હેરાત બાગમાં ફરતો હોયે એવુ સમજેછે. વીચાર કરો, કે એક નાહાનું પક્ષી જેની ચાંચ પરવાલું, તેની અણી કાલી, પગ જાંબુરા રંગના; માથું, માંજર અને ગરદન નો પાછલો ભાગ જાંણે કાલી ચલકતી મખમલ; પી ઠ સુનેરી અને લીલા રંગની; પાંખ કાલી જાંબુરી. પુછરી કાલી ભમર, તેની આસમાની ચલક અને તેની કોર સુનેરી લીલા રંગની; ગલું, છાતી અને પેટ ઝલ ઝલીત ઊંચા લીલા પાના અથવા જમરૂદના રંગ ની; જેના બદનનું કદ માતરે તરણ ઈંચનું, તેમાં વ લી અરધાથી પોણા ઇંચની લાંબી ચાંચ, અને વલી જેની પુછડી હડી ઘણી લાંબી, એવા રંગનું અને કદનું પક્ષી જારે હવામાં ઊડે અને સુરજના કીરણથી તેના પીછનો રંગ તરેહવાર રંગમાં બદલાઈ જાયે, અને જા ણે તરેહવાર રંગના જવાહેર ઊડતાં હોયે એવું લાગે, તારે કોણ શખસ એવો દેખાવ જોઈને થમ થઇને અ જાએબ નહી થશે અને તરત તે સરવ શકતીમાન કી રતાર તરફ આદરમાનથી વીચાર નહી કરશે?

એવા એક પક્ષીનું ચીતર તમે આ બાબદની મથાલે જોશો; તે હવામાં વગર આધારે લટકેલું અને પોતાની ચાંચવતી ફુલમાંહેથી મધુર રસ ચુસતું દેખાશે. એ પક્ષીનો ખોરાક ફુલ માહેનું મધછે, તે શીવાએ જીના જાનવરો પકડીને ગલી જાયેછે. તેની ચાંચ લાંબી હોવાથી અને જીભ પોકલ (જાંણે કે બે નલીની બંદુકના આકારની) હોવાથી તે ફુલમાંહેથી સેહેલથી મધ ચુસી લેછે. જારે તે મધ ચુસેછે, તારે હવા માં થમ લટકેલું રેહેછે, પણ તેની પાંખ એટલીતો જ ડફથી ફફડાવેછે, કે તે આપણી નજરે માલમ પડતું ન થી, અને તે પાંખ ફફડાવીયાથી માંખના જેવો ગુંગનો આવાજ નીકલેછે, અને એ ઊપરથી એ પક્ષીનું નાંમ આપીયુંછે. એ પક્ષી અમેરીકા ખંડમાં અને ઘણું ખરૂ જમેકામાં નજર પડેછે. અમેરીકા શીવાએ બી જા કોઇ પણ દેશમાં એ પક્ષી માલમ પડીયું નથી. એ પક્ષીની પાંખનો વીસતાર નજદીક છ ઈંચથી વ ધારેછે અને તેથી કરીને તે ઘણી જડફથી ઊડેછે, અને એના જેવી જડફ કોઇ પણ બીજા પક્ષીમાં નથી તે ઘ ણું હીમતવાન અને મીલનસારછે, તે કોઇથી બીહીતું નથી, અને જારે બે પક્ષી એકજ ફુલ ઊપર મધ ચુસ વા આવેછે, તારે બેઊમાં ઘણા જોરથી ઝગડો ચાલેછે.

એ પક્ષી પોતાના માલો ઝાડની દાંખલીની ઊપર ની બાજુએ બાંધેછે. માલો એક ઈંચ ઘેરાવાનો અને એક ઇંચ ઊંડો હોયેછે. ઘણુંકરીને તેઓ બે ઇંડાં મુકેછે.

અમેરીકાના ઈંડીયન લોકોએ એ પક્ષીનું નામ "ગવારેશીગાબા" એટલે "સુરજના કીરણ અથવા જુલફાં" કરીને આપીયુંછે, અને તેમાં તેઓ સચાઈથી કાંઈ પણ દુર ગયા નથી. એ પક્ષીને એ નામ ખ રેખર છાજેછે. એ પક્ષીના પીછ માહેથી તાંહાંના લો કો તરેહવાર ભરતકામ, પંખા ઈતીયાદી બનાવેછે. અમેરીકાના ઈંડીયન લોકો એ પક્ષીને ઘણું માન આપેછે, તે લોકોમાં એવો વીચારછે, કે જે લોકો લડાઇ માં મરી જાયેછે, તેઓને સુરજના મંદીરમાં લઇ જવા માં આવેછે અને તાંહાં તેઓને એ પક્ષીઓનો અવતા ર આપેછે.

## ભાઈ.

### એક અસલી બેરાહમણે દીધેલી સીખામણ.

"તમો એક બાપના બચાં છેઓ અને તેની જતનથી પલી ગયળાંછો, અને એકજ માએના થાનનું દુધ તમે પીધેલુંછે.

"તેટલા માટે, તારા ભાઈઓ સાથે તું પેયારના ગાંઠથી બંધાયેલો રેહ, કે જેથી તારા બાપના ઘરમાં સલાહ સંપજ અને સુખ વસે.

"અને જારે તમો દુનીયાંમાં એકમેકથી છુટાં પડો, તારે જે સગાઈથી તમો પેયાર અને એકદીલીમાં વીટલાયળાછો તે યાદ રાખજો; અને તારા પોતાના નજદીકના સગપણને મુકી દઈને પારકાને પસંદ કરતો ના.

"જો તારો ભાઈ સંકટમાં હોયેતો તું તેને મદદ કરજે; જો તારી બેહન ગરીબ હાલતમાં હોયે, તો તું તેને વીસરી જતો ના.

"એ પરમાણે, તારા બાપની દોલત તેની આખા ખાનદાનના પોશણમાં રોકાશે; અને તમારા એકમેકના પેયારથી, તેની જતન તમો સઘળા ઊપર ચાલુ રેહશે."

## પોશાક.

૧. ઈતીહાસ આપણને એમ કેહેછે કે દુનીઆંની પેદાએશ પછે ઘણો વખત ગુજરેઓ તાંહાંસુધી માણસ જાત કપડાં વગર ફરતું હતું અને પછી જેમ જેમ તેઓમા સુધારો થતો ગયો તેમ તેમ તેઓ કપડાંની જરૂર સમજવા લાગાં. આપણને સારીપઠે ખબરછે કે ૧૦૦૦ વરસ આગમચ ઈંગલંડ દેશના રેહેવાસીઓ કે જેઓ આજે દુનીઆંના મોહોટા ભાગ ઊપર સરદારી ભોગવેછે અને કળા કશીશલતા તથા વીદીઆની અંદર પુરવીણ ગણાએછે તેઓ વાઘના અને બીજાં જાનવરોના ચાંમડાંના કપડાં પેહેરતાં હતાં; પણ તેઓનો હાલનો પોશાક જોવો; કહેવો સોભઇતો અને તેઓના દેશની હવાને માફક આવતોછે; તેનું કારણ એછે કે જેમ જેમ તેઓ કપડાની અંદર ફેરફાર અગતનો સમજતા ગયા તેમ તેમ તેઓ કરતા ગયા.

૨ માણસ જાતનો પોશાક દેશ દેશનો જુદો હોયછે, તેનું મુખીય કારણ એછે કે જુદા જુદા દેશોની જુદી જુદી હવાને માફક આવતો તે કરવામો આવેછે. આપણા મરદો અને ઓરતોનો પોશાક આએ મુલકની હવાને માફક આવતો કરવામો આવેલોછે. હીંદુ ઓરતો તથા મરદોનો પેહેરવાસ જોકે હવાને મળતો કીધેલોછે ખરો, પણ તે જેવી રીતે આંગને ઢાંકવું જોયે તેવી રીતે ઢાંકી શકતો નથી. આપણા પારસી લોકોના કપડાં એ બાબદમો કેટલીએક રીતે હીંદુ લોકોના કપડાં કરતાં સરસછે ખરાં, પણ તેમા પણ કેટલોએક સુધારો કરવાની અગતછે. પારસી મરદોનો સાધારણ લીબાશ એક તેઓની પાગડી શીવાયે બીજો સઘળી રીતે ઠીક લાગેછે. પાગડીની બનાવટ એવી હોવી જોયે કે ચેહેરાને શોભા આપી, સુરજના તડકાંથી તથા હવાથી મોહોડાંનો બનચાવ કરે; પણ એ બેઊ બાબદોમો પારસીઓની પાગડી નાલાએકછે. પારસી સ્ત્રીઓના પોશાકમો જરા વધારે ફેરફાર થવાની અગતછે. ડાકટરોની હમેશાં એવી ભલાંમણછે કે પગનો જેમ બને તેમ ઠંડીથી બચાવ કરવો, કારણ કે એમ નહી કીધાથી કેટલાંએક દરદો ઊતપણ થાયછે: આ બાબદ ઊપર પારસી સ્ત્રીઓએ બીલકુલ ધેઆન આપીયું નથી. જો સરવે સ્ત્રીઓ હંમેશાં પોતાના પગમો મોજાં રાખેતો ફાએદો થાયે. પણ એ ઊપરાંત પગનો સરદીથી બનચાવ કરવા અને બરોબર રીતે ચાલવા, હાલની પારસી સ્ત્રીઓની સપાટ બીલકુલ રદ કરવી જોયેછે. અંગરેજ લોકોની બાઈઓ પગની ઘુંટી સુધી જે બુટ પેહેરેછે તેવાં બુટ જોકે ઈંગલાંડ જેવા ઠંડા દેશને લાએકનાંછે તોપણ આ એ મુલકની હવાને માટે સારાં નથી; તેથી નાથલાં બુટો જે કે "સલીપર" ને નામે ઓલખાયછે અને જે આપણા લોકોની સપાટને મલતાં આવેછે તે જો પેહેરેઆં હોએતો તેથી ઘણો ફાએદો થાએ. શારીનો પોશાક પસંદ કરવા જોગછે; પણ આંગને ઢાંકવા જે પેટી પેહેરવામો આવેછે તેનાં કરતાં કોઈ જાતનું ગોલાઈતું બાંએનું બદન વધારે સારૂંછે, કારણ કે પેટીથી જોકે છાતી સારીપઠે ઢંકાએછે તોએ હાથ બીલકુલ ઊઘાડા રેહેછે. પણ આપણી બાનુઓના પોશાકમો શરીથી વધારે અડચણ લેવા જોગ તેઓનું માથુંબાણુંછે. બાલ જે ખોદાતાલાએ ઓરતને ખુબસુરતી આપવા બખશેલા છે તે માથાંબાણાંનાં મેલાં કપડાં અંદર ઢાંકી રાખવા એ ખરેખર દલગીરી ભરેલુંછે. માથું ઢાંકવાને ખરેખ

ર.સરસ ઊપાએ ટોપીછે અને હમે તપાશીઊછે કે કશ બી અથવા સાદી ટોપી સારા અને બરોબર ગોઠવેલા બાલની ઊપર મુકેઆથી ઓરતોની ખુબસુરતીઓ ઘ ણો વધારો થાએછે, તેટલા વાસતે જેમ બને તેમ આપ ણી કોમની બાએડીઓએ એ ઊપર વીચાર આપવો જોઇએચ. બદીઅનની હેઠલ જો કાંચરી અથવા કાંઇ એવુંજ બીજું પેહેરાઊં હાએતો વધારે ફાઅદાકારકછે. એટલો જો ફેરફાર આપણા પોશાકમો હાલ થાએતો હ મારા ધેઆન પરમાણે જેટલું થવું જોઇએ તેટલું થાએ. પછે તે ઊપરાંત જો કાંઇ વધારે ફેરફાર કરવાનું પછવા ડે રેહેતો કાંઈ વાંધા જેવું નથી.

આએ જગોએ હમારી બેનીઓને બે સખુનો કે હેવાની રજા લઇએચ કે તેઓ માંહેલી ઘણીખરી બાઈ ઓ પોતાના આંગની બીલકુલ જતન અથવા સંભાલ કરતાં નથી. કેટલીએક જુઆંન તથા બુઢી ઓરતો સારી વગર અને વગર મલાજે ઓટલા ઊપર ઊભી રેહેચ એ અફસોસ કરવા જોગછે, અગત કરીને સારી વગર નેટનાં સદરા ઊપર ફરેઆથી તેઓ પોતાની જા તને બીલકુલ સોભા આપતી નથી. મરદો કરતાં ઓ રતોએ પોતાના આંગની ઘણી સંભાલ રાખવી જોઈ એચ, તથા ઘણી ચોકસાઇથી પોતાનું આંગ ઢાંકવું જો ઈએચ. સુધરેલા લોકોની અંદર એક બેઆબરૂ ઓ રત પણ એ મીસાલે પોતાનું આંગ આવતા જતા મર દોની સાંમે ઊઘાડું રાખે નહી. આપણી ઓરતો પો તાના બાલ વીશે ઘણી બેદરકાર રેહેછે એ પણ દલગી રી ભરેલુંછે. બાલને સાફ રાખવા એ દરએક સ્ત્રીનું પેહેલું કાંમ હોવું જોઇએચ. બાલ એવા મેલા હોએ કે તેની અંદર જીવડા પડે તો તેવા બાલ હોએજ નહી તો સારૂં. આએ સુચનાંઓ ઊપર હમારી બેનીઓ અગ ત કરીને ધેઆન આપસે એવી હમારી આશાછે.

---

## વખત સાચવવા વીસે શેહેજ વાર લાગો.

બરાબર ચોકસ વખત જાલવવાની કેટલી જ રૂરછે. આપણા દેશીઓમાં વખતની બેપરવાઈ ઘણી માલમ પડેછે. કાઇ અગતજોગ કામને માટે ભેલી થ ચેલી મીજલસનુ કાંમ ઘણી વખતે મુલતવી રાખવા માં આવેછે કાંયેકે જે સખશની ઘણી અગતછે તે હા જર નથી અને જો આવેછે તો વખત ચુકવીને અવા રો આવેછે. જો ખાનાની મીજલસમાં નોતરૂ થયું હોયેતો સઘલા લોકો ખાના ઊપર બેઠા પછી કોઈ જ ઇને ઊભો રેહેછે. તેનો દેખાવ તે વખતે જોવા લા યક થઈ જાયછે. ચોકસ વખત નહી જાલવીયાથી કેટલાં ખરાબ પરીણામ નીપજેછે તેનો લોકોને કાંઈ પણ વીચાર નથી. કેટલાંએક મોટા રાજપાટો ઊડી જાયે છે; માણસોના જાન જાયેછે. સારી યુકતી, અગતના કામ, દોલત, સુખ અને આબરૂ વગેરેનો ભોગ થાય છે, કાંયકે બરાબર વખત સાચવીયો નથી. કેટલાંએક માણસો પોતાના કામમાં હમેસ નીશ્ફલ થાયેછે, કાંયકે તેવો હમેસાં અવારા બાહેર નીકલેછે. કેટલાએક શુ ધારો કરવાના વીચારમાં વરસોના વરસ ગુમાવી દેછે અને અંતે વગર ઊમેદે મરણ પામેછે. માતરે પાં ચ મીનીટ કેટલીએક વખતે વરસોનુ કામ કરેછે. અ ને એ પાંચ મીનીટ ગુમાવીયાથી જીંદગી બરબાદ જા યછે. જે શખસ પોતે દુનીયામાં આગેવાન થવા ચા હાતો હોયે તેણે આ નેકી ઊપર અમલ કરવો જોઈ એ. જો ચુક સુધારવા ચાહાનો હોયેતો અવારો નહી રેહેવાની પેહેલાં કોશેસ કરજે.

એક આગની ગાડી વીજલીની જડપથી દોડી જાયછે, અને સટેશન આગલ જવાની ઊતાવલ કરેછે. તેને આવતાં અવારૂં થયુછે અને સાંમેની બીજી ગા ડીને ઊભો રેહેવાનો વખત થઈ ચુકોછે. તે એક વ લાન ઊપર ફરેછે તેવામાં સામનેથી ગાડી આવીને બેઊ અઠડી પડેછે. ભારી નુકશાની થાયેછે અને ન જદીક પચાસ માણસનો ઘાત થાયેછે. તેનુ કારણ શું? કાંયેકે એક ઈજનેર જરા અવારો આવીયો અને વખ તસર ગાડી લેઇ જઈ શકીયો નહી

મોહોટી લડાઈ લાગી હતી, અને દુસમનની ઊપર આઠ કલાક લગી મારો ચાલીયો હતો. સુર જ અસત પામતી વખતે સામને વાલાઓને મદદને માટે કુમક આવી લાગી. જો બરોબરીઓ નહી થા યતો ખચીતથી હાર થવાની વકી હતી. જે ટોલકી ની મદદ મંગાવી હતી તે જો આવી પોહોચેતો સઘલુ ઠીક થાયે. વીસવાસ હતો કે જલદીથી વખતસર મદદ આવી પુગશે તેથી ફરીથી હુમલો ચાલુ કીધો. તે માંથી શું નીપજીયું તે આખી દુનીયાને આશકારાછે. નેપોલીયન બોનાપારટનો મારશલ ગરાઊચી વખતસર

ર આવીયો નહી. તેથી લસકર મારીયું ગયું અને વાટરલુની હાર થઈ. નેપોલીયન એક બંદીવાન મીસાલે મરી ગયો કાંયેકે તેનો મારશલ જરા અવારો આવીયો.

એક વેપારીની પેહડી ગુચવણમાં આવી ગઈ. બાહેરથી અવેજ જો જલદીથી આવે તો તેની આંટ આબરૂ અને આબાદાની રેહે. પણ અથવાડીયાં ઊપર અથવાડીયાં ચાલીયાં ગયા પણ સોનું આવી પુગું નહી. છેલે દીવસ નજદીક આવીયો કે જારે મોટી રકમની હુંડીઓ પાકી, જે સટીમરમાં અવેજ આવવાનો હતો તે કાંઈ પણ લાવી નહી. પેહડીને દીવાળું કાહાડવાની ફરજ પડી. બીજી સટીમરમાં નજદીક ૫૦ લાખનો અવેજ આવી ઊભો; પણ તે અવાચો આવીયો તેઓ પાયેમાલ થયા કાંયેકે તેવોના આડતીઆએ જરા અવારાં નાણાં મોકલીયાં.

એક ખુની ગુનેહગારને ફાંસી દેવા કાહાડીયો. તેને ઘણી ચીડ ચહડીયાથી ખુન કીધું હતું અને લોકો તેની તરફેણમાં હતા કે તેને ફાંસી દેવાને બદલે બીજી હલકી શીકસા કરે. લોકોને વકી હતી કે કાંઈ પણ દયા બનલાવવામા આવશે. સહવાર પડી પણ હજુર કાંઈ ખેપીયો આવીયો નહી. ફાંસી દેવાનો વખત થયો. ગુનેહગારને સુલી ઊપર ચહડાવીને ફાંસી દીધી. એક પલમાં તે સુરદુ હવામાં લટકતું થયું. એવામાં એક ઘોડેસવાર ઘોડો દોડાવતો મારીયો આવીયો, તેના હાથમાં એક દસતાવેજ હતો તે ગુનેહગારને ફાંસી નહી દેવાનો હુકમ હતો, પણ ખેપીયો જરા અવારો આવીયો, તેનું ઘડીયાળ પાંચ મીનીટ સલો (ધીમુ) હતું તેથી તેને આવતાં જરા અવારૂં થયું.

એજ પરમાણે દુનીયામાં હમેસાં ચાલતું આવે છે, તારે ચોકસ વખત જાળવવાની કેટલી જરૂરછે તે વીશે વધારે બોલવાની અગત નથી.

---

## શીરીઆ દેશના દરવેશોનો રમુજી હેવાલ.

શીરીઆ અથવા જેને આપણ લોકો રૂમશામને નામે ઓલખીએછે, એ એશીઆખંડના તુરકસથાનમાં આવીયુંછે. એ દેશ થોડુંએક ઊપર મીસરના પાશાના હાથમાં આવીયો હતો; પણ ઈંગરેજ સરકારે પાછો તુરકીના સુલતાનને સવાધીન કરી આપીયોછે. એ દેશમાં મુસલમાનોની વસતી વધારેછે, અને એ લોકો શીવાએ આરબ, એહુદી અને ગરીક તથા અરમાની લોકોબી તાંહાં ઘણા વસેછે.

એ દેશમાં દરવેશ લોકોનો એક પંથછે જે વળી બે ભાગમાં વેહચાઈ ગયોછે. પેહલો ભાગ જેવો મંડલીઓમાં મલેછે અને તાંહાં પોતાની કીરીઆ કરેછે, પણ એવોના ધરમ સંબંધી વીચાર અને જે સોગંદ અથવા સપતથી તેઓ બંધાયલા રેહેછે તે કોઈબી પારકાને જાંણવા દેતા નથી. બીજા ભાગવાળા વળી કોઈબી ચોકસ જાત અથવા નાત ધરાવતા નથી, પણ પવીતરાઈ અને ખાધા પીવામાં અંદાજો રાખી એકાંતવાસી ફરીયા કરેછે.

પેહલા ભાગવાળાઓની મુખીય નાત કોનીઆ ખાતે વસેછે. તેઓ જુદી જુદી જાતના ધંધા કરેછે અને એક ઠેકવેસે દીવસે બધા ધરમની જગામાં એકઠા મલેછે. તેઓ જાહાડના કુંડાના ઊલટા આકારની ઊનની ટોપી પેહરેછે, અને તેઓનો શેક તેની ઊપર સફેદ અથવા લીલી મજલીનનો કટકો વીંટાલેછે અને તેને તેઓ તાજ કેહેછે. કીરીઆની વખતે તેવો સફેદ બદીઆન પેહરેછે અને તેની ઊપર લાંબી અને ઘણીજ ઢીલી બોંયનો મોટો પોટો જબો પેહરેછે. એ પંથ કોનીઆ, કાનસટાનટીનોપલ, કએરો, દમાસકસ અને તરીપોલી ખાતે પંથરાઈ ગયેલોછે, પણ કોનીઆ તેવોનું મુખીય મથક કેહવાયછે.

તેઓ અંદાજાસર મોજમંજાહ કરેછે, અને સદા રાખાવત કરતા રેહેછે. તેઓ તંબુરા તથા બીજાં વજંનતરોની સાથે "જીકર" નામની ઈશવર ભગતી કરેછે, અને એવી વખતે વજંનતર પરમાણે નાચેછે. કોઈ ચોકસ દાહાડે તેઓ પોતાના ફંડમાંથી ખરાં નાચારોને રોટલી તથા સેરચો વેંહચેછે. તેઓની સાથે જેઓને કાંમ પડેછે તેઓ એ પંથને વાસને સારંજ ઓલેછે અને તેઓને માન આપેછે.

બીજા ભાગવાલા દરવેશોની રીતભાત, સવભાવ અને પેહરવાસ વલી જુદીજ રીતનોછે. એઓમાં જેઓ હેમક અને દોવાનાં હોયછે તેઓને એજ કારણસર એ પંથવાલા વધારે માંન આપેછે, અને એવું સમજેછે કે ખોદાતાલાની એઓ ઊપર પુર મેહરબાંની હોવાથી આ દુનીઆઈ હુશીયારી કરતાં એઓમાં વધારે

અકલ આવેછે, તેથી તેઓ હેમક અથવા દેવાના બને છે. એઓમાં બીજા કેટલાએક ધરમ ગુરૂ હોયછે અને વલી બીજાઓ ધુતારાપણું તથા જાદુ કીતલના જુઠા ઢોંગ કરતા ફરેછે, અને લોકોને ઠગી ગુજરાન ચલાવેછે. આ ધુતારાઓ હજારો અને લખો કોસ ઊપરનાં ગાંમોમાં શું થાયછે તે વરતવાનો ઢોંગ ચલાવેછે.

આ હેમક તથા દીવાના અને ધુતારા દરવેશો પોતાને મનગમતી લોકોની જગાંઓમાં ફરેછે, અને એટલા સુધી હીમત કરેછે કે તે મુલકના પાશાઓ પાસે જઈ બેસેછે અને તેઓને વખત ઊપર ઠપકો આપેછે, અને નહીતર તેઓની તારીફ કરેછે. પાશા એઓની મુલાકાત લેતી વખત ઊઠી ઊભો થાયછે અને તેઓના હાથને બોસો દેછે, અને આ હેમકોના બોલવાને ખુદાઈ સમજેછે. થોડાંક વરસની વાત ઊપર એવા એક દરવેસ ધુતારાનો ૨મુજી દાખલો બનીયોછે તે હમો નીચે ટાંકીએ છઇએ.

દુમાસકસ ખાતે થોડાંક વરસની વાત ઊપર રૂમશામથી ઠરેલો એક વેહેમી હાકેમ રાજઅધીકાર ચલાવતો હતો. એ હાકેમને મલવાને ઊપલી કીસમનો એક દરવેસ હમેસાં આવતો હતો અને પોતાની મતલબ મુજબ તેને ઠપકો આપતો અથવા સ્રહરાવતો, અને બાજે વખત લોકોની ઊપર ફીટકાર નાખતો અથવા તેઓની બડાઈ કરતો. તે મુફલેસ છતાં પાશા તેને નાંણા આપવા માંગતો, તે લેવા નાં પાડી એવું દેખાડતો કે પઈસાને ખાતર તે કાંઈબી કરતો નહી હતો, પણ ખુદરતથીજ તેને જે બસારત થતી તે પરમાણે તે ચાલતો. આવું છતાં લોકો પાસેથી તે પઈસા કહડાવામાં બાહદર હતો. જે કોઈ પોતાની મતલબસર એને કાંઇબી આપતા તેઓની પાશા પાસે તારીફ કરતો હતો, અને એ રીતે મોટી રકમો મેલવતો.

એ જુ અથવા આહુદી લોકોનો મોટો સતરૂ હતો, અને રફાએલ નામનો એક આહુદી જે રાજકારભારમાં એક મોટી પદવી ધરાવતો તેની તે અતી અંત અણખોદ કરતો, અને બાજે વખત તેને કેટલીએક રીતે નુકશાનબી કરતો. એ ઊપરથી આ યાહુદીએ પોતાની જાતનાઓ ઊપર અને પોતા ઊપર ગુજરતો જુલમ દુર કરવા માટે એક ઊપાય સોધી કાહાડીયો.

આ દરવેશ પાંશા આગલ એવો ઢોંગ ચલાવતો કે દર સુકરવારને દીને તે એજગેબી દુમાસકથી મકા ખાતે જઈ પડતો અને તાંહાં પવીતર મકાનમાં લોકો બંદગી કરતા તાંહાં સાંમેલ થતો, અને તરત પાછો એજગેબી દુમાસકસમાં આવી પડતો. એ ઊપરથી પાશા દર સુકરવારે આ દરવેસ મકા જઈ આવીયા બાદ તેના હાથને બોસા દેતો અને તેને પવીતર સમજતો.

પેલા યાહુદી એઈલ્ટરે એક ઘણીજ નાદર મકાની બનાવટની અને ગાંમમાં નહી મલે એવી કાલી જપમાલા અથવા હારડી પાશાને નજર કીધી, પણ તે માલાને મથાલે નામીચી કારીગરીનો એક મોટો દાંણો મુકવામાં આવેછે તે કાહાડી લીધો હતો. પેલો પાશા આ ભેટથી ઘણોજ ખુશી થયો, પણ મથાલેનો દાંણો નહી હોવાથી તે નાખુશ જણાયો, અને રફાએલને પુછીયું કે તે દાંણો કાંહાં ગુમાવીયો. તેણે ઊતર આપીયો કે પાશાએ માલાના આગળા ધણીએ કેથે ગુમાવીયોછે, પણ તારે એ વીશે નાખુશ નહી થવું જોયે કેમકે એ મકાની બનાવટછે અને આપણો પવીતર દરવેશ જે દર સુકરવારે એજગેબી મકા ખાતે જાયછે તેને એટલું તમે સોંફસોતો તરત તે બજાવી લાવસે.

બીજેજ દીને પેલો દરવેશ રાબેતા મુજબ પાશા પાસે આવીયો, તેને પાશાએ પેલી માલા દેખાડી અને કહયું કે આવતી કાલે સુકરવારછે અને તમો મકા ખાતે જશો, તારે આ મને ભેટ થયેલી માલા લેતા જજો અને તેની ઊપરનો દાંણો ખરીદી લઈ આવજો, જેથી આ તસબીર કીમતી થઈ પડશે અને સરવે કોઈની તમારે વીશે ખાતરી થશે. દરવેશે બપકામાંજ હા કહી તરત રૂખશદ લીધી, અને દીલમાં બળવા લાગો અને સમજીયો કે આ ભેટ કાંહાંથી આવીછે અને તે શું મતલબ ધરાવેછે. તેજ સાંજના લોકો તેને ઓલખે નહી એ માટે પોશાક બદલી પેહેલીવારજ યાહુદીના ઘરમાં તેણે પગ મુકીયો. ઘરમાં જઈ તરત રફાયલને મળવા માંગીયું.

રફાયલે આવતાંનેવાર તેનો ભારે ઊપકાર માનાયો, અને દરવેશના પવીતર પગલાં તેના ઘરમાં આવીયાં તેથી પોતાની બેહદ ખુશી જણાવી.

દરવેશ પોંહોચેલો માણસ હતો તેથી તરત પેલા રફાયેલને બેસાડી કહયું કે ભાઈ આપણે દુનીઆંદાર માણસ છઈયે, આપણને તાજીમ તવાજની ગરજ નથી, અને હું શું કાંમસર આવીયોછું તે તું સારીપેઠે સમજે

છે, તેથી ચાલ જલદી કર અને પેલા દાંણા મને આપ. રશાયલે. કબુલ કીધું કે પાશાને તેણે એક માલા ભેટ કીધીછે પણ તેના હાથમાં તે એવીજ અધુરી આવી હતી. પેલા દરવેશે રશાયલને સમજાવીયા અને કહ્યું કે હવે પછે તુંને અથવા કોઈબી યાહુદીને હું દુખ દેનાર નથી અને મારેથી જે બનસે તે તમારાં ભલાં અરથે કરીયો જઈશ.

દરવેશને ફકત મોહડેના બોલવા ઊપર રશાયલને જરાએ ભરોશો નહી હતો તેથી તેણે આગલની જ પેઠે ના પાડી, અને દાંણા તેની પાસે નથી એવું જ ણાવીયું. પેલા દરવેશે એક કોરૂં કાગજ માંગીયું અને તેની ઊપર પોતે લખી આપીયું કે આ દાંણા મેં રશાયલ પાસેથી કાલાવાલા કરી માંગી લીધોછે. આ કાગજ ઊપર સહી થવા પછે પેલા યાહુદીએ તે પોતાને સવાધીન લેઈ પેલા દાંણા કાહાડી આપીયો.

બીજેજ યાને સુકરવારને દીને રાબેતા મુજબ પેલો દરવેશ થોહોકવાર સંતાઈ બેઠો, અને પછે વખત સર નીકલી પાશા પાસે ગીયો. સલાંમ અલેકુમ થવા બાદ પેલી માલા આખીને આખી પાશાના હાથમાં ધરી. પેલા પાશાનો આ દીનથી તેની ઊપર વધારે વીશવાશ બેઠો, અને એજ દીનથી યાહુદી લોકો ઊપર ગુજરતો જુલમ કમતી થઈ નાબુદ થયો.

ગાંમડાંમાની એક ઓરતને આ દરવેશની સચાઈ ઊપર શક હતો, તેથી તેણે આ દરવેશને બીજાઓની સાથે પોતાને ઘેર એક દીવસે મેજબાન તેડીઓ. ખાતી વખતે એક અછી રીતે પકાવેલી મરઘીની ઊપર બાફેલા ઘઊંનું પર કરી અંદરની મરઘી દેખાએ નહી એવી એક રકાબી આ દરવેસની સાંમે મુકી, અને બીજા મેજબાંનોની સાંમે ખોલી દેખઈતી મરઘીઓ પકાવીને મુકી હતી. પેલા દરવેશની નજર બીજી મરઘીઓ ઊપર થઇ તેથી તેણે પેલા બાફેલા ઘઊંની રકાબી ખીસાડવા માંડી અને મરઘીની રકાબી માંગી; પણ પેલી ઓરતે તેમ કરવાને બજીદ થઈ નાં પાડીકે, તેથી બીજા મેજબાનો ચીડાયા અને બોલીયા કે તેના શોખની ચીજ તેને ખાવા નહી દેવી અને બીજીજ નાપસંદ ચીજ બોહોસ કરીને આપવી એ કાંઈ મેહમાનદારીને લાયક નથી.

પેલી ઓરતે તરત પેલી રકાબીમાં હાથ નાખી મરઘી કાહાડી અને બોલી કે જે ધણી પોતાની સાંમે ઘઊંનાં પરની અંદર મુકેલી મરઘી નહી જોઈ શકે ને વખતે, તે ધણી મુલક મુલકની ખબર અહીંયાં બેઠે કેમ વખતે તથા તાંહાં સું બનેછે તે જોતો હોય તેમ કેમ કહી શકે? તેથી એ ઠગારોછે એવું સાબેત

આ બનાવથી તુરત પેલો દરવેશ ચીડાઇ વાર બરખડી ચાલતો થયો, અને બીજા મેજબાંનો જુબ થયા અને તેઓનો વીશવાશ આ દરવેશ ઊપરથી ઊઠી ગયો.

---

## બુચ મારેલી ખાલી બાટલી દરીઆમાં કેમ ભરાયછે.

ખાલી બાટલીઓને ગમે તેવો મજબુત મારી, દરીઆમાં કેટલીક ઊંડી ડુબાડી હોએતો પાંણીથી ભરાઇ જાયછે, અને પાછી જારે બાટ હડવામાં આવેછે તારે બુચ જેમનો તેમ દ એના કારણ તરેવાર જણાવવામાં આવીઆં છે.

રેવરંડ જાન કેમપબેલે પોતે ૧૮૨૫ માં મુસાફરીના હેવાલમાં નીચે પરમાણે લખેછે.

"એક ખાલી બાટલીના મોહડામાં અમે ટાટ બુચ ઠોકી બેસાડીઓ. બુચ એટલો તો જ તો કે હરઘાથી વધારે અંદર પેઠો નહી. તાર બુચની આસપાસ અમે દોરી બાંધી લીધી અને દોરી બાટલીને ગલે પણ વીટાલી કે જેથી આમાં બાટલીના મોહુમા પેસી જતો અટકે; છી તેની ઊપર ડામર ચોપડી લીધું. ઓલંબા દદથી અમે બાટલી પાંણીની અંદર હુબાવી, પચાસ વામ ઊંડી ડુબાવીઆ પછે; કપતાને મને બાટલી ભરાએલી લાગેછે; તેથી તેણે તરત ર કાહડી અને જોઈએચ તો બુચ અંદર જતો અને બાટલીમાં પાણી ભરાયલુ હતુ."

૧૮૫૪ માં કપતાન સપેઅરટે એક ટલીને બુચ મારી, ઊપર તાર બાંધી, મજબુત રી લીધી અને પછી તે બધાની ઊપર તારપતર ટકો બાંધી લીધો. પછી તેણે નેવું વામ દરીઆ બાડી, બાહેર કાહાડી તો બાટલીમાં પાંણી અને બુચ જેમનો તેમ હતો.

ડાકટર બકલાંડ કહેચ કે કપતાન સ્મીથે ભરેલી બાટલી ટાટ બુચ મારીને દરીઆમાં

વામ ડુબાડી તેટલામાં તેના ફુટીને કટકા થયા. તેણે વલી એક મીઠાં પાંણીની ભરેલી બાટલી મજબુત બુચ મારીને ૧૮૦ વામ ડુબાવી તેનો બુચ બાટલીની અંદર દબાઈ ગયો હતો.

સર ફ્રાનસીસ બોફોરટે કેટલાક અખતરા કીધા તેમા તેને માલમ પડીઊં કે કેટલીક ખાલી બાટલીના ચુરેચુરા થઈ ગયા હતા; કેટલીકના બુચ અંદર જતા રહેઆ હતા અને કેટલીકમાં જે પરવાહી પદારથ ભરેલું હતું તેને બદલે દરીઆઈ પાણી ભરાયલું માલમ પડીઊં.

જેમ જેમ બાટલીઓ દરીઆમાં ઊંડી ડુબાડવામાં આવેછે તેમ તેમ જુદા જુદા બનાવો માલમ પડેછે. સર હેનરી ડીલાબેકની ગણતરી પરમાણે ૧૦૦ ફુટ ઊંડાં પાણીમાં એક ચોકસ ઈંચ પર ૬૦) રતલનો બોજો પડેછે અને ૪૦૦૦) ફુટ ઊંડાં પાંણીમાં એક ચોરસ ઈંચે ૧૮૩૦ રતલનો બોજો પડેછે. કેટલાક એવુ વીચારેછે કે જારે બાટલીનો બુચ જેમનો તેમ રહેછે અને તોબી તે પાણીથી ભરાઈ જાએછે તારે બાટલીના કાચમાના નહી દેખાય તેવા છીદરને લીધે હશે; પણ એ વાત ખોટી પાડવામાં આવેછે. વધારે માનવા જોગ મત એમ બંધાએછે કે બાટલીને કેટલીક ઊંડી ડુબાવીઆ પછી બુચની ઊપર પડતા વજનથી તે ચંપાઈને નાહનો થાયછે જેથી બાટલીમાં પાણીને જવાને રસતો મલેછે; પણ જારે બાટલીને ઊપર ખેંચી લીધામાં આવેછે તારે બુચની ઊપરનુ વજન કમતી થયાથી બુચ પોતાના આગલાં કદનો થઇ જાએછે.

## પરચુટણ.

**જુનાની ફીલસુફોની કેહેવતો**—કોઈનો છુપો ભેદ છુપાવવો, ફરસદનો વખત સારાં કાંમમાં રોકવો અને કોઈથી થતું દુખ ખમવું એ તરણ ચીજ પાલવી ઘણી મુશકેલ પડેછે. પોતાને તું બરાબર ઓળખજે, કોઈને ધમકી આપતોના કાંયેકે તે મરદાઈનુ કાંમ નથી. તારા પડોશીઓને વીશે ખરાબ બોલતોના, તારા દોસતદારના ખાણાં ઉપર હલવેથી જજે, પણ તેઓની આફતની વખતે જલ્દીથી દોડજે. તારાથી વડાં આદમીને માન આપજે. ગેરવાજબી નફો મેલવવાના કરતાં ટોટો થાયે તે પસંદ કરજે, કાયદાઓને તાબે થજે—ચીલાન.

લીલાં લાકડાં બાલવામાં ખરાબ ગણાયેછે કાંયેકે તે જલદીથી બલતાં નથી અને ધુંવો વધારે પેદા કરેછે, પણ હમેશાં એવું માલમ પડીયુંછે કે લીલાં લાકડાં બાલવામાં ઘણી કસરછે. લીલાં લાકડામાં જે પાંણી આવેછે તે પાંણી બલોયાથી ગરમી પુશકલ વધેછે. પાંણી ગરમીને વધારેછે એ વાત સાંભળીને કોઇ પણ અચરત થયા વગર રેહેશે નહી. પણ એ વાતતો ચોકસછે કે લોહાર પોતાની ભઠીમાં વારેઘડીએ પાંણી છાંટેછે અને ધમણથી ફુકીને ગરમીનુ જોશ વધારેછે.

બાલ—જુદા જુદા વખતમાં બાલને વાસતે કેવા જુદા જુદા વીચારો હતા તે નીચલી હકીકત ઉપરેથી માલમ પડસે.

બીજે ઉલીઅમ રાજા જે અગીઆરમી સદીમાં રાજ કરતો હતો તેનાં વખતમાં કુદરતી બાલ માથાં ઉપર રાખવાનું ઘણુંજ હલકું ગણાતું, પણ લાંબા બાલની ટોપીઓ પેહરવામા મોટું માંન હતું, એટલુંજ નહી પણ જેમ તે બાલ લાંબા તેમ તેના પેહરનાર તવંગર અને મીલકતવાલા સખશ તરીકે ઓલખાતા. વલી બીજે ચારલસ રાજા જે સતરમી સદીમા રાજ કરતો તેના વખતમા કુદરતી બાલ લાબામા લાંબા રાખે તે આબરૂદાર ગણાતા, તેમાં પાદરીઓ એ બાબદમાં ખુબ આગેવાની ધરાવતા હતા. વલી અઢારમી સદીમાં જારે બીજે જીઆરજ રાજ કરતો હતો તે વખતે ટુંકા બાલ અને પાઉડર છાંટવાની રસમ ખુબ જાએજ હતી, પણ એજ સદીમાં તરીજા જીઆરજના વખતમાં વલી એવીતો ભુંડી રસમ નીકલી કે લોકો બાલ વધારી તેને જુદા જુદા આકારમાં વાલી મુકે અને તેમના તેમ તે બે તરણ મહીના સુધી રાખવામા આવતા હતા.

## રમુજે ફુરસત.

૧. રમતો રસજતો અને રળીઆમણો,
સરપ જેવો પણ સારો ને સકામનો;
દુનયાના દરેક દેશમાં દોડી,
વેપાર વનજનો વાટ કરૂં છું થોરી;
ઘોડા ગાડી ગડગડાટ ગેલમાં,
લઈ છાતી ઉપર દોડું સેહલમાં;
છું સાફ સુવાળો પણ વળી ખબરાયલો,
પથર, પાણી અને ધુરમા દટાયલો;
રહી મુંગો રોજ કરૂં તમારૂં કામ,
બદલામાં તેના દેતા નથી કાંઈ દામ.
પણ ઉલટી પકડી રીત તોડી તમારો રાહ,
નીરદય થઈ દેઓછો અને દાહ;
સરકાર અંતે દીલપર દયા ધરે,
મલમપટા લગાડી આબો સુજને કરે.

૨. હું હીંદુસથાનનો રેહેવાસી છું. મારા જાત ભાઈઓ અમેરીકા, ચીન તથા પુરથવીના બીજા ભાગોમાં મળી આવેછે. આ દેશની આબાદાનીનો મોટો ભાગ મારી ઉપર આધાર રાખે છે. હું જુઆન કે બુઢો હોઉં તોપણ મારા બાલ સદા સફેદ રેહેછે. વળી જુઓ મારામાં કેહેવી વીચીતર ખુબી છે, હું તમારાં શરીરની આસપાસ લપેટાયલો છું

અને વળી તમારા શરીરની અંદર એટલે તમારાં જીગર અથવા જાનમા પણ હુંજ ભરાયલો છું. એવી નવાઈ જેવી પદારથ હું કોણ તે કહો.

૩. બાઈ હું તરણ અખશરનું અને ચાર પગનું એક જનાવર છું, મારા નામના પેહલા અને બીજા અખશરથી મારા પીતરાઈનું નામ બનેછે, મારા બીજા અને તરીજાથી એક પાણીની ખાહી બનેછે, મારા બીજા, તરીજા અને પેહલાથી એક સાંચો બનેછે, અને મારા પેહલા, તરીજા અને બીજાથી નાણા સંબંધી વેહવાર બનેછે. એવું વીચીતર જનાવર હું કોણ અને મારૂં નામ શું તે કહો.

## ખોલાસો ગઈ વેલાતો.

૧ લું—૧, લોહોડું; ૨, જમીનમાથી ખોદી કાહાડેલાં લોહોડાંનો દેખાવ કઠોર હોયછે, ૩, ખોદી કાહાડેઆ પછી તરેહવાર આકાર આપવામા આવેછે; ૪, એનું કદ મોટું તેમ નાધલું હોયછે, ૫, લોહોડાના વાહાણ દરીઆમા તરી શકેછે; ૬, લોહોડાંની રેલ નાંખી તે ઉપર આગ ગાડી ચાલુ કરી, આખી દુનીઆને ઘેરી લેછે; ૭, જુકતો આતસ લોહોડાની સીકની મદદથી સજાગરૂ થાયછે, ૮, લોખડના હથીઆરોથી ઘર બધાએછે, ૯, અને તેથીજ ઘર તોડાં પણ પડાએછે, ૧૦, પડતા લોહોડાના સલીઆઓથી ઘેરને ટેકો થાએછે, ૧૧, લોહોડાનો કામ જોગ સામાણ આપણો દોસતછે પણ તલવાર બંદુક ઇતીયાદી આપણો દુશમણછે, ૧૨, લોહોડાનો અરખ દાકટરો નાતવાનને કઉવત લાવવા આપેછે; ૧૩, લોહોડાનાજ હથીઆરથી ઘેર ખોડવામાં આવેછે; ૧૪, નદી અથવા દરીઆ ઉપર લોહોડાના લટકતા પુલ બાધવામા આવેછે, ૧૫, લોહોડું કાટ ખાઈ ખરાએલું થાએછે પણ પાછું તેને આતસમા નાખીઉં કે અસલનાં જેવું થઈ નીકળેછે.

૨ જું—ભરથાર.

૩ જું—ઘડીઆલ.

## સોબત વિષે.

દુનિયારૂપી વનમાં બાવળ જેવા દુખકારી લોકો બહુછે, અને ડમરા જેવા સુવાસ આપનારા કોઇકજ ઠેકાણેછે માટે બેફીકરથી ફરવું નહી તે વિષે

પદ.

"પ્રભુ તને પ્રસંન તે કેમ થાશે".

એ રાગનું છે.

નિરભય નળમિશરે નર ભમરા;
બહુ બાવળ, ક્યાંઈકજ ડમરા ; નિરભયન—ટેક.

આ સંસાર વિકટ વન છે
સ્થિર થર તરૂવર-મય તેછે,
ક્યાંઇ મોટા પર્વત દુખરૂપ
ક્યાંઈ સુખમય સરિતા વહેછે; નિરભય નળમિશરે. ૧

ક્યાંઈ ભયકારી શિકારિ ફરેછે
સૂક્ષ્મ જાળ પસારી,
પગે અડતાં પકડાઈ પડિશ તું
તો પછિ શી ગતિ તારી, નિરભય નળમિશરે. ૨

કોઈ તરૂવરનો પરિમળ નિર્મળ
છે વિષમય કોઈ છાયા;
કુટિલ કઠણ છે-કોઈના કાંટો
કષ્ટ કરે પર-કાયા; નિર્ભય નળમિશરે. ૩

ઉપર નિરખિ આકાર અધિક શુભ
અધિક સુવાસનિ આશે,
ગણુણણુ ગુણુ ગુંજારવ કરતો,
પહોચિશ નહિ તે પાશે; નિર્ભય નળમિશરે. ૪

દિસે સરસ દેખાવ ખરો, વળિ
ફૂલ અતુલ્ય ફુલેલાં,
પ્રાણ પ્રલય પલમાંહિ કરે
પગ ટકવાથી પણ પહેલાં, નિર્ભય નળમિશરે. ૫

સરસ સુગંધિત અમળ કમળ
લોભે ન રહિશ લપટાઈ,
બંધ થતાં બંધાઈ પડિશતો
મુકરર મરિશ મુંઝાઈ, નિર્ભય નળમિશરે. ૬

કોઈ તરૂનો ચિકણો રસ છે,
ત્યાં ઝડપ રહે પગ ચોટી,
એ પગ પછિ ઉખડે ન ઉખાડયો,
પડે પિડા મહામોટી, નિર્ભય નળમિશરે. ૭

રિસામણી સરખાં તરૂ રિસનાં,
સેહેજે રિસે ભરાય;
પ્રિય ભાવે પણ પરશ કરયાથી,
ઝડપ બહૂ ચીડવાય; નિર્ભય નળમિશરે. ૮

કઈ તરૂ ફોગટ ફુલે ખરાં, પણ
સુગંધ નહિ માંહિ સારો,
નિરખિ રહિશ, પણ નકી નહિ સરે
તેથિ અરથ-કાંઈ તારો; નિર્ભય નળમિશરે. ૯

કઈક તરૂ કેળો જેવાં,
ફલ આપે એકજ વાર;
કાપે તેને ફરિ ફળ આપે,
બિજો નિરાશ જનાર; નિર્ભય નળમિશરે. ૧૦

રાયણુની વળિ રીત જુદી
શરૂમાં ફળશે સો વરષે,
સેવા કરનારો સુખ નહિ લે,
પછિ કોઈને સુખ કરશે; નિર્ભય નળમિશરે. ૧૧

ઠેકાણું ઠિક જોઇને ઠરજે,
ઠરિશ-ન ઠામ કુઠામે;
કથન અધિક ગુજ હિતકારક,
કહિ દીધાં દલપતરામે; નિર્ભય નળમિશરે. ૧૨